॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

નંદ સંતો રચિત

# હજારી કીર્તનાવલિ

**અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**

ISBN = 81-89078-04-6



**: પ્રકાશક :**
**શ્રી સ્વામિનારાયણ મંદિર**
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

પ્રત : ૨,૫૦૦

**સૌજન્યને આભારી વેચાણ કિંમત :** રૂા. ૧૦૦-૦૦
**પડતર કિંમત :** રૂા. ૧૪૦-૦૦

© સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન

**પ્રકાશન તિથિ :** શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ
સંવત ૨૦૬૭ ફાગણ સુદ-૩ તા. ૮-૩-૨૦૧૧

પ્રકાશક :
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**
**૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
સ્કીમ કમિટી
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ વતી
**મહંત સ્વામી**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

**સૌજન્ય :** અ.નિ. જીવીબેન નારાયણભાઈ પટેલના સ્મરણાર્થે
હ. પ.ભ. પ્રવિણભાઈ નારાયણભાઈ પટેલ

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન :**
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**મુદ્રક :**
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ :
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# નિવેદનમ્

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ શિક્ષાપત્રીમાં આશ્રિતમાત્રને આજ્ઞા કરી છે કે,

भगवन् मंदिरं सर्वे: सायं गन्तव्यमन्वहम् ।
नाम संकीर्तनं कार्य, तत्रोच्चै राधिकापतेः ॥

અમારા જે સર્વ સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાંયકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું. અને તે મંદિરને વિશે શ્રી રાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું. ને પરમાત્માની આરાધના માટે સંકીર્તન ભક્તિ એ સર્વોત્તમ સાધના છે. કારણે કે પ્રવૃત્તિમાર્ગમાં રહેવા છતા અર્થાત્ વ્યાવહારિક કામકાજ કરતા પણ, શ્રીહરિના ગુણાનુવાદ ગાઈ શકાય છે. તે શ્રીમદ્‌ભાગવત મહાપુરાણમાં વ્યાસજી કહે છે કે જે ફળ તપશ્ચર્યા, યજ્ઞ-યાગાદિક યોગ અને સમાધિથી નથી મળતું તે ફળ ''कलौ केशव कीर्तनात् ।'' કળિકાળમાં કીર્તનભક્તિથી મળે છે. માટે સુગમ પણ છે. જેનાથી મન નિર્મળ બને છે ને ચિત્ત પ્રભુના સ્વરૂપમાં સ્થિર બને છે. તથા બુદ્ધિ પરિપક્વ નિશ્ચયવાળી બને છે તેમજ અહંકાર દાસત્વથી વિનમ્ર બને છે.

વચનામૃતમાં શ્રીજી મહારાજે કીર્તનભક્તિનો ઠેર ઠેર મહિમા ગાયો છે અને નંદસંતો પાસે કીર્તનો ગવરાવ્યાં છે. પ્રથમના ૨૨મા વચનામૃતમાં મહારાજ કહે છે કે કીર્તન ગાવા તેને વિશે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો ગાયું તે ન ગાયા જેવું છે. ને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાય જીવ ગાય છે, પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. માટે કીર્તન ગાંવા તે ભગવાનની મૂર્તિને સંભારીને જ ગાવાં. જેથી જીવાત્માને શાંતિ મળે છે તેમજ ભગવદ્દર્શનની પ્રાપ્તિ થાય છે. બ્રહ્માનંદ સ્વામી ગોપીનાથજી મહારાજની મૂર્તિ આગળ પ્રાણ સ્નેહી ઘરુ આવો અબપિયરા, હિયરા ધીર ધરત નહિ મેરા - એ કીર્તન ગાતા હતા ત્યારે શ્રીજી મહારાજ એ મૂર્તિમાંથી પ્રગટ થઈને સ્વામીને ભેટી પડ્યા. આ છે કીર્તનભક્તિની પ્રગટ ઉપાસના. મહારાજે કોલ આપેલો છે કે, મૂર્તિને સંભારીને બ્રહ્માનંદ સ્વામીનાં ૧૦૦ (સો) કીર્તનો જે હર હંમેશા ગાશે, તેને છ મહિનાના અંતે હું જરૂર દર્શન આપીશ. પરંતુ જપ-તપ, યજ્ઞ-યાગાદિક કોઈ પણ સાધનથી હું જરૂર દર્શન આપીશ એવો કોલ આપ્યો નથી. આ છે કીર્તનભક્તિની વિશેષતા....ને શ્રીજી મહારાજ કહે છે કે અમે ગોલોકમાં ગયા તો ત્યાં પણ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનાં જ કીર્તનો ગાય છે. ગવાય જાય, ડોલતા જાય, જેમ કેફે કરીને ગાંડા થયા હોય તેમ કીર્તન ગાયને ડોલે, પછી અમે પણ ભેળા જઈને ગાવા લાગ્યા. માટે એકાગ્ર મને કરીને કીર્તન ગાવાથી બ્રહ્મપદની પ્રાપ્તિ થાય છે.

શ્રીજી મહારાજ કહે છે કે વિમુખ જીવ જગત સંબંધી પંચવિષયને ભોગવે છે, ને ભક્તજન ભગવત્ સંબંધી કથા-કીર્તનાદિક પંચવિષયને ભોગવે છે. એ જગ્યાએ માળાનું તથા ખીલાનું ઉદાહરણ આપેલ છે.ત્યારે સભામાં ભક્તજનોએ કહ્યું કે મહારાજ ! ભગવાનની મૂર્તિરૂપી જે માળો તથા ખીલો તેને મૂકીને બીજે ઠેકાણે અમે રહેતા પણ નથી. તે વાર્તા સાંભળી શ્રીજી મહારાજ ઘણું જ પ્રસન્ન થયા. માટે હે ભક્તજનો ! આપણે પણ કીર્તનરૂપી ચારો ચરીને ભગવાનની મૂર્તિરૂપી માળામાં વિરામ કરવાનું બળ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

નવધાભક્તિમાં કીર્તનભક્તિ એ ઠાકોરજીનું હૃદય છે. પ્રેમાનંદ સ્વામી જ્યારે ‘કીર્તન’ ગાતા ત્યારે પ્રભુ ખસતા ખસતા સ્વામી પાસે આવતા. માટે આ પુસ્તકનું નામાભિધાન પણ કીર્તન એવું રાખેલ છે. સંપ્રદાયના દરેક ભક્તજનો ઘેર બેઠા સંકીર્તન સરિતામાં સ્નાન કરીને ધન્ય બને. જે અંગે પ્રેરણામૂર્તિ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનીઆજ્ઞાથી આ હજારી કીર્તનાવલિ પ્રકાશિત કરવામાં આવી છે.

જેથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂજ્ય લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સ્વરૂપે નંદ સંતો રચિત એક હજારથી પણ વિશેષ કીર્તન પદાવલિનું સંકલન કરવામાં આવ્યું છે. માટે જે ભક્તજનો કીર્તન ગુણાનુવાદ ગાશે તેના ઉપર શ્રીહરિ રાજી થાશે. તેમજ અંતે અક્ષરધામ જાશે. માટે પરંપરાગત નંદસંતો રચિત વારસામાં મળેલ જે અણમોલ ભેટ જેનું આપણે જતન કરીએ એજ પ્રાર્થના.

સારી ક્વોલીટીના પેપર અને સુંદર ટેકનિકલ મશીનમાં આવું મોટું દળદાર પુસ્તક બાઈન્ડીંગ કરી અસહ્ય મોંઘવારીમાં પણ હરિભક્તોને રાહત દરથી અપાય તે માટે આ પ્રકાશનમાં પ.ભ. અ.નિ. અ.સૌ. જીવીબેન નારાયણભાઈ પટેલ (સોજાવાળા) ના સ્મરણાર્થે હ. પ.ભ. પ્રવિણભાઈ નારાયણભાઈ પટેલ, ચિ. દેવર્ષ (પ્રવિણ કોર્પોરેશન કં઼ુ. અમદાવાદ) તરફથી ખૂબજ સુંદર સેવા મળી છે. તેમના પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ.

મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

## શ્રી નરનારાયણદેવ દેશ સ્કીમ કમિટીના સભ્યશ્રીઓ

| | | |
|---|---|---|
| સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી | | પ્રમુખ |
| સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજી | | |
| સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી | | |
| હજુરી પાર્ષદ વનરાજ ભગત | | |
| પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ | - | અમદાવાદ |
| પ.ભ. રમણભાઈ પ્રાણભાઈ પટેલ | - | અમદાવાદ |
| પ.ભ. જી. કે. પટેલ (વિમલ પેઈન્ટસ) | - | મહેસાણા |
| પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ | - | અમદાવાદ |
| પ.ભ. ડૉ. કાંતિભાઈ કે. પટેલ | - | હિંમતનગર |

His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

Date : 14.02.2011

### આશીર્વાદ પત્ર

આપણા સંપ્રદાયના અષ્ટ કવિ નંદ સંતોએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની હયાતિમાં અને ત્યારબાદ કીર્તનોની અદ્‌ભુત રચના કરી છે. કીર્તનના દરેક પદમાં સર્વોપરિ શ્રીહરિના જ ગુણગાન એવા રચ્યા છે કે આવા કીર્તનને હૃદયપૂર્વક - અંતઃકરણપૂર્વક ભગવાનને સંભારીને ગાવામાં આવે તો સહેજે સહેજે ભગવાન જરૂર દર્શન આપે. આપણા શ્રીસ્વામિનારાયણ મંદિર અમદાવાદ દ્વારા મહંત સ્વામી અને સ્કીમ કમિટીના સુંદર પ્રયાસથી અને સાહિત્ય પ્રેમી હરિભક્તોના ઉદાર સહયોગથી હજારી કીર્તનાવલિનું ઉત્તમ પ્રકાશન થયું છે. જે માટે અનેકાનેક ધન્યવાદ.

સહ જયશ્રી સ્વામિનારાયણ.

શુભાશીર્વાદ સહ

આજ્ઞાથી

પર્સનલ સેક્રેટરી
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ.

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

# અનુક્રમણિકા


| કીર્તન | નંબર |
|---|---|
| મંગલાચરણ તથા પ્રભાતિયા | ૦૦૧ થી ૦૬૦ |
| ગોડી પદ | ૦૬૧ થી ૦૮૨ |
| આરતી | ૦૮૩ થી ૦૯૧ |
| થાળ પદ | ૦૯૨ થી ૧૨૪ |
| એકાદશી પદ | ૧૨૫ થી ૧૩૨ |
| નિત્ય-નિયમ | ૧૩૩ થી ૧૫૫ |
| સ્તોત્ર | ૧૫૬ થી ૧૬૦ |
| શ્રીહરિ જન્મોત્સવના કીર્તન | ૧૬૧ થી ૧૭૭ |
| પ્રેમાનંદ સ્વામીના કીર્તન | ૧૭૮ થી ૩૫૮ |
| બ્રહ્માનંદ સ્વામીના કીર્તન | ૩૫૯ થી ૫૪૯ |
| મુક્તાનંદ સ્વામીના કીર્તન | ૫૫૦ થી ૬૩૮ |
| નીષ્કુળાનંદ સ્વામીના કીર્તન | ૬૩૯ થી ૭૧૮ |
| દેવાનંદ સ્વામીના કીર્તન | ૭૧૯ થી ૭૬૦ |
| અન્ય નંદ સંતોના કીર્તન | ૭૬૧ થી ૭૯૨ |
| આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીના કીર્તન | ૭૯૩ થી ૮૧૫ |
| આચાર્યશ્રી વિશ્વવિહારીલાલના કીર્તન | ૮૧૬ થી ૮૨૫ |
| નારાયણદાસના કીર્તન | ૮૨૬ થી ૮૫૮ |
| અન્ય કીર્તન | ૮૫૯ થી ૯૦૩ |
| છંદ વિભાગ | ૯૦૪ થી ૯૨૧ |


## કક્કાવારી અનુક્રમણીકા

**અ**


| | |
|---|---|
| અણીઆળી છે અલબેલા, તારી આંખડી રે | ૮૨૪ |
| એટલાકમાં તો દશ વીશ આવી રે | ૪૯૩ |
| અક્ષરના અવિનાશી તમને કોટી પ્રણામ | ૨૩૧ |
| અક્ષરના વાસી વાલો આવ્યા અવની પર | ૨૩૪ |
| અનુભવી આનંદમાં, બ્રહ્મરસના ભોગી રે | ૫૭૬ |
| અંતે જાવું ઊઠી એકલા રે, સંગે આવે ન કોય | ૭૯૦ |
| અંતરની કેને કહીએ, અંતરની કેને કહીએ | ૬૫૩ |
| અંતકાળે આવી રે સાંભળી લેજો શામળા રે | ૬૨૭ |
| અંતકાળે આવી રે મારી | ૭૪૮ |
| અયોધ્યા સરયુતટે સંભળાય | ૧૭૧ |
| અજબ બન્યા હે આજ | ૮૦ |
| અવિનાશી આવો રે, જમવા કૃષ્ણહરિ | ૯૫ |
| અવિદ્યા છે નકટી નાર, પ્રભુથી પાછી ભાગે જો | ૫૬૨ |
| અખિયામેં જાદુ ભરી ગિરધારી રાજ | ૨૧૩ |
| અરજી એક અબતણી | ૩૦૪ |
| અરજ કરે છે અબળા તે ઉર ધારો રે | ૩૨૦ |
| અવતારી થયા ભક્તિ ધર્મના પુત્ર તમે પ્યારા | ૭૮૯ |
| અવસર આવ્યો રે સારો | ૪૪૦ |
| અધમ ઉદ્ધારણ અવિનાશી | ૬ |
| અલૌકિક આદિત્ય ઉદિયા રે | ૬૨૩ |
| અલબેલાજી પ્રાણ આધાર રે, તમ પર વારી રે | ૩૬૧ |
| અલબેલા આવો ઓરા | ૨૮૧ |
| અલબેલા આવો રે આજ અમ પાસળે રે | ૬૭૬ |
| અમે કહો વ્રજમાં કેમ રહીએ | ૪૮૮ |
| અમને એક જ પ્યારા સહજાનંદ સહજાનંદ સહજાનંદ | ૮૮૧ |
| અમાસે ભાગ્ય અમારાં રે, પૂરણ આજ પ્રગટ થયા | ૬૫૭ |
| અમરના સરદાર, હરિ મારા નેણતણા શણગાર | ૭૬૬ |
| અમી ભરેલી નજરું રાખો, નરનારાયણ દેવ રે | ૮૯૪ |
| આનંદ આપ્યો અતિઘણો રે | ૬૯૭ |
| આશકો દિયારી વે | ૨૦૦ |
| આંખડલી રસ રંગે રાતી | ૩૨૨ |
| આંગણીયે ઝાઝું શું ભણીએ | ૩૮૭ |
| આજની ઘડી રે, ધન્ય આજની ઘડી - બ્રહ્માનંદ સ્વામી | ૩૮૫ |
| આજની ઘડી રે ધન્ય આજની ઘડી - મુક્તાનં સ્વામી | ૭૧ |
| આજ આનંદ મારા ઉરમાં | ૬૯૬ |
| આજ આવ્યો આનંદ અંગ | ૬૬૩ |
| આજ ઉજાગરો નેણ દીસે હરિ | ૫૩ |
| આજ ગઈતી હું જમુનાનાં પાણી | ૪૫૨ |
| આજ હું આવી છું મુખ માવાનું જોવા | ૪૩૭ |
| આજ રથ બેઠે ગિરધારીરે | ૫૫૭ |
| આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી | ૮૭૪ |

આજ વસંત પ્રથમદિન આવ્યો ૧૭૮
આજ છપૈયા ગામમાં સજની ૧૬૯
આજ શ્રીજી મહારાજ ભલે આવિયા રે ૮૪૦
આજ સહજાનંદ મળિયા રે ગઢપુરમાં ૮૮૯
આજ સો સો વર્ષોનાં વાણાં વાઈ ગયાં ૮૭૩
આજ સખી આનંદની હેલી ૮૬૩
આજ સખી શ્યામળીયો વાલો ૧૦૪
આજ સખી મુને સ્વપ્નું લાધ્યું, ૪૩૮
આજ સપરમો દિન સારો, મળીઆ નાગર નટવર નંદદુલારો ૪૨૮
આજ મેં તો દીઠા વ્હાલાને વાટ વહેતાં ૩૬૫
આજ મેં તો ભેટ્યા રે, અંકભર પ્રગટ હરિ ૩૮૯
આજ મારે ઓરડે રે ૧૫૨
આજ મારે હરિ પરોણા ઘેર આવ્યા ૨૭૩
આજ મારું ભાગ્ય અલૌકિક સજની ૬૨૪
આદિતવારે ઉદે થયા સૂરજ સહજાનંદ ૭૪૭
આવ્યા રસિકવર છેલડા, ને હું તો ઝબકીને જાગ્યો સેજ રે ૮૭૧
આવ્યા છો કંઈ અક્ષરધામના વાસી કે ૮૫૮
આવ્યા સહજાનંદ સુખકારી ૮૭૭
આનંદ તન ઘનશ્યામ છબીલો વર ૮૨૭
આરતી ઉમંગ સહિત મંગળા ઉતારું ૮૩
આરતી બદ્રીનાથ તુમારી ૮૬
આરતી પ્રગટ પ્રભુજીકી કીજે ૧૩૩
આરતી શ્રીકૃષ્ણ દેવ મંગળા તુમારી ૯૦
આરોગો અવિનાશી ૧૦૩
આરોગો મહારાજ, બદ્રિપતિ આરોગો મહારાજ ૧૨૦
આરતી કીજે સહજાનંદ સ્વામી ૮૭
આવું રૂડું ગઢપુર ધામ ૮૯૬
આવું તારું ધન રે જોબન ધૂળ થાશે ૭૩૧
આવજો આવજો આવજો રે, વાલા આજ અમ ઘેર આવજો ૬૯૮
આવજો છોગલાં ધારી મારે ઘેર ૯૪
આવતા ક્યું નહિ વે શ્યામલડા ૩૨૧
આવના મેરે મનકે, મેરમ સલુને શ્યામ રે ૪૪૭
આવોને ઓરા છેલ છબીલા મારી શેરીએ ૩૮૬
આવોને વહાલા ધર્મ કુંવર સુખકંદજી ૩૨૪
આવોજી આવોજી અલબેલા મારી આંખડલિમાં ૪૯
આવોને અલબેલા રે અલબેલા ૨૪૮
આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ ૭૪૯
આવો આવોને અલબેલડાજી રે ૭૬૪
આવો આવોને સુંદર શ્યામ ૨૪૨
આવો જ્યું બિરાજો કહાના મોરે નેના આગે ૩૮
આવો તો ગોઠડી કીજે, ગોવિંદ ઘેર આવો તો ગોઠડી કીજે ૩૨૩
આવો હરિ મંદિરિયે મારે ૪૮૯
આવો હરિ મહી વલોવા, મિષે મંદિરીયું જોવા ૪૯૧
આવો નટવર નંદ દુલારો રે ૬૨૨
આવો રે વાલાજી તમને ૧૦૮
આવો રે વાલાજી હુંતો તારા મોળીડા પર મોઈ રે ૨૩
આવો રાજીવ લોચન રંગ રસિયા ૩૨૨
આવો રમીયે રે વાસુદેવ વનમાળી ૨૩૯
આવો પ્રીતમ પ્યારા, ધર્મ દુલારા ૭૮૯
આવો મોહન મારે ઓરડીયે ૩૨૪
આવો મારે મંદિર સહજાનંદ ૭૬૭
આવો મારા હૈડા કેરા હાર ૫૨
આવો મારા નાથજી નાના ૩૧૩
આવો મલીયે દુઃખડાં દળીયે ૬૬૨
આવતા કયોં નઈવે ૩૦૩
આ છપૈયા પુરથી સંચર્યા અવતારી રે ૮૪૭
એને ઉદ્ધવ સંગાથે અતિ પ્રીતડી રે ૬૧૦
એકાદશી આજનો દિન સારો રે ૧૨૫
એકાદશી થઈ એ વાત સર્વે જાણો રે ૧૨૮
એકલડાં કેમ રે’વાય તમ વિના વા’લાજી ૪૦૨
એક દિન સભા કરી રે શ્રી હરિ ૭૮૨
એક સમે હરિ વનમાં, ઉભે વેણ વાય રે ૪૯૫
એક કપટી ન તરે રે, મહારાજ ૮૧૨
એક સમે અતિ કૃપા કરી રે, સર્વજન પર સહજાનંદ ૭૬૧
એક સમે અલબેલડો રે રાજે અલોકિક રીત ૭૮૭
એક સમે અમદાવાદમાં આવ્યા શ્યામ સુજાણ ૮૫૯

એક સમયે શ્રીહરિ સ્વામી, તેડાવ્યા નિજજન ૬૯૯
એસે સંત ખરે જગમાંહિ ફીરે ૯૦૯
ઓરા આવોને સુંદર છેલ, જોઉં મુખ તારું રે ૩૨૨
ઓરા આવોને સુંદર શ્યામ ૨૧૧
ઓરા આવો નટવર નાનડીઆ ૪૧૮
ઓરા આવો છેલ છબીલા ૪૭૨
ઓરા આવો શ્યામ સ્નેહી - ૮ પદ ૩૫૦
ઓરા આવો શ્યામ સ્નેહી ૧૪૪
ઓરા આવો મારા લેરખડા લ્હેરી ૩૮૮
ઓધાજી અમે શ્યામને શું કહી મેલ્યું રે ૬૨૫
ઓચ્છવની પ્યારી કેશવની ૧૨૬
ઉદ્ધવજી કહેજો જાઇ હરિને સંદેશો રે ૨૯૨
ઉત્તમ દિવસ અમાસનો સુંદર શ્રીઘનશ્યામ ૭૩૧

## ક

કર્ણસેં દાની ધનાઢ્ય કુબેરસેં ૯૧૯
કઠણ હૈયાનારે કહાન ગોવાળ ૨૯૦
કહત હૈ સહજાનંદ સ્વામી, સુનો સયાને સાધુ હરિજન ૭૧૯
કહોને આજ તમે ક્યાં હતા રે ૫૦૩
કહાનુડે મેલ્યુ એમ કાવી ૫૦૪
કહાનુડો રે કહાનુડો, જમુનાજીને આરે ૫૦૦
કહાનસેં નેડો, કહાનસેં નેડો ૪૨૯
કહાનુડે કામણ કીધું મા ૨૪૫
કહાવે સંદેશો વ્રજનાર રે ૨૮૯
કરત સીંગાર આરતી ભોર ૮૩
કરત સીંગાર સબહી શોભા નિધિ ૮૮
કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે ૭૨૯
કબ મિલે હે બિછૂરે ઘનશ્યામ ૮૦૨
કપટી ક્યાં જવાનો છું, પ્રભુના હાથમાંથી તું ૮૩૭
કમલાવર ઉઠો તો કાજુ ૫૭
કદીયે ના ધરવું અભિમાન, મરવું એક પલકમાં રે ૮૨૯
કાનુડા કેડે ફરવું રે, કોઈથી ન ડરવું ૩૯૯
કાનજી શું કહી મેલ્યું રે, ઓધાજી અમને ૪૯૮
કાંકરીયા ઉપર રે કે નોબત વાગે છે ૮૮૩
કાના આવી બાજો માં જો મહીડાંને માટ ૪૮૮
કાન ધુતારે રે, બેની મને કાન ધુતારે રે ૪૧
કાળનાં ગડે નગારાં કાળનાં ગડે ૭૪૩
કામણીયાં રે કાંઇ કુબજા જાણે ૪૭૧
ક્યારે હવે દેખું રે હરિ હસતા ૧૯૯
ક્યારે હવે દેખું રે મારાં લોચનીયાંની આગે ૩૨૫
કીધો ગર્ભમાં કોલ કરાર ૭૫૨
કીજીયે ધ્યાન શ્રીધર્મના કુંવરનું ૮
કુંદનપુર વિવાહ રચ્યો, સૂણી ભૂપતિ ભીમકરાય; ૫૫૮
કેશર તીલક કરે, આવત હરિ કેશર તીલક કરે ૫૦૦
કે’જો કા’નને કુબજાને વશ થઈને કેમ બેશી રહ્યા ૪૬૨
કેસે જાઉં પનિયાં રોક્યો પનઘટવા ૨૧૪
કોડે કોડે એકાદશી કીજીએ રે ૧૨૭
કોઉક ભૂત ભવાની ઉપાસત ૯૦૪
કોઉ કામ ન આવે ૭૫
કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે ૮૭૭

## ગ

ગયો કાનુડો કપટી મને મેલી રે ૩૦૩
ગઢપુરપતિ ગોપીનાથ બાંસુરી બજાવો ૭૯૧
ગઈતી ગઈતી ભરવાને નીર ૧૫૪
ગાગરિયાં મોરી ફોરી રે, ગાગરીયાં મોરી ફોરી ૪૮૪
ગુલાબી પાઘ ધારી રે ૬૯૩
ગુણવંત ગીરધારી પ્રગટ થયા ગુણવંત ગીરધારી ૬૨૮
ગોવિંદા થારા ગજરા દેખ ભૂલ ગઈ કજરા ૨૧૬
ગોરસ લઈને ગોપીકા, ચાલી વેચવા કાજે ૫૦૬
ગોપી...નાથ આવો મારે ઓરડે ૫૭૦
ગોકુળ આવો શ્રીનાથજી રે ૨૯૮
ગોપી ઘેર લિયે અવિનાશી, ગોપી ઘેર લિયે અવિનાશી ૪૮૫
ગોપિ આવોને ગોકુળ ગામની રે લોલ ૨૬૦

## ઘ

ઘડપણ કેને મોકલ્યું, જાણ્યું જોબન રહે સહુકાળ ૮૬૮
ઘણી મે’ર કરી ઘનશ્યામજી, આવ્યા અક્ષરથી અવિનાશ ૮૨૮
ઘોર કલિકાલના દોર છૂટ્યા અને દુષ્ટતાનું બધે જોર વ્યાપ્યું ૮૮૯

## ચ


| | |
|---|---|
| ચલત ડગર બીચ મીલ્યો રે લંગરવા | ૩૨૬ |
| ચાલ સખી જોવાને જાઈએ | ૫૧૧ |
| ચાલ સખી જોવાને રે જઈએ | ૪૧૫ |
| ચાલો જોવા રસિયા રણછોડને રે | ૩૨૭ |
| ચાલો સૈયો જાયે જમુનાં કાંઠડે રે | ૪૫૬ |
| ચાલો સખી સતસંગમાં જાઈએ | ૭૩૪ |
| ચાલો ચાલો સૈયરૂનો સાથ, શામળીયો સ્નેહી | ૫૧૩ |
| ચાલો ચાલો સૈયરનો સાથ, વૃન્દાવન જઈએ રે | ૪૧૨ |
| ચિત્ત નાવે તેવાં ચરિત્ર કરો | ૪૪૪ |


## છ


| | |
|---|---|
| છપૈયામાં સુખકારીરે પ્રગટ થયા | ૧૬૯ |
| છપૈયાથી મહારાજ વહેલા આવજો રે લોલ | ૩૮૪ |
| છાંડીકે શ્રીકૃષ્ણ દેવ | ૧૪ |
| છેલા તારૂં છોગલું અતિ સારૂં રે | ૪૪૯ |
| છેલ છોગાળો વા'લો મને છેલ છોગાળો | ૨૪૪ |
| છે અરજી ઉરની એક નિભાવો ટેક | ૪૩૬ |
| છોટી ઉંમરમાં માવજી રે, મેલી ચાલ્યા ઘરબાર | ૮૮૦ |
| છોગાળા રણછોડની શોભા | ૫૮૬ |
| છોગાવાળા હો છેલ, પ્યારા મારા જીવનપ્રાણ છો રે | ૪૨૭ |
| છો શ્રીજી સુખ કરના, અધમ ઉદ્ધારા રે | ૮૨૯ |


## જ


| | |
|---|---|
| જડબુદ્ધિ જીવ પોંચ્યાનાં પરમાણાં અવિચળ આવિયાં | ૭૪૫ |
| જનુની જીવોરે ગોપીચંદની, પુત્રને પેર્યો વૈરાગ્યજી | ૬૩૯ |
| જનમ સંગાથી વિસાર્યા જગદીશને રે | ૭૩૭ |
| જશોદા કહીને સમજાવો, લાલ તમારો છે | ૫૧૮ |
| જય જય મંગળ કરન પ્રભુ, મંગળમય તવ નામ | ૯૦૨ |
| જય શિક્ષાપત્રી, જય શિક્ષાપત્રી | ૮૯ |
| જય શિવ ઓંકારા હરશિવ ઓંકારા | ૯૦ |
| જય કપિ બલવંતા, જય કપિ બલવંતા | ૯૧ |
| જય દેવ જય દેવ, જય જનસુખકારી | ૮૮ |
| જય પરબ્રહ્મગીરા જય પરબ્રહ્મગીરા | ૮૮ |
| જય શ્રીનારાયણ સર્વકારણ સદા | ૨૧ |
| જય ગણપતિ પ્યારા, જય ગણપતિ પ્યારા | ૯૧ |
| જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી | ૮૩ |
| જગની માયા જુઠી રે મનવા, માન કહ્યું તું મારૂ | ૮૪૯ |
| જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથેજી | ૮૫૨ |
| જન્મ સુધાર્યો રે મારો, મળીયા નટવર નંદદુલારો | ૫૬૮ |
| જ્યું જલમાંહી લકીર પરીસો | ૯૧૦ |
| જળકમળ છાંડી જાને બાળક, સ્વામી અમારો જાગશે | ૮૬૬ |
| જલક્રીડા ગિરધારી કરત નિત્ય જલક્રીડા ગિરધારી | ૫૫૬ |
| જગતમેં જીવના થોરા, મ ભૂલે દેખી તન ગોરા | ૩૭૫ |
| જગમેં મત કીજો અભિમાન, જગમેં મત કીજો અભિમાન | ૩૮૨ |
| જમુનાકે તીર ઠાડો જમુનાકે તીર | ૨૫૧ |
| જમુનાકે તીર ઠાડો નંદલાલ બંસીવારો | ૨૬૪ |
| જમોને જમાડું રે, જીવન મારા | ૯૨ |
| જમોને ગોપીનાથજી સુંદર લાડુ રે | ૧૧૨ |
| જમોને મારા નાથજી સારૂં સારૂં રે | ૧૨૧ |
| જમો થાળ જીવન જાઉં વારી | ૧૩૬ |
| જમો જમોને મારા જીવન જુગતે | ૯૩ |
| જમો ઘનશ્યામ પ્રીત કરીને | ૧૧૯ |
| જમો મારા નાથ જુગતી કરીને રે | ૧૦૫ |
| જાઓ જાઓ છબીલે છેલ રે | ૨૭૧ |
| જાનાહૈ નર જાનાહૈ, ઘર છોડી એકીલા નર જાનાહૈ | ૫૮૦ |
| જાઇશુ હું તો જળ ભરવા રે | ૬૨૦ |
| જાગો ગિરિધારી જાઉં, વદન ઉપર વારી; | ૫૫ |
| જાગો લાલ છબીલે મોહન | ૩૭ |
| જાવું છે રે જાવું છે રે જાવું છે નેદાન | ૬૪૬ |
| જાવા દેને રે જાવા દેને | ૪૨૪ |
| જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા | ૮૬૬ |
| જાગો નિજ જીવન બોલે | ૪૦ |
| જીમત શ્યામ સુજાન મહાપ્રભુજી | ૧૨૨ |
| જીરે કુંવરીએ કૃષ્ણજીને કહાવીયું | ૩૨૮ |
| જીરે ધન્ય ધન્ય આ ભૂમિનાં ભાગ્ય કૃપાનિધાન કૃપા કરી | ૬૧૦ |
| જીવ ! તું બ્રહ્મરસ ભોગવનાર | ૮૮૫ |
| જીમત પીયા પ્રાન જીમાવતી પ્યારી રે | ૧૦૨ |

જીમીયે જન સુખદાઈ ૧૧૨
જુઓ જુઓને, હાંહાં રે જુઓ જુઓને સાહેલીઓ આજ ૮૧૬
જુઓ જુઓ રે છેલાનું છોગલું, ૮૪૭
જુઓ વિચારી આ સોબત સારી ૬૪૭
જૂઠી જૂઠી જગતકી આશ રે ૭૫૪
જેઠે જીવન ચાલિયા, નિર્મોહી મારા નાથ ૫૧૪
જેઠ મહિનામાં માવજી રે ૧૮૯
જેજે શ્રીરણછોડ છેલ છબિલા રે ૨૫૫
જેહી નામ આધા ગયંદ સાધા ૯૧૧
જે બદ્રિકાશ્રમમાંય, બની હતી પેર ૮૨૭
જે સમે જે ગમે જગત ગુરુદેવને ૮૬૭
જોને વિચારી તારા જીવમાં હો પ્રાણી ૭૩૩
જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર ૮૨૨
જોઈ મૂરતિ મનોહર તારી, માવા રે મારાં નેણાં લોભાણાં ૪૦૦

### ઝ

ઝુલો ઝુલો હરિવર હિંડોળે ૧૮૪

### ત

તમે રે ઉદ્ધવ કહેજો એટલી રે ૨૮૦
તમે વાત કરો ને વાલા રે ૬૯૪
તમ પર વારી રે વહાલા નૌતમ સુંદર વર નંદલાલા ૪૪૧
તમે નાના દીવાનાં કુંવર નંદના ૫૨૦
તમે ભાવે ભજી લ્યો ભગવાન ૮૮૪
તમે મારા થયા, હું તમારો થયો ૮૮૬
તમે મીઠું બોલીને મન લીધું રે ૪૩૬
તમારે ચરણે શિશ નમાવું,સહજાનંદજી રે ૭૭૭
તારી એક એક પળ જાય લાખની ૮૯૪
તારી મીટે રે મોહન, મન હરિયાં રે ૬૬૬
તારું છોગું આવીને મારા ચિત્તમાં રહ્યું ૪૨૨
તારે ચટક રંગીલો છેડલો, અલબેલા રે ૩૯૫
તારી મુખની લાવણ્યતા મીઠી રે ૩૬૮
તારી મૂરતિ રે, છે જો નેણુંનો શણગાર ૩૬૯
તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે ૭૭૬
તુમ સંગ જીયરા લાગ્યો રે પ્યારે ૭૯૭
તેરી શરણમેં આયકે ફીર આશ કીસકી કીજીએ ૪૩૩
તેરી મુસકનીમેં મન લાગી રહ્યો રે ૨૧૭

### દ

દર્શન દ્યો ઘનશ્યામ નાથ, મોરી અખિયાં પ્યાસી રે ૮૮૬
દાદાને દરબાર જાશું, સવારમાં નિત્ય ઊઠીને ૮૭૬
દાટ્યો રે'ને ચોર દૈવના ૫૨૧
દીઠે આજ દિવાળી, મોહન મુખ દીઠે આજ દિવાળી ૭૩
દીજે અંગોઠી મોરી દીયરજી, દીજે અંગોઠી મોરી ૮૩૧
દિયરજી દૂર ન ફરજો, વાલમજી વાર ન કરજો ૭૮૮
દિલ લાગ્યા હમારા ફકીરીસે...દિલ૦ ૩૮૩
દુરીજન દેખશે રે પાલવડો મારો મેલ છબીલા ૩૧૬
દુઃખી દિવસ ને રાત શ્રીજી વિના, દુઃખી દિવસ ને રાત ૮૧૮
દુઃખ છે અધિક આ સંસારમાં ૮૫૫
દેખત બડ ભાગ લાગ, પોત સરસ નવલ પાગ ૯૧૪
દોઉં ઠાડેવે કદમઉંકી છૈયા ૨૬૩

### ધ

ધર્મકુંવર ક્યારે આવશો, વ્હાલા શ્યામ સુજાણ ૭૮૭
ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂરતિ મારે મનમાની ૩૨૯
ધર્મકુંવર હરિકૃષ્ણ ચરણ નખચંદ્રને ૨૪૯
ધર્મકુંવર ખેલે હોરી રે, કર લે પિચકારી ૮૦૬
ધર્મકુંવર ઘનશ્યામજી ૨૦૦
ધર્મકુંવર ઘનશ્યામ સુંદરકું ૧૦૦
ધર્મકુલ તજીકે, દુજે કો જો શરનો લઈ હું જાઈ કે ૫૨૪
ધર્મ ઉતારત આરતી ૮૫
ધર્મ વર્મ મર્મ ધાર, ફરન મરન હરનહાર ૯૧૬
ધન્ય વૃંદાવનવાસી વટની છાયા રે ૮૬૯
ધન્ય ધન્ય આજ સપરમો દહાડો ૧૧૫
ધન્ય ધન્ય ધન્ય ગઢપુર ધામને જો ૮૮૨
ધન્ય ધન્ય છપૈયાધામ ૨૩૧
ધન્ય ધન્ય મારી આંખડી, નીરખ્યા વ્રજપતિ વા'લો ૪૫૦
ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું ૧૧
ધીરજ ધર તું અરે અધીરા ૭૩૫
ધીક ધીક રે પ્રભુ ભજ્યો નહીં આ ટાણે ૮૧૭

## ન


નટવર નેણીની રે થઈ અંતર ૫૨૬
નરનારાયણ સ્વામિનારાયણ ૮૦૩
નરનારાયણ વાસુદેવ હરિ ૩૭૪
નરનારાયણ ગાઓ રે ૩૭૩
નરતન ભવતરન નાવ ૮૧
નરહરી રૂપ મોરારી ૧૭૬
નર અજ્ઞાની, સાંભળને શિખામણ મૂરખ મારી ૭૭૪
નર નારાયણ સ્વામી ૧૫૧
નવીનજીમૂતસમાનવર્ણં ૧૩૪
નવલ કનૈયા ચિત્તકો હરૈયા ૪૩૪
નવલ સનેહી નાથજી રે, આવડો શો અમારો વાંક ૩૩૦
નવલ સનેહી નાથજી રે, પ્રેમી જનના છો પ્રાણ ૨૦૯
નમું પ્રેમવતીના પ્યારા, જયજીવન જગદાધાર ૮૨૧
નરનારાયણ સ્વામી, મેરે શિર નરનારાયણ સ્વામી ૭૩
નખરાં ન કરો કા’ન કેશરિયા ૩૧૦
નમન હું કરૂં વિશ્વપાળને, કરગરી કહું ભક્તિ બાળને ૮૨૬
નથી ગમતા, નથી ગમતા રે, અભિમાની પ્રભુને નથી ગમતા ૮૩૦
નહિ વરૂં રે સૈયર હું તો નહિ વરૂં ૬૮૦
નગર અયોધ્યાની પાસે એક ગામ છે રે ૧૬૯
નહિ મળે ફરી મોંઘો નહિ મળે ફરી ૭૬૩
નંદના લાલા તમે ઓરા આવો ૪૪૫
નંદલાલો રે નંદ લાલો, છે જો પ્રાણ થકી મુને વહાલો રે ૫૨૮
નાગર નંદદુલારો રે, મન મસ્ત કનૈયો નંદદુલારો ૪૭૪
નાનકડા રે નાનકડા તમે નંદકુમાર ૪૫૮
નારાયણ ગાયે સ્વામિનારાયણ ગાયે ૭૯
નાથ રહો મારા નેણમાં ૨૨૮
નાના ગ્રાસ લેવત મન ગમતા ૭૫૫
નારાયણ નામ લેને તું પ્રાણી રે ૫૨૭
નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્ર બુદ્ધે ! ૧૫૯
નીરખી નયનાને તૃપ્તી ના મળે ૮૭૦
નિર્વિકલ્પ ઉત્તમ અતિ ૧૩૪
નિત્ય ધરીયે હરિનું ધ્યાન, રસિક જન રૂદિયામાં ૮૩૦
નેહરો નિભાય લીજ્યો રે હો મોહનજી મોરો ૪૬
નેણને જોઈ નેણને જોઈ, વાલા તારાં નેણને જોઈ ૬૨૯
નેણામાં રાખું રે નેણામાં રાખું રે ૨૦૨


## પ


પનિયાં ભરન દો પ્યારે ૪૭૯
પધાર્યા વા’લો શ્યામળિયો સુખકંદ રે ૩૦૬
પરનારી શું પ્રીત કરી તેને રૂઠ્યા રામ ૮૯૮
પરીસી પીછોરી તાપર ઓઢે પીરી સાલ જોર ૨૩૭
પધારે વટપત્તન સ્વામી ૨૧૭
પધારોને સહજાનંદજી હો ૨૦૭
પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું ૧૩૭
પ્રથમ જીહ્વાએ જાળવી જમીએ રે ૭૦૦
પ્રગટ પ્રમાણ હરિને ૭૦
પ્રભુ પ્રગટ્યા છપૈયા પુરમાં રે ૮૩૮
પ્રભુ મને થાજે એવો અનુકૂળ ૮૯૦
પ્રભાતે ઉઠીને પ્રાણી ૩૬
પ્રગટ થયા સુખકારી ૧૬૭
પ્રભુ તમ વિના મારું કોણ છે ૭૭૫
પ્રભુ ઈશના ઈશ સર્વેશ સ્વામી ૧૬૦
પ્રભુ મારો એકજ તું રખવાળો ૮૮૭
પ્રગટકે ગુન હમ ગાવે, પ્રગટ દરશકું પાવે ૫૮૧
પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે ૧૬૨
પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ ૧૮૫
પ્રગટ ભય દો વીર ૧૭૧
પાયી જિંદગી નાહિ કીઈ ૯૦૫
પાતળિયે હર્યા પ્રાણ રે, બેની મારા ૩૮૩
પામર નર ન ભજ્યો ભગવાન ૭૫૫
પાતળીયા ઘેર પધારો ૮૩૩
પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે ૩૩૫
પ્યારા ઘનશ્યામ, પૂરણકામ ૩૩૨
પ્યારા લાગો શ્રી ઘનશ્યામ, તુરંગ ખેલાવતા રે ૮૦૫
પ્રાણસ્નેહી ઘર આવો અબ પિયરા ૩૮૫
પ્રાત સમે મારા પ્રાણજીવનનું ૭

પ્રાણ થકી છે મુને પ્યારો, રંગીલો છેલો ૫૨૯
પ્રાતઃ ભયો પ્રાણ પ્યારે ૧૨
પ્રાતઃ સમે શ્રીસહજાનંદની ૫૦
પ્રાત થયું પંખી બોલ્યાં ૫
પ્રાત : સમે શ્રીપુરુષોત્તમની ૨૪
પ્રાતઃ થયું રે મારા પ્રાણ સનેહિ ૪૩
પ્રાણી સ્વામિનારાયણ દેવ સત્ય સ્વરૂપ છે રે ૩૩
પિયુજી વ્હેલા પધારજો, વ્હાલા જોઉં છું વાટ ૭૦૩
પિયા મેરા પ્યારા મોહન મતવાલા ૨૧૯
પ્રીતડી વાધી રે મારે પ્રીતડી વાધી ૬૯
પ્રીત લગાઈ રહે દૂર રે, ઘનશ્યામ પિયા રે ૮૧૩
પ્રીતમજી વેલા પધારો રે ૪૫૫
પ્રીતમ પ્રાણ પ્યારા રે, મન મોહન પ્રીતમ પ્રાણ પ્યારા ૬૮૬
પુરૂષોત્તમ પુરણ બ્રહ્મ, સહજાનંદ સ્વામી ૩૩૩
પુરૂષોત્તમ પૂરણ પ્યારા રે ૭૯૧
પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે, આવો અંતર્યામી ૫૮૫
પૂછી જો અંતરને તારા હૈયે મૂકી હાથ ૮૬૩
પ્રેમવતી સુત જાયો અનોપમ, બાજત આનંદ બધાઈ હો ૧૬૧
પ્રેમવશ શ્યામરો આધીન હોઈ આવે ૩૦
પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ ૧૪૬
પોઢો પોઢો સહજાનંદ સ્વામી ૧૫૦
પોઢો પ્રાણ આધાર ૧૫૦
પોઢીએ સુખદેન સેજમેં ૧૫૧

## ફ

ફુલડોળે ફુલડોળે બેઠા છે નાથ ફુલડોળે ૩૦૮
ફુલડાની થાળી ફુલડે રચાવી થાળી ભરીને ફુલ લાગી ઘનશ્યામ ૮૯૬
ફુલનાં પેરી રે જામા ૬૪
ફૂલની બની રે શોભા ફૂલની બની, ૬૩

## બ

બલિહારી શ્રીગિરિધર લાલની રે ૩૩૬
બલહારિ કૃષ્ણ દિનેશ પ્રગટ્યા પૂરવમાં ૩૧૧
બાલાપનમેં બેરાગન કર દીની રે ૨૯૬
બાલભોગ અતિ હેતશે ૧૧૮
બીસર ન જાજો મેરે મીત ૨૩૭
બેસવું હોય તો બેસી જાજો ગાડી ઊપડી જાય છે ૮૯૫
બોલો બોલો રે જોગી બાલુડા, ક્યાંથી આવીયા આપજી ૮૧૯
બ્રજમેં બસત અવિનાશી ૭૮

## ભ

ભજ્યો નહિ ભગવાનને રે, મળ્યો માણસનો દેહ ૭૨૭
ભજ્યો નહીં ભગવાન મૂરખ જીવતો માર્યો ૭૪૦
ભજી લેને શ્યામળો સુખકારી ૩૭૮
ભજ મન ધર્મતનય નંદનંદ ૩૫
ભજો ભાવ શું અખંડ જપમાળા રે ૫૭૪
ભરવા દેને મને પાણી રે, ભરવા દેને પાણી પાણી રે ૪૮૭
ભવસાગર તરવા કાજ, નિત્ય હરિને ભજીએ ૮૩૨
ભવસંભવભીતિભેદનં ૧૫૭
ભવસાગરના નીર તરીને, જાવું સામે તીર ૮૭૩
ભલાજી મેરો કંગના નિકારી ગયોરે ૨૭૦
ભલા વે સહજાનંદકો મેં ઉપાસી ૪૪૭
ભાડું ભાડું ભાડુંરે; નહિ લઉં હું નાવનું ભાડું ૮૨૧
ભાગ્ય જાગ્યા રે આજ જાણવા ૬૫૬
ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે ૮૬૮

## મ

મથુરાની વાટે મથુરાની વાટે ૫૩૦
મથુરાંથી મોહન પાસેથી ૪૪૩
મનડું રંગાયા વિનારે ભક્તિ ન ભાવે રે ૫૫૮
મને તમારો નેડો લાગ્યો, સ્વામી સહજાનંદ રે ૮૬૨
મનની વાતો મનમાં, રહી રહી ગઈ રહી રે ૭૦૭
મનરે માન્યું નંદલાલ શું ૧૯
મન હર લીન હમારો ધર્મસુત ૮૧૪
મન લીધું મોરલડીના તાનમાં રે ૩૬૪
મન મોહ ટળે, રામ મળે નિર્મળ હરિજનના સંગથી ૩૮૦
મંગળ આરતી ઉતારૂં ૮૭
મંદીરીયે મારે રે પીયુજી પધારીયા રે ૪૬૪
મંગળ મૂર્તિ મહા પ્રભુ ૧
મહેબુબ મનમેં ક્યા રહું, મેરા દિલ લોભાના વે ૪૩૪

મહારાજ આજ વડતાલથી આવશે ૨૨૦
મહાબળવંત માયા તમારી ૯૨૧
મહી માખણ માગે રે માવો ૫૯
મનનો મોરલીયો રટે તારું નામ ૮૯૫
મનના માનેલ માવ રે ૨૪૪
મનોહર મૂરતિ મનોહર મૂરતિ ૬૧૨
મનમોહન મંદિર આવો રે, વાટડી જોઉં છું વનમાળી ૬૦૦
મન વસિયોરે મારે મન વસિયો ૨૪૧
મન લે ગયો રે મન લે ગયો રે ૨૯૭
મળે જીવનમુક્ત તે જોગિયા ૭૦૫
મળી બુટોલપુરની માંહી કહે મયારાણી ૮૫૭
મારૂં તમ સાથે મન મોહ્યું રે ૬૧૧
મારૂં શ્યામળા સંગાથે મન મોહ્યું રે ૬૦૫
મારૂં મન મોહન સંગ માન્યું ૫૮૨
મારૂં મન મોહ્યુંરે મા જોઈ નંદલાલ ૪૩
મારૂં મન મોહ્યુંરે મા મોરલીના નાદે ૫૦
માણકીએ ચડ્યા રે મોહન વનમાળી ૨૦૭
માણકી હુંરે તુજને પુછું એક વાતડી રે ૮૪૯
માણકી રે ઘોડી પ્રીતમને પ્યારી ૮૪૫
માફ કરો મહારાજ ગોવિંદ ગુન્હા માફ કરો મહારાજ ૮૩૫
માનો મળી છે મોટી વાત ૭૦૮
માંસું ન તોરીયે મહારાજ ૩૦૨
માયા કોઉસે તજી નહિ જાવે ૫૩૧
માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે ૧૬૪
માનો હઠીલા કુંવર નંદના રે ૪૫૪
મારે આનંદનો દિન આજ રે ૧૭૦
મારે આજ પ્રીતમ ઘેર આવશેજી રે ૩૫૯
મારે ઘેર આવ્યા રે, સુંદરવર શામળિયો ૫૭૮
મારે પ્રીત બંધાણી રે કે શ્યામળીયાને સંગે ૬૩૩
મારે મંદિર આવ્યા માવજી રે ૧૧૫
મારે મંદિર આવી મહારાજ રે જમજો જીવનજી ૧૨૩
મારે મંદિર પધાર્યા શ્યામ થઈ બડભાગી ૭૭૨
મારે મંદિર પધારો પ્રભુ પ્રીત કરી ૧૧૩
મારે મોહોલે આવો હસીને બોલાવો રે ૩૬૭
મારગડે રોકોમાં મોહન મારગડે રોકોમાં ૩૫૬
મારો મત કહું તે સાંભળો વ્રજવાસિજી ૬૦૪
મારા વ્હાલાજી શું વાલપ દીસે રે ૫૭૨
મારા હરિ ગુરૂદેવ દયા કરી ૬૪૫
મારા હરજીશું હેત ન દીસેરે ૮૬૮
મારા કેસરિયા વર કાન, જાઉં તારે વારણિયે ૪૦૨
મારા કેસરભીના કહાન રે ૨૦૭
મારા પ્રાણજીવન, આવડલું અમ સાથે રે કહો કેમ કીધું ૬૫૮
મારી અવિચળ ચૂંકને રાખજો, મારી ચૂડીનો ભંગ ન થાય ૮૭૫
મારી લાજ તમારે હાથ ૮૯૨
માવજીની મીટે ચડીયાં રે ૭૧૧
માવજી મુજપર ખુબ અઢળક ઢળ્યા ૧૫
માવાના મુગટડાનાં મોતી ઝીણાં ૮૮૭
મારું મન હરિયું રે, શામળિયે સુખ દઈને ૬૨૯
મીટડલી મારી, માવે મુંને મીટડલી મારી ૪૬૭
મીઠાબોલા હો માવજી રે ૬૮૨
મિલે મહારાજ સર્યો મેરો કાજ ૭૯૬
મુને વાલી લાગે રંગીલા તારી મૂર્તિ રે ૪૦૯
મુને સુપને ન ગમે રે સંસાર, કો’ને કેમ કીજીએ ૬૪૮
મુને મેલી ગયા રે મહારાજ, કોને કોને કીજીયે ૭૮૪
મુને મળ્યા સહજાંદ સ્વામી ૩૪૦
મુંજા મેરમ સહજાનંદજી ૭૬૮
મુરતિ તમારી મારા શ્યામ શોભા ધામ છે ૧૬
મુખડાની માયા લાગી રે મોહન તારા ૩૯૧
મુગટ છબી અદ્‌ભુત આજ બની ૩૩૮
મૂરતિ મારે મનમાની મોહન તારી ૩૩૮
મૂરખો રળી રળી કમાણો રે ૮૯૧
મેં તો ગુનેગાર તેરા રે ૧૭૮
મેં તો સર્વે સંગાથે તોડી રે સાહેલી ૩૯૮
મેં તો સગપણ કીધું રે, કે શામળિયા સાથે ૪૦૪
મેરે એક આસરા તેરા રે ૨૭૨
મેરે અંતર તે, ધર્મવંશકી, દ્દઢતા કબહુ ના ટરે ૩૭૨

મેરે તો તુમ જીવન બાલ મુકુંદા મેરે ૬૩૨
મેં નિરખ્યા શ્રી ગઢપુરમાં સુખકારી રે ૮૨૫
મેં તો તેરે બિરૂદ ભરોંસે બહુનામી ૩૩૮
મેં તો ગુન્હેગાર તેરા રે ૨૦
મૈં હૂઁ આદિ અનાદિ ૬૪૯
મોયું મોયું મોયું રે, પરનારી સંગાતે મન મોયું ૮૩૮
મોહનને ગમવાને ઈચ્છો માનની ૫૫૨
મોહન રે મોહી તારે લટકે ૫૩૨
મોહન મૂરતિ તારી રે, વાલી લાગે છે ૩૩૯
મોહન મહોલે પધારો, રંગભીના રે ૪૩૫
મોહનની માયા લાગી મને મોહનની માયા ૬૯૦
મોહની લગાઈ મેરી મૈયા ૫૮૮
મોહન આવોને રમિએ રંગ હોરી ૩૦૬
મોહન તારી મૂરતિ મુને પ્યારી રે ૫૮૯
મોહન મારો મેલને રે કેડો કેડો રે ૪૮૬
મોહન મારી છો જીવન દોરી ૫૮૭
મોહન મતવારે રે મોહન મતવારે ૫૯૧
મોરે મન ભાયે રે, આલી મોરે મન ભાયે, ૩૧
મોરી બુંદન ભીંજત સારી રે ૩૩૯
મોરલીવાળા રે, મીઠી મોરલી બજાવ ૪૧૭
મોરલી વાજે રે મીઠી મોરલી વાજે ૭૬
મોલીડામાં મોહી રે ૪૫૨
મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ ૮૭૨

**ય**

યાર કનૈયા નીકો જારે ૨૬૯
યમુનાં તટ ગોકુળ ગામ રે ૬૦૫

**ર**

રજનીને અંતરેરે રસિયાજી આવિયારે ૬૧૯
રસિયાવર કુંજવિહારી, હું તો વાલમ તમપર વારી ૬૨૧
રસિલાલાલ રસે ભરી છે તારી આંખડી ૬૫૫
રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારું ૪૨૫
રાજે ગઢપુર મહારાજ ૨૨૨
રાજભોગકી કીજે ૮૪
રાધા રીસાણી કહાનથી ૪૬૫
રાખુ લોચનિયાંમેં જીવન મારાને ૨૪૬
રામ કૃષ્ણ ગોવિંદ ! જય જય ગોવિંદ ! ૧૩૩
રે નરતનું પાયા નેક નવીન હોય ૭૫૭
રે હરિ વિના કોણ સગું સાચું ૮૩૦
રે સત્સંગ શીર સાટે કરીયે, છબી ઉર શ્રીજીની ધરીયે ૮૩૧
રે સ્વામિનારાયણ સંભારે ૩૪૧
રે વેચાણી હું હરિવરને હાથે ૫૩૩
રે પ્રાણજીવન પ્રિતમ પ્યારા ૬૦૨
રે ગોકુળ આવોને વ્હાલા ૩૪૨
રે સગપણ હરિવરનું સાચું ૩૭૮
રે શ્યામ તમે સાચું નાણું ૧૪૭
રંગભીનો રણછોડરાય ૨૫૩
રંગીલા રંગડાને ચટકે રે ૫૩૪
રંગભીનારે શામળીયા આવો ઝુલીયેરે ૧૮૨
રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે ૨૦૪
રૂડી રાંધી મેં રસિયાજી,ખાંતે ખીચડી રે ૯૪

**લ**

લટકાળો લટકંતો આવે, મોહન મોરલી વાતો રે ૬૫૫
લગી રટના ઘનશ્યામદી નામદી ૪૮
લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી ૩૬૩
લરકા દેખ્યા મેં નંદમહરકા ૭૫૮
લઈને ગયો મન પ્રાણ રે ૩૪૨
લગની લાગી રે મારે લગની લાગી ૬૮
લગાડી તે પ્રીતી લાલ રે ૫૩૬
લાગ્યો મારે નટવરથી નેડો ૪૨૦
લાલન અસાં વટ ઈજા, મુંજા પરીયનડે ૫૩૭
લાલચ લાગી રે, બેની મુને લાલચ લાગી રે ૪૧૩
લાલ મનોહર લીજીએ મુખવાસ ૧૧૦
લેતા જાઓ રે સાવરિયા ! ૯૯
લે લાગી રે મારે લે લાગી ૫૯૦
લોજની વાવ ઉપર અવતારી ૮૧૮

**વ**

વનમાળી વનમાંથી આવે ૫૪૦
વહાલે વજાડી છે વાંસળી રે ૪૨૨
વહાલા આવો અમારે ઘેર રે ૯૩
વહાલા અમ સાથે રે, અલબેલ આંટી રાખો છો ૪૮૨
વહાલા વિના વ્રેહની રે મુંને ૭૫૮
વહાલા તારી મૂરતિ મન માની રે ૨૭૪
વહાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથ ૩૭૦
વહાલી લાગે મુને મૂરતિ તારી રે ૪૩૨
વસ્યો છે છોગલાવાળો, મારે મન ૮૬૪
વનમાં વાગે રસાળી વેણ, સાંભળ સાહેલી રે ૨૫૮
વસંત વધાવા ચલો સખીરી ૮૦૮
વંશી બજાડી ગિરિધારી, વૃંદાવન વંશી વજાડી ગિરિધારી ૫૯૪
વંદું સહજાનંદ રસરૂપ ૧૪૭
વંદુ દુર્ગપુર ધામ ૨૭૭
વંદુ પુરૂષોત્તમ પરબ્રહ્મ અનાદિ દેવને રે લોલ ૨૩૯
વંદુ શ્રીધર્મતનય બ્રહ્મપુર નિવાસી ૪૫
વાટડી જોઉં છું રે વહાલા ૬૩૪
વાંસલડી કુણ વાયે રે ૩૧૭
વાય વાય જો કુમતી મતી તારીરે ૭૧૨
વાસુદેવ નારાયણ વિષ્ણુ પ્રાતઃ સમે જપ કરના ૩૦
વાસુદેવ નારાયણ વિષ્ણુ મોહન કૃષ્ણ મુરારી ૨૯
વાત મેં તો વિચારી મને રે ૬૬૭
વારણે જાઉં વારણે જાઉં વારણ જાઉં રે ૬૮૧
વારી જાઉં લીજીએ બીડી પાન ૧૦૯
વાલા ભક્તિ ધર્મ સુત શ્યામ રે, આવોજી અવતારી ૮૨૨
વાલીડા વેરો કીધોરે, કુંજવિહારી વા ૪૮૦
વાલમ જોઉં છું તારી વાટડી મોહનજી ૬૬૪
વા'લો વધાવું, મારો વા'લો વધાવું ૪૦૬
વા'લીડા કુંજવિહારી, વદન કમળપર વારી રે ૫૩૯
વ્રજમાં એક સમે રે વ્રજરાજ કે ૫૪૧
વ્હાલા ભોજનીયાં બહુ ભાત, જમો ગિરધારી રે ૯૯
વ્યારૂં કીજે ઘનશ્યામ ૧૦૨
વ્યારૂ કીજીએ નવલ વિહારી ૧૦૧
વ્હાલા રૂમઝૂમ કરતા કહાન ૫૭૩
વ્હાલા લાગે મને પ્યારા લાગે, ભક્તિમાતાના બાળ રે, ૮૯૩
વ્હાલા મારી શુદ્ધ બુધ તેં હરી લીધી રે ૩૯૪
ગ્વાલ બાલ લાલ, જમે મદનગોપાલ લાલ ૧૧૬
વિતાવશું જીવન હરિગુણ ગાનમાં અમૃતમય ભક્તિ રસ પાનમાં ૮૮૯
વિનતડી રે વ્રજનારની રે ૩૦૦
વિશ્વેશ છો સકળ ૧૩૫
વિઘ્નેશ ! વિઘ્નચયખંડનનામધેય ! ૧૫૮
વેદ પુરાણ પોકારે ૬૯
વેલેરી ઉઠીને વાલાજીનું વદન નિહારું ૨૭
વૈષ્ણવજન તો તેને રે કહીએ ૮૭૦

**શ**

શામળા લેજો સંભાળ, હોડી મારી દરિયે ઝુલે છે ૮૮૬
શ્યામની છબી રે સખિ ! શ્યામની છબી ૬૧
શ્યામરો નીકી બેન બજાવે ૫૫૪
શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા ૩૪૮
શ્યામ પધારો ઘનશ્યામ ૨૩૬
શીતલ આરતી કીજે ૮૪
શીર પાઘલડી સોનેરી રે ૭૬૯
શીલવંતા સાધુ સાંભળજો કરી પ્રીતિ ૭૪૧
શિર સાટે શ્રીજીને સદા સેવીયે રે ૮૪૨
શું જાણું રે ક્યાં ગયા હરિ ૨૯૧
શું કહીએ વાલમ તમને રે શું કહીએ ૪૮૧
શેરી ભલી પણ સાંકડી રે, નગર ભલાં પણ દૂર રે ૪૦૦
શોભે શોભે રસિકવર છેલ રે ૭૭૧
શોભાસાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે ૧૮
શોભા શી કહું રે રૂડી ૨૨૨

**સ**

સજની આ સમેરે આવ્યા અવતારી આધાર ૮૪૪
સજની ટાળું આવ્યા રે ભવજળ તરવાનું ૮૪૮
સખિ ચાલો જઈએ વરતાલ રે ૨૫૭
સહજાનંદસ્વામી સુજાણ રે, દ્વારકાનાથ જાવા ૬૦૮

| | |
|---|---|
| સખી નંદનંદન મુજને મળ્યા | ૬૨૩ |
| સખી કઠણ હૈયાનો કહાન મેલીને ચાલ્યા રે | ૨૯૪ |
| સખી ધન્ય ધન્ય વ્રજનો વાસ | ૬૧૫ |
| સમજાવો કંઇ વાત, માડી તારા કાન કુંવરને સમ | ૪૬૭ |
| સજની કોડે આનંદ મારે ઘેર, શ્રીજી પધાર્યા | ૫૭૨ |
| સજની પૂછોને નંદજીનો લાલ | ૩૪૩ |
| સજની શ્રીજી મુજને સાંભર્યા રે | ૧૮૮ |
| સહજાનંદકે દર્શન કરકે, મગન ભયે સબ ગુરુ જ્ઞાની | ૯૦૨ |
| સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ | ૧૭૫ |
| સહજાનંદ હરિ રે ભજ મન | ૭૯૩ |
| સહજાનંદ સ્વામી રે, ભજ દ્રઢે ભાવ કરી | ૫૬૬ |
| સહજાનંદ સ્વામી રે | ૧૭૩ |
| સહજાનંદ સિંધુ રે આજ મારે ઉલટ્યા રે | ૭૧૫ |
| સહજાનંદ સુખકારી સહજાનંદ સુખકારી | ૫૪૬ |
| સરસર પર સધર અમરતર અનુસર કરકર વરધર મેલ કરે | ૯૧૩ |
| સબહી બરન મેં વોહી બડે જીન | ૮૭૬ |
| સબસે ઊંચી પ્રેમ સગાઈ | ૮૮૮ |
| સર્વેસખી જીવન જોવાને ચાલો રે | ૭૬૫ |
| સખી એક સમે અમદાવાદમાં રે | ૭૮૪ |
| સખી આનંદની વાત કહું આજ રે | ૯૨ |
| સખી આજ મોહન દીઠા રે | ૩૪૬ |
| સખી નાવલીયો નવરંગ, અમથી રીસાણારે | ૫૪૬ |
| સખી હૈડે તે હરખ ન માય | ૪૩૦ |
| સખી કારતક માસે કંથ, પિયુ ગયા પરહરી | ૬૪૯ |
| સખી ઘનશ્યામજી ખેલ મચાવે | ૮૦૬ |
| સખી ભક્તિ ધરમના પુરમાં રે | ૮૦૧ |
| સખી ગોકુળ ગામના ચોકમાં રે | ૩૬૦ |
| સખી ગોકુલ ગામનું ભાગ્ય, નવ જાયે કળિયું રે | ૬૩૫ |
| સગાં કોઈ સાથે નાવે રે મરવાને ટાણે | ૭૫૯ |
| સમરસમર સદ્‌ગુરુ સાહેકું | ૫૪૪ |
| સંતો વિમુખ થકી રહીએ વેગળા, ડરીએ દિવસ ને રાત રે | ૬૪૮ |
| સંતો સાંભળો સાચી વાર્તા | ૬૩૯ |
| સંત જન સોઈ સદા મોઈ ભાવે | ૫૬૫ |
| સંત પારસ ચંદન બાવના; કામધેનુ કલ્પતરુ સાર | ૮૬૫ |
| સંત સુખી સંસાર મેં ઉદ્ધવ સંત સુખી સંસાર મેં | ૬૩૬ |
| સંત સમાગમ કીજે હો, નિશદિન | ૬૨ |
| સંગત તેને શું કરે, જઈને કુબુદ્ધિમાં ધરે કાન | ૮૬૫ |
| સાચું બોલો શ્યામ સલુણા | ૪૬૦ |
| સાંભળને સાહેલી રે મારી | ૬૬૯ |
| સાંભળ સજનીરે લાલતણી કહું લીલા | ૬૮૭ |
| સાંભળ સજની લીલા પુરુષોત્તમ તણી | ૨૬૫ |
| સાંભળ સૈયર અમે પતિવ્રતા નારી | ૫૯૨ |
| સાંભળ સૈયર વાતડી રે | ૬૭૧ |
| સાહ ભયો ઉમરાહ ભયા | ૯૧૮ |
| સ્વામિનારાયણનું સ્મરણ કરતાં | ૮ |
| સ્વામિનારાયણ નામની જપો માળા રે | ૬૯૯ |
| સ્વામિનારાયણ નામ હે ભારી | ૮૮૫ |
| સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજ રે | ૨૨૯ |
| સ્વામિનારાયણ દેવ રે | ૭૧૮ |
| સ્વામિનારાયણ મહામંત્ર ગમે | ૮૮૧ |
| સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ ભજમન | ૮૯૭ |
| સ્વામિનારાયણ સ્વામિનારાયણ જ્ઞાની સર્વે ગાય છે ર | ૮૫૧ |
| સ્વામિનારાયણ નામનો, મહિમા અતિ ભારી | ૮૪૬ |
| સ્વામિનારાયણ નામ તમારૂ રામાનંદે ધાર્યું છે | ૮૫૧ |
| સ્વામી પ્રગટ થયા તે સહુ સાંભળો રે | ૧૬૩ |
| સ્વપ્નુ સમજો રે આ સંસારને | ૭૭૯ |
| સુન સુન સજની શ્યામકી | ૩૧૮ |
| સુતા ઊઠી રે, સમરું સહજાનંદ | ૪ |
| સુખ શાનું તે આવે, ભક્તિ ન ભાવે | ૫૩૨ |
| સુણો ચતુર સુજાણ | ૫૪૯ |
| સુણો હરિજન સૌ એક વાત અનુપમ સારી | ૮૨૬ |
| સુણ સાહેલી, સહજાનંદ સંગાથે મારે પ્રીતડી | ૩૯૨ |
| સુનેરી મૈને, નિર્બલ કે બલરામ | ૮૯૩ |
| સુન માત જશોદા ગોરી, તેરે લાલ અંગુઠી ચોરી | ૩૯૬ |
| સુખના સાગર શ્રીહરિ રે | ૨૩૬ |
| સુખના સાગર શ્રીહરિ રે - પદ-૪ | ૨૮૪ |

| | |
|---|---|
| સુખદાયક રે સ્વામી સહજાનંદ | ૫૫૦ |
| સુખદાયક રે (૨) સાચા સંતનો સંગ | ૫૬૩ |
| સુંદર શ્યામ સુજાન | ૧૫૦ |
| સુંદર શ્રી ઘનશ્યામકી, મૂરતિ મનમાની | ૭૯૪ |
| સુંદર શ્રી ઘનશ્યામ મારા મન મંદિરમાં આવો રે | ૮૮૮ |
| સ્નેહભર્યા નયને નિહાળતાં હો વંદન આનંદ ઘનશ્યામને | ૫૭૬ |
| સોના અંબાડીએ હાથી શણગાર્યો | ૮૪૮ |
| સોનેરી મોળીયું સુંદર સોનેરી મોળીયું | ૨૦૫ |
| સોનાના બોર ઝુલે નંદકિશોર | ૧૬૨ |

**શ્ર**

| | |
|---|---|
| શ્રાવણ વદી ત્રીજ દિન સારો | ૧૮૩ |
| શ્રાવણ સુદી એકાદશી સુંદર | ૧૨૯ |
| શ્રીજી અને સહુ સંતો રે, મળી કરજો મારી સહાય | ૮૭૨ |
| શ્રીજી મહારાજ સુખ આપજો | ૮૩૫ |
| શ્રીજી મહારાજ રાખો લાજ અમારી | ૮૩૪ |
| શ્રીજી મહારાજ માગું, શરણ તમારું | ૮૨૦ |
| શ્રીજી મહારાજ માગું શરણ તમારું | ૮૭૫ |
| શ્રીહરિ વહેલા પધારજો, સુંદર શ્યામ સુજાણ | ૭૭૩ |
| શ્રી નગર રાજે સદા; શ્રી નરવીર | ૮૧૬ |
| શ્રી નગર મધ્યે શોભતા રે | ૭૮૧ |
| શ્રી વાસુદેવ વિમલામૃતધામવાસં | ૧૫૬ |
| શ્રી ઘનશ્યામ શ્રી ઘનશ્યામ, દેખી લાજે કોટીક કામ | ૮૦૪ |
| શ્રી સહજાનંદ પ્રકટ પ્રભુ આવીયા | ૭૬૨ |
| શ્રી સહજાનંદ શ્યામ મળો રે | ૭૯૮ |

**હ**

| | |
|---|---|
| હરખ ભર્યા રે નેણાં હરખ ભર્યાં | ૪૭૦ |
| હવે મારા વહાલાને નહિ રે વિસારું રે | ૧૪૫ |
| હમસેં કાહે રીસાને કનૈયા | ૬૯૨ |
| હાંરે આવો એક વાત કહું હેલી | ૧૦૭ |
| હાંરે નંદજીના હો લાલ, વહાલા મારે ઘેર તમે આવજો | ૩૪૯ |
| હાંરે નહિ મેલું રે, માવા મારાં નેણની આગેથી | ૫૪૮ |
| હાંરે બદ્રિનાથ હિંડોરે ઝુલે રે | ૩૭૧ |
| હારે કહાન દાણી રે કહાન દાણી | ૨૨૪ |
| હાલરકી લકરી હરિ મેરે હાલરકી લકરી | ૮૯૪ |
| હતી મારા વાલા હતી મારા વાલા | ૫૪૭ |
| હરિજનને ઘેર બેઠાં તીરથ | ૫૬૮ |
| હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે | ૩૭૬ |
| હરિકૃષ્ણ મહારાજ, મિલે મોયે હરિકૃષ્ણ મહારાજ | ૮૧૨ |
| હરિગુણ ગાતાં, દુરિજનિયાનો ધડક ન મનમાં ધારીએ | ૬૩૭ |
| હરિ બિન કોઈ ન તેરા, સમજ નર હરિ બિન કોઈ ન તેરા | ૫૬૮ |
| હરિ મિલે બોરસડી કી છૈયાં | ૭૯૫ |
| હરિ હૈયાના હાર છોજી રે, તમે હરિ હૈયાના હાર છો | ૫૬૯ |
| હરિ બાનક બસ ગઈ અંતરમેં | ૭૭૨ |
| હરિ ભજતાં વારે તે વેરી જાણવા | ૮૩૩ |
| હિતકારી હરિ રે, સખી હિતકારી હરિ | ૬૬ |
| હુંતો ચાલી રે હુંતો ચાલી | ૪૪૦ |
| હું તો જઈશ ગિરધર જોવા રે | ૨૦૩ |
| હેત કર હેત કર પ્રગટ ઘનશ્યામ શું | ૮૧૦ |
| હેલી જોને આ નંદકુમાર, સલૂણો શોભતા | ૪૦૭ |
| હેડાનો હાર હરિ રે, મારે રંગભીનો | ૪૦૮ |
| હૈયાના ફૂટ્યા હરિ સંગે હેત ન કીધું | ૭૨૮ |
| હોરી આઈ શ્યામ બિહારી | ૧૮૦ |
| હોરી ખેલે મહારાજ, શ્રીપુરમેં હોરી ખેલે મહારાજા | ૮૧૧ |
| હોરી ખેલન ઘર આવે, દાદરા મોય સુનાવે | ૭૯૩ |
| હો અળવીલા અળવ ન કીજે | ૪૭૫ |
| હો ગિરિધરલાલ, મારગડો મેલીને વેગળા રહોન | ૩૧૪ |
| હો ગિરધારી મુગટપર વારી | ૫૮૪ |
| હો નંદનંદા આવોને મારે મો’લ રે | ૬૧૪ |
| હો નરનારાયણ સ્વામી ભજીયે સબ સુખધામી | ૩૧૯ |
| હો નવરંગી ગ્વાલની ગોરી | ૬૦૭ |
| હો રંગીલે શ્યામરે રે, મેં તેરી નિજ દાસી | ૫૪ |
| હો મહારાજ તેરો બદન બતાજા રે | ૨૪૭ |

# મંગલાચરણ

મંગળ મૂર્તિ મહા પ્રભુ, શ્રી સહજાનંદ સુખરૂપ,
ભક્તિ ધર્મસુત શ્રીહરિ, સમરું સદાય અનુપ,
પરમ કૃપાળુ છો તમે, શ્રીકૃષ્ણ સર્વાધીશ,
પ્રથમ તમને પ્રણમું, નમું વારંવાર હું શીશ.

* * *

અવતીર્ય નિજાક્ષરાત્પરાદિહ મૂર્ત્યા બદરીવનેસ્થિતઃ ।
ભુવિભારત જીવશર્મણે નરનારાયણ દેવ પાહિ મામ્ ॥૧॥
યદુપર્ય ભવત્કૃપાતવ સ નરો દ્દષ્ટુ મહાર્હતિક્ષણમ્૦ ।
ન પરઃ સુરસત્તમોઽન્યથા નરનારાયણ૦ ॥૨॥
પ્રથિતં ચ બૃહદ્વ્રતં ત્વયા જનતાયા નિજધામલબ્ધયે ।
અવબોધનમ્ ઉત્તમં ભુવિ નરનારાયણ૦ ॥૩॥
જગતો જનનં હિ પાલનં પ્રલયં ચાપિ કરોષિ નિત્યદા ।
રજસા તમસા ચ સત્ત્વતો નરનારાયણ૦ ॥૪॥
ઋષિ રૂપધરં તપશ્ચરં હ્યવમન્યેત કદાપિ કશ્ચન ।
સ ભવેત્સતતં ચ નારકી નરનારાયણ૦ ॥૫॥
તવ મૂર્તિરિયં સુખાપ્તયે જનતાયા; કલિતાપ શાન્તયે ।
મરણસ્ય જયાય નિત્યદા નરનારાયણ૦ ॥૬॥
જગદન્યતનુસ્તથાવિતું ધરસિ ત્વં ચ યુગેયુગેઽદ્યવૈ ।
હરિકૃષ્ણ તનુ સ્ત્વયાધૃતા નરનારાયણ૦ ॥૭॥
વિધિ શંભુમુખામર વ્રજશ્ચરણૌતે સતતં સમર્યતિ ।
પરમાદરતશ્ચ ચિંતતિ નરનારાયણ દેવ પાહિ મામ્૦ ॥૮॥

* * *

વંદુ શ્રીહરિકૃષ્ણ ધર્મસદને જૈ જન્મ જેણે ધર્યો,
કૃત્યાનો વળી કાળીદત્ત ખળનો જેણે પરાજય કર્યો,
કીધાં બાલચરિત્ર અદ્ભુત અતિ જૈને અયોધ્યા પ્રતિ,
માતાને પછી તાતાને પણ દીધી દુર્લભ્ય દિવ્ય ગતિ.





* * *

વંદુ શ્રીવરણીન્દ્ર વેશ ધરીને જે તીર્થમાં જૈ ફર્યા,
દૈવીને નિજ જ્ઞાન દાન દઈને દુષ્ટો વિનષ્ટો કર્યા,
હિમાદ્રિ પુરુષોત્તમાખ્ય પુરી જઈ શ્રી સેતુબંધે ગયા,
કાંચીથી ગુજરાત પ્રાંત થઈને જે લોજમાં જઈ રહ્યા.

* * *

વંદુ જે હરિ લોજમાંહિ શીખવી અષ્ટાંગ યોગી કળા,
રામાનંદ પ્રતિ સુપત્ર લખિયો જૈ પીપલાણે મળ્યા,
દેખાડ્યો ગુરુને પ્રતાપ નિજનો ને ત્યાં જ દીક્ષા લીધી,
સ્વામીએ ધુર સંપ્રદાય તણી તો જઈ જેતપુરે દીધી.

* * *

વંદુ જે હરિએ પ્રતાપ નિજનો સૌરાષ્ટ્ર દેશે ઘણો,
દેખાડ્યો કરી મગ્નિરામ જનને આશ્રિત પોતા તણો,
ધામો શુદ્ધ સમાધિમાં સુજનને દેખાડિયાં દૃષ્ટિએ,
લાખો વિપ્ર જમાડિયા જન સુખી કીધાં કૃપા દૃષ્ટિએ.

* * *

વંદુ જે હરિ દુર્ગપત્તન રહી ત્યાં ભૂપના ધામમાં,
સ્થાપી ઉત્તમ વાસુદેવ પ્રતિમા રંગે રૂડા શ્યામમાં,
સૌરાષ્ટ્રાદિ વિશેષ દેશ ફરીને દુર્ગાખ્ય પુરે રહ્યા,
જેને આ જગમાંહી દુર્ગપુરના વાસી વિશેષે કહ્યા.

* * *

જેણે જેતલપત્તને મખ કર્યો લાચાર લોલંગરો,
કીધો યજ્ઞ ડભાણમાં વળી ભલો વૌઠે સમૈયો કર્યો,
જૈને ધર્મપુરે સ્વધર્મ ચલવ્યો વૃત્તાલયે આવીને,
કીધા ઉત્સવ શ્રેષ્ઠ તેહ હરિને વંદુ દિલે લાવીને.

* * *

જેણે સુંદર શ્રેષ્ઠ ધામ રચીયા આચારજો સ્થાપિયા,
શિક્ષાપત્રી રચી સ્વધર્મ સહુના જુદા કરી આપિયા,

કીધો સુરતમાં વિજૈ વળી કર્યો વિવાહ રાજા તણો,
વંદુ તે પ્રભુને અખંડ ઉરમાં ઉત્સાહ આણી ઘણો.
* * *

વૃત્તાલે કરી પુષ્પદોલ વિચર્યા ભાવાખ્ય પુરે હરિ,
ચૈત્રેથી ગઢડે રહ્યા વૃત્તપુરે જૈ કાર્તિકી ત્યાં કરીને,
મુંબૈના પતિને મળ્યા નૃપગઢે, આચાર્ય હસ્તે વળી,
સ્થાપ્યા શ્રી રણછોડજી વૃતપુરે તેને નમું છું લળી.
* * *

આવ્યા અક્ષર મુક્ત ત્યાં સ્તવન તો કીધું હરિનુ ઘણું,
ત્યારે ધામ વિષે સ્વયં વિચરવા લીધું ઉદાસીપણું,
દેહોત્સર્ગ કર્યો જણાય ન કર્યો પ્રત્યક્ષ દીઠા તદા,
લીલા અદ્‌ભુતકારી કૃષ્ણ હરિને વંદુ સદા સર્વદા.
* * *

સર્વ પહેલાં સમરીએ નિજ સ્વામીને,
વંદિયે વારંવાર ચરણે (૨) શિર નામીને...સર્વ૦
સકળ દેવના દેવ જાણી નિજ સ્વામીને,
નરનારાયણ નામ ચરણે (૨) શિર નામીને..સર્વ૦
તન મન ધન અર્પણ કરી, નિજ સ્વામીને,
માગીએ મુક્તિ મોજ ચરણે (૨) શિર નામીને...સર્વ૦
ભૂમાનંદ કહે ભાવે કરી નિજ સ્વામીને,
રાખીએ હૃદિયામાંહી ચરણે (૨) શિર નામીને...સર્વ૦
* * *





# પ્રભાતીયા પદ

### રાગ ધોળ - પ્રભાતી પદ - ૧

સુતા ઊઠી રે, સમરું સહજાનંદ કે, વેલણાં ભલે વાયાં રે.
અંતર ઉપન્યો રે, અતીશે આનંદ કે. વેણેલાં.૦ ૧
નયણે નિરખી રે, રંગભીનાનું રૂપ કે. વેણેલાં૦
પ્રીતે પોંખ્યા રે, બ્રહ્મમહોલના ભૂપ કે. વેણેલાં૦ ૨
ઉર્ધ્વરેખા રે, બે ચરણમાં જોઈ કે. વેણેલા૦
તેને નિરખી રે, મનડું રહ્યું મોઈ કે. વેણેલાં૦ ૩
નખમણિયું રે, જુગલ ચરણની જોડ કે. વેણેલાં૦
ગોળ ઘુંટીયું રે, પૂરે મનડાંના કોડ કે. વેણેલાં૦ ૪
જંઘા જાનુ રે, જોયા સાથળ સાર કે. વેણેલાં૦
નાભી ઊંડી રે, અજ ઉપન્યા જે ઠામ કે. વેણેલાં૦ ૫
પેટ પોયણ રે, જોયા ત્રણે વળ કે. વેણેલાં૦
એવા ચિન્હની રે, કૃષ્ણાનંદને કળ કે. વેણેલાં૦ ૬

### પદ - ૨

હૃદયે જોયું રે, કમળાં કેરું ધામ કે, વેણલાં ભલે વાયાં રે.
કંઠ કંબુ રે, નીરખું આઠું જામ કે. વેણેલાં૦ ૧
દંત દેખી રે, દાડમકેરાં બીજ કે. વેણેલાં૦
જીહવા જોઈ રે, જાણે ઝબુકે વીજ કે. વેણેલાં૦ ૨
નાસા નીકટ રે, ટીબકડી છે શ્યામ કે. વેણેલાં૦
તેને જોતાં રે, નેણે નીંદ હરામ કે. વેણેલાં૦ ૩
વામ કરણે રે, તીલ શ્યામ સોહાય કે. વેણેલાં૦
તેને જોતાં રે, શોભે સંતોના રાય કે. વેણેલાં૦ ૪
ભાલ વચ્ચે રે, રેખા તિલક આકાર કે. વેણેલાં૦
મસ્તક ઉપર રે, ફુલડાં કેરા હાર કે. વેણેલાં૦ ૫
કર જુગલ રે, કોણીયું બે શ્યામ કે. વેણેલાં૦
કૃષ્ણાનંદની રે, પૂરી હૈડાંની હામ કે. વેણેલાં૦ ૬

### રાગ : પ્રભાતી પદ - ૧

પ્રાત થયું પંખી બોલ્યાં, જાગો જીવન મારા;
આળસડું મેલીને ઉઠો, મોહન પ્રાણ થકી પ્યારા. પ્રાત૦ ૧
મહી વલોવા ધેનું દોવા, ઉઠી મહીયારી;
માવ તમારૂં મુખડું જોવા, આવી ઉભી બા'રી. પ્રાત૦ ૨
કોમળ દાતણ તૈયાર કરીને, લાવીને ધરીયું; ટેક.
કંચન કેરી ઝારીમાં જળ, જમુનાનું ભરીયું. પ્રાત૦ ૩
ઝાઝું માખણ જમવા આપું, ઘૃત સાકરને પોળી;
બ્રહ્માનંદના નાથ ઉઠો, જાઉં મુખ ઉપર ઘોળી. પ્રાત૦ ૪

### પદ - ૨

જાગો જાગો જગજીવન વહાલા, ગુણિયલ ગિરિધારી;
દાસ તમારાં દર્શન કાજે, તલસે નરનારી. જાગો૦ ૧
રાત ગઇ પરભાત થયું, દીસે રવિનું અંજવાળું;
ઉઠોને અલબેલા મુખડું, ભાવેથી ભાળું. જાગો૦ ૨
ગિરિધરજી ગોઠીડા આવ્યા, સૌ થઈને ભેળા;
ઠાવકી મારા નાથ થઈ, ગાયો ચાર્યાની વેળા. જાગો૦ ૩
મહિયારી ઘર કામ મેલીને, આવી ઉભી બારણીયે;
બ્રહ્માનંદના નાથ ઉઠો, જાઉં વાલમ વારણીએ. જાગો૦ ૪

### પદ - ૩

ઉઠોને અલબેલા પ્રીતમ, મોહન વનમાળી;
માનનીયુનાં મન હરવા, વાઓ વંસી રૂપાળી. ઉઠો૦ ૧
મહીડાં લઇ મહીયારી ચાલી, પોઢેલા જાણી;
લાલજી રોકી દાણ લીયો, મારા ડોલરીયા દાણી. ઉઠો૦ ૨
સૂરજ ઉગ્યે શ્યામળીયા, એવી નિદ્રા કેમ આવી;
કહાનજી તારે કારણે, કાજું દાતણીયું લાવી. ઉઠો૦ ૩
રેણ ગઇ રવિ જ્યોત થઇ, છુટ્યા ગાયોના ગાળા;
બ્રહ્માનંદના નાથ આવ્યા, સર્વે તેડવા ગોવાળા. ઉઠો૦ ૪





### પદ - ૪

પ્રાણ જીવન શું પોઢી રહ્યા, ઉઠો આળસડું મોડી;
મુખડું જોવા મુનિવર આવ્યા, ઉભા કર જોડી. પ્રાણ૦ ૧
દોણું વલોણું મેલીને સર્વે, આવી વ્રજનારી;
મોરલડી સુણવાની મનમાં, આશા છે ભારી. પ્રાણ૦ ૨
રૂપાળો શીર બાંધો રેંટો, ગૂઢે રંગ ઘેરો;
અજબ સુરંગી આંગલડી, પ્યારા મોહનજી પેરો. પ્રાણ૦ ૩
બાજુ કાજુ બેરખડા ધરો, હેમ કડાં હાથે;
બ્રહ્માનંદ વારી જાય, તારી મૂરતિને માથે. પ્રાણ૦ ૪

### રાગ : ભૈરવ પદ-૧

અધમ ઉદ્ધારણ અવિનાશી, તારા બિરુદની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરિધર, અવિચળ ટેક તમારી રે... અધમ૦
ભરી સભામાં ભૂધરજી તમે, થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો, અવગુણિયા વિસારી રે... અધમ૦
જેવો તેવો પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે;
પેટ પડયો તે અવશ્ય પાળવો, વાલમ જુઓ વિચારી રે... અધમ૦
અનળ અહિ જો ગ્રહે અજાણે, તે છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું, નહિ જગમાં હિતકારી રે... અધમ૦
બ્રહ્માનંદની એજ વિનતિ, મન ધારીએ મુરારી રે;
પ્રીત સહિત દર્શ પરસાદી, જોયે સાંજ સવારી રે... અધમ૦

### પદ-૨

મનમોહન સુંદરવર મારા અવગુણિયા વિસરાવા રે;
અધમોદ્ધારક પતિતજન પાવન બિરુદ તમારું ચહાવા રે... મન૦
સહુ દેખાતાં શ્યામળિયા તમે માડી થયા છો માવા રે;
છોરૂની ચિંતા રાખીને મા દેશો મુંઝાવા રે... મન૦
બાળક હોય તે જેમ તેમ બોલે લીએ કુટાણે ખાવા રે;
જનની રોષ ન લેખે જાણું અણસમજું હોય આવા રે... મન૦
શેરડીએ રમતાં અથડાતાં છોરા રાખે દાવા રે;
સબળ થઈ કોઈલીએ ચુંટીઓ તો માતા જાય મેલાવા રે... મન૦

મનગમતું સર્વે મેલીને એક તમને રીઝાવા રે;
બ્રહ્માનંદ કહે મન કર્મ વચને ગુણ તમારા ગાવા રે... મન૦

**રાગ : ભેરવ – પદ-૧**

પ્રાત સમે મારા પ્રાણજીવનનું, મુખડું જોવા જાઈએ રે;
નલવટ રેખા નૌતમ નિરખી, અંતર સુખિયાં થાઈએ રે. પ્રાત૦ ૧
દક્ષણ ગોળ કપોળે તીલનું, શ્યામ ચિહ્ન ચિત્ત લાઈએ રે;
શ્રવણ વામમાં શ્યામ બિંદુ જોઈ, કામધામ વિસરાઈએ રે. પ્રાત૦ ૨
સુંદર શ્યામ જગાડ્યા સારુ, ઘેરે સાદે ગાઈએ રે;
ભૃકુટી ભાલતિલકને ભાળી, પરમાનંદ સુખ પાઈએ રે. પ્રાત૦ ૩
નંદજીને આંગણીએ નિત્ય નિત્ય, જાતાં નહીં લજાઈએ રે;
બ્રહ્માનંદ કહે ભાગ્ય હોય તો, કૃષ્ણ તણા કહેવાઈએ રે. પ્રાત૦ ૪

**પદ-૨**

પ્રાત સમે પાતળિયા કેરું, કોડે દર્શન કરીએ રે;
મહા મનોહર નૌતમ મૂરતિ, લોચનિયામાં ધરીએ રે. પ્રાત૦ ૧
જગજીવનને જગાડવા સારુ, મંદિરીયામાં ગરીએ રે;
માત જશોમતી રીસ કરે તોય, નીરખીને નીસરીએ રે. પ્રાત૦ ૨
શામળિયા સારુ સજની, લોક લાજ પરહરીએ રે;
હોંસેથી હડસેલા ખાઈએ, નંદજીની ઓસરીએ રે. પ્રાત૦ ૩
પૂરવ ભવમાં પુણ્ય હોય તો, વહાલમજીને વરીએ રે;
બ્રહ્માનંદ કહે કહાનકુંવરને, કેડે કેડે ફરીએ રે. પ્રાત૦ ૪

**પદ-૩**

થયું સવાર ચાલી સખી, જાઈએ નંદરાયને ફળીએ રે;
આ ટાણે આળસ મેલીને, હેતે હેતે હળીએ રે; થયું૦ ૧
જદુપતિ કેરે દર્શન જાતાં, ખાળે તોય નવ ખળીયે રે;
ગિરિધર સારુ ગાળ્યું ખાઈએ, આંગણીએ ટળવળીએ રે. થયું૦ ૨
અલબેલાને ઉઠ્યા જાણીને, ચરણ કમળમાં ઢળીએ રે;
ગુંથી હાર ગળે આરોપું, નવલ ગુલાબી કળીએ રે. થયું૦ ૩
જશોમતીને ઘેર જોરે જોરે, દળણું લેઈને દળીએ રે;
બ્રહ્માનંદ કહે જેમ તેમ કરીને, મોહનજીને મળીએ રે. થયું૦ ૪





**પદ-૪**

પ્રભાતે ઊઠીને પેહેલું, મુખ જોઈયે માવાનું રે;
લોચનિયાંથી વહાલું લાગે, મંદિર નંદબાવાનું રે... પ્રભાતે૦ ૧
નવરાં ત્યાં ઊભા નવ રહીએ, જે હોય તે લાવાનું રે;
કહાન કુંવરને નીરગરમ લઈ, નિત્ય દઈએ નહાવાનું રે... પ્રભાતે૦ ૨
દધી માખણ ઘૃત સાકર દેઈએ, ખાંતે કરી ખાવાનું રે;
જગજીવનને જમતા જોઈને, અંતર સુખ થાવાનું રે... પ્રભાતે૦ ૩
ચૌદ લોકના ભોગ સંપત્તિ, વશ એને વાવાનું રે;
બ્રહ્માનંદ કહે મારે જોઈએ, નિત્ય દર્શન માવાનું રે... પ્રભાતે૦ ૪

**રાગ : ભૈરવી-પ્રભાતી – પદ-૧**

સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે;
નિગમ નિરંતર નેતિ કહી ગાવે, પ્રગટને પ્રમાણી રે. ટેક૦
મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે;
તપ તીર્થ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે... સ્વામિ૦
કથા ને કીર્તન કહેતા ફરે છે, કર્મતણી જેમ કહાણી રે;
શ્રોતાને વક્તા બેઉ સમજ્યા વિનાના, પેટને અર્થે પુરાણી રે... સ્વામિ
કાશી કેદાર કે દ્વારકા દોડે, જોગની જુક્તિ ન જાણી રે;
ફેરા ફરીને પાછો ઘરનો ઘરમાં, ગોધો જોડાણો જેમ ઘાણી રે... સ્વામિ
પીધા વિના પ્યાસ ન ભાંગે, મર પંડ ઉપર ઢોળે રે પાણી રે.;
મુક્તાનંદ મોહન સંગ મળતાં, મોજ અમૂલખ માણી રે... સ્વામિ

**રાગ : પ્રભાતી-પદ-૧**

કીજિયે ધ્યાન શ્રીધર્મના કુંવરનું, સર્વ પહેલાં ઊઠી પ્રાતઃકાળે;
નીરખીયે રૂપ નખશીખ મહારાજનું, વાસના અશુભતત્કાળટાળે. ૧
સંત હરિભક્ત સૌ ઊંઘ આળસ તજી. ચિંતવીએ ચરણ અતિ પ્રીત આણી;
નીરખીએ નખમણી સીમા શોભાતણી, દુર્લભ દેવને એમ જાણી. ૨
જમણા તે ચરણના અંગૂઠા ઉપરે, નખમાંહી ચિહ્ન તે જોઈ રહેવું;
ચિહ્ન રક્ત રેખા અતિ શોભતી, મન તેમાં લઈ પ્રોઈ દેવું. ૩
અંગૂઠા આંગળીની ઉપર કેશ છે, સૂક્ષ્મ ચિહ્ન છે ચાખડીનાં;
અંગૂઠા પાસેની આંગળીએ તીલ છે, પ્રેમાનંદની જોએલ આંખડીના. ૪

**પદ-૨**

મંગળમૂળ મહારાજના ચરણ છે, ચિંતવતાં ચિત્તમાં શાંતિ થાએ;
કામને ક્રોધ મદલોભ વ્યાપે નહિ, ઉરથકી સર્વ અજ્ઞાન જાએ. ૧
જુગલ પદતળ વિષે ષોડશ ચિહ્ન છે, નામ તેનાં હવે કહું વિચારી;
સ્વસ્તિક જવ જાંબુ ધ્વજ અંકુશ અંબુજ, અષ્ટકોણ વજ્ર ઊર્ધ્વરેખા પ્યારી. ૨
નવચિહ્ન ધારવા જમણા તે ચરણમાં, વામ પદમાં બીજાં સાત શોભે;
મીન ત્રિકોણને વ્યોમગોપદકળશ, અર્ધચંદ્ર ધનુષ્ય ચિત્ત લોભે. ૩
જમણા તે ચરણની આંગળી છેલીયે, તિલ એક અનુપમ આનંદકારી;
પાનિયું સુંદર ઘુંટીપિંડી પર, પ્રેમાનંદ તન મન જાય વારી. ૪

**પદ-૩**

નીરખતાં નાથની જાનું છબી જીવમાં, સુખ થાએ દુઃખસૌ દૂર વામે;
જમણા સાથળ વિષે ચિહ્ન એક અનુપમ, નીરખતાં ભક્ત મનમોદ પામે. ૧
કેળના સ્થંભ જેવા સાથળ સુંદર ગરુડની પીઠ પાવનકારી.
કટિતટ પીતપટ કસ્યો કરુણાનિધિ, શ્યામ શોભા કટિ લાગે પ્યારી. ૨
નલિનસમ નાભિ પર ત્રિવલીછબી ઉદરમાં, ઉન્નત ઉરમાંહી કેશ સોહે
બે સ્તન શ્યામ પર છાપના ચિહ્ન છે, તિલ એક ઉર વિષે ચિત્ત મોહે. ૩
ઉર વિષે કૌસ્તુભ શ્રીવચ્છ ચિહ્ન છે, વિણગુણ હારની શોભા સારી;
દક્ષિણ બાહુ તે નિકટ તિલ ચાર છે, પ્રેમાનંદ જોઈ જોઈ જાય વારી. ૪

**પદ-૪**

અશરણશરણ ભુજદંડ મહારાજના, ચિહ્ન તેમાં હવે કહું વખાણી;
ભુજામાં છાપનાં ચિહ્ન છે સુંદર, કહોણીયુ શ્યામ સુખધામ વાણી. ૧
પોંચાથી ઉપર છાપનાં ચિહ્ન છે, કાંડા છે કઠણ બળવાન ભારી;
કરભપર કેશ છે હથેળી રાતીયું, શ્યામ રેખા તેમાં ન્યારી ન્યારી. ૨
રાતી છે આંગળીયું રાતા છે નખમણિ, ઊપડતા તીખા તે જોયા જેવા;
એવા જે કરવર ધરત જન શિર પર, આતુર અભય વરદાન દેવા. ૩
જાનુપર્યંત ભુજ સરસ ગજસૂંઢથી, ભક્તને ભેટવા ઊભા થાએ;
એવા ઘનશ્યામની ભુજાછબી ઉપરે, પ્રેમાનંદ તનમન વારી જાએ. ૪





**પદ-૫**

ચિંતવીએ ચિહ્ન મહારાજના અંગમાં, ભક્તજન ભાવશું વારંવારે,
વામ ભાગે વળી કંઠે ભુજ વચ્ચે, ચૌદ તિલ સૂક્ષ્મ સરસ સાર. ૧
ડાબે પડખે વળી નવ તિલ નૌતમ, ત્રણ તિલ કુક્ષમાં કહું છું જોઈ,
એક તિલ અનુપમ કંબુકંઠ વચ્ચે, નીરખતાં ભક્તમન રહે છે મોહી. ૨
ચિબુક ને અધર પર કેશરેખા છબી, અધર પ્રવાળ જોઈ ચિત્ત લોભે;
કુંદની કળી સમ દીપે દશનાવળી, કનકની રેખામાંહી સરસ શોભે. ૩
દાઢમાં ચિહ્ન છે શ્યામ સોહામણું, મંદ મુખહાસ જોઈ લાજે કામ;
ધેરે સાદે કરી બોલતા વચન હરિ, પ્રેમાનંદના સ્વામી ઘનશ્યામ, ૪

**પદ-૬**

વારી જાઉં વારણે વદનશશી ઉપરે, નીરખતાં નેણ નથી તૃપ્ત થાતાં;
અમૃતવૃષ્ટિ કરે તાપ તનના હરે, હરેહરે કહે હરિ છીંક ખાતાં. ૧
શોભા તે શી કહું નાસિકા શુકતણી, ગોળ કપોળ બહુ લાગે રૂડા;
નાસિકા ઉપર શિળીનાં ચિહ્ન છે, ચિંતવતાં ઘાટનવથાય કૂડા. ૨
જમણા કપોળમાં મોટો એક તિલ છે, તિલ એક મોટો ડાબે કાને;
જે જન નીરખીને ધારી લે ચિત્તમાં, તે ન પડે માયાકાળ પાને. ૩
કાન વીંધ્યા તેનાં ચિહ્ન છે સુંદર, ચંચળ દગમાંહી રેખા રાતી;
પ્રેમાનંદ અલીખંજન વારું લઈ, ઉપમા દેવા નથી બુદ્ધિ થાતી. ૪

**પદ-૭**

ભક્તજનરંજન ભ્રૂકુટી ઘનશ્યામની, કામની જોઈ તુરત થાય ઘેલી;
ભ્રૂકુટીને હેઠે ને નેત્રની ઉપર, રેખા ઊઠે અતિ રસ ભરેલી. ૧
ભાલ વિશાળમાં પંચ રેખા ઊઠે છે, ઊભી છે ને ત્રણ ચંદ્રાકારે;
જમણી કોરે એક ચિહ્ન છે ભાલમાં, ભક્તજન નીરખે વારંવારે. ૨
સુંદર મસ્તક શ્રીમહારાજનું, શિખા સુંદર જેમાં જોઈ જ રહીએ.
ત્રણ તિલ છે વળી શિખાને પાછળે, જમણે ભાગે તેને ધારી લઈએ. ૩
મોટો એક તિલ છે વામ વાંસામાંહી, મોટો એક કેશ છે તેની પાસે;
જમણા વાંસામાંહી આઘો તિલ છે, પ્રેમાનંદ નીરખતાં દુઃખ નાશે. ૪

### પદ-૮

નખશીખ નીરખીને ચિહ્નવર્ણન કર્યાં, સંતહરિભક્તને નિત્ય ગાવા

ભક્તના ઉર વિષે શ્રીમહારાજની, સુંદર મૂર્તિ સાક્ષાત થાવા. ૧

પુષ્પનાં ભૂષણ વસન મહારાજનાં, એક પદમાં હવે કહું વખાણી;

ઉજ્જ્વલ પાઘશિર શ્વેત પટકો ખભે, શ્વેત ધોતી પહેરી પ્રીત આણી. ૨

પુષ્પના હાર ઉરકંકણ પુષ્પનાં, પુષ્પનાં બાજુ તે બાંધ્યા બાહે;

પુષ્પના ગુચ્છ તે ખોસ્યા બે કાનમાં, તોરા લટકે સુંદર પાઘ માંહે. ૩

એ પદ જે કોઈ શીખે ને સાંભળે, એ છબીનું નિત્ય ધ્યાન ધરશે;

પ્રેમાનંદ કહે તેના ઉરમાં આવીને, સ્વામી સહજાનંદ વાસ કરશે. ૪

### રાગ : કેદારો પ્રભાતી – પદ-૧

ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું, જે થકી સર્વ સંતાપ નાસે;

કોટિ રવિ ચંદ્રની કાંતિ ઝાંખી કરે, એવા તારા ઉર વિષે નાથ ભાસે... ધ્યાન૦ ૧

શિર પર પુષ્પનો મુગટ સોહામણો, શ્રવણ પર પુષ્પના ગુચ્છ શોભે,

પુષ્પના હારની પંક્તિ શોભે ગળે, નીરખતાં ભક્તનાં મન લોભે... ધ્યાન૦ ૨

પચરંગી પુષ્પના કંકણ કર વિષે, બાંયે બાજુબંધ પુષ્પ કેરા,

ચરણમાં શ્યામને નેપુર પુષ્પના, લલિત ત્રિભંગી શોભે ઘણેરા... ધ્યાન૦ ૩

અંગોઅંગ પુષ્પનાં આભરણ પહેરીને, દાસ પર મહેરની દૃષ્ટિ કરતાં ,

કહે છે મુક્તાનંદ ભજ દ્ઢ ભાવશું, સુખ તણા સિંધુ સર્વે કષ્ટ હરતા..ધ્યાન૦

### પદ-૨

પ્રીત કર પ્રીત કર પ્રગટ પરબ્રહ્મ શું, પર હર અવર પંપાળ પ્રાણી,

પરોક્ષથી ભવ તણો પાર આવે નહીં, વેદ વેદાંત કહે સત્ય વાણી..પ્રીત૦ ૧

કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે, પાસે જઈ પ્રીત શું સેવે જ્યારે,

તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે, થાશે હરિજન તત્કાળ ત્યારે... પ્રીત૦ ૨

પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુનિકા કપિવૃંદ કોટી,

વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી...પ્રીત૦ ૩

શ્રી નારાયણ સ્વામીને પરહરી, જાર ભજનાર સર્વે ખ્વાર થાશે,

કહે છે મુક્તાનંદ પ્રગટ ભજ પ્રાણીયા, અઘતણા ઓઘ તત્કાળ જાશે...પ્રીત૦ ૪





### પદ-૩

રાત રહે પાછલી ચાર ઘટિકા તૈયેં, સંતને શયન તજી ભજન કરવું,

સ્વામિનારાયણ નામ ઉચ્ચારવું, પ્રગટ પરબ્રહ્મનું ધ્યાન ધરવું... રાત૦ ૧

તે સમે આળપંપાળ બકવું નહિ, ચિત્ત હરિચરણમાં પ્રોઈ દેવું;

ગૃહસ્થને જગત જંજાળને પરહરી, કૃષ્ણ ગોવિંદ ગોપાળ કહેવું... રાત૦ ૨

ભજન તજી એ સમે અન્ય ઉદ્યમ કરે, નારકી થાય તે નર ને નારી;

તે માટે અમૂલખ અવસર પામીને, હરિજન સર્વ લેજો વિચારી... રાત૦ ૩

દુર્લભ સાજ તે સુગમ શ્રીહરિ કર્યો, ખોયલા દિવસની ભાંગી ખામી;

કહે છે મુક્તાનંદ ભજ દ્ઢ ભાવ શું, શ્રીનારાયણ સત્ય સ્વામી... રાત૦ ૪

### પદ-૪

ભજન કર ભાવ શું પ્રગટ પરબ્રહ્મનું, રાખ હરિરૂપમાં મન તારું;

પ્રગટના ભજનથી પરમસુખ પામીએ, ઉર થકી નાશ પામે અંધારું...ભજન૦

નખશિખ નાથની મૂર્તિ સોહામણી, ચરણનાં ચિહ્ન સંતાપ ટાળે,

પ્રેમ શું ચિંતવે ચરણ શ્રીહરિતણાં, ગ્રંથી ગાળે કામ સર્વે બાળે... ભજન૦

નખતણી પંક્તિની જ્યોત નિતનિત નવી, ઉદરમાં ત્રિવળી અધિક શોભે;

ઉર વિષે શ્રીવત્સ ચિહ્નને નિરખતાં, સંતના ચિત્ત તત્કાળ લોભે... ભજન૦

નેણ ને વેણ ચિત્તચોર સોહામણાં, પરમ ઉદાર અતિચતુર સ્વામી;

કહે છે મુક્તાનંદ ભજ દ્ઢ ભાવ શું, પ્રગટ પ્રમાણ એ અંતરજામી...ભજન૦

### રાગ : બિભાસ પદ - ૧

પ્રાતઃ ભયો પ્રાણ પ્યારે, જાગો ગિરધારી .. પ્રાતઃ

સખા સબ આયે દ્વાર, લે લે કર પુષ્પહાર;

કૃષ્ણ કહી ટેરનહે, મંડળી તુમારી .. પ્રાતઃ૦ ૧

સંગ લે પૂજાકો સાજ, ગ્વાલની આઈ મહારાજ;

સબહીકે હાથ સોહે, કંચનકી થારી .. પ્રાતઃ૦ ૨

સંગ લે સખી સમાજ, આઈ હે દરશન કાજ;

દ્વારપે ખડી હે, વૃષભાનકી દુલારી .. પ્રાતઃ૦ ૩

દરશકો દાન દીજે, નયનાં સુફલ કીજે;

મુક્તાનંદ વારવાર, જાત બલિહારી .. પ્રાતઃ૦ ૪

**પદ - ૨**

બંસરી બજૈયા કાન, મેરે ઘેર આવો. બંસરી૦ ટેક૦
ભુષન વસન ધારી, વેગે આવો ગીરધારી;
મોરલીમેં મીઠી મીઠી, રાગની સુનાયો. બંસરી૦ ૧
લગ્યો હે તુમારો ધ્યાન, ભઇ મેં તો એક તાન;
રસીક મોહન મોયે, કંઠસું લગાયો. બંસરી૦ ૨
તન કર્યો તુમ કાજ, છોડી સબ લોકલાજ;
અધર સુધારસ પ્યારે, પ્રેમ કરી પાયો. બંસરી૦ ૩
તુમહીસે પ્રીત જોડી, ઓર સબહીસે તોરી;
મુક્તાનંદ એહી માગે, નેહકું નીભાયો. બંસરી૦ ૪

**પદ - ૩**

છોડો મેરો ચીર શ્યામ, પ્રાત ભયો પ્યારે. છોડો૦ ટેક૦
ચીડીયા કરત સોર, હોત હે ઘંટા ઘોર;
નથનીકો મોતી ઠર્યો, હાર હું તુમારે. છોડો૦ ૧
મુખકો તંબોલ ગયો, દીપક સો ખીણ ભયો;
માનની મથન મઇ, પીયા મતવારે. છોડો૦ ૨
કુમુદની સંકુચાની, કમલીની બીકસાની;
તુમતો નીસંક સદા, નંદ કે દુલારી. છોડો૦ ૩
તુમહો જીવન પ્રાન, નિમખ ન છોડું ધ્યાન;
મુક્તાનંદ ગોપીકા યું, વચન ઉચારે. છોડો૦ ૪

**પદ - ૪**

આજકી શોભા શ્યામ, બરની ન જાવે. આજકી૦ ટેક૦
ભૂષન વસન શોભે, દેખ દેખ મન લોભે;
કુંડળકી જોત્ય શશી, સુરકું લજાવે. આજકી૦ ૧
સોહત હો ભીને વાન, બોલની અનંગ બાન;
ઉરપર પુષ્પ હાર, અધિક સોહાવે. આજકી૦ ૨
સુરવિનતા કે વૃંદ, નાચત અતિ આનંદ;
નારદ તુબરું ગાય, તવ ગુન ગાવે. આજકી૦ ૩





શ્યામ રે શોભા તુમારી, સંતનકું સુખકારી;
મુક્તાનંદ એહી રૂપ, સદા ઉર ધ્યાવે. આજકી૦ ૪

**રાગ : ટોડી પદ - ૧**

છાંડીકે શ્રીકૃષ્ણ દેવ, ઓર કી જો કરું સેવ;
કાટી ડારો કર મેરો તીખી તરવારસે. છાંડીકે૦ ૧
ત્યાગી કે રસીક કહાન, ઔરકો જો ધરું ધ્યાન;
ચીર ડારો છાતી મેરી, કઠીન કુઠારસે. છાંડીકે૦ ૨
કૃષ્ણબિના અન્ય જેહી, ઈષ્ટ જાની નમું તેહી;
ફોર ડારો શીર મેરો, મુસળ પ્રહારસે. છાંડીકે૦ ૩
મુક્તાનંદ કહે મોયે, ઔર જો પ્રતીત હોય;
જાનીયો અધિક નીચ, શ્વપચ લબારસે. છાંડીકે૦ ૪

**પદ - ૨**

છાંડીકે શ્રી ઘનશ્યામ, ઓરકો જો જપું નામ;
કરલે કટારી મેરી, જીહ્વા કાટી ડારીયો. છાંડીકે૦ ૧
લોકનકી લાજ ડરું, જો ન ભક્તચિહ્ન ધરું;
પાવકકે મધ્ય મેરે, તનકું પ્રજારીયો. છાંડીકે૦ ૨
જીવીકા કો લોભ જાની, ભક્તિ કરું મેં છાની;
તેહી છીન તન મેરો, શૈલસેં પછારીયો. છાંડીકે૦ ૩
મુક્તાનંદ કહે તેરી, દ્રઢતા જો ડગે મેરી;
શુળીયેં ચઢાઇ તીખે, તીરનસેં મારીયો. છાંડીકે૦ ૪

**પદ - ૩**

હોય મેં શ્રીકૃષ્ણ દાસ, ઓરકી જો કરું આશ;
જાનીયો લબાર લુચ્ચો, નીચ ઠગ જારસેં. હોય૦ ૧
જંત્ર મંત્ર સત્ય જાનું, તાકી જો પ્રતીત આનું;
જાનીયો અધિક મૂઢ, કુમતિ ગમારસેં. હોય૦ ૨
ધર્મહીન ભક્તિ કરું, પ્રભુસેં જો નહિ ડરું;
જાનીયો પ્રબળ પાપી, ભૂમીહું કે ભારસે. હોય૦ ૩
મુક્તાનંદ કહે ઈષ્ટ એક, તાકી જો ન રાખું ટેક;
જાનીયો અધિક બુરો, ગંડક બીડારસે. હોય૦ ૪

**પદ - ૪**

પાય કે શ્રીકૃષ્ણ પિયા ઓરસેં જો જોરું જીયાં;
જાનો મોય જગ મધ્ય, સબસેં લબારજયું. પાયકે૦ ૧
પ્રગટ સ્વરૂપ ત્યાગું, ઓરસેં જો અનુરાગું;
જાનીયો જરૂર મોકું, પાપકો પ્રહારજયું. પાયકે૦ ૨
મદ્ય માંસ ભોગી દેવ, તાકી જો કરું મેં સેવ;
હોના સદા શીર મેરે, વજ કે પ્રહારજયું. પાયકે૦ ૩
મુકતાનંદ કહે મોય, ઓરકી જો આશા હોય;
વેશ્યાસમ વેશ મેરો, જાનો અતિ ખવારજયું. પાયકે૦ ૪

**રાગ : કેદારો પદ - ૧**

માવજી મુજપર ખુબ અઢળક ઢળ્યા, માહેરૂં મંદિર ધામ કીધું;
સુખતણા સિંધુ સહજે મળ્યા શ્યામળો, તમથકી માહેરૂં કાજ સીધું. મા૦ ૧
દીન દુર્બળતણી જાણી તમે, મુજપર અતિશેજ કીધી;
દોયલી વેળાના દાસ છો નાથજી, શ્યામળા મારી સંભાળ લીધી. મા૦ ૨
જે સંગ નેહ કર્યો તેને નવ વિસરો, ભક્તવત્સળ તમે અધિક રસીયા;
બિદર પોતાતણું સત્ય કરવા તમે, માહેરે મંદિર નાથ વસીયા. મા૦ ૩
આજ અમૃતતણા મેહલા વરસીયા. ભગતણી ભાવટ આજ ભાગી,
આજ મુક્તાનંદ અધિક સુખ ઉપજયું તમ સંગ શ્યામ દઢ લગન લાગી. મા૦૪

**પદ - ૨**

માહેરે મંદિર અખંડ રહ્યો માવજી, તમ વિના દુઃખતણો અંત ના'વે;
આવતું જોબન અનંગ દુઃખ દે ઘણું, તન તણા તાપ તે કોણ શમાવે. મા૦ ૧
આશ સર્વે પરહરી પ્રીત તમશું કરી, વરી હું વિસ્હવંતી નાથ તમને;
મદનરિપુ મારવા તાપને ટાળવા, અધર અમૃતરસ પાઓ અમને. મા૦ ૨
તગ સંગ આશ ઉદાર સંસારથી, નટવર નિમિષ કેમ રહું ન્યારી;
નયણની આગળે અખંડ રહો નાથજી, વિવિધ વિનોદ કરતા વિહારી. મા૦ ૩
રસીયાજી તમ સંગ રંગ લાગ્યો ખરો, ગમે નહિ જક્તનો ગંધ મંજને.
આજ મુક્તાનંદ આડ સર્વે ટળી, અરપી હું તન મન નાચ તુજને. મા૦ ૪





**પદ - ૩**

માહેરૂં ભાગ્ય અતિશેજ અધિકઃથયું નાથજી તમસંગ નેહ જોડી;
તનતણા તાપ સંતાપ સર્વે ટળ્ય, તન ધન જકતશું પ્રીત તોડી. મા૦ ૧
અસત સુખ પરહરી નાથ તમને વરી, લોકની લાજ નવ ધારી મનમાં;
શૂરાની પેરે તમ સનમુખ ચાલતાં, અધિક આનંદ નવ માય તનમાં. મા૦૨
કોટી બ્રહ્માંડના નાથ કરૂણા કરી, શ્રીહરિ માહેરે મોહોલ આવ્યા;
શરણાગતતણા લાડ પાળો સદા, ભક્ત સલ તમે નાથ કહાવ્યા. મા૦ ૩
દેહડી જાય પણ નેહ છુટજો, એ વર આપજો નાથ અમને;
મુક્તનંદ કહે નાથજી શ્રીહરિ નિમિત ન્યારા નવ મુલું તમને. મા૦ ૪

**પદ - ૪**

પુરૂષોત્તમ તમે પ્રગટ મુજને મળ્યા, આજ આનંદ ઓઘ વળ્યા મારે;
અસત્યની આશ સર્વે ઉરથી પરહરી, શ્યામળી થઈ દઢ શરણ તારે પુ. ૧
વિષય વાયુવડે તૃણ જેમ ઉડતી, માવજી મેરૂને તુલ્ય કીધી;
કોટિ બ્રહ્માંડના નાથ કર સાઈને, અચળ પદવી મને આજ દીધી. પુ. ૨
હાસ વિનોદ બહુ હેત દેખાડતા, મહાપ્રભુ આવીયા મહોલ મારે;
નટવર અલૌકિક રૂપ નિહાળતાં, રસીયાજી રાચી હું રંગ તારે. પુ. ૩
દુઃસહદુઃખ કાપીયું અખંડ, અસ્થિર સ્થિર સ્થાપીયું છેલ રસીયા;
કહે છે મુક્તાનંદ સર્વે કાસળ ટળી, માહેરે મંદિર નાથ વસીયા. પુ. ૪

**રાગ : ભૈરવી પદ - ૧**

મુરતિ તમારી મારા શ્યામ શોભા ધામ છે;
છબી પર વારું કોટિ કામ કે મન અભિરામ છે. મુરતિ૦ ૧
પ્રેમી જનના પ્રાણ છોજી તમે શ્રીહરિ;
દર્શન કાજ દયાળ આવી સર્વ સુંદરી. મુરતિ૦ ૨
તલખે છે સૌ વ્રજસાથ દર્શન કારણે;
જાગો મારા જીવનપ્રાણ કે જાઉં તારે વારણે. મુરતિ૦ ૩
મનમોહન ચિત્તચોર દર્શન આપીયે;
મુક્તાનંદ કહે નાથ દુઃસહદુઃખ કાપીયે. મુરતિ૦ ૪

**પદ - ૨**

તમે મારા પ્રાણ આધાર છેલવર શ્રીહરિ;
જાગો મારા જગના જીવન જોઉં નેણાં ભરી. તમે૦ ૧
કોની સંગે જાગ્યા મારા શ્યામ રસીક શીરોમણી;
તમથકી તો વ્રજનાર રસીક અતિ ઘણી. તમે૦ ૨
રસમાં કર્યા ચકચુર તમને તો શ્રીહરિ;
મળી કોઈ ચતુર સુજાણ અલૌકિક સુંદરી. તમે૦ ૩
આવડી શું નિદ્રા મારાનાથ હસે છે સૌ ભામીની;
મુક્તાનંદ કહે માવ જાગો તો જુવે કામિની. તમે૦ ૪

**પદ - ૩**

જાગો મારા જીવનપ્રાણ રજની વીતી ગઈ;
દર્શન કારણ દયાળ ગોપી ઘેલી થઈ. જાગો૦ ૧
મન માન્યું તમ સાથ રહે કેમ ધારણે;
તજી કુળ લોકની લાજ દર્શ કેરે કારણે. જાગો૦ ૨
ચાતક સરખી ટેક ધરીને વ્રજ સુંદરી;
મન કર્મ વચને નાથ સર્વે તમને વરી. જાગો૦ ૩
જેશું મન માન્યું મારા શ્યામ તે તો પ્યારી ઘણી;
મુક્તાનંદ કહે નાથ પેરયસી અમતણી. જાગો૦ ૪

**પદ - ૪**

વ્રજવનિતાની સુણી વાત શ્રીહરિ જાગીયા;
ચરણે નમી સર્વે નાર, તાપ સર્વે વામીયા. વ્રજવનિતા૦ ૧
નિદ્રાનાં ભર્યાં નેણ ઉઘાડી જોયું શ્રીહરિ;
શોભે જાણે શરદ સરોજ રક્તરેખા ધરી. વ્રજવનિતા૦ ૨
પીતાંબર તનુધારી રસીક છબી શ્યામની;
શોભે જાણે રક્ત સરોજ સહિત ઘનદામની. વ્રજવનિતા૦ ૩
ફુલ્યાં છે વદન સરોજ રસીક રવિ જોઈને;
મુક્તાનંદ કહે માવ લીધાં મન મોહીને. વ્રજવનિતા૦ ૪





**રાગ : પ્રભાતી — પદ-૧**

શોભાસાગર શ્યામ તમારી મૂરતિ પ્યારી રે;
મૂરતિ પ્યારી રે નાખું મારા પ્રાણ વારી રે ટેક૦
સુંદરતા જોઈ મુખની શશી સુર લજાઈ રે,
મુખ દેખાડી નવ શક્યા, વસ્યા ગગન જાઈ રે... શોભા૦ ૧
માન હર્યું મણિધરનું શિખા-કેશ કાળે રે,
અવની ઉપર રહી ન શક્યા, ગયા પાતાળે રે... શોભા૦ ૨
ચંચળ લોચન જોઈને, લજ્જા પામ્યાં તીન રે,
ખંજન કુરંગ વન વસ્યાં, જળે બૂડ્યાં મીન રે... શોભા૦ ૩
ચાલ ચતુરાઈ જોઈને ગજ કરે ધિક્કાર રે,
પ્રેમાનંદ કહે શિર નાખે ધૂળ વારંવાર રે... શોભા૦ ૪

**પદ-૨**

વાલી લાગે વાલમ તારા મુખની વાણી રે,
મુખની વાણી શ્રવણે સુણી હું લોભાણી રે ટેક૦
મુખની વાણી સાંભળી તજી ચંચળતાઈ રે,
સ્થિર થઈને નિત્ય સેવે ચરણ રમા ડાહી રે... વાલી૦ ૧
મુખની વાણી સાંભળી રાચ્યા સુંદર રૂપે રે,
જગતસુખને પરહરી લીધો ભેખ ભૂપે રે... વાલી૦ ૨
વાણી સાંભળી સનકાદિકે લીધી હૈયે ધારી રે,
ઘરથી ઘર ન માંડિયું રહ્યા બ્રહ્મચારી રે... વાલી૦ ૩
મુખની વાણી સાંભળી મારે પ્રીત બંધાણી રે,
પ્રેમાનંદ કહે તન મન કરું કુરબાની રે... વાલી૦ ૪

**પદ-૩**

ઓરા આવો છેલ તમારું છોગલું જોઉં રે,
છોગલું જોઉં રે છેલા મારા મનમાં પ્રોઉં રે... ટેક૦
છોગલું તારું અટક્યું મારા ઉરમાં આવી રે,
મોહન તારી મૂરતિ મારા મનમાં ભાવી રે... ઓરા૦ ૧
મુખતણે મરકલડે મુને ઘેલડી કીધી રે,
સામું જોઈ તમે શામળા શુદ્ધ બુદ્ધ લીધી રે... ઓરા૦ ૨

શુધ ભૂલી શરીરની દિલ ક્યાંય ન ગોઠે રે,
મનડું વેધ્યું માહરું નેણાંની ચોટે રે... ઓરા૦ ૩
એટલું તો હવે કરજો માણીગર માવા રે,
પ્રેમાનંદના નેણમાં રહો આવાને આવા રે... ઓરા૦ ૪

**પદ-૪**

કાન તમારે કારણે હું તો ઘેલડી ડોલું રે;
ઘેલડી ડોલું રે તમ વિના બીજાું ન બોલું રે... ટેક૦
લોકડિયાની લાજ મેલી સંસારથી તોડી રે;
મન કર્મ વચને માવજી તમ સાથે જોડી રે... કાન૦ ૧
બીક મેં તો સંસારની સર્વે કાઢી બા'રી રે;
રાજીવલોચન રસિયા થઈ રહી તમારી રે... કાન૦ ૨
તમે મારા હું તમારી દુરિજન ન જાણે રે;
પ્રીતમ વાતું પ્રેમની ન મળે નાણે રે... કાન૦ ૩
રાજી રહેજો રસિયા કહેવું ઘટે તે કહેજો રે;
પ્રેમાનંદના નાથજી દર્શન દેજો રે... કાન૦ ૪

**રાગ : રામગ્રી-પ્રભાતી પદ-૧**

મનરે માન્યું નંદલાલ શું, જોઈ પાઘ પેચાળી;
રીઝી રહી એના રૂપમાં, ભૂધરજીને ભાળી... મન૦ ૧
ભાલ તિલક કોઈ ભાતનું, કેસરનું વિરાજે;
નયણુની શોભા જોઈને, કોટિ રતિપતિ લાજે... મન૦ ૨
ફૂલડાના તોરા ઝુકી રહ્યા, ઝળકે કુંડલ કાને;
મુખડાની શોભા જોઈને, મોહી ભીનલે વાને... મન૦ ૩
હીરલતા શુભ હારને, જોતાં રહી છું લોભાઈ;
મુક્તાનંદના નાથ શું, કીધી અચળ સગાઈ... મન૦ ૪

**પદ-૨**

જનમ સફળ કર્યો માહરો, નટવર નંદલાલે;
સુખડું અલૌકિક શામળે, આપ્યું અતિ ઘણું વા'લે ... જન૦ ૧
મનના મનોરથ પૂરિયા, ગુણવંત ગિરધારી;
માવ ઉપર મેં માહરું, નાખ્યું સરવસ વારી... જન૦ ૨





પરવશ થઈ હું તો પ્રેમમાં, શામળિયાને સંગે;
રસિક સલુણા વ્રજરાજને, રાચી હું તો રંગે... જન૦ ૩
જીતનો ડંકો વાગિયો, રીઝ્યા કુંજવિહારી;
મુક્તાનંદના નાથને, વરી થઈ જગ ન્યારી... જન૦ ૪

**પદ-૩**

સગપણ કીધું મેં શ્યામશું, મનમાં સમજી વિચારી;
આશ તજી સંસારની, ધર્યા ઉરમાં મોરારી... સગ૦ ૧
નિમખ ન મેલું નાથને, નેણુંથી ન્યારા;
પરમ સ્નેહી શામળો, મને પ્રાણથી પ્યારા... સગ૦ ૨
ભવબ્રહ્માદિક મહા મુનિ, તેને દુર્લભ વા'લો;
તે રસિયો મુજને મળ્યા, નટવર નંદલાલો... સગ૦ ૩
થઈ છું અધિક અલબેલડી, લજ્જા લોકની મેલી;
મુક્તાનંદના નાથ શું, બાંધી દ્રઢ કરી બેલી... સગ૦ ૪

**પદ-૪**

આજ મારું ભાગ્ય ઉદે થયું, નીરખ્યા વ્રજપતિ વાલો;
છેલ છબીલો શામળો, લે'રી નંદજીનો લાલો... આજ૦ ૧
જરકસી પાઘના પેચમાં, તોરા અધિક વિરાજે;
મુખ શોભા જોઈ માવની, પૂરણ શશી લાજે... આજ૦ ૨
ભાલ વિશાળ વિરાજતું, નેણાં અણિયાળાં;
અતિ ચંચળ રસનાં ભર્યા, કંકોળેલ કાળા... આજ૦ ૩
અંગોઅંગ મૂર્તિ માધુરી, રસિયો ગિરધારી;
મુક્તાનંદના નાથની, છબી પર બલિહારી... આજ૦ ૪

**રાગ : ભૈરવી પદ - ૧**

મેં તો ગુન્હેગાર તેરા રે, હો સ્વામિન્ મેરા. મેંતો૦ ટેક૦
હું ગુન્હેગાર તેરા કીરતાર, દે શરન ચરન કેરા રે. મેંતો૦ ૧
અધમ ઓધાર પતિત જન પાવન, મેટત ભવ ફેરા રે. મેંતો૦ ૨
યેહી બીરદ ઘનશ્યામ સુની તેરા, કીનો ચરન ડેરા રે. મેંતો૦ ૩
પ્રેમાનંદ કે' પ્રભુ ભવસાગર તે, પાર કરો બેરા રે. મેંતો૦ ૪

પદ - ૨

મેરી તકસીર કરીયો માફ, હો હરિ જગ વ્યાપ મેરી૦ ટેક૦
બહુત બની તકસીર મેરેસે, સબવિધિ જાનત આપ. મેરી૦ ૧
હમ અપરાધી જીવ જનમકે, કહા બરનું કહી પાપ. મેરી૦ ૨
સ્થાપને ધર્મ ધર્મકુલ પ્રગટે, અધર્મ કરન ઉથાપ. મેરી૦ ૩
પ્રેમાનંદ તર્યો ભવસાગર, તેરે ચરન પ્રતાપ. મેરી૦ ૪

પદ - ૩

તોરે મેરી બાંહ ગ્રહેકી લાજ, હો મેરે મહારાજ. તોરે૦ ટેક૦
હમ હે પતિત તુમ પતિતકેપાવન, ગિરધર ગરીબ નિવાજ. તોરે૦ ૧
ચહુ જુગકે નરનારી પાતકી, સબહી ઓધારે આજ. તોરે૦ ૨
અધમ ઓધારન ત્રિભુવન તારન, શ્રીહરિ કૃપા કે જહાજ. તોરે૦ ૩
પ્રેમાનંદ કે' પ્રભુ પ્રગટે ધર્મકુલ, અધમ ઓધારણ કાજ. તોરે૦ ૪

પદ - ૪

મેંતો છીન છીન તેરા ગુન્હેગાર, હો ધર્મકુમાર. મેંતો૦ ટેક૦
મેં ગુલામ તેરે ચરન કમલકા, તું મેરા શીરદાર. મેંતો૦ ૧
જો કરની સુનીહો પ્રભુ મેરી, નાહિ કબહુ નિસ્તાર. મેંતો૦ ૨
અપનો બિરૂદ બિચારકે કેશવ, લીજે મોહન મેરી સાર. મેંતો૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ નામપર, બાર બાર બલિહાર. મેંતો૦ ૪

રાગ : બિલાવલ પદ - ૧

જય શ્રીનારાયણ સર્વકારણ સદા, જય શ્રી અક્ષરપતિ અંતરજામી; જય૦ ટેક૦
જય શ્રીધર્માત્મજ પ્રગટ પુરૂષોત્તમ, જય શ્રી સહજાનંદ સુખદ સ્વામી. જય૦ ૧
રટત દશશતવદન નિગમ આગમ સદા, જયસિ ત્વં નમત સુર શીશ નામી;
જયસિ ત્વં ભજત મુનિ ભક્ત નિષ્કામ જન, જય શ્રી દાતાર કૈવલ્યધામી. જય૦ ૨
કાળ માયા પુરુષ રચત બ્રહ્માંડ બહુ, પરમ પુરુષ તવ દૃષ્ટિ પામી;
હોત પાલન પ્રલય તવ ભ્રૂકુટિ ભંગ કરી, જય શ્રીસર્વેશ્વર અહં નમામિ. જય૦ ૩
જય શ્રીકમલાપતિ જય શ્રીનૈષ્ઠિક જતી, જયસિ ત્વં ભજત પુરુષ અકામી;
જય શ્રી પરમેશ્વર તવ ચરણશરણમેં, આયો પ્રેમાનંદ ગરૂડગામી. જય૦ ૪





પદ - ૨

જય શ્રીમહારાજ શ્રીહરિ ધર્માત્મજ, જય શ્રીકૃષ્ણ લીલાવિહારિ જય૦ ટેક
જયસિ જુગજુગ પ્રતિ ધર્માવનાય, ધરત લીલાવપુ જય તુમારી. જય૦ ૧
જય શ્રી ધૃત મીન વરાહ કમઠાકૃતિ, જય શ્રીનરસિંહ વામન મોરારી;
જય શ્રીભૃગુકુલતિલક જયશ્રી રઘુનંદન, જયસિ શ્રીકૃષ્ણ બુધ કલકી હતારી. જય૦ ૨
જય શ્રીનારદ વ્યાસ પૃથુ હરિહંસ દત્ત, ધનવંતરી મનુ હયરૂપ ધારી,
જય શ્રી બદ્રીપતિ કપિલ સનકાદિક, જયસિ શ્રીવૈરાજ ધ્રુવ અચલ કારી. જય૦ ૩
જય શ્રી ચોવીશ ધૃતાકૃતિ માધવ, જય શ્રી હરન ભવદુઃખ ભારી;
જય શ્રી અવતારી ઘનશ્યામ તવ નામપર, જાત પ્રેમાનંદ પ્રાનવારી. જય૦ ૪

પદ - ૩

જયસિ ત્વં ઘનશ્યામ અભિરામ આનંદઘન, જયસિ કૃષ્ણ હરિ કૃષ્ણ પ્યારે; જય૦
જયસિ અક્ષરપતિ દિવ્યવિગ્રહ સદા, જયસિ ધર્માત્મજ દ્રગનતારે. જય૦ ૧
જયસિ સદા અજય અતિશુદ્ધ અમલાત્મન, જયસિ ધર્મધ્વજ દુઃખહારે;
જયસિ અશરણશરણ શરણાગતવત્સલ, જયસિ મહારાજ જીવન હમારે. જય૦ ૨
જયસિ નિરંજન રમન શમન ત્રયતાપતન, દમન દ્રપમાર મદમોહ ભારે,
જયસિ ત્વં કરૂણાભવન દલન કલિમળ અશુભ, જયસિ સુખસદન જય જગ ઉજારે; જય૦ ૩
જયસિ ભુવિ મંડન અશુભ મતખંડન, જયસિ સદય હૃદય મંગલ કારે;
જયસિ ત્વંવરણીન્દ્રવર મહાનૈષ્ઠિક સદા, પ્રેમાનંદ નામપર પ્રાન વારે.જય૦ ૪

પદ - ૪

જયસિ રમનીય કમનીય દમનીય અરિ, જયસિ સહજાનંદ અક્ષરવાસી; જય૦ ટેક૦
ત્વમપિ મમ જીવનં ત્વમપિ મમ લોચનં, ત્વમપિ મે વાંછિત પરદદાસી. જય૦ ૧
જય શ્રીમંજુલ મૃદુલ મધુર મુખવચન વર, જયશ્રી ચિતવની ચલની મધુર હાસી,
જય શ્રીકમલાનન પદ્મદલલોચન, કરપર કમળદળ તુલ્ય આસી. જય૦ ૨
જય શ્રી સૌંદર્ય ઔદાર્ય વર સૌગુણાકર, જયસિ ત્વં સૌશીલ્ય વાત્સલ્યરાશી,
જય શ્રીકરૂણાભવન જય શ્રીકરૂણાઘન, જય શ્રી કમલારમન અવિનાશી. જય૦ ૩
ત્વમસિ ભજનીય નમનીય શમનીય દુઃખ, ત્વમસિ મમ પ્રાણપતિ સુખપ્રકાશી;
દેહિ મમ નાથ તવ ચરણ રતિ અચળ મતિ; પ્રેમાનંદ પ્રાણ કુરબાની જાશી. જય૦ ૪

**રાગ : પ્રભાતી પદ - ૧**

આવો રે વાલાજી હુંતો તારા મોળીડા પર મોઇ રે;
વાલાજી લાગો છો વા'લા તમને રહી છું જોઇ રે. આવો૦ ૧
લટકંતી ચાલ રૂડી મીઠાં મીઠાં વેણાં રે;
રસિયોજી જોઇને ઠરે છે મારાં નેણાં રે. આવો૦ ૨
આંખડલી રૂપાળી વાલા મુને કામણીયાં કરે છે રે;
મધુર મધુર હસવું તે પ્રાણને હરે છે રે. આવો૦ ૩
મંદિર પધારો મારે શ્યામ પટ ધારી રે;
તન મન ધન લઇને પ્રેમસખી વારી રે. આવો૦ ૪

**પદ – ૨**

વા'લા તમ સાથે મારે પ્રીતડી બંધાણી રે;
જનમ સંગાથી મારા સ્નેહી તમને જાણી રે. વાલા૦ ૧
લોકડીયાંની લાજ મેલિ, કુટુંબથી તોડિ રે;
શામળીયા સ્નેહિ વા'લા મેં તો તમસાથે જોડી રે. વાલા૦ ૨
ઘરડાંનો ધંધો મુને કાંઇ નવ સુઝે રે;
લાગ્યાં રે નેહનાં બાણ હવે કેમ રૂઝે રે. વાલા૦ ૩
પ્રેમ સખી કે'છે નિરખી નયણાં ઠરે છે રે;
વા'લા તમ સાથે મારું મનડું ફરે છે રે. વાલા૦ ૪

**પદ – ૩**

સખી રે શામળીયે વા'લે મુને મોહની લગાડી રે;
વા'લોજી જોવાને જાઇશ હું તો દાડી દાડી રે. સખી૦ ૧
ચિતડાં ચોર્યાં છે મારાં છેલવર છબીલે રે;
હવે હું તો રહી ન શકું જાઇશ નંદને ફળીયે રે. સખી૦ ૨
ઘોડલાં ખેલવશે વા'લો સાંભળ સૈયર મારી રે;
ત્યારે હું તો જાઇને બેસીશ સામી બારી રે. સખી૦ ૩
મુજ સામું જોશે હેતે વા'લો ઉભા રહીને રે;
શ્યામળીયો બોલાવશે મુજને પ્રેમસખી કહીને રે. સખી૦ ૪





**પદ – ૪**

વિસરીમાં જાજો વા'લા મુને શ્યામળીયા ગિરધારી રે;
વારે વારે કહું છું વા'લા, અરજ એ છે મારી રે. વિસરી૦ ૧
અમ જેવા ઘણા તમને, મને આશ તમારી રે;
તે માટે રાખજો વા'લા મને, પોતાની સંભારી રે. વિસરી૦ ૨
અધર અમૃત પાજો, રસિયા બોલાવી રે;
પાતળીયા પાવન કરજો, મંદિર મારે આવી રે. વિસરી૦ ૩
પ્રેમસખી મોહી છે વા'લા,રાજીવ નેણે રે;
બીજું નવ માગું વા'લા, બોલાવજો મીઠે વેણે રે. વિસરી૦ ૪

**રાગ : ભૈરવ પદ - ૧**

પ્રાત : સમે શ્રીપુરુષોત્તમની, મૂર્તિ મનમાં સંભારું રે;
નખશિખ શોભા નિરખી નાથની, કોટિકકામ છબી વારું રે. પ્રાત૦ ૧
ચરણ કમળની શોભા જોઇને, મોહી રહ્યું છે મન મારું રે;
સોળે ચિહ્ન સહિત કુચકુંકુમ, અંકિત પલ ન વિસારું રે. પ્રાત૦ ૨
જમણે ચરણે નખની કાન્તિ, ચિહ્ન સહિત ઘણું શોભેરે;
જુગલ ચરણ નખ મંડળ જોતાં, ભકતતણાં મન લોભે રે. પ્રાત૦ ૩
જાનુ જંઘા ઉદર અનુપમ, ત્રિવળી સહિત વિરાજેરે;
ઉંડી નાભી અજનું કારણ, સુંદર અતિશે છાજે રે. પ્રાત૦ ૪
મોર મુગટ મકરાકૃત કુંડળ, ભ્રકુટિ ભાલ વિશાળરે;
મુક્તાનંદ કહે કર લટકાં, કરતા દીન દયાળ રે. પ્રાત૦ ૫

**પદ - ૨**

પ્રાત સમે પુરુષોત્તમનું મુખ, ચિતવતાં સુખ થાયે રે;
શંકર શેષની સમતા પામે, જન્મ મરણ દુઃખ જાયે રે. પ્રાત૦ ૧
વામ શ્રવણમાં શ્યામ બીંદુની, શોભા અતિશે સારી રે;
નાસા નિકટ કપોળે જમણે, ટિબકડી સુખકારી રે. પ્રાત૦ ૨
હસતાં હરિને નલવટ રેખા, ઉન્નત અતિ રૂપાળી રે;
ભાલ વિશાળ દંત દાડમ કળી, આંખ્ય અધિક મરમાળી રે. પ્રાત૦ ૩
ચંદન ખોર સહિત મુખ પંકજ, શોભા વર્ણવી ન જાય રે;
મુક્તાનંદ હજુરી હરિનો, કયાં થકી અન્ય કવિ ગાય રે. પ્રાત૦ ૪

પદ - ૩

રાત દિવસ રહો મારે મંદિર, સુંદરવર શ્યામળીયા રે;
મારું સર્વે તમારું મોહન, બીક મ રાખો બળીયા રે. રાત૦ ૧
તન મન ધન મેં તમને અરપ્યું, લાવણ્યમાં લોભાણી રે;
કમળાકાંત કરો હવે કરુણા, જન પોતાનાં જાણી રે. રાત૦ ૨
ઉર ઉપર રાખું અલબેલા, નિમખ ન મેલું ન્યારા રે;
જીવન તમને જોઇ જોઇ જીવું, પ્રાણ થકી છો પ્યારા રે. રાત૦ ૩
સુફળ મનોરથ કરો શ્યામળા, હું છું દાસી તમારી રે;
મુક્તાનંદ કહે મનમાં ધારો, વિનતિ કુંજવિહારી રે. રાત૦ ૪

પદ - ૪

પુરુષોત્તમ તમ સાથે મારે, પુરણ પ્રીત બંધાણી રે;
જે પદપંકજ સેવે મહામુનિ, તે ચરણે લપટાણી રે. પુરુષોત્તમ૦ ૧
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન ઈચ્છે રે;
તે તમે પ્રેમીને વસ્ય પ્રીતમ, પ્રેમી હોય તે પ્રીછે રે. પુરુષોત્તમ૦ ૨
મીન સર્વ જેમ નીરસ્નેહી, ચંદ્રસ્નેહી ચકોર રે;
તેમ મારું મન તમ સંગ બાંધ્યું, નટવર નંદકિશોર રે. પુરુષોત્તમ૦ ૩
તન મન ધન મેં તમને અરપ્યું, પામી અખંડ સોહાગ રે;
મુક્તાનંદ કહે મો'લે આવ્યા, આજ અમારાં ભાગ્ય રે. પુરુષોત્ત૦ ૪

પદ - ૫

નાનકડે નંદજીને લાલે, ગોકુળ ઘેલું કીધું રે;
કામણગારાં વેણ કહીને, સહુનું ચિત્ત હરી લીધું રે. નાનકડે૦
એક સમે અલબેલે વાલે, હરીયાં વસ્ત્ર અમારાં રે;
સૈયર શરમાણી સહુ દેખતાં, જળથી કીધાં ન્યારાં રે. નાનકડે૦ ૧
નંદરાણી નોતરીયાં અમને, જમવા કરી બહુ પ્યાર રે;
દુધ ગાગરી મસ્તક મારે, ઢોળી નંદકુમાર રે. નાનકડે૦ ૨
નિત્ય નિત્ય એની આળ્યું ગાળ્યું, ગણતાં પાર ન આવે રે;
જેમ જેમ કપટ કરે કાનુડો, તેમ તેમ મનમાં ભાવે રે. નાનકડે૦ ૩
મુખ દીઠા વિના સુખ ન થાય, લાવણ્યમાં લોભાણી રે;
મુક્તાનંદ કહે મોહન સાથે, પૂરણ પ્રીત બંધાણી રે. નાનકડે૦ ૪





પદ - ૬

બહુનામી તમે બોલ દઈને, કેમ મારે મંદિર નાવ્યા રે;
ભુલ્યા ભવન કે ભુધરજી, કોઈ ભામનિયે ભરમાવ્યા રે. બહુના૦ ૧
ચાંદલીયો ઉગ્યો ત્યાં સુધી, વાટ જોઈ મેં વાલા રે;
કુસુમની સેજ સુની રહી મારી, ન ઘટે એમ નંદલાલા રે. બહુના૦ ૨
સજી શણગાર રહી હું જોતી, કાન કેણે વિલમાવ્યા રે;
સાચું કહો શ્યામળીયા વાલા, રજની ક્યાં રમી આવ્યા રે. બહુનામી૦૩
મુજથી બીક ન રાખો બળવંત, હું છું દાસી તમારી રે;
મુક્તાનંદ કહે જે સંગ જાગ્યા, ધન્ય ધન્ય તે વ્રજનારી રે. બહુના૦ ૪

પદ - ૭

શ્યામ સુંદર તમે કેમ કરી રીઝો, તે મુજને કહી દાખો રે;
તે હું માનીશ મન કર્મ વચને, અંતર રંચ મ રાખો રે. શ્યામ૦ ૧
જે ગુણગ્રહી તમને રીઝવે, બડભાગી કોઈ નારી રે;
તે ગુણગ્રહી હું તમને સેવું, નટવર કુંજવિહારી રે. શ્યામ૦ ૨
સજી શણગાર સુભગ તન ગોરે, ગુણ રાખે અતિ ગેરો રે;
જ્યાં લગી પીયુડો હસી ન બોલાવે, આભૂષણ સર્વે ડેરો રે. શ્યા૦ ૩
તે માટે હું તમને પુછું, કરુણાનિધિ કહો સાચું રે;
મુક્તાનંદ કહે તમે ન રીઝ્યા, ત્યાં સુધી સર્વે કાચું રે. શ્યામ૦ ૪

પદ - ૮

વ્રજનારી વાત કહું તે, એકમનાં ઉર ધારો રે;
રૂપ ગુણે કરી હું નવ રીઝું, મુજને પ્રેમ પિયારો રે. વ્રજનારી૦ ૧
પ્રેમીજનનું એજ પારખું, અવગુણ મન ન આવે રે;
રંગ ઢંગ પલટે ક્ષણ ક્ષણમાં, તે કેમ પ્રેમી કાવે રે. વ્રજનારી૦ ૨
પતિવ્રતાને પિયુ સંગ પ્રીતિ, અળગું મન નવ ધાવે રે;
ગુંજા રત્ન ગણે એક તોલે, તે મુજને નવ ભાવે રે. વ્રજનારી૦ ૩
ચાત્રક સરખી ટેક ગ્રહીને, જાણે રસની રીતિ રે;
મુક્તાનંદ મોહન એમ બોલ્યા, તે સંગ મારે પ્રીતિ રે. વ્રજનારી૦ ૪

**પદ - ૯**

મોહનજીનું મુખડું જોતાં, મોહી રહ્યું મન મારું રે;
એક પલક મુને એ વિના, બીજે ક્યાંઇ ન લાગે સારું રે. મોહનજી૦ ૧
નટવર નાગર સુખના સાગર, જયારે વનમાં જાય રે;
થોડા જળમાં મીનતણી પેર્ય, પળ જુગ જેવી થાય રે. મોહનજી૦ ૨
સાંજ સમે શ્યામળીયો વાલો, વન થકી વ્રજમાં આવે રે;
વાંસલડી વાતા ગો રજના, ભરિયા મન ઘણું ભાવે રે. મોહનજી૦ ૩
દિનનો તાપ દરશથી વીત્યો, અતિશે આનંદ પામી રે;
મુક્તાનંદ કહે મુજપર અઢળક, ઢળીયા અંતરજામી રે. મોહન૦ ૪

**પદ - ૧૦**

ધન્ય ધન્ય ધન્ય એ વ્રજનાં વાસી, ગોવિંદને મન ગમતાં રે;
ચૌદ લોકમાં થયા જાણીતા, રસીયાને સંગ રમતાં રે. ધન્ય૦ ૧
પૂર્ણ બ્રહ્મશું પ્રીત કરીને, લાવ અલૌકિક લીધો રે;
કોટિ બ્રહ્માંડના કર્તા હર્તા, વ્રજવનિતાએ વશ કીધો રે. ધન્ય૦ ૨
મુનિવરને દર્શન અતિ દુર્લભ, નિગમ નેતિ કહી ગાવે રે;
વ્રજનારી કર તાળી દઈને, ઘરઘર નાચ નચાવે રે. ધન્ય૦ ૩
વ્રજવાસીના ચરણતણી રજ, શુકજી સરખા ઇચ્છે રે;
મુક્તાનંદ પ્રેમનો મારગ, પ્રેમી હોય તે પ્રીછે રે. ધન્ય૦ ૪

**રાગ : રામકલી પદ - ૧**

વેલેરી ઉઠીને વાલાજીનું વદન નિહારું;
જોઈને કમળ મુખ દુઃખ દૂર વિસારું રે, વેલેરી૦ ટેક૦
વદન વાલાજીનું અતિ સુખકારી;
નિરખી નિરખી જાઉં હું તો સરવસ વારી રે. વેલેરી૦ ૧
મુખડું જોયા વિના પાણીયે ન પીવું;
પ્રાણજીવનને હુંતો જોઈ જોઈ જીવું રે. વેલેરી૦ ૨
પ્રાણજીવન જોવા મેંતો જનમ ધર્યો છે;
જુઠોરે સંસારીયો સર્વે ત્યાગ કર્યો છે રે. વેલેરી૦ ૩
પ્રેમાનંદના સ્વામીને કાજે મેલ્યાં છે;
સંસારીયાં સઉ બળતામેં દાઝે રે, વેલેરી૦ ૪





**પદ - ૨**

વાલાજી જોવાને હુંતો વેલી ઝબકીને જાગી;
આવીને ઉભી છું બાઈ હુંતો ખડકીએ લાગી રે. વાલાજી૦
ખડકીએ ઉભી ઉભી હરિનાં ગુણલાંરે ગાવું;
નિરખી જીવન તનડાના, તાપ સમાવું રે. વાલાજી૦ ૧
વાલોજી દીસે છે બાઈ શોભાનારે ધામ;
મોહનજીને મળવાને મને આવ્યો છે રે કામ રે. વાલાજી૦ ૨
વાલાજીને જોઈને લોભાણી મતિ મારી;
મનડું કરે છે મળવા હું રાખું વારી વારી રે. વાલાજી૦ ૩
પ્રેમારેનંદના સ્વામીને જોઈ;
મગન થઈછું બાઈ હું તો અંગોઅંગ મોઈ રે. વાલાજી૦ ૪

**પદ - ૩**

શામળીયો સ્નેહી બાઈ મુને પ્રાણથી પ્યારા;
ઘડીએ ન મેલું વાલાજીને નયણાંથી ન્યારા રે. શ્યામળીયો૦
તન મન ધન મારૂં વાલાજીને કાજે;
હવે નથી બીતી દુરિજન લોકડાની લાજે રે. શ્યામળીયો૦ ૧
વાલાજી સંગાથે બાઈ મારૂં ચિતડું બંધાણું;
હવે આ સંસારીયાંને તૃણ જેવા જાણું રે. શ્યામળીયો૦ ૨
મેલ્યો રે સંસારીયો મેં તો હરિવર માટે;
વાલોજી વરીછું બાઈ મારા શિરને સાટે રે. શ્યામળીયો૦ ૩
ભલે રે મળ્યા બાઈ મને હરિવર આવી;
પ્રેમારેનંદના વાલાની હું તો કાવી રે. શ્યામળીયો૦ ૪

**પદ - ૪**

આજ અલબેલો બાઈ મારે મંદિરે પધાર્યા;
વાલાજીએ બાઈ મારાં કારજ સાર્યાં રે. આજ૦ ટેક૦
થોડું થોડું હસતા બોલતા મીઠી વાણી;
ગુણવંત આવ્યા ગોપીયોનાં ચિતડાંને તાણી રે. આજ૦ ૧
આવીરે આંગણીયે ઉભા વાલો આળસડું મોડેરે;
વાલપ વધારી વાલો મુજ સાથે પ્રીત જોડે રે. આજ૦ ૨

પ્રીતડી કરીને વાલે અધરરસ પીધો;
જનમ સફળ બાઈ મારો હરિવરે કીધો રે. આજ૦ ૩
હરિવર મળીયા આનંદ ઓઘ વળીયા;
પ્રેમાનંદનોરે સ્વામી આજ અઢળક ઢળીયા રે. આજ૦ ૪

**રાગ : ભૈરવ**

વાસુદેવ નારાયણ વિષ્ણુ મોહન કૃષ્ણ મુરારી,
શંક ચક્ર કરકમળ ગદાધર કમળાવર સુખકારી. વાસુદેવ૦ ૧
માધવ મુકુંદ માવ મધુસૂદન અક્ષરપર અવિનાશી,
રાધારમણ રમાપતિ રાઘવ હૃષીકેશ સુખરાશી. વાસુદેવ૦ ૨
પ્રાણનાથ પુરુષોત્તમ પૂરણ પ્રભુ પૂરણ અપારા,
પુંડરીકદૃગ પાળ પુરાતન પીતાંબર જગપ્યારા. વાસુદેવ૦ ૩
નરભ્રાતા નરસિંહ નિરંજન નાથ નિડર બહુનામી,
તપફળ તપકારક તપવલ્લભ ધરનીધર ચિદ્ધામી. વાસુદેવ૦ ૪
વામન વિશ્વાધાર વિશ્વંભર વરદાયક વ્રતધારી,
વિભુવરાહ વિમળજશ વિઠ્ઠલ વ્રજપતિ કુંજવિહારી. વાસુદેવ૦ ૫
કમલનયન કેશવ કરુણાનિધિ કેવળ નાથણ કાલી,
હંસ હરિ હયગ્રીવ હિરણમય મચ્છ કચ્છ વનમાળી. વાસુદેવ૦ ૬
ગોકુલેશ ગોપાળ ગરુડધ્વજ ગુણાતીત ગોવિંદા,
ગોપીજનવલ્લભ ગિરિધારી ચતુરબાહુ વ્રજચંદા. વાસુદેવ૦ ૭
ભવતારણ ભૂધર ભુવનેશા ભક્તવત્સલ ભયહારી,
બદ્રીપતિ બળવીર મહાબળ શ્યામ રામ કંસારી. વાસુદેવ૦ ૮
જગકર્તા જગદીશ જગદ્ગુરૂ જગજીવન જદુરાયા,
યજ્ઞ યજ્ઞભુક્તા યોગેશ્વર કલ્કી બુદ્ધ કહાયા. વાસુદેવ૦ ૯
ઊર્ધ્વબાહુ મુક્તેશ અધોક્ષજ અચ્યુત અમર અનંતા,
દીનબંધુ નટવર દામોદર કલિહર ત્રિભુવન કંતા. વાસુદેવ૦ ૧૦
પ્રાતઃસમય ઘનશ્યામ પિયાકી નામમાળ ઉઠી ગાયે,
બ્રહ્માનંદ મનોહર મુરતિ અંતરમાંહે ઠેરાયે. વાસુદેવ૦ ૧૧





**રાગ : ભૈરવ પદ - ૧**

પ્રેમવશ શ્યામરો આધીન હોઈ આવે, પ્રે. પ્રગટસ્વરૂપ ધારી લાડકુ લડાવે. પ્રે. ૧
પ્રેમભક્તિકો પ્રતાપ જાનત બડભાગી, અતિ ઉમંગ શ્યામ સંગ જાહિ લગન લાગી. પ્રે. ૨
કમલાસિ કિંકરી સેવા નહિ ભાવે, ચોરિચોરિ છાસ પિયે હિયમેં હુલસાવે પ્રે. ૩
પ્રેમિકું પલક શ્યામ છોડિ કે ન જાવે, મુક્તાનંદ મર્મસાર પ્રેમિજન પાવે. પ્રે. ૪

**પદ - ૨**

પ્રેમકો પ્રતાપ શેષ શંકરસે ગાવે, પ્રે. ધન્ય ધન્ય સો પુરૂષ નારી પ્રેમરાહ પાવે. પ્રે. ૧
જોગનેકિ જ્યોત નહિ નિશિકું નસાવે, સાધન સબ પ્રેમ આગે ઐસે મન આવે. પ્રે. ૨
ભાવવિન ભૂપતિકે ભોજન ન ભાવે, વિદુરકી નારી ચિલ છિલ કાછ વાવે. પ્રે. ૩
ભીલનિકે જૂઠે ફલ ભાવ વશ ભાએ, મુક્તાનંદ પ્રેમકે પ્રતાપમેં લોભાએ. પ્રે. ૪

**પદ - ૩**

સોઈ ધન્ય શ્યામ ચરન જાહિ લગન લાગી. સોઈ૦ તાકી સમતા ન કોઉ પાવન બીતરાગી સો. ૧
જપતપ વ્રત જોગ સાધી મુનિજન વર માગે, દિજીયો દયાળ પદપંકજ અનુરાગે. સો. ૨
માયાકૃત મોહકી ઝપેટમાં ન આવે, કાળવ્યાળ અતિકરાળ તાહિ ના ડરાવે. સો. ૩
જકત આશસે ઉદાસ પ્રભુપદ રતિ લાવે, મુક્તાનંદ તાકે ગુન ગોવિંદ સમ ગાવે. સો. ૪

**પદ - ૪**

પ્રેમકી તો રીતિ સબ લોકસે હે ન્યારી, પ્રે. દેવેરે દયાળ સોઈ પાવત નરનારી. પ્રે. ૧
પ્રેમકા પ્રતાપકો મહેશ મર્મ પાયે, જોગી કે રૂપ રહે ભોગકું બહાએ. પ્રે. ૨
પ્રેમરાહ રીતિ સબ સનકાદિક પાઈ, લઘુ રૂપ માગિ કે વિટંબના મિટાઈ, પ્રે. ૩
નારદ શુક પ્રેમરાહ પ્રભુ પ્રતાપ પાયો, મુક્તાનંદ સહજાનંદ ચરને ચિત લાયો. પ્રે. ૪

**રાગ : ભૈરવ પદ - ૧**

વાસુદેવ નારાયણ વિષ્ણુ, પ્રાતઃસમે જપ કરના રે,
પ્રાતઃ સમે જપ કરના પ્રભુકો, પ્રાતઃ સમે જપ કરના રે, ટેક૦
તેહિ વિન અન્ય બકવાદ વચનસો, અસત જાની પરહરના રે. વાસુ૦ ૧
શ્વેતદ્વીપપતિ શિરપર ધારે, ઓરનસેં કયા ડરના રે,
કાળ કર્મ માયા જખ મારે, ધડક ન મનમેં ધરના રે. વાસુ૦ ૨
શ્વેતદ્વીપપતિ ચરન ઉપાસક, તાકે સંગ અનુસરના રે,
મુક્તાનંદ કહે એહિ ભજનસે, ભવજળ પાર ઉતરના રે. વાસુ૦ ૩

**પદ - ૨**

વાસુદેવ નારાયણ વિષ્ણુ, નિશદિન નામ ઉચ્ચારો રે;
નિશદિન નામ ઉચ્ચારો પ્રભુકો, નિશદિન નામ ઉચ્ચારો રે;
તેહિ બિન ઓર વાસના ઉરમેં, તાકે મૂળ ઉખારો રે. વાસુ૦ ૧
કેશવ માધવ કૃષ્ણ મુરારિ, શ્રી ઘનશ્યામ સંભારો રે;
કામ ક્રોધ મદ લોભ રિપુ હે, એ સબ ઉરસો ટારો રે. વાસુ૦ ૨
શ્વેતદ્વીપપતિ શ્રીપુરૂષોત્તમ પ્રેમ સહિત ઉર ધારો રે;
મુક્તાનંદ કહે એહિ શિખામન, શ્વાસોચ્છ્વાસ સંભારો રે. વાસુ૦ ૩

**પદ - ૩**

શ્વેતદ્વીપપતિ શ્યામ હમારે, ઈષ્ટદેવ સુખકારી રે;
ઈષ્ટદેવ સુખકારી પ્રિતમ, ઈષ્ટદેવ સુખકારી રે,
કરૂણારસ પ્રગટ કરી કેશવ, મીલે આપ અવતારી રે. શ્વેત૦ ૧
મોહનકું તન મન ધન દિનો, ઓર બાસના ટારી રે;
અબ મેં ઓર કછું નહિ જાચું, ભયો કૃતારથ ભારી રે, શ્વેત૦ ૨
મનહિ વચનપરસો દ્રગગોચર, વિચરત દેવ મુરારી રે;
મુક્તાનંદ કહે વાસુદેવપર, વારવાર બલહારી રે. શ્વેત૦ ૩

**પદ - ૪**

શ્વેતદ્વીપપતિ શ્યામ હમારે, ઈષ્ટદેવ બહુનામી રે;
ઈષ્ટદેવ બહુનામી બળવંત, ઈષ્ટદેવ બહુનામી રે.
ત્યાગ સહિત તપ કરત નિરંતર, કરન ભક્ત નિષ્કામી રે. શ્વેત૦ ૧
અનંત ચંદ્રસમ તેજ પુંજમેં, અતિ તેજોમય સ્વામી રે;
ઉંચે ભુજ એક પાયોસે કાઢે, જનહિત અંતરજામી રે. શ્વેત૦ ૨
સબ અવતારનકે અવતારી, સબહિ ધામકે ધામી રે;
મુક્તાનંદ મીલે પ્રભુ સમરથ, સબહિ વેદના વામી રે. શ્વેત૦ ૩

**રાગ : વિભાસ પદ - ૧**

મોરે મન ભાયે રે, આલી મોરે મન ભાયે,
નન્દકો દુલારો પ્યારો, મોરે મન ભાવે. ટેક
રાતે મદમાતે નેન, બોલત મધુરે બેન,
શીરપેં અમુલ નીકી, પગીઆં બનાયે. નં૦ ૧





હીમ પુંચી સોહે હાથ, ગ્વાલ બાલ લીયે સાથે,
નીરખી સલુણો નાથ, અતિ સુખ પાયે. નં૦ ૨
કેશર તીલક ભાલ, ગલ મોતીહુંકી માળ,
રસકે રસીલો લાલ, સુંદર સોહાયે. નં૦ ૩
પહેરી વસન પીત, રાજત અજબ રીત,
બ્રહ્માનન્દહુંકે મીત, ચિત્ત લલચાયે. નં૦ ૪

**પદ - ૨**

સાંવરો ગુમાની દેખો, સાંવરો ગુમાની,
રસકે રસીલો છેલો, સાંવરો ગુમાની. ટેક૦
ચલત અનોખી ચાલ, ઓઢકે લીયે દુસાલ,
શીરપેં કલંગી લાલ, મોરે મન માની. રસ. ૧
સુંદર શ્રવન વામ, તીલ બીંદુ સોહે શ્યામ,
નીરખી લજીત કામ, છબી સુખ દાની. રસ. ૨
ગોરેહી સલુને ગાત, છબી બરતી ન જાત,
ચિત્તકું હરાત થાકી, મુખહુંકી બાની. રસ. ૩
નીરખી નંદકો નંદ, પર્યો ગલે પ્રેમ ફંદ,
બ્રહ્માનંદ તન ધન, કીયે કુરબાની. રસ. ૪

**પદ - ૩**

નંદકો દુલારો પ્યારો, નંદકો દુલારો,
સાંવરો સુજાન પ્યારો, નંદકો દુલારો. ટેક.
અજબ રંગીલી અંખી, પ્રફુલ સરોજ પંખી,
છેલો ગિરિધારી વન, મારી મતવારો. સાં૦ ૧
કેસર તીલક કીયે, મોતીહુંકી માલ હીયે,
મેનકો હટાવે માન, નેનકો નજારો. સાં૦ ૨
ખેલે ગોપી ગ્વાલ સંગ, રાજે પીયા નવ રંગ,
ભુષન વસન અંગ, અતિસે ઉદારો. સાં૦ ૩
બંસીકી બજાવે તાન, કુંવર છબીલો કાન,
બ્રહ્માનંદ હુકો પ્રાણ, જીવન હમારો. સાં૦ ૪

**પદ - ૪**

કુંજકો વીહારી કહાનો, કુંજકો વીહારી;
મોરે મન માન્યો કહાનો, કુંજકો વીહારી. ટેક૦
ચંદનકી કીયે ખોર, અરૂન દગન કોર;
ચલત ગયંદ ચાલ, લાલ ગિરિધારી. મો૦ ૧
છબી રંગ છાઇ જયું, કલંગી શિર લટકાઇ;
શિરપેં બનાવ પાઘ, અતિ સુખકારી. મો૦ ૨
ભાલકી વીશાલ રેખે, પ્રેમી પ્રેમહુંસે દેખે;
જનમ સુફળ લેખે, વ્રજહુંકી નારી. મો૦ ૩
અતિસે ઉદાર સુખ, સાર પ્યાર યાહી સંગ;
બ્રહ્માનંદ વારવાર, જાત બલિહારી. મો૦ ૪

**રાગ : સોહની પદ - ૧**

પ્રાણી સ્વામિનારાયણ દેવ સત્ય સ્વરૂપ છે રે;
સત્યસ્વરૂપ છે સુરનરમુનિના ભૂપ છેરે. પ્રાણી૦ ટેક.
નેતિ નેતિ કહી નિગમ ગાયે, ઉપનિષદનો સાર;
કાળ માયાદિક સહુના પ્રેરક, અક્ષરના આધાર. સત્ય૦ ૧
બ્રહ્મમોહોલના વાસી પ્રભુ, દિવ્ય સ્વરૂપ સાકાર;
કમળા આદિક મુક્ત કોટિ, સેવે કરી અતિ પ્યાર. સત્ય૦ ૨
નિજ ઈચ્છાયે નરતનુ ધારી, પ્રગટ્યા શ્રીમહારાજ;
ભરત ખંડના ભાવિક જનને, ઉદ્ધારવાને કાજ. સત્ય૦ ૩
સત્ય કહું છું સમ ખાઇને, ખોટી નથી લગાર
પ્રેમાનંદ કહે ભજજો ભાઇઓ, થાશો ભવજળપાર. સત્ય૦ ૪

**પદ -૨**

પ્રાણી સ્વામિનારાયણ સમરથ શ્રીભગવાન છે રે
શ્રીભગવાન છે કૃપાના નિધાન છેરે, પ્રાણી૦ ટેક.
અધમ ઉદ્ધારણ દિનના બંધુ, શરણાગત પ્રતિપાળ;
સ્વામિનારાયણ નામ લે તેને, પાસે ન આવે કાળ. શ્રીભ૦૧





પુરુષોત્તમજી પ્રગટ્યા પોતે, અનાથના એ નાથ;
આ અવસર જે નહી માને, તે પછી ઘસશે હાથ. શ્રીભ૦૨
જંત્ર નથી કશો જાદુ નથી, ભાઇ નથી મત ને પંથ;
જાણી જોઇને દયા કરી છે, ઉદ્ધારવાને જંત. શ્રીભ૦૩
ઘોર કળીમાં સત્યુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત;
પ્રેમાનંદ કહે નહી માને તો, પછી થાશે ફજીત. શ્રીભ૦૪

**પદ - ૩**

પ્રાણી શ્વાસ ઉચ્છ્વાસે સ્વામીને સંભારીયે રે;
હો સંભારીયે ઘડીયે ન વિસારીયે રે. પ્રાણી૦ ટેક.
પ્રાણી ખાતાં પીતાં હરતાં ફરતાં, કરતાં ઘરનું કામ;
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, મુખે રટીયે નામ હો. સં૦૧
ધન જોબનને આવરદા એનો, ન કરીયે નિરધાર;
વિજળીના ઝબકારાની પેઠે, જાતાં ન લાગે વાર હો. સં૦૨
સ્વામિનારાયણ ભજતાં પ્રાણી, થશે મોટું સુખ;
લખ ચોર્યાશીના ફેરા મટશે, જમપુરીનાં દુઃખ હો. સં૦૩
પ્રગટ હરિનું ભજન કરીને, ઉતરો ભવજલ પાર;
પ્રેમાનંદ કહે નહિ માનો તો, ખાશો જમનો માર. હો. સં૦૪

**પદ - ૪**

પ્રાણી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ગાઈયેરે;
ગાઇયે દુરિજનથી લેશ ન લજાઇયે રે. પ્રાણી. ટેક
સ્વામિનારાયણ મહા મંત્ર છે પ્રગટ હરિનું નામ;
આ અવસર જે કોઇ લેશે, તેના સરશે કામ, પ્રાણી. ૧
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, ઉંચે સાદે ગાય;
સાંભળીને જમદૂત તેને, દૂરથી લાગે પાય. પ્રાણી. ૨
સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ;
અંતકાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ. પ્રાણી. ૩
સ્વામિનારાયણ સુમરીયે પ્રાણી, તજી લોકની લાજ;
પ્રેમાનંદ કહે રાજી થઈ, તેના ઉરમાં રહે મહારાજ. પ્રાણી ૪

## રાગ : બિલાવર પદ - ૧

ભજ મન ધર્મતનય નંદનંદ, ભજ૦
ભજત સબહી ભય ભર્મ નશાવત, ઉભય રૂપ એક આનંદકંદ. ભ૦ ૧
ઉત મુનિવર કે વૃંદ લિયે સંગ, ઈત સંગ લે ગોપિન કે વૃંદ;
ઉત તપરત સંયમ વ્રત સેવત, ઈત રસકેલિ કરત વૃજચંદ. ભ૦ ૨
ઉત તપફળ દેત કરત સબકો હિત, ઈત દે દરશ હરહિ ભવ ફંદ;
મુક્તાનંદ કે' ઈષ્ટ એહી પ્રભુ, પ્રગટ રૂપ જો સબ જગવંદ. ભ૦ ૩

## પદ - ૨

ધર્મતનય ભજ નંદકીશોર, ધર્મ૦
જનહિત જુગલ રૂપ ભએ મહા પ્રભુ, સુર મુનિવૃંદ જપત જેહિ ભોર; ધ૦ ૧
ઉત મુનિવૃંદ સહિત બદ્રિપતિ, ક્રોધસેં રહિત મદનમદ તોર;
ઈત વૃંદાવન નવલ વિહારી, ગાન તાન ગોપિન ચિત્તચોર. ધ૦ ૨
ઉત ઉપનિષદ વચન ઉચારત, ઈત મુખ બંશી કરત ઘનઘોર;
એહિ વિધિ પ્રગટ રૂપ કરૂણાનિધિ, મુક્ત લિયો હે ચરન ચિત્તચોર. ધ૦ ૩

## પદ - ૩

ધર્મતનય સોઈ પ્રભુ નંદલાલ, ધર્મ૦
શ્રીનારાયણ કૃષ્ણ કહાયકેં, ગ્વાલન સંગ ખેલત ગોપાળ, ધર્મ૦ - ૧
ઉત તપ સાધત શિશ જટા ધારી, ઈત રાજત ધરી મુગટ વિશાળ;
ઉત વનકળ ધરી રખન બૃહદવ્રત, ઈત ધરી પીત વસન રસતાળ. ધર્મ૦ - ૨
ઉત ઈત કરતસો સબહિ ભક્તહિત, આપ અગુન સબ શુભ ગુન જાલ
મુક્તાનંદકે મન માનુષ્ય મધ્ય, સોઈ પ્રભુ રાજત રાજમહાલ. ધર્મ૦ - ૩

## પદ - ૪

બદ્રિનાથ બને નંદકુમાર, બદ્રિ૦
સોઈ જુગજુગ શ્રુતિ ધર્મ સંત હિત, દુષ્ટ દલન પ્રગટત બહુવાર; બદ્રિ. ૧
ધર્મકી ગ્લાનિ હોત હે જબ જબ, તબ તબ ભૂપર ધરી અવતાર;
અનંત જીવ ઓધારન કારન, હરત સબહિ ભૂમંડળ ભાર. બદ્રિ. ૨
કળિ મધ્ય અધિક કૃપા કરી કેશવ, નિજ ભકતનકે હરેઉ મદમાર;
સોઈ પ્રભુ સહજાનંદ વિરાજત, મુક્તાનંદકે પ્રાન આધાર. બદ્રિ. ૩





## રાગ : ભેરવ પદ - ૧

પ્રભાતે ઉઠીને પ્રાણી, ગોવિંદ કેમ નથી ગાતો રે;
આઠ જામ ધામ ધન અર્થે , કામ થકી નથી કાતો રે. પ્રભાતે૦
માતતણા ઉદરની માંહી, અહોનિશ તું અકળાતો રે;
જઠરાનળની બળતો ઝાળે, અતિ કષ્ટ તુંને થાતો રે. પ્રભાતે૦ ૧
તે દુ:ખમાંથી બારો કાઢ્યો, માયાનો મદ માતો રે;
પરધન પરસ્ત્રિય કારણ ડોલે, બોલે મુખ મરડાતો રે. પ્રભાતે૦ ૨
ગર્ભમાંહી નિત્ય ગરજુ થઈને, ખુટલ તું સમ ખાતો રે;
તે હરિથી અવળો થઈ ચાલે, લંપટ નથી લજાતો રે. પ્રભાતે૦ ૩
જમપુરીમાં જમવાનો બાંધ્યો, ભુંડપ કેરો ભાતો રે;
બ્રહ્માનંદ કહે હજી સમજ તો, ઉગરીશ જાતો જાતો રે. પ્રભાતે૦ ૪

## પદ - ૨

પ્રભાતે ઉઠીને પ્રાણી, ગાયે ગિરિવરધારી રે;
શ્યામ સુંદરવર જનમ સંગાથી, કમળનેન સુખકારી રે. પ્રભાતે૦
પાપરૂપ મન દુષ્ટ પૂતના, વિષદાયક વ્યભિચારી રે;
માત સમાન મુક્તિ જેની કીધી, આવા દેવ મોરારી રે. પ્રભાતે૦ ૧
ભારતમાં ભિષ્મ પણ રાખ્યો, પણ પોતાનો હારી રે;
પાંડવ તણા જગનમાં પોતે, પંક્તિ ભોમ સમારી રે. પ્રભાતે૦ ૨
અંતરભાવ અલૌકિક જેનો, તે સાથે અતિ રાજી રે;
નૃપ પકવાન્ન તજીને જમીયા, વિદુર ઘરે તરકારી રે. પ્રભાતે૦ ૩
પતિવ્રતા કઈ પડી રહીને, તારી પંચભર્તારી રે;
બ્રહ્માનંદ કહે પ્રેમ કરીને, રટીએ કુંજવિહારી રે. પ્રભાતે૦ ૪

## પદ - ૩

પ્રભાતે ઉઠીને પ્રાણી, ધ્યાન હરિનું ધરવું રે;
આળ પંપાળ મિથ્યા એ ટાણે, કાંઈ બીજું નવ કરવું રે. પ્રભાતે૦
સહિત કલંગી પાઘ સુરંગી, જોઈ મગન થઈ ફરવું રે;
ભાલ તિલક શુભ રેખને ભાળી, કાળ થકી નવ ડરવું રે. પ્રભાતે૦ ૧
ભ્રકુટિ નેન કમળ ભુધરનાં, લખી અંતરમાં ઠરવું રે;
પૂરણ ચંદ્ર સરીખું પ્રભુનું, મુખ ક્ષણ નહિ વિસરવું રે. પ્રભાતે૦ ૨

કરણ છબી ભુજ જુગલ કૃષ્ણનું, ભૂષણ સહિત વિસરવું રે;
હાર યુક્ત પંકતું ઉર હરિનું, ત્યાંથી નવ નિસરવું રે. પ્રભાતે૦ ૩
ઉદર નાભિ ઉરુ જાનુ જંઘા, ચરણ કમળમાં ફરવું રે;
બ્રહ્માનંદ કહે એ છબી ઉર ધરી, બીજું સર્વ પરહરવું રે. પ્રભાતે૦ ૪

**પદ - ૪**

પ્રભાતે ઉઠીને પ્રાણી, શ્રીઘનશ્યામ સંભારો રે;
મંગળરૂપ મનોહર મૂર્તિ, લઈ અંતરમાં ધારો રે. પ્રભાતે૦
અશરણ શરણ કૃષ્ણ અવિનાશી, નટવર નંદ દુલારો રે;
મોરલીધર મોહન મધુસુદન, એવાં નામ ઉચ્ચારો રે. પ્રભાતે૦ ૧
ભરત ખંડમાં નરતન પામ્યા, અવસર આવ્યો સારો રે;
નંદકુમાર ચરણ ચિત્ત ધારી, વિષય વિકાર વિસારો રે. પ્રભાતે૦ ૨
ભજીએ રંગ સહિત ભૂધરને, તજીએ સંગ નઠારો રે;
કુળ મરજાદા મેલીને કરીએ, પ્રાણજીવનને પ્યારો રે. પ્રભાતે૦ ૩
સાચા સંતની સોબત કરીને, કર્મનો ભાર ઉતારો રે;
બ્રહ્માનંદ કહે હરિ ભજો તો, સરશે અર્થ તમારો રે. પ્રભાતે૦ ૪

**રાગ : ભૈરવ પદ -૧**

જાગો લાલ છબીલે મોહન, ભોર ભયો મોરે પ્યારે; જાગો૦ ટેક
ગુંજત ભ્રમર કમળ દળ ઉપર, બોલત કૌવા કારે. જાગો૦ ૧
મુખ ઉપરસે દૂર કરો પટ, દેખો કૌતુક દ્વારે;
સહસ્રવદન ચતુરાનન ષણ્મુખ, કરત કોલાહલ ભારે. જાગો૦ ૨
પંચાનન ગજવદન વિનાયક, સનકાદિક ઋષિ ચારે;
નાચત જંત્ર બજાવત નારદ, ગાવદ જશ વિસ્તારે. જાગો૦ ૩
ઓરહી સુર સજ્જન મુનિ મંડળ, મીલી દ્વારે સબ ઠારે;
દેહો દરશ કમળદલલોચન, પ્રેમાનંદ બલીહારે; જાગો૦ ૪

**પદ - ૨**

ભોર ભયો જાગો મોરે લાલા, લોચન પલક ઉઘારો; ભોર. ટેક
નિશિની ઘટી રવિરથ રુચિ રાજી, ભયોહે ભુવન ઉજીયારો. ભોર. ૧
મલીન સુધાકર મુનિવર ઝલક્યો, તમચુર ખગસો પુકારો(?)
વિલસી ચકવી પિયા સંગ, રતિપતિ શિથિલ ધનુક સોડારો. ભોર. ૨





વિકસે વારિજ નલિની સકુચી, મધુકર કરત ગુંજારો;
બોલત કાગ કપોત હંસ રવ, સુની મન હરખ અપારો. ભોર. ૩
જાગો માધવ મદનમોહન, નેંનન નિંદ નિવારો;
પ્રેમાનંદ બલિહારી પામ્યો, નિરખી બદન તુંહારો. ભોર. ૪

**પદ - ૩**

અપને લાલકું સીખ લગાયકે બરજ જસોદા રાની; અપ૦ ટેક
દિન પ્રતિદિન કેસેં કરિ સહિયે, દુધ દહિંકી હાનિ. અપ૦ ૧
મેં અપને મંદિરકે ખોને, રાખ્યો માંખન છાની;
વાંહિ જાય તુમારે લરીકા, સોઉં લીયો પહીચાની. અપ૦ ૨
ખાય બહાય જગાયકે લરીકન, ભાજન ભંગ્યો જાની;
નિશંક હોય આંગન બીચ બેઠો, ગ્યાન કરત હોય ગ્યાની. અપ૦ ૩
મેં જબ જાયકે પુછ્યો મોહન, યહ કહા કીયો ગુમાની;
પ્રેમાનંદ કહે ઉત્તરે દીનો, ચિટિ કે કાઢત પાની. અપ૦ ૪

**પદ - ૪**

મૈયા આજ તુમારે લાલકુ પકર્યો કરતે ચોરી; મૈયા૦ ટેક
આયો મંદિર ચપલ મનોહર, ચિતવતહેં ચઊકોરી. મૈયા૦ ૧
દેખ્યો દધિભાજન સીકેપર, રસિક હસ્યો મુખ મોરી;
તાહિત કીયો ઉપાય છબીલે, નૌતમ નંદકિશોરી. મૈયા૦ ૨
પીઠ પીઠપર ધર્યા ઉલુખર, તાપર ચઢયોં બરજોરી;
ગોરસ મીઠો રુચિર ખાય દહિ, લિયો ઓર ભરી ઝોરી. મૈયા૦ ૩
મેં જબ આઈ અચાનક પકર્યો, દહિ રાખ્યો મુખ ઘોરી;
પ્રેમાનંદ કહે ડારી નેનમેં, ભજ્યો કુંજકી ઓરી. મૈયા૦ ૪

**રાગ : વિભાસ પદ - ૧**

આવો જ્યું બિરાજો કહાના મોરે નેના આગે; આવો. ટેક૦
નિરખ કમળમુખ ઉપજત અતિસુખ;
દુઃખકે સમૂહ દેખી ઉરહુંસે ભાગે. આવો. ૧
રુપકી અનુપમતાઇ દેખી મન લાગ્યો ધાઈ;
નેનો તો અરુન લાલ કહો કહાં જાગે. આવો. ૨

બોલો તોતરીસી બાની રેનકી નિશાની જાની;
અધર અંજન કપોલન પીક દાગે. આવો. ૩
સાચી કહો શ્યામ અનુરાગે કોનઉકે ધામ;
એહી છબી રહો ઉર પ્રેમાનંદ માગે. આવો. ૪

**પદ - ૨**

વારી હું બિહારી કહો રેનહુંકી બાતે; વારી૦ ટેક
નેના તો રસાલહે ગુલાલઉતે આછે લાલ;
છૂટે પેચ પાઘઉંકે બેન તોતરાતે. વારી૦ ૧
શ્રમજળ ભીનો પટ મોતીમાળા સોહે તટ;
સેધિકી સુગંધ શ્યામ આવતહેં ગાતે. વારી૦ ૨
જીતેહો બીજેઈ જુધ નાહીં તનઉકી શુધ;
ઉર નખરેખ લાગી બિલસેંહો જાતે. વારી૦ ૩
પુછત સહેલી સાથ પ્રેમાનંદઉકે નાથ;
આયેહો સનેહિજુ તરત ઉઠી પ્રાતે. વારી૦ ૪

**પદ - ૩**

રાતી રાતી રેખેં દેખેં ઉપજત ચેન; રાતી૦ ટેક
ભ્રોંહેતો કુટીલ વિલુલિત કચ સોહે લટ;
પ્રફુલિત પ્રાત દોઉં પંકજ નેન. રાતી૦ ૧
ચારુ ચિતવનીપર વારુ કોટિ કામ ફેર;
મીન રુ મધુપતે ચંચળ સુખદેન. રાતી૦ ૨
વિચમેં હે સ્યાહી કારી મોહિ યાસું વ્રજનારી;
યામેં સામ દામ ગુન રહતહેં એન. રાતી૦ ૩
કુશળ કટાક્ષજુતે ભીજ રહે નેહઉતે;
પ્રેમાનંદ વારી ચિતવત દિનરેન. રાતી૦ ૪

**પદ - ૪**

નિરખી બદન કરૂં પ્રાન કુરબાન; નિરખી૦ ટેક
આવો જ્યું બિહારિ લાલ સોહે ગજગતિ ચાલ;
ભાલ તો વિશાળ દેખી ભઇ ગુલતાન. નિરખી૦ ૧





બાંકે પેચ પાઘઉકે ભ્રોંહપર આઇ ઝુકે;
મોતીકી અનુપ જયોતિ સોહતહે કહાન. નિરખી૦ ૨
બોલત મધુરિ બાની ચિતવતી મનમાની;
હસતહો મંદમંદ ચતુર સુજાન. નિરખી૦ ૩
નંદકે આનંદકંદ બાંધે ભુજ બાજુબંધ;
પ્રેમાનંદ વારી અંગ કોટી શશિ ભાન. નિરખી૦ ૪

**રાગ : પ્રભાતી પદ - ૧**

જાગો નિજ જીવન બોલે, પંખીડાં વાણી,
તમારી શય્યામાં, મારી સાડી ચંપાણી. જાગો૦ ૧
લોકડાંની લાજ મારે, શ્યામળા વાલા;
તમે તો નિઃશંક પોઢ્યા, નંદના લાલા. જાગો૦ ૨
સાસુડી ચકોર મારી, નણંદી ધુતારી;
ગાવલડી દોવાને મિષે, આવીતી બહારી. જાગો૦ ૩
થાય છે અસુર મહી, વલોવા જાવું;
મુક્તાનંદના નાથજી, ઘણું શું કહી સમઝાવું. જાગો૦ ૪

**પદ - ૨**

કાનજી કોડીલા જાગો, પ્રાત થયું વાલા;
જાણીને મારા જીવન મિંચો, લોચનિયાં ઠાલાં. કાનજી૦ ૧
કંઠથી બાંહડલી મેલો, કાનજી કાળા;
આડોશી પાડોશી જાગ્યા, મોહન મર્માળા. કાનજી૦ ૨
હવે નહિ રેવાય, અમે વવારૂં નાના;
સવારે શ્યામળીયા વાલા, કેમ રહીએ છાના. કાનજી૦ ૩
લોકમાં લજ્જા રહે તેમ, કીજીએ કાના;
મુક્તાનંદના નાથજી, માં થાશો દિવાના. કાનજી૦ ૪

**પદ - ૩**

આજની શોભા અલૌકિક, લાગે છે સારી;
જોઇને હસે છે વાલા, વ્રજની નારી. આજની૦ ૧
કાજળની રેખા કપોળે, લાગે રૂપાળી;

ગોપીયો જોઇને કાના, લે છે કર તાળી. આજની૦ ૨
હૈડા ઉપર હાર ઉઠ્યા, શોભે છે સારા;
પીતાંબર સાટે પટોળી, ઓઢી છે પ્યારા. આજની૦ ૩
વાંસળીને સાટે વેલણ, કેનું લઇ આવ્યા;
મુક્તાનંદના નાથ આવા, કો ક્યાં જઇ ફાવ્યા. આજની૦ ૪

**પદ - ૪**

આવોને અલબેલા વાલા, પુછું વાતલડી;
રસિયા રમી આવ્યા કેને, સંગે રાતલડી. આવોને૦ ૧
આળસડું અંગે ઘણું દિસે, નિદ્રાળું નેણાં;
પાતળા પ્રેમેશું બીતા, બોલો છો વેણાં. આવોને૦ ૨
ડોલતાં ડગલાં ભરો છો, પ્રીતમ પ્યારા;
કપોળે તંબોળ તંતુ, લાગે છે સારા. આવોને૦ ૩
કેને રંગે રાચ્યા પ્રીતમ, કહો કાના અમને;
મુક્તાનંદના નાથજી, કાંઇ નૈ કૈયે તમને. આવોને૦ ૪

**રાગ : બિભાસ પદ - ૧**

કાન ધુતારેરે, બેની મને કાન ધુતારે રે;
નેણું કેરે બાણે મારી, કાન ધુતારેરે. ટેક૦
સાન કરીને શ્યામળે, મુજ સામું જોયું રે;
ચોટ લગાડી ચિત્તમાં, રસબાણ પ્રોયુરે. નેણું૦ ૧
ઘાયલ થઇને ઘર સુધી, પહોતી પરાંણેરે;
જેવી છે વિહરની વેદના, મારૂં મન જાણેરે. નેણું૦ ૨
અંગમાં વાધિ આપદા, ભોજન ન ભાવે રે;
રજની વીતે ઝુરતાં, નિદ્રા ન આવેરે. નેણું૦ ૩
મન માન્યું નંદલાલશું, બીજી ભ્રમણા ભાગીરે;
મુક્તાનંદ કહે માવશુ, મને લગની લાગીરે. નેણું૦ ૪

**પદ - ૨**

શ્યામ સંગાથેરે, બેની મારે શ્યામ સંગાથેરે,
તે દહાડાનું તાન મારે, શ્યામ સંગાથેરે.





મહેર કરીને માવજી, મુજ સામું જોયુંરે;
મનડું મારૂં માવશું, અતિશેજ મોહ્યુંરે. તે૦ ૧
નેહ જણાવ્યો નેણમાં, ભૃકુટીની સાનેરે;
વ્યાકુળ કીધી વાલમે, મોરલીની તાનેરે. તે૦ ૨
અલૌકિક આપિયું, મને શ્યામ સુહાગીરે,
મોહનજીની મહેરથી, ભવ ભાવડ્ય ભાગીરે. તે૦ ૩
અખંડ સુહાગણ કરી, કોડિલે કાનેરે;
મુક્તાનંદ કહે મોહી રહી, એને ભીને વાનેરે. તે૦ ૪

**પદ - ૩**

મનડું માન્યુંરે, બેની મારૂં મનડું માન્યુંરે;
મોહનજીને સંગે મારૂં મનડું માન્યુંરે.
એ મારૂં ગમતું કરે, નિત્ય અંતરજામીરે;
સુંદર વરના સંગમાં, હું આનંદ પામીરે. મો. ૧
જોબનિયુ મેં જાળવ્યું, મોહનજી માટેરે;
શ્યામ સંગાથે સહિ કર્યું, મેં તો શિરને સાટેરે. મો. ૨
આડ્ય ન માનું કોઇની, મોહી ભીને વાનેરે;
ગોવિંદ કીધી ઘેલડી, નેણુંની સાનેરે. મો. ૩
આનંદ વાધ્યો અંગમાં, ભૂધરને ભાળીરે;
મુક્તાનંદ કહે માવશું, દઢ લાગી તાળીરે. મો. ૪

**પદ - ૪**

પ્રીતડી બાંધીરે, બેની મારી પ્રીતડી બાંધીરે;
લટકાળા નંદલાલ સાથે, પ્રીતડી બાંધીરે.
સુંદર નેણ સોહામણાં, મુખ સુંદર વાણીરે;
સુંદરવરની ચાલમાં, બેની હું લોભાણી રે. લ. ૧
કામણીયાં મુજને કર્યાં, કાનુડે કાળેરે;
દીલડું મારૂં ડોલવ્યું, મીઠી મોરલી વાળેરે. લ. ૨
નેણાં વેણાં મોરલી સૌ, કામણગારૂંરે;
વશ કરી મને વાલમેં, હર્યું ધીરજ મારૂંરે. લ. ૩

કુળ કુટુંબી લોકની, મરજાદા મેલીરે;
મુક્તાનંદ કહે માવશું, દ્રઢ બાંધી બેલીરે. લ. ૪

**રાગ : રામકલી પદ - ૧**

મારૂં મન મોહ્યુંરે મા જોઈ નંદલાલ, મારૂં મન મોહ્યુંરે મા જોઈ નંદલાલ; ટેક.
રસિક છેલવર રૂપ ઉજાગર, અંબુજનયન વિશાળ. મારૂ૦ ૧
મોહનવર મને મોહીની લગાડી, કરી કરી નૌતમ ખ્યાલ. મારૂ૦ ૨
મર્માળે મને મર્મ જણાવી, વચને વધારી ઘણી વા'લ. મારૂ૦ ૩
મુક્તાનંદનો નાથ નવલ પ્રિયા, નિરખીને થઈ છું નિહાલ. મારૂ૦ ૪

**પદ - ૨**

શોભે છે છબીલો વા'લો આનંદકંદ, શોભે છે છબીલો વા'લો આનંદકંદ.
બ્રહ્મા ભવ સનકાદિક નારદ, સ્તવન કરે છે સુરવૃંદ. શોભે છે૦ ૧
રૂકિમણીકાંત અખિલ જગઈશ્વર, હરણ વિકટ ભવફંદ. શોભે છે૦ ૨
સોળ હજાર અષ્ટ પટરાણી, રહે વા'લો સદાય સ્વછંદ. શોભે છે૦ ૩
મુક્તાનંદનો નાથ નવલ પ્રિયા, વાસુદેવ જગવંદ. શોભે છે૦ ૪

**પદ - ૩**

વાસુદેવ રૂકિમણી સજે શણગાર, વાસુદેવ રૂકિમણી સજે શણગાર;
પ્રિયા તન ચંદન ખોર બિરાજે, પ્યારી તન મૃગમદ સાર. વાસુદેવ૦ ૧
શ્યામસુંદર ઉર કૌસ્તુભ શોભે, પ્યારી ઉર નવસર હાર. વાસુદેવ૦ ૨
શંખ ચક્ર પગ પદ્મ શ્યામકર, પ્યારી કર ચરમ ઉદાર. વાસુદેવ૦ ૩
મુક્તાનંદ કહે જુગલ રૂપ પર, વારી જાઉં વારંવાર. વાસુદેવ૦ ૪

**પદ - ૪**

વા'લો મને વાલા લાગે રાજા રણછોડ, વા'લો મને વા'લા લાગે રણછોડ.
સત્યભામા રૂકિમણી પટરાણી, બળભદ્ર બાંધવ જોડ. વા'લો૦ ૧
ચક્રાદિક આયુધ કર શોભે, દુષ્ટ દનુજ મદ તોડ. વા'લો૦ ૨
વાંકી પાઘ વાંકી ભૃકુટીપર, વાંકી અજબ મરોડ. વા'લો૦ ૩
મુક્તાનંદ કહે રસિક પ્રીતમપર, વારૂ મદન કરોડ. વા'લો૦ ૪

**રાગ : ભૈરવી પ્રભાતિ પદ - ૧**

પ્રાતઃ થયું રે મારા પ્રાણ સનેહિ, જાગો જીવન જાઉં વારી; પ્રાત૦ ટેક
દર્શન કારણ મુનિવર મોટાં, આવ્યા હરખ ભર્યા ભારી; પ્રાત૦ ૧





પંચાનન સહસ્ત્રાનન ષડમુખ, ગજવદનો વર ઉગારી;
શારદ નારદ વ્યાસ કીરમુની, સનકાદિક ઋષિવર ચ્યારી. પ્રાત૦ ૨
મૂષકવાહન શિખિવાહન જુત, વૃષભેશ્વર ભવભયહારી;
ગાયે નાચે કરે કુતુહલ, મૂર્તિ તમારી ઉર ધારી. પ્રાત૦ ૩
વદન ઉઘાડો અરવિંદલોચન, નિરખો કૌતુક કંસારી;
પ્રેમાનંદના નાથજી ઉઠ્યા, દીધાં દરશન સુખકારી. પ્રાત૦ ૪

**પદ - ૨**

અલબેલો ઉઠ્યા હરિ હસતા, આવીને ઉભા ઓસરીયે; અલ૦
ફેંટો શ્વેત ઉપરણો ઓઢ્યો, કર નકત કલકી ઘોહરીયે. અલ૦ ૧
શોભા સવારની સુંદર વરની, શું રે વખાણું વૈખરીયે;
પાટ ઉપર બેઠા પુરૂષોત્તમ, નીરખી જન નેણાં ભરીયે. અલ૦ ૨
આશિરવાદ વદે મુનિ નિરખી, અવિચળ રહો દરશન કરીયે;
ધર્મકુંવર તમ ઉપર વારે, તન મન પ્રાણ ફરી ફરીય. અલ૦ ૩
ધર્માત્મજ કરો દંતધાવન, કનક પ્યાલુ આગે ધરીયે;
પ્રેમાનંદ કે સુંદર મુખડું, નિરખી અંતરમાં ઠરીયે. અલ૦ ૪

**પદ - ૩**

દીનાનાથ કરે દંતધાવન, લઈને કોમળ કરમાઈ; દીના૦ ટેક.
કુંદકળિસમ દશન મંજન કરે, નેણાં લોભાણાં જોઈ ચતુરાઈ. દીના૦ ૧
મુખ પ્રક્ષાલન કરી મનમોહન, નાવા પધાર્યા સુખદાઈ;
ગંગાજળિયા કુવા કાંઠે, ન્હાયે નાથ અતિ હરખાઈ. દીના૦ ૨
સરસ અત્તર લઈ કરે તન મર્દન, વર્ણિમુકુંદ છબી ઉર લાઈ;
ઢોળે જળ ચોળે તન સુંદર, શોભા વરણવી નવ જાઈ. દીના૦ ૩
અંગ અંગોછી ઉજ્વળ ધોતી, પેરી કટિપર સરસાઈ;
પ્રેમાનદં કે' જમવા પધારયા, હરિકૃષ્ણ હરિ પુલકાઈ. દીના૦ ૪

**પદ -૪**

જમવા બેઠા અખિલલોકપતિ, ઓસરીયે અનુરાગેરે; જમ૦ ટેક.
ષટ રસ ભોજન સરસ સુધારી, કનક થાળ ધર્યો આગેરે. જમ૦ ૧

વિધવિધના પકવાન તે પીરસ્યાં, જે જે સારાં લાગેરે;
મોતીચૂર જલેબી ઘેબર, મન ગમતાં જે માગેરે. જમ૦ ૨
દૂધપાક જમે બીરંજ હરીસો, નિરખી દુઃખ દૂર ભાગેરે;
કઢી વડી જમી શાક વખાણ્યાં, સુંદર શ્યામ સુહાગેરે. જમ૦ ૩
ચળું કરીને મુખવાસ લીધો, અધર અરુણ પીક દાગેરે;
પ્રેમાનંદ કે' મનડું મોહ્યું, સરસ પેચાળી પાઘેરે. જમ૦ ૪

**રાગ : ભૈરવી પદ - ૧**

વંદુ શ્રીધર્મતનય બ્રહ્મપુર નિવાસી; વંદુ૦ ટેક.
લહત ન સકામી કોઉ, આતમા ઉપાસી; વંદુ૦ ૧
જાકે અગણિત નામ, સત ચિત આનંદ ધામ;
અક્ષર અમૃત જનવિશ્રામ, અચ્યુત અવિનાશી. વંદુ૦ ૨
અગણિત વિશ્વ આધાર, સુખનિધિ અતિ સર્વપ્રકાર;
કહત નિગમ ગતિ અપાર, સુંદર સુખરાશી. વંદુ૦ ૩
અગણિત રવિ શશિ સમાન, શીતળ પ્રકાશવાન;
શ્રીપતિ ભગવાન તામે, વસત સુખવિલાસી. વંદુ૦ ૪
અક્ષર નિવાસી દેવ, કોટી મુક્ત કરત સેવ;
આગે એક ટેક, પ્રેમાનંદ ગુણ ગાસી. વંદુ૦ ૫

**પદ - ૨**

નારાયણ વાસુદેવ અક્ષરપતિ સ્વામી; નારા૦ ટેક.
સેવત પદપદ્મ જાકે પુરુષ નિષ્કામી. નારા૦ ૧
અક્ષરસમ કોટી મુક્ત, એકાંતિક ધર્મજુક્ત;
પઢી પઢી નિત્ય પુરુષસૂક્ત, સ્તુવત બહુનામી. નારા૦ ૨
ચંદાનાદિક પુષ્પહાર, ગ્રહીકે ષોડશ પ્રકાર;
પૂજન પ્રભુ વિશ્વાધાર, ચરનને શિર નામી. નારા૦ ૩
અક્ષર અતિ પરમધામ, કરત તામે હરિ વિરામ;
પરમપુરુષ પૂરણકામ, અનંત નામ નામી, નારા૦ ૪
વૃષસુત સુંદર સુજાન, કોટીક શોભા નિધાન;
પ્રેમાનંદ વારે પ્રાન, નિરખી અંતરજામી. નારા૦ ૫





**પદ - ૩**

ધર્માત્મજ ધર્મકુંવર સંતન સુખદાઈ; ધર્મા૦ ટેક.
અધમકાજ શ્રીમહારાજ, વિચરત મહિ આઈ. ધર્મા૦ ૧
અતિશય આનંદકંદ, વૃષકુળવર વિશદચંદ;
મેટન દુઃખ દ્વંદ્વ, નિગમ કરત હે બડાઈ. ધર્મા૦ ૨
ધર્મલાલ પ્રણતપાળ, અધરમકુળ પરમ કાળ;
તન તમાલ ગતિ મરાલ, સુંદર સુર રાઈ. ધર્મા૦ ૩
વદન વદન અતિ રસાળ, મેટત ભવ ભ્રમણ જાળ;
એસો હરિવર દયાળ દેખે દુઃખ જાઈ. ધર્મા૦ ૪
અમિત શમિત ત્રિવિધ તાપ, ત્રિભુવન જન જપત જાપ;
બરનત ગુણ કર આલાપ, પ્રેમાનંદ ગાઈ. ધર્મા૦ ૫

**પદ - ૪**

નારાયણ નારાયણ રસના નિત્ય ગાઈએ; નારા૦ ટેક
પર હરિ છળ કપટ ચપટ, આનંદ સુખ પાઈએ. નારા૦ ૧
જોસે હોત જન્મ મરણ, અસદ્ ગ્રામ્ય કથા શ્રવણ;
પુનિ પુનિ ભવભ્રમણ શ્રમણ, સબહી દૂર બહાઈએ. નારા૦ ૨
શ્રીહરિ હરિકૃષ્ણ નામ, જનવિશ્રામ દમત કામ;
ઘનશ્યામ ચરનન પર, ત્રિભુવન બળ જાઈએ. નારા૦ ૩
કમનીય અતિ સરસ રુપ, અતિ અનુપ નમત ભુપ;
ધર્મસુનુ છબી વિલોકી, અંતહી હરખાઈએ. નારા૦ ૪
સબહીકા આધાર સાર, સુંદર શ્રીવૃષકુમાર;
પ્રેમાનંદ વારવાર, ચરનન શિર નાઈએ. નારા૦ ૫

**રાગ : બીહાગ પદ -૧**

નેહરો નિભાય લીજ્યો રે હો મોહનજી મોરો. નેહ૦ ટેક
શરણાગતકી બીનતી પિયા સુનીયે સબ ગુનપૂર;
નિજ જન જાની નીભાયે લાલા અવગુન કીજે દૂર રે. મોહ૦ ૧
બહત તુરાઈ ભવન દીવારી, કોઉ ન પાવત થાંહ;
તામે હું બહી જાતથી લાલા, તુમહી પકરી બાંહરે. મોહ૦ ૨

બાંહ ગહી બલવંત જ્યું, જજ આવે ઉતારે પાર;
અધ બીચ છાંડે ના બને લાલા, લાગે કુલકું ગારરે. મોહ૦ ૩
તુમ હો તેસી કીજીયો વારી, સુનીયો શ્રી મહારાજ;
પ્રેમાનંદ કહે નાથજી અબ, બાંહ ગ્રહેકી લાજરે. મોહ૦ ૪

**પદ - ૨**

શ્યામજી સહાય કીજોરે હો મહારાજ મોરી; શ્યામ૦ ટેક.
શ્યામ તુમારી સહાય બીના ભવ પાર ન પૈઉં નાથ,
યહ લોક પરલોકમેં મોરી લાજ તુમારે હાથ રે. મહા૦ ૧
હું અનાથ તબ કિંકરી મોયે એક તુમારી આશ;
તુમ બીના ત્રિભુવનકે સુખ વારી સબસોં ભઈઉં નીરાશરે. મહા૦ ૨
તપ તીરથ વ્રત નેમ સબ વારી તુમહી મોરે શ્યામ;
તુમ બીના ઓર બીસારીકે વારી રટું તિહારો નામરે. મહા૦ ૩
અબ હેતસેં નિશદિન વારી, રાખીયે શ્યામ હજૂર;
પ્રેમાનંદકે નાથજી મોહે, કબઉં ન કીજે દૂરરે. મહા૦ ૪

**પદ -૩**

બિરૂદ બીચારોરે હો અવિનાશી આપનો; બિરૂ૦ ટેક૦
શરણાગત વત્સલ તુમ વારી અધમ ઓધારન શ્યામ;
વરદાયક પ્રભુ અભયકર વારી પતિતપાવન નામરે. અવિ૦ ૧
જબ જબ તુમ વપુ ધરત હરિ વારી કરત અધમ ઓધાર;
અજામિલ ગનિકાદિક લાલા, તારે પતિત અપારરે. અવિ૦ ૨
નિરબળકે બળ તુમ હી હો વારી નિરધન કે ધન માલ;
સંતનકે સરવસ તુમ વારી, સુનો નંદકે લાલરે. અવિ૦ ૩
તીન લોકકે નાથ તુમ વારી તુમ બસ સુરનરઈશ;
પ્રેમાનંદ યહ જાનીકે વારી, પર્યો ચરન ઘરી શીશરે. અવિ૦ ૪

**પદ - ૪**

બીસર ન જાજ્યો રે હો બનવારી, મોયે બીસર; ટેક
હમસે તુમકું બહુતહે વારી તુમતો હમરે એક;
યા કારક બીનતી કરું વારી, ધરીયે અંતર ટેકરે. બનવા૦ ૧
પ્રીતી કરની સહેલહે વારી, સુનિયે મોહન મીત;





પાર નિભાવની કઠિનહે પીયા, અવગુણવંતકી પ્રીતરે. બનવા૦ ૨
સબ ગુન પુરન જાનીકે, હરિ તુમસો કીનો નેહ;
મૂર્તિ તુમારી નાથજી મેં, વારી પકરી બીનુ સંદેહરે, બનવા૦ ૩
એક ભરોસોં એક બલ વારી એક આશ વિશ્વાસ;
પ્રેમાનંદકે નાથજી મોયે સદા રાખીએ પાસરે. બનવા૦ ૪

**રાગ : ભૈરવી તાલ ચંપક પદ - ૧**

લગી રટના ઘનશ્યામદી નામદી, લગી ધર્મકુંવર સુખધામદી નામદી; લગી૦ ટેક.
લગી રટના રેન દીન ઘટ ભીતર, પ્રીતમ પૂરન કામદીનામદી; લગી૦ ૧
બીસરત નાહીં માધુરી મુરત, કૃષ્ણ દ્રગન બીસરામકી નામદી; લગી૦ ૨
તરસતહું સુંદર છબી દેખન, લાલન લલિત લલામદી નામદી; લગી૦ ૩
પ્રેમાનંદ ઘનશામ નાથકી, ચેરી હુંતો બીનદામદી નામદી; લગી૦ ૪

**પદ - ૨**

સાંનું સાંવરેને બીસાસીયાં મારીયાં, મારી ઉર બીરહ કટારીયાં મારીયાં; સાનું૦ ટેક.
બાલપનેદી વે પ્રીત ન જાતી મેરી, કીની કીસીદે સાથ મારીયાં મારીયાં; સાંનું૦ ૧
જાય બસ્યો વે વિદેશ મેહેરમા, પ્રિતદી પરેજ મોહે ડારીયાં મારીયાં; સાંનું૦ ૨
દીન નહી ચેન રેન નહી નિદિયાં, હોત દરત અંત જારીયાં મારીયાં; સાંનું૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ સુરતપર, તન મન સબ સુખ વારીયાં મારીયાં; સાંનું૦ ૪

**પદ - ૩**

લગી અંખીયાં યા ગોપાલદી લાલદી, અંબુજનેન બીસાલદી લાલદી; લગી૦ ટેક.
લગી અંખીયાં સખીયાં સુન મેરી, ગતિ હો ગઈયાં બેહાલદી લાલદી; લગી૦ ૧
નેન નજારે પ્યારે ખાન ગુજારે, ચિતવની ચલની મરાલદી લાલદી; લગી૦ ૨
છબી અટકી સુંદર વર નટકી, લગી ચટકી રુપજાલદી લાલદી; લગી૦ ૩
પ્રેમાનંદ કે' બસી છબી અંતર, નટવર તરૂન તમાલદી લાલદી; લગી૦ ૪

**પદ - ૪**

ડારી મોહની દીલદારને યારને, ડારી નટવર ધર્મકુમારને યારને; ડારી૦ ટેક.
મોહની લગાય મેરા મન હર લીના, જાદુ કીરતારને યારને; ડારી૦ ૧
કિં કરૂદાના વે મંડા દીલ ભરમાયા, ગોકુળદે સીરદારને યારને; ડારી૦ ૨
આવંદા જાવંદા મેડા ચિત લલચાવંદા, મીલંદા મોહન કરી પ્યારને યારને; ડારી૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ લટકપર, જાદીયાંમેં બારબાર બારને યારને; ડારી૦ ૪

### રાગ : ખટ પદ - ૧

આવોજી આવોજી અલબેલા મારી આંખડલિમાં, જતન કરીને તમને રાખું રે.
સુંદર મુખના મરકલડા પર પ્રાણ, વારી વારી નાખું ર. આવોજી૦ ૧
જીવન તમને જોવા સારૂં તો, વિશ્વ આવ્યું છે આખું રે;
શુક સનકાદિક નારદ સરખા, મુનિવર મળિયા છે લાખું રે. આવોજી૦ ૨
આરે સમે શોભો છો મારા વા'લા, શી ઉપમા કહી દાખું રે;
પ્રેમાનંદ કહે રાખી નેણામાં, ચરણકમળ રસ ચાખું રે. આવોજી૦ ૩

### પદ - ૨

વા'લા છોજી વા'લા પ્રાણથી પ્યારા, આંખડલિના તારા અલબેલા રે;
તન મન ધન મારું વારુ તમ ઉપર, શ્યામ સુંદર રંગ છેલા રે. વા. ૧
આવો આવો ઓરા આજ રાખું મારા ઉરપર, પ્રાણજીવન રંગરેલા રે;
આજ રહો મારે મંદિર મોહન, કાલ પધારજ્યો વે'લા રે. વા. ૨
તમ જેવા જીવન કયાંથી કેને બારણે, અલબેલાજી અકેલા રે;
પ્રેમાનંદના નાથ છોજી અતિ દુર્લભ, કૃપા કરીને રહો ભેલા રે. વા. ૩

### પદ - ૩

કહોજી કહોજી ક્યાં જાગ્યા જગજીવન તમે, આંખડલી ઉજાગરે રાતી રે;
નિદ્રાલુડાં નેણામાંહિ શોભે અતિ સુંદર, રેખલડી મદન રસ માતી રે. ક૦ ૧
વદન ઉપર શ્રમ જળનારે મોતી, મુખ કાજળની રેખા ઓળખાતી રે;
તેડ્યાને લથેડ્યા અતિ બળમાંરે ભીડ્યા, હાર તો ખુત્યા છે બહુ છાતી રે.ક૦ ૨
કેઈરે ધુતારીનારે ધુત્યા અલબેલા, આજ શિથિલ થયા છો તેના તીરે રે;
પ્રેમાનંદના નાથ જોઈ જોઈ તમને, આંખડલિ ત્રપત નથી થાતી રે.ક-૦ ૩

### પદ - ૪

જાઓજી જાઓજી શીદ ખોટા સમ ખાઓ, હમે જાણી જીવન ચતુરાઈ રે;
અર્થી રે હોય તે તો ખોટું રે બોલે, દોષ ન જુવે કાંઈ રે. જા. ૧
તન મન નેણાં વેણાં કેમ રહે છાના વાલા, તરત આવે ઓળખાઈ રે;
અધર અંજન પીક લીક લાલ સોહે ગાલ, ઉઠી નખ રેખા ઉરમાંઈ રે. જા. ૨
પીતાંબર સાટે તે લીલાંબર કેનું લાવ્યા લાલ, વેલણ રહ્યા છો હરિ સાઈ રે;
પ્રેમાનંદના નાથ જોઈ વ્રજનારી, હસે કર તાળી બજાઈ રે. જા. ૩





### રાગ : રામકલી પ્રભાતિ પદ - ૧

મારૂં મન મોહ્યુંરે મા મોરલીના નાદે; મારૂં૦ ટેક.
ગમતું નથી ગોવિંદ વિના મુજને, મનડું વિંધાણું મીઠે સાદે; મારૂં. ૧
સાંભળતાં સંતોષ ન થાયે, જીવન જોવાને જાવા દે; મારૂં. ૨
જાઈશ જોવા હું તો નૈ રઉં અટકી, લોક લાજ મરજાદે; મારૂં. ૩
પ્રેમાનંદના નાથને મળતાં, થઈ ચાવી જગ બાદે; મારૂં. ૪

### પદ - ૨

મારે મન વસીયો માખણચોર; મારે૦ ટેક.
સુખ સાગર વાલો રુપ ઊજાગર, નાગર નંદકિશોર; મારે૦ ૧
મોરલીધર મારગમાં મળિયો, ચરચીને ચંદન ખોર; મારે૦ ૨
સામું જોઈ મારૂં ચિત્ત હરી લીધું, કીધું કહાને જાદુ જોર; મારે૦ ૩
પ્રેમાનંદ કહે મોહન લગાડી, ચપળ નેણની કોર; મારે૦ ૪

### પદ - ૩

જુઓ આજ શોભે વા'લો છોગાવાળો છેલ; જુઓ૦ ટેક
જરકસિ પાઘ જડાવના બાજુ, કેસર તિલક કરેલ; જુઓ૦ ૧
કેસરભીનો વા'લો છેલ છબીલો, અલવ ભર્યો છે અલબેલ; જુઓ૦ ૨
ઉર બનમાળ ચાલ જોઈ મોહી, પીત પટ કમર કસેલ; જુઓ૦ ૩
પ્રેમાનંદના નાથના લટકાં, આવી મારા ઉરમાં ખુંતેલ; જુઓ૦ ૪

### પદ - ૪

નંદજીનો લાલો વા'લો હૈડાનો હાર; નંદ૦ ટેક.
પ્રાણથકી વા'લો મને મોહન, એ ઉપર મારે પ્યાર; નંદ૦ ૧
એરે વિના જે જે સુખ જગમાં, તે તે જેવા સોમલ ખાર; નંદ૦ ૨
જીવન ધન જસોદાનો જાયો, લોચનીયાનો શણગાર; નંદ૦ ૩
પ્રેમાનંદ કહે તન મન વારું, વારણે વારમવાર; નંદ૦ ૪

### રાગ : ભૈરવી પ્રભાતી પદ - ૧

પ્રાતઃ સમે શ્રીસહજાનંદની, મૂરતિ મનમાં ધારું રે. પ્રાત૦ ટેક૦
નખશિખ નિરખી રૂપ અનુપમ, અંતરમાં ઉતારું રે. પ્રાત૦ ૧

રૂપાળા બહુ રાજીવ લોચન, આવી વસ્યા મન મોરે રે;
પુષ્ટ તરુણ તન ભીને વાને, હંસગતિ ચિત્ત ચોરેરે. પ્રાત૦ ૨
અંગોઅંગ અનુપમ ઝીણાં, શ્વેત વસ્ત્ર બહુ શોભે રે;
પુષ્પતણાં આભૂષણ જોઈ જોઈ, ભકતતણાં મન લોભેરે. પ્રાત૦ ૩
મેઘ સરીખેરે ઘેરે સાદે, બોલતા બહુનામી રે;
ભક્ત મનોરથ પૂરણ કરતા, પ્રેમાનંદના સ્વામીરે. પ્રાત૦ ૪

**પદ - ૨**

પ્રાતઃ સમે શ્રી સ્વામીજીનાં, ચરણ ચિહ્ન ચિંતવિયે રે. પ્રાત૦ ટેક૦
સ્વસ્તિ જવ જાંબુ ધ્વજ રેખા, અંતરમાં ગોઠવીયેરે. પ્રાત૦ ૧
કુલિશ કમળ અંકુશ અષ્ટકોણ, જમણે ચરણે સંભારું રે;
વામ પદે મત્સ્ય ત્રિકોણ કલશ ખરી, વ્યોમ ધનુષ શશી ધારું રે. પ્રાત૦૨
જમણે ચરણે અંગુઠા ઉપરે, નખમાંહી ચિહ્ન જોઈરે;
પેલીને છેલી આંગળીએ તિલ, તેમાં મન રાખું ઠોઈ રે. પ્રાત૦ ૩
રાતા ને ચડીયાતા નખ દશે, આંગળીયોના જોવું રે;
પ્રેમાનંદ જોઈ પાની ઘુંટી, પિંડીમાં મન પ્રોવું રે. પ્રાત૦ ૪

**પદ - ૩**

પ્રાતઃ સમે ઉઠી પુરુષોત્તમની, મૂરતિમાં મન ધરીયે રે. પ્રાત૦ ટેક૦
એ અવસરે જે આડ કરે તે, પાપ જાણી પરહરીયે રે. પ્રાત૦ ૧
જાનું જુગલ જોઈને સુંદર, સાથળ શોભા સારી રે;
વામ સાથળમાં ચિહ્ન એક નિરખું, શ્યામ કટિ લાગે પ્યારી રે. પ્રાત૦ ૨
કમળ સરીખી નાભી ઉંડી, ત્રિવળી ઉદર માંહી રે;
ચડિયાતી છાતીમાં સુંદર, છાપ ચિહ્ન સુખદાઈ રે. પ્રાત૦ ૩
ગજની સૂંઢ સરીખા ભુજદંડ, શોભાના ભંડાર રે;
પ્રેમાનંદ કહે મનમાં ધારું, કરવર અભય ઉદાર રે. પ્રાત૦ ૪

**પદ - ૪**

પ્રાતઃ સમે ઉઠી સુંદર મુખની, શોભા મનમાં સંભારું રે. પ્રાત૦ ટેક૦
તન મન ધન શ્રીપુરુષોત્તમના, વદન કમળ પર વારું રે. પ્રાત૦ ૧
અધર બીંબફળ દસન કુંદકળી, નાસાશુક ચિત્ત ચોરે રે;
ગોળ કપોળે શોભે સુંદર, તીલ એક જમણી કોરે રે. પ્રાત૦ ૨





લોચન લાલ કમળ સરખાં, રેખા માંહી રૂપાળી રે;
ભ્રકુટી કુટિલ વિશાળ ભાલમાં, તિલક કેશર મરમાળી રે. પ્રાત૦ ૩
સુંદર મસ્તક શિખા મનોહર, સંભારું હું જયારે રે;
પ્રેમાનંદ કહે સ્વામી મારા, સદા દેખાજો ત્યારે રે. પ્રાત૦ ૪

**રાગ : ભૈરવી પ્રભાત પદ - ૧**

આવો મારા હૈડા કેરા હાર, વાલમ વારણે જાઉંરે; આવો૦ ટેક.
મોહન મુખડું નિરખું સુંદર શ્યામળિયા શિરદાર;
તન મન પ્રાણ લેઈને વારું, વારણે વાર હજાર. વાલમ૦ ૧
રૂપાળા છો રાજીવ લોચન, નટવર નંદકુમાર;
નેણાં મારાં ત્રપત નથી થાતાં, નિરખી પ્રાણ આધાર. વાલમ૦ ૨
મનડું મારૂં મોહી રહ્યું છે, સુંદર જોઈ શણગાર;
માથે મુકુટ રત્ન જડાઉ, કુંડળ મકરાકાર. વાલમ૦ ૩
નીલ કલેવર ચરચિત ચંદન, કટિ પટ પીત ઉદાર;
પ્રેમાનંદ કે' વારૂં વદનપર, કોટિ મદન વાર વાર. વાલમ૦ ૪

**પદ - ૨**

આવો મારા મીઠડા બોલા માવ, વાલમ વહાલા લાગોરે; આવો ટેક.
વાલમ મુજને વહાલા લાગો, બહુ નટવર સુંદર નાવ;
હેત કરી હૈયાપર રાખું, રસિયા જાદવરાવ. વાલમ૦ ૧
પલંગ ઉપર પધરાવું પ્યારા, દૂધડે પખાળું પાવ;
ભૂધર ભેટું પ્રેમ કરી મારે, ઘણા દિવસનો ભાવ. વાલમ૦ ૨
કેશર ચંદન ચરચી કરું, ફુલડામાં ગરકાવ;
આંખલડીથી અળગા ન મેલું, શોભાના દરિયાવ. વાલમ૦ ૩
જેમ રાજી રહો તેમ કરૂં હરિ, ન જોવું ન્યાય અન્યાય;
પ્રેમાનંદના નાથજી તમપર, પ્રાણ કરૂં નોછાવ. વાલમ૦ ૪

**પદ - ૩**

આવો ઓરા રસિયા રાજીવનેણ, જીવન જોઈને જીવુંરે; આવો૦ ટેક.
નટવર નાગર શોભાના સાગર, સુંદરવર સુખદેણ;
આંખલડીમાં અમૃત વરસે, વહાલાં લાગે વેણ. જીવન૦ ૧

મુખની મીઠી વાતો સાંભળતાં, મનડું થયું છે મેણ;
કેશવ તમ કેડે ભમતું ફરે છે, જંપ નથી દિનરેણ. જીવન૦ ૨
લોક કુટુંબ સઉ ફુટી થાકયા, કોઈનું ન માને કેણ;
પ્રિતમ તમ સંગ પ્રીત બંધાણી, જાણી સાચા સેણ. જીવન૦ ૩
સંસારિયા સઉ ઝેર થયા જાણે, જેવું કડવું અફેણ;
પ્રેમાનંદના પ્યારા તમ વિના, ક્યાંયે ન સુખચેણ. જીવન૦ ૪

**પદ - ૪**

માણિગર મોરલીવાળા મીત, ગિરિધર ઘેલડી કીધીરે; માણિગર૦ ટેક
મુખ તણા મરકલડાઈમાં, પ્રિતમ જોડી પ્રીત;
નેણતણે નજારે મારૂં, ચોરી લીધું ચિત્ત. ગિરિધર૦ ૧
મોહન મોરલી અધર ધરીને, ગાઈએ સુંદર ગીત;
આંગણિયે મારે ઉભા આવી, કરતાં લટકાં લલીત. ગિરિધર૦ ૨
લાવણ્યતા જોઈ મોહી રહી જાણે, ચિત્ર આલેખ્યાં ભીંત;
એવાને એવા આવી વશ્યા મારા, અંતરમાંઈ અજીત. ગિરિધર૦ ૩
ગોવિંદ હવે ક્યાંય ન ગોઠે, વાત થઈ વિપરીત;
પ્રેમાનંદના નાથજી હવે, રાખો હજુરમાં નિત. ગિરિધર૦ ૪

**રાગ : પ્રભાતી પદ - ૧**

આજ ઉજાગરો નેણ દીસે હરિ, પ્રાતઃ સુધી કેની સાથે જાગ્યા;
પાઘના પેચ ચઉ દીશ છૂટી રહ્યા, વદન કાજળ તણા દાગ લાગ્યા. આ. ૧
આળસ અંગમાં થાક લાગ્યો અતિ, અધર તંબોળની રેખ રાતી;
ફુલ ગળે માળ તે અતિ ચોળાઈ ગઈ, માલ મોતી તણાં ચેન છાતી. આ. ૨
કપટ મેલો હવે નાથ સાચું કહો, આજ કેને તમે હાથ આવ્યા;
પાલટી મોજડી પડી રહી પાંભડી, લાલજી ચીર ક્યાં થકી લાવ્યા. આ. ૩
કામરૂ દેશની મળી કોઈ કામની, મંત્રે બાંધ્યા તેની કેડ ડોલો;
બ્રહ્માનંદ કહે હરી વાત પૂછું ખરી, બીઓ માં અમથકી સાચું બોલો. આ. ૪

**પદ - ૨**

આજ પરભાતના અસુરા આવીયા, લાલ ક્યાં એવડી વાર લાગી;
કુસુમની સેજ મેં સજી તમ કારણે, જોઈ જોઈ વાટડી રેણ જાગી. આ. ૧





અમ ઘરે આવતાં દુઃખ શું દીઠલું, ત્યાં જઈ અધિક શું સુખ માન્યું;
કોલ મુજને દેઈ ગયા ઘેર કોઈને, જાદવા તમારૂં સાચ જાણ્યું. આ. ૨
વિસ ગાળ્યું દૈયે તોય નવ વદાડો, રીશ મેલી કરી ઈશ રહો છો;
સાચ તેને ઘરે રળો છો શ્યામળા, કપટની વાત અમ પાસે કહો છો. આ. ૩
જડી બુટી દેઈ કાંઈક જાદુ કરી, તમારૂં લીધલું ચિત્ત તાણી;
બ્રહ્માનંદ કહે તેનું વદન જોયા વિના, નાથ લેતા નથી અન્ન પાણી. આ. ૪

**પદ - ૩**

પધારો પધારો નાથ કરૂણા કરી, શ્યામળા એકલાં સુખ ના'વે;
મળી એકાંત ગલ બાંહી નાખ્યા વિના, ઘોરતમ રાત તે કેમ જાવે. પ. ૧
દીનબંધુ તમે સમુદ્ર છો દયાના, લાલ મુજ ઉપરે દયા લાવો;
પ્રીત રીતે કરી સેજમેં પાથરી, આપવા સુખ રંગ રેલ આવો. પ. ૨
વાટડી જોઈને રહી છું વાલમા, ભેટવા તણી મન આશ ભારી;
સુખ તણા ધામ આરામ છો સંતના, શ્યામ પુરી કરો હામ મારી. પ. ૩
હેતની વાત કરી બાંહી ઝાલો હસી, ભુધરા ભાવની દૃષ્ટિ ભાળો;
બ્રહ્માનંદ કેરડા નાથ રંગ રમીને, વાલમા રંગની રેલ વાળો. પ. ૪

**પદ - ૪**

કુણ તપ કીધલાં વ્રજતણી વનિતા, રંગ ભીનો જેને સંગ રાતા;
ઝળકે તે વદન નિત્ય રંગ મચવે ઝડી, ઘડી મેલી નથી દૂર જાતા. કુ૦ ૧
કોટી કલપાંત લગ નિમ વ્રત કરતાં, જેનો લક્ષ ઉરમાંહી નાવે;
તે વ્રજ વનિતાતણે વાંસે ફરે, કાનુડો કાનુડો કઈ બોલાવે. કુ૦ ૨
કાળના કાળ ભુપાલ ભુપોતણા, બિવાર્યા અલ્પ ભય થકી બીવે;
મહાજજ્ઞતણા અન્નની રૂચી નહીં, પ્રમદા તણી લે છાસ પીવે. કુ૦ ૩
પરાપર પાર તે પાર પરમાત્મા, વેદની ન પહોંચે તહાં વાણી;
બ્રહ્માનંદ કહે વ્રજનારને વાટમાં, દાણ રોકી લીએ થઈ દાણી. કુ૦ ૪

**રાગ : રામકલિ પદ - ૧**

હો રંગીલે શ્યામરે રે, મેં તેરી નિજ દાસી.
મેં હું ચેરી મેહરમ તેરી, ચરનકમળકી નિવાસી. હો૦ ૧

નિમખ ન ભૂલું નાથ નિરંતર, અંતર ચરન ઉપાસી;
અહોનિસ હરખ ભરી મેરિ અખિયાં, પ્રિતમ તેરી પ્યાસી. હો૦ ૨
સુંદર વદન મનોહર સુરત, નટવર છબી અબિનાશી;
બ્રહ્માનંદ નિરખહે તોય મુખ, તબ મોય સબ દુઃખ જાસી. હો૦ ૩

**પદ - ૨**

હો રંગીલે શ્યામરે રે, તુમ મેહરમ હો મેરે;
મેં બંદી પ્રીતમ તમ સંદી, હાથ બેંકાણી તેરે. હો૦ ૧
જોગ યજ્ઞ તીરથ બરતાદીક, દેવી દેવ ઘનેરે;
ઈનસે કાજ સરે નહીં કબહુ, એ સબ માયા કેરે. હો૦ ૨
ઓર ઠોર મન ભ્રમે નહીં મેરો, ચરન કમળ ચિત્ત ઠેરે;
બ્રહ્માનંદ કહે મનમોહન, રહો મેરે અખિયન નેરે. હો૦ ૩

**પદ - ૩**

હો રંગીલે શ્યામરે રે, અબ ઉઠકે હસી હેરો;
આયે ગ્વાલ બાલ દરશનકું, અંતર હરખ ઘનેરો. હો૦ ૧
દિનકર ઉદે ભયો હે પ્યારે, સબ મીટ ગયો અંધેરો;
અબ તો સમય ભયો મનમોહન, ગૌ ચરાવન કેરો. હો૦ ૨
કીજે સ્નાન દાન કરુણા નિધિ, પીત વસન અંગ પહેરો;
બ્રહ્માનન્દ હરખ અતિ અંતર, બદન બિલોકિત તેરો. હો૦ ૩

**પદ - ૪**

હો સલુને શ્યામને રે, અબ દરશન દીજે;
અંતર આશ દાસ સબ ઠાડે, તા પર કરુણા કીજે. હો૦ ૧
બીન દર્શન વ્યાકુળ બ્રજબિનતા, લાલ અરજ સુની લીજે;
ઈતની નિંદ કહા મેરે પ્યારે, આળસ તજકે ઉઠીજે. હો૦ ૨
બહુત અબેર ભયો મેં બલ જાઉં, પય સાકર ઉઠ પીજે
બ્રહ્માનંદ વદનકી પ્યાસી, દેખ દેખ છબી જીજે. હો૦ ૩

**રાગ : પ્રભાતિ પદ - ૧**

જાગો ગિરિધારી જાઉં, વદન ઉપર વારી;
પ્રાતઃ ભયો પ્રાણનાથ, જાગો ગિરિધારી. ટેક.





જન સમાજ દર્શ કાજ, ઠાઢે સબ દ્વારી;
ઉઠો મહારાજ બાજ, કીજે અસવારી. પ્રાત. ૧
સુખનિવાસ ખડે દાસ, દર્શ આશ ભારી;
ગગન ભાસ રવિ ઉજાસ, તમર ત્રાસ ટારી. પ્રાત. ૨
મેવા મિષ્ટાન્ન આન, ઠાન કનક થારી;
કમળા અતિ હરખ માન, લીને કર ઝારી. પ્રાત. ૩
ભયો સવાર દયા ધાર, ઉઠીએ મોરારી;
બ્રહ્માનંદ વાર વાર, જાવત બલિહારી. પ્રાત. ૪

**પદ - ૨**

ઉઠો નન્દલાલા વારી, વિશ્વજીવન વહાલા;
ઠાઢે સબ ગ્વાલ બાલ, ઉઠો નન્દલાલા. ટેક.
ગઈ રેન દોહન ધેન, ઉઠી બ્રજબાલા;
વાતે શુભ વેન લેન, આયે સબ ગ્વાલા. ઠાઢે૦ ૧
સખા સાન કરત કહાન, તાન ગાન તાલા;
પ્રગટ્યો અબ ભાન, પ્રાણજીવન પ્રતિપાલા. ઠાઢે૦ ૨
કુર તુર ઘૃત બૂર, સ્વાદમેં રસાલા;
કમળા કર્પૂર લે, હજૂર ખરી થાલા. ઠાઢે૦ ૩
સુખકે શુભ સદન સ્વામી, કોટી મદન કાળા;
બ્રહ્માનંદ દર્શ દાન, દીજીએ કૃપાળા. ઠાઢે૦ ૪

**પદ - ૩**

અંતર પટ ખોલો, હરિ હમસે હસી બોલો;
કૃપાકે નિધાન કહાન, અંતર પટ ખોલો. ટેક.
નાગ નાથન નાથજીને, બાંધ ઘુ હિંડોલો;
નટવર છબી નિરખ હરખ, નાંખુગી ઝોલો. કૃપા૦ ૧
કનક જડિત પોંચી કર, મુગટ શિર અમોલો;
સુથની અરુ શોભિત અતિ, પહેરાઉં ચોળો. કૃપા૦ ૨

ઠાઢે નર નાર દ્વાર, કછુક અંતર તોલો;
આયે બલભ્રાત નાથ, કરૂણા કર જોલો. કૃપા૦ ૩
ઉઠો બલવીર નીર, ગરમસેં અંઘોલો;
બ્રહ્માનંદ પાસ રખો, સેવા કાજ ગોલો. કૃપા૦ ૪

પદ - ૪

મેલો આળસ માવા, દઉં માખણ મહી ખાવા;
જશોમતી કહે હાથ જોડી, મેલો આળસ માવા. ટેક.
આયા સબ ગ્વાલ બાલ, તમને બોલાવા;
તે સંઘાથે નાથ તમારે, જાવું ધેન ચરાવા. જશો૦ ૧
ગોપિજન ગ્રામ કેરાં, મનને લલચાવાં;
કેમ થયા છો કહાન વારી, નિદ્રાવશ આવા. જશો૦ ૨
ઉઠો અલબેલા હરિ, મોરલી મીઠી વાવા;
પહેરો તન વસન પીત, ગીત મધુરાં ગાવા. જશો૦ ૩
દાતણ તૈયાર શ્યામ, ગરમ જલ કરાવા;
બ્રહ્માનન્દ પાસ દાસ, હાજર નવરાવા. જશો૦ ૪

રાગ : ભૈરવ પદ - ૧

કમલાવર ઉઠો તો કાજુ, નિરખું વદન તમારું રે;
મહા મનોહર નૌતમ મૂરતિ, લઈ અંતરમાં ધારું રે. કામ૦ ૧
કંચન કેરી ઝારી માંહી, નીર ભર્યું અતિ સારું રે;
દાતણ કરો હરો સર્વે દુઃખડાં, આપો સુખ જગન્યારું રે. કામ૦ ૨
હરિજન કેરું જુથ હરખ કરી, આવી ઉભું બારું રે;
જાગો તો જગજીવન જુગતે, આરતડી ઉતારું રે. કામ૦ ૩
વદન કમળ જોવા વહાલમજી, મનડું તલખે મારું રે;
પ્રાણજીવન સર્વે તમ ઉપર, બ્રહ્માનંદ કહે વારું રે. કામ૦ ૪





પદ - ૨

લક્ષ્મીવર લેહરખડા લાલન, ઉઠોને અલબેલા રે;
દાસ તમારા દર્શન કારણ, આવીને ઉભેલા રે. લક્ષ્મીવર૦ ૧
કાજુ કળી ગુલાબી કેરા, ગજરા મેં ગુંથેલા રે;
જાગો તો જગજીવન તમને, પહેરાવું સૌ પહેલા રે. લક્ષ્મીવર૦ ૨
કંચન કેરા થાળ કટોરા, ભોજન શાક ભરેલા રે;
દીનાનાથ જમો કરી દાતણ, વાલમ વહેલા વહેલા રે. લક્ષ્મીવર૦ ૩
ઉઠો તો શીર કેશ ઓળીશું, અરસ પરસ ઉલઝેલા રે;
બ્રહ્માનંદ કહે વાર થઈ કેમ, કુણે વશ કીધેલા રે. લક્ષ્મીવર૦ ૪

પદ - ૩

નારાયણ કમલાવર નૌતમ, જાગો જીવન મારા રે;
પ્રાતઃ થયું બોલ્યાં વન પંખી, ફુલ્યાં કમળ સવારાં રે. નારાયણ૦ ૧
ઈન્દ્રાદિક નારદમુનિ આદિ, આવ્યા દેવ અપારા રે;
શિવ નંદિ પારવતી સહિતા, દ્વાર કર્યા ઉતારા રે. નારાયણ૦ ૨
વીણા તાલ મનોહર બાજે, મૃદંગતણા ધમકારા રે;
ઘેરે મધુરે સાદ ગુણિજન, ગાવે ચરિત્ર તમારાં રે. નારાયણ૦ ૩
ભાવે સહિત જમો મન ભાવન, ભોજન સારાં સારાં રે;
આળશ તજી મહાપ્રભુ ઉઠો, બ્રહ્માનંદના પ્યારા રે. નારાયણ૦ ૪

પદ - ૪

ઉઠોને અલબેલા વાલા, લક્ષ્મીના વર લેહેરી રે;
અજબ નવીન દુશાલા ઓઢો, પીતાંબર લ્યો પહેરી રે. ઉઠો૦ ૧
ગદા પદ્મ કર શંખ ચક્ર લઈ, ખળનાખો ખંખેરી રે;
અંતર દયા ધરો અવિનાશી, કરો મદત જન કેરી રે. ઉઠો૦ ૨
લટકાવો શીર લાલ કલંગી, ઉપરણી સોનેરી રે;
મંદ મંદ મુખ હસો મનોહર, હરિજન સામું હેરી રે. ઉઠો૦ ૩
સુરનર મુનિવર જુથ મળી સૌ, ઉભા આંગણ ઘેરી રે;
બ્રહ્માનંદના નાથ વદન છબી, નિરખત આશ ઘણેરી રે. ઉઠો૦ ૪

રાગ : પ્રભાતી — પદ-૧

મહી માખણ માગે રે માવો, મહી માખણ માગે;
પ્રભાતે ઊઠીને માવો, મહી માખણ માગે. ટેક૦
ઊંઘમાંથી અલબેલો ઊઠ્યા, નેણાં નિદ્રાળુ;
જમવા સારું ઝગડે ઊભા, ભૂધર ભુખાળુ. પ્રભાતે૦ ૧
ગોકુળિયાની નારી સર્વે, આવી છે જોવા;
કજિયાળો કાનુડો દે નહિ, ગાવલડી દોવા. પ્રભાતે૦ ૨
માતાજી આ મહીં તમારું, નાખીશ હું ઢોળી;
બ્રહ્માનંદના નાથે ઝાલી, મહીંડાની ગોળી. પ્રભાતે૦ ૩

પદ-૨

માતા મનાવે હરિને, માતા મનાવે;
પ્રભાતે ઊઠી હરિને, માતા મનાવે... ટેક૦
દાતણ પાણી પ્રથમ કરીને, ત્યાર પછી ખાઈએ;
ઝાઝાં માણસ જોઈને જીવન, ઘેલા ન થાઈએ...પ્રભાતે૦ ૧
તર્ત કરી આપું રોટલી તાજી, ઘીમાં ઝબોળી;
મેલો મારા લાલ મનોહર, મહીડાની ગોળી... પ્રભાત૦ ૨
સાસરિયાં તારા સગપણ સારુ, આવી બેઠાં ડેલી,
બ્રહ્માનંદને નાથે ત્યારે, હસીને ગોળી મેલી... પ્રભાતે૦ ૩

પદ-૩

મોહન મનાવ્યા રંગીલો, મોહન મનાવ્યા;
મીઠું બોલીને માત જસોદાએ, મોહન મનાવ્યા... ટેક૦
કોમળ કાજુ જોઈ હરિને, દાતણિયું દીધું;
કંચનકેરી ઝારી લઈને, મુખ મંજન કીધું... મીઠું૦ ૧
નીર ઉને નવરાવ્યા મોહનને, અંગોઅંગ ચોળી;
ચંદન કેરી કાંસકી સુંદર, લઈ ચોટી ઓળી... મીઠું૦ ૨
કેશરકેરી આડ કરીને, માળા ફૂલની ધારી;
બ્રહ્માનંદના વાલાનું મુખ, નીરખે મહતારી... મીઠું૦ ૩





પદ-૪

જુગતે જમાડે હરિને, જુગતે જમાડે;
માત જસોદા મોહનજીને જુગતે જમાડે. ટેક૦
જગનો જીવન જમવા બેઠા, ગોપી સર્વે ઝંખે;
ચંદનકેરો પંખો લઈને, માતા વા નાખે. માત૦ ૧
શીરા પુરી સેવ શેવૈયા, જલેબી તાજી;
આરોગે અલબેલો બેઠા, રસિયાજી રાજી. માત૦ ૨
બહુ પ્રકારનાં શાક બનાવ્યાં, માંહી નાખેલ મસાલો;
બ્રહ્માનંદ કહે તૃપ્ત થઈને, ઊઠ્યા વ્રજજીવન વાલો. માત૦ ૩

●



# ગોડી પદ

**રાગ : ગોડી ગરબી – પદ-૧**

શ્યામની છબી રે સખિ ! શ્યામની છબી;
જોને ફુલડેથી છાઈ, સખિ શ્યામની છબી. ટેક૦
ફૂલોના તોરાની ફોરે, ભ્રમર કરે ગુંજાર;
અંગોઅંગ હરિને શોભે, ફુલડાના શણગાર. શ્યામની૦ ૧
કાનમેં ફૂલડાનાં કુંડળ, ફૂલોના ભુજબંધ;
ફૂલતણા ગજરા ફાવે છે, સુંદર માંહી સુગંધ...શ્યામની૦ ૨
ફૂલતણો શિર મુગટ જોઈને, મગન ફીર વ્રજનાર;
ફૂલતણી શોભા પર જાયે, બ્રહ્માનંદ બલિહાર..શ્યામની૦૩

**પદ-૨**

ફૂલની માળા શોભે, ફૂલની માળા;
બેની સુંદરવરને શોભે, ગળે ફૂલની માળા. ટેક૦
નવ કસુંબી પટકા ઉપર, તોરે હદ વાળી;
ફૂલની પછેડી ઓઢી, ઊભા વનમાળી. ફુલની૦ ૧
ફૂલડાની વૈજયંતી માળા, હરિવરને ફાવે;
એ માળાને જોવા સારું, ઈન્દ્રાદિક આવે. ફુલની૦ ૨
ફૂલ કલગી માથે લટકે, છબી નૌતમ સારી;
બ્રહ્માનંદ કહે નટવર મૂરતી, નેણુમાં ધારી. ફુલની૦ ૩

**પદ-૩**

ફૂલની બાંધી રે પોંચી ફૂલની બાંધી;
હેલી નટવરજીને હાથે, પોંચી ફૂલની બાંધી ટેક૦
ફુલતણાં છોગલીયાં ફરતાં, મેલ્યાં મરમાળા;
કાનુ ઉપર ફૂલડાં ખોસ્યાં, લાગે રૂપાળા. ફુલની૦ ૧
ફૂલદડો ઉછાળે વ્હાલો, લટકે મન લેવાઈ
એ લટકાંને જોવા આવે, ભવ બ્રહ્મા જેવા. ફુલની૦ ૨
ફૂલડાની ટોપી ગૂંથીને, પ્રેમે પહેરાવી;
બ્રહ્માનંદ કહે એ છબી મેં તો, અંતર ઠેરાવી. ફુલની૦ ૩





**પદ-૪**

મન મારું મોહ્યું રે આલી મન મારું મોહ્યું;
એની ફૂલડાની શોભા જોઈને મન મારું મોહ્યું. ટેક૦
ફૂલડા કેરા ગજરા ધાર્યા સુંદરવર છેલે;
તે ગજરાની ફોરે ભમરા, કેડો નવ મેલે. મન૦ ૧
ફૂલડા કેરા તોડા પહેર્યા, વ્રજજીવન વ્હાલે;
ભુધરજી ફૂલડાને ભારે, લટકંતા ચાલે. મન૦ ૨
અલબેલાને સર્વે અંગે, ફૂલી ફૂલવાડી;
બ્રહ્માનંદ કહે એ છબી જોવા, આવીશ હું દાડી. મન૦ ૩

**રાગ : પુરબ-પદ-૧**

સંત સમાગમ કીજે હો, નિશદિન... સં૦ ટેક૦
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે હો. નિ૦ ૧
અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે હો. નિ૦ ૨
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે હો. નિ૦ ૩
બ્રહ્માનંદ સંતનકી સોબત, જન્મ સુફલ કરી લીજે હો. નિ૦ ૪

**પદ-૨**

હરિ ભજતાં સુખ હોય, સમજ મન. હરિ૦ ટેક૦
હરિ સમરન બિન મૂઢ અજ્ઞાની,ઉમર દીની ખોય. સમજ૦ ૧
માત પિતા જુવતી સુત બંધવ, સંગ ચલત નહિ કોય. સમજ૦ ૨
કયું અપને શિર લેત બુરાઈ, રહેના હૈ દિન દોય. સમજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ભજી લે, હિતકી કહત હું તોય. સમજ૦ ૪

**પદ-૩**

સંત પરમ હિતકારી, જગતમાંહી... સંત૦ ટેક૦
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મીટાવત ભારી, જગત૦ ૧
પરમ કૃપાલુ સકલ જીવન પર, હરિસમ સબ દુઃખહારી. જગત૦ ૨
ત્રિગુણાતીત ફીરત તન ત્યાગી, રીત જગતસેં ન્યારી. જગત૦ ૩
બ્રહ્માનંદ સંતનકી સોબત, મીલત હૈ પ્રગટ મોરારી. જગત૦ ૪

પદ-૪

યુંહી જન્મ ગમાત, ભજન બિન. યું૦ ટેક૦
સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાલ નિકટ ચલી આત. ભજન૦ ૧
ભયોરી બેહાલ ફીરત દે નિશદિન, ગુણ વિષયનકે ગાત. ભજન૦ ૨
પરમારથકો રાહ ન પ્રીછત, પાપ કરત દિનરાત. ભજન૦ ૩
બ્રહ્માનંદ કહે તેરી મૂરખ, આયુષ્ય વૃથાહી જાત. ભજન૦ ૪

રાગ : ગોડી-પદ-૧.

ફૂલની બની રે શોભા ફૂલની બની,
સખી શામળીયાને અંગે શોભા ફૂલની બની. ટેક૦
ફૂલપાઘમાં તોરાકેરી શોભા અતિઘણી,
ફૂલતણા બે ગુચ્છ જાણે, ઊગ્યા છે તરણી. ફૂલની૦ ૧
ફૂલહારની શોભા હૈડે ન જાયે ભણી,
ફૂલતણી ઉર અલફી, ચાદર ફૂલડા તણી. ફૂલની૦ ૨
ફૂલના બાજુ બાંધ્યા બાંયે ડાબી જમણી,
ફૂલતણા ગજરા જોઈ મોહ્યો, રતિનો ધણી. ફૂલની૦ ૩
ફૂલડાની સુંદર હરિએ પહેરી સુંથણી,
પ્રેમાનંદ કહે ફૂલ મોજડી પહેરી ચરણી. ફૂલની૦ ૪

પદ-૨

ફૂલની ઘણીરે શોભા ફૂલની ઘણી,
નખશિખ શોભા હરિની નીરખી ફૂલની ઘણી. ટેક૦
ફૂલડામાં ફુલ્યા આવે બની રે ઠણી,
સુંદરવર શોભે છે જાણીયે, રૂપની મણી. ફૂલની૦ ૧
સુંદર નીલ કલેવર ચરચ્યું નખશિખ ચંદણી,
હસતાં વદનચંદ્રથી વરસે, અમૃતકણી. ફૂલની૦ ૨
મુનિવર નીરકે એકટક મટકું તજી પાંપણી,
તન મન પ્રાણ વારે સાંભળતાં, મીઠી બોલણી. ફૂલની૦ ૩
નખશિખ શોભા વરણવતાં થાક્યા સહસ્રફણી,
પ્રેમાનંદ બલિહારી ચંચલ, નિરખી ચિતવણી. ફૂલની૦ ૪





પદ-૩

ફૂલની જોઈરે શોભા ફૂલની જોઈ,
હરિની નખશિખ શોભા સુંદર ફૂલની જોઈ. ટેક૦
માલતીનો મુગટ કુંડલ કુંદતણાં દોઈ,
ગુલછડી ગુચ્છ કાને શોભે છે સોઈ ફૂલની૦ ૧
બોલસરીના બાજુ ગજરા ગુલાબી હોઈ,
ચંપા ચમેલીના હાર જોઈ, હું મોઈ. ફૂલની૦ ૨
ગુલદાવદીના દુપટામાં જાયી જાુઈ પ્રોઈ,
દુપટાની ફરતી કોરે, કેસરની તોઈ. ફૂલની૦ ૩
માધવી મલ્લિકા કમળ કેતકી કોઈ,
પ્રેમાનંદકે સુંથણલીયે, રાખ્યું મન ઠોઈ. ફૂલની૦ ૪

પદ-૪

ધર્મતણા કુમાર શોભે ધર્મતણા કુમાર,
ફૂલડામાં ફૂલી રહ્યા ધર્મતણા કુમાર. ટેક૦
ફુલતણું મોલડીયું માથે શોભાનો ભંડાર,
ફુલતણા તોરા પર મોહ્યા, મધુકર કરે ગુંજાર. ધર્મ૦ ૧
કેશરની કલગી સુંદર કરણે કરણીકાર,
પોપફૂલના બાજાુ હૈડે, ડોલરીયાના હાર. ધર્મ૦ ૨
પારિજાત ને પાડલ કેરા ગજરા કરે અપાર,
ગુલછડીની છડી કરમાં, શોભે સરસ સાર. ધર્મ૦ ૩
ફૂલદડો ઉછાળતા આવે મંદિરીએ મોરાર,
પ્રેમાનંદ લઈ તન મન હરિ પર વારે વારંવાર. ધર્મ૦ ૪

રાગ : ગોડી પદ-૧

ફૂલના પે'રી રે જામા, ફૂલના પે'રી,
ફૂલ્યો રસિક સુજાણ જામા, ફૂલના પે'રી, ટેક - ૦
ફૂલનો મુગટ કુંડળ, ફૂલનાં છે કાન,
ઓઢી ઉપરણી ફૂલોની શોભે, વા'લો ભીનેવાન - ફૂલ ૦૧

સુગંધી ફૂલોના શોભે, હેડે સુંદર હાર,
માથે ફૂલના તોરા અંગે, તેજનો અંબાર - ફૂલ ૦૨
ફૂલડાના ગજરા બાજુ, ફૂલની છડી,
કરે ઈન્દ્ર ઉપરથી પ્રેમે, ફૂલની ઝડી - ફૂલ ૦૩
ફૂલડાનાં ઝાંઝર ચરણે, પે'રી સુંદર શ્યામ,
મુક્તાનંદને વાલે કીધું, ઘેલું ગોકુળ ગામ - ફૂલ ૦૪

**પદ-૨**

ફૂલડાં ધારી રે અંગે, ફૂલડાં ધારી,
શોભે શામળિયો સુજાણ, અંગે ફૂલડા ધારી - ટેક૦
જરકસી પાઘડલીમાં, ફૂલના તોરા,
માથે ભ્રમર ગુંજાર કરી, આવે છે ઓરા - ફૂલ ૦૧
હૈડા ઉપર હાર સુંદર, ફૂલના પે'રી,
ચોરે માનનીઓનાં મનને પ્યારો, લટકાળો લે'રી - ફૂલ ૦૨
ફૂલનો શણગાર પે'રી, પ્રીતમજી પ્યારો,
અતિ આનંદ વધારે નિત, નંદનો લાલો - ફૂલ ૦૩
મુક્તાનંદનો વા'લો ફૂલ્યા, ગોપીને સંગે,
ગોપી અંગોઅંગ ફૂલી રહી, શામળા સંગે - ફૂલ ૦૪

**પદ-૩**

નેણને બાણે રે મારી, નેણને બાણે,
મુને મોહનજી મરમાળે મારી, નેણને બાણે - નેણ ૦૧
નેણુંને નજારે પ્રીતમ, પ્રાણ હર્યા મારા,
એક ઘડી અલબેલો વા'લો, નહીં મેલું ન્યારા - નેણ ૦૨
નંદકુંવરનાં નેણું કેરાં, જાદુડાં ભારી,
એની આંખડિયુંને જોતાં સર્વે, મોહી રહી નારી - નેણ ૦૩
જોયા વિના જંપ ન થાય, શું કરીએ બે'ની ?
હું તો વાલાને વશ થઈ છું લાગી, મોહની એની - નેણ ૦૪
મુક્તાનંદને વા'લે મારું, ચિત્ત લીધું ચોરી,
એનું મુખ જોઈ જીવું જેમ, ચંદ ચકોરી - નેણ ૦૫





**પદ-૪**

પ્રીતડી વાધી રે, મારે પ્રીતડી વાધી,
સખી શામળિયા સંગાથે મારે, પ્રીતડી વાધી - પ્રીત ૦૧
નંદકુંવર નવરંગી સંગે, લાગી રંગઝડી,
મારે ગોવર્ધનધારી શું ગાંઠ, પ્રેમની પડી - પ્રીત ૦૨
હેડાં કેરો હાર મોહન, નહી મેલું ન્યારો,
મારા જીવડલા સંગાથે જડ્યો, નંદદુલારો - પ્રીત ૦૩
સુંદરવરને સંગે મારું, અંગ રહ્યું ફૂલી,
એને સુખે હું સંસાર કેરો, મારગડો ભૂલી - પ્રીત ૦૪
મુક્તાનંદને પ્યારે પ્રેમે, બાંહી ગ્રહી મારી,
પ્રીતમને પ્રતાપે સે'જે, થઈ રહી જગન્યારી - પ્રીત ૦૫

**ગોડી પદ-૧**

હિતકારી હરિ રે, સખી હિતકારી હરિ,
છપૈયામાં પોતે પ્રકટ્યા હિતકારી હરિ,
અક્ષરવાસી અલબેલાજી કરુણા કરી,
ધર્મ ને ભક્તિ થકી, દુર્લભ દેહ ધરી... હિત૦ ૧
બાળ સ્વરૂપ બનાવ્યું વ્હાલે સૌને અનુસરી;
મોહનજીનું મુખડું જોતાં, નેણાં રે ઠરી... હિત૦ ૨
ભવ બ્રહ્માદિક જેવા જેને, ભજે પ્રેમભરી,
કાળ કઠોર કહાવે તે તો, ભાગે દૂર ડરી... હિત૦ ૩
આશ્રિત જનના ટાળે વા'લો અંતરના અરી,
દયાનંદ કહે નિર્ભય થાવું, એ વાલો વરી... હિત૦ ૪

**પદ-૨**

લટકાળો લહેરી રે સખી, લટકાળો લહેરી,
છપૈયામાં રમે છેલો, લટકાળો લહેરી ટેક૦
અનુપમ અંગી પ્યારે, પ્રીત શું પહેરી,
જીવનજીને જોવા ઊભા, જન ઘણા ઘેરી... લટકાળો૦

મરમાળાની છબી સૌના મનમાં ઠરી,
વહાલ વધારી બોલે વહાલો, વાણી મુખ ઘેરી...લટકાળો૦ ૨
પ્રાણ પતિને કાજે આવે કફની પહેરી;
શિવજી સરખા હૈયે હરખે, શ્યામને હેરી... લટકાળો૦ ૩
છબી અલૌકિક અંતર ધારો, છોગાળા કેરી;
દયાનંદ કહે આવો અવસર, નહિ આવે ફરી... લટકાળો૦ ૪

**પદ-૩**

જીવનજી જોવા રે સખી, જીવનજી જોવા;
છપૈયામાં ચુપે ચાલો, જીવનજી જોવા ટેક૦
પ્રેમવતી સુત પાતળીયાને ચિતમાં પ્રોવા;
શામળિયા સંગાથે રહીએ, મનના મળ ધોવા જીવ૦ ૧
નૌતમ મૂર્તિ નટવરજીની, નેણાંમાં ઠોવા;
ખોટો ખેલ સંસારી કેરો, ખાતે શું ખોવા જીવ૦ ૨
શ્રી ઘનશ્યામ સલુણાજીને હેત તણો હેવા;
દર્શન કારણ દોડી આવે, સનકાદિક જેવા જીવ૦ ૩
બાળ ચરિત્ર કરે મોહન, મનડાંને મોહવા;
દયાનંદ કહે હેતે જાઈએ, હરિના જોવા જીવ૦ ૪

**પદ-૪**

મનડે ભાવી રે સખી, મનડે ભાવી;
સહજાનંદ સલુણી છબી, મનડે ભાવી... ટેક૦
પશ્ચિમ દેશ પધાર્યા પ્યારો, દયા દિલ લાવી;
અનંત જન ઓધાર્યા વ્હાલે, પાપ નસાવી... મનડે૦ ૧
મુક્તિ કેરો મારગ મોટો, ચલાવ્યો આવી;
શરણાગતને સુખીયા કીધા, અમૃતરસ પાવી... મનડે૦ ૨
હરિજન હરખે સુંદર વસ્ત્ર, પ્રેમે પહેરાવી;
પાઘ મનોહર મસ્તક ધારી, તોરા લટકાવી... મનડે૦ ૩
વેદ મગન થઈ હરિ, મૂર્તિનો મહિમા ગાવી;
દયાનંદ કહે એ મૂર્તિ મેં, દિલમાં ઠેરાવી... મનડે૦ ૪





**રાગ : ગરબી-પદ-૧**

લગની લાગી રે મારે લગની લાગી;
સખિ ! શામળિયા સંગાથે, મારે લગની લાગી. ટેક૦
મીઠે સ્વરે મોહનજીની મોરલી વાગી;
સાંભળતામાં ચટકી લાગી, ઝબકી જાગી... લગની૦ ૧
વૃંદાવનની વાટે ચાલી કુળ લજ્જા ત્યાગી;
વાંસળી વગાડતાં જોયા, શ્યામ સોહાગી... લગની૦ ૨
રસિયા સંગે રમતાં સર્વે ભ્રમણા ભાંગી;
મેં તો અખંડ સોહાગ, લીધો મુખડે માગી...લગની૦ ૩
મુક્તાનંદ કહે પળ એક ન્યારો નહિ મેલું વા'લો,
શિરને સાટે ક્યાંથી મળે, નંદનો લાલો... લગની૦ ૪

**પદ-૨**

ગિરધારી રે સખિ ! ગિરધારી.
મારે નિરભે અખૂટ નાણું ગિરધારી... ટેક૦
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે;
દામની પેઠે રે ગાંઠે, બાંધ્યું નવ છૂટે... ગિરધારી૦ ૧
અણગણ નાણું સંચી અંતે નિરધનિયાં જાયે;
તેની પેઠે નિરભે નાણું દૂર ન થાયે... ગિરધારી૦ ૨
સંપત્ત વિપત્ત સર્વે સ્વપ્નુ જાણું;
હરિના ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું...ગિરધારી૦ ૩
મુક્તાનંદ કહે મોહનવરને ઉરમાં ધારી;
હવે દુઃખ ને દારિદ્ર થકી, થઈ હું ન્યારી... ગિરધારી૦ ૪

**પદ-૩**

સુખ પામી રે સખિ ! સુખ પામી;
હું તો શામળિયાને શરણે જાતાં સુખ પામી ટેક૦
શરણાગતને પાળે સદા બહુનામી;
મારે હરિનો ઉપર હાથ, કશી ન રહી ખામી. સુખ૦ ૧
તપને તીરથ મેં તો કાંઈ ન કીધું;
મારે ઘેર બેઠાં શ્યામ થકી, કારજ સીધું. સુખ૦ ૨

સંસારીનું સુખડું જૂઠું આવે ને જાયે;
હરિનો અખંડ સોહાગ કેદી, કાળ ન ખાયે. સુખ૦ ૩
મુક્તાનંદ કહે હરિ હરિજનની ગતિ છે ન્યારી;
એને દેહ દર્શી દેખે, પોતા જેવા સંસારી. સુખ૦ ૪

પદ-૪

છેલ છોગાળો રે મીઠી મોરલીવાળો,
મારે મંદિરે પધારે નિત્ય છેલ છોગાળો...ટેક૦
હસતાં હસતાં મુજને દેખી આનંદ પામે;
એની કરુણાની દૃષ્ટિ, સર્વે દુઃખડાં વામે...છેલ૦ ૧
મોતીડાની માળા પહેરી મલપંતો આવે;
ગાઉં ત્યાં સંગાથે મારે, પ્રેમ શું ગાવે... છેલ૦ ૨
મેં વહાલો વશ કીધા મુજને વહાલે વશ કીધી;
સામા સામી પાનબીડી, દીધી ને લીધી... છેલ૦ ૩
મુક્તાનંદ કહે મોહન સંગે લા'વ ઘણો લીધો;
મુખડેથી તંબોળ મુજને, મે'ર કરી દીધો... છેલ૦ ૪

રાગ : ગોડી

વેદ પુરાણ પોકારે, સુનહુ સબ વેદ પુરાન પોકારે;
નરનારાયણ દેવ ભજ્યાં બિનુ, ભવજલ કોઉ ન તારે...સુનહુ૦ ટેક૦
અનંત ભુવન કે ઈશ હે તદપિ, અધિક ભરતખંડ રાજા;
નિજતપ ફલ દે ભરતખંડ મધ્ય, કરત સબન કો રાજા...સુનહુ૦ ૧
જુગ જુગ બેદ વચન પ્રતિપાલન, ઈશ ધરત અવતારા;
રામકૃષ્ણ આદિક વપુ ધરિ કે, પતિત કિયે ભવપારા...સુનહુ૦ ૨
એહી પ્રભુ અકળરૂપ અવતારી, એહી સબ અંતરજામી;
પ્રગટ પ્રમાણ બિરાજત ભૂપર, મુક્તાનંદ સ્વામી...સુનહુ૦ ૩

રાગ : ગોડી

પ્રીતડી વાધી રે મારે પ્રીતડી વાધી,
સખી શામળિયા સંગાથે મારી પ્રીતડી, વાધી...પ્રીતડી૦





નંદકુંવર નવરંગી સંગે લાગી રંગઝડી,
મારે ગોવરધનધારી શું ગાંઠ, પ્રેમની પડી...પ્રીતડી૦
હૈડા કેરો હાર મોહન, નહિ મેલું ન્યારો,
મારા જીવલડા સંગાથે જડ્યો, નંદ દુલારો...પ્રીતડી૦
સુંદરવર સંગે મારું અંગ રહ્યું ફૂલી,
એને સુખે હું સંસાર કેરો મારગડો ભૂલી...પ્રીતડી૦
મુક્તાનંદના પ્યારે પ્રેમે, બાંહ્ય ગ્રહી મારી,
પ્રીતમને પરતાપે સે'જે થઈ રે જગન્યારી...પ્રીતડી૦

રાગ : ગોડી પદ - ૧

પ્રગટ પ્રમાણ હરિને, ભજ મન પ્રગટ પ્રમાણ હરિને;
કામ ક્રોધ મદ લોભ તજીને, દૃઢ ઉર ટેક ધરીને. ટેક. ૧
ગર્ભવાસનું સંકટ પ્રાણી, જાઈશ માં વિસરીને;
કુબુદ્ધિ કૂડ કપટ પરહરજે, ભરજે પાવ ડરીને. ભજ. ૨
માલ મલક સર્વે મેલીને, જાવું જરૂર મરીને;
જાઈશ માં જમરાને આગે, ઝાઝો ભાર ભરીને. ભજ. ૩
ભવદુઃખ ટળે મીટે સર્વે ભ્રમણા, સંતનો સંગ કરીને;
બ્રહ્માનંદ કે' આવો અવસર, નહિ પામીશ ફરીને. ભજ. ૪

પદ ૨

નારાયણ સુખકારી, ભજી લેને નારાયણ સુખકારી;
સાધુ જનની માન શીખામણ, વિષય વિકાર વિસારી. ટેક. ૧
માત પિતા સુત બાંધવ મેડી, નહિ તારાં સુત નારી;
જમને દ્વાર એકિલા જાવું, કરજે કરમ વિચારી. ભજી. ૨
રાજા રંક ગુણિજન પંડિત, ખેડુ ને વેપારી;
સગાં કુટુંબિ સહિત સઉને, લે જાવે જમ મારી. ભજી. ૩
ભરતખંડમેં દેહ મનુષ્યનો, મિલે નહીં વારમ વારી;
બ્રહ્માનંદ કે' થાને સુખિયો, સંત વચન ઉર ધારી. ભજી. ૪

પદ - ૩

અલખ પુરૂષ અવિનાશી, ભજી લેને અલખ પુરૂષ અવિનાશી;
કરમ કટે તારાં અનંત જનમનાં, ફંદ મિટે ચોર્યાશી. ભજી. ૧

સગાં કુટુંબી સુત ને નારી, માતા મામો ને માસી;
અંતે ભેળું કોય ન આવે, અંતર દેખ તપાસી. ભજી. ૨
ઘરમાં બેઠો ગાળ્યો બોલે, દેખી તીરથવાસી;
પરધન હરે કરે નિત્ય કુબુદ્ધિ, પરનારીની હાંશી. ભજી. ૩
મારૂં મારૂં કરતો મુરખ, મેલી ધન મરી જાશી;
બ્રહ્માનંદ કે' હજી સમરી લે, રસીક શ્યામ સુખરાશી. ભજી. ૪

પદ - ૪

પ્રગટ હરિ ભજ પ્રાણી, સમજીને પ્રગટ હરિ ભજ પ્રાણી;
પાપ દ્રોહ પરિત્યાગ કરીને, દયા ધરમ ઉર આણી. સમ. ૧
પરધન પરત્રિય મદ માટી, નરકતણી નીશાણી;
તે પાપે કરી અવશ પિલાઈશ, ઘાલિ જમરા ઘાણી. સમ. ૨
સમજ્યા વિના ન બોલીશ કેદી, મુખથી મિથ્યા વાણી;
મમતા કેરો માથે મુરખ, ભાર માં લેજે તાણી. સમ. ૩
એળે દેહ અમુલખ ખોયો, કીધી ધુળ કમાણી;
બ્રહ્માનંદ કે' તત્પર થઈ ભજ, જગપતી સાચા જાણી. સમ. ૪

રાગ : ગોડી પદ - ૧

આજની ઘડી રે ધન્ય આજની ઘડી,
મારો પ્રભુજી પધાર્યા ધન્ય આજની ઘડી. ટેક. ૧
જેની નિત્યે વાટ જોતાં જરૂખે ચડી,
તે તો અમપર આવ્યા કરતા અમૃતઝડી. આજ૦ ૨
પિયુજી પધાર્યા એવી ખબર જડી,
ઉમંગે શું ઉઠી હુંતો તજી આખડી. આજ૦ ૩
મારા મનમાં લોકડીયાંની ના'વે લાજડી,
હરિને જોઈ જોઈ જીવું એવી ટેવ પડી. આજ૦ ૪
મુક્તાનંદ કે' મોહન સાથે લાગી પ્રીતડી,
તેને સુપના જેવો સંસાર ન શકે નડી. આજ૦ ૫





પદ - ૨

હરિને જોઇ રે સખી હરિને જોઇ,
મારો જનમ સફળ થયો હરિને જોઈ. ટેક. ૧
મોહનજીનું મુખડું જોતાં રહી છું મોઇ,
હુંતો ત્રિકમજીને તોલે બિજું ન દેખું કોઇ. હરિ૦ ૨
લોકડીયાંની લાજ મેંતો ખાંતે શું ખોઇ,
જાણ્યું કોઇ મુને કાનુડાની કે'છે વગોઈ. હરિ૦ ૩
દરદિડાંની વાતું જાણે દરદિડાંની સોઇ,
હરિને નિમખ ન દેખું ત્યાં તો મરૂં છું રોઇ. હરિ૦ ૪
મુક્તાનંદ કે' મોહનજીમાં મનડું પ્રોઇ,
મેંતો જાણપણું જગતનું નાંખ્યું છે ધોઈ. હરિ૦ ૫

પદ - ૩

માવને મળી રે આજ માવને મળી,
હું તો અતિશે ઉમંગે આજ માવને મળી. ટેક. ૧
મોહનજીને મળતાં ગયા તાપ ટળી,
મારી આજ શુભ ઈચ્છા વેલ્ય સુફળ ફળી. માવ૦ ૨
પલંગે પધાર્યા પાય લાગી હું લળી,
મારો કંકણ સહિત કર સાયો છે વળી. માવ૦ ૩
રસિયા સંગે રસબસ થઈને રહી છું મળી,
એની અકળ કળાને તોય ન શકી કળી. માવ૦ ૪
મુક્તાનંદ કે' મહા પ્રભુ બળીયા બળી,
એ છે અબળાને આધીન પીછે પ્રેમની ગળી. માવ૦ ૫

પદ - ૪

સુખડું દીધું રે મુને સુખડું દીધું,
મારો વાલોજી સુહાગી મુને સુખડું દીધું. ટેક૦ ૧
અધર અમૃત મેં તો પાઈને પીધું,
મારે ભક્તિ મુક્તિ સોત સર્વ કારજ સીધું. સુખ૦ ૨
બ્રહ્મા ભવ જેવાને જે દુર્લભ કીધું,

તે તો સુખ માવાનું મેં લુંટીને લીધું. સુખ૦ ૩
મારાં નયણાં ચકોર જોઇ વદન વિધુ,
અતિ ઉમંગે ભરાણી જેમ ઉમંગે સિંધુ. સુખ૦ ૪
મુક્તાનંદ કે' માવજીની ગતિ છે ન્યારી,
મારો વાલોજી વિહારી તોય બ્રહ્મચારી. સુખ૦ ૫

**રાગ : કલ્યાણ પદ - ૧**

દીઠે આજ દિવાળી, મોહન મુખ દીઠે આજ દિવાળી;
શ્યામ સુંદર મારે મહોલ પધાર્યા, વિઠ્ઠલ વર વનમાળી. મોહન૦ ૧
રૂપ અલૌકિક રસિક રાયનું, ભુલી હું તન શુદ્ધ ભાળી. મોહન૦ ૨
મુક્તાનંદના નાથને મળતાં, લોક લજ્જા સરવે ટળી. મોહન૦ ૩

**પદ - ૨**

છોગલિયું સુખકારી, સલુણા તારૂં છોગલિયું સુખકારી;
જરકશી પાઘમાં છોગું બિરાજે, જોઇને મોહી વ્રજનારી. સલુણા૦ ૧
રંગડાનું ભરિયું રસિક તારૂં છોગું, ગુણસાગર ગિરિધારી. સલુણા૦ ૨
મુક્તાનંદ કહે છોગલા ઉપર, વારમવાર બલહારી. સલુણા૦ ૩

**પદ - ૩**

મુખડાની મોહની લાગી, મોહન તારા મુખડાની મોહની લાગી;
મુખ જોઇ માવ હું થઇ મતવાળી, તનસુખ લાલચ ત્યાગી. મોહન૦ ૧
આજ સપરમો દિન સુખકારી, મળ્યા તમે શ્યામ સુહાગી. મોહન૦ ૨
મુક્તાનંદ કહે મુખડું તમારૂં, જોઇને હું અતિ અનુરાગી. મોહન૦ ૩

**પદ - ૪**

રસિયાજી રૂપ તમારૂં, મનોહર રસિયાજી રૂપ તમારૂં;
નંદનંદન તારૂં રૂપ અલૌકિક, જોઇને મોહ્યું છે મન મારૂં. મનોહર૦ ૧
છેલ છબીલા તારા છોગા ઉપર, વાલમ સરવસ વારૂં. મનોહર૦ ૨
મુક્તાનંદના નાથ હું તમને, ઉર થકી પળ ન વિસારૂં. મનોહર૦ ૩

**રાગ : ગોડી પદ - ૧**

નરનારાયણ સ્વામી, મેરે શિર નરનારાયણ સ્વામી;
હિમત્ય સહિત મોહદળ મારૂં, તો સાચા નિષ્કામી. મેરે ટેક. ૧





કામ ક્રોધ મદ લોભ મે વાસી, કાહુકિ શંક ન લાવે;
અબ ઈનકિ જડમૂળ ઉખારૂં, બહોરિ ન શિશ ઉઠાવે. મેરે૦ ૨
કર ગુરૂ જ્ઞાન ખડગ લે નિશદિન, મોહ ફોજ સબ મારૂં;
રણસેં પાવ ધરૂ નહિ પીછા, હિંમત કબહુ ન હારૂં. મેરે૦ ૩
મોહ પ્રપંચી મારૂં રણબીચ, સબ ઝગડા મીટ જાઈ;
મુક્તાનંદ મગન રહું હરિ સંગ, ચરનકમળ લપટાઈ. મેરે૦ ૪

**પદ - ૨**

હરિકે હુકમ સેં શૂરા અબ મેં હરીકે હુકમસેં શૂરા;
નરનારાયણ દેવ રિઝાઉં, ખેત મચાઊં પૂરા. અબ૦ ટેક.૧
શિલ સંતોષ હજુરી ચાકર, નિશદિન રાખું પાસા;
સાવધાન રહુ રણ બિચ ઠાઢા, તોડું સબવાસા. અબ૦ ૨
કરડી ફોજ ફિરોઉ ચહુ દિશ, ચોર રહન નહી પાવે;
રાજ અકંટક કરી થીર બેઠું, સબ ટંટા મિટ જાવે. અબ૦ ૩
ભજન ભક્તિ બિચ કરત અડંગા, તિનકા શિશ ઉડાઉં;
મુક્તાનંદ મોહદળ હનિકે, મોજ ચરનરતિ પાઉં. અબ૦ ૪

**પદ - ૩**

નર નારાયણ દેવા, મેરે પ્રભુ નર નારાયણ દેવા;
અબ મેં મરજી જાનિહે ઈનકી, કરૂંરી નિરંતર સેવા. ટેક૦ ૧
પિંડ બ્રહ્માડસેં પ્રીત મિટાઉં, શરન રહું હોઈ શૂરા;
અબકી બેર ન અવસર ચુકું, દાવ પડ્યા હે પૂરા. મેરે૦ ૨
પ્રગટ રૂપ પુરૂષોત્તમ પાએ, સબ મુનિવરકે સ્વામી;
કામ કુમતિકો મૂળ ઉખારૂં, હોઈ અતિ નિષ્કામી. મેરે૦ ૩
અષ્ટ સિદ્ધિ નવ નિધિ ચતુરધા, ઈનકી આશ ન મોઈ;
મુક્તાનંદ મગન રહું નિશદિન, પ્રભુ ચરને ચિત પ્રોઈ. મેરે૦ ૪

**પદ - ૪**

બદ્રીનાથ બીરાજે, મેરે ઉર બદ્રીનાથ બીરાજે;
અબ મેં દિન ખિન હોઈ બોલું, તો નિજસ્વામી લાજે. ટેક૦ ૧

શૂર સતિ અરૂ ગુરૂ મુખી જ્ઞાનિ, પિછા ચલત ન કોઇ;
ચો પિછા પગ ધરત કુમતિ કરિ, જાવત જનમ વિગોઇ. મેરે૦ ૨
નર નારાયણ દેવ દયા કરી, ટાર દઇ ભ્રમ ફાંસી;
અબ મેં નિમિત્તમાત્ર હોઇ રણબિચ, મારૂં મોહ મેવાસી. મેરે૦ ૩
જનમ મરણકા ઝઘડા ચુકયા, પ્રગટ દેવ ભયે રાજી;
મુક્તાનંદ મગન રહો નિશદિન, નિરભે નોબત બાજી. મેરે૦ ૪

**રાગ : પૂરવ પદ - ૧**

કોઉ કામ ન આવે, પ્રભુ વિના કોઉ કામ ન આવે,
જબ ઘેરે જમ કિંકર જીવકું, મતલબકું સબ ધાવે. પ્રભુ- ટેક૧
માત પિતા જુવતિ સુત બંધુ, નિજનિજ સ્વારથ ગાવે,
અંત સમે હરિભજન ભુલાવત, આળ પંપાળ બતાવે. પ્રભુ૦ ૨
લોહ જંજીર જકડીકે જીવકું, જમપુરમેં લઇ જાવે,
ધર્મરાય જબ લેખાં માગે, તબ પ્રાણી પિસ્તાવે. પ્રભુ૦ ૩
ભયભંજન ભવાન ભજ્યા બિન, અબ યાં કોન છોડાવે,
મેં નહી માની સત્ય વારતા, યું હી શીશ ડોલાવે. પ્રભુ૦ ૪
જમરા જોરસેં મુદગર મારે, કાટી કાટી તન ખાવે,
મુક્તાનંદ વખતસર ચેતે, સો પ્રાણી સુખ પાવે. પ્રભુ૦ ૫

**પદ - ૨**

ભયભંજન ભગવાન, સુમર લ્યો ભયભંજન ભગવાન;
જીન સુમરે તિન મહાસુખ પાયો, ગાવત બેદ પુરાન. ટેક૦ ૧
ધ્રુ અંબરિષ પ્રહલ્લાદ વિભિષણ, સુમરે સારંગપાન;
પ્રગટ પ્રતાપ ભયો આ ભવમેં, જાનત જાન અજાન. સુમ૦ ૨
મીરાં લોકલાજકું તજીકે, ભઇ હરિમેં એકતાન;
મતિ વિષકો પાન કરાયો, સો ભયો પિયૂષ સમાન. સુમ૦ ૩
બલિ ગુરુશિખ સુની નહીં શ્રવને, દીનો સરવસ દાન;
ઉલટે આય ભયે તાકે બસ, કરી નિજબચન પ્રમાણ. સુમ૦ ૪
અનંત બાતકી એક બાત હેં, સુનિ લેજો સબ કાન;
મુક્તાનંદ જીયકો જગમેં, નહીં હીતકારી આન. સુમ૦ ૫





**પદ - ૩**

અવસર કયું ન સુધારે, અમુલીક અવસર કયું ન સુધારે;
નરદેહી દેવનકું દુર્લભ, સો વૃથારે બિગારે. અ.૦ ૧
યા તન સબકો આદિ કારન, જીહાં જીહાંલુ મન ધારે;
સ્વર્ગ નરક અપવર્ગ આંહિ, નિગમ પુરાન પોકારે. અ.૦ ૨
યા તને મિલે પ્રગટ પુરૂષોત્તમ, જો અન્ય નેહ નિવારે;
હરિકે ચરનકમળ ઉર ધરીકે, કુળ એકોતેર તારે. અ.૦ ૩
સાચે સંત મિલે જબ જીવકું, તબ મોહ ફાંસિ ટારે;
મુક્તાનંદ મીલાવે હરિકું, જન્મ કોટી અઘ હારે. અ.૦ ૪

**પદ - ૪**

વિરથ ગયે પન તીન, ભજન બિના વિરથ ગયે પન તીન,
ના હરી ભજે ન ભવદુઃખ ભાંગે, રહ્યો રે વિષયમાં લીન. ભ. ટેક. ૧
મમતામેં માથાલગી ખુતો, મનમેં માને પ્રવીન,
હરિજન દેખિકે હાંસી કરતહે, મહા શઠમતિકો હીન. ભ૦ ૨
સ્વારથ કાજે શ્વાન જયું ડોલે, ઘરઘરમેં હોઇ દીના.
પરમારથકો રાહ ન પિછે, મનમેં અધિક મલિના. ભ૦ ૨
ના કરણી સો સબ કર બેઠો, કરણી કછુ નહિ કીના,
મુક્તાનંદકે' ભજ્યા બિન મોહન, સબ વિધિ હો ગયો ખીન. ભ.૦૪

**રાગ : ગોડી પદ - ૧**

મોરલી વાજે રે મીઠી મોરલી વાજે;
સખી સાંભળને શ્યામળીયાજીની મોરલી વાજે. મો૦ ટેક૦
મીઠી સ્વરે મોહનજીની મોરલી ગાજે;
સાંભળવાને સૈયર મારૂં દિલડું દાઝે. મો૦ ૧
આવે રે અલબેલો વિંટ્યા ગોવાળે ઝાઝે;
ગાતા આવે ગિરધર સુંદર સમાજે. મો૦ ૨
મોર મુગટ ને કાળા કુંડળ વનમાળા રાજે;
નંદકુંવરને નિરખી કોટી કંદર્પ લાજે. મો૦ ૩
પિતાંબરની પલવટ વાળી છત્ર શિર છાજે;
પ્રેમાનંદનો વાલો ચાલો જોવાને કાજે. મો૦ ૪

**પદ - ૨**

ગાયોની સાથે રે આવે ગાયોની સાથે;
ગાતા આવે ગિરધર ગાયોની સાથે. ગાયો૦ ટેક
મોહનજીએ ધરિયો મુગટ ફૂલનો માથે;
ફુલડાંના હાર ગજરા પે'ર્યા છે નાથે. ગાયો૦ ૧
ફૂલતણા શણગાર સર્વે બીજું નહિ આથે;
વ્રજવનિતા વશ કરવા લીધી મોરલડી હાથે. ગાયો૦ ૨
લટકાં કરતાં આવે વાલો સખા સંગાથે;
વ્રજનારીને વિંધી વાલે ભ્રકુટીને ભાથે. ગાયો૦ ૩
વ્રજવનિતા વાલાને ભેટી ભરીને બાથે;
પ્રેમાનંદ કે' પુરન કીધી પ્રેમની પાથે. ગાયો૦ ૪

**પદ - ૩**

વ્રજની નારી રે મોહી વ્રજની નારી;
એની મોરલીને નાદે મોહી વ્રજની નારી. વ્રજ૦ ટેક.
મોરલી વા'લે ગોડી આલાપી સારી;
સાંભળવાને વ્રજની નારી ચડી અટારી. વ્રજ૦ ૧
ફૂલડાંમાં ફૂલ્યા આવે મોહન મોરારી;
અંગો અંગ ઉપર કોટી અનંગ વારી. વ્રજ૦ ૨
નંદકુંવરને નિરખી હૈડે હરખ વધ્યો ભારી;
સર્વે અંગે ફુલી ગોપી પ્રેમની મારી. વ્રજ૦ ૩
મોહનજીની મૂર્તિને ઉરમાં ધારી;
પ્રેમાનંદ કે' પ્રિતમજી પર પ્રાણ બલિહારી. વ્રજ૦ ૪

**પદ - ૪**

મોરલી વાઈ રે વા'લે મોરલી વાઈ;
સખી મારૂં મન મોયું વાલે મોરલી વાઈ. મોર૦ ટેક.
વાંસલડીમાં વાલે ગોડી રાગણી ગાઈ;
મીઠે સ્વરે મનડું મારૂં ગયું વિંધાઈ. મોર૦ ૧
ઘેલી સરખી ઘરમાં કામ ન સૂઝે કાંઈ;
મળવા સારૂં મોહનજીને આતુર મનમાંઈ. મોર૦ ૨





મુખડું જોવા ઝંખુ ચડી ઝરૂખે જાઈ,
સાંજ સમે શ્યામળિયો આવ્યા ગાયો ચરાઈ. મોર૦ ૩
નિરખ્યા મેં તો નેણે વેણે બોલાવ્યા બાઈ;
પ્રેમાનંદને નાથ હસીને સાને સમજાઈ. મોર૦ ૪

**રાગ : ગોડી પદ - ૧**

બ્રજમેં બસત અવિનાશી, ભક્તહિત બ્રજમેં બસત અવિનાશી;
પુરન કામ શ્યામ સુંદર વર, નિજાનંદ સુખરાશી. ટેક. ૧
જાકે ચરન બસત સબ તિરથ, કોટી ગયાં અરૂ કાશી;
યા કારન શ્રી ચપળતા, ચરન સેવે હોઈ દાશી. ભક્ત. ૨
કોટી મદનમદ હરન સોઈ પ્રભુ, અગણિત રૂપ પ્રકાશી;
મુક્તાનંદ કે' બ્રજવનિતા સંગ, રમત હે રાસ વિલાસી. ભક્ત. ૩

**પદ - ૨**

ગૌધનકે સંગ આવે, સાંજ સમે ગૌધનકે સંગ આવે;
નટવર વેશ રસિક નંદનંદન, મધુરીશી બેન બજાવે. સાંજ૦ ૧
ગૌરજ અંગ ઉપર લપટાની, સો છબી અધિક સોહાવે;
ગોપીજન મન હરન મનોહર, મોરલીમેં ગૌરી ગાવે. સાંજ૦ ૨
મોરલીકો નાદ સુનત બ્રજવનિતા, અતિ આતુર ઉઠી ધાવે;
મુક્તાનંદ કે' નાથ નિરખી સબ, વિરહકો તાપ બુઝાવે. સાંજ૦ ૩

**પદ -૩**

સાંજ સમે બ્રજવાશી, આયે સબ સાંજ સમે બ્રજવાશી;
નંદરાય ઘર ભીર ભઈહે, નિરખન શ્રી અવિનાશી. ટેક. ૧
નટવર વેશ રસિક નંદનંદન, અધિક રૂપ ગુણરાશી;
બ્રજવનિતા છબી દેખી અલૌકિક, ભઈ ઉર વિરહ વ્યથાશી. આયે૦ ૨
પ્રભુસંગ પ્રેમમગન સબ ગોપી, ઓરસે અધિક ઉદાશી;
મુક્તાનંદ કે' નાથ હર્યો મન, બ્રજપતિ અધિક વિલાશી. આયે૦ ૩

**પદ - ૪**

બ્રજવાસી બડભાગી, સબહીસેં બ્રજવાસી બડભાગી;
પ્રગટ રૂપ પુરુષોત્તમકે સંગ, જાહિ લગન દૃઢ લાગી. ટેક૦ ૧

જેહી કારન મુનિ બનમેં બસત હેં, પંચ વિષય સુખ ત્યાગી;
સો બ્રજજનકી પ્રેમભક્તિ વશ, ધેનુ ચારે અનુરાગી. સબ૦ ૨
વસ્ત્ર હરે તબહી બ્રજબનિતા, જો લીનો બર માગી;
મુક્તાનંદ કે' પ્રભુ તેહી રાસમેં, કીની અખંડ સુહાગી. સબ૦ ૩

**રાગ : ગોડી પદ - ૧**

નારાયણ ગાયે સ્વામિનારાયણ ગાયે,
વાલી વાલી તાળી દોયે કર બજાયે. ના. ૧
શિવ સનકાદિક નારદ નાચે જાચ્યા બ્રહ્માયે,
તેહને ભજતાં ભાઈ શીદ લજાયે. ના. ૨
અંતર પાપ નિરંતર નામે ગાતાં ગમાયે,
બહારનાં પરજળે પાપ તાળી બજાયે. ના. ૩
સર્વે સંકટ વિકટ વામે જપો જીભયે,
નિષ્કુળાનંદ કે' સદા સુખીયા થાયે. ના. ૪

**પદ - ૨**

નારાયણ કૈયે સ્વામિનારાયણ કૈયે,
તાળી જો રસાળી રૂડી હાથે શું લૈયે. ના. ૧
નિર્લોભી નિષ્કામી કહું નિઃસ્વાદી રૈયે,
નિઃસ્પૃહી નિરમાની વ્રત એ ગ્રહૈયે. ના. ૨
પંચ વ્રતે પુરા શુરા શિર સાટે થૈયે,
હર્તા ફર્તા ભજીયે હરિ હામ્યે શું હૈયે. ના. ૩
નરનારાયણ નામજ લેતાં જીતી જગજૈયે,
નિષ્કુળાનંદ કે' ડંકો દન તન શિર દૈયે ના. ૪

**પદ - ૩**

અવસર એળ્યે ન ખોયે, હો મનવા અવસર એળ્યે ન ખોયે, ટેક.
જો તું પામ્યો મનુષ્યનું દેહ, એહ વિચાર કરી જોયે, હો મનવા૦. ૧
હો સચેત નચિંત ખેલ ખેલો, મેલો જીવન મરણ દોયે;
હોઈ સનમુખ સુખદુઃખ સહી, લઈ વેષ ન વગોયે. હો મનવા૦. ૨





ભાગી અભાગી ભરે પગ પાછા, કાચા કાયર ન કોયે;
નહિ જીવત હત નિમત નિગમે, ખોયે બેઠો વિધ્ય દોયે. હો મનવા૦. ૩
મારી કટારી પે'રી જો કેશરીયાં નિસરિયા નર જોયે;
નિષ્કુળાનંદ ન ફરે નર પાછા, સાચા શુરા સંત સોયે. હો મનવા૦. ૪

**પદ - ૪**

અવસર ઓળખી લીજે, હો મનવા અવસર ઓળખી લીજે; ટેક૦
ખોઈ રે લાજને કાજ બગાડી, જીવિત હત ન જીવી જે. હો મનવા૦. ૧
અવસર વીતે જીતે નહિ જાણો, નાણે પળ ન પામી જે;
પલટી રે પલે ફળ ન મળે, કોટ્ય ઉપાયે જો કરી જે. હો મનવા૦. ૨
ફરતાં રે મરતાં ધરતાં બહુ દેહ, એહ નરતન પામી જે;
તેહી તરમાંહી મળ્યા મનનોહન, અહો ભાગ્ય ગણી જે. હો મનવા૦. ૩
ધન્ય ધન્ય ભાગ્ય જાગ્ય નર જાણી, આણી આનંદ મન જી જે;
નિષ્કુળાનંદ સહજાનંદ પરસી, ડરશે નહિ તે ડર બીજે. હો મનવા૦. ૪

**રાગ : ગોડી પદ - ૧**

(પ્રગટ પ્રણામ હરિને એ ઢાળ)

અજબ બન્યા હે આજ, અવસર અજબ બન્યાં હે આજ; ટેક
જામે પ્રગટ મીલે પરમાનંદ, સરી ગયે સબ કાજ. અવસર૦ ૧
દેવ વાંછિત પાયે નર દેહ, ભવજળ તરવેકો ઝાઝ;
તામે સદગુરુ મીલે મેહરમી, ભલો બન્યો હે સમાજ. અવસર૦ ૨
અબકી વેર સો ફેર ન આવે, જામે મીલે મહારાજ;
મનુષ્ય દેહકો લાહો જ લીનો, ભલી રીતે રહી લાજ. અવસર૦ ૩
ધન્ય સતસંગ ધન્ય સદ્ગુરૂ, ધન્ય ધન્ય અવસર આજ;
નિષ્કુલાનંદ આનંદ પદ પાયે, ગુરૂ મીલે ગિરધર રાજ. અવસર૦ ૪

**પદ - ૨**

ચેત ચેત મન મંદ, હો અવસર ચેત ચેત મન મંદ; ટેક૦
કર વિચાર ઉર વારવાર, સદ્ગુરૂ સહજાનંદ. હો અવ૦ ૧
અપાર સંસાર પાર ઉતરવા, હરવા ભવ દુઃખ દ્વંદ્વ;
રહે અવિનાશી ચરણ ઉપાસી, મીટે ચોરાશીનો ફંદ. હો અવ૦ ૨

આરે સંસાર પસાર નટબાજી, ભાજી જાય ઘડી ગ્રંદ;
માત તાત સુત ભ્રાત ને ભગિની, મળ્યું કુટુંબ ઠમ વૃંદ. હો અવ૦ ૩
સમજ સમજ જીવત લીધું લુંટી, ફૂટી નયન થયો અંધ;
હજીરે સમજ મન ભજ ભવતારણ, કહે જો નિષ્કુળાનંદ. હો અવ૦ ૪

**રાગ : ગોડી પદ-૧**

નરતન ભવતરન નાવ, દાવ દુર્લભ આયો,
નયન શ્રવણ નાસિકા, મુખ બહુ વિધિ બનાયો..... ટેક ૦
સદ્‌ગુરુ શુભ કરનધાર, હરિજન મન અતિ ઉદાર,
વચન કહત વારવાર, પારહું પમાયો. નરતન ૦૧
જનમ મરણ જગત જાલ, કરમ ભરમ કઠીન કાલ,
માધવ મેટત દયાલ, ભેટત મન ભાયો. નરતન ૦૨
મનુષ્ય તન મોક્ષદ્વાર, સમજત અસાર સાર,
અંતર પ્રભુ રહે અપાર, પુરન સુખ પાયો. નરતન ૦૩
રાજકાજ લોકલાજ, સુપન જાની ધનસમાજ,
દેવાનંદ દેખી આજ, ગોવિંદ ગુન ગાયો. નરતન ૦૪

**પદ-૨**

હરિ ભજ તજ હરખ શોક, લોકલાજ ત્યાગી,
માત તાત ભગિનિ ભ્રાત, જાત જોને જાગી. ટેક૦
ગયે અનેક રહત એક, ધરમ ઉપર ધરહું ટેક,
વારવાર કર વિવેક, અંધ નર અભાગી. હરિજન ૦૧
જોબન ધન કરત નાશ, ફીરત કાલ આસપાસ,
પકરત અબ વરસ માસ, દેવત મુખ આગી. હરિજન ૦૨
સંતન કર સુભગ સાથ, ગોવિંદ ગુણ કરહું ગાથ,
રીઝત રંગરેલ નાથ, નિરભે નોબત વાગી. હરિજન ૦૩
ચંચલ નર ચેત ચેત, હરિસંગ કર હેત હેત,
દેવાનંદ લેત લેત, મોજ ચરન માગી. હરિજન ૦૪





**પદ-૩**

પ્રભુ પદ કર પ્રિત, નિત જનમ જીત જાવે,
સ્વારથ સંસાર લાર, દિન દિન દુઃખ આવે. ટેક ૦
અતિ અજાન મમતવાન, તાતે ગુપ્ત ગ્રહમેં તાન,
ભૂલી કે ભગવાન માન, અંતર અકુલાવે. પ્રભુ ૦૧
પરધન પરનારી આશ, બિન બિચારે બાર માસ,
દામ સહિત કામ દાસ, પરસમેં લપટાવે. પ્રભુ ૦૨
જુઠ જાપ જપત આપ, તનમેં તપન ત્રિવિધ તાપ,
પામર નર કરત પાપ, અપના બુઝાવે. પ્રભુ ૦૩
હરિ રીઝાવ દુર્લભ દાવ, તામેં તિવ્ર ભક્તિભાવ,
દેવાનંદ દુઃખ નશાવ, ચરન નાવ પાવે. પ્રભુ ૦૪

**પદ-૪**

મુરખ મતિમંદ નર, મુકુંદ ક્યું વિસારે,
ભૂલી કે ભગવાન આનંદ, બહુ ઉરમેં ધારે. ટેક ૦
સદાશિવ ઈન્દ્રજાસ, બ્રહ્મા ભવ વિષ્ણુ પાસ,
ઉત્પતિ પાલન વિનાશ, કરત ન્યારે ન્યારે. મુરખ ૦૧
મારૂત અરૂ મેઘમાલ, વરસત ભૂપર વિશાલ,
સૂરજ શશિ ડરત કાલ, ભય ગોપાલ ભારે. મુરખ ૦૨
માયા પતિ અતિ પ્રવીન, સ્થાવર જંગમ સૌ કીન,
ભક્ત જગત ભીન ભીન, જીન આધીન પ્યારે. ૦૩
અક્ષર કોટિ અપાર, સમરત પ્રભુ સારસાર,
દેવાનંદ વારવાર, વંદત મતવારે. મુરખ ૦૪

•

# આરતી

### આરતી

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી...જય સદ્‌ગુરુ૦ ૧
ચરણસરોજ તમારાં, વંદુ કર જોડી, (૨)
ચરણે શીશ ધર્યાથી (૨) દુ:ખ નાખ્યાં તોડી...જય સદ્‌ગુરુ૦ ૨
નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી, (૨)
પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી...જય સદ્‌ગુરુ૦ ૩
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી, (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી...જય સદ્‌ગુરુ૦ ૪
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (૨)
કાળ કરમથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે...જય સદ્‌ગુરુ૦ ૫
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી, (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિદ્ધિ...જય સદ્‌ગુરુ૦ ૬

### મંગળા આરતી રાગ : ભૈરવ પદ-૧

આરતી ઉમંગ સહિત મંગળા ઉતારું,
મંગળમય મૂરતિ પર તન મન ધન વારું...આરતી૦ ૧
મંગળમય મંડપમેં રાજત દોઉ ભાઈ;
નારાયણ નર સમેત સંતન સુખદાઈ...આરતી૦ ૨
મંગળમય મુનિવર સબ મંગળ ગુન ગાવે;
મંગળમય સબ સમાજ બરન્યો નહિ જાવે...આરતી૦ ૩
મંગળમય દરશ કરત સતિસમાજ આઈ;
મુક્તાનંદ મંગળમય પ્રભુ પર બલ જાઈ...આરતી૦ ૪

### રાગ : બિલાવર પદ-૧

કરત સીંગાર આરતી ભોર, ટેક૦
વિરહકો તાપ સંતાપ મીટત સબ, નિરખત નટવર નંદકિશોર - કરત૦
કંચન થાર કપૂરકી બાતી, ,આરતી ઉતારે ઈન્દ્ર કર જોર,





નાચત નભ અપછરા મુદિતમન, દેવ કરત અતિ દુંદુભિઘોર - કરત૦
ભવ બ્રહ્માદિક આયે દરશહિત, જય જય શબ્દ હોત ચહુકોર,
મુક્તાનંદકો નાથ પ્રગટ પ્રભુ, શોભાધામ મદનમદ તોર - કરત૦

### રાજભોગ આરતી રાગ : સારંગ

રાજભોગકી કીજે, આરતી શ્રી રાજભોગકી કીજે,
નિરખી બદન શ્રીપતિકો સુંદર, જનમ સુફળ કરી લીજે ... આ૦ ૧
કંચન થાર કપુરકી બાતી, ધૃતજુત અનળ પ્રજારી,
અગ્ર ધૂપ જુત કરત આરતી, ભઈ શોભા અતિ ભારી ... આ૦ ૨
ઘનન ઘનન ઘંટા ધૂની હોવત, શંખ ઝાલરી વાજે,
નોબત બજત મનઉં ઘનગર્જત, ધ્વનિસુની ત્રિભોવન ગાજે ... આ૦ ૩
સોહે નિરાજન જુત શ્રીપતિમુખ, સબ વિધિ શોભા ધામ,
મુક્તાનંદ કે' નાથકી છબીપર, વારું કોટીક કામ ... આ૦ ૪

### રાગ : બિહાગ શીતલ આરતી પદ - ૧

શીતલ આરતી કીજે, શ્રીકૃષ્ણકી શીતલ આરતી કીજે. ટેક.
શોભા ધામ શ્યામ મુખ નિરખત, જન્મ સુફલ કરી લીજે. શ્રીકૃષ્ણ૦ ૧
અગ્રબાતી ઘૃતબાતી અનુપમ, સો પાવકસેં પ્રજારી;
અંગોઅંગ ભૂષનમની ઝલકત, ભઈ શોભા અતિ ભારી. શ્રીકૃષ્ણ૦ ૨
સુરનર મુનિસબ આયે દર્શહિત, બોલત જયજયબાની;
મધુર મધુર વાજીંત્ર બજાવત, હોવત ધૂની સુખદાની. શ્રીકૃષ્ણ૦ ૩
શ્રીઘનશ્યામ કી પીયા છબી નિરખત, આનંદ ઉર ન સમાવે;
મુકતાનંદ મદન મોહન પર, વારવાર બલ જાવે. શ્રીકૃષ્ણ૦ ૪

### પદ - ૨

કરત આરતી પ્યારી, શીતળ કરત આરતી પ્યારી;
પ્રેમમગન પિયુકો મુખ નિરખત, શ્રી વૃષભાન દુલારી. શી ૦ ટેક.
વ્રજવનિતા સબ આઇ દરશ હિત, પ્રેમ મગન ગુન ગાવે;
નેંન સેન સંકેત બતાવત, શોભા બરની ન જાવે. શી ૦ ૧
મોહન મુખવિધુ દેખિ ગોપીકા, કુમુદની જ્યું બિકસાની;
રસિક પ્રિતમસંગ રસબસ હો રહી, જાની પરમ સુખ દાની. શી ૦ ૨

યું વ્રજમે નિત્ય નૌત્તમ લીલી, કરતહે કુંજબીહારી;
મુક્તાનંદ મદનમોહનકી, યા છબીપર બલિહારી. શી ૦ ૩

**આરતી — રાગ-વેરાવલ, પદ-૧**

ધર્મ ઉતારત આરતી, બદ્રીપતિ કેરી,
માત અહિંસા પુત્રકો, હરખી મુખ હેરી...ધર્મ૦ ૧
નરનારાયણ નાથકી, છબી બરની ન જાઈ,
રત્ન સિંહાસન ઉપરી, રાજત દોઉ ભાઈ...ધર્મ૦ ૨
નંગ જડિત શુભ હેમકે, આભૂષણ શોભે,
અદ્‌ભુત કાંતિ અંગકી, લખી મુનિ મન લોભે..ધર્મ૦ ૩
જામા સુંદર જરકસી, શિર પાઘ સમારી,
નવલ મનોહર નાથ પર, બ્રહ્માનંદ વારી...ધર્મ૦ ૪

**પદ-૨**

અખંડ તુમારી આરતી, બદ્રીપતિ દેવા,
એક પગ ભર ઉભા કરે, સુર મુનિવર સેવા...અખંડ૦ ૧
અગ્રબત્તી કે ધૂપ અરુ, દીપક અજવાળે
નન્દન વનકે ફુલકી, માળા ગળે ધારે...અખંડ૦ ૨
જરી બસ્ત્રકે ઉપરે, અત્તર છટાયે,
નૌતમ સુંદર પાઘમેં, તોરા લટકાયે...અખંડ૦ ૩
જય જય શબ્દ ઉચ્ચારહી, સબ મુનિકો સાથ,
બ્રહ્માનંદ કહે અંતરે, રહો નિશ દિન નાથ...અખંડ૦ ૪

**પદ-૩**

નરનારાયણ દેવકો, મહિમા અતિ ભારી
આય ઉતારત આરતી, બ્રહ્મા ત્રિપુરારિ...નર. ૧
પારિજાત પુષ્પ લે, સુરરાજ ચઢાવે
નૌતમ રંગ ઉમંગ સે, નારદ મુનિ ગાવે...નર. ૨
બાજત ચંગ મૃદંગ સ્વર, ધુનિ બંદે ઉચ્ચારી
સબ મીલ સાજ સમાજ લે, નામત સુર નારી...નર.૩
રૂપ મનોહર ભ્રાત દોઉ, રવિ તેજ કરોરી,
બ્રહ્માનંદ બરને કહા શોભા, અતિ મતિ થોરી...નર. ૪





**પદ-૪**

આરતી બદ્રીનાથકી, આદરસે કીજે,
નર નારાયણ દેવકે, ચરણું ચિત્ત દીજે...આરતી૦ ૧
પરાપાર પુરુષોત્તમ, મનુષ્યાકૃતિ ધારે,
અગણિત પ્રાકૃત નારીનર, ભવપાર ઉતારે..આરતી૦ ૨
શેષ સહસ્ર મુખ રાતદિન, જાકો જશ ગાવે,
સૌ પ્રભુ ધરી મૂર્તિ સુભગ, જન મોદ બઢાવે...આરતી૦ ૩
સુંદર હાસ વિલાસ મુખ, તન અધિક પ્રકાશા,
એહી છબી બ્રહ્માનંદકે, કરો અંતર વાસા...આરતી૦ ૪

**આરતી પદ-૧**

આરતી બદ્રીનાથ તુમારી, નરનારાયણ દૃઢ બ્રત ધારી... આરતી૦ ૧
અક્ષર પાર સદા અવિનાશી, નિજ જન કાજ ભયે બનવાસી... આરતી૦ ૨
અનંત કોટી બ્રહ્માંડ ધિરાજા, કરત હો તપ જીવન કે કાજા... આરતી૦ ૩
શરણાગત વત્સલ સુખકારી, ભવજલ પાર કીયેઉં નર નારી... આરતી૦ ૪
જુગ જુગ મૂર્તિ ધરત તુમ જાની, અસુર વિનાશન જન સુખ ધામી... આરતી૦ ૫
બ્રહ્માનંદ નમત પદ માથા, નેનન અગ્ર રહો નિત્ય નાથા... આરતી૦ ૬

**પદ-૨**

આરતી બદ્રીનાથકી કરીએ, મૂર્તિ મનોહર અંતર ધરીએ... આરતી૦ ૧
વદન કમલ છબી નૌતમ છાજે, મુનિજન મંડળ બીચ બીરાજે... આરતી૦ ૨
ભાલ તિલક ચંદન અતિ શોભે, દેખત સંતન કે મન લોભે... આરતી૦ ૩
મુક્ત વૃન્દ રાજત અરુ પાસા, મધ્ય રાજત હરિ અધિક પ્રકાશા... આરતી૦ ૪
જો જન ચાલી શરણાગત આવે, તિનકે સબ બિધિ તાપ મિટાવે... આરતી૦ ૫
મનુષ્યાકાર ઉદાર મુરારી,બ્રહ્માનન્દ મુખ ઉપર વારી... આરતી૦ ૬

**પાદ-૩**

માત અહિંસા ઉતારે, આરતી માતા ઉતારે,
નર નારાયણ નવલ છબી પર, તન મન ધન લે વારે...આરતી૦ ૧
બેઠે દોનુ રતન સિંહાસન, નૌતમ દીપ ઉજારે,
અંગ અંગ આભૂષણ શોભે, સુંદર પાઘ સમારે...આરતી૦ ૨

પરાપર પૂરણ પુરુષોત્તમ, સમરથ વ્યાપક સારે,
જાકો દર્શ પરસ જગમાંહી, જન્મ કોડી અઘ જારે...આરતી૦ ૩
નારદ શારદ સબ ગુન ગાવત, બ્રહ્મા ભેદ ઉચ્ચારે
બ્રહ્માનંદ શ્યામ સુંદરકો, રૂપ સદા ઉર ધારે...આરતી૦ ૪

**રાગ : રામકલી પદ - ૧**

મંગળ આરતી ઉતારૂં, કનૈયાજુકી મંગળ આરતી ઉતારૂં,
મંગળરૂપ અનુપમ મૂરતિ, ઉરસે પળ ન વિસારૂં. ક. ટેક. ૧
ઘર ઘરસેં આયે વ્રજવાસી, દરશનકે હિત ધાઈ,
મંગલ ગાન કરત સબ ગોપી, શોભા બરની ન જાઈ. ક. ૨
બાજત તાલ મૃદંગ ઝાલરી, જય જય ધુનિ ભઈ ભારી,
મુક્તાનંદ નંદનંદનકી, યા છબીપર બલીહારી. ક. ૩

**સંધ્યા આરતીનાં પદ - ૧**

આરતી કીજે સહજાનંદ સ્વામી, નટવર રૂપ પ્રગટ બહુનામી. આ.ટેક. ૧
શારદ શેષ નારદ ગુન ગાવે, નિગમ નેતિ કહી પાર ન પાવે; આ. ૨
સર્વાતીત અકળ અવિનાશી, જાહી જપત મુનિ સહસ્ર અઠ્યાસી; આ. ૩
માયા જીવ ઈશકે કારન, નરતન ધાર્યો પતિતજન તારન; આ. ૪
અંગોઅંગ પુષ્પ ધરે વનમાળી, હરિજનસંગ બજાવત તાળી; આ. ૫
એહિ છબી રહો નિત્ય નેનુકે આગે, મુક્તાનંદ કર જોરી કે માગે; આ. ૬

**પદ - ૨**

જયદેવ જયદેવ,જય અંતરજામી, જય અંતરજામી;
વાસુદેવ જગવ્યાપક, (૨) નિરગુણ નિષ્કામી. જય. ટેક.
તેજોમય તનુધારી, શ્વેતદ્વિપ સ્વામી; (૨)
મુનિગણ મધ્ય બીરાજે, (૨) અતિ અગણિત નામી. જય. ૧
અનંત ચંદ્ર રવિ સરખા, મહા મુનિવર સંગે; (૨)
ચરણકમળ નિત્ય સેવે, (૨) અતિશે ઉમંગે. જય. ૨
નારાયણ પુરવાસી, અગણિત નરનારી; (૨)
પ્રેમ ઘણે કરી પૂજે, (૨) પ્રભુપદ સુખકારી. જય. ૩





બ્રહ્મા ભવ સનકાદિક, નિત્ય દરશન આવે; (૨)
શુક શારદ મુનિ નારદ (૨) નિશદિન ગુણ ગાવે. જય. ૪
પ્રગટ રૂપ પુરૂષોત્તમ, હરિ અજ અવતારી; (૨)
મુક્તાનંદ મહાપ્રભુ પર, (૨) જાએ બલિહારી; જય. ૫

**રાગ : સંધ્યા આરતી**

જય દેવ જય દેવ, જય જનસુખકારી,(૨) કમળનયન કમળાવર (૨)
ભક્ત ભયહારી. જય૦ ટેક.
લક્ષ્મીનાથ નારાયણ, ત્રિભુવન જનસ્વામી, (૨) મેઘશ્યામ મનોહર (૨)
હરિ ગરૂડગામી. જય૦ ૧
કિરીટ મુગટ મકરાકૃતિ, પીતાંબર ધારી (૨) શ્રીવત્સ ભ્રગુપદ કૌસ્તુભ (૨)
વનમાળી પ્યારી. જય૦ ૨
દિવ્યસ્વરૂપ દયાનિધિ, સુર નર મુનિ ત્રાતા, (૨) ભક્ત મનોરથ પૂરક (૨)
વાંછિત વરદાતા. જય૦ ૩
નાના રત્ન વિભૂષણ, ભૂષિત મુરારી (૨) સુંદર હસત વદનપર (૨)
પ્રેમાનંદ વારી. જય૦ ૪

**રાગ : બિભાસ પદ-૧**

કરત સીંગાર સબહી શોભા નિધિ, નિજજન મનરંજન ઘનશ્યામ,
કનક કડાં પોંચી બાજુબંધ, ઉર મનિમાલ ધરી અભિરામ - કરત-
કાનમેં મકરાકૃત કુંડળ શીશ, મુગટ ઝળકત છબીધામ,
કોટિ કિંકની પાય નૂપુર બાજત, ઉર રાજત વૈજંતી દામ - કરત૦
શોભા ધામ નીરખી નટવરકું, નિજમન પાવન વિશ્રામ,
મુક્તાનંદ કહે મદનમોહનકી, છબી પર વારું કોટી કામ - કરત૦

**શિક્ષાપત્રીની આરતી**

જય પરબ્રહ્મગીરા જય પરબ્રહ્મગીરા
શિક્ષાપત્રી સુખદા, શ્રેયસ્કર રુચિરા.... જય પરબ્રહ્મગીરા ॥ ટેક ॥
સહજાનંદ પ્રભુની, કરુણામૃત-સરિતા, તું કરુણામૃત સરિતા,
સત્સંગિજીવનની દિવ્ય મહા કવિતા ... જય ૦૧

ધર્મ સહિત સદ્‌ભક્તિ, નિજજનમાં ભરતી, તું નિજજનમાં ભરતી,
જ્ઞાનતણાં અત્યુત્તમ સૂત્રો ઉચ્ચરતી ... જય ૦૨
વિરાગમાં પ્રભુ પ્રીતિ, વિવેકથી વણતી, તું વિવેકથી વણતી,
બ્રહ્મરૂપે પ્રભુ સેવા એ મુક્તિ ગણતી ... જય ૦૩
ભક્તજનોની ભક્તિ, ધર્મ વડે ભરતી, તું ધર્મ વડે ભરતી,
ને આત્યંતિક મુક્તિ નિષ્ઠાથી કરતી ... જય ૦૪
વિશેષ ને સામાન્ય, ધર્મો સૂચવતી, તું ધર્મો સૂચવતી,
કલિમાં મંગલકારી સહજાનંદ સ્મૃતિ ... જય ૦૫
સત્સંગતિનો મર્મ, બહુધા ઉચ્ચરતી, તું બહુધા ઉચ્ચરતી,
ગુણદૃષ્ટિ રાખીને નિંદા પરહરતી ... જય ૦૬
સત્‌શાસ્ત્રોનું સત્ત્વ, જગમાં વિસ્તરતી, તું જગમાં વિસ્તરતી,
અભય કરી આશ્રિતો, સંકટ સૌ હરતી ... જય ૦૭
સર્વોપરિ સંપૂજ્ય, શ્રીહરિમૂર્તિ-રૂપ, તું શ્રીહરિ મૂર્તિ-રૂપ,
આજ્ઞાંકિત બની રહીએ, બનવા બ્રહ્મસ્વરૂપ ... જય ૦૮

**આરતી**

જય શિક્ષાપત્રી, જય શિક્ષા પત્રી.
ભક્તજનોના હૃદયે શુભ શાંતિ કર્ત્રિ... ૧
શ્રી પુરુષોત્તમ પ્રભુના, મુખમાંથી ઝરતી (૨)
શ્રવણ કરે તે જનનાં દુઃખ સઘળાં હરતી જય... ૨
શ્રી સત્સંગિ જીવન ગ્રંથમહી વસતી (૨)
પ્રકટી પત્રી રૂપે, ભુવન ભુવન ધસતી જય... ૩
ત્યાગી ગૃહી દેશિકના શુભ ધર્મો કહેતી (૨)
ભક્તિ જ્ઞાન વૈરાગ્યનાં, મધુર ઝરણાં વહેતી જય...૪
પ્રકટ પ્રભુ સ્વરૂપે રહી, જનનાં અઘહરતી (૨)
વાચન શ્રવણ પૂજનથી, મન પાવન કરતી જય... ૫
આ અવસર શ્રીહરિએ, કરુણા બહુ કીધી (૨)
ચક્ર સુદર્શન સરિખી, નિજ પત્રી દીધી જય... ૬





સમય સમય જે ત્હારાં, શ્રવણ મનન કરશે (૨)
વર્ણી કહે તે સઘળાં, ભવસાગર તરશે જય... ૭

**રાગ : ભૈરવ પદ-૧**

આરતી શ્રીકૃષ્ણ દેવ મંગળા તુમારી,
આરતી ઉતારૂં ડારૂં તન મન ધન વારી. ટેક
ઘંટા ઘરીયાર વાજે હોવત ધુની ભારી,
અગ્રધુપ પંચબાતી પાવક પ્રજારી. આરતી ૦૧
બાજત મૃદંગ તાલ નાચત સુરનારી,
સુરનર મુનિ દ્વાર ઠારે જય જય રવકારી. આરતી ૦૨
અગણિત ભુવનેશ નમત ચરન ચિત્તધારી,
મુક્તાનંદ વાર વાર છબી પર બલિહારી. આરતી ૦૩

**શ્રી શંકરની આરતી**

જય શિવ ઓંકારા હરશિવ ઓંકારા,
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ અર્ધાંગી ધારા. જય ૦૧
એકાનન ચતુરાનન પંચાનન રાજે,
હંસાસન ગરૂડાસન વૃષવાહન સાજે. જય ૦૨
દો ભુજ ચાર ચતુર્ભુજ તે સોહે,
તીનો રૂપ નિરખતા ત્રિભુવન મન મોહે. જય ૦૩
અક્ષયમાલા વનમાલા મુંડમાલા ધારી,
ચંદ્રવદન સોહે મૃગમદ ભાલે, શશિધારી. જય ૦૪
શ્વેતાંબર પીતાંબર વાઘાંબર અંગે,
બ્રહ્માદિક સનકાદિક પ્રેતાદિક સંગે. જય ૦૫
કરકે બીચ કમંડલ ચક્ર ત્રિશૂલધર્તા,
જગકર્તા સંહર્તા જગપાલન કર્તા. જય ૦૬
બ્રહ્મા વિષ્ણુ સદા શિવ જાનત અવિવેકા,
પ્રણવાક્ષર કે મધ્ય તીનો હી એકા. જય ૦૭
શંકરજીકી આરતી જો કોઈ ગાવે,
કહત શિવાનંદ સ્વામી સુખ સંપત્ત પાવે. જય ૦૮

### હનુમાનજીની આરતી

જય કપિ બલવંતા, જય કપિ બલવંતા
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા...જય૦ ૧
પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી;
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી...જય૦ ૨
ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે;
હનુમંત હાક સુણીને, થર થર થર કંપે...જય૦ ૩
રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી,
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી...જય૦ ૪
રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા;
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા...જય૦ ૫

### ગણપતિજીની આરતી

જય ગણપતિ પ્યારા, જય ગણપતિ પ્યારા;
વિઘ્ન વિનાયક મૂર્તિ, સુખદાયક સારા...જય૦ ૧
જય જય શંભુકુમાર, શોક સદા હરતા;
દેવ વિશેષ વિચક્ષણ, રક્ષણના કર્તા...જય૦ ૨
ગૌરી પુત્ર ગણેશ, વંદુ કર જોડી;
સ્મરણ કરે છે તેનાં, દુઃખ નાખો તોડી...જય૦ ૩
લચપચતા લાડુનું, ભોજન બહુ ભાવે;
આપ બિરાજો છો ત્યાં, સંકટ નવ આવે...જય૦ ૪
સિદ્ધિ બુદ્ધિ બેઉ, શુભ પત્ની સંગે;
શુભ કામે વિચરો છો, અતિશય ઉછરંગે...જય૦ ૫
સુરનર મુનિવર સર્વ, સેવે છે તમને;
મંગલકારી મૂર્તિ, આપો સુખ અમને...જય૦ ૬
જય સંકટ હર સુખકર, અરજી ઉર ધરજો;
શરણાગત સેવકનો, અભ્યુદય કરજો...જય૦ ૭

●



હજારી કીર્તનાવલિ

## થાળ પદ

### થાળ પદ-૧

જમોને જમાડું રે, જીવન મારા... હરિ રંગમાં રમાડું રે...જીવન મારા૦ ૧
વાલાજી મારા સોનાનો થાળ મંગાવું, મોતીડે વધાવું રે...જીવન મારા૦ ૨
વાલાજી મારા ઘેબર જલેબી ને લાડુ, જમોને થાય ટાઢું રે...જીવન મારા૦ ૩
વાલાજી મારા ગૌરીનાં ધૃત મંગાવું, માંહી સાકર નંખાવું રે...જીવન મારા૦ ૪
વાલાજી મારા દૂધ કઢેલા ભલી ભાતે, જમોને આવી ખાંતે રે...જીવન મારા૦ ૫
વાલાજી મારા પાપડ પતાસાં ને પોળી; જમોને ગળી મોળી રે...જીવન મારા૦ ૬
વાલાજી મારા તુવેરની દાળ ચડી ભારી, વિશેષે વઘારી રે...જીવન મારા૦ ૭
વાલાજી મારા કઢી કરી છે બહુ સારી; જમોને ગિરધારી રે...જીવન મારા૦ ૮
વાલાજી મારા આદાં કેરીનાં અથાણાં; છે વાલ ને વટાણાં રે...જીવન મારા૦ ૯
વાલાજી મારા જે જે જોઈએ તે માગી લેજો, ખારું ને મોળું કહેજો રે...જીવન મારા૦ ૧૦
વાલાજી મારા જળરે જમુનાની ભરી ઝારી; ઊભા છે બ્રહ્મચારી રે...જીવન મારા૦ ૧૧
વાલાજી મારા લવિંગ સોપારી તજ તાજાં; જમોને લાવું ઝાઝાં રે...જીવન મારા૦ ૧૨
વાલાજી મારા પ્રેમાનંદના સ્વામી; છો અંતરયામી રે...જીવન મારા૦ ૧૩

### રાગ : ગરબી : થાળ

સખી આનંદની વાત કહું આજ રે, મેં તો નેહ કરી નોતર્યા મહારાજ... રે-૧
પ્રેમે ચોક વચ્ચે ચોકી ઢાળી રે, નાવા ઊઠ્યા મોહન વનમાળી... રે-૨
અંગ ચોળી આનંદે નવરાવ્યા રે; પે'રી પીતાંબર મન ઘણું ભાવ્યા... રે-૩
પે'રી પાવલાં પધાર્યા લટકાળો , મારે મંદિરિયે આવ્યા મરમાળો... રે-૪
પાટે બેસારીને પૂજિયા મોરારી રે, અતિ આનંદ શું આરતી ઉતારી... રે-૫
બેઠા જમવા જગનો આધાર રે, મેં તો પ્રેમ કરી પીરસ્યો કંસાર... રે-૬
શીરો પૂરી સુંવાળી સાબુડી રે, ખાજાં ખાજલાં ને ખાંડ ઘણી રૂડી... રે-૭
સાટા મેસુબ જલેબી જાુગતાળી રે, ઘણા ઘેબર પેંડાની ભરી થાળી... રે-૮
દૂધપાક ને પુરણ પોળી રે, ઘણે ઘીએ રસરોટલી ઝબોળી... રે-૯
દહીંથરાં ભાત ભજિયાં ને દાળ રે, મગ મેથીએ વઘારી કર્યા ભેળાં... રે-૧૧
તળ્યું સૂરણ ઘણું ઘી ઘાલી રે, વડી વાલાને લાગે છે ઘણી વાલી... રે-૧૨

તળ્યાં પરવળ વાલોળ ને વંતાક રે, તળ્યાં તુરિયાં કંકોડાં કેરાં શાક... રે-૧૩
ટાંકો તાંદળજો ને સુવા-ભાજી રે, મેથી મોગરી મૂળાથી પ્રભુ રાજી... રે-૧૪
જમે જુગતે શું દીનદયાળ રે, પાસે અનોપમ અથાણાં રસાળ... રે-૧૫
કેરી કાચરી તળેલ આથ્યાં આદુ રે, ડાળાં ગરમર ને શેલરાં સ્વાદુ... રે-૧૬
કાજુ કેરડાં પાપડ પ્રભુ જમે રે, પીએ જળ ગ્રાસોગ્રાસ મને ગમે... રે-૧૭
જમે મધુર મધુર જદુરાય રે, હું તો વીંઝણે ઢોળું વાય... રે-૧૮
જમી આચમન કર્યુ અવિનાશ રે, પ્રીતે પાનબીડી કરી મુખવાસ... રે-૧૯
સુર મુનિને દુર્લભ સ્વાદ રે, પામ્યા મુક્તાનંદ પરસાદ... રે-૨૦

**ભૈરવ-પદ-૧**

જમો જમોને મારા જીવન જુગતે, ભોજનિયાં રસ ભરીયાં રે;
પાક શાક તમ સારુ પ્રીતમ, કોડે કરીયાં રે... જમો૦ ૧
તળીયાં ગળીયાં તાજાં તાતાં કનક થાળમાં ધરીયાં રે;
આરોગો મારા નાથ અલૌકિક, ઘૃત ઝાઝાં ઘેબરીયાં રે... જમો૦ ૨
કડી વડી કારેલાં કાજુ, રાઈતણાં દહીથરીયાં રે;
જોઈએ તો ઉપરથી લેજો. મીઠુ જીરુ મરીયાં રે... જમો૦ ૩
બ્રહ્માનંદના નાથ શીરાવ્યા, દૂધભાત સાકરીયાં રે;
ચળુ કર્યું હરિતૃપ્ત થઈને, નીરખી લોચન ઠરીયાં રે... જમો૦ ૪

**રાગ : ગરબી થાળ પદ-૧**

વહાલા આવો અમારે ઘેર રે, વારી જાઉં વાલમજી,
સેવા કરીશું સારી પેર રે, વારી જાઉં વામલજી... ૧
કાંઈ નીર ઊને નવરાવું રે - વારી૦
કાંઈ જુગતે કરીને જમાડું રે....વારી૦ ૨
કાંઈ કંચન થાળ કટોરા રે-વારી૦
પાસે પાણી પીધાના અબખોરા રે....વારી૦ ૩
કંસારને ચુરમા ચોળી રે-વારી૦
રસ રોટલી ઘીએ ઝબોળી રે....વારી૦ ૪
ભાજી તાંદળજાની સારી રે-વારી૦
માંહી ચોળાફળી છમકારી રે....વારી૦ ૫





કાજુ આદાં કેરીનાં અથાણાં રે-વારી૦
લીંબુ મરચાં જોયે તો મેં આણ્યાં રે....વારી૦ ૬
તમે ચોખા ને દૂધ શિરાવો રે-વારી૦
માંહિ સાકર બેક નખાવો રે....વારી૦ ૭
તમે જમોને ઢોળું હું તો વાય રે-વારી૦
ત્યારે કાંઈક સારું મારું થાય રે....વારી૦ ૮
જળ જમુનાની ભરી ઝારી રે-વારી૦
તમને ચળું કરાવે બ્રહ્મચારી રે....વારી૦ ૯
કાથો ચૂનો પાન લવિંગ સોપારી રે-વારી૦
તમે મુખવાસ લ્યોને મુરારી રે....વારી૦ ૧૦
પ્રભુ પલંગ ઉપર પોઢાડું રે-વારી૦
ઝાઝીવાર થાયે તો જગાડું રે....વારી૦ ૧૧
ઘેલું ઘેલું બોલીને સુખ દેજો રે-વારી૦
કાંઈ કહેવાનું હોય તો કહેજો રે....વારી૦ ૧૨
આપો અબળાને આનંદ રે-વારી૦
બલિહારી બ્રહ્માનંદ રે....વારી૦ ૧૩

**રાગ : ગરબી પદ-૧**

આવજો છોગલાં ધારી મારે ઘેર, આવજો છોગલાં ધારી. ટેક
લાડુ જલેબીને સેવ સુવાળી, હું તો ભાવે કરી લાવું છું ભારી. મારે૦ ૧
સુરણ પુરણ ને ભાજી કારેલાં, પાપડ વડી વઘારી,
વેંતાક વાલોરનાં શાક કર્યા, મેં તો ચોળાફળી છમકારી. મારે૦ ૨
કાજુ કમોદનો ભાત કર્યો, મેં તો દાળ કરી બહુ સારી,
લીંબુ કંકણનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠીયાવાડી. મારે૦ ૩
લવીંગ સોપારીને પાન બીડી વારી, તજ એલચી જાવંત્રી સારી,
નિશદિન આવો તો ભાવે કરી ભેટું, એમ માગે જેરામ બ્રહ્મચારી. મારે૦ ૪

**રાત્રીના ભોજનનો થાળ પદ-૧**

રૂડી રાંધી મેં રસિયાજી, ખાતે ખીચડી રે...રૂડી૦ ટેક૦
ચોખા દાળ જતન કરી જોઈ, નિર્મળ નીરે ધીરે ધોઈ;
મધુરે મધુરે તાપે, માખણ શી ચડી રે... રૂડી૦ ૧

ઘી ઘણું જમો અલબેલા, અથાણાં પાપડ રંગછેલા;
ચોંપે શું ચોળાની, કાજુ કરી વડી રે... રૂડી૦ ૨
દૂધ કઢીને દહીં જમાવી, લલિત લવિંગે શું છમકાવી;
ભૂધરને જમવાને કાજે, કરી કઢી રે... રૂડી૦ ૩
દયાનંદ કહે દિલમાં ધારી, પ્રસાદી આપો હિતકારી;
મોહનવરને હાથે મુજને, મોજ મળી રે... રૂડી૦ ૪

**મોટો થાળ રાગ : ગરબી પદ-૧**

અવિનાશી આવો રે, જમવા કૃષ્ણહરિ
શ્રીભક્તિધર્મ-સુત રે, જમાડું પ્રીત કરી...૧
શેરડીઓ વાળી રે, ફુલડાં વેર્યાં છે;
મળિયાગર મંદિર રે, લીપ્યાં-લેર્યાં છે...૨
ચાખડીઓ પહેરી રે, પધારો ચટકંતા;
મંદિરીયે મારે રે, પ્રભુજી લટકતા...૩
બાજોઠે બેસારી રે, ચરણ-કમળ ધોઉં;
પામરીએ પ્રભુજી રે, પાવલિયા લોઉં...૪
ફૂલેલ સુગંધી રે, ચોળું શરીરે;
હેતે નવરાવું રે, હરિ ઊને નીરે...૫
પહેરાવું પ્રીતે રે, પીતાંબર ધોતી;
ઉપરણી ઓઢાડું રે, અતિ ઝીણી પોતી...૬
કેસર ચંદનનું રે, ભાલે તિલક કરું,
વંદન કરી વિષ્ણુ રે, ચરણે શીશ ધરું...૭
ઉર હાર ગુલાબી રે, ગજરા બાંધીને;
નીરખું નારાયણ રે, દૃષ્ટિ સાંધીને...૮
શીતળ સુગંધી રે, કળશ ભર્યા જળના;
ઉલેચ બાંધ્યા છે રે, ઉપર મખમલના...૯
કંચન બાજોઠે રે, બિરાજો બહુનામી;
પકવાનને પીરસી રે, થાળ લાવું સ્વામી...૧૦





મોતૈયા લાડુ રે, સેવૈયા સારા;
તમ કાજ કર્યા છે રે, લાખણશાઈ પ્યારા...૧૧
મગદળ ને સેવદળ રે, લાડુ દળના છે;
ખાજાં ને ખુરમાં રે, ચુરમાં ગોળનાં છે...૧૨
જલેબી ઘેબર રે, બરફી બહુ સારી;
પેંડા પતાસાં રે, સાટા સુખકારી...૧૩
મરકીને મેસુબ રે, જમો જગવંદનજી;
સુતરફેણી છે રે, ભક્તિનંદનજી;...૧૪
ગગનને ગાંઠિયા રે, ગુંદવડાં વાલા;
ગુલાબપાક જમજો રે, ધર્મ તણા લાલા...૧૫
એલાયચી દાણા રે, ચણા છે સાકરિયા,
ગુંદરપાક સુંદર રે, જમજો ઠાકરિયા-૧૬
ટોપરાપાક ટાઢો રે, સકરપારા સારા;
સેવો ઘી સાકર રે, તમે છો જમનારા...૧૭
કેસરિયો બીરંજ રે, ગળ્યો ને મોળો છે;
સાકરનો શીરો રે, હરિ સો ધોળો છે...૧૮
લાપસી કંસારમાં રે, ઘી બહુ રસબસ છે,
ખીર ખાંડ ઘી રોટલી રે, જમો બહુ સરસ છે...૧૯
બદામ ચારોળી રે, દ્રાક્ષ તે નાખીને;
દૂધપાક કર્યો છે રે, જુઓ હરિ ચાખીને...૨૦
પૂરી ને કચોરી રે, પૂરણ પોળી છે;
રોટલીઓ ઝીણી રે, ઘીમાં ઝબકોળી છે...૨૧
પાપડને પૂડલા રે, મીઠા માલપૂડા;
માખણ ને મીસરી રે, માવો દહીંવડા...૨૨
ઘઉંની બાટી રે, બાજરાની પોળી;
ઝાઝી વાર ઘીમાં રે, હરિ મેં ઝબકોળી...૨૩
તલસાંકળી સુંદર રે, બીજી ગોળપાપડી;
ગાંઠિયા ને કળી રે, ત્રીજી ફુલવડી...૨૪

ભજિયાને વડા રે, સુંદર દહીંથરિયાં;
વઘાર્યા ચણા રે, માંહીં મીઠુંમરિયાં...૨૫
ગુંજા ને મઠિયાં રે, ફાફડા ફરસા છે;
અળવી આદાનાં રે, ભજિયાં સરસાં છે...૨૬
કંચન કટોરે રે, પાણી પીજોજી;
જે જે કાંઈ જોઈએ રે, તે માગી લેજોજી...૨૭
રોટલી રસ સાકર રે, જમજો અલબેલા;
રાયણને રોટલી રે, ખાંડ કેળાં છેલા...૨૮
મુરબ્બા કર્યા છે રે, કેરી દ્રાક્ષ તણા;
સુંદરવર જમજો રે, રાખશો માં મણાં...૨૯
કટોરા પૂર્યા છે રે, સુંદર શાકોના;
કેટલાક ગણાવું રે, છે ઝાઝા વાના...૩૦
સુરણ તળ્યું છે રે, સુંદર ઘી ઝાઝે;
અળવી ને રતાળુ રે, તળ્યાં છે તમ કાજે...૩૧
મેં પ્રીત કરીને રે, પરવળ તળિયાં છે;
વંતાક ને વાલોળ રે, ભેળાં ભળિયાં છે...૩૨
કંકોડાં કોળાં રે, કેળાં કારેલાં;
ગલકાં ને તુરિયાં રે, રૂડાં વઘારેલાં...૩૩
ચોળી વાલોળો રે, પ્રીત કરી તળિયો;
દૂધિયાંને ડોડા રે, ગુવારની ફળીઓ...૩૪
લીલવા વઘાર્યા રે, થયા છે બહુ સારા;
ભીંડાની કળીઓ રે, તળિયો હરિ મારા...૩૫
ટાંકો તાંદળલીયો રે, મેથીની ભાજી;
મૂળા મોગરીઓ રે, સુવાની તાજી...૩૬
ચણેચી ને ડોડી રે, ભાજી સારી છે;
કઢી ને વડી રે, સુંદર વઘારી છે...૩૭
નૈયાના રાઈતાં રે, અતિ અનુપમ છે;
મીઠું ને રાઈ રે, માંહી બે સમ છે...૩૮





કેટલાંક ગણાવું રે, પાર તો નહિ આવે;
સારું સારું જમજો રે, જે તમને ભાવે...૩૯
ખારું ને મોળું રે, હરિવર કહેજોજી;
મીઠું મરી ચટણી રે, માગી લેજોજી...૪૦
અથાણાં જમજો રે, સુંદર સ્વાદુ છે;
લીંબુ ને મરચાં રે, આમળાં આદુ છે...૪૧
રાયતી કેરી રે, કેરી બોળ કરી,
ખારેક ને દ્રાક્ષમાં રે, નાખ્યા લવિંગ મરી...૪૨
કેરાં ને કરમદાં રે; તળી છે કાચરીયો;
બીલાં બહુ સારાં રે, વાંસ ને ગરમરીયો...૪૩
પંખાળીના ભાતમાં રે, સુંદર સુગંધ ઘણો;
એલાઈચીનો પીરસ્યો રે, આંબામોર તણો...૪૪
મેં કઠણ કરી છે રે, દાળ હરિ તુરની;
પાતળી પીરસી છે રે, કે દાળ મસુરની...૪૫
મગ ને અડદની રે, કરી છે ધોઈને;
ચોળા ને ચણાની રે, ઘીમાં કરમોઈને...૪૬
દાળ ને ભાત જમજો રે, તમને ભાવે છે;
ચતુરાઈએ જમતાં રે, પ્રીતિ ઉપજાવે છે...૪૭
દહીંને ભાત જમજો રે, સાકર નાખી છે;
દૂધને ભાત સારુ રે, સાકર રાખી છે...૪૮
દૂધની તર સાકર રે, ભાત જમો પહેલાં;
સાકર નાખીને રે, દૂધ પીઓ છેલા...૪૯
જે જે કાંઈ જોઈએ રે, તે કે'જોજી અમને,
કાંઈ કસર કરો તો રે, મારા સમ તમને...૫૦
જીવન જમીને રે, ચળુ કરો નાથ;
ચંદન ગારેશું રે, ધોવરાવું હું હાથ...૫૧
તજ એલચી જાયફળ રે, જાવંતરી સારી;
કાથો ને ચુનો રે, સારી સોપારી...૫૨

નાગરવેલનાં રે, પાન લાવી પાકાં,
ધોઈને લૂછ્યાં છે રે, અનુપમ છે આખાં...૫૩
માંહી ચૂરણ મેલી રે, બીડી વાળી છે;
લલિત લવિંગની રે, ખીલી રસાળી છે...૫૪
મુખમાં હું મેલું રે, બીડી પ્રીત કરી;
આરતી ઉતારું રે, પ્રભુજી ભાવ ભરી...૫૫
ફૂલસેજ બિછાવી રે, પોઢો પ્રાણપતિ;
પાવલિયા ચાંપું રે, હેડે હરખ અતિ-૫૬
થાળ ગાયો પ્રીતે રે, ધર્મકુલ-મુગટમણિ;
આપો પ્રેમાનંદને રે, પ્રસાદી થાળ તણી...૫૭

**પદ-૧**

લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનનકી, બીડી પાનનકી બીડી પાનનકી,
લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાનનકી... ટેક૦
કાથો ચૂનો વારી લવિંગ સોપારી, એલચી મંગાવું મુલતાનનકી... લેતા૦ ૧
એક એક બીડી મોરી સાસુ નણંદકીઃ દુસરી બીડી મોરે લાલનકી... લેતા૦ ૨
આવો શ્રીષ્ણ હરિ પાટે બેસારું; બાજી ખેલાવું સારી રેનનકી... લેતા૦ ૩
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી; એટલી અરજ તોરે દાસનકી... લેતા૦ ૪

**રાગ : સોમેરી-થાળ પદ-૧**

વ્હાલા ભોજનીયાં બહુ ભાત, જમો ગિરધારી રે;
તમને જોવા કારણ આજ, આવી વ્રજનારી રે,
સોના કેરો પાટલો રે, સોના કેરો થાળ;
જળ જમુનાના નીરની ઝારી, ભરી મૂકી તતકાળ...જમો૦ ૧
ઘેબર સહુ ઘીમાં કર્યા રે, લાડુ સાકરના સાર;
સેવ સુંવાળી લાપસી માંય, ઘી ધુણીગંધાર...જમો૦ ૨
બરફી પેંડા ને મોતીયારે, જલેબી જગદીશ;
સૂતરફેણી શામળા કરી, દળી ઝીણો અતિપીશ...જમો૦ ૩
દૂધપાક ને પુરીયો રે, માલપુડા મેસુબ;
કેળા સાકર રસરોટલી, આરોગો આજ હરિ ખૂબ...જમો૦ ૪





ભજિયાં વડાં ને રાયતાં રે, વાલોળ ને વંત્યાક;
કંકોડાં કારેલડાં સમકાર્યાં,સલુણા શાક...જમો૦ ૫
ટીંડોરા ને તુરીયાં રે, ગલકાં પરવર પરબ્રહ્મ;
તુવેરની તમ કારણે વ્હાલા, દાળ કરી છે નરમ...જમો૦ ૬
વડી કડી સર્વે શાકમાં રે, વઘાર્યા વાલમ;
આરોગો અલબેલડા, શરમ રાખો તો મારા સમ...જમો૦ ૭
નૈયા સૂરણનું શાક મેં રે, કીધું તમારે કાજ;
ફૂલવડી ફળી ગ્વારની રે, ઘીમાં તળી મેં મહારાજ...જમો૦ ૮
ભાજી ભુધર બહુ ભાતની રે, અથાણાં અપાર;
દૂધ ભાતમય ધોબલે નાંખું, સાકર વારંવાર...જમો૦ ૯
તૃપ્ત થઈ ચળુ કરો રે, આતમાના આધાર;
પહેરાવું અતિ પ્રીતસું, ચંપા-ચમેલીના હાર...જમો૦ ૧૦
લવિંગ સોપારી એલચી રે, કાથો ચૂનોને પાન;
ત્યાગાનંદના વહાલમાં, મુખવાસ કરો ભગવાન...જમો૦ ૧૧

**રાગ : ભૈરવ : પદ-૧**

ધર્મકુંવર ઘનશ્યામ સુંદરકું, દિન દિન થાર જીમાવે રે... ધર્મ૦
ગામ જૈતલપુર સુંદર ભૂમિ, ગંગાબાઈ રહાવે રે;
ભાત દાલ અરુ સુંદર વ્યંજન, અસ કોઉં નાંહિ બનાવે રે... ધર્મ૦ ૧
કંચન ઝારી પવિત્ર હે વારિ, હરિકે કર ધોવરાવે રે;
અવધપ્રસાદ નીરખે હરિ જીમતા, આનંદ ઉર બહુ પાવે રે... ધર્મ૦ ૨

**પદ-૨**

હરિકૃશ્ન મહારાજ સદાઈ, જૈતલપુર કે વાસી રે... હરિકૃષ્ણ૦
નિત નિત સરમેં ના'ત હરિવર, કરત લીલા અવિનાશી રે;
લાડુ ખાંડ કે બ્રહ્મભોજ કરી, ટારી જન જમ ફાંસી રે...હરિકૃષ્ણ૦ ૧
હરિ કે હરિજન આશજી સુંદર, પ્રભુકે પાસ નિવાસી રે;
અવધપ્રસાદ માગે હરિ પાસે, અંતર રહો સુખરાશિ રે...હરિકૃષ્ણ૦ ૨

પદ-૩

જૈતલપુર બલદેવ રેવતી, હરિકે પાસ રહાઈ રે... જૈતલપુર૦
અનેક જીવ ઉધારનકું, સંત મુક્ત સંગ લાઈ રે;
જૈતલપુરકી ભૂમિ હૈ સારી, શ્રીહરિ મન અતિ ભાઈ રે...જૈતલપુર૦ ૧
શિરપર મુગટ બૈઠે હિંડોળે, સંત ભોર ભઈ આઈ રે;
કરી પૂજા આનંદ સ્વામી બહુ, અવધપ્રસાદ શિરનાઈ રે. જૈતલપુર૦ ૨

પદ-૪

સહજાનંદ મહારાજ જૈતલપુર, કોટીક જીવ ઉધારે રે... સહજાનંદ૦
શિવ બ્રહ્મા અરુ ઈન્દ્રાદિ સબ, આયકે ઉરમેં ધારે રે;
શ્રી ઘનશ્યામ કે ચરિત્ર દેખકે, મગન હોત મતવારે રે... સહજાનંદ૦ ૧
જૈતલપુર તડાગ ભૂમિ સબ, બ્રહ્મરૂપ કરી ડારે રે;
અવધપ્રસાદ કહે સ્નાન વાસ કરી, જન હરિ ધામ સિધારે રે...સહજાનંદ૦ ૨

રાગ : કાનરો પદ - ૧

વ્યારૂ કીજીએ નવલ વિહારી, ટેક૦
કનક થારમહિં ભોજન બહુવિધ, પ્રેમસે લાઈ હે રાધિકા પ્યારી. વ્યારૂ. ૧
ખાટે ખારે તીખે અનુપમ, મધુર સ્વાદ અતિ સુખકારી;
છપનભોગ છતીંશહું વ્યંજન, વેગસેં લાઇ સબહિ વ્રજનારી. વ્યારૂ. ૨
દુધ ભાત મીસરી મનમોહન, રૂચિકર લીજીએ શ્રીગિરિધારી;
અતિ સુગંધી શીતલ સુખદાયક, ધરી હે આની જમુના જળ ઝારી. વ્યારૂ. ૩
આચમન કરી કે શ્યામસુંદર વર, પાનબીરી પીયા લીજીએ હમારી;
મુક્તાનંદ ચરનકો ચેરો, સંગ સદા પ્રસાદ અધિકારી. વ્યારૂ. ૪

પદ - ૨

શ્યામ સુંદર વર વ્યારૂં કીજે, ટેક૦
ખટ રસ સહિત ચતુરવિધ ભોજન, કમળા કીયે હે સ્વાદ સબ લીજે. શ્યા. ૧
રૂચિજુત શાક પાક સબ જીમિકે, પય મીસરીસો પ્રેમજુત પીજે;
પટરાનિકો પ્રેમ લખી પ્રીતમ, ખુબ જીમો મન સબકે પતિજે. શ્યા. ૨
આચમન કરી કે રૂકમનિ કરશે, પાન બીરી મુખવાસ ગ્રહીજે;
મુક્તાનંદ કે' પ્રભુ જદુનાયક, સિત પ્રસાદી દાસકું દીજે. શ્યા. ૩





રાગ : બિહાગ પદ ૧

વ્યારૂં કીજે ઘનશ્યામ, બિનય સુતી વ્યારૂં કીજે ઘનશ્યામ;
નિજ જન મનરંજન કહનેકું, આયો સદા સુખ ધામ. બિનય૦ ૧
કનક થાર મહીં ભોજન બહુવિધ, ધરેહે પ્રેમીજન આવી;
રૂચિ રૂચિ ગ્રાસ લેહુ મનમોહન, સ્વાદકી બિગત લખાની. બિનય૦ ૨
સેવકજનકું સદા સુખદાયક, જીમત દરશન દીજે;
વ્રજજનકે મનમોદ બઢાવન, હાસ વિનોદહું કીજે. બિનય૦ ૩
દુધ ભાત મિસરી મનભાવન, લીજે પરમ સુખકારી;
આચમન કર મુખવાસ મનોહર, કીજીયે કુંજવિહારી. બિનય૦ ૪
વ્રજ વનિતાકું સદા સુખદાયક, તુમ પ્રભુ પુરન કામ;
મુકતાનંદ કે' નાથ ભકત હિત, રાજત ગોકુળ ગામ. બિનય૦ ૫

પદ - ૨

વ્યારૂ કીજે વિહારી, રસિક પ્રીયા વ્યારૂં કીજે વિહારી;
કમળનયન કમળાવર કેશવ, સંતનકે સુખકારી. રસિક૦ ૧
કનકભુવન મધ્ય મણિમય મંડપ, તાવિચ ચોકી ઢારી;
રૂકમની આદિ રાની સબ આઈ, ભરભર કંચન થારી. રસિક૦ ૨
સબકે થાર એક સંગ આયે, ભઈ શોભા અતિ ભારી;
ભાવ સહિત પ્રભુ ભોજન કીજે, અકળ રૂપ અવતારી. રસિક૦ ૩
શુક નારદ સનકાદિક મુનિ સબ, સુરપતિ અજ ત્રિપુરારી;
મહાપ્રસાદ હું એ સબ ચાહત, ગાવત કીર્તિ તમારી. રસિક૦ ૪
સત્યભામા આચમન કરાવત, લેકર કંચન ઝારી;
મુકતાનંદ કે' પ્રભુ મુખવાસ લે, ઠાઢિ દિનેશ દુલારી. રસિક૦ ૫

રાગ : ઠુમરી થાલ ત્રિકાલ પદ - ૧

જીમત પીયા પ્રાન જીમાવતી પ્યારી રે; જીમા૦ ટેક
કંચન થાર પરોસી લાઈ, બિંજન વિવિધ સંવારી. જીમા૦ ૧
મોતીચુર જલેબી સુંદર, દુધપાક સુખકારી. જીમા૦ ૨
માનભોગ મીઠીપૂરી કચોરી, બરા દધીમહીં ડારી. જીમા૦ ૩
પ્રેમાનંદકું પ્યારો શીત પ્રસાદી, દેતહે પાસ બેસારી. જીમા૦ ૪

પદ ૨

લાડીલો લાલ જીમત પૂરી દૂધપાક; લાડી૦ ટેક.
વિધ વિધકે પકવાન મીઠાઈ, બહુત પ્રકારકે શાક. લાડી૦ ૧
જીમત મેવા શ્યામ મનોહર, કદલીફળ અરુ દ્રાક્ષ. લાડી૦ ૨
આસપાસ બેઠી સખા મંડળી, સબહીકું દેત ચાખ ચાખ. લાડી૦ ૩
પ્રેમાનંદ માગે જુંઠ પ્રસાદી, બહુત અંતર અભિલાસ. લાડી૦ ૪

પદ - ૩

શીરો પૂરીરે આરોગો અવિનાશી; શીરો૦ ટેક.
મોતીચુર જલેબી ઘેબર, પેંડા બરફી ખાસી. શીરો૦ ૧
મીઠો બીરંજ હરીસો સુંદર, દૂધપાક સુખરાશી. શીરો૦ ૨
ઓટ્યો દૂધ ભાત ઝીનવાકો, મીસરી માંહી મીલાસ. શીરો૦ ૩
કછુ એક જુંઠ પ્રસાદી માંગત, પ્રેમસખી નીજ દાસી. શીરો૦ ૪

પદ - ૪

લાલ વ્યારૂ કીજીએ મેં લાગું તોરે પૈયાં; લાલ૦ ટેક
દુધપાક સંયાવ સુંવારી, સેવે સરસ બનૈયાં. લાલ૦ ૧
ઘૃત કંસાર લાપસી પ્યારે, સુખદા અતિ સુખદૈયાં. લાલ૦ ૨
બીરંજ બાસુદી સીખરન સુંદર, મિસરી દૂધ મલૈયા. લાલ૦ ૩
શ્રી ઘનશ્યામ બદન છબી ઉપર, પ્રેમસખી બલજૈયાં. લાલ૦ ૪

રાગ : સારંગ રાજભોગનો થાળ પદ-૧

આરોગો અવિનાશી, ભોજન આરોગો અવિનાશી. ભોજન૦
વિંજન વિવિધ પ્રકાર સંવારે, તુમકારન સુખરાશી. ભોજન૦ ૧
મોતીચુર જલેબી સુંદર, પેંડા બરફી ખાસી,
વિધવિધ કે પકવાન મીઠાઈ, ગીનત અંત નહિ આસી. ભોજન૦ ૨
દુધપાક દહીં ઓદન મીસરી, જીમો કુંજ વિલાસી,
નિરખી સુંદર બદન કમલ છબી, મીટે સકલ ભવફાંસી. ભોજન૦ ૩
અતિ પ્રસન્ન હોય જીમો જીવન, મગન હોત બ્રજવાસી,
પ્રેમાનંદકું શીત પ્રસાદી, દીજે બોલાયકે પાસી. ભોજન૦ ૪



હજારી કીર્તનાવલિ

પદ-૨

ભોનજ કીજે નંદલાલ રે, ભોજન કીજે નંદલાલ રે. ભોજન૦
શ્રી ઘનશ્યામ જશોદા જીવન, ગોપીજન દ્રગ તારે. ભોજન૦ ૧
નાનાવિધ પકવાન મીઠાઈ, બીંજન ખાટે ખારે,
રૂચી ઉપજાય રસીકવર જીમો, પ્રીતમ પ્રાનસે પ્યારે. ભોજન૦ ૨
પુરી ઠોર કચોરી સુંદર, બુરા દધી મહીં ડારે,
કઢી વડી ભાજી અતિ સારી, ભરે કટોરે ન્યારે. ભોજન૦ ૩
સુંદર દાળ ભાત દધી મિસરી, જીમો જગ ઉજીયારે,
નીરખી સુંદર ચ્યવન ચાતુરી, વારે પ્રાણ હમારે. ભોજન૦ ૪
ઉપર ઓટ્યો દૂધરૂં મિસરી, પીયો મોહન મતવારે,
બચે સો પ્રેમાનંદકું દીજે, માગત ઠારો દ્વારે. ભોજન૦ ૫

રાગ : વસંત પદ-૧

આજ સખી શ્યામળીયો વાલો, પરોણા ઘેર આવ્યા,
થાળ ભરીને મેંતો મોંઘે, મોતીડે વધાવ્યા. આજ૦
કરસાઈને કૃષ્ણજીવનને, મંદિરમાં પધરાવ્યા,
નોતરીયા નારાયણ મેં તો, બહુવિધ પાક બનાવ્યા. આજ૦ ૧
ખટરસ ચ્યાર પ્રકાર સુધારી, થાળ ભરીને લાવ્યા,
કંચન કળશ ભરીને શીતળ, જળ યમુનાનાં પાયાં. આજ૦ ૨
લાડુ પેંડા જલેબી ઘેબર, બહુ પકવાન પીરસાવ્યાં,
શાક પુર્યાં બહુ કનક કટોરે, જે હરિને મન ભાવ્યાં. આજ૦ ૩
ભજીયાં વડાં ફાફડા પાપડ, તળેલ તાતાં તાવ્યાં,
લીંબુ આદા કેરીનાં બહુ, અથાણાં મંગાવ્યા. આજ૦ ૪
દાળ ભાત પીરસીને સાકર, નાખી દુધ ઓટાવ્યાં,
દુધ ભાત જમાડી હરિને, હેતે ચળુ કરાવ્યાં. આજ૦ ૫
પાનબીડાં અમારાં હરિયે, હાથો હાથ લઈ ચાવ્યાં,
પ્રેમાનંદના નાથને ભેટી, તનના તાપ સમાવ્યા. આજ૦ ૬

રાગ : ગરબી પદ-૧

જમો મારા નાથ જુગતી કરીને રે, રહે છે જોઈ જોઈ નયણાં ઠરીને. જમો.
રૂડો ચંદન પાટ ઢળાવું રે, જળ જમુનાજીનાં મંગાવું રે,
અંગ ચોળી અત્તર નવરાવું. જમો૦ ૧
કાજુ ઓરડાની ઓસરીએ રે, પ્રેમે પાથરણાં પાથરીએ રે,
આગે બાજોઠ કનકનો ધરીએ. જમો૦ ૨
પ્રીતે નવલ પીતાંબર પહેરો રે, હેતે સહિત મનોહર હેરો રે,
પુરૂં થાળ હું કંચન કેરો. જમો૦ ૩
તાજા લાખણસાઈ મોતૈયા રે, તળીયા મગદળ ને સેવૈયા રે,
કોડે કોડે આરોગો કનૈયા. જમો૦ ૪
ખીર લાપસી સુંદર ખોરી રે, બિરંજ સેવ કંસાર કચુરી રે,
પુડા માલપુવા શીરા પુરી. જમો૦ ૫
દુધપાક જલેબીને ખાજાં રે, તળીયા મોદક ઘેબર તાજાં રે,
રૂડાં જાદરીઆં ઘૃત ઝાંઝા. જમો૦ ૬
સાટા બરફી પતાસાં સાબેણી રે, ઠોર મરકીને રોટલી ઝીણી રે,
હલવો સક્કપારા સુત્રફેણી. જમો૦ ૭
હેત ઝાઝે હું પીરસું હરખી રે, થઈ જાઉં છું દીવાની સરખી રે,
બ્રહ્માનંદના વહાલા તમને નિરખી. જમો૦ ૮

પદ-૨

આરોગોને લાલજી લટકાળા રે, મીઠાબોલા અતિ મરમાળા. આરોગો૦
તળીયાં નૌતમ ઘૃતમાં નિપજીયાં રે, રૂડાં અડદવડાં મન રજીયાં રે,
તમને ભાવે છે સુંદર ભજીયાં. આરોગો૦ ૧
તાન માન સર્વ એક ત્રાજુ રે, સ્વાદુ ફરતે એક બાજુ રે,
કડી તીખી ને ગાંઠીયા કાજુ. આરોગો૦ ૨
ફરસાણ ફુલવડી મંગાવુ રે, તાજા ચોળા ચણા તે તળાવું રે,
વહાલા જમતાં તે ત્યાગી ન થાવું. આરોગો૦ ૩
ટાંકો સુવાને તાંદળજાની ભાજી રે, તળી અળવી મેથીવળી તાજી રે,
રસિયા જમો થઈ રાજી. આરોગો૦ ૪





લુણી લાલરો વિણીને લાવી રે, તાજી પાનલી ચીલ તળાવી રે,
કણંજ પણજ તે ત્યાર કરાવી. આરોગો૦ ૫
મુળા મોગરી તળીયલ કોળું રે, નાખ્યું પરવળમાં ઘૃત બહોળું રે,
વૃંતાક ને નવીન વાલોળું. આરોગો૦ ૬
તાજી સુરણની તરકારી રે, વળી કઢી તે લવીંગે વઘારી રે,
ચોળા ગ્વારફળી છમકારી. આરોગો- ૭
વા ઢોળું હું વિંઝણો લઈને રે, માગી લેજો જોઈએ તે કહીને રે,
બ્રહ્માનંદ કહે જમો ધીરા રહીને. આરોગો૦ ૮

પદ-૩

જમો જમો ગુણવંતા ગિરધારી રે, મનુવાર માનો વહાલા મારી. જમો૦
ભીંડી ડોડી રતાળુ રૂડાં રે, ચોંપ રાખી કર્યા ચીચુડાં રે,
ઘીમાં ખૂબ તળ્યાં છે ઘીસુડાં. જમો૦ ૧
ભરતાં સેજરાં સ્વાદ ભરેલાં રે, તાજાં તુરીયાં નૈયાં તળેલાં રે,
કુંભી શાક કંકોડાં કારેલાં. જમો૦ ૨
કુણાં ચીભડાં તીંડસ લેરાં રે, દહીં રાઈતાં સુંદર ઘેરા રે,
કીધાં શાક તે કોચલાં કેરાં. જમો૦ ૩
મઠ કણકને નીલવા મળિયા રે, કાજુ પાપડ ખાસા તળીયા રે,
પ્રીતે સહિત આરોગો પાતળિયા. જમો૦ ૪
અંબકેરી મુરબ્બો આણું રે, લીંબુ ગરમર મરચાં ખટાણું રે,
આદાં કમરખ કેરૂં અથાણું. જમો૦ ૫
કુંણા વાંસતણી કાતળિયું રે, કાજુ ચટણી કટેરની કળિયું રે,
વળી કેરાં કાંચરિયું તળિયું. જમો૦ ૬
દાળ અડદ ચણા કેરી ન્યારી રે, મગ ચળા તુવેર વિધિ સારી રે,
ભુંજુ ઘૃતમાં લેહેજત અતિ ભારી. જમો૦ ૭
દયા દીનને ઉપર આણી રે, પીજો જમતાં થોડું થોડું પાણી રે,
બ્રહ્માનંદ જાયે કુરબાણી. જમો૦ ૮

પદ-૪

વહાલા મારા જમીએ વનમાળી રે, હેડું હરખે છે ભુધર ભાળી. વહાલા૦
આંબાસાળને સુત્ર ત્રિપાંખી રે, કીધો ભાત કેસર માંહી નાખી રે,
જમતાં નિરખી ઠરે મારી આંખી. વહાલા૦ ૧

આંબા રસને કેળાં ધર્યા આગી રે, માંખણ સાકર લેજો માગી રે,
દયા કરીને મ થાજો ત્યાગી. વહાલા૦ ૨
છુટી ખીચડી રાંધી છે ખાંતે રે, તાજું ઘૃત પીરસ્યું રૂડી ભાતે રે,
મારા નાથજી જમજો નિરાંતે. વહાલા૦ ૩
સારો કરમલડો સખરાણું રે, દહીં લેજો ઝાઝું છે દુઝાણું રે,
કહાના જમતાં ન કરીએ ધિંગાણું. વહાલા૦ ૪
મીઠા દૂધનો કીધો છે માવો રે, હાથે સાકર નાખી હલાવો રે,
ચોખા લઈને પ્રીતમજી શીરાવો. વહાલા૦ ૫
સુગંધી કાલિન્દ્રીનાં વારી રે, ભરી કંચન કેરી ઝારી રે,
ચળુ કીજીએ દેવ મુરારી. વહાલા૦ ૬
તાજાં પાન કાથો ચુનો લાવું રે, તજ લવીંગ સોપારી ચુરાવું રે,
બીડી લઈ મુખવાસ કરાવું. વહાલા૦ ૭
ચર્ચું કેસર ચંદન સારું રે, શણગારીને આરતિ ઉતારૂં રે,
બ્રહ્માનંદ કહે ઘડી ન વિસારૂં. વહાલા૦ ૮

**રાગ : ગરબી પદ-૧**

હાંરે આવો એક વાત કહું હેલી, કે વહાલે મારે કીધી રંગરેલી. ૧
ગોવાળા નુતરીયા ઘેરે, કે પાક કરાવ્યા બહુ પેરે રે. ૨
રજની દીપક અંજવાળ્યા, કે આંગણ ઢોલીડા ઢાળ્યા રે. ૩
ઢોલીડે બેઠા ગોવાળા, કે વહાલો વિચ ઉભા રૂપાળા રે. ૪
સુંથણલીની નાડી લટકે, કે જોઈ જોઈ મારૂં મન અટકે રે. ૫
બ્રહ્માનંદ કહે પલવટ વાળી, કે મનોહર પીરસે વનમાળી રે. ૬

**પદ-૨**

હાંરે બિરંજમાં ઘી સાકર બહોળાં, કે વહાલો મારો દેછે છાકમ છોળાં.
પકોડી કડી વડી પુરી, કે રસાળી રોટલીયો રૂડી રે. ૨
અથાણાં કેરી ને આદાં, કે ઝાઝાં વ્યંજન રાયજાદાં રે. ૩
રસિયો ફેરે રંગ રમતા, કે ગોવાળાને મનડે ગમતા રે. ૪
જોરાઈએ ઠેલ ભરે થાળી, કે ગોપી ચકીત થઈ ભાળી રે. ૫
ઘણાં ભોજનીયાં મન ગમતાં, કે બ્રહ્માનંદ જામ્યો રંગ જમતાં રે. ૬





**પદ-૩**

હાંરે ભાત રંધાવ્યા બહુ ભાતે, કે ખાંતીલો ફેરે ખાંતે રે. ૧
મંગાવી દૂધ તણી હેલું, કે વહાલે મારે મચાવી છે રેલું રે. ૨
નંખાવી માંહી સાકર ઝાઝી, કે જમવા ગોપ થયા રાજી રે. ૩
ફેરે મોહનજી ફરતા, કે કોડે મનવારૂં કરતા રે. ૪
ન પિયે તોયે જોરે નાખે, કે ભુધરજી ચડીયા ભામે રે. ૫
બ્રહ્માનંદ જમ્યા રસ સોતા, કે ગોવાળા માંડ ઘરે પોતા રે. ૬

**પદ-૪**

હાંરે કે પ્રેમે ઝાઝી સોપારી, કે સમારી સુડી લઈ સારી રે. ૧
મંગાવ્યા લવિંગ ઘણાં માવે, કે ફર્યા જેમ જેને ભાવે રે. ૨
અનુપમ એલચીને ડોડે, કે કરાવ્યા મુખવાસ કોડે રે. ૩
રસિયો હોંશ કરી રમવા, કે ગોવાળાને મનડે ગમવા રે. ૪
મેલ્યાં છોંગલીયાં માથે, કે શોભલતા ગોપીજન સાથે રે. ૫
રાજે રમતા ગિરધારી, કે વદનપર બ્રહ્માનંદ વારી રે. ૬

**રાગ : રામકલી પદ-૧**

આવો રે વાલાજી તમને, માખણ જમાડું,
કહો તો તમારા ગોઠીયાને, ઘડી એક ખમાડું. આવો રે૦ ૧
રમત મેલો શ્યામ રંગીલા, થઈ ઝાઝી વેળા,
છોકરાંને શીખ દીઓ, હરિ ચાલો હું ભેળા. આવો રે૦ ૨
સાકર કેરી સુખડી કીધી, તાજું ઘી નાખ્યું,
જીવન તમને જમતાં દેખું, થાય ટાઢી આંખ્યુ. આવો રે૦ ૩
લાલજી તમને ભૂખ લાગી હશે, પહેલે ને પોરે,
બ્રહ્માનંદના નાથજી હું તો, જમાડીશ જોરે. આવો રે૦ ૪

**પદ-૨**

આરોગો અલબેલા વહાલા, સાકર સેવલડી,
રમવાની આવડી પડી શી, તમને ટેવલડી. આરોગો૦ ૧
ચોંપ કરીને સેવું રાંધુ, ઘી તાજું લાવું,
તમે જમો હું આગળ બેસી, માંખી ઉડાવું. આરોગો૦ ૨

ખુબ મસાલા માંહી ખાંડી, દહીંવડાં કરૂં ખાટાં,

બરફીનો બાલભોગ કરો, બેક સેવૈયા સાટા. આરોગો૦ ૩

જે તમને મનડે ગમે, તે માગીને લેજો,

વધુ રહે તે બ્રહ્માનંદને, પ્રસાદી દેજો. આરોગો૦ ૪

**પદ-૩**

બાલભોગ જમવા હરિને, માતા બોલાવે,

શેરીમાંથી સાદ કરીને, બાંહ્ય ગ્રહી લાવે. બાલભોગ૦ ૧

મહી કટોરો તૈયાર કર્યો, માંહી મીસરી ઘોળીને,

ચોખા કેરો કરમલડો, કાજુ આપે ચોળીને. બાલભોગ૦ ૨

વઢી વઢી વિનતી કરે કહાના, ઝાઝું ના રમીએ,

બીજું કામ તજીને બાપુ, ભાવે તે જમીએ. બાલભોગ૦ ૩

ભોજન પડતું મેલીને ઉઠે, રમવાને પ્યારે,

બ્રહ્માનંદના નાથને માતા, ખોળે બેસારે. બાલભોગ૦ ૪

**પદ-૪**

માખણ જમાડું વાલા મારા, આવોને ઓરા,

લટકાળા મુને વાલા લાગો, ગીરધારી ગોરા. માંખણ૦ ૧

ભૂધર તમને જે ભાવે તે, આણીને આલું,

ત્રિલોકીમાં તમ જેવું બીજું, નથી કાંઈ વહાલું. માંખણ૦ ૨

દહીંથરાં ને દૂધ પેંડા બેક, જલેબી સારી,

બરફીનો બાલભોગ કરો, જાઉં મુખ ઉપર વારી. માંખણ૦ ૩

આદાં લીંબુનાં અથાણાં વળી, સાટા સાકરીયા,

બ્રહ્માનંદને શીત પ્રસાદી, દેજો ડોલરીયા. માંખણ૦ ૪

**રાગ : મારૂ પદ-૧**

વારી જાઉં લીજીએ બીડી પાન, મારે રહે છે જી થારો ધ્યાન. વારી૦

કાથો ચુનો લવીંગ સોપારી, નાગરવેલરા પાન. વારી૦ ૧

આછી ખૂબ નવીન એલચી, જાયફળ સુંદર વાન. વારી૦ ૨

કહાન કુંવર થારે ઉપર કીનો, ઘર સઘલો કુરબાન. વારી૦ ૩

બ્રહ્માનંદરા નાથજી દીજે, મુખ તંબોલરો દાન. વારી૦ ૪





**પદ-૨**

લીજે પના મારૂજી મુખવાસ, હું તો ઉભી કરૂં અરદાસ. લીજે૦

મન મોહન મુખવાસ લીયો તો, હોય મારે હૈયેમેં હુલ્લાસ. લીજે૦ ૧

માણીગર સિયાવર માનો, અરજ કરૂં થારે પાસ. લીજે૦ ૨

લાલ મનોહર બીડી લીજે, કીજે અધિક બિલાસ. લીજે૦ ૩

બ્રહ્માનંદરા નાથ તંબોલરી, અધિક મારે મન આશ. લીજે૦ ૪

**પદ-૩**

લીજે બીડી રસિક પિયા જદુરાય, મેં કીની તુરત બનાય. લીજે૦

બીડી સુંદર બેસ બનાઈ, ચાખીને ચિત્ત ચહાય. લીજે૦ ૧

પાન નવીન લવીંગ સોપારી, ચુનો નવલ લગાય. લીજે૦ ૨

તન મન રંજ એલાયચી તાજી, લે ઉભી એક પાય. લીજે૦ ૩

બ્રહ્માનંદ તંબોલરી આશા, લાગી રહી ઉરમાંય. લીજે૦ ૪

**પદ-૪**

લીજે બીડી શ્યામળીયા સરદાર, કીની તાજી તુરત તૈયાર. લીજે૦

નાગરવેલરા પાન અનોપમ, લવીંગ સોપારી સાર. લીજે૦ ૧

હાથાહોથ લીયો હરિ બીડી, નટવર પ્રાણ આધાર. લીજે૦ ૨

લે મુખવાસ હસો કર લટકાં, આનંદ હોય છે અપાર. લીજે૦ ૩

જદુવર છબી દેખકર જાવે, બ્રહ્માનંદ બલીહાર. લીજે૦ ૪

**રાગ : વેરાવલ પદ-૧**

લાલ મનોહર લીજીએ, મુખવાસ મોરારી,

શ્યામ સોહાગી શ્યામળા, જાયે મુખપર વારી. લાલ૦ ૧

જોઈએ તો લાવું જાયફળ, તજ સુંદર તાજી,

આરોગો મારા નાથજી, રસિયા થઈ રાજી. લાલ૦ ૨

લવિંગ સોપારી એલચી, કાથો ચુનો મેલાવું,

નાગરવેલી પાનની, કાજુ બીડી બનાવું. લાલ૦ ૩

હરિજન દર્શન કારણે, ઉભા ચહુ પાસ,

માવા મુખ તંબોળની, બ્રહ્માનંદને આશ. લાલ૦ ૪

**પદ-૨**

રતન સિંહાસન ઉપરે રસિયોજી રાજે,
અદ્‌ભૂત શોભા જોઈને, છબી કંદર્પ લાજે. રતન૦ ૧
જામો પહેર્યો જરકસી, સેહરો શીર સારો,
પીળી ઓઢી પામરી, બેઠા નંદદુલારો. રતન૦ ૨
કમર કટારો શોભતો, પોંચી બેઉ હાથે,
ઉપરણી ઓપી રહી, મોલીડાં માથે. રતન૦ ૩
ફુલમાળા ગળે ફુટડી, ધારી ગિરધારી,
શોભા જોઈ શણગારની, બ્રહ્માનંદ બલીહારી. રતન૦ ૪

**પદ-૩**

અખંડ પિયાજીની આરતી, અતિ હેતે ઉતારૂં,
મહા મનોહર મૂરતિ, અંતરમાં ધારૂં. અખંડ૦ ૧
અગર ધુપ અતિ શોભતા, દીપક અજવાળું,
મુખડું મોહનલાલનું નિરખું રૂપાળું. અખંડ૦ ૨
ભેરી શંખ મૃદંગ ધુની, વાજાં અતિ વાજે,
બ્રહ્મા ભવ સુર આવિયા, સૌ દર્શન કાજે. અખંડ૦ ૩
જય જય વાણી ઉચ્ચરે, ઘેરે સ્વર ગાવે,
બ્રહ્માનંદના નાથની, છબી જોઈ સુખ પાવે. અખંડ૦ ૪

**પદ-૪**

પ્રાણજીવન પધરાવિયા, મંદિરીયાં માંહી,
પોઢ્યા સારૂં પ્રેમશું, સુખ સેજ બીછાહી. પ્રાણજીવન૦ ૧
પ્રીતમ બેઠા પલંગ પર, આવી અલબેલો,
રૂડો લાગે રાજવી, છોગાળો છેલો. પ્રાણજીવન૦ ૨
મોહન દીધી મુજને, ફુલડાંની માળા,
પગ ચાંપું હું પ્રેમથી, થયા શ્યામ સુખાળા. પ્રાણજીવન૦ ૩
શીખ કરી સર્વે સાથને, પોઢ્યા કુંજવિલાસી,
બ્રહ્માનંદ હજુરમાં, એકાંતિક દાસી. પ્રાણજીવન૦ ૪





**રાગ : કાફી પદ-૧**

જમોને ગોપીનાથજી સુંદર લાડુ રે. જમો૦ ટેક૦
ઘૃત સાકરમાંહી ઝાઝાં ભેળીને, હરિવર હેતે હું જમાડું રે. જમો૦ ૧
જગ જીવન મારે હાથે જમો તો, ઘણું ઘણું માનીસ હું સપાડું રે. જમો૦ ૨
સુંદર મુખડું હું જમતાં રે જોવું, થાયે મારા અંતરમાંહી ટાઢું રે. જમો૦ ૩
પ્રેમાનંદ ઉભો આશ કરીને, જમીને આપો પનવાડું રે. જમો૦ ૪

**પદ-૨**

જમોને ઘનશ્યામજી પુરી શીરો રે. જમો૦ ટેક૦
બહુ પકવાન તમ કાજ કર્યા છે, બીરજં હરીસો સાકર કેરો રે. જમો૦ ૧
લાવી છું ડોલરીયાના હાર ગુંથીને, જમીને જીવન તમે પેરો રે. જમો૦ ૨
જીવન તમને જમતાં જોઉં તો, મટે મારા ભવ કેરો ફેરો રે. જમો૦ ૩
પ્રેમાનંદને શીત પ્રસાદી, દીયો તો રાજી છે ઘણેરો રે. જમો૦ ૪

**પદ-૩**

લીયોને ગોપીનાથજી મુખવાસ રે. લીયો૦ ટેક૦
તજ એલાયચી જાવંત્રી જાયફલ, હાજર ઉભી છું લઈને પાસરે. લીયો૦ ૧
કાથો ચુનો તજ લવીંગ સોપારી, બીડી મેં વાળી છે કરી ઉલાસ રે. લીયો૦ ૨
મારે હાથે હું બીડી મુખમાં આપું. આજ મારે આવ્યો અવકાશ રે. લીયો૦ ૩
મુખ તંબોલ લીધાની રે મોહન, પ્રેમાનંદને છે ઘણી આશ રે. લીયો૦ ૪

**પદ-૪**

આપું છું બીડી પાનની હું બનાવી રે. આપું૦ ટેક.
નાગરવેલીનાં પાન મનોહર, પાકાં પાકાં જોઈને આખાં લાવી રે. આપું૦ ૧
કાથો ચુનો ને લવીંગ એલાયચી, વાંકડી સોપારી કતરાવી રે. આપું૦ ૨
પ્રીત કરીને સુંદર બીડી મેં વાળી, મુખમાં મેલું પાસે આવી રે. આપું૦ ૩
પ્રેમાનંદને કૃપા કરીને, મુખ તંબોલ આલો આવી રે. આપું૦ ૪

**રાગ : સારંગ રાજભોગનો થાળ પદ-૧**

જીમીયે જન સુખદાઈ, ભોજન જીમીયે જન સુખદાઈ. ભોજન૦
ખટરસ ચાર પ્રકાર સુધારકે, ભક્તિ માત લે આઈ. ભોજન૦ ૧
પૂર્યો કનક થાળ અતિ સુંદર, કંચન પાટ બીછાઈ,
છપ્પન ભોગ છતીસહુ બિંજન, રચના કહી ન જાઈ. ભોજન૦ ૨

લડુવા બોત પ્રકાર કે નૌતમ, પૈંડા બરફી બનાઈ,
ઘેબર ખાજાં સરસ જલેબી, સૂત્રફેણી મન ભાઈ. ભોજન૦ ૩
મરકી મેસુબ સાટા ગુંજા, ગુલાબપાક ગુનદાઈ,
લુચઈ પુરી ઠોર કચોરી, બરની ન શક્યો મીઠાઈ. ભોજન૦ ૪
ઘણી પાપડ પાપડી પૂડા, માલપુવા અધિકાઈ,
સેવ સુંવારી ખીર ખાંડ ઘૃત, જીમીયે નાથ અઘાઈ. ભોજન૦ ૫
મધુ મેવા અરૂ માખન મિસરી, સિરખન બીરંજ સોહાઈ,
ભજીયાં વડાં ગુલ ગુલાબકળી ભલી, ગીનત પારકો પાઈ. ભોજન૦ ૬
કેરી આદા નીંબ મિરચી, ખારક દ્રાક્ષ તિખાઈ,
અથાનેકો અંત નહી તબ, રહ્યો કહત સંકુચાઈ. ભોનજ૦ ૭
ભાજી સુંદર સરસ બની પ્રભુ, જીમો દેઉ બતાઈ,
કાશીફળ કંકોડાં પરવર, સુરનકી સરસાઈ. ભોનજ૦ ૮
વાલોરી વૃંતાક કારેલાં, કીતની કરૂં બડાઈ,
નયાંકો અતિ સરસ રાઈતો, તુલ્ય પરી હે રાઈ. ભોજન૦ ૯
કઢી વડી અરૂ ચના તરેલકો, સ્વાદ હે સરસ સવાઈ,
બથુવા મેથી સુવા ટાંકા, ભાજી સરસ રંધાઈ. ભોજન૦ ૧૦
દાળ ભાત જીમીયે સુંદર, મીસરી ગોરસમાંઈ,
હોરે હોરે ગ્રાસ ભરો પ્રભુ, લાવું દુધ ઓટાઈ. ભોજન૦ ૧૧
અતિ આનંદ હોઈ જીમો જીવન, થાર સુનાવું ગાઈ,
પ્રેમાનંદ પનવારો જુંઠકો, દીજે પાસ બોલાઈ. ભોજન૦ ૧૨

**રાગ : બીહાગ પદ-૧**

મારે મંદિર પધારો પ્રભુ પ્રીત કરી. મારે૦ ટેક.
શંકા કોઈની ધરસોમાં, આવો મગન થકાં છોગાં શીશ ધરી. મારે૦ ૧
વિધવિધનાં પકવાન કર્યા છે, પીરસી મેલ્યો છે મેંતો થાળ ભરી,
મોતૈયા સેવૈયા સાટા જલેબી પેંડા, બરફીને બીરંજ હરીસો હરિ. મોરે૦ ૨
શાક પાક બહુ ભાતે કર્યા છે, કસર નથી માંહી કસીયે જરી,
જે જે ગમે તે જમજો હરિ મારા, માગી લેજો ઉપર મીઠું રે મરી. મારે૦ ૩
સર્વે મનોરથ પૂરો મારા, આવો નહિ આવે મારે લાગ ફરી,
પ્રેમાનંદના નાથ ધર્મકુંવર પિયા, મન કર્મ વચને હું તમને વરી. મારે૦ ૪





**પદ-૨**

મારે ભુવન પધારો હરિવર હસતા. મારે૦ ટેક.
પ્રીત કરીને પ્રીતમ તમને, લાડવા જમાડું સુંદર લસલસતા. મારે૦ ૧
વસન આભૂષણ પહેરીને પધારો. ગૂઢો રેંટો કમરે કસતા,
ચાખડીયો પહેરીને ચટકતી લટકતી, ચાલે મારે ઉર વસતા. મારે૦ ૨
ડોલરીયાના ઉર હાર પહેરીને, અતર ફુલેલમાં સમસમતા,
આવતાં ઉર શંકા ન ધરશો, દુરિજન દેખીને છોને ભસતા. મારે૦ ૩
જમતાં જીવન લટકાં કરીને, નરનારીના ઉરમાં ધસતા,
નેણાં ભરીને નિરખું નટવર, પ્રેમાનંદને લાડુ પીરસતા. મારે૦ ૪

**પદ-૩**

તમે જમો જમો મારા ઠાકરીયા. તમે૦ ટેક.
હરિવર મારે હાથે જમાડું, સુંદર લાડુ સાકરીયા. તમે૦ ૧
પેંડા બરફી ખાજાં જલેબી, મરકી મેસુબ ને ઘેબરીયાં,
શીરો પુરી કંસાર હરીસો, બીરંજ જમો કહાના કેશરીયા. તમે૦ ૨
ભજીયાં વડાં તળ્યા છે પાપડ, મીઠું જીરૂં નાખીને મરીયાં,
શાક પાક સુંદરવર જમજો, રાયતણાં સુંદર દૈથરીયાં. તમે૦ ૩
આંબામોરનો ભાત અનુપમ, દૂધ સાકર જમો ગિરિધરીયા,
વધે તે પ્રેમાનંદને આપો, ધર્મકુંવર રંગના ભરીયા. તમે૦ ૪

**પદ-૪**

આપું પાન બીડી જમો ભક્તપતિ. આપું૦ ટેક.
ધર્મકુંવર ઘનશ્યામ સુંદરવર, તમથી વહાલું મારે કોઈ નથી. આપું૦ ૧
નાગરવેલીનાં પાન મનોહર, કાથો ચુનો મેલી રતી રે રતી,
તજ એલાયચીં માંહી લવીંગ સોપારી, બીડી વાળી છે વાલ સરસ અતિ. આપું૦ ૨
સુંદર મુખમાં બીડી આપું, નિરખું ચકોર જ્યું ચંદ ગતિ,
પીકદાની કરૂં હાથતણી મારે, ઘણારે દિવસની આશ હતી. આપું૦ ૩
તન મન વારૂં આરતી ઉતારૂં, એ વર માગું કરી વિનંતી,
ધર્મકુંવર ઘનશ્યામ ચરણમાં, પ્રેમાનંદની રહો અચલ મતિ. આપું૦ ૪

### રાગ : વસંત પદ-૧

ધન્ય ધન્ય આજ સપરમો દહાડો, મોહન મંદિર પધાર્યા,
અમ ઘેર આવતાં વહાલાને, સોકલડીયે બહુવાર્યા. ધન્ય૦ ૧
આજ મારાં ભાગ્ય કહ્યામાં ન આવે, મુંખડું જોઈ જોઈ ફુલી,
શું શું કરૂં શ્યામળીયા સારૂં, દેહ દશા શુધ ભૂલી. ધન્ય૦ ૨
ઉઠી ઉતાવળી પ્રેમ વિવશ થઈ, દુધડે ચરણ પખાળ્યાં,
દુઃખડાં લઈને મોતીડે વધાવ્યા, તાપ હૈયાના ટાળ્યા. ધન્ય૦ ૩
છપર પલંગ પર સેજ સંવારી, પધરાવ્યા શ્યામ સોહાગી,
જીવન કહે છે લાવો જમ્યાનું, ભુખલડી બહુ લાગી. ધન્ય૦ ૪
છપન ભોગ બત્રીસે વ્યંજન, લાવીને પૂર્યા થાળ,
જમવા બેઠા હરિવર હેતે, શરણાગત પ્રતિપાળ. ધન્ય૦ ૫
લાડુ જલેબી ઘેબર સાટા, બરફી પેંડા બહુ સારા,
દળ મગદળને બીરંજ હરીસો, જમજો પ્રીતમજી પ્યારા. ધન્ય૦ ૬
વિદવિધનાં પકવાન કર્યા છે, ગણતાં પાર ન આવે,
જીવન જમજો સારાં સારાં, જે જે તમને ભાવે. ધન્ય૦ ૭
ખારક દ્રાક્ષને ચીરીયો રાયતી, અથાણાં બહુ ભાતે,
ભજીયાં વડાં ને પાપડ પુડલા, જમજો હરિ કરી ખાંતે. ધન્ય૦ ૮
દુધપાક ને શીખંડ બાસુંદી, શીરો પુરી ને કંસાર,
ભાત ભાતનાં શાક કર્યા છે. કઢી વડી રાયતાં ત્યાર. ધન્ય૦ ૯
દાળ ભાત જમી દુધ સાકર પીધાં, હામ હૈયાની વહાલે પુરી,
ચળુ કરાવીને મુખવાસ આપે, પ્રેમાનંદ હજુરી. ધન્ય૦ ૧૦

### રાગ : ગરબી થાળ

મારે મંદિર આવ્યા માવજી રે, જમવા જીવન પ્રાણ,
મેંતો પ્રેમ ઘણે પધરાવિયા રે, સુંદર શ્યામ સુજાણ. ૧
પૂજા કીધી મેં પ્રેમશું રે, અંગે ઘણો ઉમંગ,
જોતાં રસિયાજીનાં રૂપને રે, રાચી એને રંગ. ૨
મેંતો ભોજનીયાં બહુ ભાતનાં રે, પીરશ્યો પૂરણ થાળ,
ધર્યો શ્યામ સલુણા આગળે રે, હસિયા દીનદયાળ. ૩





મને ભૂખ ગણી છે ભામની રે, તે માટે તતકાળ,
તમે પ્રેમ ઘણે કરી પ્રમાદ રે, લાવ્યાં અન્ન રસાળ. ૪
આજ તો ભાવ વધ્યો છે ભામની રે, જમવા તારે હાથ,
એવું કહીને આનંદ પામીયા રે, જાણ ઘણા જદુનાથ. ૫
ભાવે ભોજન ચાર પ્રકારનાં રે, શાક પાક બહુ અન્ન,
મારે હાથ જમ્યા છે માવજી રે, ટાઢું થયું તન. ૬
મેં તો છપ્પન ભોજન સૂચવી રે, જમાડ્યા જદુરાય,
પ્રેમે પાન બીડી દઈ મુખમાં રે, લાગી હરિને પાય. ૭
વાલે હાસ કરી હસાવિયાં રે, સુંદર કરી સંવાદ,
આપ્યો મુક્તાનંદને પ્રેમશું રે, થાળ ભરી પ્રસાદ. ૮

### મુક્તાનંદ મુનિ કૃત કચ્છી થાળ પદ-૧

ગ્વાલ બાલ લાલ, જમે મદનગોપાલ લાલ, સોનેકા થાળ,
ઈસ્મે જમે શ્રી મહારાજ ગ્વાલ બાલજી ટેક૦
હરિકે આગે આયે ભક્તિ માત, સખીયા લઈ આયે સાથ,
કરતી આપા ઉસમેં બાત, ઉસકી આયરકી જાત,
ચંપા મોગરેકા તેલ,ઔર કસ્તુરી ધુપેલ, મર્દન કરે કનૈયાલાલ,
જમે મદન ગોપાલ૦...... ૧
હરિકે જમના જલહુ લાઈ, તાંબા કુંડીમે ઠલવાઈ,
બાજોઠ પર બેસાઈ, દેખો લાલકી સફાઈ, એક ગોપી લાઈ ટોપી,
હીરા સાંકળી અંબોટી,ઓઢી કંસુબલ સાલ,
જમે મદન ગોપાલ૦...... ૨
હરિકે પ્રથમ મેવા લીયે સાર, પપનીસ બડે બડે દો ચાર,
શેતુ જંબુ હે ગુલદાર, કેળા સફરજન અનાર,
ચણીયે બોર લંબી બોર,નહિ લાઈ હે અખોડ,ઈસ્કી લાલ હે છાલ,
જમે મદન ગોપાલ૦...... ૩
હરિકે સાફ કરની હે બદામ, ખારેક મીઠી હે તમામ,
પિસ્તા હલવા હે ઘનશ્યામ, અમૃત આફુસી હે આમ,
નારંગી દોરંગી, ભોયંકી લંબી ચંબી, ખટી મીઠી ઠંડી દ્રાક્ષ,
જમે મદન ગોપાલ૦ ૪

હરિકે લડુ મગદળકા હે સારા, હલવા ખુરમા ખુબીવાળા,
સાટા જલેબી હે ન્યારા, બુંદી છુટી લ્યોને પ્યારા, લ્યો લ્યો બડે તાજે તાજે,
ગુન ગુન આપ આપ મેં ગાજે, ઈસ્કુ જુદે કરો હો લાલ.
જમે મદન ગોપાલ૦...... ૫

હરિકે શીરો પુરીને દૂધપાક, છાલા ચારોલી હૈ દ્રાક્ષ,
ઉપર સકરબુર સાફ, લાલ ઈસ્મેસે તું ચાખ,
અંદર જાવત્રી જાયફળ, ઔર કસ્તુરી કેસર શીખંડ બાસુંદીકા થાળ,
જમે મદન ગોપાલ૦...... ૬

હરિકે લડુ ચુરમેકા ખુબ, બનઈ ભણજ હુબાહુબ, લાઈ બરજથી મેસુબ,
બાટી ઘીમાં સુબા સુબ, રખીહે માવેકા ગુલ ગુલા, ઠોર રહે માલપુડે,
બડે બડે હે ફાફડે, આગળ તળેલી હે દાળ,
જમે મદન ગોપાલ૦...... ૭

હરિકે ભોજન ભાત ભાત કે ભાણે, ઈસ્મે રખીયે એલચી દાણે,
બરફી ખાઓ ગીરધર શાણે, ભોજન ભાત ભાત કે ભાણે,
લડુ સેવૈયા મોતૈયા, શક્કર ઘેબરકા કદૈયા, ગુંદર પાકકો રસાલ,
જમે મદન ગોપાલ૦...... ૮

હરિ કે રોટી જીરાસાઈ ભાત, સુંદર તરકારી હે જાત,
ભીંડા વાલોળ વૈંતાક સુરણ ગીસોડેકા શાક, કડી વડી ઝાઝી લાઈભાજી,
તરકર મુળા ગલકારી હે તાજી, ઈસ્મે અચ્છી રીતે ડાલ,
જમે મદન ગોપાલ૦...... ૯

હરિકે ચટણી આંબલીકી બનાઈ, કોથ ફુદીસે મલવાઈ,
લીલે મરચેકી તિખાઈ, આરસ પથ્થરસે કુટવાઈ, કોથમરી લીલે ધાણે,
ધ્રુજે મરી કેરે દાણે, અંદર મીઠે જીરે ડાલ,
જમે મદન ગોપાલ૦...... ૧૦

હરિકે લીંબુ આદુ સારે, ફુદકેલકે અસારે, લીલે મરચે તીખે ભારે,
સ્વાદ ગરમરકા હે ન્યારે, દહીં છાસ હે મોરી, માખણ ઓર કચોરી,
મોળે સાટે પુરણ પોળી, દુધ ઘી થીણે મેં માલ,
જમે મદન ગોપાલ૦...... ૧૧





હરિકે લાઈ ભર સોનેકી ઝારી, પાણી પીજે શ્રીગીરધારી,
પાન લવીંગ સોપારી, અંદર એલચી હે ન્યારી,કાથા ચુના હે પુરણ,
ભાત ભાતકા ચૂરણ, મુખડા હો જાયેંગા લાલ,
જમે મદન ગોપાલ૦...... ૧૨

હરિકે થાળ પ્રેમાનંદજી ગાવે, ઈસ્કો પાર કોઈ ન પાવે,
પ્રસાદી કી કરેલ આશ, લાલા રખલે તેરી પાસ, જાણે પહોંચ્યા અક્ષરધામ,
લીજીએ સહજાનંદકો નામ, મુક્તાનંદજીકા થાળ,
જમે મદન ગોપાલ૦...... ૧૩

**રાગ : વેરાવર પદ-૧**

બાલભોગ અતિ હેતશે, કરૂણાનિધિ કીજે,
ભોજન અનેક પ્રકારકે, ભાવે સોઈ લીજે. બાલભોગ૦ ૧
લાલ નવલ તેરે લીયે, શુચિ સેવ બનાઈ,
સાકર ઘૃત લેકે જમો, સુંદર સુખદાઈ. બાલભોગ૦ ૨
નવલ શ્યામ નવનીતમેં, મિસરી અતિ ડારી,
આઈ ભુવન આરોગીયે, વ્રજરાજ વિહારી. બાલભોગ૦ ૩
રૂચી રૂચી ભોગ લગાઈએ, કીજે રસ બતિયાં,
બ્રહ્માનંદ કહે હોત હે, શીતળ મેરી છતિયાં. બાલભોગ૦ ૪

**પદ-૨**

જશોમતિ અપને લાલકું, લીયે નિકટ બોલાઈ,
કરૂણા સાગર કીજીએ, ભોજન મન ભાઈ. જશોમતિ૦ ૧
કહાન અધિક નહિ ખેલીએ, આજ ભઈ એવરી,
બાલ ભોગ કરીકે રમો, બ્રજહુંકી શેરી. જશોમતિ૦ ૨
તેરા બાવા થાળ લે, બેઠા મગ હેરે,
ભોજન ઠંડે હોત હે, મનમેં નહિ તેરે. જશોમતિ૦ ૩
મહી માખણ મીસરી સહિત, લે ભોગ લગાવો,
બ્રહ્માનંદ કે નાથ જ્યું, મોરે મન ભાવો. જશોમતિ૦ ૪

**પદ-૩**

બાલ ભોગ કરને લગે, સુંદર સુખદાની,
માખણ મીસરી લાય કે, દીને નંદ રાણી. બાલભોગ૦ ૧
ખીર ખુવા આગે ધરે, સાકર માંહી ડારી,
લડુ અપને લાલકું, દેવત મહેતારી. બાલભોગ૦ ૨
કાન તીહારે કારને, નઈ મોરલી લીની,
રૂપ અજબ રંગસે ભરી, બોલત ધુની ઝીની. બાલભોગ૦ ૩
જો તુમરે આગે ધર્યો, તિતનો જેંય લૈહો,
બ્રહ્માનંદ કહે બંસરી, તો પીછે પૈહો. બાલભોગ૦ ૪

**પદ-૪**

ગોપી ગિરિધર લાલકું, લિયે ભુવન બોલાઈ,
બાલ ભોગ આગે ધરે, જીમત રુચિ લાઈ. ગોપી૦ ૧
લડુ મોતીચુરકે, પુનિ શક્કરપારા,
શીરાપુરી પાક પય, મિષ્ટાન્ન અપારા. ગોપી૦ ૨
જો તુમકું નીકા લગે, સો માંગકે લીજે,
જીમત બેરીયાં જદુપતિ, લજ્જા નહિ કીજે. ગોપી૦ ૩
ચલુ અધાયકે કીજીએ, લીજે મુખવાસા,
બ્રહ્માનંદ પ્રસાદીકી, અંતર અભિલાષા. ગોપી૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

જમો ઘનશ્યામ પ્રીત કરીને, હું તો નિરખું પ્રેમ ધરીને, જમો૦
ઘેબર સાટા જલેબીને ખાજાં રે, બરફી પેંડા પતાસાં ઝાઝાં રે,
ફુલવડીને ભજીયાં તાજાં. જમો૦ ૧
માલપુડા શીરો સેવૈયા રે, બીરંજ હરિસો મોતૈયા રે,
રસ રોટલી છે બળ ભૈયા. જમો૦ ૨
દુધપાક પુરી કંસાર રે, કેળાં પોળી ને સેવ છે સાર રે,
નરમ દાળ વડાં સુખકાર. જમો૦ ૩
કઢી વડી કરી હરિ પ્યારી રે, રૂડું રાયતું ભાજી છે સારી રે,
વાલોળ વંતાક મેલ્યાં વઘારી. જમો૦ ૪





પરવળ કારેલાં કંકોડાં રે, સાકરકોળાં ને ઘીસોડાં રે,
તળ્યાં સુરણ મીઠાં ઘીલોડાં. જમો૦ ૫
પાપડ કેરી આદુ અથાણું રે, ભાત ઘી સાકર દુધ ઘણું રે,
ટાઢું જળ પીજો ઘેલા તણું. જમો૦ ૬
જમી ચળુ કરી સુખ પાય રે, લીજે પાન બીડી હરિરાય રે,
મંજુકેશાનંદનો નાથ. જમો૦ ૭

**રાગ : સારંગ પદ-૧**

આરોગો મહારાજ, બદ્રિપતિ આરોગો મહારાજ,
નરનારાયણ નાથ મનોહર, તુમ પ્રગટે જન કાજ. બદ્રિપતિ૦ ૧
મેવા ઘૃત અરૂ વિવિધ મીઠાઈ, અનંત પ્રકાર અનાજ,
શીરા પુરી બિરંજ સેવૈયા, શાક પાક સબ સાજ. બદ્રિપતિ૦ ૨
દૂધપાક માલપુવા મગદળ, ભાજી સુંદર શિરતાજ,
મોતૈયા મેસુબ લઈને, ઠાડે સંત સમાજ. બદ્રિપતિ૦ ૩
ભુંડો ભલો તુમારો ભિક્ષુક, દ્વારી કરત અવાજ,
બ્રહ્માનંદકું શીત પ્રસાદી, દીજે ગરીબ નિવાજ. બદ્રિપતિ૦ ૪

**પદ-૨**

આરોગત દોઉ વીર, બદ્રિપતિ આરોગત દોઉ વીર,
નરનારાયણ ધર્મસુત દેવ, દ્રઢવ્રત શુભ તન ધીર. બદ્રિપતિ૦ ૧
માત અહિંસા વિવિધ પાક ધરી, અતિ રાખત તતબીર,
ખુવા પુવા માલપુવા ખાજાં, ઘૃત સાકર અરૂ ખીર. બદ્રપિત૦ ૨
દર્શન કાજ મુનિરાજ મીલે, સબ ભઈ દેવનકી ભીર,
બ્રહ્મા અરૂ સુરરાજ મહેશ્વર, ઠાડે ધર્મ અજીર. બદ્રિપતિ૦ ૩
જીમ અધાય ચલુ જબ કીનો, લે નિર્મળ શુભ નીર,
મહા પ્રસાદકી કણીકા માગત, બ્રહ્માનંદ ફકીર. બદ્રિપતિ૦ ૪

**પદ-૩**

ચાવત બીડી પાન મહાપ્રભુ, ચાવત બીડી પાન,
અખિલ ભવન નાયક અવિનાશી, સ્વે સામૃથ ભગવાન. મહાપ્રભુ૦ ૧
રૂચીર નવિન સોપારી ચુરો, લવીંગ એલચી આન,
તજ તમાલ કોમળ મહીં કાથો, ચુનો તેહી સમાન. મહાપ્રભુ૦ ૨

સુંદર શ્યામ સિંહાસન બેઠે, માનહું ઉદિત ભયો ભાન,
લાલા અધર તંબોલ રંગે હે, ધરત મુનિ જાકો ધ્યાન. મહાપ્રભુ૦ ૩
બીડી ચાવત જન મન ભાવત, ગાવત સુંદર તાન,
બ્રહ્માનંદકે નાથ રંગીલે, વિલસત ભીનેવાન. મહાપ્રભુ૦ ૪

પદ-૪

કરત આરતી માત અહિસા, કરત આરતી માત,
નરનારાયણ સુંદર બેઠે, સિંહાનસ દોઉં ભ્રાત. અહિસા૦ ૧
ચિતકે ચોર જોર દ્રગ વંકે, શ્યામ શુભગ છબી ગાત,
જરકશી લસત મનોહર જામા, અજબ કાન્તિ અધિકાત. અહિસા૦ ૨
બાજુબંધ જટિલ ભુજ બંધે, મોતીની માળ સોહાત,
અદ્ભૂત રૂપ નિરખ સુર ત્રિયકે, મન લોચન હરખાત. અહિસા૦ ૩
ભાલ તિલક શીર મુગટ અનોપમ, દેખત જન લલચાત,
બ્રહ્માનંદ વસો ઉર અંતર, એહિ મૂર્તિ દિન રાત. અહિસા૦ ૪

રાગ : સારંગ પદ-૧

જમોને મારા નાથજી સારૂં સારૂં રે,
વિધવિધના મેં તો પાક બનાવ્યા, શાક કટોરા કેરી હારૂં રે. જમો૦ ૧
લાલ મનોહર માગીને લેજો, જે કાંઈ લાગે તમને પ્યારૂં રે. જમો૦ ૨
જગજીવન પોતાની રે જાણીને, કહેજો જે હોય ખાટું ખારૂં રે. જમો૦ ૩
બ્રહ્માનંદ કહે શીત પ્રસાદી, દીયો તો થાય કામ મારૂં રે. જમો૦ ૪

પદ-૨

આરોગો મારા નાથજી પ્રિતે પ્રિતે રે. આરોગો૦
ઓરડીઆ અંજવાળીને રાખ્યા, ચિત્ર કરાવ્યાં રૂડી ભીંતે રે. આરોગો૦ ૧
શ્યામળીયા રે નટવર તમ સારૂં, રસોઈ કરી છે રૂડી રીતે રે. આરોગો૦ ૨
પવન ઢોળીશ કર લઈને રે પંખો, ગાઈને રીઝાવું રૂડે ગીતે રે. આરોગો૦ ૩
બ્રહ્માનંદ કહે શીત પ્રસાદીથી, શાન્તિ થાય છે મારે ચિત્તે રે. આરોગો૦ ૪

પદ-૩

આરોગો મેવા નાથજી રૂડા રૂડા રે. આરોગો૦
શીરા પુરીને સેવૈયા, પુરણ પોળીને માલપુડા રે. આરોગો૦ ૧





બીરંજ કંસાર હરિસો બરફી, ઝબોળેલ રોટલીઓના ઝુડારે. આરોગો૦ ૨
ચોળા મગફળી છમકારી કાજુ, મેં તો તળેલ કંકોડા રે. આરોગો૦ ૩
બ્રહ્માનંદના નાથ તમારે કાજે, ઘૃતમાંહિ તળ્યાં છે ઘિસોડાં રે. આરોગો૦ ૪

પદ-૪

આવીને જમો નાથજી વારી વારી રે. આવીને૦
લાડુને પયપાક લાપસી, સેવ ઝીણી બાફીને ઉતારી રે. આવીને૦ ૧
ઘૃત તાજું તાવેલ ધરાઉં, થાળમાં ખીચલડી ઠારી રે. આવીને૦ ૨
પાપડ તળીયા મેં પ્રિત કરીને, ભજીયાં કર્યા છે સ્વાદુભારી રે. આવીને૦ ૩
બ્રહ્માનંદને શીત પ્રસાદી, દીજે વૃજરાજ વિહારી રે. આવીને૦ ૪

રાગ : ધન્યાશ્રી પદ-૧

જીમત શ્યામ સુજાન મહાપ્રભુજી, જીમત શ્યામ સુજાન,
સહજાનંદ મનોહર મૂર્તિ, સંતનકે સુખદાન. મહાપ્રભુ૦ ૧
મંજન કર ઉત્તમ જલ મોહન, પિતાંબર પહેરાન,
ભોજન રૂચિ સુખાસન બેઠે, જન નિજ પ્રિતી જાન. મહાપ્રભુ૦ ૨
કંચન પાટ થાળ પુનિ કંચન, વાસન કનક બખાન,
ઝારી કનક ભરી જલ જમુના, કંચન ગ્રહ કમઠાન. મહાપ્રભુ૦ ૩
તાજે તરત તમતમે તીખે, ચિકના રૂ મિષ્ટાન્ન,
લવણ ક્ષાર હાજર કરી લાયે, ખટરસ ભોજન ખાન. મહાપ્રભુ૦ ૪
શીરા સેવ બીરંજ સાબુની, રૂચિર થાલ મહી ઠાન,
પ્રેમ મગન નિરખત પ્રિતમ મુખ, નિજજન પીરસત આન. મહાપ્રભુ૦ ૫
મોદક તલે અધિક મહી મીસરી, ઉત્તમ રસ અંબાન,
પાપડ વડી પકોડી પુરી, માલપુવા પકવાન. મહાપ્રભુ૦ ૬
સુભગ સંકાર અરૂ સુધરના, નાથ કરે નજરાન,
ફુલકાં ગરમ નરમ કરી ઘૃતસે, પીરસત રૂચિર પરમાન. મહાપ્રભુ૦ ૭
મોતૈયા મેસુબ મીઠાઈ, ઘેબર અધિક ઘીયાન,
સાટા અરૂ પેંડા અતિ સુંદર, ફુલવડી ફરસાન. મહાપ્રભુ૦ ૮
ફેણી સુતર ગાંઠીયા બરફી, સેવૈયા શકરાન,
તિખી કળી જલેબી તાજી, મગદળ ઘૃત તૃપ્તાન. મહાપ્રભુ૦ ૯

આદાં લીંબુ અજબ અથાના, કેરી મરચ કહાન,
ઉરહી અરૂ ભાજી તાંદુલકી, હરિ જીમત મુસ્કાન. મહાપ્રભુ૦ ૧૦
ચોળા ગ્વારફળી છુંકારી, કછું ઝાલર છુંકાન,
વાલોરાં મુરી વંતાગન, શાક ન અધિક સમાન. મહાપ્રભુ૦ ૧૧
દુધ ભાત મહી માખણ મેવા, અર્પે જીવન પ્રાન,
વિધિવિધ જનમન મોદ વધારણ, રૂચિરૂચિ ભોગ લગાન. મહાપ્રભુ૦ ૧૨
જીમ અધાય તૃપ્ત ભયે જીવન, કીયે આચમન રૂચિ માન,
કાથો ચુનો લવીંગ સોપારી, ચાવત બીરી પાન. મહાપ્રભુ૦ ૧૩
ચંદન ચરચ પુષ્પ ગલ ચોસર, આરતી હી ઉતરાન,
બ્રહ્માનંદ નવલ પ્રીતમકો, રહો રેન દીન ધ્યાન. મહાપ્રભુ૦ ૧૪

**રાગ : ગરબી પદ-૧**

મારે મંદિર આવી મહારાજ રે જમજો જીવનજી૦
હરિ હેત કરીને તમે આજ રે. જમજો૦ ૧

મેંતો ભોજન કર્યા બહુ ભાવ રે. જ૦ આવી બેસો બાજોઠીયે માવ રે. જ૦ ૨
લાવું કનક થાલ જીવન રે. જ૦ માંહી પુર્યા છે બહુ ભોજન રે. જ૦ ૩
દુધપાક પુરણ પોળી રે. જ૦ રસ રોટલી ઘીમા ઝબોળી રે. જ૦ ૪
શીરો પુરીને સેવ સુંવાળી રે. જ૦ ચોળ્યા ચુરમાં ઘી ઘણું ઘાલી રે. જ૦ ૫
માલપુવા ને મોતીયા લાડુ રે. જ૦ જલેદાર જલેબી સ્વાદુ રે. જ૦ ૬
રૂડાં ઘેબર ને મેસુબ રે. જ૦ ઘાલ્યું કંસારમાં ઘી ખૂબ રે. જ૦ ૭
ગુંદવડાં ગુંજાં ને ખાજાં રે. જ૦ વળી બીરંજમાં ઘી ઝાઝાં રે જ૦ ૮
ગળ પાપડી પુડલા પ્યારા રે. જ૦ સારા સાટા ને સક્કરપારા રે. જ૦ ૯
કાજુ કેળાં ને રોટલી ઝીણી રે. જ૦ સેવદળ ને સુતરફેણી રે. જ૦ ૧૦
કર્યો શીખંડ મેં રૂડી રીતે રે. જ૦ વળી ટોપરાંપાક કર્યો પ્રીતે રે. જ૦ ૧૧
બાસુંદીને બરફી શોભે રે. જ૦ મગદળ મગજ મન લોભે રે. જ૦ ૧૨
મોરંબા કેરી દ્રાક્ષતણા રે. જ૦ વળી વઘાર્યા લીલવા ચણા રે. જ૦ ૧૩
કર્યા ભુધર ભજીયાં ભારી રે. જ૦ કઢી વળી સુંદર છમકારી રે. જ૦ ૧૪
ઘણા ઘીયે સુરણ વઘાર્યા રે. જ૦ કંકોડાં કોડાં છમકાર્યા રે. જ૦ ૧૫
પરવળ વાલોળ વેંતાક રે. જ૦ એહ આદિ કર્યા બહુ શાક રે. જ૦ ૧૬





કર્યા રાયતાં મેં પરીબ્રહ્મ રે. જ૦ દાળ તુવેરની કરી નરમ રે. જ૦ ૧૭
કેરી કાંચળિ તળી આથ્યું આદુ રે. જ૦ લીંબુ મરચાં કેરાં છે સ્વાદુ રે. જ૦ ૧૮
જમો ધીરે ધીરે વાલમ રે. જ૦ શરમ રાખો તો મારા સમ રે. જ૦ ૧૯
તમે જમોને જાદવરાય રે. જ૦ હું તો વિઝણે ઢોળું વાય રે. જ૦ ૨૦
સારૂં સારૂં જમો જીવન રે. જ૦ જોઈ રાજી થાય મારૂં મન રે. જ૦ ૨૧
દુધ ભાત જમો હરિરાય રે. જ૦ નાખું સાકર ખોબા ભરી માંય રે. જ૦ ૨૨
થઈ તૃપ્ત કરો ચળુ નાથ રે. જ૦ રૂડો રૂમાલ લ્યો લુઓ હાથ રે. જ૦ ૨૩
ઘેરા ગુલાબી હાર પહેરાવું રે. જ૦ તોરા બાજુને ગજરા ધરાવું રે. જ૦ ૨૪
લાવું લવીંગ એલચી સારી રે. જ૦ કાથો ચુનો ને પાન સોપારી રે. જ૦ ૨૫
કરી બીડી લીઓ તમે હાથ રે. જ૦ વારી જાય છે બદ્રિનાથ રે. જ૦ ૨૬

●

## આવાહન મંત્ર

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂતો દયાસિંધો, સ્વેષાંશ્રેયઃ પરં કુરૂ ॥
ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિન્દ, ઉત્તિષ્ઠ ગરૂડધ્વજ ।
ઉત્તિષ્ઠ કમલાકાન્ત, ત્રૈલોક્યે મંગલ કુરૂ ।
આગચ્છ ભગવન્ દેવ સ્વસ્થાનાત્પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખોભવ ॥

## વિસર્જન મંત્ર

સ્વસ્થાનં ગચ્છ દેવેશ, પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામ પ્રસિધ્યર્થં પુનરાગમનાય ચ ॥

# એકાદશી પદ

**રાગ : ગરબી – પદ-૧**

એકાદશી આજનો દિન સારો રે, ગાઈયે નટવર નંદલારો. એકાદશી૦
એના વ્રતનો મહિમા ભારી રે, જાણે બ્રહ્માદિક ત્રિપુરારિ;
મળે પ્રગટ પ્રમાણ મોરારી... એકાદશી૦ ૧
વ્રત રાખીને હરિવર વરિયે રે, દ્ઢ અંતર આંટી ધરિયે રે;
કોડે આનંદ ઉત્સવ કરિયે... એકાદશી૦ ૨
બ્રહ્માનંદ કહે એ વ્રત રહ્યા છે રે, તે તો પાર સંસારને થયા છે રે;
એમ ઉદ્ધવજી કહી ગયા છે... એકાદશી૦ ૩

**પદ-૨**

એકાદશી ઉત્સવનો દિન રૂડો રે, કોડે નીરખીએ છેલ કહાનુડો. એ૦
રસિયાસંગ રંગભર રમીએ રે, દેહ પ્રાણ ઈન્દ્રિય મન દમીએ રે;
ત્યારે ગિરિધરને મન ગમીએ... એકાદશી૦ ૧
નિત્ય પ્રેમ સુધારસ પીજે રે, કરી વ્રત નવ રાચીએ બીજેરે;
રસિયો નટનાગર રીઝે... એકાદશી૦ ૨
જેણે વચનથકી વ્રત કીધુંરે, તેનું સઘળું તે કારજ સીધુંરે;
બ્રહ્માનંદ કહે જન્મફળ લીધું... એકાદશી૦ ૩

**પદ-૩**

એકાદશી ઉત્સવનો છે દહાડો રે; ખૂબ રમીએ તે રંગ અખાડો...એકાદશી૦
કરીએ વ્રત અતિ ઉછરંગે રે, પહેરી વસ્ત્ર આભૂષણ અંગે રે;
રમીએ શ્યામ સુંદર વર સંગે... એકાદશી૦ ૧
સખી શ્યામ ચરણ ચિત્ત લાઈએ રે, વિષ રૂપ વિષય વિસરાઈએ રે;
ગિરિધર નટનાગર ગાઈએ... એકાદશી૦ ૨
એનો મહિમા કહ્યામાં ન આવે રે, મોટા મોટા મુનિવર ગાવે રે;
બ્રહ્માનંદ કહે હરિને મિલાવે... એકાદશી૦ ૩





**પદ-૪**

એકાદશી પ્રગટ પ્રભુજીને પ્યારી રે, સર્વે હરિજનને સુખકારી. એ૦
રહેશે વ્રત જે વચન પ્રમાણે રે, એમાં અસત્યભાવ નવ આણે રે;
તે તો મોક્ષ મહાપદ માણે... એકાદશી૦ ૧
કાજુ સબ જગ મંગળકરણી રે, દુઃખ શોક સંતાપની હરણી રે;
સાચી મોક્ષતણી નિસરણી... એકાદશી૦ ૨
બ્રહ્માનંદ કહે ટળે બ્રહ્મભીતિ રે, રહે વ્રત સનાતન રીતિ રે;
થાય પૂરણ હરિપદ પ્રીતિ... એકાદશી૦ ૩

**રાગ : ગરબી-પદ-૧**

ઓચ્છવની પ્યારી કેશવની, આજ એકાદશી ઓચ્છવની.
કોટીક ગૌ કેરાં દાન કરે પણ, નાવે તોલે એના લવની આજ૦ ૧
મંગળરૂપ સદા સુખકારી, વ્હાલી નિધિ જન વૈષ્ણવની. આજ૦ ૨
વચન પ્રમાણે કરે વ્રત જેનું, ત્રાસ મટે રે મૃત્યુ ભવની. આજ૦ ૩
બ્રહ્માનંદ કહે વ્રત કરવું, એમ આજ્ઞા સ્વામી ઉદ્ધવની. આજ૦ ૪

**પદ-૨**

હરખ અતિ ભેટ્યા કૃષ્ણપતિ, આજ એકાદશી હરખ અતિ.
મનમોહન મારે મંદિર આવ્યા, અધિક થઈ હું તો પુણ્યવતી.આજ૦ ૧
પીતાંબર આભૂષણ પહેરી, ચાલંતા વ્હાલો હંસગતિ. આજ૦ ૨
પુરુષોત્તમ પૂરણવાર પામી, રહી ન ખામી હવે એક રતિ. આજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિવર વરતાં, ચૌદ ભુવનમાં હું થઈ રે છતિ. આજ૦ ૪

**પદ-૩**

માવ મળ્યા તન તાપ ટળ્યા, આજ એકાદશી માવ મળ્યા.
પૂર્વ ભવની પ્રીત જાણીને, આવીને અમ પર અઢળ ઢળ્યા. આજ૦ ૧
મુનિવર ધ્યાન ધરીધરી થાક્યા, કોઈથી વ્હાલો નવ જાય કળ્યા.આજ૦ ૨
મારું મંદિર પોતાનું રે જાણી, ભુધર સુખ દુઃખમાંહી ભળ્યા. આજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિવર પામી, આનંદ કેરા ઓઘ વળ્યા. આજ૦ ૪

પદ-૪

સુફળ ફળી હું તો હરિને મળી, આજ એકાદશી સુફળ ફળી.
ચોંપ કરી નટનાગર સારુ, સેજ સજી કાજુ કુસુમ કળી. આજ૦ ૧
રસબસ હોય રહી રસિયાસંગ, જ્યું મીસરી પયમાંહી ભળી. આજ૦ ૨
નિત્ય નિત્ય પ્રેમ રહું ઉર ધરતી, હરિચરણે મનવૃત્તિ હળી. આજ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ઉર ધરિયા, જન્મ મરણ કેરી શંકા ટળી. આજ૦ ૪

રાગ : ગરબી-પદ-૧

કોડે કોડે એકાદશી કીજીએ રે, એવું વ્રત જાવા નવ દીજીએ રે. ૧
એ વ્રત કરે તે ધન્ય માનવી રે, તે તો નહાયો કોટીકવાર જાહ્નવી રે. ૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યુ રે, તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે. ૩
એનો મહિમા મુનિવર ગાય છે રે, અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. ૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વશી રે,કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે

પદ-૨

હરિજન હોય તે હરિને ભજે રે, વ્રત એકાદશી તે કેદી નવ તજે રે. ૧
જાણે માત સમાન પરનારને રે, ગણે તુચ્છ સરિખો સંસારને રે. ૨
મદ્ય માંસ હરામ જેને નવ ખપે રે, જીભે રાતદિવસ પ્રભુને જપે રે. ૩
માયા જીવ ઈશ્વરના જાણે મર્મને રે, રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે. ૪
બ્રહ્માનંદના વ્હાલાની છબી ઉરધરે રે; મતવાલા થઈને જગમાં ફરે રે.

પદ-૩

ભલે આવી અનૂપમ એકાદશી રે, મારે વ્હાલે મુજસામું જોયું હસી રે.
આજ વાધી આનંદકેરી વેલડી રે, થઈ રસિયા સંગાથે રંગરેલડી રે. ૨
લટકાળા કુવંર નંદલાલની રે, ચિત્તડામાં ખુંતી છે છબી ચાલની રે. ૩
રંગભીનો રમે રસ રંગમાં રે, અતિ આનંદ થયો છે મારા અંગમાં રે. ૪
પ્રીતિ જાણી રસીલો વચને મળ્યા રે, બ્રહ્માનંદનો વ્હાલો મુજને મળ્યા રે.

પદ-૪

ધન્ય ધન્ય એકાદશી આજની રે, રૂડી નિરખી છબી વ્રજરાજની રે.
ફૂલડાંનાં છોગાં તે ચિત્તમાં ધર્યા રે, તે જોઈને મારાં નેણાં ઠર્યા રે. ૨
ભાળી કેશર તિલક રૂડું ભાલમાં રે, મારી લગની લાગી છે નંદલાલમા રે.





વાંકી ભ્રૂકુટીમાં મન મારું ભમે રે, હવે બીજું દીઠું તે મને નવ ગમે રે.
બ્રહ્માનંદ કહે રૂપાળી એની આંખડી રે, પ્યારી લાલકમળ કેરી પાંખડી રે

એકાદશી પદ - રાગ : સામેરી-પદ-૧

એકાદશી થઈ એ વાત સર્વે જાણો રે,
એના વ્રત કેરી રીતભાત ઉરમાં આણો રે. ટેક૦
સુતા જોઈને શ્યામને રે લડવાની કરીહામ,
નાડીજંઘનો દીકરો રે, આવ્યો મુરદાનવ એનું નામ. સર્વે૦ ૧
ઈંદ્રિય એકાદશ શ્યામના રે, તેનું જે કાંઈ તેજ,
તેમાંથી પ્રગટી પ્રમદા રે, દેખી વરવા ઈચ્છયો એજ. સર્વે૦ ૨
તે સંગે બોલી સુંદરી રે, યુદ્ધ કરી મુને જીત,
ત્યારે વરું હું તુજને રે, એમ કહી દેખાડી રીત. સર્વે૦ ૩
કન્યાને સંગ લડવા રે આવ્યો એ અસુર,
ભૂમાનંદ કહે ખડગે રે, એનું શિર છેદી નાખ્યું દૂર. સર્વે૦ ૪

પદ-૨

પછે બોલ્યા સુંદરશ્યામ, સુંદરી સંગે રે,
માગો વર આપું ઈનામ અતિ ઉમંગે રે. ટેક૦
માગ્યો વર માનનીયે રે, જોડી જીવનને હાથ,
મારા વ્રતને દિવસે રે, અન્ન ન જમે પીવે પાથ. સુંદરી૦ ૧
ઈંદ્રિય અગીઆરમાં ઉપની રે માટે એકાદશી નામ,
તપસ્વી છઉં તે કારણે રે, મારુ વ્રત કરે નિષ્કામ. સુંદરી૦ ૨
મનસહિત ઈંદ્રિયું રે કહાવે જે અગ્યાર,
મારાવ્રતને દિવસે રે, એને કરવા ન દેવો આહાર. સુંદરી૦ ૩
પંચવિષયને પરહરી રહે તજી ક્રોધ ને કામ,
વ્રત કરે તેની ઉપરે રે, રીઝે ભૂમાનંદનો શ્યામ. સુંદરી૦ ૪

પદ-૩

વ્રત એકાદશીને તુલ્ય, કોઈ ન કહાવે રે,
કરો કોટિક ગાયોનું દાન બરોબર નાવે રે, ટેક૦

એકાદશે ઈંદ્રિયું રે રાખીને નિયમમાંઈ,
પ્રગટ પ્રભુ વિના મુખથી રે, વૃથા વાણી ન બોલે કોઈ. કોયપ૦ ૧
અડસઠ તીરથ કરવે રે, આવું ન સરે કાજ,
એકાદશીને દિવસે રે, મુને મળ્યા પ્રગટ મહારાજ. કોયપ૦ ૨
પ્યારી કરી પ્રબોધની રે, વ્હાલે આપ્યું વરદાન,
આ વ્રત કેરે દિવસે રે, કરવું કેવળ જળનું પાન. કોયપ૦ ૩
હરિજનને નવ મૂકવી રે, એકાદશી કહે શ્યામ,
ભૂમાનંદ કહે પામશો રે, તમે જરૂર વૈકુંઠધામ. કોયપ૦ ૪

પદ-૪

અતિ ઉત્તમ દિવસ આજ, એકાદશી આવી રે,
હરિજનના હૈયામાં હરખ, ઘણેરો લાવી રે. ટેક૦
કુસંગી હોય તે ન કરે રે, એકાદશી વ્રતસાર,
સત્સંગી છોડે નહિ રે, જેને પ્રભુ સંઘાથે પ્યાર. એકાદશી૦ ૧
મોહનના મનમાં ગમે રે આ વ્રતનો ઉપવાસ,
બ્રહ્મચર્ય યુક્ત જે કરે રે, તેને રાખે પોતાને પાસ. એકાદશી૦ ૨
આ વ્રત કરવું સહુને રે અંતર લાવી ઉછાવ,
કામદિક પીડે નહિ રે, જેને પ્રગટ મળે માવ. એકાદશી૦ ૩
એકાદશી અઘનાશીની રે કહે હરિના જન,
ભૂમાનંદના નાથમાં રે, સદા રાખી પોતાનાં મન. એકાદશી૦ ૪

રાગ : માલીગાડો પવિત્રા એકાદશીનાં – પદ-૧

શ્રાવણ સુદી એકાદશી સુંદર, નાથ પવિત્રાં પહેરો રે;
આંગણમાં ઊભા રહીને, હેતે સામું હેરો રે. શ્રા૦ ૧
બહુ મૂલી મોલીડું બાંધો, શિર તોરા મરમાળા રે;
અલબેલાજી દરશન આપો, વહાલમ મોરલીવાળા રે. શ્રા૦ ૨
નટવરજી મૂરતિ નીરખ્યાની, આશ ઘણી છે અમને રે;
એક ઘડી આંખ્યું આગેથી, મેલ્યા ન જાય તમને રે. શ્રા૦ ૩
રસિક પીયા તમને રિઝાવા, ગીત મનોહર ગાવું રે;
બ્રહ્માનંદના નાથજી તમને, પવિત્રાં પેહેરાવું રે. શ્રા૦ ૪





પદ-૨

પહેર્યાં નાથ પવિત્રાં સુંદર, પવિત્ર ત્રિયા પહેરાવ્યાં રે;
નંદતણે આંગણ વ્રજવાસી, દરશન કરવા આવ્યાં રે. પે૦ ૧
મોહનજીને શોભે મસ્તક, પાઘડલી પેચાળી રે;
ગોપીજન ગુલતાન થઈ ગયાં, ભૂધરનું મુખ ભાળી રે. પે૦ ૨
લટકાળાનાં લટકાં જોઈને, મગન થઈ વ્રજનારી રે;
આંગણીયે આવીને ઊભા, વહાલો કુંજવિહારી રે. પે૦ ૩
નંદતણા નાનડીયાને ઉપર, સરવસ વારી નાખું રે;
બ્રહ્માનંદના વહાલાને જોઈને, આજ ઠરે મારી આંખ્યું રે. પે૦ ૪

પદ-૩

નટવર નાથ પવિત્રાં નૌતમ, પેહેર્યાં પ્રીત કરીને રે;
સર્વે પહેલાં જાઈને જોઈએ, હેતે સહિત હરિને રે. ન૦ ૧
એકાદશી અનોપમ આવી, શ્રાવણની અજવાળી રે;
પીતાંબર આભૂષણ પહેરી, ઊભા છે વનમાળી રે. ન૦ ૨
ઘર ઘરથી ગોવાળા આવ્યા, હરિનું મુખડુ જોવા રે;
વહાલેજી સુંદર વેશ બનાવ્યો, માનુનીનાં મન મોવા રે. ન૦ ૩
પાઘડલી નૌતમ પેચાળી, આંટાળી ઉપરણી રે;
બ્રહ્માનંદના વહાલાને નીરખ્યા, ધન્ય ધન્ય તેની કરણી રે. ન૦ ૪

પદ-૪

એકાદશી અનૂપ આજની, કોડે ઓછવ કરીયે રે;
સહિત પવિત્રાં સુંદરવરની, મૂરતિ અંતર ધરીયે રે. એ૦ ૧
પ્રાણજીવનના તોરા ઉપર, પ્રીતે ભમર ભમે છે રે;
લટકાળા મોહનનાં લટકાં, મન મારે અધિક ગમે છે રે. એ૦ ૨
સુંદર વન શ્યામળીયા કેરું, રૂપ અલોકિક જોયું રે;
ભૂધરજીની મૂરતિ ભાળી, સરવે ગોકુળ મોયું રે. એ૦ ૩
છેલ ચતુરવર છોગાળાની, લાવન પ્યારી લાગે રે;
બ્રહ્માનંદના વહાલાને રાખું, આંખડલીની આગે રે. એ૦ ૪

### પદ-૫

પેહેર્યાં નટવર નાથ પવિત્રાં, છબી વર્ણવ્યામાં નાવે રે;
વહાલમને જોવા વ્રજવાસી, આનંદ ભરીયાં આવે રે. પે૦ ૧
બહુ મૂલી પાઘડલી બાંધી, રૂપાળે વ્રજરાજે રે;
ગૂંથીને ગજરા લઈ આવે, કહાનકુંવરને કાજે રે. પે૦ ૨
આંખુની ટસરું અણિયાળી, મુખની મીઠી વાણી રે;
છોગલીયાની શોભા જોઈને, દેવત્રિયા લોભાણી રે. પે૦ ૩
હયડે હાર હજારી પહેર્યો, કુણ્ડલ લળકે કાને રે;
બ્રહ્માનંદ કહે ચિત્તડું ચોર્યું, મોરલડીની તાને રે. પે૦ ૪

### પદ-૬

નવલ પવિત્રાં નાથજી પહેર્યાં, કહાન કુંવર કેસરીયે રે;
ચાલ સખી નન્દજીને મંદિર, કોડે દરશન કરીયે રે. ન૦ ૧
સુંદર વર છોગાલા કેરું, રૂપ અલોકિક જોઈયે રે;
મહા મનોહર નૌતમ મૂર્તિ, આંખડલીમાં પ્રોઈયે રે. ન૦ ૨
આજ પવિત્ર એકાદશી આવી, પેહેર્યાં પવિત્રાં વહાલે રે;
કોડીલા નંદલાલ કુંવરને, જોયા વિના નવ ચાલે રે. ન૦ ૩
માવો વ્રજનારીનાં મનડાં, હેતે કરીને હરે છે રે;
બ્રહ્માનંદના નાથની મૂર્તિ, નીરખી નેણ ઠરે છે રે. ન૦ ૪

### પદ-૭

શ્યામ પવિત્રાં પહેરીને સુંદર, ઊભા છે અલબેલો રે;
શ્યામળીયાનાં દર્શન સારુ, કારજ ઘરનાં મેલો રે. શ્યા૦ ૧
અલબેલો ઊભા આવીને, નાથ પવિત્રાં પહેરી રે;
લટકાં અધિક કરે છે રૂડા, લટકાળા રંગ લહેરી રે. શ્યા૦ ૨
ઓચ્છવનો દિન આજ અનોપમ, ફરી ફરી નવ આવે રે;
વ્રજજીવન રંગ ભીનો વહાલો, હેત કરી બોલાવે રે. શ્યા૦ ૩
કહાનુડાનાં દર્શન કાજે, લોક લાજ તજી દીજે રે;
બ્રહ્માનન્દના નાથની મૂરતિ, નેણુમાં ધરી લીજે રે. શ્યા૦ ૪





### પદ-૮

પુણ્ય પવિત્ર એકાદશી પૂરણ, ગીત પવિત્ર તે ગાવે રે;
પ્રાણ પ્રીતમને આવી પવિત્રાં, પવિત્ર ત્રિયા પહેરાવે રે. પુ૦ ૧
લટકા પવિત્ર કરે લટકાળો, હેત પવિત્ર કરી હેરે રે;
પવિત્ર ગોવાળ ઊભા પાસે, કમળ પવિત્ર કર ફેરે રે. પુ૦ ૨
પાઘ પવિત્ર મનોહર માથે, પવિત્ર કલગી લટકે રે;
મહા પવિત્ર અલૌકિક મૂરતિ, પવિત્ર હીયામાં અટકે રે. પુ૦ ૩
પવિત્ર પવિત્ર પોતાના જનને, દરશન પવિત્ર દેવા રે;
બ્રહ્માનંદ પવિત્ર પ્રીતમને, પવિત્ર પડ્યો છે હેવા રે. પુ૦ ૪

●

## આવાહન મંત્ર

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો દયાસિંધો, સ્વેષાંશ્રેયઃ પરં કુરૂ ॥
ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિન્દ, ઉત્તિષ્ઠ ગરૂડધ્વજ ।
ઉત્તિષ્ઠ કમલાકાન્ત, ત્રૈલોક્યે મંગલ કુરૂ ।
આગચ્છ ભગવન્ દેવ સ્વસ્થાનાત્પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખોભવ ॥

## વિસર્જન મંત્ર

સ્વસ્થાનં ગચ્છ દેવેશ, પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામ પ્રસિધ્યર્થં પુનરાગમનાય ચ ॥

# નિત્ય નિયમ

### સંધ્યા આરતી

આરતી પ્રગટ પ્રભુજીકી કીજે,
ચરણકમળ લખી અંતર લીજે...આરતી૦ ૧
સનકાદિક નારદ ત્રિપુરારિ,
વિમળ નામ રટે વારંવારી...આરતી૦ ૨
અનંતકોટિ ભુવનેશ ભવાની,
સબ વિધિ મહિમા શક્ત નહિ જાની...આરતી૦ ૩
ધરત ધ્યાન દૃઢ યોગી મુનીશ્વર,
શેષ સહસ્રમુખ રટત નિરંતર...આરતી૦ ૪
નરનાટક ક્ષર અક્ષર ન્યારા,
પુરુષોત્તમ પૂરણ જન પ્યારા...આરતી૦ ૫
નૌતમ રૂપ અકળ છબી ન્યારી,
બ્રહ્માનંદ જાવત બલિહારી...આરતી૦ ૬

### ધુન

રામ કૃષ્ણ ગોવિંદ ! જય જય ગોવિંદ !
હરે રામ ગોવિંદ ! જય જય ગોવિંદ !
નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે !
શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે !
કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે !
જય જય કૃષ્ણદેવ હરે ! જય જય કૃષ્ણદેવ હરે !
વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે !
જય જય વાસુદેવ હરે ! જય જય વાસુદેવ હરે !
વાસુદેવ ગોવિંદ ! જય જય વાસુદેવ ગોવિંદ !
જય જય વાસુદેવ ગોવિંદ ! જય જય વાસુદેવ ગોવિંદ !





રાધે ગોવિંદ ! જય રાધે ગોવિંદ !
વૃન્દાવનચંદ ! જય રાધે ગોવિંદ !
માધવ મુકુંદ ! જય માધવ મુકુંદ !
આનંદકંદ ! જય માધવ મુકુંદ !
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ !સ્વામિનારાયણ !
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ !સ્વામિનારાયણ !

### શ્રી રાધિકા કૃષ્ણાષ્ટક

નવીનજીમૂતસમાનવર્ણં, રત્નોલ્લસત્ કુંડલશોભિકર્ણમ્,
મહાકિરીટાગ્રમયૂરપર્ણં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૧
નિધાય પાણિદ્વિતીયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૨
વિશુદ્ધહેમોજ્જ્વલપીતવસ્ત્રં, હતારિયૂથં ચ વિનાપિ શસ્ત્રમ્;
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૩
અધર્મતિષ્યાર્દિનસાધુપાલં, સદ્ધર્મવૈરાસુરસંઘકાલમ્;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૪
ગોપીપ્રિયારંમ્ભિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્;
સ્કન્ધોલ્લસત્કુંકુમચિહ્નચેલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૫
વૃંદાવને પ્રીતતયા વસન્તં , નિજાશ્રિતાનાપદ ઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૬
વિશ્વદ્વિષન્મમથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસંસારમ્;
સદૈવ સત્પુરુસૌખ્યકારં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નંદાદિસંદર્શિતદિવ્યલોકમ્;
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૮

### પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ...૧
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર...૨

તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય...૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસનકો દાસ;
એહી માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ...૪
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સૂનો બાત,
દયાસિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત...૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ...૬
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિકિત કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય...૭
હિંસા ન કરની જંતુકી, પરસ્ત્રિયા સંગકો ત્યાગ,
માંસ ન ખાવત મદ્યકું, પિવત નહિ બડભાગ...૮
વિધવાકું સ્પર્શ નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત...૯
નિંદત નહિ કોઈ દેવકું, બિનખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદનસે, કથા સુની નહિ જાત...૧૦
એહી ધર્મકે નિયમમેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ...૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત...૧૨

* * *

વિશ્વેશ છો સકળ વિશ્વ તણા વિધાતા,
દાતા તમે સકળ મંગળ શાંતિદાતા;
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.
અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.





* * *

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમા બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશી સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ

* * *

આવી અક્ષરધામથી અવનીમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દિલે ધરીને દયા;
કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા જેણે કરુણા કરી,
વંદુ મંગળ મૂરતિ ઉર ધરી સર્વોપરી શ્રી હરિ

* * *

જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લૈ તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી;
અન્તર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી

* * *

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥
નિજાશ્રિતાનાં સકલાર્તિ હન્તા, સધર્મ ભક્તેરવેનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોઽખિલ મંગલં નઃ ॥

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધુઓ કરચરણ કરો ત્યારી જમો૦ ટેક૦
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી...જમો૦ ૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી...જમો૦ ૨
ગળ્યા સાટા ઘેબર ફુલવડી, દૂધપાક માલપુવા કઢી;
પૂરી પોચી થઈ છે ઘીમાં ચડી...જમો૦ ૩

અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી,
દહીં ભાત સાકર છે ઝાઝી...જમો૦ ૪
ચળું કરો લાવું હું જળઝારી, એલચી લવિંગ સોપારી,
પાનબીડી બનાવી સારી...જમો૦ ૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
ભૂમાનંદ કહે રાજી થઈને...જમો૦ ૬

**રાગ : ગરબી પદ-૧ સ્વાભાવિક ચેષ્ઠા**

પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાઉં...૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાઈ વનને...૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે...૩
સહજ સ્વાભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સૂણતાં સજની રે, બીક મટાડે જમની...૪
ગાઉં હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી...૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે...૬
રમૂજ કરતા રે, રાજીવનેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા...૭
બેવડી રાખી રે, બબે મણિકા જોડે;
ફેરવે તાણી રે, કોઈક માળા તોડે...૮
વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા...૯
ક્યારેક મીંચી રે, નેત્ર કમળને સ્વામી,
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી...૧૦





**પદ-૨**

સાંભળ સહિયર રે, લીલા નટનાગરની;
સૂણતાં સુખડું રે, આપે સુખસાગરની...૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડાં ક્યારે,
ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે...૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતાં જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે...૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે...૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે...૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા;
તેમને જોઈને રે, મગન થાય મહારાજા...૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય...૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી...૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે...૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી...૧૦

**પદ-૩**

મનુષ્યલીલા રે, કરતા મંગળકારી;
ભક્તસભામાં રે, બેઠા ભવભયહારી...૧
જેને જોતાં રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ... ૨
તે સંબંધી રે, વાર્તા કરતા ભારી;
હરિ સમજાવે રે, નિજ જનને સુખકારી... ૩

યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત... ૪
ક્યારેક હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે... ૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશિ... ૬
ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ... ૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજ જનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈંદ્રિય મનને... ૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ... ૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન... ૧૦

### પદ-૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સૂણતા ન્યારી ન્યારી... ૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે... ૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી... ૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોય;
વાતો કરે રે, કથા વંચાય તોયે... ૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે... ૫
હાર ચડાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રિસાવે... ૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે... ૭





ભાન કથામાં રે, બીજી ક્રિયા માંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય... ૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની... ૯
એમ હરિ નિત નિત રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે... ૧૦

### પદ-૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી... ૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા,
રૂપ અનુપમ રે, નિજ જનને સુખ દેવા... ૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રીઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ... ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે... ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી... ૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ ર, બાંધે ખેસ લઈને... ૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી... ૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણકમળ દે નાથ... ૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી... ૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ... ૧૦

પદ-૬

એવા કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી... ૧
ક્યારેક જીભને રે, દાંત તલે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે... ૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાયે રે, મુખ પર આડો દઈને... ૩
રમૂજ આણી રે, હશે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ લઈ સુખધામ... ૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ... ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુ નામીનો... ૬
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય... ૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણાદૃષ્ટિ રે, દેખી વાન જ વાળે... ૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી... ૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી... ૧૦

પદ-૭

નિતનિત નૌતમ રે, લીલા કરે, હરિરાય;
ગાતાં સૂણતાં રે, હરિજન રાજી થાય... ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે... ૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે... ૩





ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી... ૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ... ૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ... ૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં... ૭
પાછલી રાત્રી રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઊઠે હરિ તે વારે... ૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે વનમાળી... ૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુએ;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુએ... ૧૦

પદ-૮

રૂડા શોભે રે, નાહીને ઊભા હોયે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નિચોવે... ૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી... ૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વહાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે... ૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા... ૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી... ૫
જમણા પગને રે, રાખી ઊભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ... ૬

રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ... ૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં
પાસે હરિજન રે, બેઠા હોય મન ગમતા... ૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે... ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદના નાથ... ૧૦

### પદ-૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને,
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને... ૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે,
પૂજા કરે રે, હરિજન હેત ઝાઝે... ૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો,
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો... ૩
વર્ષાઋતુ રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી... ૪
સંત હરિજનને રે, સાથે લઈને શ્યામ;
નાવા પધારે રે, ઘેલે પૂરણકામ... ૫
બહુ જળક્રીડા રે, કરતા જળમાં નાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય... ૬
નાહીને બારા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી... ૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે... ૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર... ૯
આવી બિરાજે રે, ઓસરીએ બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી... ૧૦





### પદ-૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ... ૧
ફળિયામાંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે... ૨
બ્રહ્મરસ વરસે રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને... ૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઊભી રાખી ફેરે... ૪
સૂતા સૂતા રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત ફેરવે ચિત્ત દઈને... ૫
ભૂલ ન પડે રે, કેદી એવો નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ... ૬
ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય... ૭
ત્યારે ફડકી રે, જાગે સુંદરશ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ... ૮
એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર... ૯
જે કોઈ પ્રીતે રે, શીખે સૂણશે ગાશે;
પ્રેમાનંદના રે, સ્વામી રાજી થાશે... ૧૦

### રાગ : ધોળ

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વહાલા,
જતન કરીને જીવન મારા, જીવનમાંહીં પ્રોઉં વહાલા... ૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વહાલા... ૨
અરુણ કમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા... ૩

પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વહાલા;
ઊર્ધ્વરેખા ઓપી રહી, અતિસે નવીન વહાલા... ૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં, ભકતને મન ભાવી વહાલા... ૫
જુગલચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા... ૬
અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ ને જવ વહાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વહાલા... ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ્ય ને મીન વહાલા,
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડબે પગે ચિહ્ન વહાલા... ૮
જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વહાલા,
તે તો નીરખે જે કોઈ ભકત પ્રીતિએ પ્રવીણ વહાલા... ૯
એ જ અંગૂઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વહાલા,
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વહાલા... ૧૦

**રાગ : ગરબી પદ-૧**

હવે મારા વહાલાને નહિ રે વિસારું રે,
શ્વાસોચ્છવાસે તે નિત્ય સંભારું રે...૧
પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે...૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે.
એ વર નહીં મળે ખરચે નાણું રે...૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહલગ્ન વિના નવ આવે રે...૪
દુરીજન મનમાં આવે તેમ કહેજો રે,
સ્વામી મારા હૃદયની ભીતર રહેજો રે... ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે... ૬





**પદ-૨**

હવે મારા વહાલાનાં દર્શન સારુ,
હરિજન આવે હજારે હજારુ...૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી...૨
સભા મધ્યે બેઠા મુનિનાં વૃન્દ,
તેમાં શોભે તીરે વીંટ્યો જેમ ચન્દ્ર...૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ ને બ્રહ્મચારી...૪
તાળી પાડે ઊપડતી અતિ સારી,
ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી...૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે...૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી...૭
ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદ સ્વામી...૮

**રાગ : ગરબી**

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ; નરનારાયણ દિવ્ય મૂર્તિ,
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ, સંતનકે વિશ્રામ... પોઢે. ૧
અક્ષર પર આનંદઘન પ્રભુ, કિયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા, લહત અક્ષરધામ...પોઢે. ૨
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુનનામ;
જાસ પદરજ શીશ ધરી ધરી, (૨) હોવત જન નિષ્કામ... પોઢે૦ ૩
પ્રેમકે પર્યંક પર પ્રભુ, કરત સુખ-આરામ;
મુક્તાનંદ નિજ ચરનરજ ગુન, (૨) ગાવત આઠો જામ...પોઢે૦ ૪

## રાગ : ગરબી

રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું રે...શ્યામ૦
રે તમ વિના સુખસંપત કહાવે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે...રે શ્યામ૦ ૧
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મન વૃત્તિ અટકી...રે શ્યામ૦ ૨
છે અખંડ અલૌકિક સુખ સારું, તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ધરા ધન તમ ઉપર વારું...રે શ્યામ૦ ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું જૂઠું સુખ જાણીને વગોવ્યું,
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું...રે શ્યામ૦ ૪

## રાગ : ગરબી પદ-૧

વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,
જેને ભજતાં છૂટે ફંદ કરે ભવ પારને રે લોલ...૧
સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ,
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ...૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ,
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ...૩
વર્ણવુ સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ,
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ...૪

## પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જાઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિચારું નહિ ઉરથી રે લોલ...૧
મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતીલા જોઉં ખાતમાં રે લોલ...૨
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યાં રે લોલ,
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ...૩
વહાલા તારી ભ્રૂકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ...૪





## પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલમ તારા વાલમાં રે લોલ,
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ...૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ...૨
વહાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ,
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતાં રે લોલ...૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મન મારું પ્રેમસખીના નાથ, તમ કેડે ભમે રે લોલ...૪

## પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ,
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ. ૧
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડા તિલ ચાર છે રે લોલ,
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ,
વહાલા તે તો જાણે પ્રેમીજન જોઈ, નિત્ય ધ્યાન ધરે રે લોલ. ૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ. ૪

## પદ-૫

વહાલા તારી ભુજા જાુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ,
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ...૧
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ,
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ...૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ,
વહાલા મારે હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ...૩
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ,
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળું ભરી બાથજી રે લોલ...૪

પદ-૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ રસિક જોઈને જીવે રે લોલ,
વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ...૧
વહાલા મારે સુખસંપત તમે શ્યામ મોહન મન ભાવતા રે લોલ,
આવો મારે મંદિર જીવનપ્રાણ હસીને બોલાવતા રે લોલ...૨
વહાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ,
વહાલા તારું જોબન જોવા કાજ કે ચિત્ત ચરણે નમે રે લોલ...૩
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ...૪

પદ-૭

વહાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ,
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ...૧
વહાલા તારી નાભિ નૌતમ રૂપ, ઊંડી અતિ ગોળ છે રે લોલ,
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ...૨
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ,
વહાલા નીત નીરખું પિંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ...૩
વહાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ...૪

પદ-૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ,
વહાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાંરે લોલ...૧
વહાલા તારે જમણે અંગૂઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલી આંગળીએ તિલ એક, જોવાને મન દિન છે રે લોલ..૨
વહાલા તારા નખની અરુણતા જોઈને, શશિકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ...૩
વહાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ...૪





રાગ : ગરબી

પોઢો પોઢો સહજાનંદ સ્વામી, અખિયામાં નિંદરા ભરાણી રે-પોઢો૦
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે, પછી તમે બનાતની ટોપી ધારો રે-પોઢો૦
હાંરે તમે જરકસી જામો ઉતારો રે, પછી હીરકોરી ધોતી ધારો રે-પોઢો૦
હાંરે તમે કેડનો પટકો છોડો , પછી શાલ દુશાલા ઓઢો રે-પોઢો૦
હાંરે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે, સખી જોઈ જોઈ આનંદ પામી રે-પોઢો૦

પદ-૧ પોઢણીયું

પોઢો પ્રાણ આધાર (૨) રજની થઈ ઘણી વાર;
સુખશૈયા બિછાવી મેં તો કરી છે તૈયાર.... ટેક૦
ગાદી તકિયા ગાલ મસુરિયા ગુણવંતા ગિરધારી;
પોઢો તો પાવલિયાં ચાંપુ એ આશા અમારી.... પોઢો૦ ૧
મખમલનાં ઓશીકા મેલ્યા, છત્ર પલંગ સાજે;
મલમલનાં ઓસાડ ઉપર મનમોહન બિરાજે.... પોઢો૦ ૨
અક્ષરવાસી અહિં બિરાજે કરવા સંતના કાજ,
હરિજનોને બહુ આનંદ આપે, પોતે શ્રી મહારાજ.... પોઢો૦ ૩
અનુપમ અત્તર છાંટી દીધા, સુખશૈયાની માંય,
પવન કરવા હું પાસે બેસું કરમાં પંખો લઈ.... પોઢો૦ ૪
દીપક માંહી ઝળહળે કંચન ભુવન મોઝાર;
પ્રભુદાસ પાવલિયા ચાંપે હરિએ આપ્યો હાર.... પોઢો૦ ૫

મધ્યાહ્ન સમયનું પદ

રાગ : સારંગ

સુંદર શ્યામ સુજાન, પોઢે પ્રભુ સુંદર શ્યામ સુજાન;
રાજભોગકી આરતી કીની, ભયો હે દિવસ મધ્યાન. પોઢે.ટેક. ૧
સેવકજનકું પ્રસાદી દીની, દિનોહે બિરાપાન;
બંદિજન સારંગ આલાપત, કરત મધુર સુર ગાન. પોઢે. ૨
કમળા કરત સુખદ પગચંપી, સોવત શ્રીભગવાન;
મુક્તાનંદ કે' પ્રભુ સુખસાગર, ગોવિંદ ગુનકે નિધાન. પોઢે. ૩

**રાગ : બિહાગ પદ-૧**

નર નારાયણ સ્વામી, પોઢે નરનારાયણ સ્વામી;
રસિક શ્યામ સુંદરવર રજની, બહુત ગઈ બહુ ધામી...પોઢે૦ ૧
નારદાદિ દર્શન કાજ આયે, મુક્ત વૃન્દ નિષ્કામી;
વદન વિલોક મગન ભયે સબહી, કછુકે રહે નહીં ખામી...પોઢે૦ ૨
જનબંધુ કરુણાકે સિંધુ, દ્દઢ વ્રત અક્ષરધામી;
સુખમેં અબ પોઢો સુખસાગર, મેં તવ ચરન નમામી...પોઢે૦ ૩
માન્યો બચન સુભગ માતાકો, તબ અંતર સુખ પામી,
બ્રહ્માનંદ કહે નવલ પલંગ પર, પોઢે અંતરજામી,..પોઢે૦ ૪

**પદ-૨**

નરનારાયણ દેવા, પોઢે નરનારાયણ દેવા
અકળ અપાર સદા અવિનાશી, કોઉ નહિ જાનત મેવા...પોઢે૦ ૧
જાકો નામ રટે તેં ભવે, અંતર ગત અહમેવા;
જય જય શબ્દ કરત જન અગનિત, મુનિનારદ શુક જેવા...પોઢે૦ ૨
અજબ તલાઈ પલંગ ઓસીકા, જેહી અવસર રુચિ જેવા;
નંદનબનકે ફૂલ બીછાયે, જન મન મોદ કરેવા...પોઢે૦ ૩
શ્યામ મનોહર સુખ સજજા પર, પોઢે હરિ તતખેવાઃ
બ્રહ્માનંદ એકાંતિક ચાકર, કરત કરત પદ સેવા...પોઢે૦ ૪

**રાગ : બિહાગ**

પોઢીએ સુખદેન સેજમેં, પોઢીએ સુખદેન સેજમેં૦ ટેક.
શ્રીઘનશ્યામ છબીલે મોહન, નિદ્રા વ્યાપિ હે નેન. સેજમેં૦ ૧
રંગ મહોલકી અટા ઘટાસમ, મની દીપક છબી એન;
સરસ સુમનકી સેજ સંવારી, નિરખી લાજ્યો હે મેન. સેજમેં૦ ૨
બાજત તાલ મૃદંગ તંબુરો, સુનિ ઉપજત સુખચેન;
ગાવત તાન બિહાગ મુનિજન, સુભગ સોહાઇ હે રેન. સેજમેં૦ ૩
દુગ્ધ ફેનસમ સેજ પલંગપર, શ્યામ કરો સુખશેન;
પ્રેમાનંદ કહે શીઘ્ર ભોર ઉઠી, દુહોન્યું શ્યામ ધોરી ધેન. સેજમેં૦ ૪





**રાગ : ગરબી — પદ-૧**

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવીઆ રે, સુંદર છોગાવાળા છેલ...આજ૦ ૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રીઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટીક કામ...આજ૦ ૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારમવાર...આજ૦ ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીઓ કરી પ્યાર;
પૂછયા પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર...આજ૦ ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર...આજ૦ ૫
પહેરી પ્રીતશું રે, સોરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...આજ૦ ૬
ઉપર ઓઢીઓ રે, ગૂઢો રેટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય...આજ૦ ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય...આજ૦ ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ...આજ૦ ૯

**પદ-૨**

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઊપજ્યો અતિ સ્નેહ...સજની૦ ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નીરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર...સજની૦ ૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર...સજની૦ ૩
બાજુ બેરખા રે, બાંહ્યો કપૂરના શોભિત;
કડાં કપૂરના રે, જોતાં ચોરે સહુના ચિત્ત...સજની૦ ૪

સર્વે અંગમાં રે, ઊઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળનયનની કોર...સજની૦ ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂરતિ રે, શ્રીહરિ કેવળ કરુણાકંદ...સજની૦ ૬
અદ્‌ભુત ઉપમા રે, દેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂરતિ રે, જાણે આવ્યો રસ શૃંગાર...સજની૦ ૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગોઅંગમાં રે, જાણે ઊગ્યા અગણિત સૂર...સજની૦ ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...સજની૦ ૯

### પદ-૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન;
મારે એક વારતા રે, સૌને સંભળાવ્યાનું છે મન...બોલ્યા૦ ૧
મારી મૂરતિ રે, મારાં લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જાુક્ત...બોલ્યા૦ ૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ...બોલ્યા૦ ૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટીક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય...બોલ્યા૦ ૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર...બોલ્યા૦ ૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન...બોલ્યા૦ ૬
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું ન તોડાય...બોલ્યા૦ ૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી...બોલ્યા૦ ૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામથકી ધરી દેહ;
પ્રેમાનંદના રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ...બોલ્યા૦ ૯





### પદ-૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ...વળી૦ ૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મુને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ...વળી૦ ૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ...વળી૦ ૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર...વળી૦ ૪
સૌ તમે પાળજો રે, સેર્વ દ્દઢ કરી મારા નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ...વળી૦ ૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ...વળી૦ ૬
નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદકંદ;
જેમ સહુ ઔષધી રે, પ્રીતે પોષે પૂરણચંદ...વળી૦ ૭
શોભે સંતમાં રે, જેમ કોઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનના કાજ...વળી૦ ૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર...વળી૦ ૯

### રાગ : ગરબી પદ-૧

ગઈતી ગઈતી ભરવાને નીર, સૈયરના સંગમાં રે લોલ;
રમતા દીઠા શ્યામ સુજાણ, રંગીલો રંગમાં રે...લોલ૦ ૧
જોયું રસિયાજીનું રૂપ, અલૌકિક આજનું રે લોલ;
જાણે શરદ પૂનમનો ચાંદ, વદન વ્રજરાજનું રે...લોલ૦ ૨
સનમુખ આવે ગજગતિ ચાલ, કે અંગ મરોડતાં રે લોલ;
રસિયો નેણું સાથે નેણ કે, જોરે જોડતાં રે...લોલ૦ ૩
નાખી બ્રહ્માનંદને નાથ, અચાનક આંખડી રે લોલ;
મારા ચિતમાં લાગી ચોટ કે, ઘાયલ થઈ પડી રે...લોલ૦ ૪

**પદ-૨**

રૂડી કેસર કેરી આડ, મનોહર ભાલમાં રે લોલ;
ચોર્યા વ્રજનારીનાં ચિત, લટકતી ચાલમાં રે...લોલ૦ ૧
શોભે નટવરજીને સંગ, મનોહર મંડળી રે લોલ;
કરે છે યમુના તીરે ખેલ, સખા સરવે મળી રે...લોલ૦ ૨
હેલી મારાં લોચન પામ્યાં લોભ કે, નીરખી નાથને રે લોલ;
કીધાં સુખડામાં ગુલતાન, ગોપીજન સાથને રે...લોલ૦ ૩
જોતાં આડી નજરે જોર કે, કાંક કો રાખતા રે લોલ;
શોભે બ્રહ્માનંદ કે' ચોટ, નયનની નાખતાં રે...લોલ૦ ૪

**પદ-૩**

હેલી મારે મંદીરીએ મોરાર, પધાર્યા પ્રીતથી રે લોલ;
રસિયે બોલાવી ગ્રહી બાંહ્ય કે, રસની રીતથી રે...લોલ૦ ૧
સુંદર છોગાં મેલ્યાં શીશ, કલગી શોભણી રે લોલ;
પહેર્યા ફૂલડા કેરા હાર, અલૌકિક છબી બની રે...લોલ૦ ૨
અતીશે આનંદ વાધ્યો અંગ, થઈ રંગ રેલડી રે લોલ;
આવી અલબેલાને સાથ, બંધાણી બેલડી રે...લોલ૦ ૩
સજની આમાસામા આજ, અધરરસ પીધલા રે લોલ;
નીરખી બ્રહ્માનંદનો નાથ કે, ઉર પર લીધલા રે...લોલ૦ ૪

**પદ-૪**

હેલી હું તો સંધ્યાટાણે આજ, ઊભી'તી ઘરબારણે રે લોલ;
રસિયો છેલછબીલો શ્યામ કે, જોવા કારણે રે...લોલ૦ ૧
આવે ગાયો કેડે નાથ, અલૌકિક ગાવતાં રે લોલ;
ગહેરી મોરલડીને સાદ કે, ધેન બોલાવતાં રે...લોલ૦ ૨
પહેલી વનમાળા વ્રજરાજ, કુંડળિયાં કાનમાં રે લાલ;
જોઈ મારું મનડું પામ્યું મોહ, સલુણાના વાનમાં રે...લોલ૦ ૩
જાણી મુજને આડી મીટ કે, હેતે હેરતાં રે લોલ;
ચાલ્યા બ્રહ્માનંદનો નાથ, કમળ કર ફેરતાં રે...લોલ૦ ૪

●





# સ્તોત્ર

**ધાર્મિકસ્તોત્રમ્**

શ્રી વાસુદેવ વિમલામૃતધામવાસં,
નારાયણં નરકતારણનામધેયમ્;
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ
ત્વાં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે... ૧
શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણા-
મેકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્;
અષ્ટાંગયોગકલનાશ્ચ મહાવ્રતાનિ...ત્વાં ભક્તિ૦ ૨
શ્વાસેન સાકમનુલોમવિલોમવૃત્યા,
સ્વાન્તર્બહિશ્ચ ભગવત્યુરૂધા નિજસ્ય;
પૂરે ગતાગતજલામ્બુધિનોપમેયં...ત્વાં ભક્તિ૦ ૩
બાહ્યાન્તરિન્દ્રિયગણશ્વસનાધિદૈવ
વૃત્યુદ્ભવસ્થિતિલયાનપિ જાયમાનાન્;
સ્થિત્વાતતઃસ્વમહસા પૃથગીક્ષમાણં...ત્વાં ભક્તિ૦ ૪
માયામયાકૃતિતમોડશુભવાસનાનાં,
કર્તુ નિષેધમુરૂધા ભગવત્સ્વરૂપે;
નિર્બીજસાંખ્યમતયોગગયુક્તિભાજં...ત્વાં ભક્તિ૦ ૫
દિવ્યાકૃતિત્વસુમહસ્ત્વસુવાસનાનાં;
સમ્યગ્વિધિં પ્રથયિતું ચ પતૌ રમાયા;
સાલંબસાંખ્યપથયોગસુયુક્તિભાજં...ત્વાં ભક્તિ૦ ૬
કામાર્ત્ત તસ્કરનટવ્યસનિદ્વિષન્તઃ,
સ્વસ્વાર્થ સિદ્ધિમિવ ચેતસિ નિત્યમેવ;
નારાયણં પરમયૈવ મુદા સ્મરન્તં...ત્વાં ભક્તિ૦ ૭
સાધ્વીચકોરશલભાસ્તિમિકાલકંઠ
કોકાનિજેષ્ટવિષયેષુ યથૈવ લગ્ના;
મૂર્તૌ તથા ભગવતોત્ર મુદાતિલગ્નં...ત્વાં ભક્તિ૦ ૮

સ્નેહાતુરસ્ત્વથ ભયાતુર આમયાવી,
યદ્વત્ક્ષુધાતુરજનશ્ચ વિહાય માનમ્;
દૈન્યં ભજેયુરિહ સત્સુ તથા ચરન્તં...ત્વાં ભક્તિ૦ ૯
ધર્મસ્થિતૈરુપગતૈર્બૃહતાં નિજૈક્યં,
સેવ્યો હરિઃ સિતમહઃ સ્થિતદિવ્યમૂર્તિ;
શબ્દાદ્યરાગિભિરિતિ સ્વમતં વદન્તં...ત્વાં ભક્તિ૦ ૧૦
સદ્ગ્રન્થનિત્યપઠનશ્રવણાદિસક્તં
બ્રાહ્મીંચ સત્સદસિ શાસતમત્રવિદ્યામ્;
સંસારજાલ પતિતાખિલજીવબન્ધો !...ત્વાં ભક્તિ૦ ૧૧

## શ્રી ગુરુભજેન સ્તોત્રમ્

ભવસંભવભીતિભેદનં, સુખસંપત્કરુણાનિકેતનમ્;
વ્રતદાનતપઃક્રિયાફલં, સહજાનંદગુરું ભજે સદા-૧
કરુણામયચારુલોચનં, શરણાયાતજનાર્તિમોચનમ્;
પતિતોદ્ધરણાય તત્પરં, સહજાનંદગુરું ભજે સદા-૨
નિજતત્ત્વપથાવબોધનં, જનતાયાઃ સ્વતએવ દુર્ગમમ્
ઈતિ ચિન્ત્ય ગૃહીતવિગ્રહં, સહજાનંદગુરું ભજે સદા-૩
વિધિશંભુમુખૈરનિગ્રહં, ભવપાથોધિપરિભ્રમાકુલમ્;
અપિધાર્ય મનોનરપ્રભ સહજાનંદગુરું ભજે સદા-૪
નિજપાદપયોજકીર્તનં, સતતં સ્યાદ્ભવજીવગોચરમ્
ઈતિ યઃ કુરુતે ક્રતૂત્સવં સહજાનંદગુરું ભજે સદા-૫
બહિરીક્ષણલોકમાનુષં, નિજદત્તામ્બકદર્શિનાં હરિમ્
ભજનીયપદં જગદ્ગુરું, સહજાનંદગુરું ભજે સદા-૬
શરણાગતપ પાપપર્વતં ગણયિત્વા ન તદીયસદ્ગુણમ્;
અણુમપ્યતુલં હિ મન્યતે સહજાનંદગુરું ભજે સદા-૭
ભવવારિધિમોક્ષસાધનં ગુરુરાજ પ્રકટસ્વસંગમમ્;
પ્રકટીકૃતવાન્ કૃપાવશઃ સહજાનંદગુરું ભજે સદા સદા-૮
ભગવન્ કૃપયા ત્વયા કૃતં, જનતાયામુપકારમીદ્દશમ્;
ક્ષમતે પ્રતિકર્તુમત્રકઃ, કુરુતે દીનજનસ્તતોંજલિમ્-૯





## શ્રી ગણપતિસ્તોત્રમ્

વિઘ્નેશ ! વિઘ્નચયખંડનનામધેય !,
શ્રીશંકરાત્મજ ! સુરાધિપવન્દ્યપાદ !;
દુર્ગા મહાવ્રતફલાખિલમંગલાત્મન્ !;
વિઘ્નં મમાપહર સિદ્ધિવિનાયક ! ત્વમ્. ૧
સત્પદ્મરાગમણિવર્ણશરીરકાન્તિઃ,
શ્રીસિદ્ધિબુદ્ધિ પરિચર્ચિતકુંકુમશ્રીઃ;
દક્ષસ્તને વલયિતાતિમનોજ્ઞશુણ્ડો, વિઘ્નં મમાપહર૦ ૨
પાશાંકુશાબ્જપરશૂંશ્ચ દધચ્ચતુર્ભિ-,
દોર્ભિશ્ચ શોણકુસુમસ્રગુમાંગજાતઃ;
સિન્દુરશોભિતલલાટ વિધુ પ્રકાશો, વિઘ્નં મમાપહર૦ ૩
કાર્યેષુ વિઘ્નચયભીતવિરંચિમુખ્યૈઃ,
સંપૂજિતઃ સુરવરૈરપિ મોદકાદ્યૈઃ;
સર્વેષુ ચ પ્રથમમેવ સુરેષુ પૂજ્યો, વિઘ્નં મમાપહર૦ ૪
શીઘ્રાંચનસ્ખલનચુંચુરવોર્ધ્વકણ્ઠ-,
સ્થૂલોન્દુરુદ્રવણહાસિતદેવસંઘઃ;
શૂર્પશ્રુતિશ્ચ પૃથુવર્તુલતુંગતુન્દો, વિઘ્નં મમાપહર૦ ૫
યજ્ઞોપવીતપદલંભિતનાગરાજો,
માસાદિપુણ્યદદૃશીકૃતઋક્ષરાજઃ;
ભક્તાભયપ્રદ ! દયાલય ! વિઘ્નરાજો, વિઘ્નં મમાપહર૦ ૬
સદ્રત્નસારતતિરાજિતસત્કિરીટઃ;
કૌસુંભચારુવસનદ્વય ઊર્જિતશ્રીઃ;
સર્વત્ર મંગલકરસ્મરણપ્રતાપો, વિઘ્નં મમાપહર૦ ૭
દેવાન્તકાદ્યસુરભીતસુરાર્તિહર્તા,
વિજ્ઞાનબોધનવરેણ તમોપહર્તા;
આનંદિતત્રિભુવનેશ ! કુમારબન્ધો !, વિઘ્નં મમાપહર૦ ૮

## શ્રી હનુમાન સ્તોત્ર

નીતિપ્રવીણ ! નિગમાગમશાસ્ત્ર બુદ્ધે !
રાજાધિરાજ રઘુનાયક મંત્રીવર્ય !
સિન્દૂરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર
શ્રીરામદૂત ! હનુમન્ ! હર સંકટ મેં ૧
સીતાનિમિત્તજરઘૂમભૂરિકષ્ટ-
પ્રોત્સારણૈકકસહાય ! હતાસ્રપૌઘ !;
નિર્દગ્ધયાતુપતિહાટકરાજધાને ! ...શ્રીરામદૂત૦ ૨
દૂર્વાર્યરાવણવિસ્રર્જિતશક્તિઘાત-,
કણ્ઠાસુલક્ષ્મણસુખાહૃતજીવવલ્લે !;
દ્રાણાચલાનયનન્દિતરામપક્ષ ! ...શ્રીરામદૂત૦ ૩
રામાગમોક્તિતરિતારિતબન્ધ્વયોગ-
દુઃખાબ્ધિમગ્નભરતાર્પિતપારિબર્હ !
રામાન્ધ્રિપદ્મમધુપીભવદન્તરાત્મન્ ! શ્રીરામદૂત૦ ૪
વાતાત્મકેસહિમકાકપિરાટ્ તદીય,-
ભાર્યાઞ્જનીપુરુતપઃફલપુત્રભાવ !
તાર્ક્ષ્યોપમોચિત વપુર્વલતીવ્રવેગ ! શ્રીરામદૂત૦ ૫
નાનાભિચારિકવિસૃષ્ટસવીરકૃત્યા-
વિદ્રાવણારુણસમીક્ષણદુઃપ્રધર્ષ્ય !
રોગઘ્નસત્સુતવિત્તદમંત્રજાપ ! શ્રીરામદૂત૦ ૬
યન્નામધેયપદકશ્રુતિમાત્રતોઽપિ,
યે બ્રહ્મરાક્ષસપિશાચગણાશ્ચ ભૂતાઃ;
તે મારિકાશ્ચ સભયં હ્યપયાન્તિ સ ત્વં !...શ્રીરામદૂત૦ ૭
ત્વં ભક્તમાનસસમિપ્સિતપૂર્તિશક્તો
દીનસ્ય દુર્મદસપત્નભયર્તિભાજઃ;
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ !...શ્રીરામદૂત૦ ૮





## પ્રાર્થના

પ્રભુ ઈશના ઈશ સર્વેશ સ્વામી, નમુ દેવના દેવ ધામી અકામી,
દયાળુ કરો સુખ દુઃખો વિદારો, મને શ્રીહરિ આશરો છે તમારો...૧
વિભુ આપજો શક્તિ કલ્યાણકારી, વળી ટાળજો નાથ બુદ્ધિ નઠારી,
ન લાગે કદિ સંગ ચિત્તે નઠારો, મને શ્રીહરિ આશરો છે તમારો...૨
પ્રભુ પ્રીત જામે સદા ભક્તિમાંયે, તમારો કદી આશરો ન તજાયે,
મળે સંત ને ભક્તનો સંગ સારો, મને શ્રીહરિ આશરો છે તમારો...૩
ટળે કામને ક્રોધ જે લોભ આદિ, મટે ગાઢ અજ્ઞાન જે છે અનાદિ,
બળે અંતરેથી બૂરા સૌ વિકારો, મને શ્રીહરિ આશરો છે તમારો...૪
તૂટે પ્રીત સૌ ફેલફિતુરમાંથી, નીતિ ભક્તિનો થાઉં સ્નેહે હું સાથી,
બનુ ભક્ત સાચો કરી દેહ ન્યારો, મને શ્રીહરિ આશરો છે તમારો...૫
સદા ધર્મના નીમ પાળું તમારાં, તમોને તજે તેહ જાણું નઠારા,
ભજે જે તમોને મને તેહ પ્યારો, મને શ્રીહરિ આશરો છે તમારો...૬
તમારુ હદે જ્ઞાન ચોખ્ખું ભરાયે. મહિમા હંમેશાં વધારે જણાયે,
ડગે ના કદિ ધર્મના સદ્‌વિચારો, મને શ્રીહરિ આશરો છે તમારો...૭
છૂટે દેહ કે કોઈ સર્વસ્વ લૂંટે, કદાપિ ખૂટે ન અન્ન ના નેહ તૂટે,
દઈ એટલું હાથ ઝાલી ઉગારો, મને શ્રીહરિ આશરો છે તમારો...૮



# શ્રીહરિ જન્મોત્સવના કીર્તન

રાગ : માલીગાડો-પદ-૧

પ્રેમવતી સુત જાયો અનોપમ, બાજત આનંદ બધાઈ હો;
પ્રગટ ભયે પૂરણપુરુષોત્તમ, સુરસજ્જન સુખદાઈ હો... પ્રેમ૦ ૧
જય જય શબ્દ ભયો ત્રિભુવનમેં, સુરનર મુનિજન હરખે હો;
સહસા ત્રાસ ભયો અસુરન ઉર, વામ નયન ભુજ ફરકે હો... પ્રેમ૦ ૨
નિર્મળ ભયો આકાશ દશોદિશ, ઉડગન અમલ પ્રકાશે હો;
પ્રફુલિત ભયે સંતમનપંકજ, ખલ નલિનિજીમી ત્રાસે હો... પ્રેમ૦ ૩
બજત દુંદુભિ વિબુધ ગગનમેં, બરખે સુમન હરખાઈ હો;
પ્રેમમગન નાચત સુરનારી, મુક્તાનંદ બલજાઈ હો... પ્રેમ૦ ૪

પદ-૨

આનંદ આજ ભયો અવની પર, અધર્મતમ ભયો નાશ હો;
ઉદય ભયો આનંદરવિ વૃષધર, છાયો પ્રબલ પ્રકાશ હો... આનંદ૦ ૧
અમલ ભયે સરિતા સરવારિ, ત્રિવિધિ બહત સમીર હો;
મગનભયે દ્વિજ દેવ ધરિને ગઉ, મગન ભયે મુનિધીર હો... આનંદ૦ ૨
અતિપ્રકાશ લખિ નિજ મંદિરમેં, ભક્તિમાત અકુલાની હો;
કોટી વિધુસમ સુખમય શીતલ, નિજતન સુધ વિસરાનિ હો.. આનંદ૦ ૩
દિવ્યતેજકે મધ્ય મનોહર, બાલરૂપ ભગવાન હો;
મુક્તાનંદ કહે ભક્તિમાત લખિ, થકિત ભયે ગુલતાન હો... આનંદ૦ ૪

પદ-૩

શ્રી પુરુષોત્તમ ક્ષર-અક્ષર પર, અખિલભુવન આધાર હો;
નિજ ઈચ્છા તેં વૃષભર પ્રગટે, નિજજન સુખ દાતાર હો... શ્રી૦ ૧
કહાબરનું છબી અંગઅંગપ્રતિ, ઉપમા કહી ન જાઈ હો;
કોટિ મનોજસબિ ત્રિભુવનકી, એક રોમ સમ નાંહિ હો... શ્રી૦ ૨
સકલ જલદ તન નયન જળજદલ, પૂરન શશિ મુખ હાસ હો.
રૂપસિંધુસે નિકસી માનુ, રૂપમનિ પ્રકાશ હો... શ્રી૦ ૩
કર સરોજ આજાનુ પ્રલંબિત, ચરન કમલસમ શોભે હો;
શ્રીવત્સાંકિત વક્ષસ્થલ લખિ, મુક્તાનંદ મન લોભે હો... શ્રી૦ ૪





પદ-૪

ધર્મ ઊઠે પ્રેમાતુર સુતકો, શ્રીમુખ નીરખ્યો આઈ હો;
બહુવિધ દાન દિયે વિપ્રનકું, વસ્ત્ર આભૂષણ ગાઈ હો ધર્મ૦ ૧
અતિ સુંદર છબિ નિરખી શ્યામકી, ધર્મ પ્રેમ પુલકાયે હો;
ગદગદ કંઠ સજલલોચન મુખ, વચન કહત સકુચાયે હો ધર્મ૦ ૨
જોરિ પાનિ વૃષ કરત વિનંતિ કરુણા કરી સુખકારી હો;
હે શ્રીકૃષ્ણ અખિલ જગદીશ્વર, પરમપુરુષ અવતારી હો. ધર્મ૦ ૩
ભયે સનાથ નાથ હમતો અબ, દરશ દીયો બહુનામી હો;
જો કછુ કહો સોઈ હમ કિજે, મુક્તાનંદકે સ્વામી હો. ધર્મ૦ ૪

રાગ : ધોળ

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે, ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે;
કૌશળ દેશમાં ધર્યો અવતાર રે, નોમ અજવાળી રૂડો ચૈત્ર માસ રે;
તેડાવો જોશી ને પુછાવો નામ રે, નામ ધર્યુ રૂડું શ્રીઘનશ્યામ રે;
મુખડું શોભે અતિ બાલુડે વેષ રે, સુંદર ભુરા માથે નાના કેશ રે;
હરખે ઝુલાવે માતા દૂધસાકર પાય રે, માતાને મન વહેલા મોટા થાય રે;
રડતા રમાડતા પારણિયે પોઢાડે રે, રેશમી દોરી લઈ હીંચકાવે રે;
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે, પ્રેમાનંદ નિત નવી લીલા ગાવે રે;

રાગ : ગરબી — પદ-૧

સોનાના બોર ઝુલે નંદકિશોર, પ્યારાને પારણે સોનાનાં બોર.
હીરા માણેક બહુ જડિયાં પારણિયે, કાજુ શોભે છે રૂડી મોતીડાની કોર... પ્યારા૦ ૧
કોઈક કાનાને નેણે સારે કાજળિયું, કોઈક બનાવે રૂડી કસ્તુરીની ખોર... પ્યારા૦ ૨
હીલો ગાવે ને માતા હરિને ઝુલાવે, હાથે ગ્રહી છે રૂડી હીરલાની દોર...પ્યારા૦ ૩
બ્રહ્માનંદ કહે મુખ રસિયા વા'લમનું, ગોપી જુવે છે જેમ ચંદ્ર ચકોર...પ્યારા૦ ૪

પદ-૨

ધર્મકુમાર મારા હેડાનો હાર, ઝુલે પારણિયે ધર્મકુમાર;
કંકુડા વરણું કહાન કુંવરનું મુખડું, જોઈને મોહી છે વ્રજડાની નાર...ઝુલે૦ ૧
કોડે કોડે રે ઝાઝું હેત કરીને, લૂણ ઉતારે માતા વારમવાર... ઝુલે૦ ૨
હીલો ગાવે ને ગોપી હરિને ઝુલાવે, ભીડ મચી છે નંદજીને દ્વાર... ઝુલે૦ ૩
બ્રહ્માનંદનો વા'લો લટકાળો લાલો, અજબ રંગીલો છેલ પ્રાણ આધાર... ઝુલે૦ ૪

પદ-૩

સંતોના શ્યામ દોયલી વેળાના દામ, પોઢ્યા પારણિયે સંતોના શ્યામ ટેક૦
મુખડું જોવા માવાનું આવે મુનીશ્વર, અરજ કરે છે ઊભા નંદજીને રે ધામ... પોઢ્યા૦ ૧
વારા ફેરી ઝુલાવે રસિયા વાલમને, ગોપી મેલીને ઘરડાનાં રે કામ... પોઢ્યા૦ ૨
કાલું બોલે છે વા'લો મનડાને મો'તા, રોતા રહે છે છાના રાધાને નામ... પોઢ્યા૦ ૩
બ્રહ્માનંદનો વાલો જન્મ સંગાથી, વ્રજના વાસીને ઠરવાનુ રે ઠામ... પોઢ્યા૦ ૪

પદ-૪

બાલુડે વેશ માથે શોભે છે કેશ, વહાલો રમે છે મારા બાલુડે વેશ ટેક૦
અખિલ બ્રહ્માંડનો કરતા અખંડિત, નાથ કરે છે લીલા નંદજીને નેસ... વહાલો૦ ૧
રસિયા પ્રીતમને ગોપી તેડી રમાડે, જેના મહિમાનો પાર પામે ન શેષ... વહાલો૦ ૨
દેખી પંખીને મારો શ્યામ ડરે છે, ધ્યાન ધરે છે જેનું શિવજી હંમેશ... વહાલો૦ ૩
બ્રહ્માનંદનો પ્યારો જીવન મારો, લાલ આંખડલીમાં રાખીને લેશ... વહાલો૦ ૪

રાગ : કાફી-પદ-૧

સ્વામી પ્રગટ થયા તે સહુ સાંભળો રે, સાધુજનને અલૌકિક સ્વાદ,
ગુણ ગાઈએ પવિત્ર ધર્મવંશના રે-ટેક.
જેની માતા ભક્તિ નામે મહાસતી રે, પિતા પાંડે હરિપ્રસાદ-ગુણ.
ગુણવંત છપૈયા એક ગામ છે રે, પાસે અવધનગર મોટું ધામ-ગુણ.
ચૈત્ર શુક્લનવમીએ પ્રભુ જન્મિયા રે, હરિકૃષ્ણ ધર્યું છે શુભનામ-ગુણ.
બાળલીલા કરે છે બહુ ભાતની રે, માતપિતાને હર્ષ ન માય-ગુણ.
વ્હાલો ચંદ્રકળાની પેરે વધતા રે, નરનારી જોઈને ખુશી થાય-ગુણ.
આઠ વર્ષે પામ્યા તે ઉપવિતને રે, તજ્યું ભુવન આણીને વૈરાગ્ય-ગુણ.
ગુણ ચરિત્ર મનોહર ગાવવા રે, મળ્યો બ્રહ્માનંદને માગ-ગુણ.

પદ-૨

ચાલ્યા ઉત્તર દિશામાં પોતે એકલા રે, વન પર્વત ઓળંગ્યા દશવીશ,
બલિહારી નવલ ઘનશ્યામની રે ટેક.
મુક્તનાથ જઈને તપ કીધલું રે, સાધી યોગકળા તે જગદીશ-બલિ.
ત્યાંથી તીર્થ કરતા પોતે ચાલિયા રે, કરતા બહુ જનને ઉપદેશ-બલિ.





જગન્નાથ જઈ દક્ષિણ પધાર્યા રે, પછી આવ્યા તે પશ્ચિમ દેશ-બલિ.
ગેહેરી છાયા અજબ ગિરનારની રે, ભેટ્યા રામાનંદ સુખકંદ-બલિ.
દઈ દીક્ષા પોતાનું પદ સ્થાપિયું રે, ધર્યું નામ તે સહજાનંદ-બલિ.
કચ્છ ગુર્જર ધરાને પાવન કરી રે, આવી વસ્યા દુર્ગપુર આપ-બલિ.
બ્રહ્માનંદ કહે જગ ઉપર રે, વધ્યો દિન દિન અધિક પ્રતાપ-બલિ.

પદ-૩

ત્યાંથી નિજ કુટુંબીને તેડાવિયાં રે, બેઉ ભાઈ ભાઈનો પરિવાર,
વધી શોભા અધિક ધર્મવંશની રે-ટેક.
મોટા ભાઈ તે રામપ્રતાપજી રે, છોટા ઈચ્છારામ ઉદાર-વધી.
મોટા બંધુના અવધપ્રસાદજી રે, બંધુ છોટાના રઘુવીર-વધી.
બેને આચાર્ય કર્યા સત્સંગના રે, જાણી ધર્મધુરંધર ધીર-વધી.
ધર્મવંશી હોય તે રહે ધર્મમાં રે, પરત્રિયા સુતા માત સમાન-વધી.
પરપુરુષ બાઈને પિતા સરખો રે, હોય છોટો તે પુત્ર નિદાન-વધી.
કરે પુરુષ પ્રબોધ રૂડા પુરુષને રે, કરે ત્રિયા ત્રિયાને ઉપદેશ-વધી.
એવી રીતે ઉદ્ધવ સંપ્રદાયની રે, કહે બ્રહ્માનંદ પાપ નહિ લેશ-વધી.

પદ-૪

સાવર્ણી ગોત્ર શાખા કૌથમી રે, સરવરિયા બ્રાહ્મણ વેદ સામ,
રૂડી ઉદ્ધવમતની કહું રીતડી રે-ટેક.
તેનાં રૂડાં પ્રવર વળી ત્રણ છે રે, સર્વે ત્યાગી નમે નિષ્કામ- રૂડી.
ન્હાયે ધોયે પૂજા લઈ હાથમાં રે, પ્રેમે નમવું ગ્રહીને ગુરુ પાય-રૂડી.
ઉપદેશ દીએ ઉર ધરાવો રે, જેથી જન્મ મરણ દુઃખ જાય-રૂડી.
દારૂ માટી ચોરી અવેરી મૂકવાં રે, એવા નિયમ ધરાવે સાક્ષાત-રૂડી.
નહિ હિંસા વટલાવે વટલે નહીં રે, નહિ કરે પોતપોતાની ઘાત-રૂડી.
જેવો હોય અધિકારી તેવો જોઈને રે, પછે સંભળાવે મંત્રરાજ-રૂડી.
બ્રહ્માનંદ કહે એ મત અનુસરે રે, તેના સરે અલૌકિક કાજ-રૂડી.

રાગ : રામકલી પદ-૧

માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે,
ઝુલે રૂપાળો રંગભીનો રાજીવનેણ, માતા૦ ૧

મુખડું નીરખી નીરખી જાયે હરિને વારણે,
બોલે ખમાં ખમાં કહી માતા મધુરાં વેણ... માતા૦ ૨
ઘડિયું વિશ્વકર્માએ પારણિયું બહુ શોભતું,
જડીયા પારણિએ મણિ હીરા રત્ન અપાર; માતા૦ ૩
ઓપે ઓસરીએ નરનારીનાં મન લોભતું,
ઝળકે સૂરજના રથ સરખું બિંબાકાર... માતા૦ ૪
પોઢ્યા પારણીયે હરિકૃષ્ણ ધર્મસુત શ્રી હરિ,
પ્રગટ્યા પુરુષોત્તમજી અધમ ઓધારણ હાર; માતા૦ ૫
માતા હિલો ગાવે ઝુલરાવે પ્રીતે અતિ,
વહેલા મોટા થાઓ હૈડા કેરા હાર... માતા૦ ૬
માતા માખણ સાકર જમાડે જગદીશને,
જમો જીવન મારા પ્રાણ તમે ઘનશ્યામ. માતા૦ ૭
નિરખી હરખે માતા અખિલભુવનપતિ ઈશને,
પ્રેમાનંદના સ્વામી પ્યારા પુરણકામ. માતા૦ ૮

**પદ-૨**

માતા પારણિયે ઝુલાવે શ્રી ઘનશ્યામને,
સુદંર રેશમ કેરી દોરી લઈને હાથ... માતા૦ ૧
માતા હિલો ગાવે લઈ લઈ હરિનાં નામને,
ઝુલો ધર્મકુંવર પ્રભુ સુરનર મુનિના નાથ... માતા૦ ૨
વાજે પારણિયે બહુ ધણણણણણણણ ઘંટડી,
ચરણે ઝણણણણણણણ ઝાંઝરનો ઝણકાર; માતા૦ ૩
ખણણણણણણણ ખણકે ઘુઘરડી હેમે જડી,
ગણણણણણણણ ઝણણે ઘુઘરડાની હાર... માતા૦ ૪
બોલે પાંજરિયે બહુ પક્ષી હરિને આગળે,
મેના પોપટ કુર્કુટ કોયલ મોર ચકોર; માતા૦ ૫
ભીતે આલેખ્યાં બહુ ચિત્ર મનોહર કાગળે,
તેને જોઈ જોઈ રાજી થાયે ધર્મકિશોર... માતા૦ ૬





આગે અનંત ભાતનાં રમકડલાં આણી ધર્યાં,
ચકરિ ભમરા ઘુઘરા કોયલ આદિ અપાર; માતા૦ ૭
ચૂસે સોના કેરું ચુસણીયું હરખે ભર્યાં,
પ્રેમાનંદના સ્વામી સુંદર ધર્મકુમાર... માતા૦ ૮

**પદ-૩**

ઝુલે પારણિયે શ્રી પુરુષોત્તમ કમલાપતિ,
જેનો પાર ન પામે શિવ બ્રહ્મા મુનિશેષ... ઝુલે૦ ૧
એ તો અખિલ ભુવનના કર્તા હર્તા છે અતિ,
શોભે નર નાટક ધરી હરિ બાલુડે વેષ... ઝુલે૦ ૨
જેના એક રોમે કોટિ બ્રહ્માંડ ઊડતાં ફરે,
જેની ભ્રકુટિ જોઈને થર થર કંપે કાળ; ઝુલે૦ ૩
તે પ્રભુ પ્રાકૃત બાળકની પેઠે રુદન કરે,
ઊડે ચકલાં તે જોઈ બીયે દીનદયાળ... ઝુલે૦ ૪
જેની શિવબ્રહ્માસનકાદિક પૂજે ચાખડી,
જેના વારણીયા લઈ વન્દે મુક્ત અનેક, ઝુલે૦ ૫
કંપે કાળમાયા જેની ભૃકુટિ જોઈને વાંકડી,
એવો અનંત શક્તિધર અક્ષરપતિ પ્રભુ એક... ઝુલે૦ ૬
તે પ્રભુ પ્રગટ્યા દ્વિજકુલ નિજજનને સુખ આપવા,
કરવા ઘોર કળિમાં અનેક પતિત ઉદ્ધાર; ઝુલે૦ ૭
આવ્યા અવનિ ઉપર ધર્મ એકાંતિક સ્થાપવા,
એવા પ્રગટ હરિ પર પ્રેમાનંદ બલિહાર... ઝુલે૦ ૮

**પદ-૪**

માતા પ્રેમવતી ઝુલાવે સુત ઘનશ્યામને,
નીરખી રૂપ મનોહર હેડે હરખ ન માય... માતા૦ ૧
માતા પયનું પાન કરાવે પૂરણકામને,
લીએ વારણીયા અતિ હરખે હિલો ગાય... માતા૦ ૨
માતા આંજણ લેઈ અણિયાળી આંજે આંખડી,
નીરખે પૂરણ ચંદ્ર સરીખું વદન વિશાળ... માતા૦ ૩

હરિની આંખલડી કમળ કેરિ પાંખડી,
નાસા નમણી સુંદર દીપે અધર પ્રવાળ... માતા૦ ૪
હરિને કંઠે કૌસ્તુભ હાંસલડી રતને જડી,
કેડે કંદોરામાં કનક ઘુઘરડી ચાર... માતા૦ ૫
માતા આંખલડી આગેથી ન મેલે એક ઘડી,
મુખડું ચુંબી દુઃખડાં લીએ વારંવાર... માતા૦ ૬
હરિને શ્યામ શરીરે અંગરખી અતલસતણી,
માથે કિનખાપની ટોપી રતન જડાવ... માતા૦ ૭
શોભે શોભાસાગર પારણીયે શોભામણી,
જોવા પ્રેમાનંદના ઉરમાં પરમ ઉછાવ... માતા૦ ૮

**રાગ - ગરબી : પદ-૧**

પ્રગટ થયા સુખકારી, છપૈયામાં પ્રગટ થયા સુખકારી,
શ્રીહરિ આજ અવતારી છપૈયામાં પ્રગટ થયા૦
બ્રહ્માને ભવ શેષ સારદ ગાવે રે, ગાવે જેને વેદ ચારી. છ૦ ૧
કોટી કલ્પ જેનું ધ્યાન ધરે છે રે, દ્રઢ મુનિ વ્રત ધારી. છ૦ ૨
કારણ પ્રેરક સર્વના કહાવે રે, ભકતવત્સલ ભયહારી. છ૦ ૩
અવધપ્રસાદ કહે અવની ઉપર રે, તારવા અનંત નરનારી. છ૦ ૪

**પદ-૨**

ખેલ કરે બહુનામી, છપૈયામાં ખેલ કરે બહુનામી,
અક્ષરધામના ધામી. છપૈયામાં ખેલ કરે૦
બાલક સહુને પાસે બોલાવી રે, ખેલ રાખે નહિ ખામી. છ૦ ૧
સહુજનને સુખ આપે અલૌકિક રે, શ્રી સહજાનંદ સ્વામી. છ૦ ૨
ખેલ ખેલાવીને અગણિત જનને રે, કીધા પોતે નિષ્કામી. છ૦ ૩
અવધપ્રસાદ કહે એ છબી નીરખી રે, હૈયાની પૂરી મેં તો હામી. છ૦ ૪

**પદ-૩**

નારાયણ સરમાં નહાવે, છપૈયામાં નારાયણ સરમાં નહાવે,
ખાંતેથી ખેલ મચાવે, છપૈયામાં નારાયણ સરમાં૦





નહાવે વા'લોને બહુ તાળી બજાવે રે, જોવાને સુરમુનિ આવે. છ૦ ૧
જોઈ લીલા જગના જીવનની રે, આનંદ ઉર ન સમાવે. છ૦ ૨
જય જયકાર કરે દેવ જોઈને રે, ધાઈને પુષ્પે વધાવે. છ૦ ૩
અવધપ્રસાદના નાથની લીલા રે, જોઈને ભવદુઃખ જાવે. છ૦ ૪

**પદ-૪**

લીલા કરે રંગ લેરી, છપૈયામાં લીલા કરે રંગ લેરી,
કટી પર કાંચની પે'રી, છપૈયામાં લીલા કરે૦
અંગરખી અંગે ધારી અનોપમ રે, પાઘ ગુલાબી શિર ઘેરી. છ૦ ૧
પુરવાસી સહુને પુરુષોત્તમ રે, હસી આપે સુખ હેરી. છ૦ ૨
જાંબુ તણા જાય ફલ ખાવા રે, બાગમાં સખા સંગ ઘેરી. છ૦૩
અવધપ્રસાદના નાથની લીલા રે, દેખી ટળે ભવ ફેરી. છ૦ ૪

**પદ-૫**

શ્યામ સુંદર સુખદાઈ, છપૈયામાં શ્યામ સુંદર સુખદાઈ,
ખેલ કરે હરખાઈ. છપૈયામાં શ્યામ સુંદર૦
બહુનામી બાલક બહુ લઈને રે, રમે ભમે પુરમાંહી. છ૦ ૧
કોઈક દિન વિશ્વામિત્રીમાં જાઈ રે, ધૂમ મચાવે ધાઈ. છ૦ ૨
કોઈક દિન ધર્મ તલાવ જાઈને રે, ના'વે તે કીર્તન ગાઈ. છ૦ ૩
અવધપ્રસાદ કે' નારાયણ સરમાં રે, બહુ ના'વે બળભાઈ. છ૦ ૪

**પદ-૬**

ધન્ય છપૈયાના વાસી, નિગમ કહે ધન્ય છપૈયાના વાસી,
જેના ભેળા રમ્યા અવિનાશી નિગમ કહે ધન્ય૦
કોટી બ્રહ્માંડના કર્તા જે કહાવે રે, રમ્યા જે સંગે હુલાસી. નિ૦ ૧
સહુજનને સુખ આપે અલૌકિક રે, શ્યામસુંદર સુખરાશિ. નિ૦ ૨
સર્વ તીર્થનું ફળ સહુ પાવે રે, નથી ગયા ગયા કાશી. નિ૦ ૩
અવધપ્રસાદ કહે એ પુરવાસી રે, પ્રગટ પ્રભુના ઉપાસી. નિ૦ ૪

**પદ-૭**

છપૈયા ધામ મોટું જગકાવે, છપૈયાધામ મોટું જગકાવે,
તેની તોલે બીજું કોઈ નાવે, છપૈયા ધામ મોટું૦

સાત પુરી ચાર ધામ ધરા પર રે, તે પણ તે તોલ્ય નાવે. છ૦ ૧
કુળ અનંત ભવ તરે તે તેના રે, જાઈ ત્યાં શ્રાદ્ધ કરાવે. છ૦ ૨
કોટિક પાપ કર્યા જન જેને રે, નામ લેતાં પાપ જાવે. છ૦ ૩
અવધપ્રસાદ કહે જાતા છપૈયામાં રે, જન અક્ષરધામ જાવે. છ૦ ૪

**રાગ : શ્રી સહજાનંદ સ્વામિના દાજીરે પદ - ૧**

નગર અયોધ્યાની પાસે એક ગામ છે રે,
તેનું નામ શુભ છપૈયા છે સાર રે વાલાની કહુ વાતડી રે.
તેમાં વિપ્ર રહે છે ધર્મ દેવ નામના રે,
તેની ત્રિયા શુભ ભક્તિ ગુણ ભંડાર રે ... વાલાની ૧
તેને ઘેર પ્રભુ મેહેર કરી આવીયા રે,
કરવા કોટિ કોટિ જીવ ભવ પાર રે ... વાલાની ૨
રૂડી રાત ગઈ છે દસ ઘડી જાહ્યરે રે,
ત્યારે પ્રગટ્યા વાલો અક્ષરના આધાર રે ... વાલાની ૩
સર્વે માનુની મળીને મંગળ ગાય છે રે,
હરિને મોતિડે વધાવે ભરી થાળ રે ... વાલાની ૪
નારણદાસના વાલાને જાય વારણે રે,
ઘણું ઘણું જીવો ભક્તિ કેરા બાળ રે ... વાલા ૫

**રાગ : મુખડાની માયા લાગીરે, મોહનતારા પદ - ૧**

છપૈયામાં સુખકારીરે પ્રગટ થયા, અનુકંપા ઊર ધારી રે, પ્રગટ થયા. ટેક૦
ભક્તિના ભૂવન વિષે, તેજ તેજ તેજ દિસે, તેજ વિષે ઈશ ઈશ રે. પ્રગટ ૧
આનંદ આનંદ છાયો, સમિર શિતળ વાયો, મોતિડાંનો મેઘ આવ્યો રે. પ્રગટ ૨
માનુની મંગળ ગાવે, હરિને જોવાને આવે, મુખ જોઈને મુદ પાવે રે. પ્રગટ ૩
સુર સૌ વૈમાન લાવી, ફુલ વૃષ્ટિ કરે આવી, પ્રેમ પૂરો દર્શાવી રે. પ્રગટ ૪
દાસ તો નારણ કે'છે પુરણ પુરૂષોતમ જે છે, ધર્મના કુમાર તે છે રે. પ્રગટ ૫

**રાગ : આજ રાધિકા બાગમાં નિર્ખ્યા ગુણવંત ગીરધારી પદ - ૧**

આજ છપૈયા ગામમાં સજની, ઘેર ઘેર મંગળાચાર. ટેક
ભક્તિનું ભાગ્ય અતિભારી, પ્રગટ્યા પ્રભુ ગુણવંત ગિરધારી,
ધરમદેવ ઘેર ધર્યો અવતાર. આજ છપઈયા. ૧





માનની મળી મળી મંગળ ગાય, વાલાને વળી વળી જોવા જાય.
મૂકે નહિ છેટે એક લગાર. આજ છપૈયા. ૨
સોનાનો થાળ ભરી લાવે, વાલાને મોતિડે વધાવે,
વાજાં વાગે ધરમદેવને દરબાર. આજ છપૈયા. ૩
હરિ મુખ જોઈ આનંદ પામે, બોલાવે કહી કહી ઘનશ્યામ,
શોભે શિર ટોપી તેજ અંબાર. આજ છપૈયા. ૪
કંદોરો કટિપર અતિ શોભે, ઝાંઝરને ઝુલડીમાં મન લોભે,
નારણદાસ વારી જાય વાર હજાર. આજ છપૈયા. ૫

**રાગ : ગરબી પદ-૧**

મારે આનંદનો દિન આજ રે, પ્રભુ પ્રગટ્યા કલ્યાણને કાજ રે...૧
વા'લો અનંત બ્રહ્માંડના ઈશ રે, શી શોભા વખાણું જગદીશ રે...૨
સહજાનંદ ચાખડિયે ચડિયા રે, વેઢ દશે આંગળિયે જડિયા રે...૩
હેમ-કડાં ને બાજુબંધ રે, મુખ શોભે પૂનમકો ચંદ રે...૪
પહેરી ઊભા પીતાંબર જામા રે, મુખ મરકે ને આવે હરિ સામા રે...૫
અંગરખે જડેલ લાલ બુટી રે, જેમ કિરણું સૂરજની ફૂટી રે...૬
વા'લે પામરીની પલવટ વાળી રે, માંહિ રાખી છે વેણ રસાળી રે...૭
કેડે શોભે સોનેરી ફેંટો રે, રૂડો લાગે રૂમાલ ને રેટો રે...૮
કંઠે કૌસ્તુભમણિની માળા રે, ફૂલ્યા ઊભા છે કા'ન ગોવાળા રે...૯
કાનુમાં કુંડલિયા છાજે રે, હરિને માથે મુગટ બિરાજે રે...૧૦
કલગીએ હીરા ઝળકે રે, જેમ વીજ અષાડી ચળકે રે...૧૧
વા'લો ચાલે ચટકતી ચાલે રે, હરિને ગલિયાં પડે છે બેઉ ગાલે રે...૧૨
આવી હીંચે હિંડોળા ખાટે રે, જન આવે દર્શન કરવા માટે રે...૧૩
છબી નીરખીને ચરણે પડે રે, પૂજા અત્તર ચંદનની ચડે રે...૧૪
ઊડે અબિલ ગુલાલ અપાર રે, નાવે પિચકારીનો પાર રે...૧૫
હરિને છાંટ્યા કેસરિયા ઘોળી રે, વા'લો હોંશેરમાડે હોળી રે...૧૬
વિધ વિધનાં તે વાજાં વાજે રે, નગારાં ત્રંબાળુ ગાજે રે...૧૭
વા'લો જમાડ્યાની જુક્તિ જાણે રે, ચંદનના ચોકા તાણે રે...૧૮
વા'લો પીરસે ને પસારે રે, ન જમે તો લાડવે મારે રે...૧૯

પંગતમાં પાંચવાર ફરિયા રે, વા'લો સર્વે સંતોને મલિયા રે...૨૦
ત્યાં મચ્યો છે પ્રેમનો કીચ રે, સર્વે સંતો રમે છે હિંચ રે...૨૧
વા'લો હસીને પાડે તાળી રે, એવી લીલા અલૌકિક ભાળી રે...૨૨
એની શોભા તે શી વખાણે રે, ભૂમાનંદ પરમ સુખ માણે રે...૨૩

**રાગ : હાલરડું પદ-૧**

અયોધ્યા સરયુતટે સંભળાય, મધુર જળ તરંગ હાલરડું,
છપૈયા ગામ સીમાડે ગવાય, મીઠે સૂર પક્ષીનું હાલરડું-અયોધ્યા૦૧
સરવરિયા બ્રાહ્મણ કુળ એ, ધર્મ-ભક્તિને ગૃહ મંદિરિયે,
ઈશ્વરનો અવતાર થાય, ચોઘડિયાં ચલવે હાલરડું-અયોધ્યા૦૨
સંવત અઢાર સાડત્રીશ, ચૈત્ર સુદિ નમવીની રાત્રિ,
જનમ્યા રામ રૂપે ભગવાન, ફેલાયું આનંદ હાલરડું-અયોધ્યા૦૩
અપ્સરા ગંધર્વો ત્યાં આવે, નંદનવન-ફૂલડે વધાવે,
શ્રીજીને પારણિયે પધરાવે, કિન્નર ગણ ગાયે હાલરડું-અયોધ્યા૦૪
દેવ દેવી જાહ્નવી જળની, ભરી લાવી સુવર્ણ ગાગરડી,
કેસરિયાં સ્નાન કરાવે, ગાયે ગરવે હાલરડું-અયોધ્યા૦૫
નરનારી બાળ ઉભરાયે, હીરા મોતીની માળા ધરાવે,
ઝરિયાની પોશાક પેરાવે, સુણાવે સૂરીલું હાલરડું-અયોધ્યા૦૬
માતા પ્રેમવતી હુલસાવે, નવરત્ન હીંડોળે હીંચાવે,
સોહે ગાવે સકલ સંસાર, સહજાનંદનું હાલરડું-અયોધ્યા૦૭
રાજા રાણી સંત મહંત, દર્શન આવે છે અનંત,
તે તો તરે છે ભવસાગર, સહજાનંદનું હાલરડું-અયોધ્યા૦૮

**રાગ : ધનાશ્રી — પદ-૧**

પ્રગટ ભય દો વીર, બદ્રીપતિ પ્રગટ ભયે દો વીર;
નર નારાયણ રૂપ અલૌકિક, સુંદર ગૌર શરીર... બદ્રી૦ ૧
ચૈત્ર શુક્લ નવમીકી નિશિ, સબ જગ હારી પીર;
બ્રાહ્મમુહૂર્ત જોગ સિદ્ધિ રવિ શુભ, જન્મેઉ શ્યામ સુધીર...બદ્રી૦ ૨
ધર્મ અહિંસા કરત નુછાવર, ભઈ દેવનકી ભીર;
બાજાં ભેર શરનાઈ નોબત, બાજત મૃંદગ ગંભીર... બદ્રી૦ ૩





ગાવત સુરત્રિય ગીત મનોહર, ઉડત ગુલાલ અબીરઃ
બ્રહ્માનંદ કહે હરિ પ્રગટે, અગણિત ભુવન અમીર... બદ્રી૦ ૪

**પદ-૨**

ભયેઉ પ્રગટ દોઉં ભ્રાત, ધર્મઘર ભયેઉ પ્રગટ દોઉ ભ્રાત;
નર નારાયણ પુત્ર નિરખકે, હરખે અહિંસા માત... ધર્મ૦ ૧
પ્રૌઢ પ્રતાપ પ્રફુલ્લિત કાંતિ, છબી બરની નહીં જાત;
શેષ સુરેશ મહેશ્વર શારદા, નારદ મુનિ ગુન ગાત... ધર્મ ૨
ધર્મઋષિ ધર હોત કુતૂહલ, દેવ સુમન વરષાત;
નૌતમ રંગ અપ્સરા નાચત, અંતર અતિ હરખાત... ધર્મ૦ ૩
અહિંસા માત મન મુદિત ભઈ જ્યું, દેખત દગન અઘાત;
બ્રહ્માનંદ કહે જાકે સુતકો, પાર નિગમ નહિ પાત... ધર્મ૦ ૪

**પદ-૩**

નર નારાયણ શ્યામ, પ્રગટ ભયે નર નારાયણ શ્યામ;
બાજત બાજાં અધિક બધાઈ, ધર્મ ઋષિકે ધામ... પ્રગટ૦ ૧
ગૌર શરીર ધીર દોઉ શોભત, સંતનકે અભિરામ;
કોમળ કાન્તિ નિરખી વદનકી, લાજત કોટિક કામ... પ્રગટ૦ ૨
નાટારંભ કરત સુરનારી, ગાવત ઉચે ગ્રામ;
મહાપ્રભુ તનુ ધરકે અહિંસાકી, સબ વિધિ પૂરી હામ... પ્રગટ૦ ૩
ટોડે તોરણ વિવિધ બંધાયે, માણક મોતી દામ;
બ્રહ્માનંદ રહો દગ આગે, દોઉ છબી આઠુ જામ... પ્રગટ૦ ૪

**પદ-૪**

નર નારાયણ દોય, પ્રગટ ભયે નર નારાયણ દોય;
ધર્મ ઋષિકે સદન અલૌકિક, આનંદ ઉત્સવ થાય... પ્રગટ૦ ૧
અબીર ગુલાલકી ધૂમ ભઈ હૈ, છાંટત કુંકુમ તોય;
મહી માખનકી કીચ મચાઈ, દેખી રહે સુર મોય... પ્રગટ૦ ૨
મંડપ રચે દ્વારકે આગે, સ્તંભ કેલકે બોય;
દેવત્રિયા મીલ મંગળ ગાવત, રંગ ભરે સબ કોય... પ્રગટ૦ ૩
જન્મ લેત સમ સબ જીવનકે, દીને પાતક ખોય;
બ્રહ્માનંદ સુફળ થઈ અખિયાં, મૂરતિ મનોહર જોય... પ્રગટ૦ ૪

રાગ : ગરબી — પદ-૧

સહજાનંદ સ્વામી રે, ન પ્રગટત આ સમે રે,
પ્રાણી કોઈ પામત નહિ ભવપાર રે;
મતિયા ને પાખંડી રે, શબ્દની ઝાળમાં રે,
બાંધી બાંધી બોળત જીવ અપાર રે...સહજાનંદ૦ ૧
કામી ક્રોધી લોભી રે, ગુરુ થઈ બેસતા રે,
જતી સતી જડત નહિ જગમાંય રે;
જ્ઞાનને વૈરાગ્ય રે, ભક્તિ ઝુરીને રે,
મરી ઝરી જાત ન લાઘત ક્યાંય રે...સહજાનંદ૦ ૨
કાળીંગાની ફોજો રે, કરત અતિ જોરને રે,
કરી ગુરુ પંડિતમાં પ્રવેશ રે.
માંસને મદીરા રે, પરત્રિયા સંગથી રે,
ધર્મનો રે રહત નહિ લવલેશ રે...સહજાનંદ૦ ૩
વધત વટાળ રે, ઘણો આ સંસારમાં રે,
વર્ણ અઢારે થઈ એકતાર રે;
સંતને અસંતમાં રે, કોઈ સમજત નહિ રે,
ભવજળ બુડત સૌ સંસાર રે...સહજાનંદ૦ ૪
નરકના પંથથી રે, કોઈ ન મુકાવતા રે,
કોઈ ન કરત ભવસેતુ ઉદ્ધાર રે;
મુક્તાનંદ કહે છે રે, તે તો દુઃખ ટાળીયા રે,
જાઉં એને વારણે વારંવાર રે...સહજાનંદ૦ ૫

પદ-૨

સહજાનંદ સ્વામી રે પોતે પરિબ્રહ્મ છે રે,
સ્વામિનારાયણ જેનું નામ રે;
સત્ય ધર્મ સ્થાપી રે, અધર્મ ટાળીઓ રે,
કીધા વ્હાલે નિજજન અતિ નિષ્કામ રે...સહજાનંદ૦ ૧
પોતાના આશ્રમની રે, રીતિ પ્રગટ કરી રે,
કળિમધ્યે કામની લીધી લાજ રે;





સમજુ શાણા રે, તે જાણી એ પ્રતાપને રે.
નિશ્ચે કરી જાણ્યા શ્રીમહારાજ રે...સહજાનંદ૦ ૨
જમ ને પાખંડી રે, કૂટે છે પેટને રે,
જાણે ગયો આપણો સર્વે ગરાસ રે;
સત્સંગ ફેલાયો રે, સર્વે સંસારમાં રે,
કેને ગળે નાખશું જઈ હવે પાશ રે...સહજાનંદ૦ ૩
એકાંતિક ધર્મ રે, પ્રગટ કરી આપીયો રે,
કીધા વહાલે બ્રહ્મરૂપ નિજ દાસ રે;
મુક્તાનંદ કહે છે રે જાઉં એને વારણે રે,
જેણે મુને આપ્યો બેહદ વાસરે...સહજાનંદ૦ ૪

પદ-૩

સદ્‌ગુરુ સાચા રે, સેવો શુદ્ધ ભાવશું રે,
જેથી ટળે મનના વિવિધ વિકાર રે;
જેને સંગ વાધે રે, પ્રભુજી સંગે પ્રીતડી રે,
ટળી જાત જાતવર્ણ અહંકાર રે...સદ્‌ગુરુ૦ ૧
વર્તમાન પાંચ રે, પળાવે દ્રઢ કરી રે,
સંભાળવા હરિના ચરિત્ર પરમ ઉદાર રે;
એવા ગુરુ દેવ રે, ગોવિંદસમ જાણીએ રે,
જેને સંગે પામીએ ભવજળ પાર રે...સદ્‌ગુરુ૦ ૨
ગુરુ વિના જ્ઞાન રે, ન પામે મનમુખી રે,
કહે છે એ મહાશ્રુતિ વેદપુરાણ રે;
એવું તે વિચારી રે, સદ્‌ગુરુ સેવજોરે,
જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે...સદ્‌ગુરુ૦ ૩
ગુરુજીના વચન રે, વિચારી ઉર ધારજો રે,
ટાળો તમે મોહ મમતા અભિમાન રે;
મુક્તાનંદ કહે છે રે, એવી રીતે વર્તતાં રે,
તેને ઉર વાસ કરે ભગવાન રે...સદ્‌ગુરુ૦ ૪

**પદ-૪**

સંત સમાગમ રે, શુદ્ધ થઈ કીજીએ રે,
સંત થકી લીજીએ વિવિધ વિચાર રે;
કપટ કુબુદ્ધિ રે, ઉરથકી ટાળીએ રે,
ટાળીએ જૂઠો તન અહંકાર રે...સંત૦ ૧
સંતજન સંગે રે, હરિગુણ ગ્રહીએ રે,
અવગુણ ઉરથકી કરીએ ત્યાગ રે;
ઈર્ષા અભાવ રે, ન લેવો સંતનો રે,
તન સુખ તજવાં ગ્રહી વૈરાગ્ય રે...સંત૦ ૨
ક્રોધ ન કરવો રે, હરિજન ઉપરે રે,
વચન સુણી ન બાંધવું વેર રે;
સમજી વિચારી રે, વચન મુખે બોલીએ રે,
વણસમજે ન વાળીએ ઝેર રે...સંત૦ ૩
શ્રીનારાયણ રે, સ્વામિના દાસ જે રે,
તેને સંગે રહેવું થઈને ગુલામ રે;
મુક્તાનંદ કહે છે રે, એવી રીતે વર્તતાં રે,
સંતસંગે પામશો અક્ષરધામ રે...સંત૦ ૪

**રાગ : કાફી — પદ-૧**

સહજાનંદ હરિ, પ્રગટ થયા સહજાનંદ હરિ... ટેક૦
વ્યાસમુનિએ જે પૂર્વે કહી'તી, તે વાત સાચી કરી... પ્રગટ૦ ૧
કૌશલ દેશમાં પ્રગટ્યા પોતે, દ્વિજકુળ દેહ ધરી... પ્રગટ૦ ૨
અધર્મ કેરાં મૂળ ઉખાડી, સદ્ધર્મ સ્થાપ્યો ફરી... પ્રગટ૦ ૩
નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નીરખ્યા મેં નેણાં ભરી... પ્રગટ૦ ૪

**પદ-૨**

સહજાનંદ હરિ, ભજી લ્યોને સહજાનંદ હરિ... ટેક૦
દારૂ માટી ચોરી અવેરી, એ ચારનો ત્યાગ કરી... ભજી૦ ૧
જન્મમરણનું સંકટ મોટું, તે થકી મનમાં ડરી... ભજી૦ ૨
નારાયણનું નામ જ લેતાં, ભવજળ જાશો તરી... ભજી૦ ૩
નિષ્કુળાનંદ કહે નિઃશંક થઈને, માનજો વાત ખરી... ભજી૦ ૪





**પદ-૩**

જાવું જરૂરી મરી, મેલીને સર્વે જાવું જરૂર મરી... ટેક૦
રાતદિવસ રળ્યો ધનને કાજે, સમર્યા નહિ ઘડીએ હરિ... મેલીને૦ ૧
મેડી મંદિર માલ ખજીના, સંપત રહેશે ધરી... મેલીને૦ ૨
સગાંસંબંધી સહુ જોઈ રહેશે, કે'નું ન ચાલે જરી... મેલીને૦ ૩
નિષ્કુળાનંદ કહે જોને વિચારી, રહે નહિ દેહ ધરી... મેલીને૦ ૪

**પદ-૪**

મનમાં વિચારી જરી, જોયું નહિ મનમાં વિચારી જરી... ટેક૦
સાધુજનની વાત ન માની, પાપીની સોબત કરી... જોયું૦ ૧
નારાયણનું નામ ન લીધું, મનુષ્ય દેહ ધરી... જોયું૦ ૨
જુવાનીમાં જોરે ભરીયો, ચોરી અવેરી કરી... જોયું૦ ૩
નિષ્કુળાનંદ કહે માગીને લીધી, માથે ચોરાશી ફરી... જોયું૦ ૪

**રાગ : ગોડી-પદ-૧**

નરહરી રૂપ મોરારી, પ્રગટ ભયે નરહરી રૂપ મોરારી;
અતિ વિકરાલ વદનજીુત મૂર્તિ ભાસત અતિ ભયકારી...પ્રગટ૦ ૧
માધવ માસકી શુક્લ ચતુર્દશી તેહિ દિન નૃસિંહ સ્વરૂપ;
સ્થંભકુ ફોડીકે પ્રગટ ભએ હેં કીનો હે ક્રોધ અનુપ...પ્રગટ૦ ૨
હિરણ્યકશ્યપુકો ઉદર વિદાર્યા અતિસેં જોર જનાઈ;
મુક્તાનંદ કહે પ્રભુ પ્રહ્‌લાદકી કીની હે રક્ષા આઈ...પ્રગટ૦ ૩

**પદ-૨**

પ્રગટ ભએ નરસીંગ, ભક્તહિત પ્રગટ ભએ નરસીંગ;
જન પ્રહ્‌લાદકું અસુરપાતકી જબ દુઃખ દિન અભંગ...ભક્ત૦ ૧
કાઢી ખડ્‌ગ હિરણ્યકેશ કોપ્યો કહાંહે તુંવ રખવારા;
મમ પ્રભુ સબમેં સબહિસેં ન્યારે યું કહ્યો બાલ ઉદાર...ભક્ત૦ ૨
સ્થંભ ફોરિ જબ નરહરિ પ્રગટે કિનો હે અતિશય નાદ;
મુક્તાનંદ કહે નાથ અભય કિયો અપનો જન પ્રહ્‌લાદ...ભક્ત૦ ૩

પદ-૩

અસુરકું નખસેં વિદારી, હણ્યો પ્રભુ અસુરકું નખસેં વિદારી;
રાતે નૈંન ફિરાવત ચહુદિશ મનુ કૃતાંત લયકારી...હણ્યો૦ ૧
બ્રહ્મા ભવ કમલા આવત મનસેં ડરત અતિ ભારી;
અબલું શ્રીનારાયણ કબહું એસી મૂર્તિ નહિ ધારી...હણ્યો૦ ૨
જન પ્રહ્લાદ ઉછંગમે લીનો ચાટન લગેઉ અઘારી;
મુક્તાનંદ ભક્તવત્સલ પર વારવાર બલિહારી.હણ્યો૦ ૩

પદ-૪

ભક્તનકે ભયહારી સદા પ્રભુ ભક્તનકે ભયહારી;
જન પ્રહ્લાદકાજ ભયે નરહરિ માર્યો અસુર અહંકારી...સદા૦ ૧
જયજયકાર ભયો ત્રિભુવનમેં દુંદુભિ દેવ બજાવે;
સુમન વૃષ્ટિ સુરરાજ કરત હે ગાંધર્વ હરિગુણ ગાવે...સદા૦ ૨
યું નરસિંહ રૂપ પ્રભુ ધાર્યો વાસુદેવ અવતારી;
મુક્તાનંદ રસિક પ્રીતમ પર વારવાર બલિહારી...સદા૦ ૩

●







# પ્રેમાનંદ સ્વામીના કીર્તન

રાગ : ભૈરવી – પદ-૧

મેં તો ગુનેગાર તેરા રે, હો સ્વામિન્ મેરા; મેં તો. ટેક
હું ગુનેગાર તેરા કિરતાર, દે શરન ચરન કેરા રે. મેં તો ૧
અધમ ઓધારન પતિતજન પાવન, મેટત ભવ ફેરા રે. મેં તો ૨
યેહી બિરુદ ઘનશ્યામ સુની તેરા, કીનો ચરન ડેરો રે. મેં તો ૩
પ્રેમાનંદ કે પ્રભુ ભવસાગર તે, પાર કરો બેરા રે. મેં તો ૪

પદ-૨

મેરી તકસીર કરીયો માફ, હો હરિ જગવ્યાપ... મેરી ટેક
બહુત બની તકસીર મેરેસેં, સબવિધિ જાનત આપ... મેરી ૧
હમ અપરાધી જીવ જનમકે, કહા બરનું કહી પાપ... મેરી ૨
સ્થાપન ધર્મ ધર્મકુળ પ્રગટે, અધમ કરન ઉથાપ... મેરી ૩
પ્રેમાનંદ તર્યો ભવસાગર, તેરે ચરન પ્રતાપ... મેરી ૪

પદ-૩

તોહે મોરી બાંહ ગ્રહેકી લાજ, હો મેરે મહારાજ... તોહે. ટેક
હમ હે પતિત તુમ પતિત કે પાવન, ગિરિધર ગરાબ નિવાજ... તોહે૦ ૧
ચહુજાુગ કે નરનારી પાતકી, સબહી ઓધારે આજ... તોહે૦ ૨
અધમઓધારન ત્રિભુવન તારન, શ્રીહરિકૃપાકે જહા... તોહે૦ ૩
પ્રેમાનંદકે પ્રભુ પ્રગટે ધર્મકુળ, અધમ ઓધારન કાજ... તોહે૦ ૪

પદ-૪

મેં તો છીન છીન તેરા ગુન્હેગાર, હો ધરમકુમાર...મેં તો
મેં ગુલામ તેરે ચરનકમળકા, તું મેરા શીરદાર... મેં તો૦ ૧
જો કરની સુની હો પ્રભુ મેરી, નાહિ કબહુ નિસ્તાર... મેં તો૦ ૨
અપનો બિરુદ બિચારી કે કેશવ, લીજે મોહન મેરી સાર... મેં તો૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ નામ પર, બારબાર બલિહાર... મેં તો૦ ૪

રાગ : વસંત – પદ-૧.

આજ વસંત પ્રથમદિન આવ્યો, સહુજનકે સુખકારી;
છુટી લાજ આજથી સજની, ઉપજ્યો આનંદ ભારી. આજ૦ ૧

વન તરુ લતા વેલી પ્રેમાતુર, નવપલ્લવ થઈ સારી;
કુંજકુંજ પ્રતિ કોકિલા સુંદર, બોલત વસંત ખુમારી. આજ૦ ૨
શ્રીઘનશ્યામ પિયાસંગ રમવા, અતિ આતુર બ્રજનારી;
અંગો અંગ ફુલી સહુ અબલા, નૌતમ નેહ વધારી. આજ૦ ૩
રચ્યો મનોરથ રમવા સારૂ, થઈ તરુણી સહુ ત્યારી;
તન મન ધન ઘનશ્યામ છબીપર, પ્રેમાનંદ બલહારી. આજ૦ ૪

**પદ-૨**

ચલો સખી સહુ વસંત વધાવા, ધર્મવંશીને દ્વાર;
જોતાં વદન શ્રીધર્મકુંવરનું, મટે અંગ મદનવિકાર. ચલો૦ ૧
મંગળ થાળ ભરી ભામિનીયો, સજો સોળે શણગાર;
શ્રીફળ આંબામોર અક્ષત લઈ, પૂજીયે ધર્મકુમાર. ચલો૦ ૨
અબીલ ગુલાલ અરગજ્યા કુમકુમ, કેશર મૃગમદ સાર;
પ્રેમપુલકિત ઘનશ્યામ પિયાપર, છાંટીયે વારમવાર. ચલો૦ ૩
ધન્ય ધન્ય ભાગ્ય આપણાં સજની, ધન્ય લેખે અવતાર;
પ્રેમાનંદ ઘનશ્યામ પિયાસંગ, વાધ્યો પ્રેમ અપાર. ચલો૦ ૪

**પદ-૩**

વસંત રમે વંદ્રાવનવાસી, ધર્મતનય ઘનશ્યામ;
જોઈ જોઈ શોભા અંગોઅંગની, લાજે કોટિક કામ. વસંત૦ ૧
પહેર્યાં વસન વસંતી વ્હાલે, અલંકાર અભીરામ;
કુસુમના હાર બાજુબંધ બાંધ્યા, છોગલીયું છબીધામ. વસંત૦ ૨
અબીલ ગુલાલ ઉડાવે ફાંટે, લઈ સંતોનાં નામ;
લીલારસ વરસાવી કીધું, ઘેલું ગોકુળ ગામ. વસંત૦ ૩
જ્યાં શ્રીકૃષ્ણ ત્યાંજ વંદ્રાવન, વસંતઋતુ તે ઠામ;
તે શોભા નિત્ય જોઈ પ્રેમાનંદ, આનંદ આઠો જામ. વસંત૦ ૪

**પદ-૪**

વસંત રમે મોહન મુનિસંગે, શ્યામસુંદર સુખરાશિ;
ધર્મકુંવર ઘનશ્યામ મનોહર, વૃંદાવનના વાસી. વસંત૦ ૧
આવ્યા અગણિત મુનિવર મોટા, હરિદર્શનના પ્યાસી;
કરી પ્રણામ પહેરાવી માળા, દિવ્ય પુષ્પની ખાસી. વસંત૦ ૨





લેપન કર્યો મુનિના મુખ પર, અતર ઉઠી અવિનાશી,
મુખમાંજે લઈ અબીલ ગુલાલે, હરિવર કરતા હાંસી. વસંત૦ ૩
ભવ બ્રહ્મા નારદ સનકાદિક, સહુ મુનિ સહસ્ર અઠાસી;
પ્રેમાનંદ કહે હરિ સંગ રમતાં, ભૂલી ગયા શિવ કાશી. વસંત૦ ૪

**રાગ : કાફી – પદ-૧**

હોરી આઈ શ્યામ બિહારી. હો૦
શ્રીઘનશ્યામ કામ સબ પુરણ, સુનિયે બિનતિ હમારી;
હમ તુમસંગ પ્રભુ ખેલન ચાહે, હોત ઉમંગ ઉર ભારી;
કહત યું મુનિ બ્રહ્મચારી. હો૦ ૧
એક ઓર તુમ પ્રભુ સખા સંગ લેઉ, એક ઓર હમ વ્રતધારી;
જો હારે સો ફગુવા દેહેં, યહિ પ્રતિજ્ઞા ધારી;
કિની અંગીયાં બનવારી. હો૦ ૨
નૈષ્ઠિકવરણી મહામુનિ આદિક, ત્યાગીદલ ભયો ત્યારી;
ઈતિ હરિકૃષ્ણ સખા સબ સજકે, આયે ઈશ અવતારી;
હાથ કંચન પિચકારી. હો૦ ૩
રચ્યો હે અખાડો શ્રીસારંગપુરમેં, લીલા અતિ સુખકારી;
પ્રેમાનંદ શ્રીધર્મકુંવર છબિ, જીયતેં પલ ન બિસારી;
લેત સુખ ગાઈ વિચારી. હો૦ ૪

**પદ-૨**

સાંવરો ખેલત રંગ હોરી. સાંવ૦
અબીર ગુલાલ અરગજ્યા કુમકુમ, મૃગ મદ કેશર ઘોરી;
ઉડત ગુલાલ લાલ ભયે બાદર, રંગકો કિચ મચ્યોરી;
દેખી રતિનાથ લજ્યોરી. સાંવ૦ ૧
રંગકે માઠ ભરી ભરી અગનીત, મુનિવર દમકત દોરી;
બરસત તંગ ગુલાલ શ્યામ પર, માનુ સિંધુ છલ્યોરી;
કોપ કરી ઘન વરસ્યોરી. સાંવ૦ ૨
વ્યાકુલ ભયે ઘનશ્યામ સખાજુત, ભાજે સખા ચહુ ઓરી;
ઘેરી લીયે ઘનશ્યામનાથકું, લપટ ઝપટ પકર્યોરી;
શ્યામ તન વાગો ફટ્યોરી. સાંવ૦ ૩

હરખત અમર સુમન ઝરિ બરખત, બાજત ત્રંબકઠોરી;
પ્રેમાનંદ ધન્ય ધર્માત્મજ, જીન યહ ફાગ રચ્યોરી;
ધન્ય જન જીન નિરખ્યોરી. સાંવ૦ ૪

**પદ-૩**

સાંવરો બાવરો ભયો ભાઈ. સાંવ૦
મુનિવર જુથમેં રાજત કેશવ, છુટી શકત હરિ નાઈ;
બાતનિમે બહુરાય મુનિ સબ, છલ કરી ભજ્યે ચતુરાઈ;
લીયે સબ સખા બોલાઈ. સાંવ૦ ૧
સાવધાન હોઈ સખા શ્યામ આયે, ત્યાગી સેન પર ધાઈ;
ભરી ભરી રંગ મારત પિચકારી, તાકી આંખી મુખમાંઈ;
રંગકી ધૂમ મચાઈ. સાંવ૦ ૨
ઉડત ગુલાલ અરૂન ભયો રવીરથ, અધબીચ રહ્યો અટકાઈ;
સુરનર મુનિમન સંભ્રમ ઉપજ્યો, માનુ સજ્યાં ફુલી આઈ;
રહે નભગતી મુરછાઈ. સાંવ૦ ૩
બરસત અબીર ગુલાલ ફેટનભરી, હરિજન પર સુખદાઈ;
પ્રેમાનંદ મગન સુરમુનિગન, નિરખત ચંચલતાઈ;
થકિત લખી રહે હે લોભાઈ. સાંવ૦ ૪

**પદ-૪**

હોરી ખેલત ધર્મદુલારો. હોરી૦
જીતે શ્યામ સખા સબ રીજે, તનમન હરિ પર વારો;
ભલે ભલે ઘનશ્યામનાથ તુમ, જીવનપ્રાણ હમારો;
નેનતેં કરીહું ન ન્યારો. હોરી૦ ૧
ત્યાગી જુથ કોપ કરી ધાયે, પકરી લોરી કૃષ્ણ કારો;
ભાજે શ્યામ અશ્વ ચઢી આતુર, નિકસે નગર તજી બારો;
તદપિ મુનિ તજત ન પ્યારો. હોરી૦ ૨
સખા શ્યામ મુનિમંડલ સબ મીલી, ભ્રમત ભ્રમત સબ હારો;
મુની નિકર આગે બચન ન પાવે, ધર્મકુંવર દગતારો;
કહત હારે રંગ જીન ડારો. હોરી૦ ૩





જો માગો સોઈ દેઉં મુનિવર, તુમ સબ મિલકે બિચારી;
પ્રેમાનંદકે પ્રભુ દેહો પ્રસન્ન હોઈ, તવ પદ પ્રેમ અપારો;
રૂપ દગતેં જીન ટારો. હોરી૦ ૪

**રાગ : સોરઠ-પદ-૧**

રંગભીનારે શામળીયા આવો ઝુલીયેરે. રંગ૦
બાંધું ફૂલહિંડોળો પ્યારા, પહેરાવું પટભૂષણ સારા;
નંદકુંવર તમને નીરખીને ફુલીયેરે. રંગ૦ ૧
ચરચું ચંદનખોર છબીલા, નૌતમ રીતેસ્યુ રંગીલા;
ચાંદલીયો કરવા ઊભી કંકુલીયેરે. રંગ૦ ૨
જરકસના પહેરો હરિ જામા, આવો છેલછબીલા શ્યામા;
ચિત્તડું ચોરો બાંધી પાગ અમુલિયેરે. રંગ૦ ૩
અલબેલા ઉરમાં લખી રાખું, તનમન તમપર વારી નાખું
પ્રેમાનંદ કહે આ અવસર નહિ ભુલીયેરે. રંગ૦ ૪

**પદ-૨**

ઝુલાવુંરે હિંડોળે સુંદર શ્યામનેરે. ઝુલા૦
મણીકંચનના સ્થંભ મનોહર, ડાંડી ચાર અનોપમ સુંદર;
હીરા પટુલી જડાવું શુભ સુખધામને રે. ઝુલા૦ ૧
મખમલની ગાદી બિછાવું, તકિયો તે વાંસે મુકાવું;
પ્રીતેસ્યું પધરાવું પુરાણકામનેરે. ઝુલા૦ ૨
ઘુઘરડી અતિ સુંદર ઘોરે, લટકે મોતીઝુમખા કોરે;
ઉડે અત્તરફોરે આત્મરામનેરે. ઝુલા૦ ૩
હીરતણી દોરી લઈ સારી, ઝુલાવું હળવે ગિરધારી;
પ્રેમાનંદ બલિહારી હરિના નામનેરે ઝુલા૦ ૪

**પદ-૩**

ઝુલો ઝુલોરે કેશરીયાવર હિંડોળે રે. ઝુલો૦
હું ઉતરું તમે ઝુલો ગિરધર, હળવેસું ઝુલાવું હરિવર;
કેશર ચંદન ચરચું હરિ તન ગોરડે રે. ઝુલો૦ ૧
ફૂલતણા જામા હરિ પહેરો, હેત કરી મુજ સામું હેરો;
ચિત્તડું મારું ચોરો ફૂલાં તોરડે રે. ઝુલો૦ ૨

મંદમંદ હરિ મેહુલો વરસે, ચમકે વીજ ગગનમાં વરસે;
બોલે મોર બપૈયા ઊંચે સોરડેરે. ઝુલો૦ ૩
કરજોડી તમ ચરણે લાગું, તમ પાસે હરિ એ વર માગું;
પ્રેમાનંદના નાથ રહો મારે ઓરડે રે. ઝુલો૦ ૪

પદ-૪

ઝુલાવે રે વ્રજનારી કુંવર કહાનનેરે. ઝુલા૦
રતન હિંડોળે શ્યામ બિરાજે; આગે તાલ પખાવજ વાજે;
ગુણિજન ગાયે સમાજે તોડે તાંનને રે. ઝુલો૦ ૧
ઝુલે છેલ છબીલો છેલો, રસીયો રંગભીનો અલબેલો;
હસતાં સામું હેરે ચાવે પાનનેરે. ઝુલા૦ ૨
વરસે શ્રાવણ માસ ફુવારા, મોર બપૈયા બોલે સારા;
ગોપી સર્વે ગાયે મધુરા ગાનનેરે. ઝુલા૦ ૩
નીરખી નટવરલાલ બિહારી, પ્રેમમગન ફૂલી વ્રજનારી;
પ્રેમાનંદ બલિહારી ભીના વાનનેરે. ઝુલા૦ ૪

રાગ : ધનાશ્રી — પદ-૧

શ્રાવણ વદી ત્રીજ દિન સારો, ઉત્સવ આનંદકારી રે;
ઊતરે આજ હિંડોળેથી હરિ, કેશવ કુંજબિહારી રે...શ્રા૦ ૧
કરી સ્નાન પહેરી કંચનપટ, મણીમય ભૂષણ ધારી રે;
સુંદર સરસ સુગંધી સુમનના, પહેર્યા હાર મુરારી રે...શ્રા૦ ૨
કરચરણને પ્રક્ષાલ્યાં પ્રીતે, કંચનપાટે બેસારી રે;
જમાડ્યાં ભોજન બહુવિધ, કરી કરી બહુ મનુવારી રે...શ્રા૦ ૩
અગર ધૂપ દીપ કરી સુંદર, આરતી ઉતારી રે;
પ્રેમાનંદના નાથને નીરખી, ફૂલ્યાં સહુ નરનારી રે...શ્રા૦ ૪

પદ-૨

નંદઘર આજ અનોપમ ઉત્સવ, આનંદ ઉર ન સમાયે રે;
વાજે વાજાં વિધવિધના બહુ, માનનિ મંગલ ગાયે રે...નંદ૦ ૧
વાજે ઝાંઝ મૃદંગ કરતાલી, આનંદ ઉત્સવ થાયે રે;
શોભા પ્રગટ થઈ ત્રિભોવનની, રસના કહી નવ જાયે રે...નંદ૦ ૨





શ્રાવણ વદી ત્રીજ શુભ પ્રવણિ, મંગલ રહ્યો વ્રજ છાયે રે;
ઊતરે આજ હિંડોળેથી હરિ, મોહન ત્રિભોવનરાયે રે...નંદ૦ ૩
વરસે વિબુધ કુસુમની વરખા, ગગન સઘન રહ્યા આયે રે;
પ્રેમાનંદ શ્રીહરિમુખ નીરખી, સુરમુનિ રહ્યા લોભાયે રે...નંદ૦ ૪

પદ-૩

આજ ગોકુલમેં નંદરાય ઘેર, વાજે આનંદ વધાઈ રે;
ઊતરે આજ હિંડોળેથી હરિ, સુંદરવર સુરરાઈ રે...આ૦ ૧
સખાસહિત જમ્યા હરિ હલધર, બિરંજ સરસ મીઠાઈ રે;
જસોમતીએ જમાડ્યા સૌને, ગોપી ગોપ બોલાઈ રે...આ૦ ૨
પહેરાવ્યાં પટભૂષણ હરિને, હીર જરીનાં હરખાઈ રે;
ચંદન પુષ્પ કંકુ અક્ષત લઈ, પૂજ્યા જસોમતી માઈ રે...આ૦ ૩
થાળ ભરી ગજમોતીયે વધાવ્યા, હરિ હલધર બેઉ ભાઈ રે;
આરતી ઉતારી મુખ નીરખે જસોદા, પ્રેમાનંદ બલજાઈ રે...આ૦ ૪

પદ-૪

ધન્ય ધન્ય દિવસ આજ મંગળમય, ધન્ય મુહૂર્ત ધન્ય વાર રે;
આજ હિંડોળેથી હરિ ઊતર્યા, નટવર નંદકુમાર રે....ધન્ય૦ ૧
આવ્યા અમર વિમાન ચડી સહુ, સુરત્રિયા વૃંદ અપાર રે;
નીરખી હરખી સરસ પુષ્પ લઈ, વધાવે કરી પ્યાર રે...ધન્ય૦ ૨
આવ્યા મુનિવર અગણિત મોટા, જોવા જગદાધાર રે;
જોડી પાણિ કરી વિનય આપે મુનિ, આશીરવાદ ઉદાર રે...ધન્ય૦ ૩
ઉત્સવ આજ થયો સંપૂરણ, હિંડોળાનો સુખસાર રે;
શ્રીઘનશ્યામ પિયા પર તનમન, પ્રેમાનંદ બલીહાર રે...ધન્ય૦ ૪

રાગ : ભૈરવી ગરબી

ઝુલો ઝુલો હરિવર હિંડોળે, નીરખી રાખું નેણાંની કોરે... ઝુલો૦
ઘણે ઘણે હેતે હું ઝુલાવું, હિંડોળા આગે ઊભી ગાવું;
જોઈ જોઈ તમને રાજી થાઉં... ઝુલો૦ ૧
આવો ઘનશ્યામ રસિક છેલા, હિંડોળે ઝુલો અલબેલા;
ઝુલાવું હેતે રંગરેલા... ઝુલો૦ ૨

રેશમદોરી કરમાં કાજુ લઈને, ઝુલાવું ખમારે ખમા કહીને;
જોવું મુખ વારણીયા લઈને... ઝુલો૦ ૩
સુંદર પાન બીડીયું બનાવી, આપું હરિ હેતે બોલાવી;
આપો પ્રેમાનંદને ચાવી ચાવી... ઝુલો૦ ૪

**રાગ : ગરબી-પદ-૧**

પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ;
કાંઈ કહ્યામાં નાવે વાત મારી બેની...પ્રગટ૦ ટેક૦
આજ દીનબંધુ અઢળક ઢળ્યા રે લોલ;
એ તે પુરુષોત્તમ સાક્ષાત મારી બેની...પ્રગટ૦ ૧
એ તો પ્રકૃતિ પુરુષ થકી પર છે રે લોલ;
એ તો અક્ષર તણા આધાર મારી બેની...પ્રગટ૦
એ તો રાધા રમાના વર છે રે લોલ;
એનો નિગમ ન પામે પાર મારી બેની...પ્રગટ૦ ૨
એ તો રાજાધિરાજપણે રાજતા રે લોલ;
એતો ત્રિભુવનપતિ ભગવાન મારી બેની...પ્રગટ૦
એ તો સુરનર મુનિ શિરતાજ છે રે લોલ,
મન મોહન રૂપ નિધાન મારી બેની...પ્રગટ૦ ૩
મહા મુક્ત પૂજે જેની પાદુકા રે લોલ
એવા પરમ પુરુષ મહારાજ મારી બેની...પ્રગટ૦
જેને ઘડીયે ન મેલે રમા રાધિકા રે લોલ;
એવા દુર્લભ સુલભ થયા આજ મારી બેની...પ્રગટ૦ ૪
નવ વિગ્રહ ધર્યો કરુણા કરી રે લોલ;
લીધો દ્વિજ કુળે અવતાર મારી બેની...પ્રગટ૦
પ્રેમાનંદનો સ્વામી આજ શ્રી હરિ રે લોલ;
મુક્તિ આપી કરે ભવપાર મારી બેની...પ્રગટ૦ ૫

**પદ-૨**

પ્રભુ પ્રગટ થયા છે તે સમે રે લોલ;
શ્રીકૃષ્ણ કમળ દળ નેણ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ટેક૦





જેને સુરપતિ નરપતિ સૌ નમે રે લોલ;
એવા ધર્મકુંવર સુખદેણ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ૧
જે ગોકુળચંદ નંદ લાડીલો રે લોલ;
તેજ ભક્તિ ધર્મ સુત શ્યામ અવિનાશી...પ્રભુ પ્રગટ૦
તેણે મુક્તિનું દ્વાર ઉઘાડીયું રે લોલ;
નરનારીને દેવા નિજ ધામ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ૨
શુદ્ધ ધર્મ ધરા પર સ્થાપવા રે લોલ;
ઉખાડ્યાં અધર્મનાં મૂળ અવિનાશી...પ્રભુ પ્રગટ૦
નિજ જનને અખંડ સુખ આપવા રે લોલ;
પાવન કરવા ભક્તિ ધર્મ કુળ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ૩
અસંખ્ય જીવ ઉદ્ધારવાને આવીયા રે લોલઃ
બ્રહ્મ મોહોલવાસી હરિરાય અવિનાશી...પ્રભુ પ્રગટ
મોટા મુક્ત મુનિને સાથે લાવીયા રે લોલ;
જેનાં દર્શન કર્યે પાપ જાય અવિનાશી...પ્રભુ પ્રગટ ૪
મોક્ષપતિ કુંવર ભક્તિ ધર્મના રે લોલ;
હરિકૃષ્ણ નારાયણ નામ અવિનાશી...પ્રભુ પ્રગટ૦
વાલો તુરત કાપે છે બંધ કર્મના રે લોલ;
પ્રેમાનંદનો સ્વામી ઘનશ્યામ અવિનાશી...પ્રભુ પ્રગટ૦ ૫

**પદ-૩**

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ;
આજે ધર્મવંશીને દ્વાર નરનારી...જેને૦ ટેક
આવો પ્રગટ પ્રભુને પગે લાગવા રે લોલ,
વાલો તુરત ઉતારે ભવપાર નરનારી...જેને૦ ૧
જન્મ મૃત્યુના ભય થકી છૂટવા રે લોલ;
શરણે આવો મુમુક્ષુ જન નરનારી...જેને૦
શીદ જાઓ છો બીજે શિર કૂંટવા રે લોલ;
યાં તો તુરત થાશો પાવન નરનારી...જેને૦ ૨
ભૂંડો શીદને ભટકો છો મત પંથમાં રે લોલ;
આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ નરનારી...જેને૦

આણો પ્રેમ પ્રતીતિ સાચા સંતમાં રે લોલ;
થાશે મોક્ષ અતિશે અનુપ નરનારી...જેને૦ ૩
જુઓ આંખ્ય ઉઘાડી વિવેકની રે લોલ;
શીદ કરો ગોળ ખોળ એક પાડ નરનારી...જેને૦
લીધી લાજ બીજા ગુરુ ભેખની રે લોલ;
કામ ક્રોધ વગાડી છે રાડ્ય નરનારી...જેને૦ ૪
એવા અજ્ઞાની ગુરુના વિશ્વાસથી રે લોલ;
જાશો નરકે વગાડતાં ઢોલ નરનારી...જેને૦
વાલો તુરત છોડાવે કાળપાશથી રે લોલ;
પ્રેમાનંદ કહે આપે છે હરિકોલ નરનારી...જેને૦ ૫

**પદ-૪**

એવા ધર્મકુંવરને જાઉં વારણે રે લોલ;
ભવ બૂડતાં ઝાલી માર બાંય અલબેલે...એવા૦ ટેક૦
બાંય ઝાલીને કાઢી લીધી બારણે રે લોલ;
નહિ તો વઈ જાત ક્યાંય ને ક્યાંય અલબેલ...એવા૦ ૧
વાલે ઘોર કળિમાં કરુણા કરી રે લોલ;
લીધો ધર્મ ઘરે અવતાર અલબેલ...એવા૦ ૨
પોતે અક્ષરપતિ આવ્યા હરિ રે લોલ;
કરવા અધમ તણો ઉદ્ધાર અલબેલ...એવા૦ ૩
વાલે પ્રગટ પ્રતાપ જણાવીયો રે લોલ;
મેટ્યા લખ્યા વિધાતા લેખ અલબેલ...એવા૦ ૪
જીવ જમના તે હાથથી છોડાવીઆ રે લોલ.
મારી કર્મની રેખ પર મેખ અલબેલે...એવા૦ ૫
ચાર વર્ણ ને આશ્રમ ચારના રે લોલ;
સ્થાપ્યો અચળ ધરા પર ધર્મ અલબેલે...એવા૦ ૬
મદ્ય માંસ ચોરી ફેલ જારનાં રે લોલ;
નરનારીનાં મેલાવ્યાં કર્મ અલબેલે...એવા૦ ૭
કીધાં શુદ્ધ અંતર નર નારીનાં રે લોલ;
ધર્મભક્તિ પધરાવ્યાં માંય અલબેલે...એવા૦ ૮





એવાં દિવ્ય ચરિત્ર ગિરધારીનાં રે લોલ;
પ્રેમાનંદ જોઈને વારી જાય અલબેલે...એવા૦ ૯

**રાગ : ગરબી – પદ-૧**

સજની શ્રીજી મુજને સાંભર્યા રે, હૈડે હરખ રહ્યો ઉભરાય...સજની૦
નેણે આંસુની ધારા વહે રે, વિરહે મનડું વ્યાકુળ થાય...સજની૦
સુંદર મૂર્તિ શ્રી મહારાજની રે, સુંદર કમળ સરીખાં નેણ...સજની૦
સુંદર કરતાં લટકાં હાથનાં રે, સુંદર અમૃત સરીખાં વેણ...સજની૦
શી કહું શોભા અંગોઅંગ તણી રે, નીરખી લાજે કોટિક કામ...સજની૦
હસતાં હસતાં હેત વધારતા રે, એવા સુખનિધિ શ્રી ઘનશ્યામ...સજની૦
સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે, અંબર જરકસિયા કોઈ વાર...સજની૦
ગુચ્છ કલગી તોરા ખોસતા રે, ગજરા બાજુ ગુલાબી હાર...સજની૦
એ છબી જોવા તલખે આંખડી રે, મધુરાં વચન સાંભળવા કાન..સજની૦
એ હરિ મળવાને હૈયું તપે રે, પ્રેમાનંદના જીવનપ્રાણ...સજની૦

**પદ-૨**

મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે, ચિંતવન કરવા ચિત્ત આતુર...મનડું૦
તરુણ મનોહર મૂર્તિ નાથની રે, રાજીવ લોચન જોબનપુર...મનડું૦
સોળે ચિહ્ન સહિત અતિ શોભતી રે, સુંદર ચરણકમળની જોડ...મનડું૦
હળવી રહીને હેતે ચાંપતી રે, ક્યારે હવે પૂરશે મનના કોડ...મનડું૦
પિંડી જાનું નિત્યે નીરખતી રે, રૂડા સાથળ ચિહ્ન સહિત...મનડું૦
શ્યામકટિ જોઈ જાદવરાયની રે, નિત્ય નિત્ય નૌતમ ઊપજે પ્રીત...મનડું૦
ઊંડી નાભિ કમળ સરીખડી રે, ત્રિવળી નીરખી ઉદરમાંય...મનડું૦
છાતી ઊપડતી અતિઓપતી રે, હવે ક્યારે ભુજગ્રહી બાથ ભરાય...મનડું૦
મુખની શોભા જોઈ મહારાજની રે, લાજે પંકજ પૂરણચંદ...મનડું૦
નાસા નેણ ભ્રૃહ જોઈ ભાલને રે, જાય બલિહારી પ્રેમાનંદ...મનડું૦

**પદ-૩**

સજની નિમખ ન વીસરે નાથજી રે, નિત્ય નવા તરુણપણાના ખેલ...સજની૦
આ ઓસરીએ આવી બેસતા, આ ઢોલીડે નટવર છેલ...સજની૦
આ તકિયો તે વાંસે મેલતા રે, આ માળા ફેરવતા શ્યામ...સજની૦

ગાતા ગોઠીડાના સાથમાં રે, ઘેરે સાદે પૂરણકામ...સજની૦
આ મોજડિયું વાલો પેરતા રે, આ છડી લેતા કરવરમાંય...સજની૦
આ પાદુકા પહેરી આવતા રે, મારે મંદિર મુનિના રાય...સજની૦
આ ફળિયામાં ઘોડી ફેરવતા રે, માણકી મતવાલી મહારાજ...સજની૦
સંતની સભા કરી આંહી બેસતા રે, શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ...સજની૦
કીર્તન મુનિવરને ગવરાવતા રે, ભેળા ગાતા સહજાનંદ...સજની૦
એવા ધર્મકુંવર હરિ ઉપરે રે, તન મન વારી પ્રેમાનંદ...સજની૦

**પદ-૪**

લટકાં લટકાળા ઘનશ્યામનાં રે, ખટકે ઊંડા અંતરમાંય...લટકાં૦
પ્રીત કરી મુજને બોલાવતા રે, તે સંભારી બહુ દુઃખ થાય...લટકાં૦
આ સજ્યા તે શ્રી મહારાજની રે, આ બાજોઠે બેસતા લાલ...લટકાં૦
આ ઠેકાણે ના'તા નટવરજી રે, લુતા અંગ કર લઈ રૂમાલ...લટકાં૦
આ ઠેકાણે જમવા બેસતા રે, જમતા વિધિવિધનાં પકવાન...લટકાં૦
સુંદર શાક કરી વંતાકનાં રે, જમીને દેતા પ્રસાદી કાન...લટકાં૦
આ ખળખળીએ ના'તા નાથજી રે, નાહીને હરિજન મુનિ લઈ સાથ...લટકાં૦
આવતા માણેકચોકમાં મલપતા રે, પુરજન થાતાં જોઈ સનાથ...લટકાં૦
વાલો બેસતા જઈ ફૂલબાગમાં રે, પેરતા ગજરા ગુલાબી હાર...લટકાં૦
જેમજેમ સાંભરે તેમ થાય વેદના રે, પ્રેમાનંદના પ્રાણ આધાર...લટકાં૦

**રાગ : ધોળ — પદ-૧**

જેઠ મહિનામાં માવજી રે, ભૂમિ તજી ચાલ્યા સ્વધામ રે;
શ્યામળિયા, સુખડાં દીધાં ઘણાં સાંભરે રે...ટેક૦
દુર્વાસા ઋષિના શાપથી રે, ઋષિ સહિત આવ્યા શ્યામ રે...શ્યામ૦
જાતિ વેળા ચાલ્યા એકલા રે, લાવેલા તે મેલ્યો સાથ રે...શ્યામ૦
વારી વિછોયાં માછલાં રે, તલપે છે તેમ સંત સાથ રે...શ્યામ૦
શત્રુનાં શર વાગ્યાં નીસરે રે, સ્નેહનાં શર શેણે જાય રે...શ્યામ૦
વંડી તૃણને બુંદ આશરો રે, તેમ તમે હરિ સહાય રે...શ્યામ૦
જે જે સુખ દીધાં શ્યામળા રે, સંભાર્યા તે દુઃખદાય રે...શ્યામ૦
ઘણા દી' સ્નેહથી સાચવી રે, મેલી ચાલ્યા તે આહીં રે...શ્યામ૦





સંસાર સિંધુથી સાચવી, નાખી દુઃખ દરિયા માંહી રે...શ્યામ૦
ભૃત્ય પુત્ર શિષ્ય સંતની રે, ભૂલ શમાવે ગુરુ કાંઈ રે...શ્યામ૦
વિરહી જનોની વાલા વેદના રે, શમાવી તે ન શમાયે રે...શ્યામ૦
સિંધુ જળને સિંધુ સાચવે રે, મણિ મણિથી વીંધાય રે...શ્યામ૦
જેથી થાતું સુખ સો ગણું રે, તેથી જ દુઃખનો દવ રે...શ્યામ૦
ઉજાસ જે થકી ઊપજ્યું રે, તે ચન્દ્રે અંધિ ઉદ્ભવ રે...શ્યામ૦
કમળ કાદવથી જુદું પડે રે, વારિ રવિ દુઃખદાય રે...શ્યામ૦
એવી રીતે અલબેલડા રે, જેથી જોડી તોડી ત્યાંય રે...શ્યામ૦
નિર્જળા યોગીની એકાદશી રે, ગયા ઉચ્છવના દન રે...શ્યામ૦
એક માસ જેમ તેમ ગયો રે, બીજાના શે જાશે દન રે...શ્યામ૦
વાલમ વહેલા પધારજો રે, નહિ તો પેખી લેજો પાસ રે...શ્યામ૦
પ્રેમાનંદ કહે વાલમા રે, માગું ચરણે નિત્ય વાસ રે...શ્યામ૦

**પદ-૨**

અષાઢ મહિનો આવિયો રે, આવ્યો નહિ સન્દેશ રે,
વાલીડા, દયાળુ દયા દૂર કરી રે...ટેક૦
વાલમ તમારા વિયોગથી રે, આંસુ મેલે જુઓ મેઘ રે...વાલીડા૦
વિરહની મારી વીજળી રે, ધરે નહીં ઘડી ધીર રે...વાલીડા૦
ગગન ગાજી ઘણા ક્રોધથી રે, નાખે નિસાસાનાં નીર રે...વાલીડા૦
શામળિયાના શોકથી રે, તારા વાદળથી સંતાય રે...વાલીડા૦
વાલાને વિરહે વાદળી રે, આડી અવળી ગૂંચાય રે...વાલીડા૦
હરિ વિના ઉદાસ થઈ રે, નદીએ ધાર્યો ભગવો વેશ રે...વાલીડા૦
પૃથ્વી પણ પિયુ વિના રે, ગદ્ગદ્ થઈ દેશો દેશ રે...વાલીડા૦
વૃક્ષવેલી થર થર કંપે રે, પાનથી આંસુડાં ખેરે રે...વાલીડા૦
મોર બપૈયા બોલ્યા કરે રે, પિયુને પોકારે ઘેરે રે...વાલીડા૦
પશુ પંખી ચારો નવ ચરે રે, વૃક્ષ ઓથે થયાં સ્થિર રે...વાલીડા૦
કોળિયા તૃણના મુખે ધર્યા રે, ઉપર આંસુનાં નીર રે...વાલીડા૦
એકાદશી દેવપોઢણી રે, આવી કરો હરિ મે'ર રે...વાલીડા૦
કોમળપણું હરિ ક્યાં ગયું રે, સંભારોને આણી વેર રે...વાલીડા૦

દાદુર ને વળી તમરાં રે, રૂએ અંધારી રાત રે...વાલીડા૦
શ્યામને શોધવા કારણે રે, પવન ફરે દિનરાત રે...વાલીડા૦
રવિને શશી દેખાય નહીં રે, વિરહે વાદળમાં જાય રે...વાલીડા૦
તેજ ગયું અગ્નિ તણું રે, સળગાવતાં ધુધવાય રે...વાલીડા૦
અલબેલા આવો ઘણી થઈ રે, વીતી ગયો બીજો માસ રે...વાલીડા૦
પ્રેમાનંદ કહે વાલમા રે દરશન દેજો આવી પાસ રે...વાલીડા૦

**પદ-૩**

શ્રાવણ આવ્યો હે સખી રે, કા'ન ગયા કોને ક્યાંય રે,
શ્યામ વિના, સુના રૂએ સહુ શોકમાં રે...ટેક૦
જોશીડા જોને જોશને રે, હરિને બતાવ જ્યાં હોય રે...શ્યામ૦
અલબેલો આવે જો આ વેળે રે, આઘો ઊંડી કાગ બેસે રે...શ્યામ૦
પંથી તું જઈ મારા કંથને રે, શોધી લાવ દેશો દેશ રે...શ્યામ૦
પંખી તું ઊડ ઉતાવળો રે, પત્ર પહોંચાડ પિયુ પાસ રે...શ્યામ૦
ઊંચી ચડીને અગાશીએ રે, જ્યાં જોઉં ત્યાં ત્રાસ રે...શ્યામ૦
સહજાનંદજી શામળો રે, કોઈ કહે અહીં વાસ રે...શ્યામ૦
આપું તેને મારા પ્રાણને રે, સમ ખાઈને કહું ખાસ રે...શ્યામ૦
પિંડ પાપી નથી તાણતી રે, ડસતો નથી કાળો નાગ રે...શ્યામ૦
નદી પણ નથી તાણતી રે, લાય ન લાગે ભૂંડે ભાગ્ય રે...શ્યામ૦
વરસાદ વરસે ન વરસે રે, નદીયુંનાં નીર ધીરાં જાય રે...શ્યામ૦
સરવે શામળિયાના શોકથી રે, વેગથી ઓછાં સૌનાં થાય રે...શ્યામ૦
અન્નકણ તૃણ ઊગતાં રે, શોકે રે નીચાં મુખ રે...શ્યામ૦
પૃથ્વી પહેરી લીલાં ચીરને રે, શોકે સંતાડે છે મુખ રે...શ્યામ૦
અષ્ટમી ઉચ્છવ હરિ આવિયો રે, વિષ્ણુવ્રતનાં પૂજન રે...શ્યામ૦
ધારણાં પારણાં સંત કરે રે, સ્નેહે સુકાય વળી તન રે...શ્યામ૦
દીનને દેખી મારા વાલમા રે, દયા કરતા ઘણી વાર રે...શ્યામ૦
તે કોમળતા હરિ ક્યાં ગઈ રે, કઠણ થયા આણીવાર રે...શ્યામ૦
ત્રીજો મહિનો ગયો ટળવળી રે, ચોથે ચિંતા જો ટાળો રે...શ્યામ૦
પ્રેમાનંદ વિનંતી કરે રે, વાંક વિના કાં બાળો રે...શ્યામ૦





**પદ-૪**

ભાદરવામાં ભુધરા રે, વાંક વિસારી કાંય રે,
કરી મે'ર આવો હરિ હવે ઘણી થઈ રે...ટેક૦
વિપત્ત વેળા વસમી વધી રે, દીપકવેળા જુઓ જાય રે...કરી૦
નદીયું તે તીર ત્રોડી જાય છે રે, સાગરનો કરવા સંગ રે...કરી૦
કા'ન વિના કોને ક્યાં જઈએ રે, જડિયાં વિનાનાં નંગ રે...કરી૦
અન્ન પાક્યાં નવે નીરથી રે, વાલમની જુએ વાટ રે...કરી૦
ઉપર તરણિ તે તપે રે, હૈડે હરિનો ઉચાટ રે...કરી૦
ઋષિતિથિ એકાદશી રે, તે પણ ગઈ નોરાનોર રે...કરી૦
દુઃખ રૂપી ભૂંડા ભ્રમરા રે, શું કામ કાળજ કોર રે...કરી૦
યજ્ઞોપવીતનો દિન ગયો રે, વામનની તિથિ થઈ રે...કરી૦
પોર પિયુ પાસે બેસતી રે, ઓણ રડવડતી રહી રે...કરી૦
દવ લગાડ્યો દેહમાં રે, ઓલાયો કે'થી ન ઓલવાય રે...કરી૦
મૂઠ મારે કોઈ ઉપરે રે, વાળી જ તેથી તળાય રે...કરી૦
નેણ ને વેણમાં જાણતા રે, કરશે જો કાંઈનું કાંઈ રે...કરી૦
એમ જ કરીયું કાનજી રે, રોતાં મેલ્યાં રણમાંઈ રે...કરી૦
મનની વાતું મનમાં કરું રે, દેહ રહ્યો દુઃખાય રે...કરી૦
વેરણ વિધાતાનો વાંક છે રે, પાંખ વિના ન જવાય રે...કરી૦
સુખ રૂપી જૂના જીવડા રે, દુઃખના ધર્યા ઘણા દેહ રે...કરી૦
જાણું હવે દુઃખ હરશે રે, ત્યાં વરસાવ્યો મેહ રે...કરી૦
ચોથા મહિનામાં માવજી રે, વાલા લેશું જાણે લાભ રે...કરી૦
પ્રેમાનંદ કહે નાથજી રે, દુઃખનો ઉગાડ્યો દાભ રે...કરી૦

**પદ-૫**

આસો આવ્યો અલબેલડા રે, આવી હરો હરિ દુઃખ રે,
હરિવર, આવા થયા કેમ આ સમે રે...ટેક૦
આગળ અમૃત પાઈને રે, પાછળ પાયું વિખ રે...હરિ૦
ગ્રાહથી છોડાવ્યો ગજને રે, તમે આવી તત્કાળ રે...હરિ૦
ધ્રુવનું તપ તમે સાંભળી રે, દોડી આવ્યા દયાળ રે...હરિ૦

સીતાને દુઃખ દીધું રાવણે રે, દોડ્યા વાનર લઈ સ્વાર રે...હરિ૦
દ્રૌપદીનાં ચીર પૂરિયાં રે, સુતા કેમ આણી વાર રે...હરિ૦
હરિશ્ચંદ્રનું દુઃખ દેખીને રે, માગ માગ કહ્યું જાઈ રે...હરિ૦
તપેલ તેલે સુધનવા રે, બળવા દીધો નહીં કોઈ રે...હરિ૦
વિભીષણને વાલમા રે દુઃખ ટાળી કર્યો દાસ રે...હરિ૦
પાંડવોનો આવી વનમાં રે, પત્ર ઝમી ટાળ્યો ત્રાસ રે...હરિ૦
અંબરીષને ઉગારિયો રે, દુર્વાસાનું ટાળી દુઃખ રે...હરિ૦
સરસ્વતી પૂજન પ્રીતથી રે, સર્વે કરે કરી પ્રીત રે...હરિ૦
દશેરાનો દિન આવિયો રે, માણકી રૂએ મારા મીત રે...હરિ૦
જળ સ્થળ સરવે સ્થિર થયાં રે, અંતરનો મેલી મેલ રે...હરિ૦
આકાશ પણ થયો ઊજળો રે, માવા મેલો હવે મેલ રે...હરિ૦
ધનતેરશે ધણ દોડિયાં રે, કાળી ચૌદશની આશ રે...હરિ૦
દિવાળીના જાણે દીવડા રે, જાણે ઉંબાડાના ચાસ રે...હરિ૦
માસ ગયો પિયુ પાંચમો રે, ધારું કેમ હૈયે ધીર રે...હરિ૦
પ્રેમાનંદ કહે વાલમા રે, નયણે નથી રે'તાં નીર રે...હરિ૦

**પદ-૬**

કારતક માસે કા'નજી રે, કંથ વિના કેમ જાય રે,
પ્રભુ હવે, પાર પાડો પિંડ પંથને રે....ટેક૦
સુની દેખી સુખ સેજડી રે, પિંડ પાંજર પીડાય રે...પ્રભુ૦
ચંદ્ર તે તરણિ તુલ્ય તપે રે, વાયુ વજનો વાય રે...પ્રભુ૦
ફૂલ પીડે છે પિંડને રે, સાપ સમ થઈ ખાય રે...પ્રભુ૦
અન્ન જળ જીવન વિના રે, જમવું પીવું લાગે ખાર રે...પ્રભુ૦
મહેલ મેડીને બંગલા રે, લાગે પડ્યા મોટા પહાડ રે...પ્રભુ૦
જામની જુગ જેવી જાય છે રે, મળ્યા વિના મારા માવ રે...પ્રભુ૦
પાપ જો હોય પૂર્વનાં રે, ભોગવાવો બીજે દાવ રે...પ્રભુ૦
છ માસ વીત્યે વાલમાં રે, કૂંજી સુત તજે પ્રાણ રે...પ્રભુ૦
પિયુ વિના મારા પ્રાણને રે, રહેત નથી હૈયે શાણ રે...પ્રભુ૦
અન્નકોટ ઓણ એમ ગયો રે, જમ્યા વિના જીવન રે...પ્રભુ૦





પ્રબોધિની એકાદશી રે, આવ્યો ઉચ્છવનો દન રે...પ્રભુ૦
સત્સંગી સંત સૌ મળી રે, વાટ જુએ મારા નાથ રે...પ્રભુ૦
હાલરની જેમ લાકડી રે, હરિ હતા મારે હાથ રે...પ્રભુ૦
જે દિ'થી નીરખતાં નાથને રે, તે દિ'થી ચોટ્યા'તા ચિત્ત રે...પ્રભુ૦
રાખ્યા'તા ઊંડા અંતરે રે, લોભી રાખે જેમ વિત્ત રે...પ્રભુ૦
વાલપની વાળી ગાંઠ જે રે, છોડી ન કે'થી છોડાય રે...પ્રભુ૦
નાગ ડસ્યો તે દુઃખથી રે, ધૂણી બોલ્યે સુખ થાય રે...પ્રભુ૦
છઠ્ઠો માસ ગયો શામળા રે, વર્ષ બેઠું બીજું પાટ રે...પ્રભુ૦
પ્રેમાનંદ કહે જીવડા રે, નીસર છાતી ફાટ રે...પ્રભુ૦

**પદ-૭**

માગશર મહિને મીઠડા રે, દરશનનું દ્યો દાન રે;
તોડી પ્રીત, રોતાં મેલ્યાં રણવગડે રે...ટેક૦
પંખી બેઠું જેમ વહાણમાં રે, તેમ તમે મારે કા'ન રે...તોડી૦
વ્યાધ વીંધે તેમ મારિયાં રે, નેણનાં તાણીને બાણ રે...તોડી૦
કૂવે ઉતારી કા'નજી રે, વચ્ચેથી વાઢિયું વાણ રે...તોડી૦
વનમાં વિયાણી ગાવડી રે, વચ્છને છોડી ચાલી પાથ રે...તોડી૦
ખોટો સાચો ન કા'વિયો રે, સન્દેશો કોઈને સાથ રે...તોડી૦
પંખી મેલે જેમ અંડને રે, સેવ્યા વિના તે સુકાય રે...તોડી૦
મહાદરિયે ભાંગ્યું વહાણ જે રે, કેવી ઘડી પળ જાય રે...તોડી૦
તેમ તમારા સાથીડા રે, વાટડી જોતાં થાય રે...તોડી૦
લાખ લડાવ્યા લાડને રે, તે સુખ આવ-જાવ થાય રે...તોડી૦
સંસાર સિંધુ તો ખારડો રે, મીઠી વીરડી હરિમાંય રે...તોડી૦
તે પણ ગઈ ખોવાઈને રે, પત્તો ન લાગ્યો ક્યાંય રે...તોડી૦
માનસર તમે માવજી રે, ગયા રહ્યાં હંસ આંય રે...તોડી૦
હંસ બીજે નથી બેસતા રે, સરને શોધે રુદામાંય રે...તોડી૦
સુપને મળે છે માવજી રે, તેથી રહ્યું છે સ્થૂળ રે...તોડી૦
નહીં તો પડે પિંડ પાધરું રે, વંડી તૃણનું જેમ મૂળ રે...તોડી૦
શ્યામ હવે સુકાય છે રે, તંબોળી તે તમે કા'ન રે...તોડી૦

પાન તે અમારાં પીંજરાં રે, તંબોળી તે તમે કા'ન રે...તોડી૦
સાતમો મહિનો તે ઊતર્યો રે, ગયો એકાદશી લાગ રે...તોડી૦
પ્રેમાનંદ કહે વાલમા રે, આવ્યા નહિ ભૂંડે ભાગ્ય રે...તોડી૦

### પદ-૮

પોષે પ્રીતમ વિના હે સખી રે, કેમ ધારું હવે ધીર રે;
કા'ન વિના, કોઈ ધણી નહિ આપણો રે...ટેક૦
દૈવે કેવી કરી આપદા રે, ન ચીર્યા આવરદા ચીર રે...કા'ન૦
કઠણ કર્મની રેખ છે રે, નહિ તો છાતી ફાટી જાય છે રે...કા'ન૦
પંકને પાણીશું પ્રીત છે રે, પાણી વિના ચીરાય રે...કા'ન૦
કઠણ થઈ કેમ ધરણી રે, પ્રભુ વિના ગઈ ન પાતાળ રે...કા'ન૦
શેષ શિવ કેમ ભૂલિયા રે, પ્રલયની પ્રગટી ન ઝાળ રે...કા'ન૦
દરિયા તેં દયા કાં કરી રે, રેલ્યો નહીં આણી વાર રે...કા'ન૦
ઈન્દ્ર ઈન્દ્રાણીને વશ પડ્યો રે, વરસે નહિ તો મૂશળધાર રે...કા'ન૦
નદીયું તે શા સ્નેહથી રે, જાતી હશે પિયુ પાસ રે...કા'ન૦
મુને તો એમ જણાય છે રે, હરિનો હશે ત્યાં વાસ રે...કા'ન૦
ઉત્તરાયણ એકાદશી રે, ગયા ઉત્સવના દન રે...કા'ન૦
શ્યામ વિનાનાં હે સખી રે, લટકયાં છે તન મન રે...કા'ન૦
નિગમ આગમ કહે વાતડી રે, પ્રભુ ચરણે તે સુખ રે...કા'ન૦
તે પગલું તો કયાં ગયું રે, યોગીને રહ્યું દુઃખ રે...કા'ન૦
કાળ પણ ખોવાઈ ગયો રે, નહિ તો મારી કાઢું દાઝ રે...કા'ન૦
પૃથ્વી પણ નથી ફાટતી રે, ફાટે તો પિંડ પાડું આજ રે...કા'ન૦
વાંક નથી કોઈ જનનો રે, દેહે વળગ્યો આ દેહી રે...કા'ન૦
નહીં તો બાળી દેત દેહને રે, ખસ્યો નહીં અળગો એહી રે...કા'ન૦
આઠમો માસ પણ ઊતર્યો રે, નવમામાં આવશો નાથ રે...કા'ન૦
પ્રેમાનંદ કહે દાસને રે, તેડી લેજો તાણી હાથ રે...કા'ન૦

### પદ-૯

માઘ મહિનામાં માવજી રે, વસંત સંત ગાય રે;
જીવનજી, જૂના ઉચ્છવ દિન સાંભરે રે...ટેક૦





પંચમી મારા મહાપ્રભુ રે, વધાવ્યા વિનાની જાય રે...જીવનજી૦
શ્રીપુરમાં શામ સ્થાપિયા રે, નરનારાયણ દેવ રે...જીવનજી૦
વડતાલે વાલા બેસાડિયા રે, લક્ષ્મીનારાયણ દેવ રે...જીવનજી૦
અહિપુરે પધરાવિયા રે, નરનારાયણ નાથ રે...જીવનજી૦
ગઢપુરે ગોવિંદજી રે, સ્થાપ્યા ગોપીનાથ હાથ રે...જીવનજી૦
જુનેગઢે પધરાવિયા રે, રણછોડ ત્રિકમરાય રે...જીવનજી૦
ધોલેરે પ્રભુ સ્થાપિયા રે, મદન મોહનરાય રે...જીવનજી૦
જેતલપુરમાં જગન કર્યો રે, આપી વસન અન્ન ધન રે...જીવનજી૦
મછિયાવમાં મહા પ્રભુ રે, હુતાશણીનો દન રે...જીવનજી૦
આધોઈ ને ડભાણમાં રે, યજ્ઞ કર્યા એક દન રે...જીવનજી૦
આદરેજ ને ગઢપુરમાં રે, અષ્ટમી ઉચ્છવના દન રે...જીવનજી૦
પંચાળે ને શ્રીપુરમાં રે, હુતાશણીના દિન રે...જીવનજી૦
શ્રીપુર ને અહિપુરમાં રે, અગણિત ઉચ્છવના દિન રે...જીવનજી૦
જેતલપુર ને ગઢડે રે, કપિલા ષષ્ઠીના ઉત્સવ રે...જીવનજી૦
ગઢપુર વડતાલે વાલમા રે, વસંત ટાણાના ઉત્સવ રે...જીવનજી૦
શ્રીપુર ને ગઢપુરમાં રે, નવમી પ્રબોધિની લે'ર રે...જીવનજી૦
એ વિના બીજા બહુ કર્યા રે, ગામો ગામ કરી મે'ર રે...જીવનજી૦
લાડ લડાવ્યા તે લેખે છે રે, દુઃખનો દરિયો હવે દેખું રે...જીવનજી૦
પ્રેમાનંદ કહે વિઠ્ઠલા રે, નવમા મહિનાનું લેખું રે...જીવનજી૦

### પદ-૧૦

ફાગણ માસમાં ફગવા રે, આપતા હરિ ઘણી વાર રે;
અવિનાશી, આશા મેલી એ સુખની રે...ટેક૦
ગોખ અટારી અગાસીએ રે, બેસતા બહુ વાર રે...અવિનાશી૦
જરકસી જામા પે'રતા રે, ગાતા ગોઠીડાની સાથ રે...અવિનાશી૦
અશ્વ ઉપર સ્વાર થઈને રે, દેતા દરશન તમે નાથ રે...અવિનાશી૦
બાગ બગીચા ને બંગલે રે, બેસતા મારા માવ રે...અવિનાશી૦
રથ વેલે બેસી ચાલતા રે, દેતા દરશન કરી ભાવ રે...અવિનાશી૦
શ્રીપુર ને ગઢપુરમાં રે, આવતા જાતા દેશો દેશ રે...અવિનાશી૦

સભામાં બેસીને શામળા રે, આપતા રૂડો ઉપદેશ રે...અવિનાશી૦
પ્રશ્ન ઉત્તર કરી મહાપ્રભુ રે, દેતા પ્રસાદીના થાળ રે...અવિનાશી૦
જમણા કરમાં લઈ ફેરવતા રે, નિત્ય તુળસીની માળ રે...અવિનાશી૦
હસીને સામું હેરતા રે, નાખતા નેણનો નેહ રે...અવિનાશી૦
તે સુખ સંભારી શામળા રે, ધીરજ ધરતો નથી દેહ રે...અવિનાશી૦
મુક્તમંડળ સાથે લઈને રે, નાતા નાખી જળ માથ રે...અવિનાશી૦
સખાને સંગે લીલા કરી રે, પેરતાં પોશાક પછી નાથ રે...અવિનાશી૦
ગજરા બાજુબંધ બાંધતા રે, તોરા ને હાર ભરાવ રે...અવિનાશી૦
વેઢ વીંટી કડાં સાંકળાં રે, કંદોરો મુગટ જડાવ રે...અવિનાશી૦
હતા ત્યારે સોંઘા હતા રે, મોંઘા થયા શા માટ રે...અવિનાશી૦
દશમો મહિનો ગયો નાથજી રે, ગયો ન શોકનો ઘાટ રે...અવિનાશી૦
કાળ કહ્યું કેનું નવ કરે રે, મરનારને ન મારે રે...અવિનાશી૦
પ્રેમાનંદ કહે કાનજી રે, બાળો મા વિરહની જારે રે...અવિનાશી૦

### પદ-૧૧

ચૈતરે ચિત્તમાં ચિતવું રે, શામળિયાનો સ્નેહ રે;
જીવડલા, મોહનની મેલ આશને રે...ટેક૦
નવમી ઉચ્છવ જોને આવિયો રે, આવિયા નહીં કરી નેહ રે...જીવડલા૦
દૈવે શિયા લેખ લખિયા રે, ન ગયો શોકનો રોગ રે...જીવડલા૦
અજે અવળાં અંક ઓળખ્યા રે, એથી વાલાનો વિયોગ રે...જીવડલા૦
પંચ મળી પંચાત કરે રે, વિરહ વહ્નિ ન ઓલાય રે...જીવડલા૦
આ કામ તે તેના વિના રે, કોઈથી ન મટી જાય રે...જીવડલા૦
ઘણ નામનો જે જીવડો રે, કાષ્ટે લગાડે ડંસ રે...જીવડલા૦
એમ અમારે અંતરે રે, વિરહનો વળગ્યો છે વંસ રે...જીવડલા૦
ભૂરકી નાખીને ભોળવી રે, સાંજ સવાર ન ભાન રે...જીવડલા૦
અંધારું મનમાં ઉદાસથી રે, રહે દિલમાં રાત દન રે...જીવડલા૦
તેથી એમ જણાય છે રે, જુગ જામનીયુંનો જાય રે...જીવડલા૦
શોક ગ્રહ છાનો નડે રે, તેને છત્ર મળી જાય રે...જીવડલા૦
છત્ર મળ્યો નથી ત્યાં સુધી રે, વિરહ વ્યાધિ વધી ખાય રે...જીવડલા૦




વિરહ બાળી દેશે દેહને રે, શ્યામ તો શેના દેખાય રે...જીવડલા૦
તેથી જ વહેલું ત્રેવડું રે, જોગણનો લઈ વેશ રે...જીવડલા૦
આવરદા એ ધન લઈ રે, શ્યામ શોધું દેશો દેશ રે...જીવડલા૦
અગિયારમો માસ ઊતર્યો રે, ઊગ્યા ન આશા અંકુર રે...જીવડલા૦
શ્યામ સંગાથનાં સુખ તે રે, ગયાં આંકનાં તુર રે...જીવડલા૦
ઘણી ઘણી કરી ઘાતડી રે, જાણી જાણી નહીં જાત રે...જીવડલા૦
પ્રેમાનંદ કહે નાથની રે, જાતની શી રીત ભાત રે...જીવડલા૦

### પદ-૧૨

વૈશાખે વન વેલી વળ્યાં રે, વાલો વળ્યા ન આ વાટ રે;
પંખીડા, સંદેશો કહેજે શ્યામને રે...ટેક૦
વિયોગ કુંડમાં નાખીને રે, ચિત્ત ચોરી ચાલ્યા વાટ રે...પંખીડા૦
દીન દરદી એમ ફરું રે, રોઉં રાતે ભરી શ્વાસ રે...પંખીડા૦
ચકવા ચકવીની રીત છે રે, ટીટાનો સો વિશ્વાસ રે...પંખીડા૦
પ્રેમપાસે લઈ બાંધીને રે, વિરહનો વધાર્યો રોગ રે...પંખીડા૦
ભીતર ભડકા થાય છે રે, ઉપર લૂનો જોગ રે...પંખીડા૦
વિરહનો વૈદ ન મળિયો રે, ઔષધની જોઉં વાટ રે...પંખીડા૦
કોયલડી ટહુકા કરે રે, આંબે પાકી જો સાખ રે...પંખીડા૦
રોઈ રોઈ થાકી રાતમાં રે, જોઈ જોઈ પાકી જો સાખ રે...પંખીડા૦
અખાત્રીજ દિન આવિયો રે, નૃસિંહ ચતુર્દશી લાગ રે...પંખીડા૦
કડવી તુંબડી તુલ્ય ગુણ છે રે, ઊગી ઉકરડાની જાગ રે...પંખીડા૦
ચિંતામણી મળી મહાપ્રભુ રે, તે તો ગઈ રહી રાંક રે...પંખીડા૦
અરજી અમારી ધાઈને રે, મરજી કરજો ટાળી વાંક રે...પંખીડા૦
વીતી હોય તે જાણશે રે, અણસમજુ ઈર્ષ્યા આણે રે...પંખીડા૦
હાડિયાનું તે હસવું રે, દેડકાનો જીવ જાણે રે...પંખીડા૦
ન થવાની તે થઈ રે, કહેવાય નહીં કેને વાત રે...પંખીડા૦
અંતરમાં ઊંડી ગઈ રે, પ્રીતમની પૂરણ ઘાત રે...પંખીડા૦
બાર માસ વીતી ગયા રે, આંખે દેખ્યા ન નાથ રે...પંખીડા૦
પ્રેમાનંદ કહે જીવડા રે, આ દેહે નહીં આવે હાથ રે...પંખીડા૦

### પદ-૧૩

અધિક મહીને સુકાઈ ગયા રે, આશાના અંકુર રે,
વાલમ મારા, વિપત્ત વેળે વહેલા આવજો રે...ટેક૦
વિરહની વાદળી ઊલટી રે, નયણાં જળે ભરપૂર રે...વાલમ૦
રોહીણી દાઝે અંતરે રે, ચમકે વીજ ચિત્તમાંહી રે...વાલમ૦
પ્રેમનાં પૂર ચાલિયાં રે, ગયાં શોકસિંધુ માંહી રે...વાલમ૦
સમુદ્ર સર્વેની શાહી કરી રે, કાષ્ટ માત્રની કલમ રે...વાલમ૦
શેષસહસ્ર હાથે લખે રે, લખાય ન વિરહ જુલમ રે...વાલમ૦
પૂછો કમળ અને કામીને રે, સ્નેહી ગયે શું થાય રે...વાલમ૦
પૂછો મોર કે ચકોરને રે, સ્વામી ગયે કેમ થાય રે...વાલમ૦
ભાનુ વિનાનું બ્રહ્માંડ જે રે, રાજા વિનાનું રાજ રે...વાલમ૦
તોય વિનાનું તળાવ જે રે, એવું બન્યું આજ કાજ રે...વાલમ૦
આજ કાલની વાતમાં રે, વર્ષ બીજું જુઓ જાય રે...વાલમ૦
નક્કી ગયા નિશ્ચય કરી રે, પાછું આવ્યાનું ન થાય રે...વાલમ૦
ભક્તિ ધર્મને સ્થાપીને રે, જીવને કર્યા ભવપાર રે...વાલમ૦
અગિયાર વર્ષ ત્રણ માસને રે, એક દિન ઘર મોઝાર રે...વાલમ૦
વર્ષ સાત માસ એકને રે, અગિયાર દિન વને નાથ રે...વાલમ૦
વર્ષ ત્રીશ માસ નવ તણે રે, ઓગણીશ દિન સંત સાથ રે...વાલમ૦
ઓગણ પચાસ વર્ષને રે, માસ બે ને દિન એક રે...વાલમ૦
જેઠ સુદી દશમી દને રે, ભૂમિ તજી ચાલ્યા છેક રે...વાલમ૦
અધિક મહિનો ઊતર્યો રે, ઊતર્યા નહીં અવિનાશ રે...વાલમ૦
પ્રેમાનંદ કહે જીવડા રે, આપણે જાશું પ્રભુ પાસ રે...વાલમ૦

### રાગ : ઠુંમરી

ક્યારે હવે દેખું રે હરિ હસતા, મારા મંદિરિયામાં વસતા; ક્યારે...ટેક૦
ઝરકસીયા જામા પે'રીને, ગૂઢો રેંટો કટિ કસતા...ક્યારે૦ ૧
ફૂલડામાં ગરકાવ થઈને, અત્તરમાં મસમસતા...ક્યારે૦ ૨
મુનિવર સારુ રસોઈ કરાવીને, પંગતમાં પીરસતા...ક્યારે૦ ૩
પ્રેમાનંદ આગે ગાવે ત્યારે, આવે ઓરા ઓરા ખસતા...ક્યારે૦ ૪





### રાગ : રેખતા – પદ-૧

આશકો દિયારી વે, માશુક ન જાના ભૂલી...આશકો૦
સૂન સાંવરે સાહેબા મહોબત હમારી વે,
ખાવંદ ખુશી હોય રખના દિલમેં વિચારી...માશુક૦
એક આશરા હૈ તેરા, કહું ક્યા પુકારી વે;
પરવરદિગાર દિલકી, તુમ જાનતા સારી વે...માશુક૦
સુરત લગી કદમોંસે, ન ટરેગી ટારી વે;
પ્રેમાનંદ કે' પ્યારે હમકો, લેના સંભારી વે...માશુક૦

### પદ-૨

દીખલા દિદાર પ્યારા, મહેબુબ હમારા...દીખલા૦
માશુક જરા જ દેના, નેનોકા નજારા;
ઈતનેમેં તો હોવેગા, આશકુંદ ગુઝારા...દીખલા૦
કુરબાન કિયા તેરે નામ પર, ઘરબાર સંસારા;
ફકીરી લેકે ફીરતા હું કરનેકું દિદારા...દીખલા૦
તકસીર માફ કરના, સૂન સરજનહારા;
પ્રેમાનંદકું મુલાકાત દેના, નંદ દુલારા...દીખલા૦

### રાગ : ગરબી – પદ-૧

ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણતણા આધાર...જોઈને જીવું છું૦ ટેક.
તન મન ધન તમ ઉપરે, લઈ વારું વાર હજાર...જોઈને જીવું છું૦ ૧
સુંદર મૂરતિ મોહની, મારા મનમાં ખૂંતી રાજ... જોઈને જીવું છું૦
તમ વિના મને કહાનજી, બીજું કાંઈ નવ સૂઝે કાજ...જોઈને જીવું છું૦ ૨
પાંપણ પર આંટો દઈ, તમે બાંધી પાઘ અનૂપ;... જોઈને જીવું છું૦
કોટિક કંદર્પ વારણે, લઈ વારું એવું રૂપ...જોઈને જીવું છું૦ ૩
ભાલ તિલક શોભે ઘણું, જાણે ભ્રૂકુટી કામ કબાણ;...જોઈને જીવું છું૦
કમળનયન કટાક્ષમાં, મારા તાણી લ્યો છે પ્રાણ...જોઈને જીવું છં૦ ૪
મધુર મધુર હસવું જોઈને, વાધે પ્રેમ અપાર;...જોઈને જીવું છું;
ત્રિભુવનમાં એવી કોણ છે, જે વશ નવ થાયે નાર...જોઈને જીવું છું૦ ૫
વામકરણમાં શ્યામ છે, તીલ નીરખ્યા જેવો નીત;...જોઈને જીવું છું૦
તીલ જોઈ જમણા ગાલમાં, વાધે પ્રેમાનંદને પ્રીત....જોઈને જીવું છું૦ ૬

### પદ-૨

શી કહું શોભા અંગની, જોઈ લોચનીયાં લોભાય;...ચિત્તડું ચોરે છે- ટેક.
નીરખી નાસા કીરને, મારા ભવના પાતક જાય...ચિત્તડું ચોરે છે૦ ૧
અધર પ્રવાળાની ઉપમા, જાણે કુંદકળી સમદાંત;...ચિત્તડું ચોરે છે૦
ચિબુકતણી શોભા ઘણી, કંબુ કંઠ જોયાની ખાંત...ચિત્તડું ચોરે છે૦ ૨
વક્ષસ્થલ વ્હાલું ઘણું, મને મળવા વાધે પ્રીત;...ચિત્તડું ચોરે છે૦
અજાનબાહુ ઉરધરી, આવો મળીયે મોહન મીત...ચિત્તડું ચોરે છે૦ ૩
ઉદરમાં ત્રિવલી પડે, ઊંડી નાભિ નૌતમ જોઈ;...ચિત્તડું ચોરે છે૦
શ્યામકટી સોહ્યામણી, ઉરુમાંહી રહ્યું મન મોઈ....ચિત્તડું ચોરે છે૦ ૪
જાનુ જુગલ છબી જોઈને, મારો સુફળ થયો અવતાર;...ચિત્તડું ચોરે છે૦
પિંડી પાની નીરખતાં, મારો દૂર થયો સંસાર,...ચિત્તડું ચોરે છે૦ ૫
સોળે ચિહ્ને જુક્ત છે, એ જુગલ ચરણની જોડ;...ચિત્તડું ચોરે છે૦
અખંડ રહો આવી ઉરમાં, પૂરો પ્રેમાનંદના કોડ....ચિત્તડું ચોરે છે૦ ૬

### પદ-૩

નવલ સનેહી નાથજી, રૂપાળા રાજીવનેણ;...વહાલા લાગો છો૦ ટેક.
હસતા હસતા હેતમાં, બોલો છો મીઠાં વેણ...વહાલા લાગો છો૦ ૧
આંખડલી અમૃત ભરી, કાંઈ કરુણા કહી નવ જાય;...વહાલા લાગો છો૦
ચિત્ત ચોરાણું ચાલમાં, મરકલડે મન લોભાય...વહાલા લાગો છો૦ ૨
આતુરતા નથી અંગમાં, દીસે છે શીલ સ્વભાવ;...વહાલા લાગો છો૦
પ્રેમતણો પ્રવાહ વહે, નેણામાં નટવર નાવ....વહાલા લાગો છો૦ ૩
ભુધર ભાવિક ભાવના, નથી અરથા અરથી શ્યામ;...વહાલા લાગો છો૦
પરમારથને કારણે, પધાર્યા પૂરણકામ...વહાલા લાગો છો૦ ૪
દીન ઉપર દયા કરી, તમે દુર્લભ દર્શન દેવ;...વહાલા લાગો છો૦
કલ્પતરુ છો કહાનજી, જાણે મોટા મુનિવર ભેવ....વહાલા લાગો છો૦ ૫
કરુણાનીધિ કરુણા કરી, છોગાળા રંગછેલ;...વહાલા લાગો છો૦
પ્રેમાનંદ કહે અખંડ રહો, આંખડલીમાં અલબેલ...વહાલા લાગો છો૦ ૬

### પદ-૪

ધર્મકુંવર શ્રીકૃષ્ણજી, તમે ભક્તપતિ ભગવાન;...એ વર માગું છું૦ ટેક.
દયાનિધિ તમે દાસને, નિત્ય આપો છો એ દાન....એ વર માગું છું૦ ૧



હજારી કીર્તનાવલિ

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, એવો નિશ્ચે થાય તમારો;...એ વર માગું છું૦
અલબેલા તમ આગળે, હું અરજ કરું એ સારું....એ વર માગું છું૦ ૨
મહાત્મજ્ઞાને સહિત હરિ, એવી એકાંતિકી ભક્તિ;...એ વર માગું છું૦
પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વીરક્તિ...એ વર માગું છું૦ ૩
હુંમાં તમારું ભક્તપણું, હરિ એમાં કોઈ પ્રકાર...એ વર માગું છું૦
દોષ ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મકુમાર...એ વર માગું છું૦ ૪
તમારા કોઈ ભક્તનો, મોર દ્રોહ ક્યારે નવ થાય;...એ વર માગું છું૦
સંગ એકાંતિક ભક્તનો, મને નિત્ય આપો મુનિરાય...એ વર માગું છું૦ ૫
દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજૂર;...એ વર માગું છું૦
પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરૂર...એ વર માગું છું૦ ૬

### રાગ : પરજ — પદ-૧

નેણામાં રાખું રે નેણામાં રાખું રે, નાથજીને જતન કરીને રે મારા નેણા.
શિવ સનકાદિક શુક જેવા યોગી, હાંરે જેની વાટું જુએ છે લાખું રે.
છેલ છબીલાની મૂરતિ ઉપર, હાંરે મારા પ્રાણ વારી વારી નાખું રે.
નેણે નીરખી હરિને ઉરમાં ઉતારું હાંરે એના ગુણલાં નિશદિન ભાખું રે
પ્રેમાનંદ કહે હરિરસ અમૃત, હાંરે હું તો પ્રેમે કરીને નિત્ય ચાખું રે.

### પદ-૨

અળગા ન મેલું રે અળગા ન મેલું રે, નાથ તમને આંખડલીથી...ટેક.
મનમોહન તારી મુરતિ જોઈને, હારે મારું મનડું થયું છે ઘેલું રે...૧
લોક કુટુંબ પરિવાર તજીને, હાંરે મેં તો તમ સંગ બાંધ્યું છે બેલું રે...૨
પ્રાણજીવન તમ પાસે રહ્યાનું, હાંર મને વચન દીધું છે વહેલું રે...૩
પ્રેમાનંદ કહે જોઈ જોઈ જીવું, હાંરે તારું મોળીડું રંગનું ભરેલું રે...૪

### પદ-૩

નહિ દઉં જાવા રે નહિ દઉં જાવા રે, નાથ તમને આંખડલીથી રે...ટે૦
જીવની પેઠે હું તો જાળવીને રાખીશ, હાંરે એક લગારે ન દઉં દુઃખાવા રે...૧
મનગમતાં રે ભોજન રાંધી જમાડીશ, હાંરે લાવું સાકર નાખી દૂધ પા...૨
શ્વેત અંબર અતિ ઝીણા રે લાવું, હાંરે મારા પ્રાણ તમને પહેરાવા રે...૩
જાવાનું રે તમે નામ લીયો તો, હાંરે પ્રેમાનંદના સમ છે માવા રે...૪

**પદ-૪**

આવાને આવા રે આવાને આવા રે, રહેજો મારી આંખડલીમાં રે...ટેક.
આવાને આવા મારા નાથ બિરાજો, હાં રે મારા તનના તાપ બુઝાવા રે...૧
ડોલરના નિત્ય હાર પહેરાવું, હાંરે રૂડા તોરા લાવું લટકાવા રે...૨
અમૃત વેણે સુકોમળ નેણે, હાંરે અતિ અમૃત ઝડી વરસાવા રે...૩
પ્રેમાનંદ કહે નાથજી આગે, હાંરે રહું હાજર નિશદિન ગાવા રે...૪

**રાગ : ગરબી — પદ-૧**

હું તો જઈશ ગિરધર જોવા રે, મા મુને વારીશ માં;
મારા ઉરમાં છબીલાજીને પ્રોવા રે, મેણલે મારીશ માં...મા મુને૦ ટેક.
જાઈશ જોવારે હું તો નંદજીનો લાલો,
હાંરે મુને પરમ સ્નેહી લાગે વ્હાલો રે...મા મુને૦ ૧
છેલ છબીલો વ્હાલો કુંજનો વિહારી,
હાંરે એ તો જીવનદોરી છે મારી રે...મા મુને૦ ૨
વારીશ માંરે તુને કહું છું રે વહેલું,
હાંરે હું તો માથું જાતાં નવ મેલું રે...મા મુને૦ ૩
પ્રેમાનંદના સ્વામીને સારુ,
હાંરે કુરબાન કર્યું છે જીવતર મારું રે...મા મુને૦ ૪

**પદ-૨**

હાંરે મેં તો જોયા ચતુર નંદલાલ રે, ઊભા ઓસરીએ;
હાંરે કર્યાં તિલક કેસર કેરાં ભાલ રે, સુંદરવર હરિએ...ઊભા૦ ટેક૦
શ્વેત પાઘ શીશ ઉપર શોભે,
હાંરે જોઈ છોગલિયાં ચિત્ત લોભે રે...ઊભા૦ ૧
શ્વેત હાર પહેર્યા ઉરપર કાજું,
હાંરે બાંધ્યા શ્વેત ફૂલોના બાજુ રે...ઊભા૦ ૨
શ્વેતાંબર સર્વે અંગે બિરાજે,
હાંરે જોઈ કોટિક કામછબી લાજે રે...ઊભા૦ ૩
પ્રેમાનંદ કહે પલવટ વાળી,
હાંરે ચડ્યા ઘોડલડે વનમાળી રે...ઊભા૦ ૪





**પદ-૩**

વહાલો ઘોડલાં ખેલાવે ઘનશ્યામ રે, બાઈ મારે આંગણીએ;
મારાં ચિત્તડાં ચોરે છે સુખધામ રે, આંખડલીની અણીએ...બા૦ ટે.
ઘોડલાં ફેરે ને વહાલો મુજસામું હેરે,
હાંરે મુને ન્યાલ કીધી છે આણી ફેરે રે...બાઈ૦ ૧
ચપળ તુરંગ અતિ વેગે ફરે છે,
હાંરે એ તો ગરૂડનો ગર્વ હરે છે રે...બાઈ૦ ૨
સુર નર મુનિજન નીરખે છે પ્રીતે,
હાંરે જાણે ચિત્ર આલેખ્યાં છે ભીંતે રે...બાઈ૦ ૩
રૂડો લાગે છે ખભે ફરકે છે પટકો,
હાંરે રીજ્યો પ્રેમાનંદ જોઈ લટકો રે...બાઈ૦ ૪

**પદ-૪**

હાંરે સખી નહાવા પધાર્યા મહારાજ રે, જીવન જમુનામેં;
સાથે લીધો છે સર્વે સમાજ રે, વ્રજને વિસામે...જીવન૦ ટેક૦
હળવાને હળવા વહાલો હાલે બજારે,
હાંર ઊભા નગરવાસી પ્રાણ વારે રે...જીવન૦ ૧
છત્ર ચમર શિર ઉપર રાજે,
હાંરે આગે અગણિત વાજાં વાગે રે...જીવન૦ ૨
ઊતર્યા ગોવિંદ જમુનામાં ન્હાવા,
હાંરે આવ્યા સુરમુનિ પુષ્પે વધાવારે...જીવન૦ ૩
ગિરધર નહાયે ને ગોપીયો ગાયે,
હાંરે જોઈ પ્રેમાનંદ વારી જાય રે...જીવન૦ ૪

**રાગ : ખમાચ — પદ-૧**

રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે...રૂડા૦ ટેક૦
જરકસીયો જામો હરિ પહેરી, માથે બાંધી પાઘ સોનેરી
ગૂઢો રેંટો ઓઢી મન લલચાવતારે...રૂડા૦ ૧
હૈડે હાર ગુલાબી ફોરે, ચિત્ત મારું રોકી રાખ્યું તોરે;
ગજરા કાજુ બાજુ મન મારે ભાવતા રે...રૂડા૦ ૨

કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને;
ચિત્તડું ચોરો છો મીઠું મીઠું ગાવતા રે...રૂડા૦ ૩
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી;
હેતે શું બોલાવી તાપ સમાવતારે...રૂડા૦ ૪

પદ-૨

વ્હાલી લાગે છે વરણાગી તારી વાંકડી રે...વ્હાલી૦ ટેક૦
લલિત ત્રિભંગી સુંદર શોભે, સુરનર મુનિના મનને લોભે;
ચાલો ચાલ ચટકતી પહેરી ચાખડી રે...વ્હાલી૦ ૧
સુંદર હસિત વદનની વાણી, સુણતાં વ્રજવનિતા લલચાણી;
જોઈને મોહી અણિયાળી ચંચળ આંખડી રે..વ્હાલી૦ ૨
નવલ મનોહર સુંદર છેલા, ઓરા આવોને અલબેલા;
મળીયે મોહન બાંધી બાંહ્યો રાખડી રે...વ્હાલી૦ ૩
શ્રીઘનશ્યામ છબીના ધામ, પ્રેમાનંદ ભજે આઠો જામ;
જોયાની લાગી છે નિશદિન ધાખડી રે...વ્હાલી૦ ૪

પદ-૩

તારી બાનકની બલિહારી મારા નાથજી રે...તારી૦ ટેક૦
સુંદર રૂપ કહ્યામાં નાવે, શેષ સહસ્રમુખ પાર ન પાવે;
કોટિક કામ લજાઈ જોડે હાથજીરે...તારી૦ ૧
મોહ્યું મન મુખને મરકલડે, ગિરધરજી ગમીયા છો દિલડે;
ક્ષણું ન મેલે સાગરતનયા સાથજીરે...તારી૦ ૨
રૂપ શીલ ગુણ રસના સાગર, તરૂણ કીશોર સદા નટનાગર;
વ્રજવનિતાના પ્રાણજીવન સુખપાથજીરે...તારી૦ ૩
કરુણારસમય જોવું હસવું, કરુણા કરી જનઉરમાં વસવું;
પ્રેમાનંદ નિત્ય ગાયે ગુણગાથજીરે...તારી૦ ૪

રાગ : પરજ — પદ-૧

સોનેરી મોળીયું સુંદર સોનેરી મોળીયું, (૨) ધર્મકુવરનું;
મોતીડે મોળીયું સુંદર મોતીડે મોળીયું, (૨) રસિક સુંદરનું...૧
ભાલ વિશાળમાં સુદર ભાલ વિશાળ માં, (૨) તિલક કેસરનું;





ભ્રૂકુટી સુંદર જાણીએ ભ્રૂકુટી સુંદર રે, (૨) ઘર મધુકરનું...૨
કરણે કુંડલિયાં કાજુ કરણે કુંડલિયાં, (૨) જડિયલ મોતીએ;
ગોળ કપોળમાં રૂડા ગોળ કપોળમાં, (૨) ઝળળળ જયોતિએ...૩
નેણાં રંગીલાં લાલ નેણાં રંગીલા રે, (૨) કમળની પાંખડી;
પ્રેમાનંદ નીરખી છબી પ્રેમાનંદ નીરખી, (૨) ઠરી છે આંખડી...૪

પદ-૨

નાસિકા નમણી હરિની નાસિકા નમણી, (૨) પોપટ સરીખડી;
નીરખી વદનચંદ્ર નીરખી વદન રે, (૨) કિરણ્યું ઝાંખી પડી...૧
કંઠ જ નીરખી હરિનો કંઠ જ નીરખી, (૨) વાધી છે પ્રીતડી;
છાતી ઊપડતી માંહી છાતી ઊપડતી રે, (૨) મોતી માળા બેવડી...૨
સુંદર ઉદર હરિના સુંદર ઉદરમાંહી, (૨) પડે છે ત્રિવળી;
નાભિ ગંભીર ગોળ નાભિ ગંભીર જોઈ, (૨) મનડું ગયું ગળી...૩
કટિલંક નીરખી હરિનો કટિલંક નીરખી, (૨) મોહ પામ્યો કેસરી;
પ્રેમાનંદ નીરખી છબી પ્રેમાનંદ નીરખી રે, (૨) નટવર વેષરી...૪

પદ-૩

લટકંતા આવો લાલ લટકંતા આવો રે, (૨) મારે મંદિરે મોરારી;
ગજગતિ ચાલ રૂડી ગજગતિ ચાલ રે, (૨) જોઈ બલિહારી...૧
સાથળ ઘુંટણ સુંદર સાથળ ઘુંટણ રે, (૨) જોઈ પિંડી ને પાનીયું;
ઘુંટી પેનીની છબી ઘુંટી પેનીની રે, (૨) મારે મન માનીયું...૨
અરુણતળામાં સુંદર અરુણતળામાંહી (૨) સોળે ચિહ્ન શોભતાં;
ઊર્ધ્વરેખામાં રૂડી ઊર્ધ્વરેખામાં રે, (૨) મુનિમન લોભતાં...૩
મૂર્તિ મહારાજની શ્રીમૂર્તિ મહારાજની, (૨) ગાઈ પ્રીતે કરી;
પ્રેમાનંદ કહે નાથ પ્રેમાનંદ કહે રે, (૨) અંતરમાં રહો હરિ...૪

પદ-૪

ફુલડે ગરકાવ ફુલ્યા ફુલડે ગરકાવ રે, (૨) આવો ડોલરીયા;
અત્તરની ફોરમાં પ્યારા અત્તરની ફોરમાંહી (૨) ભીના રંગ ભરીયા...૧
હાર હજારી ઉર હાર હજારી રે, (૨) ગુચ્છ બેઉ કાનમાં;
બાજુ કાજુ છે બાંયે બાજુ કાજુ છે રે, (૨) નીરખું નિત્ય ધ્યાનમાં...૨

ગજરા ગુલાબી કરમાં ગજરા ગુલાબી રે, (૨) ખુંત્યા મારા ચિત્તમાં;
જીવન જાણો છો બહુ જીવન જાણો છો રે, (૨) પાતળીયા પ્રીતમાં...૩
મોહી છું માણીગર હું તો મોહી છું માણીગર રે, (૨) મુખને મરકલડે;
ગમીયા છો ગિરધર, ગમીયા છો ગિરધર, (૨) પ્રેમાનંદને દલડે...૪

**રાગ : મહાડ**

પધારોને સહજાનંદજી હો, ગુના કરીને માફ...ટેક
પ્રણામ છે ધર્મતાતને, ભક્તિમાતને પ્રમાણ;
પ્રણામ છે જેષ્ઠ ભ્રાતને, ઈચ્છારામને પ્રણામ હો...ગુના૦ ૧
પતિ મેલ્યા પિયુતમ કારણે, મેલી કુળ મરજાદ;
માતપિતા મૂક્યા છે સ્વામી, એક તમારે કાજ હો...ગુના૦ ૨
ગરુડ તજીને પાળા પધાર્યા, ગજસારુ મહારાજ;
એ રીતે તમે આવો દયાળુ, કરવા અમારા કાજ હો...ગુના૦ ૩
અમ જેવા તમને ઘણા, પણ તમો અમારે એક;
પ્રેમસખી વિનતી કરે છે, જો રાખો હમારી ટેક હો...ગુના૦ ૪

**રાગ : મહાડ**

મારા કેસરભીના કહાન રે, ઊભા ગંગાજીને તીર...ટેક૦
ઉન્મત્ત ગંગા સોહામણીરે, ઉન્મત વહેછે નીર;
ઘણું નાયા ઘનશ્યામજી, જળમાંય બળવીર રે...ઊભા૦ ૧
ખળખળીઓ ખળકે ઘણું રે, ઘેલો ગુણ ગંભીર;
જેની ઉપમા નવ જડેરે, ક્યાંથી મતિ રહે સ્થીર રે..ઊભા૦ ૨
પૂર્વદિશામાં પાણી વહે છે, સુવર્ણકેરી રેલ;
પાપ પુંજ દેખી ડરે રે, દાઝે દુષ્ટ હદીયાના હાર રે...ઊભા૦ ૩
સહજાનંદ સ્નાન કરીને, પહેર્યાં વસ્ત્ર અમૂલ્ય;
પ્રેમસખી કહે ન્યાલ કરી, નાવે તેની તુલ્ય રે...ઊભા૦ ૪

**રાગ : મહાડ — પદ-૧**

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી.
માણીગર સૌને કહે છે થાઓ તૈયાર, મુનિ વરણી પદાતી ને અસવાર.
વ્રતપુરી જાવા કર્યો નિરધાર...માણકીએ૦ ૧





કેસર બેરી બોદલીને ફૂલમાળ, તાજણ તીખી વાગીરીનો ઘણો તાલ;
શોભે ઘણા વ્હાલા લાગે છે મરાળ...માણકીએ૦ ૨
પ્રેમી ભક્ત વિનતી કરે દોડી દોડી, લોહચમક વૃત્તિ મુરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી...માણકીએ૦ ૩
આજ્ઞા આપો અમે જાયે વ્રતપુરી, જાવો પ્રભુ રામનવમી નથી દૂરી;
સેવક દાસ પ્રેમાનંદ હજૂરી...માણકીએ૦ ૪

**પદ-૨**

વાલમજી વહેલા વળજો ગઢપુરે, વ્રતપુરી નથી દેશાંતર દુરે...વાલ૦
માણકીનો વેગ દેખ્યો સુણ્યો કોઈ, આકાશેથી તારો ખર્યો જાણ્યું જોઈ;
ગરુડ લાજ લોપી માણકીએ સોઈ...વાલમજી૦ ૧
મનવેગે ગાંફ જઈ રહ્યા રાત, સીંજીવાડે સ્વામી ગયા પરભાત;
હાં હાં કરતાં વડતાલમાં ગઈ વાત...વાલમજી૦ ૨
વ્રતપુરી હાલ કિલોલ આનંદ, સામઈયે ચાલો આવ્યા જગવંદ;
ભલે ભલે સ્વામી તમે સહજાનંદ...વાલમજી૦ ૩
વાજાં વાગે આવ્યા નારાયણ સ્વામી, સભા મધ્યે શોભે હેલી બહુનામી;
પ્રેમાનંદ કહે અક્ષરધામના ધામી...વાલમજી૦ ૪

**પદ-૩**

ડોલરિયો જમવા ઊઠ્યા રંગરેલ, માણીગર અળવ ભર્યો અલબેલ...ડો૦
જમ્યા વ્હાલો સંતને પીરસવા આવ્યા, મોતીચુર થાળ ભરીને મગાવ્યા,
પાંચવાર ફર્યા સંતોને હરાવ્યા...ડોલરિયો૦ ૧
પોઢ્યા વહાલો બંગલે જઈને સુખકારી, જાગ્યા સાંજે સભા કરી આટે સારી;
ધન્ય ધન્ય બે આંબા અઘહારી...ડોલરિયો૦ ૨
જુગલ કુંડ રંગના કરાવેલ તાલ, ત્યાં તો શોભે ઉર્વી ઘણી રે વિશાળ;
આવ્યા સંત ઘણા ઘણા સાયંકાળ...ડોલરિયો૦ ૩
દર્શન બહુ આપ્યાં તમે સુખધામ, ઘોડે ચડી સંઘમાં ફર્યા ઘનશ્યામ;
પ્રેમાનંદ કહે બંગલે ગયા ભગવાન...ડોલરિયો૦ ૪

**પદ-૪**

સવારે ગોમતી ગયા ભગવાન, રટે ત્રણ લોક નારાયણ નામ...સવારે૦
આજ રામનવમી જનનો હિલોળ, સત્સંગી સર્વે કરે છે કિલોલ;
ગાન તાન ઉત્સવ ઝીંઝ ઝકોળ...સવારે૦ ૧
આવ્યા હેલી મંદિરમાં મતવાલો, સંતસભા મધ્યે શોભે ધર્મલાલો;
સત્સંગી પૂજા કરવાને ચાલો...સવારે૦ ૨
પૂજા કરી આરતી ભક્ત ઉતારે, સંતસભા મૂર્તિને અંતરમાં ધારે;
રઢિયાળો લટકાં કરીને રિઝાવે...સવારે૦ ૩
દસ દિવસ જમી જમાડી સિધાવ્યા, વ્રતપુરીવાસી ગઢપુરે આવ્યા;
પ્રેમાનંદ કહે મોંઘે મોતીડે વધાવ્યા...સવારે૦ ૪

**રાગ : ગરબી – પદ-૧**

નવલ સનેહી નાથજી રે, પ્રેમી જનના છો પ્રાણ;
વા'લા સાંભળજો વિનતિ, વા'લા સાંભળજો વિનતિજી રે,
છોજી જાણ સુજાણ...નવલ૦ ૧
મેલી વનમાં એકલી જી રે ગયા ધરમકુમાર;
ન ઘટે તમને નાથજી, ન ઘટે તમને નાથજી રે,
અમે અબલા અવતાર...નવલ૦ ૨
આવ્યા તમારે આશરે જી રે, મેલી કુટુંબ પરિવાર;
જાણું અમને પાળશો, જાણું અમને પાળશો જી રે,
હરિવર હૈયાના હાર...નવલ૦ ૩
તમે કરી જે આ સમે જી રે, એવી ન કરે કોઈ નાથ;
પડતાં મેલ્યાં આભથી, પડતાં મેલ્યાં આભથી જી રે,
બળવંત ઝાલી રે હાથ...નવલ૦ ૪
બહુ દયાળુ જાણતા જી રે, કઠણ થયા કેમ આજ ?
પ્રેમાનંદના નાથજી, પ્રેમાનંદના નાથજી જી રે,
દયા આણો મહારાજ...નવલ૦ ૫





**પદ-૨**

પ્રાણજીવન ઘનશ્યામજી રે, કાવો ભક્ત પ્રતિપાળ;
દાસ તમારા દુઃખિયા, દાસ તમારા દુઃખિયા જી રે,
દરશન વિના દયાળ...પ્રાણ૦ ૧
તમ વિના અમે દુઃખનીજી રે, કેને કહીએ હરિ વાત ?
મીન વછોયાં નીરથી, મીન વછોયાં નીરથી જીરે;
એમ થાય દિનરાત...પ્રાણ૦ ૨
સુંદર મૂરતિ સાંભરે જી રે, સુંદર કરતા વિહાર;
કામ રહે સૌ હાથમાં, કામ રહે સૌ હાથમાં જી રે,
નેણે આંસુની ધાર...પ્રાણ૦ ૩
ઘેરે સાદે બોલતા જી રે, દેતા સાદ લઈ નામ,
જ્યારે અમને સાભરે, જ્યારે અમને સાંભરે જી રે,
ખટકે ઉરમાં ઘનશ્યામ...પ્રાણ૦ ૪
ચટ ચટ વાજતી ચાખડી જી રે, જાણું આવ્યા અલબેલ,
ઊઠી ઉતાવળી હેરતી, ઊઠી ઉતાવળી હેરતી જી રે,
પ્રેમાનંદનો રંગછેલ...પ્રાણ૦ ૫

**પદ-૩**

લોચન વ્યાકુળ કાનજી રે, જોવા ગજગતિ ચાલ;
સામા મળતા શેરીએ, સામા મળતા શેરીએ જી રે,
હસીને કરતા નિહાલ...લોચન૦ ૧
રૂમાલ જમણા હાથમાં જી રે, કટિ પર ડાબો કર મેલી,
ખેસ ખભે હરિ ઓઢતા, ખેસ હરિ ઓઢતા જી રે,
માથે પાઘ અલબેલી...લોચન૦ ૨
આવી ઓસરીએ બેસતા જી રે, દરશન દેતા નેદાન;
તે દી' ક્યારે દેખાડશો, તે દી' ક્યારે દેખાડશો જી રે;
સહજાનંદ ભગવાન...લોચન૦ ૩
હાર પેરાવી હેતમાં જી રે, મુખડું જોતી મુનિરાય;
એ મુખ જ્યારે સાંભરે, એ મુખ જ્યારે સાંભરે એજી રે,
કરવત મેલ્યું ઉરમાય...લોચન૦ ૪

નૌતમ નિતનિત દેખતી જી રે, લટકાં કરતા હો લાલ;
પ્રેમાનંદ કહે વિધિપાપીએ, પ્રેમાનંદ કહે વિધિ પાપીજી રે,
એ દુઃખ લખ્યું મારે ભાલ...લોચન૦ ૫

**પદ-૪**

વા'લા તમારી વાટડી જી રે જોઉં વારંવાર
વહેલા આવજો વરતાલથી, વહેલા આવજો વરતાલથી જીરે;
રસિયા ધરમકુમાર...વા'લા૦ ૧
તમ વિના ઘનશ્યામજી રે, જીવમાં જંપ ન થાય;
વિરહતણી બહુ વેદના, વિરહતણી બહુ વેદના જી રે,
પાપી પ્રાણ ન જાય...વા'લા૦ ૨
ઓસરીએ ઊભી એકલી જી રે, મુખડું જોવા જીવન;
ફાળ પડે અતિ ઉરમાં, ફાળ પડે અતિ ઉરમાં જી રે;
રોતા જાય રાત દિન...વા'લા૦૩
મુનિ સભામાં બેસતા જી રે, મારા પિયુનો પર્યંક;
સાંભળતાં શુધ વિસરે, સાંભળતાં શુધ વિસરે જી રે,
રોઉ થઈને નિઃશંક...વા'લા૦ ૪
મુજ દુઃખણીના દુઃખનો જીરે, ના'વે અંત ઘનશ્યામ;
પ્રેમાનંદ કહે નાથજી, પ્રેમાનંદ કહે નાથજી જી રે,
લેજો સાર સુખધામ...વા'લા૦

**રાગ : ધનાશ્રી — પદ-૧**

ઓરા આવોને સુંદર શ્યામ, નીરખું નેણાં ભરી;
મારાં લોચનીયા માંહી માવ, રાખું જતને કરી...ઓરા૦ ટેક.
મસ્તક મુકટ જડાવનો, કાને કુંડલ મકરાકાર;
વદન ઉપર મારા નાથજી, વારુ કોટિક અત્રિકુમાર...નીર૦ ૧
ભ્રકુટિના પ્રતાપને જાણે, મોટા મુનિવર ધીર;
કાલ માયાદિક થરથરે, કંપે સુર નર અસુર પ્રવીર...નીર૦ ૨
ચપળ દ્રગન છબી ઉપરે, વારૂં ખંજન મધુકર મીન;
સિંધુસુતા વાંસે ફરે, જોવા લોચન થઈને દીન...નીર૦ ૩



હજારી કીર્તનાવલિ

ગુચ્છ ગુલાબી ખોસીયા, બેઉ કાન ઉપર વનમાળી;
પ્રેમાનંદ થયો ઘેલડો, તિલ વામ શ્રવણમાં ભાળી...નીર૦ ૪

**પદ-૨**

તારૂં રૂપ જોઈ રંગછેલ, લોચન લોભી રહ્યાં;
કરી વર્ણન વારંમવાર, ભવનાં પાતક ગયાં...તારું૦ ટેક.
નાસા શુક શોભાનિધિ, રૂડા અધર બિંબ ચિત્તચોર;
ગોળ કપોળમાં શોભતો, રૂડો તિલ એક જમણી કોર...લોચન૦ ૧
હસતું વદન શોભે ઘણું, જાણે પુનેમ ચંદ્રપ્રકાશ;
દાંત દાડમકળી દેખતાં, કરે શોકસિંધુનો નાશ...લોચન૦ ૨
ચિબુકતણી શોભા ઘણી, કંબુ કંઠ શોભે સુખરૂપ;
ઉન્નત ઉરમાં ઓપી રહ્યો, રૂડો વિનગુણ હાર અનૂપ...લોચન૦ ૩
હૃદયકમળમાં શોભતું, ચિહ્ન શ્રીવચ્છ રતિ એક લાલ;
નીરખી ભુજ ભરી ભેટતાં, થયો પ્રેમાનંદ નિહાલ...લોચન૦ ૪

**પદ-૩**

શોભા શી કહું શ્રીઘનશ્યામ, સુંદરવર તમ તણી;
શું વર્ણવું રસના એક, લાવણ્યતા અતિ ઘણી...શોભા૦ ટેક.
સ્તન જુગલપર શોભતાં, બે છાપ ચિહ્ન છબીધામ;
નેણાં ભરીને નીરખતાં, નવ વ્યાપે ક્રોધ ને કામ...સુંદર૦ ૧
ભુજા જુગલ જગદીશજીની, શોભે હસ્તી સૂંઢ સમાન;
છાપ ચિહ્ન મનડું હરે, શોભે કુણિયું ભીનેવાન...સુંદર૦ ૨
કાંડા કઠણ બલવંતજી, રાતી હથેળીયું સુખપૂર;
આંગળીયું નખ નીરખતાં, થાયે દુઃખડાં સર્વે દૂર...સુંદર૦ ૩
કરવર અભય ઉદાર તે, ધરો શિર ઉપર મહારાજ;
પ્રેમાનંદ ત્યારે માનશે, થયો સફળ જન્મ મારો આજ...સુંદર૦ ૪

**પદ-૪**

તારી મૂરતિ શ્રીમહારાજ, જીવું છું જોઈને;
સંભારતાં સર્વે અંગ, રહ્યું મન મોહીને...તારી૦ ટેક.

ત્રિવળી સહિત શોભે ઘણું, રૂડું ઉદર અતિ અભિરામ;
ઊંડી નાભિ નૌતમ, પૂરે સર્વે મનની હામ...રહ્યું૦ ૧
કટિલંક અતિ રળિયામણો, શોભે સાથળ સુંદર જોડ;
જાનુ પિંડી નીરખતાં, પૂરે સર્વે મનના કોડ...રહ્યું૦ ૨
ઘૂંટી પાનીને પેખતાં, વાધે હૈડે પૂરણ પ્રીત;
જુગલ તળાં સંભારતાં, રૂડી ઊર્ધ્વરેખા ચોરે ચિત્ત...રહ્યું૦ ૩
ફણા આંગળીયું ઓપતી, જમણા અંગોઠાના નખમાંઈ ચિહ્ન;
નખશિખ મૂરતિ સંભારતાં, પ્રેમાનંદ થયો છે લીન...રહ્યું૦ ૪

**રાગ : ઠુમરી – પદ-૧**

અખિયામેં જાદુ ભરી ગિરધારી રાજ;...અખિ૦ ટેક૦
કર કર ટોના શ્યામરે સલોના;
રસબસ કીની સકલ બ્રજનારી રાજ...અખિ૦ ૧
ભ્રૂકુટી કુટિલ ચપલ દગ સુંદર;
અજબ ઠગારી હે બીચે શાઈકારી રાજ...અખિ૦ ૨
અમલ કમળ દળ સમ અખિયન બીચ;
અતહિં અનોખી રેખેં રતનારી રાજ...અખિ૦ ૩
શ્રીઘનશ્યામકી દગન છટાપર;
પુલકી પ્રેમાનંદ જાત બલિહારી રાજ...અખિ૦ ૪

**પદ-૨**

બતિયામેં બાલમ બસ કર લીની લાલ;...બતિ૦ ટેક.
કર કર બતિયાં પરસી મોરી છતિયાં;
રતિયામેં ફારી ચુનર મોરી ઝીની લાલ...બતિ૦ ૧
નવરંગ નેહ કરી મીલે અંક ભરી હરિ;
મુખતે ચાવત પાન બીરી મોયે દીની લાલ...બતિ૦ ૨
સુંદર બદન સદન સુખસાગર;
નાગર નગધર ચતુરાઈ કીની લાલ....બતિ૦ ૩
પ્રેમાનંદ કહે સંકેત ભાવ ભરી;
સાંવરે બજાઈ બાંસુરી રંગભીની લાલ...બતિ૦ ૪





**પદ-૩**

મોહનાને મારી નેનોંકી કટારી મોરે;...મોહ૦ ટેક.
નેન કટારી અજબ અનિયારી;
કોરી કરેજવા નીકસી ગઈ બારી મોયે...મોહ૦ ૧
ખટકત શ્યામ કામ નહિ સુઝત;
રૂજત ન ધાવ દરદ ઉર ભારી મોયે...મોહ૦ ૨
ધરત ન જીયા ધીર કોઉ ન જાન પીર;
બૈદવા ટટોરત કરઉંકી નારી મોયે...મોહ૦ ૩
બીનું દેખે બાવરી સુંદર છબી સાંવરી;
પ્રેમાનંદ કે' બીસરત ના બીસારી મોયે...મોહ૦ ૪

**પદ-૪**

સાંવરો ગુમાની દેખી અખિયાં લોભાની મોરી;...સાંવ૦ ટેક.
સુંદર રૂપ મનોહર છેલો;
રસકો રસિલો સકલ સુખખાંની મોરી...સાંવ૦ ૧
નીલ જલદ તન તરૂન બદન છબી;
નીરખી રતીપતિ મતિ સકુચાની મોરી...સાંવ૦ ૨
ચલત હંસગતિ હસત મધુર અતિ;
ચિતવત ચતુર લેત ચિત્ત તાની મોરી...સાંવ૦ ૩
પ્રેમાનંદ કહે સ્વામી અંતરજામી હરિ;
અખિલ ભુવનપતિ રૂપનિધાની મોરી...સાંવ૦ ૪

**રાગ : ઠુમરી – પદ-૧**

કૈસે જાઉં પનિયાં રોક્યો પનઘટવા;...કૈસે૦ ટેક.
ખંધે કામરિયાં ને હાથ લકુટિયાં;
બાંસુરી બજાવે ઠાડો જમુનાકે તટવા...કૈસે૦ ૧
મોરમુગુટ બનમાલ બિરાજે;
બાંધે બાજુબંધ ભુજ પહેરે પીતપીટવા...કૈસે૦ ૨
ભુખન બસન મનોહર પહેરે;
ગાવતહે નિકી તાન નાચત જ્યું નટવા...કૈસે૦ ૩

ગ્વાલ બાલ સંગ બીહરત બનમેં;
પ્રેમાનંદ દેખે છબી ભવદુઃખ મટવા...કૈસે૦ ૪

**પદ-૨**

જમુના કિનારે કહાન બાંસુરી બજાવે રે;...જમુના૦ ટેક.
સપ્ત સૂર તીન ગ્રામ મુર્છના સુનાવે;
સ્વરકે લપેટઉમેં મન લલચાવે રે...જમુના૦ ૧
મોહી બ્રજબધુ સુની કછુ ના સોહાવે;
ભૂલી જલ ભરવો વિરહ તન તાવે રે...જમુના૦ ૨
ઠાડી પનઘટ પર ઘરઉં ન આવે;
ચિતવતી એક ટક તપત બુઝાવે રે...જમુના૦ ૩
કરતી પ્રશંસા નિકે કહાન ગાવે;
પ્રેમાનંદ કહે પ્યારો અતિ મન ભાવેરે...જમુના૦ ૪

**પદ-૩**

રસિયાકે રૂપમેં અટગ ગઈ અંખિયા;...રસિયા૦ ટેક.
તરુન કિશોર મનોહર છેલો;
રૂપકો રસીલો દેખી મોહી બ્રજ સખિયાં...રસિયા૦ ૧
રૂપ સુધામહીં ગરક ભઈ સબ;
મધુમહીં મગન ભઈ જૈસેં મખિયાં...રસિયા૦ ૨
સુંદરતાકી ખાન સાંવરો;
ચતુર ચિતારે નીરખી છબી લખિયાં...રસિયા૦ ૩
પ્રેમાનંદ વારી તન મન ધન સબ;
નીરખી નીરખી છબી નેનમેં રખિયાં...રસિયા૦ ૪

**પદ-૪**

રસિયાકે રૂપકી કહાં કહું માઈ રે;...રસિયા૦ ટેક.
તજી મરજાદ આપ બલ આતુર;
ઉમંગી ચલી માનું સુંદરતાઈ રે...રસિયા૦ ૧
ભ્રૂકુટી કુટિલ ચાપ શર ચિતવની;
પતિવ્રત પનકો લેત છોડાઈ રે...રસિયા૦ ૨





ઉમા રમા રતિ પરમ સયાની;
તજી ધીરજ સંગ ફીરે લલચાઈ રે...રસિયા૦ ૩
બિધીબાહન ભક્ષન સ્રગ ઉરમેં;
દેખત પ્રેમાનંદ ધ્યાનમેં લાઈ રે...રસિયા૦ ૪

**રાગ : જંગલો ખ્યાલ – પદ-૧**

ગોવિંદા થારા ગજરા દેખ ભૂલ ગઈ કજરા...ગોવિંદા૦
ભૂલ ગઈ કજરા ઓરા અંગભૂષણ, નાથ થાને નીરખ્યા ભરી નજરા...ગોવિંદા૦
ગજરામેં ગુલતાન હોઈ છું, દેખી થારા બાજુબંધ ભજરા...ગોવિંદા૦
હાર તો હજારી થારો ગુચ્છ ગુલાબી, તોરા થારી પાઘમાંહી અજરા...ગોવિંદા૦
શામળિયા સરદાર છો મારા, પ્રેમાનંદ કરે થાને મજરા...ગોવિંદા૦

**પદ-૨**

બિહારી થારી અખિયાં અજબ જાદુગારી...બિહારી૦
જાદુગારી અખિયાં થારી, ચિતવની જગ સું ન્યારી...બિહારી૦
બોલનીમેં સબ બસ કર લીની, ગોકુલ ગામકી નારી...બિહારી૦
ચલનીમેં ચિત્ત ચોર લીયો હે, ભૂપતિ ભયે ભેખધારી...બિહારી૦
મુસકનીમેં મોહ્યો રતિનાયક, પ્રેમાનંદ જાત પ્રાન વારી...બિહારી૦

**પદ-૩**

સલુણા થાને સેવતીરો સેહરો ધરાવું...સલૂણા૦
સેવતીરો સેહરો કલગી કેતકીરી, માલતીરાં મોતી લટકાવું...સલૂણા૦
બકુલરા બાજુ ગજરા ગુલાબી, હાર તો હજારી ગૂંથી લાવું...સલૂણા૦
જાઈ જાુઈ મોગરા ચંપા ચમેલી, દાવદીરો દૂપટો બણાવું...સલુણા૦
ફુલરી સેજપર શ્યામ બિરાજો, પ્રેમાનંદ કહે આગે ગાઉં...સલુણા૦

**પદ-૪**

ચાલોને લાલા માલતીરા બાગમેં બિરાજો...ચાલો૦
સેવતીરી સુંદર કલિયા બીન બીન, મારું થારો મુગટ ભરાં જો...ચાલો૦
ગજરા બાજુ તોરા હાર પહેરાવી, નેણાં ભરી નાથ નીરખ્યા જો...ચાલો૦
અંબકંદબરી કુંજમેં કહાના, મીઠી મીઠી મોરલી બજાજો...ચાલો૦
પ્રેમાનંદ કહે પ્રીત કરીને, પ્યારા થારો પ્રેમરસ પાજો...ચાલો૦

**રાગ : ઠુમરી — પદ-૧**

તેરી મુસકનીમેં મન લાગી રહ્યો રે,
બિસરત નાહી ઘનશ્યામ પિયા તેરી
મુસકની બંકી બિલોકની નીરખી,
હાંરે પિયા રતિપતિ, અતિ સંકુચિત ભયો રે...બિસરત૦
નીરખી બદન હાસજુત સુંદર,
હારે મોયે ઉઠત હૈ પ્રેમ શું નયો નયો રે...બિસરત૦
જબ તુમ હસી શ્યામ મોયે હેરત,
હાંરે પિયા સો સુખ મુખ ન જાત કયો રે...બિસરત૦
સુંદર હસિત બદન છબી ઉપર,
હાંરે પુલકિત પ્રેમાનંદ બલહારી ગયો રે...બિસરત૦

**પદ-૨**

તેરી ચિતવની મેરો ચિત્ત ચોરી લિયો રે,
કેસી કરું અબ કલ ન પરે...કેસી૦
જબતે શ્યામ સુંદર મોયે હેરી,
તબહી તે જગસુખ વિખ કિયો રે...કેસી૦
ચંચળ ચિંતવની બિસરત નાહીં,
હાંરે બીનું દેખે તપત નિત મેરો હિયો રે...કેસી૦
ભૃકુટિ કુટિલ ચપળ ચિતવનીમેં
કરી જાદુ જીવન બસ કિયો જિયો રે...કેસી૦
પ્રેમાનંદ કહે સકળ સુખ સંપત
હાં રે તેરી માધુરી મૂરત ઘનશ્યામ પિયો રે...કેસી૦

**રાગ : લાવણી — પદ-૧**

પધારે વટપત્તન સ્વામી,
સહજાનંદ મહારાજ પૂરન પુરુષોત્તમ બહુનામી...પધારે૦
ચલે વરતાલસે અવિનાશી,
આય કીયા મુકામ ગામ સાકરદે સુખરાશિ...પધારે૦





સંગ લે સેના અતિ ભારી,
ચતુરંગિની બલવાન વગતે હે દેખત અતિ પ્યારી...પધારે૦
પદાતી ઘોડે રથ હાથી,
શૂરવીર મહા સુભટ ઉનકું દેખી કંપે છાતી...પધારે૦
આયે ગામ છાની ગિરધારી,
પ્રેમાનંદ કહે સન્મુખ આઈ નૃપકી અસવારી...પધારે૦

**પદ-૨**

દેખી હરિ મગન ભયે સબહી,
ઉતરી ગજ રથ ઘોડે પરસે પરે ચરન તબહી...દેખી૦
બડા એક ગજ આગે આના,
બૈઠો પ્રભુ ઈસ ગજ પર યું કહે નારૂપંત નાના...દેખી૦
ચઢે તેહી ગજ પર બહુનામી,
દુસરે ગજપર બૈઠે શુકમુનિ મુક્તાનંદ સ્વામી...દેખી૦
તીસરે ગજ પર દોઉ ભાઈ,
પાંડે શ્રી રઘુવીર અવધપ્રસાદજી સુખદાઈ...દેખી૦
ઓર મુનિ અગણિત સંગ આવે;
પ્રેમાનંદ કહે રથ પર કેતે કેતે પગ ધાવે...દેખી૦

**પદ-૩**

ચલે ગજ બૈઠ કે મહારાજા,
બોલત જય જય  ચોપદાર બાજતે હૈ બહુ બાજા...ચલે૦
ચમર સિર નાના સાહેબ ઢોરે,
મંદમંદ ગજ ચલત સંતકી ભીર તબુ કોરે...ચલે૦
છબી અતિ અદ્‌ભુત બિરાજે,
કંચનકે બીચ કળશ અંબારી કંચનકી છાબે...ચલે૦
ચલત હે ઘોડે ગજ આગે,
પીછે પાલખી પૈદળ રથ છબી બહુત નીકી લાગે...ચલે૦
રૂપ ઘનશ્યામકો અતિ સોહે,
પ્રેમાનંદ કહે નીરખી, કોટિક મન્મથ મન મોહે...ચલે૦

### પદ-૪

બજત હે બાજે બહુ આગે,
પ્રણવદુંદુભિ ગૌમુખ ઘોસા બહુત નીકે લાગે...બજત૦
શરણાઈ પડઘમ ડફ ભેરી,
સૂની તાંસેકી સોર દોરી જન આયે સબ સેરી...બજત૦
ઉડત હે નિશાન પચરંગી,
દૌડત ઘોડે ઘુંમત નેજા બાજત રનસીંગી...બજત૦
બજાવે ઝાંઝ મૃદંગ ગાવે,
પ્રેમાનંદ છબી નીરખી આનંદ અંગ નહીં સમાવે...બજત૦

### રાગ : દાદરા – પદ-૧

પિયા મેરા પ્યારા મોહન મતવાલા...પિયા૦
મોહનલાલકી મોહની મૂરતિ, ચંચળ નેન વિશાલા...પિયા૦
ચાલ ચલત કલહંસકી સુંદર, કર ગ્રહી રેશમી રૂમાલા...પિયા૦
હસત હસત આવત મન ભાવત, ગાવત તાન દેત તાલા...પિયા૦
પ્રેમાનંદકા નાથ મનોહર, ગોપીવર ગોપાલા...પિયા૦

### પદ-૨

જીયા મેરા બંકા મેવાસી કાના...જીયા૦
બંસીમેં સબ બ્રજ બસ કીને, નંદગામ બરસાના...જીયા૦
જમુના કાંઠે કાલી નાગ નાથ્યો, દાવાનલ કીયો પાના...જીયા૦
નખ પર લે ગોવરધન ધાર્યો, મઘવાકો હર્યો માના...જીયા૦
પ્રેમાનંદ ઘનશ્યામ કુંવર પર, તન મન ધન કુરબાના...જીયા૦

### પદ-૩

જીયા મેરા જાદુ લગાય બસ કીના...જીયા૦
પાનનકી પુડિયામેં પ્યારે, કયા જાનું કછુ દીના...જીયા૦
મનમોહનને મનવા મેરા, હસ હસકે હર લીના...જીયા૦
તરુન ત્રિયા મન પ્રાન હરનકું, પરમ ચતુર પરવાની...જીયા૦
પ્રેમાનંદ જાદુગારેકું, અંતરમેં લખ લીના...જીયા૦





### પદ-૪

જરા ચીરે વાલે મેરી ઓર હેરીએ...જરા૦
નેક નજર ભર હેરી હરિ મેરે, સિર કરપંકજ ફેરીએ...જરા૦
બની ઠનીકે બહુનામી મેરે, નેક નનાં આગે ઠેરીએ...જરા૦
ગજરા હાર ગુલાબી બાજુ, પ્રીત કરી ભલા પેરીએ...જરા૦
પ્રેમાનંદ પરમ સુખ પાયો, કમલનયન કીપા તેરીએ...જરા૦

### રાગ : ધોળ – પદ-૧

મહારાજ આજ વડતાલથી આવશે;
સંગે લાવશે સંતસમાજ, મોહનવર પધારશે...૧
જયા કહે લલિતાને વાતડી,
આવ્યો કાગળ દિવસ વીત્યા સાત, વાંચીને ઠરી છાતડી...૨
અક્ષર કાગળમાં ઉત્તમ ભૂપના;
કાગળ અવધિ પૂરી થઈ આજ, દર્શન સુખરૂપનાં...૩
સાત દિવસે મહારાજ સંત આવશે
લખ્યા વડતાલથી સમાચાર જરૂર પધારશે...૪
આવી માણકી દાદાના દરબારમાં
નીરખી સહજાનંદ ભગવાન શોભે અસવારમાં...૫
પ્રેમાનંદ કહે ગઢપુરવાસી આવિયા,
લાવ્યા ભેટ સામગ્રી ને હાર વહાલાને પહેરાવિયા...૬

### પદ-૨

ઊતર્યા માણકીએથી અલબેલડો,
ધર્મકુંવર ડોલરિયો દીવાન શોભે રંગરેલડો...૧
રૂડો ઓરડો વાસુદેવ દેવનો,
લાવો બિછાવણા રંગરેલ, તાલ રાખો ટેવનો...૨
શોભે ઓસરી ઉત્તરદા બારની,
બેઠા ગાદી તકિયે રંગરેલ, શોભા કહું ત્યારની...૩
લીંબ તરુ તળે સભા સંતની,
ચારે પાસે લાખું હરિભક્ત શોભા છે અત્યંતની...૪

શોભે દીર્ઘ સભા કોઈ ભાતની,
બોલ્યા સંત પ્રત્યે ધર્મલાલ રસોઈ કરો ખાંતની...૫
પ્રેમાનંદ કહે ઉત્તમભૂપ આવિયા,
થયો થાળ જમવાનો મહારાજ ખબર એવી લાવિયા...૬

પદ-૩

વા'લે શીખી દીધી સભા સાથને,
ઊઠ્યા નાવા નારાયણ આપ મળ્યા ભરી બાથને...૧
નાવા બેઠા ડોલરિયો દરબારમાં,
નાતાં નીરખે છે જે નરનાર તે ન રહે મન્યુ મારમાં...૨
વર્ણી મુકુંદ નવરાવે પ્રીત શું;
ચોળે અત્તર કરી કરી પ્યાર, વા'લાને રસરીતશું...૩
નાહી પહેર્યું પીતાંબર જોઈ આંખડી;
ચાલ્યા જમવા સહજાનંદ શ્યામ પે'રી ચરણે ચાખડી...૪
બેઠા જમવા ઓરડે અલબેલડો;
છત્રીસ વ્યંજનનો ધર્યો આગે થાળ જમે રંગરેલડો...૫
પ્રેમાનંદ કહે બરફીને કંસાર છે;
હરિસો હલવો મોતીચુર દળ, ભોજન સરસ સાર છે...૬

પદ-૪

સાટા પેંડા પતાસાં ને ચુરમાં;
ગાંઠિયા કળી ફુલવડી ઘેબર, ભજિયાં વડાં ખુરમાં...૧
રૂડા શાક વંતાક વાલોળ વાલ ને;
પરવળ કારેલાં કંકોડાં શાક, જમાડિયા ધર્મલાલને...૨
ટાંકો તાંદળજો સુવા ભાજી છે;
કેરી કાચરી અથાણાં કરેલ ગોળ કેરી ઝાઝી છે...૩
ભાત દાળ ને કઢી અનુપ છે;
ચટણી પાપડ ફાફડા દૂધ, સાકર સુખરૂપ છે...૪
જમી ચળુ કરી બીડી લીધલી;
સંત પંક્તિ કરો તત્કાળ આજ્ઞા એમ કીધલી...૫





પ્રેમાનંદ કે' હરે શબ્દ કીધલા,
આવ્યા પીરસવા નારાયણ આપ મોતૈયા કર લીધલા...૬

રાગ : ગરબી

રાજે ગઢપુર મહારાજ (૨) પૂરણ બ્રહ્મ પરમાત્મા જો,
આવ્યા ગરીબ નિવાજ (૨) એ તો અક્ષરના આત્મા જો...૧
છાયો પ્રબળ પ્રતાપ (૨) કહ્યો નવ જાય રસના જો,
કીધો અધરમ ઉથાપ (૨) વાગ્યા ડંકા અતિ જસના જો...૨
માર્યા અસુર અપાર (૨) કામ ક્રોધાદિક વાંકડા જો,
સુર અસુર નર નાર (૨) જેને આગે સૌ રાંકડા જો...૩
મત પંથને માથે મેખ (૨) મારી લીધા જન છોડવી જો,
મુડ્યા કઈક ગુરુ ભેખ (૨) પાડ્યા મહંતને ગોડવી જો...૪
આપી પરચા અનુપ (૨) માયિક મતને ઉખાડીયા જો,
જીવ માયા બ્રહ્મરૂપ (૨) જથારથ તે દેખાડીયા જો...૫
સમાધિમાં સહુ ધામ (૨) દેખાડ્યાં નર નારને જો,
એવા સહજાનંદ શામ (૨) પ્રગટ્યા પ્રેમાનંદ કારણે જો...૬

રાગ : ગરબી - પદ-૧

શોભા શી કહું રે રૂડી, વરણન કરતાં જાય ચિત્ત બૂડી;
હરિવર જોયા રે રંગમાં, મોહી હું તો રસિયાજીના અંગમાં...૧
ઉદર અનુપમ રે નીરખી, ઉપમા પીપળપાનના સરખી;
ત્રિવળી સુંદર રે શોભા જોઈ જોઈ ચિત્તડાં મારાં લોભે...૨
નાભિ ઊંડી રે રૂપાળી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી;
કટિલંક જોઈને રે મનમાં, મૃગપતિ લાજી રહ્યો મહાવનમાં...૩
હરિએ ઉપવીત રે ધારી, મુનિના મનને આનંદકારી;
નીરખી આનંદ રે પામી, આવા રૂડા પ્રેમસખીના સ્વામી...૪

પદ-૨

હરિને નીરખ્યા રે નેણે, વહાલાને વરણવું સુંદર વેણ;
શ્યામ શરીર રે શોભે, અજાન બાહુ ચિત્તડાં લોભે...૧
મૂર્તિ ઊંચી રે વખાણું, સવાચોસઠ તસુ પરમાણુ;
સુંદર શોભે રે શરીરે, પીત પટ પહેર્યાં છે બળવીરે...૨

ઘેરે સાદે રે ગાજે, સાંભળી મેઘનગારાં લાજે;
હસતા આવે રે પાસે, કેસર સરખો સુગંધ શ્વાસે...૩
કૌતૂહલના રે ભરિયા, જોગકળાના પૂરણ દરિયા;
બ્રહ્મવિદ્યાના રે સ્વામી, આવા રૂડા પ્રેમસખી વર પામી...૪

**પદ-૩**

રંગનો ભીનો રે જોઈ, હરિનાં જુગલ ચરણ પર મોહી;
સાથળ રૂડા રે, નીરખી મનમાં રાખ્યા જેવા...૧
ગોળ છે જાડા રે સ્વરૂપે, ઉપમા કદળી થંભની ઓપે;
શોભિત શોભા રે ધામ, વ્રજવનિતાના પૂરણકામ...૨
સુંદર શોભે રે જાનુ, નીરખી ધન્ય ભાગ્ય કરી માનું;
જંઘા જુગલને રે નીરખી, ચંદન ચરચી મનમાં હરખી...૩
ઘૂંટી અનુપમ રે પાની, નીરખી મનમાં રાખું છાની;
એ પદ ઉરમાં રે ધારી, પૂજી પ્રેમસખી બલિહારી...૪

**પદ-૪**

ચરણ હરિનાં રે શોભે, જોઈ જોઈ મુનિમન-મધુકર લોભે;
છબી અલૌકિક રે ન્યારી, સોળે ચિહ્ન તણી બલિહારી...૧
મચ્છ તે મહાસુખ રે આપે, ત્રિકોણ ગોપદ દુઃખડાં કાપે;
કળશ ધનુષને રે ધારે, વ્યોમ તે તાપ હૈયાના ઠારે...૨
અર્ધ ચંદ્ર ઊગ્યો રે ભારી, સ્વસ્તિક અષ્ટકોણ મંગલકારી;
જવ ને જાંબુ રે વિરાજે, વજ ધ્વજ અંકુશ અતિ છાજે...૩
અંબુજ શોભા રે સારી, લાગે ઊર્ધ્વરેખા અતિ પ્યારી;
શુક જેવા જોગી રે વિચારે, નિત્ય ઊઠી પ્રેમસખી ઉર ધારે...૪

**પદ-૫**

એ ચરણના રે ભોગી, શિવ સનકાદિક શુક જેવા જોગી;
મનમાં વિચારે રે પ્રીતે, તેણે કરી કામાદિક રિપુ જીતે...૧
ધ્યાનમાં નખમણિ રે દેખે, ઝીણી આંગળિયુંની રેખે;
જોઈ ચિહ્ન જમણે રે અંગૂઠે, બીજે નવ રાચે ભામે જૂઠે...૨
ઋષિગણ પૂજે રે આનંદે, ભવ બ્રહ્માદિક નિત્ય ઊઠી વંદે;
શેષ સંભારે રે મનમાં, પૂજે ગોવાળ વૃંદાવનમાં...૩





કુચને કુમકુમ રે સમારી, ઉર પર રાખે વ્રજની નારી;
ઉપનિષદનો રે સાર, પ્રેમસખી કરી રાખે ઉર હાર...૪

**પદ-૬**

સુંદર શોભે રે રસિયો, વહાલો મારા હૃદયકમળમાં વસિયો;
રૂપ અલૌકિક રે જોઈ, ઉપમા તોલે નાવે કોઈ...૧
નિત ઊઠી નારદ રે ગાવે, શેષ સહસ્રમુખ પાર ન પાવે;
શ્રી નારાયણ રે સ્વામી, તો એ જોઈને આનંદ પામી...૨
નખશિખ શોભા રે વખાણી, સુફળ કરું છું મારી વાણી;
અંગોઅંગને રે ગાઉં, હવે હું પાછી ભવમાં ના'વું...૩
હવે હું તો થઈ છું રે માતી, હરિના ગુણસાગરમાં ના'તી;
વહાલે મને ઝાલી રે હાથે, રસિયે પ્રેમસખીને નાથે...૪

**રાગ : ગરબી – પદ-૧**

હારે કહાન દાણી રે કહાન દાણી,
હાંરે વાટે આવતી ગોવાલણીને જાણી રે...કાન૦ ૧
હાંરે વાટ રોકીને ઊભા છે વનમાળી
હાંરે દાણ લેવા ગોવાલણીને ખાળી રે...કાન૦ ૨
હાંરે એમ બોલ્યા મોહન ગિરધારી,
હાંરે ક્યાં જાય છે ઊભી રે મહીવાળી રે...કાન૦ ૩
હાંરે ચાલી જાય છે કેમ દાણ ચોરી,
હાંરે મીઠાં ગોરસ પાને આવ ઓરી રે...કાન૦ ૪
હાંરે પ્રેમસખીનો નાથ ઊભા આગે,
હાંરે મૈયારી પાસેથી મહી માગે રે...કાન૦ ૫

**પદ-૨**

હાંરે મહી લેશું રે મહી લેશું,
હાંરે ફીકું લાગશે તો પાછું દેશું રે...મહી૦ ૧
હાંરે ઓરી આવને ઉતારું મહીની ગોળી,
હાંરે શીદ બી નહીં નાખીએ ઢોળી રે...મહી૦ ૨
હાંરે નહીં પીએ વિના મરજાદ,
હાંરે જોઈએ મેળવણીનો સ્વાદ રે...મહી૦ ૩

હાંરે નથી કે'તા દિલમાં દગો રાખી,
હાંરે ઉતારને ગોરસ જોઈએ ચાખી રે...મહી૦ ૪
હાંરે પ્રેમસખીના નાથ આગે આવી,
હાંરે ગોવાલણી બોલે છે મર્મ લાવી રે...મહી૦ ૫

**પદ-૩**

હાંરે અલબેલા રે અલબેલા,
હાંરે મહી ભાળીને થાઓ મા ઘેલા રે...અલ૦ ૧
હાંરે અમે કંસતણી મહિયારી,
હાંરે વાત તોળીને બોલજો મોરારી રે...અલ૦ ૨
હાંરે કાના વાત ન બોલીએ ઘેલી,
હાંરે જાઓ મહીડાની લાલચ મેલી રે...અલ૦ ૩
હાંરે કર જોડીને કહીએ કાના,
હાંરે ચાલ્યા જાઓ કુંવર છાનામાના રે...અલ૦ ૪
હાંરે પ્રેમસખી કહે સુંદર શ્યામ,
હાંરે મુખ લેશો મા દાણનું નામ રે...અલ૦ ૫

**પદ-૪**

હાંરે રંગભીના રે રંગભીના,
હાંરે કહ્યું માનો કુંવર નંદજીના રે...રંગ૦ ૧
હાંરે હેત પ્રીતે ગોરસ માગી લીજે,
હાંરે નવી દાણની રીત નવ કીજે રે...રંગ૦ ૨
હાંરે એવી આશા ન કીજીએ વા'લા,
હાંરે તમે જાણ સુજાણ નંદલાલા રે...રંગ૦ ૩
હાંરે આ વાટે જાવું અમારે દહાડી,
હારે આવી બાઝો છો શીદ દોટ કાઢી રે...રંગ૦ ૪
હાંરે પ્રેમસખી કહે સુંદર છેલા,
હાંરે રહો છેટે કુંવર અલબેલા રે...રંગ૦ ૫

**પદ-૫**

હાંરે મરમાળી રે મરમાળી,
હાંરે મીઠાબોલી ગોરસડાવાળી રે...મર૦ ૧





હાંરે તુંને-રીતે ભાતે સમજાવી,
હાંરે તારાં મનમાં અમારી વાત આવી રે...મર૦ ૨
હાંરે તું તો કંસની દેખાડે છે બીક,
હાંરે કંસ સોતી કરીશ તુંને ઠીક રે...મર૦ ૩
હાંરે ડારો દઈને બોલે છે મદમાતી,
હાંરે મુખ મરડેને કાઢે આંખ રાતી રે...મર૦ ૪
હાંરે ખીજ્યા પ્રેમસખીનો છેલ,
હાંરે માટ ફોડીને કરી રંગરેલ રે...મર૦ ૫

**પદ-૬**

હાંરે મહિયારી રે મહિયારી,
હાંરે મરમ બોલે છે પણ વાત છે તારી રે...મહિ૦ ૧
હાંરે દાણ દેતાં ખોટું શું લાગે,
હાંરે જેની રીત હોય તે તો માગે રે...મહિ૦ ૨
હાંરે બોલે જોબન જોરમાં દીવાની,
હાંરે બહુ માન ભરી છે મસ્તાની રે...મહિ૦ ૩
હાંરે તારું જોબન-જોર ઉતારું,
હાંરે તારો કંસ શું કરશે મારું રે ?...મહિ૦ ૪
હાંરે પ્રેમસખીને નાથે રીસ આણી,
હાંરે ઝાલી પાલવ ગોવાલણીને તાણી રે...મહિ૦ ૫

**પદ-૭**

હાંરે મેલ કેડો રે મેલ કેડો,
હાંરે શીદ ઝાલે છે નિર્લજ્જ મારો છેડો રે...મેલ૦ ૧
હાંરે કેમ બાઝે છે મહીને માટે ?
હાંરે ચાલ્યો જાને આ પાધરી વાટે રે...મેલ૦ ૨
હાંરે મેલ છેડો, છેલ ગુમાની;
હાંરે નહિ તો ગાળો ખાઈશ મનનાની રે...મેલ૦ ૩
હાંરે આઘો આઘો આવછ શું લેવા ?
હાંરે પરનારીને બાઝ્યાના પડ્યા હેવા રે...મેલ૦ ૪

હાંરે પ્રેમસખીના નાથ દાણ લીજે,
હાંરે લાંબા હોઠ કાઢીને મહી પીજે રે...મેલ૦ ૫

**પદ-૮**

હાંરે ધુતારા રે ધુતારા,
હાંરે મુખ સંભાળીને બોલજે ઠગારા રે...ધુતા૦ ૧
હાંરે કેને ગાળો બોળે છે આવી પાકી ?
હાંરે ઝાઝી છેડ નહિ રહું હું સાંખી રે...ધુતા૦ ૨
હું તો બોલતી નથી લોકલાજે,
હાંરે મારી બાંહુડી મરોડી શાને કાજે રે...ધુતા૦ ૩
હાંરે મારી ચૂંદડી ફાડી છે તેં ઝીણી,
હાંરે હાર તોડીને લીધાં છે ફૂલ વીણી રે...ધુતા૦ ૪
હાંરે પ્રેમસખીનો નાથ આવ્યો લાગે,
હાંરે તને બાંધીને મંગાવું કંસ આગે રે...ધુતા૦ ૫

**પદ-૯**

હાંરે અલબેલી રે અલબેલી,
હાંરે તેડી કંસને તું આવજે વે'લી રે...અલ૦ ૧
હાંરે મુખ સંભાળીને બોલજે રિસાળ,
હાંરે નહિ તો ફળ પામીશ તતકાળ રે...અલ૦ ૨
હાંરે બીક કંસની દેખાડે વારંવાર,
હાંરે તારા કંસનો તે કેટલોક ભાર રે...અલ૦ ૩
હાંરે અમારું દાણ લાગે તે લે'શું,
હાંરે તારા કંસની બીકે શું મૂકી દેશું રે ?...અલ૦ ૪
હારે પ્રેમસખીના નાથને ગોપી,
હાંરે પાય લાગી પ્રેમેશું મહી સોતી રે...અલ૦ ૫

**પદ-૧૦**

હાંરે વનમાળી રે વનમાળી,
હાંરે રીઝ્યા પૂરણ ગોપીનો ભાવ ભાળી રે...વન૦ ૧
હાંરે વા'લે હેતે હસીને સામું જોયું,
હાંરે મનમોહને ગોપીનું મન મોહ્યું રે...વન૦ ૨





હાંરે બોલી પ્રેમમગન મહિયારી,
હાંરે મીઠાં ગોરસ લ્યો ગિરધારી રે...વન૦ ૩
હાંરે વા'લે રસમાં રસબસ કીધાં,
હાંરે પૂરણ પ્રીતે ગોપીનાં મહી પીધાં રે...વન૦ ૪
હાંરે શીખે સાંભળે ને પ્રીતે ગાશે,
હાંરે તને ગોપીના નાથ તેડી જાશે રે...વન૦ ૫
હાંરે ઉર અખંડ વિરાજે વ્રજરાય,
હાંરે દાણલીલા તે પ્રેમસખી ગાય રે...વન૦ ૬

**રાગ : રામગ્રી — પદ-૧**

નાથ રહો મારા નેણમાં, હરિ આવા ને આવા;
તન મન જાઉં વારણે, તમ ઉપર માવા...નાથ૦ ટેક.
રાખીશ જતને જીવમાં, નહિ દેઉં જાવા;
દુર્લભ ઘણા છે રાજના, દરશન દેવને થાવા;...નાથ૦ ૧
સુંદર મુખ છબી જોઈને, લોભાણાં છે નેણાં;
વહાલાં લાગે છે મુખનાં, મીઠાં મીઠાં વેણાં...નાથ૦ ૨
આંખડલી અમૃતે ભરી, રૂપાળી છે રેખું;
અતિ આનંદ સુખ ઊપજે, તમને જ્યારે દેખું...નાથ૦ ૩
નખશિખ શોભા અંગની, જોઈ લાજે છે કામ;
પ્રેમાનંદ જોઈ રાજને, આનંદ આઠો જામ...નાથ૦ ૪

**પદ-૨**

ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણ તણા આધાર;
નિમખ ન મેલું વેગળા, મારા હૈડાના હાર...ધર્મ૦ ટેક૦
જીવું છું જીવન જોઈને, નેણુના શણગાર;
જીવત સુખ મારું માવ પર, વારું વારમવાર...ધર્મ૦ ૧
રૂપ શીલ ઉદારતા, ગંભીર ગુણ ધામ;
મૂરતિ તમારી માવજી, ભક્ત પૂરણ કામ...ધર્મ૦ ૨
ભાગ્ય મારા શું રે વર્ણવું, કહ્યામાં ના'વે;
મુનિવરને મોંઘા ઘણા, તે ભેટ્યા મુને ભાવે...ધર્મ૦ ૩

અનેક જનમને આદરે, આંખડી આગે;
આ ઊભા અલબેલડો, પ્રેમાનંદ પાય લાગે...ધર્મ૦ ૪

**પદ-૩**

આજ સફળ થઈ આંખડી, જોઈ છબી સુખકારી;
શોભા શ્રી ઘનશ્યામની ત્રિભુવનથી ન્યારી...આજ૦ ટેક.
ભાલ વિશાળમાં શોભતી, કેસર કેરી આડ;
ચાંદલિયો કંકુતણો, જોયા કેરી ચાડ...આજ૦ ૧
ભ્રકુટી વાંકી નાસ નમણી, લોચન રંગ ચોળ;
શોભે છે ચિત્તડું ચોરતા, રૂડું કરણ કપોળ...આજ૦ ૨
નાની નાની મુહર ફૂટતી, અધર બિંબ રૂડા;
હસતું વદન જોઈ જીવમાં, ઘાટ નવ થાયે કૂડા...આજ૦ ૩
ચિબુક તણી શોભા ઘણી, કંઠ કંબુ સમાન;
ઉન્નત ઉર છબી નીરખે, પ્રેમાનંદ ધરી ધ્યાન...આજ૦ ૪

**પદ-૪**

શોભા શ્રી ઘનશ્યામની, વર્ણવ્યામાં નાવે;
નિત્ય નવી વર્ણવે શેષજી, તોયે પાર ન પાવે...શોભા ટેક.
શ્વેત વસન શોભે ઘણાં, સર્વે અંગે હરિને;
શ્વેત પાઘ શિર ઉપરે; બાંધી પ્રીત કરીને...શોભા૦ ૧
શ્વેત અંગરખી અંગમાં, ઓઢ્યો શ્વેત દુસાલો;
શ્વેત ધોતીને શોભાડતાં, શોભે ધર્મનો લાલો...શોભા૦ ૨
શ્વેત હાર તોરા પાઘમાં, કડાં બાજુ બિરાજે;
શ્વેત શોભા સર્વે અંગમાં, જોઈ રતિપતિ લાજે...શોભા૦ ૩
શ્વેત વસન શ્વેત ભૂષણ, સદા શ્રીહરિ ધારે;
એ છબી નિત નિત નિરખી, પ્રેમાનંદ પ્રાણ વારે...શોભા૦ ૪

**રાગ : ભૈરવ — પદ-૧**

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજરે;
કર રે મન ચરણ વાસ; જકત આશ તજરે...સ્વામિ૦ ટેક.
નારદ સનકાદિ સિદ્ધ, ભજત જાહી અજરે;
શારદ શેષાદિ નિગમ, ગાવત ઊઠી ફજરે...સ્વામિ૦ ૧





પુરુષોત્તમ પ્રગટ આજ, નટવર તનુ સજરે;
કાળ જાળ નાશ હોત, ધરત ચરણ ધ્વજરે...સ્વામિ૦ ૨
અજામેલ ગુનિકાદિક, તાર્યો જીન ગજરે;
અનંત આજ મુક્ત હોત, દેખત ભરી નજરે...સ્વામિ૦ ૩
પ્રેમાનંદ સરવસ ફળ, સહજાનંદ જજરે;
સર્વોપરી જાત જીતી, ત્રંબ કઠોર બજ રે...સ્વામિ૦ ૪

**પદ-૨**

હમતો એક સહજાનંદ સહજાનંદ ગાવે,
હમારે મન સ્વામિનારાયણ, દુસરા ન ભાવે...હમ૦ ટેક.
તપ તીરથ સાધનમેં સ્વપ્ને નહિ જાવે,
જેસે કોઈ ઘૃત છાંડ, છાસકો ન ખાવે...હમ૦ ૧
અણિમાદિક અષ્ટ સિદ્ધિ મુક્તિકું ન ચાવે,
સબકો ફલ સહજાનંદ ચરન ચિત્ત લાવે...હમ૦ ૨
સહજાનંદ જાપસેં ત્રિય તાપકો બુજાવે,
ઈનહિકે પ્રતાપસેં અપાર ગતિ પાવે...હમ૦ ૩
આગમ નિગમ કઠિન રહસ્ય હમે ન સમઝાવે,
પ્રેમાનંદ સાર સુગમ સહજાનંદ આવે...હમ૦ ૪

**પદ-૩**

હમતો એક સહજાનંદ ચરનકે ઉપાસી,
લગન મગન મતવારે છોડી સબ આસી...હમ૦ ટેક.
અડસઠ અબ કોન કરે કોન ફીરે કાસી,
અષ્ટ સિદ્ધિ આદિ ચહુ મુક્તિસેં ઉદાસી...હમ૦ ૧
ચૌદલોક ભોગકે સુખ જાને સબ ફાંસી,
સહજાનંદ પદપંકજ મકરંદકે પ્યાસી...હમ૦ ૨
ચરનકમલ રસ લોભી મતિકે ઉજાસી,
નારદ સનકાદિ મધુપ ગુંજત બનવાસી...હમ૦ ૩
પુરુષોત્તમ સહજાનંદ જાને સુખરાશિ,
પ્રેમાનંદ આયો શરન ચરનકો નિવાસી...હમ૦ ૪

**પદ-૪**

હમ તો હરિ સહજાનંદ રૂપસે મતવારે,
હમારે સુખ સંપત એ હિ પ્રાનજીવન પ્યારે...હમ૦ ટેક.
ભાવે કો સુંદર કહો ભાવે કહો કારે,
હમકું યેહી રૂપ વિના ઓર સકલ ખારે...હમ૦ ૧
દેહનમેં પ્રાનપિયા નેનનમેં તારે,
ઈનહિ પર તન મન ધન વારી ડારે...હમ૦ ૨
હમારે યેહિ કરમ રેખ ટરત નહિ ટારે,
યેહિ કારન મહામુનિ જન કોટિક પચી હારે...હમ૦ ૩
પ્રેમાનંદ નિગમાગમ કહત હે અપારે,
સહજાનંદ શ્યામસુંદર નીરખી ઉરધારે...હમ૦ ૪

**પદ-૧**

ધન્ય ધન્ય છપૈયાધામ, અતિ રળિયામણાં
ત્યાંયે દીઠા ઘનશ્યામ મહારાજ, નારણસરમાં ઝીલતા
વહાલો સોળે ઉછાળે નીર, મુક્તોને મન ગમતાં
એનું મુખડું પૂનમ કેરો ચંદ, જોઈ મારાં મનડાં હર્યા
એના કેસરિયાળા કેશ, ગાલોમાં રૂડા ગલિયા પડે
વહાલો બોલે મધુરાં વેણ, મુખડામાં મોતીડા ઝરે
વહાલો ચાલે ચટકતી ચાલ, કંકુનાં પગલાં પડે.
એવું નથી બીજા કોઈનું રૂપ, ઝીણી ઝીણી વરખે ઘડ્યું.
એવું ઘનશ્યામ મહારાજનું રૂપ, જોઈ મારા અંતરમાં રહ્યું.
ધન્ય ધન્ય ભક્તિમાની કૂખ, જેની કૂખે રતને જડ્યા
વારી જાય છે પ્રેમાનંદ, જોઈ મારા હૃદિયા ઠર્યા.

**પદ-૧**

અક્ષરના અવિનાશી તમને કોટી પ્રણામ...(૨)
ભક્તોના ભયહારી તમને કોટી પ્રણામ...(૨)
નરનારાયણ દેવ તમને કોટી પ્રણામ...(૨)





ભક્તિ ધર્મના બાળ તમને કોટી પ્રણામ...(૨)
છપૈયાના વાસી તમને કોટી પ્રણામ...(૨)
અક્ષરથી અવની પર આવ્યા
પાંચસો પરમહંસ સાથે લાવ્યા
ભક્તોને મન ભાવ્યા તમને કોટી પ્રણામ...(૨)
માતા પિતા સ્વધામ સિધાવ્યા
પોતે તપ કરવા વનમાં ચાલ્યા
ચાર ધામ ફરી આવ્યા તમને કોટી પ્રણામ...(૨)
વાલો આવ્યા લોજની વાવે
મુકતાનંદને મન બહુ ભાવ્યા
સુણી રામાનંદ આવ્યા તમને કોટી પ્રણામ...(૨)
જેતલપુરમાં જગન કરાવ્યા
દીક્ષા લઈ સહજાનંદ કહાવિયા
સર્વોપરી કહેવાયા તમને કોટી પ્રણામ...(૨)
શ્રીપુર વૃતપુર મંદિર બંધાવ્યા
આશ્રિતના અભિલાખ પુરાવ્યા
સ્વરૂપ પોતાનાં પધરાવ્યાં તમને કોટી પ્રણામ...(૨)
શ્રીકૃષ્ણ સહજાનંદ કહાવ્યા
ઉદ્ધવ કેરા માન જ આપ્યા
વૃતપુરીમાં આવ્યા તમને કોટી પ્રણામ...(૨)
શ્રીપુરમાં સહજાનંદ આવ્યા
કાંકરિયે જઈ જગન કરાવ્યા
નરનારાયણ પધરાવ્યા તમને કોટી પ્રણામ...(૨)
નરનારાયણમાં અખંડ બિરાજે
શ્રીજી સ્વરૂપે દર્શન દીધાં
સંતો સુખીયા કીધા તમને કોટી પ્રણામ...(૨)
ધર્મકુંવરે દશ ધામ બંધાવ્યા
આશ્રિતનાં અભિલાખ પુરાવ્યા
સ્વરૂપ પોતાનાં પધરાવ્યાં તમને કોટી પ્રણામ...(૨)

દાદાખાચરે દરબાર સોંપ્યા
જસુબાએ જસ બહુ લીધા
આત્મનિવેદી કીધા તમને કોટી પ્રણામ...(૨)
ગઢડું તો અક્ષરધામ કીધું
મોટી બાએ માન જ દીધું
ઘર પોતાનું કીધું તમને કોટી પ્રણામ...(૨)
અભય રાજા ઓરજે ઊભા
જસુબાને ડર બહુ દીધાં
પરચા બતાવો બેની તમને કોટી પ્રણામ...(૨)
સહસ્ત્ર ધારામાં સંતો નાહ્યા
નારાયણધારામાં નારાયણ નાહ્યા
ખડખડિયામાં ખેલ્યા તમને કોટી પ્રણામ...(૨)
ઉન્મત્તગંગા આપને કીધી
ગંગાથી અધિક કરી દીધી
જગ વિખ્યાતી કીધી તમને કોટી પ્રણામ...(૨)
લક્ષ્મીવાડીએ વાલો પધાર્યા
તલને મૂળા ત્યાં ઉછાળ્યા
દેવો દર્શન આવ્યા તમને કોટી પ્રણામ...(૨)
ગંગાજળીયો ગુણવંત કીધો
નાહ્યા તેનું કલ્યાણ કીધું
પ્રગટ તીરથ કીધાં તમને કોટી પ્રણામ...(૨)
જેતલપુરે જગન કરાવ્યા
ઘેરે ઘેરે ઘઉં દળાવ્યા
પાપી પાવન કીધાં તમને કોટી પ્રણામ...(૨)
અક્ષર ઓરડી ગંગાબાની
પાતાળ સુધી પ્રસાદીની
થાળ ધર્યા બહુનામી તમને કોટી પ્રણામ...(૨)





મહોલમાંહી સભા ભરાઈને
અર્ચ દેવો દર્શને આવ્યા
બ્રહ્મા વિષ્ણુ શિવ તમને કોટી પ્રણામ...(૨)
દેવ સરોવર દુર્લભ કીધું
નાહ્યા તેનું કલ્યાણ કીધું
પ્રગટ તીરથ કીધાં તમને કોટી પ્રણામ...(૨)
ડભાણમાંહી જગન કરાવ્યા
તલને જવના ઢગલા બનાવ્યા
પરનાળે ઘી હોમ્યા તમને કોટી પ્રણામ...(૨)
સંસાર સાગરમાં જળ ભરીયો
દાસ તમારો તેમાં ડૂબ્યો
બાંય ઝાલી બહાર કાઢો તમને કોટી પ્રણામ...(૨)
બે કર જોડી તમને કરું વિનંતી
કહું છુ પણ છે બુદ્ધિ થોડી
અંત સમયની મૂડી તમને કોટી પ્રણામ...(૨)
અવતારોના છો અવતારી
મધુર મૂર્તિ મંગલકારી
પ્રેમાનંદ બલિહારી તમને કોટી પ્રણામ...(૨)

**રાગ : ધોળ પદ-૧**

અક્ષરના વાસી વાલો આવ્યા અવની પર;
નવખંડ ધરતીમાં સ્વામિ છતરાયા ચાલે રાજ...અક્ષર૦ ટેક
અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો;
હરિજનને કોલ કલ્યાણનો આપ્યો રાજ...અક્ષર૦ ૧
પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ;
હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ...અક્ષર૦ ૨
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે;
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ...અક્ષર૦ ૩
દેવના દેવ વહાલો ધામના ધામી;
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ...અક્ષર૦ ૪

પ્રેમાનંદનો વહાલો આનંદકારી;
પોતાના જનની વાલે લાજ વધારી રાજ...અક્ષર૦ ૫

પદ-૨

ધર્મને લાલે મુને હેતે બોલાવી,
એકાંતની વાત મર્મે સમજાવી રાજ...ધર્મને૦ ૧
મૂળ માયાના બંધ કાપવા આવ્યા,
ધામ ધામના વાસી આહીં બોલાવ્યા રાજ...ધર્મને૦ ૨
મૂળ અક્ષર પણ શ્રીહરિ સંગે,
મુક્ત મંડળને લાવ્યા ઉમંગે રાજ...ધર્મને૦ ૩
નવ ગ્રહમાં જેમ ભાનુ વિના તમ;
દૂર ન થાય કરે કોટિક કર્મ રાજ...ધર્મને૦ ૪
પ્રેમાનંદનો સ્વામિ પ્રાણ સનેહી;
બદ્ધજીવને વાલે કર્યા વિદેહી રાજ...ધર્મને૦ ૫

પદ-૩

અધમ ઉદ્ધારણ એવું પોતાનું નામ;
સત્ય કર્યું આજ શ્રી ઘનશ્યામ રાજ...અધમ૦ ૧
જીવને શિવ કર્યા અવિદ્યા ટાળી;
પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી રાજ...અધમ૦ ૨
વિના સાધને સિદ્ધ દશા પમાડી;
સૌથી પોતાની રીત ન્યારી દેખાડી રાજ...અધમ૦ ૩
રવિ આગે શશી તારા ન ભાસે;
મતપંથ તેમ શ્રીહરિ પાસે રાજ...અધમ૦ ૪
પ્રેમાનંદનો સ્વામિ પૂરણ પ્રતાપી;
પોતાના જનને સ્થિતિ અલૌકિક આપી રાજ...અધમ૦ ૫

પદ-૪

શીદને ભટકો છો તમે ચતુર સુજાણ;
પ્રગટ પ્રભુની આજ કરો ઓળખાણ રાજ...શીદને૦ ૧
આ ધામના ધામી કયારે નોતા પધાર્યા;
ઈશ્વર કોટિ સ્તુતિ કરીને હાર્યા રાજ...શીદને૦ ૨





અવસર પર કોઈ અવનીએ આવે;
તો તે માયાની આગે કાંઈ ન ફાવે રાજ...શીદને૦ ૩
ગુણીને સંગે કયાંથી નિર્ગુણ થાય;
જયાંથી આવ્યા તેમાં પાછા સમાય રાજ...શીદને૦ ૪
આવો અવસર હવે ફરી નહી આવે;
પ્રેમાનંદ તાળી દઈને કહાવે રાજ...શીદને૦ ૫

રાગ : ગરબી

શ્યામ પધારો ઘનશ્યામ, પધારો ફુલવાડીયે રે...ઘન૦ ટેક.
ફૂલડાં ભરીને બાંધ્યો ફુલહિંડોળો, હરિવર હેતે ઝુલાડીયે રે ...ઘન૦ ૧
પ્રીતડી કરીને બહુ પાક બનાવ્યા, જીવન જુગતે જમાડીયે રે...ઘન૦ ૨
ફૂલના હાર તોરા ગજરા પહેરાવીએ; ફૂલની પછેડી ઓઢાડીયે રે...ઘન૦ ૩
પ્રેમાનંદ કે' ગાઈ ગુણ તમારા, તાલ મૃદંગ બજાડીયે રે...ઘન૦ ૪

રાગ : ગરબી ઢાળ : ગોકુળ વહેલા પધારજો રે'

સુખના સાગર શ્રીહરિરેઃ સહજાનંદજી ધર્મકુમાર શ્યામ...સુખ૦ ટેક.
ધર્મકુળ પ્રગટ થયા શ્રીકૃષ્ણજીરે; કરવા પામર પતિત ઓધાર શ્યામ...સુખ૦ ૧
પશ્ચિમ ભૂમિ તે પાવન કરીરે; ગુર્જર સોરઠ આધિક દેશ શ્યામ...સુખ૦ ૨
નિજમત દ્ઢ કરીને સ્થાપન કર્યોરે; વિચર્યા નરનાટક ધરી વેષ શ્યામ...સુખ૦ ૩
નૌતમ નિજભક્તને સુખ આપીયાં રે; આપી દિવ્ય અલૌકિક દ્રષ્ટિશ્યામ..સુખ૦ ૪
નિજકૃત ધામ સરવે દેખાડીયાં રે; સર્વે મુક્તતણી ત્યાં સૃષ્ટિ શ્યામ...સુખ૦ ૫
માયિક મત તે અતિ અખંડ કર્યા રે; દેખાડતા નિજ પ્રબળ પ્રતાપ ...સુખ૦ ૬
જ્ઞાન વૈરાગ્ય રે ભક્તિ ધર્મને રે; કીધાં તરુણ કળીમાં આપ શ્યામ...સુખ૦ ૭
યજ્ઞ કરીને દ્વિજ ત્રપત કરયારે; આપી દક્ષિણા બહુ દાન શ્યામ...સુખ૦ ૮
કીધાં મંદિર તે શ્રીકૃષ્ણનાં રે; તેમાં પધરાવ્યા ભગવાન શ્યામ...સુખ૦ ૯
કીર્તિ બહુ વિસ્તારી લોકમાં રે; કરવા અગણિત જન ઉદ્ધાર શ્યામ...સુખ૦ ૧૦
થોડી વયમાં બહુ લીલા કરી રે; તેનો શેષ ન પામે પાર શ્યામ...સુખ૦ ૧૧
બહુ સુખ આપીને સુખીયાં કર્યા રે મેલી પધાર્યા નિજધામ શ્યામ...સુખ૦ ૧૨
સુખના સિંધુ સ્વામી તમ વિના રે; નથી હવે રહેવાતું ઘનશ્યામ શ્યામ...સુખ૦ ૧૩
હવે આ નયણે ક્યારે નીરખશું રે, સુદંર મૂરતિ સુખની ખાણ શ્યામ...સુખ૦ ૧૪
હવે મહા દુઃખમાં ઘડી પળ વીતશે રે; તમ વિના પ્રેમાનંદના પ્રાણ શ્યામ...સુખ૦

**રાગ : બિહાગ પદ-૧**

બીસર ન જાજો મેરે મીત, યહ વર માગું નીત...બી૦ ટેક૦
મેં મતિમંદ કછું નહી જાનું, નહિ કછું તુમસેં હીત;
બાંહ ગ્રહેકી લાજ હે તુમકું, તુમ સંગ મેરી જીત...બી૦ ૧
તુમ રીઝો એસો ગુન નાહીં, અવગુનકી હું ભીત;
અવગુન જાની બિસારોગે જીવન, હોવડું બહુત ફજીત...બી૦ ૨
મેરે દૃઢ ભરોસોં જીયમેં, તજીહો ન મોહન પ્રીત;
જન અવગુન પ્રભુ માનત નાહીં, યેહી પુરવકી રીત...બી૦ ૩
દીન બંધુ અતિ મૃદુલ સુભાઉં, ગાઉં નિશદિન ગીત;
પ્રેમસખી સમજું નહીં ઊંડી, એક ભરોસો ચિત્ત...બી૦ ૪

**પદ-૨**

સાવરીયોજી કબ દેખું ભરી નેન, પ્રાનજીવન સુખદેન...સા૦ ટેક૦
જનમ સુફલ જીય તબહી જાનું, સુની હું કમલ મુખ બેન;
તનકી તપત તબહી બુજે, જબ અંકભર મીલહે શેન...સા૦ ૧
અરૂન ચરન પંકજ ઉર ધરી હૈ, કરી હૈ નેનન સેન;
પૂરન શશીમુખ હાસ મનોહર; વારું કોટિક મેન...સા૦ ૨
તપ તીરથ વ્રત સાધન જે તે, વાંમે નહી કાહું ચેન;
પ્રેમસખી સમજ યહ મેરી, રહું પાસ દીન રેન...સા૦ ૩

**રાગ : ભૈરવી-કવિત પદ-૧**

પરીસી પીછોરી તાપર ઓઢે પીરી સાલ જોરી,
પીરી પાઘ વામ ભાગ ઢરક રહી ઢીલીસી...પીરી૦ ટેક૦
પે'રે પીરો સુરવાલ હાથમેં રૂમાલ પીરો,
ચટક ચટક ચલત પે'રે પાદુકા છબીલીસી...પીરી૦ ૧
પીરો ચંદનલેપ અંગ પે'રે હાર પીરે રંગ,
લિયે હાથ છરી પીરે રંગસું રંગીલીસી;
નિરખી છબી વ્રજચંદ વારત પ્રાન પ્રેમાનંદ,
હસત મંદ મંદ શ્યામ મૂરત રસીલીસી...પીરી૦ ૨





**પદ-૨**

બને આજ લાલ લાલ ઓઢત દુશાલ લાલ,
થરક રહી લાલ પાઘ ઢરક વામ ભાલસું...બને૦ ટેક૦
અંગમેં અંગરખી લાલ પે'રે લાલ સુરવાલ,
બાંધે કટી કસી લાલ રેશમી રૂમાલસું...બને૦ ૧
ચરન લાલ નખ લાલ પે'રી હેં પનૈયા લાલ,
ચલત હે દયાલ રાજ હંસગતિ ચાલસું;
લોચન વિશાળ લાલ અંધર પ્રવાલ દેખી,
પ્રેમાનંદ ભયો નિહાલ મિલ મિલ ગોપાલસું...બને૦ ૨

**પદ-૩**

હરે હરે રંગકે ભૂષન બસન પે'રે,
હરિ શાલ જોરી ઓરી હર્યો મેરે ચિત્તકું...હરે૦ ટેક૦
હર્યો બાગો હરિ પાઘ હર્યો પીતાંબર કંઠી,
હરે નંગ જડિત હાર પે'રી જોરે પ્રીતકું...હરે૦ ૧
હરે રંગ નંગ અંગદ કંકન કર;
હરિ મોજરી ચરન પે'રી આવત ઈતકું;
હર્યો બાજ હર્યો ચઢે તાપર મહારાજ,
પ્રેમાનંદ થકિત ભયો લખી મોહન મીતકું...હરે૦ ૨

**પદ-૪**

બાંધે શ્વેત પાઘ બંકી મોહન સુછિય રહી,
તાપર શ્વેત ફૂલનકો છાય રહ્યો સેહરા...બાંધે૦ ટેક૦
શ્વેત સૂક્ષ્મ બાગો પે'રે શ્વેત દુપટ્ટો ધરે,
શ્વેત હાર ગજરા પે'રે શામરો સનેહરા...બાંધે૦ ૧
શ્વેત હે પલંગ ગાદી બેઠે તાપર શ્યામસિદ્ધ,
શ્વેત તન તેજઉંતે છાય રહ્યો ગેહસ;
શ્વેત સભા મધ્ય બેઠે કરત હે વિનોદ હાસ,
પ્રેમાનંદ કહે બરસત બચનામૃત મેહરા...બાંધે૦ ૨

### રાગ : ગરબી પદ ૧

આવો રમીયેરે વાસુદેવ વનમાળી, આજ અનુપમરે આવી છેદિવાળી. ૧
દીવા કીધા રે આંગણીયે બહુ ભાંતૈ, તોરણ બાંધ્યારે ત્રિકમ રમવા ખાંતે. ૨
જોયા જેવીરે માંકડી ઉં શણગારી, શોભા આવીરે દીપમાળની સારી. ૩
ગાયે ગરબીરે રમે મુનીવર રાસે, થેઈ થેઈ થાયેરે નાચે સુર આકાશે. ૪
આનંદ વાધ્યોરે છબી અલૌકિક જોઈને, પ્રેમાનંદનારે નાથ રહ્યું મન મોહીને. ૫

### પદ - ૨

ગિરિધર આવોરે ગરબે રમીયે વહાલા, હેતે લીજેરે તાળી નંદના લાલા. ૧
આજ સપરમોરે દહાડો રમીયે કોડે, આવો રસિયારે લીજે તાળી જોડે. ૨
હું તો રીજી રે રાજ તમારે રંગ, આનંદ વાધ્યો રે અલબેલા તમ સંગે. ૩
હળવે હળવે રે ફરીએ આવો ઓરા, છેલા જોવુંરે પાઘડલીના તોરા ૪
આળસ મેલીરે બાંધો કમરે પટકો, પ્રેમાનંદનારે નાથ જોઉં તારો લટકો. ૫

### પદ - ૩

શી કહું શોભારે શ્યામળીયા તમારી, રાખું ઉરમાંરે ગુણવંતા ગિરધારી. ૧
પાઘલડીનીરે ઉપમા શી કહી દાખું, મોળીડા ઉપરરે ત્રિભુવન વારી નાંખું. ૨
રૂડા લાગેરે જરકસના હરિ જામા, પે'રીને આવોરે આનંદી વર સામા. ૩
કમર કશી છેરે લાલ અનોખી રીતે, મનડું મોહ્યું રે છેલ છબીલા પ્રીતે. ૪
હાર બિરાજેરે ઉરપર આનંદકારી, એ છબી ઉપરરે પ્રેમાનંદ બલિહારી. ૫

### પદ - ૪

સજની ઉભારે આંગણીયે અલબેલો, ગીત મધુરારે ગાયે રસીલો છેલો. ૧
નટવર વેષેરે શોભે રંગનો ભીનો, લટકે બાંધેરે પટકો છેલ નવીનો. ૨
હાર બીરાજેરે હૈડે સુંદર સારા, જોતાં નેણાંરે ત્રપત ન થાયે મારા. ૩
રસિયે બાંધ્યારે બાંહે સુંદર બાજુ, થોડું હસતારે હેત જણાવે ઝાઝું. ૪
ઉભા મોડેરે આળસડું બહુનામી, સુંદર શોભેરે પ્રેમાનંદનો સ્વામી. ૫

### રાગ : ગરબી પદ - ૧

વંદુ પુરૂષોત્તમ પરબ્રહ્મ અનાદિ દેવને રે લોલ;
જેની દેવ દાનવ મુનિ વૃંદ કરે નિત્ય સેવને રે લોલ. ૧
વંદુ કૃષ્ણ કમળદળ નેણ સકળ સુખધામને રે લોલ;
વંદુ ગોલોકપતિ રાય તે જ્યોતિથી શ્યામને રે લોલ. ૨





વંદુ સકળ કળા ગુણ ધામ જગત આધારને રે લોલ;
ગાવે શારદ નારદ શેષ લહે નહિં પારને રે લોલ. ૩
વંદુ અક્ષરબ્રહ્મ આધાર કે ધર્મ નિવાસને રે લોલ;
વંદુ પ્રેરક માયા કાળ સકળ ભય નાશને રે લોલ. ૪
માગુ કર જોડીને નાથ કે વાણી પ્રકાશને રે લોલ;
ગાવું સુંદર કૃષ્ણ સ્વરૂપ હરખ અતિ દાસને રે લોલ. ૫
વર્ણવું નખશિખ રૂપ અનૂપ હરિચરણે નમી રે લોલ;
આપો પ્રેમસખીના નાથ કે બુદ્ધિ અનુપમી રે લોલ. ૬

### પદ - ૨

વરણવું પૂરણ બ્રહ્મ દયાળ નારાયણ મૂરતિ રે લોલ;
મોહન કોટિક શોભાધામ નહિ મેલું ઉરતી રે લોલ. ૧
શોભે સુંદર શ્યામ શરીર હરિ હસી હેરતા હે લોલ;
સુંદર કમળની માળા નાથ હાથમાં ફેરતા રે લોલ. ૨
શોભે સુંદર ભાલ વિશાળ લલિત રેખાવળી રે લોલ;
જોતાં લોચન ત્રપત ન થાય કે જાયે ચિતડું ચળી રે લોલ. ૩
સુંદર ઝીણા નૌતમ કુટિલ અકળના કેશ છે રે લોલ;
બાંધી પાઘ મનોહર શિશ કે નટવર વેશ છે રે લોલ. ૪
પ્રફુલિત પંકજ સરખા વિશાળ મનોહર નેણ છે રે લોલ;
રુડાં અમૃત સરખાં રસાળ કે મીઠાં વેણ છે રે લોલ. ૫
ભ્રકુટી કુટિલ કટાક્ષને બાણ કે કાળજ કોરતા રે લોલ;
શોભે પ્રેમસખીનો નાથ કે ચિતડા ચોરતા રે લોલ. ૬

### પદ - ૩

શોભા પુરણ ચંદ્ર સમાન કે મોહન મુખતણી રે લોલ;
નિરખી મુનિજન વૃંદ ચકોર પ્રીત અતિશય ઘણી રે લોલ. ૧
શોભે સુંદર લાલ કપોળ મનોહર ગાલ રે લોલ;
હરિનું કેસર ચંદનો ચરચિત રૂડું ભાલ છે રે લોલ. ૨
નાસા શોભીત મુનિ મન લોભીત છે બલવીરની રે લોલ;
કવિએ સરવે ખોળીને આપી ઉપમા કીરની રે લોલ. ૩

શોભે અધરબિંબ અતિસાર પાનબીડી ચાવતા રે લોલ;
વ્રજવનિતાના જીવન પ્રાણ કે તાપ સમાવતા રે લોલ. ૪
શોભે સુંદર બતરીશ દાત કે જાણે કુંદ કળી રે લોલ;
ચોર્યા કેઇ કેરા ચિત્ત કે હસતા લળી લળી રે લોલ. ૫
સુંદર શંખ સરીખો કોટ રુડી રેખાવળી રે લોલ;
વારે પ્રેમસખી લેઇ પ્રાણ હરિને મળી મળી રે લોલ. ૬

**પદ - ૪**

નારાયણ પુરૂષોત્તમ દેવ કે શોભાધામ છે રે લોલ;
પ્રગટ્યા ભક્તતણા મનરંજન પુરણકામ છે રે લોલ. ૧
શોભે ભુજા યુગલ સુખરૂપ વિપુલ વિલસી રહી રે લોલ;
કવિએ ઉપમા હસ્તિસુંડ કમળ ડંડની કહી રે લોલ. ૨
કરમાં સારંગ ચાંપના ચિન્હ તેણે અતિ શોભતા રે લોલ.
જાણે કઠિન કુરમની પીઠ કે મુનિમન લોભતા રે લોલ. ૩
ઝીણી આંગળિયોની રેખા નખમણિ લાલ છે રે લોલ;
લાજ ઐરાવત કલહંસ એવી રૂડી ચાલ છે રે લોલ. ૪
એવી ભુજા અનુપમ સાર કે શોભે શ્યામની રે લોલ;
ચુંબન કરવા તલખે નિશદિન વ્રજની ભામની રે લોલ. ૫
નિરખી ઉન્નત હૃદય વિશાળ કે દુઃખ સરવે ટળ્યા રે લોલ;
આવા રૂડા પ્રેમસખીના નાથ કે મુજને ભલે મળ્યા રે લોલ. ૬

**રાગ : ખમાચ પદ - ૧**

મન વસિયોરે મારે મન વસિયો, વ્રજરાજ કુંવર મારે મન વસિયો, મન૦ ટેક
છેલ છોગાળો વહાલો અતિ મરમાળો, રંગભીનો રસનો રસિયો રે. વ્રજ૦ ૧
હળવે શું વહાલો હેત કરીને, મુજ સામું જોઇને હસિયો રે. વ્રજ૦ ૨
કસુંબલ પાઘ કેશરનો ભીનો, પીતાંબર કમરે કસીયો રે. વ્રજ૦ ૩
પ્રેમાનંદનો નાથ છબીલો, સોળ કળા પૂરણ શશિયો રે. વ્રજ૦ ૪

**પદ - ૨**

મન હરિયું રે મારૂં મન હરિયું, બે'ની નંદને કુંવર મારૂં મન હરિયુ; બેની૦ ટેક
નેણાં ભરી નીરખ્યો નટનાગર, સાગર સુખને શું કરિયું રે. બેની૦ ૧
સુંદર મુખ શ્રીનંદકુંવરનું અતિ આનંદ સુખનું ભરિયું રે. બેની૦ ૨





જરકસી પાઘ બાંધીને સુંદર, નૌતમ છોગલીયું ધરિયું રે. બેવી૦ ૩
પ્રેમાનંદના નાથનું મુખડું, નીરખીને અંતરમાં ઠરિયું રે. બેની૦ ૪

**પદ - ૩**

ગિરિધરજી રે માનો ગિરિધરજી, મારો પાલવ મેલોને ગિરિધરજી; મારો૦ ટેક
પાલવ મેલોને વહાલા છેલ છબીલા, માનોજી મોહન મારી એ અરજી રે. મારો૦ ૧
શા કારણ શ્યામળિયા વહાલા, શીદને થયા છો આવડા ગરજી રે. મારો૦ ૨
ગિરિધરિયા ઘેલું મા બોલો, રસિયા જાણી મેં રાજની મરજી રે. મારો૦ ૩
પ્રેમાનંદના રે નાથ ઠગારા, શ્યામળિયા સુંદર વરજી રે. મારો૦ ૪

**પદ - ૪**

મહી ઢળશે રે મારૂં મહી ઢળશે, મેલોને શ્યામ સુંદર મારૂં મહી ઢળશે, મેલો૦ ટેક
મહી ઢળશેને ગોળી મહીની રે ફુટશે, એમાંથી વહાલા તમને શું મળશે રે. મેલો૦ ૧
સાંભળશે રે મારી સાસુ ઠગારી, મુજપર બહુ રીશે બળશે રે. મેલો૦ ૨
વળગો માં રે વિઠ્ઠલવર મુજને, દુરજનિયાં રે દેખીને કળશે રે. મેલો૦ ૩
પ્રેમાનંદના નાથજી તમને , જોઇ જોઈને દુઃખડા ટળશે રે. મેલો૦ ૪

**રાગ : સામેરી પદ - ૧**

આવો આવોને સુંદર શ્યામ, મારે ઘેર આવો રે;
મારા પુરોને મનના કોડ, હસીને બોલાવો રે. આવો. ટેક.
તમ કારણે શ્યામલિયા રે વાલા, રહું છું મારગ જોઈ. મારે૦
લોકતણી મરજાદરે મેલી, તમ ચરણે ચિત્ત પ્રોઇ. મારે૦ ૧
પ્રેમ ભરી પાતળિયા રે વાલા, આવીને ઉભી છું બાર; મારે૦
મંગળ થાળ ભર્યા સગ મોતી, વધાવાને વારમવાર. મારે૦ ૨
મસમસતા મંદિરીયે મોહન, આવોને સુંદર છેલ; મારે૦
અંગો તે અંગ આલિંગન લેઈને, વાળોને રંગડાની રેલ. મારે૦ ૩
હસ્તકમળ મૂકી મારે માથે, હરોને હૈયાના તાપ; મારે૦
પ્રેમાનંદના ઉરપર મોહન, મૂકો ચરણની છાપ. મારે૦ ૪

**પદ - ૨**

તારા મુખ પર મોહનલાલ, જાઉં બલિહારી રે;
તમે ભલે પધાર્યા ગોવિંદ, ગિરિવર ધારી રે, તારા૦ ટેક.

અઢળક આજ ઢળ્યા અલબેલા, કીધી કૃતારથ કાન; જાઉં૦
તનના તાપ હર્યા મારા વાલા, દીધાં તે દરશનદાન. જાઉં૦ ૧
સુંદર મુખ છો સુખના રે,સાગર નાગર નવલ કિશોર; જાઉં૦
પુરૂષોત્તમ છો પરદુઃખભંજન, છો મારા ચીતડાંના ચોર. જાઉં૦ ૨
છેલ છબીલા તારા મુખડાની વાણી, સાંભળીને થૈછું નિહાલ; જાઉં૦
નેણાં તે સફળ થયાં મારા વાલા, નિરખી સુંદર ચાલ. જાઉં૦ ૩
સફળ જનમ કિધો મનમોહન, હેતે સાહ્યો મારો હાથ; જાઉં૦
ભુજ ભરિને ભેટ્યા મારા સ્વામી, પ્રેમાનંદના હો નાથ. જાઉં૦ ૪

### પદ - ૩

તારે મોળીડેરે ગિરિધર લાલ, મનડું મોહ્યુંરે; તારે૦ ટેક.
રંગભીના તમારૂં રૂપ, રમતાં જોયું રે તારે૦
જરકસી પાગ કેસરીયા રે જામા, વા'લા દીસો છો શોભાસુર, મન૦
અતિ અનુપમ પેર્યા પિતાંબર, છો જીવન જોબનપુર. મન૦ ૧
હેમના હાર હૈયે મોતીડાની માળા, કુંડળ ઝળકે કાન; મન૦
હસતા ને રમતા હેતમાં રે, મોહન ભેટોને ભીને વાન. મન૦ ૨
ફુલોંના હાર બાજુ તોરા રે, લળકે ઝળકે છે સુંદર ભાલ; મન૦
લટકાં રે જોઈને લાલચ લાગી, નટવર નંદલાલ. મન૦ ૩
અંગો અંગ નટનાગર શોભા, જોઈને રીઝયાં મન; મન૦
પ્રેમાનંદ કહે પ્રાણજીવનપર, વારૂં તન મન ધન. મન૦ ૪

### પદ - ૪

રૂડાં લાગે છે મોહનલાલ, લટકાં તારાં રે;
મોહ્યાં મોહ્યાં છે સુંદર છેલ, મનડાં મારાં રે; રૂડાં૦ ટેક.
રાત દિવસ હું તો ઘેલી ફરૂં છું, કાંઈ નવ સુઝે કામ; લટ૦
લોકતણી મરજાદા રે મેલી, જોવાને સુંદર શ્યામ. લટ૦ ૧
સગાં કુટુંબ પીયર સાસરીયાં, સરવે મેલ્યાં વિસારી; લટ૦
મન કર્મ વચને તમને વરીછું, ગુણવંતા ગિરિધારી. લટ૦ ૨
હસવું ને બોલવું જોવું તમારૂં, ઘડીએ ન ઉરથી વિસારૂ; લટ૦
તન મન ધન આ જીવન મારૂં, સરવસ તમપર વારૂં. લટ૦ ૩





વાટે ઘાટે વહાલા લટકાં તમારાં, જોતી ફરૂં કરતાર; લટ૦
પ્રેમારેનંદના શ્યામ સનેહી, છો મારા હૈડાના હાર. લટ૦ ૪

### રાગ : પરજ પદ - ૧

મનના માનેલ માવ રે, આવો વાલા મનના માનેલ માવ રે; આવો૦ ટેક
અમે અબળા વા'લા દાસ તમારાં રે, અમપર આવડલો શ્યો દાવ રે. આ. ૧
મોતિડાં વેરાવું વા'લા ચોક પૂરાવું રે, દૂધડે પખાળું તારા પાવ રે. આ. ૨
એકવાર વાલા મારે મંદિર પધારો રે, જોવા મારા દલડાંનો ભાવ રે. આ. ૩
પ્રેમાનન્દના શ્યામ મનોહર, નઠોર ન થઈયે નાવ રે. આ. ૪

### પદ - ૨

છેલ છબીલા કહાન રે, ઘેલાં કિધાં છેલ છબીલા કહાન રે, ઘેલાં. ટેક.
મનમોહન મારૂં મન હરી લીધું, શ્યામ સુંદર ગુણવાન રે. ઘેલાં. ૧
મીઠી મીઠી રે મુખ મોરલી વાઈને, ગાઈને તે સુંદર તાન રે. ઘેલાં. ૨
વશ કીધી વાલમ ગિરિધારી, મારી નેણાં કેરી સાન રે. ઘેલાં. ૩
પ્રેમાનન્દ કહે જન્મ સુધાર્યો રે, દીધું જીવન કેરૂં દાન રે. ઘેલાં. ૪

### પદ - ૩

મોરલિએ મન મોહ્યું હો, માવા તારી મોરલીએ મન મોહ્યું હો; માવા. ટેક.
હળવે હેતમાં સાન કરીને, કામણગારિ મિટયેં જોયું હો. માવા. ૧
તે દહાડાની હું તો ઘાયલ થઈ છું રે, જીવત સુખ સર્વે ખોયું હો. માવા. ૨
લોક કુટુંબની આશ તજીને, ચરણકમળ ચિત્ત પ્રોયું હો. માવા. ૩
પ્રેમાનન્દ કહે તમને મળીને, જન્મ મરણ દુઃખ ખોયું હો. માવા. ૪

### પદ - ૪

જીવન પ્રાણ આધાર છો માવા મારે જીવન પ્રાણ આધાર છોરે હો; માવા. ટેક.
તમ ઉપર શ્યામળિયારે વાલા, મેં તો તન ધન ઘોળ્યું પરિવાર રે હો. માવા. ૧
પ્રાણજીવન વા'લા છો મુજને, છોજી મારા હૈડાંના હાર રે હો. માવા. ૨
જનમ સંગાથિ શ્યામળિયા વા'લા, મારા નયનતણા શણગાર રે હો. માવા. ૩
પ્રેમાનંદ કહે ઘડીયે ન મેલુ વાલા, સુખના સાગર સાર રે હો. માવા. ૪

### રાગ : મારુ પદ - ૧

છેલ છોગાળો વા'લો મને છેલ છોગાળો, વા'લો મોરલીવાળો રે; વા'લો. ટેક.
મારા પ્રાણથકી મને વા'લો રે, લટકાળો નંદજીનો લાલો. વા'લો. ૧

મારે સુખ સંપત શ્યામળિયો રે, મારે પ્રાણજીવન પાતળિયો. વા'લો. ૨
એનું મુખડું જોયા વિના ઘેલી રે, નહી શકું ક્ષણ એક મીલે. વા'લો. ૩
નટનાગર નંદકિશોર રે, પ્રેમાનંદનો જીવનદોર હેલી. વા'લો. ૪

**પદ - ૨**

કેસરભીનો રે કહાન જોઇ કેસરભીનો રે, છેલો નંદજીનો રે, કહાન. ટેક
જોઇ મનડું લોભાણું છે મારૂં રે, મારા પ્રાણ લેઇને વારૂં. કહાન. ૧
એની મૂરતિમાં હું તો મોહી રે, નથી ત્રપતી થાતી જોઇ જોઇ. કહાન. ૨
મનમોહન મોરલીવાળો રે, મીઠાબોલો ઘણો મરમાળો. કહાન. ૩
મારા મનમાં ગમ્યા ગિરિધારી રે, પ્રેમાનંદ જાયે બલિહારી. કહાન. ૪

**પદ - ૩**

કેશવ કેડે રે ફરે મન કેશવ કેડે રે, મોહી પાગને છેડે રે; ફરે. ટેક.
વ્રજજીવન જાદવરાય રે, અણદીઠે ઘણું દુઃખ થાય. ફરે. ૧
હું તો મગન રહું જ્યારે દેખું રે, રાતી આંખડલિની રેખું. ફરે. ૨
વા'લો મોરલીમાં મારૂં ગાયે રે, સુણી હૈડે તે હરખ ન માયે. ફરે. ૩
પ્રેમાનંદના નાથને કાજ રે, મેલી લોકકુટુંબની લાજ. ફરે. ૪

**પદ - ૪**

પ્રાણથી પ્યારો રે પાતળિયો પ્રાણથી પ્યારો, આંખડલીનો તારો રે; પાત. ટેક
શ્યામળિયો વર સુખખાની રે, રંગરસિયો છેલ ગુમાની. પાત. ૧
લટકાળો નંદજીનો લાલો રે, મને પ્રાણથકી ઘણો વા'લો. પાત. ૨
મારે એથી વા'લું નહિ કોઇ રે, રાખું જીવડલામાં પ્રોઇ. પાત. ૩
એ સારુ તજ્યો સંસાર રે, પ્રેમાનંદને હૈડાનો હાર. પાત. ૪

**રાગ : કાફી પદ - ૧**

કહાનુડે કામણ કીધું મા, કામણગારે, કામણગારે હો ધુતારે; કહા૦ ટેક
આવી ઉભા આંગણિયે મારે, હસી હસી વ્હાલ વધારે; કહા૦ ૧
એકવાર મુખ જોયું મોહનનું મેં, લાજ ઉઘાડીને લગારે; કહા૦ ૨
શુંરે જાણું જે મને શું કરી નાખ્યું, આંખલડીને અણસારે; કહા૦ ૩
મોરલડીએ મને મોહની લગાડી, પ્રેમાનંદને પ્યારે; કહા૦ ૪





**પદ - ૨**

જીવન જોયા વિના મા, ઘડી ન રે'વાયે, ઘડી ન રે'વાયે જીવ જાયે;જીવ૦ ટેક
કામ કાજ મને કાંઇ નવ સૂજે, ઘરમાં મન અકળાવે; જીવ૦ ૧
નવલ મનોહર નંદના કુંવરને, જોયા વિના જંપ ન થાયે; જીવ૦ ૨
વણ દીઠે વસમું બહુ લાગે, દીઠે હરખ ન માયે; જીવ૦ ૩
પ્રેમાનંદનો વા'લો હસીને બોલાવે, એ સુખ મુખે ન કે'વાયે; જીવ૦ ૪

**પદ - ૩**

મોહન મન માન્યો મા, મોરલીવાળો, મોરલીવાળો કહાન કાળો;મોહ૦ ટેક.
મન્મથ કોટિક વારૂં વદનપર, ચપળ આંખડલીનો ચાળો; મોહ૦ ૧
નટવર નાગર સુખનો સાગર, રસિયો છેલ છોગાળો; મોહ૦ ૨
સામું જોઇને બહુ સુખ ઉપજાવે, મોહનવર મરમાળો; મોહ૦ ૩
પ્રેમાનંદનો વહાલો વા'લડો લાગે, રાજીવનેણ રૂપાળો; મોહ૦ ૪

**પદ - ૪**

વા'લીડો વહાલો લાગે મા, કુંજબિહારી, કુંજબિહારી ગિરધારી; વા'લિ૦ ટેક
વા'લીડો લાગે એની મોરલીને રાગે, વશ થઇ સૌ વ્રજ નારી; વા'લિ૦ ૧
મરમાળી રે એના મુખડાની વાતો, આંખલડી છે કામણગારી; વા'લિ૦ ૨
જોઇ જોઇને નેણાં ત્રપત ન થાયે, જાઉં એના વેણાં ઉપર વારી; વા'લિ૦ ૩
પ્રેમાનંદનો સ્વામી શ્યામલિયો, જીવનદોરી છે મારી; વા'લિ૦ ૪

**રાગ : કાફી પદ - ૧**

રાખુ લોચનિયાંમેં જીવન મારાને, રાખું૦ જીવન મારા પ્રાણ પ્યારાને; રાખું૦ ટેક.
જતન કરીને મારા જીવમાં રાખું, માણિગર મોરલીવારાને. રાખું૦ ૧
નેણુંના અગ્રથી નહીરે જાવા દીયું, નટવર નેણુંના તારાને. રાખું૦ ૨
અલબેલાને મારા ઉરપર રાખું, હરિવર હાર હજારાને. રાખું૦ ૩
પ્રેમાનંદ કહે પળ ન વિસારૂં, જીવન જગ ઉજીયારાને. રાખું૦ ૪

**પદ - ૨**

જાઉં વાલમજીના વેણાપર વારી રે, જાઉં૦ વેણાપર વારી બલિહારી રે;જાઉં. ટેક
વાતડી કરીને મારૂં મન વશ કીધું, લીધી મને ભવથી ઉગારી રે. જાઉં. ૧
મૂર્તિ મનોહર મનમોહનની, જીવનદોરી છે જો મારી રે. જાઉં ૨

જગજીવન મને પ્રાણથી પ્યારો, હઈડાનો હાર હજારી રે. જાઉં ૩
પ્રેમાનંદ કહે પ્રાણજીવનને, રાખું મારા ઉરમાં ઉતારી રે. જાઉં ૪

**પદ - ૩**

કા'ન કેસરીયાને જોઈ હું લોભાણી રે, કાન. જોઈને લોભાણી મીઠી વાણી રે;કા૦ ટેક
કહાન કેસરીયો મારે મનડે રે વસિયો, નટવર નવરંગ દાણી રે. કા૦ ૧
વનમાળી રે વા'લપનો ભરીયો, રસિયો સારંગપાણી રે. કા૦ ૨
અલબેલે રે આંખડલીને ચાળે, ચિત મારૂં લીધું છે તાણી રે. કા૦ ૩
પ્રેમાનંદના નાથ સંગાથે મારે, અવિચળ પ્રીત બંધાણી રે. કા૦ ૪

**પદ -૪**

ઓર આવો કાન છેલ ગુમાની રે, ઓરા૦ છેલ ગુમાની સુખદાની રે;ઓરા૦ ટેક
નેણાં ભરીને નિરખું રે નટવર, મૂર્તિ મારે મનમાની રે. ઓરા. ૧
તરુણ કિશોર મનોહર મૂર્તિ, મુહર્યું ફુટે છે નાની નાની રે. ઓરા. ૨
માવા તમારા મુખની રે શોભા, રાખું મારા લોચનીયાંમેં છાની રે. ઓરા. ૩
પ્રેમાનંદના પ્યારા ભુજ ભરી ભેટું, તન મન કરૂં કુરબાની રે. ઓરા. ૪

**રાગ : જંગલો પદ - ૧**

હો મહારાજ તેરો બદન બતાજા રે; હો મ૦ ટેક.
બદન દેખાય કે સુખ ઉપજાય કે, આયે કે ઉરમેં ઠેરાજા રે. હો. મ. ૧
બચનસુધા ઝરી બરખી નાથ હરિ, તન મન તાપ મીટાજા રે. હો. મ. ૨
નેહસું બોલાય કે બિરહ સમાય કે, નવરંગ નેહ બઢાજા રે. હો. મ. ૩
પ્રેમાનંદ કે' પ્રાન દેકે દરશ દાન, જીવન બ્રહનિ જીવાજા રે. હો. મ. ૪

**પદ - ૨**

દીનનાથ દીનબંધુ શરણ તિહારી રે; દીના૦ ટેક
શરણ તિહારી મેં શ્યામ અગ્યાકારી, મન કર્મ વચને મોરારી રે. દીના૦ ૧
આઠો જામ રટું નામ તેરા અવિનાશી, નંદકુંવર ઉર ધારી રે. દીના૦ ૨
ભલા બંસીવારે પ્યારે ભરોસેં તિહારે હું મેં, નાથ ન દીજો વિસારી રે. દીના૦ ૩
પ્રેમાનંદ કે' નાથ દીન જાની ગ્રહી હાથ, રાખો શરણ બનવારી રે. દીના૦ ૪

**પદ - ૩**

ભલા નંદલાલ પ્યારે અબતો નીભાય લે રે; ભલા૦ ટેક
નેહરો નીભાવન નાથ શ્યામ ઘન, અશરણ શરણ લગાય લે રે. ભલા૦ ૧





નિજજન જાની દયા દીલ આની, ચરન કમળ લપટાય લે રે. ભલા૦ ૨
ભવસાગરસું કૃપાનિધિ કેશવ, બાંહ ગ્રહીકે બચાય લે રે. ભલા૦ ૩
અરજી આનંદકંદ કરત હે પ્રેમાનંદ, શ્યામજી સમીપ બોલાય લે રે. ભલા૦ ૪

**પદ - ૪**

ભલા બંસીવારે પ્યારે પીર ન જાંનદા વે; ભલા૦ ટેક.
પીરકી મારી મેં પુકારૂં બનવારી, દયા દીલહું નહીં આનદા વે. ભલા૦ ૧
કરતહું અરજ ગરજ તેરી નીશદિન, મનમોહન નહીં માનદા વે. ભલા૦ ૨
બન બન બ્યાકુલ ફીરતહું ઢુંઢતી, કહાન ગવૈયા તાનદા વે. ભલા૦ ૩
પ્રેમાનંદ કે' નાથ મીલો હસી ભરી બાથ, દાતા દરસન દાનદા વે. ભલા૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

આવોને અલબેલા રે અલબેલા, મારે મંદિરિયે મારે છેલા રે; આવો૦ ટેક.
શેરડિયું સુંદર વાળું, ઓસરીયે ઢોલીડો ઢાળું રે. આવો૦ ૧
કેશર ચંદન સરસ રીતે, ચતુર વર ચરચું પ્રીતે રે. આવો૦ ૨
હળવા રહી હાર પેરા'વું, કહે તો વાલમ આગે ગાવું રે. આવો૦ ૩
વહાલા પ્રેમાનંદ એ માગે, રે'જો આંખડલીને આગે રે. આવો૦ ૪

**પદ - ૨**

છેલવર છોગાળા રે છોગાળા, મરમાળા નેણાના ચાળે રે; છેલ૦ ટેક.
આંખલડી કામણગારી, જાઉં મોહન મુખપર વારી રે. છેલ૦ ૧
મુખડાની મીઠી વાણી, હું તો લાવણ્યમાં લોભાણી રે. છેલ૦ ૨
મેં તો રૂપ તમારૂં જોયું, જોઈને મન મારૂં મોહ્યું રે. છેલ૦ ૩
પ્રેમાનંદ કહે તન મન વારું, જીવનજી ઉરમાં ધારું રે. છેલ૦ ૪

**પદ - ૩**

મોહી છું મરકલડે રે મરકલડે, ગિરિધરજી ગમીયા દલડે રે; મોહી૦ ટેક.
મુખનો મરકલડો મીઠો, તેતો જાણે જેણે દીઠો રે. મોહી૦ ૧
મોહનજી મોહની છાની, ઘર ઘાલ્યું છેલ ગુમાની રે. મોહી૦ ૨
નટવરજી ને'ડો લાગ્યો, સંસારનો તોડ્યો ધાગો રે. મોહી૦ ૩
પ્રેમાનંદ કહે પ્રીતમ પ્યારા, છો આંખડલીના તારા રે. મોહી૦ ૪

**પદ - ૪**

માડી મને જોવાદે રે જોવા દે, મોહનમાં મનડું પ્રોવાદે રે; માડી૦ ટેક.
સુંદર વર શોભે કેવા, મારા મનમાં રાખ્યા જેવા રે. માડી૦ ૧
આ જોને સામો આવે, મને હેત કરી બોલાવે રે. માડી૦ ૨
મારા આંગણીયામાં ઉભો, કરે મળવાનો મનસુબો રે. માડી૦ ૩
જોઇ મોહી છે વ્રજની નારી, જાયે પ્રેમાનંદ બલિહારી રે. માડી૦ ૪

**રાગ : ધોળ  પદ - ૧**

ધર્મકુંવર હરિકૃષ્ણ ચરણ નખચંદ્રને,
મન કર્મ વચને વંદુ વારમવાર જો;
આ અવસર અલબેલાજી અઢળક ઢળ્યા,
કરવા વહાલો અનેક પતિત ભવપાર જો. ધર્મ૦ ૧
શું કહી વર્ણવું પાવન પ્રથિત પ્રતાપને,
ભવ બ્રહ્મા શેષ નિગમ નેતિ કહી ગાય જો;
અક્ષરનિવાસી મુક્ત પૂજે જેની પાદુકા,
અખિલભુવનપતિ શ્રીપુરુષોત્તમરાય જો. ધર્મ૦ ૨
સદા સાકાર છે દિવ્ય નરાકૃતિ નાથજી,
માયા કાળ પુરૂષના પ્રેરક એહ જો;
જગત જન્મ પાલન લય લીલા જેહની,
તે અવિનાશી ધર્યો સુંદર નરદેહ જો. ધર્મ૦ ૩
ઉપનિષદના શિર ઉપર જે શોભતા,
રમારમણ શ્રીઅક્ષરપર અવિનાશ જો;
અનેક અધમ ઓધાર્યાની દીક્ષા ગ્રહી,
પ્રેમાનંદ કે' આવ્યા ધર્મનિવાસ જો. ધર્મ૦ ૪

**પદ - ૨**

પરમપુરૂષ પુરુષોત્તમ પૂરણકામ છે,
દિવ્યાકાર સ્વરાટ સદા ઘનશ્યામ જો;
એકાંતિક જનવલ્લભ શ્રીઅક્ષરપતિ,
વાસુદેવ વિષ્ણુ નારાયણ નામ જો. પરમ૦ ૧





અનંત શક્તિધર અનંત પ્રતાપ નિવાસ જો;
અનંત કળાનિધિ અનંતભુવનપતિ શ્રીહરિ,
ભક્તિધર્મસુત કૃષ્ણ હરિ અવિનાશ જો. પરમ૦ ૨
ક્ષર અક્ષરના જીવન પ્રાણપતિ પ્રભુ,
અવતારી એ છે આજ ધર્યો અવતાર જો;
દિવ્યપણામાં મનુષ્યપણું પ્રગટ કર્યુ,
મનુષ્યથકા છે દિવ્ય સદા સાકાર જો. પરમ૦ ૩
નિર્ગુણ સગુણ બે શક્તિ છે પોતાતણી,
કર્તાથકા છે અકર્તા જોગનિધાન જો;
નિરાકાર સાકાર કળાનિધિ શ્રીહરિ,
પ્રેમાનંદનો સ્વામી શ્રીભગવાન જો. પરમ૦ ૪

**પદ - ૩**

એવા શ્રીહરિ સ્વામિ સહજાનંદજી,
દિવ્ય સગુણ સાકાર દિવ્ય કલાનિધિ નાથ જો;
દિવ્ય શક્તિપતિ પુરૂષોત્તમ પ્રગટ થયા,
દિવ્ય મુક્ત લઇને આવ્યા હરિ સાથ જો. એવા૦ ૧
આવીને નિજ દિવ્ય પ્રતાપ પ્રગટ કર્યો,
સ્થાપ્યો ધર્મ એકાંતિક અવનીમાંય જો;
અચરજકારી અનંત ચરિત્ર નવ જાય કહ્યાં,
શેષાદિક કવિ નિત્ય નવાં કેટલાંક ગાય જો. એવા૦ ૨
ધ્યાન ધારણા સમાધી બહુ ભાતની,
નવ જાણે કોઇ મુક્ત મુનિવર દેવ જો;
અનંત જીવના એક કાળે પ્રાણ તાણવા,
દેખાડે નિજધામ અનંત તતખેવ જો. એવા૦ ૩
અંતકાળે ધરી અનંત રુપ શ્રીનાથજી,
તેડવા જાયે નિજજનને મહારાજ જો;
ગરુડ વિમાન અશ્વ ગજ રથ લઇ પાલખી,
પ્રેમાનંદનો સ્વામી ગરીબનીવાજ જો. એવા૦ ૪

પદ - ૪

સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે,
શ્રવણે સાંભળતાં કંપે દિનકરદૂત જો;
ભવનાં બંધન સદ્ય કાપી સુખીયાં કરે,
શું કહી દાખું મહિમા અતિ અદભૂત જો. સ્વામિ૦ ૧
અનેક પતિત ઓધાર્યા પૂરવે આ મંત્ર થકી,
અજામિલ ગનીકા આદિક અપાર જો;
તે મંત્ર આજ મહારાજે પ્રગટ કરયો,
કળિમાં કરવા અનેક પતિત ભવપાર જો. સ્વામિ૦ ૨
સકામી જન સુમરી પામે ત્રિવર્ગને,
નિષ્કામી જન પામે પદ નિર્વાણ જો;
નામતણા નામી સ્વામી પ્રગટ મળ્યા,
તે જનના શું કરૂં મુખે વખાણ જો. સ્વામિ૦ ૩
ભવ બ્રહ્મા મુનિ મુક્ત જપે આ મંત્રને,
તે સહુ પામ્યા, મનવાંછિત સુખ સાજ જો;
પ્રેમાનંદ કહે કર જોડી સહુ જનને,
ભૂલશો મા અવસર આવ્યો છે આજ જો. સ્વામિ૦ ૪

રાગ : જંગલો પદ - ૧

જમુનાકે તીર ઠાડો જમુનાકે તીર,
બાંકો બલવીર ઠાડો જમુનાકે તીર; ઠાડો૦ ટેક.
હો નેના બેના બાંકે બાંકો પાઘ શિર,
ચંદનકી ખોર કરીને સાંવરે શરીર. ઠાડો૦ ૧
હો બાંકી ભોહેં સોહે ચિત્ત મોહે નાસા કીર,
દેખત ચકિત રતિપતિ હતધીર. ઠાડો૦ ૨
હો બાંકે લાલ બાંકે ગ્વાલ લીયે સંગ ભીર,
બાંસુરી બજાવે બાંકી ફીર ફીર ફીર. ઠાડો૦ ૩
હો ભરવા ગઈથી હું તો જમુનાકો નીર,
પ્રેમાનંદકો નાથ દેખી ગઇ પીર. ઠાડો૦ ૪





પદ - ૨

રાજીવનેન-રસિયો-રાજીવનેન,
ઉપજત ચેન દેખી, રાજીવનેન; રસિ૦ ટેક
હો વિકસે વારીજસમ અતિ છબી એન,
ભ્રકુટી ભમર ઝુંકે માનું રસ લેન. રસિ૦ ૧
હો ચારુ ચિતવની-મુસકની-સુખદેન,
કુટિલ કટાક્ષઉમેં સુચવત સેન. રસિ૦ ૨
હો જમુના-પુલિનપર ચારતહેં ધેન,
મોહન બજાવત મધુરીસી બેન. રસિ૦ ૩
હો માઈ બ્રજનારી સંગ ડોલે દિનરેન,
પ્રેમાનંદ છબીપર વારી કોટિ મેન. રસિ૦ ૪

પદ - ૩

રૂપ રસખાની રસિયો રુપ રસખાની, સાંવરો ગુમાની; રસિ૦ ટેક૦
હો તરૂન કિશોર છબી દેખરી સયાની,
ઉઠત કમળમુખ રેખા નાની નાની. રસિ૦ ૧
હો મદનસદન દ્રગ જુગ સખી જાની,
હરલેત મન મેરો મૃદુ મુસકાની. રસિ૦ ૨
હો ચાલત મરાલગતિ અતિ છબી આની,
રતિપતિ મતિ દેખી અતિ સકુચાની. રસિ૦ ૩
હો એ છબી-રહો-ઉર-રૂપકો-નિધાની,
પ્રેમાનંદ બિનતિ કરત નીત છાની. રસિ૦ ૪

પદ - ૪

રૂપકો રસાલ પ્યારા રૂપકા રસાલ,
ગિરિધરલાલ પ્યારો રૂપકો રસાલ. પ્યારો૦ ટેક.
હો મૃગમદ તિલક તરૂન શશિ ભાલ,
નભ તજી ચાહે ચંદા મીલ્યો તતકાલ. પ્યારો૦ ૧
હો મૃદુ મુસકની છબી અધર પ્રવાલ,
કંબુ સબ કંઠ ભુજા સોહત બિશાલ. પ્યારો૦ ૨

હો નવનિરદવપુ ઉર બનમાલ,
જાની નિજ સખા ઘન હોતહેં નિહાલ. પ્યારો૦ ૩
હો લાલહુકી ચાલ પર મોહેહેં મરાલ,
પ્રેમાનંદ ધારી ઉર તજયોહે જંજાલ. પ્યારો૦ ૧

**રાગ : ગરબી પદ - ૧**

રંગભીનો રણછોડરાય, આવ્યા વરતાલે;
જેને નિગમ નેતિ કહી ગાય, આવ્યા વરતાલે. ૧
હરિ દ્વારિકાંના દેવ, આવ્યા વરતાલે;
સુર મુનિ કરે નિત્ય સેવ, આવ્યા વરતાલે. ૨
શ્રીપુરૂષોત્તમ મહારાજ, આવ્યા વરતાલે;
કરવા સહુ જનનાં કાજ, આવ્યા વરતાલે. ૩
વહાલો ચરોતરને ચોક, આવ્યા વરતાલે,
પ્રભુજી પોતાની શોખ, આવ્યા વરતાલે. ૪
રુકિમણિરમણ રણછોડ, આવ્યા વરતાલે,
નિજ જનના પૂરવા કોડ, આવ્યા વરતાલે. ૫
કરી પ્રીત મુનિવર સાથ, આવ્યા વરતાલે,
વહાલો પ્રેમાનંદનો નાથ, આવ્યા વરતાલે. ૬

**પદ - ૨**

નિત્ય આપે રણછોડ રાય, પરચા વરતાલે;
જન જોઈ જોઈ અચરજ થાય, પરચા વરતાલે. ૧
નિજ દૃષ્ટિ આગળ દાસ, પરચા વરતાલે;
ભીડભંજન હનુમાન પાસ, પરચા વરતાલે. ૨
કીધો લીંબડો મીઠો દૂધ, પરચા વરતાલે;
ફળ ફુલ પાન કરી શુદ્ધ, પરચા વરતાલે. ૩
જન તોડી પત્ર હમેશ, પરચા વરતાલે;
લઈ જાયે દેશ વિદેશ, પરચા વરતાલે. ૪
વર્ષ એકનો આંબો બાળ, પરચા વરતાલે;
ફુલ્યો ફળ્યો સરવે ડાળ, પરચા વરતાલે. ૫





તે જોવા ગોમતી તીર, પરચા વરતાલે;
પ્રેમાનંદ કે' થાય બહુ ભીડ, પરચા વરતાલે. ૬

**પદ - ૩**

વરતાલે રણછોડ રાય, લીલા લેહેર કરે;
નિત્ય આનંદ ઉત્સવ થાય, લીલા લેહેર કરે. ૧
જન આવે અપરમપાર, લીલા લેહેર કરે;
અતિ પ્રેમ ભર્યાં નર નાર, લીલા લેહેર કરે. ૨
સહુ પામે જોઈ આનંદ, લીલા લેહેર કરે;
વહાલો ટાળે ભવના ફંદ, લીલા લેહેર કરે. ૩
વહાલે કીધાં જન નિષ્પાપ, લીલા લેહેર કરે;
જગ છાયો અતિ પરતાપ, લીલા લેહેર કરે. ૪
વહાલો પ્રગટ પ્રમાણની પેર્ય, લીલા લેહેર કરે;
આપે પરચા ઘેરો ઘેર, લીલા લેહેર કરે. ૫
કોઈ પ્રેમી જનને સાથ, લીલા લેહેર કરે;
બોલે પ્રેમાનંદનો નાથ, લીલા લેહેર કરે. ૬

**પદ - ૪**

વહાલો ભક્તિધર્મસુત શ્યામ, વરતાલના વાસી;
તેનું રણછોડ કેશવ નામ, વરતાલના વાસી. ૧
તેમને પરતાપે જીવ, વરતાલના વાસી;
થયા જીવ મટીને-શિવ, વરતાલના વાસી. ૨
જે જન સેવે કરી પ્યાર, વરતાલના વાસી;
આપે ધર્માદિક ફળ ચાર, વરતાલના વાસી. ૩
જેમ સાત પુરી ચાર ધામ, વરતાલના વાસી;
તેમ વરતાલ કીધી શ્યામ, વરતાલના વાસી. ૪
કીધી વરતાલ વૈકુંઠ તૂલ્ય, વરતાલના વાસી;
મુક્તિમય ધામ અમૂલ્ય, વરતાલના વાસી. ૫
પ્રેમાનંદ કહે નર નારી, વરતાલના વાસી;
ભજે વૃંદાવન વિહારી, વરતાલના વાસી. ૬

## રાગ : ગરબી પદ - ૧

જેજે શ્રીરણછોડ છેલ છબિલા રે, ભલે આવ્યા વરતાલ રસના રંગિલા રે;
જેજે શ્રીરણછોડ વરતાલવાસી રે, ટાળ્યાં દુઃખ જનમમરણ અવિનાશી રે. ૧
જેજે શ્રીરણછોડ રાય રૂપાળા રે, વા'લા બહુ લાગો છો વરતાલવાળા રે. ૨
જેજે શ્રીરણછોડ રાય રંગ લે'રી રે, ભલે આવી આંણા ચરોતરમાં ફેરી રે. ૩
જેજે શ્રીરણછોડ ધર્મના લાલ રે, ભલે નિજધામ કીધી વરતાલ રે. ૪
જેજે શ્રીરણછોડ રાય રંગ રસિયા રે, ભલે આવી વરતાલે હરિ વસિયા રે. ૫
જેજે શ્રીરણછોડજી મહારાજ રે, ભલે આવ્યા સઉંના સારવા કાજ રે. ૬
જેજે શ્રીરણછોડ રાય રૂડું કીધું રે, ભલે તમે સઉને દરશન દીધું રે. ૭
જેજે શ્રીરણછોડ બહુનામી રે, ભલે આવ્યા પ્રેમાનંદના સ્વામી રે. ૮

## પદ - ૨

ચાલો જોવા રણછોડરાય વરતાલે રે, આવે તેને ધર્માદિક ફળ આલે રે;
ચાલો જોવા લક્ષ્મીનારાયણરાય રે, જોઇ પ્રભુ જનમમરણ દુઃખ જાયે રે. ૧
ચાલો જોવા ભક્તિમાત ધર્મદેવ રે, હરિકૃષ્ણ મુક્તિ આપે તતખેવ રે. ૨
ચાલો જોવા વૃંદાવન વિહારી રે, શ્રીઘનશ્યામ હરે છે દુઃખ ભારી રે. ૩
ચાલો જોવા હરિના દશ અવતાર રે, મત્સ્ય કચ્છ શૂકર અમરઓદ્ધાર રે. ૪
ચાલો જોવા નરહરિરૂપ મોરારી રે, લે છે વાલો ભવસાગરથી ઉતારી રે, ૫
ચાલો જોવા શેષશાયી સુખકંદ રે, ટાળે વાલો ચોરાશીના ફંદ રે. ૬
ચાલો જોવા સૂરજદેવ આપોઆપ રે, ટાળે વાલો ત્રિવિધ તનના તાપ રે. ૭
ચાલો જોવા ભીડભંજન હનુમાન રે, આપે વાલો સુખસંપતનાં દાન રે. ૮
ચાલો જોવા ગજવદનો ગણ સ્વામી રે, હરે વાલો વિઘન અનેક બહુનામી રે. ૯
ગાયા સહુ દેવ વરતાલના વાસિ રે, કૃપા કરો પ્રેમાનંદ પર સુખરાશિ રે. ૧૦

## પદ - ૩

પુનમિયા સાંભળજ્યો હરિજન રે, પુનમનો મહિમા સુણો એકમન રે;
પુનમનો મહિમા છે અતિ ભારી રે, ગાયે શેષ શારદા અજ ત્રિપુરારી રે. ૧
પુનમનો મહિમા અપરમપાર રે, ગાયે વેદ પુરાણ વારમવાર રે. ૨
પુનમનો મહિમા છે અનહદ રે, ગાયે શુક સનકાદિક નારદ રે. ૩
પુનમે રાસ રમ્યા રણછોડ રે, પુર્યા વાલે ગોપિજનના કોડ રે. ૪





પુનમે મોરમુગટ ધર્યો માથ રે, રમ્યા વાલો રાસ ગોપિજન સાથ રે. ૫
પુનમે પુનમે દરશને જાય રે, તેને એક ડગલે જગનફળ થાય રે. ૬
જુવે જાઇ મુગટસહિત વ્રજચંદ રે, તેના ટળે જનમમરણના ફંદ રે. ૭
પુનમિયા હરિજન જે નિ'મ ધારી રે, પ્રેમાનંદ જાયે તેની બલિહારી રે. ૮

## પદ -૪

ચાલો સખિ ભલે આવી પૂરણ માસી રે, ચાલો જોવા રણછોડ વરતાલવાસી રે;
ચાલો સખિ મોરમુગટ ધર્યો વાલે રે, ચાલો સખિ વહેલાં જાઇએ વરતાલે રે. ૧
ચાલો સખિ વરતાલ ગોકુળધામ રે, ત્યાં તો નિત્ય રાસ રમે ઘનશ્યામ રે. ૨
ચાલો સખિ જાઇએ હરિના ગુણ ગાતાં રે, બળે પાપ પ્રભુજીને સન્મુખ જાતાં રે. ૩
ચાલો સખિ મોરમુગટ ધરી શ્યામ રે, ઉભા સામો શ્યામળિયો સુખધામ રે. ૪
ચાલો સખિ જોઇએ છેલ છોગાળો રે, વાલો શ્રીરણછોડ વરતાલવાળો રે. ૫
ચાલો સખિ મુગટસહિત મુખ જોઇએ રે, ચાલો સખિ જનમમરણ દુઃખ ધોઇએ રે. ૬
ચાલો ત્યાં તો આનંદ ઉત્સવ થાય રે, જોઇ વાલો આનંદ અંગ ન માય રે. ૭
ચાલો સખિ પુનમે જોઇએ પૂરણચંદ રે, વાલાપર વારી જઇએ પ્રેમાનંદ રે. ૮

## પદ - ૫

ધન્ય ધન્ય વરતાલ હરિનું ધામ રે, ત્યાં વાલો પ્રગટ વિરાજ્યા ઘનશ્યામ રે. ૧
ધન્ય ધન્ય વરતાલપુરના લોક રે, કીધાં વાલે મુક્તિ આપીને અવિશોક રે. ૨
ધન્ય ધન્ય વરતાલનાં નરનારી રે, જેણે જોયા ધર્મકુંવર ગિરિધારી રે. ૩
ધન્ય ધન્ય વરતાલપુરનો વાસ રે, જેને ઘરે પ્રગટ પધાર્યા અવિનાશી રે. ૪
ધન્ય ધન્ય વરતાલપુરની શેરી રે, વિચર્યા ધર્મકુંવર રંગલેરી રે. ૫
ધન્ય ધન્ય વરતાલની ફુલવાડી રે, ત્યાં પ્રભુ બેસતા જઇ દા'ડી દા'ડી રે. ૬
ધન્ય ધન્ય વરતાલની વૃક્ષ વેલી રે, વિચરતા હાર છોગલાં હરિ મેલી રે. ૭
ધન્ય ધન્ય વરતાલપુરની ધરણી રે, ફર્યા પ્રભુ લેઇ સાથે મુનિ વરણી રે. ૮
ધન્ય ધન્ય વરતાલના ચોકમાંઇ રે, ધર્યો વાલે મોરમુગટ સુખદાઇ રે. ૯
ધન્ય ધન્ય પ્રભુજી રમ્યા રંગરાગ રે, વાલે સઉ આનંદ પમાડ્યા નિજદાસ રે. ૧૦
ધન્ય ધન્ય બ્રહ્માદિકના નાથ રે, રમ્યા હોળી વરતાલે મુનિવર સાથ રે. ૧૧
ધન્ય ધન્ય અબીરગુલાલ ને રંગ રે, તેણે રંગ્યા નિજજન મુનિના અંગ રે. ૧૨
ધન્ય ધન્ય બે આંબા વરતાલે રે, તેણે બાંધ્યો હિંડોળો ધર્મલાલ રે. ૧૩

ધન્ય ધન્ય  પહેરી જામા જરકસીયા રે, બેઠા ફુલડોળે ધરમસુત રસિયા રે. ૧૪
ધન્ય ધન્ય  મોરમુગટ ધર્યો શિશ રે, સહુનાં સુફળ લોચન જગદીશ રે. ૧૫
ધન્ય ધન્ય  સુર નર મુનિ નારાયણ રે, ફર્યો વાલો ઘોડલાની ઘુંમરે વિંટાણા રે. ૧૬
ધન્ય ધન્ય વડતાલ વૈકુંઠ કીધી રે, સઉને વાલે દેહ છ તે મુક્તિ દીધી રે. ૧૭
ધન્ય ધન્ય વરતાલ લીલા રૂપ રે, સંભારતાં સાંભરે ધર્મકુળ ભૂપ રે. ૧૮
ધન્ય ધન્ય  મન વાણી ગુણપાર રે, તે પ્રભુ વિચર્યા શ્રીધર્મકુમાર રે. ૧૯
ધન્ય ધન્ય હરિની લીલા અનંત રે, ગાતાં શેષ શારદા નવ પામે અંત રે. ૨૦
પ્રેમાનંદ એક રસના શું ગાવું રે, કર જોડી પ્રભુ પદ શિષ નમાવું રે. ૨૧

**રાગ : ગરબી પદ - ૧**

(તારી બાનકી બલહારી રે, લાલજી લટકાળા એ રાગ).

સખિ ચાલો જઈએ વરતાલ રે, રણછોડરાય જોવા;
આજ મુગટ ધર્યો છે નંદલાલ રે, રણછોડરાય જોવા. ટેક. ૧
સખિ આજ પુનમનો દન રે, રણ૦ વાલો જઈએ જોવા જીવન રે. રણ૦ ૨
પહેર્યા જરકસી જામા શ્યામ રે, રણ૦ ધર્યો મુગટ વાલે છબીધામ  રે. રણ૦ ૩
જોઈ કેસર તિલક વાધે પ્યારે રે, રણ૦ કાને કુંડળ મકરાકાર રે. રણ૦ ૪
પહેર્યા આભૂષણ અતિસાર રે, રણ૦ જાય પ્રેમાનંદ બલિહાર રે. રણ૦ ૫

**પદ - ૨**

આજ પુનમ સપરમો દિન રે, ચાલ સખિ વરતાલે;
મારે મોહન જોયાનું મન રે, ચાલ સખિ વરતાલે. ટેક ૧
જોઈએ રણછોડરાય રંગ છેલ રે, ચાલ૦ વાલો છોગાંવાળો અલબેલ રે. ચા૦ ૨
એ નેણાંતણું ફળ જાણ રે, ચાલ૦ કહે શાસ્ત્ર વેદ પુરાણ રે.  ચા૦ ૩
જોઈએ નેણાં ભરી મહારાજ રે, ચાલ૦ થાય અવતાર લેખે આજ રે. ચા૦ ૪
થાય જનમ મરણ દુઃખ દૂર રે, ચાલ૦ પ્રેમાનંદ જોઈ શોભા સુર રે. ચા૦ ૫

**પદ - ૩**

ચાલો  પુનમે પુનમે જોવા  રે, રસિયો વરતાલે;
ચાલો જનમ મરણ દુઃખ ખોવા રે, રસિયો વરતાલે. ટેક. ૧
હરિ મુખ જોઈ મુક્તિ થાય રે, રસિ૦ દુઃખ અનેક જનમનાં જાય રે. ૨.૨
પુરે મનના સરવે કોડ રે, રસિ૦ વરતાલે શ્રીરણછોડ રે  ૨.૩





ધરે મુગટ પુનમે શ્યામ રે, રસિ૦ આવે સુરમુનિ જોવા તજી ધામ રે. ૨.૪
થાયે મગન જોઈ સુખકંદ રે, રસિ૦ બલહારી પ્રેમાનંદ રે. ૨.૫

**પદ - ૪**

ધન્ય પુનમિયાં નરનાર્ય રે, આવે વરતાલે;
એના પુણ્યતણો નહિ પાર રે, આવે વરતાલે. ટેક. ૧
એક ડગલે જગનાફળ થાય રે, આવે૦ એનાં જનમ મરણ દુઃખ જાયરે. આ. ૨
થાયે સુતવિત્ત સુખ જાયે રોગ રે, આવે૦ પામે મનવાંછિત બહુ ભોગરે. આ. ૩
જે નિર્વાસનિક હરિજન રે, આવે૦ એનું પ્રભુપદ ચોટે મન રે.  આ. ૪
હરિજન સહુ સમઝિ એમ રે, આવે૦ પ્રેમાનંદ કે' ન ત્યાગવાં નેમ રે.  આ. ૫

**રાગ : ગરબી પદ - ૧**

વનમાં વાગે રસાળી વેણ, સાંભળ સાહેલી રે;
શરદ પુનમની અજવાળી રેણ. સાં૦ ૧
મીઠી લાગે છે વિરહને જોર, સાં૦ ખટકે છે આવી કાળજડાની કોર. સાં૦ ૨
મરમ ભરી વાગે ઘેરે નાદ, સાં૦ જાણીએ આપણને દે છે સાદ. સાં૦ ૩
મન્મથ મારે છે વિરહના બાણ, સાં૦ મળવા થાય છે તનમાં તાણ. સાં૦ ૪
નથી હવે રહેતી મારે હૈડે ધીર, સાં૦ થઈ છું વ્યાકુળ વહે નેણે નાર. સાં૦ ૫
વાંસળી વધારે છે હૈડે વા'લ સાં૦ ચાલ હવે નંદલાલ. સાં૦ ૬
દીધો કોલ હરિરમવા કાજ, સાં૦ પુરો બોલ થયો છે આજ. સાં૦ ૭
નિસર્યાં ગોપીજન રમવા રાસ, સાં૦ પ્રેમાનંદના વા'લાને પાસ. સાં૦ ૮

**પદ - ૨**

ઉભલા મોહન જમુના તીર, શોભે શ્યામળીઓ રે;
નટવર સુંદર ઘનશ્યામ શરીર. શો૦ ૧
મોર મુગટ મકરાકાર કાન. શો૦ કૃપાસિંધુ હરિ રૂપનિધાન. શો૦ ૨
ચંચળ લોચન છે ભાલ વિશાળ, શો૦ ઉરપર ઓપે વૈજ્યંતી માળ. શો૦ ૩
કટિપર પહેર્યાં પીતાંબર સાર. શો૦ ચરણે ચાખડીયો ચટકાદાર. શો૦ ૪
અધર વિરાજે અલબેલી વેણ, શો૦ મધુરી વાયે હરિ સુંદર નેણ. શો૦ ૫
હસતાં હરી વધારે વા'લ શો૦ ગોપી રીઝયાં જોઈ નંદનો લાલ. શો૦ ૬
ચરણે લાગ્યાં ગોપી જોડી હાથ, શો૦ બળના બોલ્યા હસિ ગોપીનાથ.  શો૦ ૭

કહો કેમ આવ્યાં તમે મેલી ધામ, શો૦ ગોપીને પુછે પ્રેમાનંદનો શ્યામ. શો૦ ૮

પદ - ૩

વ્રજમેં શોરે થયો ઉતપાત,કો'ને વ્રજનારી રે,
સઉં કેમ આવ્યાં તમે અર્ધિ રાત. કો૦ ૧
આવ્યાં જોવાને વૃંદાવન, કો૦ મુજને જોયાનું થયું મન. કો૦ ૨
જુવો વૃંદાવન કુંજ કુટીર, કો૦ કમળ ફુલ્યાં જુવો જમુના તીર. કો૦ ૩
બોલે કોકીલા મધુકર મોર, કો૦ બોલે સારસ હંસ ચકોર. કો૦ ૪
વન જોઈ જાઓ ઘેર વ્રજનીનાર, કો૦ ખોળતા હશે તમને ભાઈ ભરતાર. કો૦ ૫
કુળવંત નારીનો એ છે ધર્મ, કો૦ નિજપતિ સેવે સતી જાણી મર્મ. કો૦ ૬
નિજપતિ રોગી અંધ હોય નિર્ધન, કો૦ તોય ન ત્યાગે સતી શુદ્ધ મન. કો૦ ૭
એમ હરિ બોલ્યા મરમાળાં વેણ, કો૦ પ્રેમાનંદનો પ્યારો પંકજનેણ. કો૦ ૮

પદ - ૪

ગોપી બોલ્યાં ધરી અંતર ધીર, હો અલબેલાજી રે;
ખોતરે ભુમિ વહે નેણ નીર. હો૦ ૧
પતિ તમે સાચા હરિ પ્રાણઆધાર, હો૦ તમપર વારી નાખ્યો સંસાર. હો૦ ૨
આવ્યાં કરી સઉથી વેર, હો૦ તજીશું પ્રાણ ના જઈએ ઘેર, હો૦ ૩
રસિયારાજ રમાડો રાસ, હો૦ અમને ઘણા રે દિવસની આશ. હો૦ ૪
અમને રાસ રમ્યાના કોડ, હો૦ પુરો આશ રસિયા રણછોડ. હો૦ ૫
પાવો અધર સુધારસ શ્યામ, હો૦ હરિવર પુરો હૈડાની હામ. હો૦ ૬
શોભાસાગર સુંદર છેલ, હો૦ ઉર પર લીજે આવો અલબેલ. હો૦ ૭
પૂરણ જાણી ગોપીની પ્રીત, હો૦ પ્રેમાનંદ કે' હસિ ચોર્યાં ચિત્ત. હો૦ ૮

પદ - ૫

રમે રાસ ગોપી ગોપાળ, જમુનાં તીરેજીરે, લટકાં કરે લટકાળો લાલ. જ. ૧
એક એક ગોપી ને એક એક કાન, જ૦ કંઠ ભુજ મેલી કરે અધરપાન. જ. ૨
ચંચળ નેણાં ચલાવે નાર, જ૦ ઉપર લે'કે નવસરીયો હાર. જ. ૩
કરવર ઝાલી ફરે ફુદડી રે, જ૦ થેઈ થેઈ થાયે નાચે નવલીપેરે. જ. ૪
ભુજ ભરી ભીડે વાલાને વાંસ, જ૦ કુચ ભુજ પીડે હસી સુંદર શ્યામ. જ. ૫
ગોપી ગાયે લે ઉંચી તાન, જ૦ મોહન આપે વખાણી માન. જ. ૬





સુંદર વાગે અતિ તાલ મૃદંગ, જ૦ આનંદ જાયે ઉભરણો અંગ. જ. ૭
શ્રમજળ છુટ્યાં અંગે અપાર, જ૦ પ્રેમાનંદ જોઈ બલિહાર. જ. ૮

પદ - ૬

સુંદર શોભા સખી કહી ન જાય, નાચે નટવર જીરે;
સુર નર મુનિ જોઈ રહ્યા લોભાઈ, ના૦ ૧
નૌતમ નાચે સંગીતની ચાલ, ના૦ રમઝમ વાજે ધુઘરડી રસાળ. ના૦ ૨
વાજે દોકડ સારંગી તાર, ના૦ ગાયે સુંદર શ્રીનંદકુમાર. ના૦ ૩
સાતે સ્વર લઈ ત્રણ્યે ગ્રામ, ના૦ રાગણી રાગ આલાપે શ્યામ. ના૦ ૪
ગગને છાયાં સુરમુનિ વિમાન, ના૦ જોઈને મોહ્યા સુરમુનિ વિજ્ઞાનિ. ના૦ ૫
વરષે દેવ કુસુમના મેહ, ના૦ ઉપજ્યો નાથ જોઈ નવલ સનેહ. ના૦ ૬
ધન્ય જમુના ધન્ય વૃંદાવન ધામ, ના૦ ધન્ય ધન્ય ગોપી ધન્ય ગોકુળ ગામ. ના૦ ૭
ધન્ય રસ રાસ રમે ગોકુળચંદ, ના૦ નિરખી ગાયે ધન્ય પ્રેમાનંદ. ના૦ ૮

શરદ પુનમનો ગરબો પદ - ૧

ગોપિ આવોને ગોકુળ ગામની રે લોલ,
રમિએ ગરબે સરસ શોભે જામની રે લોલ. ૧
સખિ આજ આનંદનો દિન છે રે લોલ,
આજ ગરબે રમ્યાનું મન છે રે લોલ. ૨
ગરબે ગોવિંદ તણા ગુણ ગાઈયે રે લોલ,
હરિના ગુણસાગરમાં નાઈયે રે લોલ. ૩
રમિયે ગોકુળ ગામના ચોકમાં રે લોલ,
હરિ બેઠા હવેલીના ગોખમાં રે લોલ. ૪
આવિ ઠામ ઠામની ટોળે મળી રે લોલ,
રમે હેતે પ્રીતે હળિ મળી રે લોલ. ૫
આવ્યાં રાધિકાજી રંગભર રમવા રે લોલ,
મધુસૂદન તણે મન ગમવા રે લોલ. ૬
પહેર્યાં વસ્ત્ર આભૂષણ શોભતાં રે લોલ,
કાનકુંવર તણા મન લોભતાં રે લોલ. ૭
ગાયે ગરબી મીઠે સ્વરે માનિની રે લોલ,
સુંદર શોભે શરદ કેરી ચાંદની રે લોલ. ૮

ગાયે ઉચ્ચ સ્વરે પાડે તાળીયો રે લોલ,
ચરણે ધમકે છે ઝાંઝરી રૂપાળિયો રે લોલ. ૯
કરે લટકાં ગોપી સુંદર હાથનાં રે લોલ,
મન મોહ્યાં પ્રેમાનંદના નાથના રે લોલ. ૧૦

**પદ - ૨**

રંગ જામ્યો છે રમતાં અતિઘણો રે લોલ,
પ્રેમ કહ્યામાં ન આવે ગોપી તણો રે લોલ. ૧
પ્રેમ પ્રીતની તો રીત ઘણી વેગળી રે લોલ,
તેતો જાણે જેણે દીઠી સાંભળી રે લોલ. ૨
શું જાણે સંસારી એ મર્મમાં રે લોલ,
ઘણાં દુઃખ લખ્યાં જેના કર્મમાં રે લોલ. ૩
એમ રમે આનંદમાં ગોપિયો રે લોલ,
હરિ-સારૂં તે લોક લાજ લોપિયો રે લોલ. ૪
એક એકથી અધિક શોભે સુંદરી રે લોલ,
ગાયે ગોવિંદના ગુણ પ્રેમે ભરી રે લોલ. ૫
મન અર્પણ કર્યાં છે હરિચરણમાં રે લોલ,
ચિત્ત ચોંટ્યાં સુંદર શ્યામ વરણમાં રે લોલ. ૬
ગોપી કૌતુક કરે છે કોઈ ભાતના રે લોલ,
પ્રેમ નેમ જેમ હોય ખેલ ખાંતનાં રે લોલ. ૭
કોઈ અધર ઉછાળી ગરબો ઝીલતી રે લોલ,
કોઈક ફરે બેડું માથે મેલતી રે લોલ. ૮
કોઈક માંટલી ઉછાળી અધર તાકતી રે લોલ,
કોઈ હરિપર નેણબાણ નાખતી રે લોલ. ૯
એમ પ્રેમમાં ગોપી ગરબે ફરે રે લોલ,
પ્રેમાનંદના નાથને રાજી કરે રે લોલ. ૧૦

**પદ - ૩**

ગોપિ ગરબો રમે છે તેવતેવડી રે લોલ,
સુંદર શોભે છે સરવે રાધા જેવડી રે લોલ. ૧





સજી નવસાત શણગાર શોભતી રે લોલ,
મનમોહન તણા મન લોભતી રે લોલ. ૨
હિર હેમનાં પે'ર્યાં છે પટ અંગમા રે લોલ,
ઉર આભૂષણ જડિયલ નંગમાં રે લોલ. ૩
સરસ સુમન ગુંથ્યાં છે રૂડી વેણમાં રે લોલ,
આંજ્યાં આંજણ અણિયાળા નેણમાં રે લોલ. ૪
સિંદુર માંગ સમારિ રળિયામણી રે લોલ,
ભાલે આડ કરી છે કુંકુમતણી રે લોલ. ૫
કરણ ફુલને શોભે છે શીશ દામણી રે લોલ,
ચંદ્રકળાની સરસ શોભા બની રે લોલ. ૬
નાકે વાળી રૂપાળી રતને જડી રે લોલ,
કોટે કંઠી તુલસી હેમ હાંસડી રે લોલ. ૭
ઉર આભૂષણ અપરમપાર છે રે લોલ,
ચરણ વિછુંવા ઝાંઝર ઝણકાર છે રે લોલ. ૮
કર કંકણ કંચન ચુડો ચળકે રે લોલ,
નખશિખ અંગ આભરણ ઝળકે રે લોલ. ૯
જોઈ મોહ્યા છે સુંદરવર છેલડો રે લોલ,
પ્રેમાનંદનો પ્યારો અલબેલડો રે લોલ. ૧૦

**પદ - ૪**

મોહન બેઠા છે આવીને અટારીયે રે લોલ,
સજ્યો શણગાર અંગ ગિરિધારીયે રે લોલ. ૧
બાંધ્યો ફેંટો આંટાદાર જરકસી રે લોલ,
શોભા ત્રિભોવનની આવી વસી રે લોલ. ૨
ફુલ તોરા લટકે છે સુંદર પાઘમાં રે લોલ,
કેશર તિલક વિરાજે ભાલમાં રે લોલ. ૩
ગુચ્છ ખોશ્યા ગુલાબી બે કાનમાં રે લોલ,
કર તાળી પાડે છે ભેળા તાનમાં રે લોલ. ૪

ઉર હાર ગજરા ને બાજુ બાંધીયા રે લોલ,
ગોપિ નેણાં સાથે નેણ સાંધિયા રે લોલ. ૫
પહેર્યાં પીતાંબર ઓઢી જોડી સાલની રે લોલ,
શોભા શીરે વખાણું નંદલાલની રે લોલ. ૬
મુખ મધુર મધુર હસતા હરિ રે લોલ,
હેત પ્રીતની તો વાત નવ જાય કરી રે લોલ. ૭
અતિ આનંદ વરસે છે સુંદર નેણમાં રે લોલ,
વળી વા'લપ ઘણી વા'લાના વેણમાં રે લોલ. ૮
હરિ હસતા હસતા નાંખી કાંકરી રે લોલ,
આવી વાગી રાધાને ઉર આકરી રે લોલ. ૯
રાણી રાધા ઉંચુ જોઇને હસ્યાં રે લોલ,
પ્રેમાનંદનો પ્યારો ઉરમાં વસ્યા રે લોલ. ૧૦

**રાગ : ઠુમરી પદ - ૧**

દોઉં ઠાડેવે કદમઉંકી છૈયા; દોઉં૦ ટેક
ગૌર બરન હે જેઠ હમારે, શ્યામ બરન મેરે સૈયા. દોઉં૦ ૧
ગૌરકો નામ હે હલધર ભૈયા, શ્યામ કો નામ કનૈયા. દોઉં૦ ૨
ગૌરકે શિરપર જરકસી ચીરા, શ્યામ શિર મુકુટ ધરૈયા. દોઉં૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, રહો મેરે અંખિયનમૈયા. દોઉં૦ ૪

**પદ - ૨**

મોરે બાલમ બીરાજે આજુ બગિયાં; મોરે૦ ટેક.
ફુલોંદા હાર બાજુબંધ ગજરા, ફુલોંદી બાંધી પ્યારે પાંગયા. મોરે૦ ૧
નબિન તરુતરે શ્યામ બીરાજે, બેઠે ગ્વાલ બાલ ગાયે અગિયા. મોરે૦ ૨
ચકિત ભઈ લખી રૂપ શ્યામકો, ઠાડી ચીતવત એક ટગિયા. મોરે૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ છબીલે, મોહની લગાય મોયે ઠગિયા. મોરે૦ ૪

**પદ - ૩**

બ્રંદાવનકી સઘન કુંજ ગલિયાં; બ્રંદા૦ ટેક
પ્રફુલ્લિત તરૂન લતા બન બેલી, કેસર કુસુમકી કલિયાં. બ્રંદા૦ ૧
ગુંજત ભમર કોકિલા કુંજત, બીચ શ્યામ બજાવે મોરલિયાં. બ્રંદા૦ ૨
બંસી શ્રવન સુની બીરહા સતાવે, કેસી કરૂં મોરી અલિયાં . બ્રંદા૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ મીલે તો, લેઉગી મેં હસી હસી બલિયાં. બ્રંદા૦ ૪





**પદ - ૪**

આજ બંગલેમેં ઘુંઘરુ બાજે; આજ૦ ટેક.
બ્રંદાવનકી કુંજમેં બંગલા, તહાં રાધાશ્યામ બીરાજે. આજ૦ ૧
બાજત મૃદંગ ગત ગાવત ગોપી ગન, થેઈ થેઇ હોત સમાજે. આજ૦ ૨
નાચત સુંદર શ્યામ રાધિકા, નિરખી રતિપતિ લાજે. આજ૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ સુંદર છબી, અબિલોકીત દુઃખ ભાજે. આજ૦ ૪

**રાગ : રેખતા પદ - ૧**

જમુનાકે તીર ઠાડો નંદલાલ બંસીવારો;
ચિતવતહિં ચિત્ત મોહે, બાંકે નેનકો નજારો. જમુ૦ ટેક.
જળ ભરન ગઈથી જમુના, શિરતે ઉઘાડો ઉતારો;
ઘુંઘટકી ઓટ ખોલી દેખ્યો મેં કહાનો કારો. જમુ૦ ૧
ચંદનકી ખોર કીને, શિર મોરમુગટ ધારો;
પટ પીત હાથ મોરલી લીએ નંદકો દુલારો. જમુ૦ ૨
આછી બજાવે બાંસુરી, ગાવે જ્યું તાન પ્યારો;
મધુરીસી મીઠી બોલની, મેરા મનકું બેંધી ડારો. જમુ૦ ૩
ચંચળ વિલાસ નેના મનમથકો માન ગારો;
પ્રેમાનંદ કે' ચીતઉંતે હોન ન દેઉં ન્યારો. જમુ૦ ૪

**પદ - ૨**

ઠાડો કદમકી છૈયાં, બ્રજરાજકો કનૈયા;
કહા કહું સલોને રૂપકી, કછુ જાત નાહીં કૈયાં. ઠાડો૦ ટેક.
પગિયાં અનુપ ભાગપેં અનુરાગસું બનૈયાં;
કેશરકે તિલક શોભા ત્રિભુવનકી છીન લૈયા. ઠાડો૦ ૧
કુંડળકી ઝળક સોહે સુકપોલનીમેં ઝૈયાં;
એ જ્યું મીન માનું સરવર તજી મીલનહે ઐયાં. ઠાડો૦ ૨
ભ્રકુટી બંક ચપળ નેન ચિતવની ચીતૈયાં;
મૃગ મીન નલિન ખંજન છબી દેખકે લજૈયાં. ઠાડો૦ ૩
ઝુકી રહ્યો તકી નાસાશુક અધરબિંબ પૈયાં;
છબી દેખી પ્રેમાનંદ મગન પરત ચરન મૈયાં. ઠાડો૦ ૪

**પદ - ૩**

ઈન સાંવરે ગુમાની મોયે કીની હે દિવાની;
નેનનકી સેનઉંમે મેરા મનકું લીનો તાની. ઈન૦ ટેક.
જમુના ગઈથી આલી ભરવેકું હું જો પાની,
આયેવે શ્યામ કુંજતે અકેલી મોયે જાની. ઈન૦ ૧
ઘનશ્યામ સુંદર છેલો બોલે જો મીઠી બાની;
હસની ચિતવની ચલની મોરે મનકે બીચ માની. ઈન૦ ૨
અંખિયાં ભઈ ઉતાવરી છબી દેખકે લોભાની;
મોરી બાંહ દાહની સો મીલબેકું ફરકાની. ઈન૦ ૩
વેતો ચતુર આતુર સુનહે સખી સયાની;
પ્રેમાનંદકો નાથ મીલકે કીની હે ઉર નિશાની. ઈન૦ ૪

**પદ - ૪**

દેખોરી આલી શોભા બને કુંજકે બિહારી;
મનોજ તરુન કોટિક છબીપેં જાત વારી. દેખો૦ ટેક.
ચંચળ બિશાલ નેનમેં સખી દેખરી ખુમારી;
છીન લીન શરદ પંકજકી સુન્દરતા સારી. દેખો૦ ૧
નવિન જલકી ધ્યુતિ છીન લીન ગિરિધારી;
દેખરી આકાશ સોહત માનું જેશી ઝુંઠી થારી. દેખો૦ ૨
ઉર ઉતંગ ભુજ અજાન નલિન નાભી પ્યારી;
છીન લઈ ગતિ કલહંસકી ગયે માનસર બિચારી. દેખો૦ ૩
બ્રજકી વધુ વિલોકે છબી બેઠીકે અટારી;
પ્રેમાનંદકો નાથ આવત ઘનશ્યામ આનંદકારી. દેખો૦ ૧૪

**રાગ ગરબી પદ - ૧**

સાંભળ સજની લીલા પુરુષોત્તમ તણી;
એક સમાની સંભળાવું અતિ સાર જો. સાંભળ૦ ટેક.
શુક સનકાદિક ભવ બ્રહ્મા વાંસે ફરે;
જોવાને સાંભળવાનો ઘણો પ્યાર જો. સાંભળ૦ ૧
ધર્મકુંવર પ્રગટ થઈને પધારીયા;
પુરવથી પશ્ચિમમાં પુરણચંદ જો.





ગુર્જર સોરઠ કંક દેશ બહુ વિચર્યા;
અક્ષરપતિ સંગ લઈ મુક્ત મુનિનાં વૃંદ જો. સાંભળ૦ ૨
કંક દેશમાં અતિ પાવન એક પુર છે;
દુર્ગનગર શુભ ઉન્મત સરિતા તીર જો.
કુલ સહિત પુરપતિ શ્રીહરિનો દાસ છે;
અભયાત્મજ ઉત્તમ નૃપતિ મહાધીર જો. સાંભળ૦ ૩
ત્યાં રહીને શ્રીહરિએ બહુ લીલા કરી;
કહેતાં સાંભળતાં શેષ ન પામે પાર જો.
પ્રેમાનંદ કહે આસપાસનાં ગામમાં;
રહીને પાવન કીધાં બહુ નરનાર જો. સાંભળ૦ ૪

**પદ - ૨**

સાંભળ સજની નામ કહું તે ગામનાં;
બોટાદને કારીયાણી સારંગપુર જો. સાંભળ૦ ટેક.
ઝીંઝાવદર ને કુંડળ નાગડકું સહી;
સુંદરીયાણું લોયાપતિ નૃપ સૂર જો. સાંભળ૦ ૧
એ આદિક જે ગામમાં રહીને નાથજી;
લીલા કરી તે કોઈથી નવ કહેવાય જો.
શેષ શારદ કવિ કોટિક તે થાકે લખી;
પાર ન પામે અનંત જન્મ વહી જાય જો. સાંભળ૦ ૨
લવમાત્ર લીલા કહું હું લોયા ગામની;
રહ્યા નિરંતર માસ બે સુધી ત્યાંય જો.
સહસ્રાવધિ સાથે મુનિ મુક્ત હરિજન જો;
જમે જમાડે સ્વામી મુનિ દ્વિજરાય જો. સાંભળ૦ ૩
નિજ હાથે નિત્ય શાક કરી વન્તાકનાં;
મુનિવર સારું મોહન આનંદ કંદ જો.
પોતે પીરસે પુરુષોત્તમ કરી પ્રીતશું;
જમે ને નિરખી હરખે પ્રેમાનંદ જો. સાંભળ૦ ૪

### પદ - ૩

વળી વખાણું શાકોત્સવ લીલા કરી;
નયણે નિરખ્યા કરતા સુંદર શાક જો. વળી૦ ટેક.
દ્વાદશ મણ એકાક્ષર તો વઘારમાં;
જોવા આવ્યા શિવ બ્રહ્મા તજી નાક જો. વળી૦ ૧
ચીરીઓ ચાર સુધારી તે વંતાકની;
મેલે મોટા ભાંડમાંહી ભગવાન જો.
લવણ મસાલો હલદી મરચાં માવજી;
નિજ હાથે લઈ નાખે કૃપાનિધાન જો. વળી૦ ૨
હલદીવાળા હાથ લુવે નીજ ધોતીએ;
શોભે સુંદર પીળે પટ પરિબ્રહ્મ જો.
અક્ષરપર પુરુષોત્તમજીએ નરવપુ ધર્યું;
જાણે મોટા મુનિ એકાંતિક મર્મ જો. વળી૦ ૩
શું વર્ણવું એ શાકતણા સવાદને;
રમા રાધિકા તે ડોલાવે શીશ જો.
ભવ બ્રહ્મા સુરને તો સ્વપ્ને નવ મળે;
પ્રેમાનંદને પીરસે નિત્ય જગદીશ જો. વળી૦ ૪

### પદ - ૪

જમે જીવનજી શાક કરેલ નિજ હાથનું;
સુંદર ઝીણી રોટલીયું રસ રૂપ જો. જમે૦ ટેક.
વખાણી વખાણી ને આપે શ્રીહરિ;
પાસે બેઠા નિજજન મુનિ અનુપ જો. જમે૦ ૧
શાક પાક બીજા અનંત ભાતનાં થાળમાં;
ખટરસ ભોજન ચાર પ્રકાર કહેવાય જો.
ભક્ષ્ય ભોજ્ય ને લેહ્ય ચોશ્ય જમે હરિ;
નીરખી નીરખી નેણાં શિતળ થાય જો. જમે૦ ૨
જમી ચળુ કરી મુખવાસ લઈને નાથજી;
કટિ બાંધે કસી આડસોડે લઈ ખેસ જો.





પીરસે શાક પંગતમાં અતિ પ્રીત કરી;
મુનિવરને હરિજનને નટવર વેશ જો. જમે૦ ૩
આનંદ રસ એમ નિત્ય વરસે શ્રીનાથજી;
નિજજનને સુખ આપે આનંદકંદ જો.
અતિ અઘહારી ચરિત્ર કરે નિત્ય નિત્ય નવાં;
નીરખીને જાય વારી પ્રેમાનંદ જો. જમે૦ ૪

### પદ - ૫

ધન્ય ધન્ય શું વર્ણવું ભાગ્ય લોયાતણાં;
ધન્ય નરનારી ધન્ય નૃપ સુરો ભક્ત જો. ધન્ય૦ ટેક.
અતિ અઘહારી ચરિત્ર પુરુષોત્તમતણાં;
ગાઈ વિચારી પાતક પ્રલય થાય જો. ધન્ય૦ ૧
પરમ પુરુષ શ્રીનારાયણ નિત્ય રમે જમે;
લોયામાં શ્રીભક્તિધર્મ કુમાર જો.
નિજજનને ઘર આંગણ જઈ પગલાં ધરે;
દર્શન દેવા પ્રીતે પ્રાણ આધાર જો. ધન્ય૦ ૨
એક સમે લોયામાં ચંદ્રગ્રહણ થયું;
ભદ્રાવતી નદી ન્હાવા પધાર્યા નાથ જો.
અશ્વને શકટ જોડાવી શ્રીહરિ નિસર્યા;
મુનિવરને હરિજન સહુ લઈને સાથ જો. ધન્ય૦ ૩
શરદ ઋતુમાં શીતતણું જોર અતિ ઘણું;
મુનિવર શ્રીહરિ નાહીને તાપ્યા તાપ જો.
પ્રેમાનંદ કહે નાહીને પ્રભુજી પધારીયા;
ગાજતે વાજતે અખિલલોકપતિ આપ જો. ધન્ય૦ ૪

### પદ - ૬

વળી વખાણું લીલા લોયા ગામની;
સુણતાં શ્રવણે પાતક પ્રલય થાય જો. વળી૦ ટેક.
દુર્લભ છે સુરપુર વાસી નરનારને;
વ્યાસ વિરંચી શુક નારદ નિત્ય ગાય જો. વળી૦ ૧

શ્રીહરિના બંધુ બે આવી ત્યાં મળ્યા;
રામપ્રતાપ ને નાના ઈચ્છારામ જો.
ખબર સુણી અતિ હરખે આવ્યા દેશથી;
ઘણેક કાળે ભેટ્યા સુંદરશ્યામ જો. વળી૦ ૨
લોચનભરી નીરખ્યા અઘમોચન નાથને;
જેમ અતિ પ્રીતે નિરખે ચંદ્ર ચકોર જો.
ઓળખે ચિહ્ન એધાણી સર્વે અંગમાં;
બાળપણમાં દીઠાં હતાં જે મોર જો. વળી૦ ૩
એમ લોયામાં રહીને બહુ લીલા કરી;
શેષાદિક કવિ કોટિ ન પામે પાર જો.
એક રસનાએ અલ્પ કવિ શું દાખવે;
મન કર્મ વચને પ્રેમાનંદ બલિહાર જો. વળી૦ ૪

**રાગ : ઠુમરી પદ - ૧**

યાર કનૈયા નીકો જારે, પ્યારે ન મારો નેન રસિયા; યાર૦ ટેક.
નેન સેનકી પીરા જીયરા, પરત નાહીં પળ ચેન રસિયા. યાર૦ ૧
તોરે નેન અતહિં અનિયારે, ખટકતહેં દિનરેન રસિયા. યાર૦ ૨
નેના રાતે મદન રસમાતે, રેખે રસભરી એન રસિયા. યાર૦ ૩
પ્રેમાનંદ કહે પ્યારે પીર ન જાનો, ના માનો સુખદેન રસિયા. યાર૦ ૪

**પદ - ૨**

છાંડ કનૈયા બૈયાં મોરી, જી ના બોલો ગ્વાલ બતિયાં; છાંડ૦ ટેક.
નંદકુંવર નખરે ન કરોરે, ના છુવો મોરી લાલ છતિયાં. છાંડ૦ ૧
અબહિં શ્યામ તેં છોટો લરીકા, થોરી હે ગોપાળ મતિયાં. છાંડ૦ ૨
હમ પરનારી રાજ કંસકો, ના સીખો કુચાલ ધતિયાં. છાંડ૦ ૩
પ્રેમાંનંદ કે' પ્યારે માનો, પકરી જૈહો કાલ રતિયાં. છાંડ૦ ૪

**પદ - ૩**

આય લંગરવા તોરયો હરવા, ગિરધર કર બરજોર ચોરિયાં; આય૦ ટેક.
લે ગયો દુલરી તીલરી ચોલરી, પંચલરિયાંકી છોર દોરિયાં. આય૦ ૧
ઘુંઘટ ખોલી બદન અવિલોકે, જ્યું ચંદાકી ઓર ચકોરિયાં. આય૦ ૨





સો સો દીની મેં રામ દુહૈયા, એક ન માની મોર નીઠોરિયાં. આય૦ ૩
પ્રેમાનંદકો નાથ ગોકુળમેં, ઘર ઘર તાકત ચોર ગોરિયાં આય૦ ૪

**પદ - ૪**

લૂટરે જમુનાકે તટવા, નાગર નટવા છેલ ગુજરિયાં; લૂટ૦ ટેક,
દધવારી ઠાડી રહોરે સુંદર પરમ સયાન,
લે લકુટી ઠાડે હરિ હ્યાં લાગત હમારો દાન. ગુજ૦ ૧
કહા લદે હમ જાતહે રે લોંગ સોપારી છેલ,
દાન કાહેકો લેતહો રે રોકી હમારી ગેલ. ગુજ૦ ૨
મટુકિયામેં કા' ભર્યોરી સુધે ન બોલો બેન,
જો હોયે સોઉ દે દેઉરી કા' ચમકાવતી નેન. ગુજ૦ ૩
મોહન યા મગ જાતહે રે હમ દધી બેચન નીત,
પ્રેમાનંદકે નાથ કબઉરે ના સુની દાનકી રીત. ગુજ૦ ૪

**રાગ : ઠુમરી પદ -૧**

ભલાજી મેરો કંગના નિકારી ગયોરે, કદમકી કુંજમેં; મેરો૦ ટેક.
આય અચાનક નિઠુર નંદકે, ભલાજી મેરો પોંચા પકરી ગહ્યો રે. કદ૦ ૧
કંગના નિકારી ગારી મોયે દીની, નાહક મોસું ઝગરો મચાય દયો રે. કદ૦ ૨
ઈત ગોકુળ ઉત મથુરા નગરી, ભલાજી મેરો કોન સુને ક્યો રે. કદ૦ ૩
પ્રેમાનંદકો નાથ સાંવરો, છક્યો મદ જોબન તરુન ભયો રે. કદ૦ ૪

**પદ - ૨**

ભલાજી મેરી મટુકી છિનાય લીની રે, સાંવરિયા યારને; મેરી૦ ટેક.
મેં દધી-બેચન ચલી રે ગોકુળસેં, ભલાજી મોયે બીચમેં,
બેહાલ કીની રે. સાંવ૦ ૧
દધી મેરો ખાય મટુકી મેરી ફોરી, લંગરવાને ઝટકી પટકી દીની રે. સાંવ૦ ૨
દે દે ગારી જીયા મેરો જારી, સટકી ગયો કુંજમેં કંગના છીની રે. સાંવ૦ ૩
પ્રેમાનંદ કહે સઘન કુંજમેં, પોકારતી ગ્વાલની રંગભીની રે. સાંવ૦ ૪

**પદ - ૩**

ભલાજી મેરો બરજ્યો માનત નાઈરે, બેદરદી સાવરો; મેરો૦ ટેક.
કર બરજોરી મેરો બાજુબંધ છોરયો, જાનીકે મેરી પકરી મરોરી બાંઈ રે. બેદ૦ ૧
બાજુબંધ છોરી નેના ભર મારી, સટક ગયો સાવરો કુંજમાંઈ રે. બેદ૦ ૨

કાલ લે ગયો મેરો કરકો કંગનવા, આજ મેરી દુલરી લે દબકાઈ રે. બેદ૦ ૩
પ્રેમાનંદકે નાથકી કરની, કહત રાધે જસોમતીકું આઈ રે. બેદ૦ ૪

**પદ - ૪**

બરજ મૈયા અપને કનૈયાકું રે, બીગર્યો તેરે પ્યાર શું; મૈયા૦ ટેક.
બરજતી નાહીં સીખ લગાયકે, ભલાજી તેરે હલધર ભૈયાકું રે. બીગ૦ ૧
નિત્ય નિત્ય હમસું કરત અનહોની, પકરી બૈયાં પરસત હૈયાંકુ રે. બીગ૦ ૨
સબ દેખત આયે ખોલત ઘુંઘટવા, કહિયે કહા યે નિરદૈયાકું રે. બીગ૦ ૩
પ્રેમાનંદકો નાથ તરુન ભયો અબ, કહો મૈયા જાયે નંદરૈયાકું રે. બીગ૦ ૪

**રાગ : ઠુમરીઆદિ ત્રિતાલ પદ - ૧**

જાઓ જાઓ છબીલે છેલ રે, મોરી રસિયા ગેલ ન રોકો; જાઓ૦ ટેક.
હાથ ન ડારો હિયે હાર તુટેગો, અવિનાશી અલબેલ રે. મોરી૦ ૧
તુમ તો લાડીલે નંદરાયકે, રાજકુંવર રંગરેલ રે. મોરી૦ ૨
ના ઝગરો બીન કારજ કહાના, ના બોલો એક ફેલ રે. મોરી૦ ૩
પ્રેમાનંદ કહે પ્રભુ ઈન તિલનમેં, ના નીકસેગો તેલ રે. મોરી૦ ૪

**પદ - ૨**

મારી મારી સાંવરીયા યારે રે, મોયે નેનોંદી બરછી તરછી; મારી૦ ટેક.
પ્રાનજીવન મોરી પીર ન જાની, બેદરદી દીલદાર રે. મોહે૦ ૧
નેન નજારે અતિ અનિયારે, હો ગયે આરકેપાર રે. મોહે૦ ૨
કસત કરેજે સુખ નાહીં સેજે, છૂટ ગયો સંસાર રે. મોહે૦ ૩
પ્રેમાનંદકે પ્યારે હાથ તિહારે, બેકાની કિરતાર રે. મોહે૦ ૪

**પદ - ૩**

જાની જાની બેદરદી પ્રીત રે, ચિત્તચોર લંગરવા તેરી; જાની૦ ટેક.
શ્યામ બિહારી જાની તિહારી, અજબ અનોખી રીત રે. ચિત્ત૦ ૧
સુંદર હસી હસી નેન બાન કસી, મારત અપને મીત રે. ચિત્ત૦ ૨
દુરિજનકું હરિ પરસત નાહીં જરી, હરત મિત્રકો ચિત્ત રે. ચિત્ત૦ ૩
પ્રેમાનંદકે પ્યારે પ્રાન હમારે, સાંવલ અકળ અજીત રે. ચિત્ત૦ ૪

**પદ - ૪**

લાગે લાગે કરેજે બાન રે, તેને નેનાં રસિક રતના રે; લાગે૦ ટેક.
નેન બાનકે મારે પ્યારે, ભૂલે ગઈ તન ભાન રે. તેરે૦ ૧




ચંચળ નેન ચપળ ચિતવનીમેં, બસ કીને મોરે પ્રાન રે. તેરે૦ ૨
બીનું દેખે બ્યાકુળ ફિરત બાવરી, તેરે લીયે શ્યામ સુજાન રે. તેરે૦ ૩
સુંદર વર પિયા તેરી છબીપર, પ્રેમાનંદ કુરબાન રે. તેરે૦ ૪

**રાગ : ઠુમરી પદ - ૧**

મેરે એક આસરા તેરા રે, ધરમકુંવર મહારાજ રાજ; મેરે૦ ટેક.
મેં ચાકર તેરે ચરનકમલકા, તેં પરમેશ્વર મેરા રે. ધર્મ૦ ૧
તેને ચરન શરન બીનું સ્વામી, કઉં સુખ નહીં હેરા રે;
સ્વર્ગ મૃત્યુ પાતાલ દશો દિશ, સબહી કાળને ઘેરા રે. ધર્મ૦ ૨
ત્રિભુવન ભ્રમત ભ્રમત પચી હારયો, પાયો મેં દુઃખ ઘનેરા રે;
અચળ નિકેત એક નહી પાયો, તુમ બીના ધર્મકિશોરા રે. ધર્મ૦ ૩
અમરપતિ નર નાગ અસુર સુર, સબ માયાકે ચેરા રે;
પ્રેમાનંદ જાની સબ દુઃખમય, દીયો ચરન તેરે ડેરા રે. ધર્મ૦ ૪

**પદ - ૨**

તેરે દ્વારે પર્યો ગુન ગાઉં રે, ધર્મકુંવર ઘનશ્યામ નાથ; તેરે૦ ટેક.
અધમઓધાર શરણાગતપાળક, નાથ રટું તેરો નાઉં રે. ધર્મ૦ ૧
અખિલલોકપતિ પરમપુરૂષ તુમ, તુમકું ગાઈ રીઝાવું રે;
તુમ બીના તુમ મોયે ઓર ન દૈયો, યેહી મોજ મેં પાઉં રે. ધર્મ૦ ૨
કરો ક્ષમા અપરાધ નાથ મેરો, શ્યામ તેરી બલજાઉં રે;
યેહી બીનય મેરો કરૂનાસાગર, ઓર કછુ નહી ચાઉં રે. ધર્મ૦ ૩
નિત્ય નિત્ય નીરખું વદન કમળ છબી, ઉરમાહીં આનંદ વટાઉં રે;
પ્રેમાનંદ યેહી વર માંગત, દાસ રાવરો કહાઉં રે. ધર્મ૦ ૪

**પદ - ૩**

મેરે તુમ બીના ઓર ન કોઈ રે, સત્ય કહું સોં ખાઈ નાથ; મેરે૦ ટેક.
પરમપુરૂષ તેરે ચરન કમળ તેં, દૂર ના તજી હો મોઈ રે. સત્ય૦ ૧
નાથ તુમારે જન એકાંતિક, તીનસું પ્રીતિ હોઈ રે;
દૂર કરો મેરી ઈતર વાસના, રહું રૂપ તવ જોઈ રે. સત્ય૦ ૨
કોન પુન્યતેં પ્રાપ્ત ભયે પ્રભુ, અબ ના તજીહું તોઈ રે;
દુર્લભ દેવ નિગમ તોયે ગાવત, શ્યામ મીલે મોયે સોઈ રે. સત્ય૦ ૩

દીનાનાથ દીનકી બીનતી, સુની રાખો ઉર ગોઈ રે;
પ્રેમાનંદ કહે ચરન ચિહ્ન છબી, રહું નેનનમે પ્રોઈ રે. સત્ય૦ ૪

**પદ - ૪**

ધર્મકુંવર કરૂનાનિધાન, એક સુનીયો બીનતી મેરી રે; ધર્મ૦ ટેક.
અખંડ રહે મેરે નેનકે આગે, નાથ મૂરતી તેરી રે. ધર્મ૦ ૧
યેહી સાધન મેરે પરમ ચતુર વર, રહું સુંદર છબી હેરી રે;
પરહરી ઓર બીચાર બાંહબલ, હોઈ રહું તેરી ચેરી રે. ધર્મ૦ ૨
સુંદરશ્યામ કામમદમોચન, બસન ભુષન તન પે'રી રે;
નવલકિશોર મનોહર સુંદર, રહો અખંડ દ્રગ ઠેરી રે. ધર્મ૦ ૩
સુંદર વદન કમળ છબી નીરખું, જ્યું ચકોર ચંદ કેરી રે;
પ્રેમાનંદ કહે નાથ રહો મોરે, નેનનમેં રંગ લેરી રે. ધર્મ૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

આજ મારે હરિ પરોણા ઘેર આવ્યા,
હાંરે મેં તો મોતીડાંને લેરખે વધાવ્યા રે; આજ૦ ટેક.
શિવ સનકાદિક શુક જેવા જોગી, પૂરણ બ્રહ્મપદ રસના રે ભોગી;
હાંરે આવા સંત સંગાથે લાવ્યા રે. આજ૦ ૧
શિવ વિરંચી જેનો પાર ન પાવે, શેષ સહસ્રમુખ શારદા ગાવે;
હાંરે જેના નિગમાગમે જશ ગાવ્યા રે. આજ૦ ૨
સંત હરિને હું તો નયણે રે નિરખી, પ્રેમ મગન મારા હૈડામાં હરખી;
હાંરે મેં તો ઓરડાની ઓસરી પધરાવ્યા રે. આજ૦ ૩
આઠે પહોર આનંદ જેના અંગમાં, રમે ગોવિંદ એવા સંતનારે સંગમાં;
હાંર વહાલો પ્રેમસખીને મન ભાવ્યા રે. આજ૦ ૪

**પદ - ૨**

એવા સંત તે હરિને ગમે, હાંરે વહાલો પ્રેમે તેને સંગ રમેરે, એવા૦ ટેક.
બ્રહ્મરૂપ થઈ ભજે ગિરિધારી, ભક્તિ ભજન કરે નિરહંકારી;
હાંરે ત્યાગ વૈરાગ્ય સહિત વન ભમે રે. એવા૦ ૧
નિસ્પ્રેહી નિર્લોભી નિષ્કામ, નિર્માની થઈ ભજે તે રામ;
હાંરે મળે ફળ ફુલ અન્ન તે જમેરે. એવા૦ ૨





કપટરહિત લેશ દંભ ના રાખે, જેમ રહે-તેમ મુખથીરે ભાખે;
હાંરે તેને ત્રિભુવનવાસી નમે રે. એવા૦ ૩
પુરુષોત્તમ પદ રજના રે સંગી, સત્ય વચન દ્રઢ નિયમ અભંગી;
હાંરે પ્રેમસખીનો નાથ કહે તે ખમે રે. એવા૦ ૪

**પદ - ૩**

એવા સંત હરિને પ્યારા રે, હાંરે તેથી ઘડીએ ન રહે;
વહાલો ન્યારા રે; એવા૦ ટેક.
મહિમા હરિનોરે સારી પેઠે જાણે, મન અભિમાન તેનો લેશ ન આણે;
હાંરે રહે બ્રહ્મસ્વરૂપ મતવાલા રે. એવા૦ ૧
નાના મોટા ભજે જે હરિને, મન કર્મ વચને દ્રઢ કરીને;
હાંરે તેને પોતાના કરતાં જાણે સારા રે. એવા૦ ૨
એવા તે સંતને વસિયે રે પાસે, જન્મ મરણનો સંભવ નાસે;
હાંરે વરસે અખંડ તે બ્રહ્મરસ ધારા રે, એવા૦ ૩
એ સંતને તે સેવે જે પ્રાણી, પ્રેમ પ્રતીતિ ઉરમાંરે આણી;
હાંરે પ્રેમસખી કહે ઉતારે ભવ પારા રે, એવા૦ ૪

**પદ - ૪**

એવા સંતની બલિહારી રે, હાંરે જેને ગુણ રિઝયા ગિરધારી રે; એવા૦ ટેક.
કામક્રોધ લોભ મનમાં ન આણે, સોનું ને ધૂળ તે સમ કરી જાણે;
હાંરે જેને ગીતાજી ગાય છે પોકારી રે. એવા૦ ૧
હરિ વિના બીજો ઘાટ ન લાગે, લોભ લહરનો લેશ ન લાગે;
હાંરે નારી ન શકે નયણ બાણ મારી રે. એવા૦ ૨
બ્રહ્મવિદ્યા જેને દ્રઢ કરી સાંધી, પિંડ બ્રહ્માંડની તજીરે ઉપાધી;
હાંરે ભૂતપ્રાણીતણા હેતકારી રે. એવા૦ ૩
બ્રહ્મસ્વરૂપમાં રહે નિત્ય ન્હાયા, પ્રગટ હરિગુણમાં ચિતડાં હરાયાં;
હાંરે પ્રેમસખી એવા સંતો ઉપર વારી રે. એવા૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

(રઘુપતિ રામ રુદામાં રેજ્યોરે એ ઢાળ)

વહાલા તારી મૂરતિ મન માની રે, વશ કીધી છેલ ગુમાની. વહા૦ ટેક.

મનમોહન મોરલીવાળા રે, મરમાળા આંખડલીના ચાળા રે;
કામણગારા છેલ છોગાળા. વહા૦ ૧
વહાલી લાગે છે મુખની વાણી રે, તેણે લીધું છે મન મારૂં તાણી રે;
હું તો હાથ તમારે વેચાણી. વહા૦ ૨
હું તો હારી ને દોરી તમારી રે, જાઉં તન મન ધન બલિહારી રે;
મને ગમીયા છો ગિરિધારી. વહા૦ ૩
તમે છો મારા પ્રાણઆધારા રે, મારી આંખડલીના તારા રે;
છો પ્રેમસખીને પ્યારા. વહા૦ ૪

પદ - ૨

વહાલા તારી વાતડી વહાલી લાગે રે, મારૂં સાંભળતાં
દુઃખ ભાગે; વહા૦ ટેક.
તારા મુખમાં મોહન વેલી રે, સાંભળતાં થઈ હું તો ઘેલી રે;
તમે વાળી છે રંગડાની રેલી. વહા૦ ૧
જોઇ તમને તે જાદવરાય રે, મારૂં હૈડું તે ટાઢું થાય રે;
મારૂં મન મળવાને ચ્હાય. વહા૦ ૨
તારી વાતો લાગે મને વહાલી રે, હું તો કેમ કરી આવું ચાલી રે;
તારે બોલે બાંધી મને ઝાલી. વહા૦ ૩
અલબેલા મંદિર મારે આવ રે, વાતો સાંભળવાનો છે ભાવ રે;
વહાલા પ્રેમસખીના નાવ. વહા૦ ૪

પદ - ૩

છેલા તારા છોગલાપર વારી રે, વહાલી લાગે છે મુરતિ તારી; છેલા૦ ટેક.
પાતળિયા પલવટ વાળી રે, આવી ઉભા છો વનમાળી રે;
ઓરા આવોને લીજે તાળી. છેલા૦ ૧
તારા ઉરપર મોતિની માળા રે, રૂડા લાગો છો નાથ રુપાળા રે;
ચિત્ત ચોરે છે નેણાનાં ચાળા. છેલા૦ ૨
મન માન્યા છો અલબેલા રે, વહાલા લાગો છો રંગના રેલા રે;
આવો મળીયે સુંદરવર છેલા. છેલા૦ ૩
હુંતો મોહી પાઘડલીને છેડે રે, મારૂં મનડું ફરે તમ કેડે રે;
પ્રેમસખી તે મળવાને તેડે. છેલા૦ ૪





પદ - ૪

નેણામાં નાથજી આવો રાખું રે, મારા પ્રાણ વારીવારી નાંખું; નેણાં૦ ટેક.
હવે નિમિષ ન મેલું ન્યારા રે, છો જીવન પ્રાણ હમારા રે;
મારો જનમ સુધારો ને પ્યારા. નેણા૦ ૧
મારે તમથી વહાલું નહિ કોઇ રે, રાખું જીવલડામાં પ્રોઈ રે;
તમ વીના મરૂં હું તો રોઇ, નેણા૦ ૨
મારો સફળ જનમ તમે કીધો રે, રૂડી રીતે મેં લ્હાવો લીધો રે;
જગ ઉપર તેં ડંકો દીધો. છેલા૦ ૩
મેં તો સહુથી ટાળી પ્રીતિ રે, વહાલા જાણી તમારી રીતિ રે,
હવે પ્રેમસખી જગ જીતી. નેણા૦ ૪

પદ - ૫

આંખડલીમાં આકળા માં થાજ્યો રે, વહાલા મોરલડી મીઠી વાજ્યો; આંખ૦ ટેક
મારા નેણાં તમારૂં ધામ રે. અલબેલા રહો આઠો જામ રે;
નવ આવીયાં ક્રોધ ને કામ. આંખ. ૧
તમ વિના બીજું નહિ ભાળું રે, એવી આંટી હું મનમાં વાળું રે;
તમે કરજ્યો મારુ ઉપરાળું. આંખ. ૨
તારી મૂરતિ મનમાં ધારુ રે, હુશિયાર રહું નહિ હારુ રે;
કામ ક્રોધને ગરદન મારૂં. આંખ. ૩
વહાલા તમ ચરણે શિર નામી રે, એવા વિચારને હું પામી રે;
મળ્યા પ્રેમસખીના સ્વામી. આંખ. ૪

પદ - ૬

મનોહર વેગળા નહી મેલું રે, મેંતો બાંધ્યું છે તમ સંગ બેલું; મનો૦ ટેક
વહાલા એક ટક રહું હું તો જોઇ રે, ચિતવૃત્તિ તે તમમાં પ્રોઈરે;
તારી મૂરતિમાં હું તો મોહી. મનો૦ ૧
વહાલા હ્રદય કમળમાં ઘાલી રે, બાંધુ પ્રેમ દોરિયે ઝાલી રે;
નટવરજી ન શકો ચાલી. મનો૦ ૨
શા સારૂં મોહ્યું મન પે'લું રે, વાલમ ન વિચાર્યું વે'લું રે;
હવે ક્ષણ એક ખ્યાલ ન મેલું. મનો૦ ૩

તારૂં રૂપ હૃદયમાં ધારી રે, નહિ પરણી હું રહી છું કુંવારી રે;
વહાલા પ્રેમસખી છું તમારી. મનો૦ ૪

**પદ - ૭**

મોહન મારી પ્રીત તમસંગ લાગી રે, હવે થઈ હું પૂરણ બડભાગી; મોહ૦ ટેક.
મારે સરવસ સુંદર શ્યામ રે, તમ વિના તે બીજુ હરામ રે;
મન માન્યા છો પૂરણકામ. મોહ૦ ૧
તમે ચાલો છો સુંદર ચાલે રે, હેતે હસીને હેરો છો વહાલે રે;
મને એ સુખ નિશદિન સાલે. મોહ૦ ૨
તમ દીઠે ઘણું સુખ થાયે રે, અણદીઠે તે દલડું દુખાયે રે;
વહાલા વિના હવે ન રહેવાયે. મોહ૦ ૩
મારે અખંડ રહો ગિરિધારિ રે, મારા અવગુણિયાને વિસારી રે;
પ્રેમસખી છે દાસી તમારી. મોહ૦ ૪

**પદ - ૮**

લાડીલા લાલજી આવો ઓરા રે, ખોસું પાઘડલીમાં તોરા; લાડી૦ ટેક.
શૂરા પુરા છો શ્યામ સંગાથી રે, એવડા શું રે ડરો અબળાથી રે;
ઓરા આવો કઠણ કરી છાતી. લાડી૦ ૧
વહાલા આવોને પ્રાણઆધાર રે, દેખાડું અનુપમ સાર રે;
એક નાનકડી છે નાર. લાડી૦ ૨
રુપાળી છે સુંદર તનમાં રે, તમ કાજે કરે તપ વનમાં રે;
તમને વરવાનું છે મનમાં. લાડી૦ ૩
વહાલા ચિતવૃત્તિ એનું નામ રે, એને પરણે તે પૂરણકામ રે;
વહાલા પ્રેમસખીના શ્યામ. લાડી૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

વંદુ દુર્ગપુર ધામ, સુંદર શોભે ઘનશ્યામનું જો;
પરમ પાવન અભિરામ, કૃષ્ણ પૂરણ કામનું જો. ૧
પ્રગટ પુરુષોત્તમરાય, રાજે ગઢપુરમાં શ્રીહરિ જો;
જેને નિગમ નેતિ ગાયે, નિજ ઈચ્છાએ દેહ ધરી જો. ૨
અક્ષરપતિ અવિનાશ, આવ્યા કરૂણા કરી અતિ જો;
કીધો ગઢપુર નિવાસ, વરણી વેશે નૈષ્ટિક જતિ જો. ૩





ધન્ય ઉત્તમ નરદેવ, ઘેર રાખ્યા ઘનશ્યામને જો;
પરિપૂરણ કરી સેવ, વશ કીધા સુખધામને જો. ૪
ઉત્તમ જાણીને નિજ ભક્ત, વશ થયા નિજ દાસને જો;
વરણી અતિશે વિરક્ત, રહ્યા અખંડ કરી વાસને જો. ૫
કીધું અધિક ગઢપુર, સાત પુરી ચાર ધામથી જો;
પ્રેમાનંદ કે' જમ દૂર, ભાગે ગોપીનાથ નામથી જો. ૬

**પદ - ૨**

ધન્ય ઉત્તમ દરબાર, ધન્ય ઓરડાની ઓસરી જો;
થયો મુક્તિ દાતાર, અખંડ રાજે ત્યાં શ્રીહરિ જો. ૧
ધન્ય ઓરડી અનુપ, પ્રીતે પોઢે ભગવાન જ્યાં જો;
થઈ અક્ષરસ્વરૂપ, સંત ધારે નિત્ય ધ્યાન ત્યાં જો. ૨
ધન્ય નિંબવૃક્ષ છાંય, ઘોડી ફેરે હરિ ફરતા જો;
જન ત્રપત ન થાયે, ધન્ય દરશન કરતાં જો. ૩
ધન્ય ધરણીનાં ભાગ્ય, ધન્ય ગઢપુર ધામને જો;
ધન્ય હરિજન ગૃહ ત્યાગ, કરી નિરખે ઘનશ્યામને જો. ૪
ધન્ય ગઢપુરનાં લોક, ધન્ય હરિજન નરનારીને જો;
થયાં સરવે અવિશોક, પ્રગટ નિરખ્યા ગિરિધારીને જો. ૫
ધન્ય પૂજ્યા કરી પ્યાર, ધર્મકુંવર સુખકંદને જો;
પ્રીતે પે'રાવ્યા હાર, ધન્ય ધન્ય પ્રેમાનંદને જો. ૬

**પદ - ૩**

ધન્ય દુર્ગપુર ધામ, ધન્ય ઉત્તમ નરેશજી જો;
મહિમા અધિક અભિરામ, ગુણ ગાય જેના શેષજી જો. ૧
ધન્ય ગઢપુરની શેરી, ધન્ય ગઢપુરના વાસને જો;
હરિ ચાંખડિયો પેરી, ચાલી જાય ઘેર દાસને જો. ૨
ધન્ય ગંગા ઉન્મત્ત, નિત્ય ન્હાયે હરિ નીરમાં જો;
સંગે મુનિવર સમરથ, લઈ રમે હરિ તીરમાં જો. ૩
કરે લીલા બહુ ભાત, બેસી ગંગા મધ્ય પૂરમાં જો;
ગાયે કિરતન કરી ખાંત, પાડે તાળી બહુ સૂરમાં જો. ૪

ધન્ય ગંગાનો ઘાટ, ધન્ય ખળખળિયા નામને જો;
ધન્ય નારાયણ હ્રદની વાટ, રથ હાંકવો ઘનશ્યામને જો. ૫
ન્હાયીને મુનિવર લઈ સાથ, હરિ આવે નિજમદ્રમાં જો;
શોભે પ્રેમાનંદનો નાથ, જેમ તારા મધ્ય ચંદ્રમા જો. ૬

**પદ - ૪**

ધન્ય પુરની બજાર, ધન્ય લક્ષ્મીનો બાગ છે જો;
થઈને અશ્વ અસવાર, જાયે જીવન જોયા લાગ છે જો. ૧
ધન્ય આંબાની છાંય, ધન્ય બેઠક બેસે હરિ જો;
સંત કીર્તન ત્યાં ગાય, નિરખે નાથને નેણાં ભરી જો. ૨
ગુંથી ગુલાબના હાર, સંત પે'રાવે પ્રીતસું જો;
બાંધે બાજુ કરી પ્યાર, ઘાલે ગજરા રસ રીતસું જો. ૩
સંત ગાયે કીર્તન વાજે, દોકડ સારંગીયો જો;
મેવા જમે જીવન, કેળાં દ્રાક્ષ નારંગીયો જો. ૪
ધન્ય રાધાની વાવ, ધન્ય બાગ રાધાતણો જો;
હરિ જાય કરી ભાવ, અતિ મહિમા તેનો ઘણો જો. ૫
પુરણ પુરષોત્તમ દેવ, એમ વિચરે ગઢપુરમાં જો;
મોટા મુનિવર કરે સેવ, પ્રેમાનંદ તો હજૂરમાં જો. ૬

**પદ - ૫**

રાજે ગઢપુર મહારાજ, પૂરણબ્રહ્મ પરમાતમા જો;
આવ્યા ગરીબનિવાજ, એતો અક્ષરના આતમા જો. ૧
છાયો પ્રબળ પ્રતાપ, કહ્યો નવ જાયે રસના જો;
કીધો અધર્મ ઉથાપ, વાગ્યા ડંકા અતિ જશના જો. ૨
માર્યા અસુર અપાર, કામ ક્રોધાદિક વાંકડા જો;
સુર અસુર નરનાર, જેને આગે સહુ રાંકડા જો. ૩
મત પંથને માથે મેખ, મારી લીધા જન છોડવી જો;
મુંડ્યા કંઈક ગુરૂ ભેખ, પાડ્યા માહંતને ગોડવી જો. ૪
આપી પરચા અનૂપ, માયિક મતને ઉખાડીયા જો;
જીવ માયા બ્રહ્મ સ્વરૂપ, જથારથ તે દેખાડીયા જો. ૫





સમાધિમાં સહુ ધામ, દેખાડ્યાં નરનારને જો;
એવા સહજાનંદ શ્યામ, પ્રગટ્યા પ્રેમાનંદ કારણે જો. ૬

**રાગ : ધોળ પદ - ૧**

તમે રે ઉદ્ધવ કહેજો એટલી રે, જાઈને વહાલાજીને વાત જો; તમે૦ ટેક.
તમને નગણા અમે જાણ્યા નહી રે, વિશ્વાસ દઈને કીધી ઘાત જો. તમે૦ ૧
અમને છળ કરીને તમે છેતર્યા રે, મોહન વાઈને મધુરી વેણ જો;
વાંસળિયે વેધીને મથુરાં ગયા રે, દઈને દુઃખડાં દિન રેણ જો. તમે૦ ૨
અમે શું જાણું જે અધવચ મેલશો રે, હેતે કરીને હરશો પ્રાણ જો;
વ્યાધતણી પેરે વેંધી ગયા રે, મારી કમળનયનનાં બાણ જો. તમે૦ ૩
તમને ઉર ઉપર અમે રાખતા રે, જોતાં નિત્ય નિત્ય નવલે નેહ જો;
તમ પર તન મન પ્રાણ લઈ વારતાં રે, તે તમે નિરદઈ દીધો છેહ જો. તમે૦ ૪
દયા જરીયે હરિ આવી નહી રે, તોડતાં બાળપણાંની પ્રીત જો;
નિરદઈ પ્રેમાનંદના નાથજી રે, શું ઘણું કહીએ મોહન મીત જો. તમે૦ ૫

**પદ - ૨**

ઉદ્ધવ વ્રજવનિતાની વિનતી રે, કહેજો કૃષ્ણજીને જરૂર જો; ઉદ્ધ૦ ટેક.
વહાલા વ્રજવનિતાના નેણથી રે, તમને ન ઘટે રહેવું દૂર જો. ઉદ્ધ૦ ૧
તમે હરિ વ્રજવાસીના પ્રાણ છો રે, પ્રાણ વીનાનો નવ રહે દેહ જો;
નીર વિના ન જીવે માછલી રે, એવો વ્રજવાસીનો સ્નેહ જો. ઉદ્ધ૦ ૨
અમને એમ કહી હરિ તમે ચાલીયા રે, હમણાં આવું છું તમ પાસ જો;
મથુરામાં મામાને આવું મળી રે, પ્રાણ રહ્યા છે એ વિશ્વાસ જો. ઉદ્ધવ૦ ૩
જો હરિ આવી પાછા નહી મળો રે, અમે તરત તજીશું પ્રાણ જો;
એ આંટી હરિ વ્રજઅબળાતણી રે, તે તમે જાણ જો.
શ્યામ સુજાણ જો. ઉદ્ધવ૦ ૪
સુના ગોકુળમાં ગમતું નથી રે, ઘર વન સરવે ખાવા ધાય જો;
પ્રેમાનંદના પ્યારા તમ વીના રે, પળ એક કલ્પ સરીખી જાય જો. ઉદ્ધવ૦ ૫

**પદ - ૩**

જાઈને ઉદ્ધવ કહેજો કહાનનેરે, તમ વીના ગોકુળવાસી લોક જો; જાઈ૦ ટેક.
ભોજન ખાન પાન નિદ્રા તજીરે, સરવે કરે તમારો શોક જો. જાઈ૦ ૧

જશોદા શોકે કરી સુકાઈ ગયાં રે, નેણે અંધ થયા છે નંદ જો;
એક વાર આવીને જુવો હરિરે, પાછા જાજો આનંદકંદ જો; જાઈ૦ ૨
તમ વીના ગ્વાલ બાળ વલખાં કરે રે, તૃણ તજી ઝૂરે તમારી ગાય જો;
દૂધ ન ધાવે નાનાં વાછડારે, તમ વીના શોકે વ્યાકુળ થાય જો. જાઈ૦ ૩
તમ વીના વૃન્દાવન નથી શોભતુંરે, શોકે સુકાણી વનવેલ જો;
વનમાં પશું પંખી વ્યાકુળ ફરેરે, તમ વીના નંદકુંવર અલબેલ જો. જાઈ૦ ૪
વિરહે પંખી પણ નથી બોલતાં રે, કોયલ શુક સારીકા મોર જો;
પ્રેમાનંદના નાથ રાજી કરો રે, એક વાર આવી નંદકિશોર જો. જાઈ૦ ૫

### પદ - ૪

અમને ઉદ્ધવ હરિ બહુ સાંભરેરે, કશુંયે કામ ન લાગે હાથ જો; અમ૦ ટેક.
રોતાં રોતાં જાયે દિન રાતડીરે, હવે ક્યારે નેણે દેખશું નાથ જો. અમ૦ ૧
અમને બહુ હેતે બોલાવતા રે, વરસી અમૃત સરખાં વેણ જો;
સામું બહુ હેતે કરી હેરતારે, મળતા શ્યામળિયો સુખદેણ જો. અમ૦ ૨
ઉદ્ધવ હરિનું હસવું બોલવું રે, જે હરિ કરતા અમસું વિહાર જો;
તે જયારે અમને ઉદ્ધવ સાંભરેરે, ત્યારે નહીં દુઃખતો
વાર ને પાર જો. અમ૦ ૩
ઉદ્ધવ આ ગેડી ને વાંસળી રે, લઈને જાતા ચારવા ગાય જો;
વનમાં વાતા મોહન મોરલીરે, સાંભળીને જાતાં મળવા ત્યાંય જો. અમ૦ ૪
આ પાદુકા પેહેરી આવતારે, હરખે જોતાં હરિની ચાલ જો;
જેમ જેમ સાંભરે તેમ થાય વેદનારે, પ્રેમાનંદ કહે
ગિરિધરલાલ જો. અમ૦ ૫

### રાગ : ધોળ પદ - ૧

અલબેલા આવો ઓરા, આંખડલિમાં રાખું વહાલા;
તન મન ધન મારૂં, તમપર વારી નાંખું વહાલા. ૧
સુંદર સ્વરૂપ રૂપ, નેણાં ભરી નિરખું વહાલા;
નખશિખ નિરખીને, હૈંડામાં હરખું વહાલા. ૨
ઉપમા કહી ન જાયે, એક રસનાયે વહાલા.
નિગમ શારદ શેષ, નેતિ કહી ગાયે વહાલા. ૩





નખની ચંદ્રિકા જોઈ, ઝાંખા ચંદ્ર સૂર વહાલા;
કોટિક કંદર્પ જોઈ, લાજી રહ્યા દૂર વહાલા. ૪
દીઠામાં તો કાંઈ નથી, ઉપરથી લગાર વહાલા.
માંહી તો વ્યાપીને રહ્યો, તેજનો અંબાર વહાલા. ૫
મન તો નઠારૂં મારૂં, તેમાં નવ લાગે વહાલા;
રમતા જમતા જોવું, આંખડલિને આગે વહાલા. ૬
નવા નવા શણગાર, સજીને પધારો વહાલા;
બળવંત બોલાવીને, તાપ નિવારો વહાલા. ૭
ઘણા રે દિવસનાં તરશ્યાં, નેણાં ત્રપત કરો વહાલા;
પ્રેમાનંદ કહે દરશન, દઈ દુઃખ હરો વહાલા. ૮

### પદ - ૨

નવલ સનેહિ છોજી, ચતુર સુજાણ વહાલા;
શાને કાજે તરતા હીંડો, જીવન પ્રાણ વહાલા. ૧
પરાણે પ્રિતડલી પેહેલી, શા સારું કીધી વહાલા;
વા'લપ દેખાડી અમને, પરવશ કીધી વહાલા. ૨
આવડલા તો જાણ્યા નોતા, અંતરના ઓછા વહાલા;
છેલવર છેહ દીધો, આપીને ભરોસો વહાલા. ૩
કોલ બોલ માંહી કશો, નથી એકે ઢંગ વહાલા;
શું સમજીને મોટા, મુનિ કરે સંગ વહાલા. ૪
સાગર સૂતા વાંસે ફરે, શોભા ભાળી વહાલા;
અમે તો જોઈ વિચારી, હવે ગાંઠ વાળી વહાલા. ૫
નગણાથી નેહ કરવો, એજ મોટી ભુલ વહાલા;
માણસ માણસ મળી, કરી આપે મુલ વહાલા. ૬
છપાવી છપી ન રહે, અંતરની આશ વહાલા;
દાબી દુબી નવ રહે, કસ્તુરીની વાસ વહાલા. ૭
બીજે મન માન્યું એતો, જાણ્યું બહુનામી વહાલા;
વિસારી દેશોમાં અમને, પ્રેમાનંદના સ્વામી વહાલા. ૮

**પદ - ૩**

શ્યામળિયાજી શરણાગતની, વિનતિ સાંભળો વહાલા;
હેતે શું બોલાવી અમને,એક વાર મળો વહાલા. ૧
દામ વિનાની અમે, દાસીયો તમારી વહાલા;
જીવત નાખ્યું છે અમે, તમપર વારી વહાલા. ૨
તમ અરથે કીધો અમે, સંસારીયો ઝેર વહાલા;
સહી કીધા શિર સાટે, એમાં નથી ફેર વહાલા. ૩
જીવન જીવડલો જાશે, એતો કુરબાણ વહાલા;
તમને મળાશે નહિ, એતો નિશ્ચે જાણ વહાલા. ૪
વજની ભૂમીમાં મારી, વજતણી મેખ વહાલા;
અલબેલા એવી વ્રજ, અબળાની ટેક વહાલા. ૫
એમ જાણી જતન કરશો, ત્યારે સુખ થાશે વહાલા;
જાળવ્યા વીના તો જીવન, જીવડલો જાશે વહાલા. ૬
બહુનામી બિરૂદ તમારૂં, સંભાળીને લેજો વહાલા;
અમને કેવું ઘટે તે, રાજીથકા કહેજો વહાલા. ૭
અમે તો તમારે હરિ, હેતે બંધાણા વહાલાં;
પ્રેમાનંદના નાથ હાથ, તમારે વેચાણાં વહાલા. ૮

**પદ - ૪**

નટવર નેણાં અમારાં, રૂપમાં લોભાણાં વહાલા;
પાતળિયાજી પરવશ કીધાં, પ્રીતે પરોવાણાં વહાલા. ૧
મુખના મરકલડામાં, મોહની લગાડી વહાલા;
જોયા વીના જંપ ન થાયે, નેણે ટેવ પાડી વહાલા. ૨
જાદવરાય જોઈ તમારી, ગજગતિ ચાલ વહાલા;
ચાંખડલિને ચટકે, વધાર્યુ ઘણું વહાલ વહાલા. ૩
નીલ કલેવર જોઈ, મન મારૂં મોહ્યું વહાલા;
મળવાનું થાયે ઘણું, કેમ જાયે કહ્યું વહાલા. ૪
કટિ પીતાંબર ઉર, ઉતરી અનુપ વહાલા;
શ્રીવત્સ કૌસ્તુભ મણી, શોભે સુખરૂપ વહાલા. ૫





વદન પ્રભામાંહી, શોભા છે નવીન વહાલા;
કુદ ને પ્રવાલાં શુક, આલિંગન મીન વહાલા. ૬
દીર્ઘ ઉદાર ભુજા, ભક્ત ભયહારી વહાલા;
મન અભિલાખ સરવે, પુરોને અમારી વહાલા. ૭
અખંડ એવાને એવા, આંખડલીમાં રેહેજો વહાલા;
પ્રેમાનંદના સ્વામી નિત્ય, દરશન દેજો વહાલા. ૮

**રાગ ગરબી પદ - ૧**

(ગોકુળ વેહેલા પધારજો રે એ ઢાળ)

સુખના સાગર શ્રીહરિરે, સહજાનંદજી ધર્મકુમાર શ્યામ સુખ. ટેક.
ધર્મકુળે પ્રગટ થયા શ્રીકૃષ્ણજીરે;
કરવા પામર પતિત ઓધાર શ્યામ. સુખ૦ ૧
પશ્ચિમ ભૂમિ તે પાવન કરી રે;
ગુર્જર સોરઠ આદિ દેશ શ્યામ. સુખ૦ ૨
નિજમત દ્રઢ કરીને સ્થાપન કર્યો રે;
વિચર્યા નટનાગર ધરી વેષ શ્યામ. સુખ૦ ૩
નૌતમ નિજભકતને સુખ આપીયાંરે;
આપી દિવ્ય અલૌકિક દૃષ્ટિ શ્યામ. સુખ૦ ૪
નિજકૃત ધામ સર્વે દેખાડીયાં રે;
સર્વે મુક્તતણી ત્યાં સૃષ્ટિ શ્યામ. સુખ૦ ૫
માયિક મત તે અતિ ખંડન કર્યા રે;
દેખાડી નિજ પ્રબળ પ્રતાપ શ્યામ. સુખ૦ ૬
જ્ઞાન વૈરાગ્ય ને ભકિત ધર્મને રે;
કીધાં તરુણ કળીમાં આપ શ્યામ. સુખ૦ ૭
યજ્ઞ કરી દ્વિજ તૃપ્ત કર્યા રે;
આપી દક્ષિણા બહુ દાન શ્યામ. સુખ૦ ૮
કીધાં મંદિર તે શ્રીકૃષ્ણનાં રે;
તેમાં પધરાવ્યા ભગવાન શ્યામ. સુખ૦ ૯

કીર્તિ બહુ વિસ્તારી લોકમાં રે;
કરવા અગણીત જન ઉદ્ધાર શ્યામ. સુખ૦ ૧૦
થોડી વયમાં લીલા બહુ કરી રે;
તેનો શેષ ન પામે પાર શ્યામ. સુખ૦ ૧૧
બહુ સુખ આપીને સુખીયાં કર્યાં રે;
મેલી પધાર્યા નિજ ધામ શ્યામ. સુખ૦ ૧૨
સુખના સિંધુ સ્વામી તમ વિના રે;
નથી હવે રહેવાતું ઘનશ્યામ શ્યામ. સુખ૦ ૧૩
હવે આ નયણે કયારે નીરખશું રે;
સુંદર મૂરતિ સુખની ખાણ શ્યામ. સુખ૦ ૧૪
હવે મહાદુઃખમાં ઘડી પળ વીતશે રે;
તમ વિના પ્રેમાનંદના પ્રાણ શ્યામ. સુખ૦ ૧૫

### પદ - ૨

આવું નો'તું કરવું નાથજી રે;
ચાલ્યા મારગડામાં મેલી નાથ આવું. ટેક
અમને છળ કરીને તમે છેતર્યાં રે;
નાખ્યાં દુઃખને દરીયે ઠેલી નાથ. આવું૦ ૧
હવે અમે કે સામું જોઈ જીવશું રે;
કેને પાસે જઈને બેસશું નાથ. આવું૦ ૨
કેની વાતો સુણી શાંતિ વળે રે;
કેને આગળ દુઃખડાં કહેશું નાથ. આવું૦ ૩
દુઃખના ડુંગર તે તુટી પડચા રે;
દુઃખના દરિયા ઉલટ્યા આજ નાથ. આવું૦ ૪
અમારી દષ્ટિથી અળગા થયા રે;
સહજાનંદજી શ્રીમહારાજ નાથ. આવું૦ ૫
પુણ્ય અમારાં સહુ આવી રહ્યાં રે;
તમ વિના ઉગ્યા દુઃખના ડાભ નાથ. આવું૦ ૬





હવે અમે અભાગીયાં થઈને રહ્યાં રે;
હરિ અમે હાર્યા સર્વે લાભ નાથ. આવું૦ ૭
દુઃખના દિવસ વાંસે કયાં હતા રે;
અમે આવું પહેલું નોતું જાણ્યું નાથ. આવું૦ ૮
અમે શું જાણું જે તમે મેલશો રે;
મહા વનમાંહી અમારો સાથ નાથ. આવું૦ ૯
આકાશ તુટી કેમ પડતું નથી રે;
પૃથ્વી કેમ નથી દેતી માગ નાથ. આવું૦ ૧૦
પાપી પીંડ તે કેમ પડતો નથી રે;
ડસતો કેમ નથી કાળો નાગ નાથ. આવું૦ ૧૧
કઠણ છાતી કેમ ફાટતી નથી રે;
ચાલ્યા મેલી શ્યામ સુજાણ નાથ. આવું૦ ૧૨
શું સુખ લેવાને વાંસે રહ્યા રે;
જાતા કેમ નથી પાપી પ્રાણ નાથ. આવું૦ ૧૩
દુઃખની સીમા તે આવી રહી રે;
એથી દુઃખ બીજું ન કહેવાય નાથ. આવું૦ ૧૪
દુઃખીયો પ્રેમાનંદ વિનંતી કરે રે;
સ્વામી કરજો અમારી સહાય નાથ. આવું૦ ૧૫

### પદ - ૩

સ્વામી દીનદયાળ છો રે;
દયા દરદી ઉપર આણો નાથ. સ્વામી. ટેક.
અમને તમ વિના મહા દુઃખ છે રે;
દુઃખની વેદના જીવન જાણો નાથ. સ્વામી૦ ૧
કોઈને દુઃખીયો દેખી નવ શકો રે;
એવા કોમળ કરુણાકંદ નાથ. સ્વામી૦ ૨
અમે દુઃખીયાંને હરિ સુખીયાં કરો રે;
આવો સ્વામી સહજાનંદ નાથ. સ્વામી૦ ૩

અમને હેત કરી બોલાવતા રે;
દેતા પ્રસાદીના થાળ નાથ. સ્વામી૦ ૪
હેતે હળવા રહીને ભેટતા રે;
હવે ક્યારે મળશો દીનદયાળ નાથ. સ્વામી૦ ૫
વાઘા પાઘ પછેડી ને ધોતીયાં રે;
દેતા અંગનાં વસ્ત્ર ઉતારી નાથ. સ્વામી૦ ૬
દેતા હાર પ્રસાદી હેતમાં રે;
હસતા સામું જોઈ સુખકારી નાથ. સ્વામી૦ ૭
કીર્તન વાજામાં ગવરાવતા રે;
ક્યારે ગાતા ગરબી ધોળ નાથ. સ્વામી૦ ૮
રાજીવ લોચન જોઈને રીઝતા રે;
દેતા મુખમાંથી તંબોળ નાથ. સ્વામી૦ ૯
ક્યારે ચરણ કમળ કરુણા કરી રે;
દેતા છાતીમાં સુખધામ નાથ. સ્વામી૦ ૧૦
માથે હસ્ત કમળ હરિ મેલતા રે;
હવે ક્યારે મળશો શ્રીઘનશ્યામ નાથ. સ્વામી૦ ૧૧
અમને ચરણામૃત કરી આપતા રે;
દેતા અધરામૃત નિત્ય નિત્ય નાથ. સ્વામી૦ ૧૨
ભૂષણ વસ્ત્ર પેરી શોભતા રે;
દેતા દરશન કરી બહુ પ્રીત નાથ. સ્વામી૦ ૧૩
એવાં સુખ આપીને ઉછેરીયાં રે;
નાના કષ્ટ થકી ઉગાર્યાં નાથ. સ્વામી૦ ૧૪
પ્રેમાનંદના નાથ મેલી ગયા રે;
અમને મોત વિનાના માર્યાં નાથ. સ્વામી૦ ૧૫

### પદ - ૪

શ્રીહરિ સ્વામી સહજાનંદજી રે;
વહાલા વહાલપણું માં વિસારજો રાજ. શ્રીહરિ૦ ટેક.
શ્રીહરિ નેહ નિભાવણ નાથજી રે;
અરજી અબળાની ઉર ધારજો રાજ. શ્રીહરિ૦ ૧





જે દહાડાથી મારા નાથજી રે;
પધાર્યા છો નિજધામ રાજ. શ્રીહરિ૦ ૨
તે દહાડાથી થયાં અમે દુઃખીયાં રે;
કાંઈ ન સુઝે ઘરનું કામ રાજ. શ્રીહરિ૦ ૩
નીર વિના જેમ માછલી રે;
સુરજ વિના જેવાં નેણાં રાજ. શ્રીહરિ૦ ૪
મણી રે વિના જેવો અહિ ફરે રે;
તેમ તમ વિના અમે સુખદેણ રાજ. શ્રીહરિ૦ ૫
વ્યાધ વિરહે વિંધ્યો પ્રાણીયો રે;
સુખ નહિ દિવસ ને રાત રાજ. શ્રીહરિ૦ ૬
ઘેલી સરખી સહુ ઘરમાં ફરું રે;
કેને કહીએ દુઃખની વાત રાજ. શ્રીહરિ૦ ૭
ભોજન ખાન પાન ભુલી ગઈ રે;
નેણે આંસુ નવ સુકાયે રાજ. શ્રીહરિ૦ ૮
તમ વિના હૈડામાં હોળી બળે રે;
પળ પળ પ્રલય જેવી જાયે રાજ. શ્રીહરિ૦ ૯
કુસુમની સજયા તે શુળી થઈ રે;
સરવે પુરુષ તે ભોયંગ રાજ. શ્રીહરિ૦ ૧૦
તમ વિના પ્રાણનાથજી રે;
અમને ન ગમે કેનો સંગ રાજ. શ્રીહરિ૦ ૧૧
શીતળ ચંદન ચંદ્રની કીરણું રે;
તે જેમ દાવાનળ સમ લાગે રાજ. શ્રીહરિ૦ ૧૨
સુંદર મંદિર ગોખ અટારીયું રે;
તેમાં મનડું નવ અનુરાગે રાજ. શ્રીહરિ૦ ૧૩
અંબર ભૂષણ તો વિષ સમ થયાં રે;
હૈડાં કંપે જોઈને હાર રાજ. શ્રીહરિ૦ ૧૪
એવું જાણી દરશન આપજો રે;
પ્રેમાનંદના પ્રાણ આધાર રાજ. શ્રીહરિ૦ ૧૫

**રાગ : ગરબી પદ - ૧**

કહાવે સંદેશો વ્રજનારરે, ઉદ્ધવજીની સાથે, થયા નિદરથી નંદકુમાર રે, ઉદ્ધવ અમ માથે.
ઉદ્ધવ કહેજો એટલું રે, જઈને જીવન પાસ;
દીલાસે દુઃખીયાં થયાં, રહ્યા કપટીને વિશ્વાસે રે. ઉદ્ધવ૦ ૧
ચઈતરે ચિંતા થઈ ઘણીરે, શીયો કરું ઉપાય;
વિયોગે વિલખી ફરું, મારા પાપી પ્રાણ ન જાય રે. ઉદ્ધવ૦ ૨
વૈશાખે વરસે ઘણી, ગરમ ઋતુની ઝાળ;
નીર વિના જેમ માછલી, તેમ દુઃખીયા અમે ગોપાળ રે. ઉદ્ધવ૦ ૩
જેઠે જાણ્યું નહિ જીવું, જાદવ વિના જરૂર;
દાહ દેવાને મેલજો, તમે વળી વહેલા અકરૂર રે. ઉદ્ધવ૦ ૪
અષાઢે નાવ્યા નાથજી, ગરજ્યો મેઘ મલાર;
પરદેશે વિલમિ રહ્યા, કોઈ મળી રે ઠગારી નાર રે. ઉદ્ધવ૦ ૫
શ્રાવણ વરસે સરવડે, બોલે ચાતક મોર;
કોકીલા ટઉકે ઘણું, મને વિરહ સતાપે છે જોર રે. ઉદ્ધવ૦ ૬
રેણ અંધારી હું એકલી, ગરજે ભાદર માસ;
વીજલડી ચમકા કરે, નહિ પ્રાણ રહ્યાની આશ રે. ઉદ્ધવ૦ ૭
આસો લાગી લાલની, જેમ તે ચંદ્રચકોર;
જીવન જમના કાંઠડે, ક્યારે મળશે નંદકિશોર રે. ઉદ્ધવ૦ ૮
કારતક માસે કહાવીયું, કપટ વચન બળવીર;
દીવાળી દુઃખમાં ગઈ, ન આવ્યા શ્યામ શરીર રે. ઉદ્ધવ૦ ૯
માગસર માસે નહિ મળે, મોહન સુંદર શ્યામ;
પ્રાણ સહિત અમે ત્યાગશું, ઉદ્ધવજી ગોકુળ ગામ રે. ઉદ્ધવ૦ ૧૦
પોષે પહેરીને ચાલશું, જોગણીયુના ભેખ;
આવીને જગાવશું, અમે મથુરામાં અલેખ રે. ઉદ્ધવ૦ ૧૧
માઘે મોહન કારણે, મેલી લોકની લાજ;
જોગણ થઈ વ્રજવનિતા, તમે આવો જોવા વ્રજરાજ રે. ઉદ્ધવ૦ ૧૨
ફાગણ ફુલ્યો ફુલડે, મેરયા આંબામહોર;
વીરહની અંતર વેધવા, ફુલ્યા કેશુના હર નોર રે. ઉદ્ધવ૦ ૧૩





અધિક માસે આવિયા, રામકૃષ્ણની જોડ;
પ્રાણસ્નેહી શામળે, પુર્યા ગોપીના સર્વે કોડ રે. ઉદ્ધવ૦ ૧૪
જે કોઈ ગાય ને સાંભળે, પ્રીતે બારે માસ;
પ્રેમાનંદનો નાથજી તેને, આપશે વૈકુંઠે વાસ રે. ઉદ્ધવ૦ ૧૫

**રાગ : સોરઠ પદ - ૧**

કઠણ હૈયાનારે કહાન ગોવાળ, કીધાં ઘેલાં વેણ વાઈને રસાળ રે. કઠ૦ ૧
એ મધ રાતે વાઈ મોરલી રે, મધુરી મોહનલાલ;
સાંભળતાં સુધ વિસરી, અમે આવ્યાં ઉઠી તતકાળ રે. કઠ૦ ૨
એ આશ ભર્યા સહુ આવીયા રે, તજી ઘર કુટુંબ જંજાળ;
વન તેડી તરછોડીયાં, અમને નિરદેઈ નઠોર ગોપાળ રે. કઠ૦ ૩
એ અમે અબળા વન એકલાં રે, ઉઠે ઉર વિરહની જાળ;
પ્રેમાનંદના નાથ વિના હવે, કુણ લેશે સંભાળ રે. કઠ૦ ૪

**પદ - ૨**

નગણા ન થઈયે રે નટવર નાવ, વહાલા અમપર આવડો શો દાવરે. નગ૦ ૧
એ અમે તમારી કિંકરી રે, દામ વિનાની માવ;
મોહન મન વચન કર્મ કરી, અમે પૂજું તમારા પાવ રે. નગ૦ ૨
એ લાગી લગન છુટે નહી રે, જ્યું ઘણ હીરે ઘાવ.
કોઈ કાળે ના ઉપજે, વહાલા મીનને નીર અભાવ રે. નગ૦ ૩
એ સ્વાંત વિના અન્ય નીરનો રે, ચાત્રક મન નહિં ચ્હાવ;
પ્રેમાનંદ વ્રજજન ચકોરીના, ચંદ્ર તમે વ્રજરાવ રે. નગ૦ ૪

**પદ - ૩**

વદન દેખાડો રે મોહન મીત, કહી કહાન વર કોમળ ચીત રે. વદ૦ ૧
એ નીર ન બોળે કાષ્ટને રે, જુવો હરિ ક્યાંની પ્રીત;
પોતાનું સિંચ્યું જાણીને, એ છે મેટાની રીત રે. વદ૦ ૨
એ જળમાં વસે કુમુદીની રે, ગગને વસે શશિ શીત;
પોતાના સનેહિ જાણીને, પોખે છે નીત નીત રે. વદ૦ ૩
એ અમૃત પાઈને ઉછેરીયાં રે, અમને અકળ અજીત;
પ્રેમાનંદના નાથ તમ વિના, પલક તે કલપ વિતીત રે. વદ૦ ૪

પદ - ૪

મદન સંતાપે રે બળવીર, કેમ ધરિયે તમ વિના ધીર રે. મદ૦ ૧
એ મધ્ય રાતે અમે માનિની વિકટ કાલિંદિ તીર
વિકળ ફરૂં વન રોવતી રે, નેણે વરસે નીર રે. મદ૦ ૨
એ ગોપીગણ મધ્ય પ્રગટ્યા રે, સુંદર શ્યામ શરીર;
વદન ચંદ્ર છબી નિરખતાં, મટી વ્રજવનિતા તન પીર રે. મદ૦ ૩
એ પ્રફુલિત વન શશિ ચાંદની રે, ત્રિવિધ વહે સમીર;
પ્રેમાનંદનો નાથ ગોપી સંગ, રમે વન રાસ રુચિર રે. મદ૦ ૪

રાગ : પરજ દેશી- પદ - ૧

શું જાણું રે ક્યાં ગયા હરિ, હરિ ક્યાં ગયા હરિ રે ક્યાં ગયા હરિ; શું૦ ટેક.
શ્રીઘનશ્યામ મનોહર સજની, હાંરે પ્રાણ મારા રે પરવશ કરી. શું૦ ૧
નાથ નમેરા થઈને નિસર્યા, હાંરે દયા ના આણી રે અલબેલ જરી. શું૦ ૨
વાયદા કરીને ગયા વનમાળી, હાંરે નવ આવ્યા રે નેહડામાં ફરી. શું૦ ૩
પ્રેમાનંદનો નાથ સનેહિ, હાંરે છેલ ગયા રે, મુજને છો છેતરી. શું૦ ૪

પદ - ૨

લખું કાગળિયો રે લઈ જાઓ કોઇ, હાંરે લઈ જાઓ કોઇ રે
લઈ જાઓ કોઇ; લખું૦ ટેક.
ધર્મકુંવર ઘનશ્યામને દેજો, હાંરે કે'જો વાલપ તમારી અમે
જીવન જોઈ. લખું૦ ૧
કપટ તમારૂં હરિ અમે જો જાણતી, હાંરે આવતીયું ભોળી
કે રાખતી રે ઠોઈ. લખું૦ ૨
છેલ છબીલા છેતરીને છેહ દીધો, હાંરે પ્રાણ લીધા અમારા
પ્રીતડીમાં પ્રોઈ. લખું૦ ૩
પ્રેમાનંદના નાથજી તમ વિના, હાંરે મરૂં છું રે રાત દિન રોઈ. લખું૦ ૪

પદ - ૩

ઘનશ્યામ પિયા પ્રાણ લઈને ગયા, હાંરે પ્રાણ લઈને ગયા રે
પ્રાણ લઈને ગયા; ઘન૦ ટેક.
ધર્મકુંવર ઘનશ્યામ સનેહી, હાંરે દીનબંધુ રે કેમ તોડી દયા. ઘન૦ ૧





પ્રાણજીવન મારી પીડ ન જાણી, હાંરે એમ કહાવે રે
ભ્રખુભાણ તનયા. ઘન૦ ૨
વાલમ વહાલ વિસાર્યું ક્ષણમાં, હાંરે શે વાંકે નાથ નિરદયી થયા. ઘન૦ ૩
પ્રેમાનંદના નાથજી ન ઘટે, હાંરે નિજ દાસીયો તજીને
અળગા રે રહ્યા. ઘન૦ ૪

પદ- ૪

સાંભળજો રે અબળાની અરજી, હાંરે અબળાની અરજી રે
અબળાની અરજી; સાંભ૦ ટેક
ઘડી ઘડી પળ પળ જુગ સમ જાયે, હાંરે તમ વિના સનેહી
સુંદર વરજી. સાંભ૦ ૧
નાથ વિજોગતણી રે વેદના, હાંરે અમ સારૂં રાખીતી તમે
ક્યાં સરજી. સાંભ૦ ૨
શ્રીઘનશ્યામ દયાના સાગર, હાંરે દયા આણો દાસીપર ગીરધરજી. સાંભ૦ ૩
પ્રેમાનંદના નાથ હરો દુઃખ, હાંરે દેખાડો વદન સુખસાગરજી. સાંભ૦ ૪

રાગ : ગરબી પદ - ૧

ઉદ્ધવજી કહેજો જાઈ હરિને સંદેશો રે;
મારા પ્રાણતણા આધાર કેટલુંક રહેજો રે. ઉદ્ધ૦ ટેક.
વાલમજી વીના વ્રજનાર હિયામાં કલપે રે;
વહાલા નીર વિછોયાં મીન એણી પેરે તલપે રે. ઉદ્ધ૦ ૧
વહાલા ચંદ્ર વિના જ્યું ચકોર મેઘ વિના મોરાં રે;
જોવાને વ્યાકુળ નેણ મુખડાં તોરાં રે. ઉદ્ધ૦ ૨
વહાલા સુફલ કરો મારાં નેણ નાગર નંદા રે;
વહાલા હરોને હૈયાના તાપ ગોકુળચંદા રે. ઉદ્ધ૦ ૩
વહાલા શરદ પુનમની રાત અતિ રૂપાળી રે;
જીવનજી રમાડોને રાસ આવો વનમાળી રે. ઉદ્ધ૦ ૪
વહાલા જમુનાને તીરે વેણ વજાડો રે;
વહાલા પ્રેમસખીના શ્યામ સંગે રમાડો રે. ઉદ્ધ૦ ૫

**પદ - ૨**

લટકાળા મોહનલાલ ગિરિધર ઘેલા રે;
શું જોઈને મોહ્યા શ્યામ સુંદર છેલા રે. લટ૦ ટેક.
વહાલા બાલપણાના મિત્ર કે વાટડી જોવે રે;
સંભારીને નટવરલાલ ઘણું ઘણું રોવે રે. લટ૦ ૧
આવીને સુંદર શ્યામ સુખડાં આપો રે;
આપી ચરણકમળ મહારાજ પોતાનાં થાપો રે. લટ૦ ૨
ગોવાળને સંગ શ્યામ મોરલી વાઓ રે;
વાંસલડીને નાદે નાથ ધેન બોલાવો રે. લટ૦ ૩
શોભો છો સુંદર શ્યામ જમુનામાં ના'તા રે;
ગોવાળા સંગે લાલ તાળી દૈ ગાતા રે. લટ૦ ૪
એવા જમતા ને રમતા માવ નેણામાં રેજો રે;
આવી પ્રેમસખીના શ્યામ દરશન દેજો રે. લટ૦ ૫

**પદ - ૩**

મનમાન્યા મોહનલાલ કુંજવિહારી રે;
વહાલા વ્રજવનિતાના પ્રાણ છો ગિરધારી રે. મન૦ ટેક૦
લટકાળા અમારા પ્રાણ લટકે લીધા રે,
વહાલા ખગ મૃગ વંશીમાંહ્ય મોહન વશ કીધાં રે. મન૦ ૧
વહાલા કોકીલા ઉંચે સ્વર કે મોર બકોરે રે;
રસિયા વિના ભ્રમર કુરંગ અતિ મન ઝુરે રે. મન૦ ૨
વહાલા સરિતા સુકયાં નીર વેલીયો કરમાણી રે;
વહાલો હરી ગયા સર્વના પ્રાણ કે મોહનદાણી રે. મન૦ ૩
વહાલા માધવી કેતકી જાય ચંપો વનવેલી રે.
તમે આવો તો સુંદર શ્યામ ફુલે ચંમેલી રે; મન૦ ૪
વહાલો પે'રોને ચંપાના હાર ફુલ્યાં આવો ડમરા રે;
વહાલા પ્રેમસખીના પ્રાણ કે ભોગી ભ્રમરા રે. મન૦ ૫

**પદ - ૪**

રંગભીના સુંદર છેલ આવોને વહાલા રે;
રસિકના જીવનપ્રાણ છો નંદલાલા રે. રંગ૦ ટેક





લટકાળા લટકા માંહ્ય મનડાં લીધાં રે;
મોહનજી મોરલી માંહ્ય કામણ કીધાં રે. રંગ૦ ૧
તમ સાથે સુંદર શ્યામ પ્રીત બંધાણી રે;
તમને જોઈને જાદવરાય હું લોભાણી રે. રંગ૦ ૨
અસમાની રંગે પાઘ કેશરિયા જામા રે;
સુથણલી જોઉં શ્યામ રો'ને મુંજ સામા રે. રંગ૦ ૩
કાને કુંડળ મોતીના હાર બાજુબંધ ઝળકે રે;
કરપોંચી કંદોરા જોવાને મન મારૂં લળકે રે. રંગ૦ ૪
લટકતા ચાલોને લાલ કે ઘુઘરૂં ઘમકે રે;
જોયે પ્રેમસખીના શ્યામ વજાડોને ઠમકે રે. રંગ૦ ૫

**રાગ : ગરબી પદ - ૧**

(રાજીના મહીનાનો ઢાળ)

સખી કઠણ હૈયાનો કહાન મેલીને ચાલ્યા રે;
હવે શ્યોરે કરૂં ઉપાય કેમ રહે ઝાલ્યા રે. ૧
સખી રસિયે તોડી પ્રીત ચાલ્યા મારી રે;
હવે કેઈ પેરે પ્રાણજીવન કે રાખું વારી રે. ૨
સખી મેલીને ચાલ્યા નાથ કેમ રે'વાશે રે;
રસિયા વિના દિવસ ને રાત ખાવા ધાશે રે. ૩
સખી વનમાં મોહન મોરલી કોણ વાશે રે;
રસિયા વિના મહીનો દાણી હવે કોણ થાશે રે. ૪
સખી મોરલીમાં મધુરાં ગીત હવે કોણ ગાશે રે;
સખી રસિયા વિના અધર અમૃત કોણ પાશે રે. ૫
સખી કયારે મળશે નાથ જમુના તીરે રે;
છમકલડાં કરતાં લાલ વળગશે ચીરે રે. ૬
સખી એવા દુ:ખના દિવસ કયારે વળશે રે;
સખી પ્રેમસખીનો નાથ આવીને મળશે રે. ૭

**પદ - ૨**

સખી વ્રજવાસીના પ્રાણજીવન કેમ ના'વ્યા રે;
કોઈ મળી ધુતારી નાર તેણે લલચાવ્યા રે. ૧

સખી વળશું વેહેલા રામ ગયા છે કઈને રે;
સખી હેત કરી દીનાનાથ દીલાસા દઈને રે. ૨
સખી રહેતા આપણ પાસ હતા બહુ ત્યાગી રે;
સખી મોહનજીને પ્રીત કે સાથ લાગી રે. ૩
એવી કોણ મળી હશે નાર રાખ્યા વાઈ રે
કોઈ અલબેલીને સંગ રહ્યા ગુંથાઈ રે. ૪
સખી જોઈ સુંદર છેલ કામણ કીધાં રે;
સખી વ્રજવનિતાના પ્રાણ વશ કરી લીધા રે. ૫
સખી હવે નહિ આવે છેલ મોહન રસિયો રે;
સખી એ ગુણવંતી નારને મન વસિયો રે. ૬
સખી મનડું વ્યાકુળ થાય ધીર કેમ ધારૂં રે;
સખી પ્રેમસખીનો નાથ મળે તો ઘણું સારૂં રે. ૭

## પદ - ૩

અબળાની અરજી નાથજી સાંભળજો રે;
વિચારીને પ્રાણજીવન કે વેહેલા વળજો રે. ૧
મનડામાં મોહનલાલજી વિચારજો રે;
ક્યાંઈ વિલંબ ન કરશો નાથ ગોકુળ પધારજો રે; ૨
દુઃખ મેટણ દીનદયાળ છો ગિરિધારી રે;
અમો ચરણકમળની નાથ દાસી તમારી રે. ૩
અમ કારણ સુંદર શ્યામ ગોવરધન ધાર્યો રે;
સઉ દેખંતા વ્રજરાજ કંસને માર્યો રે. ૪
દાવાનળ પીધો નાથ માસી મારી રે;
અમ કારણ વનમાં માવ ગાયો ચારી રે. ૫
વહાલા બાળપણાનાં ચરિત્ર કેટલાંક કહિયે રે;
સંભારીને મારા નાથ વ્યાકુળ થઈયે રે. ૬
પ્રીતમજી પ્રાણ આધાર પ્રીતે પળજો રે;
વહાલા પ્રેમસખીના નાથ વેહેલા મળજો રે. ૭





## પદ - ૪

રસિયાજી રસના જાણ આવજો વેહેલા રે;
શું જોઈને મોહ્યા શ્યામ સુંદર છેલા રે. ૧
પરદેશી સાથે પ્રીતડી નવ કરીએ રે;
વિચારીને વ્રજના નાથજી પરહરિએ રે. ૨
વહાલા જે દહાડાથી રાજ ગયા છો મેલી રે;
રસિયા વિના વ્રજની નર ફરે છે ઘેલી રે. ૩
મધુરે સુર વાઈને વેણ ગયા છો મોહી રે;
વાટડલી ગોપી ગ્વાલ રહ્યાં છે જોઈ રે. ૪
ગોકુળમાં તમ વિના નાથ વસીયે રે;
મોહનજી અમારા પ્રાણ ફરે છે તમ પાસે રે. ૫
ધન્ય ધન્ય તે દિવસ નાથ અમ સંગ ગાશે રે;
ધરી મોરમુકુટ મહારાજ મોરલી વાશે રે. ૬
કૃતારથ કરશો નાથજી રસ રેલે રે;
આવી પ્રેમસખીના નાથ વળગશો બેલે રે. ૭

## રાગ : ઠુમરી પદ -૧

બાલાપનમેં બેરાગન કર દીની રે; બાલા૦ ટેક.
કર કર પ્રીત મીત બાલાપનમેં, સુધ બુધ મોરી હર લીની રે. બાલા૦ ૧
શ્રીઘનશ્યામ સુંદરકી બતિયાં, છતિયાં છેદી પરબસ કીની રે. બાલા૦ ૨
બાવરી ફીરૂં મોયે કછુ ન સોહાવે, જાત કલપસમ પલ છીની રે. બાલા૦ ૩
પ્રેમાનંદ કે' અટક રહી ઉર બીચ, શ્યામરીસી મૂરત રંગભીની રે. બાલા૦ ૪

## પદ - ૨

બાલાપનમેં બેરાગની હો ગૈયાં રે; બાલા૦ ટેક
શ્રીઘનશ્યામ રસિક રંગ છેલા, લરકૈયા નિકરી ગયો સૈયાં રે. બાલા૦ ૧
જોગન હોત ભભુત લગાઈ, આંસુનકી માલા રટત રૈયાં રે. બાલા૦ ૨
પરત ન ચેન રેન દિન સજની, બિરહ બીથામે વિકળ ભૈયાં રે. બાલા૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામ ધરમસુત, કેસી કરૂં મેં મીલત નૈયાં રે. બાલા૦ ૪

**પદ - ૩**

મનમોહન મોહની મોંપે ડારી ગયો રે; મન૦ ટેક
નટવર નાગર રૂપ ઉજાગર, સુખસાગર નેનાં મારી ગયો રે. મન૦ ૧
હસી મુસકાયેકે નેહરો લગાયકે, જદુપતિ જીયરા નીકારી ગયો રે. મન૦ ૨
રસઉમેં રસ બસ કરીકે રસિકવર, બિરહા અનળ તન જારી ગયો રે. મન૦ ૩
પ્રેમાનંદ કહે પ્રીત બાલાપનકી, પરમ ચતુર બીસારી ગયો રે. રે. મન૦ ૪

**પદ - ૪**

ઘનશ્યામ સુંદર મન હર ગયો રે; ઘન૦ ટેક
ચિતવનીમેં મેરો ચિત્ત હર લીનો, મુસકનીમેં જાદુ કર ગયો રે. ઘન૦ ૧
સેનનમેં સમુજાય સલોનો, બેનમેં બાવરો ઝગર ગયો રે. ઘન૦ ૨
બીનું દેખે મે તો રહી ન શકું અબ, એહી સ્વભાવ મેરો પર ગયો રે. ઘન૦ ૩
પ્રેમાનંદ હરિકૃષ્ણ સુંદર વર, પ્રીત પુરાની બીસર ગયો રે ઘન૦ ૪

**રાગ : ઠુમરી પદ - ૧**

મન લે ગયો રે મન લે ગયો રે, મનમોહન મેરો મન લે ગયો રે. મન૦ ટેક.
કર કર નેહ છેહ દે સટક્યો, મધુપુર કીયો જાય નેહ નયો રે. મન૦ ૧
રેન દિના મોયે બિરહ સંતાવે, જાત નહીં દુઃખ કાંસું કયો રે. મન૦ ૨
ભોજન ખાન પાન તજ દીનો, મનમથકે મેરે બેર ભયો રે. રે. મન૦ ૩
પ્રેમાનંદ કે' નાથ બીના અબ, તપતહે મેરો તન જ્યું તયો રે. રે. મન૦ ૪

**પદ - ૨**

કહી ન બને કછુ ન બને રે કા' કહીયે કછુ ન બને રે; કહી૦ ટેક.
દુઃખ દાવાનળ આયે ગ્રહ્યો બ્રજ, હરિ સાગર સુખ ભયો સ્વપને રે. કહી૦ ૧
હમસું બેર કીયો પદ્માત્મજ, જોગ લીખ્યો તબ કપટ મને રે. કહી૦ ૨
તાપર શોક ભઈ શિર કુબજ્યા, કસર ન રહી કછુ રતિ મરને રે. કહી૦ ૩
પ્રેમાનંદકે નાથસું કહિયો, તુમ બીના મિત્રહિ કોન હને રે. કહી૦ ૪

**પદ - ૩**

બેરન મોરી બેરન મોરી, કુબરી જનમકી બેરન મોરી; બેર૦ ટેક.
હમરે પ્રાણજીવન બસ કીને, કછુ એક ટોના કર બરજોરી. બેર૦ ૧
મનમોહનકો મન હર લીનો, કર સુંદર તન ચંદન ખોરી. બેર૦ ૨





કર કર હાવ ભાવ સેનનમેં, નિરખી બદન છબી ચંદ જ્યું ચકોરી. બેર૦ ૩
પ્રેમાનંદ કે' પ્રભુ અબ નહીં આવે, ગોકુળસું ગયે પ્રીતિ તોરી. બેર૦ ૪

**પદ ૪**

અબ ન જીયુંગી અબ ન જીયુંગી, નંદકુંવર બીના અબ ન જીયુંગી; અબ૦ ટેક.
શ્યામ બિયોગ સહ્યો નહીં જાવત, જાયકે કાશી કરવત લીયુંગી. અબ૦ ૧
યા જીવનતેં મરન ભલો હે, વિખકો પ્યાલા મેં ઘોરી પીયુંગી. અબ૦ ૨
રચીકે ચિતા કાષ્ટકી સજની, તામેં બેઠ હુતાશ છીયુંગી. અબ૦ ૩
પ્રેમાનંદકો નાથ મીલાવે તો, જો મુખ માંગે સોઈ દીયુંગી. અબ૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

ગોકુળ આવો શ્રીનાથજી રે,
હો જી રે વ્રજવનિતાના પ્રાણ આધાર રે લાલ; ગોકુળ૦ ટેક.
કહાવે સંદેશો વ્રજવનિતા રે,
હો જી રે જીવન કરશો માં ઘણી વાર રે લાલ. ગોકુળ૦ ૧
તમ વિના ગોકુળમાં ગમતું નથી રે,
હો જી રે વિરહે વ્યાકુળ વ્રજની નાર રે લાલ. ગોકુળ૦ ૨
તમ વિના ગોકુળવાસી ઘેલડાં રે,
હો જી રે મીન ના જીવે નીરથી બહાર રે લાલ. ગોકુળ૦ ૩
તમ વિના ધેનું ઝુરે વન વિષે રે,
હો જી રે વાછરૂં ઝુરે ઘર મોઝાર રે લાલ. ગોકુળ૦ ૪
તમ વિના પંખી વ્યાકુળ વન વિષે રે;
હો જી રે પ્રેમાનંદના નેણ સણગાર રે લાલ. ગોકુળ૦ ૫

**પદ ૨**

લોચન વ્યાકુળ શ્રીનાથજી રે,
હો જી રે જોવા સુંદર શશિમુખ હાસ રે શ્યામ; લોચન૦ ટેક.
શ્રવણ તલપે છે રે સુણવા મોરલી રે
હો જી રે વચન સાંભળવા મન ઘણી પ્યાસ રે શ્યામ. લોચન૦ ૧
મોહન મળવાને હૈડુ તપે રે,
હો જી રે પ્રિતમ પુરો અમારી આશ રે શ્યામ. લોચન૦ ૨

રસિયા રસ પાઈને અળગા થયા રે,
હો જી રે રંગભર રમાડીને રાસ રે શ્યામ. લોચન૦ ૩
પ્રથમની હાંસી હવે સાચી ઠરી રે,
હો જી રે રાસમાં રોવરાવ્યાં દાસ રે શ્યામ. લોચન૦ ૪
પ્રેમાનંદના નાથ દયા કરો રે,
હો જી રે આપો ચરણકમળ નિવાસ રે શ્યામ. લોચન૦ ૫

પદ - ૩

મથુરા રહેશો માં તમે માવજી રે
હો જી રે ગોકુળ પધારો કરી પ્રીત રે કહાન મથુરા૦ ટેક.
મથુરા મધ્ય રાતે મેલવી પડી રે,
હો જી રે તેથી અધિક હવે વિપરીત રે કહાન. મથુરા૦ ૧
મથુરામાં મામા ને માસી મળી રે,
હો જી રે ભાવ ભર્યા છે પરમ પુનિત રે કહાન. મથુરા૦ ૨
ભોળા ભરવાડોની પ્રીતડી રે,
હો જી રે જરીયે જુવો આવીને મીત રે કહાન. મથુરા૦ ૩
વૃન્દાવનમાં રમતા રસ ભરયા રે,
હો જી રે કરતા કેલી કુંજ લલિત રે કહાન. મથુરા૦ ૪
એ રસ મેલી મથુરા શું રહ્યા રે,
હો જીરે ચોરી પ્રેમાનંદનાં ચિત્ત રે કહાન. મથુરા૦ ૫

પદ ૪

ગોકુળ ક્યારે પધારશો રે,
હો જી રે જીવન રહી છું વાટડી જોઈ રે છેલ; ગોકુળ૦ ટેક
ચાખડીયો સોતાં ચરણકમળમાં રે,
હો જી રે મોહન રહી છું મનડું પ્રોઈ રે છેલ. ગોકુળ૦ ૧
ક્યારે ચરણ ધોઈને ચાખડી રે,
હોજી રે પે'રાવીશ પાંપણીને લોઈ રે છેલ. ગોકુળ૦ ૨
ઉભી અટારિયે જોવું વાટડી રે,
હો જી રે ઉઠી આંખડીયો રોઈ રે છેલ. ગોકુળ૦ ૩





મથુરા લખ આવે ને લખ જાય છે રે,
હો જી રે સંદેશો ન લાવે કોઈ રે છેલ. ગોકુળ૦ ૪
પ્રેમાનંદના પ્યારા તમ વિના રે,
હો જી રે પલક એક કલપ સરીખી હોઈ રે છેલ. ગોકુળ૦ ૫

રાગ : જંગલાની ગરબી પદ - ૧

વિનતડી રે વ્રજનારની રે, કહેજો વહાલાજીને જાઈશું;
ભલી તમે પાર ઉતારી પ્રિતમ, બાલપણાંની સગાઈ. ઉદ્ધવ કહેજોજી૦ ૧
ત્રિકમ તમારી ઘાતડી રે, અમે આવડલી નવ જાણીજી;
અમને જોગ લખી મોકલ્યો, તમે કીધી કુબજા રાણી. ઉદ્ધવ૦ ૨
પે'લાં અમે નવ જાણતાં રે, તમે જોડી પ્રીત પરાણેજી;
વિસવાસીને વ્યાધ વધે મૃગ, તેમ મારયાં દ્રગ બાણે. ઉદ્ધવ૦ ૩
પ્રીત કરીને તમે પરહર્યા રે, હે શી પેર થાશે અમારીજી;
અધવચથી જેમ વરત વાઢે, કોઈ કુવામાં ઉતારી. ઉદ્ધવ૦ ૪
અમૃત પાઈને ઉછેરિયાં રે, સરવે કષ્ટથકી ઉગાર્યાંજી;
પ્રેમાનંદના નાથજી હવે, મોત વિના તમે માયા. ઉદ્ધવ૦ ૫

પદ - ૨

ગિરિધર ગોકુળથી ગયા રે, તે દહાડાથી વ્રજનારીજી;
આઠે પહોર અતિ દુઃખમાં ફરે, વ્યાકુળ વ્રહની મારી. ઉદ્ધવ કહેજોજી૦ ૧
વિરહ અગ્નિમાં તન બળે રે, મારું મન મળવા અકળાયેજી;
જંપ ન થાયે મારા જીવમાં, મને મંદિર ખાવા ધાયે. ઉદ્ધવ૦ ૨
પીડા પ્રિતમ વિયોગની રે, મને ક્ષણું એક સ્હેવાતીજી;
રોતાં જાયે દિન રાતડી રે, મારી આવે ભરાઈ છાતી. ઉદ્ધવ૦ ૩
ચિતડામાં ચિંતા ઘણી રે, મને અન્ન નવ ભાવે ઉચાટેજી;
હૈડામાં હોળી બળે, મને વિસારી શા માટે. ઉદ્ધવ૦ ૪
વાલમ ક્ષણુંયે ન વિસરે રે, મારા ઉરમાં ખટકે આવીજી;
પ્રેમાનંદનો નાથજી, ક્યારે મળશે હેતે બોલાવી. ઉદ્ધવ૦ ૫

પદ - ૩

ઉદ્ધવ અમને કૃષ્ણ ધુતારે, છળ કરીને છેતરિયાંજી;
મીઠું બોલીને મોહ પમાડ્યાં. પ્રાણ અમારા હરિયા. કેને કહિયેજી૦ ૧

વેણ વાઈને વશ કરી લીધી, મોહનવર મરમાળેજી;
રસ પાઈને મેલી રઝળતી, કપટી અંતર કાળે. કેને૦ ૨
નેહ લગાડીને છેહ દઈને, મોહનવર ગયા મેલીજી;
પ્રીત કરી પાતળિયે નાંખ્યાં, દુઃખ દરિયામાં ઠેલી. કેને૦ ૩
સંસારમાં હવે સુખ નવ આવે, નાથ વિના ન રહેવાયેજી;
વિરહ તણી થાયે વેદના ઉરે, રોતાં રાત દિન જાયે. કેને૦ ૪
ભોજન પાન વસન વિસરીયાં, શું જાણું શું થાશેજી;
પ્રેમાનંદના નાથ વિના હવે, જીવડો નિશ્ચે જાશે. કેને૦ ૫

**પદ - ૪**

પ્રાણ હરિને પરદેશ વિલમી રહ્યા, વિઠ્ઠલવર વનમાળીજી;
વિરહાનળ લાગો દુઃખ દેવા, કાળજ નાખ્યાં બાળી. નાથ વિયોગેજી૦ ૧
લોકના ભોગ વિષે જેવા લાગે, કહો ઘરમાં કેમ રહિયેજી;
ઉદ્ધવજી અંતરનું દુઃખડું, કેને આગળ કહીયે. નાથ૦ ૨
પિંડ થયો પાંજરડું સુકાઈ, વિરહની અગ્નિ ઝાળેજી;
રોતાં રોતાં જાયે દિન રજની, નેણાં વહે પરનાળે. નાથ૦ ૩
ચઢી ચઢી ગોખ પિયા પંથ હેરૂં, ચારે દીશે જોવુંજી;
સુરત સંભારી શ્યામની પછી, નાંખે નિસાસા રોવું. નાથ૦ ૪
શબ્દ સ્પરસ રસ રુપ ગંધ મને, નાથ વિના નથી ગમતાજી;
પ્રેમાનંદના નાથ કેડે મારા, પ્રાણ ફરે છે ભમતા. નાથ૦ ૫

**પદ - ૫**

રસિયા વિના રાત દિન ઝુરૂં, કામ કાજ નવ સુઝેજી;
દરદ દિવાની વન વન ડોલું, અંતર પીડ ન બુઝે. બહુ દુઃખ થાયેજી૦ ૧
દુઃખ દરિયામાં નાંખી મુજને, નાથ વસ્યા જાઈ દુરજી;
શ્યામ વિયોગે વિરહ વ્યથામાં, થઈ છું ચકનાચૂર. બહુ૦ ૨
સેજડલી શુળી સમ લાગે, મંદિર ખાવા ધાયેજી.
પળ જુગ જેવડી જાયે વાલમ વિના, વિરહ વેદના ન સહેવાયે. બહુ૦ ૩
પાપી પ્રાણ નથી નીસરતા, કાળજ કટકા થાયેજી;
છાતી વજ સમાન કઠણ થઈ, જીવડલો નવ જાયે. બહુ૦ ૪





ઉદ્ધવ એટલો સંદેશો, નંદકુંવરને કહેજોજી;
પ્રેમાનંદના નાથજી હવે, પ્રાણદાન આવી દેજો. બહુ૦ ૫

**પદ - ૬**

ઉદ્ધવજી ઘનશ્યામ અમારી, આંખલડીના તારાજી;
હેડાના છે હાર હરિવર, જીવનપાણ અમારા. જોઈને જીવુંજી૦ ૧
રાત દિવસ રટના એક એની, જેમ ચંદ ચકોર જી;
નીર વિના જેમ માછલીને, મેઘ વિના જેમ મોર. જોઈ૦ ૨
જેમ ઋતુરાજ વિના કોયલ ગતિ, સ્વાંત વિના બપૈયાજી;
એમ વ્રજચંદ વિના વ્રજવનિતા, જોઇ એમ કહિયો. જોઈ૦ ૩
ઉદ્ધવ પ્રાણ રહ્યા છે અમારા, એક દરશનની આશેજી;
દરશન વિના તો પ્રાણ તજીને, આવશું પ્રીતમ પાસે. જોઈ૦ ૪
જો હરિ પ્રાણ જીવાડવા ચાહો તો, વહેલા દરશન દેજોજી;
પ્રેમાનંદના નાથજી નહીં તો, પાસ તેડાવી લેજો. જોઈ૦ ૫

**રાગ : સોરઠ પદ ૧**

માંસું ન તોરીયે મહારાજ, રસિયા રાજકુમાર સલુના; માંસું૦ ટેક
અર્થ સર્યો સઘળો ભય ભાગ્યો, અબતો કુબડીમેં મન લાગ્યો;
તોડ્યો નેહ જ્યું ધાગો ના તરછોડીયે મહારાજ. રસિ૦ ૧
કુબજા કુટિલ કંસકી દાસી, સ્વૈરિણી કુલટા કામકી રાસી;
દેખત આવે હાંસી તાસું ન જોડીયે મહારાજ. રસિ૦ ૨
બોલે જગ મુખ વિપરીત વાણી, પ્રેમાનંદરા પ્રભુ સારંગપાણી;
તોડી પ્રીત પુરાની મુખડું ન મોડીયે મહારાજ. રસિ૦ ૩

**પદ - ૨**

થારો કાંઈ પતિયારો રાજ, નટવર નંદકુંવર નિરદૈયા; થારો૦ ટેક.
વે દિન નાથ ગયા થાને બીસરી, કીધા મોટા પાઈ દુધ મીસરી;
અબ છેહ દીનો નિસરી કાંઈ છે વાંક હમારો રાજ. નટ૦ ૧
થા કારન રસિયા રંગ લેહેરી, કીને લોક કુટુંબ સબ વેરી;
જીવતી શશિમુખ હેરી કરી કેંદ્રકો તારો રાજ. નટ૦ ૨
નગણસું નેહ કરો મત કોઈ, હમતો અપની બીતી જોઈ;
પ્રેમાનંદ કહે હોઈસો હોઈ હો ગયો માંસું ન્યારો રાજ. નટ૦ ૩

**રાગ : કાફી પદ - ૧**

ગયો કાનુડો કપટી મને મેલી રે, સાંભળ સાહેલી; ગયો૦ ટેક.
કેમ કરિયે રે હવે કેને કહિયે, વિરહે થઈ છું હુંતો ઘેલી રે. સાંભ૦ ૧
બાળપણામાં બહુ લાડ લડાવ્યાં, પ્રીત કરીને એણે પે'લી રે. સાંભ૦ ૨
એરે દુઃખે મારી દાઝે છાતલડી, તનડામેં થાયે તાલાવેલી રે. સાંભ૦ ૩
પ્રેમાનંદનો નાથ ગયો મને, દુઃખ દરિયામાંહે ઠેલી રે. સાંભ૦ ૪

**પદ - ૨**

કોઈ આણી મેળાવે અવિનાશી રે, સુખાડાનો રાશી; કોઈ૦ ટેક.
ધર્મકુંવર ઘનશ્યામ છબીલો, અખિલભુવનનો નિવાસી રે. સુખ૦ ૧
પાતળિયો રે મારા પ્રાણનો જીવન, હું તો એના ચરણની દાસી રે. સુખ૦ ૨
રાત દિવસ શ્યામળિયા રે સારૂં રે'છે મારો જીવડલો ઉદાસી રે. સુખ૦ ૩
પ્રેમાનંદનો નાથ ગયો મને, નાંખી પ્રેમ ગળે ફાંસી રે. સુખ૦ ૪

**પદ - ૩**

મને વહાલા વિના વિરહ સતાવે રે, નથી રે'વાતું; મને૦ ટેક.
સેજલડી રે શુળી સમ ભાસે, અન્નડું ઉચાટે ન ભાવે રે. નથી૦ ૧
રોતાં રજની જાયે સજની, નયણે નિંદ ન આવે રે. નથી૦ ૨
બહુ દુઃખ થાયે પાપી જીવ ન જાયે, પળ એક ક્યાંઇ સુખ ના'વે રે. નથી૦ ૩
પ્રેમાનંદના નાથને કોઈ મારી, વિનતિ જાઈ સંભળાવે રે. નથી૦ ૪

**પદ - ૪**

ક્યારે દેખું આંખલડીને આગે રે, જીવન મારાને; ક્યારે૦ ટેક.
શોભારે ધામ કામમદ ગંજન, મનરંજન વહાલો લાગે રે. જીવ૦ ૧
સુંદર વદન સદન સર્વે સુખનું, હસીને બોલાવે અનુરાગે રે. જીવ૦ ૨
ચંચળ લોચન ભવદુઃખ મોચન, જોઈ જોઈ દુઃખ મારાં ભાંગે રે. જીવ૦ ૩
સુંદર કર ક્યારે ધરશે શિરપર, પ્રેમાનંદ એ માંગે રે. જીવ૦ ૪

**રાગ : કાફી રેખતા પદ ૧**

આવતા કયોં નઈવે, શ્યામલડા આવતા કયોં નઈવે યાર; આવ૦ ટેક
જામે પેરી જરીદા બાંધી પગીયાં પેચોંદારવે;
હસતા હસતા સુંદર બદન, દેખાવતા કયોં નઈવે યાર. આવ૦ ૧





હમારી અલિયાં ગલિયાં મૈયા સાંઝ સવાર કનૈયાવે;
મધુરે મધુરે સ્વર મોહન બંસુરી બજાવતા કયોં નઈવે યાર. આવ૦ ૨
એક આછી તાન ગાવો પ્યારે દીલ સુખ હોય હમારાવે;
પ્રેમાનંદ કહે બંસી નેક સુનાવતા કયોં નઈવે યાર. આવ૦ ૩

**પદ - ૨**

જાનતા ક્યોં નઈવે, હમારી પીર જાનતા ક્યોં નઈવે લાલ; જાન૦ ટેક.
નંદદે સલોને ગબરૂ હમકું, સબુરીમેં સમુઝાવતાવે;
બહુ દિનાકી અરજી હમારી, માનતા કયોં નઈવે લાલ. જાન૦ ૧
દે દિદાર દયાવંત ખાવંદ તું માલિક મુલકુંદાવે;
હમ બંદુવા તેરી બંદગી કરત, પીછાન્તા કર્યો નઈવે લાલ. જાન૦ ૨
તું મુરષદહે કોમળ કાબિલ સબહુ નર નાર તેરે હાથવે;
પ્રેમાનંદકે પ્યારે હમપર મેહેર, આન્તા કર્યો નઈવે લાલ. જાન૦ ૩

**રાગ : ગરબી પદ - ૧**

અરજી એક અબતણી, તમે સાંભળજો ઘનશ્યામ રે, મારા વહાલાજી રે;
પ્રીતમ પૂરણકામ વાલીડા, નંદલાલાજી રે. નંદ૦ ટેક.
મેલીને મથુરાં ગયા, તે દહાડાથી વ્રજનાર રે; મારા૦
અખંડ આંસુ ધાર નેણ. નંદ૦ ૧
આંખડીયો ઉઠી રોઈને, કીધી નેણે નિદ્રા હરામ રે; મારા૦
રટણ આઠોજામ લાગી નંદ૦ ૨
વિરહતણી વ્યાધી ઘણિ વિસાર્યાં ભોજન પાન રે; મારા૦
ભુલી દેહના ભાન સરવે. નંદ૦ ૩
લડથડતા ડગલા ભરે, વહે ઘટ માંહી ક્ષીણ શ્વાસ રે; મારા૦
પ્રેમાનંદ એક આસ તમશું. નંદ૦ ૪

**પદ - ૨**

તમ વિના અમે એકલાં, હવે કેમ કરી રહીએ નાથ રે, અલબેલાજી રે;
કેને કહીએ વાત દુઃખની, વ્રજ છેલાજી રે., વ્રજ૦ ટેક
ગોવિંદજી ગમતું નથી, ક્યાંયે નથી થાતી સુવાણ રે; અલ૦
મંદિરિયાં રે મસાણ જાણીયે. વ્રજ૦ ૧

સેજડલી રે શૂળી થઈ, સર્વે ભોગ થયા છે રોગ રે; અલ૦
કીધો તમે વિયોગ વાલીડા. વ્રજ૦ ૨
વિસરતા નથી વાલમા રે, અમને ક્ષણું એક ઘનશ્યામ રે; અલ૦
સર્વે સુખના ધામ છોજી. વ્રજ૦ ૩
સુંદર મુખ શોભાનિધિ, દેખાડો આનંદકંદ રે; અલ૦
બલિહારિ પ્રેમાનંદ તમપર, વ્રજ૦ ૪

**પદ - ૩**

દરશન વિના અતિ અંતર રે, વહાલા થાયે છે ઘણી દાઝ રે, નથી રે'વાતું રે,
વિરહતણું રે મહારાજ દુઃખડું, નથી સે'વાતું રે. નથી૦ ટેક.
ખટકે છે અતિ નાથજી રે, મારા ઉરમાંહી એંધાણ રે; નથી૦
વેધ્યાં નેહને બાણ સાલે છે. નથી૦ ૧
બહુ હેતે બોલાવતાં રે, વહાલા મોહન દઈને માન રે; નથી૦
દેતા દર્શન દાન આવીને. નથી૦ ૨
રમતાં જમતાં એકઠાં રે વહાલા, મળતાં કરી અતિ હેતરે; નથી૦
મરમતણા રે સંકેત સાંભરે. નથી૦ ૩
કુટુંબ તે અમને માનતાં, તમે દીનાનાથ દયાળ રે; નથી૦
પ્રેમાનંદ પ્રતિપાળ આવોને. નથી૦ ૪

**પદ - ૪**

દુર્લભ દરશન થઈ ગયા, હવે કયારે મળશો નાથ રે, સુખના સાગરજી રે;
ભેટો ભુજ ભરી બાથ, રસિયા રૂપ ઉજાગરજી રે; સુખ૦ ટેક.
દુર્લભ વાતો મુખતણી વહાલા, સાંભળતાં સુખ થાયરે; સુખ૦
પરસો પાતક જાયે તમને. રૂપ૦ ૧
જેજે ઠેકાણે બેસતા વહાલા, કરતાં લટકાં લાલ રે; સુખ૦
તે જેમ ખટકે ભાલ ઉરમાં. રૂપ૦ ૨
જ્યારે જીવન સાંભરો, ત્યારે દુઃખતણો નહિ પાર રે; સુખ૦
છાતી વજ્રસાર ફાટે નહિ. રૂપ૦ ૩
મહેર કરીને હવે માવજીરે, વહેલી લેજો શ્યામ સંભાળ રે સુખ૦
પ્રેમાનંદ પ્રતિપાળ વાલીડા. રૂપ૦ ૪





**રાગ : ધોળ પદ**

(પધાર્યા પ્રભુ નાગર નંદજીનો લાલ રે એ ઢાળ)

પધાર્યા વા'લો શ્યામળિયો સુખકંદ રે, પધા૦ જગપતિ જગવંદ રે; પધા૦ ૧
અખિલ ભુવનનો આધાર રે, પધા૦ વરત્યો તે જયજયકાર રે; પધા૦ ૨
સામૈયું લઈ થાઓ ત્યાર રે, પધા૦ માનિની સજો શણગાર રે; પધા૦ ૩
માનિની મંગળ ગાઈએ, પધા૦ વા'લો વધાવાને જાઈએ; પધા૦ ૪
થાળ ભરો ગજમોતીએ, પધા૦ ચાલો વે'લા જઈ પોતીએ; પધા૦ ૫
શ્રીફલ સોપારી અક્ષત લીજીએ, પધા૦ કેશર કંકુનાં તિલક કીજીએ; પધા૦ ૬
લોને સુગંધી ફુલ હાર રે, પધા૦ ગજરા બાજુ ને તોરા સાર રે; પધા૦ ૭
સામૈયું લઈને સામા નિસર્યા, પધા૦ મુખ જોઈને દુઃખ વિસર્યા; પધા૦ ૮
અગણિત વાજાં વાજીયાં; પધા૦ દુરિજન દેખી બહુ દાઝીયાં; પધા૦ ૯
પ્રીતે પ્રભુને પધરાવિયા, પધા૦ પ્રેમાનંદે ગુણ ગાવીયા; પધા૦ ૧૦

**રાગ : હોરી પદ - ૧**

મોહન આવોને રમિએ રંગ હોરી, રંગ હોરી રે રંગ હોરી,
નંદજીના હો લાલ;
જીવન લા'વો લીજીએ કેણે દીઠી, કેણે દીઠી રે કેણે દીઠી,
અલબેલા કાલ. મોહન૦ ૧
વાલા ઝોળી ભરોને ગુલાબની ગિરિધારી ગિરિધારી હો ગિરિધારી,
વાલો રંગની રેલ;
પ્રીતે પધારો ને શ્યામળા સહુ જાણે, સહુ જાણે હો સહુ જાણે,
જગમાં અલબેલ. મોહન૦ ૨
વા'લા રંગ ભરો પિચકારીયો લેઈ છાંટો, લેઈ છાંટો હો લેઈ છાંટો,
અમ ઉપર શ્યામ,
તાપ શમાવોને તનના રંગભીના, રંગભીના હો રંગભીના,
રસિયા સુખ ધામ. મોહન૦ ૩
વા'લા ઉત્તમ અવસર આવિયો રમવાને, રમવાને હો રમવાને;
રસિયા તમ સાથ;
જન્મ સુફળ થયો અમ તણો તમને નિરખી, તમને નિરખી હો
તમને નિરખી, પ્રેમાનંદના હો નાથ. મોહન૦ ૪

**પદ - ૨**

પ્રીતમ જુવોને પ્રીતડી રસરંગે, રસરંગે હો રસરંગે,
ફુલ્યો ફાગણ માસ;
ફુલી ફરે વ્રજવનિતા રમવાને, રમવાને હો રમવાને;
આવ્યાં તમ પાસ, પ્રીતમ૦ ૧
આંબા મોર્યા કેસું ફુલીયા કરે ભમરા, કરે ભમરા હો કરે ભમરા,
વનમાં ગુંજાર;
ફુલી ચમેલી ચંપે ચડી પે'રાવા, પે'રાવા હો પે'રાવા,
અલબેલાને હાર. પ્રીતમ૦ ૨
વા'લા વસંત ઋતુ રળિયામણી રમવાને, રમવાને હો રમવાને,
નરનારીને મન;
તનમાં આભૂષણ પે'રી સહુ આવ્યાં, સહુ આવ્યાં હો સહુ આવ્યાં,
રમવાને જન. પ્રીતમ૦ ૩
કનક કળશરંગે ભર્યા સરવે આવી, સરવે આવી હો સરવે આવી,
અબળા વ્રજનારી;
પ્રેમાનંદ જાયે વારણે તમને કે'છે,તમને કે'છે હો તમને કે'છે,
વાલા થાઓ તૈયાર. પ્રીતમ૦ ૪

**પદ - ૩**

વા'લો હરખિ ઉઠ્યા હરિ હેતમાં હસી હેર્યા, હસી હેર્યા,
હો હસિ હેર્યા, વ્રજનારીનાં મુખ;
ત્રિવિધિ તાપ સમી ગયા અંગે ઉપજું, અંગે ઉપજું હો
અંગે ઉપજું,અલૌકિક સુખ. હર૦ ૧
વા'લો કમર કસી સામા આવીયા ભળી ઝોળી, ભરી ઝોળી,
હો ભરી ઝોળી ગુલાલની, હાથ;
સરખા સખા લીધા સાથમાં માંડ્યા રમવા, માંડ્યા રમવા
હો માંડ્યા રમવા, બ્રહ્માદિકનો નાથ. હર૦ ૨
વા'લે અબીલ ગુલાલે ઘેલા કર્યા બોળ્યા રંગમાં, બોળ્યા રંગમાં
હો બોળ્યા રંગમાં, ચોળીને ચીર;





મનના મનોરથ પુરીયા લટકાળે, લટકાળે હો લટકાળે
હળધરજી ને વીર. હર૦ ૩
આવ્યા સુર નર મુનિ સર્વે દેવતા જોવાને, જોવાને હો
જોવાને, હરિ જાદવરાય;
પુષ્પ વૃષ્ટિએ વધાવિયા શોભા નિરખી, શોભા નિરખી હો
શોભા નિરખિ, પ્રેમાનંદ ગાય. હર૦ ૪

**પદ - ૪**

ગિરિધર ઘેર્યો ગોપીએ ભેળી થઈને, ભેળી થઈને હો ભેળી થઈને,
ઉભા રો'ને મહારાજ;
ઘણાં રે રોળ્યાં અમને રંગમાં કયાં જાશો, કયાં જાશો હો
કયાં જાશો, અલબેલા આજ. ગિરિધર. ૧
વા'લો નાના કરતાં નારીએ લેઇ છાંટ્યો, લેઇ છાંટ્યો હો
લેઇ છાંટ્યો કેશરનો રંગ;
મારી તે મુઠી ગુલાલની આવી લાગી, આવી લાગી હો
આવી લાગી, છબિલાને અંગ. ગિરિધર. ૨
એક શીશી ભરિને ગુલાલની આવી રંગી, આવી રંગી હો
આવી રંગી, રસિયાજીની પાઘ;
આંખ્યોમાં આંજણ આંજીયા મુખ મિડયો, મુખમિડયો હો
મુખ મિડયો, જાવક રંગ રાગ. ગિરિધર. ૩
એક મૃગમદ ચંદન ચરચિયા પે'રાવ્યા, પે'રાવ્યા હો પે'રાવ્યા,
ચંપાના હાર;
પ્રેમાનંદ છબી જોઇને કીધો લેખે, કીધો લેખે કો કીધો લેખે,
ધન્ય ધન્ય અવતાર. ગિરિધર. ૪

**રાગ : ફુલડોળનાં પદ - ૧**

ફુલડોળે ફુલડોળે બેઠા છે નાથ ફુલડોળે, ઉડે રંગની છોળે; બેઠા૦
ગોપીનાથ ગોકુળનો ઠાકર, જોવા મળ્યું છે સહુ ટોળે. બેઠા૦ ૧
અબીલ ગુલાલ ઉડાવે ગોપી, મદ કેસર ઘોળે, બેઠા૦ ૨
રંગની ધૂમ મચી અતિભારી, દોડી પરસ્પર હોળે. બેઠા૦ ૩
પ્રેમાનંદના નાથને ગોપી, અત્તર ગુલાબી ચોળે. બેઠા૦ ૪

### પદ - ૨

વનમાળી વનમાળી બેઠા છે ડોળે વનમાળી રે,

ગાયે ગોપીયો દઈ તાળી; બેઠા૦

વનમાળી વ્રજજીવન વા'લો, સંગે રાધા રૂપાળી. બેઠા૦ ૧
પહેર્યા છે વાઘા કેસરિયા કાજુ, પાઘ બાંધી છે પેચાળી. બેઠા૦ ૨
ગોપીનાથ ઝુલાવે ગોપી, ગાવે મીઠી મીઠી ગાળી. બેઠા૦ ૩
પ્રેમાનંદના નાથનું મુખડું, મગન થાય છે ભાળ ભાળી. બેઠા૦ ૪

### પદ - ૩

ડોળ જોવા ડોળ જોવા આવ્યા છે સહુ ડોળ જોવા રે,

સુંદર મૂરતિમાં મન ઠોવા. આવ્યા૦

ફુલડોળમાં બહુ ફુલડાંની શોભા, દેખી દેખી દુઃખ ખોવા. આવ્યા૦ ૧
વિશ્વકર્માએ ડોળ રચ્યો રે વિચિત્ર, સુરનર મુનિ મન મોવા. આવ્યા૦ ૨
ઉડે રે અબીલ ગુલાલ અરગજા, કેસર ચંદન ચોવા. આવ્યા૦ ૩
પ્રેમાનંદ ઘનશ્યામની રે શોભા, અંતરમાંહી પરોવા. આવ્યા૦ ૪

### પદ - ૪

ગિરિધારી ગિરિધારી બેઠા છે ડોળ ગિરિધારી રે,

જાઉં વદન પર વારી; બેઠા૦

ઉડે અબલ ગુલાલ અરગજા, રંગભરી પીચકારી. બેઠા૦ ૧
વાજે તાલ મૃદંગ ઝાંઝ ડફ, ગાયે ફાગ વ્રજનારી. બેઠા૦ ૨
છાંટે રંગ ગુલાલ શ્યામપર, રંગભીની રાધા પ્યારી. બેઠા૦ ૩
શ્રીઘનશ્યામ છબી પર તનમન, પ્રેમાનંદ બલહારી. બેઠા૦ ૪

### પદ - ૫

નંદલાલો નંદલાલો બેઠા છે ડોળ નંદલાલો રે,

ગોપીજનનો વા'લો; બેઠા૦

શોભે ડોલ છબી અતિનૌતમ, સૈયર જોવા ચાલો. બેઠા૦ ૨
હોળી ગાવે ને રંગ ઉડાવે, મોહન છેલ છોગાળો. બેઠા૦ ૩
બાંધી પાઘ વસંતી સુંદર, ઓઢ્યો છે પીત દુશાલો. બેઠા૦ ૩
પ્રેમાનંદ કે' ફગુવા લઈએ, મોહનજીને ઝાલો. બેઠા૦ ૪





### રાગ : ગરબી પદ - ૧

નખરાં ન કરો કા'ન કેશરિયા, તમે સુંદર વર ગિરિધરિયા; નખરાં૦
મારી મોતીમાળા તોડી, નખ૦ મારી ઝાલી બાંહ્ય મરોડી. નખરાં૦ ૧
મારી આળ્ય ન કરશો આવી, નખ૦ નહિ ફાવે મુજને બોલાવી; નખરાં૦ ૨
તમે આવી અચાનક મારી, નખ૦ મારી આંખ્યોમાં પીચકારી; નખરાં૦ ૩
તમે મારી ગુલાલની મુઠી, નખ૦ મારા ઉરમાં આવી ઉઠી; નખરાં૦ ૪
હું જાતી તી લાજ કાડી, નખ૦ મારો ઘુંઘટ ઉઘાડી; નખરાં૦ ૫
લઈ કંકુ મુખડું માંજી, નખ૦ આંયોમાં આંજણ આંજી; નખરાં૦ ૬
મારી લોકોમાં લાજ લેવાણી, નખ૦ હુંતો રહી છું મલાજો આણી; નખરાં૦ ૭
ઘણું સાંખી રહી છું તમારૂં, નખ૦ પ્રેમાનંદના વા'લા માનો મારૂ; નખરાં૦ ૮

### વદ - ૨

ઉભલા રો'ને લાલ લટકાળા, ક્યાં જાશો છેલ છોગાળા; ઉભલા.
તમે દહાડી મારગ માંઇ, ઉભ૦ બોલીને કાંઈનું કાંઇ. ઉભલા. ૧
આજ આવો રમવા હોળી, ઉભ૦ નાખીશ હું રંગમાં બોળી. ઉભલા. ૨
આજ જાઉં જોર તમારૂ, ઉભ૦ શૂરવીરપણું સંભારૂં, ઉભલા. ૩
જો નંદ જસોદાના જાયા. ઉભ૦ કા'મ કરૂં આજ છતરાયા. ઉભલા. ૪
શૂરાતન આજ લે'વાશે, ઉભ૦ જેમ હશે તેમ કેવાશે. ઉભલા. ૫
એમ કહીને રાધા પ્યારી, ઉભ૦ મારી મુખ પર પીચકારી. ઉભલા. ૬
ભરી મુઠી ગુલાલની મારી, ઉભ૦ મુખ જેમ તેમ બોલી ગારી. ઉભલા. ૭
પ્રેમાનંદને નાથે વિચાર્યું, ઉભ૦ આજ ન થાયે આપણું ધાર્યું. ઉભલા. ૮

### પદ - ૩

પાતળિયે પળવટ વાળી, રમવા સારૂં સુંણ સાહેલી;
મંડાણી રંગની એલી, રમવા સારૂં સુંણ સાહેલી. રમવા. ૧
વા'લે સાનમાંઇ સમઝાવી, રમવા૦ લીધા ગોપ સખાઓ બોલાવી. રમવા. ૨
સહુ રંગ ભરી ભરી આવ્યા, રમવા૦ મનમોહનને મન ભાવ્યા. રમવા. ૩
ભરી અબીર ગુલાલે ઝોળી, રમવા૦ વળી મૃગમદ કેશર ઘોળી. રમવા. ૪
સામસામી રમત મંડાણી, રમવા૦ શોભા નવ જાયે વખાણી. રમવા. ૫
પડે અબીલ ગુલાલની મુંઠી, રમવા૦ મારે મુખ ઉર આંખમાં છુટી. રમવા. ૬

વરષે રંગભર પીચકારી, રમવા૦ જેમ ભાદરવે ઝડી ભારી. રમવા. ૭
મચ્યો કીચ ચાલી રંગરેલી, રમવા૦ જાણે ભાદરવે ભર એલી. રમવા. ૮
પ્રેમાનંદનો નાથ વિહારી, રમવા૦ વા'લે દેહ દશા વિસારી. રમવા. ૯

**પદ - ૪**

બોલી શ્રીવૃષભાનું કિશોરી, ગિરિધર ધીરો રે'જે ધુતારા;
આજ કોડ પુરા કરૂં તારા, ગિરિધર ધીરો રે'જે ધુતારા. ગિરિ૦ ૧
કાલ નવરંગ ચુનડી ચોળી, ગિરિ૦ લઈ રસિયા રંગમાં બોળિ. ગિરિ૦ ૨
મારી ઝાલી બાંહ્ય મરોડી, ગિરિ૦ મારી મોતીમાળા તોડી. ગિરિ૦ ૩
કાલ રંગ ગયા છો છાંટી, ગિરિ૦ આજ થાજ્યો મોહન માટી. ગિરિ૦ ૪
એમ કહીને રાધા ઝપટી, ગિરિ૦ જાઈ જગજીવનને લપટી. ગિરિ૦ ૫
જેમ કનક વેલી તમાલે, ગિરિ૦ લઈ મૃગમદ મુખ અજવાળે. ગિરિ૦ ૬
શિર અત્તર શીશી ઢોળી, ગિરિ૦ લઈ પાઘ રંગમાં બોળી. ગિરિ૦ ૭
મળી ગોપીઓની ટોળી, ગિરિ૦ પહેરાવી ચુંનડી ચોળી. ગિરિ૦ ૮
વળી કરમાં કંકણ ચુડી, ગિરિ૦ શોભે છે કન્યા રુડી. ગિરિ૦ ૯
પહેર્યો ઘાઘરડો ઘેરાળો, ગિરિ૦ કીનખાપતણો રૂપાળો. ગિરિ૦ ૧૦
બન્યા ગોપી શ્રીગિરધારી, ગિરિ૦ જાયે પ્રેમાનંદ બલહારી. ગિરિ૦ ૧૧

**રાગ : ગરબી પદ - ૧**

બલહારિ કૃષ્ણ દિનેશ પ્રગટ્યા પૂરવમાં,
જેને ગાવે શારદા શેષ પ્રગટ્યા પૂરવમાં,
અક્ષરપર શ્રીવાસુદેવ થયા ભક્તિ ધર્મના બાળ રે,
શ્રી પુરૂષોત્તમ પૂરણ પોતે કેશવ દીનદયાળ. પ્રગટ્યા૦ ૧
હરિપ્રસાદ તે તાત ધર્મતનું ભક્તિ પ્રેમવતી નામ રે,
ગોત્ર સાવર્ણિ કોથુમી શાખા શરવરીયા વેદ શ્યામ. પ્રગટ્યા૦ ૨
અવધપુરીને પાસે સુંદર છપૈયા એક ગામ રે,
ચૈત્ર શુકલ નવમીએ પ્રગટ્યા, પાડે શ્રીઘનશ્યામ. પ્રગટ્યા૦ ૩
મોટા બંધુ રામપ્રતાપ ને છોટા ઈચ્છારામ રે,
વચેટ પ્રેમાનંદનો સ્વામી કેશવ પૂરણ કામ. પ્રગટ્યા૦ ૪





**પદ - ૨**

નિત્ય લાડ લડાવે માતા ભક્તિ પ્રેમ કરી,
જેના પુત્ર થયા પ્રગટ વિખ્યાત ભક્તિ પ્રેમ કરી;
નિત્ય નિત્ય લાડ લડાવે મુખડું ચુંબી કંઠ લગાવે રે,
ખમાખમા મારા લાડકડા ઘનશ્યામ કહી બોલાવે. માતા૦ ૧
પ્રાણથકી પળ એક ન મેલે ન્યારા શારંગપાણી રે,
કોયલ હંસ ચકોર મોર રમકડાં આપે આંણી. માતા૦ ૨
રડતા રાખે છાંના ત્યારે કરે ઘુંઘરો નાદ રે,
ગદગદ કંઠ સજળ લોચન મુખ નીરખે હરિપ્રસાદ. માતા૦ ૩
માંખણ મિશ્રી લઈ ચટાવે વહેલા મોટા થાય રે,
બડભાગી પ્રેમાનંદ નિત્ય નિત્ય પ્રગટ લીલા ગાય. માતા૦ ૪

**પદ - ૩**

નિત્ય લાડ લડાવે માત હૈડે હેત ઘણું,
હિંચકાવે ગાતાં ગાતાં હૈડે હેત ઘણું;
હીરા માણેક રતન પ્રવાળાં જડ્યાં પારણે ભારી રે,
રેશમ દોરી લઈ હિંચકાવે ધર્મ દેવની નારી. હૈડે૦ ૧
રત્નજડિત કંચન મંદિરની શોભા અતિશે સાર રે,
અષ્ટસિદ્ધિ નવ નિધિ જેનો નિત્ય ઝાડે દરબાર. હૈડે૦ ૨
કનકભવનની ઓશરીયે લઈ ઉભી આનંદકંદ રે,
પશ્ચિમ દિશમાં શોભે જાણીયે તિથિ બીજ લીયે ચંદ. હૈડે૦ ૩
ભક્તિમાત કુંવરનું મુખડું જોતાં તૃપતિ ન થાયે રે,
પ્રેમાનંદનો સ્વામી જેના પુત્ર પરબ્રહ્મ રાય હૈડે૦ ૪

**પદ - ૪**

વા'લો બોલે કાલા કાલા કુંવર ધર્મતણા,
અતિ લાગે સઉને વા'લા કુંવર ધર્મતણા;
રત્નજડિત કરકડાં વિરાજે હેમ હાંસડી સોહે રે,
કટિમેખલા નુપુર પગમાં ચાલંતા ચિત્ત મોહે. કુંવર૦ ૧
મુક્તાહાર કાનમાં મોતી બાંહે બાજુબંધ રે,
લટકાં કરતા રાય આંગણમાં ખેલે આનંદકંદ. કુંવર૦ ૨

અધર પ્રવાળ નાસિકા પોપટ ભ્રકુટિ ધનુષ વિરાજે રે,
ભાલ વિશાળ ચપળ ખંજન દ્રગ નિરખી રતિ લાજે. કુંવર૦ ૩
કટિ પાતળી છાતી ઉંચી લાંબી ભુજા ઉદાર રે,
કંબુકંઠ હસિત મુખ સુંદર પ્રેમાનંદ બલિહાર. કુંવર૦ ૪

**રાગ : સામેરી પદ - ૧**

આવો મારા નાથજી નાના, આવો૦ ટેક.
ઓરા આવો અલબેલડા, આપું રમકડાં રમવાનાં. આવો૦ ૧
મોહન ખાશો માં માટોડી છેટે જાઈને છાના;
સાકર નાખીને શ્યામને પાવું દૂધ દોઈ ગાના. આવો૦ ૨
જોવું જીવન તારા મુખમાં શું ખાધું છે કહાના;
મુખડું ઉઘાડ તું માવજી વેણ માનીને માતાના. આવો૦ ૩
મુખમાં દેખાડ્યું વિશ્વને મન ભ્રાંત જશોદાના;
પ્રેમાનંદ કે' જશોમતિ લીયે વારણાં વહાલાના. આવો૦ ૪

**પદ - ૨**

લાલજીના લટકા પર વારી; લાલ૦ ટેક.
લટકાં કરતા પ્રગટયા વહાલો ગોકુળ ગિરિધારી. લાલ૦ ૧
પાન કરતાં પયનું પેહેલી માસીને મારી;
શકટ વિદારણ કીધલું વહાલે ચરણને વિસ્તારી. લાલ૦ ૨
પોઢ્યા હતા હરિ પારણે આવ્યો તૃણાવંત ભારી;
પ્રાણ તેના પોંચાડ્યા વહાલે પળમાં સ્વર્ગદ્વારી. લાલ૦ ૩
યમલાઅર્જુન તારીયા સઉ દેખતાં નરનારી;
પ્રેમાનંદ કહે ઉરમાં રહો કેશવ કંસારી. લાલ૦ ૪

**પદ - ૩**

ઘેલું કીધું ગોકુળ ગોવાળે; ઘેલુ૦ ટેક.
વશ કીધી વ્રજવનિતા વહાલે નેણતણે ચાળે. ઘેલું૦ ૧
ગોવરધન કહાને કર ધર્યો, રાખ્યું ગોકુળ ગોપાળે;
વત્સ વૃષભ વહાલે ભેદિયા, માર્યો કેશી કૃષ્ણ કાળે. ઘેલું૦ ૨





સરવે ગળ્યા ગોપ વાછરૂ રે, અઘાસુર વિક્રાળે;
મોહન મુખમાં પેશીને, સરવે છોડ્યાં છોગાળે. ઘેલું૦ ૩
માર્યો અઘાસુર પળમાં, બક ચીર્યો તે સઉ ભાળે;
પ્રેમાનંદને નાથજી, વાઈ મોરલી તે મરમાળે. ઘેલું૦ ૪

**પદ - ૪**

વહાલા લાગે વિઠ્ઠલ વનમાળી; વહાલા૦ ટેક.
ચરિત્ર કરે વહાલો વ્રજમાં મોહ્યા દેવ ભાળી ભાળી. વહાલા૦ ૧
વિધિયે હર્યા ગાય વાછરૂં નરનાટક નિહાળી;
નવાં રચ્યાં રંગભીનડે સરવે ગોવિંદ ગોવાળી. વહાલા૦ ૨
દાવાનળ વહાલે પીધલો નાથ્યો જમુનામાં કાળી;
નૃત્ય કીધું કાળી શિશપર વહાલે વજાડી તાળી. વહાલા૦ ૩
વ્રજમાં તેડી વ્રજવનિતા વાઈ બંસી મરમાળી;
પ્રેમાનંદનો નાથજી રમ્યા મન્મથપદ ટાળી. વહાલા૦ ૪

**રાગ : સામેરી પદ - ૧**

હો ગિરિધરલાલ, મારગડો મેલીને વેગળા રહોને;
શીદ રોકો છો, મહિ વેચવા મને મથુરા જાવા દોને. હો ગિ.ટેક.
તમે ડાહ્યા થઈને નંદલાલા, સહુ વ્રજવાસીને છો વહાલા;
શીદ બાજો છો અમને ઠાલા. હો ગિ૦ ૧
મેલો પરનારીનો પાલવડો, મારે અંગ આવીને શીદ અડો;
અમણેથી હરડકો શો આવડો. હો ગિ૦ ૨
હજી નાના છો તમે નટવરજી, હમણેથી થયા આવડા ગરજી;
હજી તરુણપણું છેટે હરજી. હો ગિ૦ ૩
વહાલા અરીપરી વાત લેવાશે, એમાંથી અવળું બહુ થાશે;
પ્રેમાનંદ કે' નંદનું ઘર જાશે. હો ગિ૦ ૪

**પદ - ૨**

હો ગોવાલણી, જોબનિયાંને જોરે આવડી બોલે;
બહુ માનભરી, તૃણ બરાબર તું તો અમને તોલે. હો ગો૦ ટેક.
દાણ લાગે મહિનું આ જાગે, જેની રીત હોય તે તો માંગે;
તેમાં આવડું દુઃખ તને શીદ લાગે. હો ગો. ૧

મારૂં દાણ દઈને જા ચાલી, હ્યાં કુણ તને રાખે ઝાલી;
પાછી ગરજ હોય તો આવજે આલી. હો ગો. ૨
આલી ઉતારય મહિડું આવ્ય ઓરી, નહિ આપીશ તો
લઈશું જોરી; દા'ડી જાતી દાણ ચોંરી ચોરી. હો ગો. ૩
ઘણે દા'ડે આવીછું આજ હાથે,થયો ઝગડો ગોવાલણીને સાથે;
સાહ્યો પાલવ પ્રેમાનંદને નાથે. હો ગો. ૪

**પદ - ૩**

હો મોહનજી, દાણ તણી નવ કીજે નવલી રિતિ;
તમે જાવા દો, એમાંથી બહુ થાશે મોટી ફજીતિ. હો મો૦ ટેક.
અમે નિત્ય જઈએ મહિ વેચવાને, નથી સાંભળ્યા દાણી ક્યારે કાને;
નવી રીત કરો છો તમે આજ શાને. હો મો૦ ૧
વહાલા છોકરવેડા નવ કરીયે, જોઈ વિચારીને પગલાં ભરીયે;
રાજા કંસતણી બીકથી ડરીયે. હો મો૦ ૨
તમે નંદના નંદન જાણીને, નથી બોલતી મલાજો આણીને;
જોઈ કહીશ જશોદા રાણીને; હો મો૦ ૩
તમે વનમાં ચારી જાણો ઢોરાં, શું જાણો દાણમાં ચીતચોરા;
પ્રેમાનંદના વહાલા વિણી ખાઓ બોરાં.હો મો૦ ૪

**પદ - ૪**

હો મહિયારી, માનભરી બોલે છે મદની માતી;
તું મતવાળી, બીવરાવે મને આંખુ કાઢી રાતી. હો મહિ૦ ટેક.
તું ગુજરી ગમારી મત થોડી, બહુ બોલે મુખ બડબડ છોડી;
મહિ પા નહિ તો માટ નાંખીશ ફોડી. હો મહિ૦ ૧
તું કંસની દેખાડે બીક ભારી, તને મળશે તે શિક્ષા સારી;
તારા કંસને પુગાડીશ જમદ્વારી. હો મહિ૦ ૨
તારા કંસની બીકે કુણ ડરશે, તારો કંસ અમારૂં શું કરશે,
કાંઈ છોરાં નહિ જે બ્હી મરશે. હો મહિ૦ ૩
જાણી ગોપીએ વાત તે ખરાખરી, પાઈ ગોરસ રાજી કીધા હરિ.
પ્રેમાનંદના વહાલાને મળી બથ ભરી. હો મહિ૦ ૪





**રાગ : કાફી પદ - ૧**

દુરીજન દેખશે રે પાલવડો મારો મેલ છબીલા. દુરી. ટેક.
દેખશે ઓલ્યા લોક દુરીજન, જાશે મારી લાજ;
સાસુ પુછશે કયારની વહુ તું, કયાં ગઈતી આજ. છબિલા૦ ૧
સરખી સૈયર જાણશે રે, મને બોલશે વાંકાં વેણ;
ઉભી છે વહુ કદમની છાંયે, કહાનજી કીધો સેણ. છબિલા૦ ૨
પાલવ મેલને પાતળીયા, મને થઈ છે ઝાઝી વાર;
હેયે હાથ ન નાખશો રે, મારો તુટશે નવસર હાર. છબિલા૦ ૩
જાવા ઘો મુજને માવજી રે, મારે ઘેર છે ઝાઝું કામ;
આવીશ પાછી પાતળીયારે, માનો પ્રેમાનંદના શ્યામ. છબિલા૦ ૪

**પદ - ૨**

રસિયા રોકમાં રે ઉંઢાણી મારી આલ શ્યામળીયા. રસિયા૦ ટેક.
વાર થાય છે વિઠ્ઠલ, મારી સાસુ જુવે છે વાટ;
કામ વિના તું કહાનજી, રોકીને શીદ ઉભો છે ઘાટ. રસિયા૦ ૧
મેલને આળ તું આલ ઉંઢાણી, તાણયમાં મારૂં ચીર;
કર જોડીને કહું છું કેશવ, ભરવા દેને મને નીર. રસિયા૦ ૨
અમે વહુ આરું લાજના માણસ, ત્હારે નહિ લાજ લગાર;
ગોવિંદ ઘેલડો થાય છે જોઈને, ગોકુળીયાંની નાર. રસિયા૦ ૩
કયારની કહું છું માન મનોહર, ભરવા દે મને હેલ;
મળશું આપણ કુંજમાં કહાના, પ્રેમાનંદના છેલ. રસિયા૦ ૪

**પદ - ૩**

મારા સમ માર માં રે, કાંકરડી મને કહાન રંગીલા૦ મારા. ટેક.
કાંકરડી મને માર માં મોહન, કહું છું વારમવાર;
લાડકડા તારા લાડ હું પુરા, કરીશ નંદકુમાર. રંગીલા૦ ૧
બેડલું મારે ફુટશે, મારી સાસુડી કરશે સ્હોર;
કેશવ તુજને કહું છું, કેડો મેલને તું નંદકિશોર. રંગીલા૦ ૨
માધવ તારા મનમાં શું છે, શીદ રોકે છે વાટ;
નિર્લજ નવરો મેલતો નથી, જમુનાજીનો ઘાટ. રંગીલા૦ ૩

કંસને કહેશું કેશવ તારાં, લક્ષણ સર્વે આજ;
પ્રેમાનંદના નાથજી ખોશો, નંદ જશોદાની લાજ. રંગીલા૦ ૪

પદ - ૪

કહું છું ક્યારની રે, બાંહડલી મારી મેલ ઠગારા. કહું છું. ટેક.
ચુડીયું ફુટશે નંદના કુંવર, માન તું સુંદર શ્યામ;
સાસુ જાણસે કહેશે, વહુ શું આ કીધું તે કામ. ઠગારા૦ ૧
ઘુંઘટ પટ ઉઘાડમાં મોહન, દેખશે ગામના લોક;
ઠેલમાં માથે ભારછે રે, મારી લચકાશે રે ડોક. ઠગારા૦ ૨
આડા આવીને ઓડચમાં માધવ, તોડમાં મોતી હાર;
બળીયો છું પણ બાંધી મંગાવીશ, કંસતણે દરબાર. ઠગારા૦ ૩
રહી આસુરી એકલીરે હું, ગયો સૈયરનો સાથ;
મેલી દેને મારા સમ છે મોહન, પ્રેમાનંદના નાથ. ઠગારા૦ ૪

રાગ : કાફી પદ - ૧

વાંસલડી કુણ વાયે રે, વેરણ વાંસલડી કુણ વાયે રે;
મારું સુણતાં કાળજ કોરાયે રે, વેરણ વાંસલડી કુણ વાય રે. વેરણ૦ ટેક.
શ્રવણે સુણીને મારું તનડું તપે છે, મન મળવા અકુળાયે રે. વેરણ૦ ૧
કામ કાજ મને કાંઈ નવ સુજે, ઘેલી ફરું ઘરમાંયે રે. વેરણ૦ ૨
વાંસલડિયે મારી વેધી પાંસલડી, મને વિરહની વેદના થાયે રે. વેરણ૦ ૩
પ્રેમાનંદનો નાથ જોયા વિના પળ એક જુગસમ જાયે રે. વેરણ૦ ૪

પદ - ૨

વેરણ થઈને લાગી રે વાંસળી વેરણ થઈ,
કીધી વ્રજઅબળાને વેરાગી રે. વાંસ૦ ટેક.
મદનભરી વાગે અતિ વસમી, ખટકે છે જઈને આગી રે. વાંસ૦ ૧
પતિ સુતમાંથી પ્રીત તજીને, થઈ છું સર્વે ત્યાગી રે. વાંસ૦ ૨
વ્રજવનિતાતું જીવન સર્વસ, લઈને થઈ છે બડભાગી રે. વાંસ૦ ૩
પ્રેમાનંદને નાથ અધર ધરી, રસિયે શ્યામ સોહાગી રે. વાંસ૦ ૪

પદ - ૩

જીવન જમુના તીરે રે, વાયે જીવન જમુના તીરે રે,
મારું વિધ્યું મન બલવીરે રે. વાયે જી૦ ટેક.




મંત્ર ભણીને મધરાતે મોહન, ટેર સુણાવે ધીરે ધીરે રે. વાયે જી૦ ૧
સાંભળતામાં સરવે ભૂલી, ડોલી દરદની પીરે રે. વાયે જી૦ ૨
હૈડું મારું ભરાઈને આવ્યું, નેત્ર ભરાયાં છે નીરે રે. વાયે જી૦ ૩
પ્રેમાનંદના નાથને મળવા, ઉપજ્યો વિરહ શરીરે રે. વાયે જી૦ ૪

પદ - ૪

મોરલીમાં મન લીધું રે, મોહને મોરલીમાં મન લીધું રે;
છેલે કામણ કાંઈક કીધું રે. મોહને૦ ટેક.
વાંસલડી વાઈને વનમાં, તેડીને દરશન દીધું રે. મોહને૦ ૧
રસમાં રસબસ કીધી રસિયે, પ્રીતે અધરામૃત પીધું રે. મોહને૦ ૨
અંગોઅંગ ફુલી વ્રજવનિતા, જોઈ મોહન મુખવિધું રે. મોહને૦ ૩
પ્રેમાનંદના નાથને મળતા, કારજ સરવે સીધું રે. મોહને૦ ૪

રાગ : હમીર કલ્યાણ પદ - ૧

સુન સુન સજની શ્યામકી, બતીયાં મન માની; સુન૦ ટેક.
સુન બતીયાં છતીયાં ભઈ શીતળ સુધ ભૂલી ધન ધામકી બતી૦ ૧
કામ કાજ મોયે કછુયે ન ભાવે, રટન લગી એક નામકી. બતી૦ ૨
ધરી ધરી પળ છીન બીસરન નાહીં, મૂર્તિ આતમરામકી. બતી૦ ૩
પ્રેમાનંદ લઈ વારે શ્યામપર, શોભા કોટીક કામકી. બતી૦ ૪

પદ - ૨

નીરખી છબી નંદલાકી અંખીયાં લલચાની; નીર૦ ટેક.
મરકતમની જલદ લખી લાજે, શોભા શ્યામ તમાલકી. અંખી૦ ૧
ખંજન મીન અલી મૃગ લાજે, લખી છબી નેન બીસાલકી. અંખી૦ ૨
રાજહંસ હલહંસ ઐરાવત લાજે, લટક લખી ચાલકી. અંખી૦ ૩
પ્રેમાનંદ વારે મનમથ કોટીક, મુસકની નીરખી ગોપાલકી. અંખી૦ ૪

પદ - ૩

રટ રટ રે મન બાવરે, એક નામ હરિકો; રેટ૦ ટેક.
પ્રગટ હરિ રોજત દ્રગ ગોચર, બન્યો હે અમોલીક દાવ રે. એક૦ ૧
પ્રગટ પ્રમાન રૂપ ઉર ધરી લે, પ્રગટ હરિ ગુન ગાવ રે. એક૦ ૨
બીતે જાત હે અવસર એસો, જ્યું લોહેકો ત્યવ રે. એક૦ ૩
પ્રેમાનંદ કહે ફીરી પછતઈહો, પરીહો દુઃખ દરીયાવ રે. એક૦ ૪

પદ - ૪

શ્યામ સુંદર સુખદાઈ રે, સુન મોહન મેરે; શ્યામ૦ ટેક.
તજ દે આસ અસત જગતકેરી, ચરનકમળ ચીત લાઈ રે. સુન૦ ૧
શ્રીહરિકૃષ્ણ નારાયણસ્વામી, લે રસના મન ગુન ગાઈ રે. સુન૦ ૨
તજ આળસ પરમાદ મોહ મદ, ભજ મન કમ જદુરાઈ રે. સુન૦ ૩
પ્રેમાનંદકે નાથસું નેહા, કર લે પ્રીત ઉપજાઈ રે. સુન૦ ૪

રાગ : જંગલો પદ- ૧

હો નરનારાયણ સ્વામી ભજીયે સબ સુખધામી; હો૦ ટેક.
હો દીનબંધુ હિતકારી, પ્રગટે દયા કરી ઉર ધારી. હો૦ ૧
હો નરનારાયણ હેતું, કલીમે ભવ જળ સેતું. હો૦ ૨
હો બદ્રિપતિ પ્રાણનાથ, પતિત જન ગ્રહે હાથ હો૦ ૩
હો પ્રેમાનંદ જાની દાસ, દીનો ચરને નિવાસ. હો૦ ૪

પદ - ૨

હો નરનારાયણ નામ પતિત જનકો વિશ્રામ, હો૦ ટેક.
હો ભજીહો દીન જન કોઉં, નરનારાયણ દોઉં. હો૦ ૧
હો નરનારાયણ ગાવે નિશ્ચે ભવમેં ન જાવે. હો૦ ૨
હો બોલે સત્ય વ્રત ધારી, લેઉં દીન જન તારી. હો૦ ૩
હો પ્રેમાનંદ કહે સંત, આયો પતિતોકો અંત. હો૦ ૪

પદ - ૩

હો નરનારાયણ આજ, લીનો વ્રત મહારાજ; હો૦ ટેક
હો શરણાગત જન કોઇ, જાન ન દેઉં મેં સોઇ. હો૦ ૧
હો ગાઇહો નારાયણ નામ, દેઉં નિજ સુખ ધામ. હો૦ ૨
હો સ્વરમાદિક લોકમાંહી, મેરે બીના સુખ નાહિં. હો૦ ૩
હો એસો પ્રભુ સુખદાઇ, પ્રેમાનંદ બલી જાઇ. હો૦ ૪

પદ - ૪

હો નારાયણ હસીકે, આયે કમર કસીકે; હો૦ ટેક.
હો બોલે મંજુલ બેના, સબ કહત સુખ દેના. હો૦ ૧
હો દીન જન નરનારી, આવો શરણે હમારી. હો૦ ૨





હો મેરો રુપ ઉર ધારો, જમકો કાગદ ફારો. હો૦ ૩
હો પ્રેમાનંદ ગુન ગાવે, બહોરી ભવમેં ન આવે. હો૦ ૪

રાગ : ગરબી પદ-૧

અરજ કરે છે અબળા તે ઉર ધારો રે. વ્હાલાજી૦
વાલપણું વાલમજી માં વિસારો. મારા વ્હાલાજી૦
પડવે મારા પ્રાણ લઈને પધાર્યા રે. વ્હાલાજી૦
મને રડતી મેલી ન રહ્યા કોઈના વાર્યા. મારા વ્હાલાજી૦ ૧
બીજે ક્યાં જઈ વસીયા રંગના રસીયા રે. વ્હાલાજી૦
ઉદે થયા આવીને ગોકુલ વસીયા. મારા વ્હાલાજી૦ ૨
ત્રીજે તમને જોવાને જીવન રે. વ્હાલાજી૦
આકુળ વ્યાકુળ થાય છે મારૂં મન. મારા વ્હાલાજી૦ ૩
ચોથે તમને ચારે દિશે જોઉં રે. વ્હાલાજી૦
વ્રેહની મારી વ્યાકુળ થઈને રોઉં. મારા વ્હાલાજી૦ ૪
પાંચમે પધારો મારે ઘેર રે. વ્હાલાજી૦
અબળા ઉપર રાખો કાંઈક મહેર. મારા વ્હાલાજી૦ ૫
છઠે આવો છેલા છોગલાં મેલી રે. વ્હાલાજી૦
જોવા સારૂં તલખે સહુ સાહેલી. મારા વ્હાલાજી૦ ૬
સાતમે આવો તો શોભા કરીએ રે. વ્હાલાજી૦
હાર પહેરાવી સુંદર છોગલાં ધરીએ. મારા વ્હાલાજી૦ ૭
આઠમે આવોને પ્રાણ આધાર રે. વ્હાલાજી૦
કાંઈ કરૂણા રાખો કેશરના અસ્વાર. મારા વ્હાલાજી૦ ૮
નવમે નવલા નેહ વધારો આવી રે. વ્હાલાજી૦
સુખ આપો શ્યામળીયાજી બોલાવી. મારા વ્હાલાજી૦ ૯
દશમે દુ:ખીયા કીધા નરનારી રે. વ્હાલાજી૦
આ ક્યાંથી આવી પુતના સમ હત્યારી. મારા વ્હાલાજી૦ ૧૦
એકાદશીનો ઉછવ આવ્યો આજ રે. વ્હાલાજી૦
આવો મુનિ મંડળને દર્શન દેવા કાજ. મારા વ્હાલાજી૦ ૧૧

બારસે બહુ ભાતે કર્યા મેં થાળ રે. વ્હાલાજી૦
તમે જમવા સારૂં આવો દિનદયાળ. મારા વ્હાલાજી૦ ૧૨
તેરસે તમ કાજે ઢોલિયો ઢાળી રે. વ્હાલાજી૦
વાટલડી જોઉં છું ચોક વાળી. મારા વ્હાલાજી૦ ૧૩
ચૌદશે મને ચિંતા થાય છે ભારી રે. વ્હાલાજી૦
હરિ નવ આવ્યા મને સેવા દેવા સારી. મારા વ્હાલાજી૦ ૧૪
પુનમે પધારો પુરણચંદ રે. વ્હાલાજી૦
વદન વિલોકી સહુ પામે આનંદ. મારા વ્હાલાજી૦ ૧૫
મનના મનોરથ કરજો મારા પુરા રે. વ્હાલાજી૦
નિજજનના કારજ કરવામાં છો શૂરા. મારા વ્હાલાજી૦ ૧૬
તીથી ગાઈને પ્રેમાનંદ એ માગે રે. વ્હાલાજી૦
રહો સહજાનંદ આંખલડીની આગે. મારા વ્હાલાજી૦ ૧૭

**રાગ : કાફી રેખતા પદ-૧**

આવતા ક્યું નહિ વે શ્યામલડા, આવતા ક્યું નહીં વે યાર -આવતા૦ ૧
જામા પે'રી જરીંદા બાંધી, પગિયાં પેચોંદાર વે,
હસતા હસતા સુંદર વદન, દેખાવતા ક્યું નહિવે યાર -આવતા૦ ૨
હમારી અલિયાં ગલિયાં મૈયા, સાંજ સવાર કનૈયા વે,
મધુરે મધુરે સ્વરે મોહન બાંસુરી, બજાવતા ક્યું નહિ વે યાર -આવતા૦ ૩
એક અચ્છી તાન ગાઓ પ્યારે, દિલ ખુશ હોય હમારા વે,
પ્રેમાનંદ કહે બંસી નેક, સુનાવતા ક્યું નહિ વે યાર -આવતા૦ ૪

**પદ-૨**

જાનતા ક્યું નહિ વે હમારી પીર, જાનતા ક્યું નહિ વે લાલ -જાનતા૦ ૧
નંદકે સલોને ગબરૂ હમકું, સબુરીમેં સમજાવતા વે,
બહુ દિનોકી અરજી હમારી, માનતા ક્યું નહિ વે લાલ -જાનતા૦ ૨
દે દિદાર દયાવંત ખાવંદ, તું માલિક મુલકુંદા વે,
હમ બંદુવા તેરી બંદગી કરત, પીછાનતા ક્યું નહિ વે લાલ -જાનતા૦ ૩
તુમ મુરશિદ હે કામિલ કાબિલ, સબ હુન્નર તેરે હાથ વે,
પ્રેમાનંદ કે પ્યારે હમ પર મહેર, આનતા ક્યું નહિ વે લાલ -જાનતા૦ ૪





**રાગ : ગરબી પદ-૧**

આવો રાજીવ લોચન રંગ રસિયા, જોઉં સુંદર મુખ પુરન શશિયા,
નથી વીસરતો મુખ મરકલડો, તમે મુજ સામું જોઈને હસિયા -આ૦
નથી વીસરતાં દર્શન દિધાં તમે, જામા પેરી જરકસીયા -આ૦
તમે લટકાં કરતા હાથ તણાં, એમના એમ અંતરમાં વસિયા -આ૦
પ્રેમાનંદ કે' બીજું કોઈ નવ જાણે, એમ અવિગત અંતરમાં વસિયા -આ૦

**રાગ : આશાવરી પદ-૧**

ઓરા આવોને સુંદર છેલ, જોઉં મુખ તારું રે,
તારા મુખ ઉપર અલબેલ, સરવસ વારું રે, -ટેક૦
વારું વદન પર કોટિ શશી, નેણા પર નવલખ સૂર હો,
ભ્રકૂટી પર ભોયંગપતિ વારું, હું તારે મરકલડે ચકચૂર -જોઉં૦ ૧
મોળીડા પર મન મોહન, વારું સ્વર્ગ મૃત્યુ પાતાળ હો,
છોગલિયાં પર ચાર પદારથ, શ્રવણે દિસ દિગપાળ -જોઉં૦ ૨
ચાલ ઉપર ચતુરમુખ વારું, ને શતકતુ કોટિ તેત્રિશ હો,
પ્રેમાનંદ કે એ શોભા પર, તાંડવ નાચત ઈશ -જોઉં૦ ૩

**રાગ : ઠુંમરી પદ-૧**

આંખડલી રસ રંગે રાતી, રેખું માંહી રસિક મદન મદમાતી...આંખ૦
દીસો છોજી શ્યામ શિથિલ સરવે અંગે,
ચોળાણા છો છેલ ચતુર કેને સંગે,
રંગાણા છે અધર તંબોળને રંગે...આંખ૦ ૧
મદનશર વાગ્યાં છે મરમ ઠેકાણે,
વીંધાણા છો નટવર નેણાંને બાણે,
ઘાયલની ગતિ તે ઘાયલ જાણે...આંખ૦ ૨
અમારે તો કાંયે નથી દર દાવો,
તમારું મન રે માને ત્યાં જાઓ,
સાચું કહોને શિદને ખોટા સમ ખાઓ...આંખ૦ ૩
તનનું દુઃખ કરની નાડીમાં જણાય,
મનનું તો વેણ બોલે ત્યાં કળાય,
પ્રેમાનંદ કહે અંતરનું નેણમાં જણાય...આંખ૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

આવો તો ગોઠડી કીજે, ગોવિંદ ઘેર આવો તો ગોઠડી કીજે,
મુખડું જોઈને સુખ લીજે, ગોવિંદ ઘેર આવો તો ગોઠડી કીજે. ટેક૦
ઘેર આવો તો કહો તેમ કીજે રે, તન મન તમને દીજે. ગોવિંદ૦ ૧
અંગો તે અંગ આલિંગન લઈને રે, પ્રેમ અધરરસ પીજે. ગોવિંદ૦ ૨
રંગભીના વ્હાલા તારા રંગમાં રે, મન મારૂં અતિ ભીંજે. ગોવિંદ૦ ૩
છેલછબીલા તારાં છોગલાં જોઈને રે, પ્રેમસખી ઘણી રીઝે. ગોવિંદ૦ ૪

**પદ-૨**

આવોને મંદિર મારે, સુંદરવર આવોને મંદિર મારે,
મોહી છું લટકે તારે, સુંદરવર આવોને મંદિર મારે૦ ટેક.
લટકામાં લાલચ ઘણી લાગી રે, જોઈ જોઈ વહાલ વધારે. સુંદર૦ ૧
મન માન્યું મુખને મરકલડે રે, નેણે તે કામણગારે. સુંદર૦ ૨
વાતલડી વહાલી ઘણી લાગે રે, સુણતાં દલડું ઠારે. સુંદર૦ ૩
અલબેલા આવો મંદિરીએ રે, પ્રેમસખી પ્રાણ વારે. સુંદર૦ ૪

**પદ-૩**

ગુણવંતા ગિરિધારી, આવોને ઓરા ગુણવંતા ગિરિધારી
જાઉં તારા મુખપર વારી, આવોને ઓરા ગુણવંતા ગિરિધારી.
મન મોહનજી મૂરતી તમારી રે, લાગે છે મને અતિ પ્યારી. આવોને૦ ૧
અલબેલા આંખલડીમાં રાખું રે, સુંદરવર સુખકારી. આવોને૦ ૨
પ્રાણજીવન છો પ્રાણથી વહાલા રે, જીવનદોરી છો મારી. આવોને૦ ૩
પ્રેમસખી કહે પ્રાણ વધાવું રે, લાડકડા લાલ વિહારી. આવોને૦ ૪

**પદ-૪**

મૂર્તિ મારે મનમાની, મોહન તારી મૂર્તિ મારે મનમાની,
રાખું નેણામાં છાની, મોહન તારી મૂર્તિ મારે મનમાની.
છાની રાખું કોઈને નવ દાખું રે, રસીયા છેલ ગુમાની. મોહન૦ ૧
નટનાગર હરિરૂપ ઉજાગર રે, સુંદરવર સુખખાની. મોહન૦ ૨
મુખમંદહાસ અધર બિંબ રાતા રે, રેખા ઉઠે છે નાની નાની. મોહન૦ ૩
પ્રેમસખી એ શોભા નીરખી રે, રાત દિવસ દિવાની. મોહન૦ ૪





**રાગ : ગરબી પદ-૧**

આવોને વહાલા ધર્મ કુંવર સુખકંદજી,
આવોને સુખના સાગર સહજાનંદજી.
આવોને પડવે પધારો મારે ઓરડે, આવોને મોતીડું પ્રોવું તારે તોરડે.
આવોને બીજે બિરાજો મારે બારણે, આવોને મુખડું નીરખીને જાઉં વારણે.
આવોને ત્રીજે જોઉં છું તારી વાટડી, આવોને ફૂલડે સંવારી સુંદર ખાટડી.
આવોને ચોથે ચરણ ધોઈને પીજીયે, આવોને ભુધર ભેટીને લાવો લીજીયે.
આવોને પાંચમે પધારો મારા નાથજી, આવોને જીવન જમાડું મારે હાથજી.
આવોને છઠે રાખું છેલા ઉરમાં, આવોને હાજર રહીશ હજુરમાં.
આવોને સાતમે સજો શણગારને, આવોને નાથજી નીરખું કરી પ્યારને.
આવોને આઠમ આવી અલબેલડા, આવોને રમીયે રંગભર રંગરેલડા.
આવોને નોમે નિરખું મુખચંદજી, આવોને પ્રાણજીવન સહજાનંદજી.
આવોને દશમે તે દુઃખ બહુ દીધલાં, આવોને પ્રાણ અમારા હરી લીધલાં.
આવોને એકાદશી ઉત્સવ કીજીયે, આવોને વદન દેખાડી સુખ દીજીયે.
આવોને બારમે મુનિને જમાડીયે, આવોને પ્યારા પધારો ફુલવાડીયે.
આવોને તેરસે તૃપ્ત કરો નેણને, આવોને શ્રવણે સંભળાવોને મીઠાં વેણને,
આવોને ચૌદશે સભા કરી ચોકમાં, આવોને દરશન આપો બેસી ગોખમાં.
આવોને પુનમે પધારી સુખ દીજીયે, આવોને અમને કૃતારથ કીજીયે.
આવોને પ્રેમાનંદ નીરખે નેણાંભરી, આવોને જીવમાં રાખીશ જતને કરી.

**રાગ : ગરબી પદ-૧**

આવો મોહન મારે ઓરડીયે, ઓરડીયે રંગની ઝડીયે. આવો૦ ટેક.
અલબેલા આવો અત્તર ચરચું, ગોવિંદજી તન ગોરડીયે. આવો૦ ૧
હેત કરીને હાર પહેરાવું, મોતીડાં પ્રોવું તોરડીયે. આવો૦ ૨
પ્રીતમ તમને પ્રેમ કરીને, રાખીશું જીવન ચોરડીયે. આવો૦ ૩
પ્રેમાનંદ કહે છેલ કુંવરપર, વારૂં મારા પ્રાણ ઘડી ઘડીયે. આવો૦ ૪

**પદ-૨**

આવો વહાલા મારા બારણીયે, બારણીયે જાઉં વારણીયે. આવો૦
સામી આવું મોતી થાળ ભરીને, નાથ વધાવા કારણીયે. આવો૦ ૧

તમ મન ધન આ જીવીત મારૂં, વારૂં વાર હજારણીયે. આવો૦ ૨
આતુર થયું છે મન મળવાને, રાખી રહી જીવ ધારણીયે. આવો૦ ૩
પ્રેમાનંદ કહે તમને મળતાં, ઠરીને બેઠો જીવ ઠારણીયે. આવો૦ ૪

**પદ-૩**

આવો પાડોશી પાતળીયા, પાતળીયા તમે ક્યાં હળિયા. આવો૦
આપણું મંદિર મેલીને પ્યારા, બીજે અઢળક ક્યાં ઢળીયા. આવો૦ ૧
મારે આંગણીયે થઈને જાઓ છો, કેને ભુવન કોને શ્યામળીયા. આવો૦ ૨
અમને તે કોલ દઈને કેશવ, બોલ્યે હજી કે દીન પળિયા. આવો૦ ૩
અમને તમારી આશ ઘણી છે, પ્રેમાનંદના વ્હાલા છળીયા. આવો૦ ૪

**પદ-૪**

આવો મનોહર મન હરતા, મન હરતા લટકાં કરતા. આવો૦
જીવન જરકસી પાઘ બાંધીને, નૌતમ છોગલિયાં ધરતા. આવો૦ ૧
પ્રાણજીવન તમે પ્રીત કરીને, શીદ હીંડો તરતા તરતા. આવો૦ ૨
આવંતા અલબેલ મંદિરીયે, દુરીજન દેખી રખે ડરતા. આવો૦ ૩
પ્રેમાનંદ કહે જાતાં વળતાં, અમને રખે વ્હાલા વિસરતા. આવો૦ ૪

**રાગ : પરજ પદ-૧**

ક્યારે હવે દેખું રે મારાં લોચનીયાંની આગે નાથને. ક્યારે૦ ટેક.
એવો દિવસ મારે પાછો ક્યારે આવશે, મેલી શરણે રહું નાથને. ક્યારે૦
હેતે હસીને હરિ ક્યારે બોલાવશે, મેલશે માથે બેઉ હાથને. ક્યારે૦ ૨
સહજાનંદ પ્રભુ સંતોની સાથે, ક્યારે દેખીશ મોહન માવને. ક્યારે૦ ૩
પ્રેમાનંદ કહે હવે મળે તો, નિમખ ન મેલું સુખ પાથને. ક્યારે૦ ૪

**પદ-૨**

કેદી હવે જોશું રે વ્હાલા રસિયાજી ધર્મકુમારને. ટેક.
જન્મ સફળ ત્યારે જાણીશું સજની, જોશું હૈડા કેરા હારને. કેદી૦ ૧
હાર પહેરાવી હેતે હરિને હેરશું, નેણાં તણા શણગારને. કેદી૦ ૨
ઢોલિયા ઉપર ક્યારે ઓસરીયે બિરાજશે, જોશે પોતાના પરિવારને. કેદી૦ ૩
પ્રેમાનંદ કહે ક્યારે આગે ગાઈશ, વગાડી સુંદર સિતારને. કેદી૦ ૪





**પદ-૩**

શ્રી ઘનશ્યામ રે મને મોહની લગાડી તમારા વેણમાં. શ્રીઘન૦ ટેક.
છેલછબીલા વ્હાલા જ્ઞાનતણી વાતો, એવો આનંદ ક્યારે આપશે. શ્રીઘન૦
વાટડી જોઈ જોઈ ઉઠી આંખો રોઈ રોઈ, કંઠેથી પ્રાણ સુકાઈ ગયા શ્રીઘન૦
કેટલાક દિવસ મારા પ્રાણજીવનના, દર્શન વિના હવે થઈ ગયા. શ્રીઘન૦
પ્રેમાનંદ કહે શું સુખ લેવા, પાપી પ્રાણ વાંસે રહી ગયા. શ્રીઘન૦

**પદ-૪**

દર્શન આપો રે હવે દીનબંધુ દયા કરી. દર્શન૦ ટેક.
વદન કમળ દેખાડો અલબેલડા, હેરો અમૃત નજરે ભરી. દર્શન૦ ૧
દર્શન વિના પળ જુગસમ જાય છે, દિન રાત જાયે રોવતાં હરિ. દર્શન૦ ૨
દર્શન દાને કરી દુઃખડાં ટાળો, દયાળુ દયા દિલમાં ધરી. દર્શન૦ ૩
પ્રેમાનંદ કહે જોઈ મુખ પંકજ, લટકાં ઉપર હું જાઉં મરી. દર્શન૦ ૪

**રાગ : ભૈરવ પદ-૧**

ચલત ડગર બીચ મીલ્યો રે લંગરવા, પકરી બૈયાં મેરો તોર્યો હે હરવા.
સન્મુખ આયકે બદન બિલોકત, હસત હસત મોહે મારત નજરવા. ૧
શીરમેરે ગગરી દેખત સખી સગરી, આય કે યાચત મેરે ઉરકો અંચરવા. ૨
જસોમતી સુતકું મેં બરજત હારી, એસો કુટીલ નાહી લાજત લજરવા. ૩
પ્રેમાનંદ કો પ્રભુ છક્યો હે જોબનમદ, કેસે બસીહું અબ ગોકુલ નગરવા. ૪

**પદ-૨**

પનીયાં ભરત મત રોકો સાવરીયા, સીધો ચાલ્યોજા તેરી ગેલ બાવરીયા.
કાહેકું સ્પર્શ કરત પરત્રીયાકો, પરમ ચતુર માનો નંદકે બાવરીયા. ૧
કંસકો રાજ ન કર અનહોની, લુટી લઈહે ઘરનગર ગાવરીયા. ૨
ઉર ગુંજા શીર મોરપીંછ ધરી, ફીર્યો બન બન પગ પહેરી પાવરીયા. ૩
પ્રેમાનંદ કે પ્રભુ સંપત વિચારો, હાથ લકુટી ઓઢો કારી કામરીયા. ૪

**પદ-૩**

અજબ સુરત તેરી બની રે કનૈયા, કહા કહું કછુ બનત ન કૈયા. ટેક.
અંગ અંગ પ્રતિ અમીત સુંદરતા, નીરખી રતિ પતિ કોટિ લજૈયા. ૧
મુખ મંદ હસત અમીકન બરખત, ચિતવની ચંચલ અતિ સુખદૈયા. ૨

કટીપટ પીત અધરપર મુરલી, લસત માલ ઉર મન હરલૈયા. ૩
પ્રેમાનંદ ઘનશ્યામ લટકપર, વારત તન મન પરી પરી પૈયા. ૪

**પદ-૪**

કમલ દ્રગ બીચ રેખેં રતનારી, મદનપાન છીન લિયો રે બિહારી.
નીરખી બદન ઉડુરાજ લજાનો, ભ્રમત ગગન પંથ તજી થીરતારી. ૧
મંદ મંદ ગતિ લખી સકુચાને, ગયે માનસર હંસ બિચારી. ૨
પીત બસન દ્યુતિ દેખી થકીત હોઈ, કનક અનલ બીચ દીયો તન જારી. ૩
પ્રેમાનંદ કહે સદન લખી સંકુચી, રહે અનાર અધોમુખ ધારી. ૪

**રાગ : ગરબી પદ-૧**

ચાલો જોવા રસિયા રણછોડને રે, દ્વારિકાના વાસી ભગવાન
પુરૂષોત્તમ પધાર્યા વડતાલમાં રે.પુરૂષોત્તમ૦ ટેક.
જેનાં દર્શન દુર્લભ દેવને રે, શિવબ્રહ્મા ધરે નિત્ય ધ્યાન. પુરૂષો૦ ૧
જેને કાજે જોગી વનમાં વસે રે, તપ કરે ને ખાય મુળ કંદ. પુરૂષો૦,
જેને નિગમ ગાય નેતિ કહી રે, ખોળે શુકમુનિ સનક સુનંદ. પુરૂષો૦ ૨
જેણે ગોકુળમાં લીલા કરી રે, માર્યા દૈત્ય દાનવને અપાર. પુરૂષો૦
વહાલે જઈને વાસી પછી દ્વારકા રે, વર્યા અષ્ટકુળવંતી નાર. પુરૂષો૦ ૩
થયા અર્જુન સખા અલબેલડો રે, પુર્યા ભક્તતણા સર્વે કોડ. પુરૂષો૦,
હવે આવ્યા વહાલો વરતાલમાં રે, પ્રેમાનંદનો વ્હાલો શ્રીરણછોડ. પુરૂષો૦ ૪

**પદ-૨**

વરતાલે આવ્યા સખી શ્યામળો રે, દ્વારકાના પતિ દીનાનાથ
રૂકમણીરમણ રણછોડજી રે. રૂકમણી૦ ટેક.
નેણાં ભરીને નીરખીએ નાથને રે, ચાલો સર્વે સૈયરનો સાથ. રૂકમણી૦ ૧
કૃપા કરીને કેશવ પધારિયા રે, સહુ તેડી પોતાનો સમાજ. રૂકમણી૦
શંક ચક્ર ગદા પદ્મ ગોમતી રે, રૂકમણી સહિત જદુરાજ. રૂકમણી૦ ૨
જન આવે જોવાને દેશદેશના રે, ન્હાય ગોમતીને લે સહુ છાપ. રૂકમણી૦
નેણે નીરખી રૂકમણી રણછોડને રે, બાળે અનેક જન્મનાં પાપ. રૂકમણી૦ ૩
આવી વસ્યા અખંડ અલબેલડો રે, દ્વારાવતી કીધી વરતાલ. રૂકમણી૦
પ્રેમાનંદનો વહાલો રંગ છેલડો રે, કીધા નરનારીને નિહાલ. રૂકમણી૦ ૪





**પદ-૩**

વારી જાઉં રંગીલા રણછોડને રે, વહાલો ભક્તતણા પ્રતિપાળ
આવી અખંડ વસ્યા વરતાલમાં રે. આવી૦ ટેક.
આવ્યા દીનતણાં દુઃખ કાપવા રે, થયા પ્રગટ શ્રીદીનદયાળ. આવી૦ ૧
શોભે શ્યામ સ્વરુપ અલબેલડો રે, મરમાળી તે મૂર્તિ અનુપ. આવી૦
રૂકમણીને શ્રીરણછોડજી રે, કહીયે લક્ષ્મીનારાયણ રૂપ. આવી૦ ૨
વહાલો રાજા ધીરાજપણે રાજતા રે, શોભે કોટીક શોભા સુર. આવી૦
કરે અખંડ લીલા વરતાલમાં રે, વહાલો ભક્ત મનોરથ પુર. આવી૦ ૩
ગાયે ધોળ મંગળ પુર વનિતા રે, થાએ ઉત્સવ આઠો જામ. આવી૦
વાજેનોબત નગારાં ગડગડે રે, પ્રેમાનંદનો વહાલો શોભે શ્યામ. આવી૦ ૪

**પદ-૪**

શોભા શીરે વખાણું શ્યામની રે, મુખે વર્ણન કરી નવ જાય
મારાં નેણાં લોભાણાં જોઈ નાથને રે. મારાં૦ ટેક.
કોટી કંદર્પ વારૂં લઈ વારણે રે, શેષ શારદા નિગમ નેતિ ગાય. મારાં૦ ૧
મરમાળી મનોહર મૂરતિ રે, વહાલો તેજ તણા અંબાર. મારાં૦
શંખ ચક્ર ગદા પદ્મ હાથમાં રે, શોભે પહેરી રૂડા શણગાર. મારાં૦ ૨
હરિનું હસતું વદન સોહામણું રે, કર્યું કેશર તિલક ભાલ. મારાં૦
હરિની આંખડલી કમળ કેરી પાંખડી રે, નિરખતાં વાધે ઘણું વાલ. મારાં૦ ૩
હરિને માથે મુગટ તે જડાવનો રે, કાને કુંડલ મકરાકાર. મારાં૦
અંતરમાંથી ક્ષણું એ ન વિસરે રે, પ્રેમાનંદ જાય બલીહાર. મારાં૦ ૪

**રાગ : ધોળ પદ-૧**

જીરે કુંવરીએ કૃષ્ણજીને કહાવીયું, અલબેલા ઉતાવળો આવ,
મુખડું જોઈને સુખ ઉપજે. ટેક.
જીરે આવડીવાર તમને કયાં થઈ, સુંદરવર નટવર નાવ. ૧
જીરે વાટડી જોઉં ઉભી ક્યારની, કેશરીયા વર તારે કાજ. મુખ૦ ૨
જીરે રાત દિવસ રટના લાગી રહી, મારાં નેણાં સુફળ કરો રાજ.મુખ૦ ૩
જીરે રૂપ તમારું રંગછેલડા, મારે ચોટ્યું છે ચિત્તડાની માંય. મુખ૦ ૪
જીરે કેશરીયા તમ કારણે, મારા જીવમાં જંપ ન થાય. મુખ૦ ૫

જીરે દીનજાણીને દયા આણજ્યો, હુંતો દાસી ચરણકમળની નાથ. મુખ૦ ૬
જીરે માળા રટું તારા નામની, જીરે લળીલળી લાગું તારે પાય. મુખ૦ ૭
જીરે સાંભળતાં સમાચાર આવીયા, આવી કેશરીયા કુંવરની જાન. મુખ૦ ૮
જીરે પ્રેમાનંદ કહે પ્રભુજી પધારીયા, આવ્યાં ગગન અમર વિમાન. મુખ૦ ૯

### રાગ : ગરબી પદ-૧

ધર્મકુંવર હરિકૃષ્ણની રે, મૂરતિ મારે મનમાની,
જીવન જોયા લાગ છે રે-ટેક૦
તરુણ મનોહર મૂરતિ રે, રેખા ઉઠે નાની નાની-જીવન૦ ૧
મસ્તક મુગટ જડાવનો રે, કુંડલ મકરાકાર-જીવન૦ ૨
કેસર તિલક લલાટમાં રે, જોઈ જોઈ વાધે પ્યાર-જીવન૦ ૩
ઉરમાં અનુપમ ઊતરી રે, કંચન કેરી અનુપ-જીવન૦ ૪
રતને જડિત બાજુ બાંધિયા રે, સુર નર મુનિને ભૂપ-જીવન૦ ૫
વેઢ વીંટિયું કડાં સાંકળાં રે, શોભે છે કરવર માંય-જીવન૦ ૬
પ્રેમાનંદ છબી ઉપરે રે, તન મન ધન બલજાય-જીવન૦ ૭

### પદ-૨

મદન મનોહર મૂરતિ રે, રાજહંસ ગતિ ચાલ,
નીરખી નેણાં ઠરે રે-ટેક૦
જરકસી જામા પહેરિયા રે, સોનેરી સુરવાલ-નીરખી૦ ૧
કનક રેંટો કમરે કશ્યો રે, કરમાં રેશમી રૂમાલ-નીરખી૦ ૨
કનક હિંડોળે હીંચતા રે, શોભે છે ધર્મનો લાલ-નીરખી૦ ૩
પુરુષોત્તમ પરિબ્રહ્મને રે, જોવા મળ્યું સર્વ જકત-નીરખી૦ ૪
નારી નરનો પાર નહિ રે, લાખો મુનિ હરિભક્ત-નીરખી૦ ૫
વ્રતપુરીના ચોકમાં રે, જાદવરાય જોવાય-નીરખી૦ ૬
ઘોડલાની ઘૂંમરમાં જોઈ રે, પ્રેમાનંદ વારી જાય-નીરખી૦ ૭

### પદ-૩

નવીન આંબાનું જોડલું રે, તે વચ્ચે અતિ અભિરામ,
હિંડોળો હેમનો રે-ટેક૦
બાંધ્યો બેઉ આંબા ડાળમાં રે, સુંદર શોભા ધામ-હિંડોળો૦ ૧





રમણિક હિંડોળા તણી રે, શોભા કહી નવ જાય-હિંડોળો૦ ૨
શોભા ત્રિભુવનરાયની રે, ઊગી ઉઠી હરખાય-હિંડોળો૦ ૩
હિંડોળામાં શ્રીહરિ રે, શોભે છે સૂર્ય સમાન-હિંડોળો૦ ૪
કરે લીલા ભાત ભાતની રે, પુરુષોત્તમ ભગવાન-હિંડોળો૦ ૫
જોઈ મૂરતિ મહારાજની રે, લોચન તૃપ્ત ન થાય-હિંડોળો૦ ૬
પ્રેમાનંદ હરિ ઉપરે રે, તન મન પ્રાણ વારી જાય-હિંડોળો૦ ૭

### પદ-૪

કનક છડી લઈ કરમાં રે, ઊભા હિંડોળે નાથ,
ધર્મસુત લાડીલો રે-ટેક૦
મુનિવર હરિજન ઊભલા રે, ચારે પાસે જોડી હાથ-ધર્મ૦ ૧
કેશર ચંદન કંકુ લઈને રે, સરસ કુસુમના હાર-ધર્મ૦ ૨
અગર ધૂપ દીપ આરતી રે, ઉતારે કરી પ્યાર-ધર્મ૦ ૩
હાર પે'રાવે હેતમાં રે, હરિજન ઊભા અપાર-ધર્મ૦ ૪
કર ચરણે કરી કેટલા રે, લે છે ધર્મકુમાર-ધર્મ૦ ૫
કેટલાક લે છડીએ કરી રે, હાર હરિ ઘનશ્યામ-ધર્મ૦ ૬
પ્રેમાનંદ ગાયે નીરખી રે, નિર્ગુણના ગુણ ગ્રામ-ધર્મ૦ ૭

### રાગ : કાફી પદ-૧

નવલ સનેહી નાથજી રે, આવડો શો અમારો વાંક,
મેલીને ચાલી નીસર્યા, વાલા શિદને રોવરાવ્યાં રાંક....નવ૦ ૧
બાંહ્ય ગ્રહીને બળવંતજી રે, છેક દીધો કેમ છેહ,
પ્રીત કરીને હરિ પરહર્યા, વાલા તોડી બાળસ્નેહ....નવ૦ ૨
સમરથ થઈને શ્રીહરિ રે, નિજ આશ્રિતને હીન,
ત્રિકમ કેમ તરછોડિયાં, જેમ કાઢે સાગરથી મીન....નવ૦ ૩
અમે આવડું નવ જાણિયું રે, રહ્યા વિશ્વાસે નાથ,
મધ્ય પૂરમાં ઠેલી મેલિયાં, વાલા પ્રથમ ગ્રહીને હાથ....નવ૦ ૪
તમે જેવા છો તેવું કરજો રે, અવગુણ જોશોમાં માવ,
પ્રેમાનંદના હો નાથજી, નેહ નિભાવણ નાવ....નવ૦ ૫

પદ-૨

અક્ષરપતિ અલબેલડા રે, આવ્યા અમારે કાજ,
અનેક પતિત ઓધારિયા, વાલા અઢળક ઢળ્યા છો આજ-અક્ષર૦ ૧
કરુણા-રસમય મૂરતિ રે, દયા વરસે છે નેણ,
કરુણા-સાગર કુંવર ધર્મના, કરુણા ભર્યા છે વેણ-અક્ષર૦ ૨
કરુણામય જોવું હસવું રે, કરુણામય છે ચાલ,
કરુણામય ભર્યાં કર લટકાં, વાલા જોઈ થયાં નિહાલ-અક્ષર૦ ૩
કરુણાસિંધુ સદા જાણતા રે, ક્રૂર નો'તા લગાર,
ક્રૂરપણું કયાંથી આવિયું, મળી કોઈ ધૂતારી નાર-અક્ષર૦ ૪
કામણ કીધાં તમને કારમાં રે, થયા અમથી ઉદાસ,
પ્રેમાનંદ કહે અમને તજી, ગયા કોઈ પ્યારીને પાસ-અક્ષર૦ ૫

પદ-૩

ધરમકુંવર હરિકૃષ્ણજી રે, મારા પ્રાણ આધાર,
જીવન જાશોમાં વીસરી, હરિવર હૈડાના હાર....ધરમ૦ ૧
દયાળુ દયા મન આણજો રે, જાણી પોતાના દાસ,
બિરુદ પોતાનું પાળજો રે, વાલા અમને તમારી આશ....ધરમ૦ ૨
અમૃત પાઈને ઉછેરિયાં રે, આપ્યાં સુખડાં અપાર,
સરવે તે કષ્ટથી ઉગારિયાં રે, પ્રાણપ્યારા સરદાર....ધરમ૦ ૩
એવા દયાળુ થઈ શ્રીહરિ રે, થયા નિર્દય બહુ નાથ,
ઘણા રે દિવસની પ્રીતડી, વાલા કેમ તોડી એક સાથ....ધરમ૦ ૪
દગો રાખી હરિ દિલમાં રે, કીધો વિશ્વાસઘાત,
પ્રેમાનંદના નાથે છેતર્યા, કહિયે કેને દલડાની વાત....ધરમ૦ ૫

પદ-૪

ઘણું જીવો ઘનશ્યામજી રે, દીનબંધુ દયાળ,....ઘણું૦ ટેક
દરશન દઈને કાપો દુઃખડાં, વાલા ઘણું વધારો વ્હાલ....ઘણું૦ ૧
દરશન વિના દુઃખિયાં ઘણાં રે, સરવે તમારા જન,
ગોવિંદ કયાંયે નથી ગોઠતું, વાલા કામકાજ ઘર વન....ઘણું૦ ૨
પંચ પ્રકારે સુખ જગતનાં રે, અમે કીધાં હરામ,
તમ સંગ બાંધી છે પ્રીતડી, જીવન મારા તમે શ્યામ....ઘણું૦ ૩





તાપ શમાવો મળી તનના રે, ઠારો દરશન દઈને નેણ,
ઘ્રાણને સુંઘાડો હાર ફૂલના, કરણે મધુરાં વેણ....ઘણું૦ ૪
રસના તલખે મહા પ્રસાદને રે, દેશો બોલાવી થાળ,
જીવત સુફળ ત્યારે જાણશું, પ્રેમાનંદના પ્રતિપાળ....ઘણું૦ ૫

રાગ : સોલા પદ-૧

પ્યારા ઘનશ્યામ, પૂરણ કામ, રે આવો ઓરા, ખોસું માથે તોરા-મારારાજ,
ધર્મકુંવર, જાઉં બલિહારી, રે લાગે પ્યારી, મૂરતિ તમારી - મા૦ ૧
નખશિખ જોવું, ચિત્તડું પરોવું, રે ચરણોમેં, કરૂં પરણામ - મા૦ ૨
ઉર્ધ્વરેખા રૂડી, અંત સમે મૂડી, રે નખમાંહી, ચિહ્ન સુખદાયી - મા૦ ૩
જોઈ પ્રેમાનંદ, આનંદ કંદ, રે નખમણિ, શોભા જગ તણી - મા૦ ૪

પદ-૨

કૃષ્ણ શ્રીહરિ, ઉભા રહોને જરી, રે નેણાં આગે, મન મારૂં લાગે - મા૦ ૧
જોઉં ફણા ઘુંટી, પીંડી સાથળ ડુંટી, રે શ્યામ કટિ, જાય દુઃખ મટી. - મા૦ ૨
ઉદર નીરખી, કરૂં માંહી બકી, રે વળી વળી, નિરખું ત્રિવળી - મા૦ ૩
હૃદય વિશાળ, માંહી મોતી માળ, રે અતિ શોભે, જોઈ મન લોભે - મા૦ ૪
જોવા છાપ ચિહ્ન, પ્રેમાનંદ દીન, રે સ્તન શ્યામ, અતિ સુખધામ - મા૦ ૫

પદ-૩

નારાયણ નામ, રટું આઠો જામ, રે મારા સ્વામી, અંતરજામી - મા૦ ૧
શોભાના ભંડાર, જાઉં બલિહાર, રે ભુજા જોઈ, મન રહ્યું મોહી - મા૦ ૨
અભય ઉદાર, ચિહ્ન તે અપાર, રે જોઈ બળ, જન્મ સુફળ - મા૦ ૩
કરી કર સમ, ઓધાર્યા અધમ, રે માથે મેલી, ચાંપ્યા મેં સાહેલી - મા૦ ૪
રાતી હથેળીમાં, રેખા સુખસીમા, રે નખચંદ, નીરખે પ્રેમાનંદ - મા૦ ૫

પદ-૪

નમું કરજોડી, બુદ્ધિ છે થોડી, રે શું ગાઉં, પાર ન પાઉં - મા૦ ૧
જોઈ કંબુકંઠ, મદન અટંટ, રે થયો દીન, પરમ પ્રવીણ - મા૦ ૨
વદન વિલોકી, ભક્તજન શોખી, રે જોઈ ફુલ્યા, તન શુદ્ધ ભૂલ્યા - મા૦ ૩
ચંદ્રનો પ્રકાશ, શશી મુખ હાસ, રે કુંદકળી, દંત આવળી - મા૦ ૪
અધર પ્રવાળ, રૂપની જાળ, રે નાની રેખે, પ્રેમાનંદ દેખે - મા૦ ૫

પદ-૫

મળ્યા ભક્ત ટોળે, જમણે કપોળે, રે તિલ જોવા, ચિત્તમાં પરોવા - મા૦ ૧
નાસિકા નમણી, સીમા શોભાતણી, રે અણિયાળાં, નેણાં મરમાળાં - મા૦ ૨
નેણુંને ચાળે, ભ્રકુટિ ઉલાળે, રે ઘેલાં કીધાં, ચિત્ત ચોરી લીધાં - મા૦ ૩
ભાલ વિશાળ, તિલક રસાળ, રે કેસરનું, શોભે હરિવરનું - મા૦ ૪
શિખા છબીદાર, નીરખે વારંવાર, રે એક મન, પ્રેમાનંદ ધન્ય - મા૦ ૫

રાગ : કાફી ગરબી પદ-૧

પુરૂષોત્તમ પુરણ બ્રહ્મ, સહજાનંદ સ્વામી, જેને ભજતાં છુટે કર્મ, સહજાનંદ સ્વામી. ૧
હરિકૃષ્ણ નારાયણ દેવ. સહ૦ કરીએ નિત્ય જેની સેવ. સહજા૦ ૨
જેનો ગોલોકમાં છે વાસ. સહ- સુમરીયે શ્વાસોશ્વાસ. સહજા૦ ૩
જેને નિગમ નેતિ કરી ગાયે. સહ૦ જેને શિવ બ્રહ્માદિક ધ્યાયે. સહજા૦ ૪
જેનો પાર ન પામે શેષ. સહ૦ કીધો નરનાટક વેશ. સહજા૦ ૫
થયા સદ્‌ગુરૂ રૂપે. સહ૦ હરિ પ્રેમાનંદને કાજ. સહજા૦ ૬

પદ-૨

પૂર્વમાં ધર્યો અવતાર. સહ૦ કરી લીલા અનંત અપાર. સહજા૦ ૧
કર્યો પાવન પૂર્વ દેશ. સહ૦ હરિ ફર્યા તપસ્વીને વેશ. સહજા૦ ૨
કૌતુકમય બાળ ચરિત્ર. સહ- સાંભળતાં થઈએ પવિત્ર. સહજા૦ ૩
ધરી બાળરૂપ મહારાજ. સહ૦ વિચર્યા સુરમુનિ શિરતાજ. સહજા૦ ૪
કોઈ ગ્રામ નગર દરબાર. સહ૦ કર્યા અનંત જીવ ઉદ્ધાર. સહજા૦ ૫
ઉદ્ધાર્યા પશુ નરનાર. સહ૦ પ્રેમાનંદ તારણહાર. સહજા૦ ૬

પદ-૩

ફર્યા દેશ વિદેશે નાથ. સહજા૦ બહુ મુનિવૃંદ લઈ સાથ. સહજા૦ ૧
ફર્યા વન પર્વતમાં વીર. સહજા૦ કઈ નદી તળાવને તીર. સહજા૦ ૨
અવધુત અલક્ષ્યને વેશ. સહજા૦ ઉપવીત અનુપમ કેશ. સહજા૦ ૩
એક રાખે મૃગાજીન. સહજા૦ વલ્કલની કરી કોપીન. સહજા૦ ૪
હરિ ત્યાગ વૈરાગ્યે જુકત. સહજા૦ જાણે કોઈ વીરલા મુક્ત. સહજા૦ ૫
હરિ યોગકળાના જાણ. સહજા૦ વ્હાલો પ્રેમાનંદના પ્રાણ. સહજા૦ ૬





પદ-૪

એ રીતે ઘનશ્યામ સુજાણ. સહજા૦ વિચર્યા હરિ જીવનપ્રાણ. સહજા૦ ૧
વય વર્ષ અગ્યાર બાર. સહજા૦ દેહે અતિ કૃશ મોરાર. સહજા૦ ૨
કરે કંદમૂલનો આહાર. સહજા૦ ક્યારે રહે વાયુ આધાર. સહજા૦ ૩
ક્યારે કરે જલના પાન. સહજા૦ વિચારે નહિ દેહનું ભાન સહજા૦ ૪
નાસા પર દ્રષ્ટિ નિશાન. સહજા૦ નાનકડા ભીનેવાન. સહજા૦ ૫
દીસંતા અતિ ઉદાસ. સહજા૦ કર્યો પ્રેમાનંદ ઉર વાસ. સહજા૦ ૬

પદ-૫

હરિ શોભાના છે પુર. સહજા૦ વૈરાગ્ય ત્યાગમાં પૂર. સહજા૦ ૧
હરિ જ્ઞાનતણા દરિઆવ. સહજા૦ જાણે યોગકળાના દાવ. સહજા૦ ૨
નાનકડા દિસે બાળ. સહજા૦ જોઈને અતિ કંપે કાળ. સહજા૦ ૩
હરિ શોભે સદા સ્વરાટ. સહજા૦ ધરી સુંદરવર નરનાટ. સહજા૦ ૪
ફર્યા તીર્થ બહુ મહારાજ. સહજા૦ મુમુક્ષુ જનને કાજ. સહજા૦ ૫
એમ વિચર્યા ત્રિભુવનવંદ. સહજા૦ બલિહારી પ્રેમાનંદ. સહજા૦ ૬

પદ-૬

એની લીલાનો લવવેશ. સહજા૦ થાકે કહી શારદા શેષ. સહજા૦ ૧
એના ગુણનો માપ ન થાય. સહજા૦ કવિ કોવીદ કેમ કરી ગાય. સહજા૦ ૨
હરિ પૂર્વથી જદુરાય. સહજા૦ પધાર્યા દક્ષિણમાંય સહજા૦ ૩
કર્યા દક્ષિણ ચરિત્ર અપાર. સહજા૦ કહેતાં નવ થાય નિરધાર. સહજા૦ ૪
પધાર્યા તૈલંગ આપ. સહજા૦ લીધી તોતાદ્રીયે છાપ. સહજા૦ ૫
દક્ષિણમાં સર્વે ધામ. સહજા૦ ફર્યા પ્રેમાનંદનો શ્યામ. સહજા૦ ૬

પદ-૭

મેલ્યો દક્ષિણનો સાથ. સહજા૦ કરી સુરત દ્વારિકા નાથ. સહજા૦ ૧
અણલીંગી અવધુત વેશ. સહજા૦ પધાર્યા પશ્ચિમ દેશ. સહજા૦ ૨
કર્યો પશ્ચિમ પાવન રૂપ. સહજા૦ પધાર્યા સુરમુનિ ભુપ. સહજા૦ ૩
થયા નદીએ નિર્મળ નીર. સહજા૦ આવ્યા નારાયણ ધીર. સહજા૦ ૪
પશુ પક્ષી નર ને નાર. સહજા૦ કરે ભક્તિ જ્ઞાન વિચાર. સહજા૦ ૫
પ્રેમાનંદ કહે આવ્યા આપ. સહજા૦ છાયો પશ્ચિમમાં પ્રતાપ. સહજા૦ ૬

પદ-૮

પધાર્યા સુરત શહેર. સહજા૦ હરિ કરતા લીલા લહેર. સહજા૦ ૧
રેવા મહી ઉતર્યા ઘાટ. સહજા૦ હરિ આવ્યા હરિજન માટ. સહજા૦ ૨
સાબરમતી ઉતર્યા શ્યામ. સહજા૦ હરિ પાવન પુરણકામ. સહજા૦ ૩
આવ્યા ભાવપુરી ભગવાન. સહજા૦ સર્વે સામૃથ નહિ ઉરમાન. સહજા૦ ૪
પંચતીર્થોમાં એક ગામ. સહજા૦ તેનું શહેર લોઢવા નામ. સહજા૦ ૫
ત્યાં આવ્યાં પુરણચંદ. સહજા૦ બલિહારી પ્રેમાનંદ. સહજા૦ ૬

રાગ : ઠુમરી પદ-૧

પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે-પ્યારે. ટેક૦
લગી પ્રીત તોસું શ્યામસુંદર જૈસે, હીરો ફોર્યો ન ફૂટે રે-પ્યારે૦ ૧
સમજી વિચારી પ્યારે તોસું જોરી, કાહુંકી તોરાઈ ન તૂટે રે-પ્યારે૦ ૨
જોરી પ્રીત જાની સાચે સનેહી, ઓર સનેહી સબ જૂઠે રે-પ્યારે૦ ૩
પ્રેમાનંદકે પ્યારે અબ ના છોડું, છોને જગત સિર કૂટે રે-પ્યારે૦ ૪

પદ-૨

તોરી મોરી લગની લાગી રે, લાલા- તોરી. ટેક૦
લાગી લગન તોસે જીવન જૈસે, સોના મિલત સોહાગી રે-લાલા૦ ૧
લગન લગત મેરો સુફલ જન્મ ભર્યો, દુર્મતિ સબ દૂર ભાગી રે-લાલા૦ ૨
શ્યામ મિલત સબ કાજ સુધરી ગયો, બાત બની ગઈ આગી રે-લાલા૦ ૩
પ્રેમાનંદકે નાથ અખંડ રહો દ્રગ, યહી દેહો મોજ માગી રે-લાલા૦ ૪

પદ-૩

તોસું મોરે મનવા માન્યો રે પ્યારે-તોસું. ટેક૦
મન કર્મ વચ બસ ભઈ હું તિહારે, અંતર રંચ ન આન્યો રે-પ્યારે ૦ ૧
પરમ સત્ય એક શ્યામ સુંદર તુમ, ઓર સ્વપ્ન સમ જાન્યો રે-પ્યારે ૦ ૨
મન માન્યો મોહન તુમ ચરને, સબ જગસુ પછતાન્યો રે-પ્યારે ૦ ૩
પ્રેમાનંદ કે નાથ અબ ના છોડું, ચરને ચિત અટકાન્યો રે-પ્યારે ૦ ૪

પદ-૪

તોરા મોરા જીયરા એક રે પ્યારે-તોરા. ટેક૦
તુમ જ્યું રહત મોરે જીયમેં, જૈસે કાચમેં કંચન રેખ રે-પ્યારે ૦ ૧





તુમ તો પ્યારે મોરે જીયકે જીવન, સબ વિધિ સુખદાયક રે-પ્યારે ૦ ૨
તુમ મેરે સ્વામી મેં ચેરી ચરનકી, યહી અચળ મેરી ટેક રે-પ્યારે ૦ ૩
પ્રેમાનંદકે નાથ ચરન તેં, દૂર ન રહુંગી મેં નેક રે-પ્યારે ૦ ૪

રાગ : ગરબી પદ-૧

(સખી ગોકુળ ગામના ચોકમાં રે. એ ઢાળ)

બલિહારી શ્રીગિરિધર લાલની રે, વ્હાલો તેજોનિધિ સુખકંદ,
સદા સાકાર બિરાજે બ્રહ્મમહોલમાં રે. સદા૦ ટેક.
વહાલો દ્વિભુજ ચતુર્ભુજ શ્રીહરિ રે, સદા સેવીત શ્રીનંદસુનંદ. સદ૦ ૧
શંખ ચક્ર ગદા પદ્મને ધરે રે, યોગેશ્વર શ્રીજગદીશ,
ચારે તત્ત્વ ચારે આયુધમાં રે, રચે વિશ્વ તેમાંથી ઈશ. સદ૦ ૨
પદ્મમાંથી રચી પૃથ્વી હરિ રે, શંખમાંથી રચ્યું જળ શ્યામ,
ચક્રમાંથી રચ્યું તેજ તત્ત્વને રે, ગદામાંથી વાયુ સુખધામ. સદ૦ ૩
એમ વિશ્વ રચી ને હરિ અવતર્યા રે, કરવા તે અધમ ઉદ્ધાર,
પ્રેમાનંદનો સ્વામી ઘનશ્યામજી રે, વ્રજજીવન નંદકુમાર. સદ૦ ૪

પદ-૨

સખી છેલછબીલો કુંવર નંદનો રે, અતિ શોભે છે આનંદ કંદ,
અલબેલો બિરાજે નંદ આંગણે રે, અલબેલો૦ ટેક.
જેનો મહિમા વખાણે મહામુનિ રે, શેષ શારદા શુક છંદ. અલબેલો૦ ૧
વહાલો સોળ કળા યુક્ત શ્રીહરિ રે, નવરસમય નટવરલાલ,
કોટિ કંદર્પ જોઈ લાજે રૂપને રે, નિરખતાં વાધે ઘણું વહાલ. અલબેલો૦ ૨
એવી શીતળ સભા નંદ આંગણે રે, બ્રહ્મઋષિ ને રાજઋષિ વૃંદ,
શોભે મુનિસભામાં શ્રીપતિ રે, વહાલો તારા મધ્યે જેમ ચંદ. અલબેલો૦ ૩
કરી લટકાં મોહ્યો વ્રજસાથને રે, કરી વાતો મોહ્યા મુનિરાય,
જોઈ સુંદર છબી ઘનશ્યામની રે, પ્રેમાનંદ વારી વારી જાય. અલબેલો૦ ૪

પદ-૩

ખરી આજ અલૌકિક વાતડી રે, કૃપા કરી કીધી ઘનશ્યામ,
સાંભળીને ઠરે મારી છાતડી રે, સાંભળી૦ ટેક.
શુક નારદ ઉદ્ધવ નિજદાસને રે, પૂછ્યા પ્રશ્ન અતિસુખધામ. સાંભળી૦ ૧

એક શું છે હેતુ કલ્યાણનો રે, જેણે ન થાય એવું તે શું કહેવાય,
પછી ન થયો ઉત્તર બીજા કોઈથી રે, પોતે બોલ્યા શ્રીવૈકુંઠરાય. સાંભળી૦ ૨
ભય પામ્યો મુમુક્ષુ જન્મમરણથી રે, તેને તાર્યાનો એજ ઉપાય,
સત્શાસ્ત્ર સાકાર મારી મૂર્તિ રે, સાચા સંત સાકાર મને ગાય. સાંભળી૦ ૩
એને વિષે જોડાય જન પાતકી રે, તે તો સહેજે પામે ભવપાર,
પ્રેમાનંદ કહે ભજે જઈ ધામમાં રે, દિવ્યરૂપે મને સાકાર. સાંભળી૦ ૪

પદ-૪

ભવસાગર તરવાને ઈચ્છતો રે, એવો જે મુમુક્ષુજન
ભજે મને તજી સર્વ વાસના રે. ભજે૦ ટેક.
કરે સાધન કલ્યાણનાં પ્રીતશું, મારી મૂર્તિમાં ધરી મન. ભજે૦ ૧
મને ભજતાં વિઘન તેને ઘણાં રે, છે સમજાવું કહી રીત,
મારો આકાર ઉછેદન જે કરે રે, એવાં શાસ્ત્ર સુણે કરી પ્રીત. ભજે૦ ૨
એવા શાસ્ત્ર અભ્યાસી જન છે રે, બ્રહ્મજ્ઞાની તેનો વિશ્વાસ,
એતો નિશ્ચે પાડે કલ્યાણથી રે, મેલે નરકે કરી નિરાશ. ભજે૦ ૩
એજ વિરોધી છે કલ્યાણના રે, એવા જ્ઞાનીને ગ્રંથ કહેવાય,
પ્રેમાનંદનો સ્વામી કે ત્યાગવા રે, પાપરૂપ જાણીને બલાય. ભજે૦ ૪

પદ-૫

એવા પાપી પાડે મારગ મોક્ષથી રે, મુખે કથી મિથ્યા બ્રહ્મજ્ઞાન,
સંત સર્વે કહું તે આપ માનજો રે. સંત૦ ટેક.
દેખાડે સભરભર્યો આત્મા રે, ખોદે આકાર અવતાર તોડી તાન. સંત૦ ૧
જન નર્થી હોય જે કલ્યાણના રે, કરે જો પાપીમાંહી પરતીત,
જેવા પોતે નાસ્તિક પાપી હોય રે, શિખાવે સર્વે તેવી રીત. સંત૦ ૨
પછી સંત સાકાર મારી મૂર્તિ રે, તેમાં દોષ પરઠે તત્કાળ,
તજી સેવા ઉપાસના આશરો રે, થઈ બેસે તે બ્રહ્મકુદાળ. સંત૦ ૩
કેવળ કથે મિથ્યા બ્રહ્મજ્ઞાનને રે, મારી ઉપાસના તજી જન,
પ્રેમાનંદનો સ્વામી કહે શ્રીહરિ રે, થઈ પિશાચ ફરે વનોવન. સંત૦ ૪

પદ-૬

કથનમાત્ર તે બ્રહ્મજ્ઞાને કરી રે જન સિધ્ધિ પામે નહિ કોય
મુમુક્ષુને પાડવાનો પાસ છે રે. મુમુક્ષુ૦ ટેક.




જેમ તાંદુલ વિના કુટે કુસકારે, તેનો શ્રમ તે નિષ્ફળ હોય. મુમુક્ષુ૦ ૧
જન ભૂખ્યો તરસ્યો જેષ્ઠ માસનો રે, પ્રીત કરી ચાટે આકાશ,
નવ જાય ક્ષુધા તૃષા તેહની રે, એમ વાંક જ્ઞાન પ્રયાસ. મુમુક્ષુ૦ ૨
એવા બ્રહ્મજ્ઞાનીનો સંગ ત્યાગવો રે, મન કર્મ વચને તે જરૂર,
પંચ મહાપાપના શીરોમણી રે, એવા જ્ઞાનીને ત્યાગજો દૂર. મુમુક્ષુ૦ ૩
દિવ્યરૂપ સાકાર મારી મૂર્તિ રે, કરૂં લીલા ધરી અવતાર,
પ્રેમાનંદનો સ્વામી કહે શ્રીહરિ રે, મારા આશરા વિના મળે ખ્યાર. મુમુક્ષુ- ૪

રાગ : ગરબી પદ-૧

મૂરતિ મારે મનમાની મોહન તારી, મૂરતિ મારે મન માની,
રાખું નેણામાં છાની છાની મોહન તારી, મૂર્તિ મારે મનમાની-ટેક૦
છાની રાખું કોઈને નવ દાખું, રસિયા છેલ ગુમાની-મોહન૦ ૧
નટનાગર હરિ રૂપ ઉજાગર, સુંદરવર સુખ ખાની-મોહન૦ ૨
મુખ મંદહાસ અધરબિંબ રાતા, રેખા ઉઠે છે નાની નાની-મોહન૦ ૩
પ્રેમસખી એ શોભા નીરખી, રાત દિવસ હું દીવાની-મોહન૦ ૪

રાગ : કલ્યાણ પદ-૧

મુગટ છબી અદ્‌ભુત આજ બની-મુગટ૦ ટેક
નીરખી કોટિક મદન લજાયે, કોટિ શશિ તરની-મુગટ૦ ૧
બરનત મુગટ છબી કવિ હારે, શારદ સમગ્ર ફની-મુગટ૦ ૨
નટવર નાગર શોભા સાગર, સુંદર ત્રિભોવન ધની-મુગટ૦ ૩
પ્રેમાનંદકે ઉર અખંડ બિરાજો, કરત હે અરજ ઘની-મુગટ૦ ૪

રાગ : જંગલો પદ-૧

મેં તો તેરે બિરૂદ ભરોંસે બહુનામી-મેં તો૦
સેવા સુમરન કછુવે ન જાનું, સુનિયે પરમ ગુરુ સ્વામી-મેં તો૦ ટેક
ગજ અરુ ગીધ તારી હે ગનિકા, કુટીલ અજામેલ કામી-મેં તો૦
યેહી સાખ શ્રવને સુની આયો, ચરન શરન સુખધામી-મેં તો૦
પ્રેમાનંદ કહે તારો કે મારો, સમરથ અંતરજામી-મેં તો૦

પદ-૨

અપનો બિરૂદ બીચારો નાથ-અપનો૦ ટેક
અશરન શરન અધમ ઓધારન, નિગમ ગાવત યહ ગાથ-અપનો૦ ૧

બનચર મલીન ગીધ બંધુ સમ, મીલે હરખી ભરી બાથ-અપનો૦ ૨
ગૌતમ નારી તારી જડ જોની, ચરન પરસી સુખપાથ-અપનો૦ ૩
પ્રેમાનંદ વિશ્વાસ આની ઉર, પર્યો ચરન ધરી માથ-અપનો૦ ૪

**રાગ : સારંગ મલાર પદ-૧**

મોરી બુંદન ભીંજત સારી રે, બિહારીલાલ ચલો કુંજનમેં-મોરી૦ ટેક
ભીંજત સારી મોરી સાસ ઠગારી, લરી લરી લાલા દેહે મોયે ગારી રે-બિહારી૦ ૧
દમક દામિની જીયરા ચમકત, બરસત ઘન ગરજત ભારી રે-બિહારી૦ ૨
સુંદરવર મોયે પીતાંબરકી ઓટન, લેહો ભુજન પ્રસારી રે-બિહારી૦ ૩
રસિક ચતુરવર જુગલ છબીપર, તન મન ધન પ્રેમાનંદ વારી રે-બિહારી૦ ૪.

**પદ-૨**

ઈન મોરન સોર મચાયો રે, મોહન પિયા ઘન બરસન આયો-ઈન૦ ટેક
ગરજે ગગન ઘન દામિની દમકત, બોલત દાદુર ડર ઉપજાયો રે-મોહન૦ ૧
કમલનયન મોયે કંઠ લગાયો, કંપત તન મન અકુલાયો રે-મોહન૦ ૨
હરી હરી કુંજન ટપકત બુંદન, ભીંજત ચુંનર જીયરા ડરાયો રે-મોહન૦ ૩
પ્રેમાનંદ કહે શ્યામ સ્વામિની બીહરત, બન કરત મન ભાયો રે-મોહન૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

મોહન મૂરતિ તારી રે, વાલી લાગે છે-ટેક૦
મોહન મૂરતિ તારી, નીમખ ન મેલું ન્યારી રે-વાલી૦
સુંદરવર અતિ શોભો છો સારા, ઉરપર હાર હજારી રે-વાલી૦ ૧
પાંપણ ઉપર શોભી રહી છે, પાઘડલી ઘણી સારી રે-વાલી૦ ૨
છેલછબીલા તારાં છોગલાં જોઈને, મોહી છે પાડોશણ મારી રે-વાલી૦ ૩
પ્રેમસખી કહે નાથજી તમને, રાખું રૂદામાં ધારી રે-વાલી૦ ૪

**પદ-૨**

મોહી પાઘડલીને છેડે રે ગિરધરજી-ટેક૦
મોહી પાઘડલીને છેડે, મનડું ફરે તમ કેડે રે-ગિર૦
નણદી મારી સાન કરે છે, મોહન મળવાને તેડે રે-ગિર૦ ૧
સાસુ સસરો ગામ ગયાં છે, આવો અગાશીને મેડે રે-ગિર૦ ૨
ભુજ ભરીને ભેટો દુઃખડાં મેટો, વરસો વાલા રંગરેડે રે-ગિર૦ ૩
પ્રેમસખી કહે પ્રીત વધાવું, નાથજી નવલ સનેહડે રે-ગિર૦ ૩





**પદ-૩**

નંદને છેલ ગુમાની, રે મન મોહ્યું-ટેક૦
નંદને છેલ ગુમાની, મોહની નાખી છાની રે-મન૦
જોઉં ત્યારે મને જંપ થાય છે, દીઠા વિના દીવાની રે-મન૦ ૧
વારે તો વસમું બહુ લાગે, જોતાં રૂપનિધાની રે-મન૦ ૨
સાસુ કહે શામળિયાને જોતાં, ઘેલી થઈ વહુ નાની રે-મન૦ ૩
પ્રેમસખી કહે પ્રાણજીવન પર, તન મન ધન કુરબાની રે-મન૦ ૪

**પદ-૪**

મોહી છું મોહન લટકે, રે લટકાળા-ટેક૦
મોહન મોહી છું લટકે, પીતાંબરને પટકે રે-લટ૦
જરકસી પાઘ કેસરિયો જામો, ચોળ કસુંબી ચટકે રે-લટ૦ ૧
કેસર તિલક કપુરની માળા, મોહી છું મુખને ચટકે મટકે રે-લટ૦ ૨
છોગાળા તારાં છોગલાં ઉપર, ભ્રમર થઈને મન ભટકે રે-લટ૦ ૩
પ્રેમસખી કહે શોભા જોઈને, જનમ ખોયો નવ ખટકે રે-લટ૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

મુને મળ્યા સહજાંદ સ્વામી, સચ્ચિદાનંદ અંતરજામી. ૧
હું તો થઈ છું હવે સત્સંગી, મારે પ્રભુ સાથે પ્રીત અભંગી. ૨
મારા સર્વે તે કારજ સીધાં. વર્તમાન સ્વામીજીનાં લીધા. ૩
મારે માથે છે સ્વામીની છાપ, સર્વે પુરૂષ કીધા માઈબાપ. ૪
દુરિજનીયાંને વેણે ન દાઝું, સ્વામિનારાયણ કહેતાં ન લાજુ. ૫
હું તો બેઠી છું હરિવર ધારી, પ્રેમસખી સ્વામી પર વારી. ૬

**પદ-૨**

મારે સ્વામિનારાયણ ભજવા, દુરીજનીઆના સંગ તે તજવા. ૧
મેં તો મેલ્યો સંસારીયો માડી, જોવા સ્વામિનારાયણ દાડી. ૨
મુને સ્વામિનારાયણ ભાવે, લોક સ્વામીની કહીને બોલાવે. ૩
વાટે ઘાટેને જાતાં ને વળતાં, સ્વામિનારાયણ શ્રવણે સાંભળતાં. ૪
મુખે સ્વામિનારાયણ ગાવું, લોકલાજ થકી ન લજાવું. ૫
પ્રેમસખી કહે સ્વામીને સારૂં, કુરબાન કર્યું શીર મારૂં. ૬

પદ-૩

સખી ચાલ જોવા હરિ જઈએ, નીરખી પ્રભુને પાવન થઈએ. ૧
સખી નેત્રતણું ફળ એ છે, વેદ પુરાણ તે એમ કહે છે. ૨
જેને નિગમ નેતિ કરી ગાવે, શિવ બ્રહ્મા તે પાર ન પાવે. ૩
એ છે કૃષ્ણ નારાયણ દેવ, સુરમુનિ કરે નિત્ય સેવ. ૪
એ છે પુરૂષોત્તમ મહારાજ, પ્રભુ પ્રગટ્યા તે આપણે કાજ. ૫
પ્રેમસખી કહે સ્વામીને હેલી, ભજ અંતર આંટી મેલી. ૬

પદ-૪

મારા પુણ્ય તણો નહિ પાર, વર મળ્યા તે જગદાધાર. ૧
મારા ઉરમાં કીધો વ્હાલે વાસ, હું તો થઈ છું સ્વામીની દાસ. ૨
મુને અખંડ એવાતન આપ્યું, મારૂં જન્મ મરણ દુઃખ કાપ્યું. ૩
મારો સફળ જન્મ વ્હાલે કીધો, મેં તો હરિ સાથે લ્હાવો લીધો. ૪
હું તો અખંડ હરિગુણ ગાવું, હવે પાછી તે ભવમાં ન આવું. ૫
મળ્યા પુરુષોત્તમ બહુનામી, વ્હાલો પ્રેમસખીનો સ્વામી. ૬

રાગ : ગરબી પદ-૧

રે સ્વામિનારાયણ સંભારે, ગાતાં તે સાતે વાર રે,
રે વાણી તે રસ ભરી આપજો, ધર્મતણા કુમાર રે.... સ્વામિ૦ ૧
રે આદિત્ય સહજાનંદ ઉદિયા, કરવા પતિત ભવપાર રે.... સ્વામિ૦ ૨
રે સોમ સરખા શીતળ સદા, કૃરતા ન મળે લગાર રે.... સ્વામિ૦ ૩
રે મંગળ મંગળકારી મૂર્તિ, ધર્મકુંવર કીરતાર રે.... સ્વામિ૦ ૪
રે બુધ પૂજે તેની પાદુકા, હરખ ભર્યા વારંવાર રે.... સ્વામિ૦ ૫
રે ગુરુ સુર મુનિ ભૂપના, સહજાનંદજી સરદાર રે.... સ્વામિ૦ ૬
રે શુક્ર સરખા સ્વભાવના, રિપુ સદા સુખ સાર રે.... સ્વામિ૦ ૭
રે શનિ સરખા નરનારનો, કીધો તે આજ ઓધાર રે.... સ્વામિ૦ ૮
રે આ પદ ગાયે ને શીખે સાંભળે, વાધે પ્રભુ પદ પ્યાર રે.... સ્વામિ૦ ૯
રે સ્વામિનારાયણ નામ પર, પ્રેમાનંદ જાયે બલિહાર રે.... સ્વામિ૦ ૧૦





રાગ : પરજ દેશી પદ-૧

રે ગોકુળ આવોને વ્હાલા, લાડીલા નંદતણા લાલા રે. ગોકુળ૦ ટેક.
રે આંખડીયું ઉઠી છે રોઈ, વહાલાજીની વાટડીયો જોઈ રે. ગોકુળ૦ ૧
રે માણીગર ગયા છો મેલી, તે દહાડાથી ફરૂં છું ઘેલી રે. ગોકુળ૦ ૨
રે વાલીડાની વાતો સંભારી, ભરાઈ આવે છાતલડી મારી રે. ગોકુળ૦ ૩
રે પ્રેમસખી રહી છે પોકારી, આવો વાલમ ગિરિધારી રે. ગોકુળ૦ ૪

પદ-૨

રે મોહનજી આવોને માવા, મીઠી મીઠી મોરલડી વાળા રે. મોહ૦ ટેક.
રે માણીગર મળવાને આવો, શું બાંધ્યો છે અબળાથી દાવો રે. મોહ૦ ૧
રે વાલમજી દયા મન આણી, આવો વહાલા પોતાની જાણી રે. મોહ૦ ૨
રે વાલમજી આવો તો ઠરીએ, તમ વિના રોઈને મરીએ રે. મોહ૦ ૩
રે ન ગમે તો જાજોને વળી, વહાલા પ્રેમસખીને મળી રે. મોહ૦ ૪

પદ-૩

રે ચિતડું ચોર્યું નંદલાલે, વેંધ્યુ મન નેણ તમે ભાલે રે. ચિત૦ ટેક.
રે ઘેલું મન ચાલતણે ચટકે, તે તો બહુ કાળજડે ખટકે રે. ચિત૦ ૧
રે લટકાં કરતા વનમાળી, રહેતી મોહી છોગલીયાં ભાળી રે. ચિત૦ ૨
રે નટવર જોઈ નટવેષે, જાતી જોવા પાણીડાંની મિષે રે. ચિત૦ ૩
રે વાલીડાને લાવે કોઈ ખોળી, પ્રેમસખી જાય વહેલી ધોળી રે. ચિત૦ ૪

પદ-૪

રે દરદે થઈ છું દીવાની, ડોલરીયાની સુરત મનમાની રે. દરદે૦ ટેક.
રે ન ગમે પીયર સાસરીયું, ચીતડું તો વાલમસું વરિયું રે. દરદે૦ ૧
રે વિસારીયો ન જાયે વિસરી, દિવસ રાત ખટકે હૈયે હરિ રે. દરદે૦ ૨
રે ઘેલી મુને કીધી નંદલાલે, વાલીડાનાં એધાંણ બહુ સાલે રે. દરદે૦ ૩
રે પ્રેમસખી તલખે દિન રાતી, એકવાર મળો ભરી છાતી રે. દરદે૦ ૪

રાગ : પરજ દેશી પદ-૧

લઈને ગયો મન પ્રાણ રે, માવો મારાં લઈને ગયો મન પ્રાણ રે માવો૦ ૧
પ્રાણ લઈને વ્હાલે પરવશ કીધી, ભૂલી હું તનડાનું ભાન રે માવો૦ ૨
જોયા વિના રે જીવડલો જાય છે, થાય છે જો તનડામાં તાણ રે માવો૦ ૩

નેણાંને આગે કોઈ આણી મિલાવે, સુંદર શ્યામ સુજાણ રે માવો૦ ૪
પ્રેમાનંદના નાથની છું હું તો, દામ વિનાની વેચાણ રે માવો૦ ૫

પદ-૨

આંખડિયો અકળાયે રે, જોયા વિના આંખડિયા અકળાયે રે -જોયા૦ ૧
રાત દિવસ જોવું વાટ વહાલાની, આંસુડાં ન સુકાય રે -જોયા૦ ૨
સુની સેજ જોઈ મંદિરમાં, કાળજડું કોરાયે રે -જોયા૦ ૩
શ્રી ઘનશ્યામ વદન જોયા વિના, પળ પળ જુગ સમ જાયે રે -જોયા૦ ૪
પ્રેમાનંદ કહે તનડું તપે છે, મળવાને મોહનરાયે રે -જોયા૦ ૫

પદ-૩

મુખડું જોયાનું હતું નેમ રે, દાડી મારે મુખડું જોયાનું હતું નેમ રે -દા૦ ૧
મુખડું જોયા વિના પાણીએ ન પીતી, ચંદને ચકોર જોતી જેમ રે -દા૦ ૨
વદન જોવાને ઘનશ્યામ વહાલાનું, રહેતી હાજર એમની એમ રે -દા૦ ૩
કામ ને કાજ ઘરબાર સંસાર, મેલ્યો પડતો જેમ તેમ રે -દા૦ ૪
પ્રેમાનંદનો નાથ જોયા વિના, હવે કરીશ હું કેમ રે -દા૦ ૫

પદ-૪

કોઈક દેખાડો ઘનશ્યામ રે, મોળીડાવાળો કોઈ દેખાડો ઘનશ્યામ રે -મોળિ૦ ૧
શ્રી ઘનશ્યામ નારાયણ, મારે સરવે સુખનું ધામ રે -મોળિ૦ ૨
એ સારું ઘરબાર જગત સુખ, સરવે કીધું મે હરામ રે -મોળિ૦ ૩
શત્રુ કંપે છે જેનું નામ સુણીને, માન ક્રોધાદિક કામ રે -મોળિ૦ ૪
પ્રેમાનંદના નાથ વિના સરવે, વ્યાકુળ ગોકુળ ગામ રે -મોળિ૦ ૫

રાગ : ગરબી પદ-૧

સજની પૂછોને નંદજીનો લાલ, કે કેમ ચંચળ થયા રે લોલ,
કીધી કીધો નટવર વેશ, કે કેમ તોડી દયા રે લોલ... ૧
સજની શું છે આ રાતે કામ, કે નંદકુમારને રે લોલ,
શણઘાર્યા રૂડા તોરંગ, થયા અસવારને રે લોલ... ૨
સાથે નહિ લઈ જાયે વ્રજરાજ, તો ક્યારે આવશે રે લોલ,
સજની અધરામૃત વ્રજનાથ, હવે કયારે પાવશે રે લોલ... ૩
મળશે મનગમતી કોઈ નાર, કે જાશે વીસરી રે લોલ,
સજની મેલીને ચાલ્યા નાથ, ક્યારે મળશે ફરી રે લોલ... ૪





સજની જગથી તોડી પ્રીત, કમળ મુખ જોવતી રે લોલ,
મેલી પ્રેમસખીને નાથે, રહી સર્વે રોવતી રે લોલ... ૫

પદ-૨

ન ઘટે તમને પ્રાણજીવન, કે ચાલ્યા મેલીને રે લોલ,
દુઃખને દરિયે મારા નાથ, કે નાખ્યાં ઠેલીને રે લોલ... ૧
રસિયા કરવી નોતી પ્રીત, કે પે'લી નાથજી રે લોલ,
રસિય અમૃત પાઈને ઉછેર્યા, માર્યા એક સાથજી રે લોલ... ૨
રસિયા સર્વથી તોડ્યો સ્નેહ, કે એક તમને વરી રે લોલ,
વ્રજવનિતાના જીવન નાથ, તમે સારી કરી રે લોલ... ૩
રસિયા રંગે રમાડતાં રાસ, વધાર્યા વાલને રે લોલ,
રસિયા લેવા અમારા પ્રાણ, કર્યા બેહાલને રે લોલ... ૪
રસિયા માર્યા રીસનાં બાણ, કે ઠાર્યાં કેમ ઠરે રે લોલ,
તમ વિના પ્રેમસખીના નાથ, કે એવી કોણ કરે રે લોલ... ૫

પદ-૩

ઓધવ કેજો એક સંદેશ, કે વ્રજના નાથને રે લોલ,
મ વિસારજો પ્રાણજીવન, કે ગોપીસાથને રે લોલ... ૧
રસિયા કરજો અમારી સાર, કે અતિ અબળા તણી રે લોલ,
વ્હારે ચડજો દીનાનાથ, કે હવે થઈ છે ઘણી રે લોલ... ૨
થઈ છે તમ વિના વ્રજનાથ, કે સર્વે ઘેલડી રે લોલ,
તે સંભારીને સુંદર શ્યામ, રડે છે સાહેલડી રે લોલ... ૩
રસિયા આંખે આંસુ ધાર, કે ભૂલી ઘર કામને રે લોલ,
વાલા કોકિલા ઊંચે સ્વર, જયું પોકારે શ્યામને રે લોલ... ૪
રસિયા આવો પ્રાણજીવન, કે વાળો વાનને રે લોલ,
આપો પ્રેમસખીના નાથ, કે દરશન દાનને રે લોલ... ૫

પદ-૪

રસિયા નિત નિત કરતી આડ, ચાંદલિયો લાલનો રે લોલ,
તે ઘણું ખટકે છે મારા નાથ, કે તીરે જેમ ભાલનો રે લોલ... ૧
બેસતા મોહન આવીને બાર, કે નાખી ચાકળો રે લોલ,
તે સંભારીને સુંદર શ્યામ, કે થાય મન આકળો રે લોલ... ૨

રસિયા જમતા કરતા ખેલ, કે બહુ હાંસી કરી રે લોલ,
તે લટકાં પર પ્રાણજીવન, કે હું જાઉં મરી રે લોલ... ૩
રસિયા બોલી મધુરાં વેણ, કે કરતા વાતડી રે લોલ,
તે સંભારીને મારા નાથ, કે ભરાઈ આવે છાતડી રે લોલ... ૪
રસિયા ફૂલડે સમારી સેજ, ઢાળી છે મેં તો ખાટડી રે લોલ,
આવો પ્રેમસખીના નાથ, કે જોઉં તમારી વાટડી રે લોલ... ૫

### પદ-૫

આવો આવો સુંદર શ્યામ, ભુવન મારે ડોલતા રે લોલ,
હસતા હસતા સુંદર વેણ, કમળમુખ બોલતા રે લોલ... ૧
ચિત્તડે ચોંટી સુંદર શયામ, ચપળતા નેણની રે લોલ,
મન મારું મોહ્યું મોહનલાલ, મધુરતા વેણની રે લોલ... ૨
રસિયા લાગ્યો મુજને રંગ, ચટકતી ચાલનો રે લોલ,
જોતાં તૃપ્ત ન થાયે નેણ, કે ચંદ્રમાં ભાલનો રે લોલ... ૩
રસિયા ઝાલ્યો છે મારો હાથ, રખે હવે છોડતા રે લોલ,
વા'લા રે'જો મન મારે વાસ, આળસ અંગે મોડતા રે લોલ... ૪
વા'લા જાતાં વળતાં શ્યામ, શેરીએ મારી નીસરો રે લોલ,
રસિયા પ્રેમસખીના નાથ, મને મ વીસરો રે લોલ... ૫

### પદ-૬

અલબેલા આવો મારે ઘેર, કે જાઉં તારે વારણે રે લોલ,
પહેરાવું ચંપાના હાર, લાવી છું તમ કારણે રે લોલ... ૧
રસિયા બાંધી રૂપાળી પાઘ, આંટો લેજો બેવડો રે લોલ,
ઓરા આવોને સુંદર છેલ, કે ખોસું કેવડો રે લોલ... ૨
લટકાં કરતાં આવો લાલ, શેરીના ચોકમાં રે લોલ,
પ્રાણજીવન જોવાને કાજે, બેસીશ હું તો ગોખમાં રે લોલ... ૩
આવીને બેસો મારે બાર, કરો રૂડી વાતડી રે લોલ,
રસિયા જોઈ તમારું રૂપ, ઠરે છે મારી છાતડી રે લોલ... ૪
લાલચ લાગી છે અલબેલ, મોહી છું તારા વેણમાં રે લોલ,
આવો પ્રેમસખીના પ્રાણ, રાખું મારા નેણમાં રે લોલ... ૫





### પદ-૭

સજની એક દિવસ જળ ભરવા, જમુના હું ગઈ રે લોલ,
સામા મળિયા નંદજીનો લાલ, કે જોઈ મોહી રહી રે લોલ... ૧
જે દહાડાથી સુંદર શ્યામ, મારી દૃષ્ટે પડ્યા રે લોલ,
લખીને રાખ્યા હૃદિયામાંય, કે ચિત્ત આવી ચડ્યાં રે લોલ... ૨
લાગ્યાં લાગ્યાં ચંચળ નેણ, હવે કેમ વીસરે રે લોલ,
લટકાં કરતાં પેઠા લાલ, હવે કેમ નીસરે રે લોલ... ૩
સજની ચૌદ ભુવનમાં એક, એની મારે આશ છે રે લોલ,
હવે મારે મન કર્મ વચને નાથ, ચરણમાં વાસ છે રે લોલ... ૪
કીધી કીધી મુજપર મેર, કે આજ અઢળક ઢળ્યા રે લોલ,
મળિયા પ્રેમસખીના નાથ, કે આડા અંક વળ્યા રે લોલ... ૫

### પદ-૮

સજની મનડે વાળી ગાંઠ, તે છોડું કેમ કરી રે લોલ,
ટાળી ન ટળે કરમની રેખ, તેમ મારે હરિ રે લોલ... ૧
મન કર્મ વચને ઝાલી હાથ, હાલરે જેમ લાકડી રે લોલ,
તેમજ પ્રાણ સંગાથે લીધા, કે મનમોહન જડી રે લોલ... ૨
તેલે પલાળીને વાળી જેમ ગાંઠ, કે રૂડી હીરની રે લોલ,
સજની એમ પડી મારે આંટી, કે મોહન આહીરની રે લોલ... ૩
જોતાં લોચન તૃપ્ત ન થયા, કે એવી ટેવ પડી રે લોલ,
સજની પ્રાણજીવન જોયા વિના, કે ચાલે નહિ એક ઘડી રે લોલ... ૪
રસિયા સાથે લાગી પ્રીત, કે દુઃખ સરવે ટળ્યાં રે લોલ,
સજની પ્રેમસખીનો નાથ, કે આજ અઢળક ઢળ્યા રે લોલ... ૫

### રાગ : ગરબી પદ-૧

સખી આજ મોહન દીઠા રે, શેરીએ આવતા રે,
મોરલીમાં ગીત મધુરાં રે, ચાલ્યા આવે ગાવતા રે. ૧
આવે વહાલો હસતા ને રમતા રે, ગોવાલાના સાથમાં રે,
ઉછાળતા આવે મોહન રે, ફુલદડો હાથમાં રે. ૨

રંગડાનો રાતો માતો રે, ચાલ્યો આવે શોખમાં રે,
રસિયો જોવાને કાજે રે, ઊભી છું ગોખમાં રે. ૩
મોહનજીનું મુખડું જોયું રે, ઘુંઘટની ઓટમાં રે,
જોઈને ઘાયલ થઈ છું રે, નેણાં કેરી ચોટમાં રે. ૪
હૈયાપર હાર ઝળકે રે, રહ્યું મન મોહીને રે,
બહેની પ્રેમસખીના નાથને રે, રહું છું જોઈને રે. ૫

**પદ-૨**

સખી આજ સાંજને ટાંણે રે, આવે ઝુલતા રે,
સખાને ગળે બાંહલડી રે, નાખી આવે ડોલતા રે. ૧
સખી અલબેલો આવી રે, ઉભા મારે બારણે રે,
વહાલાને વધાવ્યા મોતીડે રે, ગઈ હું તો વારણે રે. ૨
ગાયોની ભીડ ઘણેરી રે, શેરી આવી સાંકડી રે,
મેં તો માંહી મરમ લખીને રે, નાખી ફુલ પાંખડી રે. ૩
ચતુરાઈ અદ્‌ભૂત દીઠી રે, સુંદરવર કહાનમાં રે,
ફૂલદડો ઉંચો ઉછાળી રે, સમજાવી સાનમાં રે. ૪
નેણામાં નેહ ઘણેરો રે, મધુરાં હાસ્ય કરીને રે,
ચાલ્યા પ્રેમસખીનો વહાલો રે, મન ચિત્ત પ્રાણ હરીને રે. ૫

**પદ-૩**

સખી અલબેલે વહાલે રે, કામણ મને કીધલાં રે,
મોરલીમાં મંત્ર ભણીને રે, મન મારાં લીધલાં રે. ૧
મોહનજીએ મોહની નાખી રે, મીઠા મીઠા વેણની રે,
કાળજડું કોરીને પેઠી રે, ચપળતા નેણની રે. ૨
સખી જળ ભરવા ગઈતી રે, જમુનાના ઘાટમાં રે,
અચાનક આવીને મળીયા રે, ભુજ ભરી વાટમાં રે. ૩
તે દહાડાથી ઘેલડી કીધી રે, નંદ ગોવાળીયે રે,
બહેની મને વશ કરી લીધી રે, મોહન વનમાળીયે રે. ૪
મન મારૂં ઝંખીને રહ્યું રે, ક્યારે દેખું નંદનો લાલો રે,
હવે બહેની પ્રેમસખીને રે, ક્યારે બોલાવશે વહાલો રે. ૫





**પદ-૪**

સખી મને પ્રીત બંધાણી રે, કોડીલા કહાનમાં રે,
નેણે મારે વાસ જ કીધો રે, શ્યામળીયાના વાનમાં રે. ૧
અધર રસ પાન જ કરવા રે, વશ થયા નાથને રે,
પ્રેમે ઉર ઉપર ધરવા રે, ભુજદંડ હાથને રે. ૨
સખી એને લાલચ લાગી રે, વહાલના અંગમાં રે,
મગન થઈ ભમતા ફરે છે રે, મોહનજીના સંગમાં રે. ૩
શિવ સનકાદિક જેવા રે, જેને ખોળતા જઈ ફરે છે રે,
તે રસ લોચન મારાં રે, સખી નિત્ય પાન કરે છે રે. ૪
મોટા મોટા મહામુનીના રે, ધ્યાનમાં મોહન નાવે રે,
કૃપા કરી પ્રેમસખીને રે, વહાલો નિત્ય લાડ લડાવે રે. ૫

**રાગ : ગરબી પદ-૧**

શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા, ચાલોને સૈયરો જાઈયે રે. ઘન૦
કોડે કોડે ઘનશ્યામને આગે, ઝાંઝ મૃદંગ લઈ ગાઈયે રે. ઘન૦ ૧
સુંદર મુખ ઘનશ્યામ કુંવરનું, નિરખીને પાવન થાઈયે રે. ઘન૦ ૨
શ્યામ સુંદરવર ઝીલે જમુનામેં, હરખે ભર્યા ભેળાં નાહિયે રે. ઘન૦ ૩
પ્રેમાનંદનો વાલો લુંટાવે ચીભડાં, લુંટી ઝુંટીને ખાઈયે રે. ઘન૦ ૪

**પદ-૨**

શ્યામ પધાર્યા ઘનશ્યામ પધાર્યા, ઝીલવા જમુનાની નીરમાં રે. ઘન૦
વસ્ત્ર આભૂષણ પહેર્યા કોડીલે, સુંદરશ્યામ શરીરમાં રે. ઘન૦ ૧
ચૌદે ભુવનની શોભા આવીને, ઉદય થઈ છે બલવીરમાં રે. ઘન૦ ૨
ત્રિભુવનવાસી જોવાને આવ્યા, ભીડ થઈ જમુના તીરમાં રે. ઘન૦ ૩
પ્રેમાનંદ કહે રૂપ જોઈ રસીકનું, રહેતું નથી મન ધીરમાં રે. ઘન૦ ૪

**પદ-૩**

શ્યામ ઝીલાવા ઘનશ્યામ ઝીલાવા, આવ્યા મુનિ ઉમંગમાં રે. ઘન૦
નિરખ્યા નેણાં ભરી ધર્મકુંવરને, પ્રેમ નથી માતો અંગમાં રે. ઘન૦ ૧
મુનિમંડળ ભેળા ઝીલે છે નીરમાં, રસિયો ઉછાળે જળરંગમાં રે. ઘન૦ ૨
અખિલ ભુવનપતિ નટવર નાગર, શોભે મુનિના સંગમાં રે. ઘન૦ ૩
પ્રેમાનંદ કહે કરે પુષ્પની વૃષ્ટિ, સુર વિમાન ચઢિ ખંગમાં રે. ઘન૦ ૪

### પદ-૪

નેણાં લોભાણાં મારાં નેણાં લોભાણાં, જોઈ છેલા ઘનશ્યામને રે. મારાં૦
શીરે વખાણું શોભા અંગોઅંગની, લજ્જા પમાડ્યા કોટીકામને રે. મારાં૦
હેતે હસીને વાલમે મોહનીરે નાખી, કીધું ઘેલું ગોકુળ ગામને રે. મારાં૦
ગોકુળવાસી ઘેલારે થઈને, ફરે કેડે તજી ધામને રે. મારાં૦
પ્રેમાનંદ કહે પ્રેમ મગન થઈ, વારી વારી જાઉં એના નામને રે. મારાં૦

### રાગ : ગરબી પદ-૧

હાંરે નંદજીના હો લાલ, વહાલા મારે ઘેર તમે આવજો -હાંરે૦
પહેરી પિતાંબર પ્રેમશું, વળી રેંટો રંગ સોરંગ,
શોભા કોટિક કામની, તમે ધરજો અંગોઅંગ ... નંદ૦ ૧
મોતી માળા કોટમાં ને, હેમકડાં બેઉ હાથ,
શિવ બ્રહ્માદિક સરખા જોઈ, રાજી થાશે નાથ ... નંદ૦ ૨
વ્હાલા માથડે મુગટ ફૂલનો, પેરો ફૂલડાં કેરા હાર,
જીવન તમને જોઈને, મોહી જાશે નગરની નાર ... નંદ૦ ૩
કંદર્પ કોટિક વારણે, એવી ધરજો શોભા શ્યામ,
પ્રેમસખી કહે ઉરમાં હું તો, રાખીશ આઠો જામ ... નંદ૦ ૪

### પદ-૨

હાંરે મરમાળા હો માવ, સાંભળો તમને શીખવું રીતડી -હાંરે૦
ગોવિંદ ગાજતે વાજતે તમે, આવજો મારે ઘેર,
પાડ પાડોશી ગામનાં, મર જાણે બધું શહેર ... મર૦ ૧
મંદિરમાંથી પાંસરા વ્હારા, આવજો માણેક ચોક,
સામી ઉંચી મેડીએ વ્હાલા, રહે છે મારી શોક ... મર૦ ૨
જોશે આવી ગોખમાં તમને, રસિયા વારમવાર,
કામણગારાં નેણનાં તમે, મારજો બારણ હજાર ... મર૦ ૩
આકળા થાજો મા વાલ મા, ઉભા રહેજો એને બાર,
પ્રેમસખી કહે સાનમાં, એને મનાવજો તમે હાર ... મર૦ ૪





### પદ-૩

હાંરે કામણગારા હો કાન, સારી પેઠે સાનમાં સમજાવજો -હાંરે૦
નવછંદી છે નાથજી, વળી ધુતારી ગુણવાન,
એની આંખડલીના પેચમાં, તમે છેતરાશો મા કાન ... કામ૦ ૧
આંખડી છે અણિયાળીયું, તેની રાખશો મા તમે બીક,
કમળ નેણ કોરાં રાખતાં, એને કરજો ઠીકોઠીક ... કામ૦ ૨
મોહન તમને પૂછશે, ક્યાં જાઓ છો સુંદર શ્યામ,
જીવન એની આગળે તમે, લેજો મારું નામ ... કામ૦ ૩
હું આવીશ જોવા જાદવા, મિષે ભરવા પાણી હેલ,
પ્રેમસખી સામું જોઈને તમે, વાળજો રંગની રેલ ... કામ૦ ૪

### પદ-૪

હાંરે ગુણવંતા ગોવિંદ, હસતા આવો મોહન મારી શેરીએ -હાંરે૦
મોહન મોરલી વાઈને, વહાલા ગાઈને સુંદર ગીત,
આંખડલીના ભાવમાં ચોરી, લાવજો એનું ચિત ... ગુણ૦ ૧
અગાશીમાં આવીને હું, કરીશ જીવન સાન,
મારી પાડોશણને આંગણે, એક ગાજો મીઠી તાન ... ગુણ૦ ૨
હળવા હળવા હેતમાં વહાલા, આવજો મારે બાર,
થાળ ભરી સગ મોતીડે, વધાવીશ વારમવાર ... ગુણ૦ ૩
સુંદર ફૂલની સેજમાં, પધરાવીશ હું એકાંત,
પ્રેમસખી કહે રસિયા, સર્વે પૂરીશ મનની ખાંત ... ગુણ૦ ૪

### રાગ : ગરબી પદ-૧

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા. ૧
ચિહ્ન અનુપમ અંગો અંગનાં, સુરતે સંભારૂં વ્હાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારૂં વ્હાલા. ૨
અરુણ કમલસમ જુગલચરણની, શોભા અતિસારી વ્હાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા. ૩

પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા. ૪
અંગુઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મનભાવી વ્હાલા. ૫
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા. ૬
અષ્ટકોણ ને ઉર્ધ્વરેખા, સ્વસ્તિ જાંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ ને કેતુ પદ્મ, જમણે પગે નવ વ્હાલા. ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ્ય ને મીન વ્હાલા;
અર્ધ ચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા. ૮
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા. ૯
એ જ અંગુઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વ્હાલા;
પ્રેમાનંદ કહે નિરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વ્હાલા. ૧૦

### પદ - ૨

ચરણકમળની છબી ચિતવતાં, અલૌકિક વહાલા; ૧
સરવે ચિહ્ન સંભારી ધારું, અંત સમે મુડી વહાલા.
જમણા પગના અંગુઠા પાસેની આંગળિયે વહાલા;
ડાબે પડખે તિલ એક સુંદર, નિરખી દુ:ખડાં લીએ વહાલા. ૨
જમણા પગની નૌત્તમ છેલી, આંગળિની બારે વહાલા,
તીલ એક નખને પાસે જોતા, વાલપ વધારે વહાલા. ૩
ડાબા પગની ઉર્ધ્વરેખાની, ડાબી તે કોરે વહાલા;
બે ચિહ્ન પાસે પાસે શ્યામ, ચિતડાને ચોરે વહાલા. ૪
બે પગની આંગળિયો તળાં, મનોહર રાતાં વહાલા;
અંગુઠા આંગળિના નખ, રાતા ચડિયાતા વહાલા. ૫
બે ચરણનાં અંગુઠાને, આંગળિયો ઉપર વહાલા;
જોયા જેવા ઝીણા ઝીણા, રોમ અતિ સુંદર વહાલા. ૬





બે અંગુઠા પાસેની બે, આંગળિયે જોઉં વહાલા;
ચાંખડીયોનાં રૂડા ચિહ્ન, તે પાંપણીયે લ્હોઉ વહાલા. ૭
બે પગની બહારલી ઘુંટી, તે હેઠે કેવા વહાલા;
આસનનાં ઘસારાનાં ચિહ્ન, જોવા તે જેવાં વહાલા. ૮
જમણા પગની ઘુંટી ઉપર, પાંચ તસુ છે જો વહાલા;
નળીને ઉપર તીલ એક તેમાં, મન મારું રહેજો વહાલા. ૯
મોટું એક ચિહ્ન જમણા પગની, સાથળને બા'રે વહાલા;
પ્રેમાનંદ કહે પ્રીતે નિરખું, વારે ને વારે વહાલા. ૧૦

### પદ - ૩

શોભા નિરખી નેણાં મારાં, ત્રપત ન થાયે વહાલા;
મનડું મગન થયું છે હેડે, હરખ ન માટે વહાલા. ૧
ડાબા પગની ઘુંટી ઉપર, પાંચ તસુ કહીએ વહાલા;
નળી ઉપર મોટો તીલ, મનમાં ધારી લઈએ વહાલા. ૨
તેને પાસે નાનો તીલ છે, તેમાં ચિત્ત ચોટુયું વહાલા;
એ પગનાં ઘુંટણની બા'રે, એક ચિહ્ન છે મોટું વહાલા. ૩
શ્યામકટિ રૂપાળી જોઈને, કંદર્પ લાજે વહાલા;
શિતળ ઉદરમાંહી ત્રિવળી, સુંદર બિરાજે વહાલા. ૪
ઉંડી ગોળ અનુપમ નાભી, તેની બે કોરે વહાલા;
બે તીલ છે બહુ રૂપાળા, તે ગમીયા મન મોરે વહાલા. ૫
નાભીથી પણ બે તસુ ઉપર, ત્રણ તીલને ધારૂં વહાલા;
બે તીલ ઉપર એક એક છે, એક વચ્ચે સંભારૂં વહાલા. ૬
વચલા તીલથી બે તસુ ઉંચો, એક તીલ નિરખીને વહાલા;
જમણી કુખમાં બે તીલ મોટા, જોઉં હરખીને વહાલા. ૭
ડાબે પડખે કુખથી ઉપર, મોટા તિલ ચારે વહાલા;
તેની પાસે બીજા નાના, ચાર તીલ એક હારે વહાલા. ૮
રોમતણું રુપાળું શ્રીવત્સ, ચિહ્ન સુંદર સુખદાયી વહાલા;
વિનગુણ હાર હૈયામાં શોભે, સુંદર સુખદાયી વહાલા. ૯
છાતી વચ્ચે એક ચિહ્ન, અર્ધ ચંદ્ર આકારે વહાલા;
પાંચ તસુ પ્હોળું જોઈ પ્રેમાનંદ પ્રાણ વારે વહાલા. ૧૦

### પદ - ૪

એ ચિહ્ન વચ્ચે રૂડો લગાર, ડાબી તે કોરે વહાલા;
સુંદર એક તીલ મોટો, મારા ચિતડાને ચોરે વહાલા. ૧
એ તીલથી છે ડાબી કોરે, બે તસુ છેટે વહાલા;
એક તિલને જોતાં સરવે, ભવદુઃખને મેટે વહાલા. ૨
બે તીલથી બે તસુ છેટે, બાડી કોર માંહી વહાલા;
સ્તન ઉપર એક તીલ તેમાં, ચિત્ત ચોંટ્યું જોઈ વહાલા. ૩
બે સ્તનથી ઉપર છે , બે છાપતણાં ચિહ્ન વહાલા;
એ છબી જોવા સારૂં મારૂં, મન છે આધીન વહાલા. ૪
કરિના બે કર સરખી ભુજા, તે દીર્ઘ ઉદાર વહાલા;
સંભારતાં તરત તે, ઉતારે ભવપાર વહાલા. ૫
જમણી ભુજાને પાસે છે, માંહે ઉભીતે હારે વહાલા;
જોયા જેવા સુંદર મોટા, તીલ રૂડા ચારે વહાલા. ૬
જમણી ભુજાના મૂળથકી છે, ત્રણ તસુ હેઠે વહાલા;
એક છાપનું ચિહ્ન જોતા, જનમ મરણ મેટે વહાલા. ૭
તે છાપનું ચિહ્ન રૂડું, તેને પડખે બા'રે વહાલા;
નાના તીલ છે ચાર તેને, જાઉં વારે વારે વહાલા. ૮
કુરિયો છે શ્યામ બેઉ કર, કઠણ છું પ્રુચા વહાલા;
બે તીલ છે બહુ રુજા, જમણા પુંચાથી ઉંચા વહાલા. ૯
જમણા હાથની છેલ્લી આંગળિ, તે ઉપર સારો વહાલા;
પ્રેમાનંદ કહે મોટો તીલ એક, લાગે અતિ પ્યારો વહાલા. ૧૦

### પદ - ૫

રૂપાળા છો રાજીવલોચન, ધર્મતણા કુમાર વહાલા;
શોભાની છો સીમા મારા, નેણતણા શણગાર વહાલા. ૧
ડાબી ભુજાના મૂળથી હેઠે, ત્રણ તસું છે જો વહાલા;
છાપતણા એક ચિહ્નમાંઇ, નિત્ય મન મારૂં રહેજો વહાલા. ૨
ડાબી કુણીથી હેઠો નૌતમ, ુપરલે ભાગે વહાલા;
તીલ એક જોતાં મારા મનને, રુડો બહુ લાગે વહાલા. ૩





ડાબા હાથના અંગુઠા પાસેની, આંગળિયે વહાલા;
નખને પાસે નાનો તીલ, મનમાં ધારી લીયે વહાલા. ૪
એ આંગળી ને વચલી આંગળી, એ બેઉને મધ્યે વહાલા;
એક તીલ છે અતિ નૌતમ, જોયા જેવો સાંધે વહાલા. ૫
ડાબા હાથના પોંચા ઉપર, સુંદર એક તીલ છે વહાલા;
એ માંહી તે મનડું મારૂ, વળગું વિશેકે વહાલા. ૬
બે હાથના નખ નૌતમ, છે રાતા ચડિયાતા વહાલા;
અગ્ર ભાગે તિક્ષણ છે, અતિ રૂડા દેખાતા વહાલા. ૭
બે હાથની હથેલી છે, રાતી સુખધામ વહાલા;
હથેલીમાં રેખા થોડી, થોડી છે જો શ્યામ વહાલા. ૮
બે હથેલીના મૂળ ઉપર, આઠ તસુ જોતા વહાલા;
છાપતણાં બે ચિહ્નો અનુપમ, ચિત્તમાં પરોતાં વહાલા. ૯
કંઠ વચ્ચે તીલ એક અનુપમ, જોતાં દુઃખ જાયે વહાલા;
તેની પાસે નાનો તીલ એક, પ્રેમાનંદ ગાયે વહાલા. ૧૦;

### પદ - ૬

રૂપ તમારૂં રસિયાજી, નિરખતાં સુખદાયી વહાલા;
ચિહ્નતણો નહિ પાર વધારે, વાલપ ઉરમાંહી વહાલા. ૧
ડાબા ખભાથી હેઠો, વાંસામાં છે મરમાળો વહાલા;
રોમ સહિત મોટો તીલ રૂડો, જોતાં રૂપાળો વહાલા. ૨
એ તીલથી હેઠો વાંસમાં, એક તીલ છે બીજો વહાલા;
તેને હેઠે જોયા જેવો, એક તીલ છે ત્રીજો વહાલા. ૩
કરોડાની જમણી કોરે, ડોક થકી હેઠે વહાલા;
સુંદર એક તીલ જોયા જેવો, બે તસુ છેટે વહાલા. ૪
જમણી ખરપડી ઉપર નૌતમ, એક તીલ છે નાનો વહાલો;
પ્રીત કરીને રાખું મારા, મનમાંહી છાનો વહાલા. ૫
કરોડાની જમણી કોરે, વાંસમાં સારા વહાલા;
ચાર તીલ છે જોયા જેવા, લાગે બહુ પ્યારા વહાલા. ૬
ડાઢીથી હેઠો એક તીલ છે, અતિશે અનુપ વહાલા;
ડાઢી ઉપર કેશની રેખા, સુંદર સખરુપ વહાલા. ૭

મધુર અધરપર શોભે રૂડી, રોમતણી રેખું વહાલા;
હસતું કમળ સરીખું મુખ, ઓરા આવો દેખું વહાલા. ૮
મુખમાંહે જમણી કોરની, હેઠલી જે ડાઢ વહાલા;
તેમાં શ્યામ સુભગ ચિહ્ન એક, જોઉં રાખી સુખકારી વહાલા. ૯
શ્યામ ચિહ્ન છે જોવા જેવું, જીભમાં સુખકારી વહાલા;
સુંદર વદન કરળપર જાયે, પ્રેમાનંદ વારી વાહાલા. ૧૦

**પદ - ૭**

હરિજનના જીવન છો મોહન, ભક્તચિન્તામણિ વહાલા;
શી કહું શોભા સુંદર વરજી, અંગોઅંગતણી વહાલા. ૧
જમણી કોરે કપોળમાં, નાસીકા પાસે વહાલા;
એક મોટો તીલ જોતાં સરવે, દુઃખ મારાં નાશે વહાલા. ૨
એ તીલને પાસે એક નાનો, તીલ તેને જોઈએ વહાલા;
નેત્રતણા ખુણાથી હેઠો, તેમાં ચિત્ત પ્રોઈએ વહાલા. ૩
બે નેત્રની પાંપણ ઉપર, ભ્રકુટીને થડે વહાલા;
તેને હેઠે ઉપર ઝીણી, કરચલીયો પડે વહાલા. ૪
નાસીકા ઉપર છે ઝીણા, ચિહ્ન તે અભિરામ વહાલા;
ડાબા કાનામાં શ્યામ બિન્દુ તે, છબી તણું ધામ વહાલા. ૫
અમળ કમળદળ સમ આંખડી, રૂડી રૂપાળી વહાલા;
કંદર્પની કમાન સરખી, ભ્રકુટી મે ભાળી વહાલા. ૬
ચડીયાતા વિશાળ ભાલમાં, રસાળી તે શોભે વહાલા;
તિલક આકારે ઉભી રેખા, બે જોઈ ચિત્ત લોભે વહાલા. ૭
ભાલમાંહી મનોહર જોતાં, જમણી તે કોરે વહાલા;
કેશથી હેઠું એક અનુપમ, ચિહ્ન તે ચિત્ત ચોરે વહાલા. ૮
કેશર કેરી આડ મનોહર, ભાલ વચ્ચે કીધી વહાલા;
કુમકુમને ચાંદલીયે મારી, બુદ્ધિ હરી લીધી વહાલા. ૯
તાળવા ઉપર એક રૂપાળો, મોટો તિલ જોઈ વહાલા;
પ્રેમાનંદ કહે મારૂં મન ત્યાં, રહ્યું જાઈ મોહી વહાલા. ૧૦





**પદ - ૮**

શોભાના શણગાર હરી મારા, હૈડાના છો હાર વહાલા;
ધર્મતણા કુમાર મારા, પ્રાણ તણા આધાર વહાલા. ૧
અતિશે રૂપાળા સુંદર, શિખાના છે કેશ વહાલા;
છબીપર બલહારી જાયે, શારદ ને શેષ વહાલા. ૨
શિખાને સમીપે રૂડો, એક તીલ છે આગે વહાલા;
એ છબી નિરખતાં મારાં, સરવે દુઃખ ભાગે વહાલા. ૩
શિખાને પછવાડે જમણી, કોરે તે કહીએ વહાલા;
ત્રણ તીલ છે અતિ રૂડા, સામું જોઈને રહીએ વહાલા. ૪
નખશિખ નિરખી સુંદર સરવે, ચિહ્ન મેં ગાયાં વહાલા;
ચિંતવન કરી નિત્યે મારા, ચિત્તમાં ઠેરાયાં વહાલા. ૫
બાવન છે સરવે ચિહ્ન, ત્રેસઠ તીલ છે જો વહાલા;
રૂપ શીલ ને ગણે સોતા, અંતરમાં રહેજો વહાલા. ૬
એ વીના ઝીણા તીલ ચિહ્ન છે, અંગમાં અપાર વહાલા;
ગાયાં મેં તો જોઈ મારી, બુદ્ધિને અનુસાર વહાલા. ૭
આવી રીતે મૂરતિને જે, અંતરમાં ધારે વહાલા;
પ્રીત કરીને ચિહ્ન અનુપમ, રસવે સંભારે વહાલા. ૮
તેના ઉરમાં આવી તમે, નાથ કરો વાસ વહાલા;
કામ ક્રોધ ને કાળ માથા, તે સહુ પામે નાશ વહાલા. ૯
એ પદ જે કોઈ શીખે સુણે, પ્રીત કરીને ગાશે વહાલા;
પ્રેમાનંદ કહે તે પર સ્વામી, બહુ રાજી થાશે વહાલા. ૧૦

**રાગ : પરજ દેશી પદ ૧**

મારગડે રોકો માં મોહન મારગડે રોકો માં, મારગડે રોકી શાંને કાજે ગોવાળીયા;
લાજતો નથી કહાના લાજતો નથી, જરા લાજતો નથી લોક લાજે ગોવાળિયા. ૧
ગોરસ પાને અલી ગોરસ પાને, ગોરસડાવાળી ગોર પાને ગોવાળણી;
દાણ અમારૂં અલી દાણ અમારૂં, દાણ દઈને ચાલી જાને ગોવાળણી. ૨
કાંકરડી માર માં કહાના કાંકરડી માર માં, મહીની મટુકી નંદાશે ગોવાળિયા;
પાલવડો મેલને મોહન પાલવડો મેલને, નહિ તો મનમાની ગાળો ખાશે ગોવાળિયા. ૩

અદકું શું બોલે આલી અદકું શું બોલે, અદકું બોલ્યા માં શું આવે ગોવાળણી;
આંખ્યું અણિયાળી તારી આંખ્યું અણિયાળી, આંખ્યું કાઢીને બીવરાવે ગોવાળણી. ૪
ગાવડલી ચારને ઘેલા ગાવડલી ચારને, ગાયો ચારી જાને ટાંણે ગોવાળિયા;
વનનો રહેનાર કહાના વનનો રહેનાર તું, વનચર તે દાણમાં શું જાણે ગોવાળિયા. ૫
ગોરસવાળી અલી ગોરસવાળી, ગુજરી તું જાત ગમાર ગોવાળણી;
માન મેલીને અલી માન મેલીને, ગોરસ પાને ગોળી ઉતારી ગોવાળણી. ૬
મીટડલી માર માં મોહન મીટડલી માર માં, માર માં મીટડલીની ચોંટ ગોવાળીયા;
ગોરસ પીશો કુંવર ગોરસ પીશો, પીશો કરીને લાંબો હોઠ ગોવાળિયા. ૭
મહીની મટુકી અલી મહીની મટુકી, ફુટશે ને હાર તારો તુટશે ગોવાળણી,
ગોરસ પાઈશ અલી ગોરસ પાઈશ, ત્યારે પાલવડો છૂટશે ગોવાળણી. ૮
આવડા અકળાઓ માં કુંવર આવડાં અકળાઓ, આકળા થઈને ઘર ખોશો ગોવાળિયા;
પછી પછતાશો કુંવર પછી પછતાશો, પછતાઈને આંસુડાં લોશો ગોવાળિયા. ૯
મરમાળી બહુ છે અલી મરમાળી બહુ છે, મરમ તણાં વેંણ મારે ગોવાળણી;
જેનું બળ હોયે તારે જેનું બળ હોયે, તેને ચઢાવી લાવ આ ઠારે ગોવાળણી. ૧૦
શીદને ફૂલો છો કુંવર શીદને ફૂલો છો, નાશી છૂટ્યા છો અડધી રાતે ગોવાળિયા;
છોને માર્યા છે બંધવ છોને માર્યા છે, બંદીખાને પડ્યા માત તાત ગોવાળિયા. ૧૧
મેંણલાં તું માર માં અલી મેણલાં તું માર માં, ખબર પડશે થોડે કાળ ગોવાળણી;
ખેદ ન મેલે અલી ખેદ ન મેલે, સિંઘ ને ક્ષત્રિતણા બાળ ગોવાળણી. ૧૨
શિખવ્યા ન બોલીયે કોઈના શિખવ્યા ન બોલીયે. સાંભળશે કંસતણા દૂત ગોવાળીયા;
બાંધી લઈ જાશે કુંવર બાંધી લઈ જાશે, પછી જણાશો ક્ષત્રીપૂત ગોવાળિયા. ૧૩
દાણ અમારૂં અલી દાણ અમારૂં, આપીને જા તું કરવા જાણ ગોવાળણી;
મહિડું વિંખાશે તારૂં મહીડું વિંખાશે, હાંસી કરતાં થાશે હાણ ગોવાળણી. ૧૪
બોલીયે વિચારી કહાના બોલીયે વિચારી, આવ્યું નથી ઘેર રાજ ગોવાળિયા;
પારકે ઘેર રે કહાના પાર કે ઘેર રે, પેટ ભરો છો તજી લાજ ગોવાળિયા. ૧૫
જોબનનું જોર અલી જોબનનું જોર તારે, જોબનનું જોર નથી માતું ગોવાળણિ;
દાણ અમારુ અલી દાણ અમારલું, દેવાનું મન નથી થાતું ગોવાળણી. ૧૬
કે'દી લીધું છે કહાના કેદી લીધું છે, દાણ તેં ને તારે બાપે ગોવાળિયા;





ફેલ ન કરીએ ઝાઝા ફેલ ન કરીયે, રહીએ પોતાને માપે ગોવાળિયા. ૧૭
ગોરસ પાને અલી ગોરસ પાને, મેલીને વાદ વિવાદ ગોવાળણી.
ભાવના ભુખ્યા તારી ભાવના ભુખ્યા અમે, જોઈએ મેળવણીનો સ્વાદ ગોવાળણી. ૧૮
હેતે ને પ્રીતે કહાના હેતે ને પ્રીતે, પ્રીતે તો પ્રાણ લઈ આપું ગોવાળિયા;
જોર જોરાઈયે કહાના જોર જોરાઈયે, જોરાઈયે ના'પું એક ચાંપું ગોવાળિયા. ૧૯
રીસ તે ઉતરી હરિની રીસ તે ઉતરી, રીસ ઉતરી ને રંગ જામ્યો ગોવાળિયા;
પ્રીતડલી વાધી ચરણે પ્રીતડલી વાધી, પ્રીતડી વાધી ને કલેશ વામ્યો ગોવાળિયા. ૨૦
પૂરણ પ્રીતે ગોપી પૂરણ પ્રીતે, પૂરણ પ્રીતે ગોરસ પાયે ગોવાળણી;
દાણ લીલા હરિની દાણ લીલા એ, પ્રીતે પ્રેમાનંદ ગાયે ગોવાળણી. ૨૧
ગાશે સાંભળશે જે કોઈ ગાશે સાંભળશે, તેના પર હરિ રાજી થાશે ગોવાળણી;
વાંછીત વર પામશે જન વાંછીત વર પામશે, જનમ મરણ દુઃખ જાશે ગોવાળણી. ૨૨

●

# બ્રહ્માનંદ સ્વામીના કીર્તન

**રાગ : ગરબી – પદ-૧**

મારે આજ પ્રીતમ ઘેર આવશેજી રે, મુને હેત કરીને બોલાવશેજીરે...મારે૦ ૧
એના સાથીડાને સાથે લાવશે, કરી લટકાં તાળી દઈ ગાવશેજીરે...મારે૦ ૨
હરિ હેતે કરીને સામું ભાળશે, રંગડાની તે રેલું વાળશેજીરે...મારે૦ ૩
કરી ખ્યાલ અલૌકિક ખેલશે, માથે ફૂલડાનાં છોગલાં મેલશેજીરે...મારે૦ ૪
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળો, સુખ દેશે આવીને ઉતાવળોજીરે....મારે૦ ૫

**પદ-૨**

જોઈ રહી છું પ્રીતમજીની વાટડીજી રે, મેં તો ખાંતે ઢળી છે ખાટડીજીરે...જોઈ૦ ૧
અગર ચંદને લીંપાવું ઓરડા, જળ કુંભ ભરાવું કોરડાજીરે....જોઈ૦ ૨
રૂડાં ભોજન કર્યાં છે રસભર્યાં, તાજાં તરત તૈયાર ઢાંકી ધર્યાંજીરે...જોઈ૦ ૩
મેં તો સજ કરાવી શેરીયાં, ચોકે ચોકે તે ફૂલડાં વેરીયાંજીરે...જોઈ૦ ૪
બ્રહ્માનંદના સ્વામીને કોડલે, મેં તો તોરણ બંધાવ્યાં ટોડલેજીરે....જોઈ૦ ૫

**પદ-૩**

ધન્ય ધન્ય ઘડી છે આજની રે, રૂડી ખબર આવી મહારાજનીજી રે...૧
સખી હળી મળી મંગળ ગાય છે, અતિ આનંદ ઉભરાયો જાય છેજી રે.૨
મોતી થાળ ભરી ટોળે મળી, સખી હરિને વધાવા થઈ આકળીજી રે...૩
સર્વે ઘરનો તે ધંધો વિસરી, હરિને મળવા આતુર થઈ સુંદરીજી રે...૪
ઘરમાંથી આવી ઊભી બારણે બ્રહ્માનંદના સ્વામીને કારણેજી રે...૫

**પદ-૪**

મારે આજ પ્રીતમ ઘેર આવીયાજી રે, ભરી મોતીડે થાળ વધાવીયાજી...૧
પહેલાં નીરે ઉને નવરાવીયા, પછે પ્રીતમ મહી પધરાવીયાજી રે...૨
મેં તો ભોજન જમાડ્યાં ભાતભાતનાં, વહાલે આપ્યાં તે સુખ એકાંતનાં..૩
પહેલું પરઠ્યું હતું તે વેણે પળ્યા, વહાલો હેતે કરીને મુજને મળ્યાજી રે...૪
બ્રહ્માનંદ કહે આજની ધન્ય ઘડી, મારો વ્હાલોજી પધાર્યા સેજડીજી રે...૫

**પદ-૫**

વારી જાઉં પ્રીતમજીને ઉપરેજીરે, મારા વ્હાલાજીને જોઈ નેણા ઠરેજીરે...૧
વારે વારે બોલાવે વાલમા, મારું ચિત્ત લોભાણું એની ચાલમાંજી રે...૨





એનાં ફૂલડાનાં છોગાં જોઈને, મારું મન રહ્યું છે મોહીનેજી રે. વા...૩
ઊભો મોરલી મધુરે સૂરે વાય છે, સુણી હૈડામાં હરખ ન માય છેજી રે...૪
વહાલો પ્રગટ થયા અમ કારણે, બ્રહ્માનંદ જાઉં એને વારણેજી રે...૫

**પદ-૬**

હું તો મોહી રંગીલા તારા રંગમાં જીરે, મારે આનંદ વાધ્યો છે અંગમાંજીરે.૧
સમજાવી તેં મુજને સાનમાં, મન તાણી લીધું મોરલીના તાનમાંજીરે....૨
મુને નેહડો જણાયો નેણમાં, વળી મેંઠપ લાગી તારા વેણમાંજીરે...મો. ૩
હુંતો ઘેલી થઈ તારા ગીતમાં, તારું છોગલું પેઠું મારા ચિત્તમાંજીરે...મો. ૪
બ્રહ્માનંદ કહે પ્રેમની લહેરની, મુને ભુરકી નાખી કોઈ પેરનીજીરે...૫

**પદ-૭**

જાણી જાણી છબીલા તારી વાતડી, ઘણી કીધી છે મુજને ઘાતડીજીરે...૧
તમ કાજે સજી મેં તો સેજડી, તમને વચમાં બીજી નવરી જડીજીરે...૨
તમે મુજને બાંધી ગયા કોલમાં, જઈ મહાલ્યા તમે કોઈના મહાલમાંજીરે.૩
એવી કોણ મળી તમને માનની, જેણે શુદ્ધ ભુલાડી ખાનપાનનીજીરે...૪
બ્રહ્માનંદ કહે જોઈ રહી વાટડી, તમે કુડની માંડી છે ભલી હાટડીજીરે...૫

**પદ-૮**

ધન્ય ધન્ય જસોદાનંદને, ઘણે હેતે મળ્યાં ગોવિંદનેજીરે...ધન્ય૦ ૧
જેને નેતિ નેતિ વેદ ગાય છે, તે તો ગાયો ચારવા જાય છેજીરે...ધન્ય૦ ૨
જેનું ધ્યાન જોગી મનમાં ધરે, તે તો પુત્ર થઈને ઘરમાં ફરેજીરે...ધન્ય૦ ૩
જેનાં નામતણું લેખું નહિ, તેને ગોપી બોલાવે કહાનુડો કહીજીરે...ધન્ય૦ ૪
જેને કાજે મુનિ વને દેહદમે, તે તો બ્રહ્માનંદ ગોવાળામાં રમેજીરે...ધન્ય૦ ૫

**રાગ : ગરબી પદ-૧**

સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ
રમે રાસ રંગીલો રંગમાં રે...ટેક૦
ચહુ કોરે સખાની મંડળી રે, ઊભા વચમાં છેલો અલબેલ...રમે૦ ૧
સખી ચાલોને જઈએ દેખવા રે, વહાલે પહેર્યા છે વસ્ત્ર શોભીત...રમે૦ ૨
તાળી પાડે રૂપાળી તાનમાં રે, મુખે ગાવ મનોહર ગીત...રમે૦ ૩
શોભા બની સલુણા શ્યામની રે, ઊભી વ્રજની નારી જોવા કાજ...રમે૦ ૪
હસી હેરે છબીલો હેતમાં રે, બ્રહ્માનંદનો વહાલો વ્રજરાજ...રમે૦ ૫

### પદ-૨

સખી નંદમહરને આંગણે રે, ગોપી આનંદ મંગળ ગાય;
છબી જોને સ્નેહી શ્યામની રે...ટેક૦
મરમાળે અખાડો માંડીયો રે, કાજુ આસોપાલવની છાંય...છબી૦ ૧
વ્હાલે પ્રીત કરીને પહેરીયો રે, રૂડો સોનેરી સુરવાળ...છબી૦ ૨
સખી ફરતાં લાગે છે ફૂટડી રે, ઝીણી અંગરખીની ચાળ...છબી૦ ૩
બહુમૂલી મોળીડું બાંધીયું રે, કાજુ ઝળકે સોનેરી કોર...છબી૦ ૪
રૂડાં લટકાં કરે છે હાથનાં રે, બ્રહ્માનંદનો વહાલો ચિત્તચોર...છબી૦ ૫

### પદ-૩

સખી જોને ગોવાળાના સાથમાં રે, વહાલો ફરે અલૌકિક ફેર;
કહી શોભા ન જાય પ્યારા કહાનની રે...ટેક૦
છેલો ઠમકે માંડે પાવ ઠાવકા રે, વાગે ઘુઘરડીનો ઘેર...કહી૦ ૧
છાયું નવલ મોળીડું ફૂલ છોગલે રે, રાજે નવલ કલગી છબીદાર...કહી૦ ૨
રૂડો જામો પહેર્યો છે જરકસી રે, શોભે અંગો અંગ શણગાર...કહી૦ ૩
રંગભીના કાના કેરી રાસની રે, છબી જોવા આવ્યા સુરવૃંદ...કહી૦ ૪
સખી નવલ રંગીલી છબી ઉપર રે, વારી જાય છે બ્રહ્માનંદ...કહી૦ ૫

### પદ-૪

સખી આજ ગઈ’તી હું તો પાણીએ રે, ઊભો છોગાવાળો રંગછેલ;
મને વહાલો લાગે કુંવર નંદનો રે...ટેક૦
સખી જમુનાને આરે ઝીલતાં રે, જોઈ ભરવી ભૂલી જળ હેલ...મને૦ ૧
સખી મંત્રભણીને નાખી મોહની રે, થઈ થકીત ન ચાલે મારા પાવ...મને૦ ૨
સખી શું રે જાણું જે મને શું કર્યુ રે, મરમાળે રંગીલે માવ...મને૦ ૩
સખી એની અલૌકિક આંખડી રે, મારે ચોટી છે ચિત્તડામાંય...મને૦ ૪
બ્રહ્માનંદના વહાલાની મૂર્તિ રે, ઘડી છેટે મેલી કેમ જાય...મને૦ ૫

### રાગ : ગરબી — પદ-૧

અલબેલાજી પ્રાણ આધાર રે, તમ પર વારી રે;
તારે નેણે તે નંદકુમાર રે, મોહી વ્રજનારી રે...૧
છોગાવાળા મનોહર છેલ રે, નંદજીના લાલા રે;
ગુણવંતા આવીશ તારે ગેલ રે, વ્રજપતિ વહાલા રે...૨





મીઠાબોલા રંગીલા માવ રે, લાગ્યો છે નેડો રે;
નહિ મેલું હું નટવર નાવ રે, કહાન તારો કેડો રે...૩
છબી જોઈને અલોકિક શ્યામ રે, મોહ્યું મન મારું રે;
બ્રહ્મમુનિ કહે તન ધન ધામ, તારા નામ પર વારું રે...૪

### પદ-૨

મારા જન્મ સંગાથી જદુરાય રે, ગિરિવર ધારી રે;
તારી મૂર્તિ વસી છે મનમાંય રે, ન ઘેલું ઘડી ન્યારી રે...૧
તમ સાથે રંગીલા નાથ રે, બાંધી છે બેલી રે;
મારો હેતે ઝાલ્યો છે તમે હાથ રે, મ દેશો મેલી રે...૨
મારા પ્રીતમ જીવન પ્રાણ રે, જીવું છું જોઈને રે;
તમ સંગે કરી છે ઓળખાણ રે, લોકલજ્યા ખોઈને રે...૩
રસિયાજી મારે ઘેર રાત રે, આવીને રહોને રે;
બ્રહ્મમુનિ કહે દિલડાની વાત રે, એકાંતે આવી કહોને રે...૪

### પદ-૩

આજ ગઈતી કાલિંદીને તીર રે, ભરવાને પાણી રે;
મેં તો જોયા ત્યાં બળભદ્ર વીર રે, મોહન દાણી રે...૧
શોભે ફૂલડાનો તોરો એને શીશ રે, કસુંબલ ફેંટો રે;
ઊભો ડોલરીઓ જગદીશ રે, રંગીલો ઓઢી રેટો રે...૨
કર્યું તિલક કેશરકેરું ભાલ રે, ફૂલડાની માળા રે;
વહાલો ચાલે છે હંસ કેરી ચાલ રે, લાગે છે રૂપાળા રે...૩
ખેલે સર્વે ગોવાળાને સાથ રે, આનંદી અલબેલો રે;
જોયા બ્રહ્મમુનિનો નાથ રે, રંગડાનો રેલો રે...૪

### પદ-૪

તારી નવલ છબી નંદલાલ રે, પ્રીતમ પ્યારા રે;
હું તો નીરખીને થઈ છું નિહાલ રે, જીવન મારા રે...૧
મુખે બોલો મનોહર વેણ રે, અતિ સુખકારી રે;
મારી લગની લાગી છે દિનરેણ રે, કુંજ વિહારી રે...૨
શોભે સોનેરી શિર પર પાઘ રે, કાનમાં મોતી રે;
મારા રસિયા માણીગર માવ રે, હું નિત જોતી રે...૩

મારા હૈડામાં નાથ હમેશ રે, દર્શન દેજો રે;
બ્રહ્મમુનિ કહે વેશ રે, આંખડલીમાં રહેજો રે...૪

**રાગ : ગરબી — પદ-૧**

લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિત્તડાને લીધું તાણી...૧
છોગલીયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વણદીઠે રંગના રેલા રે, બેઠી અકલાઉં ઘરમાં....૨
રાતી આંખડલીની રેખું રે, મનડામાં ખૂંતી મારે;
ડોલરીયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે...૩
મરમાળી મૂર્તિ તારી રે, વ્હાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી...૪

**પદ-૨**

રૂડું ભાલ તિલક રૂપાળું રે, કોડે કીધું કેશરનું;
ભાવે હું સુંદર ભાળું રે, કામડલું મેલી ઘરનું...૧
વાંકી ભૃકુટી જોઈ વનમાળી રે, મારું લોભાણું મનડું;
મોહન નાસા મરમાળી રે, દોયલી વેળાનું ધનડું...૨
તારાં લોચનીયાં નંદલાલા રે, રંગભીનાં રંગનાં ભરીયાં;
વ્રજજીવન નટવર વહાલા રે, ગુણિયલ અંતરમાં ગરીયાં...૩
લટકાળા મોહની લાગી રે, ભાવે મુખડું ભાળીને;
બ્રહ્માનંદના શ્યામ સુહાગી રે, બેઠી જગભય ટાળીને...૪

**પદ-૩**

માણીગર મોલીડું તારું રે, સુંદર ફૂલડેથી છાયું;
મોહન તેમાં મન મારું રે, ઠીક કરીને ઠેરાયું...૧
રૂપાળુ રંગનું ભરીયું રે, શોભે કોર્યું સોનેરી,
છોગલીયું નૌતમ ધરીયું રે, લાડકડા વ્હાલમ લેરી...૨
કાજુ નવલ કલગી નીરખી રે, ચિત્તડામાં લાગી ચટકી;
થઈ ગઈ દીવાની સરખી રે, લોકલજ્યા સર્વે પટકી...૩
બહુ અંતરમાં રસબસીયું રે, ગરક કસુંબે બોળીડું;
બ્રહ્માનંદના મનમાં વસીયું રે, મોહન તારું મોળીડું...૪





**પદ-૪**

વ્રજજીવન શ્યામ વિહારી રે, લાવણમાં હું લેવાણી;
મેં તો મેલ્યો જગ વિસારી રે, કહાનડ તારી કેવાણઈ...૧
સુંદરવર રંગડો ચડીયો રે, મરમાળા મોહન તારો;
જગ તૃણ સરખો ત્રેવડીયો રે, કુણ માને એનો ડારો...૨
મારે તમથી પ્રીતિ બાંધી રે, કોઈની શંકા કેમ ધરૂં;
ચિંતામણી સુંદર લાધી રે, રાંક થઈને શીદ કરું...૩
તમ સાથે રંગના ભીના રે, દિલડું માન્યું ડોલરીયા;
બ્રહ્માનંદના નાથ, નવીના રે, વહાલમ મેં તમને વરીયા...૪

**રાગ : ગરબી — પદ-૧**

મન લીધું મોરલડીના તાનમાં રે,
હું તો મોહી છું છેલાજીના વાનમાં રે...મન૦ ટેક.
સખી આજ ગઈ તી હું તો પાણીએ રે.
વહાલે મુજને બોલાવી મીઠી વાણીએ રે..મન૦ ૧
વહાલે ઊભા'તા ગોવાલીડાના સાથમાં રે,
લીધી બંસી મનોહર હાથમાં રે...મન૦ ૨
રૂડાં છોગાં મેલ્યાં રળિયામણાં રે,
ભાળી લીધા ભુદરજીના ભામણાં રે...મન૦ ૩
મારી લગની લાગી છે નંદલાલમાં રે,
બ્રહ્માનંદને વહાલે જોયું વહાલમાં રે...મન૦ ૪

**પદ-૨**

ઓરા આવોને નાગર નંદના રે,
આવી વાળોને ઓઘ આનંદના રે...ઓરા૦ ટેક.
વહાલા હોંસ ઘણી છે મારા મનમાં રે,
તમ આવે ટાઢું થાય તનમાં રે...ઓરા૦ ૧
વહાલા એકલાં તે કેમ કરી રીજીએ રે,
કહાના આવોને ગોઠડી કીજીએ રે...ઓરા૦ ૨
તમ સાથે બંધાણી પ્રીત ઘાટડી રે.
મારે ઊઘડી હૈડા કેરી હાટડી રે...ઓરા૦ ૩

બ્રહ્માનંદના તે શ્યામ સુજાણ છો રે,
પ્યારા પરમ સ્નેહી મારા પ્રાણ છો રે...ઓરા૦ ૪

**પદ-૩**

મન માની મોહન તારી મૂરતિ રે,
એક નિમિષ ન મેલું ઉરતી રે...મન૦ ટેક.
મુને નેહડો જણાણો તારા નેણમાં રે,
રઢ લાગી ન ભૂલું દિન રેણમાં રે...મન૦ ૧
જોયું રૂપ તારું રળિયામણું રે,
બીજું સર્વે થયું અળખામણું રે...મન૦ ૨
હું તો ગરક થઈ તારા ગીતમાં રે,
ચઢ્યો કેફ અલોકિક ચિત્તમાં રે...મન૦ ૩
પીયા પ્રેમેથી સેજડી પધારજોરે,
બ્રહ્માનંદને ઘડી માં વિસારજો રે...મન૦ ૪

**પદ-૪**

વહાલી લાગે વહાલા તારી વાતડી રે,
છેલા મળીયે ઠરે મારી છાતડી રે...વહાલી૦ ટેક૦
રંગભીના રંગાણી તારા રંગમાં રે,
અતિ આનંદ થયો છે મારા અંગમાં રે...વહાલી૦ ૧
હું તો જીવું મોહન તુંને જોઈને રે,
વળી રાખું આંખડલીમાં પ્રોઈને રે...વહાલી૦ ૨
કહાના નેણુંમાં કામણ કીધલાં રે,
રૂડાં લટકાં કરી મન લીધલાં રે...વહાલી૦ ૩
વારી એકાંતે રંગભર આવજો રે.
બ્રહ્માનંદને હસીને બોલાવજો રે...વહાલી૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

આજ મેં તો દીઠા વ્હાલાને વાટ વહેતાં;
નેણાં રોક્યાં નથી રહેતાં રે બેની...આજ૦ ટેક.
પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી;
ધીરજ રહેતી નથી મારી રે બેની...આજ૦ ૧





ચોળ રંગીલો રૂડો મોલીડાનો છેડો;
ભૂલી ભાળીને જળબેડો રે બેની...આજ૦ ૨
ટુણાં ભર્યાં છે એને ફૂલડાંને તોરે;
મનને તાણે છે જોરે જોરે રે બેની...આજ૦ ૩
બ્રહ્માનંદનો વ્હાલો કુંજનો વિલાસી;
હેડે વસી છે એની હાંસી રે બેની...આજ૦ ૪

**પદ-૨**

આજ વ્હાલો ઊભા છે જમુનાને આરે;
મૂર્તિ વસી છે મન મારે રે હેલી...આજ૦ ટેક.
કેશરની આડ રૂડી નલવટ કીધી;
આંખ્યું વેચાતી કરી લીધી રે હેલી...આજ૦ ૧
વાંકડી ભ્રૂકુટી મુને લાગે અતિ વ્હાલી;
સર્વે મેલીને જાય ચાલીરે હેલી...આજ૦ ૨
લોચન રંગીલા તીખાં બાણ જેવા લાગ્યાં;
ઊંડા ગરી ગયાં આઘાંરે હેલી...આજ૦ ૩
બ્રહ્માનંદનો વ્હાલો કુંજનો વિહારી;
છબીપર જાઉં બલિહારીરે હેલી...આજ૦ ૪

**પદ-૩**

આજ મુને સામો મળ્યો છે અલબેલો;
છોગાવાળો રંગછેલો રે આલી...આજ૦ ટેક.
મોંઘામૂલી રે પહેરી મોતીડાની માળા;
ભાલ કપોલ કેસરાળા રે આલી...આજ૦ ૧
ગજરા પહેર્યા છે ઘેરા રંગના ગુલાબી;
શોભા ત્રિલોક કેરી દાબી રે આલી...આજ૦ ૨
બાજુ કાજુરે લીધા ફુલડાંના બાંધી;
ભમર ભમે છે તાર સાંધીરે આલી...આજ૦ ૩
બ્રહ્માનંદનો વ્હાલો રંગડાનો ભરીઓ;
લઈને હેયામાંહી ધરીયોરે આલી...આજ૦ ૪

### પદ-૪

આજ મારે નંદનો નંદન ઘેર આવ્યા;
મોંઘે મોંઘે મોતીડે વધાવ્યારે સૈયો...આજ૦ ટેક.
હસીને બોલાવી મુને હેતમાંહી હેરી;
રેંટો બાંધેલ સોનેરીરે સૈયો...આજ૦ ૧
સોનેરી કોરનું નાખેલ ખંભે શેલું;
રસીયે કીધેલ રંગરેલું રે સૈયો...આજ૦ ૨
ફૂલડાનાં મેલ્યાં માથે છોગલાં રે ફરતાં;
મુને નથી વીસરતાંરે સૈયો...આજ૦ ૩
બ્રહ્માનંદના વ્હાલાથી પ્રીતડી બંધાણી;
મહેણું લીધું મેં માથે તાણીરે સૈયો...આજ૦ ૪

### રાગ : સોલા — પદ-૧

મારે મોહોલે આવો હસીને બોલાવો રે, રંગભીના છેલા નંદજીના...છોજી૦૧
પાઘડલી પેચાળી બાંધી છે રૂપાળી રે, લટકાળા મોતીડાવાળા...છોજી૦૨
કહાના ગિરધારી મૂર્તિ તારી રે, મનમાની છેલ ગુમાની...છોજી૦૩
બ્રહ્માનંદના પ્યારા શોભો છો સારા રે, કેસરીઆ રંગના ભરીઆ...છોજી૦૪

### પદ-૨

નંદજીના લાલા લાગો છો વાલા રે, નવરંગી લેહેર તુરંગી...છોજી૦ ૧
નેણુનો નજારો મુને અતિ પ્યારો રે, અલવીલા છેલ છબીલા...છોજી૦ ૨
કુંજના વિહારી મૂર્તિ તારી રે, હરિ મોરી જીવન દોરી...છોજી૦ ૩
બ્રહ્માનંદ કહેછે મન મારું રહે છે રે, વેણામાં તારા નેણાંમાં...છોજી૦ ૪

### પદ-૩

આંખ્યું અણીઆળી માવા મરમાળી રે, કાંઈ કીધું મન મારું લીધું...છોજી૦ ૧
મંદિર પધારો જન્મ સુધારો રે, છોગાં મેલી બળવંત બેલી...છોજી૦ ૨
સુંદર સોહાગી લગની લાગી રે, તમ સંગે ભીના રંગે...છોજી૦ ૩
બ્રહ્માનંદ ગાવે મૂર્તિ સોહાવે રે, રહો તાજા વ્રજના રાજા...છોજી૦ ૪

### પદ-૪

શોભે માથે તોરા આવોને ઓરા રે, ધીરે ગાતા રંગના રાતા...છોજી૦ ૧
કોટે પરવાળા લાગે છે રૂપાળા રે, નેણું ગેરી લાલજી લેહેરી...છોજી૦ ૨





શ્યામ સલુણા નેણુમાં ટુંણા રે, વ્રજ દાણી હું લોભાણી...છોજી૦ ૩
બ્રહ્માનંદ વારું તન મન મારું રે, તમ માથે સદા મારે સાથે...છોજી૦ ૪

### રાગ : ગરબી — પદ-૧

તારી મુખની લાવણ્યતા મીઠી રે, મોહન વનમાળી;
એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂર્તિ મરમાળી...તા૦ ટેક.
ચટક રંગીલા તારા મોળીડાને છેડે, મનડું ડોલે છે કેડે કેડે રે...મોહન૦ ૧
રંગડો જામ્યો છે ફૂલડાંને રે તોરે, ભમર ભમે છે ચહુકોરે રે...મોહન૦ ૨
ભાલ તિલક કેસર કેરું રાજે, મુખ જોઈ શશિયર લાજે રે...મોહન૦ ૩
બ્રહ્માનંદ કહે સરવસ વારું, રૂપ જોઈને વહાલા તારું રે...મોહન૦ ૪

### પદ-૨

તારાં લટકાં પ્યારાં મુને લાગે રે, લહેરી લટકાળા;
હું તો રીઝી સલુણા ઘેરે રાગે રે, છેલા છોગાળા...તા૦ ટેક.
સુંદર નેણ કમળદળ જેવી, ભ્રૂકુટી ભ્રમર રહ્યા સેવી રે...લહેરી૦ ૧
ગોર કપોળ સુભગ તીલ ત્રાજુ, કોમળ નાસા કાજુ રે...લહેરી૦ ૨
અધર ઉપર જાણે કુમકુમ ઢળીયું, દાંત દાડમ કેરી કળીયું રે...લહેરી૦ ૩
બ્રહ્માનંદ કહે સામું જોઈને, મનડું લીધું છે મારું પ્રોઈને રે...લહેરી૦ ૪

### પદ-૩

વ્હાલી લાગે છે મુખડાની વાણી રે, પ્રીતમજી પ્યારા;
મીઠે મરકલડે લોભાણી રે, સુંદરવર સારા....વ્હા૦ ટેક.
નટવર આડી નજરે નિહાળી, રંગડાની રેલું વાળી રે...પ્રીતમ૦ ૧
મધુર મધુર મુખ હાસ કરીને, લીધા છે પ્રાણ હરીને રે...પ્રીતમ૦ ૨
મનમોહન તારી નૌતમ મૂર્તિ, નીમખ ન મેલું મારા ઉરથી રે...પ્રીતમ૦ ૩
બ્રહ્માનંદ કહે રીજી તારે રાગે, અહોનિશ રહેજો મારે આગે રે...પ્રીતમ૦ ૪

### પદ-૪

તારાં છોગલીયાંની છબી ભારી રે, કુંવર કાનુડા;
છેલા ગુણવંતા ગિરિધારી રે, લાગો છો રૂડા...તા૦ ટેક.
પ્રાણજીવન શિર કેશ રૂપાળા, કાળા ખીંતલીઆળા રે...કુંવર૦ ૧
લાલ કસુંબી તારા મોળીડાને ચટકે, જોઈને મોહી છું કર લટકે રે..કુંવર૦ ૨

કુંડળની છબી નથી રે કહેવાતી, નીરખી ઠરે છે મારી છાતી રે...કુંવર૦ ૩
બ્રહ્માનંદ કહે રહોને રંગીલા, આંખડલીમાં અલબેલા રે...કુંવર૦ ૪

**રાગ : પરજ — પદ-૧**

તારી મૂરતિ રે, છે જો નેણુંનો શણગાર;
નેણુંનો શણગાર, મારા હેડા કેરો હાર...તારી૦ ટેક.
મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું, ગજરામાં ગુલતાન...તારી૦ ૧
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારું રૂપ નિહાળી, વ્રજનારીને ધીર...તારી૦ ૨
બાંય જડાવું બાંધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર...તારી૦ ૩

**પદ-૨**

નાગર નંદનારે, મારે તમથી લાગી પ્રીત;
તમથી લાગી પ્રીત, મારું ચોરી લીધું ચિત્ત...નાગર૦ ટેક.
ફૂલનો તોરો સુંદર ફાવ્યો, પાઘનો આવ્યો તાલ;
પાતળિયા અતિ લાગે છે પ્યારા, લટકા તારા લાલ...નાગર૦ ૧
મોતીડાંના હારની શોભા, વર્ણવી નવ જાય;
ખાંતીલા તારી આવીને ખુંતી, મૂરતિ અંતરમાંય...નાગર૦ ૨
અધર ઉપર જાણે કંકુડું ઢળીયું, દાડમ કળીયું દાંત;
બ્રહ્માનંદના વાલમા તમથી, ખેલ કર્યાની ખાંત...નાગર૦ ૩

**પદ-૩**

સુંદર શ્યામળા રે, આવો છોગાવાળા છેલ;
છોગાવાળા છેલ, વ્હાલા આવીશ તારી ગેલ...સુદંર૦ ટેક.
છેલ છબીલા રંગના રેલા, કેસરભીના કહાન;
સંભળાવો મુને શ્યામ સલુણા, મોરલડીની તાન...સુંદર૦ ૧
મોહન તારી મૂરતિ મારા, નેણામાં રાખીશ;
ભૂધર તારી ચાલ ત્રિભંગી, લાલ કલગી શીશ...સુંદર૦ ૨
તમ વિના રે મારે ઘડી ન ચાલે, પડી પટોળે ભાત;
બ્રહ્માનંદના વાલમા, આવી રહો મારે ઘેર રાત...સુંદર૦ ૩





**પદ-૪**

મોરલીવાળા રે, મીઠી મોરલી બજાવ;
મોરલી બજાવ વાલા, પરજ કેરા લાવ...મોરલી૦ ટેક.
મોરલી સુણવા હું આવી, મેલી ઘરડા કેરું કામ;
વાલમ રાજી થઈ વજાડો, છોગાળા ઘનશ્યામ...મોરલી૦ ૧
સુણ્યા વિના ચિત્તડામાં, નહિ આવે નિરાંત;
તે માટે હું સૌથી છાની, આવી છું એકાંત...મોરલી૦ ૨
મોરલી સુણીને મેલ્યો મેં તો, સૈયરુ કેરો સાથ;
પ્રેમ સુધારસ પાવોને વહાલા, બ્રહ્માનંદના નાથ...મોરલી૦ ૩

**રાગ : ગરબી — પદ-૧**

વહાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે;
મેં તો સર્વ મેલ્યો સંસાર રે, સગપણ તમ સાથે...૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે સ૦ તમ સારૂ તજ્યું ધન ધામ રે...૨
મારૂં મનડું લોભાણું તમ પાસ રે, સ૦ મુને નથી બીજાની આશરે...૩
મારે માથે ધણી છો તમે એક રે. સ૦ મારી અખંડ નિભાવજો ટેક રે...૪
મેંતો દેહ ધર્યો છે તમકાજ રે. સ૦ તમને જોઈ મોહી છું વ્રજરાજરે...૫
હુંતો હેતે વેચાણી તમહાથ રે. સ૦ છો બ્રહ્માનંદના નાથરે...૬

**પદ-૨**

મારે આવ્યો અલૌકિક દાવ રે, કોઈ મુને શું કરશે;
માથા સાટે વર્યા મેં તો માવ રે, કોઈ મુને શું કરશે...૧
હવે બળે છે જગમાં બલાય રે. કોઈ૦ મેં તો ભેટ્યાં છે ભૂધર રાય રે...૨
અતિ આનંદ થયો છે મારે અંગ રે. કો૦ લાગ્યો રસીયાજીનો રંગ રે...૩
થઈ જગમાં અલૌકીક જીત રે. કો૦ લાગી પુરણ સલુણા સાથે પ્રીત રે...૪
મારે વહાલે દીધું છે મુને માન રે. કો૦ મુને કીધી સોહાગણ કહાન રે...૫
હવે થયો સંસારીડો ઝેર રે. કો૦ બ્રહ્માનંદને વહાલે કીધી મહેર રે...૬

**પદ-૩**

જોઈ છેલ છબીલાની ચાલ રે, મન મારું લોભાણું;
વળી ભુરકી નાખી છે નંદલાલ રે, મન મારું લોભાણું...૧

સહુ ઘેલી કહે છે સંસાર રે. મન૦ મેં તો નીરખ્યા છે નંદકુમાર રે...૨
કોઈ શાને કરો છો મારી છેડ રે. મન૦ નહિ મેલું કાનુડાની કેડ રે...૩
સર્વે ભૂલી છું ઘરડાનું કાજ રે. મન૦ એક વહાલા કીધા છે વ્રજરાજ રે...૪
હવે રટના લાગી છે દિનરાત રે. મન૦ થઈ શિરસાટાની વાત રે...૫
મુને કીધી માનીતી સહુ માંહ્ય રે. મન૦ બ્રહ્માનંદને વ્હાલે ઝાલી બાંહ્ય રે...૬

**પદ-૪**

બારી કાઢી જગતની બીકરે, વરી હું તો વનમાળી;
મેં તો સમઝી વિચારી કીધું ઠીક રે, વરી હું તો વનમાળી...૧
તુચ્છ જાણીને કીધું છે સર્વે ત્યાગ રે, વરી૦ મોહી રસિક સલુણાને રાગરે...૨
મુને ચટકી લાગી છે ચિત્તમાંય રે, વરી૦ બીજું વ્હાલા વિના ન સોહાયરે...૩
મુને કાંઈ ન સુઝે કામ રે, વરી૦ થયુ હરીવિના સર્વે હરામરે...૪
હવે નિઃશંક થઈછું નચિન્ત રે, વરી૦ થઈ જગમાં અલૌકીક જીત્તરે...૫
સમઝી કીધું છે તન કુરબાન રે, વરી૦ બ્રહ્માનંદના વ્હાલાથી બાંધ્યા પ્રાણ ૨

**રાગ : સોરઠ મલાર — પદ-૧**

હાંરે બદ્રિનાથ હિંડોરે ઝુલે રે;
બળવંત બહુનામી રે જગ અંતરજામી. હારે૦
બેશ અમૂલ્ય હિંડોળોરે બાંધ્યો, વિમળ વિશાળાની ડાળે રે;
નરનારાયણ નાથ બિરાજે, ઝુલંતા રંગ ઢાળે રે. બળવંત૦ ૧
શિવ બ્રહ્મા સનકાદિક સરખા, મુનિવર આવે જોવા રે;
સુંદર રૂપ બંને દોઉ બંધવ, મુક્તતણા મન મો'વારે. બળવંત૦ ૨
કોઈ ગાવે કોઈ નાચે સુરમુનિ, જયજય વાણી ઉચ્ચારે રે;
બ્રહ્માનંદનો નાથ એલૌકિક, જન મન સુખ વિસ્તારે રે. બળવંત૦ ૩

**પદ-૨**

હારે ઝુલે નર નારાયણ દેવા રે,
નૌતમ અવિનાશી રે બદ્રી વનવાસી રે. હાંરે૦
શેષ સહસ્રમુખ નામ ઉચ્ચારે; નિગમ નેતિ કરી ગાવે રે;
તે વહાલો નિજજનને કારણ, દેહ ધરી ધરી આવે રે. નૌતમ૦ ૧
શરણાગત વત્સલ હરિ સમરથ, પ્રાણજીવન જન પ્યારા રે;
સુંદર શ્યામ હિંડોરે ઝુલત, મુક્ત ઝુલાવન હારા રે. નૌતમ૦ ૨





અગણિત જન ઉધારન કારણ, મનુષ્યતણી તનુ ધારી રે;
પુરુષોત્તમના વદન કમળ પર, બ્રહ્માનંદ બલિહારી રે. નૌતમ૦ ૩

**પદ-૩**

હાંરે ઝુલે નવલ હિંડોરે નાથ રે;
સુંદર સુખકારી રે શોભા અતિ સારી, હાંરે૦
બદ્રિનાથ હિંડોળે ઝુલે, મહામુક્ત ઝુલાવે રે;
નરનારાયણ મૂરતિને નીરખી, જન મન આનંદ પાવે રે. સુંદર૦ ૧
શારદ નારદ શેષ મહેશ્વર, હિંડોળની છબી હેરે રે;
ગગન ફૂલ સુરપતિ વરસાવે, ગાવે છે હેત ઘણે રે. સુંદર૦ ૨
કરૂણાસિંધુ અખંડિત કાયા, માયા પાર મુરારી રે;
બ્રહ્માનંદ હિંડોળાની શોભા, તીન લોક દુઃખહારી રે. સુંદર૦ ૪

**પદ-૪**

હાંરે ઝુલે નરનારાયણ શ્યામ રે;
હિંડોરે હરિ સુખસિંધુ રે દીનતણા બંધુ. હાંરે૦
પરાપાર પૂરણ પુરુષોત્તમ, નિગમ નેતિ ઉચ્ચારે રે;
નૌતમ રૂપ અનુપમ નાથનું, ધ્યાન મુનિવર ધારે રે. હિંડોરે૦ ૧
જેનું નામ જપે જે પ્રાણી, તે નાવે ભવ ફરવા રે;
તે મૂર્તિ ધરી જગમાં ડોલે, હરિજનનાં મન હરવા રે. હિંડોરે૦ ૨
હરિવરનો હિંડોળો જોઈને, મગન થયા ત્રિપુરારી રે;
બ્રહ્માનંદના નાથને નીરખ્યા, તે ધન્ય ધન્ય નરનારી રે. હિંડોરે૦ ૩

**રાગ : સોરઠ પદ-૧**

મેરે અંતર તે, ધર્મ વંશકી, દ્ઢતા કબહુ ના ટરે;
કોઉ શિર કાટો, ભાવે જેસી આય કે તન વીપતા પરે-ટેક.
જો હટકે મન ઘનશ્યામતેં, જો રાજી રહું અન્ય નામતેં;
તો મેં હીનો કોટી ગુલામતેં....મેરે૦ ૧
જો વર્તમાનમાંહી ફેર પડે, જેહી કરીકે નિંદા લોક કરે;
તો માતા મેરી લાજી મરે...મેરે૦ ૨
જો સંપ્રદાયકી રીત કહી, સો મોસેં જો ભની આત નહિ;
તો ડારો મોકું લે સમુદ્રમહી...મેરે૦ ૩

બ્રહ્માનંદ કહે ધર્મસેં પાવ ડગે, હોય કાયર મન મેરો પીછો ભગે;
તો મેરે કુલકું મોટો કલંક લગે...મેરે૦ ૪

**પદ-૨**

ધનશ્યામ વિના, ઈષ્ટ જાન શિર મેરો કોઈકું ના નમે;
દેવી દેવ અનેક, ઓર ઠોર મન મેરો કબહુ ના ભમે.-ટેક
જો રીઝું ધન ત્રિય રાગમેં, જો પરે ફેર મેરે ત્યાગમેં;
તો ડારી દીયો મોકું આગમેં...ધનશ્યામ૦ ૧
જો પક્ષ તજુ સતસંગકો, રખું તન કરી ચલન કુઢગકો;
તો મેં ગ્રાહક ગળીકે રંગકો...ધનશ્યામ૦ ૨
જો તજુ શરન ધર્મવંશકો, સેવું દેવ ભોગી મદ્ય માંસકો;
તો મોય કુટુંબી જાનો કંસકો...ધનશ્યામ૦ ૩
બ્રહ્માનંદ કહે લોકન ડર જાની, જો મેં ભક્તિ કરું જગસેં છાની;
તો મોસેં અધમ ન કોઉ પ્રાની...ધનશ્યામ૦ ૪

**રાગ : ખમાચ પદ-૧**

નરનારાયણ ગાઓ રે, અવસર નહીં મળે આવો...નર૦
અમૃત કેરાં મૂળ ઊખેડી ને, ઝેર બીજ શિદ વાવો રે..અવસર૦ ૧
માલ વિલાસ ઓર મંદિર મેડી, મેલી એકલાં જાઓ રે...અવસર૦ ૨
મૂરખ નર નિશદિન તારે માથે, થાય છે કરમ ભરાવો રે...અવસર૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ભજી લે, નહીં તો થાશે પસ્તાવો રે...અવસર૦ ૪

**પદ-૨**

ભજતો નથી ગિરધારી રે, શી ગતિ થાશે તારી...ભજતો૦
ગર્ભવાસ ઊંધે મુખ ઝુલ્યો, તે દુઃખ મેલ્યું વિસારી રે...શી ગતિ૦ ૧
જઠરાગ્નિથી જતન કરીને, લીધો છે તુજને ઉગારી રે...શી ગતિ૦ ૨
હરિજનથી હાંસી કરી હરખે, નીરખે છે પરનારી રે...શી ગતિ૦ ૩
બ્રહ્માનંદ કહે જમપુરીમાં, થાશે ફજેતી ભારી રે...શી ગતિ૦ ૪

**પદ-૩**

અરથ સાધી લેને તારો રે, અવસર આવ્યો છે સારો...અરથ૦
તત્પર કાળ ખડો શિર ઉપરે, લેજે સાંજ સવારો રે...અવસર૦ ૧





ચાર દિવસના જીવન માંહી, શાને થાય છે અકારો રે...અવસર૦ ૨
મનુષ્યનો અવતાર અમૂલખ, ઊતરવાનો આરો રે...અવસર૦ ૩
બ્રહ્માનંદ કહે ગુરુ ચરણે, છોડ કરમનો ભારો રે...અવસર૦ ૪

**પદ-૪**

શ્યામ સુંદર સુખદાઈ રે, હરિ ભજી લેને તું ભાઈ...શ્યામ૦
સૌ કો'ના આવે તારી કેડે, એ સરવે તો જૂઠ સગાઈ...હરિ૦ ૧
સુપના જેવાં સુખને કાજે, શીદને કરે છે અન્યાય રે...હરિ૦ ૨
ભરતખંડના મનુષ તન પામી, કરી લેને સુકૃત કમાઈ રે...હરિ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિગુણ ગાઈશ, તો પામીશ મોટાઈ રે...હરિ૦ ૪

**રાગ : કલ્યાણ**

નરનારાયણ વાસુદેવ હરિ, કૃષ્ણ કૃષ્ણ મુખ કહિયે;
હિમ્મત સહિત વચન તન ત્યાગી, વરત પંચ દ્રઢ રહીયે...નર૦ ટેક૦
જરી વસ્ત્ર હેમાદિક ધાતુ, પર વસ્તુ ન ઉઠાવે;
વેચ્યા જોગ વસ્તુ નવ રાખે, સો નિર્લોભ કહાવે...નર૦ ૧
અષ્ટભાંતિ તન ત્યાગ ત્રિયાકો, રાગ નહિ સંભળાવે;
લલના દેખે ન હોવે ચેષ્ટા, ચતુરાઈ ન દેખાવે...નર૦ ૨
એક ભિંત અંતર નહિ રહેવે, પણ ખટ દિશ નવ ભાળે;
ચલતે પંચ હસ્ત રહે છેટે, સન્મુખ બેઠક ટાળે...નર૦ ૩
બાહેર ભિંતર સો નિષ્કામી, અબ નિઃસ્વાદી દેખાવે;
બહુ ઘર જાચ કરે જલમિશ્રિત, સ્મરણ સહિત અન્ન પાવે...નર૦ ૪
નિઃસ્પૃહી સો પિંડ બ્રહ્માંડસેં, તજહે પ્રીત પ્રવીના;
માયાકૃત સો સત્ય ન માને, જાને કાળ ચવીના...નર૦ ૫
શિક્ષા વચન સુણે લઘુ સબસેં, અંતર નાહીં અહંતા;
અર્થી તપી હું તું નહિ બોલે, સો નિર્માની સંતા...નર૦ ૬
ધીંગામસ્તિ કરે નહિ કબહુ, મનવશ હોય ન દોડે;
નિજ અધિકાર કરે તહાં બેઠક, સતસંગતિ નહિ છોડે...નર૦ ૭
ગૃહી ચોરી મદ્ય માંસ પરત્રિયા, તજીકે રહવે દૂરે;
વિધવાકું ભલે નહીં પરસે, ખોટી સાખ ન પૂરે...નર૦ ૮

માત સુતા ભગિની માસી સંગ, એકાંતે નહી સોવે;
ઈન્દ્રિયગ્રામ મહા બળવંત હે, સોવે તો પણ ખોવે...નર૦ ૯
સો ત્યાગી સો ગૃહી સત્સંગી, નાસ્તિક પાસ ન જાવે;
બ્રહ્માનંદ કહે કહ્યો શ્રીહરિ, પરમ ધામ સો આવે...નર૦ ૧૦

**રાગ : લાવણી – પદ-૧**

જગતમેં જીવના થોરા, મ ભૂલે દેખી તન ગોરા;
ખડા શિર કાલ સા વેરી, કરેગા ખાખકી ઢેરી. ૧
કરમકું સમજકે કરના, શિરે નીજ ભાર ના ભરના;
કાગદ નીકસતહી જબહી, કઠિન હે બોલના તબહી. ૧
નહિ તહાં સગા કોઈ અપના; અગ્નિકી ઝાલમેં તપના;
લેખા જમરાજ જબ કરહી, કીયે કૃત ભોગને પરહી. ૨
બ્રહ્માનંદ કહત હે તુમકું, ન દીજો દોષ અબ હમકું;
પોકારે પીટકે તાલી, જાયગા હાથ લે ખાલી. ૩

**પદ-૨**

સમજ બે મૂઢ મતિહીના, મનુષ્ય તનુ પાય ક્યા કીના
ભજ્યા નહિ કૃષ્ણકું કબહી, આયુષ્ય તેરી બીત ગઈ સબહી. ૧
બાલાપન ખેલમેં બીતા, હરિકા ભજન નહિ કીતા;
જુવાપન પ્રિયા સંગ ખોયા, વૃદ્ધાપન નિર્બલા હોયા. ૨
પિતા અરું માત સુત નારી, નહિ કોઈ અપના સાથી.
ઘોડા અરું બેલ રથ હાથી, નહિ કોઈ અપના સાથી. ૩
બ્રહ્માનંદ કહત સત્ય બાની, ચલી યહ જાત જિંદગાની;
તાતે તું ચેત રે અંધા, જગતકી જાલમેં બંધા. ૪

**પદ-૩**

સાંઈકુ ભૂલકે બંદે, તું ગાફલ હો રહા ગંદે;
ખજીના પાપકા કીના, ધર્મકા રાહ નહિ ચીના. ૧
કેતા દિન કરેગા મોજાં, ચડી હે કાલકી ફોજું;
પકડકે લીયા કે લીતા, જાયગા હાથ લે રીતા. ૨





ઘરે રહે ધામ ધન ઘરની, ત્રિયા રહે આપકી પરણી;
ઘરે રહે છોકરા છોરી, લે જાવે ડાર ગલે દોરી. ૩
બ્રહ્માનંદ કહત હૈ સાચી, યામે તીલભાર નહિ કાચી;
સબનકું છોડકે જાના, જમનકી માર શિર ખાના. ૪

**પદ-૪**

અજ્ઞાની સમજ ક્યા સૂતા, જમકા ખાયગા જૂતા;
તહાં શિર ધુની પછતાવે, ધની બિન કોન છોડાવે. ૧
લીયા નહિ સંતકા શરના, શીખ્યા એક ઉદરકા ભરના;
રહ્યા પરનારસેં રાજી, ગઈ સબ હાથસેં બાજી. ૨
માયા અતિ પાપસેં જોડી, ચલે નહિ સંગ એક કોડી;
આગે તો કઠિન હે રસ્તા, જાયગા હાથકું ઘસતા. ૩
બ્રહ્માનંદ કહત હૈ ભાઈ, ભજો હરિચરન લેહલાઈ;
મટે સબ જન્મકા ફંદા, કરે જો મહેર વ્રજચંદા. ૪

**રાગ : ગરબી – પદ-૧**

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે,
વિપત્તે વરચી રે, કેદી દીન વચન નવ ભાખે...૧
જગનું સુખદુઃખ રે, માયિક મિથ્યા કરી જાણે,
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે...૨
પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા,
દૈહિક દુઃખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા...૩
હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરિયા,
સર્વ તજીને રે, નટનાગર વહાલા કરિયા...૪
બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી,
મસ્તક જાતાં રે, નવ મેલ ટેક વિસારી...૫

**પદ-૨**

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી,
ત્રિવિધિ તાપે રે, કેદી અંતર ડોલે નાહીં...૧
નિધડક વરતે રે, દ્દઢ ધીરજ મનમાં ધારી,
કાળ કર્મની રે, શંકા તે દેવે વિસારી...૨

મોડું વહેલું રે નિશ્ચે કરી એક દિન મરવું,
જગ સુખ સારુ રે, કેદી કાયર મન નવ કરવું...૩
અંતર પાડી રે, સમજીને સવળી આંટી,
માથું જાતાં રે, મેલે નહિ તે નર માટી...૪
કોઈની શંકા રે, કેદી મનમાં તે નવ ધારે,
બ્રહ્માનંદના રે, વહાલાને પળ ન વિસારે...૫

**પદ-૩**

જો હોય હિંમત રે, નરને ઉરમાંહી ભારી,
દૃઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારી...૧
બીક તજીને રે, નિત હિંમત સોતો બોલે,
મસ્તક માયા રે, સર્વે તૃણ જેવું તોલે...૨
કેસરી સિંહને રે, જેમ શંકા મીલે નહિ મનમાં,
એકાએકી રે, નિરભે થઈ વિચરે વનમાં...૩
પન્ડે છોટો રે, મોટા મેંગળને મારે,
હિંમત વિનાનો રે, હાથી તે જોઈને હારે...૪
બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન શૂરા,
તન કરી નાખે રે, ગુરુ વચને ચૂરા...૫

**પદ-૪**

પેટ કટારી રે, પહેરીને સનમુખ ચાલ્યા,
પાછા ન વળે રે, કોઈના તે ન રહે ઝાલ્યા...૧
આમા સામા રે, ઊંડે ભાલાં અણિયાળાં,
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાલા...૨
સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે,
જીવિત જૂઠું રે, મરવું તે મંગળ જાણે...૩
તેની પેરે રે, હરિજન પણ જોઈએ તીખા,
અંતરશત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા...૪
માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે,
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિ મન ભાવે...૫





**રાગ : કાફી — પદ-૧**

ભજી લેને શ્યામળો સુખકારી, વાલો ભક્તવત્સલ ભય હારી રે...ભજી૦
માત પિતા નિશ્ચે નહિ તારાં, નહિ તારાં સુત નારી રે...ભજી૦ ૧
મારું મારું કરી કરી મૂરખ, અક્કલ વેંચાઈ ગઈ તારી રે...ભજી૦ ૨
માલ મુલક સરવે મેલાવીને, લઈ જાશે જમ મારી રે...ભજી૦ ૩
બ્રહ્માનંદ કહે મનુષ્યતણો દેહ, ન મળે વારંવારી રે...ભજી૦ ૪

**પદ-૨**

પ્રાણી શી ગતિ તારી થાશે રે, જ્યારે જમના દૂત દેખાશે રે...પ્રાણી૦
હમણાં તો રસિયો વાલમ થઈ, રહે છે પરત્રિયા પાસે રે...પ્રાણી૦ ૧
સંતતણી સોબત તને ન ગમે, રીઝે જગત તમાસે રે...પ્રાણી૦ ૨
કોઈનું સુખ દેખીને દાઝે, એવો મલિન તારો આશે રે...પ્રાણી૦ ૩
બ્રહ્માનંદ કહે જોઈ તન ગોરું, ફુલીશ માં એ તો જાશે રે...પ્રાણી૦ ૪

**પદ-૩**

મનવા માનને કહ્યું મારું રે, શાને બગાડે છે કામ તારું રે...મન૦
નારાયણનું નામ તજીને, બોલે શીદને નઠારું રે...મન૦ ૧
ધન દોલત ઊભાં મેલીને, જાવું સાંજ સવારું રે...મન૦ ૨
જોઈ વિચારીને પગલાં ભરજે, વાંસે જમનું છે લારું રે...મન૦ ૩
બ્રહ્માનંદ કહે છત્રપતિ બંકા, ચાલ્યા જાય છે હજારું રે...મન૦ ૪

**પદ-૪**

ગર્ભમાં શું કહીને તું આવ્યો રે, પ્રાણી તે સંકટ વિસરાવ્યો રે ...ગર્ભ૦
નીચું શીશ ચરણ તારા ઊંચા, દસ મહિના લટકાવ્યા રે...ગર્ભ૦ ૧
બહાર આવીને રસિયો થઈ ડોલે, ભામિનીએ ભુલાવ્યો રે...ગર્ભ૦ ૨
સગાં કુટુંબી સહુ મળીને, મોટો કહીને બોલાવ્યો રે...ગર્ભ૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ભજ્યા વિના, એળે જનમ ગુમાવ્યો રે...ગર્ભ૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

રે સગપણ હરિવરનું સાચું,
બીજું સર્વે ક્ષણભંગુર કાચું રે...સગપણ૦
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી રે... સગપણ૦ ૧

રે સ્થિર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા છોડી,
મેં જગના જીવન સાથે જોડી રે... સગપણ૦ ૨
રે ફોગટ ફેરા નવ ફરીએ, રે પરઘેર પાણી શું ભરીએ,
વરીએ તો નટવરને વરીએ રે... સગપણ૦ ૩
રે ભૂધર ભેટ્યા ભય ભાગ્યો, રે સહુ સાથે તોડ્યો ધાગો, એ
રસિક રંગીલાથી રંગ લાગ્યો રે.. સગપણ૦ ૪
રે એવું જાણીને સગપણ કીધું, રે મેણું તો શિર ઉપર લીધું,
બ્રહ્માનંદનું કારજ સીધું રે... સગપણ૦ ૫

**પદ-૨**

રે લગની તો હરિવરથી લાગી,
મેં તનધનની આશા ત્યાગી રે... લગની૦
રે વાત કહું સુણ સાહેલી રે, બળિયોજી કીધા બેલી,
માથું પેલું પાસંગમાં મેલી રે... લગની૦ ૧
રે ન ડરું હું લોકતણી લાજે, રે શિર ઉપર ગિરિધર ગાજે,
આ દેહ ધર્યો નટવર કાજે રે... લગની૦ ૨
રે શિર પર જો બીજો ધારું, રે તો બગડે જીવતર મારું,
હું જીતી બાજી તે કેમ હારું રે... લગની૦ ૩
રે હરિ વિના બીજાને વરવું, રે ગજ તજી ખર ચડીને ફરવું,
એ જીવ્યાથી રૂડું મરવું રે... લગની૦ ૪
રે મરજાદા જગની મેટી, રે બાંધી મેં પ્રેમ તણી પેટી,
બ્રહ્માનંદનો વહાલો ભેટી રે... લગની૦ ૫

**પદ-૩**

રે શિર સાટે નટવરને વરીએ,
રે પાછાં તે પગલાં નવ ભરીએ રે... શિ૦
રે અંતરદ્દષ્ટિ કરી ખોળ્યું, રે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું,
એ હરિ સારુ માથું ધોળ્યું રે... શિર૦ ૧
રે સમજ્યા વિના નવ નીસરીએ, રે રણ મધ્યે જઈને નવ ડરીએ,
ત્યાં મુખપાણી રાખીને મરીએ રે... શિર૦ ૨





રે પ્રથમ ચડે શૂરો થઈને, રે ભાગે પાછો રણમાં જઈને,
તે શું જીવે ભૂંડું મુખ લઈને રે... શિર૦ ૩
રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોરે હોરે જુદ્ધે નવ ચડીએ,
જો ચડીએ તો કટકા થઈને પડીએ રે... શિર૦ ૪
રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ,
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ રે... શિર૦ ૫

**પદ-૪**

રે ધરિયા અંતર ગિરધારી,
શું કરશે છોળ્યાં હવે સંસારી રે... ધરિયા૦
રે હું કોઈની ન રહું ઝાલી, રે વહાલાને થાવા વાલી,
રે શિર કરમાં લઈને ચાલી રે... ધરિયા૦ ૧
રે જેમ ગજ જાય બજારે ધસી, રે શ્વાન મરે બહુ ભસી રે ભસી,
તે હાથીને મન નહિ શંકા કશી રે... ધરિયા૦ ૨
રે બળવા ગઈ જે સતી સાચી, રે રોમરોમ પિયા સંગ રાચી,
તે પડમાં જઈ ન વળે પાછી રે... ધરિયા૦ ૩
રે જો પડથી પાછી આવે, રે લાજ તજી મન લલચાવે,
તે સતી મટી ને કુત્તિ કા'વે રે... ધરિયા૦ ૪
રે બ્રહ્માનંદ એમ વિચારી, રે બીક સર્વે કાઢી બા'રી
રે મળિયા મોહન સુખકારી રે... ધરિયા૦ ૫

**પર — રાગ : સોરઠ — પદ-૧**

મન મોહ ટળે, રામ મળે નિર્મળ હરિજનના સંગથી;
ઉર ગ્રંથિ ગળે, અવિદ્યાનાં આવરણ સર્વે નાસે અંગથી...ટેક૦
નિત્ય સંત સભામાંહી રામ રટે, સુનતેં વિષ વ્યાધિ ઉપાધિ ઘટે;
મન શુદ્ધ હોયે અહંભાવ મટે.... મન૦ ૧
જે સંત સભામહી ચલી આવે, તેનું જીવપણું તતક્ષણ જાવે;
તે બ્રહ્મ થઈને પરબ્રહ્મ ગાવે... મન૦ ૨
દુબધા દિલ માયા પાસ દહે, નિત્ય સંત સભા મહીં રામ રહે;
એમ વેદ પુરાન કુરાન કહે... મન૦ ૩

જેને ગ્રંથિ ત્રણ જડમૂળ ગઈ, સત્ય પદમાં કીધો વાસ સઈ;
બ્રહ્માનંદ કે' તેની શરણ લઈ મન૦ ૪

**પદ-૨**

સતસંગ વિના, જન્મ મરણ ભ્રમ જાળ મટે નહીં જંતને,
મન માન તજી, તે માટે શરણે જઈ રૈયે સંતને ટેક૦
જો અડસઠ તીરથ ફરી આવે, નિત્ય નિગમ વિધિ કરી કરી નાવે;
કેદી જીવપણું તેનું નવ જાવે... સતસંગ૦ ૧
જો ઈંગલા પીંગલાની ખબર જડે, કરી આગ્રહ તેને કેડ પડે;
તેણે ચિત્તને બમણો ફેર ચડે... સતસંગ૦ ૨
કોઈ વાસ કરે જઈને કાશી, કોઈ અન્ન ન ખાય રહે અપવાસી;
એ મનની છે સરવે હાંસી... સતંસગ૦ ૩
જો ફિરતાં સંત સમાજ મળે, તો સુખે મનની ભ્રાંતિ ટળે;
કહે બ્રહ્માનંદ સંતમાંહી ભલે... સતસંગ૦ ૪

**પદ-૩**

ભવસાગરમાં, શરણ અચળ અવિનાશી સાચા સંતનું
શ્રુતિ સ્મૃતિની સાખ, હરિ હરિજનનાં પ્રાણ વચન ભગવંતનું ટેક૦
જેમ જળ તરંગ નહીં ભેદ જુદા, તેમ તેજ અગ્નિ નહીં ભિન્ન તદા;
એમ હરિ હરિજન એક સદા... ભવસાગરમાં૦ ૧
જેમ કીટ ભમરીને સંગ કરી, ગતિ ઈયળ તજીને થઈ ભમરી;
એમ હરિ ગુરુ ધ્યાને પામે હરિ... ભવસાગર૦ ૨
જેમ કેર બોર વન વૃક્ષ ક્યાં, તે ચંદન વાંસે ચંદન થયાં;
તેનાં નામ રૂપ ગુણ ભેદ ગયાં... ભવસાગરમાં૦ ૩
શ્રીમુખે કહ્યું માહાત્મ્ય સંતતણું, અશ્વમેધ યજ્ઞથી અનંતગણું;
કહે બ્રહ્માનંદ શું કહું ઘણું... ભવસાગરમાં૦ ૪

**પદ-૪**

હે જડબુદ્ધિ જીવ, પ્રભુ પદને ઈચ્છે તો કર સંતનું પારખું;
રંગ પીતપણે, સોનું ને પીતળ ન હોય એકસરખું ટેક૦
હોઈ સંત અનંત ફીરે જગમેં, રહે દામ ચામ જેની દગમેં;
તું ભૂલીશ માં ધોળે ભગમેં... હે જડબુદ્ધિ૦ ૧





અંગે ભસ્મ ઘસે શિર જાુટ જટા, ગળે માળ તિલક તન ચટાપટા;
મહીં કામ ક્રોધ મદ મોહ ઘટા... હે જડબુદ્ધિ૦ ૨
જે મૈથુન અષ્ટ પ્રકારે, તજે નિત્ય સાર અસાર મરમ સમજે;
ભજ તેને જે હરિ પ્રગટ ભજે... હે જડબુદ્ધિ૦ ૩
જેને કામ ક્રોધ મદ મોહ નહીં, જેની વૃત્તિ બ્રહ્માકાર થઈ;
કહે બ્રહ્માનંદ સો સંત સઈ... હે જડબુદ્ધિ૦ ૪

**રાગ : જંગલો — પદ-૧**

જગમેં મત કીજો અભિમાન, જગમેં મત કીજો અભિમાન
પેટ અરથ કોઉ પાપ ન કીજો, દો દિનકે મિજમાન...જગમેં૦
બાજત શિર પર કાળ દદામા, સુનતા નહીં અજાન...જગમેં૦
પલ છીન ઘડી પહોર દિન કરકે, લેત હે આયુષ્યતાન...જગમેં૦
બ્રહ્માનંદ કહત હે સાચી, ધર લીજે નિજ કાન...જગમેં૦

**પદ-૨**

અપના યે જગમેં નહિ કોય૦ અપના૦ટેક૦
મેહરી પૂત જનક અરુ જનની, સબહી રહેંગે રોય...અપના૦ ૧
દેશ વિલાયત હયગય છનમેં, સબહી બરાને હોય...અપના૦ ૨
દેવનકું દુર્લભ યા નરતન, કયું નાખત હે ખોય...અપના૦ ૩
બ્રહ્માનંદ કહત તેરે હિતકી, અંતર દ્દગ કરી જોય...અપના૦ ૪

**પદ-૩**

મનુવા સમજ સયાને કાગ૦ મ૦ ટેક૦
વ્રજજીવન ઘનશ્યામ વિસારી, રહારી વિષયમેં લાગ...મનુવા૦ ૧
ધરત શ્રવણ નહિ વાત ધર્મકી, પાપ કરન અનુરાગ...મનુવા૦ ૨
સંત પુરુષકી સોબત કરકે, પરત્રિય પરધન ત્યાગ...મનુવા૦ ૩
બ્રહ્માનંદ કહે દુર્મતિ તજકે, હો જા નર બડભાગ...મનુવા૦ ૪

**પદ-૪**

મનુવા સમજ સયાને ધૂર. મ૦ટેક૦
પરધન પરત્રિય હરન પ્રવીણા, વિષયનમેં ભરપૂર...મનુવા૦ ૧
પરમારથકી બાત ન પ્રીછત, અનરથમેં અતિશૂર...મનુવા૦ ૨

દયા ધરમકો લેશ નહિ ઉર, કપટી કુટિલ કરૂર...મનુવા૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ ન ભજ્યા નર, પરીરી અક્કલમેં ધૂર...મનુવા૦ ૪

**રાગ : કાફી**

દિલ લાગ્યા હમારા ફકીરીસે...દિલ૦
દુનિયાદાર દુઃખી સબ દેખે, રાંક અરુ રાવ દિલગીરીસે...દિલ૦
નિત્ય તાપ જગવ્યાપ રહ્યો હે, જરત હે મોહ જંજીરીસે...દિલ૦
પાયા ધન સો રહત ન પાવે, મર ગયા કર કર મેરીસે...દિલ૦
બ્રહ્માનંદ કહે આનંદ આયે, અદલ બ્રહ્મખમીરીસે...દિલ૦

**રાગ : પરજ — પદ-૧**

પાતળિયે હર્યા પ્રાણ રે, બેની મારા...પાત૦ ટેક૦
મુજ સામું વ્હાલે જોઈને માર્યા, આંખડલીનાં બાણ રે...બેની૦ ૧
લટકાળે રે મુને ચટકી લગાડી, છેલે ચતુર સુજાણ રે...બેની૦ ૨
શામળિયાને જોવા સારુ, તનડામાં થાય છે તાણ રે...બેની૦ ૩
બ્રહ્માનંદ કહે અંતર વીંધ્યું, ડોલરીયે દીવાન રે...બેની૦ ૪

**પદ-૨**

દિલડાના દરિયાવ રે, ગિરધર...દિલ૦ ટેક૦
જગજીવન રૂડી શોભા જોઈને, અંતર થાય છે ઉછાવ રે...ગિર૦ ૧
રૂપ રહ્યું છે મારે હૃદિયે તારું, રૂપાળા વ્રજરાવ રે...ગિર૦ ૨
પ્રાણ જાતાં રે પાતળિયા પ્યારા, મેલું નહિ કેદી માવ રે...ગિર૦ ૩
બ્રહ્માનંદ કહે શિરને સાટે, ઠીક કીધેલ ઠેરાવ રે...ગિર૦ ૪

**પદ-૩**

રૂપાળો રંગરેલ રે, વ્હાલો લાગે...રૂપાળો૦ ટેક૦
આવી વસ્યો છે અંતરમાં રે, ખાંતીલાનો ખેલ રે...વ્હાલો૦ ૧
સોનેરી શિર ફેંટો બાંધી ઊભો છે અલબેલ રે...વ્હાલો૦ ૨
વિઠ્ઠલને વ્રજનારીએ ઘેર્યા, જેમ કળાયેલ ઢેલ રે...વ્હાલો૦ ૩
બ્રહ્માનંદ કહે સુણતાં બંસી, અધર ડોલે છે મારી હેલ રે...વ્હાલો૦ ૪

**પદ-૪**

શ્યામળિયો સરદાર રે, છે જો મારે...શ્યામ૦ ટેક૦
શ્યામળિયા શું મેં તો સગપણ કીધું, બીજાનો શો હવે ભાર રે...છે જો૦ ૧





મરમાળો રે મારે મનડે માન્યો, કહાનો નંદકુમાર રે...છે જો૦ ૨
પ્રાણજીવન પાતળિયો પ્યારો, ન્યારો ન કરું લગાર રે..છે જો૦ ૩
બ્રહ્માનંદ કહે વારી નાખું, એ માથે ઘરબાર રે...છે જો૦ ૪

**છપૈયાથી મહારાજ વહેલા**

છપૈયાથી મહારાજ વહેલા આવજો રે લોલ
કરવી મારે મનડા કેરી વાત જો
વસમી વેળાએ વહેલા આવજો રે લોલ.
અંતરની વેદના હું ક્યાં કહું રે લોલ
મારે એક તમારો આધાર જો...વસમી૦
ભક્તોના સાદ તમે સાંભળી રે લોલ
તરત થતા માણકીએ અસવાર જો...વસમી૦
દાદાખાચરે લીધો તવ આશરો રે લોલ.
પહોંચ્યા ગઢપુર દીનાનાથ જો...વસમી૦
દાદાખાચરે દરબાર સોંપિયા રે લોલ
મોટીબાએ દીધાં ઘણાં માન જો...વસમી૦
જશુબાએ જશ બહુ આપિયા રે લોલ
લાડુબાએ પૂજા કરી પ્રેમ જો...વસમી૦
ચરણ ચાંપી પીપળો ચલાવ્યો રે લોલ
પ્રગટ પરચાના પૂરનાર જો...વસમી૦
પાઘ આપી કરાવ્યાં પારખાં રે લોલ
નમાવ્યો અરદેશર કોટવાળ જો...વસમી૦
ધરજો અરજ અમારી અંતરે રે લોલ
દર્શન દેજો રે દીનાનાથ જો...વસમી૦
સગાં સંબંધી સહુ સ્વાર્થનાં રે લોલ
સાચા સગા છો તમે એક જો...વસમી૦
આ બાળ દિનરાત ઝંખતો રે લોલ
એક તમારા દર્શનની આશ જો...વસમી૦
બ્રહ્માનંદના તે સ્વામી શામળા રે લોલ
દેજો દિવ્ય મૂર્તિમાં વાસ જો...વસમી૦

**રાગ : પરજ-પદ-૧**

પ્રાણસ્નેહી ઘર આવો અબપિયરા, હીયરા ધીર ધરત નહિ મેરા...ટેક૦
દર્શ વિના દિલ દાહ ન બુજત, નહિ સુજત કછુ કાજ અનેરા...પ્રાણ૦ ૧
રસિક પિયા ઘનશ્યામ મનોહર, રજની દિવસ રહો દગનેરા...પ્રાણ૦ ૨
ચાતક નિરંતર ચિત્તમેં, તલખત નામ રટત હરિ તેરા...પ્રાણ૦ ૩
બ્રહ્માનંદ ઉર નેહ વધારન, ભવજલતારન હો તુમ બેરા...પ્રાણ૦ ૪

**પદ-૨**

છેલ ચતુર ઘનશ્યામ સ્નેહી, પ્રાણજીવન મેરે ભવન પધારો...છેલ૦ ટેક.
દૂર રહે દુઃખ હોત હૈ પ્રીતમ, નિકટ આયે તન તાપ નિવારો...છેલ૦ ૧
દીનબંધુ સુખસિંધુ સાંવરે, અશરણ શરણ હૈ નામ તુમારો...છેલ૦ ૨
ખાનપાન ધનધામ ધરાદિક, તુમબિન સબસુખ લગત નકારો...છેલ૦ ૨
બ્રહ્માનંદ કહત હરિ મેરો, દરશ પરશ કરી જન્મ સુધારો...છેલ૦ ૪

**પદ-૩**

શ્યામ ચતુર બ્રજરાજ પધારો, તુમ બિન વિરહ અગ્નિ તન તાવે...શ્યામ૦ ટેક.
ઝાંખી ભઈ હેરત પંથ અંખીયા, ભોજન પાન કછુ નહિ ભાવે...શ્યામ૦ ૧
મીલનકાજ તલખત મન મેરા, બીન દેખે અતિશય અકલાવે...શ્યામ૦ ૨
જ્યું મચ્છી જલસેં હોય ન્યારી, પયહુસે કછુ શાંતિ ન પાવે...શ્યામ૦ ૩
બ્રહ્માનંદ કહત હરીતુમ બીન, અંતરકો દુખ કોન મીટાવે...શ્યામ૦ ૪

**પદ-૪**

સુખસાગર ઘનશ્યામ છબીલે, તુમ જીયકે સાચે હિતકારી...સુખ૦ ટેક.
શરણે આયેકી હોત સહા, ભવ સંકટ મેટન ભયહારી...સુખ૦ ૧
નિજજનકે ગુનકે તુમ ગ્રાહક, અવગુન સબવિધિ દેત વિસારી...સુખ૦ ૨
જઠરા અગ્નિસેં જતન કીયો તુમ, આજહું અન્નજલ દેત સંભારી...સુખ૦ ૩
પ્રાણ પિયા તેરી કરુણા કે પર, બ્રહ્માનંદ જાત બલિહારી...સુખ૦ ૪

**રાગ : ખમાચ**

આજની ઘડી રે, ધન્ય આજની ઘડી;
મેં નીરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી...ટેક.
કામ ક્રોધ ને લોભ, વિષયરસ ન શકે નડી;
માવજીની મૂર્તિ મારા, હૃદયામાં ખડી રે...ધન્ય૦ ૧





જીવની બુદ્ધિ જાણી ન શકે, એ મોટી અડી;
સદ્ગુરુની દૃષ્ટિ જોતાં, વસ્તુ એ જડી રે...ધન્ય૦ ૨
ચોર્યાસી ચહુ ખાણમાં હું તો, થાક્યો આથડી;
અંતર હરિસું એકતા તારે, દુગ્ધા દૂધ પડી રે...ધન્ય૦ ૩
જ્ઞાનકુંચી ગુરુ ગમસેં, ગયાં તાળાં ઊઘડી;
લાડુ સહજાનંદ નિહાળતાં, ઠરી આંખડી રે...ધન્ય૦ ૪

**રાગ : ગરબી – પદ-૧**

આવોને ઓરા છેલ છબીલા મારી શેરીએ;
આવોને ઓરા હેત કરીને સામું હેરીએ...૧
આવોને ઓરા લાવો મળ્યાનો આપણ લીજીએ;
આવોને ઓરા કહાના એકાંતે વાતું કીજીએ...૨
આવોને ઓરા ખાંત કરીને આપણ ખેલીએ;
આવોને ઓરા માથે કલગી સુંદર મેલીએ...૩
આવોને ઓરા ફૂલે બિછાવી મેં તો સેજડી
આવોને ઓરા હાથ જોડીને આગે છું ખડી...૪
આવોને ઓરા મનડાં મળ્યાં તે નથી છૂટતાં;
આવોને ઓરા દૂરીજન દેખીને છોને કૂટતાં...૫
આવોને ઓરા પ્રગટ થયા અમારે કારણે;
આવોને ઓરા બ્રહ્માનંદ જાય તમારે વારણે...૬

**પદ-૨**

પધારો નાથ વાટ જોઈને ઊભી ક્યારની;
પધારો નાથ શંકા તજી મેં સંસારની...૧
પ૦ મંદિર અમારે રંગ માણીએ; પ૦ અવગુણ અમારા ચિત્ત નાણીએ...૨
પ૦ તમને વધાવું મોતીડે કરી; પ૦ પ્યારા રાખીશ હૈયા ઉપરી...૩
પ૦ માથાસાટે વરી છું રાજને; પ૦ મેલી લોકડીઆંની લાજને...૪
પ૦ ચિત્તડું મોહ્યું તમારી ચાલમાં; પ૦ ભુધર લખ્યા છો મારા ભાલમાં...૫
પ૦ છેલ છબીલા કુંવર નંદના; પ૦ વહાલા બ્રહ્માનંદના...૬

પદ-૩

છબીલા છેલ દૂર ફરો છો શીદ ડોલતા;
છબીલા છેલ અમથી શા માટે નથી બોલતા...૧
છ૦ અમને તમારો એક આસરો; છ૦ મનમાં ન ગોઠે પિયર સાસરો...૨
છ૦ વાલપ લાગી તમારા વેણમાં; છ૦ આવોને રાખશું જો નેણમાં...૩
છ૦ મુજને લાગી તમારી આંખડી; છ૦ પ્યારા પધારો પેરી ચાખડી...૪
છ૦ ભાવ કરીને આવો ભેટવા; છ૦ મનડાની દાઝ સરવે મેટવા...૫
છ૦ આળસ મેલી હવે આવીએ; છ૦ બ્રહ્માનંદને હસી બોલાવીએ...૬

પદ-૪

રંગીલા કાન અરજી અમારી એક જીલીએ;
રંગીલા કાન મનની આંટી તે હવે મેલીએ...૧
રં૦ રહોને આવીને અહીં રાતજી; રં૦ વાલપની કરીએ જો વાતડી...૨
રં૦ ઝાંઝું તમને શું કહી દાખીએ; રં૦ રાંકુથી રીસ નવ રાખીએ...૩
રં૦ છેટે રહેવું તે વારી નવ ઘટે; રં૦ મળ્યા વિના તે પીડા નવ મટે...૪
રં૦ પ્રીત કરીને અમને પરહર્યાં; રં૦ કુબ્જાના ઘર તે પોતાનાં કર્યા...૫
રં૦ બ્રહ્માનંદની તે અરજી સાંભળો; રં૦આવીને એકાંતે મુજને મળો...૬

રાગ : પરજ ખમાચ — પદ-૧

આંગણીયે ઝાઝું શું ભણીએ, આવો કહાના મારે આંગણીયે...ટેક.
ભાવ કરી નટનાગર ભેટો, હૈડાના તાપ પિયા હણીયે...આવો૦ ૧
હાથકડાં મોતીડાં કેરી માળા, સુંદર છેલ બણી ઠણીયે...આવો૦ ૨
નૌતમ સુંદર પાઘડલીના, પેચ ઝુકયા આવી પાંપણીયે...આવો૦ ૩
બ્રહ્માનંદ કહે પ્રેમ કરીને, તૃપ્ત કરું મહીં માખણીયે...આવો૦ ૪

પદ-૨

ઓસરીએ મનડાં હરીએ, આવો પ્યારા મારી ઓસરીએ...ટેક.
મારું મંદીરીયું તે શ્યામ તમારું, છેટે છેલા શીદને ફરીએ...આવો૦ ૧
પ્રીતમ નૌતમ પાઘડલીમાં, સુંદર છોગલીયાં ધરીએ...આવો૦ ૨
ફૂલડાંના હાર અનુપમ પહેરી, કોડે કોડે લટકા કરીએ...આવો૦ ૩
બ્રહ્માનંદના નાથ છબી તારી, જોઈ જોઈ અંતરમાં ઠરીએ...આવો૦ ૪





પદ-૩

ડોલરીઆ રંગના ભરીઆ, હસીને બોલો હરિ ડોલરીઆ...ટેક.
નટવર સુંદર નાથજીરે, તમને મેં અંતરમાં ધરીઆ...હસી૦ ૧
મિથ્યા જગની લાલચ મેલી, પ્રાણથકી પ્યારા કરીઆ...હસી૦ ૨
જગજીવન તારું રૂપને જોઈ, સર્વે વિષયરસ વીસરીઆ...હસી૦ ૩
બ્રહ્માનંદના છેલ છબીલા, કહાન ચતુરવર કેશરીઆ...હસી૦ ૪

પદ-૪

વાતડલી રહોને રાતડલી, વ્હાલા પૂછું એક વાતડલી...ટેક.
પીતાંબર સાટે મારા પ્રીતમ, સાડી લાવ્યા નવી ભાતડલી...વ્હાલા૦ ૧
મોરડલી લઈને મનમોહન, દીધું વેલણ કોણે દાતડલી...વ્હાલા૦ ૨
જેને ઘેર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતડલી...વ્હાલા૦ ૩
બ્રહ્માનંદ કહે સંશય થયો નહિ, ધન્ય છે તમારી છાતડલી...વ્હાલા૦ ૪

રાગ : ગરબી — પદ-૧

ઓરા આવો મારા લેરખડા લ્હેરી, કીધો તમ સારુ મેં જગ વેરી...ઓરા૦ ટે.
કાજુ નૌતમ જામા જરકસીયા, શોભે પાઘડલી શિર સાનેરી...ઓરા૦ ૧
નંગ જડીએલ બાજુ બેરકડા, કર પોંચી હેમકડાં પહેરી...ઓરા૦ ૨
તમે રસીયા રંગડાના ભરીયા, મુખ મોરલડી વાતા ઘેરી...ઓરા૦ ૩
બ્રહ્માનંદના છેલા છોગાળા, ચાલો ચાલ મલપતા ગજ કેરી...ઓરા૦ ૪

પદ-૨

મરમાળા મનમાન્યા માવા, રહોને આંખડલી આગે આવા...મરમાળા૦ ટેક.
તારા મનમોહન મીઠાં વેણાં, આવો શ્યામ તમે મુને સંભળાવા...મર૦ ૧
નિત્ય વ્હાલમ આવો મારે મંદિરિયે, રૂડી ચાલ ચતુરાઈ શીખાવા...મર૦ ૨
તમે નાવો તો હું નંદજીને ફળીયે, બહુ હેત કરીને આવું બોલાવા...મર૦ ૩
બ્રહ્માનંદના બાલ સનેહીડા, રાખું જોર કરીને નહિ દઉં જાવા...મર૦ ૪

પદ-૩

વ્હાલું લાગે મુને મોહન મુખ તારું, છે જો પૂરણચંદ્ર થકી સારું...વ્હાલું૦ ટે.
તારા મુખડાની મીઠી લાવણ્યતા, જોઈ કોટી કોટી કંદર્પ વારું...વ્હાલું૦ ૧
શુભ ગૌર કપોળે તીલ ત્રાજુ, તેમાં લોભાણું મનડું મારું...વ્હાલું૦ ૨

તારા મુખની શોભા મરમાળા, નિત્ય નીરખી અંતરમાં ધારું...વ્હાલું૦ ૩
બ્રહ્માનંદ કહે વશ કીધી મુજને, છે જો કોડીલું કામણગારું...વ્હાલું૦ ૪

**પદ-૪**

તારી મૂરતિ મન માની મારે, હવે શંકા જગની કોણ ધારે...તારી૦ ટે.
લટકાળા તમને લાડકડા, મેં તો દીઠેલ જમુનાને આરે...તારી૦ ૧
મનમોહન સુંદર મોળીડે, તોરા ફૂલતણા ઝુકીયા તારે...તારી૦ ૨
શુભનાસા દીપ સમાન બની, કાજુ નેણકમલ કેરે અનુસારે...તારી૦ ૩
બ્રહ્માનંદના હાર હઝારીડા, હું તો જીવું છું તુંને દેખું જ્યારે...તારી૦ ૪

**રાગ : કાફી — પદ-૧**

આજ મેં તો ભેટ્યા રે, અંકભર પ્રગટ હરિ,
આનંદ ઉગીઓ રે, નીરખી નજર કરી...ટેક૦
ધન્ય સખી દિન આજનો, વળી ધન્ય મૂહુર્ત ધન્ય વાર,
કરુણાનિધિ મુજ કારણે, મારે મંદિર પધાર્યા મોરાર;
દુર્બળ જાણી રે, મુજ પર મહેર કરી...આજ૦ ૧
સ્વેચ્છાએ આવ્યા ચાલીને, આગુની ઓળખાણ,
તન મન ધન મોહન છબી ઉપર, કરી નાખું કુરબાણ;
અઢળક ઢળીઆ રે, સખી મુને અભર ભરી...આજ૦ ૨
હું સૂતી તી ભરનિદ્રામાં, જગવી શ્યામ જરૂર,
ભેટતાં અંતરથી ભાગ્યું, મોહ માયાનું પૂર;
અંખીયાં ઉઘડી રે, થઈ છે ખબર ખરી...આજ૦ ૩
સુંદર શ્યામ મનોહર સૂરત, મૂરતિ બેઉ સમાન,
બ્રહ્માનંદ થઈ છું રસબસ, દેખતાં ગુલતાન;
શંકા મેટી રે, હું તો વર અમર વરી...આજ૦ ૪

**પદ-૨**

મંદિર પધાર્યા રે, મોહન મનગમતા,
બંસી વાતા રે, રસિયો રંગ રમતા...ટેક.
આવીને આંગણમાં ઊભા, ઓચીંતા અલબેલ,
હું જાગી પ્રીતમ ગલ લાગી, મચી છે રંગની રેલ;
રૂપે રૂડા રે, કોમળ પદ ક્રમતા...મંદિર૦ ૧





નૌતમ ચાલ ખ્યાલ પુની નૌતમ, રાજત નૌતમ રીત,
નૌતમ લાલ નીરખતાં સજની, પૂરણ વાધી પ્રીત;
આનંદ વાધ્યો રે, ગઈ સબ ઉન્નમતા...મંદિર૦ ૨
ચમકા કરતી ચાખડી પગે, છડી જડી નંગ હાથ,
જરકસ પાઘ જરીમય જામો, નીરખ્યા દીનાનાથ;
લોભીત નેણા રે, શોભીત લાવણ્યતા...મંદિર૦ ૩
અદ્‌ભુતરૂપ અજબ આભૂષણ, નટવર નંદકુમાર,
બ્રહ્માનંદ પ્રગટ પ્રીતમ પર, વારી વારંવાર;
ભૂધર ભેટ્યા રે, થઈ અંતર સમતા...મંદિર૦ ૪

**પદ-૩**

મોટો મહિમા રે, જગમાં હરિજનનો,
મોહ નિવારે રે, દુષ્કર આ મનનો...ટેક.
અગમ અગાધ સ્વરૂપ અગોચર, વદત નેતિ કરી વેદ,
પ્રગટ પ્રમાણ હરિ પુરુષોત્તમ, સાધુ જાનત ભેદ;
વેરો ભાંગો રે, મનકૃત ભિન્ન ભિન્નનો...મોટો૦ ૧
સાધે પ્રાણ સમાધિ ચડાવે, આસન દ્દઢ એકાંત,
મનની ભ્રમણા તબ મીટે, જબ ભેદ બતાવે સંત;
તેને સંગ રે, અધ્યાસ ટળે તનનો...મોટો૦ ૨
અરસઠ તીર્થ કરી ફરી આવે, દેત વીધિવત દાન,
સત્સંગ બિન સમઝે નહિ, કોઈ સાચી વાત નિદાન;
સંશય ભાંગે રે, અંતર પાપ પુણ્યનો...મોટો૦ ૩
શ્રુતિ સ્મૃતિ સબહી મીલ ગાવત, સંત સમાગમ સાર,
ભવસાગર તરવાને કારણ, નાવ રચ્યો કિરતાર;
બ્રહ્માનંદ શરણો રે, ન તજીએ સંતજનનો...મોટો૦ ૪

**પદ-૪**

હરિજન સંગે રે, શ્રીહરિ તરત મળે,
આનંદ વાધે રે, ભ્રાંતિ સર્વે ટળે...ટેક.
અષ્ટસિદ્ધિ નવનીધિ આદિ સબ, ચૌદ લોક સુખસોય,

આર્ત્ત જનને આ ભવમાંહી, સંતસમો નહિ કોય;
આતુર જાણી રે, હરિજન અઢળ ઢળે...હરિજન૦ ૧
કલ્પતરુ પારસ ચિંતામણી, ઉપમા સબ અલપાન,
વે પ્રાપત વિષયા દુઃખદાયક, વે કરે આપ સમાન;
જેને સંગે રે, અક્ષરમાંહ્ય ભળે...હરિજન૦ ૨
કાયા કલેશ કરંતા કેદી, નવ ટળે ભવપાશ,
આ ભવસાગર પાર ઉતારે, હરિ કે હરિના દાસ;
સંત સમાગમ રે, જાયે ત્રિય તાપ ટળે...હરિજન૦ ૩
માયાનો જન તો જ મટે, જો હરિજન શરણે જાય,
બ્રહ્માનંદ કહે વાર ન લાગે, તરત જીવ શિવ થાય;
મહાપદ પામી રે, પાછો કેદી ન વળે...હરીજન૦ ૪

**રાગ : મેવાડી — પદ-૧**

મુખડાની માયા લાગી રે મોહન તારા...ટેક૦
મુખડાની મીઠી વાણી, તેણે મન લીધું તાણી;
ઝબકીને સુતી જાગી રે...મોહન૦ ૧
મુખડું મેં જોયું તારું, બીજું સર્વે થયું ખારું;
હવે હું તો બડભાગી રે...મોહન૦ ૨
મુખડું જોવાને માટે, સહી કીધું શિર સાટે;
મહેણું મેં તો લીધું માગી રે...મોહન૦ ૩
બ્રહ્માનંદ જાય વારી, આશા એક મુને તારી;
તરછોડી મ થાશો ત્યાગી રે...મોહન૦ ૪

**પદ-૨**

વર્યા મં તો વનમાળીરે શીરને સાટે...ટેક.
તનડાની આશા ત્યાગી, લગની એ સાથે લાગી;
મોહી હું ભૂધર ભીળી રે...શિરને૦ ૧
સંસારનાં સુખ એવાં, ઝાંઝવાના પાણી જેવાં;
તુચ્છ જાણી આશા ટાળી રે...શિરને૦ ૨





પરણી પ્રીતમ પ્યારો, અખંડ સોહાગ મારો;
રંડાપાની બીક ટાળી રે...શિરને૦ ૩
બ્રહ્માનંદ કરે વ્હાલે, કર સાહ્યો નંદલાલે;
થઈ હું તો મતવાલી રે...શિરને૦ ૪

**પદ-૩**

મનડું લોભાણું મારું રે, સલુણો જોઈને...ટેક.
શું કરે સંસારી ખોટા, પાણી કેરા પરપોટા
તેની બીક શીદ ધારું રે...સલુણો૦ ૧
શ્યામળો સ્નેહી ભેટી, જગકેરી શંકા મેટી;
સર્વે મને થયું ખારું રે...સલુણો૦ ૨
બંધાણું હરિથી બેલું, શિર જાતે નવ મેલું;
વ્હાલા માથે તન વારું રે...સલુણો૦ ૩
બ્રહ્માનંદ કેરે નાથે, હેત કરી ઝાલી હાથે;
સધર્યું કારજ સારું રે...સલુણો૦ ૪

**પદ-૪**

વરીએ તો શામળીઓ વરીએ રે, ચતુર વર...ટેક.
તેનું તો હેવાતન કાચું, પરણી રંડાવું પાછું;
તેને ઘેર શું પાણી ભરીએ રે...ચતુર૦ ૧
જેને પરણે દુઃખ જાયે, અખંડ સોહાગ થાયે;
તેની સંગે પ્રીતિ કરીએ રે...ચતુર૦ ૨
સર્વે સંસારી જૂઠા, શું થવાનું રૂઠ્યા ત્રુઠ્યા;
તેને તુચ્છ જાણી ફરીએ રે...ચતુર૦ ૩
બ્રહ્માનંદ કેરે વ્હાલે, લટકાળે નંદલાલે;
હાથ મારો સ્હાયો હરિએરે...ચતુર૦ ૪

**રાગ : સોરઠ — પદ-૧**

સુણ સાહેલી, સહજાનંદ સંગાથે મારે પ્રીતડી;
તે તો નવ છૂટે, અંતરમાંહે અલૌકિક એવી ટેવ પડી...ટેક૦
હું ડરું નહિ હવે કોઈ ભાગી, મેં તો લોક લાજ સર્વે ત્યાગી;
મારી લગની એ સાથે લાગી...સુણ૦ ૧

મુને ઘર ધંધો દીઠો ન ગમે, મારું મનડું તો તે પાસ ભમે;
વહાલો હૃદિયામાં દિન રાત રમે...સુણ૦ ૨
મેં તો સમજી કીધું અચળ સહી, બહુ કૂટી થાક્યાં લોક કહી;
હવે તો શિર સાટાંની વાત થઈ...સુણ૦ ૩
સહુ વિસાર્યું તન ધન કુટુંબ સગું, એથી અધક્ષણ મનન રહે અળગું;
બ્રહ્માનંદ કહે મારું મન વળગ્યું...સુણ૦ ૪

**પદ-૨**

ઉરમાંહી વસી, સહજાનંદ સલુણી મૂર્તિ માધુરી;
થઈ નિઃશંક નિહાલ, લાલ છબી નીરખતાં મારી નજર ઠરી...ટેક૦
પગે ચમકા કરતી ચાખડી, છબી નટવર સુંદર હાથ છડી;
કરે ખ્યાલ અલૌકિક ઘડી ઘડી...ઉર૦ ૧
વ્હાલો જરકસના જામા પહેરી, ચાલે ચાલ ચમકતી ગજ કેરી;
તેણે લીધું મન મારું હેરી...ઉર૦ ૨
જે કોઈ એ સાથે પ્રીત કરે, તેના અંતરમાં જગ જાળ ન રહે;
તે ફેરા ભવમાં કેદી ન ફરે...ઉર૦ ૩
આવે અંગ આભૂષણ ઉલસિયો, કટિ જરકસનો કસણો કસિયો;
વ્હાલો બ્રહ્માનંદને મન વસિયો...ઉર૦ ૪

**પદ-૩**

મારા હૃદિયામાંય, રાતદિવસ એક રટના સહજાનંદની;
દગ આય વસી, સુંદર શ્યામ સ્વરૂપ છબી જગવંદની...ટેક.
દિલ છૂટી આંટી ડગમગની, મેલી મરજદા સર્વે જગની;
મારી લાગી એ સાથે લગની...મારા૦ ૧
જે એ સાથે લગની લાવે, તેની જન્મ મરણ સંસૃતિ જાવે;
ભાગ્ય બડાં હોય તેને ભાવે...મારા૦ ૨
મેં તો ઓથ ગ્રહી અવિચળ એની, મુને આશ નહિ બીજા કેની;
એ વિના બીજું કાંઈ છેની...મારા૦ ૩
એ વસ્તુ વેચાયે નહિ કોઈ હાટે, મીલે નહિ દીધા દ્રવ્ય માટે;
બ્રહ્માનંદ કહે એ તો શિર સાટે...મારા૦ ૪





**પદ-૪**

ધન્ય સંત સુજાન, સહજાનંદ ભજનમાં મન લેલીન હે;
કરી અચળ વિવેક, એક ટેક ઉર ધારી રહે સો પ્રવીન હે...ટેક.
જેણે તન ઉપાધિ સર્વે ત્યાગી, ઉર ભરમ કરમ ગ્રંથિ ભાંગી;
રહે અખંડ ભજનમાં અનુરાગી...ધન્ય૦ ૧
નહિ કામ ક્રોધ મદ લોભ કદી, રહે રામ નિરંતર માંહી હૃદા;
તે સમદર્શી બ્રહ્મરૂપ સદા...ધન્ય૦ ૨
ધુન અખંડ ન ભૂલત એક ઘડી, ઉરમાંહી અલૌકિક ટેવ પડી;
જેની સુરતી અહોનિશ ગગન ચડી...ધન્ય૦ ૩
નિત્ય બ્રહ્માનંદ ઉર સુખ વાસી, જેને અષ્ટસિદ્ધિ નવનિધિ દાસી;
એવા પ્રગટ પ્રભુના ઉપાસી...ધન્ય૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

વ્હાલા મારી શુદ્ધ બુધ તેં હરી લીધી રે, તારે લટકે વેરાગણ કીધી...ટેક૦
તારી નવલ કલગી દીઠી રે, મનડામાં લાગે અતિ મીઠી રે;
જાણે જબર જાદુડાની ચીઠી...વ્હાલા૦ ૧
જોયું મોળીડું આંટે ફરતું રે, પલ એક નથી વીસરતું રે;
મારું હૈડું ધીરજ નથી ધરતું...વ્હાલા૦ ૨
ભાલે આડ કેશર કેરી ભાળી રે, રેખું ત્રણ ઉપડતી રૂપાળી રે;
જાણે મન પકડ્યાની છે જાળી...વ્હાલા૦ ૩
બંકી ભ્રૂકુટી ઘણી મન ભાવી રે, બ્રહ્માનંદને વસી ઉર આવી રે;
જાણે શ્યામ કબાણ ચડાવી...વ્હાલા૦ ૪

**પદ-૨**

પ્યારા તારી પ્યારી લાગે છે પાંપણીયાં રે,
જોઈ ભેખ લીધો મેં જોગણીયાં...ટેક૦
તારાં લોચન બાણ તીખડીયાંરે, ઘણાં જાદુ હથોડીનાં ઘડીયાં રે;
આવી ઓચીંતા મુજ પર પડીયાં...પ્યારા૦ ૧
કાને કુંડળ નૌતમ ધરીયાં રે, ભારી નંગ વળી રંગ ભરીયાં રે;
આવી અંતરમાં ઊંડાં ગરીયાં...પ્યારા૦ ૩

દીઠું મુખડું ચંદા કેરે ડોળે રે, તિલ દક્ષિણ ગૌર કપોળે રે;

બ્રહ્માનંદ કહે તેને મુનિ ખોળે...પ્યારા૦ ૪

પદ-૩

રૂડી તારી મૂછની રેખા ઊપડતી રે, ચિત્ત ચોર્યું ચાલ્ય લડથડતી...ટેક૦

હેડામાં વસી મારે હાંસી રે, એને સમરે છે જોગ અધ્યાસી રે;

જાણે પ્રેમતણી માંડી ફાંસી...રૂડી૦ ૧

હેતે દંત બત્રીસી હેરી રે, ઠીક થઈને વૃત્તિ મારી ઠેરી રે;

કાજું કળીયું તે દાડમ કેરી...રૂડી૦ ૨

વ્હાલા મોરલી ધીરે સ્વર વાજો રે, પ્રીતે અધર અમૃત રસ પાજો રે;

જ્યાં જાઓ ત્યાં સાથે તેડી જાજો...રૂડી૦ ૩

જ્યારે ચાવો છો પાન સોપારી રે, છોળ આવે તંબોળની બારી રે;

તેનો બ્રહ્માનંદ અધિકારી...રૂડી૦ ૪

પદ-૪

કહાના તારો કંઠ કહ્યામાં ન આવે રે, એ તો કસ્તુભમણીને શોભાવે.

હૈયે પહેર્યા છે હાર હજારી રે, ભુજદંડ પ્રચંડ છે ભારીરે;

નાખી કંઠ જીવે વ્રજનારી...કહાના૦ ૧

શોભે કમરે રેંટો સુધો સારોરે, જ્ઞાની ધ્યાનીનો દિવસ ગુજારો રે;

ચાલ જોઈ લાજે હંસ બીચારો...કહાના૦ ૨

રૂડી લાગે છે પગની આંગળીયું રે, નખ તેજ જાય નહિ કળીયું રે;

જાણે ચંદ્રતણી મંડળીયું...કહાના૦ ૩

રાજે ચરણ લાંબી ઊર્ધ્વરેખું રે, હું તો ધ્યાન વિના એને દેખું રે;

બ્રહ્માનંદ કહે જન્મ ધન્ય લેખું...કહાના૦ ૪

રાગ : ગરબી — પદ-૧

તારે ચટક રંગીલો છેડલો, અલબેલા રે;

કાંઈ નવલ કસુંબી પાઘ, રંગના રેલા રે.

શિર અજબ કલગી શોભતી, અ૦ હૈડામાં રાખ્યા લાગ...રં૦ ૧

મોળીડું છાયું મોતીડે, અ૦ ફૂલડાંની સુંદર ફોર...રં૦ ૨

ઘેરે રંગે ગુચ્છ ગુલાબના, અ૦ જોઈ ભ્રમર ભમે તે ઠોર...રં૦ ૩





તારી પાઘડલીના પેચમાં, અ૦ મારું ચિત્તડું થયું ચકચૂર...રં૦ ૪

બ્રહ્માનંદ કહે તારી મૂરતિ, અ૦ વણદીઠે ઘેલી તૂર...રં ૫

પદ-૨

કેશરનું તિલક સોહામણું, ગિરિધારી રે;

ઝળકે છે સુંદર ભાલ, જાઉં બલિહારી રે.

રસ રેખડલી વીલસી રહી, ગિ૦ નિરખીને થઈ છું નિહાલ...જા૦ ૧

વારી બેહદ ભ્રૂકુટી વાંકડી, ગિ૦ જાણે કરડ શામ કબાણ...જા૦ ૨

રૂપાળી ટસરું રાતડી, ગિ૦ લોચનીઆં તીખાં બાણ...જા૦ ૩

નાસા અણીઆળી નમણી, ગિ૦ જોઈ લાજે દીપક કીર...જા૦ ૪

બ્રહ્માનંદ કહે જોઈ રહેતી નથી, ગિ૦ ઉર દેવત્રીયાને ધીર...જા૦ ૫

પદ-૩

કુંડળ બેઉ રાજે કાનમાં, વ્રજ ચંદા રે;

સુંદર માંહી બિંદુ શ્યામ, નંદના નંદા રે.

રંગભીના તારા રૂપને, વ્ર૦ જોઈ લાજે કોટીક કામ...નં૦ ૧

તિલનું એક નૌતમ ત્રાજવું, વ્ર૦ કંકોળેલ ગૌર કપોળ... નં૦ ૨

તારા અધર પ્રવાળા સરખા, વ્ર૦ છબી વદનકમળની ગોળ...નં૦ ૩

તારા દાંત ડોલરીયાની કળી, વ્ર૦ વળી દાડમકેરાં બીજ...નં૦ ૪

બ્રહ્માનંદ કહે હાસ્ય વિલાસમાં. વ્ર૦ રહી વ્રજનારી રંગભીજ...નં૦ ૫

પદ-૪

બાંયે બાજુ કાજુ બેરખા, મને પ્યારા રે;

બહુમૂલી લટકે બોર, કામણગારા રે.

હાથોમાં પોંચી હેમની, મ૦ ખાસી તન ચંદનખોર...કા૦ ૧

બની શોભા વીંટી વેઢની, મ૦ હૈયે નવલ ગુલાબી હાર...કા૦ ૨

તારું રૂપ જોઈ ઘેલી ફરે, મ૦ ગોકુળીયા કેરી નાર...કા૦ ૩

જોઈ તેજ અલૌકિક અંગનું, મ૦ થયા ઝાંખા સૂરજ ચંદ...કા૦ ૪

તારી નવલ છબીને ઉપરે, મ૦ બલિહારી બ્રહ્માનંદ...કા૦ ૫

રાગ : સોરઠ — પદ-૧

સુન માત જશોદા ગોરી, તેરે લાલ અંગુઠી ચોરી...સુન૦ ટેક.

કરત રસોઈ અપને કરતેં, કાઢી ધરી એક ઠોરી;

કહા જાનું કહા કરકે માઈ, નજર ચોરાઈ મોરી...સુન૦ ૧

લછન તેરે નવલલાલકે, મેં નહિ જાનત ભોળી;
લેકે સટક ગયો લરકનમેં, કર કર બાત ઠગોરી...સુન૦ ૨
નિત નિત ઘરમેં બેઠકે માખન, લેતે જોરાજોરી;
બ્રહ્માનંદ કહે યાકી લીલા, એસી લાખ કરોરી...સુન૦ ૩

પદ-૨

સુત એસે કામ ન કીજે, છાની વસ્તુ ન કબહુ લીજે...સુત૦ ટેક.
અપને સુતકું કહત જશોમતી, પરઘર પગ ન ધરીજે;
લાજ જાત દેખત લોકનમેં, સુને તો રાજા ખીજે...સુત૦ ૧
અપને ઘરમેં કમી ન મહીકી, જ્યું ભાવે ત્યું પીજે;
સુંદર શ્યામ અંગુઠી યાકી, હસકે પાછી દીજે...સુત૦ ૨
તુમ છોટે અબતે કૃત એસે, કહો કુન લોક પતીજે;
બ્રહ્માનંદ કહે તેરે કારન, કન્યા કહાં માગીજે...સુત૦ ૩

પદ-૩

યહ બોલત ગ્વાલન જૂઠી, મૈયા મેં નહિ લીન અંગુઠી...ય૦ ટેક.
મૈયારી મસ્તાન ભઈ હે, લરન ભરનમેં લુંઠી;
રાર કરનમે રસના યાકી, કબુ હોત ન કુંઠી...યહ૦ ૧
જોબન ધનકો જોર જનાવત, રહત નિશદિન રૂઠી;
છોટો દેખી ડરાવત મોકું, દેવત ગાલ અપુઠી...યહ૦ ૨
કુન જાણે યાકી કુન લે ગયો, ઊંઘત ઊંઘત ઊઠી;
બ્રહ્માનંદ કહે નહિ માનો તો, ખોલ દેખલો મૂઠી...યહ૦ ૩

પદ-૪

સબ કહત હે જૂઠ કનૈયા, સાચી મત માનો તુમ મૈયા...સ૦ ટેક.
મોહન ચોર અંગુઠી મેરી, સો દીની હલવૈયા
સબ દેખત હલવાઈ પાસે, લીની શેર મીઠૈયા...સબ૦ ૧
જાય મીઠાઈ દીની લરકનકું, વે સબ કહત ખવૈયા;
જો મેં યામેં જૂઠ કહું તો, પુછ દેખ બલભૈયા...સબ૦ ૨
નામ નિશાન સહિત ઉન દીને, ચોર કહાન ઠહરૈયા;
બ્રહ્માનંદ કહ્યો હસી જસોમતી, અબ નહિ એસી કરૈયા...સબ૦ ૩





રાગ : ધોળ — પદ-૧

મેં તો સર્વે સંગાથે તોડી રે સાહેલી.
એક જગના જીવન સાથે જોડી રે સાહેલી...૧
શું કરશે પિયર સાંસરીયાં રે, સા૦ મેં તો સમજીને પગલાં ભરીયાં રે...૨
મેં તો નિશ્ચે કર્યું મનમાંથી રે, સા૦ શિર સાટે એ વર ક્યાંથી રે...૩
પહેલું માથું પાસંગમાં મેલ્યું રે, સા૦ પછી વરવાનું બીડું ઝીલ્યું રે...૪
હું તો રહું નહિ કોઈની વારી રે, સા૦ ધાર્યા એક ધણી ગિરિધારી રે...૫
છાની વાત નહિ એ છાવી રે, સા૦ બ્રહ્માનંદના વહાલાની કહાવી રે...૬

પદ-૨

જોયું સરવે જગત તપાસીરે રઢ લાગી,
એક પુરુષ દીઠા અવિનાશીરે રઢ લાગી...૧
બીજે અબળાની સર્વે ટોળી રે, રઢ૦ દીઠું ચૌદ ભુવન લગી ખોળી રે...૨
અબળા અબળાને શું પરણું રે, રઢ૦ માટે બળીયાનું લીધું શરણું રે...૩
કહાનકુંવરથી સગપણ કીધું રે, રઢ૦ એનું મહેણું મેં માથે લીધું રે...૪
શિર નાખ્યો હવે મેં તો છેડો રે, રઢ૦ લાગ્યો નંદન સાથે નેડો રે...૫
સર્વે અવર પુરુષ પરહરીયા રે, રઢ૦ બ્રહ્માનંદના વ્હાલાને વરીયા રે...૬

પદ-૩

શું કરશે સંસારી કહીને રે હરિ વરીયા,
ચાલી જગ માથે પગ દઈનેરે હરિ વરીયા...૧
જેમ શૂરો રણમાં ખેલે રે, હરિ૦ શત્રુ સન્મુખ પગલાં મેલેરે...૨
થઈ નિઃશંક લડાઈ લેવે રે, હરિ૦ કેદી પાછા પગ નવ દેવેરે...૩
એમ સમજીને હું તો ચાલી રે, હરિ૦ મનમાં મરવાની આંટી ઝાલીરે...૪
સૌ સાથે તે નાતો તોડ્યો રે, હરિ૦ હથેવાળો તે હરિશું જોડ્યોરે...૫
બ્રહ્માનંદ કહે થઈ મતવાલી રે, હરિ૦ માથા સાટે વર્યા વનમાળીરે...૬

પદ-૪

એવી અંતર આંટી પાડીરે સુણ બહેની,
ઊખડે નહિ કોઈની ઉખાડીરે સુણ બહેની...૧
જેમ ચાતક આંટી રાખેરે, સુ૦ વિના સ્વાતિ નીર નવ ચાખેરે...૨
જેમ કેસરી ઘાસ ન ખાયરે, સુ૦ સો લાંઘણ કરી મરી જાય રે...૩

એમ નિશ્ચે વિઠ્ઠલને વરવું રે, સુ૦ નહિ તો સાવ કુંવારા મરવું રે...૪
બીજા પુરુષ સામું નવ જોવું રે, સુ૦ ચિત્ત પાતળિયામાં પ્રોવું રે...૫
બ્રહ્માનંદ કહે પહેલે વિચારી રે, સુ૦ પછે વાત કાઢી મેં બારી રે...૬

**રાગ : કાફી — પદ-૧**

કાનુડા કેડે ફરવું રે, કોઈથી ન ડરવું...કાનુ૦
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તે હૈડે નવ ધરવું રે...કોઈ૦ ૧
સગાં કુટુંબી સરવે સંગાથે, હેતલડું પરહરવું રે...કોઈ૦ ૨
સંસારીથી સગપણ તોડી, કાનકુંવરથી કરવું રે...કોઈ૦ ૩
બ્રહ્માનંદ કે' મન કર્મ વચને, વ્રજજીવનને વરવું રે...કોઈ૦ ૪

**પદ-૨**

કાનુડા કેરે જાવું રે, સમજી શું આવું...કાનુ૦
મોહનનું મેણું મારે માથે કોઈ દી' બીજાને નહિ કા'વું રે...સમજી૦ ૧
ચૌદ લોકમાં સરવે અબળા, તેને વરીને ખોટું થાવું રે...સમજી૦ ૨
વરીએ તો નટનાગરને વરીએ, અખંડ એ વાત ન સા'વું રે...સમજી૦ ૩
બ્રહ્માનંદ કહે અવર પુરુષને, વરવાથી રૂડું વિખ ખાવું રે...સમજી૦ ૪

**પદ-૩**

કાનુડા કેડે ચાલી રે, થઈ મતવાલી...કાનુ૦
હું જાણું લોકડિયાં કાલાં, લોક કહે છે મુને કાલી રે...થઈ૦ ૧
જે ચાલે કાનુડાની કેડે, તેની ખેપ ન જાય કે'દી ખાલી રે...થઈ૦ ૨
શિર જાતાં નટવર નહીં છોડું ટેક૦ અચળ ઉર ધારી રે...થઈ૦ ૩
બ્રહ્માનંદના નાથ સંગાથે, લાગી છે રંગડાની તાળી રે...થઈ૦ ૪

**પદ-૪**

કાનુડા કેડે જાઈએ રે, શીદને લજાઈ...કાનુ૦
લાજ વિના લોકડિયાં તેથી, દુર્બળ થઈ ન દબાઈએ રે...શીદ૦ ૧
વ્રજજીવનને ભજતાં વારે, નામ તેનું લઈ નાહીએ રે...શીદ૦ ૨
કો'ને સારું શું થાવાનું, લોક તણી મોટાઈએ રે...શીદ૦ ૩
બ્રહ્માનંદ કહે નિઃશંક થઈને, ગોવિંદના ગુણ ગાઈએ રે...શીદ૦ ૪





**રાગ : પરજ — પદ-૧**

જોઈ મૂરતિ મનોહર તારી, માવા રે મારાં નેણાં લોભાણાં...ટેક૦
મોળીડા ઉપર નવલ કલંગી, શોભે છે અતિ સારી...માવા રે૦ ૧
હેત કરીને હૈડાની ઉપર, માળા મોતીડાની ધારી...માવા રે૦ ૨
અતિ રે શોભે છે છાતી ઊપડતી, ચાલ જગતથી ન્યારી...માવા રે૦ ૩
બ્રહ્માનંદ કે' એ છબી ઉપર, સરવસ નાખું વારી...માવા રે૦ ૪

**પદ-૨**

તારી લાવનમાં લોભાણી; વા'લા રે મારા નવલ વિહારી...ટેક૦
મૂરતિ મનોહર જોઈને તારી, ભૂલી હું ભરવું પાણી...વાલા રે૦ ૧
પૂરણ ચંદ્ર સરીખું મુખડું, ભૃકુટિમાં ભરમાણી...વા'લા રે૦ ૨
છોગલિયે ચકચૂર થઈ છું, ડોલરિયા વ્રજદાણી...વા'લા રે૦ ૩
બ્રહ્માનંદ કે' જોઈ તારાં નેણાં, વેણામાં વેધાણી...વા'લા રે૦ ૪

**પદ-૩**

અમે કો' વ્રજમાં કેમ રૈયે ? મૈયા રે, તારો લાલ અટારો. ટેક૦
રાતદિવસ મારી કેડે પડ્યો છે, કેટલુંક આવીને કૈયે ?...મૈયા રે૦ ૧
ચોરી કરે મારા ઘરડામાં છાની, દાડીનાં દુઃખ કેમ સૈયે...મૈયા રે૦ ૨
ખેલકે જમુનાજીને આરે આવી, બાઝે મારે મૈયા...મૈયા રે૦ ૩
બ્રહ્માનંદ કે ગોકુળ મેલી, કૈં' તો મથુરામાં જૈયે ?...મૈયા રે૦ ૪

**પદ-૪**

મારી આળ કરે શીદ આવી ? એને રે, તમે વારો જસોદા...ટેક૦
પાણીડું ભરતાં પાલવ ઝાલે, છાની નહીં વાત ચાવી...એને રે૦ ૧
મારગ જાતાં મૈ'ડું લૂંટે છે, શાને કાજે બોલાવી ?...એને રે૦ ૨
તમારી પાસ સાચો રે થાવા, વાત કરે છે બનાવી...એને રે૦ ૩
બ્રહ્માનંદ કહે નંદલાલે, અમને તે હાર પમાડી...એને રે૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

શેરી ભલી પણ સાંકડી રે, નગર ભલાં પણ દૂર રે
કેસરિયા એક વાર ગઢડે પધારજો રે...ટેક૦
શેરીએ આવતાં શોભતા રે, ઘોડલડે અસવાર રે...કેસરિયા૦ ૧

માણેકચોકમાં મલપતા રે, ઊડે છે અબીલ ગુલાલ રે...કેસરિયા૦ ૨
ઓસરીએ ઢોલિયો ઢળાવતા રે, બેસતા બહુ વાર રે...કેસરિયા૦ ૩
ગોપીનાથનાં મંદિરિયાં રે, તમ વિના સૂનાં દેખાય રે...કેસરિયા૦ ૪
સહજાનંદજી સુજાણ છો રે, બ્રહ્માનંદના રાય રે...કેસરિયા૦ ૫

**પદ-૨**

સૂનું મૂક્યું તમે ગઢડું રે, ક્યાં ગયા ધર્મકુમાર રે,
શામળિયા સુણો કહું એક વિનતિ રે...ટેક૦
ઉન્મત્ત ગંગાના નીરમાં રે, અન્ન વિષ તુલ્ય થાય રે...શામળિયા૦ ૧
તમ વિના પુરનાં જનને રે, અન્ન વિષ તુલ્ય થાય રે...શામળિયા૦ ૨
અક્ષર ઓરડીમાં બેસતા રે, તમ વિના સૂની દેખાય રે...શામળિયા૦ ૩
રાજ માર્ગમાં ચાલતા રે, સર્વે મુનિ ચારે પાસ રે...શામળિયા૦ ૪
બ્રહ્માનંદના નાથજી રે, આવો વહેલા અવિનાશ રે...શામળિયા૦ ૫

**પદ-૩**

સહજાનંદજી સુખરૂપ છો રે, શોભા તણા શણગાર રે;
મોહનવર દયા કરી દર્શન આપજો રે...ટેક૦
પૂર્વે કહ્યું'તું ઉદ્ધવને રે, લઈશ બીજો અવતાર રે...મોહનવર૦ ૧
પુરુષોત્તમ તમે પ્રગટી રે, કર્યાં સહુનાં કાજ રે...મોહનવર૦ ૨
સુખસાગર ઘનશ્યામજી રે, ભક્તોના સુખ જહાજ રે...મોહનવર૦ ૩
શ્રીજી તમે ભક્તિ ધર્મથી રે, ભૂ પર ધર્યો અવતાર રે...મોહનવર૦ ૪
બ્રહ્માનંદ કહે મારે તમ થકી રે, અંતરે સુખ અપાર રે...મોહનવર૦ ૫

**પદ-૪**

સ્વામિનારાયણ સત્ય છો રે, પ્રગટ થયા પરબ્રહ્મ
પુરુષોત્તમ અક્ષરપતિ અલબેલડા રે...ટેક૦
કૌસલ દેશથી આવિયા રે, આંહી રહ્યા પૂરણકામ રે...પુ૦ ૧
સહજાનંદજી હું તમ વિના રે, ઘેલી ફરું ઘરમાંય રે...પુ૦ ૨
મુજને સંભાળજો શામળા રે, રહેજો મારા અંતરમાંય રે...પુ૦ ૩
તમ વિના મારા નાથજી રે, કોઈનો નહિ મારે ભાર રે...પુ૦ ૪
બ્રહ્માનંદના શામળા રે, મેલો મા ઘડી દૂર રે...પુ૦ ૫





**રાગ : ગરબી – પદ-૧**

એકલડાં કેમ રે'વાય તમ વિના વા'લાજી, મંદિરીયું ખાવા ધાય...તમ૦ ૧
હૈયાની કોણ પૂરે હામ તમ૦ મારે હાથ ન લાગે કામ...તમ૦ ૨
કોણ માને દિલની વાત તમ૦ સુખ ના'વે દિન ને રાત...તમ૦ ૩
મારી જુગ તુલ રજની જાય તમ૦ મહા દુઃખ છે હૈયા માંય...તમ૦ ૪
બ્રહ્માનંદના સ્વામી જાણ તમ૦ હું કેમ કરી રાખું પ્રાણ...તમ૦ ૫

**પદ-૨**

મરમાળા મારે મો'લ..આવો અલબેલા, છોગાવાળા સુંદર છેલ...આ૦ ૧
હું તો સજી રહી શણગાર આવો૦ મારા પ્રાણ તણા આધાર...આવો૦ ૨
હું તો જોઈને રહી છું વાટ આવો૦ મેં ખાંતે ઢાળી ખાટ...આવો૦ ૩
જાણો છો રસની રીત આવો૦ પાતળિયા તમ શું પ્રીત...આવો૦ ૪
બ્રહ્માનંદ કહે મચ્યો ખેલ આવો૦ રંગડાની કરવા રેલ...આવો૦ ૫

**પદ-૩**

નેણાંની સાને નાથ...પ્રીતમ પાતળિયા, મન ફરે તમારે સાથ...પ્રીત૦ ૧
કામણિયા કીધાં કોઈ પ્રીત૦ વણદીઠે સુખ નવ હોઈ...પ્રીત૦ ૨
મારે હાથ ન લાગે કામ પ્રીત૦ શું કીધું સુંદર શ્યામ...પ્રીત૦ ૩
કામણ છે મોરલી માંય પ્રીત૦ સાંભળતાં શુધ વિસરાય...પ્રીત૦ ૪
બ્રહ્માનંદના સ્વામી છેલ પ્રીત૦ હું આવીશ તારે ગેલ...પ્રીત૦ ૫

**પદ-૪**

આવોને રમીએ આજ, જગના જીવનજી રસમાં ચતુર છો રાજ...જ૦ ૧
સેજલડી બની છે સાર જ૦ માણોને નંદકુમાર...જ૦ ૨
મુજ દાસી ઉપર મહેર જ૦ આવી કરોને લીલા લહેર...જ૦ ૩
મારું તનડું ટાઢું થાય જ૦ હૈયામાં હરખ ન માય...જ૦ ૪
બ્રહ્માનંદ કહે વારંવાર જ૦ તમ સાથે લાગ્યો પ્યાર...જ૦ ૫

**રાગ : ધનાશ્રી – પદ-૧**

મારા કેસરિયા વર કાન, જાઉં તારે વારણિયે;
મોહી છું મોરલડીને તાન, આવી ઊભી બારણિયે૦
આવી વસ્યું છે મારે અંતરે, વા'લા રૂપ અલૌકિક તારું;

છેલ છબીલા તારું' છોગલું રે, મુને પ્રીતમ લાગે છે પ્યારું રે...જાઉં૦
સુભગ સોના કેરાં સાંકળાં રે, માંહી ચૂની રતન જડાવું;
નવલ રંગીલા મારા નાથજીરે, તો પ્રેમે કરીને પેરાવું રે...જાઉં૦
ફૂલ તણી માળા ફૂટડી રે, વારી પ્રાણજીવન તમે પહેરી;
બ્રહ્માનંદના વા'લમા રે મારા લાડકડા રંગ લે'રી રે...જાઉં૦

પદ-૨

મોહી છું વાલમ ભીને વાન, મોહન મરમાળા;
થઈ રૂપ જોઈને ગુલતાન, રસિયા રૂપાળા૦
રસિક સલૂણા રૂડા રૂપમાં રે, વારી મનડું આવીને મોહ્યું;
છેલ છબીલા મારું ચિત્તડું રે તારી પાઘડલીમાં પ્રોયું રે...મોહન૦
ભાલ તિલક સોહામણું રે, મીઠી મુખડા કેરી વાણી;
કુંડળિયે તારે કાનજી રે, મારું મનડું લીધું તાણી રે...મોહન૦
અંબર આભૂષણ અંગમાં રે, નિત્ય પે'રીને દરશન દેવું;
બ્રહ્માનંદના વાલમા રે, વાલા બીજું નહીં તમ જેવું રે...મોહન૦

પદ-૩

મારા શામળિયા સુખધામ, મોહી છું મરકલડે;
તમને જોઈને સુંદર શ્યામ, ચિત્તડે રંગ ચડે,
તમ કારણ મારા નાથજીને રે, મેં તો જગની લજ્જા ત્યાગી;
રસિકાપયા તારા રૂપમરિ મારી લગની અહોનિશ લાગી રે...મોહી૦
હાથકડાં બેઉ હેમનાં રે, તમે પહેર્યાં પ્રીતમ પ્યારા;
નટવર રાખું નેણમાં રે, નિત મોહન જીવન મારા રે...મોહી૦
છબી જોઈને તારી છેલવર, મારી મનવરતી લોભાણી;
બ્રહ્માનંદના વાલમા રે આવી, તમ સંગ પ્રીત બંધાણી રે...મોહી૦

પદ-૪

મારા લેરખડા નંદલાલ, વા'લી તારી વાતલડી;
જોઈને ચટક રંગીલી રૂડી ચાલ, ઠરે છે મારી છાતડલી૦
વ્રજજીવન તારી વાતડી રે, મારે પ્રીતમ અંતર પેઠી;
નીમખ ન મેલું મારા નાથજી રે, હું તો સમરું સૂતીને બેઠી રે...વા'લી૦





રાજેશ્વર તારા રૂપમાં રે, મેં તો મનવરતી ઠેરાવી;
મોહન તારી મૂરતિ રે, રહી આંખડલીમાં આવી રે...વા'લી૦
અજબ સોનેરી ઊતરી રે. માહી માણેક જડિયલ મોતી;
બ્રહ્માનંદના વાલમા રે, હું જીવું છું નિશદિન જોતી રે...વા'લી૦

રાગ : ગરબી – પદ-૧

મેં તો સગપણ કીધું રે, કે શામળિયા સાથે;
માવાનું મેણું રે, કે લીધું છે માથે...૧
તન મન ધન સર્વે રે, કે મિથ્યા ધારીને;
વરી મગન થઈને રે, કે કુંજવિહારીને...૨
તુચ્છ જાણી સર્વે રે, કે લજ્જા ત્યાગીને;
મોહનનું મેણું રે, કે લીધું માગીને...૩
દુર્મતિ દુર્જનિયાં રે, કે કહીને શું કરશે;
પોતાને પાપે રે, કે બળી બળીને મરશે...૪
મતવાલા સંગે રે, કે થઈ છું મતવાલી;
માથાથી મોંઘા રે, કે કીધા વનમાળી...૫
ખાંતે હું ખેલું રે, કે સુંદરવર સંગે;
બ્રહ્માનંદ કહે રીઝી રે, કે રસિયાને રંગે...૬

પદ-૨

મારે મંદિર ના'વો રે, કે મોહન શા માટે ?
શિર જાશે ઘોળ્યું રે, કે વાલમ તમ સાટે...૧
શું કરશે ઘોળ્યાં રે, કે જૂઠા સંસારી;
ધરશો મા શંકા રે, કે મનમાં ગિરધારી...૨
જગજીવન તમને રે, કે સાચા જાણીને;
કોણ માને જગની રે, કે ખોટી વાણીને...૩
મારે મનડે ભાવ્યા રે, કે મોહન મરમાળા;
સો માથાં જાતા રે, કે સોંઘા છોગાળા...૪
તમ સાથે જોડી રે, સૌથી તોડીને;
દુરિજન શું કરશે રે, કે મુખડાં મોડીને ?...૫

શર સાટે સમજી રે, કે બાંધ્યું છે બેલું;
બ્રહ્માનંદના વહાલા રે, કે તમને કેમ મેલું ?...૬

પદ-૩

સમજીને સાયો રે, કે હરિ તારો છેડો,
મનમોહન મેલું રે કે કેમ કરીને કેડો ?...૧
તમ સાથ બંધાણી રે, કે આવી પ્રીતડલી;
ભૂધર ભાંગી છે રે, કે ભવની ભીતડલી...૨
પિયર સાસરિયું રે, કે સૌ લાગે ખારું;
મોહન તમ સાથે રે, કે મન માન્યું મારું...૩
નિશ્ચયની નોબત રે, કે વાલમ વાગી છે;
તમ સારુ જગની રે, કે લજ્જા ત્યાગી છે...૪
નટવર તમ સંગે રે, કે લાગ્યો છે નેહડો;
ડોલરિયા ઘોળ્યો રે, કે તમ ઉપર દેહડો...૫
બ્રહ્માનંદના વા'લા રે, કે વહાલ પધારોને;
પોતાની જાણી રે, કે સેજ પધારોને...૬

પદ-૪

અવસર આવ્યો છે રે, કે તમને ભજવાનો;
તનની ઉપાધિ રે, કે સર્વ તજવાનો...૧
ધારું નહિ માથે રે, કે ઘણી દેહધારીને;
તમ ઉપર સર્વે રે, કે નાખું વારીને...૨
અવતાર ધર્યો છે રે, કે તમને વરવાને;
કુળની મર્યાદા રે, કે ખોટી કરવાને...૩
અમૃતરસ મેલી રે, કે વિખ હું નહિ ચાખું;
રસિયા તમ વિના રે, કે વહાલું નહિ રાખું...૪
શું કરશે મુજને રે, કે કૂડાં લોકડિયા ?
જગજીવન મારે રે, કે જીવડલે જડિયા...૫
બ્રહ્માનંદના વહાલા રે, કે મા દેશો વિસારી;
તન મન ધન સોંપી રે, કે થઈ રહી છું તારી...૬





રાગ : ગરબી – પદ-૧

વા'લો વધાવું, મારો વા'લો વધાવું,
આજની ઘડી રળિયામણી રે મારો વા'લો વધાવું.
પ્રાણજીવન મારે મંદિર પધાર્યા,
હાર પેરાવું હીરામણિ રે...મારો૦ ૧
કાનકુંવર અળવીલાને કારણે,
જતને રાખ્યાં છે દહીં જામણી રે...મારો૦ ૨
ચોખા રાંધીને કાજુ આપીશ સવારમાં,
સાકર ને દૂધની શિરામણી રે...મારો૦ ૩
બ્રહ્માનંદના રંગભીના વા'લાની કરું,
પ્રીતે સહિત પધરામણી રે...મારો૦ ૪

પદ-૨

કાન રંગીલો છેલો કાન રંગીલો,
આજ મારે ઘેર આવિયારે, છેલો કાન રંગીલો.
ટોડલે ટોડલે તોરણ બંધાવિયાં,
ફૂલડે ચોક પુરાવિયા રે...છેલો૦ ૧
ગજ મોતીડાંનો થાળ ભરીને,
મેં તો સરવે પેલા જઈ વધાવિયા રે...છેલો૦ ૨
અગર ચંદન કેરી ગાર કરી બેની,
પ્રીત કરી ઓરડા લિપાવિયા રે...છેલો૦ ૩
બ્રહ્માનંદનો વા'લો છેલ ચતુરવર
મંદિરમાં પધરાવિયા રે...છેલો૦ ૪

પદ-૩

શ્યામ સલુણો આવ્યા શ્યામ સલૂણો,
ધન્ય ઘડી છે આજનીરે, આવ્યા શ્યામ સલૂણો;
વા'લો પધાર્યા એવી સાંભળી વધામણી;
સૂરત ભૂલી ઘરકાજની રે...આવ્યા૦ ૧
સામૈયું લઈને ચાલી વા'લાને વધાવવા,
શંકા ન રાખી લોકલાજની રે...આવ્યા૦ ૨

વાજાં નગારાં ઢોલ શરણાઈ વગાડી,
કરો ધુન તાલ પખાજની રે...આવ્યા૦ ૩
બ્રહ્માનંદ કહે આવી વસી મારે અંતરે,
સૂરત રસિક વ્રજરાજની રે...આવ્યા૦ ૪

**પદ-૪**

વા'લો પધાર્યા તે વા'લો પધાર્યા;
જેની નિત્ય વાટડી હેરતાં રે; તે વા'લો પધાર્યા;
કાનકુંવરના સમાચાર કારણે;
વટેમારગુને જઈ ઘેરતાં રે;...તે વાલો૦ ૧
દર્શન કારણે દિલગીર થઈ અંતરે,
જેને કાજે આંસુડાં ખેરતાં રે;...તે વાલો૦ ૨
કાગ ઉડાડતાં ને જોશ જોવરાવતા,
માળા જેના નામની ફેરતાં રે;...તે વાલો૦ ૩
બ્રહ્માનંદના વા'લાની વધામણી,
સુણી ફૂલ શેરીએ વેરતાં રે;...તે વાલો૦ ૪

**રાગ : ધોળ – પદ-૧**

હેલી જોને આ નંદકુમાર, સલૂણો શોભતા;
ચાલે મદઝર ગજની ચાલ, રસિક ચિત્ત લોભતા...૧
પ્યારી લાલ સુરંગી પાઘ, અલૌકિક બાંધવી;
છટા પેચ ઝૂક્યા ચહુકોર, અધિક શોભા બની...૨
રૂડી રાજે છે નલવટ રેખ, મનોહર માવને;
જોતાં કેસર તિલક અનુપ, વધારે ભાવને...૩
ઊભા અળવ કરે અલબેલ, સખાના સંગમાં;
ખેલે બ્રહ્માનંદનો નાથ, રાજેશ્વર રંગમાં...૪

**પદ-૨**

શોભે નટવરજીને શીશ, કલગી વાંકડી;
પોખરાજ પિરોજા લાલ મોતીડેથી જડી...૧
તોરો ફૂલતણો નવરંગ, મોળીડા ઉપરે;
જોઈને કાનકુંવરનું રૂપ, મારા નેણાં ઠરે...૨





સખી આંટાદાર અનુપ, પિયાજીની પાઘડી;
તે તો વીસરે નહિ પળ એક, જીવડલામાં જડી...૩
લળકે કુંડળ કાનુમાંય, કે મોંઘા મૂલનાં;
બાંધ્યા બ્રહ્માનંદને નાથ કે બાજુ ફૂલના...૪

**પદ-૩**

આંખડલી શરદસરોજ, રસીલા લાલની;
દેખી મનડું પામે મોહ, તિલક છબી ભાલની...૧
નાસા સુંદર દીપ સમાન, અધિક શોભી રહી;
મુખ નીરખીને શશિયર જ્યોત, ગગન ઝાંખી થઈ...૨
લીધી લટકાળે નંદલાલ, કે હાથ કબાણને;
એની ચટક રંગીલી ચાલ, હરે મન પ્રાણને...૩
કાજુ મોતીડે જડિત કટાર, કમર કસી લીધલો;
નીરખી બ્રહ્માનંદ કહે, જન્મ સુફળ મારો કીધલો...૪

**પદ-૪**

સખી કેસરભીનો કાન, ઠરે જોઈ છાતડી;
રૂડી આંખડલીમાં રેખ, મનોહર રાતડી...૧
બેની સાંભળતાં ગુલતાન, થઈ એના ગીતમાં;
રસિયા વર કેરો રંગ, ચડ્યો મારા ચિત્તમાં...૨
સમજાવી મુજને શ્યામ, નેણું કેરી સાનમાં;
મને મગન કરી મસ્તાન, અમૃત-રસ-પાનમાં...૩
કાજુ રાજે છે ગોર કપોળ, સુભગ તિલ ત્રાજવી;
શોભે બ્રહ્માનંદનો નાથ, રસીલો રાજવી...૪

**રાગ : પરજ – પદ-૧**

હૈડાનો હાર હરિ રે, મારે રંગભીનો; હૈડાનો હાર હરિ ૦
મંદિરમાં પધરાવી મોહનને, ભેટું હું અંક ભરી રે...મારે૦ ૧
જગના જીવનને હું નહીં દઉં જાવા, રાખીશ જતન કરી રે...મારે૦ ૨
રસિક નવલ વર રાજેશ્વરને, નીરખીને નયણે ઠરી રે...મારે૦ ૩
બ્રહ્માનંદના નાથને સજની, મન કર્મ વચને વરી રે...મારે૦ ૪

**પદ-૨**

વર નંદલાલ વરું રે, સખી અલબેલો; વર નંદલાલ વરું ૦
મૂરખ લોક દાઝી છોને મરતા, કોઈની શંકા ન ધરું રે...સખી૦ ૧
કાનકુંવર સંગ નેહ કરીને, જગથી તે શીદ ડરું રે...સખી૦ ૨
પરણું તો વર પુરુષોત્તમ પરણું, નહીં તો કુંવારી મરું રે...સખી૦ ૩
બ્રહ્માનંદના નાથ ને માથે, તન કુરબાન કરું રે...સખી૦ ૪

**પદ-૩**

ધોળી હું ગિરધરિયા રે માથે તારે મોહન; ધોળી હું ગિરધરિયા૦
પ્રાણજીવન મારે મહોલ પધારો, ભુધર રંગ ભરિયા રે...માથે૦ ૧
પહેલી પ્રીત કરીને મારા, પ્રાણ તમે હરિયા રે...માથે૦ ૨
મસ્તકને સાટે મેં તમને, વાલમજી વરિયા રે...માથે૦ ૩
બ્રહ્માનંદ કહે એ ઘડી દૂર, રહોમાં ડોલરિયા રે...માથે૦ ૪

**પદ-૪**

લાગેલ રંગઝડી રે, મારે રસિયાજી શું લાગેલ રંગઝડી
મોહનલાલ રંગીલાની મૂરતિ, જીવડલામાં જડી રે...મારે૦ ૧
પ્રાણજીવન પાતળિયાની આગે, હાથ જોડીને ખડી રે...મારે૦ ૨
મીટ થકી ક્ષણ દૂર ન મેલું, પ્રેમને પાશ પડી રે...મારે૦ ૩
બ્રહ્માનંદના નાથને ભેટી, ધન્ય ધન્ય આજ ઘડી રે...મારે૦ ૪

**રાગ : ગરબી – પદ-૧**

મુને વાલી લાગે રંગીલા તારી મૂર્તિ રે,
રંગના ભીના રસિક વ્રજ રાજ રે;
કોડીલા છેલા કાનુડા તારે કારણે રે,
મેલી મેં તો સગા કુટુંબની લાજ રે...મુને૦ ૧
પ્રોવાણી મનમાં આવીને તારી પાઘડી રે,
છે જો કાંઈ ચટક કસુંબી રંગચોળ રે;
બહુ રડી લાગે અલોકિક બાંધણી રે,
આવ્યો છે અજબ અલોકિક ડોળ રે...મુને૦ ૨
બની છે નવલ કલગી વાંકડી રે,
જડીયલ હીરા લાલ ઝવેર રે;





રૂડા છૂટા પેચ દીસે છે રળિયામણા રે,
લટકે ગજ મોતીડાંની લેર રે...મુને૦ ૩
ભાવે મેં તો તિલક કેસર કેરું ભાળીયું રે,
તે દીઠી ચિત્તડું થયું છે ચકચૂર રે;
બ્રહ્માનંદ કહે રસીલા મારા વાલમાં રે,
ન કરું લોચનીયાંથી ઘડી દૂર રે...મુને૦ ૪

**પદ-૨**

છોગું તારું ખુંત્યું આવીને મારા ચિત્તમાં રે,
રટના લાગી છે દિન રાત રે;
થઈ મતવાળી ડોલું છું આનંદમાં રે,
ભાળી તારાં નવલ મોલિડાંની ભાત રે...છોગું૦ ૧
ભારી અતિ શોભા અલોકીક ભાલની રે,
જાદવ મુખથી કહી નવ જાય રે;
ભ્રકુટી વંકી રંગીલી ભરી ભાવની રે,
જોઈ જોઈ દેવ ત્રિયા લોભાય રે...છોગું૦ ૨
અતિ અણિયાળી ગુલાબી ઘેરી આંખડી રે,
હેડે નવલ ગુલાબી હાર રે;
કાજુ ગજ મોતી બિરાજે બેઉ કાનમાં રે,
પ્યારા મારે જોઈને વાધે છે ઘણો પ્યાર રે...છોગું૦ ૩
નમણી ઊંચી અલોકિક નાસિકા રે,
ગિરધર શોભે ગૌર કપોલ રે;
છેલ છબીલા તારા રૂપ સમુદ્રમાં રે,
કરે છે બ્રહ્માનંદ કલ્લોલ રે...છોગું૦ ૪

**પદ-૩**

પાતળીયા સંગાથે બંધાણી મારે પ્રીતડી રે,
એ વિના ઘડી રહ્યું નવ જાય રે;
બેની વણ દીઠે વધે છે ઉર વેદના રે,
દીઠાથી તનડું ટાઢું થાય રે...પાતળિયા૦ ૧

છોગાંવાળા રૂપાળા રંગ છેલની રે,
ચિત્તમાં ખુંતી અલોકિક ચાલ રે;
કામણગારો પ્યારો છે મારા પ્રાણથી રે,
નટવર લટકાળો નંદલાલ રે...પાતળિયા૦ ૨
ફાવે છે ગજરા મનોહર ફૂલના રે,
પહેર્યા છે હેમ કડાં બેઉ હાથ રે;
મરમાળી જોઈને રૂપાળી એની મૂરતિ રે,
મન મારું મોયું સલૂણા સાથ રે...પાતળિયા૦ ૩
કેસરીયો જામો નવલ કોડામણો રે,
પહેર્યો છે મનડાં લેવા કાજ રે;
માવે વ્રજનારીને લગાડી મોહની રે,
બ્રહ્માનંદને વાલે વ્રજરાજ રે...પાતળિયા૦ ૪

**પદ-૪**

આવીને અચાનક લાગી મુને આંખ રે,
જોને બેની કહાનકુંવરની જોર રે;
સાંજને ટાંણે આવતા વાલો શેરીયે રે,
સામો મળીએલ નંદકિશોર રે...આવીને૦ ૧
હસીને છેલ છબીલે સામું હેરીયું રે,
તેનો કોઈ ભેદુ જાણે ભેદ રે;
ચિત્તડું મોયું લખાણી જાણું ચિત્રમાં રે,
થયા છે કાંઈ છાતલડીમાં છેદ રે...આવીને૦ ૨
લાગતાં પહેલી પડી હું તો પ્રેમમાં રે,
ધ્રુજે તન ધરણી ટકે નહીં પાવ રે;
બારનાં માણસ ન જાણે એ વેદના રે,
થયો છે મારે અંતર અલોકિક ઘાવરે...આ૦ ૩
હવે મારે ઓસડ ન આવે બીજા અરથમાં રે,
ભોળાં તમે માણસ મેલો ભીડ રે;
જ્યારે બ્રહ્માનંદનો વાલો વૈદ્ય ભેટશે રે,
ત્યારે સરવે તનની જાશે પીડ રે...આ૦ ૪





**રાગ : ગરબી – પદ-૧**

ચાલો ચાલો સૈયરનો સાથ, વૃન્દાવન જઈએ રે;
સખી છેલ છબીલાને સંગ, હળી મળી ગાઈએ રે...૧
વહાલો જોયે છે આપણી વાટ, ઊભા છે વનમાં રે;
સખી આપણે સાથે એકાંત, મળ્યાનું છે મનમાં રે...૨
વહાલે મોરલી લીધી છે હાથ, વગાડે છે ઘેરી રે;
આવી ઊભા છે જમુનાને તીર, પીતાંબર પહેરી રે...૩
વહાલે પહેર્યા છે ફૂલડાના હાર, બાંધ્યા છે બાજુ રે;
એને લટકે છે કાનોમાંહી, કુંડળીયાં કાજુ રે...૪
વહાલે મૃગલાં પમાડ્યાં મોહ, વંશીને નાદે રે;
હરિ ગાવે છે સુંદર ગીત, મધુરે સાદે રે...૫
હરિને હેત કરીને હાથ, ઝાલ્યાનો છે હેવા રે;
સખી બ્રહ્માનંદનો નાથ, કહે રમવા જેવા રે...૬

**પદ-૨**

જોને જોને સખી એનું રૂપ, મનોહર રાજે રે;
મુખ લાવણતા જોઈ કામ કે, કોટીક લાજે રે...૧
જોને ફૂલડાંનો તોરો શીશ, સુંદર શોભે રે;
જોઈ લાલ સુરંગી પાઘ, મનડું લોભે રે...૨
વહાલો નેણે જણાવે છે નેહ, હેતે હેરે રે;
મને ન્યાલ કરી નંદલાલ, આજ્ઞુને ફેરે રે...૩
પહેરી શોભીતા શણગાર, રૂડા લાગે રમતા રે;
વહાલો વ્રજનારીને ચિત્ત, ગિરિધર ગમતા રે...૪
મારાં લોચનીયાં લોભાય, નટવર નીરખી રે;
હું તો મગન થઈ મનમાંય, દીવાની સરખી રે...૫
ઊભા ગીત મધુરાં ગાય, ગોપીજન સંગે રે;
વહાલો બ્રહ્માનંદનો નાથ, રમે રસ રંગે રે...૬

**પદ-૩**

આવો આવોને નંદજીના લાલ, આપણ રમીએ રે;
રૂડાં ભોજનીયાં બહુ ભાત, જમાડું તે જમીએ રે...૧

વારી શ્યામળીયા તમ સાથ, લાગી પ્રીતિ રે;
હવે શું કરશે સંસાર, કોઈથી નથી બીતી રે...૨
મારા હેતુ છો હૈડાના હાર, તમ પર વારી રે;
તમ કાજ કોડીલા કહાન, સેજ સમારી રે...૩
મારે તમથી જગમાં કોઈ, બીજું નથી વહાલું રે;
જે જોઈએ તે જાદવરાય, આણી આણી આલું રે...૪
લેઈ સરવસ સુંદર શ્યામ, તુજ પર વારું રે;
તારા છોગલીયામાં શ્યામ, મોહ્યું મન મારું રે...૫
બ્રહ્માનંદના વહાલા ગુણવાન, પધારોને પ્યારા રે;
તમને એક ઘડી અલબેલ, ન મેલું ન્યારા રે...૬

**પદ-૪**

તારી આંખડલી અલબેલ, અતિ અણિયાળી રે;
હું તો ગરક થઈ ગુલતાન કે, ભૂધર ભાળી રે...૧
માથે લાલ કસુંબી પાઘ, તોરો લટકે રે;
છબી જોઈને સુંદર શ્યામ, મન મારું અટકે રે...૨
રૂડી કેશર કેરી આડ કે, ભાલ બિરાજે રે;
જોઈ મુખની શોભા માવ, પૂરણ શશી લાજે રે...૩
શોભે ઘુઘરડીનો ઘેર, કેડે કંદોરો રે;
ગળે મોતીડાંની માળ, ચિત્તડું ચોરે રે...૪
શોભે સુંથણલી સોરંગ, રૂપાળો રેંટો રે;
વહાલા પેરીને પ્રાણ આધાર, ભાવેસું ભેટો રે...૫
વહાલા બ્રહ્માનંદના નાથ, આવી સુખ આપો રે;
મુને મહેર કરી મોરાર, પોતાની થાપો રે...૬

**રાગ : વિભાસ — પદ-૧**

લાલચ લાગી રે, બેની મુને લાલચ લાગી રે;
જોઈને જાદવરાય, મુને લાલચ લાગી રે...ટેક.
સુંદર મુખ સોહામણો, શોભે સુંદર વાણી રે;
સુંદર વરની ચાલમાં, બેની હું લોભાણી રે...જોઈને૦ ૧





ગુણવંતાના ગીતમાં, મારું ચિત્ત ચોરાણું રે,
એ વિના હું બીજું, બેની કાંઈ ન જાણું રે...જોઈને૦ ૨
સાન કરી મુને શ્યામળે, આવીને ઓરે રે;
દિલડું મારું ડોલવ્યું, એને ફૂલને તોરે રે...જોઈને૦ ૩
જમુના પાણી હું ગઈ, મળ્યા વચમાં માવો રે;
બ્રહ્માનંદના નાથથી, થયો નેણ મેલાવો રે...જોઈને૦ ૪

**પદ-૨**

પ્રાણથી પ્યારો રે, વાલો મુને પ્રાણથી પ્યારો રે;
છોગાવાળો છેલ, મુને પ્રાણથી પ્યારો રે....ટેક.
સેજ સોહાગી શ્યામળો, જાણે રસની રીતિ રે;
લટકાળા નંદલાલથી, લાગી પૂરણ પ્રીતિ રે...છો૦ ૧
છોગલું એનું ચિત્તમાં, મારે અટક્યું આવી રે;
હાથ ગ્રહીને હેતમાં, મુજને બોલાવી રે...છો૦ ૨
સુખના આવે ધામમાં, ઘર કામ ભૂલી રે;
જગનો જીવન જોઈને, ફરું છું હું ફૂલી રે...છો૦ ૩
શું કરે સંસારીયો, લજ્યા લોકની ટાળી રે;
બ્રહ્માનંદના નાથથી, લાગી છે તાળી રે...છો૦ ૪

**પદ-૩**

મન લોભાણું રે, હેલી મારું મન લોભાણું રે;
ચતુર વરની ચાલમાં મારું મન લોભાણું રે...ટેક.
ચંગી રંગી ચાખડી, ચાલે ગજની ચાલ રે;
છેલ છબીલા શ્યામને, જોતા થઈ નિહાલ રે...ચ૦ ૧
આંખડીયું અણિયાળીયું, વાલો ભીને વાને રે;
ચોરી લીધું ચિત્તડું, મોરલીની તાને રે...ચ૦ ૨
ફાવે ગજરા ફૂલના, શિર ફૂલની ટોપી રે;
ઠાવકી જોતાં થઈ ગઈ, ગુલતાન ગોપી રે...ચ૦ ૩
મોહનજી મૂરતિ, પલ એક ન મેલું રે;
બ્રહ્માનંદના સ્વામીયે, કીધી રંગની રેલું રે...ચ૦ ૪

પદ-૪

પ્રીત બંધાણી રે, હેલી મારે પ્રીત બંધાણી રે;
શ્યામ સલૂણા સાથ, મારે પ્રીત બંધાણી રે...ટેક.
આવીને ઊભો આગળે, પીતાંબર પહેરી રે,
માલ ગળા વચ માવને, શોભે ફૂલડાં કેરી રે...શ્યા૦ ૧
રસ ભર્યાં લળકી રહ્યાં, કાને કુંડળ કાજુ રે;
બે ભુજામાં બાંધીયા, ફૂલોના બાજુ રે...શ્યા૦ ૨
મીઠી વાગે મોરલી, વાલો તીખે તાને રે;
રસ બસ કીધી રંગમાં, કોડીલે કાને રે...શ્યા૦ ૩
મંદીરીયામાં મુજને, મળ્યા શ્યામ સોહાગી રે;
બ્રહ્માનંદનો નાથ જોઈ, ભવ ભાવઠ ભાગી રે...શ્યા૦ ૪

રાગ : ગરબી — પદ-૧

ચાલ સખી જોવાને રે જઈએ, ખાંતીલો વનમાં ખેલે રે;
લટકાં કરી નંદજીનો રે લાલો, રંગભીનો રંગ રેલે રે...૧
મોરલીને તાને મનોહર વાને, ચિત્તડાંને લલચાવે રે;
વ્રજનારીનો જીવન વહાલો, ગીત મધુરાં ગાવે રે...૨
જોરે જોરે ગળે બાંહડલી રે નાખે, હેત કરી ઝાલે હાથે રે;
ફૂલડાંના હાર પહેર્યા છે રે કોટે, મેલ્યા છે છોગલા માથે રે...૩
ગોવાળાને મનડે રે ગમતાં, ચરિત્ર કરે વનમાળી રે;
જલદીથી જાઈએ તો સુખીઆં રે થાઈએ, ભૂધરજીને ભાળી રે...૪
ઊઠ મારી હેલી જોઈએ વેહેલી વેહેલી, ધીરજ નથી ખમાતી રે;
બ્રહ્માનંદના સ્વામીને ભેટી, શીતળ કરશું છાતી રે...૫

પદ-૨

આજ સખી અલબેલો રે વહાલો, ઊભાં છે જમુનાને તીર રે;
સુંદર મોરલી હાથ લેઈને, વહાઈ તે બળભદ્રવીરે રે...૧
સાંભળતાં ગુલતાન થઈ હું, શું જાણું શું કીધું રે;
ઘરડાનો ધંધો હાથ ન લાગે, લટકાળે મન લીધું રે...૨





મોરલીને નાદે મૃગલાં રે મોહ્યાં, ઊભાં છે તૃણ જળ મેલી રે;
વહેતાં થંભ્યાં જમુનાજીનાં પાણી, થકીત થયાં વનવેલી રે...૩
વહાલાની બંશી સુણીને વનમાં, મગન થયાં છે પંખી રે;
શબ્દ સુણીને રે શ્રવણ લોભાણાં, રૂપે લોભાણી આંખી રે...૪
બ્રહ્માનંદના વહાલાની બંશી, જે સુણશે નરનારી રે;
કેડે કેડે કહાનુડાને ફરશે, ઘરના તે કાજ વિસારી રે...૫

પદ-૩

સુંદર વર મારા પ્રાણના જીવન, અલબેલા ઘરે આવો રે;
હું છું દાસી ચરણ કમલની, બાંહ્ય ગ્રહી બોલાવો રે...૧
લટકાળા તારાં લટકાં રે જોઈને, મોહી રહ્યું મન મારું રે;
તન મન ધન હું તો સર્વે લઈને, વાલમ તુજ પર વારું રે...૨
મારું તે સર્વે તમારું છે મોહન, અંતર રંચ મ આણો રે;
સુંદર નેણે સકોમળ વેણે, મુજને પોતાની જાણો રે...૩
તમ કારણ શ્યામળીયા રે વહાલા, લોકની લજ્યા ત્યાગી રે;
રાત દિવસ સૂતા સપનામાં, રટના તમારી લાગી રે...૪
સગાં કુટુંબ પિયર સાસરીયાં, સર્વે મેલ્યાં વિસારી રે;
બ્રહ્માનંદ કહે શ્યામ મનોહર, મન વસીયા મોરારી રે...૫

પદ-૪

મનમોહન મારે મંદિરીએ, ખાંતે આવીને ખેલો રે;
બાંધો બાજુ કાજુ ગજરા રે પેહેરો, માથે તે છોગલા મેલો રે...૧
વિધવિધના હું તો પાક કરાવી, જુગતીથી તમને જમાડું રે;
હૈડા ઉપર લેઈને હરિવર, રૂડી તે રીતે રમાડું રે...૨
મૂર્તિ તમારી શ્યામ મનોહર, નીરખી ઠરે મારાં નેણાં રે;
મનમોહન લાગે અતિ મીઠાં, વહાલાં તમારાં વેણાં રે...૩
મુજ ઉપર અલબેલા રે વહાલા, બેહું તમારું બા'નું રે;
સરવે લોકમાં સહુ કોઈ જાણે, કેમ કરી રાખું છાનું રે...૪
અંતર આશ ઘણી છે રે વહાલા, આવીને સુખ આપો રે;
બ્રહ્માનંદના શ્યામ સોહાગી, પોતાની કરી થાપો રે...૫

### રાગ : પરજ પદ-૧

મોરલીવાળા રે, મીઠી મોરલી બજાવ;
મોરલી બજાવ વહાલા, પરજ કેરા લાવ...મોરલી૦ ટેક.
મોરલી સુણવા હું આવી, મેલી ઘરડાં કેરું કામ;
વાલમ રાજી થઈ વજાડો, છોગાળા ઘનશ્યામ...મોરલી૦ ૧
સુણ્યા વિના ચિત્તડામાં, નહીં આવે નિરાંત;
તે માટે હું સૌથી છાની, આવી છું એકાંત...મોરલી૦ ૨
મોરલી સુણીને મેલ્યો મેં તો, સૈયરુ કેરો સાથ;
પ્રેમ સુધારસ પાવોને વહાલા, બ્રહ્માનંદના નાથ...મોર૦ ૩

### પદ-૨

તારી મૂરતિ રે, છે જો નેણાનો શણગાર;
નેણાનો શણગાર, મારા હૈડા કેરો હાર...તારી૦ ટેક.
મોહન તારી મૂર્તિ જોઈને, ભૂલી છું તન ભાન;
નીરખતાં નજરામાં થઈ છું ગજરામાં ગુલતાન...તારી૦ ૧
માથે ઝીણી પાઘ મનોહર, સુંદર શ્યામ શરીર;
નથી રહેતી તારું રૂપનીહાળી, વ્રજનારીને ધીર...તારી૦ ૨
બાંય જડાવું બાંધેલ બાજુ, કાજુ નંદકિશોર;
બ્રહ્માનંદ કહે મોહી છું વેણે, નેણે જાદુ જોર...તારી૦ ૩

### પદ-૩

નાગર નંદના રે, મારે તમથી લાગી પ્રીત;
તમથી લાગી પ્રીત, મારું ચોરી લીધું ચિત્ત...નાગર૦ ટેક.
ફૂલનો તોરો સુંદર ફાવ્યો, પાઘનો આવ્યો તાલ;
પાતળિયા અતિ લાગે છે પ્યારાં, લટકાં તારાં લાલ...નાગર૦ ૧
મોતીડાંના હારની શોભા, વર્ણવી નવ જાય;
ખાંતીલા તારી આવીને ખુંતી, મૂરતિ અંતરમાંય...નાગર૦ ૨
અધર ઉપર જાણે કુમકુમ ઢળીયું, દાડમ કળીયો દાંત;
બ્રહ્માનંદના વાલમા તમથી, ખેલ કર્યાની ખાંત...નાગર૦ ૩





### પદ-૪

સુંદર શ્યામળા રે, આવો છોગાંવાળા છેલ;
છોગાંવાલા છેલ, વા'લા આવીશ તારી ગેલ...સુંદર૦ ટેક.
છેલ છબીલા રંગના રેલા, કેશર ભીના કાન;
સંભળાવો મને શ્યામ સલૂણા, મોરલડીની તાન...સુંદર૦ ૧
મોહન તારી મૂરતિ મારા, નેણાંમાં રાખીશ;
ભૂધર તારી ચાલ ત્રિભંગી, લાલકલંગી શીશ...સુંદર૦ ૨
તમ વિના રે મારે ઘડી ન ચાલે, પડી પટોળે ભાત;
બ્રહ્માનંદના વાલમા, આવી રહો મારે ઘેર રાત...સુંદર૦ ૩

### રાગ : ગરબી — પદ-૧

ઓરા આવો નટવર નાનડીઆ;
તમે મારા જીવ સાથે જડીઆ...ઓરા૦ ટેક૦
શોભો છો સોનેરી પટકે, છબી રંગ ચોળતણે ચટકે;
લીધું મન હાથ તણે લટકે...ઓરા૦ ૧
કરી મેં તમ અર્થે કાયા, લાગી છે મુખડાની માયા;
જીવો ઘણું જશોદાના જાયા...ઓરા૦ ૨
સુંદર વર લાગો છો સારા, ન મેલું એકે ઘડી ન્યારો;
છોજી મારે પ્રાણ થકી પ્યારા...ઓરા૦ ૩
વાતું થકી દુઃખડાં વીસરીયે, જોઈ જોઈ અંતરમાં ઠરીયે;
કહાના આવો ગોઠડલી કરીયે...ઓરા૦ ૪
કટીપર પીતાંબર કસીયા, હેતે નિત્ય બોલો છો હસીયા;
બ્રહ્માનંદના વ્હાલા રસીયા...ઓરા૦ ૫

### પદ-૨

વાઓ હરી વાંસલડી વ્હાલા,
લાડીલા નંદતણા લાલા...વાઓ૦ ટેક.
મોહ્યું મન બંસીના સ્વરમાં, ભરી છું આનંદના ભરમાં;
નથી હવે રહેવાતું ઘરમાં...વાઓ૦ ૧
બૂઝી સરવે અંતરની બળગું; બંસીમાં ચિત્ત આવી વળગ્યું;
અધ ક્ષણ નવ થાય અળગું...વાઓ૦ ૨

વીંધાણી બંસીને નાદે, સુણું છું સુંદર સ્વાદે;
ગાવો હરિ ઊંચે રે સાદે...વાઓ૦ ૩
આવી છું સાંભળવા ઓળે, બંસી અતિ મરમાલી બોલે;
સુણી દિલ વસિયર જ્યું ડોલે...વાઓ૦ ૪
બંસી મુને લાગે છે પ્યારી, ઘેરી ઘેરી વાજો ગિરધારી;
બ્રહ્માનંદ જાયે બલિહારી...વાઓ૦ ૫

**પદ-૩**

આવો આવો સુંદર વર ઓરા;
જોઉં માથે ફૂલોના તોરા;...આવો૦ ટેક.
મારું સર્વે આવ્યું છે નજરે, દેખો છો અમૃતની નજરે.
ગોઠ્યું મન ફૂલાંને ગજરે...આવો૦ ૧
શોભે મુખ ઉપર તિલ ત્રીજાું, કપાળે ટીબકડી કાજાુ;
બહુ રૂડા લાગે છે બાજાુ...આવો૦ ૨
મનોહર મૂર્તિ મનમાની, છુપાડી કેમ કરી રહે છાની;
દેખી હું તો થઈ છું દીવાની...આવો૦ ૩
કેશરની આડ કરી ભાલે, વળી વળી બોલો છો વહાલે;
ચાલો છો હંસતણી ચાલે...આવો૦ ૪
સુરંગી સુંથણલી ચંગી, અનોપમ પહેરી છે અંગી;
બ્રહ્માનંદના વ્હાલા રંગી...આવો૦ ૫

**પદ-૪**

છો જી તમે નંદતણા નંદા;
ચતુર વર ગોકુલના ચંદા...છો૦ ટેક.
કોડીલા કુંવર કહાનુડા; નટવર સુંદર નાનુડા;
રાજેશ્વર દીસો છો રૂડા...છો૦ ૧
આંખ્યું તારી અતીસે અણિયાળી, મનોહર સુંદર મરમાળી;
રંગીલી મૂર્તિ રૂપાળી...છો૦ ૨
આવો ઘરે આવા ને આવા, ખાંતા મહી માખણીયું ખાવા;
મીઠું મીઠું બોલોને માવા...છો૦ ૩





પહેરી તન જરકસીયા જામા, ચાલી આવો વાલમજી સામા.
વાઓ રૂડી બંસી વિસામા...છો૦ ૪
કોઈ વીધ જાઓ નહિ કળીયા, હેતે તમે કોણતણે હળીયા;
વારી બ્રહ્માનંદના વ્હાલા છળીયા...છો૦ ૫

**રાગ : ગરબી – પદ-૧**

લાગ્યો મારે નટવરથી નેડો,
હવે મેં તો શિર નાખ્યો છેડો રે...લાગ્યો૦
કે સહુ મળીને મુજને વારી, કે અટકી મનવૃત્તિ મારી,
કે ધણી મેં તો ધાર્યા ગિરધારી રે...લાગ્યો૦ ૧
કે શું મતલબ મારે કોઈ સાથે, કે મે'ણું મારે મોહનનું માથે,
કે હરિવરે મને ઝાલી હાથે રે...લાગ્યો૦ ૨
કે મોડું વહેલું સૌ જાવાનું, કે તેને ખીજયે તે શું થાવાનું,
કે મેણું મારે અવિચળ માવાનું રે...લાગ્યો૦ ૩
કે કોઈ કહી મુજને શું કરશે, કે ગજ ચડી શંકા કોણ ધરશે,
કે શ્વાન ભસી ભસીને મરસે રે...લાગ્યો૦ ૪
કે સમજીને મેંતો પગ ભરિયા, કે સરવે વિષયરસ વીસરિયા,
કે બ્રહ્માનંદનો વહાલો વરિયા રે...લાગ્યો૦ ૫

**પદ-૨**

લાગી મારે નટવરથી લગની,
કે મરજદા મેલી જગની રે...લાગી૦
કે એક ટેક અંતર ધારી, કે સગાં કુટુંબ સહુ વિસારી;
કે મન કર્મે વરિયા મોરારિ રે...લાગી૦ ૧
કે કર્યું મેં તો તન મન કુરબાણી, કે હરિ વિના ન વદું અન્ય વાણી;
કે કાનકુંવરથી અટકાણી રે...લાગી૦ ૨
કે સુખ મેં તો સંસારી છોડ્યું, કે સહુ સાથે સગપણ તોડ્યું;
કે જગજીવન સાથે જોડ્યું રે...લાગી૦ ૩
કે મેણાં જગકેરાં સહીને, કે સ્થિર મન મતવાલી થઈને;
કે ચાલી હું તો શિર કરમાં લઈને રે...લાગી૦ ૪

કે બેઠી હું તો ભયજગનો ખોઈને, કે મન નિશ દિન રહ્યું છે મોહીને;
કે બ્રહ્માનંદનો વહાલો જોઈને રે...લાગી૦ ૫

**પદ-૩**

મોહી હું તો નટવરને વાને,
કે કીધી વશ ડોલરિયે કાને રે...મોહી૦
કે ચિત્તડામાં લાગી ચટકી, કે લોકતણી લજ્જા પટકી;
કે નંદના નંદન સાથે અટકી રે...મોહી૦ ૧
કે જીવ જીવને શું પરણું, કે જેના શિર ઉપર મરણું;
કે સમરથનું લીધું શરણું રે...મોહી૦ ૨
કે થઈ પુરુષોત્તમથી પ્રીતિ, કે નથી હું લોક થકી બીતી;
કે જગપતિ વરી હું તો ગજીતી ર/...મોહ/૦ ૩
કેઅસલ વાત મને ઓળખાણી, કે થઈ મારે સર્વે ુઃખની ાણી;
કે પ્રીતમ ુખ રાખ્યું પાણી રે...મોહી૦ ૪
કે સ્થિર થઈ અંતરમા ઠરિયુ, કે કોને માું મનગમ
કેબ્રહ્માનંદનું કારજ સરિયું રે...મોહી૦ ૫

**પદ-૪**

કે વર્યા મેં તો રંગભર વહાલાને,
કે લટકાળા નંદલાલાને રે ..વર્યા૦
કે કીધું મેં તો નિશ્ચય વિચારીને, કે દુરિજન થાક્યાં મને વારીને;
કે ધાર્યા એક વર ગિરધારીને રે...વર્યા૦ ૧
કે જેમ રણ શૂરાની લગની, કે ઊંડે જેમ તોપ બાણ અગની;
કે પાની ન ધરે પાછી પગની રે...વર્યા૦ ૨
કે સતી જેમ પાછું નવ ભાળે, કે તન કેરાં સુખને ટાળે;
કે અગનીમાં અંગ પરજાળે રે...વર્યા૦ ૩
કે શૂરો કાયર થાય ડરી, કે સતી ઘેર આવે પાછી ફરી;
કે માત પિતામાં તેને ખોટ ખરી...વર્યા૦ ૪
કે બ્રહ્માનંદ એમ જોવું પેલું, કે દેખીને નવ થાવું ઘેલું;
કે કામ કઠણ છે નથી સહેલું રે...વર્યા૦ ૫





**રાગ : કરાઈડો — પદ-૧**

તારું છોગું આવીને મારા ચિત્તમાં રહ્યું...તારું૦ ટેક
જગના જીવન રૂડું છોગું જોઈને, અંતરમાં અજવાળું થયું...તારું૦
સુંદર શ્યામ સોહાગી તારું, મુખ નીરખીને દુઃખ દૂર ગયું...તારું૦
આનંદ સહિત થયું સુખ અંતર, એક જીભે નવ જાય કહ્યું...તારું૦
બ્રહ્માનંદ કહે એ છોગા સારું, લોકડીયાનું અમે મેણું સહ્યું...તારું૦

**પદ-૨**

કાના નેણે તારે કીધાં મને કામણિયાં...કાના૦ ટેક
નેણાં તારાં નાગર નંદના, બાણ સરીખાં તીખાં બણિયાં...કાના૦
જાદવ રંગભર સામું જોઈને, હેત કરીને મનડાં હણિયાં...કાના૦
ઘાયલ થઈને હું તો ઘેલી ફરું છું, શું જાણું જે મંત્ર શું ભણિયાં...કાના૦
બ્રહ્માનંદના નાથ રંગીલા, ભાવે હું લઉં તારા ભામણિયાં...કાના૦

**પદ-૩**

તારું મોળીડું જોઈને હું ઘેલી તો થઈ...તારું૦ ટેક
મોંઘામૂલું નૌતમ મોળીડું, નવલ કલંગી શિર ઝૂકી રહી...તારું૦
ભૂધર તારું મોળીડું ભાળી, ઘાયલ થઈને સૂધ ભૂલી ગઈ..તારું૦
ઔષધમૂળી અંગ ન લાગે, કૂટી કૂટીને થાક્યા વૈદ કઈ...તારું૦
બ્રહ્માનંદના નાથ ન મેલું, શિરને સાટે રે મેં તો કીધું સહી...તારું૦

**પદ-૪**

માવે મોરલી વજાડીને મનડાં હર્યાં...આવે૦
બેહદ નૌતમ વેણ વજાડી, શબ્દ સુણાવી જાદુડા રે કર્યાં...માવે૦
પાઘ બાંધી રે રંગચોળ કસુંબી, મનગમતાં રે છોગાં શિર ધર્યાં..માવે૦
અલવિલા નટનાગર કેરાં, લોચનિયાં રે જાદુડે જો ભર્યાં...માવે૦
રૂપ અલૌકિક જોઈને સજની, બ્રહ્માનંદના વાલાને વર્યા...માવે૦

**રાગ : પરજ — પદ-૧**

વહાલે વજાડી છે વાંસળી રે, માવે વજાડી છે મોરલીરે, કાલંદ્રીને તીર;
નાગ પીયાલે ડોલીયો રે, એવો શબ્દ ગંભીર...હો બેની. વ૦ ટેક.
ધેનુ તૃણ ભૂલી ગઈ રે, વછાં ભૂલ્યાં ખીર;
જોને સખી જમુનાતણું રે, વહેતું સ્થંભ્યું નીર....હો બેની. વ૦ ૧

ઘેલી થઈ સર્વે ગોપીકા રે, ભૂલી ગઈ રે શરીર;
કામ રહ્યાં છે હાથમાં રે, ઓઢણ ભૂલી ચીર,...હો બેની. વ૦ ૨
વેણ અલૌકિક વિઠ્ઠલે રે, વાઈ બળભદ્ર વીર;
બ્રહ્માનંદ સૂર સાંભળી રે, અંતર રહી ધીર...હો બેની. વ૦ ૩

પદ-૨

બંશીમાં મુને વિઠ્ઠલે રે, મોરલીમાં મુને માવે રે, કીધાં કામણ કહાન;
મન કલ્પિત સર્વે ટળ્યું રે, ભૂલી હું તનનું ભાન...હો હેલી...વ૦ ટેક.
ઘર ધંધો ગમતો નથી રે, ન ગમે ભોજન પાન;
મન ભરમાણું માહરું રે, મોરલડીને તાન...હો હેલી. વં૦ ૧
એને દેખી સુખ ઊપજે રે, વણ દીઠે હેરાન;
એક પલક નવ વીસરે રે, વ્હાલો ભીને વાન...હો હેલી. વં૦ ૨
થઈ છું હું તો ઠાવકી રે, છોગામાં ગુલતાન;
બ્રહ્માનંદ નવ વીસરે રે, રાતદિવસ એનું ધ્યાન...હો હેલી. વં૦ ૩

પદ-૩

વિસામાની વાંસળી રે, મરમાળાની મોરલી રે, વાગી મહાવનમાંય;
છેલ છબીલો શ્યામળો રે, ઘેરે નાદે ગાય...હો બેની વિ૦ ટેક.
બ્રહ્માને વીસમે થયો રે, શિવને ન સમજાય;
મોહ પામ્યા સર્વે દેવતા રે, સંશય થયો સુરરાય...હો બેની. વિ૦ ૧
ચોરાસી સિદ્ધ સાંભળે રે, સ્થીર નવ અંતર થાય;
નૃત્ય ડગી નવ નાથની રે, ચિત્ત મળવા લલચાય...હો બેની. વિ૦ ૨
જમુનાને તીરે જદુપતિ રે, વેણ અલૌકિક વાય;
વશ કીધી વ્રજ વિનતા રે, બ્રહ્માનંદ બલજાય...હો બેની. વિ૦ ૩

પદ-૪

અલબેલે અધરાતની રે, મનમોહન મધરાતની રે, વહાલે વજાડી વેણ;
ભણક પડી મારા કાનમાં રે, મનડું થયું મારું મેણ...હો બેની. અ૦ ટેક.
ચટકી લાગી મારા ચિત્તમાં રે, વ્રહ લાગ્યો દુઃખ દેણ;
મોહન વજાડી મોરલી રે, માજમ ગળતી રેણ...હો બેની. અ૦ ૧





સુણતાં મનડું સ્થિર થયું રે, તનડું થઈ ગયું ખેણ;
જોવાને જાદવરાયને રે, આતુર થયાં છે નેણ...હો બેની. અ૦ ૨
હું દીવાની હોઈ ગઈ રે, કોઈનું ન માન્યું કેણ;
શું જાણ્યું મુંને શું કર્યું રે, બ્રહ્માનંદને સેણ...હો બેની. અ૦ ૩

રાગ : ગરબી — પદ-૧

જાવા દેને રે જાવા દેને, કહાના ગાળ્યું બોલે છે આવીને કેને રે...જાવા૦ ૧
અમે કંસતણાં મહીયારાં, તે માટે ન રહીયે રોક્યાં તારાં રે...જાવા૦ ૨
વાટે દૂધ દહીનું દાણ કેવું, જો જો થાશે એમાંથી જોયા જેવું રે...જાવા૦ ૩
તારે લૂંટી લીધાને પડ્યો હેવા, સારી પેઠે કરીશ તારી સેવા રે...જાવા૦ ૪
બ્રહ્માનંદ કહે ઘણા દી અમે સાંખ્યું, નથી બીતાં જોઈને તારી આંખ્યું રે...જાવા૦ ૫

પદ-૨

દાણ દેને રે દાણ દેને, તારો રાજા હોય તો લાવ તેને રે...દાણ૦ ૧
આ વાટે અમારું દાણ લાગે, જૂની રીત હશે તે નહિ ભાંગે રે...દાણ૦ ૨
દહાડી ચોરી ચોરીને દાણ જાતી, આજ શીતળ કરીશ તારી છાતી રે...દાણ૦ ૩
હવે ઝાઝે દહાડે તે હાથ આવી, એવી ચોરી થઈ છે તારી ચાવી રે...દાણ૦ ૪
બ્રહ્માનંદ કહે મહીદ ઈઝાને વુઢી, શીદ ચુંદડી ફડાવીશ ગુઢી રે...દાણ૦ ૫

પદ-૩

તુંને જાણું રે તું ને જાણું, શાને કાજે કરે છે ધીંગાણું રે...તુંને૦ ૧
તું તો નંદ મહરનો છોરો, ઠાલો રાજા થયાનો હીશોરો રે...તુંને૦ ૨
આપણ વાંસેરાજાને સર્વે રહીએ, તેમાં નાનું મોટું કેને કહીયે રે...તુંને૦ ૩
કેણે રાજગાદીનું ટીલું કીધું, તારે બાપે કે દહાડે દાણ લીધું રે...તુંને૦ ૪
બ્રહ્માનંદ કહે લક્ષણ તારાં આવાં, થાશે જશોદા નંદ જગ ચાવાં રે...તુંને૦ ૫

પદ-૪

મહીવાળી રે મહીવાળી, મુખે બોલ તું વેણ સંભારી રે...મહી૦ ૧
તારી બોલી જણાય છે બહુ તીખી, તું તોરી રાજાઓની કેદી શીખી...મહી૦ ૨
અમે ગોકુલ ગામના રાજા, તારા બાપ જેવા તે લોક ઝાઝટ રે...મહી૦ ૩
અમે આદ્ય જગતના દાણી, આવું હલકું બોલે છે શું જાણી રે...મહી૦ ૪
બ્રહ્માનંદ કહે તું થઈ મદમાતી, ત્યારે મોંઘી થાય છે મરડાતી રે...મહી૦ ૫

પદ-૫

દૂર રહીયે રે દૂર રહીયે, એવી વાતે ફજેત કહાના થઈએ રે...દૂર૦ ૧
અમે રાજાપણું તમારું ભાળ્યું, ગાયું વાંસે ફરે છે ખાયેલ છે ગાળ્યું રે...દૂર૦ ૨
કેદી બાપે તમારે લોક ધાર્યા, આજ સુધી પરાયાં ઢોર ચાર્યાં રે...દૂર૦ ૩
હમણે થયું છે દુઝાણું ઘેર ભારી, તે જોઈને ફાટી છે આંખ તારી રે...દૂર૦ ૪
બ્રહ્માનંદ કહે આમે તે ખોટી થાશે, ખૂબ દાણ સાટે ગાળ્યું ખાશો રે...દૂર૦ ૫

પદ-૬

કજિયાળી રે કજિયાળી, કેવાં વેણ લાવે છે ટાળી ટાળી...ક૦ ૧
વઢવેડ ક્યાંની વાત લાવે, એવે વેણે તે રીસ કેન નાવે રે...ક૦ ૨
અમે રાજા આહીરની તું છોડી, સામું બોલે નાખીશ માટ ફોડી રે...ક૦ ૩
મસ્તાની થઈ છે છાશ પીને, ત્યારે દે છે ટુંકારા નંદજીને રે...ક૦ ૪
બ્રહ્માનંદ કહે ધીરે રે સારું થાશે, તું સોતી મટુકી તારી જાશે રે...ક૦ ૫

પદ-૭

ખોટીથા મારે ખોટી થા મા, કહાના મગને ભરોંસે મરી ખા મા રે...ખો૦ ૧
મુને છાશ પીતાં તે ક્યારે ભાળી, તારે કેદી આવે સોનાની થાળી રે...ખો૦ ૨
તારા ડારા થકી હું નથી ડરતી, નથી જાત અમારી તુંથી નરતી રે...ખો૦ ૩
પરનારીને કેડે ન પડીયે, એમાંથી તો ચોવટે ચડીયે રે...ખો૦ ૪
બ્રહ્માનંદ કહે ન કરીએ ઠાલી વાતું, હોય રીત જૂની તો કાઢ્ય ખાતું રે...ખો૦ ૫

પદ-૮

હરિ રીઝયા રે હરિ રીઝયા, ભાળી ભાવ ગોપીનો પ્રેમ ભીંજ્યા રે...હરિ૦ ૧
હસી બોલ્યા સલૂણો ગોપી સાથે, હેત મટકી ઉતારી લીધી હાથે રે...હરિ૦ ૨
જેને યજ્ઞનું હોમ્યું નવ ભાવે, તેને ગોપી પૂરણ મહી પાવે રે...હરિ૦ ૩
પોતે પીધું બીજાને પાયું પ્રીતે રાજી કીધી ગોપીને રૂડી રીતે રે...હરિ૦ ૪
બ્રહ્માનંદના વ્હાલાની લીલા એવી, હરિજનને અમૃત રસ જેવી રે...હરિ૦ ૫

રાગ : ગરબી – પદ-૧

રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારું...ટેક૦
રૂપ તમારું એક હૃદિયામાં રાખ્યું, મેં તો બીજું સર્વે કાઢ્યું છે બારું,
જગના જીવન વાલા તમને રે જોઈને; વારી મનડું લોભાણું છે જો મારું...રહ્યું૦ ૧





તમરે વિના શ્યામળિયા રે સ્નેહી, વાલા બીજું નથી લાગતું સારું,
દુરિજન લોક ઘોળ્યાં દાજી મરે, તેની ધડક હૈયામાં શીદ ધારું...રહ્યું૦ ૨
માથું જાતાં મન માન્યા રે માવા, કેદી હેતમાંથી નવ હારું,
બ્રહ્માનંદના વાલા પ્રાણ સંગાથી, ઘડી તમને તે કેમ વિસારું...રહ્યું૦ ૩

પદ-૨

હેડામાં મુને વાલા લાગો છો વનમાળી...ટેક૦
વહાલા લાગો છો લટકાળા રે લાલા, મારા નયણા ઠરે છે ભાળી ભાળી
આઠો પહોર આવી વસી અંતરમાં, મૂરતી તમારી મરમાળી...હૈડામાં૦ ૧
બાંધ્યાં છે બાજુ કાજુ ફૂલડાની માળા, ગળે લાગે છે રૂપાળી;
મનડાં હરો છો તમે મોરલી વગાડતાં, ગાતા નાખો છો રંગ ઢાળી...હૈડામાં૦ ૨
શું કરે સંસારી રે ઘોળ્યા, મેં તો લોકલજ્જા સર્વે ટાળી;
બ્રહ્માનંદના વાલા તમ સંગ રમતા, મારે દાડી દાડી તે દિવાળી...હૈડામાં૦ ૩

પદ-૩

ભૂધરજી આવી મનડે અમારે તમે ભાવ્યા...ટેક૦
અક્ષરાતીત અલબેલા રે, વાલા તમે અમ કારણ વ્રજ આવ્યા;
મનડાં અમારા તમે હરવાને કાજે,
માથે ફૂલડાના તોરા લટકાવ્યા...ભૂધરજી ૧
એક ઘડી શ્યામળીયા રે સ્નેહી વાલા, વિસાર્યા તે નહીં વિસરાવ્યા;
સર્વે તે લોકમાં સહુ જાણે છે કાના,
કંથ અમારા તમે કા'વ્યા...ભૂધરજી ૨
માયાના જીવ તે તો મર્મ ન જાણે તેણે સહુ સરખા ઠેરાવ્યા;
બ્રહ્માનંદના વાલા શ્યામ સુંદરવર,
જેવા છો તેવા અમને ફાવ્યા...ભૂધરજી ૩

પદ-૪

પ્રીતમજી પ્યારા જીવું છું તમને જોઈને...ટેક૦
મૂરતી તમારી મરમાળી રે, વાલા તેમાં હેતે રહી છું ચિત્ત પ્રોઈને;
તમ સાથે મારે નેહ બંધાણો, તેની ખબર નથી બીજા કોઈને...પ્રીતમ૦ ૧

નિઃશંક થઈને માથે છેડોરે નાખ્યો, કેતો લોક લજ્જા સર્વે વગોઈને;
માથા સાટે તમને વર્યા મોરારી, કુળ મરજાદા સર્વે ખોઈને...પ્રીતમ૦ ૨
સમજી વિચારી મેં તો પગલાં ભર્યાં છે, ચાલી મન મતવાલી હોને;
બ્રહ્માનંદના વાલા તમને રે જોઈને, મનડું રહ્યું છે જો મોહીને...પ્રીતમ૦ ૩

**રાગ : ગરબી પદ-૧**

છોગાવાળા હો છેલ, પ્યારા મારા જીવનપ્રાણ છો રે...ટેક
મોહન તારી મૂર્તિ લાગે છે પ્યારી લાલ;
આડી મીટે દેખતાં તમે, ચાલો છો સુંદર ચાલ... છોગા૦ ૧
વેણ અલૌકિક વાઈને વળી ગાઈને નૌતમ ગીત;
કામણ કીધાં કારમાં મારું, ચોરી લીધું ચીત... છોગા૦ ૨
બાંયે બાજુબંધ બેરખા પહેરી ફૂલડાં કેરા હાર;
વહાલા બ્રહ્માનંદના ઓરા, આવોને નંદકુમાર...છોગા૦ ૩

**પદ-૨**

લટકાળા હો લાલ, લટકે તારે મન મારું લીધેલું રે...ટેક૦
મોહન વાઈ મોરલી તમે કાલિન્દીને તીર;
સાંભળતાં સુધ વિસરી, હું તો ભરવું ભૂલી નીર...લટ૦ ૧
પ્રીતમ પહેરો છો પ્રેમથી વળી શોભિતા શણગાર;
જાદવ સામું જોઈને સર્વે, વશ કીધી વ્રજનાર...લટ૦ ૨
હસી બોલાવી હેતમાં મારું કાળજ નાખ્યું કોર;
બ્રહ્માનંદના વહાલમા તમે, જાદુગારા ચોર...લટ૦ ૩

**પદ-૩**

મોરલીવાળા હો માવ, મીઠી મીઠી વાઓ મુખે મોરલી રે. ટેક
મોહન તારી મોરલી છે કામણગારી કોય;
તીખી નૌતમ તાનમાં મારું, મનડું લીધું પ્રોય...મોરલી૦ ૧
માયા લગાડી મુજથી હવે જીવન રહો મા દૂર;
રસિયા તારા રાગમાં મારું, ચિત્ત થયું ચકચૂર...મોરલી૦ ૨
જંપ ન થાયે જીવમાં મુંને કાંઈ ન સૂજે કામ;
બ્રહ્માનંદ કહે વિઠ્ઠલા મુને, શું કર્યું તેં શ્યામ...મોરલી૦ ૩





**પદ-૪**

રંગ ભીના હો કહાન, વાલપની કરીએ વાતડી રે...ટેક૦
કહાનજી તારે કારણે મેં તો સેજ બિછાવી સાર;
જીવન ઊભી જોઉં છું હું તો, વાટડી વારંવાર...રંગ૦ ૧
મળ્યા વિના અતિ રહે છે મારે અંતરમાંય ઉદાસ;
શા માટે નથી આવતા તમે, પ્રીતમ મારી પાસ...રંગ૦ ૨
તોડી સૌ સંસારથી મેં તો તમથી જોડી તાન;
બ્રહ્માનંદ કહે દીજીએ વારી, દર્શન કેરું દાન....રંગ૦ ૩

**રાગ : સોરઠ પદ-૧**

આજ સપરમો દિન સારો, મળીઆ નાગર નટવર નંદદુલારો;
જી હો છોગાળો....આ૦ ૧
કાજુ કુંડળિયાં મકરાકારી, રાજે ભાલ તિલક અતિ છબી ભારી...જી૦ ૧
મોહી લાલ નયણની રેખામાં, એ જોતાં કમળ કુણ લેખામાં...જી૦ ૨
બ્રહ્માનંદ કહે આવ્યા મારે આંગણિયે, એનાં રૂપતણી છબી શું ભણિયે...જી૦ ૩

**પદ-૨**

ધન ધન સજની આજ ઘડી, લાગી નંદલાલા સંગ રંગ ઝડી;
જી હો દિવાળી...ધન૦
પિયુ પધાર્યા ઘેર પ્રેમ કરી, ભેટી આતુર થઈ હું તો હરખ ભરી...જી૦ ૧
વહાલો જોઈને દુઃખડાં વિસરિયાં, મારાં નીરખીને લોચનિયાં ઠરિયાં...જી૦ ૨
બ્રહ્માનંદ કહે રાખીશ રાતડલી, છોને નિંદા કરતી મારી નાતડલી...જી૦ ૩

**પદ-૩**

દિવાળીનો છે દિન રૂડો, કરી પ્રીત પધાર્યા ઘરે કાનુડો; જી હો સાહેલી...દિ૦
કહાન કુંવર વર કેસરીઓ, ભાવે મંદિર આવ્યો રંગ ભરીઓ...જી૦ ૧
આગળ ઊભો મારે આવીને, લીધો ઉપર મોતીડે વધાવીને...જી૦ ૨
આજ બ્રહ્માનંદ કહે રંગ ઢળિયો, પ્રેમે મળિયો નટવર પાતળિયો...જી૦ ૩

**પદ-૪**

રાજ મારે દિન દિન દિવાળી, વહાલા મળતાં તમને વનમાળી;
જી હો ગિરિધારી...રાજ૦

મોહન આવ્યા તમે મંદિરીએ, કાજુ દીપતણા ઉત્સવ કરીએ...જી૦ ૧
અજવાળ્યા તમ સારુ ઓરડિયા, મેં તો જાળીડે જાળીડે નંગ જડિયાં...જી૦ ૨
બ્રહ્માનંદના પ્રીતમ તમ સંગે, અતિ આનંદ વધ્યો છે અંગે...જી૦ ૩

**રાગ : કરાઈડો (કચ્છીભાષા) પદ-૧**

કહાનસેં નેડો, કહાનસેં નેડો, કહાનસેં નેડો, લગો મુંજો કહાનસેં નેડો;
કિં છડિયાં હીનજો કેડો રે, લગો મુંજો કહાનસેં નેડોં..ટેક.
મોરલી સુંણધે મુંજો, મનડો વિંધાઈ વયો;
ભરિદેનિ ભૂલી આઉં, જલજો બેડો...લગો૦ ૧
હિનડે સંસારિયેમેં, બયો ન લગેડે સારો;
જોરાવર જગજેજીવીન, જાદવ જેડો...લગો૦ ૨
રૂપતાં નિહારી ચંગો, અખિયેંમેં રખી ગીડો;
ચિત્તડેમેં ખુતો એંજા, પાગજો છેડો...લગો૦ ૩
બ્રહ્માનંદ જોડે વલો, જેતે હોય તે તે હાલો;
ભલો ભલો આઉરખેદી, જીવજે ભેડો...લગો૦ ૪

**પદ-૨**

મોરલી વજી, મોરલી વજી, મોરલી વજી, વીસા મેજી મોરલી વજી;
ગેરે સુર વનમેં ગજી રે, વીસામેજી મોરલી વજી.
બંસીજે નાદે આઉં, વ્યાકુળ થઈ ગઈ;
સુમધેં નિંદ અચે ન, રાતડી સજી...વીસા૦ ૧
હિન ધારુડે હાંણે, રૈ ન શકાંડે ભેણું;
ભાયે આઉં ઘરતે, વંજાં વન ભજી...વીસા૦ ૨
નંદજે નિગરડેસેં નેડો, બંધાણો મુંજો;
હાણે આઉં વૈ ન રંદી, લોકસે લજી...વીસા૦ ૩
બ્રહ્માનંદ જેડે પ્યારે, બંસી વાઈ બ્રજજે ઠારે;
રીઝી આઉં રૈશ મુજે, મનમે રજી...વીસા૦ ૪

**પદ-૩**

કહાન ગોવાળે, કહાન ગોવાળે, કહાન ગોવાળે, કીધી વશ કહાન ગોવાળે;
સલુણે નેણને ચાળે રે, કીધી વશ કહાન ગોવાળે...ટેક.





આડી આડી મેટે જોઈ, ચિત્તડાંને લીધું પ્રોઈ;
છબીલે રંગ ભરેલે, છેલ છોગાળે...કીધી૦ ૧
અંતર ભરેલો અંગે, અતિ ઉછરંગે;
અલવ કરંતો ઊભો, નીર ઉછાળે...કીધી૦ ૨
મોતીડાનો તોરો માથે, હેમ કેરી પ્રોંચી હાથે;
ભ્રૂકુટી પ્રેમ ભરેલી, ભાવથી ભાળે...કીધી૦ ૩
બ્રહ્માનંદનો રે બેલી, માથે રુડાં છોગલાં મેલી;
રસીલો રંગડો ઢાળે, મુખ રૂપાળે...કીધી૦ ૪

**પદ-૪**

છોગલું તારું, છોગલું તારું, છોગલું તારું, રંગીલું છોગલું તારું;
લોભાણું મનડું મારું રે, રંગીલું છોગલું તારું...
લાલા નંદજીના લેહેરી, ફેંટો છબીદાર સોનેરી;
જોઈને લઈ શોભા, ત્રિલોકની વારું...રંગી૦ ૧
મોળીડું બાંધ્યું તાણી, છબી નવ જાય વખાણી;
નેણું કેરી રેખ રાતી, જોઈ ઉરમાં ધારું...રંગી૦ ૨
મોતીની માળા ધારી, છબી ત્રૈલોકથી ન્યારી;
ગુણીયલ રૂપ અલૌકિક કામણગારું...રંગી૦ ૩
કેસર તિલક કીધું, જોઈ મારૂં કારજ સીધ્યું;
પાતળિયા પ્રાણ થકી, બ્રહ્માનંદને પ્યારું...રંગી૦ ૪

**રાગ : સોમેરી પદ-૧**

સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે;
હું તો મગન થઈ મનમાંય, ભૂધર ભાળી રે...આજ૦ ૧
સુંદર શ્યામ સોહામણો રે, સુંદર ગજગતિ ચાલ;
સુંદર શોભા અંગની હું તો, નીરખીને થઈ છું નિહાલ. ..આજ૦ ૨
નેણ મનોહર નાથનાં રે, હૈડે મનોહર હાર;
સુભગ મનોહર શ્યામળો વહાલો, નટવર નંદકુમાર...આજ૦ ૩
બાજુ નૌતમ બેરખા રે, બેહદ નૌતમ બાન;
બ્રહ્માનંદના નાથનું થઈ રૂપ જોઈ ગુલતાન...આજ૦ ૪

પદ-૨

મુને મળીયા તે મોહનરાય, સપરમો દહાડો રે;
કરીએ આનંદ ઓચ્છવ આજ, રંગ અખાડો રે...સપ૦ ૧
થાળ ભરો ગજ મોતીએ રે, સર્વ લીયો શુભ સાજ રે;
વેલેરાં જાઈને વધાવીયે, વહાલો રંગ ભીનો વ્રજરાજ...સપ૦ ૨
મંગળ ગાવો માનની રે, અધિક કરો ઉછાવ;
આપણે કાજે આવીયા ચાલી, નટવર સુંદર નાવ...સપ૦ ૩
તોરણ બાંધો ટોડલે રે, સુભગ સજો શણગાર;
બ્રહ્માનંદના નાથને જાયે, વારણે વારંવાર...સપ૦ ૪

પદ-૩

હું તો હરખ ભરી મનમાંય, હરિને વધાવું રે;
સખી અહોનિશ બારે માસ, રે'જો આવું આવું રે...હરિ૦ ૧
આગળ આવી ઊંભલા રે, લટકાળો નન્દલાલ;
કુમકુમ કેરો ચાંદલો કીધો, ભૂધરજીને ભાલ...હરિ૦ ૨
પરવશ થઈ હું તો પ્રેમમાં રે, હૈડે તે હરખ ન માય;
પૂરવ જનમના પુણ્યથી મને, મળ્યા તે મોહનરાય...હરિ૦ ૩
ધન્ય ધન્ય દહાડો આજનો રે, ધન્ય મુરત ધન્ય વાર;
બ્રહ્માનંદને વહાલમે મારો, સફળ કર્યો અવતાર...હરિ૦ ૪

પદ-૪

રૂડો દિવાળીનો દિવસ કે, મંગળ ગાયે રે;
ચાલો નંદજીને દરબાર, સૌ મળી જાયે રે...મંગળ૦ ૧
કુંવર રંગીલો કહાનજી રે, વાયેરે સુંદર વેણ;
નીરખી નટવર નાથને, આજ પાવન કરશું નેણ...મંગળ૦ ૨
સૌ મળી કેશું સુંદરી રે, ભેટ્યાનો છે ભાવ;
માત જશોદા પાસલે, બહેની માગી લેસું માવ...મંગળ૦ ૩
લઈ મેરાઈયા લાલજી રે, આવશે આપણે ઘેર;
બ્રહ્માનંદ કહે ઘી ઘણું માંહી, પૂરશું સારી પેર...મંગળ૦ ૪





રાગ : પરદ પદ-૧

વહાલી લાગે મુને મૂરતિ તારી રે, છેલા સુંદર છોગાળા.
મારા ગુણવંતા ગિરિધારી રે, છેલા મોહન મરમાળા. ટેક.
તારી વાલપમાં વેંધાણી રે...છેલા૦ ૧
જગ મેલ્યો મેં તુચ્છ જાણી રે...છેલા૦ ૨
તારા મોલીડામાં મોહનવેલી રે...છેલા૦ ૩
જોઈ છોગલિયું થઈ ઘેલી રે...છેલા૦ ૪
તારા રંગની ચટકી લાગી રે...છેલા૦ ૫
અંતરમાં ઊંડી વાગી રે...છેલા૦ ૬
રસિયા તારી બાનક રૂડી રે...છેલા૦ ૭
બ્રહ્માનંદની જીવન મૂડી રે...છેલા૦ ૮

પદ-૨

વ્રજજીવન કુંજવિલાસી રે, કહાના મોહી તારે મરકલડે;
હેતાળી તારા મુખની હાંસી રે, કહાના જોઈને રંગ ચડે. ટેક.
કાજુ કેશર તિલક કરેલું રે...કહાના૦ ૧
ભારે મોલીડું અંતર ભરેલું રે...કહાના૦ ૨
છેડાળું નૌતમ સારું રે...કહાના૦ ૩
બાંધ્યું તીન ભુવનથી ન્યારું રે...કહાના૦ ૪
ઓપે ઉપરણી આંટાળી રે...કહાના૦ ૫
રૂડી સોનેરી રૂપાળી રે...કહાના૦ ૬
બ્રહ્માનંદ કહે છોગું છાજે રે...કહાના૦ ૭
ધર્યું મનડું લેવા કાજે રે...કહાના૦ ૮

પદ-૩

ઓરા આવોને સલુણા મારે છેલા રે, પ્યારા રીઝી તારા લટકામાં;
બહુ રસબસ થઈ અલબેલા રે, પ્યારા રંગના ચટકામાં. ટેક.
વાંકી ભ્રકુટીમાં મન વળગ્યું રે...પ્યારા૦ ૧
એક નિમખ રહે ન હવે અળગું રે...પ્યારા૦ ૨

તારી દીપ સરીખી નાસા રે...પ્યારા૦ ૩
તેની બ્રહ્માદિકને આશા રે...પ્યારા૦ ૪
રૂડા ગૌર કપોલ રંગીલા રે...પ્યારા૦ ૫
જુએ શંકર થઈને હઠીલા રે...પ્યારા૦ ૬
તારા અધર પ્રવાળા જેવા રે...પ્યારા૦ ૭
બ્રહ્માનંદને નિરખ્યાનો નીત હેવા રે...પ્યારા૦ ૮

**પદ-૪**

ફૂલડાંના મેલ્યા છોગલા ફરતાં રે, વાલા છબી રંગ છાઈને રહી;
હાથે હેમકડાં મન હરતાં રે, વાલા નીરખીને ન્યાલ થઈ. ટેક.
મોંઘા મૂલ કાનુમાં ગજ મોતી રે...વાલા૦ ૧
પ્રીતે રહું છું માંય ચિત્તડાંને પ્રોતી રે...વાલા૦ ૨
ફૂલડાંની રૂડી માળા ગળે ફાવે રે...વાલા૦ ૩
તેની શોભા વર્ણવ્યામાં નાવે રે...વાલા૦ ૪
કાંઈક ઊંચી અતિ પુંખત છાતી રે...વાલા૦ ૫
નીરખીને નથી તૃપ્તિ થાતી રે...વાલા૦ ૬
તારું ઉદર પોયણ દળ ઢાળે રે...વાલા૦ ૭
ભાવે બ્રહ્માનંદ નિત્ય ભાળે રે...વાલા૦ ૮

**રાગ : ગઝલ**

તેરી શરણમેં આયકે ફીર આશ કીસકી કીજીએ. તેરી૦ ટેક.
નહિ દેખ પડતા હય મુજે, દુનિયામેં તેરી સાનકા;
ગંગા કિનારે બેઠકે, ક્યું કુપકા જલ પીજીએ...તેરી૦ ૧
હરગીઝ નહિ લાયક હું મૈં, ગરચે તેરે દરબારકા;
મેરી ખતાકો માફ કર, દીદાર અપના દીજીએ...તેરી૦ ૨
પતિતપાવન નામ સુનકે, મેં શરન તેરી પડા;
સુફલ કર ઈસ નામકો, અપના મુજે કર લીજીએ...તેરી૦ ૩
મીલતા હૈ બ્રહ્માનંદ જીસકે, નામ લેનસેં સહી;
એસે પ્રભુકો છોડ કર, ફીર કોનસેં હેત કીજીએ...તેરી૦ ૪





**રાગ : રેખતા**

મહેબુબ મનમેં ક્યા રહું, મેરા દિલ લોભાના વે;
અંતર દિદું દેખતાં, જાહર જનાના વે...મહેબૂબ૦ ૧
મોજ કીર મુજ ઉપરે, અઢળક ઢળ્યા હે વે;
આસ લગીઆં ઉનસેં, મહાસુખ મીલા હે વે...મહેબૂબ૦ ૨
ગુંગેકું જબ ગુડ મીલા, તબ ક્યા બખાને વે;
અંતરજામી અંતરે, સબ બાત જાને વે...મહેબૂબ૦ ૩
ગુલતાન ચઢ્યા રંગ ગેબકા, અલમસ્ત અલાહી વે;
લાડુ કહે હરદમસેં, અબ લે' લગાહી વે...મહેબૂબ૦ ૪

**રાગ : જંગલો પદ-૧**

નવલ કનૈયા ચિત્તકો હરૈયા, નવલ કનૈયો ચિત્તકો હરૈયા. ટેક.
ગ્વાલ બાલ સબડી સંગ લીને, વનમેહ ધેન ચરૈયા...કનૈયા૦ ૧
મેં જમુના જલ ભર ગઈતી, કોઉ ન સંગ મનૈયા...કનૈયા૦ ૨
આય અચાનક મગ બીચ ઠાડો, કછુ મોય વાત કહૈયા...કનૈયા૦ ૩
મોરલી સુનાય મગન કરી ડારી, બ્રહ્માનંદ સુખ દૈયા...કનૈયા૦ ૪

**પદ-૨**

નવલ ગુમાની ભરન દે પાની, નવલ ગુમાની ભરન દે પાની. ટેક.
જમુનાકે તટ આય જદુપતિ, તુમ હોય બેઠે દાની...ગુમાની૦ ૧
તેરે કાજ નણંદ મોય ઝગરત, સાસ ફીરત રીસાની...ગુમાની૦ ૨
ઓર કોઉ નહીં વસતહૈં વ્રજમેં, એક મોકુ પહીચાની...ગુમાની૦ ૩
બ્રહ્માનન્દ કહે મીઠે તરૂકી, મૂર લેવત હો તાની...ગુમાની૦ ૪

**પદ-૩**

શ્યામ સલુના દૂર ન હૂના, શ્યામ સલુના દૂર ન હૂના...ટેક.
મોહન લાલ પીયા તેરી મૂર્તિ, દેખી ચડત રંગ દૂના...સલુના૦ ૧
પ્રાણજીવન રંગ મહોલ પધારો, કરીહુ ફુલ બીછૂના...સલુના૦ ૨
રેખે ભાલ મનોહર નીકી, લાલ કમલ દગ કૂના...સલુના૦ ૩
બ્રહ્માનંદ કહે તેરી છબી બિન, સબ જગ લગત અલૂના...સલુના૦ ૪

પદ-૪

મૂર્તિ તિહારી લગત હૈ પ્યારી, મૂર્તિ તિહારી લગત હૈ પ્યારી..ટેક.
પેચદાર બંધી શિર પગીયાં, પહી રે હાર હજારી...તિહારી૦ ૧
શોભિત સુંદર નવલ દુસાલો, અંગરખી ફુલક્યારી...તિહારી૦ ૨
એહી મૂર્તિકું દેખી અહોનિશ, મગન રહત વ્રજનારી...તિહારી૦ ૩
બ્રહ્માનંદ કહત તેરી છબીકો, ધરત ધ્યાન ત્રિપુરારી...તિહારી૦ ૪

રાગ : કરાઈડો પદ-૧

મોહન મહોલે પધારો, રંગભીના રે;
મહોલે પધારો રે, મારો જનમ સુધારો રે, રંગભીના રે, મો૦ ટેક.
ગજગતી ચાલે, ગુલતાન થઈ છું હું તો;
ચિત્તને ચોરે છે, રાવલો કમલ કટારો...રંગ૦ ૧
આડી આડી મીટે જોતાં, મનડાંને મો'તા વારી;
નીપટ લાગે છે, વાલો નેણુનો નજારો...રંગ૦ ૨
નવલ કલંગી ચંગી, રસિક રસીલી લાગે રે;
મોળીડું શોભે છે, જાણે ફૂલડાંનો ભારો...રંગ૦ ૩
બ્રહ્માનંદના રે વાલા, છેલ છબીલા વારી;
આવી મારા તનડા કેરા, તાપ નીવારો...રંગ૦ ૪

પદ-૨

મોહન મનડું હરો છો, મરમાળા રે;
મનડું હરો છો છેલા રંગમાં ફરો છો, મરમાળા રે...મા૦ ટેક.
મોરલી વજાડતા ઘેરી, લાલ તો રંગીલા લેરી;
રસના રંગીલા મારા ઉરમાં ગરો છો...મર૦ ૧
જરકસી પેરી રે જામા, આવો છો સામા વારી;
ભાવ સહીતાં પ્રેમે, પગલાં ભરો છો...મર૦ ૨
પાઘડલી પેચાળી રે બાંધી, રોછો દગ સાંધી વાલ;
રંગના રંગીલા છોગાં, શીશ ધરો છો...મર૦ ૩
બ્રહ્માનંદના રે વાલા, છેલ ગુમાની રે લાલા;
લોચન અમારાં, સફળ કરો છો...મર૦ ૪





પદ-૧

છે અરજી ઉરની એક નિભાવો ટેક
પ્રભુજી અમારી, હું ભક્તિ કરું તમારી...છે અરજી૦
સુખ સર્વ ભલે સામે આવે, નહીં પ્રેમ તમારો ભુલાવે;
આ ભવસાગરથી લેજો પ્રભુજી ઉગારી, હું ભક્તિ કરું તમારી...છે અરજી૦
દુઃખના દરિયે જીવન ઝૂકે, પણ સ્મરણ તમારું ના ચૂકે
આ દિલડું આજે એમ કહે છે પુકારી, હું ભક્તિ કરું તમારી...છે અરજી૦
જગ હોય ભલે નિંદા કરતું, પણ આ મન બીજે ના ફરતું;
આ શિરપર ભલેને રૂઠે દુનિયા સારી, હું ભક્તિ કરું તમારી...છે અરજી૦
રહો ચરણમાં ચિત્તડું મારું, ઘનશ્યામ તમોને પોકારું;
અંત સમયની એક માગણી મારી, હું ભક્તિ કરું તમારી...છે અરજી૦

રાગ : ગરબી પદ-૧

તમે મીઠું બોલીને મન લીધું રે, મીઠડા બોલાજી;
કાંઈ કામણ મુજને કીધું રે, મીઠડા બોલાજી.
સુણી મુખની મીઠી વાણી રે. મી૦ કરું તન મન ધન કુરબાણી રે...મી૦ ૧
તારું રૂપ અલોકિક જોયું રે. મી૦ જોઈ મનડું મારું મોહ્યું રે...મી૦ ૨
મેં તો સેજડી બીછાઈ તમ સારુ રે. મી૦ આવો કોઈ નથી કહેનારું રે...મી૦ ૩
શીદ ડરતા ડરતા ચાલો રે. મી૦ મંદિરીયામાં મહાલો રે...મી૦ ૪
સર્વે વશ કીધી વ્રજનારી રે. મી૦ જાય બ્રહ્માનંદ બલિહારી રે...મી૦ ૫

પદ-૨

મુને રસ બસ કીધી રસ રંગે રે, રસિયા રંગીલા;
મારું ચિત્તડું ડોલે તમ સંગે રે, રસિયા રંગીલા.
હું તો ઘરનો ધંધો ભૂલી રે. ર૦ જોઈ ફરું છું નિશદિન ફુલી...રે, ર૦ ૧
બેઠું મારે તમારું આવી બ્હાનું રે. ર૦ હવે કેમ કરી રાખું છાનું રે...ર૦ ૨
મેં તો મેહેણું તમારું લીધું માથે રે. ર૦ એક સગપણ કીધું તમસાથે રે...ર૦ ૩
મારે તમથી જોઈએ સાજું રે. ર૦ શાને લોકડીયાથી લાજું રે...ર૦ ૪
વળી હસી હસી વહાલ વધારો રે. ર૦ બ્રહ્માનંદનો જનમ સુધારો રે...ર૦ ૫

### પદ-૩

તમે કોડે કોડે પ્રીતડી કીધી રે, કહાનવર કોડીલા;
મારી બુડતાં બાંહ્ય ગ્રહી લીધી રે, કહાનવર કોડીલા...ટેક.
આવી કોડે કોડે જુઓ મુજ સામું રે. ક૦ સર્વે પૂરો મારા હૈડાની હામું રે...ક૦ ૧
કોડે કોડે આવીને કાંઈ કેહેજો રે. ક૦ વહાલા દરશન નીત નીત દેજો રે...ક૦ ૨
કોડે કોડે કરો આવી આળું રે. ક૦ તારાં ભૂધર લટકાં ભાળું રે...ક૦ ૩
કોડે કોડે પેહેરોને હાર કોટે રે. ક૦ ચિત્ત ચોરો નયનની ચોટે રે...ક૦ ૪
કોડે કોડે બોલોને કાલું કાલું રે. ક૦ લાગે બ્રહ્માનંદને વહાલું રે...ક૦ ૫

### પદ-૪

હુંસે હુંસે આવી હેરણા હેરો રે, હરિવર હુંસીલા;
માથે તોરો ઘાલી ફુલડાં કેરો રે, હરિવર હુંસીલા;...ટેક.
હુંસે હુંસે લેઈ મોરલી હાથે રે. હ૦ રૂડા શોભે છો ગોપીજન સાથે રે...હ૦ ૧
હુંસે હુંસે મધુરે સૂરે ગાતા રે. હ૦ આવો વાલમ મોરલી વાતા રે...હ૦ ૨
હુંસે હુંસે કરો છો આવી હાંસી રે. હ૦ તેણે વશ કીધા વ્રજવાસી રે...હ૦ ૩
હુંસે હુંસે ફોડો છો આવી હેલું રે. હ૦ કીધું ગોકુલ સરવે ઘેલું રે...હ૦ ૪
હુંસે હુંસે ચાલો છો તમે જોતા રે. હ૦ બ્રહ્માનંદનું મનડું મોહતા રે...હ૦ ૫

### રાગ : રામકલી પદ-૧

આજ હું આવી છું મુખ માવાનું જોવા, ઘરનાં જાણે છે ગઈ છે ગાવલડી દો'વા...આ૦
મુખની લાવનતા મીઠી રે વાણી, સાંભળતામાં બેની હું તો મનમાં લોભાણી રે...આ૦
ભાલ તિલક કેશરનું કીધું, નયણું ને ચાળે મારું મન હરી લીધું રે...આ૦
માયા લાગી છે મુને એના રે મુખની, શું કહું વાત અલોકીક સુખની રે...આ૦
બ્રહ્માનંદના સ્વામીને નિરખી, હેત ઘણે રે મારા હૈડામાં હરખી રે...આ૦

### પદ-૨

આજ મારો જનમ સુફલ થયો આલી, છેલછબીલો આવ્યા મારે મંદિરે ચાલી રે...આ૦
માથે મુગટ ગળે મોતીડાની માળા, ચિત્તડાંને ચોરે એના નયણાંના ચાળા રે...આ૦
જરકસી પાઘ કેસરીયે રે વાઘે, અલબેલો આવી ઊભા નયણુંને આગે રે...આ૦
હેત કરી હસીને તાળી રે લીધી, કરુણા કરીને મુંને સોહાગણ કીધી રે...આ૦
બ્રહ્માનંદનો સ્વામી શ્યામળીયો, આજ મારો વહાલો આવી અઢળક ઢળીયો રે...આ૦





### પદ-૩

આજ અલબેલો રંગ રમીયા રે રજની, સુખની વાત કહું મારી સજની રે...આ૦
મોલીડોને ઉપર છોગલા રે મેરી, વહાલોજી પધાર્યા મારે મંદિર હેલી રે...આ૦
નૌતમ રૂપ અનુપમ જોઈને, મનડું રહ્યું છે મારું વહાલાજી શું મોઈને રે...આ૦
લોકની લાજ મરજાદા રે મેલી, ખાંત કરીને મારા પિયુજી શું ખેલી રે...આ૦
બ્રહ્માનંદના સ્વામીને સંગે, આનંદ વાધ્યો અલોકીક અંગે રે...આ૦

### પદ-૪

ધન્ય વ્રજનારી જેણે વહાલો વશ કીધા, પ્રાણજીવનજી અધરરસ પીધા રે...ધ૦
જેનું રે ધ્યાન ધરે ત્રિપુરારી, તે આંગણું નચવે વ્રજનારી રે...ધ૦
જે કારણ મુનિ મુખ નવ બોલે, તે ગોપીજન સંગે ડોલે રે...ધ૦
જેનો પાર વેદ નહીં પાવે, તે ગ્વાલ સંગ રંગભર ગાવે રે...ધ૦
બ્રહ્માનંદ કહે ધન્ય નારી, જેને હેતે હળ્યા ગિરિધારી રે...ધ૦

### રાગ : પ્રભાતી પદ-૧

આજ સખી મુને સ્વપ્નું લાધ્યું, અવિનાશી ઘેર આવ્યા રે;
ભૂધરજીને ભાવ કરીને, મંદિરમાં પધરાવ્યા રે...આજ૦ ૧
જરકસી પાઘે જરકસી વાઘે, અત્તરમાં રસબસતા રે;
આવીને ઊભા મારી આગે, હરિવર સુંદર હસતા રે...આજ૦ ૨
રૂમઝુમ કરતા મનડું હરતા, સુંદર મોરલી હાથે રે;
લલિત નવીન કલગી કટકે, મેલ્યાં છોગાં માથે રે...આજ૦ ૩
મૂર્તિ નવલ મનોહર મીઠી, મીઠી મુખની વાણી રે;
સુંદર વરની સુંદર શોભા, જોઈને હું લોભાણી રે...આજ૦ ૪
મોહનજીને મળતા હું તો, અતિશય આનંદ પામી રે;
આવી વહાલો અઢળક ઢળીયા, બ્રહ્માનન્દનો સ્વામી રે...આજ૦ ૫

### પદ-૨

આજ સખી આનંદ મારા અંગમાં, રસીયો રંગભર રમીયા રે;
અલવીલો અલબેલો વહાલો, ગિરિધર મનડે ગમીયા રે...આજ૦ ૧
કુણ જાણે જે શાં તપ કીધાં, ભૂધરને મન ભાવી રે;
જગજીવન પોતાની જાણી, બાંહ્ય ગ્રહી બોલાવી રે...આજ૦ ૨

માન દેહી સુંદર વર મુજને, કહાન સોહાગણ કીધી રે;
ભાવ કરી હઈડામાં ભીડી, બીડી મુખમાં દીધી રે...આજ૦ ૩
ગુણવંતે સુંદર ગિરિધારી, અવગુણીયા વિસાર્યા રે;
મતવાલો મારે મંદિરીએ, પ્રીત સહિત પધાર્યા રે...આજ૦ ૪
રંગભીનો મનમોહન રમીયો, સેજલડી મુખ સાથે રે;
સજની મારો જનમ સુધાર્યો, બ્રહ્માનંદને નાથે રે...આજ૦ ૫

**પદ-૩**

આવોને અલબેલા વહાલા, રંગભર ભેળા રહીએ રે;
મળ્યાનો નટવર મોહનજી, લાભ અમોલખ લઈએ રે...આજ૦ ૧
મનમાં કો'ડ ઘણા છે મુને, મળવા તમને માવા રે;
મેર કરી મારે મંદિર આવો, પ્રેમ અધરરસ પાવા રે...આજ૦ ૨
છબી તમારી છેલ છબીલા, લાગે મુજને પ્યારી રે;
ઓરા આવો રમીએ આપણ, ગુણવંતા ગિરિધારી રે...આજ૦ ૩
તમ સારુ સહીયાં ત્રિકમજી, લોકડીયાનાં મેહેણાં રે;
સેજડીયે આવી સુંદરવર, તૃપ્ત કરો મારા નેણાં રે...આજ૦ ૪
ઝાઝું શું કહી દાખું જીવન, પ્રાણ થકી છો પ્યારા રે;
બ્રહ્માનન્દના શ્યામ સનેહી, નટવર રહો માં ન્યારા રે...આજ૦ ૫

**પદ-૪**

આવોને અલબેલા આપણ, વાલમ કરીએ વાતુ રે;
જોયા વિના તમને જગજીવન, અંતર સુખ નથી થાતું રે...આજ૦ ૧
મનમાં હોંસ ઘણી છે મારે, મળવાને મોરારી રે;
આવોને હવે આળસ મેલી, વાલમ જાઉં હું વારી રે...આજ૦ ૨
બીજે મારું મન નવ માને, તમ સાથે એક સાજું રે;
અંતરની જાણે અવિનાશી, શું કહીએ મુખ ઝાઝું રે...આજ૦ ૩
નટવર આવો કંઠ લગાવો, ભાવે સામું ભાળો રે;
રંગભીના મોહન રંગીલા, રંગની રેલું વાળો રે...આજ૦ ૪
અવગુણ મારા ચિત્તમાં ન ધરજો, જો જો બિરદ તમારું રે;
બ્રહ્માનન્દ કહે વદન દેખાડી, મેટો દુખડું મારું રે...આજ૦ ૫





**રાગ : ગરબી પદ - ૧**

અવસર આવ્યો રે સારો, વરીએ નટવર નંદદુલારો; ૧
અંતર વિચારી રે જોવું, ખોટા સંગ ન જીવતર ખોવું. ૨
તુચ્છ જગસુખને રે તજીએ, ભવદુઃખ મેટણ નટવર ભજીએ. ૩
ધડક ન મનમાંરે ધરીએ, સગપણ શ્યામળિયા સાથે કરીએ. ૪
વહાલો બ્રહ્માનંદનો રે વરતાં, છોને દુરીજન દાઝી મરતા. ૫

**પદ - ૨**

સગપણ કીધું રે સાચું, હવે હું રંગ બીજે નવ રાચું. ૧
અખંડ એવાતન રે મારૂં, હરિ વિના ધણી નવ બીજો ધારૂં. ૨
માથું જાતાં રે કેમ મેલું, બાંધ્યું મારેકહાન કુંવરથી બેલું; ૩
એ સુખ ન શકું રે વરણી, પૂરણ પુરૂષોત્તમને પરણી. ૪
બ્રહ્માનંદ ઉપર રે હરિ રાજી, દુરીજન છોને મરતાં દાઝી. ૫

**પદ - ૩**

દૃઢ મન આંટી રે ધારી, વરી હું તો નટવર કુંજવિહારી. ૧
હરિવર વરિયા રે હેલી, મેં માથાની લાલચ મેલી. ૨
તનની આશા રે ટાળી, મેં તો ઉર ધાર્યા છે વનમાળી. ૩
શંકા જગની રે મેટી, ભાવે હું તો ભૂધરજીને ભેટી. ૪
બ્રહ્માનંદનો રે સ્વામી, પૂરણ પુણ્ય કરીને પામી. ૫

**પદ - ૪**

સમજી વિચારી રે ચાલી, મોહન વરવા આંટી ઝાલી. ૧
માથું જાતાં રે નવ છૂટે, ફોડ્યો હીરો જેમ નવ ફૂટે. ૨
મનડું બાંધ્યું રે મારૂં, હવે હું જગ ભાગી નવ હારૂં. ૩
કેદી નહીં મેલું રે કેડો, સ્હાયો મેં નંદકુંવરનો છેડો. ૪
બ્રહ્માનંદ કેરો રે પ્યારો, ન કરૂં નટવર અર્ધી ક્ષણ ન્યારો. ૫

**રાગ ગરબી પદ - ૧**

હુંતો ચાલી રે હુંતો ચાલી, શિર લઈ કરમાંય, વરવા તે નંદકુમારને. હું૦ ૧
ખોટા સુખમાં રે ખોટા સુખમાં, નવ મન લલચાય, નિશ્ચય કરિયે નિરધારને. ૨
સગા સર્વે રે સગાં સર્વે, દેખીને દુભાય, ન ધરૂં હું તેના ભારને. હું૦ ૩

હરિ ભજતાં રે હરિ ભજતાં, તન ધન જો જાય, કેદી ન માનું હરિને. હું૦ ૪
બ્રહ્માનંદ કહે રે બ્રહ્માનંદ કહે, વરી જાદવરાય,સર્વ તજી સંસારને. હું૦ ૫

**પદ - ૨**

મેં તો નાખ્યો રે મેં તો નાખ્યો, હવે છેડો શીશ, મનડું લોભાણું કહાનમાં. મેં૦ ૧
નવ કરશો રે નવ કરશો, દેખી કોઇ રીસ, તનડું વેધાણું તાનમાં. મેં૦ ૨
લોભાણી રે લોભાણી, હું તો વિશ્વાસે વિઠ્ઠલજીના વાનમાં. મેં૦ ૩
માથું જાતાં રે માથું જાતાં, હું નહિ મેલીશ ધરથી, વિચારૂં ધ્યાનમાં. મેં૦ ૪
બ્રહ્માનંદને રે બ્રહ્માનંદને, વહાલો જગદીશે, મુજને બોલાવી માનમાં. મેં૦ ૫

**પદ - ૩**

મુંને લાગો રે મુંને લાગો, રસિયા તારો રંગ, ન વરૂં હું બીજા કોઇને. મુ૦ ૧
હું તો આવીશ રે હું તો આવીશ, છેલા તારે સંગ, કુળમર્યાદા ખોઇને. મુ૦ ૨
આંટી પાડી રે આંટી પાડી, ઉરમાંય અભંગ, મન મતવાળી હોઇને. મુ૦ ૩
ભાવે ભેટી રે ભાવે ભેટી, અતિ આનંદ અંગ, મનડું રહ્યું છે મોહીને. મુ૦ ૪
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના, વહાલા લેહેરી તરંગ, જીવું છું તુજને જોઇને. મુ૦ ૫

**પદ - ૪**

નવ કરીએ નવ કરીએ, જગકેરી લાજ, વરીએ તો સુંદર શ્યામને. નવ૦ ૧
સર્વે જુઠો રે સર્વે જુઠો, સંસારી સાજ, આપે નહિ આરામને. નવ૦ ૨
તન કરીએ રે તન કરીએ, નટવરને કાજ, સર્વ તજી ધન ધામને. નવ૦ ૩
ઉર ધરીએ રે ઉર ધરીએ, રસિયોગુણ જહાંજ, નિત્ય ગાયે ગુણગ્રામને. નવ૦ ૪
બ્રહ્માનંદનો રે બ્રહ્માનંદનો, વહાલો વ્રજરાજ, હૈડાની પૂરે હામને. નવ૦ ૫

**રાગ : ગરબી પદ- ૧**

તમ પર વારી રે વહાલા નૌતમ સુંદર વર નંદલાલા ત૦ ટેક.
મોરલી મધુરી રે વાતા, મારે ઘેર આવજો ગાતા ગાતા;
નેણાં ઠરે છે જોઇને, મનડું રહ્યું છે તમ પર મોહીને. ત૦ ૧
રસિયા આવો રે રમતા, ગિરિધર ગોપીને મન ગમતા;
તમ વિના તનડું રે દાઝે, તન ધન કુટુંબ તજ્યું તમ કાજે. ત૦ ૨
સુંદર લટકે રે મન લીધાં, કામણ મોરલીમાં કાંઇ કીધાં;
જોતાં વર તમ જેવો રે કોઇ ન જડે, મોહી છું મુખડાને મરકલડે. ત૦ ૩





મૂર્તિ તમારી રે માવા, જો રે રાખું નહીં દઉં જાવા;
રુપ અનુપમ રે રસિયા, બ્રહ્માનંદતણે મન વસિયા. ત૦ ૪

**પદ - ૨**

મારે ઘેર આવજો રે વહેલા, ગિરધર શું થઇ બેઠા ઘેલા. મારે૦ ટેક.
હાજર ઉભાં રે રહેશું, જે જોઇને તે આણી આણી દેશું;
છાના રાખું નહીં કરૂં છતા, જે ભાવે તે લેજો ખાવા. મારે૦ ૧
મારે ઘેર ગોરસડાની ગોળી, ભાવે તે પીજો બીજું નાંખજો ઢોળી;
તેનું કાંઇ નવ કહેશુ તમને, મનમાં આવે તેમ કહેજો અમને. મારે૦ ૨
જેમ તેમ કરીને રે આવો, શું બેઠા છો બાંધી દાવો;
કહો તો પગભર ઉભાં ગાએ, વળી તમે વેંચો ત્યાં વેંચાએ. મારે૦ ૩
અમે તમારાં રે કહેવરાવ્યાં, પહેલાં તમે પ્રીત કરીને બોલાવ્યાં;
કાલપ મેલો રે કાલા, વારી જાઉં બ્રહ્માનંદના વહાલા. મારે૦ ૪

**પદ - ૩**

જુગતિ તમારી રે મેં જાણી, કીધી તમે કુબ્જાને પટરાણી. જુ૦ ટેક.
સાચી વાત ગમે નહિં કોઇને, માટે બેઠાં મુખડું જોઇને;
કહોને કુબ્જાએ રે શું દીધું, બીજે લુંટી તમારૂં શું લીધું. જુ૦ ૧
લોક કરે છે રે હાંસી, તમને વશ કરી લીધા દાસી;
જેમ તેમ કહે છે આવતાં જાતાં, તે તો અમથી નથી ખમાતાં. જુ૦ ૨
છળ બળ છેતરવાની વાતુ, કોની પાસે શિખ્યા છો ઘાતુ;
મોહન ધરના રે ધૂતારા, મામા માસીને હાથે માર્યા. જુ૦ ૩
તમે લાજ મળે નહિ તેની, કોઇ આવી મુખડા ઉપર કહેની;
કોઇ વિધ તમમાં નવ મળે કાચું, બ્રહ્માનંદ કહે છે સાચું. જુ૦ ૪

**પદ - ૪**

મારે ઘેર આવજો રે કહાના, શાને તમે રહો છો છાના છાના. મારે૦ ટેક.
દુરિજન લોકડાં રે શું કરશે, મતિયાં મનમાં બળી બળી મરશે.
શંકા ધરો છો રે કેની, જોતાં જગત વિચારે છેની. મારે૦ ૧
મંદિર પધારો રે માવા, સૌ જાણે તેમ થઇને ચહાવા;
મોહન આવો છોગલાં મેલી, સહુકો સુખ પાવે સાહેલી. મારે૦ ૨

મહેણું તમારૂં રે અમ માથે, સગપણ કીધું છે તમ સાથે;
સગડો તમારો રે શિર સાટે, મોહન આવો નહીં શા માટે. મારે૦ ૩
તન ધન સર્વે રે તમારૂં, જો તમે લિયો તો હું પરવારૂં;
મોરલી મધુરી રે વાજો, બ્રહ્માનંદને અધર રસ પાજો. મારે૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

મથુરાંથી મોહન પાસેથી, ઉદ્ધવજી ભલે આવ્યા રે;
અમ ઉપર અતિ મહેર કરીને, કૃષ્ણ સંદેશો લાવ્યા રે. ૧
કૃષ્ણે કહ્યું તમે બ્રહ્મ વિચારો, જોગની જુક્તિ જાણો રે;
સચરાચર વ્યાપક હું સઘળે, તે અંતરમાં આણો રે. ૨
એકાંતે બેસી આસન સાધવા, પ્રાણાયામ ન થાવે રે;
રેચક પૂરક કુંભક રીતિ, એ અમને નવ આવે રે. ૩
તમે તો હરિના હુકમ હજુરી, મન રાખો વિચાર રે;
એકે મન કરી જોગ અધ્યાસો, બીજે કરો વ્યવહાર રે. ૪
ગોકુળ વાસીને મન એકજ તે, હરિ લઈ ગયા સાથે રે;
બ્રહ્માનંદ કહે મન સોતાં, વેંચાણાં એને હાથે રે. ૫

**પદ - ૨**

વ્યાપક બ્રહ્મને કોઈક વિચારે, જે તમ જેવા જોગી રે;
અમે તો ભોગીલાં આહિરડાં, ભૂધરજીનાં ભોગી રે. ૧
નામ ને રૂપ મળે નહીં જે તે નહીં જેને આકાર રે;
એવા તેહિ પ્રભુ તમારે, અમારે નંદકુમાર રે. ૨
મન મોહન લટકાળાને મળીને, બીજે મન નવ જાવે રે;
અમૃતના પીનારાને ઉદ્ધવ, ખાટી છાશ કેમ ભાવે રે. ૩
અલબેલા નટવર વિના અમને, અંતરે સુખ નવ થાય રે;
સો લાઘણ પડે આવીને સામટી, કેસરી ઘાસ ન ખાય રે. ૪
અમે વેપાર ન કરીએ ઉદ્ધવજી, આગલા ભવની ઉધારે રે.
બ્રહ્માનંદ કહે હરિ જોએ, પ્રગટ પ્રમાણ અમારે રે. ૫





**પદ - ૩**

અમને તો જોગની વાત ઉદ્ધવજી, અંતરમાં નવ ભાવે રે;
મન મોહન નટવરની મૂર્તિ, તે વિના કાંઈ ન સુહાવે રે. ૧
દાદુર મીન બેઉ જળનાં સ્નેહી, જળમાં રહે જળ પીવે રે;
નર વિના દાદુર તન રાખે, જળ વિના મીન ન જીવે રે. ૨
મીન તણી ગતી થઈ છે અમારે, નીર તે નંદ દુલારો રે.
તમે તો મોટા કૃષ્ણના કાકા, જોઈને જોગ વિચારો રે. ૩
જોગ તો ઉદ્ધવ તે કરે, જેને વહાલા નહીં ઘનશ્યામ રે.
જેનું શરીર અરોગી તેને, ઔષધનું શું કામ રે. ૪
લાખ વાતુની એક જ વાત છે, કૃષ્ણ અમારા પ્રાણ રે;
બ્રહ્માનંદ કહે બીજી રીતે, અમને ન થાય સુવાણ રે. ૫

**પદ - ૪**

કહોને ઉદ્ધવજી વ્રજની કયારે, વાત કરે છે વહાલો રે;
કયારેય કહે છે જે નંદ જશોદાને, મળવા કાજે ચાલો રે. ૧
કયારેય કહે છે કંસથી છાના, ગોકુળમાં અમે રહેતા રે;
મારગમાં રોકી મહીઆરી, લુંટીને મહી લેતા રે. ૨
કયારેય કહે છે વનમાંહી જાતા, સર્વે ગોવાળો સાથે રે;
ગુંજાના હાર ગળા માંહી પહેરીને, મેલતા છોગલાં માથે રે. ૪
ઉદ્ધવજી અમને કહી દાખો, રસિયાજીની રીતિ રે;
બ્રહ્માનંદ કહે કેવીક થઈ છે, કુબ્જા સંગાથે પ્રીતિ રે. ૫

**રાગ : ગરબી પદ - ૧**

ચિત્ત નાવે તેવાં ચરિત્ર કરો, ચરિતાળા જી;
વળી મનુષ્ય સરીખા થઈ ફરો, ચરિતાળા જી ૧
તમે કરૂણાનિધિ કહેવાઓ છો. ચ૦ દોર્યા જનના દોરાઓ છો ચ૦ ૨
એક મુનિ દ્વારામતી આવીયા. ચ૦ ધન વિના નહી નવરાવિયા. ચ૦ ૩
ત્રણ લાંઘણ થઈ જળ કાંઠડે, ચ૦ ગયા ઉઠીને આરંભડે. ચ૦ ૪
ત્યાંહી કોરી માગે છાપની, ચ૦ મનુવાર કહે કહી થાપની. ચ૦ ૫
અન્ન ન મળ્યું ત્રણ દી પેટમાં, ચ૦ ગયા બેડી બેસી બેટમાં. ચ૦ ૬

મંદિર ગયા દર્શન કારણે, ચ૦ નિર્ધન જોઈ કાઢ્યા બારણે. ચ૦ ૭
બેઠા મંદિર સામે હાટડે, ચ૦ ગુગળી દ્વિજને પાયે પડે. ચ૦ ૮
દ્યો દર્શન છૂટી મુજને, ચ૦ દેખું અંતર કોમળ તુજને. ચ૦ ૯
કહે દ્વિજ તું જેવા બહુ ફરે, ચ૦ સૌ કોરી દઈ દર્શન કરે. ચ૦ ૧૦
એ તીરથ એવી રીત છે, ચ૦ એક પૈસા સાથે પ્રીત છે. ચ૦ ૧૧
એમ જાણી મુનિ ઉદાસ થયા, ચ૦ દિન ચાર ઉપોષણ કરી રહ્યાં. ચ૦ ૧૨
મુનિ સ્તવન બહુ વિધિ કિધલાં, ચ૦ ત્યારે તમે દર્શન દીધલાં. ચ૦ ૧૩
મહા પ્રસંન થઈ મુનિને મળ્યા, ચ૦ તપન તાપ પાપ સર્વે ટળ્યાં. ચ૦ ૧૪
મુખ માગ્યું તે તમે આપિયું, ચ૦ ત્યાગીનું સંકટ કાપિયું. ચ૦ ૧૫
ત્યાંના રહેનારા ઉપરે, ચ૦ થયા અધિક કુરાજી અંતરે. ચ૦ ૧૬
સચ્ચિદાનંદની અરજી સુણી, ચ૦ ભૂધર આવ્યા વરતાલ ભણી. ચ૦ ૧૭
લક્ષ્મીનારાયણમાં વસ્યા, ચ૦ અવિદ્યાના કરતલ આળસ્યા. ચ૦ ૧૮
સૌ સામગ્રી લઈ આવીયા, ચ૦ હરિભક્તતણે મન ભાવિયા. ચ૦ ૧૯
ધારહર ધારૂં ગોમતી, ચ૦ વરતાલ કરી દ્વારમતી. ચ૦ ૨૦
સૌ તીરથ આગળ પાસળે, ચ૦ મુનિવરનાં મંડળ ત્યાં મળે. ચ૦ ૨૧
ત્યાં પ્રગટ કરી તમે છાપને, ચ૦ બાળે કોટિ જન્મનાં પાપને. ચ૦ ૨૨
વરતાલ અખંડ વિરાજીયા, ચ૦ ભક્તોનાં સંકટ ભાંજીયાં ચ૦ ૨૩
એ લીલા તમારી ગાય છે, ચ૦ તેને મનવાંચ્છિત સુખ થાય છે. ચ૦ ૨૪
બ્રહ્માનંદ કહે મેલી આંબળો, ચ૦ રાજી થઈ જાણો રાવલો. ચ૦ ૨૫

**રાગ : સોહણી ગરબી પદ - ૧**

નંદના લાલા તમે ઓરા આવો,
તમે તો ઓરા આવો, તમે ઓરા આવો, હસીને બોલાવો. નંદના૦
આંગણીએ મારે આવીને રે તમે, ઘેરે મધુરે સ્વરે ગાવો;
મોહન વાજો રૂડી મોરલી રે, માંહે ઢાળ અલૌકીક લાવો. તમે૦ ૧
છોગલિયે તારે શ્યામળા રે, વારી મોતીડાં લટકાવો;
બાંધો નૌતમ બેરખાં રે, મારા ચિત્તડાંને લલચાવો. તમે૦ ૨
માવા તમારી મુરતિ રે, મારા અંતર માંહી ઠેરાવો;
બ્રહ્માનંદના વાલમા રે, કહાના કંથ અમારા કહાવો. તમે૦ ૩





**પદ - ૨**

જીવું છું જોઈને સલૂણા મારા છેલા;
સલૂણા મારા છેલા, સલૂણા મારા છેલા, છો રંગના રેલા. જીવું૦
અમથી ન રહેતા વેગળા રે, ઘડી પ્રાણજીવન તમે પેહેલા;
મંદિર અમારૂં પરહર્યું રે, કહોને ગિરિધર થયા કેમ. ઘેલા. સલૂ૦ ૧
બહુ હેતે બોલાવતા રે, તમે વાલમ વેહેલા વેહેલા;
પાડ અમારો નથી પૂછતા રે, કહોને કે સંગ નેહ કરેલા. સલૂ૦ ૨
મારે ઘેર તમે માવજી રે, આવી અલવ કરો અલબેલા;
બ્રહ્માનંદના વહાલમાં રે, આવો ભૂધર રંગ ભરેલા. સલૂ૦ ૩

**પદ - ૩**

વ્રજના જીવન તમપર વારી;
તમ પર વારી, હું તમપર વારી, છો હાર હજારી. વ્રજ૦
માવા રંગીલું તારૂં મોળિયું રે, માંયે નવલ કલંગી સારી;
તે જોઈને મારા વહાલમાં રે, નિત્ય નેણ ઠરે રે મારી. હું ત૦ ૧
માંણીગર તારી મૂરતિ રે, મુને પ્રાણ થકી છે પ્યારી;
અહોનિશ રાખું મારી આંખમાં રે, વારી નિમિષ ન મેલું ન્યારી. હું ત૦ ૨
તોડી સૌ સંસારથી રે, એમ તમ સંગ કીધી યારી;
શ્યામ છોગાળા તારે ઉપરે, જાય બ્રહ્માનંદ બલિહારી. હું ત૦ ૩

**પદ - ૪**

રંગિલાને રૂપે રહી છું હું તો મોહીને;
રહી છું હું તો મોહીને, રહી છું હું તો મોહીને, હો જીવન જોઈને. રંગી૦
કહાન કુંવરને કારણે રે, ઉભી નયણે કાજળ ટોઈને;
એ સંગ કીધી આસકી રે, હેલી કુળ મરજાદા ખોઈને. રહી૦ ૧
કરી જમાડીશ કહાનજીને, કાજુ સુંદર પાક રસોઈને;
પાઈસ ઝાઝા પ્રેમથી રે, વળી દુધ ગાવલડી દોહીને. રહી૦ ૨
પહેરાવીશ મારા પ્રાણજીવનને, માળા મોતીડાંની પ્રોઈને;
બ્રહ્માનંદના નાથને રે, રાખું લોચનિયામાં ઠોઈને; રહી૦ ૩

**રાગ : સોહણી પદ - ૧**

ભલા વે સહજાનંદકો મેં ઉપાસી, ચરણકમળકો નિવાસી, ભલા૦
માત પિતા બંધુ સહજાનંદ, સહજાનંદ સુખરાશી. ભલા૦ ૧
સહજાનંદ મનોહર મુરતિ, નવલ નાથ અવિનાશી. ભલા૦ ૨
સહજાનંદ વિના કુણ મેટે, કઢણ કાળકી ફાંસી. ભલા૦ ૩
સહજાનંદ મીલે બ્રહ્માનંદ, કુણ ભ્રમે વન કાશી. ભલા૦ ૪

**પદ - ૨**

ભલા સહજાનંદ શ્યામ હમારા ન રહત પળ ન્યારા ભલા૦
સહજાનંદ વિના ભવસિંધુ, કુણ ઉતારે પારા . ભલા૦ ૧
સહજાનંદ ચરણ વિન મોકું, સબ જગ લગત અસારા. ભલા૦ ૨
સહજાનંદ સદા સ્વેસામૃથ અખિલ ભુવન આધારા. ભલા૦ ૩
સહજાનંદ મીલે બ્રહ્માનંદ, પ્રાણ નવલ પ્રિય પ્યારા. ભલા૦ ૪

**પદ - ૩**

ભલા સહજાનંદ શ્યામ સુહાગી, યાતે મેં અનુરાગી. ભલા૦
સહજાનંદ ભજનસે મેરે, ભવભટકણા સબ ભાગી. ભલા૦ ૧
સહજાનંદ શ્યામ સુંદરકી, અકળ વાત અતિ આગી. ભલા૦ ૨
સહજાનંદ વિના ભવ ભટકત, કુણ ગ્રૃહી કુણા ત્યાગી. ભલા૦ ૩
બ્રહ્માનંદ સહજાનંદ ચરણે, લગન મગન હોય લાગી ભલા૦ ૪

**પદ - ૪**

ભલા સહજાનંદ બલિહારી, મોય લગત છબી પ્યારી. ભલા૦
પ્રિય મુખ વેણ નેણ અતિ તીખે, અંબુજકી અનુસારી. ભલા૦ ૧
સુખ કો સદન મદન મહમોહિત, વદન કમળ પર વારી ભલા૦ ૨
ભાલ વિશાળ ગાલ ગલ શોભિત, ચાલ જગતસેં ન્યારી. ભલા૦ ૩
બ્રહ્માનંદ વસો ઉર અંતર, સહજાનંદ સુખકારી. ભલા૦ ૪

**રાગ : રેખતા - પદ - ૧**

આવના મેરે મનકે, મેરમ સલુનો શ્યામ રે;
સલુનો શ્યામ રે, મેં સમરૂં તેરા નામ રે. આવ૦ ટેક.



હજારી કીર્તનાવલિ

પહેરી પ્રીત લગાયકે, સબ આશ કરો મત દૂર;
દૂર રહે દુઃખ હોત હે, મેં તરત મરૂંગી ઝુર રે. મેર૦ ૧
દરદે દીવાની મેં ડોલું મેરે વ્રેહકા બાઢયા રોગ;
રોગકી મારી રીસમેં, મેં જાય પેરૂંગી જોગ રે. મેર૦ ૨
પ્રીતમ ડાર્યા પ્રેમકા, તુંમ જોર ગળે બીચ ફંદ;
ફંદકી મારી મેં ફરૂં, બલ જાવત બ્રહ્માનંદ રે. મેર૦ ૩

**પદ - ૨**

આવના મેરે આશક, જાની રંગીલે વહાલમે;
રંગીલે વહાલમે, મેરે દિલકે મા’સુક માલમે. આવ૦ ટેક.
બોત રસીલી બોલની પ્યારે, અંખીયાં તેરી લાલ;
લાલ પ્રિયા તેરે કારને મેં, લીન ફકીરી હાલ રે જાની૦ ૧
પેહેરૂં કફની પ્રેમકી, લેઉં હક્કી ઝોલી હાથ;
હાથ તેરે મેરા હીયરા, નિશ દિન ડોલુંગી સાથ રે. જાની૦ ૨
બ્રહ્માનંદકી વિનતી, સુન લીજે સુંદર શ્યામ;
શ્યામ પ્રિયા તેરી અંતરે, મેરે રટના આઠું જામ. જાની૦ ૩

**પદ - ૩**

શ્યામરે મેરે પ્રાણકે, પ્રીતમ પ્યારી તેરે બોલની;
પ્યારી તેરી બોલની, દિલચોર અલૌકિક ડોલની. શ્યામ૦ ટેક.
લાલ ગુલાબી અંખીયાં તેરી, છેલ અલૌકિક ચાલ;
ચાલ લખી તેરી લાલજું, મેરે નેન ભયે ખુશીઆલ રે. પ્રીત૦ ૧
વહાલમ તેરે વેનમેં ભયા, ચિત્ત મેરા ગુલતાન;
તાન તેરે દિદારકી મેરે, છેલ છબીલે કહાન રે. પ્રીત૦ ૨
રૂપ તેરા દિલ ભીંતરે રટું, રસના તેરા નામ;
નામ તેરે કુરબાનમેં, બ્રહ્માનંદ કે’ સુંદર શ્યામ રે. પ્રીત૦ ૩

**પદ - ૪**

આયકે બસી અંતર, મેરે છબી પ્યારે કહાનકી;
છબી પ્યારે કહાનકી, લગી રટના બીને વાનકી. આય૦ ટેક.

મેં ભઈ અબ બાવરી, મેરા મન નહિ હાથ;
હાથ બેકાની નાથકે, મેં તો જાઉંગી વાકે સાથ રે. મેરે૦ ૧
કુંન ભરે જળ હેલિયાં, અબ કુંન કરે ઘેર કામ;
કામ કનૈયા લાલકા, કુરબાન કરૂં ધન ધામ રે. મેરે૦ ૨
બ્રહ્માનંદ કે' નાથકા અબ, ખૂબ ચઢ્યા મોય રંગ;
રંગ તજ્યા સંસારકા, ભઈ દોસ્તી મેરમ સંગ રે. મેરે૦ ૩

### રાગ : ગરબી પદ - ૧

છેલા તારૂં છોગલું અતિ સારૂં રે, જોઈ મોહી રહ્યું મન મારૂં રે. છેલા૦ ટે.
રૂડાં લટકાં કરો છો લહેરી રે, બાંધી પાઘ ગુલાબી ઘેરી રે;
મારી નીરખી આંખડલી ઠેરી. છેલા૦ ૧
જોઈને મોહી છું ચંદન ખોરે રે, તારી મૂરતિ વસી દીલ મોરે રે;
કીધી ઘાયલ ફૂલાં કેરે તોરે. છેલા૦ ૨
કાજુ શોભે છે ભમર કાનસીયાં રે, બહુ અંતરમેં રસબસિયારે;
બ્રહ્માનંદને આવી દીલ વસીયા. છેલા૦ ૩

### પદ - ૨

આવો આવો લાલજી લટકાળા રે, મોતીડાની પે'રાવું હું માળા રે. આવો. ટે.
કાજુ ફુલડે તે સેજ બીછાવું રે, આગે પગભર ઉભી ગાવું રે;
આવો મંદિરમાં પધરાવું. આવો. ૧
દુધ પાઈશ ગાવડલી દોઈનેરે, માંઇ નાખીશ શાકર ધોઈને રે;
રાખું આંખડલીમાં પ્રોઈને. આવો. ૨
ભાવે આવોને રંગડાના ભરીયારે, હેતે પ્રાણ મારા તમે હરીયા રે;
બ્રહ્માનન્દના વા'લા ડોલરીયા. આવો. ૩

### પદ - ૩

રસીલા લાલજી રંગભીના રે, આવો છેલ કુંવર નંદજીના રે. ર. ટે.
તમને મળવાને મન મારૂં ધાખ્યું રે, લોકે જેમ કહ્યું તેમ સાંખ્યું રે;
જોવા કાજે આતુર થાયછે આંખ્યું. ર.૧
નિરખ્યા કાજ ઉભી ચઢી મેડે રે, મારૂં મનડું ડોલે તમ કેડે રે;
હું તો મોહી છું પાઘડલીને છેડે. ર.૨





નટ નાગર છેલ નાનુડા રે, માથે નવલ મોતીડાના જુડા રે;
બ્રહ્માનંદના વાલા લાગો રૂડા. ર.૩

### પદ - ૪

કહાના તારા રૂપની બલિહારી રે, મનવરતિ લોભાણી છે મારી રે. ક. ટે.
કાને કુંડળ નૌતમ રાજે રે, છોગાં નવલ કલંગી છાજે રે;
આવે દેવ ત્રીયા જોવા કાજે. ક.૧
ફુલ ગજરા બાજુબંધ ફાવે રે, છબી ચિત્તડાંને લલચાવે રે;
જોતાં નેણ ત્રપત ન થાવે. ક.૨
રંગે ખેલોછો પલવટ વાળી રે, વાઓ છો મોરલીડી રૂપાળી રે;
બ્રહ્માનંદના વહાલા વનમાળી. ક.૩

### રાગ : ગરબી પદ - ૧

ધન્ય ધન્ય મારી આંખડી, નીરખ્યા વ્રજપતિ વા'લો;
માથે સુંદર મોળીયું, ઓઢ્યો નવલ દુસાલો. ધન્ય ૦ ૧
ભાલ તિલક સોયામણું, ભૃકુટી રૂપાળી;
લોચન તીખાં લાગણાં, નાસા મરમાળી. ધન્ય ૦ ૨
કુંડળ જડાઉ કાનમાં, મકરાકૃતિ ભારી;
તે જોઈને ફૂલી ફરે, સરવે વ્રજનારિ. ધન્ય૦ ૩
કાજું ગોર કપોળમાં, તીલ ત્રાજુ શોભે;
ગોકુળવાસી ગોપનાં, જોઈ જોઈ મન લોભે. ધન્ય ૦ ૪
અધર લાલ શુભ દાંત છે, દાડમ કળી જેવા;
બ્રહ્માનંદના નાથને, હસી બોલ્યાનો હેવા. ધન્ય ૦ ૫

### પદ - ૨

આજ મારે આનન્દ અંતરે, જગજીવન જોઈને;
મનમોહનની મૂરતી, રાખું નેણમાં પ્રોઈને. આજ૦ ૧
ઘોડલાંની વાંસે ઘુમરૂ, હાથીડાની હાર્યું;
અસવારો અલબેલની, જોઈ તન ધન વારૂ. આજ૦ ૨
ગિરિધર ગજ અંબાડીએ, ચાલ્યા મથુરાની શેરી;
વનિતા લેવે વારણાં, ફુલડલાં વેરી. આજ૦ ૩

વાજાં બહુત પ્રકારનાં, નીશાણ પટાળાં;
ચમર ઢળે શીર શ્યામને, લાગે રૂપાળાં. આજ૦ ૪
ચોપદાર ઉંચે સ્વરે, જય વાણ ઉચ્ચારી;
બ્રહ્માનંદ છબી જોઈને, જાય બલીહારી. આજ૦ ૫

**પદ - ૩**

હરિવર બેશી હાથીએ, માણીગર, મા'લે;
ચમર ઢળંતે શ્યામળો, છોગાળો ચાલે. હ૦ ૧
મથુરાં નગરની માનિની, હેતે અતી હેરે;
ગોખ ચડે ગજગામની, ફુલડલાં વેરે. હ૦ ૨
ડમરી અબીલ ગુલાલની, ઉડે અતિ ભારી;
તે જોવાને આવીયા, બ્રહ્મા ત્રિપુરારી. હ૦ ૩
ઢોલ દદામાં ગડગડે, ત્રાંબાળુ વાજે;
કુબુદ્ધિ મંત્રિ કંસના, દેખીને દાઝે. હ૦ ૪
બ્રહ્માનંદના નાથની, ઓપે અસવારી;
કોટીક જન પાવન થયાં, નીરખી નર નારી. હ૦ ૫

**પદ - ૪**

શી કહું શોભા આજની, વર્ણવ્યામાં ના'વે;
ગિરિધર ગજ અંબાડીએ, મલપંતા આવે. શી૦ ૧
પાઘ ઉપર શીર પેચની, શોભા અતી સારી;
અજબ દુસાલો ઓઢીઓ, વ્રજરાજ વિહારી. શી૦ ૨
હૈડા ઉપર હીંડળે, મોતીડાની માળા;
મથુરાં કેરી શેરીએ, લાગે રૂપાળા. શી૦ ૩
કર્યું નિકંદન કંસનું, નિજ જન સુખ આપ્યું;
દેવકી વસુદેવનું, ભવબંધન કાપ્યું. શી૦ ૪
જોગી જતી જલે બલે, સકકાદીક ચાલે;
બ્રહ્માનંદ પાવન કર્યાં, લોચન નન્દલાલે. શી૦ ૫





**રાગ : પરજ પદ - ૧**

મોલીડામાં મોહી રે, છેલાજીના મોલીડામાં મોહી. ટેક.
રસીક સલુણાનું મોલીડું રંગીલું, નીરખતાં તૃપ્ત ન હોઈ રે. છે૦ ૧
નૌતમ રંગ ચડ્યો મારા મનમાં, જગના જીવનને જોઈ રે. છે૦ ૨
શ્યામળીયા સંગ જાતાં રે સજની, કુણ રે રાખે મુંને ઠોઈ રે. છે૦ ૩
બ્રહ્માનંદના વાલાની મૂર્તિ, રાખું આંખડલીમાં પ્રોઈ રે. છે૦ ૪

**પદ - ૨**

છોગલીયે ચિત્ત ચોર્યું રે, શ્યામળીયાને છોગલીયે ચિત્ત ચોર્યું. ટેક.
છેલ છબીલાનું નવલ છોગલીયું, મોતીડેથી મોર્યું રે. શ્યામ૦ ૧
પાઘ બાંધી શીર અજબ અલૌકિક, કાજુ સોનેરી કોર્યું રે. શ્યામ૦ ૨
અધિક અધિકમાંઈ નૌતમ ઉઠે, ફુલડાંના હારની ફોર્યું રે. શ્યામ૦ ૩
બ્રહ્માનંદના નાથની કેડે, દીલડું રહે છે હાર્યું દોર્યું રે. શ્યામ૦ ૪

**પદ - ૩**

લાગી નેણ કટારી રે, કાનુડાની લાગી નેણ કટારી.
જમુનાને મારગ પાણીલે જાતાં, ઘાયલ કરી ગિરિધારી રે. કાનુ૦ ૧
જોર નજર ભર સન્મુખ જોઈને, મનમાં અચાનક મારી રે. કાનુ૦ ૨
કોટિક વૈદ મથી મથી હાર્યા, કોઈની ન લાગે કારી રે. કાનુ૦ ૩
બ્રહ્માનંદ કહે પરવશ થઈ છું, તનડાંની સુરત વિસારી રે. કાનુ૦ ૪

**પદ - ૪**

આંખડલીની અણીયેં, વેંધ્યાં વાલે આંખડલીની અણીયેં. ટેક.
નટવર લાલ રંગીલાનાં નેણાં, બાણ સરીખાં ગણીયેં. વેંધ્યાં૦ ૧
ભીંતર ઘાવ લાગો અતી ભારી, રાત દિવસ કણકણીયેં. વેંધ્યાં૦ ૨
દરદીની વાતું તે દરદીડાં જાણે, બેદરદીને શું ભણીયેં. વેંધ્યાં૦ ૩
બ્રહ્માનંદ કહે એણી પેરે વેંધ્યાં, મણીને ભેદે જેમ મણીયેં. વેંધ્યાં૦ ૪

**રાગ : પરજ પદ - ૧**

આજ ગઈતી હું જમુનાનાં પાણી, માથે હેલ ઉપાડી રે;
ઓચિંતે આવીને મારે વાલીડે, મોહન વેણ વજાડી રે.
સાંભળતામાં મારી શુદ્ધ બુદ્ધ વીસરી, દીલમાં થઈ છું દીવાની રે;
અંતર લાગી મારે પ્રેમની કટારી, કેમ કરી રાખું છાની રે. ૨

ઘાયલ થઈને હું ઢળી ધરણી પર, ઉઠું તોય ન ઉઠાય રે;
કહાન કુંવરને મળવાને કાજે, મન મારું અકળાય રે. ૩
પરવશ થઈને પડ્યું છે મારૂં તનડું, મનડું ડગ ન ચાલે રે;
મંત્ર ભણી નાખી મને મોહની, બ્રહ્માનંદને વહાલે રે. ૪

પદ - ૨

જમુનાં તીરે જદુપતી ઉભો, સુંદર છેલ છોગાળો રે;
વ્રજનારીનાં મનડાં લેવા, લટકાં કરે લટકાળો રે. ૧
આંખડી નૌત્તમ અણીયાળી, ભાલ તિલક છબી ભારી રે;
વ્રજજીવનનું મુખડું જોતાં, સરવસ નાંખું વારી રે. ૨
પાઘડલી પેચાળી રે બાંધી, રસીક પીયે નવ રંગી રે;
રતન જડેલી લટકી રહી છે, કાજુ નવલ કલંગી રે. ૩
સામો મળ્યો મને શ્યામ સલુણો, સુંદર વ્રજની શેરી રે;
બ્રહ્માનંદના નાથની મૂર્તિ, આવીને અંતર ઠેરી રે. ૪

પદ- ૩

વનમાંહી રે મોરલડી વાગી, ભણક પડી મારે કાને રે;
લટકાળે રે મને વશ કરી લીધી, તીખી તીખી તાને રે. ૧
વાંસલડી રે પડી મારે વાંસે, વેરણને કોઇ વારો રે;
મોડી રે વે'લી મોરલડી આ, લેશે પ્રાણ અમારો રે. ૨
નાદ ભેળી રે નટવરની મૂર્તિ, હૈડામાં દેખાય રે;
જે જોઇને ઘરડાંનો રે ધંધો, ઝેર સરીખો મને થાય રે. ૩
કામણીયું રે મોરલીમાં કાંઇ કીધું, ચિત્તડું લીધું મારૂં ચોરી રે;
બ્રહ્માનંદના નાથની રે વંશી, નાખ્યું કાળજ મારૂં કોરી રે. ૪

પદ - ૪

શેરડીયે રે મને સામો રે મળીયો, વાલીડો કુંજવિહારી રે;
અજબ દુસાલો ઓઢી રે લીધો, અંગરખી ફુલકયારી રે. ૧
બેશ અલૌકીક લીધું રે બાંધી, મોળીડું મરમાળે રે;
લટકાળે મનડું લલચાવ્યું, આંખડલીને ચાળે રે. ૨
ગેરાં લોચન રંગ ગુલાબી, હેતાળાં જાણે હસતાં રે;
તે જોઇને મારાં પણ નેણાં, છેટે પળ નથી ખસતાં રે. ૩





ભીને વાન રંગીલે ભૂધરે, આડી નજરે હેરી રે;
બ્રહ્માનંદના વસી ઉર અંતર, મૂરતિ નટવર કેરી રે. ૪

રાગ ગરબી પદ - ૧

માનો હઠીલા કુંવર નંદના રે, મારે માથે છે જળડાની હેલ રે. માનો૦
વાલા દુરીજન દેખે છે લોંકડાં રે, ઘોળ્યાં ઠાલી ચડાવશે આળ રે. માનો૦
આ વાટે રોકો માં મને વિઠ્ઠલા રે, દેશે દેશે સાસુડી મને ગાળ રે. માનો૦
ભાર લાગે છે માથે ભૂધરા રે, ખોટી થઈએ છૈયે ઘરડાનું કામ રે. માનો૦
જોર જણાવો શીદ જાદવા રે, નથી લીધી વેંચાતી નાખી દામ રે. માનો૦
હલકાં વેણ ન કાઢીએ રે, રહીએ સમજી પોતાકેરી રીત રે. માનો૦
વનમાં રોકો છો પર વનિતા રે, તમે થાશો એમાંથી ફજીત રે. માનો૦
મારગ મેલીને રહોને વેગળા રે, શીદ અમને કરો છો હેરાન રે. માનો૦
બ્રહ્માનંદના સ્વામી શ્યામળા રે, કેડો મેલોને આલીગારા કહાન રે. માનો૦

પદ - ૨

મેલોને મારગ માવજી રે, મારે લાગે છે મહીડાનો ભાર રે. મે૦
વહાલા કેડે કેડે આવો શીદ કાનજી રે, શું સમજીને રોકો છો વાટ રે. મે૦
નવરા નિશ દિન નાથજી રે, આવી ઘેરો છો જમુનાને ઘાટ રે. મે૦
અમે મહીયારાં રાવલાં રે, વળી રહીએ રાજા કેરે વાસ રે. મે૦
રીસ જણાવો છો આંખમાં રે, શાનું દાણ માગો છો અમ પાસ રે. મે૦
આવી બાઝોમાં તમે ઓઢણે રે, જાશે રાજ દરબારમાં વાત રે. મે૦
મોટાં મોટાં વેણ ન બોલીયે રે, અમે જાણી તમારી જાત રે. મે૦
દાણને નામે ના'પું દોકડો રે, નહીં પાઉં મહીડું નવટાંક રે. મે૦
બ્રહ્માનંદના સ્વામી વાટમાં રે, અમને રોકી ઉભા છો શે વાંક રે. મે૦

પદ - ૩

આવોને સુંદર શ્યામળા રે, વહાલા કહેવી છે કાંઇ એક વાત રે. આ૦
વહાલા વારે વારે જોઉં છું હું વાટડી રે, વારી સેજ બીછાઇ તમકાજ રે. આ૦
તમથી બાંધી છે પ્રીતડી રે, મેં તો મેલી સંસારીડાંની લાજ રે. આ૦
ઘરના સૌ કહે છે ઘેલડી રે, મારે તમ સંગાથે લાગી તાન રે. આ૦
મળવા તમને માવજી રે, મુને કોડ ઘણા છે કહાન રે. આ૦

નેણાં હરખે છે નિત્ય નિરખવા રે, હરખે આલિંગન કાજે અંગ રે. આ૦
મંદિર પધારોને મલપતા રે, વારી છેલ છબીલા નવ રંગ રે. આ૦
તાપ નીવારો મારા તનના રે, વહાલા મનડાની પુરો આવી આશ રે. આ૦
બ્રહ્માનંદની એ છે વિનતિ રે, પ્રિયા પ્રીત કરીને રાખો પાસ રે. આ૦

પદ - ૪

કોડીલા કુંવર કાનજી રે, મારે તમ સંગ લાગી પ્રીત રે. કો૦
વહાંલા જોઈને તમને જાદવા રે, મારાં શીતળ થાય છે નેણ રે. કો૦
નટવર સુંદર નાથજી રે, તુજથી રટના લાગી દીન રેણ રે. કો૦
ફુલી ફરૂં છું તારા કેફમાં રે, હું તો ભૂલી છું તનડાનું ભાન રે. કો૦
ઘેરી મુખ વાઓ છો મોરલી રે, તેણે સુણતાં થઈ હું ગુલતાન રે. કો૦
વારે વારે હેરો છો હેતમાં રે, ભીને વાને ચોરો છો મારૂં ચિત્ત રે. કો૦
મનમાં વસી તારી મૂર્તિ રે, મારે પૂરણ લાગી છે પ્રીત રે. કો૦
શોભો છો ગોપીજન સાથમાં રે, હાથે લટકાં કરતા નંદલાલ રે. કો૦
બ્રહ્માનંદ જાયે નિત્ય વારણે રે, તારૂં નિરખી વદન થઈ ન્યાલ રે. કો૦

રાગ ગરબી પદ - ૧

પ્રીતમજી વેલા પધારો રે, વાટ જુવે છે વ્રજનારી;
તનડાના તાપ નિવારો રે, વાટ જુવે છે વ્રજનારી. ટેક.
તમ વિના વ્રજ સુનું લાગે રે, વાટ૦ ભૂધર દેખી દુઃખ ભાગે રે. વાટ૦ ૧
આવો સુંદર શ્યામ સોહાગી રે, વાટ૦ શું બેઠા થઈ ત્યાગી રે. વાટ૦ ૨
આળસ મેલીને આવો રે, વાટ૦ શું છેટે રઈ લલચાવો રે. વાટ૦ ૩
જીવન તમે મથુરાં જઈને રે, વાટ૦ રહ્યા નાથ નમેરા થઈને રે, વાટ૦ ૪
આવો અરજી અંતર ધારી રે. વાટ૦ જોયે બ્રહ્માનંદ બલિહારી રે. વાટ૦ ૫

પદ - ૨

મોહન મથુરાંના વાસી રે, વ્રજમાં આવો વાલમજી;
હવે મેલો કુબ્જા દાસી રે, વ્રજમાં આવો વાલમજી. ટેક.
તમે પે'લી પ્રીતિ કીધી રે, વ્ર૦ વા'લા વળતી ખબર ન લીધી રે. વ્ર૦ ૧
તન પરથી ચિંતા ટાળો રે, વ્ર૦ ભૂધરજી સામું બાળો રે. વ્ર૦ ૨
વા'લા છૈયે દાસ તમારાં રે, વ્ર૦ આવી પૂરો કોડ અમારા રે. વ્ર૦ ૩





વારી ગુણવંતા ગિરિધારી રે, વ્ર૦ આવો અવગુણીયા વિસારી રે. વ્ર૦ ૪
બ્રહ્માનંદની અરજી સુણીને રે, વ્ર૦ કાંઈ કુબ્જા પાસે ભણીને રે. વ્ર૦ ૫

પદ - ૩

મથુરાંના વાસી માવે રે, પ્રીતમ આવો પાતળીયા;
અમે નોતા જાણ્યા આવા રે, પ્રીતમ આવો પાતળીયા. ટેક.
બળવંત કુબ્જાના બેલી રે. પ્રી૦ મોહનજી આળસ મેલી રે. પ્રી૦ ૧
તમ સાથે પ્રીતિ બાંધી રે. પ્રી૦ વ્રહડાંની વેલી વાધી રે. પ્રી૦ ૨
એકલડાં કેમ કરી રહીએ રે, પ્રી૦ દુઃખ કેને આગે કહીએ રે. પ્રી૦ ૩
અંતર ગતની જાણો છો રે. પ્રી૦ છેટે રહી ચિત્ત તાણો છો રે. પ્રી૦ ૪
બ્રહ્માનંદ કહે જુગલ થઈને રે. પ્રી૦ કુબ્જાને સંગ લૈને રે. પ્રી૦ ૫

પદ - ૪

નિરમોહિડા શ્યામ હમારા રે, ભૂધર કેણે ભરમાવ્યા;
ડોલરીયા નંદદુલારા રે, ભૂધર કેણે ભરમાવ્યા. ટેક.
કેનાં તમે કારજ સાર્યા રે, ભૂ૦ વ્રજવાસીને વિસાર્યા રે. ભૂ૦ ૧
કુબ્જામાં મન લોભાણું રે, ભૂ૦ હવે ઠીક જડ્યું ઠેકાણું રે. ભૂ૦ ૨
વાલા સરખે સરખુ મળીયું રે. ભૂ૦ શીદ ચિત્ત ચડે ગોકળીયું રે. ભૂ૦ ૩
નટવરજી ભૂરકી નાખી રે. ભૂ૦ મંદીરમાં લીધા રાખી રે. ભૂ૦ ૪
બ્રહ્માનંદના નાથ પધારો રે. ભૂ૦ જાણીશું પાડ તમારો રે. ભૂ૦ ૫

રાગ : ગરબી પદ - ૧

ચાલો સૈયો જાયે જમુનાં કાંઠડે રે, ખાંતીલેને માંડ્યો સુંદર ખેલ રે;
મોહનને જોવાને જાયે મલપતાં રે, પાણીડાંની માથે લૈને હેલ રે. ચાલો.
બાજુ ને કાજું રે બાંયે બાધીયા રે, હીડલતોને પેર્યો હૈડે હાર રે;
હસીને કરે છે લટકાં હાથનાં રે, લટકાળો નંદનો કુમાર રે. ચાલો.
છેલાનાં મોતીડાં કેરાં છોગલાં રે, પ્યારી તે રંગીલી રૂડો પાગ રે;
મીઠીને વજાડે કાનો મોરલી રે, સુણીને પીયાલે ડોલે નાગ રે. ચાલો.
રસની જાણે રે સર્વે રીતડી રે, વાલો મારો ચતુર સુજાણ રે;
બ્રહ્માનંદ જાય રે એને વારણે રે, વ્રજની નારીનો જીવન પ્રાણ રે. ચાલો.

## પદ ૨

મરમાળાજી આવો મારા મો'લમાં રે, પાતળીયા રંગીલા મારા પ્રાણ રે;
આવીને શોભાવો મારો ઓરડો રે, છેલ છબીલા ચતુર સુજાણ રે. મર.
ચિત્તડામાં ખૂત્યું છે તારૂં છોગલું રે, રૂજીને કલંગી ખૂબીદાર રે;
સોનેરી કોર્યું રે મોર્યું મોતીયે રે, મોળીડું દેખીને વાધે પ્યારરે. મર.
મનડામાં પ્રોવાણી તારી મુરતી રે, હાથ ન લાગે ઘરડાં કેરૂં કામ રે;
હસીને બોલાવો મુને હેતમાં રે, શ્યામળિયા રંગીલા મારા શ્યામ રે. મર.
કાનકુંવર રંગ ભીના તારે કારણે રે, લોક તણી મેલી મેં સર્વે લાજ રે;
બ્રહ્માનંદના નાથ પધારો સેજડી રે, રસિક સલુણા છોગલા વ્રજરાજ રે. મર.

## પદ - ૩

જમુનામાં ઝીલે રે સુંદર શ્યામળો રે, સર્વે ગોવાળીડાને સાથ રે;
છોળ્યું ને ઉછાળે વાલો નીરની રે, હીલો લાવે જલમાં બેઉ હાથ રે. જ૦
આસપાસ સખા કેરી મંડળી રે, ગેરે ને મધુરે સ્વરે ગાય રે;
હેલડલી ઉપાડી ચાલો પાણીયે રે, રસીયો જોવાને જાદવ રાય રે. જ૦
દેખંતા દેખંતા મારે ડૂબકી રે, સખા સરવે ઝીલે ચારે કોર રે;
ઝીણી ઝીણી બુંદ પડે છે મેઘની રે, મોહનને જોઇ નાચે બોલે મોર રે. જ૦
જળની લીલા રે છેલા કાનની રે, જેણે દીઠી તેનાં મોટાં ભાગ્ય રે;
શોભા રૂડી બ્રહ્માનંદના શ્યામની રે, રાત દીવસ હેડામાં રાખ્યા લાગ રે. જ૦

## પદ - ૪

કોડીલો ઝીલે રે છેલો કાનજી રે, નીરમળ રૂડાં જમુનાકેરાં નીર રે;
નિર્મળ ખેલે પાસ સખાની મંડળી રે, નિર્મળ નેણે હેરે છે બળવીર રે. કો૦
કાંઠેને ઉભી રે વ્રજની કામની રે, ગાવે છે મધુરે સાદે ગીત રે;
હાથેને ઉછાળે પાણી હેતમાં રે, પ્રેમી જનને વાધે જોઇ જોઇ પ્રીત રે. કો૦
ઇંદ્રાદિક જોવાને કાજે આવીયા રે, છાઇ રહ્યાં આકાશે વિમાન રે;
ઉત્સાહ કરીને ગાવે અપછરા રે, શંકર જોવા આવ્યા મેલીને ધ્યાન રે. કો૦
શોભે છે ગોઠીડા કેરા સાથમાં રે, તારાના મંડળમાં જાણું ચંદ રે;
જળની લીલા જોઇને જાદવરાયની રે, બલિહારી જાય છે બ્રહ્માનંદ રે. કો૦





## રાગ : ગરબી પદ - ૧

નાનકડા રે નાનકડા તમે નંદકુમાર, આવો તે ફેલ ન કીજીએ ના૦ ૧
માં રોકો રે માં રોકો વનમાં પરનાર, પાઇએ તે ગોરસ પીજીએ. ના૦૨
તમે થયા છો રે તમે થયા છો મોહન મેવાર, અમે તમથી બહુ બીજીએ. ના૦ ૩
માથે લાગે છે માથે લાગે મૈડાનો ભાર, કેમ કરી ઉભા રીજીએ. ના૦ ૪
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના વહાલા લાગે છે વાર, રીત માગો તે લીજીએ. ના૦ ૫

## પદ - ૨

સહુ જાણે રે સહુ જાણે વહાલા તારી વાત, ચોરી છે તારા ચિત્તમાં. સ૦ ૧
દીસે છે રે દીસે છે દીલડામાં ઘાત, બહાર બોલાવો છો પ્રીતમાં. સ૦ ૨
નવ કરીએ રે નવ કરીએ આવડી ઉતપાત, મળે નહીં લાભ ફજીતમાં. સ૦ ૩
હું જાણું રે હું જાણું જાદવ તારી જાત, રહેજે પોતાની રીતમાં. સ૦ ૪
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના વહાલા દી ને રાત. ઘેલી ફરૂં તારા ગીતમાં. સ૦ ૫

## પદ - ૩

નહીં આપું રે નહીં આપું મહીડાનું દાણ, સમજીને વેણ ઉંચારીને. ન૦ ૧
નવ કરીએ રે નવ કરીએ હૈયા જોર હલાંણ, વિનતડી ઉર ધારીએ. ન૦ ૨
નથી લીધી રે નથી લીધી મુજને વેચાણ, મેણાં દેઈ નવ મારીએ. ન૦ ૩
તમે આવડી રે તમે આવડી શીદ રાખો છો તાણ, જાઇ ગોકુળ ગાયો ચારીએ. ન૦ ૪
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના વહાલા ચતુર સુજાણ, વાત હૃદે વિચારીએ. ન૦ ૫

## પદ - ૪

છેટે રેજે રે છેટે રેજે મહીડાના ચોર, દાણ જોરાએ નહીં જડે. છે૦ ૧
જાણું છું રે જાણું છું જાદવ તારૂં જોર, તું મોટો તે અમ વડે. છે૦ ૨
નવ ચડીએ રે નવ ચડીએ પરનારીને નોર, શું જાણે શું નિવડે. છે૦ ૩
ફાટે છે ફાટે છે સાલુડાની કોર, એમાં તારૂં નહીં ઉઘડે. છે૦ ૪
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના વહાલા નફટ નઠોર, બાઝીશ માં મહીને ઘડે. છે૦ ૫

## પદ - ૫

તારે શું છે રે તારે શું છે મોહન મનમાંય,બાજ માં મહીની ગોળીએ. તા૦ ૧
એ વાતે રે એ વાતે કોઇનું ઘર જાય, વનમાં પગેરાં ન ખોળાએ. તા૦ ૨

તું તો નવરો રે તું તો નવરો વનમાં મોરલી વાય, ચઢાવ્યાં તે ચકડોળી. તા૦ ૩
શાને ઓલે રે શાને ઓલે અહીંતાં ખોટી થાય, નંદની ગાયો ટોળીએ. તા૦ ૪
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના વહાલા આ શી બલાય, દાડી દાડી નવ રોળીએ. તા૦ ૫

પદ - ૬

તારો પીતા રે તારો પીતા છે નંદ આહીર, તું તે રાજા ક્યાંયનો. તા૦ ૧
શાને ઓલે રે શાને ઓલે ફાડે છે ચીર, મર્મ હું સમઝી માંયનો. તા૦ ૨
ખાધી ઝાંઝી રે ખાધી ઝાઝી ગોકુળમાં ખીર, એ પરતાપ તો આંયનો. તા૦ ૩
થઈ બેઠો રે થઈ બેઠો કારમો અમીર, વાતે મોટો દીસે નાંયનો. તા૦ ૪
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના વાલા જમુના ને તીર, છળ કેમ રહેશે છાંયનો. તા૦ ૫

પદ - ૭

છોરા નંદના રે છોરા નંદના તારે નહીં લાજ, વણ સમજે તું બાંઝ માં. છો૦ ૧
નથી આવ્યું રે નથી આવ્યું તારે ઘેર રાજ, મહીની મટુકી ભાંજ માં. છો૦ ૨
સર્વે તારે રે સર્વે તારે વઢવાનો સાજ, તતપર છો એ કાજ માં. છો૦ ૩
જાણે બોલે રે જાણે બોલે મહારાજાધીરાજ, ગાયો ચારીને ગાજ માં. છો૦ ૪
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના વાલા વઢવા કાજ, આવી છું ઝાઝી દાઝ માં. છો૦૧

પદ - ૮

તુંને કૌછું રે તુને કૌછું કુડા બોલા કાન, આડો ઉભો શીદ વાટમાં. તું૦ ૧
અમને કીધાં રે અમને કીધાં વનમાં હેરાન, જળ જમુનાંના ઘાટમાં. તું૦ ૨
દીસે છે રે દીસે છે મનમાં સેતાન, દૃષ્ટિ છે મહિના માટમાં. તું૦ ૩
કોણ કે'શે રે કોણ કે'શે તુજને ભગવાન, નવરો ફરતો લાટમાં. તું૦ ૪
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના વાલા મોરલીના તાન, થકીત ભઈ તારા ઘાટમાં. તું૦ ૫

પદ - ૯

વાલા લાગો રે વાલા લાગો છોગાળા છેલ, પ્રીતમ જીવન પ્રાણ છો. વા.
આવી વળગો રે આવી વળગો બળીયા મારી બેલ, ખાવંન સુખની ખાણ છો. વા.
રૂપાળા રે રૂપાળા રસીયા રંગરેલ, આંખડલીના ભાણ છો. વા.
હુંતો આવીશ રે હુંતો આવીશ ગીરધારી તારી ગેલ, મારી સેજડલીની સુવાણ છો. વા.
બ્રહ્માનંદના રે બ્રહ્માનંદના વાલા અલબેલ, જગપતિ અંતર જાણ છો. વા.





રાગ : ગરબી પદ - ૧

સાચું બોલો શ્યામ સલુણા, કોણ તમને વા'લી વારી;
વણતેડયા તેને મંદીરીયે, જાઓ છો ચાલી વારી. ૧
સમ છે તમને કે'જો સાચું, અમથી મ ડરજો વારી;
પછી તમારા મનમાં આવે, તેમ જોઈને કરજો વારી. ૨
અમે તમારી અટકળ કીધી, મન બીજે માન્યું વારી;
હીયે હોય તે હોઠે આવે, કેમ કરી રહે છાનું વારી. ૩
અમે તમારે કેડે ફરીયે, તે મનમાં નાણો વારી;
તેને ઘેર જઈ મહી વલોતાં, નેતરડું તાણો વારી. ૪
તેને તમે તમારે એથી, પ્રીતડલી બાંધી વારી;
કોઈ પેરની આવી એણે, કામકળા સાધી વારી. ૫
કોણ જાણેએ જે શાં તપ કીધાં, જે તમને ભાવી વારી;
એને સાથે જોર બંધાણી, પ્રીતડલી આવી વારી. ૬
સૌ સૈયરમાં હળતા મળતા, રસીયાજી રહો છો વારી;
ઉંડી વાતો અંતરગતની, જાઈ તેને કહો છો વારી. ૭
હરતાં ફરતાં તેના ઘરની, રાખો છો રખવાળી વારી;
બ્રહ્માનંદ કહે જોડ બની છે, રૂડી રૂપાળી વારી. ૮

પદ - ૨

આવ સખી એકાંતે કહું, તુંને વાલાની વાતુ બેની;
પડોશણસું પ્રીત કરી, તે નથી ખમાતું બેની. ૧
દાડી એના મંદીરીયામાં, અણતેડ્યો આવે બેની;
એનું મુખડું ભાળી ભાળી, તાળી દેઈ ગાવે બેની. ૨
જેવે તેવે મન નવ માને, રંગ નવલે રાચે બેની;
એને આગે આંટી મેલી, નચવે તો નાચે બેની. ૩
બીજાનાં તો મેવા મીસરી, મીઠાં નવ લાગે બેની;
એને આગે ઓશીયાળા થઈ, મહી માંખણ માગે બેની. ૪
કઈ પેરનાં કાન કુંવરને, કામણીયાં કીધાં બેની;
એ આગે તો એમ વરતે, જાણે વેંચાતા લીધા બેની. ૫

એના ઘરની સરવે ચિન્તા, ઉપાડી માથે બેની;
બીજાં શું તો ઉલા વરતે, સુધા એ સાથે બેની. ૬
એને આગે ડરતાં ડરતાં, છોગાળો ચાલે બેની;
એને ઘેર એકાંતે જઈને, મનગમતું મા'લે બેની. ૭
વાલોજી એને મન વસીયા, એને એ પ્યારી બેની;
બ્રહ્માનંદનો વાલો વશ કીધા, ધન્ય તે વ્રજનારી બેની. ૮

**પદ - ૩**

ચાલ સખી સાંભળવા જઈએ, બંસી વાલાની હેલી;
મધુરે સુર મન પ્રાણ હરે છે, નન્દલાલાની હેલી. ૧
ચાલ અનુપમ એની મારૂં, ચીત્તડું ચોરે છે હેલી;
લટકાળાનાં લટકાં માંહીથી, કાળજ કોરે છે હેલી. ૨
ગોવાળા સંગ રાતો માતો, રંગડાનો ભીનો હેલી;
હું જોઈને ગુલતાન થઈ મુખ, મરકલડો એનો હેલી. ૩
મુખડાંને મરકલડે મારૂં, મનડું લોભાણું હેલી;
બેઠાં સુતાં એ વિના બીજું, કાંઈ નવ જાણું હેલી ૪
આંખ્યુંને ઉલાળે વ્રજવનિતાને, વશ કીધી હેલી;
પ્રેમ અધર રસ પાઈને જાણે, વેંચાતી લીધી હેલી. ૫
ચાલ ચાલ શું બેસી રહી છો, જલદીથી જઈએ હેલી;
મોહનજીની મૂરતી નીરખી, અતિ સુખીયાં થઈએ હેલી. ૬
શું કહું શોભા સુંથણલીની, કેડે કંદોરો હેલી;
લાલ કસુંબી ફેંટા ઉપર, ફુલડાંનો તોરો હેલી. ૭
ચસકો લાગ્યો શ્યામળીયાથી, સુંદર સવાદે હેલી;
બ્રહ્માનંદ કહે મન વેંધાણું, મોરલીને નાદે હેલી. ૮

**પદ - ૪**

આજસખી અલબેલો મુજને, મારગમાં મળીયા સજની;
મહેર કરી મુજ ઉપર વહાલો, અઢળક ઢળીયા સજની. ૧
હેત ઘણે હૈડામાં ભીડી, આલીંગન લીધું સજની;
જે જે મારા મનનુંગમતું, તે સરવે કીધું સજની. ૨





અચરજ સરખો આનંદ મારા, ઉરમાં ન માયો સજની;
આમા સામો પ્રેમ મધુર રસ, પીધો ને પાયો સજીની. ૩
પ્રેમ સહીત નીરખીને વહાલે, લીધી હાથ તાળી સજની;
તેણે મારા મનમાં હું તો, થઈ છું મતવાલી સજની. ૪
હું તો વહાલાને કંઠે વળગી, મરજાદા મેલી સજની;
શ્યામળીયાને સંગે થઈ છે, આનંદની એલી સજની. ૫
સર્વ મળીને જાતી હતી, સૈયરની ટોળી સજની;
તેમાંથી મુજને કર ઝાલી, રંગડામાં રોળી સજની. ૬
વહાલાનાં મુખડાંની વાતુ, વણવી નવ જાયે સજની;
જેવું છે તેવું સમજીને, જાણી રહેવાયે સજની. ૭
મોહનજીને મળતાં આનંદ, વાધ્યો છે અંગે સજની;
બ્રહ્માનંદ મહા સુખ પામી, શ્યામળીઆ સંગે સજની. ૮

**રાગ ગરબી પદ - ૧**

કે'જો કા'નને કુબજાને વશ થઈને કેમ બેશી રહ્યા;
કેમ ભુલી ગયા, મહી માંખણ ખાઈને ગોકુળ મોટા થયા. ટેક.
જે દી નાથ તમે હતા નાના, છુપી રહેતા કંસ થકી છાના;
તે દી અમે કર્યાં ઝાઝાં વાનાં. કે૦ ૧
પ્રીતમ છબી અંતરમાં પ્રોતા, દુધ પાતાં ગાવડલી દોતાં;
અમે ફુલતણી મેટે જોતાં. કે૦ ૨
અમે જાણ્યું તમે અમારા છો, વળી પાડોશણના પ્યારા છો;
તમે સાચા બોલા પણ સારા છો. કે૦ ૩
કહે બ્રહ્માનદ મનડે ભાવ્યા, બહુ રૂડી રીતે બોલાવ્યા;
જઈ કામે કુબજાને આવ્યા. કે૦ ૪

**પદ - ૨**

કે'જો કુબજાને, કામણિયાં કાનાંને એવાં શાં કર્યાં;
તારે વશ થઈને, વ્રજવાસી સરવે રે એને વીસર્યાં. ટેક.
આંખ્યું અતિ સુંદર અણીઆળી, મુખ મોરલી વાય છે મરમાળી;
તેં ભોળવીયો નાનો ભાળી. કે૦ ૧

ભુરકી તેં નાખી મંત્ર ભાંખ્યો, વળી ચસકો લાગ્યો રસ ચાખ્યો;
તેં રૂપાળો જોઇને રાખ્યો. કે૦ ૨
એ વાત ઘણી નવ ચોળવી, આ થાપણ અમારી ઓળવી;
ભૂધરને રાખ્યા ભોળવી. કે૦ ૩
તારે કરવાનું હોય તે કહેજે, વળી જોએ તો નાણું લેજે;
કહે બ્રહ્માનંદ પાછો દેજે. કે૦ ૪

**પદ - ૩**

કે'જો કુબજાને, કામણિયાં શીખાવે જો મારા નાથને;
શીખી તુજ પાસે, આવીને શીખવશે વ્રજના સાથને. ટેક.
અલવીલા નટવર આવાને, ચિત્ત ગોપીનાં ચોરાવાને,
એવા મંત્ર ભણાવે માવાને. કે૦ ૧
તું કપટ તજી સરવે કેજે, વળી ન ભણે તો ડારો દેજે.
થઇ પંડયાણી પાસે રે'જે. કે૦ ૨
માંજી દેજે પાટી મોટી, જો પાઠ ભણે મુખથી ખોટી,
તો સબકાવે લૈને સોટી. કે૦ ૩
કહે બ્રહ્માનંદ આળસ મેલી, વીદ્યા શીખાવે વે'લી વે'લી;
એને તું જેવો કરજે હેલી. કે૦ ૪

**પદ - ૪**

કે'જો કુબજાને, કાનાની કરજે જો ચુંપે ચાકરી;
નાના જાણી, આંખ ચડાવી બેની મ બોલે આકરી. ટેક.
જે જોઇએ તે લેજે આણી, એને પ્રાણથકી પ્યારો જાણે;
વળી મનગમતી મોજું માણે. કે૦ ૧
જે બોલે તે રેજે સાંખે, એને જોજે ફુલતણી આખે;
નિત્ય જમતાં ઉભી વા નાખે. કે૦ ૨
એને પરભાતે જોઇએ પોળી, બહુ ઝાઝા ઘૃત માંહી બોળી;
ગોરસ પાજે સાકર ઘોળી. કે૦ ૩
પુરણ સુખ સેજે પામીને, નિત્ય ચરણે માથું નામીને.
સેવે બ્રહ્માનંદના સ્વામીને. કે૦ ૪





**રાગ : પંચમ પદ - ૧**

મંદીરીયે મારે રે પીયુજી પધારીયા રે, આજ મારે નવલા વાધ્યા રે નેહ;
હરખ ન માયે રે બેની મારે હૈયડે રે, જોઇ મારી નવ પલ્લવ થઇ દેહ. મં૦
સેજડી બીછાઇ રે બેની મેં તો સજ કરી રે, સજી કાંઇ બેઠીતી સણગાર;
વાટડલીને જોતાંરે અલબેલો આવીયારે, વાલો મારો અવિચલ સુખનો દાતાર. મં૦
અલબેલાને મળવું રે બેની એકાંતમાં રે, હતી મારા હૈડામાં હામ;
મનના મનોરથ રે સર્વે સિદ્ધ થયા રે, વાલે મારે કીધાં પુરણ કામ. મં૦
સોહાગણ કીધી રે બેની મુને શ્યામળે રે, હસી મારો હેતે સહાયો હાથ;
રંગેને વિયાણી રે રજની આજની રે, સેજે સુખ પામી પીયુજીને સાથ. મં૦
છેલ છબીલે રે બેની એણે શ્યામળે રે, વાલપ વધાર્યો દેઇ દેહ વાલ;
હવે હું ઓશીયાળીરે નહીં બેની કોઇ તણીરે, બ્રહ્માનંદને સ્વામી કીધી નીહાલ. મં૦

**પદ - ૨**

આજુની રજની રે શી કહું વારતા રે, રમીયા મારી સેજલડી રે મોરાર;
રસબસ કીધી રે બેની મુને રંગમાં રે, વાલે મારે કીધો નવલ વિહાર. આ૦
હું સુતીતી રે બેની ઘર માહરે રે, ઓચીંતાના આવ્યા પ્રાણજીવન;
આંગણીયેને વાગી હરજીની ચાંખડી રે, સુણી મારૂં આતુર થયું રે મન. આ૦
પંથડોને જોતાં રે પીયુજી પધારીયા રે, રંગ વાદ્યો માજમ ગલતી રે રાત;
સેજે સુખ આપ્યું રે, બેની મુને શ્યામળે રે, વાલપ દેઇને કીધી મુજને રે વાત. આ૦
નેણ લોભાણાં રે બાઇ એનાં રૂપમાં રે, શ્રવણ લોભાણાં સુણતાં રે વેણ;
મીઠીને લાવણ્ય રે બાઇ એના મુખતણી રે, તેણે મારૂં મન થયું છે રે મેણ. આ૦
મરજાદાને મેલી રે વાલાજીને હું મળી રે, આલીંગન લીધુ ભેળી રે અંગ;
મહાસુખ પામી રે વામી સર્વે વેદના રે, બ્રહ્માનન્દના સ્વામીને રે રંગ. આ૦

**પદ - ૩**

વાલોજી વજાડે રે વનમાં વાંસળી રે, સુણતાં બેની અંતર ન રહી રે ધરી;
સ્થિરતા તજીને રે મન વ્યાકુળ થયું રે, સુધ ભૂલી શીતળ થયું રે શરીર. વા૦
ચટકીને રે લાગી રે બેની મારા ચિત્તમાં રે, આતુર થઇ છું મોહન મળવા રે કાજ;
નિઃશંક થઇને રે માથે છેડો નાંખીયો રે, મેલી મેં તો લોકડીયાંની રે લાજ. વા૦
દીવાની થઇને રે બેની હું તો નીસરી રે, કોઇનું મેં નવ માન્યું રે કેણ;
મગન થઇને રે વાલાજીને હું મળી રે, નીરખી મારાં પાવન કીધાં રે નેણ. વા૦

અતીને મરમાળું રે બાઈ એનું બોલવું રે, મરમાળી મોરલી વાલાજીને હાથ;
મહાને મનોહર રે મરમાળી એની મુરતી રે, શોભે વાલો ગોવાળાને સાથ. વા૦
ક્યારેક ખેલાવે રે બેની વાલો ઘોડલાં રે, ક્યારેક તાણે કરડી કબાણ;
બ્રહ્માનન્દનો સ્વામી રે અતિ સોયામણો રે, પ્રેમીજનનો છે જો જીવનપ્રાણ. વા૦

**પદ - ૪**

નંદને નાનડીયે રે બાઈ ઘેલાં કર્યાં રે, કરી કરી નેણાંની રે સાન;
મીઠું મીઠું બોલી રે બાઈ મનડું હર્યું રે, તનડું વેંધાણું મોરલીની તાન. નં૦
સર્વને સયરના રે બેની હું તો સાથમાં રે, જાતી હુતી જમુનાં ભરવા રે નીર;
આડોને આવીને રે ઉભો બેની એકલો રે, બાંહુડી મરોડી ફાડ્યો રે ચીર. નં૦
ગમતું ને કીધું રે બાઈ એના મનતણું રે, કરવા ન દીધું ઘરડાનું કાજ;
છોટેને છોકરડે રે બાઈ મુને જે કયું રે, તે તો મુને કેતાં આવે રે લાજ. નં૦
કેણીપેરે રૈયે ગોકુળ ગામમાં રે, નિત્ય નિત્ય કરે આવી રે છેડ;
હરતો ને ફરતો રે બેની હેરણાં રે, કાનુડો ન મેલે મારી રે કેડ. નં૦
આવીને કટાણે રે છોડે બેની વાછરૂ રે, મહીડાંને ફોડે આવી રે માટ;
બ્રહ્માનંદનો સ્વામી રે અતી ઉછાંછળો રે, વૃંદાવનની રોકે આવી રે વાટ. નં૦

**રાગ ગરબી પદ - ૧**

રાધા રીસાણી કહાનથી, લલીતા સમજાવે;
ઉઠ સખી તુને તેડવા, મેલી મુને માવે. રાધા૦ ૧
માન ન કીજે માનિની, જોબનિયું દેખી;
વાંકાં કેવા વેણલાં, કે પાસે તું શીખી. રાધા૦ ૨
ઉઠ ઉઠ અલબેલડી, માની લે કહ્યું મારું;
રસીયાથી રંગ રીસણું, થોડું તેમ સારું. રાધા૦ ૩
તુજ કારણે તલફે ઘણું, સેજે સુખ નાવે;
તારા સમ તારે કારણે, હરિ હાર બનાવે. રાધા૦ ૪
રાધા રાધા મુખ રટે, બેઠા પંથ નીહાળી;
બ્રહ્માનંદ કહે તુજ વિના, વ્યાકુળ વનમાળી. રાધા૦ ૫

**પદ - ૨**

રાધા ભરાણી રોસમાં, લલીતા સંગ બોલે;
તુંજરે ધૂતીને હું ઓળખું, આવી ધૂતવાને ઓલે. રાધા૦ ૧





તુંમાં ને તારા શ્યામમાં, કાંઈ ન મળે કાચું;
બેઉ જણાં બોલો નહીં, સુપનામાં સાચું. રાધા૦ ૨
હું તારે વચને કરી, ભોળી ભરમાણી;
મેં તુંને કપટણ મોરથી, આવી નવ જાણી. રાધા૦ ૩
એ કપટીને હું ઓળખું, પાડોસણનો પ્યારો;
આંટી ન મેલે અંતરે, શીખાવેલ તારો. રાધા૦ ૪
ધૂર્ત વિદ્યા મુને નાવડે, એ ધૂતાની પેરે;
બ્રહ્માનંદ વ્હાલી હોયે, તું જા તેને ઘેરે. રાધા૦ ૫

**પદ - ૩**

માનીતીને મનાવવા, પોતે હરિ આવ્યા;
રાધા કાજે ફુલના, ગજરા ગુંથી લાવ્યા. માનીતીને૦ ૧
સુર ઉગા લગે સુંદરી, જોઈ વાટ મેં તારી;
રાત થઈ જુગ જેવડી, તુજ વિના પ્યારી. માનીતીને૦ ૨
માન કહ્યું તું માહેરૂં, જોઈએ તે આલું;
તારા સમ તુજ સરીખું, બીજું નહિ વાલું. માનીતીને૦ ૩
કુડું નહીં એ કામિની, જાણ સરવ સાચું;
કહે તો રાધા તારે આગળે, એક પગભર નાચું. માનીતીને૦ ૪
રાધા અતિ રાજી થઈ, મન ભ્રાંતી ભાંગી;
બ્રહ્માનંદના વાલા તણે, ચરણે જાય લાગી. માનીતીને૦ ૫

**પદ - ૪**

રાધાનું રંગ રીસણું, ત્રિકમજીએ ટાળ્યું;
સુંદરી સાથે શ્યામળે, બોલ્યા તે પાળ્યું. રાધાનું૦ ૧
વહાલ વધાર્યું વાલમે, રંગડાની રીતે;
આપ્યું સુખ એકાંતનું, પાતળીયે પ્રીતે. રાધાનું૦ ૨
રમતાં સંગ રાધાતણે, લાગે રૂપાળા;
હેત કરી આપી હરિ, મોતીડાંની માળા. રાધાનું૦ ૩
રંગભીની રાધા રમે, શ્યામળીયા સંગે;
હેત ન માયે હૈડે, આનંદ અતિ અંગે. રાધાનું૦ ૪

પ્રીય પ્યારીને ઉપરે, વારું ચંદ કરોડી;
બ્રહ્માનંદ જાયે વારણે, રહો અવિચળ આ જોડી. રાધાનું૦ ૫

**રાગ કાફી પદ - ૧**

સમજાવો કંઇ વાત, માડી તારા કાન કુંવરને સમ૦ ટેક.
મંદીર આવીને મૈડાં અમારાં, જોર જોરાયેં ખાત. માડી૦ ૧
ખાતાં ખાતાં જો નવ ખૂટે, દે છે માંકડલાંને દાત. માડી૦ ૨
નાના ગામમાં નહીંરે ખંટાય, આવડો તે શ્યો ઉતપાત. માડી૦ ૩
બ્રહ્માનંદના વાલાને વારો, કેડે પડ્યો છે દી ને રાત. માડી૦ ૪

**પદ - ૨**

મેલોને ઘડીક મોરાર, માડી મારા મંદિરયામાં, મેલોને૦ ટેક.
સાસુડી મારી ગામ સધાવી, નણદલ ગઈ છે બા'ર. માડી૦ ૧
જગજીવન વાલો વૈદું રે જાણે, તેણે મને થાય છે કરાર, માડી૦ ૨
એકાંતે મળી મુકવા આવીસ, નહી રે લગાડું ઝાઝી વાર. માડી૦ ૩
બ્રહ્માનંદના વાલાને સાટે, આપું મારો નવસર હાર. માડી૦ ૪

**પદ - ૩**

માગ્યો દેને મુને માવ, માડી તારે પાય પડું છું. માગ્યો૦ ટેક.
એકલડાં કાંઇ નથી રે ઉકલતું, ગોળીમાં મહીનો ભરાવ. માડી૦ ૧
આજ આપો તો બાધી ઉમરમાં, કોય દીન ન કરૂં રાવ. માડી૦ ૨
મોહનને મારે મંદિરીયે આવ્યાનો, છે મનમાં ભાવ. માડી૦ ૩
બ્રહ્માનંદના નાથ સંગાથે છે જો મારે ઘરનો બનાવ. માડી૦ ૪

**પદ - ૪**

લઈ જાવા દે તારો લાલ, માડી મારા મંદિર સુધી. લઈ૦ ટેક.
સામા સામું નેતરૂં સહાતાં, અજબ બણે છે મારે તાલ. માડી૦ ૧
જતન કરીશ હું તો જીવની પેર્યે, આવવા નહી દઉં આળ. માડી૦ ૨
નટવર ઉપર વારીને નાખું, ઘરડાંનો ધન માલ. માડી૦ ૩
બ્રહ્માનંદ કહે રાખીશ રજની, મુકી જાઈશ આવી કાલ. માડી૦ ૪

**રાગ મારૂ પદ - ૧**

મીટડલી મારી, માવે મુંને મીટડલી મારી. ટેક.
સહજે હું ઘરમાંથી આંગણીએ, ઉભી હતી બારી. મા૦ ૧





સામું જોતાં હું તો શુધબુધ્ધ ભૂલી, ઘાવ લાગ્યો ભારી. મા૦ ૨
મન વેધ્યું મારા તનમાંહી, પેઠી કાલજ કટારી. મા૦ ૩
બ્રહ્માનંદ કહે શુંય કરી નાખ્યું, ગુણીયલ ગિરિધારી. મા૦ ૪

**પદ - ૨**

નેણતણે બાણે, મારી મુંને નેણતણે બાણે. ટેક.
આડો આયો જમુનાજીને આરે, એકલડી જાણે. મા૦ ૧
કાંઈક મુજપર જાદુ રે કીધું, લીધું ચિત્ત તાણે. મા૦ ૨
ઘાયલ થઈને ઘર સુધી હું, પોતી પરાંણે. મા૦ ૩
બ્રહ્માનંદ કહે એ વિના ચ્હાવે અંતર ઉંફાણે. મા૦ ૪

**પદ - ૩**

નેણને ચાળે, ચોર્યું ચિત્ત નેણુને ચાળે. ટેક.
સામે આવીને સાન કરી મુને, કાનુડે કાળે. ચો૦ ૧
ભુરકી નાંખી મુજને ભરમાવી, ગિરિધર ગોવાળે. ચો૦ ૨
બંસી અજબ અલૌકિક વાઈ, પરજતણે ઢાળે. ચો૦ ૩
બ્રહ્માનંદ કહે મુજ સામું, ભાવ કરી ભાળે. ચો૦ ૪

**પદ - ૪**

મોરલીમાં માવે, હેર્યું મન મોરલીમાં માવે. ટેક.
મન હરવા મારે મંદિરીયે, અણ તેડ્યો આવે. હે૦ ૧
લટકાં કરી નન્દજીનો રે લાલો. ગેરે સુર ગાવે. હે૦ ૨
ફુલની માલ બાજુબન્ધ ગજરા, તોરા લટકાવે. હે૦ ૩
બ્રહ્માન્દ કહે ચાલ વાલાની, ચિત્તડું લલચાવે. હે૦ ૪

**પદ - ૫**

વંસીમાં વાલે, લીધું મન વંસીમાં વાલે. ટેક.
શિથળ અંગ થયાં સાંભળતાં, જાણે મારી ભાલે. લી૦ ૧
બેહદ નૌતમ ભાત વજાડી, નન્દતણે લાલે. લી૦ ૨
ઘાયલ તન થયું મારી બેની, ચિત્તડું નવ ચાલે. લી૦ ૩
બ્રહ્માનન્દ કહે એની બંસી, સુણતાં ઘર ઘાલે. લી૦ ૪

પદ - ૬

નેણતણી સાને, લોભાણી હું નેણતણી સાને. ટેક.
ઘેલી થઇ ઘરધંધો રે ભૂલી, ગિરિધરને ગાને. લો૦ ૧
લટકાં કરી મારૂં મનડું રે લીધું, કોડીલે કાને. લો૦ ૨
રૂપ જોઇ ગુલતાન થઇ છું, વાલાને વાને. લો૦ ૩
બ્રહ્માનન્દ કહે મન વિંધ્યું, મોરલીને તાને. લો૦ ૪

પદ - ૭

મથુરામાં જઇને, મુંઘા થયા મથુરાંમાં જઇને. ટેક.
લાલ તમે અમને લલચાવ્યાં, દીલાસા દઇને. મું૦ ૧
ભુધરજી કેમ ભૂલી ગયા તમે, શું ગયા હતા કહીને. મું૦ ૨
કાન કુંવર તમે હાંસી કરાવી, દાસીવશ થઇને. મું૦ ૩
બ્રહ્માનન્દ કહે બેસી રહ્યા શું, કુબજાને લઇને. મું૦ ૪

પદ - ૮

કુબજાને કીધી, માનિતી કુબજાને કીધી. ટેક.
મહિની મટુકી અમારી મોહનજી, પરાણે પીધી. મા૦ ૧
પ્રીત કરી અમને તમે પ્રીતમ, દાઝ હૈયે દીધી. મા૦ ૨
કુબજાના ઘરની સર્વે ચિન્તા, ઉપાડી લીધી. મા૦ ૩
બ્રહ્માનન્દ કહે દુભાશો પણ, વાત કહીશું સીધી. મા૦ ૪

પદ - ૯

કાનાને કેજો, ઉધા એમ કાનેને કે'જો. ટેક.
કઠણ વચન કાંઇ કુબજા કહે તે, સાધુ થઇ સે'જો. ઉ૦ ૧
દોણું વલોણું ને ખાંડવુ દળવું, કામ કરી દેજો. ઉ૦ ૨
કર જોડી કુલવંતીને આગે, ઉભા થઇ રહેજો. ઉ૦ ૧
બ્રહ્માનન્દ કહે એ સંગે લાવો. સારી પેઠે લેજો. ઉ૦ ૨

પદ - ૧૦

કાનાને છાનું, કહેજો ઉધા કાનાને છાનું. ટેક.
જગજીવન મથુરામાં જઇને, કામ કર્યું નાનું. ક૦ ૧
અલબેલા તમ ઉપર આવ્યું, દાસીનું બાનું. ક૦ ૨





કહોને તમારે ક્યાંથી પડ્યું આવી, એ સાનું પાનું. ક૦ ૩
બ્રહ્માનંદ કહે મેલો ભલા થઇ, ઘર તમે કુબજાનું. ક૦ ૪

પદ - ૧૧

એટલું એકાંતે, કહેજો ઉધા એટલું એકાંતે. ટેક.
વલવલતી વ્રજનારને મેલી, કરતી કલપાંતે. ક૦ ૧
મનમોહન મથુરામાં જઇને, બેઠા નિરાંતે. ક૦ ૨
ક્યાં વરસો છોરૂ કુબજાનાં, બેસસો કેની પાંતે. ક૦ ૩
બ્રહ્માનંદ કહે લાજ પોતાની, ખોઈ તમે ખાંતે ક૦ ૪

પદ - ૧૨

મથુરાં જઇ માવા, બેસી રહ્યા મથુરાં જઇ માવા. ટેક.
કુબજાને સંગ રહીને વાલા, કેમ કઠણ થયા આવા. બે૦ ૧
સમરથ થઈને શું બાંધ્યા તમે, અબળાઓથી દાવા. બે૦ ૨
પ્રાણજીવન ગોકુળમાં પધારો, બંસી બજાવા. બે૦ ૩
બ્રહ્માનંદ કહે રાખસું છાના, નહી કરીએ ચાવા. બે૦ ૪

રાગ ખંભાતિ પદ - ૧

હરખ ભર્યા રે નેણાં હરખ ભર્યા, મારે નાથ નિહાળી નેણાં હરખ ભર્યા. ટેક.
પ્રાણજીવન ઝીણી પાઘડલીમાં, છોગલીયાં રે છબીદાર ધર્યા રે. મારે૦ ૧
છોગાળે નટવર રંગ છેલે, હરિવર જોઇને સામું મનડાં હર્યા રે. મારે૦ ૨
લટકાળા મોહન કેરાં લટકાં, આવીને અંતરમાંહી ગર્યા રે. મારે૦ ૩
બ્રહ્માનંદને નટવર વા'લે કરી પોતાના અમને ન્યાલ કર્યા રે. મારે૦ ૪

પદ - ૨

રીઝી રહ્યાં રે નેણાં રીઝી રહ્યાં, મારો જીવન જોઇને નેણાં રીઝી રહ્યાં. ટેક.
પ્રાણજીવન કાનમાં પેર્યાં, કુંડળિયાં રે નવ જાય કહ્યાં રે. મારો૦ ૧
મનમોહન મોળિડામાંઇ, ગજ મોતિડાં રૂડાં વિલસી રહ્યાં રે. મારો૦ ૨
પ્રેમસહિત નિરખી મોહન મુખ, અંતરથી રે દુઃખ સરવે ગયાં રે. મારો૦ ૩
બ્રહ્માનંદના નાથને સંગે, ચઉદ ભુવનમાં અમે પ્રસિદ્ધ થયાં રે. મારો૦ ૪

પદ - ૩

ન કરીએ રે આળ્યું ન કરીર એ, કા'ના મારગ જાતાં આળ્યું ન કરીએ. ટેક.
માણસની શંકા મનમોહન, કાંઈક અંતરમાં ધરીએ રે. કા૦ ૧
રાત દિવસ આવી મારગ રોકો, કેમ કરી અમે પાણીડાં ભરીએ રે. કા૦ ૨
લોકલાજ મરજાદ અમારે, દેખીને તમને મનમાં ડરીએ રે. કા૦ ૩
બ્રહ્માનંદના નાથ વિહારી, મન મસ્તાન થઈ ન ફરીએ રે. કા૦ ૪

પદ - ૪

શ્યો ઝઘડો રે વાલો શ્યો ઝઘડો રે, આવો મારગ જાતાં માંડ્યો
વા'લા શ્યો ઝઘડો. ટેક.
હાથડલે રે મારે નાજુક ચુડિ, માંથડલે રે છે જો મહીના ઘડો રે. આવો૦ ૧
આંખડલી રે ચાલાદાર અટારી, નથી તમારે બોલ્યાનો ધડો રે. આવો૦ ૨
કોઈકતણું કહ્યું માનીને કાના, શ્યામ ચતુર ચાળે શિદ ચડો રે. આવો૦ ૩
બ્રહ્માનંદ કહે આળ ન કરીએ, નટવર છો તું હજી નાનકડો રે. આવો૦ ૪

રાગ : સામેરી પદ - ૧

કામણીયાં રે કાંઈ કુબજા જાણે, કાનકુંવર વશ કીધા, રાજ ક૦
કાનકુંવર વશ કીધા મારી બેની, વેચાતા કરી લીધા, રાજ કા૦
વેચાતા કરી લીધા મારી બેની, બાંધ્યા ધાગે કાચે, રાજ કા૦
બાંધ્યા ધાગે કાચે મારી બેની, જયમ નચવે તેમ નાચે, રાજ કા૦
જયમ નચવે તેમ નાચે મારીબેની, બોલાવે તેમ બોલે, રાજ કા૦
બોલાવે તેમ બોલે મારી બેની, થેઈ થેઈ કરતા ડોલે, રાજ કા૦
થેઈ થેઈ કરતા ડોલે મારી બેની, હાંજી હાંજી કહીને, રાજ કા૦
હાંજી હાંજી કહીને મારી બેની, વરતે સુધા થઈને, રાજ કા૦
વરતે સુધા થઈને મારી બેની, મનમાં ડરતા ડરતા, રાજ કા૦
મનમાં ડરતા ડરતા મારી બેની, કેડે કેડે ફરતા, રાજ કા૦
કેડે કેડે ફરતા મારીબેની, આઠ પોર ઓશીયાળા, રાજ કા૦
આઠ પોર ઓશીયાળા મારીબેની, એની જ ફેરે માળા, રાજ કા૦
એની જ ફેરે માળા મારી બેની, તોય એ હુકમ ચલાવે, રાજ કા૦
તોય એ હુકમ ચલાવે મારી બેની, સર્વે કામ કરાવે, રાજ કા૦





સર્વે કામ કરાવે મારી બેની, નીમખ ન મેલે ન્યારો, રાજ કા૦
નીમખ ન મેલે ન્યારો મારી બેની, બ્રહ્માનંદનો પ્યારો, રાજ કા૦

રાગ પરજ પદ - ૧

ઓરા આવો છેલ છબીલા, છેલ છબીલા રંગના રેલા;
લટકાળા નન્દલાલા હો, વાલમ. ઓરા૦ ટેક
કુંડળીયાં કાનમાં પે'રાવું, હૈડે પે'રાવું હાર;
જુગતે મારા નાથ જમાડું, કરી કરી મનુવાર રે. વાલમ. ઓરા૦ ૧
જાદવ તારી મુરતી જોઈને, લોચનીયાં લોભાય;
મરમાળા મનમોહન તારૂં, મુખ મેલ્યું નવ જાય રે. વાલમ. ઓરા૦ ૨
ખાંત કરીને ખાટડી ઢાળું, પ્રેમે પખાળું પાવ;
બ્રહ્માનંદના વાલમાં મારા, ઓરડીયામાં આવ રે. વાલમ. ઓરા૦ ૩

પદ - ૨

કોડીલા છેલ કાનુડા, છેલ કાનુડા લાગો છો રૂડા;
મીઠડા બોલા માવ હો, મેરમ. ટેક.
લાલ ગુલાબી આંખડી તારી, છેલ રંગીલી ચાલ;
મરમાળા તું મોહન મારી, આંખ્યુનો ધનમાલ રે. મેરમ. કો૦ ૧
ભુધર તારૂં મુખડું ભાળી, થાય અધિક સુવાણ;
છેલછબીલા રહો માં છેટે, પાતળીયા મારા પ્રાણ રે. મેરમ. કો૦ ૨
મનડું મારૂં મોઈને રહ્યું, તમથી લાગેલ પ્યાર;
બ્રહ્માનન્દના નાથ પધારો, સેજતણા શણગાર રે. મેરમ. કો૦ ૩

પદ - ૩

રંગીલા છેલ રૂપાળા, છેલ રૂપાળા મોરલીવાળા;
ડોલરીયા દેસોત રે. મોહન. રં૦ ટેક.
પાઘમાં તોરો ઝુકી રહ્યો, જાણે મોતીડાંનો મોર,
ઘેલડાં થૈને ભમર ભમે છે, ફુલડાં કેરી ફોર રે. મોહન. રં૦ ૨
ડોલરીયા તારી મુરતી દેખી, બારી મેં કાઢી બીક;
લટકાળા તારી આંખડી લાગી, ઠાવકી ઠીકાઠીક રે. મોહન. રં૦ ૨
લાગંતા પગ લડથડ્યો, ફુટી પાંણીડાંની હેલ;
બ્રહ્માનંદના નાથજી આવી, ઉઠાડો અલબેલ રે. મોહન. રં૦ ૩

પદ - ૪

માણીગર મીટડી તારી, મીટડી તારી પ્રેમ કટારી;
કામણગારા કાન. હો છેલા. મા૦ ટેક.
મીટડી તારી પ્રેમ કટારી, થઈ છે આરમપાર;
ઘાયલ થઈને ઘુમતી ડોલું, ભુલી છું ઘરબાર. હો છેલા મા૦ ૧
પાણીડું ભરવું વીચમાં રયું, ઘર થઇ ગયું દુર;
મરમાળા તારા નેણને મારે, ચિત્ત થયું ચકચુર હો છેલા મા૦ ૨
ચોટ અચાનક લાગતાં થયું, દીલડું ડોલાડોલ;
બ્રહ્માનંદ કહે લોચન તારાં, પ્રેમતણી પીસતોલ, હો છેલા. મા૦ ૩

રાગ ગરબી પદ - ૧

નાગર નંદદુલારો રે, મન મસ્ત કનૈયો નંદદુલારો;
ઝગરત સાંજ સવારો રે, મન મસ્ત કનૈયો નંદદુલારો. ટેક.
આડો આવીને ઉભો રહે આગે, મૈડાં કેરાં દાણ માગે રે. મન૦ ૧
લોકલજયા મનમાં નવ આણે, નવરંગી ચુનડી તાણે રે. મન૦ ૨
માને નહી ઝાલી બાંય મરોડે, જળની ગાગરીયાં ફોડે રે, મન૦ ૩
ચોરી નાખે માથે આળ ચડાવે, જોરે જોરે વાંસે આવે રે. મન૦ ૪
બ્રહ્માનંદ કહે એની રીતી, કે'તી નથી હું તો બીતી રે. મન૦ ૫

પદ - ૨

નટવર મોહન દાણી રે, નંદલાલ હઠીલો મોહન દાણી;
રોકત જમુનાનાં પાણી રે, નંદલાલ હઠીલો મોહન દાણી. ટેક.
આડો આવે છે જો દાણને ઓળે, મનમાં આવે તેમ બોલે રે. નં૦ ૧
વે'તા રોકે રોકે વૃંદાવનની રે વાટે, બાઝે છે મૈડાંને માટે રે. નં૦ ૨
દાડી ઉઠી મહી વેચવા જાઉં, ખુંચી એને જોરે ખાવું રે. નં૦ ૩
કાયર કીધલાં નંદને છૈયે, કો' વ્રજમાં કેમ રૈયે રે. નં૦ ૪
બ્રહ્માનંદ કહે એની વાણી, કે'તી નથી હું તો જાણી રે. નં૦ ૫

પદ - ૩

લુંટે છે લાલ તમારો રે, થયો લાડકવાયો લાલ તમારો;
માત જશોદા વારો રે, થયો લાડકવાયો લાલ તમારો. ટેક.





આવી કટાંણે ને વાછરૂ છોડે, ઘરનાં ઠાંમલડાં ફોડે રે. થ૦ ૧
જે રે દેખે તે જોરે લઈ જાવે, બાળકને રોવરાવે રે. થ૦ ૨
દુણી ઝડે સાંજે દુધની દોતાં, જાય છે નાશી જોતાં જોતાં રે. થ૦ ૩
ગોકુળ ગામ કહી કહી હાર્યું, મનમાં કરે એનું ધાર્યું રે. થ૦ ૪
બ્રહ્માનંદ કહે એની વાતો, કહ્યા વિના સુખ નથી થાતું રે. થ૦ ૫

પદ - ૪

લાડકડા નંદલાલા રે, વારી સાચું કહો નંદજીના રે લાલા;
પુછીયે તમને વા'લા રે, વારી સાચું કહો નંદજીના રે લાલા. ટેક.
નંદજશોદા ગૌર રૂપાળાં, ક્યાંથી થયા તમે કાળા રે. વા૦ ૧
આવીને કોઇક કઇ ગયું અમને, લીધા વેંચાતા તમને રે. વા૦ ૨
માત જશોમતી તમને રે માવા, રાખ્યા છે ગાયો ચરાવા રે. વા૦ ૩
માનો અમે તમને કહીએ સાચું, કન્યાની કોરનું કાચું રે. વા૦ ૪
કાના તમારૂં ઠોર ઠેકાણું, બ્રહ્માનંદ કહે હું જાણું રે. વા૦ ૫

પદ - ૫

સુંદર શ્યામ છોગાળા રે, ઓરા આવોને સુંદર શ્યામ છોગાળા;
મીઠા બોલા મરમાળા રે, ઓરા આવોને સુંદર શ્યામ છોગાળા. ટેક.
ચુંપ કરી મેં તો સેજ સમારી, તમ કાજે ગિરિધારી રે. ઓ૦ ૧
તમ સંગ મનડું રહ્યું મારૂં મોઈને, જીવું છું જીવન જોઈને રે. ઓ૦ ૨
પ્રાણથકી રાખું હું પ્યારા, આંખડલીના તારા રે. ઓ૦ ૩
તમ વિના વાત ગમે નહીં બીજી, રૂપે તમારે હું રીજી રે. ઓ૦ ૪
બ્રહ્માનન્દ શ્યામ સુહાગી, લાલચડી તારી લાગી રે. ઓ૦ ૫

પદ - ૬

શ્યાને રહો છો તમે છેટે રે, અલલાજી શ્યાને રહો છો તમે છેટે;
મોહી છું રંગીલે રેંટે રે, અલવિલાજી શ્યાને રહો છો તમે છેટે. ટેક.
લોકતણી મરજાદા મેં મેલી, બાંધી છે તમ સંગ બોલી રે. અ૦ ૧
દુરજનીયાં છોને જોઈને દુઃખાતાં, મેલું નહીં માથું જાતાં રે. અ૦ ૨
જગ કેરી બીક હૈયે નવ આણું, તમ સંગ મનડું લોભાણું રે. અ૦ ૩

મેણું તમારૂં મેં મસ્તક લીધું, સમજીને સગપણ કીધું રે. અ૦ ૪
રો'માં નાથ પલક એક ન્યારા, બ્રહ્માનંદના પ્યારા રે. અ૦ ૫

પદ - ૭

મનગમતા વનમાળી રે, મુને વા'લા લાગો છો રસિયા વનમાળી;
આંખ તારી અણીઆળી રે, મુને વા'લા લાગો છે રસિયા વનમાળી. ટેક.
ચાલ તારી મારા ચિત્તડાને ચોરે, મોહી છું હું ફુલડાને તોરે રે. મુ૦ ૧
નીરખીને રૂપ અલૌકીક તારૂં, બીજું તે સર્વે વિસારૂં રે. મુ૦ ૨
ફુલના હાર અલૌકીક પહેરી, લટકાં કરો છો લેરી રે. મુ૦ ૩
મૂરતી તારી વા'લા છેલ ગુમાની, જોઇને થઇ મસ્તાની રે. મુ૦ ૪
બ્રહ્માનંદના નાથ રંગીલા, આવો ઓરા અલવીલા રે. મુ૦ ૫

પદ - ૮

મોહન છેલ ગુમાની હે, નંદલાલ રંગીલા મોહન છેલ ગુમાની;
મૂર્તિ તારી મન માની રે, નંદલાલ રંગીલા મોહન છેલ ગુમાની. ટેક.
નિશ દીન મનડું ફરે તમ કેડે, મોહી છું મોળીડાને છેડે રે. નં૦ ૧
બાંયે બાજુ કાજુ ફુલડાંની માળા, લાગો છો અધિક રૂપાળા રે. નં૦ ૨
મસ્તક નવલ કલંગી લટકે, જોઇને તેમાં ચિત્ત અટકે રે. નં૦ ૩
નટવર રૂપ અલૌકીક નીરખી, થાઉં છું દીવાની સરખી રે. નં૦ ૪
બ્રહ્માનંદના નાથ પધારો, જનમ સુધારો મારો રે. નં૦ ૫

રાગ ગરબી પદ - ૧

હો અળવીલા અળવ ન કીજે, કોઇનું મહીડું ઝુંટી નવ લીજે. હો૦ ટેક.
અમે ચાલ્યાં જઇએ છએ વાટે, આડો ઉભો છે જમનાને ઘાટે;
આવી બાઝ માં મહીને માટે. હો૦ ૧
હું છું કંસ તણી મહીયારી, મારે વાંસે છે બળ ભારી;
મુખ બોલજે વેણ વીચારી. હો૦ ૨
તારાં રોક્યાં અમે નવ રહીયે, જેમ હોયતેમ મુખ પર કહીયે;
દાણ જોરાઇએ નવ દઇએ. હો૦ ૩
કેમ નિર્લજ્જ સરખું બોલે, તેને કેજે હોય તુંજ તોલે;
મુજ કેડે તું શાને ડોલે. હો૦ ૪




તારૂં નામ જાણું છું જે કાનો, છે સૌને ચાવો નથી છાનો;
બ્રહ્માનંદના વાલા કહું માનો. હો૦ ૫

પદ - ૨

હો કાનુડા મેલને કેડો, શું સમજીને ઝાલે છે છેડો. હો૦ ટેક.
વહી જાય છે સૈયરની ટોળી, મારે માથે છે મહીની ગોળી;
નહિ આપું હું નાખીશ ઢોળી. હો૦ ૧
બોલે વઢવા જેવી તું વાણી, આડો આવે છે થઈને તું દાણી.
આવી બાઝે છે અમને શું જાણી. હો૦ ૨
થઈને નંદતણો તું છોરો, માથે ઘાલી ફુલાકેરો તોરો;
તેનો અમને શું જણાવે છે જોરો. હો૦ ૩
તું તો આવો નોતો આજ પેલો, હમણાં સુધો થયો છું તું છેલો;
મહી દેખીને માં થા તું ઘેલો. હો૦ ૪
લે માં વનમાં તું નામ અમારૂં, થાશે ચાવું તે સાંજ સવારૂં;
બ્રહ્માનંદ કહે તુજને હું વારૂં. હો૦ ૫

પદ - ૩

હો ધુતારા તુજને હું જાણું, શાને કાજે કરે છે ધીંગાણું. હો૦ટેક.
તારી મોરલીમાં જાદુ છે ભારી, સુણી વશ થઇ વ્રજનારી;
તારી આંખ્યુ છે કામણગારી. હો૦ ૧
અમે લેતાં નથી તારૂં નામ, જાવા દેને ખોટી થઈને કામ;
માથે મહીનું ફુટશે ઠામ. હો૦ ૨
અમે જાણી નથી કાંઇ કે'તાં, લોકલાજથી બી'તાં રેતાં;
હવે ઝાઝું થયું છે સો'તા. હો૦ ૩
એવી વાત ન કરીએ ઘેલી, કરશું રાવ નંદજીની ડેલી;
આવો પુત્ર કર્યો કેમ ફેલી. હો૦ ૪
આવી બાઝ માં મહીને માટે, જડશે ઝાંઝી ગાળ્યું મહી સાટે;
બ્રહ્માનંદ કહે વુઢો જાને વાટે. હો૦ ૫

પદ - ૪

હો દીવાના બોલ માં ઘેલું, મહી મારૂં લેવું નથી સો'લું, હો૦ ટેક.

આ વાટે દાડી અમે ચાલું, કેદી દાણ તુંને અમે આલ્યું;
આમ્યે તુત જગાડે છે ઠાલું. હો૦ ૧
જેમ હોય તેમ કહીયે સીધું, કેદી દાણ મો'રે અમે દીધું;
પુછ બાપ તારે કેદી લીધું. હો૦ ૨
આડો આવે છે દોડી દોડી, શાને બાંહ્ય મારી તે મરોડી;
એ વાત ઘણી નહીં થોડી. હો૦ ૩
મુખ બોલજે વેણ સંભાળી, નહીં સાંખું તારી હવે ગાળી;
કાંઇ નથી એવી ઓશીયાળી. હો૦ ૪
બ્રહ્માનંદ કહે બોલે વેરે, આડો આવી રાજાની પેરે;
ગાયો ચારી વુઢા જાને ઘેરે. હો૦ ૫

**પદ - ૫**

હો રંગભીના છેલ છબીલા, રસીયા વર કાન રંગીલા, હો૦ ટેક.
તુજ કાજે સહ્યાં અમે મેંણાં, વાલા લાગે વાલાં તારાં વેણાં;
મારાં નીરખીને હરખે છે નેણાં. હો૦ ૧
તારી વંશી તે વનમાં વાગી, સુણી ઓચીંતા હું જાગી;
મારી લાલચ તુજથી લાગી. હો૦ ૨
મેં તો લોકલાજ સરવે ખોઇ, મારૂં મનડું રહ્યું છે મોઈ;
હું તો જીવું છું તુજને જોઇ. હો૦ ૩
ગુલતાન થઇ કંદોરે, તારૂં છોગલીયું ચિત્ત ચોરે;
હું તો રીઝી છું ફુલડાને તોરે. હો૦ ૪
કાંઇ કામણ મુજને તેં કીધું, તેં તો લટકાં કરીને મન લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધ્યું. હો૦ ૫

**પદ - ૬**

હો મનમોહન તુજપર વારી, તારી રીત અલૌકીક ન્યારી. હો૦ ટેક.
તારી મોરલડી મરમાળી, રંગરેલ અતિ રૂપાળી;
મારા મનગમતા વનમાળી. હો૦ ૧
તુંને જોઇને અતિ સુખ થાય, વણ દીઠે તે ક્ષણુ ન રહેવાય;
તારૂં મુખ મેલ્યું નવ જાય. હો૦ ૨





રંગ ચોળ કસુંબી વાધે, તું રહેજે આંખડીયોને આગે;
તારાં લટકાં તે પ્યારાં લાગે. હો૦ ૩
તારી વંશીમાં વેંધાણી, વાલી લાગે છે મુખડાંની વાણી;
તારી લાલચમાં હું લોભાણી. હો૦ ૪
ખાંતે નિઃશંક થઇ હવે ખેલું, તુંજ સાથે બંધાણું છે બેલું;
બ્રહ્માનંદ કહે પલક ન મેલું. હો૦ ૫

**પદ - ૭**

હો મનમાન્યા લાલ ગુમાની, તારાં દરશન વિના હું દીવાની. હો૦ ટેક.
તારી છબી અલૌકીક સારી, મુને જોઇને લાગે છે પ્યારી;
તારી બાનકની બલિહારી. હો૦ ૧
મારા દીલડાના દીવાન, તમે પ્રીતમ જીવન પ્રાણ;
સુખસાગર શ્યામ સુજાણ. હો૦ ૨
ઓરા આવો આલીંગન દીજે, પ્યારા પ્રેમ અધર રસ પીજે;
મારૂં મનડું ન માને બીજે. હો૦ ૩
ગળે પેરી ફુલા કેરી માળા, તેણે લાગો છો રૂપાળા;
મારા મનમોહન મરમાળા. હો૦ ૪
અતી આપો છો આનન્દ, મારા ગુણવંતા ગોવીંદ;
બલિહારી બ્રહ્માનન્દ. હો૦ ૫

**પદ - ૮**

હો છોગાળા શ્યામ સોહાગી, મારી લગની તે તુજથી લાગી. હો૦ ટેક.
શોભે ફુલડાંના શણગાર, નીરખી મગન થઇ વ્રજનાર;
વારી કોડીલા નન્દકુમાર. હો૦ ૧
કાના રૂપ અલોકિક તારૂં, જોઇ મનડું લોભાણું છે મારૂં;
લેઇ સરવસ તુજપર વારૂં. હો૦ ૨
તારી નૌતમ સુંદર ચાલ, મુંને વાધે છે જોઇને વહાલ;
મારા લટકાળા નન્દલાલ. હો૦ ૩
આવો પ્રેમ અધર રસ પાવા, મારાં ચિતડાંને લલચાવા;
તારી મૂરતિ મનોહર માવા. હો૦ ૪

મારા પ્રીતમ સેજ પધારો, વાલા જોઈ જોઈ વહાલ વધારો;
બ્રહ્માનંદનો જન્મ સુધારો. હો૦ ૫

**રાગ : કેરબા પદ - ૧**

પનિયાં ભરન દો પ્યારે, પનિયાં ભરન દો પ્યારે. ટેક.
મગ વિચ આય ખડે મનમોહન, કહા મનમાંહી વિચારે;
ક્યું તુમ એસી અટક કર હો, નહી કછુ રાજ તુમારે. ૫૦ ૧
નિત્ય નિત્ય આયકે છેડ કરત હો, યા જમુંનાકે આરે;
નંદબાવાકો કરજ માગનો, નહી કુછ પાસ હમારે. ૫૦ ૨
હમ જાનત તુંમ જેસે જગમેહી, કોઉ ન આન ઠગારે;
જેસે બાહર શ્યામ દેખાત હો, તેસે અંતર કારે. ૫૦ ૩
એ કૃત તુમરો રહે ન છાંનો, માનો નંદદુલારે;
બ્રહ્માનંદ કહે જશોમતિકું, સબ કહેગે વિસ્તારે. ૫૦ ૪

**પદ - ૨**

કાન ફોરી ગગરીયાં મેરી, કાન ફોરિ ગગરીયાં મેરી. ટેક.
જશોમતિકું મિલ કહત ગ્વાલની, સું મૈયા ચિત્ત દોરી.
ગેલ પર્યો અબ લાલ તિહારો, બ્રજ કેઈ ભાત વસેરી. કા૦ ૧
ઘરમેં આયકે બોલત ગારી, રોકત ટોકત સેરી;
વનમેં જાઉં તો છોરા લેકે, આય લેતહે ઘેરી. કા૦ ૨
જમુનાં નીર ભરન નહિ દેવે, કરત હે રાર ઘનેરી;
યાકે ડર ગોકુલ તજી જઈહું, સુંન મૈયા સું તેરી. કા૦ ૩
વાતનસેં કરી રાર બુઝાઈ, ગોપી ગીરધર કેરી;
બ્રહ્માનંદ કહે નંદ રાની, હરી મુખ દેખી હસેરી. કા૦ ૪

**પદ - ૩**

હરી નાહક જોર ન કીજે; હરી નાહક જોર ન કીજે. ટેક.
બહુત અબેર ભઈ મનમોહન, સાસુ નણંદ મોરી ખીજે;
જોર જોરાઈએં દાન મહીકો, લેનો હોય સો લીજે. હ૦ ૧
કબકે દાની ભયે તુમ પ્યારે, નઈ રીત ન કરીજે;
પૈસો ટકો ન પાસ હમારે, પાવે સો મહી પીજે. હ૦ ૨



હજારી કીર્તનાવલિ

નઈ રાજા તુમ કોઉ દેશકે, સમજ વિચાર કહીજે;
દાન છોડકે નંદ મહરકી, ગૌ વનકું ચારીજે. હ૦ ૩
હમ તમારી પરવાહ ન રાખે, નૃપકે વાસ વસી જે;
બ્રહ્માનંદ કહે રહો છાને, દાન નહીં હમ દીજે. હ૦ ૪

**પદ - ૪**

હરીકું રાધે નાચ નચાવે, હરીકું રાધે નાચ નચાવે. ટેક.
પાહુનમેં નેપુર કરી દીનો, કર ચુરી ઠહરાવે;
મિલકે જુથ સબે વ્રજનારી, લાલકું પ્યારી બનાવે. હ૦ ૧
કછનિ કંબરીયાં દુર બહાયકે, લે લેઘો પહિરાવે;
પાઘ ઉતાર ઓઢાઈ ચુંનરીયાં, નેનન કાજર લગાવે. હ૦ ૨
માંગ સમાર ભાલ દે બેદી, કર ગ્રહી તાલ શીખાવે;
રાધે રાધે કાન કાન કહી, નચવત તાન મિલાવે. હ૦ ૩
રૂપ બનાય લગાયકે, ઘુંઘટ, જશોમતિપેં લે જાવે;
બ્રહ્માનંદ કહે તેરે સુતકું, એહિ કુંવરી પરનાવે. હ૦ ૪

**રાગ કાફી પદ - ૧**

વાલીડા વેરો કીધોરે, કુંજવિહારી વા૦
નીરમોહી નાથ તમને તે શું ઘણું કહીએ રે, વિચારી મનમાં રહીએ રે. કું૦
નીરમોહી નાથ પહેલાં તેં લાડ લડાવ્યા, વળતી તો વિસરાવ્યાં રે. કું૦
નીરમોહી નાથ અમૃત પાઈને મોટાં કીધાં; વિજોગે વિષ દીધાં રે. કું૦
નીરમોહી નાથ વહેલા પધારી દર્શન દેજો, કાં તો તેડાવી લેજો રે. કું૦
નીરમોહી નાથ બ્રહ્માનન્દની એ છે અરજી, સાંભળજો હોય મરજી રે. કું૦

**પદ - ૨**

વહાલાજી વે'લા આવોરે, પ્રીતમ પ્યારા. વ૦
પ્રીતમજી પ્યારા તમથી લાગી છે આવી પ્રીતિ, જાણો છો સર્વે રીતિ રે. પ્રી૦
પ્રીતમજી પ્યારા વાધી છે વ્રહડાંની વેલી, ગયા છો ઉભાં મેલી રે. પ્રી૦
પ્રીતમજી પ્યારા તલખે છે વ્રજકેરી નારી, ભેટ્યાની આશા છે ભારી રે. પ્રી૦
પ્રીતમજી પ્યારા દર્શન દઈને દુઃખ ટાળો, રંગડાની રેલ વાળો રે. પ્રી૦

પ્રીતમજી પ્યારા બ્રહ્માનંદની અરજી સુણીએ, શું ઝાઝું તમને ભણીએ રે. પ્રી૦

પદ - ૩

જીવનજી તમને જાણ્યા, છેલ ગુમાની. જી૦

ગુમાની છેલ પહેલાં અમૃત રસ પાઈ, ગયા છો તમે વાઈ રે. છે૦
ગુમાની છેલ મનડાં અમારાં તમે લઈને, બેઠા છો મથુરાં જઈને રે. છે૦
ગુમાની છેલ વ્રહડાની પીડ ન જાણી, ગયા છો મન તાંણી રે. છે૦
ગુમાની છેલ અમે આવીને તમને વરીયાં, તમે તો છેતરીયાં રે. છે૦
ગુમાની છેલ બ્રહ્માનંદના વહાલા લે'રી, થયા છો તમે શે'રી રે. છે૦

પદ - ૪

શ્યામળીયા સામું જો જો રે, મથુરાના વાસી. શ્યા૦

શ્યામળીયા વહાલા એ છે જો નગરી ઠગારી, ત્રિભુવન થકી ન્યારી રે. મ૦
શ્યામળીયા વહાલા ત્યાંના તે લોક નઠારાં, ઉપરતી બોલે સારાં રે. મ૦
શ્યામળીયા વહાલા મથુરામાં મોહન વેલી, આ કુબજા અલબેલી રે. મ૦
શ્યામળીયા વહાલા તમને એકાંતે જો જો તેડી, ચઢાવી દેશે મેડી રે. મ૦
શ્યામળીયા વહાલા બ્રહ્માનંદના સ્વામી કહાના, ચાલી નીકળજો છાના રે. મ૦

રાગ : પરજ પદ - ૧

શું કહીએ વાલમ તમને રે શું કહીએ. શું૦ ટેક.
પહેલીવેલી રે વહાલા પ્રીત કરીને, વીસારી મેલ્યાં હવે અમને રે. શું૦ ૧
બીજે તમારૂં વાલા મનડું લોભાણું, સાચું કહીયે છૈયે ખાઈ સમને રે. શું૦ ૨
તમ રે વિના મારા નવલ સનેહી, કુણ જાણે છે બીજું મેરમનેં રે. શું૦ ૩
બ્રહ્માનંદ કહે છેટે રહેવું, એમ ઘટે નહી મેરમને રે. શું૦ ૪

પદ - ૨

પેહેલી પ્રીતડી લગાડી એમ ન કરીએ રે, પે૦ ટેક.
શોકડલીનું સુખડું દેખી, અંતરમાં દાઝી મરીયે રે. પે૦ ૧
અમથકી તો તમે છેટે ફરો છો, કહોને કઈ પેરે ઠરીયે રે. પે૦ ૨
તમ રે વિનારે મારા નાથ રંગીલા, ધીરજ કેમ કરી ધરીયે રે. પે૦ ૩
બ્રહ્માનંદ કહે અમથી વાલમ, છેટે છેટે નવ ફરીયે રે. પે૦ ૪





પદ - ૩

શીદ હાલો છો અમથી તરતા રે. શી૦ ટેક.
મરમાળી રે મોરલડીને વાતા, હેત કરી મન હરતા રે. શી૦ ૧
માથે રંગીલાં છેલા છોગાં મેલી, ભાવે પગલાં ભરતા રે. શી૦ ૨
નવલ પીયા નટવર નવરંગી, શીશ કલંગીને ધરતા રે. શી૦ ૩
બ્રહ્માનંદના નાથ વિહારી, શોકલડીને સુખી કરતા રે. શી૦ ૪

પદ - ૪

મુને મારી રે નેણને ભલકે રે. મુ૦ ટેક.
ઘાવ લાગ્યો રે મારૂં અંતર ઘુમે, વ્રહની રે પીડા ઉર લળકે રે. મુ૦ ૧
ઘરડાંનો રે મારગ હું તો ભુલી હેલડલી મારી ઝળકે રે. મુ૦ ૨
આંખડલી રે અંતરમાં લાગી, મરમ જાણ્યો છે બાધે મલકે રે. મુ૦ ૩
બ્રહ્માનંદ કહે કેમ જીવાશે, હૈડું ચઢયું છે મારૂં હલકે રે. મુ૦ ૪

રાગ ગરબી પદ - ૧

વહાલા અમ સાથે રે, અલબેલ આંટી રાખો છો;
તમે વઢવા જેવાં વેણ, દૂરે રહી દાખો છો. ૧
વારી બીજે ઘર બલવંત, પ્રગટ બીરાજો છો;
કાના આવંતાં અમ પાસ, શાને લાજો છો. ૨
વહાલા પહેલાં હરીયા પ્રાણ, પ્રીત લગાડીને;
પછી મેલ્યાં તમે માવ, ડાંબાં પાડીને. ૩
તમે અજાણ્યાને સાથ, જોરે જોરે બોલો છો;
વિન તેડ્યા તેની કેડ, ડાયા ડોલો છો. ૪
વળી શીખ્યા જાદુ સ્યામ, મનડું હરવાનું
તમને લક્ષણ પડીયું લાલ, પરઘર ફરવાનું. ૫
વારી બ્રહ્માનંદના નાથ, મનડે ભાવો છો;
વહાલા છેટે રહીને શ્યામ, શું લલચાવો છો. ૬

પદ - ૨

તમે કામણગારા કાન, કામણ જાણો છો;
રૂડી મોરલડીની તાન, ચિત્તડાં તાણો છો. ૧

બીજે છોગાં મેલી છેલ, નિત્ય પધારો છો;
અમને છેટે રહીને શીદ, મેણાં મારો છો. ૨
વારી કોઈને ઘેર જાઈ નાથ, ખાંતે ખેલો છો;
વાલા નવા કરો છો નેહ, જુનાને મેલો છો. ૩
તમે પાડોશણને પાસ, નિસ દીશ રહો છોજી;
આવી અમ આગે અલબેલ, કુડું કુડું કહો છોજી. ૪
જાણ્યાં જાણ્યાં તમારાં કામ, જાદુગરાંજી;
તમે ધુત્યું ગોકુળ ગામ, છો ધુતારાજી. ૫
આવા મોંઘા થયા છો માવ, અમ ઘર આવંતાં;
બ્રહ્માનંદ કહે બીજા કેડ, ડોલો ગાવંતા. ૬

**પદ - ૩**

તમે શું સમજીને શ્યામ, આડા આવો છો;
વારી એકલડાં વનમાંઇ, શીદ બોલાવો છો. ૧
મારે માથે મહીનો માટ, જો જો ફોડંતા;
તમે નિશ દીન નવરા નાથ, ડોલો દોડંતા. ૨
આવી બાઝો માં અલબેલ, વાટે વે'તાને;
વાલા ઝાઝી થઈ છે વાર, અમને સે'તાને. ૩
જ્યારે મુખડાંની મહારાજ, ગાળ્યો સાંભળશો;
ત્યારે સમજીને તતકાળ, વાલમજી વળશો. ૪
તમે સુધા થયા છો છેલ, હમણાં શ્યામળીયા;
વાલા છળ કરવા અમ સાથ, શીખ્યા છો છળીયા. ૫
માનો બ્રહ્માનંદના નાથ, એમાં નહીં સારૂં;
તમે ખાઈને થયા છો ખુબ, મહી માંખણ મારૂં. ૬

**પદ - ૪**

ઓરા આવોને નંદજીના લાલ, કાંઈ કહેવું છે;
મારે એકાંતે તમ પાસ, રસીયા રહેવું છે. ૧
તમે લટકે વજાડી વેણ, મનડું મોવાને;
સુણી આવી છું અલબેલ, મુખડું જોવાને. ૨





મને લાગે છે પ્યારી લાલ, મુખની વાતલડી;
તમને મળવા કારણ માવ, હરખે છાતલડી. ૩
વહાલા તમ વિના ત્રિભુવનરાય, પળ નથી રે'વાતું.
તમે છેટે રહો છો શ્યામ, તે દુઃખ નથી સે'વાતું. ૪
મારૂં મન લોભાણું માવ, માને નહીં બીજે;
કાના આવોને એકાંત, ગોઠડલી કીજે. ૫
વારી બ્રહ્માનંદના નાથ, દુઃખડાં કાપોને;
વાલા મેર કરીને મોરાર, દરશન આપોને. ૬

**રાગ જંગલો પદ - ૧**

ગાગરિયાં મોરી ફોરી રે, ગાગરીયાં મોરી ફોરી, ઘનશ્યામ રે ગુમાન. ગા૦ ટેક.
સુંદર તન ચંદન ખોરકીયે ગજ ચલત ચાલ ચાલ મસ્તાની. ગા૦ ૧
સંગ ગ્વાલ બાલ દશ વિસ લિયે, મુખ કહત વાત તોફાંની. ગા૦ ૨
નિત્ય સાંજ સવાર બેરાન કરે, મગ રોકત હો કર દાની. ગા૦ ૩
બ્રહ્માનંદ કહે શંક નહિ મનમેં, ગ્રહિ લેત આય પહચાંની. ગા૦ ૪

**પદ - ૨**

મેં કોસે કહું બતીયાં રે, મેં કોસેં કહું બતીયાં, મોરી બાંઈયાં મરોરી. મેં૦ ટેક.
મેં જાત સખી મહી બેચનકું, મોય પકર લૈ ઈન દોરી. મેં૦. ૧
મુરકાય ગઈ ચુરીયાં સજની, ગલ માલ મનોહર તોરી. મેં૦. ૨
નહીં લાજ રખત ડર લોકનકી, નહીં માનત કછુ બરજોરી. મેં૦. ૩
બ્રહ્માનંદ કહત ઈન મોહનને, મોકું બહુત કરી નહીં થોરી. મેં૦. ૪

**પદ - ૩**

મેં તુમસેં કીયા નેરા રે, મેં તુંમસે કીયા નેરા, મેરા નવલ વિહારી. મેં૦ ટેક.
મેં નટવર તુમસેં નેહ કીયા, કુલ લોક લાજ વિસારી. મેં૦ ૧
સુખદેન મનોહર શ્યામળિયા, છબી અધિક લગત મોય પ્યારી. મેં૦ ૨
નેનનમેં રાખું જતન કરી, જ્યું અહી રાખે મની ધારી. મેં૦ ૩
બ્રહ્માનંદ કહે નટવર રૂપ લખી, તન ધન મન ડારત વારી. મેં૦ ૪

**પદ - ૪**

શ્યામળિયે ચિત્ત ચોર્યો રે, શ્યામળિયે ચિત્ત ચોર્યો, મેરો મોરલી બજાઈ. શ્યા૦ ટેક.
મેં સુતીથી સુખસેજ સખી, નિજ નવલ ભુવનકે માંઈ. શ્યા૦ ૧

વ્યાકુળ મોય કીની વંસરીયાં, ધૂની સુનત ઉઠી અકુલાઇ. શ્યા૦ ૨
કછુ મંત્ર ભરી યહ મોરલિયાં, સુની શ્રવન રહ્યો નહીં જાઈ. શ્યા૦ ૩
બ્રહ્માનંદ કહે શ્યામ વિહારી જ્યું, કરી સાંન તાંન મુખ ગાઇ. શ્યા૦ ૪

**રાગ ભૂપાલી પદ - ૧**

ગોપી ઘેર લિયે અવિનાશી, ગોપી ઘેર લિયે અવિનાશી;
અવિનાશીકી કરત હે હાંસી. ગોપી૦ ટેક.
ગોરે તાત રૂ માત તીહારે, તુમ કહાંસે ભયે એસે કારે. ગોપી૦ ૧
કુન જાને કહાંસે તેં આયો, તોકું ઉંઘત જશોમતી જાયો. ગોપી૦ ૨
તેરો જન્મ ભયો જગ છાંનો, તેરે બાપકો નહીં ઠીકાનો. ગોપી૦ ૩
બ્રહ્માનંદ કહે ગ્વાલન મદમાતી, હુલસાત હે શ્યામ હસાતી. ગોપી૦ ૪

**પદ - ૨**

મીલ પૂછત હે વ્રજનારી, મીલ પૂછત હે વ્રજનારી;
વ્રજનારી ગ્રહે ગિરિધારી. મીલ૦ ટેક.
તેરી માત જશોમતી ભોરી, તુમ શીખે કહાં પ્યારે ચોરી. મીલ૦ ૧
તેરે નંદ અહીર હે બાવા, ફીર જાદવ કેસે કહાવા. મીલ૦ ૨
તેરી જાતકી નાંહી ન યાદી, કહો કીસ વીધી હોવ હી સાદી. મીલ૦ ૩
બ્રહ્માનંદ કહે પીયા કહો સાચી, તેરે કુલકી બાત હી કાચી. મીલ૦ ૪

**પદ - ૩**

જાહું જશોમતિકું તુમ પૂછો, જાહું જશોમતિકું તુમ પૂછો;
પૂછો કુલ મેરો કેસો હે ઉંછો જાહું૦ ટેક.
તેરે મામાકી કેસી હે જાતી, તેરે બાપ કે કુંણ બરાતી. જાહું૦ ૧
તુમ દુર્બર બળભદ્ર માતા, હમ જાનત લીય હે બેકાતા. જાહું૦ ૨
તેરે ઓઢન કાંબર તુટી, બલદાઉકે પગીયામેં બુટી. જાહું૦ ૩
બ્રહ્માનંદ કહે નાથ પધારો, વન જાય કે ગૈયન ચારો. જાહું૦ ૪

**પદ - ૪**

હમ પૂછત હેં બલ વીરા, હમ પૂછત હેં બલ વીરા;
તુમ જાદવ હો કે અહીરા. હમ૦ ટેક.





હે વો જાદવ તો બેસો પાટે, કાહેકું ગૌવાં ચારત અન્ન સાટે. હમ૦ ૧
દેખી દેખી દોલત હમ તોરી, છાશ પીત હો કરી કરી ચોરી. હમ૦ ૨
લુંન દે કે જશોમતી લીનો, મહી પાય બડો હમ કીનો. હમ૦ ૩
બ્રહ્માનંદ કહે હમ સબ જાની, તોકું કન્યા બી નૈ મીલે કાંની. હમ૦ ૪

**રાગ કાફી પદ - ૧**

મોહન મારો મેલને રે કેડો કેડો રે; મો૦ ટેક.
સૈયર સમાણી બીજી નહીં કોઈ સાથે, માથે મારે પાણીડાંનો બેડો રે. મો૦ ૧
વેઢ વીંટી ને પોંચી કડાં તારાં દીઠાં, દીઠો તારો પાઘડલીનો છેડો રે. મો૦ ૨
મારગ જાતાં રે માણસ દેખે રે, ભુલ્યાં અમે કીધલ સનેડો રે. મો૦ ૩
બ્રહ્માનંદના નાથ વિચારીને, નટવર કરી દ્યો નિવેડો રે. મો૦ ૪

**પદ - ૨**

કાનુડા કહ્યું માનને મારૂં મારૂં રે. કા૦ ટેક.
આ મારગ અમે નિત્ય નિત્ય આવું રે, નથી કાંઇ લેતાં નામ તારૂં રે. કા૦ ૧
હજી સુધી તો તારે રાજ નથી આવ્યું, આવું શીદ બોલે છે અટારૂં રે. કા૦ ૨
આમાંથી તો કાંઇ એવું રે થાશે, માણસની રીતે તુંને વારૂં રે. કા૦ ૩
બ્રહ્માનંદના નાથ વિહારી, હજી સમજો તો ઘણું સારૂં રે. કા૦ ૪

**પદ ૩**

રસીલા નંદલાલા ઓરા આવો આવો રે. ર૦ ટેક.
રાય આંગણ બીચ ઉભા રે રહીને, ગેરે સુર મોરલડી બજાવો રે. ર૦ ૧
પ્રીત સહીત મારા નાથ પધારો, દરશન દેઇને જીવાવો રે. ર૦ ૨
મરમાળા રે માવા મૂરતી તમારી, આવી મારા નેણુમાં ઠેરાવો રે. ર૦ ૩
બ્રહ્માનંદના રે નટવર વાલા, મોહલ્યુંમાં કરોને મેળાવો રે. ર૦ ૪

**પદ - ૪**

છોગાળા રંગ ચેલ જાઉં વારી વારી રે. છો૦ ટેક.
તમ સારૂં રે મારા રસીયા રે વાલમ, ફુલડે સેજ સમારી રે. છો૦ ૧
માથું જાતાં રે હું નહીં મેલું, દઢ ઉર આંટી એવી ધારી રે. છો૦ ૨
સોનેરી રે તોરા કલંગી સહીતી, પાઘડલી લાગે છે અતી પ્યારી રે. છો૦ ૩
બ્રહ્માનંદ કહે વેગે પધારો રે, મન કર્મ વચને તમારી રે. છો૦ ૪

**રાગ : ખમાચ પદ - ૧**

ભરવા દેને મને પાણી રે, ભરવા દેને પાણી પાણી રે;
ડોલરીયા મોહન દાણી. ભર૦ ટેક.
છેડ કરો માં મારી છેલ છબિલા, દેખે છે સૈયર સમાણી રે. ભર૦ ૧
તમ સારૂ નિશ દિન મુજ ઉપર, સાસુ ફરે છે દુવાણી રે. ભર૦ ૨
નણદલ મારી બહોત અટારી, વઢશે દેવરીયો રોષ આણી રે. ભર૦ ૩
બ્રહ્માનંદ કહે આજ જાવા ઘો, કાલ આવીશ હું તો જાણી રે. ભર૦ ૪

**પદ - ૨**

રોકે છે જમુનાને આરે રે, રોકે છે જમુનાને આરે રે;
કહેને વાલા શું કરવું છે તારે. રોકે૦ ટેક.
આ ટાણે એકલડાં જોઈને, લોક ભરોંસો મન ધારે રે. રોકે૦ ૧
તું તો લાજ રહિત મસ્તાનો, લાજ સહિત રહેવું મારે રે. રોકે૦ ૨
હરિવર નવરો મારગ હેરે, ઘેરે છે સાંજ સવારે રે. રોકે૦ ૩
બ્રહ્માનંદ કહે નહીં રે છાનું, થાશે પ્રગટ જગ સારે રે. રોકે૦ ૪

**પદ - ૩**

કર જોડીને તને કહીયે રે, કર જોડીને કહીયે કહીયે રે;
સમજીને લાજમાં રહીયે. કર૦ ટેક.
એવડી નહીં ઓસીયાળી તમારી, લોક રાજાનાં અમે છઈયે રે. કર૦ ૧
શું જાણીને શ્યામ સલુણા આવી, બાઝો છો મારે મહીયે રે. કર૦ ૨
મારગ વે'તાં જોઈને મોહન, કોઈની કેડ લઈયે રે. કર૦ ૩
બ્રહ્માનંદ કહે રાજ કંસનું, ગિરિધર ઘેલા નવ થઈયે રે. કર૦ ૪

**પદ - ૪**

દાણ માગે છે કાનો દાડી રે, દાણ માગે છે દાડી દાડી રે;
જશોદા વારોને માડી દાણ૦ ટેક.
આજ અકેલી ગઈતી અસુરી, મહીડાંની મટુકી ઉપાડી રે. દાણ૦ ૧
આવી અચાનક ઘેરી મુજને લઈને ગોવાલીડાંની ધાડી રે. દાણ૦ ૨
ઉપર તો એ સાધુ સરખો, ઘટમાં ભરી છે એને ઘાડી રે. દાણ૦ ૩
બ્રહ્માનંદ કહે મસ્ત કર્યો તમે, ઝાઝુ માખણ જમાડી રે. દાણ૦ ૪





**રાગ ખમાચ પદ ૧**

કાના આવી બાજો માં જો મહીડાંને માટ; કાના૦ ટેક.
રસિક ચતુર વર નહિ રોકાય, વૃન્દાવનની રે વાટ. કાના૦ ૧
કે દી લાગે છે કહોને દાણ તમારૂં, ગિરિધર જમુનાને ઘાટ. કાના૦ ૨
કંસ રાયનું જોર અમારે, નહિ જો થાય મહીડાંની ખાટ. કાના૦ ૩
બ્રહ્માનંદ કહે એ વાતોથી, ગભરાશો હાટોહાટ. કાના૦ ૪

**પદ - ૨**

કાના મારી મટુકી મેલોને મહારાજ; કાના૦ ટેક.
મારગમાં રોકે માં મોહન, ખોટી થઈએ ઘરડાંનાં કાજ. કાના૦ ૧
કાલ ગઈતી હું તો દાણ ચુકાવી, આવીને ઉભા છો શીદ આજ. કાના૦ ૨
કર જોડીને વાલા કહું છું હું તમને, ચાલ્યો જાય સખીનો સમાજ. કાના૦ ૩
બ્રહ્માનંદ કહે કાંઈક રાખો, લોકડીયાની તમે લાજ. કાના૦ ૪

**પદ - ૩**

જાવા ઘોને કાના મારૂં માનોને કેણ, જાવા૦ ટેક.
કાન કુંવર મુંથી ઝગડો કરતાં, થઈ ગઈ ઘડી બે ત્રણ. જાવા૦ ૧
આરે આવીને તમે નવરા ઉભા, રસિયાજી દીન રેણ. જાવા૦ ૨
તીખાં તીખાં નાથ તમારાં, વઢવા જેવાં છે જો વેણ. જાવા૦ ૩
બ્રહ્માનંદ કહે મહી સારૂ શીદને, કરો છો રાતાં નેણ. જાવા૦ ૪

**પદ - ૪**

વાલા મારી વિનતી માનોને બળવીર; વાલા૦ ટેક.
થોડું કહેતાં બહુ કહેવાશે, અમે છીએ જાતનાં આહીર. વાલા૦ ૧
મોહન તમને અમે કીધા મોટા, ખૂબ પાઈને દધિ ખીર. વાલા૦ ૨
સમજીને મેલો શ્યામળીયા, શ્યામ ચતુર મારો ચીર. વાલા૦ ૩
બ્રહ્માનંદ જાય બલિહારી, સુંદર શ્યામ શરીર. વાલા૦ ૪

**રાગ : પરજ પદ-૧**

અમે કહો વ્રજમાં કેમ રહીએ, મૈયા રે તારો લાલ અટારો. ટેક.
રાત દિવસ મારી કેડે પડ્યો છે, અમે કેટલુંક આવીને કહીયે. મૈયા૦ ૧

ચોરી કરે મારાં ઘરમાં છાની, દહાડીનાં દુઃખ કેમ સહીયે. મૈયા૦ ૨
ગેલ કરે જમુનાજીને આરે, આવી બાઝે મારે મહીયે. મૈયા૦ ૩
બ્રહ્માનંદ કહે ગોકુલ મેલી, કહો તો મથુરામાં જઈયે. મૈયા૦ ૪

**પદ-૨**

મારી આળ કરે શીદ આવી, એને રે તમે વારો જસોદા. ટેક.
પાણીડું ભરતાં પાલવ ઝાલે, છાની વાત નહી છાવી. એનેરે૦ ૧
મારગ જાતાં મહીડું લૂંટે, છોરાને સાથે બોલાવી. એનેરે૦ ૨
તમારી આગે સાચો થાવા, વાતું કરે છે બનાવી. એનેરે૦ ૩
બ્રહ્માનંદ તણે એ વ્હાલે, અમને તે હાર મનાવી. એનેરે૦ ૪

**પદ-૩**

જોઈ મૂર્તિ મનોહર તારી, માવા રે મારાં નેણાં લોભાણાં. ટેક
પાઘલડી ઉપર શોભે છે, નવલ કલંગી અતિ સારી. માવા રે૦ ૧
હેત કરી હૈડા ઉપર રાખું, પહેરાવું મોતીની માળા ભારી. માવા રે૦ ૨
અતિશે શોભે છાતી ઉપડતી, ચાલ જગતથી ન્યારી. માવા રે૦ ૩
બ્રહ્માનંદ કહે સરવસ લઈને, તમ પર નાખું વારી. માવા રે૦ ૪

**પદ-૪**

તારી લાવણ્યમાં લેવાણી, વ્હારા રે મારા નવલ વિહારી. ટેક
મૂર્તિ મનોહર જોઈને તારી, ભૂલી હું ભરવું પાણી. વ્હાલા રે૦ ૧
પૂરણચંદ સરીખું મુખડું, ભ્રકુટીમાં ભરમાણી. વ્હાલા રે૦ ૨
છોગલીએ ચકચુર થઈ છું, ડોલરીયા વ્રજદાણી. વ્હાલા રે૦ ૩
બ્રહ્માનંદ કહે જોઈ તારાં નેણાં, વેણાંમાં વેધાંણી. વ્હાલા રે૦ ૪

**રાગ : સોરઠ પદ-૧**

આવો હરિ મંદિરિયે મારે, આવો -ટેક૦
કુંવર રંગીલા કાનજી, મોહી છોગલિયે તારે -આવો૦ ૧
આંગણે મારે આવજો, તમે સાંજ સવારે,
સુખ થાય છે શામળા, તમને જોઉં છું જ્યારે -આવો૦ ૨
સાસુ સસરો સહુ મળીને, મુજને નિત્ય વારે,
જીવન તમને જોઈને, એની શંકા તે કોણ ધારે -આવો૦ ૩





તોડી સહુ સંસારથી રે, જોડી તમ હારે,
બ્રહ્માનંદના વાલમા, હવે જાણ્યું જગ સારે -આવો૦ ૪

**પદ-૨**

રે'જો મારી આંખડલી આગે રે'જો. -ટેક૦
નીરખી તમને નાથજી, મારી ભૂખડલી ભાંગે -રે'જો૦ ૧
ચમકતાં કરંતી ચાંખડી રે, કેસરીયે વાઘે,
શીશ કલંગી શોભતી, વાલા જરકસિયે પાઘે -રે'જો૦ ૨
રસિક સલૂણા રાજને, હું તો રીઝી છું રાગે,
જોઈ જોઈ તમને જાદવા, નિત પ્રીતલડી જાગે -રે'જો૦ ૩
કમર કટારો વાંકડો રે, અતિ પ્યારો લાગે,
અધક્ષણ રહોમા વેગળા, એમ બ્રહ્માનંદ માગે -રે'જો૦ ૪

**પદ-૩**

વાલાજીનાં લટકામાં લોભાણી વા'લા. -ટેક૦
લાગે છે વા'લી લાલની, રૂડી મુખડાની વાણી -વા'લા૦ ૧
સર્વે સૈયરના સાથમાં, ગઈ તટ જમુના પાણી,
સાન કરી મુંને શામળે, મારું ચિત્ત લીધું તાણી -વા'લા૦ ૨
છેલ છબીલો નંદનો રે, મહીડાનો દાણી,
મીઠી વાયે મોરલી, સુણી પ્રીતે પ્રોવાણી -વા'લા૦ ૩
લટકાળાં નંદલાલની, હું તો ઠાવકી ઠેરાણી,
બ્રહ્માનંદના વાલમે, મુંને પોતાની જાણી -વા'લા૦ ૪

**પદ-૪**

પધારોને મોહન મરમાળા પધારો. -ટેક૦
મનમાં ચોંટ્યા માવજી, વા'લા નેણુંના ચાળા -પધા૦ ૧
સેજ બિછાવી ફૂલડે રે, અતિ દીપક અજવાળ્યા,
નટવર તારા નામની, ઊભી ફેરું છું માળા -પધા૦ ૨
જામા પહેરો જરસી, બાંધો ફેંટા રૂપાળા,
મીઠી વાજ્યો મોરલી, લાવી પરજ તણા ઢાળા -પધા૦ ૩
તમ વિના ખૂલતાં નથી, મારાં અંતરનાં તાળાં,
બ્રહ્માનંદના નાથજી, આવો સુંદર છોગાળા -પધા૦ ૪

રાગ : ગરબી પદ-૧

આવો હરિ મહી વલોવા, મિષે મંદિરીયું જોવા. ટેક.
મહી વલોવા મંદિરીયું જોવા, ગાવલડી દોવા કાજ,
ઘરનાં માણસ ઘેર નથી કોઈ, આપણ બેનું રાજ. આવો૦ ૧
ભાવથી ઝાઝાં ભોજન આપીશ, તાજાં તર્ત તૈયાર,
પીશો તેટલું ગોરસ પાશું, કરી કરી મનુવાર. આવો૦ ૨
પલંગ ઉપર પોઢજો પ્યારા, પ્રેમે ચાંપીશ પાય,
એક પગભર ઉભી ઉભી, વીંજણે ઢોળીશ વાય. આવો૦ ૩
કેશો તે વિચાર કરી કરશું, રહેશો તો રાખશું રાત,
બ્રહ્માનંદ કહે આપણ કરશું, બાળપણાની વાત. આવો૦ ૪

પદ-૨

મારે ઘેર આવજો કાના, છુપાડીને રાખશું છાના. ટેક.
આવજો કાના રાખશું છાના, કરશું વાનાં ક્રોડ,
એકલા બેઠા અકળાઓ તો, આવીને બેસીશ જોડ. મારે ઘેર૦ ૧
ખડકીએ બેસીને ખબર રાખીશ, થાવા નહિ દઉં ભીડ,
કોઈ ન જાણે એવું કરશું, પંડની હરશું પીડ. મારે ઘેર૦ ૨
મનમાં આવે તો જમજો માવા, દુધની રેડા રેડ,
નવરા બેઠા નાથજી કરજો, વાંક વિના વઢવેડ. મારે ઘેર૦ ૩
મંદિરમાં પધરાવીશ આઘા, કરીશ બંધ કમાડ,
બ્રહ્માનંદ કહે માનશું અમે, તોય તમારો પાડ. મારે ઘેર૦ ૪

પદ-૩

મારે ઘેર આવજો માવા, મીઠી મીઠી મોરલી વાવા. ટેક.
આવજો માવા મોરલી વાવા, ચાવા આવા સેણ,
હેત કરી કરી મનડું હરવા, પાવન કરવા નેણ. મારે ઘેર૦ ૧
આગળ મારે ઉભા રહીને, કરજો લટકાં કાન,
વાલમ આપણા તાળી વજાડી, તોડશું ભેળી તાન. મારે ઘેર૦ ૨
મારા સમ જો આવજો મોહન, પ્રીતમ મારે પાસ,
જોડા જોડે બાંહ્યડી ઝાલી, રમશું આપણ રાસ. મારે ઘેર૦ ૩
આળસ મેલીને આવજો, જો જો મનમાં ધરતા બીક.
બ્રહ્માનંદ કહે રજની સારી, રમશું ઠીકા ઠીક. મારે ઘેર૦ ૪





પદ-૪

વાલા એક કામ છે મારે, કે'શું ઘેર આવશો ત્યારે. ટેક.
કામ છે મારે આવશો ત્યારે કેવું છે એકાંત,
સુણતાં તમને શ્યામળા, થાશે અંતરમાં નિરાંત. વાલા૦ ૧
હરતા ફરતા હેરણાં હેરો,રસિયા દી ને રાત,
તેણે કાંઈક કહી મેલ્યું છે, તે કેવી છે વાત. વાલા૦ ૨
વાલમ તમને જે છે વાલું, તેની તમથી પ્રીત,
ભેળાં થયાની ભુધરા તમને, બતાવી દેશું રીત. વાલા૦ ૩
જેને કારણ તમને રહે છે, અંતરમાં ઉતાપ,
બ્રહ્માનંદ કહે તે સંગાથે, કરી દેશું મેળાપ. વાલા૦ ૪

પદ-૫

વારે વારે કહું છું વાલા, મહી જોઈ થાશો માં કાલા. ટેક
કહું છું વાલા થાઓ માં, કાલા, લ્યો માં મારૂં નામ.
એમાંથી તો એવું થાશે, જાણશે બધું ગામ. વારે વારે૦ ૧
જ્યારે જોયે ત્યારે વાટમાં આડા, ઉભા છો સાંજ સવાર,
માવજી તમને હું સરીખી, નથી મળી કોઈ નાર. વારે વારે૦ ૨
મારગ વહેતાં લૂંટશો અમને, નથી તમારૂં રાજ,
મહીને માટે ખોઈને જાશો, લુગડાં સોતી લાજ. વારે વારે૦ ૩
મુખ સંભાળીને બોલીયે, રહીએ માણસ કેરી રીત,
બ્રહ્માનંદ કહે વનમાં માંડી, આવડી કેમ અનીત. વારે વારે૦ ૪

પદ-૬

જશોદા કહાન તમારો, રોકે સાંજ સવારો. ટેક.
કહાન તમારો સાંજ સવારો, આવીને રોકે વાટ,
બળ દેખાડીને આવી બાઝે, મૈ'ડા કેરે માટ. જશોદા૦ ૧
વાછડું છોડે ઠામણાં ફોડે, રોળે છે દિને રાત,
અમે તમારે આગળે આવી, કેટલીક કહીએ વાત. જશોદા૦ ૨
આવીને દહાડે ખાતર પાડે, દુધ દહીંને કાજ,
જોર જણાવે થયો છે જેલી, લોકની મેલી લાજ. જશોદા૦ ૩

ભરવા દે નહી જમુના પાણી, કરવા દે નહિ કામ,
બ્રહ્માનંદ કહે લાલ તમારો, કરશે ઉજ્જડ ગામ. જશોદા૦ ૪

### પદ-૭

કહાના મારો મેલને કેડો, સહાયો શીદ ચીરનો છેડો. ટેક.
મેલને કેડો ઝાલમાં છેડો, ખોટી થાશે કામ,
ઘર રેઢું મારે સૌ ગયા છે, ઘરનાં માણસ ગામ. કાના મારો૦ ૧
આડો આવી શીદ ઉભો છું. મારગ મારો મેલ,
ફેલ કરંતો ફોડતો, જોજે મૈ'ડાં કેરી હેલ. કાના મારો૦ ૨
કહું છું તુને કર માં કાના, સૌ દેખતાં છેડ,
નિર્લજ છોરા નંદના મારી, કેમ પડ્યો છે કેડ. કાના મારો૦ ૩
જમુના આરે રાત દી ઉભા, નવરો આઠો જામ,
બ્રહ્માનંદ કહે રીતથી બારૂં, લે માં મારૂં નામ. કાના મારો૦ ૪

### પદ-૮

હેલી જોને નંદનો છોરો, જણાવે છે કેટલો જોરો. ટેક.
નંદનો છોરો જણાવે છે જોરો, તોરો ઘાલે શીશ,
દીલમાં રાજી બહાર દેખાડે, આંખલડીમાં રીસ. હેલી જોને૦ ૧
ટાંણે કટાંણે આવીને ટોકે, વેંતા રોકે વાટ,
જળ ભરતાં જેલ કરે છે, જમુનાજીને ઘાટ. હેલી જોને૦ ૨
કામણગારી મોરલી એની, કામણગારાં નેણ,
બહુ પ્રકારે વનમાં બોલે, વાંકા વાંકા વેણ. હેલી જોને૦ ૩
કેડે કેડે રાત દિ ડોલે, મુખથી બોલે ગાળ,
બ્રહ્માનંદ કહે ઉપરે નાખે, ઠાલી ઠાલી આળ. હેલી જોને૦ ૪

### રાગ : ગરબી પદ-૧

એટલાકમાં તો દશ વીશ આવી રે, ચોરી થઈ વ્હાલાની ઘણી ચાવી રે. ૧
એક કહે કાલે મારે ઘેર આવ્યો રે, હું હતી તૈયાર ત્યાં ન ફાવ્યો રે. ૨
બાર પડીતી મટુકી તે ફોડી રે, ચુંટી લઈ રોવરાવી ગયો છોડી રે. ૩
જડ્યું નહી ત્યારે મનમાં દુઃખાણો રે, ઉભો રહી નાખ્યો ઘરમાથે પાણો રે. ૪
રીસ કરીને મેં આંખ દેખાડી રે, ત્યારે નાસી ગયો વાડ ફાડી રે. ૫
બ્રહ્માનંદના સ્વામી સાથે ગોપી રે, કહે મર્મનાં વેણ કોપી કોપી રે. ૬





### પદ-૨

એક કહે કાલ મારે ઘેર પેઠો રે, પેઠતાંમાં મેં વેલો વેલો દીઠો રે. ૧
એટલાકમાં તો હું દોડી આવી રે, મુને એકલી જોઈને ધમકાવી રે. ૨
અતિ રીસનો ચડાવ્યો છે ઉધામો રે, મુંને લાકડી લઈને થયો સામો રે. ૩
ત્યારે બીજીને જોઈને હું બકોરી રે, એટલાકમાંહી ફાવી એને ચોરી રે. ૪
નાઠો હાંડલી દહીંની હાથ સોઈ રે, વાંસે દોડતાં દોડતાં ગયો વાઈ રે. ૫
સુધી રીસ ભરીને બોલે ઉંચે સાદે રે, બ્રહ્માનંદના સ્વામી સામી વાદે રે. ૬

### પદ-૩

એક કહે મારે ઘેર પેઠો રાતે રે, ચોર્યો સાડલો તે નવલી ભાતે રે. ૧
અંધારામાં બીજું હાથ કાંઈ નાવ્યું રે, દળવાનું ધાન ઉભે ઉભે ચાવ્યું રે. ૨
દુધ દહીં કાજ કાઢી બહુ હડીયું રે, મેં ઠાવકું સંતાડ્યું નવ જડીયું રે. ૩
ઝાઝી મહેનત કરીને માથું ઝીકે રે, સુધું ઉંચું તે ન પોંચ્યો હાથ સીકે રે. ૪
એટલાકમાં હું ઝબકીને જાગી રે, પછે વેલણું લઈને ગયો ભાગી રે. ૫
એવાં એવાં છે બાઈ કામ એનાં રે, કહે બ્રહ્માનંદ નહીં ઠારે કેનાં રે. ૬

### પદ-૪

એમ કહે મધ્યાહ્ને કાલ આવ્યો રે, સાથે માંકડાંની મંડળી લાવ્યો રે. ૧
હું ગઈ જલ જમુના ભરવા રે, વાંસે ઘરમાં પેઠો સહેલું કરવા રે. ૨
જે મળ્યું તે સર્વે લીધું રે, ત્યાં બેસીને કામ પુરુ કીધું રે. ૩
દોહ્યું વલોયું ન રહેવા દીધું કાંઈ રે, પછે માંકડાં ઘાલ્યાં ઘરમાંઈ રે. ૪
ઘર માંકડાં પાસે બગડાવ્યું રે, ઉંધુ વાળી ગયો જે હાથ આવ્યું રે. ૫
કહે બ્રહ્માનંદ આવી રહી ભાળી રે, આ છોરો કાલ આવ્યો ડાટવાળી રે. ૬

### પદ-૫

બોલી એક તમે સાંભળો બેની રે, એક વાતડી અલૌકિક એની રે. ૧
એક દહાડે મારે ઘેર આવ્યો ચાલી રે, આવી ઓચીંતાની મુજને ઝાલી રે. ૨
કેમ અલી મારાં ઘરમાં તું પેઠી રે, બહુ શાહુકાર થઈ હવે બેઠી રે. ૩
કહે કોણ છો ક્યાંની નારી રે, મુને ચોરટી ચોરટી કહી મારી રે. ૪
મુને ચોર કહી પોતે થયો ધણી રે, એની વાત શી કહું હું ઘણી રે. ૫
બ્રહ્માનંદ કહે જુવો એની વાતું રે, નખશિખ વીચે ભરી છે ઘાતું રે. ૬

પદ-૬

એક કહે તમે સુણો વાત હેલી રે, એ જેવો મેં ન દીઠો કોઈ ફેલી રે. ૧
ઉપરથી દીઠામાં લાગે રૂડો રે, છે કપટી અંતરે કૂડો રે. ૨
એક દહાડે આવ્યો વલોવા ટાંણે રે, સામો રહીને નેતરૂં તાંણે રે. ૩
જ્યારે માંખણ રહી હું તારી રે, છલ કરી નજર ચોરી મારી રે. ૪
પછી તાવણી ઉપાડી ધીરે રહીને રે, મુજ દેખતાં માખણ ગયો લઈને રે. ૫
બ્રહ્માનંદ કહે એક બોલી ગોપી રે, આ છોરે લોક લાજ સર્વે લોપી રે. ૬

પદ-૭

કેદી ઓચીંતાનો છાનો આવે રે, બે ઘુઙ્યની મુઠડી ભરી લાવે રે. ૧
તે આંખ્યું ભરે આવી આગે રે, પછી હાથમાંથી ભાણું લઈ ભાગે રે. ૨
કેદી ઘરમાં પેસી ઠામડાં ફોડે રે, કેદી કટાંણે વાછડાં છોરે રે. ૩
કેની બીક મનમાં નવધારે રે, દહાડી દહાડી આવી છોકરાંને મારે રે. ૪
એને ઠાવકો ઝાલીને રહેજો કોઈ રે, જાશે હાથમાંથી ભાગી રહેશો જોઈ રે. ૫
બ્રહ્માનંદના સ્વામીને વારે વારે રે, ખુબ ગોપીયું વઢે ઝાઝે ખારે રે. ૬

પદ-૮

એક કહે એને રીતે ભાતે પુછો રે, એક કહે એને ઝાલી બાંધો ઉંચો રે. ૧
એક કહે એને ચોટીયાં ભરીયે રે, કાન તાણી ટાઢા હાથ બેક કરીયે રે. ૨
એક કહે છે જુવોને આંખ એની રે, જુવો ચંચળ પગલાંની પેની રે. ૩
બાઈ એણે કાંઈકનાં ઉંધાં વાળ્યાં રે, મુને ભડકા થાય છે એને ભાળ્યાં રે. ૪
ચાલો જશોદાને પાસે લઈ જઈયે રે, એના ગુણ એની માને આગે ગાઈયે રે. ૫
બ્રહ્માનંદ કહે ચોરની પેરે રે, ઝાલી ગઈ સર્વે જશોદાને ઘેરે રે. ૬

રાગ : સોરઠ પદ-૧

એક સમે હરિ વનમાં, ઉભે વેણ વાય રે. ટેક.
લઈ મટુકી ગોપીકા, મહી વેચવા જાય રે. ઉભા૦ ૧
બેઉને તે મેળાપ થયો, વનમાં એકાંતે રે,
ગોપી સાથે ગુંજ કરી, ખાંતેલી ખાંતે રે. ઉભા૦ ૨
રસભરી રંગ રાડ થઈ, વૃંદાવનની વાટે રે,
રાધિકાને રોકી રહ્યા હરિ, દાણને માટે રે. ઉભા૦ ૩





રોષે ભરાણી રાધીકા, બોલી વેણ અટારાં રે,
તે માથે મારે નાથજી, માર્યા મેણલાં સારાં રે. ઉભા૦ ૪
સામ સામો સંવાદ થયો, એકાંત ઠેકાણે રે,
એ લડાઈની વાત, બ્રહ્માનંદ જાણે રે. ઉભા૦ ૫

પદ-૨

પુછું હું તુને પ્રેમદા, શું છે નામ તારૂં રે. ટેક
ચોરટી નારી તેં ચોર્યું છે, દાણ અમારું રે. શું છે નામ૦ ૧
તું ગોવાલણી મદની માતી, ચોરી જાતી દાણ,
મહી લીધા વિના આજ મેલું તો, નંદબાવાની આણ. શું છે નામ૦ ૨
આવ ઓરી તુંને કહું છું ગોરી, ચોરી આવી શીશ,
કુડા બોલી કેમ કરે છે, વાતની વાતેં રીસ. શું છે નામ૦ ૩
તું ધુતારી નારી ઠગારી, જાણું છું તારાં કામ,
આજ ઘણે દાડે હાથ આવી તે, હું મનની પુરીશ હામ. શું છે નામ૦ ૪
ગામની રેતલ ગુજરી તારે, એવડો શો અહંકાર,
બ્રહ્માનંદ કહે વાર લાગે છે, મહીનું માટ ઉતાર. શું છે નામ૦ ૫

પદ-૩

નિર્લજ છોરા નંદના, હુંથી દૂર રહેજે રે. ટેક.
મુખમાંથી તું વેણ અલ્યા, સમજીને કહે જે રે. હુંથી૦ ૧
નંદરાજા કેદી થયો એની, કુણ માને છે આણ,
આહીરના છોરાને અલ્યા, શે પાંતિનું દાણ. હુંથી૦ ૨
ઝાઝું બોલી શું જણાવે છે, પોતે પોતાનું માપ,
કેને અલ્યા તું ચોરટી કહે છે, ચોર તું ને તારો બાપ. હુંથી૦ ૩
સારી પેઠે હું તુજને જાણું, જાણું છું તારી જાત,
આજ પછી જો એમ કહ્યું તો, જાણીશ મારી વાત. હુંથી૦ ૪
પારકે ઘેર પેટ ભરે છે, પેટુડીયાંની પેર,
બ્રહ્માનંદ કહે ચોરવા જેવું, શું છે તારે ઘેર. હુંથી૦ ૫

પદ-૪

ધીરે રહે ધુતારડી, હવે જાઈશ મેલી રે. ટેક.
વાટ જોતાં વનમાં મળી છે, આજે અકેલી રે. હવે૦ ૧

નંદ બાવાની નિંદા કીધી, તે કે બીજી કોય,
એ ગુન્હામાં રોળ કરૂં છું, તે તું ઉભી જોય. હવે૦ ૨
હું તો રાજા આદ્ય જુગાદી, લઈશ દાણ નચિંત્ત,
તું શું જાણે ગુજરી ઘેલી, રાજ દુવારની રીત. હવે૦ ૩
આણદાણની ધણી અમે છું. દેશપતિ દેસોત,
દાણ ચોરીમાં તુજને રાખીશ, મહી મટુકડી સોત. હવે૦ ૪
મદની માતી શું મરડાય છે, શું હલાવે છે ડોક,
બ્રહ્માનંદ કહે મેલ બડાઈ, બાપ તારો મારો લોક. હવે૦ ૫

**પદ-૫**

કુણ છો છોરા જાતનો, બોલે છે વાત આવી રે. ટેક.
હાથ આવ્યો તો હમણાં, આપીશ દાણ ચુકાવી રે. બોલ૦ ૧
હું બેટી ભ્રખુભાણની કહાવું, તારો મારે શું ભાર,
કંસના રાજમાં નંદ સરીખા, હશે લાખ હજાર. બોલ૦ ૨
દાણ શોભે દરબારમાં ઘેલા, જેને ઘેર રાજ,
તું ગોકુળમાં ગાયો ચારી,કરે પોતાનું કાજ. બોલ૦ ૩
શીદ જોયે અલ્યા નંદના છોરા, તારે એવડી તાણ,
મથુરાથી નાશી આવ્યો આંહી, માગવા લાગ્યો દાણ. બોલે૦ ૪
રહે પોતાની રીતમાં પાધરો, જાણીયે છીએ તારી જાત,
બ્રહ્માનંદ કહે મોટો થાશે, એમાંથી ઉતપાત. બોલે૦ ૫

**પદ-૬**

જોર વધ્યું તારું ગુજરી, તું તો બળે ભરાણી રે.
હું ઝાઝું કહેતો નથી, મારી રૈયત જાણી રે. તું તો૦ ૧
છકી ગઈ તું છાશની પીતલ, બુદ્ધિ થોડી રે,
રાજની રીતમાં શું જાણે, તું લોકની છોડી રે. તું તો૦ ૨
મનમાં તારે માનની ઝાઝો, દોલતનો છે દોડ,
આજ તારા હું આ ઠેકાણે, કરીશ પુરા કોડ. તું તો૦ ૩
મોટા માથે માન ન રાખીયે, રહેવું જેની છાંય,
કંસનો હું વંશ કાઢીશ, થોડા દહાડામાંય. તું તો૦ ૪





બળમાં એલી શું બોલે છે, ફાટે મોઢે ફેલ,
બ્રહ્માનંદ કહે કેદી થયો એલી, તારો બાપ પટેલ. તું તો૦ ૫

**પદ-૭**

જા વુઢો તું પાધરો આવું, શાને બોલે રે. ટેક.
નંદના ઘરનું કામ મેલી, શાને રમતો ડોલે રે. આવું૦ ૧
હું તો પીતલ છાસની પણ, તારે ઘરે બહુ દુધ,
ઠામ ઠેકાણાં વ્હોણો તું તો, તે તુને નહી સુધ. આવું૦ ૨
વાતની વાતમાં વાવીએ નહિ, અલ્યા ઝાઝું બોલીને ઝેર,
અમને શી ઓશીયાળ દેખાડે, છે તું મોટો તારે ઘેર. આવું૦ ૩
હું તો છોરી લોકની ત્યારે, તું ક્યાંનો ભુપાળ,
સમજી રહેને સૌ જાણે, તું ગાયુંનો ગોવાળ. આવુ૦ ૪
મારા બાપને ઘેર પટલાઈ, દીધી છે દરબાર,
બ્રહ્માનંદ કહે એ સાથે તારે, એવડો તે શો ખાર. આવુ૦ ૫

**પદ-૮**

બોલમાં ઝાઝું બોલકી, હુંથી નહિ ખમાય રે. ટેક.
છેડ કરતાં રીશ ચડી, ત્યારે નહિ સમાય રે. હુંથી૦ ૧
આંખનો ચાળો ઓર તરેહનો, ચંચળ તારૂં અંગ,
મુખથી ઉપર મરડમાં બોલે છે, ચિત્તનો બીજો રંગ. હુંથી૦ ૨
દેને ઓરૂં દાણ અમારૂં, ચોવટનું શું કામ,
એમાંથી તો એવું થાશે, જાણશે બધું ગામ. હુંથી૦ ૩
દુધનું મહેણું તે દીધું મારે, ચિત્તમાં લાગી ચોટ,
ગાય દુઝે નવલાખ જેને ઘેર, તેને તે શાની ખોટ. હુંથી૦ ૪
તું ધૂતિ સબ જગને ધૂત્યો, હુન્નર કરી હજાર,
બ્રહ્માનંદ કહે મુજને ધૂતતાં, લાગશે તુંને વાર. હુંથી૦ ૫

**રાગ : મેવાડો પદ-૧**

કાનજી શું કહી મેલ્યું રે, ઓધાજી અમને-કાનજી૦
મનડાને લઈ ગયા છે, પાપી પ્રાણ બાકી રહ્યા છે,

તે પણ તૈયાર થયા છે રે-ઓધાજી૦ ૧
માછલાંને પાણી પ્યારું, તે ન જીવે આવી બારું,
એવું કામ છે અમારું રે-ઓધાજી૦ ૨
જેનું મન હોયે રોગી, તે ફરે છે થઈને જોગી,
અમે તો ભૂધરના ભોગી રે-ઓધાજી૦ ૩
બ્રહ્માનંદ કહે ખાઈ સમને, સાચી વાત કહીએ તમને,
એવું તો મ કે'જો અમને રે-ઓધાજી૦ ૪

**પદ-૨**

જોગનો સંદેશો લાવ્યા રે, ઓધાજી તમે-જોગનો૦
મન હરિ લીધું હરિએ, શેણે કરી ધ્યાન ધરીએ,
કોને હવે કેમ કરીએ રે-ઓધાજી૦ ૧
જોગની જુગતી ભારી, અમે ભોળી વ્રજનારી,
બાર જોઈએ ગિરધારી રે-ઓધાજી૦ ૨
છેલોજી નાખે છો છોળ્યું, બારે ન હોય તો માંહી ખોળું,
નિતર્યાને શાને ડોળું રે-ઓધાજી૦ ૩
બ્રહ્માનંદ કહે જોગી થાશું, તો અમે મથુરાં જાશું,
પ્યારાજીને મહીડાં પાશું રે-ઓધાજી૦ ૪

**પદ-૩**

રસિયાની કહોને રીતિ રે, ઓધાજી અમને-રસિયા૦
ઓધાજી તમે ભલે આવ્યા, અમારા અંતરમાં ભાવ્યા,
શ્યામનો સંદેશો લાવ્યા રે-ઓધાજી૦ ૧
લોકમાં ચાલી છે વાણી, કુબજાને કીધી રાણી,
વાલાજીની વાતું જાણી રે-ઓધાજી૦ ૨
કુબજા તો કંસની દાસી, ખૂબ બની જોડ ખાસી,
લોકડિયાં કરે છે હાંસી રે-ઓધાજી૦ ૩
બ્રહ્માનંદ કહે રંગ ઢાળ્યો, કુબજાનો ઘર ભાળ્યો,
જદુકુળ અજવાળ્યો રે-ઓધાજી૦ ૪





**પદ-૪**

વાલાજીની વાતું જાણી રે, ઓધાજી અમે-વાલા૦
બળી જેવો જોદ્ધો બળિયો, છોકરડાને વેશે છળિયો,
કહો એ જેવો કોણ કળિયો રે-ઓધાજી૦ ૧
નારી વિના દુઃખી જોઈને, સુર્પનખા આવી મોહીને,
કાન નાક ઈ ખોઈને રે-ઓધાજી૦ ૨
વૃંદાવને છલીને બાળી, વેદની મરજાદા ટાળી,
વેંધ્યો બાણે કરી વાળી રે-ઓધાજી૦ ૩
બ્રહ્માનંદ કહે દૈત્ય મારી, લાવ્યા ઘેર સીતાનારી,
તેને કાઢી મૂકી બારી રે-ઓધાજી૦ ૪

**રાગ : કલ્યાણ પદ-૧**

કેશર તીલક કરે, આવત હરિ કેશર તીલક કરે-આવત હરિ૦ ટેક.
ધરત શ્વેત ઝીન તન અંબર, અમૃત ઝરત નજરે-આ૦ ૧
દોનું ભુજા સખા ગળે નંખિયા, અંખિયાં પ્રેમ ભરે-આ૦ ૨
ફૂલન કે ભુજ બંધ મનોહર, ફૂલન કે ગજરે-આ૦ ૩
બ્રહ્માનંદ ઘનશ્યામકી મૂર્તિ, નીરખી નજર ઠરે-આ૦ ૪

**પદ-૨**

ચંદન ખોર કીયે, આવત હરિ ચંદન ખોર કિયે-આવત હરિ૦ ટેક
સાથ સખા મંડળ અતિ શોભત, મોરલી હાથ લીયે-આ૦ ૧
વામ શ્રવન તીલ શ્યામ મનોહર, નેનનસેં લખિયે-આ૦ ૨
સુંદર વંકી ભ્રૃહ અલૌકિક, સુંદર હાર હિયે-આ૦ ૩
નીરખી છબી ઘનશ્યામ પિયાકી, બ્રહ્માનંદ જિયે-આ૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

કહાનુડો રે કહાનુડો, જમુનાજીને આરે,
પાણીલાં વારે રે, બેની કહાનુડો.
કહાનુડો રે (૨) ઓચીંતાનો આવે આવી બોલાવે રે. બેની૦ ૧
કહાનુડો રે (૨) ફોડે જળની હેલ્યું, બોલે ઘેલું ઘેલું રે. બેની૦ ૨
કહાનુડો રે (૨) વૃંદાવનની વાટે, બાઝે મહીને માટે રે. બેની૦ ૩

કહાનુડો રે (૨) ડોલરીયો થઈ ડોલે, જેમ તેમ બોલે રે. બેની૦ ૪
કહાનુડો રે (૨) બ્રહ્માનંદ કહે હેલી, કીધી મુને ઘેલી રે. બેની૦ ૫

**પદ-૨**

છોગાળો રે છોગાળો રે, મોરલી લીધી હાથે,
છોગાં મેલે માથે રે, છેલ છોગાળો.

છોગાળે રે (૨) ગોપીજનને સંગે આનંદ અંગે રે. છેલ૦ ૧
છોગાળે રે (૨) ખાંતે ખાંતે ખેલે રંગડો રેલે રે. છેલ૦ ૨
છોગાળે રે (૨) કસુંબલીયે ફેંટે રાતે રેંટે રે. છેલ૦ ૩
છોગાળે રે (૨) રંગભીનો રૂપાળો અતિ મરમાળો રે. છેલ૦ ૪
છોગાળે રે (૨) બ્રહ્માનંદનો પ્યારો કમર કટારો રે. છેલ૦ ૫

**પદ-૩**

વાલાજી રે વહાલાજી રે, મારે મંદિર આવો,
હસીને બોલાવે રે, મારા વહાલાજી.

વાલાજી રે (૨) રૂપ તમારું જોઈને રહી છું મોહીને રે. મારા૦ ૧
વાલાજી રે (૨) લઈને સરવસ મારૂં તમ પર વારૂં રે. મારા૦ ૨
વાલાજી રે (૨) આવો મોરલી વાતા મધુરે ગાતા રે. મારા૦ ૩
વાલાજી રે (૨) તમથી પ્રીતિ લાગી ભ્રમણાં ભાંગી રે. મારા૦ ૪
વાલાજી રે (૨) બ્રહ્માનંદના બેલી આવો છોગાં મેલી રે. મારા૦ ૫

**પદ-૪**

રંગીલો રે રંગીલો રે, રંગડાનો છે રેલો,
અતી અલબેલો રે, રંગીલો

રંગીલો રે (૨) નેહ જણાવે નેણે વાલમ વેણે રે. રંગ૦ ૧
રંગીલો રે (૨) અલવ કરતો આવે ચિત્ત લલચાવે રે. રંગ૦ ૨
રંગીલો રે (૨) બોલે સુંદર વાણી હું લોભાણી રે. રંગ૦ ૩
રંગીલો રે (૨) ધુન સુણાવે ઘેરી મોરલી કેરી રે. રંગ૦ ૪
રંગીલો રે (૨) બ્રહ્માનંદનો વ્હાલો નંદજીનો લાલો રે. રંગ૦ ૫

**પદ-૫**

કોડીલો રે કોડીલો રે, કોડે આળ્યું કરતો,
આવે મન હરતો રે, કહાન કોડીલો





કોડીલો રે (૨) કોડે સામું ભાળે રંગડો ઢાળે રે. કહાન૦ ૧
કોડીલો રે (૨) કોડે છાનું કહાવે મુને બોલાવે રે. કહાન૦ ૨
કોડીલો રે (૨) કોડે ચાલે કાલો લાગે મુને વહાલો રે. કહાન૦ ૩
કોડીલો રે (૨) રંગનો ભરીયો મારો ઠાકરીયો રે. કહાન૦ ૪
કોડીલો રે (૨) બ્રહ્માનંદનો સ્વામી અંતરજામી રે. કહાન૦ ૫

**પદ-૬**

લટકાળો રે લટકાળો રે, લટકે મનડું લેતો,
આવે સુખ દેતો રે, લાલ લટકાળો. ટેક

લટકાળો રે (૨) લટકાં સુંદર લાવે મનડે ભાવે રે. લાલ૦ ૧
લટકાળો રે (૨) વેણ વજાડે લટકે સુણી મન અટકે રે. લાલ૦ ૨
લટકાળો રે (૨) લટકાં પ્યારાં લાગે આવી બેસે આગે રે. લાલ૦ ૩
લટકાળો રે (૨) લટકામાં મન લોભે સુંદર શોભે રે. લાલ૦ ૪
લટકાળો રે (૨) બ્રહ્માનંદ કહે બેની આશા મુને એની રે. લાલ૦ ૫

**પદ-૭**

મરમાળો રે મરમાળો રે, મરમ કરતો બોલે,
આવે મુજ ઓળે રે, માવ મરમાળો. ટેક.

મરમાળો રે (૨) મર્મની વાતું જાણે, આવે સંધ્યા ટાંણે રે. માવ૦ ૧
મરમાળો રે (૨) મર્મ કરી કરી હેરે ઘાટે આવી ઘેરે રે. માવ૦ ૨
મરમાળો રે (૨) શોભે જળમાં રમતો મનડે ગમતો રે. માવ૦ ૩
મરમાળો રે (૨) પહેરી જરકશી જામો આવે મુજ સામો રે. માવ૦ ૪
મરમાળો રે (૨) બ્રહ્માનંદ કહે રંગી સાચો મારો સંગી રે. માવ૦ ૫

**પદ-૮**

શ્યામળીયા રે શ્યામળીયા રે, વ્હાલી લાગે વાતું. ટેક.
નથી રહેવાતું રે, સેણ શ્યામળીયા,

શ્યામળીયા રે (૨) આવો આવો ઓરા માથે ઘાલી તોરા રે. સેણ૦ ૧
શ્યામળીયા રે (૨) તમથી લાગો નેહડો ડોલે મારો દેહડો રે. સેણ૦ ૨
શ્યામળીયા રે (૨) તમ વિના કેમ કરી રહીએ દુઃખ કેને કહીએ રે. સેણ૦ ૩
શ્યામળીયા રે (૨) તમથી સગપણ કીધું સરવસ દીધું રે. સેણ૦ ૪
શ્યામળીયા રે (૨) બ્રહ્માનંદના પ્યારા, રહોમાં ન્યારા રે. સેણ૦ ૫

### રાગ : વેરાવડી પદ-૧

કહોને આજ તમે ક્યાં હતા રે, દીસે નેણે નીંદ્ર ખુમારી રે. મરમાળાજી૦
સાચું કહોને મારા શ્યામ, કહાનુડા, બંસીવાળાજી રે. ટેક.
ભુધર તમને ભોળવ્યા રે, એવી કોણ મળી ધુતારી રે. મરમાળાજી૦ ૧
લડથડતાં પગલાં ભરો, વહાલા આળસ ઝાઝું અંગે રે. મરમાળાજી૦ ૨
લોભાણા તમે લાલજી રે, વારી શ્યામળીયા કે સંગે રે. મરમાળાજી૦ ૩
કોણે એવા તમને વશ કર્યા રે, તેણે બીતા બીતા બોલો રે. મરમાળાજી૦ ૪
બ્રહ્માનંદના વાલમા રે, પ્યારા અમશું અંતર ખોલો રે. મરમાળાજી૦ ૫

### પદ-૨

ક્યાંથી આવ્યા તમે કાનજી રે, મારા ગુણવંતા ગીરધારી રે, પ્રીતમ પ્યારાજી રે
એકલડા રે અલબેલા ડોલરીયા, નંદદુલારાજી રે. ટેક.
છેલ તમારી ચાલમાં રે, અમને ભરમ પડે છે ભારી રે. પ્રીતમ૦ ૧
જેમ થયું તેમ જાદવા રે, સાચું કહોને શ્યામ સુહાગી રે. પ્રીતમ૦ ૨
અમને તો એમ જણાય છે રે, તમે રજની ક્યાંઈક જાગી રે. પ્રીતમ૦ ૩
કાજળ રેખ કપોળમાં રે, રૂડી લાગે છે રૂપાળી રે. પ્રીતમ૦ ૪
બ્રહ્માનંદના વાલમા રે, આજ આવ્યા છો રંગડો ઢાળી રે. પ્રીતમ૦ ૫

### પદ-૩

માવ પડી રહી મોજડી રે વહાલા, આવા ક્યાં અકળાણા રે, કુંજવિહારીજી
બીક સહિત મારા નાથ, શ્યામળીયા ચાલ તમારીજી રે. ટેક.
વાંસે ફરીને જોતા વાલમા રે, તમે આવો છો ઉજાણા રે. કુંજ૦ ૧
કેને ઘર જાઈ કાનજી રે, આવ્યા પીતાંબર વિસારી રે. કુંજ૦ ૨
નવલ રંગીલી મારા નાથજી રે, અંગ સાડી ક્યાંથી ધારી રે. કુંજ૦ ૩
શરૂ થઈને તમે છેલવર, આવા બીવો શું બહુનામી રે. કુંજ૦ ૪
બ્રહ્માનંદના વાલમા રે, સમા રહીયે અંતરજામી રે. કુંજ૦ ૫

### પદ-૪

ગિરિધર ગોકુળ ગામમાં, સર્વે રહે છે લોક ઠગારા રે
ક્યાંથી ન જાયેજી રે, લેરખડા રે નંદલાલ અતિશે, છેલ ન થાયે જીરે.





અંતરમાંરે ઊંડા ઘણાં રે, બહારે બોલે મુખથી સારાં રે. ક્યાંથી૦ ૧
કાંઈક કામરૂ દેશની રે, વહાલા વિદ્યા વ્રજમાં આવી રે. ક્યાંથી૦ ૨
જો જો તમને રાખશે રે, કોઈક ભૂધર ભરમાવી રે. ક્યાંથી૦ ૩
અમ જેવાને ઘેર આવતાં રે, મનમાં બીક ન ધરશો બળીયા રે. ક્યાંથી૦ ૪
બ્રહ્માનંદ કહે માનજો રે, વારી શીખામણ શામલીયા રે. ક્યાંથી૦ ૫

### રાગ : ગરબી પદ-૧

કહાનુડે મેલ્યુ એમ કાવી, સૈયર મને કહાનુડે મેલ્યુ એમ કાવી,
ગ્વાલણી મારે મન ભાવી, સૈયર મને કહાનુડે મેલ્યું એમ કાવી. ટેક.
સર્વે કરીશ તારા મનનું ગમતું રે, જે માગીશ તે આપીશ લાવી. સૈયર૦ ૧
સારી પેઠે હું તુજને રાખીશ રે, ઘરેણાં વસ્ત્ર પહેરાવી. સૈયર૦ ૨
તું તો મારે મનડે માની રે, છાની નથી વાત ચાવી. સૈયર૦ ૩
બ્રહ્માનંદ કહે મા બાપને કે'જે રે, ખોટી થશો બીજે પરણાવી. સૈયર૦ ૪

### પદ-૨

કહાનુડો આવી એમ કહે છે, સૈયર મને કહાનુડો આવી એમ કહે છે,
કે'ની છોડી ક્યાં રહે છે, સૈયર મને કહાનુડો આવી એમ કહે છે. ટેક.
કઈ શેરીમાં ઘર છે તારૂં રે, પુછી ખબર સર્વે લે છે. સૈયર૦ ૧
મોટી દેખાય છે રે મહીની મટુકડી રે, તારે દુધ ગાય કેટલુંક દે છે. સૈયર૦ ૨
ઉભી રહે ગોવાલણી અલબેલી રે, શીદ બીયે છે આંઈ કેનો ભે છે. સૈયર૦ ૩
બ્રહ્માનંદ કહે હસી હેત દેખાડી રે, પૂછે બેન તારે એક કે બે છે. સૈયર૦ ૪

### પદ-૩

કહાનુડાને શું કરીએ, સૈયર હવે કહાનુડાને શું કરીએ,
દેખી દેખી મનમાં ડરીએ, સૈયર હવે કહાનુડાને શું કરીએ. ટેક.
આવી રોકે જમુનાનો આરો રે, કેમ પાણીલાં ભરીયે. સૈયર૦ ૧
કાંઈ ન કહેવાય એવું આવી બોલે રે, જો કૈયે તો લાજી મરીએ. સૈયર૦ ૨
જ્યાં જાઈએ ત્યાં કેડ ન મેલે રે, અમે રાત દીન ભાગતાં ફરીયે.સૈયર૦ ૩
બ્રહ્માનંદ કહે એતો વરવા ઉભો રે, કોને વર્યા તે કેમ કરી વરીયે. સૈયર૦ ૪

### પદ-૪

કહાનુડે ઘેલડી કીધી, સૈયર મુને કહાનુડે ઘેલડી કીધી,
સુધ બુધ સર્વે હરી લીધી, સૈયર મુને કહાનુડે ઘેલડી કીધી. ટેક.

નાના કરતાં મહીની મટુકી રે, પરાણે લઈને પીધી. સૈયર૦ ૧
નંદતણે છોરે નાનડીયે રે, સૌ દેખતાં ગાળ દીધી. સૈયર૦ ૨
જેમ કહીએ તેમ અવળો ચાલે રે, સમજે નહિ વાત સીધી. સૈયર૦ ૩
બ્રહ્માનંદ કહે અણ તેડ્યો આવે રે, કાચું નહી કોઈ વીધી. સૈયર૦ ૪

**પદ-૫**

કહાનુડાને શું કહીએ, સૈયર હવે કહાનુડાને શું કહીએ,
જો કહીએ તો નિર્લજ થઈએ, સૈયર હવે કહાનુડાને શું કહીએ. ટેક.
બળ દેખાડી વાટ જ બાંધે રે, નાખે છે હાથ માટ મૈયે. સૈયર૦ ૧
આવી બોલે નિત્ય વાત ઉઘાડી રે, દહાડીનું કેટલું સૈયે. સૈયર૦ ૨
જમુનાજીને આરે ઉભો રે, જળ ભરવા નિત્ય જઈએ. સૈયર૦ ૩
બ્રહ્માનંદ કહે કાંઈ કહ્યું ન માને રે, કેમ કરી ગોકુળ રહીએ. સૈયર૦ ૪

**પદ-૬**

કહાનુડે ચુંદડી તાણી, સૈયર મારી કહાનુડે ચુંદડી તાણી,
કોઈની લાજ નવ આણી, સૈયર મારી કહાનુડે ચુંદડી તાણી. ટેક.
સર્વે સાહેલી સાથે લઈને રે, ગઈતી જમુનાં પાણી. સૈયર૦ ૧
મન મસ્તાન થઈને ડોલે રે, જેમ તેમ બોલે મુખ વાણી. સૈયર૦ ૨
નવ જોબનવંતી હું નારી રે, દેખી એની આંખ લોભાણી. સૈયર૦ ૩
બ્રહ્માનંદ કહે એની મુજ માથે રે, ઠાવકી વાત ઠેરાણી. સૈયર૦ ૪

**પદ-૭**

કહાનજી ને કુબજા પ્યારી, સૈયર લાગી કહાનજીને કુબજા પ્યારી,
સર્વે વ્રજ વનિતા વિસારી, સૈયર લાગી કહાનજીને કુબજા પ્યારી. ટેક.
ત્રણ વાંકે એનું તનડું વળ્યું છે રે, કુળ પણ એનું બહુ ભારી. સૈયર૦ ૧
મથુરામાં જઈને મોહનજી રે, લોકલાજ લેઈ દૂર ટારી. સૈયર૦ ૨
પતિવ્રતા સર્વે વાતે પુરી રે, શીલ લક્ષણ ગુણ સારી. સૈયર૦ ૩
બ્રહ્માનંદ કહે કુબજા સંગે રહીને રે, ઠાવકા થયા ઘરબારી. સૈયર૦ ૪

**પદ-૮**

કહાનજીને કુબજા વાલી, સૈયર લાગી કહાનજીને કુબજા વાલી,
જઈ બેઠા એનું ઘર ઝાલી, સૈયર લાગી કહાનજીને કુબજા વાલી. ટેક.





આપણ સાથે પ્રીત કરીને રે, દઈ ગયા દાઝ હીયે ઠાલી. સૈયર૦ ૧
દામોદર દાસીમાં મોહ્યા રે, વાતડી લોકમાં હાલી. સૈયર૦ ૨
કુણ જાણે એણે શાં તપ કીધાં રે, છબીલો ગયા ત્યાં ચાલી. સૈયર૦ ૩
બ્રહ્માનંદ કહે હરિ હાથ કરીને રે, ફરે છે નિત્ય ફુલી ફાલી. સૈયર૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

ગોરસ લઈને ગોપીકા, ચાલી વેચવા કાજે,
ઓડો બાંધ્યો આવીને, વચમાં વ્રજરાજે. ૧
મટુકી લીધી માથડે, ચાલી મહીવાળી,
ઓંચીતાના આવીયા, વનમાં વનમાળી. ૨
મારગ રોક્યો માવજી, આડા ઉભા છે આવી,
આવ ઓરી મહીઆરડી, એમ કહીને બોલાવી. ૩
મહીડું તારૂ અમે લૂંટશું, ઉભી રહેને મહીઆરી,
સાચું જાણ તું સુંદરી, લેશું રીત અમારી. ૪
જાવા દીયોને જાદવા, વાટે રોકોમાં વહેતાં,
અમે મલાજો રાખીએ, તમ સામું કહેતાં. ૫
સમજ્યા વિના નવ ઝાલીયે, પરનારીનો છેડો,
બ્રહ્માનંદ કહે રહોને વેગળા, મેલીને કેડો. ૬

**પદ-૨**

કેડો અમે કેમ મેલીએ, રીત લાગે તે લેશું,
દાણ લીધા વિના સુંદરી, જાવા નવ દેશુ. ૧
જોબન ધનના જોરથી, થઈ છો મસ્તાની,
દહાડી ચોરી મારૂં દાણલું, જાતી તી છાની. ૨
આજ મળી છું એકલી, મહીડું નહિ મેલું,
દાણ અમારૂં ચોરતાં, શું જાણ્યું તુ પહેલું. ૩
કોરે રહેજો કહાનજી, જોયા જેવું થાશે,
રહીએ રાજાના રાજમાં, લુંટી નહિ લેવાશે. ૪
મુખડું સંભાળીને બોલીયે, મ કરો જોરા જોરી,
દીઠા વિના નવ નાખીએ, કોઈ ઉપર ચોરી. ૫

દુરીજન લોકડાં દેખશે, થાશે નામચું ઠાલું,
બ્રહ્માનંદ કહે વ્હાલમજી, મહી ટાંક ન આલું. ૬

પદ-૩

ટાંક લેવું નથી માહરે, મુકી લેવી બાધી,
ઉભી રહે અલબેલડી, આજ ખોળતાં લાધી. ૧
તું તો કેને નથી માનતી, મચ્છરાળી મનમાં,
ઉપર પ્રગટ દેખાય છે, હલકાઈ તારા તનમાં. ૨
બીક દેખાડે છે કંસની, તું ભરાણી છો બળમાં,
કુડાબોલી કામની, બોલે છે છળમાં. ૩
રહો રહો હું તમને ઓળખું, હમણાં થયા દાણી,
એવું બોલો છો આકરૂં, કહાના શું જાણી. ૪
અમને તે હલકાં દીઠડાં, તમે લક્ષણના ભારી,
રસીયાજી નવ રોકીયે, વનમાં પરનારી. ૫
કુડા બોલી હું કામની, તમે સાચનું ગાડું,
બ્રહ્માનંદ કહે વઢવા જેવું, શીદ બોલો છો આડું. ૬

પદ-૪

આડું કાંઈ નથી બોલતો, દેને દાણ તું મારૂં,
નહિ તો વિખાશે વાટમાં ,આ મહી તારૂં. ૧
ગર્વભરી તું ગુર્જરી, જોબનની માતી,
દહાડી દહાડી સૌ દેખતાં, દાણ ચોરીને જાતી. ૨
કહેજે તું જઈને કંસને, દાણ લાગે તે દઈને,
મોવડ આવે માનની, વહેલી દળ લૈને. ૩
કરીએ નહી ઝાઝી કાનજી, પરનારીની હાંસી,
બળ તમારૂં જાણીએ, આવ્યા છો એથી નાશી. ૪
દાડી અમે અહીં ચાલીયે, દાણ કેદી ન દીધું,
ખોશોમાં ઠાલી આબરૂં, કહીએ છૈયે સીધું. ૫
લાડકવાયા લાલજી, એલ ફેલ મ બોલો,
બ્રહ્માનંદ કહે જોરાવરી, શીદ બાઝતા ડોલો. ૬





પદ-૫

મુજને અચંબો થાય છે, તું દીઠામાં છોટી,
સાચું બોલ કેણે શીખવી, આવી વાતું મોટી. ૧
મહીની મટુકી ઉતારીને, આંહી આવને ઓરી,
નાનીજ વયમાં નાર તું, શીખી દાણની ચોરી. ૨
આવાં રૂડાં આજથી, તુમાં લક્ષણ ભારી,
માન ઉતારીશ માનુની, ધીરી રહે ધુતારી. ૩
નારી રૂપાળી જોઈને, ઘેલા થાઓમાં હું ધોળી,
મોંઘી છે જો માવજી, મહીડાંની ગોળી. ૪
ધુતી કહીને મુજને, તમે મહેણલું દીધું,
કહોને તમારૂં કહાનજી, અમે ધુતી શું લીધું. ૫
લાજ ખોશો તમે લાલજી, માણસમાં મારી,
બ્રહ્માનંદ કહે અમે જાણતાં, તમને બ્રહ્મચારી. ૬

પદ-૬

મન મસ્તાની માનની, ડહાપણમાં ડોલે,
મુજને તે મોહ પમાડવા, મીઠું મીઠું બોલે. ૧
ડહાપણનું શું કામ છે, દેને દાણ અમારૂં,
નહિતો ઘડી આ ફુટશે, મહી માટલું તારૂં. ૨
એકલી વનમાં આથડે, છો કેની છોડી,
રૂપ ઘણું તારા અંગમાં, લજ્જા તો થોડી. ૩
કોણ છો છોરા કુડીયા, એવું બોલે છે આવી,
એવી તે વાતું તુજને, કોણે શીખાવી. ૪
રહી છું રાજાના રાજમાં, મુજને કોણ લુંટે,
સમજી રહેજે વેગળો, મટુકી નહિ ફુટે. ૫
તું તો દાણી આ વાટનો, અમે સાંભળ્યું નોતું,
બ્રહ્માનંદ કહે ઘર નંદનુ, જાશે ઓસરી સોતું. ૬

પદ-૭

બહુ એલી થામાં બોલકી, હું તુજને કહું છું,
માનની તારાં મહેણલાં, કઈ વારનો સહુ છું. ૧

ડોડ ઘણો દરબારનો, મનમાં મહીઆરી,
ઠગવિદ્યા તુજમાં ઘણી, તારી આંખ ઠગારી. ૨
બાર વર્ષની બાળકી, ચોરીમાં શૂરી,
કાચું નથી કોઈ વાતનું, લક્ષણની પુરી. ૩
નાના સરખાં નંદના, છેટે રહે જે છોરા,
છેલ થયો તુંને જાણીએ, ઘાલી ફુલના તોરા. ૪
કુડાબોલા કહાનુડા, મુથી વેગળો રહેજે,
તુજ સરખી હોય નિર્લજી, તેને જઈ કહેજે. ૫
ઉભો રહે અલબેલડા, કરશું તુંને રાજી,
બ્રહ્માનંદ કહે મહી નહિ જડે, જડશે ગાળ્યું ઝાઝી. ૬

**પદ-૮**

છેલ છબીલે સાંભળી, વિનતાની વાણી,
રીસ ચડી વ્રજરાજને, મસ્તાની જાણી. ૧
જોર કરીને જાદવે, મહી મટુકી ઉતારી,
મોહનજી મહી લુંટીયું, જોઈ રહી મહીયારી. ૨
કોડીલે વર કહાનજી, મનગમતું કીધું,
મહી મટુકી માંહીથી, પોતે પુરણ પીધું. ૩
પાયું પછે સર્વે સાથને, મનુવાર કરીને,
ઘેલે થઈ ગોવાળીએ, પીધું પેટ ભરીને. ૪
બીજું તે ઢોળી નાખીયું, મહી મટુકી ફોડી,
ફાડી તે નવરંગ ચુંનડી, વળી બાંહ્ય મરોડી. ૫
મનમાં રીસાણી માનની, કાંઈ દાવ ન લાગે,
બ્રહ્માનંદ કહે રાવે ગઈ, જશોદાને આગે. ૬

**પદ-૯**

સાંભળ જશોદા ચિત્ત દઈ, તારા પુત્રની વાતું,
મહીઆરીને લુંટવા, બાંધી બેઠો છે ભાતું. ૧
આજ સવારે એકલી, માથે હેલ ઉપાડી,
મથુરામાં મહી વેચવા, જાતીતી હું માડી. ૨





વૃન્દાવનની વાટમાં, જાતાં મુને ભાળી,
આવીને મારગ રોકીયો, મુખ બોલી ગાળી. ૩
દાણ અમારૂં ચોરીયું, ઉભી રહે મહીઆરી,
એમ કહીને જોરાવરી, મહી મટુકી ઉતારી. ૪
સર્વે લજ્યા લોકની, તારા દિકરે ત્યાગી,
પાલવ મારો ફાડીયો, મહી માટલી ભાંગી. ૫
નખ લગાડ્યો છાતીએ, ઝાઝું શું કહીએ,
બ્રહ્માનંદ કહે એના દુઃખથી, કહોને ક્યાં જઈને રહીએ. ૬

**પદ-૧૦**

વહેતાં રોકે છે વાટમાં, આવી જેમ તેમ બોલે,
વનમાં પગેરાં ખોળતો, નિત્ય કેડે ડોલે. ૧
લજ્જા ખોઈ મારી લોકમાં, કીધી મુને ચાવી,
છોટો સરખો છોકરો, આળ્યું નાખે છે આવી. ૨
કાયર અમને કીધલાં, જશોદા તારે છૈયે,
કેમ કરી ગોકુલ ગામમાં, ઘર માંડી રહીએ. ૩
વનમાં દીઠી મુને એકલી, આડો આવ્યો દોડી,
ફાડી નવરંગ ચુંનડી, કસ કંચુકીની તોડી. ૪
મુજ પાસે જોરાવરી, દાણ દહીનું માગ્યું,
ના ના કહેતાં નિર્લજે, મહીમાંટલું ભાંગ્યું. ૫
લાડકવાયો લાલને, એવો કેમ કીધો,
બ્રહ્માનંદ કહે એને આજથી, તમે રાખજો સીધો. ૬

**પદ-૧૧**

સાંજે આવ્યા ઘરે શ્યામળો, મુખ મોરલી વાતા,
ખોળે બેસાડીને ખાંતથી, એમ પુછે માતા. ૧
કહાના તુને શી પડી, એવી ટેવ અટારી,
વનમાં મારગ ચાલતાં, લુંટે પરનારી. ૨

આજથી રૂડું આદર્યું, આ કામ તે આવું,
દહાડી લાવછ દીકરા, લોકની રાવું. ૩
ગાયું ચારીને જીવીયે, આપણ નહિ રાજા,
લાડકડા નવ લાવીયે, ઘેરે ઓળંભા ઝાઝા. ૪
આજથી તારી આબરૂં, થાશે લોકમાં થોડી,
કહેને તુંને કોણ આલશે, પરણવાને છોડી. ૫
બ્રહ્માનંદના વાલમા, રૂડાં કામ છે તારાં,
મહીયારીનાં માટલાં, ફોડે સાંજ સવારાં. ૬

**પદ-૧૨**

મુખથી બોલ્યા માવજી, અતિ સુંદર વાણી,
ગાળ્યું દે છે ગ્વાલણી, નાનો મુને જાણી. ૧
કુડું કાંઈ નથી બોલતો, માનો સાચું માડી,
વનમાં આવી વિનતા, મુજને ખીજવે દાડી. ૨
મરમ કરી કર માંહ્યથી, લે મોરલી ઝુંટી,
મીઠું બોલે મુખથી, ભરે આવીને ચુંટી. ૩
મત્સર ભરી મહીયારડી, મસ્તાની ડોલે,
વનમાં દેખી એકલો, મને ગાળ્યું બોલે. ૪
સર્વે મળીને સુંદરી, કરે ઠેકડી મારી,
ગુર્જરી ગોકુળ ગામની, છે નિર્લજનારી. ૫
બ્રહ્માનંદ કહે લીધાં વારણાં, જશોદાયે ઉઠી,
સાચા ઠર્યા શ્યામળા, થઈ ગ્વાલણી જુઠી. ૬

**રાગ : ગરબી પદ-૧**

ચાલ સખી જોવાને જાઈએ, ખાંતીલો વનમાં ખેલે રે,
લટકાં કરીને નંદજીનો રે લાલો, રંગભીનો રંગ રેલે રે. ૧
મોરલીને તાને મનોહર વાને, ચિત્તડાંને લલચાવે રે,
વ્રજનારીનો જીવન વ્હાલો, ગીત મધુરાં ગાવે રે. ૨
જોરે જોરે ગળે બાંહડલી રે નાખે, હેત કરી ઝાલે હાથે રે,
ફુલડાંના હાર પહેર્યા છે રે કોટે, મેલ્યાં છે છોગલાં માથે રે. ૩





ગોવાળાને મનડે ગમતાં, ચરિત્ર કરે વનમાળી રે,
જલદીથી જાઈએ તો સુખીઆં રે થઈએ, ભુધરજીને ભાળી રે. ૪
ઉઠ મારી હેલી જાઈએ વહેલી વહેલી, ધીરજ નથી ખમાતી રે,
બ્રહ્માનંદના સ્વામીને ભેટી, શીતળ કરશું છાતી રે. ૫

**પદ-૨**

આજ સખી અલબેલો રે વ્હાલો, ઉભા છે જમુનાને તીરે રે,
સુંદર મોરલી હાથ લઈને, વહાઈ તે બળભદ્રવીરે રે. ૧
સાંભળતાં ગુલતાન થઈ હું, શું જાણું શું કીધું રે,
ઘરડાંનો ધંધો હાથ ન લાગે, લટકાળે મન લીધું રે. ૨
મોરલીને નાદે મૃગલાં રે મોહ્યાં, ઉભા છે તૃણ જળ મેલી રે,
વહેતાં સ્થંભ્યાં જમુનાજીનાં પાણી, થકીત થયાં વનવેલી રે. ૩
વ્હાલાની બંસી સુણીને વનમાં, મગન થયાં છે પંખી રે,
શબ્દ સુણીને શ્રવણ લોભાણાં, રૂપે લોભાણી આંખી રે. ૪
બ્રહ્માનંદના વ્હાલાની બંસી, જે સુણશે નરનારી રે,
કેડે કેડે કહાનુડાને ફરશે, ઘરનાં તે કારજ વિસારી રે. ૫

**પદ-૩**

સુંદરવર મારા પ્રાણના જીવન, અલબેલા ઘરે આવો રે,
હું છું દાસી ચરણકમલની, બાંહ્ય ગ્રહી બોલાવો રે. ૧
લટકાળાં તારાં લટકાંરે જોઈને, મોહી રહ્યું મન મારૂં રે,
તન મન ધન હું તો સર્વે લઈને, વાલમ તમ પર વારૂં રે. ૨
મારૂં તે સર્વે તમારૂં છે મોહન, અંતર રંચ મ આણો રે,
સુંદર નેણે સુકોમલ વેણે, મુજને પોતાની જાણો રે. ૩
તમ કારણ શ્યામળીયા રે વ્હાલા, લોકની લજ્યા ત્યાગી રે,
રાત દિવસ સુતાં સ્વપ્નામાં, રટના તમારી લાગી રે. ૪
સગાં કુટુંબ પીયર સાસરીયાં, સર્વે મેલ્યાં વીસારી રે,
બ્રહ્માનંદ કહે શ્યામ મનોહર, મન વસીયા મોરારી રે. ૫

**પદ-૪**

મનમોહન મારે મંદિરીએ, ખાંતે આવીને ખેલો રે,
બાંધો બાજુ કાજુ ગજરા રે પહેરો, માથે તે છોગલાં મેલો રે. ૧

વિધવિધના હું તો પાક કરાવી, જુક્તિથી તમને જમાડું રે,
હૈડાં ઉપર લઈને હરિવર, રૂડી તે રીતે રમાડું રે. ૨
મૂર્તિ તમારી શ્યામ મનોહર, નીરખી ઠરે મારાં નેણાં રે,
મનમોહન લાગે અતિ મીઠાં. વ્હાલા તમારાં વેણાં રે. ૩
મુજ ઉપર અલબેલા રે વ્હાલા, બેહું તમારૂં બાનું રે,
સર્વે લોકમાં સહુ કોઈ જાણે, કેમ કરી રાખું છાનું રે. ૪
અંતર આશા ગણી છે રે વ્હાલા, આવીને સુખ આપો રે,
બ્રહ્માનંદના શ્યામ સોહાગી, પોતાની કરી સ્થાપો રે. ૫

**રાગ : સોલા પદ-૧**

ચાલો ચાલો સૈયરૂનો સાથ, શ્યામળીયો સ્નેહી જોઈને વધાવીયેજી. હો સખી. ૧
નવલો નવલો નટવરનાથ, પ્રીતમજીને જોઈને આનંદ પામીયેજી. હો સખી. ૨
લીજે લીજે સર્વ સમાજ, વાજાં ને વજડાવો હરખ વધામણાંજી. હો સખી. ૩
આનંદ આનંદ મંગળ આજ, પ્રાણપતિ પુરૂષોત્તમ વાલમ પ્રણામણાંજી. હો સખી. ૪
ભરીયેં ભરીયેં મોતીડાંના થાળ, શેરીને વળાવી ફૂલડાં વેરીયેજી. હો સખી. ૫
આવ્યા આવ્યા ગુણવંત ગોપાળ, પીતાંબર આભૂષણ લઈને પહેરીયેજી. હો. સખી. ૬
રમશું રમશું રસીયાશું રેણ, મનગમતાં છોગલીયાં શીશ ધરાવશુંજી. હો સખી. ૭
નીરખી નીરખી પાવન કરશું નેણ, પ્રીતમજીને મંદિરમાં પધરાવશુંજી. હો સખી. ૮
અલબેલાને તેડીશું એકાંત, ભોજનીયાં તે દેશું રૂડાં ભાવથીજી. હો સખી. ૯
ખાંતીલાથી કરશું પૂરી ખાંત, મળશું જાઈ, આલીંગન લઈને માવજીથી. હો સખી. ૧૦
કોડે કોડે પૂછીશું કુશલાત, સેજલડી પોઢાડશું સુંદર શ્યામનેજી. હો સખી. ૧૧
બ્રહ્માનંદ કહે સુણશું રૂડી વાત, હૈડાની કરશુંજી પૂરી હામનેજી. હો સખી. ૧૨

**પદ-૨**

ગઈતી ગઈતી ભરવાને નીર, કેશરીયે વાઘે રે નટવર દીઠડાજી. મારારાજ. ૧
ઉભા ઉભા જમુનાને તીર, લાજડલી મેલીને લીધાં મેંતો મીઠડાંજી. મારારાજ. ૨
લાગી લાગી આંખડલીની ચોટ, ડોલરીયો દેખીને ઘાયલ હું થઈજી. મારારાજ. ૩
દોડી દોડી કાઢી મેંતો દોટ, દીલડાંમાં દીવાની સરખી હોઈ રહીજી. મારારાજ. ૪
અલબેલાનાં નેણું કેરા બાણ, અચાનક લાગ્યાં રે હેલી હું શું કરૂંજી. મારારાજ. ૫
હરીયાં હરીયાં મનડું ને પ્રાણ, કહાનુડા કેડે રે સૈયર હું ફરૂંજી. મારારાજ. ૬
રૂડું રૂડું સુંદરવરનું રૂપ, આંખડલી અણીયાળી બળભદ્રવીરનીજી. મારારાજ. ૭





આંગી પેરી અજબ અનુપ, નીરખી શોભા રે નવલ આહીરનીજી. મારારાજ. ૮
લીધી લીધી બંસી વ્હાલે હાથ, ઉભાને આલાપે રસીયો રાગમાંજી. મારારાજ. ૯
શોભે શોભે બ્રહ્માનંદનો નાથ, છોગલીયાં બીરાજે સુંદર પાઘમાંજી. મારારાજ. ૧૦

**રાગ : ધોળ પદ-૧**

જેઠે જીવન ચાલિયા, નિર્મોહી મારા નાથ,
દર્શન વિના દુઃખિયો ઘણો, સરવે વ્રજનો સાથ-૧
અંતર તાપ વિયોગનો, બાહેરથી લૂ વાય,
મળ્યા વિના હવે માવજી, જુગ તુલ્ય રજની જાય-૨
ફળિયામાં ઘોડી ફેરતાં, છોગલાં ધરતાં શીશ,
તે દિન કેદિ દેખાડશો, ડોલરિયા જગદીશ-૩
પ્રાણજીવન પૂરીએ, હૈડા કેરી હામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

**પદ-૨**

અષાઢે અલબેલડા, પવન ચાલે અતિ જોર,
ઝૂકી આવી આકાશમાં, મેઘ ઘટા ચહુ કોર-૧
હળ ઝૂત્યાં ફળ પાકિયા, પાલવિયાં વન પાન,
એ રતે પ્રીતમ આવીયે, કરુણાસાગર કાન-૨
પ્રેમ સુધારસ પાઈને, મોટાં કીધાં હો માવ,
મેલી મથુરા ગયા, ન ઘટે મારા માવ-૩
અંતરમાં રેતો નથી, એક ઘડી આરામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

**પદ-૩**

શ્રાવણ વરસે સરવડે, નદીએ નીર ન માય,
આવો હવે અલબેલડા, મળવા મન લલચાય-૧
વૃક્ષે લૂંબી વેલડી, અંબર નીર અપાર,
હરિયા ડુંગર ઉપરે, મોરા ગાય મલાર-૨
કોઈક શિવપૂજા કરે, કોઈ રાખે વ્રત નેમ,
એ રતમેં અમે તમ વિના, કોને રહીએ કેમ-૩

સરવે સુખ સંસારનાં, તમ વિના થયાં છે હરામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

**પદ-૪**

ભાદરવામાં ભૂધરા, નદીએ ચાલ્યાં નીર,
એ રતે રે'વું નવ ઘટે, છેટે શ્યામ શરીર-૧
પૃથ્વીએ અંબર પેરિયાં, લીલાં અતિ નવરંગ,
એ રતે સરવે શીતળ થયાં, અબળા દાઝે અંગ-૨
મધુરા બોલે મોરિયા, જળ છાયો આકાશ,
એ રતે વાલમ આવીને, અંતર પૂરો આશ-૩
લટકાળા લાગી રહી, ઝંખના આઠો જામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

**પદ-૫**

શરદ ઋતુ સોહામણી, આવ્યો આસો માસ,
એ રતે વાલમ આવીએ, રમવા સુંદર રાસ-૧
નિર્મળ અંબર થઈ ગયો, નિર્મળ થઈ ગયાં નીર,
નિર્મળ નાથ પધારીએ, છોગાલા બળવીર-૨
દશરાએ દળ ચાલિયાં, નદીએ બાંધ્યા ઘાટ,
એ રતમાં અલબેલડા, વળી વળી જોઉં છું વાટ-૩
છેલ છબીલા શ્યામળા, ઠરવાનું તમે ઠામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

**પદ-૬**

કારત માસે કાનજી, વાટ જુએ વ્રજનાર,
અંતર ઉતાપો ઘણો, લોચનિયે જળધાર-૧
અલબેલા વર આવીએ, ડોલરિયા સુખદેણ,
વાટ જોઈ જોઈ વાલમાં, ઝાંખાં થઈ ગયાં નેણ-૨
એકાદશી પ્રબોધિની, અતિ ઉચ્છવ ઠરાવ,
તે આવી હવે આવીએ, મીઠડા બોલા માવ-૩





તમ સારુ તલખે ઘણું, સરવે ગોકુળ ગામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

**પદ-૭**

માગશર મહિનો આવીયો, બેઠી રત હેમંત,
પ્રીતમ હજી ન પધારિયા, કોમળ મારા કંથ-૧
સારસડાં સભાગિયાં, જ્યાં ત્યાં જોડી જાય,
અમને મેલી એકલા, ગયા છો ત્રિભુવનરાય-૨
સર સરિતાનાં નીરમાં, ફૂલ્યાં કમળનાં વૃંદ,
અમને કેદી ફુલાવશો, છોગાળા વ્રજચંદ-૩
અરજ સૂણો આળસ તજો, કરોને પૂરણ કામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

**પદ-૮**

પોષ મહિને પ્રમદા, હેરે વાટ હંમેશ,
કઠણ થયા કેમ કાનજી, જઈ વસ્યા પરદેશ-૧
જળ થળ શીતળ થઈ રહ્યાં, શીતળ સેજ સમાજ,
અંતર શીતળ નવ થયાં, વણદિઠે વ્રજરાજ-૨
પંક્તિમાં ફરી ફરી પીરસતા, કરતા અતિ મનુવાર,
તે દિન અમને સાંભરે, વાલમ વારંવાર-૩
રસિયાજી તમે રીઝીને, દેતાં વસ્ત્ર ઈનામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

**પદ-૯**

મહા મહિનામાં માવજી, બોલે સંત વસંત,
આ રતમાં અલબેલડા, કેમ ન પધાર્યા કંથ-૧
પ્રીતમ આવી પંચમી, નર ત્રિયા ખેલે ફાગ,
વાલમ તમ વિના વાધિયો, વ્રજત્રિયાને વૈરાગ-૨
ઓરડીયાની ઓસરી, ખૂબ કરંતા ખેલ,
એ દિન અતિશે સાંભરે, રૂપાળા રંગછેલ-૩
અરજી સુણી હરિ આવીએ, વાટ જુએ વ્રજવામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

પદ-૧૦

ફાગણે ફાગ રમાડવા, આવોને પ્રાણ આધાર,
શ્યામ સનેહી શ્યામળા, વાટ જુએ વ્રજનાર-૧
નરનારી હોળી રમે, લોક તણી તજી લાજ,
આ ટાણે હરિ આવીએ, રંગભીના વ્રજરાજ-૨
ચાખડીએ ચડી ચાલતા, છત્ર તણી કરી છાંય,
લટક તમારી લાલજી, ચોંટી ચિત્તડા માંય-૩
અંતરજામી આવીયે દોહ્યલી વેળાના દામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

પદ-૧૧

ચૈતર મહિને શ્યામળા, આવ્યા નહિ અવિનાશ,
વનસ્પતિ સર્વે પાંગરી, પ્રફૂલ્લિત થયા પલાશ-૧
ચંપા જૂઈ ચમેલિયા, ફૂલી લત્તા અપાર,
એ રતે કેમ ન આવિયા, ભૂપ ભમર ભરથાર-૨
ઓરડિયાની ઓસરી, ખૂબ કરતા ખ્યાલ,
તે દિન કેદી દેખાડશો, લટકાળા ધર્મલાલ-૩
કેદી કરશો કાનજી, આવી મંદિરમાંહી કામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪

પદ-૧૨

વૈશાખે વ્રજવનિતા, પંથ જુએ કરી પ્રીત,
લૂ આવી હરિ નાવિયા, ચિંતા વાધી ચિત્ત-૧
કોયલ કરે ટહુકડા, આંબે પાકી સાખ,
મારગ સામું માવજી, જોઈ જોઈ થાકી આંખ-૨
વાયે ઊનો વાયરો, જળ થળ ઉનાં થાય,
ઊનાં તન અબળા તણાં, તમ વિના ત્રિભુવનરાય-૩
મળવા કારણ માનની, અંતર કરે ઉધામ,
બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ-૪





પદ-૧૩

બારે માસ પૂરા થયા, આવ્યો માસ અધિક,
પ્રીતમ તોય ન પધારિયા, ઠેર્યા મથુરાં ઠીક-૧
અધિક મહિને અતિ ઘણી, આશા હતી મનમાંય,
તમ વિના ખાલી સેજડી, મળવા મન અકળાય-૨
પહેલી પ્રીત લગાડીને, રહેવું ન ઘટે દૂર,
તમ વિના મારા નાથજી, હૈડે દુઃખ ભરપૂર-૩
બ્રહ્માનંદની વિનતિ, ઉર ધરજો અવિનાશ,
મહેર કરીને માવજી, તેડી લેજો તમ પાસ-૪

રાગ : ગરબી પદ-૧

જશોદા કહીને સમજાવો, લાલ તમારો છે
અમે સાથે બાંધ્યો દાવો, લાલ તમારો છે ટેક.
કેમ કીધો લાડકવાયો. લાલ૦ અમારે મહોલે આવ્યો. લાલ૦ ૧
એ માટે ઝાલી આવ્યાં. લાલ૦ એને છોરે ચાક ચડાવ્યાં. લાલ૦ ૨
શું કહીએ ઝાઝું માડી. લાલ૦ રોળે છે દાડી દાડી. લાલ૦ ૩
હવે કરવા શીખ્યો ચોરી. લાલ૦ ઝાલ્યો છે જોરાજોરી. લાલ૦ ૪
બ્રહ્માનંદ કહે સમ ખાઈને. લાલ૦ તમે જાયો તો શું ખાઈને. લાલ૦ ૫

પદ-૨

રેઢાં જોઈને ઘર ફાડે, ધુમ મચાવે છે.
વળી બાળકને રોવાડે, ધુમ મચાવે છે. ટેક.
કાંઈ ઝાઝું નથી કહેવાતું. ધુમ૦ કીધા વિના નથી રહેવાતું. ધુમ૦ ૧
દુધ દહીનાં દુણાં લઈને. ધુમ૦ જાય છે ગાળ્યું દઈને. ધુમ૦ ૨
તમ સારૂં સાંખી રૈયે. ધુમ- નહિ તો રાજાને કહીએ. ધુમ૦ ૩
લઈ માંકડલાંની ટોળી. ધુમ૦ નાખે છે ફોડી ઢોળી. ધુમ૦ ૪
બ્રહ્માનંદ કહે રાખો વારી. ધુમ૦ એમાં જાશે લાજ તમારી. ધુમ૦ ૫

પદ-૩

રૂડો તો લાભ તમારે, લાડ ચડાવ્યો છે.
એમાં શું નફો અમારે, લાડ ચડાવ્યો છે. ટેક.

જો હોય સુધો વાલો. લાડ૦ તો જે માગે તે આલો. લાડ૦ ૧
પણ અમ પાસે શું માગે. લાડ૦ નિત્ય દુણાં દહીનાં ભાંગે. લાડ૦ ૨
તું જાણીશ માં જે તારો. લાડ૦ એતો છે પુત્ર પીયારો. લાડ૦ ૩
એ કાગ કોયલને પેરે. લાડ૦ એમ આવ્યો છે તારે ઘેરે. લાડ૦ ૪
બ્રહ્માનંદ કહે એને વારો. લાડ૦ ઘર ખોશે સાંજ સવારો. લાડ૦ ૫

**પદ-૪**

શું કહું તમારે આગે, એનાં કામડલાં.
મુને કહેતાં લજ્જા લાગે, એનાં કામડલાં. ટેક.

ગઈ બેની હું એક દીનમાં. એનાં૦ કાંઈ કામે વૃંદાવનમાં. એનાં૦ ૧
મુજને એકલડી ભાળી. એનાં૦ આવ્યો ત્યાં પલવટ વાળી. એનાં૦ ૨
વારતાં આવી વળગ્યો. એનાં૦ કીધો નવ થાયે અળગો. એનાં૦ ૩
એને મનને ગમતે મેલી. એનાં૦ શું કહીયે ઝાઝું હેલી. એનાં૦ ૪
બ્રહ્માનંદ કહે આ છોકરડો. એનાં૦ એ દોંગાયે હાલે ઠરડો. એનાં૦ ૫

**પદ-૫**

એક બીજી ગોપી બોલી, સાંભળ નંદરાણી.
હું કહું છું અંતર ખોલી, સાંભળ નંદરાણી. ટેક.

એ દીઠામાં છે છોટો. સાંભળ૦ માંહી તો સુધો છે મોટો. સાંભળ૦ ૧
મારૂં કહ્યું જો માનો. સાંભળ૦ બતાવું તમને એક વાનો. સાંભળ૦ ૨
લાડકડી કન્યા લાવો. સાંભળ૦ એને પ્રીતેશું પરણાવો. સાંભળ૦ ૩
એમ કીધે લજ્જા રેસે. સાંભળ૦ નહીં તો એ લાંછન દેશે. સાંભળ૦ ૪
કહે બ્રહ્માનંદ કર જોડી. સાંભળ૦ ક્યાંઈ જુવો કુંવારી છોડી. સાંભળ૦ ૫

**પદ-૬**

એક ત્રીજી બોલી ત્યારે, એને જાણું છું.
એને લવ ફાવી છે બારે, એને જાણું છું. ટેક.

પરણાવી ખોટી થાશો. એને૦ વેવાઈની ગાળ્યું ખાશો. એને૦ ૧
એ નહી ગોઠે જેવી તેવી. એને૦ એને જોઈએ એ જેવી. એને૦ ૨
પરણી ઉભી વા ખાશે. એને૦ ઘેર બીજીને એ જાશે. એને૦ ૩
એના મનનું ગમતું કરશે. એને૦ કહેશે તો પાણી ભરશે. એને૦ ૪
જોઈ નીચું લજ્જા પામી. એને૦ ઉભા બ્રહ્માનંદનો સ્વામી. એને૦ ૫



હજારી કીર્તનાવલિ

**પદ-૭**

હિબકતા બોલ્યા બળીયો, ગ્વાલણી જુઠી છે.
એણે મુજને નિર્બલ કરીયો, ગ્વાલણી જુઠી છે. ટેક.

હું ચોરીમાં શું જાણું. ગ્વાલણી૦ હા મેં કીધું છે ધીંગાણું. ગ્વાલણી૦ ૧
હું નાનો ને એ મોટી. ગ્વાલણી૦ એક મારી મુજને સોટી. ગ્વાલણી૦ ૨
મુને ઝાઝી ગાળો દીધી. ગ્વાલણી૦ મારી મોરલી ખુંચી લીધી. ગ્વાલણી૦ ૩
મા એ સાચું નવ બોલે. ગ્વાલણી૦ મસ્તાની થઈને ડોલે. ગ્વાલણી૦ ૪
બ્રહ્માનંદ કહે એમની વાણી. ગ્વાલણી૦ ઘર જાવાની નીશાની. ગ્વાલણી૦ ૫

**પદ-૮**

હસી જસોમતી લીધો ઓરો,
કુંવર કાનાને, કેડે પેરાવ્યો કંદોરો, કુંવર૦ ટેક.

ગોપી જોઈને મુસ્કાની. કુંવર૦ વળી આવજો એવું જાણી. કુંવર૦ ૧
પછી મોરલી દીધી પાછી. કુંવર૦ કાંઈ વાત ન રાખી કાચી. કુંવર૦ ૨
એમ ખેલ કરે છે દાડી. કુંવર૦ નિત્ય લુણ ઉતારે માડી. કુંવર૦ ૩
છે એવાં ચરિત્ર અપારે. કુંવર૦ શેષાદિક અંતર ધારે. કુંવર૦ ૪
જોઈ બ્રહ્માનંદનો સ્વામી. કુંવર૦ ગોપી અતી આનંદ પામી. કુંવર૦ ૫

**રાગ : ગરબી પદ-૧**

તમે નાના દીવાનાં કુંવર નંદના, વ્હાલા રોકો માં વાટ. તમે૦ ટેક.
તમને મહીડું પાઈ અમે મોટા કર્યા, આવી બાઝો શા માટ. તમે૦ ૧
વ્હાલા રાજા તે કંસ કેરા રાજમાં, આવો માંડ્યો શો ઠાઠ. તમે૦ ૨
તમે રાજા થયા તે નવ જાણ્યું, કેદી બેઠા છો પાટ. તમે૦ ૩
બ્રહ્માનંદ કહે નંદના ધન ધામનો, અમને થાયે છે ઉચાટ. તમે૦ ૪

**પદ-૨**

સુધા ઘેલા ન થાઈએ છેલા શ્યામળા, રહી માણસની રીત. સુધા૦ ટેક.
અમે જાણ્યુ તમારૂં અલબેલડા, ચાળાગારૂં છે ચિત્ત. સુધા૦ ૧
તમે લજ્યા મેલી રંગીલા લોકની, અમે લજ્યા સહિત. સુધા૦ ૨
વાટે ઘાટે એકીલા જોઈને વાલમાં, કુણ કરશે પ્રતીત. સુધા૦ ૩
બ્રહ્માનંદના વ્હાલા કરો માં વિઠ્ઠલા, આવી વનમાં અનીત. સુધા૦ ૪

### પદ-૩

અળવીલા હઠીલા ન કીજીયે, રહેજો સમજીને દૂર. અળ૦ ટેક.
છે જો લક્ષણ તમારાં એવાં લાલજી, જાશે લજ્જા જરૂર. અળ૦ ૧
જાવું પડશે તમારે રાજા આગળે, હાથ જોડીને હજુર. અળ૦ ૨
પેટ સારૂં ચારો ગાયો નંદની, માવા થઈને મજુર. અળ૦ ૩
બ્રહ્માનંદના વહાલા તમારાં અંગમાં, આવ્યું યુવાનીનું પુર. અળ૦ ૪

### પદ-૪

કજીઆળા ચાળા ન કરીએ કહાનજી, રહેજો પોતાને માપ. કજી૦ ટેક.
આવી વનમાં રોકો છો પરવિનતા, કોણે દીધી છે છાપ. કજી૦ ૧
વહાલા માત પિતા મથુરાં મેલીને, આવ્યા નાસીને આપ. કજી૦ ૨
પરનારીને મોહ પમાડવા, એવો શીખ્યા ક્યાં જાપ. કજી૦ ૩
બ્રહ્માનંદ કહે જાઓને વુઢા પાધરા, ઝાઝું ડોળો માં ડાપ. કજી૦ ૪

### રાગ : ધોળ પદ-૧

દાટ્યો રે'ને ચોર દૈવના, શું મુખ લઈને બોલેજી,
સ્વારથ કારણ શ્વાનતણી પેરે, ઘેર ઘેર ફરતો ડોલેજી .... ૧
આતમ સાધન કંઈ ન કીધું, માયામાં ભરમાણોજી,
લોક કુટુંબની લાજે લાગ્યો, સઘળેથી લુટાણોજી .... ૨
પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયુંજી,
કોડી બદલે ગાફલ કુબુદ્ધિ, રામ રતન ધન ખોયુંજી .... ૩
વિષય વિકાર હૈયામાં ધાર્યા, વિસાર્યા મોરારીજી,
મૂરખ તે આમે દસ મહિના, જનની ભારે મારીજી .... ૪
સંત પુરુષની સોબત ન ગમે, ભાંડ ભવાઈમાં રાજીજી,
બ્રહ્માનંદ કહે નરતન પામી, હાર્યો જીતી બાજીજી .... ૫

### પદ-૨

પ્રભુ ભજ્યા વિના ગાફલ પ્રાણી, આમે ઉંમર ખોઈજી,
મેડી મંદિર માલ ખજાના, કામ ન આવે કોઈજી .... ૧
માયા માયા કરતો મૂરખ, તૃષ્ણામાંહી તણાણોજી,
લોક તણી લજ્જાનો લઈને, કોટે બાંધ્યો પાણોજી .... ૨





ઉંચે કુળ અવતાર ધરીને, તે શું સારું કીધુંજી,
લખ ચોરાશી કેરું લગડું, માથે તાણી લીધુંજી .... ૩
જીવતણું કાંઈ જતન ન કીધું, મન માયામાં મોહ્યુંજી,
રાત દિવસ તત્પર થઈ રળિયો, ઠાલું નીર વલોયુંજી .... ૪
લોક કુટુંબમાં મોટો થાવા, કામ બગાડ્યું તારુંજી,
બ્રહ્માનંદ કહે તું પ્રાણી, હજી સમજતો સારુંજી .... ૫

### પદ-૩

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી,
અસંખ્ય ગયા ધન સંપત્ત મેલી, તારી નજરું આગેજી .... ૧
અંગે તેલ ફૂલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી,
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી .... ૨
જેમ ઉંદરડે દારુ પીધો, મસ્તાનો થઈ ડોલેજી,
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલેજી .... ૩
મનમાં જાણે મુજ સરીખો, રસિયો નહિ કોઈ રાગીજી,
બારે તાકી રહી બિલાડી, લેતાં વાર ન લાગીજી .... ૪
આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી,
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંતે ફજેતી થાશેજી .... ૫

### પદ-૪

મનુષ્ય દેહ ધરીને મૂરખ, તે શું કરી કમાણીજી,
શ્વાનતણી પેરે ફરતો ડોલે, બોલે મિથ્યા વાણીજી .... ૧
પેટ ભર્યાનો ઉદ્યમ કીધો, રાત દિવસ ધન રળિયોજી,
નરતનનું મહાતમ નવ જાણ્યું, પશુ જાતિમાં ભળિયોજી .... ૨
માત પિતા સુત બંધવ મેરી, અંતે નહિ કોઈ તારાંજી,
આવરદા હરવાને કાજે, સર્વે મળ્યાં ધૂતારાંજી .... ૩
સગાં કુટુંબી સૌ મળીને, લૂસી ચૂસી લીધોજી,
છેલી વારે સ્વારથ સાધી, જમને આગે દીધોજી .... ૪
કાગળ ઘડી ઘડીના કાઢી, લેખાં જમડા લેશેજી,
બ્રહ્માનંદ કહે સૌ વાંસેથી, કાંઈ ન માણ્યો કહેશેજી .... ૫

**પદ-૫**

દશ મહિના માના ઉદરમાં, ઊંધે માથે ઝૂલ્યોજી,
જઠરા અગ્નિની ઝાળે દાઝયો, તે દાડા કેમ ભૂલ્યોજી .... ૧
આળા ચર્મતણા ઉદરમાં, આઠ પહોર અકળાતોજી,
રાત દિવસ મળ ભીતર રહેવું, મળનો રસ તું ખાતોજી .... ૨
ખાટું ખારું માતા ખાતી, તેની થાતી પીડાજી,
કોમળ જાણી બહુ કરડતાં, કરમિયાં ને વળી કીડાજી .... ૩
ગર્ભતણા દુઃખમાં ઘેરાણો, ત્રાહિ ત્રાહિ તું કરતોજી,
કોલ દઈને બહારે આવ્યો, ત્રાસ હૈયે નથી ધરતોજી .... ૪
છેલ થઈ મરડાતો ચાલ્યો, જેમ કીધું તેમ ફાવ્યુંજી,
બ્રહ્માનંદ કહે હરિ ભજ્યા વિના, એ દુઃખ આગે આવ્યુંજી .... ૫

**પદ-૬**

જે તન દેખી છાકયો ડોલે, તે તું દેખ વિચારીજી,
નખ શિખ સુધી નિંદ્યા જેવું, શી માંહી વસ્તુ સારીજી .... ૧
માંસ રુધિરને માંહી ભરીને, ઉપર મઢિયું આળુંજી,
મોહ તણે વશ થઈને મૂરખ, દેખે છે રૂપાળુંજી .... ૨
હાડ તણા પગ હાથ બનાવ્યા, કટકા કટકાં સાંધીજી,
તે માંહી દઢ મમતા તુજને, એ શી આવી આંધીજી .... ૩
ઉદરમાં આંતરડાં ભરિયાં, આવે ગંધ નઠારીજી,
રગરગમાં રોગે વીંટાણું, મળ મૂત્રની ક્યારીજી .... ૪
ટળતાં એને વાર ન લાગે, આદિ અંતનું ખોટુંજી,
બ્રહ્માનંદ કહે એ સારું, તે કામ બગાડ્યું મોટુંજી .... ૫

**પદ-૭**

બાળપણું તે જીવ અજ્ઞાની, ખબર વિનાનું ખોયુંજી,
સારું ભૂંડું કાંઈ ન સૂઝ્યું, રમતમાં મન મોયુંજી .... ૧
જુવાનપણું જુવતીમાં ખોયું, ધનને અરથે ધાયોજી,
મનમાં જાણે મુજ સરીખો, નથી જગતમાં ડાહ્યોજી .... ૨
વૃદ્ધપણામાં ચિંતા વાધી, હાથ પાવ નવ હાલેજી,
ઘરનાં માણસ કહ્યું ન માને, એ દુઃખ અંતર સાલેજી .... ૩





ભાળે નહિ રોગે ભેળાણો, પડિયો લાંબો થઈનેજી,
જમના કિંકર ગરદન ઝાલી, ચાલ્યા જોરે લઈનેજી .... ૪
ઠાલો આવ્યો ભૂલો વૂઠો, કાંઈ ન લઈ ગયો સાથેજી,
બ્રહ્માનંદ કહે જમપુરી કેરુ, મહા દુઃખ લીધું માથેજી .... ૫

**પદ-૮**

પશુ તણી પંક્તિ મેલાવી, દેહ મનુષ્યની દીધીજી,
અનંત કાળ રડવડતો જોઈને, કરુણા અતિશે કીધીજી .... ૧
જળ્યો નહિ જઠરા અગ્નિમાં, રાખ્યો તાપ નિવારીજી,
તે હરિને તું ભૂલ્યો પામર, ધિક્ ધિક્ સમજણ તારીજી .... ૨
જીવાડ્યો જેનો જીવે છે, અન્ન જળ જેણે દીધુંજી,
જ્યાં ત્યાં તારી રક્ષા કીધી, તેનું ભજન નવ કીધુંજી .... ૩
કુડ કપટ અતિ તૃષ્ણા કરી, માયા કષ્ટે મેળીજી,
પામર હૈયે વિચારી જોને, કોડી નાવે ભેળીજી .... ૪
સમજુને અરથે શિખામણ, કહી છે હેત કરીનેજી,
બ્રહ્માનંદ કહે નિશદિન સમરો, શ્વાસોચ્છવાસ હરિનેજી .... ૫

**રાગ : સોરઠ પદ-૧**

ધર્મકુલ તજીકે, દુજે કો જો શરનો લઈ હું જાઈ કે,
તો મેં નીચ ખરો, સાચી નિશ્ચે વાત કહું સમ ખાઈકે. ટેક૦
સંપ્રદાય ઉદ્ધવ કી છોડી કે, જાઉં દુજે મતમેં દોડીકે,
તો પગ ડારો મેરી તોડીકે. ધર્મકુલ૦ ૧
વિના કૃષ્ણ કે જગત કે ઈશકું, ઈષ્ટ જાન નમાવું શિશકું,
તો મેરો શીર કાટો કરી રીસકું. ધર્મકુલ૦ ૨
બ્રજરાજ નવલ વિસારકો, રહું ધ્યાન ઓરનકો ધારકે,
તો છાતી ડારો મેરી ફારકે. ધર્મકુલ૦ ૩
બ્રહ્માનંદ કહે જાનો વાત ખરી, જો મેં ધર્મ નીમતેં જાઉં પરી,
તો જનની મેરી યુહી ભાર મરી. ધર્મકુલ૦ ૪

**પદ-૨**

મત ઉદ્ધવ વિના, ઓર ઠોર મોય સત્ય પ્રતીત ન આવહી,
મેરે હરખ અતિ, એહી કારન જો મસ્તક મેરો જાવહી. ટેક.

તજી ધર્મ વંશકી રીતકું, અધર્મમેં બાંધુ જો પ્રીતકું,
તો મોઈ જારો જ્ઞાતિ સહીતકું. મત૦ ૧
હોય ઈષ્ટ જો કૃષ્ણ વિના મનમેં, અરૂ વૈર બુદ્ધિ જો હરિજનમેં,
તો મોય સિધકું દેવો જાય વનમેં. મત૦ ૨
કરી અરૂચી બ્રજકે ભૂપમેં, રૂચિ લાવું જો દૂજે રૂપમેં,
તો મોય ડારો ઉંડે કુપમેં. મત૦ ૩
બ્રહ્માનંદ કહે જોઈ ધન વિનતા, જો મન મેરે આવે દીનતા,
તો મેરી સાત પેઢીકું હીનતા. મત૦ ૪

પદ-૩

મેરે અંતર મેં ધર્મવંશકી, દૃઢતા કબહુ ના ટરે,
કોઉ શિર કાટો, ભાવે જેસી આયકે તન વીપતા પરે. ટેક.
જો હટકે મન ઘનશ્યામ તેં, જો રાજી રહું અન્ય નામ તે,
તો મેં હીનો કોટી ગુલામતે. મેરે૦ ૧
જો વર્તમાન માંહી ફેર પડે, જેહી કરી કે નિંદા લોક કરે,
તો માતા મેરી લાજી મરે. મેરે૦ ૨
જો સંપ્રદાય કી રીત કહી, સો મોસેં જો ભની આત નહિ,
તો ડારે મોકું લે સમુદ્રમહી. મેરે૦ ૩
બ્રહ્માનંદ કહે ધર્મ સેં પાવ ડગે, હોય કાયર મન મેરો પીછો ભગે,
તો મેરે કુલકું મોટો કલંક લગે. મેરે૦ ૪

પદ-૪

ઘનશ્યામ વિના, ઈષ્ટ જાન શિર મેરો કોઉંકો ના નમે,
દેવી દેવ અનેક, ઓર ઠોર મન મેરો કબહુ ના ભમે. ટેક.
જો રીઝું ધન ત્રિય રાગમેં, જો પરે ફેર મેરે ત્યાગમેં,
તો ડારી દીયો મોકું આગમેં. ઘનશ્યામ૦ ૧
જો પક્ષ તજું સતસંગકો, રખું તન કરી ચલન કુઢંગ કો,
તો મેં ગ્રાહક ગળીકે રંગકો. ઘનશ્યામ૦ ૨
જો તજુ શરન ધર્મવંશકો, સેવુ દેવ ભોગી મદ્ય માંસકો,
તો મોય કુટુંબી જાનો કંસકો. ઘનશ્યામ૦ ૩





બ્રહ્માનંદ કહે લોકન ડર જાની, જો મેં ભક્તિ કરૂં જગસે છાની,
તો મોસેં અધમ ન કોઉ પ્રાની. ઘનશ્યામ૦ ૪

રાગ : કાફી પદ-૧

નટવર નેણીની રે થઈ અંતર, આરંપાર કટારી રે-નટવર૦
હાં રે તો જમુના પાણી હું ગઈ, લઈ સંગ સખી દસબાર,
મુજ સામું જોઈ આંખડી મારી, કોડીલે નંદકુમાર-કટારી રે૦ ૧
હાંરે હો નેણ કટારી નંદલાલની, ખૂબ સજેલી ધાર,
કર્મનાં બંધન કાપીને ભીંતર, મર્મનો લાગેલ માર-કટારી રે૦ ૨
લાગતાં હું લોટ પોટ થઈ બેની, રહી નહિ તન સંભાર,
બ્રહ્માનંદ કહે મનડું વેંધ્યું, ડોલરિયે દિલદાર-કટારી રે૦ ૩

પદ-૨

સલૂણા શ્યામનાં રે લાગ્યાં, લોચનિયાનાં બાણ આવીને રે-સલુણા૦
સર્વે સૈયરના સાથમાં જાતાં, માથડે મહીની માણ,
આવી મારગમાં સામો મળિયો, સુંદર શ્યામ સુજાણ-આવી૦ ૧
વાટમાં વે’તા વિઠ્ઠલે મુંને, આવીને દીધેલ આંણ,
કરડી મીટે જોઈને કાને, મહીનું માગ્યું દાણ-આવી૦ ૨
ચોટ લાગી મારા ચિતમાં, તેણે પરવશ થઈ ગયા પ્રાણ,
બ્રહ્માનંદ કહે વાલમેં, વેંધ્યું નેણ કરી નિશાણ-આવી૦ ૩

પદ-૩

પાતળિયાના પ્રેમની રે લાગી, છાતડલીમાં સાંગ અટારી રે-પા૦
કરવું ભૂલી કામડલું ઘરનું, ભરવી ભૂલી માંગ,
ઘાવ લાગ્યો મારું તનડું ઘૂમે, જાણે પીધી લીલી ભાંગ-અટારી રે૦ ૧
પ્રાણજીવન કેરા પ્રેમની બરછી, ખૂબ તીખી ખરવાંગ,
લાગતાં પેલી નીકળી વુઢી, સોંસરી સાંગોપાંગ-અટારી રે૦ ૨
ઘાવ ન રૂઝે કાંઈ ન સૂઝે, લાગી જોર લુહાંગ,
બ્રહ્માનંદ કહે અંતર ભેદ્યું, વેદના અંગોઅંગ-અટારી રે૦ ૩

પદ-૪

કોડીલા કાનનાં રે લાગ્યાં, આંખડલીનાં તીર હૈયામાં રે-કોડીલા૦
ગાયને વાડે ઘોણિયો લઈને, દોવા હું ગઈતી ખીર,

સામું જોઈને ચકચૂર કરી મુંને, વ્રજવાસી બળવીર-હૈયામાં રે૦ ૧
ભાળતાં પેલું મનડું ભેદ્યું, રહી નહી અંતર ધીર,
બહારનાં માણસ કોઈ ન બૂઝે, ઊંડો ઘાવ ગંભીર-હૈયામાં રે૦ ૨
બાણ નટવર નાથનાં લાગ્યાં, રહ્યું ન હાથ શરીર,
બ્રહ્માનંદ કહે પીડ ઘણેરી, જેમ માછલું થોડે નીર-હૈયામાં રે૦ ૩

**રાગ : ગરબી પદ-૧**

નારાયણ નામ લેને તું પ્રાણી રે, બદ્રિનાથ પ્રગટ જગ જામી-નારા૦
નરદેહ દીધો તુંને નાથે રે, હોય ધન તો વાવર તારે હાથે રે,
પડ્યું રેસે નાવે કોડી સાથે-નારાયણ૦ ૧
ગર્ભવાસે રક્ષા કીધી તારી રે, લીધો જઠરા અગ્નિથી ઉગારી રે,
બેઠો તેને તું કેમ વિસારી-નારાયણ રે૦ ૨
વિના સમજે કે છે મારું મારું રે, ધન કાજ ભમે મન બારું રે,
તારે હાથે નથી તન તારું-નારાયણ રે૦ ૩
મિથ્યા સુખમાંહી તું ભરમાણો રે, બાંધ્યો લોકલજ્જા ગળે પાણો રે,
જાય છે તૃષ્ણાને પૂર તણાણો-નારાયણ રે૦ ૪
કાયા માયા છો જો તારી કાચી રે, તેને રંગે રહેજે મા તું રાચી રે,
બ્રહ્માનંદ કહે વાત સાચી-નારાયણ રે૦ ૫

**પદ-૨**

બદ્રીપતિ નાથનું લેને શરણું રે, મટે મહાદુઃખ જન્મ ને મરણું બદ્રી૦
તાકે પરધન ને પરનારી રે, નથી ભજતો તું દેવ મોરારી રે,
આગે શી ગતિ થાશે તારી-બદ્રીપતિ૦ ૧
રહે છે મન રે માયામાં રાજી રે, જૂઠું બોલે ને મમતા ઝાઝી રે,
દેખી કોઈને રૂડું મરે દાઝી-બદ્રીપતિ૦ ૨
નહિ આવે ભેળાં સુત દારા રે, મેલી મેડી ને મંદિર સારાં રે,
કરવા જંગલ માંહી ઉતારા-બદ્રીપતિ૦ ૩
ફરી બાંધ કમર ટળ્ય ફેલી રે, થાને તત્પર આળસ મેલી રે,
બહુનામી થાશે તારા બેલી-બદ્રીપતિ૦ ૪
ચિત્ત ચડાવમાં બ્હોત તોફાન રે, કથા પ્રભુની સાંભળજે તું કાને રે,
બ્રહ્માનંદનું કહ્યું સત્ય માને-બદ્રીપતિ૦ ૫





**પદ-૩**

ઓળે બદ્રીનાથને તું રે'ને રે, નર સહિત નારાયણ કે'ને-ઓળે૦
જમ હાથ જરૂર તારે જાવો રે, પછી થાશે તુંને પસ્તાવો રે,
પ્રાણી અવસર નહિ મળે આવો-ઓળે૦ ૧
ક્ષેત્ર સબળ સમાર્યા તે ખેડી રે, ધર્યા રહેશે મંદિર ને મેડી રે,
હાલી જાય છે જોને તારી હેડી-ઓળે૦૨
દેખી ફૂલીશમાં તન ગોરે રે, હું હું ઠાલું કરછ હોરે હોરે,
નિત કાળ આવરદાને ચોરે-ઓળ૦ ૩
દિલ પાપ થકી તું ડરજે રે, ઝાઝો ભાર માથે મત ભરજે રે,
કર્મ સમજી વિચારીને કરજે ઓળે૦ ૪
કર પ્રીત તું સંત સમાજે રે, જેમાં પ્રગટ હરિ નિત રાજે રે,
બ્રહ્માનંદ કહે તારે કાજે-ઓળે૦ ૫

**પદ-૪**

પ્રાણી નરદેહ સુંદર પામી રે, ભજ નર રે નારાયણ સ્વામી-પ્રાણી૦
સાચા સંતને શરણે તું રહેને રે, દયા આણીને અન્ન જળ દેને રે,
તારો જનમ સુફળ કરી લેને પ્રાણી૦ ૧
ભવતારણ જગપતિ ભેટી રે, મેલ લોકની લાજ સમેટી રે,
બાંધ પ્રેમ તણી કસી પેટી-પ્રાણી૦ ૨
સાચા સંતાનો સંગ કરીને રે, દ્રઢ અંતર ધીર ધરીને રે,
ભજ પ્રગટ પ્રમાણ હરિને-પ્રાણી૦ ૩
લાગ્યાં જમવું વાંસે તારે લારું રે, લેશે આવીને સાંજ સવારું રે,
માટે કર તારા જીવનું સારું-પ્રાણી૦ ૪
મેણું અનંત જન્મનું ઉતારે રે, હવે જીતી બાજી મત હારે રે,
બ્રહ્માનંદનું કહ્યું હેયે ધારે-પ્રાણી૦ ૫

**રાગ : ગરબી પદ-૧**

નંદલાલો રે નંદ લાલો, છે જો પ્રાણ થકી મુને વહાલો રે. નંદ૦ ૧
એના ચરણ કમલની રેખું, જોઈ જન્મ સુફળ મારો લેખું રે. નંદ૦ ૨
નખમંડળ અધિક તેજાળું, અંતરમાં કરે છે અંજવાળું રે. નંદ૦ ૩

પગ ઘૂંટી અજબ ગોળ પ્યારી, એનું ધ્યાન ધરે છે ત્રિપુરારી રે. નંદ૦ ૪
ગિરિધરની નવલ પીંડી ગોરી, બ્રહ્માનંદની છે જીવનદોરી રે. નંદ૦ ૫

**પદ-૨**

રંગ ભીનો રે રંગભીનો, એનો નિત્ય નિત્ય ભાવ નવીનો રે - રંગ૦ ૧
જાનુ જુગલ જોઈને સુખી થાયે, નિત્ય કમલા ચાંપે છે ચતુરાયે રે - રંગ૦ ૨
દીલ હરખ વાધે છે ઉરૂ દીઠે, તે તો શોભે ગરૂડ કેરી પીઠે રે - રંગ૦ ૩
કટિ નવલ પીતાંબર ભારી, કંદોરો જડિત સુખકારી રે - રંગ૦ ૪
નાભી અજને થયાનું ઠેકાણું, બ્રહ્માનંદનું ત્યાં મન લોભાણું રે - રંગ૦ ૫

**પદ-૩**

અલબેલો રે અલબેલો, છોગાંવાળો તે છેલછબીલો રે - અ૦ ૧
દુંદ ત્રિવળી અધિક રૂપાળી, જોઈ મગન રહેછે મહીવાળી રે - અ૦ ૨
પેટ નરમ પોયણ કેરૂં પાનું, માંહી રહે છે બ્રહ્માંડજુથ છાનુ રે - અ૦ ૩
છબીદાર ઉપડતી પહોળી છાતી, રહે લક્ષ્મી અખંડ રંગરાતી રે - અ૦ ૪
કંઠ શંખસરીખો કાજુ શોભે, બ્રહ્માનંદનું તે મનડું લોભે રે - અ૦ ૫

**પદ-૪**

ગિરધારી રે ગિરધારી, એની મૂર્તિ લાગે છે મને પ્યારી રે - ગિ૦ ૧
ભુજદંડ પ્રચંડ શોભે ભારી, કંઠ નાખી ડોલે છે વ્રજનારી રે - ગિ૦ ૨
રૂડાં કુંડળ જડાઉ કાને રાખે, મુખ જોઈ કમળ શશી લાજે રે - ગિ૦ ૩
તિલ ત્રાજું છે ગૌર કપોળે, સુખ અનંત રહ્યાં છે એને ઓળે રે - ગિ૦ ૪
નાસા નેણ તિલક છબી જોઈને, બ્રહ્માનંદ કહે રાખું છું ચિત્ત પ્રોઈને રે - ગિ૦ ૫

**રાગ : પરજ પદ-૧**

પ્રાણ થકી છે મુને પ્યારો, રંગીલો છેલો પ્રાણ થકી છે મુને પ્યારો,
શ્યામ ચતુરવર નંદના નંદનને, ન કરું પલ એક ન્યારો. રં૦ ૧
હૈડાનો હાર છે તાવીથ તનડાનો, વહાલો મનડાનો મેરમ મારો. રં૦ ૨
રસિક સલુણો મારા હદિયામાં રાખું, કહાનુડો કામણગારો રં૦ ૩
બ્રહ્માનંદ કહે ઘડી દૂર ન મેલુ, નટવર નંદદુલારો રં૦ ૪

**પદ-૨**

આંખલડીમાં રાખું, છબીલો વહાલો આંખલડીમાં રાખું.
રંગના ભીના રસિલા કાનકુંવર કેરો, અધર અમૃત રસ ચાખું. છ૦ ૧





પ્રાણજીવન સાથે પ્રીત કરીને, દીન વચન શીદ ભાખું. છ૦ ૨
રસીયો ગુમાની વહાલો રાજી રહેજો, મરલોક દુભાતાં છોને લાખું. છ૦ ૩
બ્રહ્માનંદનો પ્યારો મનડાની જાણે, મુખ થકી તે શું કહી દાખું. છ૦ ૪

**પદ-૩**

જીવન દૂર ન જાવું, મેરમજી મારા જીવન દૂર ન જાવું.
કહાનકુંવર તારે કાજે રસિલા, કાજુ બહુ વિધિ પાક બનાવું. મે૦ ૧
હાથજોડીને વારી હાજર ખડી છું હું તો, જેરે જોઈએ તે લઈ આવું. મે૦ ૨
એક પગ ભર અલબેલા તારે આગળે, ઘેરે મધુરે સ્વરે ગાવું. મે૦ ૩
બ્રહ્માનંદના વહાલા તમને જે હોય વહાલું, તેને અહીં બોલાવું. મે૦ ૪

**પદ-૪**

હરિવર હીરલો લાધ્યો, મંદિરમાં મુને હરિવર હીરલો લાધ્યો.
હાથ આવ્યો છે હીરો અજબ અલૌકિક, મોંઘા મૂલો છબીલો માધો૦ ૧
ખાતાં પીતાં રે સુતાં બેઠાં સ્વપ્નામાં, અળગો ન મેલું ક્ષણું આઘો૦ ૨
કોડે કોડે ઝાઝાં જતન કરીને, મારા જીવ સંગાથે મેં તો બાંધ્યો૦ ૩
બ્રહ્માનંદ કહે શું મુખથી વખાણું, બહેની જેમ ગુંગે ગોળ ખાધો૦ ૪

**રાગ : પરજ પદ-૧**

મથુરાની વાટે મથુરાની વાટે, વ્હાલા ન જાવું મથુરાની રે વાટે. ટેક
મથુરા જાવાનું જ્યારે મુખથી બોલોછો, અન્નડું ન ભાવે એ ઉચાટે. મથુરા૦ ૧
અવશ્ય હોય તો અક્રુરને આપી, પ્રાણ અમારા તમ સાટે. મથુરા૦ ૨
કામરૂ દેશની રે વિદ્યા વેચાય છે, મથુરા નગરમાં હાટે હાટે. મથુરા૦ ૩
બ્રહ્માનંદ કહે વ્રજ વીસરાવશો, જ્યારે તમે બેસશો પાટે. મથુરા૦ ૪

**પદ-૨**

મથુરામાં મ જાસો મથુરામાં મ જાશો, મોહન રે હો મથુરામાં મ જાશો
મથુરા નગરની રે નારી ધુતારી, વાલમ તેને વશ થાશો. મથુરા૦ ૧
ગોપીનાથ મટીને રે ગિરધર, કુબ્જાના નાથ કહેવાશો. મથુરા૦ ૨
દાસીના રે ઘરમાં ડોલરીયા, મેહરમજી કેમ માશો. મથુરા૦ ૩
બ્રહ્માનંદ કહે પરવશ થઈને, તેના તે મુખની ગાળ્યું ખાશો. મથુરા૦ ૪

પદ-૩

મથુરામાં ન જાવું મથુરામાં ન જાવું કહાના રે હો મથુરામાં ન જાવું.
અક્રુરને એેશી બુદ્ધિ આવી, એણે કહ્યું છે કામ આવું. મથુરા૦ ૧
જન્મ સમેરે કુબ્જાની રે જનની, ભૂલી ગઈ વીખ પાવું. મથુરા૦ ૨
લક્ષણ એનાં સર્વે લખ્યામાં નાવે, કેટલાંક કહીને બતાવું. મથુરા૦ ૩
બ્રહ્માનંદના નાથ ન માનો તો, નંદજીના મુખથી કહેવરાવું. મથુરા૦ ૪

પદ-૪

મથુરામાં માવા મથુરામાં માવા, નાથ હો ન જાઈએ મથુરામાં માવા
મામા કંસ સરીખા માણસ, એ નગરીમાં સર્વે આવા. મથુરા૦ ૧
માસી પુતના પ્રેમની મૂર્તિ, પ્રથમ આવીતી ધવરાવા. મથુરા૦ ૨
અક્રુરજી પણ ત્યાંના વાસી, રથ લઈ આવ્યા છે બોલાવા. મથુરા૦ ૩
બ્રહ્માનંદ કહે કુબ્જાને વરશો, સુંદર થાશો જગ ચાવા. મથુરા૦ ૪

રાગ : જંગલો પદ-૧

માયા કોઉસે તજી નહિ જાવે. માયા૦ ટેક.
ભટ પંડિત ધન કારણ ભટકત, લોકનકું સમઝાવે. માયા૦ ૧
પરમારથકો મિષ લે પાપની, ઘર ઘર ભીખ મંગાવે. માયા૦ ૨
કનક કામની ત્યાગ કરે તો, માન ઈર્ષ્યા ઉર લાવે. માયા૦ ૩
બ્રહ્માનંદ પ્રગટ હરિ સેવે, તાકે ઢિગ નહિ આવે. માયા૦ ૪

પદ-૨

માય કોઉસે જાત ન મેલી. માયા૦ ટેક.
ઘરકું તજી મઠ દ્વારા બાંધે, ધારત ચેલા ચેલી. માયા૦ ૧
જોગી કે પીછે જોગની હોય, ખાખ લગાયકે ખાખી. માયા૦ ૨
તપસીકું તજી દૂર ન જાવે, ક્રોધરૂપ રહે ભેલી. માયા૦ ૩
બ્રહ્માનંદ પ્રભુ પ્રગટ ઉપાસી, તિન યાકું નહિ ઝેલી. માયા૦ ૪

પદ-૩

માયા અજબ બડી ધુતારી. માયા૦ ટેક.
માત પિતા સુત જુવતી રૂપે, સબ ધુતે સંસારી. માયા૦ ૧
જટા ભસ્મ અરૂ કેશ લુંચ કરી, ધુતે ભેખન ધારી. માયા૦ ૨





કોઉકું ઉંધે શીશ ઝુલાવત, પૂજત નર અરૂનારી. માયા૦ ૩
બ્રહ્માનંદ હરિ પ્રગટ ભજત રત, તાતે રહી હે હારી. માયા૦ ૪

પદ-૪

માયા કોઉં વિધ જાત ન જાની. માયા૦ ટેક.
પંડિત હોય કે લોક પ્રબોધે, જ્ઞાન કથે હોય જ્ઞાની. માયા૦ ૧
ખાખ લગાયે આયકે પનઘટ, ધ્યાન કરે હોય ધ્યાની. માયા૦ ૨
દુધ પીયે નાગો હોય ડોલત, અંતર અતિ અભિમાની. માયા૦ ૩
બ્રહ્માનંદ હરિ ભજન પ્રતાપે, સાધુજન પહેછાની. માયા૦ ૪

રાગ : સામેરી પદ-૧

મોહન રે મોહી તારે લટકે, મોહી તારે લટકે મોલીડાને ચટકે. મોહી૦
લટકે તારે મારૂં મનડું લોભાણું, લટકેથી વેણ વજાણ. મોહી૦ ૧
લટકાં તારાં અતી પ્યારા રે લાગે, મીઠડા બોલા માવ. મોહી૦ ૨
વણ રે દીઠે દુ:ખડું વધે છે, દીઠાથી સુખડું થાય. મોહી૦ ૩
લટકાળા મન મોહન તારૂં, મુખ મેલ્યું નવ જાય. મોહી૦ ૪
રસીક સલુણા તારૂં રૂપ અલૌકિક, નીરખીને થઈ છું નિહાલ. મોહી૦ ૫
બ્રહ્માનંદના નાથ રંગીલા, લટકાળા નંદલાલ. મોહી૦ ૬

પદ-૨

વેંધાણી રે વાલાની વાંસળીયે,વાલાની વાંસળીયે મોહનજીને મળીયે. વાલાની૦ ટેક.
રાસ રમવા સારૂં વનમાં તેડાવ્યાં, શરદ પુનમની રેણ. વાલાની૦ ૧
નૌતમ રાગ આલાપીને નટવર, બેહદ વજાડી વેણ. વાલાની૦ ૨
મોરલી સુણી મારૂં મનડું લોભાણું, સુરત લાગી એકતાન. વાલાની૦ ૩
આતુર થઈ હું તો ઝબકીને ઊઠી, ભુલીરે ભોજન પાન. વાલાની૦ ૪
મોહન કાજ લીધો મારે માથે, લોકતણો અપવાદ. વાલાની૦ ૫
બ્રહ્માનંદ કહે ઘાયલ થઈ છું, મોરલડીને નાદ. વાલાની૦ ૬

પદ-૩

ચાલો રે પ્રીતમજીની પાસે. પ્રીતમજીની પાસે જો રમવાને રાસે. પ્રીત૦ ટેક.
જમુનાને તીર જદુપતી વાલો, મોરલી મનોહર વાય. પ્રીતમજી૦ ૧
અંતર ધીર રહી નહી મારે, મનડું સુણી લલચાય. પ્રીતમજી૦ ૨

ઘરડાંનો ધંધો હાથ ન લાગે, રટના લાગી એક તાર. પ્રીતમજી૦ ૩
પાવન નેણ કરીશું રે સજની, નીરખીને નંદકુમાર. પ્રીતમજી૦ ૪
ગજગતી ચાલ અલૌકિક બેની, જોઈને ચોરાણું ચિત્ત. પ્રીતમજી૦ ૫
બ્રહ્માનંદના નાથ સંગાથે, પુરણ લાગી પ્રીત. પ્રીતમજી૦ ૬

**પદ-૪**

જાઈશ રે શ્યામળીયાની સાથે, શ્યામળીયાની સાથે છેડો નાખ્યો માથે. શ્યા૦
નંદના નંદનથી નેડો રે બંધાણો, એ વિના મન અકળાય. શ્યામ૦ ૧
જગના જીવનને ન દેખું રે જ્યારે, જુગ તુલ્ય રજની જાય. શ્યામ૦ ૨
કાન કુંવર સાથે પ્રીત કરીને, અરપી દીધું મેં તો અંગ. શ્યામ૦ ૩
મસ્તક જાતાં પડે નહીં મોળો, રસીક સલુણાનો રંગ. શ્યામ૦ ૪
લોકતણી મરજાદ તજી મેંતો, શું કરશે સંસાર. શ્યામ૦ ૫
બ્રહ્માનંદનો નાથ રંગીલો, નયણતણો શણગાર. શ્યામ૦ ૬

**રાગ : પરજ પદ-૧**

રે વેચાણી હું હરિવરને હાથે, નેડો લાગ્યો નંદના નંદન સાથે રે. વેચાણી૦
રે વાલીડાનાં મુખની વાણી, સુણી હુંતો એમાં પ્રોવાણીરે. વેચાણી૦ ૧
રે રસીલાની મૂર્તિ રૂપાળી, મોહ્યું મન છોગલીયું ભાળીરે. વેચાણી૦ ૨
રે વેંધાણી હું મરમાળે વેણે, લોભાણી હું ડોલરીયે નેણેરે. વેચાણી૦ ૩
રે વાયે મુખ મોરલડી ઘેરી, બ્રહ્માનંદનો વહાલો લહેરીરે. વેચાણી૦ ૪

**પદ-૨**

રે ગઈતી ગાવલડી દોવા, મીસે મુખ મોહનનું જોવારે. ગઈતી૦
રે છાની છાની લોકતણી લાજે, હું તો કહાન કુંવર કાજેરે. ગઈતી૦ ૧
રે મુજપર અઢળક ઢળીયા, વ્હાલા શ્યામ શેરડીએ મળીયારે. ગઈતી૦ ૨
રે કોડીલે ડોલરીએ કહાન, સખી મુને સમજાવી સાનેરે. ગઈતી૦ ૩
રે તેની નહિગમ બીજાકોઈને, વરી બ્રહ્માંડનો વ્હાલો જોઈનેરે. ગઈતી૦ ૪

**પદ-૩**

રે મંદિર આવોને માવા, પ્રેમે મુને અધરામૃત પાવા રે. મંદિર૦
રે તમ સંગ માન્યું મન મારૂં, નિમખ એક રહેતું નથી ન્યારું રે. મંદિર૦ ૧
રે તમ વિના બીજું નથી ગમતું, રહે છે મન કેડે કેડે ભમતું રે. મંદિર૦ ૨





રે જીવું છું મુખડાંને જોતી, છોજી મારે નથડીનું મોતી રે. મંદિર૦ ૩
રે બ્રહ્માનંદના વહાલા વારી, મોહન તમે સર્વે નીધિ મારી રે. મંદિર૦ ૪

**પદ-૪**

રે રજની જાગ્યા કે સંગે, રંગાણા છો તેને રંગ રે. રજની૦ ટેક
રે અચંબો થયો છે અમને, એવી કોણે ભરમાવ્યા તમને રે. રજની૦ ૧
રે રંગીલી નૌતમ રૂપાળી, મીઠા બોલી અંતર મરમાળી રે. રજની૦ ૨
રે તેથી ક્ષણું દૂર નથી રહેતા, બીજાની તો ખબર નથી લેતા રે. રજની૦ ૩
રે બ્રહ્માનંદના વ્હાલા ત્યાગી, તેની તમને લાલચડી લાગી રે. રજની૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

રંગીલા રંગડાને ચટકે રે, મારૂં મન લીધું છે લટકે રે. ૧
બીરાજે ફુલડાંનો તોરો રે, મનોહર કેડે કંદોરો રે. ૨
બની છે ફુલડાંની ટોપી રે, અનુપમ અંગરકી ઓપી રે. ૩
સુરંગી સુંથણલી સારી રે, લોભાણી જોઈને વ્રજનારી રે. ૪
બાંધ્યા છે ફુલડાંના બાજુ રે, કાનોમાં કુંડળીયાં કાજુ રે. ૫
સોનેરી ફેંટો કટી કસિયો રે, કહે બ્રહ્માનંદને મન વસિયો રે. ૬

**પદ-૨**

મારે ઘેર અલબેલો આવ્યા રે, કે પ્રેમ કરી મેં પધરાવ્યા રે. ૧
પલંગ મેંતો ફુલડાંથી કસીયો રે, તે ઉપર બેઠા છે રસિયો રે. ૨
હસી જોયું છે મુજ સામું રે, કે પુરી મારા હૈડાની હામું રે. ૩
અંગોઅંગ આલિંગન લીધું રે, કે કરવાનું સરવે કીધું રે. ૪
રંગડાની લાગી છે તાળી રે, જોડ બની છે રૂપાળી રે. ૫
બ્રહ્માનંદનો સ્વામી નિરખી રે, ઘણું મારા હૈડામાં હરખી રે. ૬

**પદ-૩**

વારી જાઉં સાચું કહો વાલા રે, આજ ક્યાં ગયા’તા નંદ લાલા રે. ૧
રમીયા કે સંગે રાતે રે, કે અમ ઘેર આવ્યા પરભાતે રે. ૨
બોલો છો બીતા મુખવેણાં રે, નિદ્રામાં રે ઘેરાણાં નેણાં રે. ૩
હૈયે ઉઠી મોતીડાંની માળા રે, કે તેણે લાગો છો રૂપાળા રે. ૪
કપોળે કાજળની રેખા રે, દિશો છો ચોળાણા સરખા રે. ૫
બ્રહ્માનંદ કહે સમ છે તમને રે, થયું તેમ કહો સર્વે અમને રે. ૬

**પદ-૪**

તમે નહિ કહો પણ હું જાણું રે, તમારૂં મન ત્યાં લોભાણું રે. ૧
પડ્યું આવી તે સાથે પાનું રે, છપાડ્યું કેમ કરી રહે છાનું રે. ૨
તમારે તે સાથે સાજું રે, જણાય છે નયણાંમાં ઝાઝું રે. ૩
તે સારૂ વેણી વનફળ લઈ આવો રે, ગુંથી ગુંથી ગજરા પેરાવો રે. ૪
કુડું કુડું અમ આગે કહો છો રે, રાતલડી તે પાસે રહો છો રે. ૫
બ્રહ્માનંદ કહે સાચું વહાલા રે, ચતુરાઈ મ કરો નંદલાલા રે. ૬

**પદ-૫**

અલ્યા કેમ વાર્યું નથી કરતો રે, કોઈ લાજ નથી ધરતો રે. ૧
ધાર્યું છે શું તારા મનમાં રે, રોકીને ઉભો વનમાં રે. ૨
એકલડી જાણી તેં મુંજને રે, શીખામણ આપીશ હું તુજને રે. ૩
મુજમાં નહિં તારૂં ફાવે રે, જસોદાને કહે જઈ પરણાવે રે. ૪
પરણી એક પોતાની કરીએ રે, બીજી કેડે નવ ફરીએ રે. ૫
બ્રહ્માનંદ સાચું બતાવે રે, પરણ્યા વિના પાર નહિં આવે રે. ૬

**પદ-૬**

રહો રહો નંદતણા લાલા રે, આવા તમે શું થાઓ છો કાલા રે. ૧
સૌને દેખતાં છળીઆ રે, કે આવી બાઝો માં બળીયા રે. ૨
કહાવો છો બાળ બ્રહ્મચારી રે, દિસો છો લખણના ભારી રે. ૩
લખણ તમારાં છે આવાં રે, કે કરશો અમને જગ ચાવાં રે. ૪
હજી તો દીઠામાં નાના રે, વિચારી બોલો મુખ કાના રે. ૫
બ્રહ્માનંદ કહે જાઉં હું વારી રે, ન રોકો વનમાં પરનારી રે. ૬

**પદ-૭**

વજાડી વાંસલડી વનમાં રે, ચટપટી લાગી છે તનમાં રે. ૧
સુણી સુણી આતુર અતિ થાઉં રે, જાણી હું તો સર્વે મેલી જાઉં રે. ૨
ચાલી હું તો ઘર ધંધો મેલી રે, ઘરને ઠેરાવી ઘેલી રે. ૩
જોયા મેં વાલાને જ્યારે રે, કે તનડું ટાઢું થયું ત્યારે રે. ૪
માવાની મોરલીમાં મોહી રે, કે કુળની મરજાદા ખોઈ રે. ૫
બ્રહ્માનંદ થઈ છે રંગ રેલું રે, હવે કેમ મોહનને મેલું રે. ૬





**પદ-૮**

થઈને લીલતણા લાડા રે, આવી ઉભા છો કેમ આડા રે. ૧
દેખાડો છો એવડો જોરો રે, માથે ગાલી ફુલડાંનો તોરો રે. ૨
કસુંબી પાઘલડી બાંધી રે, ડરાવો છો લોચનીયાં સાંધી રે. ૩
જાણો છો મહિ એનું ખાશું રે, ખાઈને ક્ષેમ કુશળ જાશું રે. ૪
એમાં તો વાર ઘણી વાલા રે, ખોશોમાં લાજડલી ઠાલા રે. ૫
બ્રહ્માનંદનો સ્વામી રસીયો રે, ગોપીનાં વચન સુણી હસીયો રે. ૬

**રાગ : પરજ પદ-૧**

લગાડી તે પ્રીતી લાલ રે, (૨) પ્રીતડલી તો લગાડી, -ટેક૦
પ્રીતમ માર્યા પ્રેમનાં, તમે તીખાં રે તીખાં બાણ,
જોતાં તમને જાદવા રે, થિયા પરવશ મારા પ્રાણ રે -પ્રી૦ ૧
વાલી ભ્રકુટી વાંકડી, વાલાં લાગે છે સુંદર વેણ,
નટવર તમને નીરખવા, મારાં નાખે છે ઝડપું નેણ રે -પ્રી૦ ૨
હાર હજારો પહેરિયો, નેણું નો નજારો જોર,
બ્રહ્માનંદ કે હૈડે વસ્યા, કોડીલો નંદકીશોર રે -પ્રી૦ ૩

**પદ-૨**

વજાડી તેં વંશી કાન રે (૨) વાંસલડી તો વજાડી -ટેક૦
વેણ વજાડી વિઠ્ઠલા, તમે રૂપાળા રંગરેલ,
ઘર ધંધો ભૂલી ગઈ હું તો, ભરવી ભૂલી જળ હેલ રે -વાં૦ ૧
માવા તમારી મોરલી, મારે ખૂબ પડી છે ખેદ,
કીધાં એણે કારમાં, છાતડલી માંઈ છેદ રે -વાં૦ ૨
વ્રજમાં વાગી વાંસળી, આવી સુંદર ઝીણે સાદ,
બ્રહ્માનંદ કહે વશ થઈ, મોરલડી કેરે નાદ રે -વાં૦ ૩

**પદ-૩**

પેચાળી તેં બાંધી પાઘ રે (૨) પાઘડલી તો પેચાળી -ટેક૦
પાઘડલીના પેચમાં, થયું મન મારું ગુલતાન,
વાલમ મુંને વશ કરી, કોડીલા છેલા કાન રે -પા૦ ૧

ફૂલ તોરાની ફોરમાં, જોઈ ભ્રમર થયા ચકચૂર,
મતવાલા થઈને ફરે, મેલી ન જાયે દૂર રે -પા૦ ૨
માવ તમારું મોળીયું, મેં દિઠું આંટાદાર,
બ્રહ્માનંદના વાલમાં, વિસાર્યો મેં સંસાર રે -પા૦ ૩

**પદ-૪**

મરમાળી છે આંખ્યું માવ રે (૨) આંખડલી મરમાળી -ટેક૦
આંખડલી અણિયાણીયું, વારી જાણું રે તીખાં બાણ,
ચિત્તડામાં ચોટી ગઈ, મને કરી લીધી વેચાણ રે -આં૦ ૧
નેણ તમારાં નાથજી, છે છેલા રે રાતાં ચોળ,
અંતરમાં ઊંડા ભર્યા, થયું હૈડું હાલકલોળ રે -આં૦ ૨
અતિશે દીઠાં આકરાં, આડી દીધી રે ધીરજ ઢાલ,
બ્રહ્માનંદ કહે મારકાં, લોચનિયાં તારાં લાલ રે -આં૦ ૩

**રાગ : કરાઈડો પદ-૧**

લાલન અસાં વટ ઈજા, મુંજા પરીયનડે. લાલન૦
અસાં વટ ઈજાડે હેલી દર્શન દીજા, મુંજા પરીયનડે. લાલન૦ ટેક.
મન ક્રમ વચને તુંજી, ઐયાંડે વ્હાલા,
અચીંદે ને વેંધે કોદી, મનમેં મ બીજા. મુંજા પરીયનડે૦ ૧
ચોંપ કરીડે મું તો, સેજ બીછાઈડે વારી,
પ્રેમ સહિત રસ, અધુરજો પાઈજા. મુંજા પરીયનડે૦ ૨
મોરલી બજાજા ચંગી, અતિ નવરંગીડે વ્હાલા,
રસીયા સનેહીડે, મુંજે નજરૂં આગી રહેજા. મુંજા પરીયનડે૦ ૩
બ્રહ્મનંદજાડે પ્યારા, રોજા માં ન્યારાડે વારી,
કહાનુડા અચીને, મુંકે રસબસ કીજા. મુંજા પરીયનડે૦ ૪

**પદ-૨**

ચરન કમલજી ઐયાં બંદી, મુંજા મેરમડે. ચરનકમલજી બંદી,
ચરનકમલજી બંદી પરીયન સંદી. મુંજા મેરમડે૦
આઉં તુંજી બંદીડે વ્હાલા, જન્મ જન્મજી વારી,
હથતાં જોઈને, ઉભી હાજર રંદી. મુંજા મેરમડે૦ ૧





સેજડી અચીને મુંજે, જન્મ સુધારોડે વારી,
પ્રાણજા સનેહી તોજે, પગે આઉં પોદી. મુંજા મેરમડે૦ ૨
લગન લગીડે મુંજી, શ્યામરા સનેહીડે,
તોજી મૂર્તિ માધુરીડે, મુંજે હૈડે ધરંદી. મુંજા મેરમડે૦ ૩
બ્રહ્માનંદ ચેડે મુંજા, નવલ વિહારીડે વારી,
ન્યારી ન્યારીડે, મુંજ નજર ઠરંદી. મુંજા મેરમડે૦ ૪

**પદ-૩**

મોહન મહોલે પધારો, રંગભીનારે મોહન
મોહોલે પધારોરે, મારો જનમ સુધારો, રંગભીનારે. મોહ. ટેક
ગજગતિ ચાલે, ગુલતાન થઈછું હું તો,
ચિત્તને ચોરે છે, રાવળો કમર કટારો. રંગભીનારે૦ ૧
આડી આડી મીટે જોતાં, મનડાંને મોહતા વારી,
નીપટ લાગે છે, વ્હાલો નેણુંનો નજારો. રંગભીનારે૦ ૨
નવલ કલંકી ચંગી, રસીક રસીલી લાગે,
માળીડું શોભે છે, જાણે ફુલડાંનો ભારો. રંગભીનારે૦ ૩
બ્રહ્માનંદના રે વ્હાલા, છેલ છબીલા વારી,
આવી મારા તનડાં કેરા, તાપ નિવારો. રંગભીનારે૦ ૪

**પદ-૪**

મોહન મનડું હરો છો, મરમાળારે,
મનડું હરો છો છેલા, રંગમાં ફરો છો. મરમાળા રે મોહન૦
મોરલી વજાડતા ઘેરી, લાલા તો રંગીલા લહેરી,
રંગના રંગીલા મારા, ઉરમાં ગરો છો. મરમાળારે૦ ૧
જરકસી પહેરી રે, જામા, આવો છો સામા વારી,
ભાવ સહિત પ્રેમે, પગલાં ભરો છો. મરમાળારે૦ ૨
પાઘલડી પેચાળી બાંધી, રહો છો દ્રગ સાંધી વ્હાલા,
રંગના રંગીલા છોગાં, શીશ ધરો છો. મરમાળારે૦ ૩
બ્રહ્માનંદના રે વ્હાલા, છેલ ગુમાની લાલા,
લોચન અમારાં, તમે સુફળ કરો છો. મરમાળારે૦ ૪

**પદ-૫**

મોહન મન હરીયાં રે, તારી મીટેરે,
મન હરીયાંરે કાંઈક જાદુ કરીયાં રે. તારી મીટેરે૦ મોહન.
મીટડી તમારી અતિ, કામણગારી વ્હાલા,
નજરે ચડ્યાથી, નવ ઉગરીયાં રે. તારી મીટેરે૦ ૧
ઘરડાંનો ધંધો મુને, હાથ ન લાગે વ્હાલા,
કોણ જાણે જે, મંત્ર શું ભણીયારે. તારી મીટેરે૦ ૨
ઘાયલ થઈને હું તો, ન શકું રહીને વ્હાલા,
રોઈ રોઈને રે, આંખે આંસુ ઝરીયાં રે. તારી મીટેરે૦ ૩
બ્રહ્માનંદના રે વ્હાલા, અંતરજામી પ્યારા,
તમને નીરખીને, મારાં નેણાં ઠરીયાં રે. તારી મીટેરે૦ ૪

**પદ-૬**

મોહન મહી ઢળશે રે, જાવા ઘોને રે.
મહી ઢળશે રે મારાં ગોરસ ઢળશેરે, જાવા ઘોનેરે૦ મો.
શીરપર ચુંદડી મારે, માથે મૈયારી વ્હાલા,
ધણધણશો માં, મારાં ગોરસ ઢળશે રે. જાવા ઘોનેરે૦ ૧
ઝરમર ઝરમર ઝીણાં, મેહુલા વરસે વ્હાલા,
કંકણ ચુડી, મારે હાથે ઝળકે રે. જાવા ઘોનેરે૦ ૨
આણી કોરે ગંગા વ્હાલા, આણી કોરે જમના પ્યારા,
વચમાં કાલીંદ્રી કેરાં, નીર ખળકે રે. જાવા ઘોનેરે૦ ૩
બ્રહ્માનંદના રે સ્વામી, અંતરજામી વ્હાલા,
તમને નીરખીને મારૂં, હૈયું હરખે રે. જાવા ઘોનેરે૦ ૪

**રાગ : કાફી પદ-૧**

વા'લીડા કુંજવિહારી, વદન કમળપર વારી રે-વાલી૦
અજબ અલૌકિક મસ્તક ઉપર, સુંદર પાઘ સમારી રે-વાલી૦ ૧
ફૂલતણાં છોગલિયાં ફરતાં, ધાર્યા ગિરિવરધારી રે-વાલી૦ ૨
અંતરમાંહી વસી છે આવી, મૂરતિ મનોહર તારી રે-વાલી૦ ૩
બ્રહ્માનંદ કહે વ્રજજીવન, મોહન છો નિધિ મારી રે-વાલી૦ ૪





**પદ-૨**

છેલા તારું છોગું ભાળી, મોહી છું હું વનમાળી રે-છેલા૦
વ્રજવાસી નંદલાલ વિહારી, ચાલ તારી લટકાળી રે-છેલા૦ ૧
રસિક પિયા તારે ચટક રંગીલે, મોળીડે હદ વાળી રે-છેલા૦ ૨
લેરખડા જોઈ લગની લાગી, કોઈની રહું ન હવે ખાળી રે-છેલા૦ ૩
બ્રહ્માનંદ કહે પરવશ થઈ છું, પગભર ડોલું કેડે પાળી રે-છેલા૦ ૪

**પદ-૩**

કાને મુંને કીધી ઘેલી, હાથ ન રહ્યું મન હેલી રે-કાને૦
શેરડિયે મળિયો મુંને સામો, મોહન છોગલાં મેલી રે-કાને૦ ૧
નીરખતાં મન વશ કરી નાખ્યું, આંખ્યું મરમ ભરેલી રે-કાને૦ ૨
ભૂલી ચીર શરીર તણી સૂધ, હૈડાની ધીરજ હરેલી રે-કાને૦ ૩
બ્રહ્માનંદ કહે એની છબીમાં, પ્રોવાણી જોયા પહેલી રે-કાને૦ ૪

**પદ-૪**

શાને હવે રાખું છાની, મૂરતી તમારી મન માની રે-શાને૦
દુરિજનિયાં પાડોશી દેખીને, છોને બળીને થાતાં વાની રે-શાને૦ ૧
નટવર તમથી નેહ કરીને, પાછી ન ધરું પગ પાંની રે-શાને૦ ૨
રસિક સલૂણા પિયા તમ સંગ રમવું, નથી વાતડલીએ નાની રે-શાને૦ ૩
બ્રહ્માનંદના નાથ તમારો, મહિમા જાણે છે મોટા જ્ઞાની રે-શાને૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

વનમાળી વનમાંથી આવે, વેણ મધુરી વાતો રે. વનમાળી૦ ૧
ફુલડાંની વનમાળા બિરાજે, ગોવાળા સંગ ગાતો રે. વનમાળી૦ ૨
ગો રજનો ભીનો ગિરિધારી, રૂપાળો રંગ રાતો રે. વનમાળી૦ ૩
વાલપણે વ્રજનારને વાંસે, ધાંખ કરી કરી ધાતો રે. વનમાળી૦ ૪
બ્રહ્માનંદનો સ્વામી વાલીડો, હૈડામાં હુલસાતો રે. વનમાળી૦ ૫

**પદ-૨**

મોહ્યું રે મન મારૂં સજની, શ્યામળીયાની સાથે રે. મોહ્યું૦ ૧
એ વિના ક્ષણ ન રહેવાય સજની, હું વેચાણી એના હાથે રે. મોહ્યું૦ ૨
બાંધ્યા છે ફૂલડાંના બાજુ, મેલ્યાં છે છોગલાં માથે રે. મોહ્યું૦ ૩

આંગણીયે મારે નિત્ય આવીને, ગાવી તે પ્રેમની ગાથે રે. મોહ્યું૦ ૪
શું જાણું મુને કરી નાખ્યું, બ્રહ્માનંદને નાથે રે. મોહ્યું૦ ૫

પદ-૩

આવે રે અલબેલો વહાલો, સુંદર છેલ છોગાળો રે. આવે૦ ૧
લાલ કસુંબી ફેંટા ઉપર, તોરો છેલ મરમાળો રે. આવે૦ ૨
સુંદર ચાલ અલૌકિક સજની, સુંદર નેણનો ચાળો રે. આવે૦ ૩
ગોવાળાને સંગ ગાતો, મન મોહન મત વારો રે. આવે૦ ૪
બ્રહ્માનંદનો સ્વામી વાલીડો, લાગે છે રૂડો રૂપાળો રે. આવે૦ ૫

પદ-૪

વાલાની વાટલડી જોઈને, બેઠી છું સેજ બીછાઈ રે. વહાલા૦ ૧
મુજબને કહે કોઈ ઓ હરિ આવ્યા, તો આપું હું પ્રાણ વધાઈ રે. વહાલા૦ ૨
મળવાને કાજે તનડું તપે છે, જુગ તુલ્ય પળ એક જાઈ રે. વહાલા૦ ૩
છળ કીધો શ્યામળીએ મુજને, વાયદો કરી ગયા વાઈ રે. વહાલા૦ ૪
બ્રહ્માનંદ કહે કેદી હું દેખીશ, હળધરજીનો ભાઈ રે. વહાલા૦ ૫

રાગ : ગરબી પદ-૧

વ્રજમાં એક સમે રે વ્રજરાજ કે, આડો લીધલો રે લોલ,
રોષે રાતાં થયાં છે રે નેણ, ક્રોધ બહુ કીધલો રે લોલ. ૧
જશોદા હેતે બોલ્યા રે વેણ, જાઉં તારે વારણે રે લોલ,
આવડી રીસ કરી રે નંદલાલ, કહોને શા કારણે રે લોલ. ૨
કહાનુડા કહે તો તારે કાજ, શીવાડું ઝુલડી રે લોલ,
કાજુ રેશમ કેરી રે કોર, કોરાવું ફુલડી રે લોલ. ૩
નાડી હીરતણી રે નવરંગ, વણાવું સુંથણી રે લોલ,
આપું હું ખાંતે રે જમવા ખીર, ઘૃત સાકર ઘણી રે લોલ. ૪
જશોદા માત રે જાણ પ્રવીણ કે, મનમાં આણીયું રે લોલ,
રીસાણા બ્રહ્મમુનિનો રે નાથ કે, કારણ જાણીયું રે લોલ. ૫

પદ-૨

પરણ્યા કાજ કર્યો રે પ્રપંચ, મીષ લઈ રીસનું રે લોલ,
ભાળ્યું રે સુંદર પરમ અનુપ, ચરિત્ર જગદીશનું રે લોલ. ૧





જસોદા સમજ્યાં રે પરમ સિદ્ધાંત, લક્ષણ લાલા તણું રે લોલ,
બોલ્યા જાણ્યું રે જગદાધાર, રસીક તારું રીસણું રે લોલ. ૨
રસીયા રમો જમો રે સુખરૂપ, કરો રંગ રેલડી રે લોલ,
કાજુ કન્યા લાવું તુજ કાજ, અતી અલબેલડી રે લોલ. ૩
વ્હાલેજી કાંઈક ધરીયા રે કાન, મન શીતળ કર્યું રે લોલ,
માતાનું વેણ મનોહર રે માવ કે, અંતરમાં ધર્યું રે લોલ. ૪
સગપણ કરવાનું રે મન સાથ, ઠાવકું ઠેરીયું રે લોલ,
ત્યારે બ્રહ્મમુનિને રે નાથ, હસીને સામું હેરીયું રે લોલ. ૫

પદ-૩

જશોદા સર્વે કહ્યું રે વૃતાંત કે, આગે નંદને રે લોલ,
ઘડીઆં લગન લીયો રે તત્કાળ કે, બાલ મુકુન્દને રે લોલ. ૧
થયો છે લાકડવાયો રે લાલ કે, પરણ્યા જેવડો રે લોલ,
જોઈને રે કન્યા કુળ આચાર, સગાઈ ત્રેવડી રે લોલ. ૨
હમણાં બાળ અવસ્થા રે માંહ્ય, કન્યા કાજુ જડે રે લોલ,
પછે તો મોટા થઈ રે મહારાજ, કેવાયે નિવડે રે લોલ. ૩
માટે ઝાઝું બીજું રે કાંઈ ડહાપણ, આપણ નવ ડોળીએ રે લોલ,
છોટી કહાન કુંવરને રે કાજ કે, કુંવરી ખોળીએ રે લોલ. ૪
વ્હાલો બ્રહ્મમુનિનો રે નાથ, પરણવા લાગ્ય છે રે લોલ,
જે કોઈ એનો ગ્રહશે રે હાથ, તેનાં બડાં ભાગ્ય છે રે લોલ. ૫

પદ-૪

જશોદા નંદ મળીને રે એકાંત, એમ વિચારીયું રે લોલ,
ભ્રખુભાન ગૃહે રે વિવાહ, કર્યાનું ધારીયું રે લોલ. ૧
નામાજોડું રે મુહુરત વગર, લગન જોવરાવ્યું રે લોલ,
વર કન્યાને પુરણ પ્રીત, સર્વ શુભ આવીયું રે લોલ. ૨
ભ્રખુભાન તણે રે દરબાર, જશોદાજી ગયાં રે લોલ,
દીધાં સુદંર બીડાં રે પાન, આસન આપીયાં રે લોલ. ૩
બોલ્યાં રે કલાવતીને ભ્રખુભાન, પધાર્યા ભલે ભામની રે લોલ,
કીધી રે તમે મહેર અલૌકિક આજ, અમારાં ઘર ભણી રે લોલ. ૪

જશોદા સુંદર બોલ્યા રે વેણ, જોડી હાથને રે લોલ,
આપોને રાધા રે કુંવરી, બ્રહ્મમુનિના નાથને રે લોલ. ૫

**પદ-૫**

મનમાં રાજી થયા ભ્રખુભાણ, કલાવતી કોપીઆં રે લોલ,
જશોદા સાથે રે કરવા વઢવેડ કે, નેજા રોપીઆ રે લોલ. ૧
નંદની નારી એવી રે વાત, સંકેલી મેલો હાટમાં રે લોલ,
મારી કુંવરી રે મોતીડાં ભાર, પડી નથી વાટમાં રે લોલ. ૨
તું તો મોટી તારે રે ઘેર, દેખાડે શું માનને રે લોલ,
રાધા ગોરી રે સુંદર રૂપ, ન દેઉં કાળા કાનને રે લોલ. ૩
મારી રે પુત્રી અતી સકુમાર, કમળ કેરી પાંખડી રે લોલ,
તારો પુત્ર ભમે રે વનમાંય, પગે નહિ ચાખડી રે લોલ. ૪
વાતું કરતામાં રે વેવાણ, બેઉ વાદે ચડ્યાં રે લોલ,
જાણીરે બ્રહ્મમુનિના વ્હાલાને કાજ, જશોદાજી લડ્યાં રે લોલ. ૫

**પદ-૬**

જશોદા લોનચ કીધાં રે લાલ, કલાવતી ઉપ રે લોલ,
રીષે રોમાંચિત્ત થયા રે ગાત્ર, અધર મુખ ફરફરે રે લોલ. ૧
એલી તારી છોરી ચાળા રે દાર, છાશ પીને ઉછરી રે લોલ,
કાળો તોય કાનો રાજકુમાર, ગોરી તોય ગુજરી રે લોલ. ૨
એવી કોણ ત્રણ રે ભુવનમાં નાર, જે એને નહિ વરે રે લોલ,
વારૂં રાધા જેવી રે લાખ, કહાનાની ઉપરે રે લોલ. ૩
કલાવતી ટાટે થાય નહિ રે ચિત્ર, ચિત્ર થાય ભીંતમાં રે લોલ,
તમે શું જાણો આડાં રે લોક, રાજાઓની રીતમાં રે લોલ. ૪
તારી કુંવરી જેવી રે ક્રોડ, એને વાંસે ફરે રે લોલ,
રસીયો બ્રહ્મમુનિનો રે નાથ, મનમાં નવ ધરે રે લોલ. ૫

**પદ-૭**

બોલી રોષ કરીને રે બળસોત, નારી ભ્રખુભાનની રે લોલ,
વૃષ્ટિ માંડી રે જસોમતી શીશ, વચન કેરાં બાણની રે લોલ. ૧
જો હોય લાડકવાયો રે લાલ, તો બાંધ ગળે ઘુઘરો રે લોલ,
એવા તારા પુત્ર તણા રે આચાર, રહેશે ઉધરો રે લોલ. ૨





કહોને એનું પ્રીતે રે પુંખીને કોણ, નાક મરોડશે રે લોલ,
હશે જે નવરી લજ્જા રે હીન, તે ચોખા ચોડશે રે લોલ. ૩
જશોદા બોલ્યાં ક્રોધ રે સોત, કરી તિરસ્કારને રે લોલ,
લજ્જા અકળ તણો રે નહિ લેશ, ગુર્જરની નાર ને રે લોલ. ૪
કરી કરી બ્રહ્મમુનિ કહે રે વિખવાદ, સહુ ધ્રાપીયાં રે લોલ,
વિવાહની પડતી મેલી રે વાત, જશોદા ઘરે ગયાં રે લોલ. ૫

**પદ-૮**

વ્હાલે મારે ધાર્યો અચળ સિદ્ધાંત, પોતે પરણ્યા તણો રે લોલ,
આપણે હાથે કરીએ રે આજ, વિવાહ આપણો રે લોલ. ૧
માવે વૃંદાવનની રે માંય, વગાડી વાંસળી રે લોલ,
રાધા વીંધાણી ઝીણી રે તાન, આવીને એકાંતે મળી રે લોલ. ૨
અંગોઅંગ નૌતમ બણી રે અનુપ, શોભા કહાનની રે લોલ,
જોઈને રસીયાજીનું રે રૂપ, મગન થઈ માનની રે લોલ. ૩
વનમાં તેરે અવસર તત્કાળ, બ્રહ્મા આવીયા રે લોલ,
ભાળ્યો વર કન્યાનો ભાવ, તરત પરણાવીયાં રે લોલ. ૪
કલાવતી નંદ રે જશોદા ભ્રખુભાણ, કુટુંબ સર્વે રહ્યું ધર્યું રે લોલ,
છાનું બ્રહ્મમુનિને રે નાથ, કારજ પોતાનું કર્યું રે લોલ. ૫

**રાગ : લાવણી પદ-૧**

સમરસમર સદ્‌ગુરુ સાહેકું, ક્યા મુખ બકબક કરતા હે,
નિશદિન કાલ ખડા શિર ઉપર, તાતે ક્યું નહિ ડરતા હે -સમ૦ ટેક૦
પરત્રીય પરધન કારન તત્પર, ફાટે નેને ફરતા હે,
કુન ગતિ મેરી હોગયી એસી, ધડક ન મનમેં ધરતા હે -સમર૦ ૧
રાજાકી ચોરી કરી મૂરખ, રંક શરન અનુસરતા હે,
લોક કુટુંબ ત્રિયા ધન આશ્રિત, કાલવદન મેં પરતા હે -સમર૦ ૨
જેહી દીના નર દેહ અમૂલખ, તાકુ નહિ સમરતા હે,
કામ ક્રોધ મદલોભ અગ્નિ મેં, અહોનિશ અંતર જરતા હે -સમર૦ ૩
હોય બેહાલ નિરંતર ડોલે, લોકનકે સંગ લરતા હે,
બ્રહ્માનંદ કહે હરિભજે બિન, શ્વાસ ધમન જ્યું ભરતા હે -સમર૦ ૪

પદ-૨

કરકર ભજન અખંડ સદ્‌ગુરુકા, ગાફલ હોય ક્યા સોતા હે,
વૈરી કાળ ખડા શિર ઉપર, તાકું ક્યું નહિ જોતા હે -કર૦ ટેક૦
માયા કારન નિશ દિન મૂરખ, ખાલી ઉંમર ખોતા હે,
માખનકી આશા કરી મનમેં, વૃથા નીર વલોતા હે -કરકર૦ ૧
દમડી કારન દશોદિશ દોડે, પૈસામેં ચિત્ત પ્રોતા હે,
કરત ન સોબત સાધુ કેરી, મેરી મેં મનમોતા હે -કરકર૦ ૨
માયા મિલે તો રાજી મનમેં, જાવે તો ફીર રોતા હે,
ધ્યાન રહત નિશદિન ધંધેકા, મન તૃપ્ત નહિ હોતા હે -કરકર૦ ૩
પીવત ભરભર ઝહર પિયાલા, અમૃતકું નહિ છોતા હે,
બ્રહ્માનંદ કહે તું નર નાહિ, બિના અક્કલકા બોતા હે -કરકર૦ ૪

પદ-૩

સમજ સમજ બેખબર અજ્ઞાની, મિથ્યા જનમ ગમાતા હે,
રામ ભજનકું ભૂલી રેન દિન, ચામ દામ ચિત્ત ચાતા હે -ટેક૦
મન નહિ ભાવત સંત સમાગમ, રંગ માયા કે રાતા હે,
અમૃતફળ હરિભજન તજકે, ઝહર વિષ ક્યું ખાતા હે -સમજ૦ ૧
દેખ વિચાર સમજ દિલ દીદુ, કોન પિતા કોન માતા હે,
અપને અપને તનકે કારન, સ્વારથકું સબ ધાતા હે -સમજ૦ ૨
મેરી મેરી કર કર મૂરખ, પચી પચીકે મર જાતા હે,
ફૂટી હાંડી હાથ પકરહી, ઓર નહિ સંગ આતા હે -સમજ૦ ૩
બ્રહ્માનંદ કહે નરક ચલ્યો તું, ભર શિર કુકર્મ ભાતા હે,
જમકી માર પડે તબ મનમેં, શિર ધૂનીધૂની પસ્તાતા હે -સમજ૦ ૪

પદ-૪

દેખ દેખ દિલ દિલદિવાના, સિર વેરી જમદૂતા હે,
આય અચાનક કંઠ પકરહી, ગાફલ હો ક્યું સૂતા હે -ટેક૦
પાપ કરત પીછે નહિ જોતા, મમતા કે રથ જૂતા હે,
હરિકા ભજન સો રુદે નહિ આયા, માયા કદર્મ ખૂંતા હે -દેખ૦ ૧
સબહી અપના સ્વારથ તાકત, કોન પિતા કોન પૂતા હે,
કુનકી માયા કુનકી મેરી, મિથ્યા તૂતમ તૂતા હે -દેખ૦ ૨





નારીકે પર નેન મુંદકે, રન શૂરા જ્યું રૂતા હે,
દિન રાત વ્યાકુલ હોઈ ડોલે, જૈસા કામી કૂતા હે -દેખ૦ ૩
સંતનકો મારગ નહિ સૂઝત, પૂજત ભૈરવ ભૂતા હે,
બ્રહ્માનંદ કહે ઓર કહા કહૂં, ગુરુ મિલ્યા સોઈ ધૂતા હે -દેખ૦ ૪

રાગ : મેવાડી પદ-૧

સહજાનંદ સુખકારી (૨) સહજાનંદ સુખકારી,
સલૂણી છબી સહજાનંદ સુખકારી રે -ટેક૦
વેદાંતી અરૂપી કે છે, ન્યાય અનુમાને લે છે,
તે વહાલો સંતોમાં રે'છે રે -સલુણી૦ ૧
નિગમ કહે અનુમાને, મુનિવરને નાવે ધ્યાને,
વહાલો તે આ ભીને વાને રે -સલુણી૦ ૨
સર્વ કરતા સર્વધારો, સર્વમાંહી સર્વથી ન્યારો,
પ્રગટ રૂપ તે આ પ્યારો રે -સલુણી૦ ૩
જગજીવન અંતરજામી, નામ સર્વનો છે નામી,
તે આ બ્રહ્માનંદનો સ્વામી રે -સલુણી૦ ૪

રાગ : પરજ પદ-૧

સખી નાવલીયો નવરંગ, અમથી રીસાણારે,
ઓલી સોકડલીને સંગે, ભુધર ભરમાણારે. અ૦ ૧
અમ સાથે નવ રાખતા રે, અંતર એક લગાર,
ભુધરને ભરમાવીયા કોઈક, કામણગારી નાર. અ૦ ૨
હસતા રમતા હેતમાં રે, મળતાં દેતા માન,
લેઈ એકાંતે લાલના કોઈ, કામણે ભરીયા કાન. અ૦ ૩
બહુ હેતે બોલાવતા રે, રંગભીનો રસ રીસ,
બ્રહ્માનંદને વાલમે હવે, પરઘર જોડી છે પ્રીત. અ૦ ૪

પદ-૨

બેની રસિયો ભરાણો રે રોષ, જઈને મનાવો રે,
કાંઈ નથી રે અમારો દોષ, ક'ઈ સમજાવો રે. જઈ૦ ૧
પીયુડે અમને પરહર્યા રે, કુણ જાણે સા કાજે,
વાલમના વીજોગથી મારે, દીલમાં થાય છે દાજ. જઈ૦ ૨

જે માગે તે આપશું રે, કહેશે તે કરશું ટેલ,
જેમ તેમ કરીને મેળવો, મુને છોગા તે વાળો છેલ. જઈ૦ ૩
સુખ ન આવે સેજડી રે, જુગતુલ્ય રજની જાય,
બ્રહ્માનંદના વહાલા વીના મુને, મંદિર ખાવા ધાય. જઈ૦ ૪

**પદ-૩**

સખી શ્યામળીયે અમ સાથ, અબોલા લીધા રે,
વહાલો નિરમોહીડો મારો નાથ, કુંણે વશ કીધા રે. અ૦ ૧
માયા લગાડી મોરથી રે, છળીએ દીધો છેહ,
અમને મેલ્યાં ઉભલાં, જાઈ નવલા તે કીધા નેહ. અ૦ ૨
આંટી રાખે છે અંતરે રે, શ્યામળીયો અમ સંગ,
જુનાં જાણી પરહર્યા, વહાલો રાચ્યા તે નવલે રંગ. અ૦ ૩
વહારે વીસારી મેલીયાં રે, શું રે જીવ્યાનું સુખ,
બ્રહ્માનંદ બ્રહ્માંડમાં બીજું, નહી રે એ જેવું દુઃખ. અ૦ ૪

**પદ-૪**

તમે મોટા છોજી મહારાજ, હશી મુખ બોલો રે,
હવે રોષ તજો વ્રજરાજ, અંતર ખોલો રે. હશી૦ ૧
અક્ષરના છો આત્મા રે, અનંત ભુવનના ઈશ,
ન ઘટે તમને નાથજી એવી. રાંકુને ઉપર રીશ. હશી૦ ૨
જેવાં તેવાં રાજનાં રે, અમને તમારી આશ,
રસિયાજી નવ રહીએ રે, અમ સાથે ઉદાસ. હશી૦ ૩
રમો હસો રંગ રીતમાં રે, ચિત્ત ધરો ઉછાવ,
બ્રહ્માનંદના વાલમા તમે, દિલડાંના દરીયાવ. હશી૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

હતી મારા વાલા હતી મારા વાલા, કેમ કહો છો ગાય નહોતી રે,
નંદના ગોવાળિયા તુજને ભળાઈ, કેમ કહો છો ગાય નહોતી રે-ટેક૦
સોના શીંગડીએ ને રૂપાની ખરીએ, હીરની મોહરીએ હતી રે-૧
આંખે છે આંજળી ને મોઢે છે મુંજણી, હીરા સફેદ ગાય હતી રે-૨
ચારો રે નીરતી ને પાણીડાં પાતી, નિત્ય દર્શન હું કરતી રે-૩





હાથે છે કંકણી ને ઘૂંટણમાં દોહણી, લાડે કોડે ગાય દોતી રે-૪
સોનાની ગોળી ને રૂપા રવાઈયે, નેતરાં લઈને વલોતી રે-૫
ગોકુળ જોયું વૃંદાવન જોયું, જમના તીરે ગાય હતી રે-૬
બ્રહ્માનંદનો સ્વામી શામળિયો, ઘેર લાવ્યા ગાય ગોતી રે-૭

**રાગ : પરજ ખમાચ પદ-૧**

હાંરે નહિ મેલું રે, માવા મારાં નેણની આગેથી. નહિ૦
જગજીવન તારી મૂર્તિ રે જોઈને,
હાંરે મારૂં મનડું થયું છે અતિ ઘેલું રે. માવા૦ ૧
લોક લાજ મરજાદા ન રાખું,
હાંરે હું તો નિઃશંક થઈને હવે ખેલું રે. માવા૦ ૧
દુઃખ દારિદ્રય હવે હું નહિ વેઠું,
હાંરે મેં તો બાંધેલ તમ સંગ બેલુ રે. માવા૦ ૩
બ્રહ્માનંદને અંતરે ખુતું,
હાંરે આવી છોગું તારૂં રંગનું ભરેલું રે. માવા૦ ૪

**પદ-૨**

હાંરે નવ જાવું રે માવા મારૂં મંદિરીયું મેલીને નવ૦
તમ સારૂં રે મારા શ્યામ સનેહી,
હાંરે કાજુ ફુલડેથી સેજ બીછાવું રે. માવા૦ ૧
છેલ ચતુર મારા જન્મ સંગાથી,
હાંરે કેની વાતે વહાલા નહિ જો ભરમાવું રે. મવા૦ ૨
લાલ કસુંબી પ્યારી પાઘલડીમાં,
હાંરે મોંઘાં મોતીડાનાં છોગલા ધરાવું રે. માવા૦ ૩
બ્રહ્માનંદના નાથ વિહારી,
હાંરે તમે રીઝો તેવાં જતન કરાવું રે. માવા૦ ૪

**પદ-૩**

હાંરે થઈ રાજી રે. માવા મારા મંદિરીયામાં રહોને૦
હુકમ પ્રમાણે વારી રહીશ હું હાજર,
હાંરે હાથ જોડીને કહીશ હાજી હાજી રે. માવા૦ ૧

જગના જીવન હું તો નહિ દેઉં જાવા,
હાંરે શીદ તાણ કરાવો તમે ઝાઝી રે. માવા૦ ૨
મનમોહન કરજો મનગમતું,
હાંરે હવે હાથ તમારે છે જો બાજી રે. માવા૦ ૩
બ્રહ્માનંદ કહે તમ પર વારૂં,
હાંરે લઈ સરવસ ચતુર પિયાજી રે. માવા૦ ૪

**પદ-૪**

છાઈ મોહન વેલી રે, છેલા તારાં છોગલીયામાં છાઈ૦
નટવર તારી મૂર્તિ રે નીરખી,
હાંરે હું તો ઘરડું ભુલીને થઈ ઘેલી રે. છેલા૦ ૧
મગન થઈ રે હું તો મારગ માંહી,
હાંરે મહી મટુકી ઉપાડી ને ઉભેલી રે. છેલા૦ ૨
શુદ્ધ વિસરી રે મુને કાંઈ નવ સુઝે,
હાંરે જાણું ચિત્રામણમાંહી લખેલી રે. છેલા૦ ૩
બ્રહ્માનંદ કહે તમને રે મળતાં,
હાંરે અલબેલા થઈ છું અલબેલી રે. છેલા૦ ૪

**રાગ : ગરબી**

સુણો ચતુર સુજાણ, (૨) એમ ન ઘટે રે તમને દીનાનાથજી
મારા પ્રાણના આધાર, જેમ રાખો તેમ રહીએ વચનને સાથજી...ટેક૦
અમે તમ કારણ સહ્યાં મેણાં નાથ નીરખવાને સુણવાં વેણાં;
અમે તૃપ્ત નવ કીધાં નેણાં...સુણો૦ ૧
અમે લોકલાજ કુળની લોપી, અમે કહેવાયા ગિરધરની ગોપી;
અમે તમ કારણ પહેરી ટોપી...સુણો૦ ૨
પહેલી પ્રીત કરી શીદને આગે, દૂધ દેખાડી ને માર્યા ડાંગે;
પછી તેને તે કેવું વસમું લાગે...સુણો૦ ૩
કાંઈ દયા આવે તો દર્શન દેજો, નહિ તો અખંડ અંતરમાં રહેજો;
એમ શ્રીરંગના સ્વામીને કહેજો...સુણો૦ ૪

●





# મુક્તાનંદ સ્વામીના કિર્તન

**રાગ : ધોળ — પદ-૧**

સુખદાયક રે સ્વામી સહજાનંદ,
પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ...ટેક૦
જેનું સ્વામિનારાયણ નામ છે,
જેને ભજતાં રે પામે ભવજળપાર... પ્રગટ૦ ૧
જેનાં દર્શન ઈચ્છે મહામુનિ,
કરુણાનિધિ રે પ્રભુ પરમ ઉદાર... પ્રગટ૦ ૨
વ્હાલે કળીમધ્યે અતિ કરુણા કરી,
ધાર્યો દ્વિજકુળ રે ગુણનિધિ અવતાર... પ્રગટ૦ ૩
વહાલે સતયુગસમ ધર્મ સ્થાપીઓ,
ટાળ્યા નિજજનના મનથી મદભાર... પ્રગટ૦ ૪
એનો જે જેને કીધો આશરો,
તે તો તરી ગયાં રે કુળ સહિત સંસાર... પ્રગટ૦ ૫
મુક્તાનંદ કહે મહિમા અપાર છે,
કરે નિશદિન રે નેતિ નિગમ પોકાર... પ્રગટ૦ ૬

**પદ-૨**

પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ,
અધર્મ અંધારું ટાળીયું...ટેક૦
માયા રાત મુમુક્ષુની ટળી,
થયું હરિ મળતાં પૂરણ પ્રભાત... અધર્મ૦ ૧
સંશય શોક હર્યા સર્વે જીવના,
જેણે માની રે પ્રેમે વ્હાલાની વાત... અધર્મ૦ ૨
જૂઠા જ્ઞાની ઉલુક જગમાં હતા,
તે સંતાણા રે પાપી પર્વતમાંય... અધમ૦ ૩
કામ ક્રોધ લોભ જે ચોર તે,
ડરી ભાગ્યા રે રહેવા ઠામ ન ક્યાંય... અધર્મ૦ ૪

દેખી સંત કમળવન ફુલીયાં,
દુઃખ પામ્યા રે પાપી કુમુદ અપાર... અધર્મ૦ ૫
મુક્તાનંદ કહે મહાસુખ આપીયું,
એને વારણે રે જાઉં વારંવાર... અધર્મ૦ ૬

પદ-૩

કરી કરૂણા રે સ્વામિ સહજાનંદ,
પધાર્યા અખંડ સુખ આપવા...
જેન દર્શનથી દુષ્કૃત ટળે,
જેને સ્પર્શે રે પામે પાતક નાશ... પધાર્યા૦ ૧
જેનું ચરણ ગૃહે સુખ પામીયે,
વેગે નાશે રે મોહ માયાના પાસ... પધાર્યા૦ ૨
જેનો મહિમા અનંત અપાર છે,
શુક શારદ રે મુનિ નારદ ગાય... પધાર્યા૦ ૩
મતિમંદ ન જાણે એ મર્મને,
જેમ ઉલુકે રે રવિ નવ દેખાય... પધાર્યા૦ ૪
વ્હાલો નારદ નીગમના વેણને,
સત્ય કરવા રે પોતે શ્રીબદ્રીનાથ... પધાર્યા૦ ૫
મુક્તાનંદ કહે અધર્મ ઉથાપીયો,
ભક્તિ જ્ઞાન વૈરાગ્ય સ્થાપ્યા ગ્રહી હાથ... પધાર્યા૦ ૬

પદ-૪

પોતે પરિબ્રહ્મ રે સ્વામી સહજાનંદ,
બદ્રીપતિ પ્રબળ પ્રતાપ છે... ટેક૦
વ્હાલો ભરતખંડના નરનારને,
પોતે તપ કરી રે આપે ફળ સોય... બદ્રીપતિ૦ ૧
હરિના તપકેરાં પુણ્ય પ્રતાપથી.
થયા શુદ્ધ મન રે હરિજન સર્વ કોય... બદ્રીપતિ૦ ૨
સ્વામિનારાયણ મુખે ઓચરે,
તેને જન્મમરણ જમનો ભય જાય... બદ્રીપતિ૦ ૩





સર્વ નરકના કુંડ ખાલી કર્યા;
ભૂખ્યા જમગણરે કર ઘસી પસ્તાય... બદ્રીપતિ૦ ૪
પામ્યા અનંત જીવ હરિના ધામને,
તેની ગણના રે કહેતાં શેષ લજાય... બદ્રીપતિ૦ ૫
મુક્તાનંદ કહે મહિમા અતિ ઘણો,
તેને એક મુખેરે કવિ કેટલોક ગાય... બદ્રીપતિ૦ ૬

રાગ : ગરબી – પદ-૧

મોહનને ગમવાને ઇચ્છો માનની,
ત્યાગો સર્વે જૂઠી મનની ટેકજો;
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો,
હરિચરણે રહેજો અબળા થઈ છેક જો... મોહનને૦ ૧
વળી એક વાત કહું છું અધિક વિવેકની,
સાંભળ બેની તારા સુખને કાજ જો;
હરિજન સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગો મદ મત્સર જૂઠી કુળલાજ જો... મોહનને૦ ૨
સુખદાયક તું જાણે સુંદરશ્યામને,
અતિ દુઃખદાયક મન પોતાનું જાણજો;
મુક્તાનંદનો નાથ મગન થઈ સેવજો,
સમજી વિચારી બોલો અમૃતવેણ જો... મોહનને૦ ૩

પદ-૨

સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળીયું પયસાકરમાં અહિઝેર જો... સાંભળ૦ ૧
દાસી થઈને રહેજે દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો;
ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો... સાંભળ૦ ૨

પ્રીત કરે પુરુષોત્તમ સાથે નિત્ય નવી,
દાઝીશ માં દેખી કેનું સન્માન જો;
મુક્તાનંદનો નાથ મગ્ન થઈ સેવજો,
તો રીઝે રસિયો સુંદરવર કહાન જો... સાંભળ૦ ૩

પદ-૩

કહાન કુંવરની રીત સુણી મનમાં ધરો,
તો તમે રહેશો મગ્ન સદા હરિસંગ જો;
પુરુષોત્તમને નથી કોઈ પર પોતાતણું,
પૂરણકામ ન રાચે કેને રંગ જો... કહાન૦ ૧
કરુણાનિધિમાં કામાદિક વ્યાપે નહિ,
ઈચ્છા માનતણો નહિ અંતર લેશ જો;
કડવાં વેણ કહે પોતાના દાસને,
ઔષધ સમ આપે ઉત્તમ ઉપદેશ જો... કહાન૦ ૨
જે જે વચન કહે સુંદરવર શ્યામળો,
સુખ ઉપજે તેમ કરવો શુદ્ધ વિચાર જો;
મુક્તાનંદનો નાથ સદા સુખદાઈ છે,
એવું જાણી કરજો પૂરણ પ્યાર જો... કહાન૦ ૩

પદ-૪

સુખસાગર હરિવર સંગે સુખ માણજો,
અતિ ઘણી મહેરી કરી છે શ્રીમહારાજ જો;
પુરુષોત્તમ સાથે પૂરણ સગપણ થયું,
આપણ તુલ્ય નહિ કોઈ બીજું આજ જો... સુખ૦ ૧
રવિમંડળમાં રાતતણું દુઃખ નવ નડે,
પારસ પામે ધનદુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવબ્રહ્માદિક ગાય જો... સુખ૦ ૨
તન અભિમાન તજે પૂરણ સુખ પામીએ,
શામળિયા સંગ વાધે સાચી પ્રીત જો;





મુક્તાનંદ કહે મર્મ ઘણો છે એ વાતમાં,
જાણી લેજો અતિ ઉત્તમ રસ રીત જો... સુખ૦ ૩

રાગ : કાફી — પદ -૧

શ્યામરો નીકી બેન બજાવે. શ્યામ૦
એજી ઘરઘરસેં ગોપી ચલ આઈ, સુન મોરલી સુખ પાવે;
કોઈ સખી તાલ મૃદંગ બજાવત, કોઈ નાચે કોઈ ગાવે;
શ્યામ મન મોદ બઢાવે. શ્યામ૦ ૧
એજી કોઈ સખી અબીર ગુલાલ ઉડાવે, કોઈ પિચકારી ચલાવે;
કોઈ સખી નૌતમ કૌતક કરિકે મનમોહનકું રિઝાવે;
દેખી મોહન મુસકાવે. શ્યામ૦ ૨
એજી બ્રહ્મા ભવ સુરરાજ દેવમુનિ, કૌતુક દેખન આવે;
નાચત નભ અપછરા મુદીત મન, તાનસેં તાન મિલાવે;
દેખી મોહન મન ભાવે. શ્યામ૦ ૩
એજી જયજયકાર ભયો ત્રિભુવનમેં, દુંદુભિદેવ સું ગાવે;
મુક્તાનંદ ભાગ્ય વ્રજજનકે, નિગમ કહત મુરઝાવે;
શારદા અતિ સકુચાવે. શ્યામ૦ ૪

પદ-૨

શ્યામરે રંગ ધૂમ મચાવે. શ્યામ૦
એજી ચુવા ચંદન અબીર અરગજા, સંગ લીયે દોઉ ભાઈ;
કર સુંદર કંચન પિચકારી, છડકત ઈત ઉત ધાઈ,
મનહુ કરુણા ઝરલાઈ. શ્યામ૦ ૧
એજી ઉર વિશાલ ભુજદંડ પ્રલંબિત, ગજગતિ ચલત સુહાઈ;
સુંદર વદન કમલદલ લોચન, બોલે મંદ મુસકાઈ;
છબી બરની નહિ જાઈ. શ્યામ૦ ૨
એજી તાલ મૃદંગ ચંગ ડફ બાજત, સુન ગોપી સબ આઈ;
છડકત રંગ શ્યામકે તન પર, અરસપરસ ઉર ઝાઈ;
દેહશુધ સબ વિસરાઈ. શ્યામ૦ ૩

એજી બ્રહ્મરૂપ મુનિવર વિજ્ઞાનિ, વ્રજકિ કરત બડાઈ;
મુક્તાનંદ શ્યામસુંદર સંગ, પ્રીત સબનકી છાઈ;
મોહગઢ દિનોરે ઢાઈ. શ્યામ૦ ૪

**પદ-૩**

વ્રજમેં હરિ ખેલત હોરી, વ્રજ૦
એજી ઉતસેં આઈ કુંવરી રાધિકા, સંગ લે ગ્વાલન ટોરી;
ઈત વ્રજરાજ સખા સંગ લેકર, કેશર ગાગર ઘોરી;
પરસ્પર ખેલ મચ્યોરી. વ્રજ૦ ૧
એજી ઉડત ગુલાલ અરૂન ભયો અંબર, રંગ વરસે ચહુઓરી;
ઉમંગભરી ગોપી રંગ ડારત, શ્યામસુંદર પર દોરી;
દેખી રતિનાથ લજ્યોરી. વ્રજ૦ ૨
એજી મોહ મુખવિધુ દેખી થકિત ભઈ, શ્રીવૃષભાન કિશોરી;
પ્રેમમગન તનકી શુધ ભુલી, શોભિત માનું ચકોરી;
રહિ એકટક દગ જોરી, વ્રજ૦ ૩
એજી જેસેંહિ ખેલમેં ચતુર શ્યામરો, તેસેંહિ રાધિકા ગોરી;
મુક્તાનંદ મગન છબિ નિરખત, કહા વરનું મતિ થોરી;
રહો ઈન સંગ રતિ મોરી. વ્રજ૦ ૪

**પદ-૪**

પકરે વ્રજજન ગિરધારી. પકરે૦
એજી ઉમંગભરી ગોપી સબ આઈ, ખેલ મચાયો ભારી
ખેંચી લેઈ પીતાંબર મોરલી, હા હા કરત મુરારી;
હસત સબ દે કરતારી. પકરે૦ ૧
એજી જાહિ જપત મુનિવર વિજ્ઞાની, સકલ વાસના ટારી;
શારદ શેષ પાર નહિ પાવત, જાહિ જપત શ્રીમુરારી;
તાહિ ગોપી દેવત ગારી. પકરે૦ ૨
એજી કાલકો કાલ ઈશ ઈશનકો, જીત લીયો સુકુમારી;
કરજોરે પીતાંબર માગત, દેહું મોરલીયા પ્યારી;
ભઈ અબ જિત તુમારી. પકરે૦ ૩





એજી ભક્તાધીન નિગમ નિત્ય ગાવત, મુનિવર કહત વિચારી;
મુક્તાનંદ ભક્તવત્સલ પર, વારવાર બલહારી;
મગન કીની વ્રજનારી. પકરે૦ ૪

**રાગ : સારંગ જલક્રીડાનાં — પદ-૧**

જલક્રીડા ગિરધારી કરત નિત્ય જલક્રીડા ગિરધારી. ટેક૦
મતવારો જીમી જલમહીં ખેલત, સંગલીયે બ્રજનારી...કરત૦ ૧
ગ્રીષ્મકાલકો તાપ નિવારન, જલ છડકત સુકુમારી;
ગોપી કરત વિનોદ શ્યામસંગ, રીઝત કુંજવિહારી...કરત૦ ૨
ત્યું ઘનશ્યામ સબહી ગોપી પર, જલ છડકત મુદપાઈ;
મુક્તાનંદ કહે રસિક છેલકી, યા છબી બરની ન જાઈ...કરત૦ ૩

**પદ-૨**

યમુનામેં ઘનશ્યામ, ખેલત પ્રભુ યમુનામેં ઘનશ્યામ. ટેક૦
ચહુદીશ ગ્વાલસખાકે મંડલ, બીચ રાજત સુખધામ...ખેલત૦ ૧
જલકે પ્રવાહ મધ્ય પ્રભુ બેઠત, ચઢત કે શિર પર નીર;
મનહું શેષફણીજુત શ્રીવિષ્ણુ, યું સોહત બલવીર...ખેલત૦ ૨
જયજય શબ્દ કરત વ્રજવાસી, ગાવત નૌતમ ગીત;
મુક્તાનંદે શ્યામસોં સબહું, ભઈ હે અલૌકિક પ્રીત...ખેલત૦ ૩

**પદ - ૩**

કાલિંદી મધ્ય કહાન, રમત નિત્ય કાલિંદી મધ્ય કહાન. ટેક૦
ગોપી ગ્વાલ સખા સંગ લેકર, સુંદર શ્યામ સુજાન...રમત૦ ૧
સુરનરમુનિ સબ આયે દર્શહીત, છાયે હેં ગગન વિમાન;
પ્રેમમગન ગંધર્વ ગુણ ગાવત, તોરત નૌતમ તાન...રમત૦ ૨
યું બ્રજમેં નિત્ય નૌતમ લીલા, કરત સદા ઘનશ્યામ;
મુક્તાનંદકો પ્રભુ સુખસાગર, રાજત ગોકુલ ગામ...રમત૦ ૩

**પદ - ૪**

જલમેં જુગલકિશોર, બિરાજત જલમેં જુગલકિશોર. ટેક૦
શ્રીવૃષભાન કિશોરી રાધે, નંદનંદન ચિત્તચોર...બિરાજત૦ ૧
દોઉ જલક્રીડા કરત પરસ્પર, હસત સખીન કે વૃંદ;
મગન હોય ખેલત મનમોહન, નિરખત હોત આનંદ...બિરાજત૦ ૨

યું જલક્રીડા કરત પ્રિયાસંગ, સુંદર શ્યામ સુજાન;
મુક્તાનંદ રસિક પ્રીતમ પર, કીનો હે તન કુરબાન...બિરાજત૦ ૩

**રાગ : સામેરી મલાર રથયાત્રાનાં – પદ-૧**

આજ રથ બેઠે ગિરધારીરે, ચલો સખિ દેખનકું;
સોતો ભઈ શોભા અતિ ભારિ રે... ચલો૦
કંચનકી છત્રિ રથ ઉપર ધ્વજ તોરન છબિ છાજે રે;
તાપર કનક કલશ અતિ સુંદર રતનસેં જડિત વિરાજે રે... ચલો૦ ૧
તાતે તુરંગ શ્વેત અતિ સુંદર જોરે હે નવલ બિહારિ રે;
ચારૂ ચક્ર ફિરત અતિ બેગહિ હોવત ધુનિ જયકારિ રે... ચલો૦ ૨
જય જયકાર ભયો ત્રિભુવનમેં દુંદુભિ દેવ બજાવે રે;
મુક્તાનંદકે શ્યામકી શોભા બરનત શેષ લજાવે રે... ચલો૦ ૩

**પદ-૨**

દેખો રથ બેઠેહે નંદનંદા રે, સોહત સુખકંદા
યાહું નિરખત હોત આનંદ રે. સોહ૦
ભાલ વિશાળ નયન છબી નિરખત મોહી સકલ બ્રજનારી રે;
નખશિખ શોભાધામ રસિકવર પ્રીતમ નવલ વિહારી રે. સોહત૦ ૧
ઉર વૈજયંતિ માલ મનોહર શિર પર પાઘ વિરાજે રે;
મૂર્ત્તિ નીલજ જલદસમ નિરખત કોટી કામ છબિ લાજે રે. સોહત૦ ૨
નેંન સેંન સબ વ્રજવનિતાકે મન હરલિને મુરારી રે;
મુક્તાનંદ કહે પ્રભુ અલૌકિક છબિ ત્રિભુવનસે ન્યારી રે. સોહત૦ ૩

**પદ-૩**

દેખો રથ બેઠે હે અવિનાશી રે, સોહત સુખરાશી;
છબિ દેખી મગન બ્રજવાસી રે. સોહત૦
રામકૃષ્ણ દોઉ રથ પર બેઠે ચંચલ તુરંગ ચલાવે રે;
હોવત શબ્દ માનુ ઘન ગરજત શોભા બરની ન જાવે રે. સોહત૦ ૧
સુરનર મુનિ સબ આએ દર્શહિત રથયાત્રાકું જાનિ રે;
વિવિધભાંતિ બાજંત્ર બજાવત બોલત જયજયવાનિ રે, સો૦ ૨
રામકૃષ્ણ પ્રભુ રથ પર દેખી જન્મ સુફલ સબ કીનો રે;
મુક્તાનંદ મગન છબિ નિરખત લ્હાવ અલૌકિક લીનોરે. સો૦ ૩





**પદ-૪**

બેઠે રથપર દેવ મુરારિ રે, શ્રીપતિ સુખકારી;
દેખો ભક્તનકે ભયહારી રે. શ્રીપતિ૦
અતિ વિશાલ રથ સબહિ કનકમય મુક્તામાલ વિરાજે રે;
અનંત ભાંતિકે મુનિગન ઝલકત તાતે અધિક છબિ છાજે રે. શ્રી૦ ૧
સો રથમધ્ય શ્યામ સુંદરવર સબસે અધિક વિરાજે રે;
શોભાધામ શ્યામ મુખ નિરખત કોટિક રતિપતિ લાજે રે. શ્રી૦ ૨
સબ સામગ્રી સહિત રમાપતિ આયે હે અજ અવિનાશી રે;
મુક્તાનંદકો નાથ મનોહર રસિકરાય ગુણરાશિ રે. શ્રી૦ ૩

**પદ-૧**

મનડું રંગાયા વિનારે ભક્તિ ન ભાવે રે
ભીતર ભેદાણા વિના રે સમાધિ ન આવે રે
એવું સદગુરુ સાચું સમજાવે નારાયણ સ્વામી રે ...મનડું રંગાયા૦
મીરાબાઈ કેરું રે જ્યારે મનડું રંગાણું રે
ઝેરના કટોરા પચાવે રે નારાયણ સ્વામીરે
ભક્તિ જેને ભાવે રે સમાધિ તો આવે રે ...મનડું રંગાયા૦
ગુરુ રામાનંદજીએ જ્ઞાન એ બતાવ્યું રે
એવા ગુરુના ગુણને જે મુક્તાનંદ ગાવે રે
એવા સહજાનંદ સ્વામી પ્રગટ જે ભજે રે ...મનડું રંગાયા૦

**રાગ : ધોળ (રુકમણિ વિવાહ) પદ -૧**

કુંદનપુર વિવાહ રચ્યો, સૂણી ભૂપતિ ભીમકરાય;
કન્યા તે દેવા શ્રીકૃષ્ણને, આનંદ ઉર ન સમાય...૧
રુકમૈયે તે જાણિયું, ઉર વ્યાપ્યો અતિશે કાળ;
કન્યા ન આપું શ્રીકૃષ્ણને, એ છે ગાયો તણો રે ગોવાળ...૨
રુકમૈયાનું મન મેલું ને, તેડાવ્યો શિશુપાળ;
રુકમણીએ તે ખબર જાણી, ને અંતર ઊઠી ઝાળ...૩
દૂર ઘણી દ્વારામતી, રહ્યો લગ્ન વચ્ચે દિન એક;
અંતરજામી આવજો, રાખજો મારી રે ટેક...૪

એવું તે કહીને કુંવરી, કરી કાગળ લખવા આશ;
મુક્તાનંદ કહે માનુની, થઈ જગત થકી રે ઉદાસ...પ

**પદ-૨**

મારી સાર લેજો અવિનાશી રે, જાણી જનમો જનમની દાસી રે;
વાંચી કાગળ વેલેરા આવો રે, મારા તનના તે તાપ બુઝાવો રે...૧
દિન એક લગ્ન વચ્ચે જાણી રે, વે'લા આવજો સારંગપાણિ રે...૨
મેંતો તમ અરથે તન કરિયું રે, મેં તો તમ ચરણે ચિત્ત ધરિયું રે..૩
જોતાં વાટ નહીં આવો વે'લા રે, તજું પ્રાણ લગન પહેલા રે...૪
કહે મુક્તાનંદ મોરારી રે, વા'લા રાખજો ટેક અમારી રે...પ

**પદ-૩**

લઈને કાગળ વિપ્ર સિધાવ્યો રે, હરિની કરુણાથી દ્વારિકા આવ્યો રે;
દેખી દ્વારિકા મહાસુખ ધામ રે, જેના રાજા છે સુંદરશ્યામ રે...૧
વહાલો વિપ્રને આવતા જાણી રે, ઊઠ્યા સંમુખ સારંગપાણિ રે...૨
પૂછી ક્ષેમ ને કાગળ લીધો રે, વાંચી પત્ર હૈયે દ્રઢ કીધો રે...૩
પૂજ્યા વિપ્રને દઈ ઘણું માન રે, જાવા તૈયાર થયા ભગવાન રે...૪
સાથે વિપ્રને રથમાં બેસારી રે, ચાલ્યા કુંદનપુર શ્રી મોરારી રે...પ
એવા ભક્તવત્સલ શ્રીગિરધારી રે, જાય મુક્તાનંદ બલિહારી રે...૬

**પદ-૪**

માનિની મનમાં ચિંતવે, કેમ ના'વ્યા સુંદર શ્યામ;
વાર થઈ કેમ વિપ્રને, નવ સર્યું મારું કામ...૧
જો નહિ આવે જદુપતિ તો, તજીશ મારા પ્રાણ;
એવામાં દ્વિજ આવિયો, જેમ આવે રામનું બાણ...૨
વિપ્ર વદન જોઈ વનિતા, મન આનંદ વાધ્યો અપાર;
પ્રાણજીવન પધારિયા, જગજીવન જગદાધાર...૩
કુંદનપુર હરિ આવિયા, સૂણી ભૂપતિ ભીમકરાય;
સામા જઈ સન્માન કીધું, આનંદ ઉર ન સમાય...૪
ત્રિકમ તોરણ આવિયા, વરત્યો તે જયજયકાર;
મુક્તાનંદ કહે માનિનીના પુણ્ય તણો નહિ પાર...પ





**પદ-પ**

દેવી પૂજાનું મીષ લઈ પ્યારી રે, ચાલી નીરખવા કુંજવિહારી રે...૧
સાથે લીધો પૂજાનો સામાન રે, નેણે નીરખવા શ્રી ભગવાન રે...૨
હરિનાં ભક્ત અનાદિનાં માની રે, ભાવે પૂજિયાં ભવને ભવાની રે...૩
વળતાં રૂપ પ્રકાશિયું બાળી રે, પ્રેમે પામવા શ્રી વનમાળી રે...૪
સંગે અસુર હતા રખેવાળ રે, દેખી રૂપ પડ્યા તત્કાળ રે...પ
વેગે આવિયા અંતરજામી રે, મળિયા મુક્તાનંદના સ્વામી રે...૬

**પદ-૬**

કર સાહીને રથ પર લીધાં રે, મનવાંછિત કારજ સીધાં રે;
કન્યા હરણ કરી હરિ વળિયા રે, સેના સોતા ત્યાં બળભદ્ર મળિયા રે...૧
વાંસે રુકમૈયો ચડ્યો શિશુપાળ રે, લેશે કેમ કરી કન્યા ગોપાલ રે...૨
બાંધી દ્વારિકા માંહીથી લાવું રે, નહિ તો પુરમાંહી પાછો ન આવું રે...૩
જઈને જદુપતિસંગ જુદ્ધ કરિયું રે, વહાલે સર્વે તણો મદ હરિયું રે...૪
રુકમૈયાની વાઢી છે દાઢી રે, કાપી કેશને મૂક્યો છે કાઢી રે...પ
રુકમણીનો શોક નિવારી રે, મુક્તાનંદ કહે પધાર્યા મોરારી રે...૬

**પદ-૭**

માધવપુરનો માંડવો, આવે જાદવકુળની જાન;
પરણે તે રાણી રુકમણિ, વર વાંછિત શ્રીભગવાન...૧
જાદવ જાનૈયા થયા, વળી માંડવિયા પણ સોય,
વિધિ સહિત વિવાહ રચ્યો, કસર ન રાખી કોય...૨
માણેકસ્થંભ મંડપ રચ્યો, મધ્યે ચોરી બાંધી સાર;
મોહન આવ્યા માયરે, કોટિ ભુવનના કિરતાર...૩
માથે તે મુગટ જડાવનો, કાને કુંડળ મકરાકાર;
બાંયે બાજુબંધ બેરખા, કોટે કૌસ્તુભ મણિનો હાર...૪
શોભે ઘણા શણગારમાં, પીતાંબર અતિ ઉદાર;
હેમકડાં બેઉ હાથમાં, પાયે ઝાંઝરનો ઝમકાર...પ
વહાલાનું વદન સોહામણું જાણે ઊગ્યો પૂનમનો ચંદ;
મુક્તાનંદ કહે મોહનવરને, જોઈ થયો રે આનંદ...૬

**પદ-૮**

વળતી લાડડીને શણગારી રે, પીઠી ચોળીને પાટ બેસારી રે;
લીલી સાડી ધારી તન સારી રે, જેણે રીઝે તે શ્રી ગિરધારી રે...૧
સોળે શણગાર અંગ અંગ ધારી રે, ચાલી ભેટવા દેવ મુરારી રે...૨
સંગે માનિની મંગળ ગાય રે, તેની શોભા વર્ણવી ન જાય રે...૩
એવી રીતે મંડપ મધ્ય આવ્યાં રે, તેડી પિયુજી પાસે પધરાવ્યાં રે...૪
કર સાહ્યો ચરાચર સ્વામી રે, નારી માયરે મહાસુખ પામી રે...૫
શોભે માયરે મહા સુખકારી રે, જાય મુક્તાનંદ બલિહારી રે...૬

**પદ-૯**

વરકન્યાની જોડ બિરાજે રે, જોતા કોટિ કામ છબી લાજે રે;
વાજે દેવનાં વાજાં અપાર રે, પરણે અખિલ ભુવનના આધાર રે...૧
બ્રહ્મા ઉચરે વેદ વચન રે, જયજયકાર થયો ત્રિભુવન રે...૨
ચારે ફેરા હરિસંગ ફરિયાં રે, નારી જગના જીવનને વરિયાં રે...૩
શોભે અખંડ અલૌકિક જોડ રે, માથે બતરીશ ભમરીને મોડ રે...૪
લાડો લાડી જમે છે કંસાર રે, જેનો નિગમ ન પામે પાર રે...૫
મુક્તાનંદ કહે મહાસુખકારી રે, એવાં ચરિત્ર કરે ગિરધારી રે...૬

**પદ-૧૦**

કંસાર જમતાં કામિની, બોલે વિવિધ વચન રસાળ;
શ્યામ સુંદર તેને સાંભળે હસતા તે દીનદયાળ...૧
બંદીજન જય જય કરે, ગાય ગાંધર્વ મધુરાં ગાન;
અનંત નાચે અપસરા, સુર આવ્યા ચડી વિમાન...૨
બ્રહ્માદિક સુર પુષ્પની, વૃષ્ટિ કરે તે વારંવાર;
ઢોલ નગારાં ગડગડે, વાજિંત્રનો નહિ પાર...૩
ચારે મંગળ વરતિયાં, વર કન્યાની ભલી બની જોડ;
રુકમણી લઈને આવિયા, દ્વારકા શ્રી રણછોડ...૪
દીન જાણીને દયા આણી, પૂરી મનની આશ;
મુક્તાનંદ કહે ચરણ સેવા, દઈને રાખ્યાં પાસ...૫





**પદ-૧૧**

શ્રીકૃષ્ણ પરણ્યા રુકમણીને, આવ્યા તે નગર મોઝાર;
જેણે એ વિવા નીરખ્યો, તેનાં પુણ્ય તણો નહિ પાર...૧
પ્રેમેશું માતાએ પોંખિયા, જગજીવન જગદાધાર;
લઈ ઉમંગે શ્યામનાં વારણાં વારંવાર...૨
પુરવાસી સહુ પ્રેમશું, નીરખતાં નટવર નાથ;
જન્મ સુફળ કરી જાણીયો, મહા સુખી થયો સર્વ સાથ...૩
રુકમણીએ જે ધારિયું, તે સાચું કીધું શ્યામ;
ભક્ત જનના લાડ પાળે એવા છે કરુણાના ધામ...૪
અધમ જન ઓધારવા, થયા મનુષ્ય રૂપે મહારાજ;
પાવન જશ વિસ્તારિયો, સૂણતાં તે સીજે કાજ...૫
નરનારી જે રુકમણીનો, વિવા શીખે ને ગાય,
તેને તે રીઝે શ્રીહરિ, સરવે પાતક પ્રલય થાય...૬
શેષજી પાર ન પામિયા, કેતાં તે હરિજશ સાર;
તોય તેના ગુણ ગાવતાં, જાણીને અધમ ઓધાર...૭
મુક્તાનંદ કહે મહાપ્રભુની, અચળ જુગ જુગ જોડ,
શ્રોતાજન જે સાંભળો, તે બોલો જય શ્રીરણછોડ...૮

**રાગ : ફટાણાના ધોળ - પદ-૧**

અવિદ્યા છે નકટી નાર, પ્રભુથી પાછી ભાગે જો;
એનું કહ્યું કરે તેને સાથ, જમનું લા'રૂં લાગે જો...૧
જમનું છે જબરું જોર, મારશે મોઢું બાંધી જો;
બોલો છો ફાટ્યા બોલ, આવડી શું આવી આંધી જો...૨
બૂડી મરો લાગે છે લાજ, વેણ શું વાંકાં કાઢો જો;
પ્રભુ વિના કાઢે જો બોલ, જીભડીને ઘસી વાઢો જો...૩
હરિ ભજે લાગે છે લાજ, કુંડમાં કેવા રાજી જો;
મુક્તાનંદ કહે મૂરખ લોક, પાધરાં દીસે પાજી જો...૪

**પદ-૨**

નાની મોટી વરતિયું, સંભાળીને લેજો;
જગના જીવનને, કોઈ દોષ મત દેજો...૧

સુરતે સંભાળ્યા વિના, ભ્રષ્ટ મતિ થાશે;
વિમુખ થઈને, ઘણાં ખાસડા ખાશે...૨
સમજુને શીખ લાગે, ભજે અવિનાશી;
મૂરખ ન માને, ગળે પડે જમ ફાંસી...૩
પ્રભુને જે ભજે તેને સઘળે છે સારું;
મુક્તાનંદ કહે, મૂરખને સઘળે અંધારૂં...૪

**પદ-૩**

દુર્લભ અવસર આવ્યો, ભજી લિયો અવિનાશી;
પ્રગટ થયા છે, વા'લો વૃંદાવનના વાસી...૧
દરશન દઈને દુખડા કાપે, શ્રી ગિરધારી;
શ્વાસે ને ઉચ્છવાસે ભજો, દેવ મોરારી...૨
આ અવસર નહીં ચેતે તે તો, ઘણું દુઃખ સે'શે;
ઊંટ ને ગધેડા, થઈને ભાર ઘણો વે'શે...૩
પ્રભુને વિસારી જે કોઈ, બીજે ચાળે ચડશે;
મુક્તાનંદ કે મૂઢમતિ, નરકમાં પડશે...૪

**પદ-૪**

આજ ભવજળ પાર ઉતરિયા રે, આનંદ ભરિયા,
મારાં સે'જે તે કારજ સરિયાં રે આનંદ૦ ૧
મેં તો લોકની લજ્જા ત્યાગી રે આનંદ૦
મારી મતિ મોહન સંગ લાગી રે આનંદ૦ ૨
મદ મોહ ને રોતા કરિયા રે આનંદ૦
મેં તો સુંદરવર ઉર ધારી રે આનંદ૦ ૩
મુક્તાનંદ કહે મોહન ઉર ધારી રે આનંદ૦
મેં તો દુરમતિ દુગ્ધા વિસારી રે આનંદ૦ ૪

**રાગ : ધોળ-પદ-૧**

સુખદાયક રે (૨) સાચા સંતનો સંગ... સંત સમાગમ કીજીએ;
જીરે સંત સમાગમથી ટળે, આશા તૃષ્ણા રે (૨) ઈર્ષા અભિમાન;
મોહ મત્સર મમતા બળે, પ્રગટે ઉરમાં રે (૨) પ્રભુનું દ્દઢ જ્ઞાન...સંત૦ ૧





જીરે સંત સમાગમથી થયાં, મુનિ નારદ રે (૨) હરિનું મન આપ;
અનેક પતિત ઉદ્ધારીયા, જેના જશનો રે (૨) મોટો પરતાપ...સંત૦ ૨
જીરે સિદ્ધ થયાં સતસંગથી, શુક આદિક રે (૨) મુનિવર સુખરૂપ;
ચિત્ત ચોટ્યું હરિચરણમાં, જાણ્યો સંતથી રે (૨) મોટા મર્મ અનુપ...૦ ૩
જીરે મહિમા મોટો છે મહંતનો, જેને સેવે રે (૨) છૂટે માયાનું જાળ;
પ્રીતિ વધે પરબ્રહ્મમાં, મુક્તાનંદ કહે રે (૨) તજી આળપંપાળ...સંત૦ ૪

**પદ-૨**

બડભાગી રે (૨) પામે સંતનો સંગ... સંતથી મહાસુખ પામીયે;
જીરે સંત બડા પરમારથી, ટાળી ઉરથી રે (૨) અવિદ્યા અભિમાન;
જનમ સુફળ કરે જંતનો, આપે અનુભવી રે (૨) પ્રભુ પ્રગટનું જ્ઞાન...સંતથી૦ ૧
જીરે પ્રભુ સંગ પ્રીતિ વધારવા, ફરે જગમાં રે (૨) સાચા સંત સુજાણ;
પરમાત્મા પ્રિછાડવા, પરમારથી રે, (૨) આપે પદ નિરવાણ...સંતથી૦ ૨
જીરે સંતના જશ શ્રીમુખે કહ્યા, ગીતા મધ્યે રે (૨) ગોવિંદ સુખધામ;
અનુભવી મારો આત્મા, જેના મનથી રે (૨) ટળ્યા ક્રોધને કામ...સંત૦ ૩
જીરે સંત વચન ભાવે સુણે, તેનાં પાતક રે (૨) પામે સર્વનાશ;
પ્રીત વધે પરબ્રહ્મમાં, મુક્તાનંદ કહે રે (૨) પામે પદ અવિનાશ...સંત૦ ૪

**પદ-૩**

સાચા સાધુ રે (૨) સુંદર ગુણધામ, સમજીને સતસંગ કીજીએ;
જીરે સંત સુલક્ષણના ભર્યા, અવગુણનો રે (૨) ઉરમાં નહિ લેશ;
મહાનુભવ તે મુનિ ખરા, આપે સૌને રે (૨) સાચો ઉપદેશ...સમ૦ ૧
જીરે સંત સદા શીતળ રહે, ક્યારે ન તપે (૨) કામ ક્રોધની જાળ;
લોભ તજી હરિને ભજે, ધારે ઉરમાં રે (૨) દ્દઢ કરી શ્રીગોપાળ...સમ૦ ૨
જીરે ત્રિભુવનની સંપત મળે, તોય ન તજે રે (૨) અર્ધ પળ હરિધ્યાન;
બ્રહ્મરૂપ થઈ હરિ ભજે, એવા સંતને રે (૨) કીચ કંચન સમાન...સમ૦ ૩
જીરે એમ શુભ લક્ષણ ઓળખી શુદ્ધ ભાવે રે (૨) કરવી સંતની સેવ;
હરિસમ હરિજન જાણવા, મુક્તાનંદ કહે (૨) તે તરે તતખેવ...સમ૦ ૪

**પદ-૪**

સદા કરવો રે (૨) હરિજનનો રે સંગ, દુર્લભ દર્શન સંતનાં;
જીરે સંત શ્રીહરિ, સદા રહે છે (૨) વાલો વૈકુંઠનાથ;

સર્વે તીરથ તેનાં ચરણમાં, એવાં સંતથી રે (૨) વેગે થાયે સનાથ...દુર્લભ૦ ૧
જીરે સંત મળ્યા તેને હરિ મળ્યા, એનો મહિમા રે (૨) વદે વેદપુરાણ;
સાખ્ય પ્રગટ સંસારમાં શુક નારદ રે (૨) પામ્યા પદ નિવારણ...દુર્લભ૦ ૨
જીરે સંત વચન સાચા ગણી, ગયો વનમાં રે (૨) ધ્રુવ નાનો બાળ;
પ્રગટ પ્રભુને તે પામિયો, થયો અવિચળ રે (૨) જશ વાધ્યો વિશાળ...દુર્લભ૦ ૩
જીરે એવું જાણી અહંતા તજી, શુદ્ધ ભાવે રે (૨) કરવી સંતની સેવ;
મનુષ્યભાવ મનથી તજો, મુક્તાનંદ કહે રે (૨) સાચા સંત છે દેવ...દુર્લભ૦ ૪

**રાગ : ભૂપાલી કલ્યાણ — પદ-૧**

સંત જન સોઈ સદા મોઈ ભાવે,
દેહ ઈન્દ્રિય અરુ મન આદિકકે, સંગમેં નહીં લપટાવે...સંત૦
કામ ક્રોદ અરુ લોભ મોહ વશ, હોય ન મન લલચાવે;
મેરો હિ ધ્યાન રટન મુખ મેરો, સો તજી અન્ય ન જાવે...સંત૦
ક્ષર અક્ષર અરુ અક્ષર પરકી, સબહી સમજ ઉર લાવે;
સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુનકો માન ન આવે...સંત૦
પિંડ બ્રહ્માંડસે પર નિજ આતમ, જાનીકે મમ ગુન ગાવે;
મુક્તાનંદ કહત યું મોહન, સોઈ જન સંત કહાવે...સંત૦

**પદ-૨**

નારદ એસે સંત સુખદાયી મોઈ પ્યારા,
જડ ચૈતનકું જાની જથારથ, રહત જગતસેં ન્યારા...નારદ૦
જ્ઞાન વૈરાગ્ય ભક્તિકે ભાજન, જાનત સાર અસારા;
બ્રહ્મ ભુવન લગી કાલ ચવીના, માનત જૂઠ પસારા...નારદ૦
મેરે વચન અચલ ઉર રાખત, મમ ગુન મગન ઉદારા;
સબ પર મોય જાની ઉર ધારત, મમ પદ પ્રેમ અપારા...નારદ૦
મમ ગુન શ્રવન મનન ઉર મેરો, મમ જશ કરત ઉચારા,
મુક્તાનંદ કહત યું મોહન, તેહી ઉર વાસ હમારા...નારદ૦

**પદ-૩**

નારદ મેરે સંતસે અધિક ન કોઈ,
મમ ઉર સંતન અરુ મેં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ...નારદ૦





કમલા મેરો કરત ઉપાસન, માન ચપળતા ધોઈ;
યદ્યપિ વાસ દિયો મેં ઉર પર, સંતન સમ નહિ સોઈ...નારદ૦
ભૂકો ભાર હરું સંતન હિત, કરું છાયા કર દોઈ;
જો મેરે સંતકુ રતિ એક દૂવે, તેહી જડ ડારું ખોઈ...નારદ૦
જીન નરતન ધરી સંત ન સેવે, તીન નિજ જનની બિગોઈ;
મુક્તાનંદ કહત યું મોહન, પ્રિય મોયે જન નિર્મોહી...નારદ૦

**પદ-૪**

નારદ ઐસી સાચે સંતકી રીતિ,
જેહી સુની સાધુ પરત પિછાને, જીનકો મમ પદ પ્રીતિ...નારદ૦
ખટ વિકાર જીત અનઘ આનંદી, મેરે વચનમેં વાસા;
બ્રહ્માદિક ક્ષર જાની જગતકી, છોડત સબ વિધિ આશા...નારદ૦
અક્ષરપદ જાનત અવિનાશી, તેહી મધ્યે મુક્ત અપારા;
પંચ વિષય ત્યાગી સબ સમરથ, કરત કાલક ચારા...નારદ૦
ક્ષર અક્ષર પર મોકું જાનત, સબ અક્ષરકો સ્વામી;
અપનો રૂપ શુદ્ધ બ્રહ્મ માનત, મેરો જન નિષ્કામી...નારદ૦
ઐસે મેરે જન એકાંતિક, તેહી સમ ઓર ન કોઈ;
મુક્તાનંદ કહત યું મોહન, મેરો સર્વસ્વ સોઈ...નારદ૦

**રાગ : ગરબી — પદ-૧**

સહજાનંદ સ્વામી રે, ભજ દઢે ભાવ કરી;
આવો અવસર દુર્લભ રે વારે વારે ના’વે ફરી...૧
તું તો સત્ય કરી માને રે, સંતની વાતલડી,
તજી દેજે તું વેગે રે, મન કેરી ઘાતલડી...૨
પરધન પરનારી રે, તજી સતસંગ કરે,
હરિવિમુખની સંગત રે, વિષ જાણી પરહરે...૩
મારું કહ્યું સત્ય માને રે, જાવું છે જરૂર મરી;
કર પુણ્ય પરમારથ રે, સંપત રહેશે ધરી...૪
એવું સમજી વિચારી રે, પાણી પહેલી પાળ કરો;
વાલો મુક્તાનંદનો રે, ભજી ભવકષ્ટ તરો...૫

પદ-૨

સ્વામિનારાયણ કહેતાં રે, કેમ તું લાજે છે ?
તારા શિર પર વેરી રે, જમરા ગાજે છે...૧
જમદૂત જોરાવર રે, લેશે તારા પ્રાણ હરી;
તારાં સગાં ને સંબંધી રે, રહેશે હાય હાય કરી...૨
જેને કાજે કરે છે રે, કુકરમ અતિ ભારી;
તે તો સંગે ન ચાલે રે, નવ જોબન નારી...૩
જાશે પાપે પોતાને રે, નરકમાં જમ સંગે;
પીશે લોહી તે તારું રે, ચીરી ચીરી સહુ અંગે...૪
એવું સમજી વિચારી રે, શ્રીહરિને ભજજે;
મુક્તાનંદ સત્ય કહે છે રે, સરવે કુકરમ તજજે...૫

પદ-૩

ઘનશ્યામને સેવો રે, કુમતિને દૂર કરી;
એ છે સરવેના સ્વામી રે, પ્રગટ પ્રમાણ હરિ...૧
જેનું ધ્યાન ધરે છે રે, મહા મુનિ શુક જેવા;
જેના પાદપંકજની રે, કરે કમળા સેવા...૨
એવા શ્રી નારાયણ રે, ભજે તેનાં કષ્ટ હરે;
એને ઈષ્ટ જે જાણે રે, તે તો કુળ સહિત તરે...૩
વાલો નિજ તપનું ફળ રે, સહુને આપે છે;
ધરી રૂપ અલૌકિક રે, ભવદુઃખ કાપે છે...૪
એવા પ્રગટ પ્રભુને રે, ભજો ભ્રમણા ત્યાગી;
મુક્તાનંદ કે' હરિ ભજી રે, થાશો બડભાગી...૫

પદ-૪

શ્રી નારાયણ ભજજો રે, શુદ્ધ થઈ નર નારી;
ભવસાગર તો તરશો રે, થાશે સુખ અતિ ભારી...૧
ખર શબ્દ સરીખી રે, દુરિજનની વાણી;
તેને ઉરમાં ન ધરજો રે, દુઃખદાયક જાણી...૨
કામી ક્રોધી ને લોભી રે, લંપટ જે નગરા;
તેને સંત ન ગણશો રે, તે તો જમદૂત ખરા...૩





કહી સત્ય શિખામણ રે, તેને નિંદા કહેશે;
તે તો જમપુરી કેરું રે, દારુણ દુઃખ સહેશે...૪
સંત અસંતને સમજી રે, ભાવે હરિભજન કરો;
મુક્તાનંદ કે' નારાયણ રે, નામે ભવ સિંધુ તરો...૫

રાગ : માલિગડો

હરિજનને ઘેર બેઠાં તીરથ, નિત્ય ગોવિંદ ગુણ ગાવે રે,
અડસઠ તીરથ સંત સભામાં, અણતેડ્યાં નિત્ય આવે રે.
સંત સભામાં શ્રી પુરુષોત્તમ; અખંડ રહે અવિનાશી રે;
રિદ્ધિસિદ્ધિ હાજર રહે કર જોડી, મુક્તિ ચાર એની દાસી રે.
હરિના જન મુક્તિ નવ માગે, પ્રભુસંગે પ્રીતે બંધાણી રે;
મુક્તાનંદના નાથનો મહિમા, લીધો યથારથ જાણી રે.

રાગ : ગોડી — પદ-૧

હરિ બિન કોઈ ન તેરા, સમજ નર હરિ બિન કોઈ ન તેરા;
ચાર દિનકી ચાંદની બીતે, આગે બોત અન્ધેરા...સમજ૦ ૧
મનુષ્ય દેહ દયા કરી દીની, તાતે ચેત સવેરા;
અબકો અવસર ભૂલ જાયેગો, સહેગો દુઃખ ઘનેરા...સમજ૦ ૨
ભરતખંડ મધ્યે જનમ દિયો હૈ, જહાં પ્રભુ પ્રગટ બસેરા;
નરનારાયણ નામ રટણ કરી, પાર કરો ભવ ફેરા...સમજ૦ ૩
કામ ક્રોધ મદ લોભ માન તજી, હો સંતનકા ચેરા;
મુક્તાનંદ કહે મહાસુખ પાવે, માન્ય બચન દૃઢ મેરા...સમજ૦ ૪

રાગ : ગરબી — પદ-૧

જન્મ સુધાર્યો રે મારો, મળીયા નટવર નંદદુલારો...ટેક૦
કરુણા અતીશે રે કીધી, ભવજળ બુડતાં બાંહ્ય ગ્રહી લીધી...૧
મુજ પર અઢળક રે ઢળીયા, કરુણા કરી ઘેરબેઠાં મળીયા...૨
મન દૃઢ કરીયું રે મોરારી, હવે હું થઈ રહી જગથી ન્યારી...૩
આનંદ ઉરમાં રે ભારી, શિર પર ગાજે ગિરિવરધારી...૪
નીરભેની નોબત રે વાગી, કહે મુક્તાનંદ ભ્રમણા ભાગી...૫

**પદ-૨**

ભ્રમણા ભાગી રે હૈયાની, નથી એ કેને વાત કહ્યાની...ટેક૦
વીતી હોય તે રે જાણે, અણસમજ્યા મન ઈર્ષા આણે...૧
જે રસ મુનિવર રે માણે, વ્હાલે મારે સુગમ કર્યો આ ટાણે...૨
પ્રેમીજનનો રે પ્યારો, મુજને મળીયો નંદદુલારો...૩
મહારસ મુજને રે આપ્યો, સંશય ભરમ સમૂળો કાપ્યો...૪
હવે હું મહાસુખ રે પામી, વરીયા મુક્તાનંદના સ્વામી...૫

**પદ-૩**

મહાસુખ મુજને રે આપ્યું, જોને સંકટ જન્મ દુઃખ કાપ્યું...ટેક૦
પુણ્ય પુરવનાં રે ફળીયાં, મળતાં તાપ હૃદેનાં ટળીયાં...૧
દર્શન દુર્લભ રે પામી, હવે મારી સકળ વેદના વામી...૨
આનંદ ઉરમાં રે ભારી, હવે હું ન રહું કોઈની વારી...૩
હરિસંગ હેતે રે બંધાણી, હેવ મુને ન ગમે બીજી વાણી...૪
અખંડ એવાતન રે દીધું, કહે મુક્તાનંદ કારજ સીધ્યું...૫

**પદ-૪**

બાંય ગ્રહી છે રે વહાલે, કરુણા કરી નટવર નંદલાલે...ટેક૦
હવે નહિ કોઈની રે ઓસિયાળી, શિરપર વિઠ્ઠલવર વનમાળી...૧
ભવબ્રહ્માના રે સ્વામી, મુજને મળીયા અંતરજામી...૨
ઘેર ઘેર લોકડાં રે કહે છે, મેણું મુને નંદના નંદનનું દે છે...૩
લાજ ન મનમાં રે આંણું, અતીશે ભાગ્ય ભલું કરી જાણું...૪
કોઈવિધિ ન રહી રે ખામી, મળીયા મુક્તાનંદનો સ્વામી...૫

**રાગ : કાફી ગરબી — પદ-૧**

હરિ હૈયાના હાર છોજી રે, તમે હરિ હૈયાના હાર છો;
સેજ તણા શણગાર છો...જીરે૦
મુખથી શું ઘણું કહીએ મોહન રે, પ્રાણતણા આધાર છો...જીરે૦ ૧
વાલપણામાં અતીશે વ્હાલા રે, નટવર નંદકુમાર છો...જીરે૦ ૨
દુરીજનીયાને દૂર ઘણા છો રે, પ્રેમી તે જનના પ્રાણ છો...જીરે૦ ૩





મુક્તાનંદ કહે નટ નાટક ધરી રે, શરણાગતના સાર છો...જીરે૦ ૪

**પદ-૨**

નયણાં ઠરે છે જોઈને રે, મારાં નયણાં ઠરે છે જોઈને;
રહી છું મોહનસંગે મોહીને રે...મારાં૦
જે દિનમાં દર્શન નવ પામું રે, તે દિન વીતે રોઈને રે...મારાં૦ ૧
લોકડીયાની લાજ ન રાખું રે, કે મારાં વેણ વગોઈને રે...મારાં૦ ૨
શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે, રંગે ન રાચું કોઈને રે...મારાં૦ ૩
મુક્તાનંદ મોહનવર પામી રે, કુળ મરજાદા ખોઈને રે...મારાં૦ ૪

**પદ-૩**

મોહ્યું નયનની સાનમાં રે, મન મોહ્યું નયનની સાનમાં; વાંસલડીના તાનમાં રે...મન૦
કામ ને કાજ મુને કાંઈ નવ સુજે રે, ગિરધરજીના ગાનમાંરે...મન૦ ૧
આંખડલી અણિયાળી જોઈને રે, કુંડળની છબી કાનમાં રે...મન૦ ૨
મન ગમે તેમ મુખથી બોલું રે, જાણે બેઠી છું રાનમાં રે...મન૦ ૩
મુક્તાનંદ કહે થઈ મતવાલી રે, વાલમજીના વાનમાં રે...મન૦ ૪

**પદ-૪**

કાનુડા સંગ મન લાગ્યું, સૈયર મારું, કાનુડા સંગ મન લાગ્યું;
વ્રેહેનુંતે બાણ ઉર વાગ્યું...સૈયે૦
શ્યામ વિના હું ચૌદ ભુવનમાં રે, અળગી નવ અનુરાગું...સૈયર૦ ૧
મોહનવર સાથે મન માન્યું રે, બીજું તે કાંઈ નવ માગું...સૈયર૦ ૨
ફૂલડે સેજ સમારી સુંદર રે, વાટડી જોઈ જોઈ જાગું...સૈયર૦ ૩
મુક્તાનંદ મોહનવર મળતાં રે, જન્મ મરણ દુઃખ ભાગ્યું...સૈયર૦ ૪

**રાગ : ધોળ — પદ-૧**

ગોપી...નાથ આવો મારે ઓરડે, તમ સાથે રે વાધ્યો પૂરણ પ્યાર...નાથ૦ ૧
મેં તો શેરી વળવીને સજ્જ કરી, શેરડીયે રે વેર્યાં ફૂલ અપાર...નાથ૦ ૨
મેં તો મોતીડે ચોક પુરાવીયા, પ્રેમે બાંધ્યાં રે તરીયાં તોરણ દ્વાર...નાથ૦ ૨
મેંતો જુગતેથી તમને જમાડવા, ભાવે ભોજનરે કીધાં વિવિધ પ્રકાર...નાથ૦ ૪
મેં તો પલંગ બિછાવ્યો પ્રીતશું, વેગે સજીયા રે સોળે શણગાર...નાથ૦ ૫

હું તો ચાત્રક સરખી થઈ રહી, તમ કારણે રે પ્યારા પ્રાણ આધાર...નાથ૦ ૬
મારે તમસંગ પૂરણ પ્રીતડી, તેણે વિષસમ રે થયો સર્વે સંસાર...નાથ૦ ૭
મુક્તાનંદના શ્યામ સુજાણ છો, હવે શું કહું રે હું તો વારંવાર...નાથ૦ ૮

પદ-૨

ગોપી...નાથ રહો મારા મહોલમાં, સુખદાયક રે પ્યારા શ્રીઘનશ્યામ..નાથ૦ ૧
મેં તો તન ધન તમ અર્થે કર્યું, મારી પૂરો રે હૈડા કેરી હામ...નાથ૦ ૨
મેં તો શંકા તજી રે સંસારની, તમ સાથે રે કીધી પૂરણ પ્રીત...નાથ૦ ૩
હું તો હાથ જોડી હાજર રહું, તમને સેવું રે રસીયા રસરીત...નાથ૦ ૪
એક નીમખ ન મેલું વેગળા, કરી રાખું રે મારા હૈયાના હાર...નાથ૦ ૫
મારે તમથી વ્હાલું કોઈ નથી, પુરુષોત્તમ રે પ્યારા પ્રાણ આધાર...નાથ૦ ૬
ક્યારે મરજી લેશ લોપું નહિ, જે જે જોયે રે તે તે રાખીશ તૈયાર...નાથ૦ ૭
મુક્તાનંદના શ્યામ છબીલડા, તમ સાથે રે વાધ્યો પ્રેમ અપાર...નાથ૦ ૮

પદ-૩

પ્યારા...મુજને લાગી તારી મોહની, રસીયાવર રે તારું જોઈને રૂપ...મુજને૦ ૧
તારાં નેણ ચપળ ચિત્તને હરે, મીઠી મુખની રે સુણી વાણી અનુપ...મુજને૦ ૨
વાંકી પાઘમાં તોરા ઝુકી રહ્યા, જોતાં હૈડે રે ફૂલડાં કેરા હાર...મુજને૦ ૩
અંગોઅંગમાં આભ્રણ ફૂલનાં, તેને નીરખી રે વાધ્યો વિરહ અપાર...મુજને૦ ૪
તારા મુખપંકજને માવજી, જોતાં નેણાં રે મારાં તૃપ્ત ન થાય...મુજને૦ ૫
તમને અણદીઠે થાઉં આંધળી, જોતા રસીયા રે હૈડે હરખ ન માય...મુજને૦ ૬
હું તો પ્રેમદીવાની થઈ રહી, તેણે ભૂલી રે જૂઠો જગવ્યવહાર...મુજને૦ ૭
મુક્તાનંદના પ્રીતમ નહિ તજું, કરી રાખશી રે મારા હૈડાના હાર...મુજને૦ ૮

પદ-૪

મારાં...નેણાં ઠરે છે જોઈને, મનમોહન રે તારું રૂપ રસાળ...નેણા૦ ૧
માથે મોરમુગુટ સોહામણો, કાને કુંડળ રે ગળે મોતીની માળ...નેણા૦ ૨
રૂડું મંદ હાસ્ય મનને હરે, વાંક ભ્રકુટી રે શોભે ભાલ વિશાળ...નેણા૦ ૩
તારા લોચનની છબી લાલજી, જોતાં રસીયા રે વશ થઈ તત્કાળ...નેણા૦ ૪
કોટી પતીતને પાર ઉતારવા, દગ ગોચર રસીયા તારું રૂપ...નેણા૦ ૫
મને પ્રગટ મળ્યા તમે માવજી, સુખદાયક રે કોટી ભુવનના ભૂપ...નેણા૦ ૬





મારું મન તમને સાથે વળગ્યું, મુને લાગ્યો રે રસીયા તારો રંગ...નેણા૦ ૭
મુક્તાનંદના નવલ સ્નેહીડા, મારા ઉરમાં રે ન સમાય ઉમંગ...નેણા૦ ૮

રાગ : મલાર — પદ-૧

મારા વ્હાલાજી શું વાલપ દીસે રે...તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે...તેનો૦ ટેક૦
સન્મુખ થાતાં શંકા ન કીજે, જો ભાલાતણો મે વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી કાયા પડસે રે...તેનો૦ ૧
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુની સંગે રહી રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું દુઃખ સર્વે સહીએ રે...તેનો૦ ૨
અમૃતથી અતિ મીઠાં મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્માભવસનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે...તેનો૦ ૩
નર્કકુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે...તેનો૦ ૪

પદ-૧

સજની કોડે આનંદ મારે ઘેર, શ્રીજી પધાર્યા,
આવી મારા તનડાના તાપ નિવાર્યા રે, કોડે આનંદ..
હરખે શું ઉઠી હું તો સનમુખ ચાલી.
તેડી બેસાર્યા મેં તો બાંયલડી જાલી.
અક્ષરના વાલીડાને થાવાને વાલી, વાલી, વાલી, સજની કોડે...
સન્મુખ બેસી હું તો નિરખવા લાગી,
લોકડીયાની મેં તો લજ્જા રે ત્યાગી.
મુખડું જોઈને મ ારી ભૂખલડી ભાંગી, ભાંગી, ભાંગી, સજની કોડે...
હરિને જમાડ્યા મેં તો હાથે સાહેલી,
કુળની મર્યાદા મેં તો કોરે જઈ મેલી.
શ્રીજીને નીરખી હું તો થઈ છું રે ઘેલી, ઘેલી, ઘેલી, સજની કોડે...
પાનની બીડી મેં તો પ્રેમેથી આલી.
હસીને હોશીલે વાલે, મુખડામા જાલી
પ્રિતે આવીને મારા મુખડામાં આલી, આલી, આલી, સજની કોડે...

રંગના રંગીલા મુજને રંગ લાગ્યો તારો,
કેડે ફરે છે જીવન પ્રાણ અમારો,
મુક્તાનંદ કહે છે, મારો જનમ સુધાર્યો, સુધાર્યો, સુધાર્યો, સજની કોડે...

**રાગ : ગરબી — પદ-૧**

વ્હાલા રૂમઝૂમ કરતા કહાન, મારે ઘેર આવો રે;
મારા પૂરા કરવા કોડ, હસીને બોલાવો રે...૧
મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ સોહાગી રે;
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગી રે...૨
વ્હાલા અબળા ઉપર મહેર, કરજો મોરારી રે;
હું તો જન્મોજન્મની નાથ, દાસી તમારી રે...૩
મારા પ્રાણતણા આધાર, પ્રીતમ પ્યારા રે;
પળ રહો મા નટવર નાવ, મુજથી ન્યારા રે...૪
આવો છોગાં મેલીને શ્યામ, ધડક મ ધારો રે;
મેં તો ફૂલડે સમારી સેજ, શ્યામ સુધારો રે...૫
વ્હાલા નયણાતણું ફળ નાથ, મુજને આપો રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડાં કાપો રે...૬

**પદ-૨**

હું તો છું ઘણી નગણી નાર, તોય તમારી રે;
તમે ગુણસાગર ગોપાળ, દેવ મોરારી રે...૧
મુને કરી પોતાની કહાન, દોષ ન જોયા રે;
તમે ગુણગ્રાહક ગોપાળ, મુજ પર મોહ્યા રે...૨
તમે શ્યામ સુંદર સુખરૂપ, કુંજવિહારી રે;
મારે મંદિર આવો માવ, તમ પર વારી રે...૩
મુને કરી કૃતારથ કહાન, શ્યામ સોહાગી રે;
મારે ભવની ભાવટ આજ, સર્વે ભાગી રે...૪
મારે અમૃત વર્ષ્યા મેહ, થઈ અનુરાગી રે;
મારી તમ સંગ ત્રિભોવનરાય, લગની લાગી રે...૫
મારા પુણ્યતણો નહિ પાર, તમ સંગ મળતાં રે;
મુક્તાનંદ કહે મહારાજ, અંતર ટળતાં રે...૬





**પદ-૩**

મારું મનગમતું કરી માવ, સુખડું દીધું રે;
મારું મંદિરીયું મહારાજ, વૈકુંઠ કીધું રે...૧
હવે રહો રસિયા દિનરાત, કરી મન હેઠું રે;
મુન મળી ચિંતામણી શ્યામ, દુઃખ નહિ વેઠું રે...૨
મુને સર્વે સૈયરમાં શ્યામ, કીધી સમોતી રે;
મારા હૈડા કેરી હામ, સર્વે પોતી રે...૩
વ્હાલા મુજ નગણી પર નાથ, અઢળક ઢળીયા રે;
તમે એકાંતે અલબેલ, આવીને મળીયા રે...૪
મુને મુખથી દીધો તંબોલ, હસીને બોલાવી રે;
મારા મનની ઈચ્છા આજ, સઘળી ફાવી રે...૫
તમે રસિયાજી રસરીત, શું સુખ આપ્યું રે;
મુક્તાનંદ કહે મહારાજ, દુઃખડું કાપ્યું રે...૬

**પદ-૪**

મારા મંદિરીયામાં માવ, મોજું માણો રે;
મને શું કરશે સંસાર, ધડકમ આણો રે...૧
હું તો તરણાતુલ્ય સંસાર, સઘળો જાણું રે;
વ્હાલા એક તમારી બીક, ઉરમાં આણું રે...૨
તમે ભૂપતણા છો ભૂપ, મહા સુખકારી રે;
વ્હાલા તન મન ધન પરિવાર, તમ પર વારી રે...૩
તોય અધર અમૃતથી નાથ, હું ધરાઉં રે;
વ્હાલા નિત્ય નૌતમ શણગાર, સજી સુખ આપ્યું રે...૪
તમે રસિયા રંગની રેલ, વ્હાલમ વાળી રે;
હું તો મગન થઈ મસ્તાન, મુખડું ભાળી રે...૫
મુને આપ્યો અખંડ સુહાગ, કુંજવિહારી રે;
મુક્તાનંદ કહે મહારાજ, જાઉં બલિહારી રે...૬

**રાગ : ગરબી**

ભજો ભાવ શું અખંડ જપમાળા રે,
માળા ટાળે છે મને કેરા ચાળા રે...ભજો૦ ૧

હરિનું એક એક અંગ ઉર ધારો રે,
સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે...ભજો૦ ૨
જપો જુગલ ચરણ સુખકારી રે,
ઊર્ધ્વરેખાદિ ચિહ્ન સંભારી રે...ભજો૦ ૩
દશ આંગળીની માળા દશ જાણો રે,
ફણા જુગલની જુગલ પ્રમાણો રે...ભજો૦ ૪
પાની જુગલ ગુલફ જુગલ શોભે રે,
માળા ચાર ફેરી જનમન લોભે રે...ભજો૦ ૫
જંઘા જુગલ જુગલ જાનુ વંદે રે,
માળા ચાર ફેરી સંત આનંદે રે...ભજો૦ ૬
ઉર જુગલની માળા જુગલ ફરે રે,
નાભિ વર્તુલ સમાન પ્રીતે હેરે રે...ભજો૦ ૭
નાભિ ઉદર જુગલ સ્તન જોઈ રે,
માળા ચાર ફેરી રહે જન મોહી રે...ભજો૦ ૮
ભુજ જુગલ હરિના સુખકારી રે,
માળા ફેરી જાય દાસ બલિહારી રે...ભજો૦ ૯
કર આંગળીની માળા દસ કા'વે રે,
જોતાં ભક્તને આનંદ ઉપજાવે રે...ભજો૦ ૧૦
કંઠે ચિબુકની માળા જુગલ ફેરી રે,
મુખપંકજ ઉમંગે રહે હેરી રે...ભજો૦ ૧૧
મુખ નાસિકા જુગલ દશ ફેરી રે,
માળા ચાર ચાર અંગ જોઈ ફેરે રે...ભજો૦ ૧૨
કાને કુંડલ વહાલાને જુગલ કા'વે રે,
ફેરી માળા ઉભય દાસ મન ભાવે રે...ભજો૦ ૧૩
જોતાં જુગલ ભ્રૃકુટિ ડરે કાળ રે,
પ્રેમે જોઈ દાસ જપે જુગલ માળ રે...ભજો૦ ૧૪
ભાલ તિલક સહિત વહાલું લાગે રે,
જપે માળા એક દાસ અનુરાગે રે...ભજો૦ ૧૫





માથે પાઘ તોરા સહિત રૂપાળી રે,
ફેરે માળા જન જુએ વનમાળી રે...ભજો૦ ૧૬
એવી રીતે થઈ માલિકા પચાસ રે,
જપે જન્મ મરણ કરે નાશ રે...ભજો૦ ૧૭
સ્વામિનારાયણ દેવે માળા દીધી રે;
પ્રેમે મુકતાનંદે ઉર ધરી લીધી રે...ભજો૦ ૧૮

**રાગ : ગરબી**

સ્નેહભર્યા નયને નિહાળતાં હો વંદન આનંદ ઘનશ્યામને.
અમિમય દૃષ્ટિએ નિહાળતાં હો વંદન આનંદ ઘનશ્યામને.
છપૈયાપુરમાં વાલો આપે પ્રગટ થયા.
ધર્મ ભક્તિને ઘેર આનંદ ઉત્સવ થયા.
સંતોને આનંદ ઉપજાવતા હો...વંદન૦ ૧
બાળચરિત્ર કરી આપે વન વિચર્યા,
તીર્થમાંહી ફરી જીવો પાવન કર્યા,
નીલકંઠ નામ ધરાવતા હો...વંદન૦ ૨
વલકલ વસ્ત્ર ધરી પુલહાશ્રમે રહ્યા,
બ્રહ્મરૂપ તેજ કરી મોટા જોગી થયા;
નિજ સ્વરૂપ સમજાવતા હો...વંદન૦ ૩
લોજપુર ધામ રહી સરજુદાસ કાવીયા,
સર્વોપરી જ્ઞાન કહી સંતોને રિઝાવીયા,
મુક્તાનંદ પ્રેમ થકી પૂજતા હો...વંદન૦ ૪

**રાગ : કાફી – પદ-૧**

અનુભવી આનંદમાં, બ્રહ્મરસના ભોગી રે;
જીવન મુક્ત જોગીયા, અંતરે અરોગી રે...અનુ૦ ૧
જે શીખે જે સાંભળે, ત્રિપુટીને તાને રે;
મનનું કૃત્ય મન લગી, અસત્ય માને રે...અનુ૦ ૨
જ્યાંલગી જગ વિસ્તર્યો, મૃગતૃષ્ણા પાણી રે;
તેમાં મોહ ન પામે મહામુનિ, સ્વપ્નું પ્રમાણી રે...અનુ૦ ૩

જે વડે આ જગ્ત છે, તેને કોઈ ન જાણે રે;
મુક્તાનંદ કહે ગુરુમુખી, તે સુખડા માણે રે...અનુ૦૪

**પદ-૨**

અનુભવીને આપદા, અંતરથી ભાગી રે;
અંતરજામી ઓળખ્યા, ત્યાં લગની લાગી રે...અનુ૦ ૧
ઉરમી ને ત્રણ એષણા, અહંતાને ત્યાગી રે;
જક્ત જીવન જોઈને, તીહાં બુદ્ધિ જાગી રે...અનુ૦ ૨
ચૌદ લોક વૈકુંઠ લગી, માયાની પાગી રે;
તેથી અનુભવી અળગા રહે, ત્રણ તાપ આગી રે...અનુ૦ ૩
અષ્ટસિદ્ધિ નવ નીધિ, તે નિર્માલ્ય ત્યાગી રે;
મુક્તાનંદ કહે ગુરુમુખી, રહે રામરાગી રે...અનુ૦ ૪

**પદ-૩**

અનુભવીને અંતરે, રહે રામ વાસે રે;
તે બોલે તે સાંભળે, દષ્ટિ પ્રકાશે રે...અનુ૦ ૧
જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે;
ભાત્ય દેખી ભૂલે નહિ, અનુભવ કુંજાશે રે...અનુ૦ ૨
કેસરી કેરા ગંધથી, કરી કોઈ ત્રાસે રે;
આત્માના ઉદ્યોતથી, અજ્ઞાન નાસે રે...અનુ૦ ૩
હું ટળે હરિ ઢુકડા, તે ટળાય દાસે રે;
મુક્તાનંદ કહે મહાસંતને, પ્રભુ પ્રગટ પાસે રે...અનુ૦ ૪

**પદ-૪**

અનુભવી આનંદમાં, ગોવિંદ ગાય રે;
પ્રીત કરી પરિબ્રહ્મસું, ભવમાં ન આવે રે...અનુ૦ ૧
મરજીવાને મારગે, જન કોઈક જાય રે;
પેલું પરઠે મોત તે, મુક્તાફળ લાવે રે...અનુ૦ ૨
વેગ વહેતા વારિમાં, પ્રતિબિંબ ન ભાસે રે;
તેમ ડગમગે દિલ જ્યાં લાગી, બ્રહ્મ ન પ્રકાશે રે...અનુ૦ ૩
કાયા માયા કુડ છે, જેમ ધોમ છાયા રે;
મુકતાનંદ ગુરુમુખીમાં, પદ સમાયા રે...અનુ૦ ૪





**પદ-૧**

રસિયાજી રૂપ તમારું, મનોહર રસિયાજી રૂપ તમારું
ધર્મનંદન તારું રૂપ અલૌકિક, જોઈને મોહ્યું છે મન મારું...મનોહર
છેલ છબીલા તારા છોગલા ઉપર, વાલમ સર્વસ્વ વારું...મનોહર
મુક્તાનંદના નાથ હું તમને, ઉર થકી પળ ન વિસારું...મનોહર

**રાગ : ગરબી પદ-૧**

મારે ઘેર આવ્યા રે, સુંદરવર શામળિયો;
હરખ ભરી હું હરિને નીરખું, પિયુ પ્રીતમ પાતળિયો...મારે૦ ૧
સુખડું દેવાને મન હરી લેવા, અમપર અઢળક ઢળીયો...મારે૦ ૨
જાળવીયું જોબન જે સારું, તે અવસર આજ મળીયો...મારે૦ ૩
લક્ષ્મીનો વર લાડકવાયો, અકળ ન જાયે કળીયો...મારે૦ ૪
આશ્ચર્ય વાત સેજડીયે આવ્યા, બોલ પોતાને પળીયો...મારે૦ ૫
મુક્તાનંદ મોહનની મહેરે, ખોયા દિનો ખંગ વળીયો...મારે૦ ૬

**પદ-૨**

મારે મન માન્યો રે, મોહન મોરલીવાળો;
કસુંબલ પાઘ કેસરીયો જામો, નીરખી નયણનો ચાળો...મારે૦ ૧
કોઈ કહેશે તમે શું લઈ બેઠા, કુળનો ધરમ ન પાળો...મારે૦ ૨
ત્રિભુવનમાં એવી નારી ન દેખું, ન ચળે જોઈ કાન કાળો...મારે૦ ૩
જેને વર્યે જમ ત્રાસ ન નાશે, તે વરને લઈ બાળો...મારે૦ ૪
એવું વિચારી લાડકડી લક્ષ્મી, વરી મોહન મરમાળો...મારે૦ ૫
મુક્તાનંદ મોહન વર મળતાં, ઢળ્યો અલૌકિક ઢાળો...મારે૦ ૬

**પદ-૩**

સુખની સીમા રે, વ્રજના વાસી માણે;
લોકડિયાંની લાજે બંધાણાં, અવળાને સવળું જાણે...સુખ૦ ૧
ખટ દર્શનમાં ખોલ્યા ન લાધે, નરહરિ નેતરાં તાણે...સુખ૦ ૨
જે સુખને બ્રહ્મા ભવ ઈચ્છે, સુગમ થયું આ ટાણે...સુખ૦ ૩
વેદિયા વાદ કરી કરી થાક્યા, અગમ અગાધ વખાણે...સુખ૦ ૪
ચતુરાયે સ્વપ્નમાં ન આવે, ન મળે નટવર નાણે...સુખ૦ ૫

મુક્તાનંદ એ મર્મ અલૌકિક, પ્રેમી ઉરમાં આણે...સુખ૦ ૬

**પદ-૪**

મારે મન વસીયો રે, ગુણવંતો ગિરધારી;
શ્યામ વિના મુને કામ ન સૂઝે, વિરહની વેદના ભારી...મારે૦ ૧
કાનકુંવર સારુ મેં સજની, લોકની લાજ વિસારી...મારે૦ ૨
કાળજડું કોરીને પેઠી, કાન નયન કટારી...મારે૦ ૩
દીવાની સરખી થઈ ડોલું, હાંસી કરે નરનારી...મારે૦ ૪
ઘાયલની ગતિ ઘાયલ જાણે, શું જાણે સંસારી...મારે૦ ૫
મુક્તાનંદ મોહનને મળતાં, થઈ રહી જગથી ન્યારી...મારે૦ ૬

**પદ-૫**

મારું મન હરિયું રે, શામળીયે સુખ દઈને;
હાવ ભાવ કરી હેત ઘણેરું, કામણગારું કહીને ...મારું૦ ૧
છોકરડે છેતરીયાં સજની, વીઠ્ઠલે વ્રજમાં રહીને...મારું૦ ૨
વિરહનો તાપ દીધો વાલીડે, મોહન મથુરાં જઈને...મારું૦ ૩
ઘરનો એ નોતા ધુતારા, આવડ્યું ઉપદેશ લઈને...મારું૦ ૪
ધૂર્તપણું અધુતામાં પેઠું, ધુતીને સંગે થઈને...મારું૦ ૫
મુક્તાનંદ મોહન વિના વ્રજમાં, કેમ રહેશું દુઃખ સઈને...મારું૦ ૬

**પદ-૬**

ઘરનો એ છે રે, ધૂર્તપણામાં પૂરો;
કુબજાને કોઈ દોષ મ દેજો, નહીં વ્રજચંદ અધૂરો...ઘર૦ ૧
વૃંદાનું વ્રત ભંગ કરાવ્યું, તે દિનો છળમાં શૂરો...ઘર૦ ૨
એને જે અનુસરીયાં સજની, જ્યાં જીવો ત્યાં ઝૂરો...ઘર૦ ૩
સુર્પણખાનું નાક છેદાવ્યું, એવો સદાય અલૂરો...ઘર૦ ૪
અમશું પ્રીત કરી એણે પેલી, રહેતો હમેશ હજૂરો...ઘર૦ ૫

**પદ-૭**

બાળ સનેહી રે, મોહન મુજને ગમતાં;
મથુરા જઈ મોંઘા થઈ બેઠા, પહેલાં તો ભેળા ભમતાં...બાળ૦ ૧
આજતો અમને દર્શન દુર્લભ, જોડે બેસીને જમતાં...બાળ૦ ૨





અણતેડ્યા વાંસે આવીને, રસિયો રંગભર રમતાં...બાળ૦ ૩
જે કહેતા તે કામ જ કરતાં, નટવર રહેતા નમતાં...બાળ૦ ૪
બાળ જોગી જેવો વેશ જણાવી, દેહ પ્રાણને દમતાં...બાળ૦ ૫
મુક્તાનંદ મોહનની લીલા રાખતાં શીલ ને સમતા...બાળ૦ ૬

**પદ-૮**

પ્રીત પૂરવની રે, નાથ ન મૂકી દેજ્યો;
બહુ નામી તમ સાથે બંધાણી, શામ સંભાળી લેજ્યો...પ્રીત૦ ૧
બોલ કોલ દીધા જે બળવંતા, ગુણવંત દ્રઢ કી ગ્રેજ્યો...પ્રીત૦ ૨
નગણી નાર્ય વરે સમરથને, અવગુણ એની પેરે સેજ્યો...પ્રીત૦ ૩
પોતાની જાણીને પ્રીતમ, કહેવું ઘટે તે કેહેજ્યો...પ્રીત૦ ૪
પાસે રાખો તો પાડ ઘણો માનું, નજર કરતા રહેજ્યો...પ્રીત૦ ૫
મુક્તાનંદ કહે મહેર તમારી, નિરભે ફરકે નેજો...પ્રીત૦ ૬

**રાગ : કાફી — પદ-૧**

જાનાહે નર જાનાહે, ઘર છોડી એકીલા નર જાનાહે... ટેક૦
મેડી મંદિર છોડ ચલોગે, એક દિન ભોંય બિછાના હૈ... ઘર૦ ૧
નિજ તન નારી પુત્રકું પોખે, જારીકે સાર મિલાના હૈ... ઘર૦ ૨
બ્રહ્મા આદિ ભુવનકે સ્વામી, વહાં ભી સ્થિર ન રહાના હૈ... ઘર૦ ૩
દાસમુકુંદ આશ તજ જૂઠી, શ્રીહરિચરન ઠીકાના હૈ... ઘર૦ ૪

**પદ-૨**

આવેંગે જમ આવેગે, હરિભજન વિના જમ આવેંગે... ટેક૦
હરિજન દેખકે હાંસી કરત વાંકે, મુખસેં આગ જરાવેગે... હરિ૦ ૧
કીર્તન કથારી સુને નહિ તાકે, શ્રીવનમેં સીસા ઠરાવેગે... હરિ૦ ૨
કર્મવિકર્મ કરે જીનકે હિત, ઈનમેંસે કોઈ ન બચાવેગે... હરિ૦ ૩
દાસમુકુંદ ચલો ગુરુચરણે, એક પલકમેં છોડાવેગે... હરિ૦ ૪

**પદ-૩**

પાવેંગે દુઃખ પાવેંગે, હરિભજન વિના દુઃખ પાવેંગે... ટેક૦
દુર્લભ દેહ ભજનબીન તજીકે, માર જમનકી ખાવેંગે... હરિ૦ ૧
જમકે મનમેં મહેર ન આવે, કાંટામાંહી ચલાવેંગે... હરિ૦ ૨

પરનારી પ્રસંગ કરે વાંકું, લોહસ્થંભ લપટાવેંગે... હરિ૦ ૩
દાસમુકુંદ વાસ હરિચરણે, ઈન મારગમેં ન આવેંગે... હરિ૦ ૪

### પદ-૪

તારેંગે સંત તારેંગે, ભવજલમેં બુડત સંત તારેંગે... ટેક૦
જન્મ મરણ ભવ તબહી ભાગે, સંત સાધુ ઉર ધારેંગે... ભવ૦ ૧
જો તરી ગએ સો સંત સમાગમ, અબહી સંત ઉદ્ધારેંગે... ભવ૦ ૨
સંત શબ્દકું જો લોપી ચલેંગે, આગે બહુત સંભારેંગે... ભવ૦ ૩
દાસમુકુંદ નાવ સત્સંગ ત્યાં, પલમેં પાર ઉતારેંગે... ભવ૦ ૪

### રાગ : કાફી પદ-૧

પ્રગટકે ગુન હમ ગાવે, પ્રગટ દરશકું પાવે...ટેક૦
પ્રગટ વિના જે ભૂત ભવિષ્યહે, સો સુપનેમેં ન ભાવે...પ્રગટ૦ ૧
જોગી જંગમ તપસી સન્યાસી, પ્રોક્ષહી મોક્ષ બતાવે;
પ્રગટ પ્રીછવિના પછિહારે, કુકસકુટી ઉડાવે...પ્રગટ૦ ૨
પ્રગટ ભક્તિ અરૂ પ્રગટ પ્રાપ્તિ, પ્રગટ વિના મન નાવે;
પ્રગટ મોક્ષકા પંથ બતાવે, પ્રગટ ભાવ ઉર લાવે...પ્રગટ૦ ૩
પ્રગટ નવલ પ્રભુ પ્રગટ પ્રેમરસ, પ્રગટ સો ભરભર પાવે;
પ્રગટ પ્રમાણ પ્રાણજીવન પર, દાસ મુકુંદ બલજાવે...પ્રગટ૦ ૪

### પદ-૨

પ્રગટ વિના પ્યાસ ન ભાગે, કહાં નહિ હૈ કરતાર...ટેક૦
જ્યું જલ ભૂમિમેં સભર ભર્યો હૈ, અર્થ ન આવે લગાર...પ્રગટ૦ ૧
એક અખંડ વિશ્વમેં વ્યાપક, સદ્‌ગુરુ સોઈ ઉદાર;
નિત્ય નિમિત્ત રૂપ નરહરિકો, જાનત જાનનહાર...પ્રગટ૦ ૨
સો પ્રભુ છાંડી ચરાચર વ્યાપક, સો કોઈ કરહીં વિચાર;
મનહીં બચન પર વેદ વખાને, જ્યું આકાશ અપાર...પ્રગટ૦ ૩
રવિકે તેજસેં જ્યું રવિ પ્રકાશે, ત્યું ગુરુમુખ બ્રહ્મવિચાર;
દાસ મુકુંદ મર્મ યહ જાનીકે, ભયે બહુત ભવપાર...પ્રગટ૦ ૪

### પદ-૩

પ્રગટ વિના પ્રીછ અલોની, કહારી ભયો કથી જ્ઞાન...ટેક૦
જ્યું રવિ કોટિક ચિત્રકે કીને, તમ ન તરત બિનુભાન...પ્રગટ૦ ૧





સુપનામેં પંચામૃત પાયકે, મગન ભયો મસ્તાન;
જાગે ભૂખહી ભૂખ પોકારત, એસો સુમરણ ધ્યાન...પ્રગટ૦ ૨
વયુ ચોવીશમાં વ્યાસદેવ જ્યું, બાટે વેદ પુરાન;
તોહુ ન અંતર અગ્નિ બુઝાની, બિન પરગટ ગુનગાન...પ્રગટ૦ ૩
સાધક જન ચિત્ત કહાં ઠેરાવે, વિન પ્રભુકી પહિચાન;
દાસ મુકુંદ સમજ સબ એસી, જ્યું બિનતેગા મ્યાન...પ્રગટ૦ ૪

### પદ-૪

પ્રગટબિન ક્યોં સુખ પાવે, બહુવીધિ બાત બનાવે...ટેક૦
રવિ રવિ કહે રેંન નહિ જાવે, જલ કહી તૃષા ન બુઝાવે...પ્રગટ૦ ૧
અમૃત કહે અમર નહિ હોવે, ધન કહી ધનહી ન પાવે;
ધનકે કહેરી ધનિક જો હોઈ, નિધન કોઈ ન રહાવે...પ્રગટ૦ ૨
રાજા કહે રાજ જો પાવે, રંક નજર નહિ આવે.
ભોજન કહે ભૂખ જો ભાગે, વૃથા કષ્ટ કેહી ભાવે...પ્રગટ૦ ૩
સાચે સદ્‌ગુરૂબિન સબ દુનિયા, કથી કથી કર્મ ઉપાવે;
મુક્તાનંદ મિથ્યા સબ કહેની, રહેનીમેં રંગ જમાવે...પ્રગટ૦ ૪

### રાગ : ગરબી પદ - ૧

મારૂં મન મોહન સંગ માન્યું, છપાડ્યું કેમ કરી રહે છાનું રે. ૧
શ્યામળીયે સંભારી લીધી, સૈયરમાં સમોતી કીધી રે. ૨
આજ મારૂં ભાગ્ય ભલુ હેલી, બંધાણી બળવંત સંગ બેલી રે. ૩
હવે નહિ હીણપ્ય મન આણું, છબીલા સંગે સુખ માણું રે. ૪
બળવંત બાંહ્ય ગ્રહી મારી, હવે હું જગથી થઇ ન્યારી રે. ૫
હવે હું તો પૂરણ સુખ પામી, મળ્યા મુકતાનંદના સ્વામી રે.૬

### પદ - ૨

અખંડ રહો મંદિરેયે મારે, મોહી હું તો છોગલીયે તારે રે. ૧
પાઘડલી પેચાળી સારી, કલંગી તોરાપર વારી રે. ૨
કાનુમાં કુંડળીયાં શોભે, જોઇ જોઇ મન મારૂં લોભે રે. ૩
શોભો છો વનમાળ પહેરી, વાંસડલી વાતા મુખ ઘેરી રે. ૪
શોભો છો પીતાંબર ધારી, અનુપમ લટકાંપર વારી રે. ૫
ન મેલું એક ઘડી ન્યારા, પ્રગટ મુક્તાનંદના પ્યારા રે. ૬

### પદ - ૩

સુંદરવર સેજલડી આવો, દાઝલડી વિરહની બુઝાવો રે. ૧
સજી મેં તો સેજલડી સારી, કે તમસંગ રમવા મોરારી રે. ૨
મુજપર મહેર કરો વ્હાલો, લોભાડો શું નટવર ઠાલા રે. ૩
અંગોઅંગ આલીંગન લીજે, કે મુજને પોતાની કીજે રે. ૪
લાગી મુને લાલચડી તારી, કેમ કરી રહું નટવર ન્યારી રે. ૫
કરો મનગમતું બહુનામી, સદા મુકતાનંદના સ્વામી રે. ૬

### પદ - ૪

બેઠી મુને બદલામી તારી, વિચારો ગુણવંત ગીરધારી રે. ૧
કહે છે સહુ કાનુડાવાળી, વજાડે લોકડીયાં તાળી રે. ૨
લજાડી કોઈની નવ લાજું, સહુના શીર ઉપર ગાજું રે. ૩
મારૂં મન તમ સાથે વળગ્યું, અધ ક્ષણ નવ જાએ અળગું રે. ૪
દલાસા દઈ દઈને વ્હાલા, રહો કેમ ન્યારા નંદલાલા રે. ૫
મારે ઘેર રસીયા રહો રંગી, સદા મુક્તાનંદના સંગી રે. ૬

### પદ - ૫

આવો હરિ પૂછું એકાંતે, રમીયા કે સંગ રાતે રે. ૧
કે સાથે મન માન્યું વ્હાલા, કહો સત્ય બોલી નંદલાલા રે. ૨
ઘેરાણાં નિદ્રામાં નેણાં, બોલો છો બી'તા મુખ વેણાં રે. ૩
કપોળે કાજળ કહો ક્યાંથી, ચોળાંણા સરખા પણ ત્યાંથી રે. ૪
હૈયામાં હાર ઘણા ખુંતા, શ્યામળીયા કે સંગ સુતા રે. ૫
પૂછું છું ચરણે શીર નામી, કહો મુક્તાનંદના સ્વામી રે. ૬

### પદ - ૬

શ્યામળિયા સત્ય કહો અમને, અમે નહિ કહીએ કાંઈ તમને રે. ૧
પીતાંબર ક્યાં પલટ્યું કાના, નીલાંબર લઈ આવ્યા છાના રે. ૨
વાંસલડી વાલમ ક્યાં ભુલ્યા, ફરો છો વેલણ લઈ ફુલ્યા રે. ૩
મોજડીયો કહો ક્યાં વિસારી, ફુમકિયાળી ચરણે ધારી રે. ૪
અંગોઅંગ જાઓ વેષ વારી, હસે છે જોઈ જોઈ વ્રજનારી રે. ૫
કહ્યા વિના વાત પડી બા'રી, છબીપર મુક્તાનંદ વારી રે. ૬





### રાગ : જગલો  પદ - ૧

હો ગિરધારી મુગટપર વારી, હો ગિરધારી.....ટેક૦
વારી મુગટપર શ્રી બનમાળી, અગોઅંગકી છબી ન્યારી. હો ગિ૦ ૧
વૃંદાવનમેં રાસ રચતહો, સંગ લીયે વૃજનારી. હો ગિ૦ ૨
અનંત સખીકો આનંદકારી, કહાવત હો બ્રહ્મચારી. હો ગિ૦ ૩
મુકતાનંદ કહે શ્યામ સલુણા, તેરી ગત સબસેં ન્યારી. હો ગિ૦ ૪

### પદ - ૨

હો બંસીવારે રસીલે પિયા પ્યારે, હો બંસીવારે. ટેક૦
પિયા પ્યારે મેરે હારે હૈયાકે, નેક ન કરી હું ન્યારે. હો બંસી૦ ૧
તુમ વિના પળ મોહે કળ ન પસ્તહે, નટવર નંદદુલારે. હો બંસી૦ ૨
મીનવૃંદકું નીર જયું પ્રીતમ, જીવનપ્રાણ હમારે. હો બંસી૦ ૩
મુક્તાનંદ કહે તુમ બિન જીુકે, નેહ સકળ હમ ટારે. હો બંસી૦ ૪

### પદ - ૩

હો ગિરધારી મેરે ઘેર આયો, હો ગિરધારી. ટેક૦
મેરે ઘેર આયો પિયા રસકે લોભી, રસકી બાત સુનાયો. હો ગિ૦ ૧
મોય હોંસ પિયા ચુંનરીયાકી, રંગ ભરી ચુંનર લાયો. હો ગિ૦ ૨
રંગરસીલી મોરલી મુખ ધર, ગેરે સ્વરસેં ગાયો. હો ગિ૦ ૩
મુક્તાનંદ કહે કુસુમ સેજપર, આય કરો મન ભાયો. હો ગિ૦ ૪

### પદ - ૪

હો બનવાળી દરશકી મેં પ્યાસી, હો બનવાળી. ટેક૦
પ્યારી દરશકી મેં શ્યામ સલુને, ઓર સકળસે ઉદાસી હો બ૦ ૧
તુમ વિન કુસુમસજ મોય પ્રીતમ, હોતહે આગ અવ્યાસી હો બ૦ ૨
ભુષન વસન ભાર સો તુમ બિન, કુસુમમાળ ગળે ફાંસી. હો બ૦ ૩
મુક્તાનંદ કહે તાપ બુઝાવન, આય મીલો અવિનાશી. હો બ૦ ૪

### પદ - ૫

હો પીયા પાયા તો ફીર ક્યા સોના હો પીયા. ટેક૦
પીયા પાયા જબ સાર સબનકો, હાડ ચામ ક્યા જોના. હો પીયા૦ ૧
મગન ભયે મનમોહન સંગે, મગન હોય ક્યા રોના. હો પીયા૦ ૨

બક્ષર પહેરકે રણમેં નીકસે, નરમ ગરમ ક્યા હોના. હો પીયા૦ ૩
મુક્તાનંદ મોહ સબ તજીકે, શ્યામ ચરમ મન પ્રોના. હો પીયા૦ ૪

પદ - ૬

હો રંગ લાગ્યા નો ઈસબિધ રહેના, હો રંગ. ટેક૦
રંગ લાગ્યા જબ શ્યામસુંદરકા, તન મન તાકું દેના હો રંગ૦ ૧
જુઠી આરા જગતકી તજીકે, સુદ દુઃખ તનમેં સહેના હો રંગ૦ ૨
રોમ રોમમેં રટન હરિકોં, જુઠ ન મુખસેં કહેના. હો રંગ૦ ૩
મુક્તાનંદ ફંદ સબ તજીકે, જન્મ સુફળ કર લના. હો રંગ૦ ૪

રાગ : ધોળ પદ - ૧

પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે, આવો અંતર્યામી;
તમને નિમિષ ન મેલું ન્યારા રે, આવો અંતર્યામી, ૧
તમે જીવન દોરી છો મારીરે. આ૦ હું તો અબળા દાસી તમારીરે. આ૦૨
મારે તમથી નથી કોઈ પ્યારુંરે. આ૦ હુંતો સર્વસ્વ તમ પર વારુંરે. આ૦૩
મેં તો લોકની લજ્જા ટાળીરે. આ૦ મારે મંદિર બિરાજો વનમાળીરે. આ૦૪
કહે મુક્તાનંદ રંગીલારે. આ૦ રાખું ઉરપર છેલછબિલારે. આ૦૫

પદ - ૨

તમે નટવર શ્રી નંદલાલારે, રહેજ્યો નેણુંની આગે;
મુને વ્હાલમ છો ઘણું વ્હાલારે, રહેજ્યો નેણુંની આગે. ૧
વહાલા તમ વિના પળ ન રહેવાયરે. ર૦ તમને નિરખીને આનંદ થાયરે. ર.
તમે દુર્લભ દેવ મોરારીરે. રહે૦ હું તો વાલમ તમપર વારીરે. રહે૦ ૩
મેંતો આશા અસત્યની મેલીરે. રહ૦ મેંતો તમસંગ બાંધી બેલીરે. રહે.૪
કહે મુક્તાનંદ પિયા પ્યારારે. રહે૦ તમને નિમિષ ન મેલું ન્યારારે. ર.૫

પદ - ૩

મારે તમસંગ પ્રીત બંધાણીરે, ગુણવંત ગીરધારી;
મેંતો જુગતી તમારી જાણીરે, ગુણવંત ગીરધારી. ૧
તારૂં રૂપ જોઈને રહી ફુલીરે. ગુ૦ હુંતો લોકનો મારગ ભુલીરે. ગુ૦ ૨
મારે ભક્તિ ઉદય થઈ સાચીરે. ગુ૦ હુંતો રંગે તમારે રાચીરે. ગુ૦ ૩
મારે તમ સરખા શીર સ્વામીરે. ગુ૦ હુંતો પૂરણ પદવી પામીરે. ગુ૦ ૪
કહે મુક્તાનંદ રંગ લાગ્યોરે. ગુ૦ મારે જીતનો ડંકો વાગ્યોરે. ગુ૦ ૫





પદ - ૪

તમે મુજપર અઢળક ઢળીયારે, પુરુષોત્તમ પ્યારા;
મને કુંજભુવનમાં મળીયારે, પુરુષોત્તમ પ્યારા. ૧
મારો કરુણા કરી કર સાયોરે. પુ૦ મુને અધરામૃત રસ પાયોરે. પુ૦ ૨
હુંતો થઈ અતિશય બડભાગીરે. પુ૦ મારે તમસંગ લગની લાગીરે.પુ૦ ૩
મેંતો જાણી અલૌકિક રીતીરે. પુ૦ હુંતો તમને મળીને જગજીતીરે. પુ૦ ૪
કહે મુક્તાનંદ મોરારીરે. પુ૦ હુંતો થઈ રહી નાથ તમારીરે. પુ૦ ૫

રાગ : ગરબી પદ - ૧

છોગાળા રણછોડની શોભા, જોઈ મોહ્યું મન મારૂં રે. છો૦
શ્યામને સંગે રાચી હું તો રંગે, બીજું થયું સહુ ખારૂં રે. છો૦ ૧
તન ધન પ્રાણ પ્રભુપર વારૂં, હિંમત કદી ન હારૂં રે. છો૦ ૨
લોકની લાજે ને કુળ મરજાદે, ધડક ન મનમાં ધારૂં રે. છો૦ ૩
મુકતાનંદનો નાથ રંગીલો, પ્રીતમ પળ ન વિસારૂં રે. છો૦ ૪

પદ - ૨

રંગીલા રણછોડ શું મારે, પૂરણ પ્રીત બંધાણી રે. રંગી૦
સુખડાનો સાગર રૂપ ઉજાગર, જનસુખકારી જાણી રે. રંગી૦ ૧
વ્હાલાની વાત સુણી મન માન્યું, ગમતી નથી અન્ય વાણી રે. રંગી૦ ૨
જે પદ સેવે સદા સત્યભામા, તે ચરણે લપટાણી રે. રંગી૦ ૩
મુકતાનંદના નાથને નીરખી, લાવણ્યમાં લોભાણી રે. રંગી૦ ૪

પદ - ૩

આવો રે અલબેલા વ્હાલા, સુંદરવર સુખકારી રે. આ૦
મારે મંદિરીયે રહો રંગભીના, ગુણસાગર ગિરધારી રે. આ૦ ૧
રસીયા તમારૂં રટણ કરૂં છું, ફુલડે સેજ સમારી રે. આ૦ ૨
તમ અર્થે મર્માળારે મોહન, લોકની લાજ વિસારી રે. આ૦ ૩
મુકતાનંદના નાથ હું તમપર, વ્હાલમજી જાઉં વારી રે. આ૦ ૪

પદ - ૪

શ્યામળીયા રંગરેલ છબીલા, મારે મંદિરીયે આવો રે. શ્યા૦
મોહનવર મારે ઘેર આવી, તનના તાપ બુજાવો રે. શ્યા૦ ૧
મુજપર મહેર કરી મનમોહન, કરૂણાના ઘન વરસાવો રે. શ્યા૦ ૨

રસની રીતમાં કહાન કોડીલા, જાણ પ્રવીણ કહાવો રે. શ્યા૦ ૩
મુક્તાનંદના વાલમ મુને, લાલન લાડ લડાવો રે. શ્યા૦ ૪

**રાગ : સોરઠ પદ - ૧**

મોહન મારી છો જીવન દોરી;
નેણની સાનમાં મારૂં લીધું ચિત્ત ચોરી. મોહન૦ ૧
જન્મોજન્મની જાદવા રે, હું દાસી તોરી;
ચિત્ત ચોરી છેટે રહ્યા તમે શુદ્ધ ભુલ્યા મોરી. મોહન૦ ૨
કોણ મળી ધુતારડી રે, ગુણવંતી ગોરી;
મંદિરે મારે આવતા જેણે ભાંગી છે ઓરી. મોહન૦ ૩
વિરહને બાણે વાલમા મારૂં, નાખ્યું કાળજડું કોરી;
મુક્તાનંદના નાથજી તમે ચંદ હું ચકોરી. મોહન૦ ૪

**પદ - ૨**

મોહન મુને પ્રાણથકી પ્યારા;
નટવર તમને નીરખતાં સર્વે તાપ ટળ્યા મારા. મોહન૦ ૧
ગુણસાગર ગોવિંદજી રે, ગુણ જોઈ તમારા;
તમસંગ મનડું માનીયું જાણી નર સૌ નઠારા. મોહન૦ ૨
શોક સંતાપને શામળા રે, કાઢ્યા છે બારા;
અતિ આનંદે પ્રેમના છુટે અંતર ફૂવારા. મોહન૦ ૩
પલ એક પ્રિતમ પાતળા રે, નહિ મેલું ન્યારા;
મુક્તાનંદના નાથજી કરી રાખુ દ્રગતારા. મોહન૦ ૪

**પદ - ૩**

મોહ્યું મન નેણતણી સાને;
વશ થઈ રહી હું વાલમાં મીઠી મોરલીને તાને. મોહ્યું.૦ ૧
સોરઠ રાગ સુણાવીયો રે, મોરલી જો માને;
ગુણવંત થઈ હું તો ઘેલડી રે, તારે ગીરધરજી ગાને. મોહ્યું.૦ ૨
શીરપર પાઘ સોયામણી રે, કુંડળ શુભ કાને;
નખશીખ શોભા જોઈને રે, ઘણું મોહી ભીને વાને. મોહ્યું.૦ ૩
કીધી પોતાની કાનજી રે, દર્શનને દાને;
મુક્તાનંદના નાથજી રે, હવે નહિ રઝળું રાને. મોહ્યું.૦ ૪





**પદ - ૪**

ઓરા આવો ગુણવંત ગિરધારી;
મન કર્મ વચને માવજી, હુંતો છઉં દાસી તારી. ઓરા૦ ૧
સેજ સુહાગી ફુલડે રે સુંદર સમારી;
રસીક સોહાગી શ્યામળા, જોઉં વાટડી તમારી. ઓરા૦ ૨
ધડક ન ધરશો રે અંતરે, શું કરશે સંસારી;
તન મન ધન તમ ઉપરે, નાખું વાલમજી વારી. ઓરા૦ ૩
દુર્જનીયાં સૌ દાઝતાં રે, રહેશે જખ મારી;
મુક્તાનંદના નાથજી રે, રાખું ઉરપર સુખકારી. ઓરા૦ ૪

**રાગ : કહરવા પદ - ૧**

મોહની લગાઈ મેરી મૈયા, લગાઈ મેરી મૈયા; લટકાળે નંદલાલ. મો૦ ટે
નયનુંકે બાણસેં મારી, બાણસે મારી૦ ભુલી તન સંભાળ. મો૦ ૧
પરવશ પર્યો હે મેરો જીયરા, પર્યો૦ હો ગઈ હાલ બેહાલ. મો૦ ૨
નયનું નિરઝર લાગી, નિર૦ બિન દેખે દયાળ. મો૦ ૩
મુક્તાનંદ મન હર લીનો, મન૦ કરકે નૌત્તમ ખ્યાલ. મો૦ ૪

**પદ - ૨**

રટના લગી રે હરિ તેરી, લગી૦ રહ્યો હાજરા હજુર. રટના૦ ટેક૦
જીવું તહાં જીવન ઉરમેં, જીવન૦ પળ ના રહો દૂર. રટના૦ ૧
તુમહો તેસી પ્રભુ કીજો, તેસી૦ મેં હું કપટી ક્રૂર. રટના૦ ૨
અખંડ દર્શ યહ દીજો, દર્શ૦ નિત્ય બરસત નુર. રટના૦ ૩
મુક્તાનંદ નયનકમળકે, નયન૦ તુમ રવિ સુખપુર. રટના૦ ૪

**પદ - ૩**

શ્રીહરિ ગોવિંદ ગોપાળ, ગોવિંદ૦ રટુ નિશદિન નામ. શ્રી૦ ટેક૦
નારાયણ નરહરિ વિષ્ણુ, નર૦ ગરૂડધ્વજ રામ. શ્રી૦ ૧
નિરંજન નરકનિવારણ, નરક૦ સબ સંતનકે શ્યામ. શ્રી૦ ૨
મધુસુદન મોહનિવારણ, મોહ૦ ગુણપર ગુણધામ. શ્રી૦ ૩
મુક્તાનંદ ફંદ મીટાવન, ફંદ૦ જપુ આઠો જામ. શ્રી૦ ૪

**પદ - ૪**

નારાયણ નામ ઉચ્ચારે, નામ૦ પાવે ભવજળપાર. નારા૦ ટેક૦
ગજ ગ્રાહકે મુખસેં છોડાયો, મુખસે૦ અર્ધ નામ ઉચ્ચાર. નારા૦ ૧
પ્રહલાદ બચ્યો હરિ રટકે, બચ્યો૦ લીયો ગિરિસે ઉગાર. નારા૦ ૨
અજામિલ અધમ અઘ છુટો, અધમ૦ કરી પુત્ર પોકાર. નારા૦ ૩
મુક્તાનંદ મનમેં વિચાર્યો, મનમેં૦ સ્વામિનારાયણ સાર. નારા૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

મોહન તારી મૂરતિ મુને પ્યારી રે, એક નિમિષ ન મેલું ન્યારી. ટે૦
મેંતો તન મન તમને દીધું રે, સર્વે કારજ સુધારી લીધું રે;
મારૂં તમ થકી કારજ સીધું. મોહન૦ ૧
તારા મુખડાની માયા લાગી રે, મારા મનની તે ભ્રમણા ભાગી રે;
હું તો મોહ નિદ્રામાંથી જાગી. મોહન૦ ૨
મેં તો તમ સંગ પ્રીતિ જોડી રે, બીજા સર્વ સંઘાથે ત્રોડી રે;
શું કરશે મુરખ મોં મોડી. મોહન૦ ૩
છબી જોઈ અલૌકિક તારી રે, તારે વશ થઈ રહી ગિરધારી રે;
જાય મુક્તાનંદ બલિહારી. મોહન૦ ૪

**પદ - ૨**

મોહન તારી મોહની મુને લાગી રે, રસીયા તમશું અનુરાગી. ટેક૦
તારા નેણે ને વેણે લોભાણી રે, મુને ગમતી નથી અન્ય વાણી રે;
તારે વશ થઈ સારંગપાણી. મોહન૦ ૧
મુને રંગ લાગ્યો હવે તારો રે, તેણે સુફળ જન્મ થયો મારો રે;
મુને લાગ્યો સંસારીડો ખારો. મોહન૦ ૨
મેં તો આશા અસત્યની મેલી રે, તમ સાથે બાંધી દૃઢ બેલી રે;
તારા ગુણ જોઈ થઈ અલબેલી. મોહન૦ ૩
કહે મુક્તાનંદ ઉમંગે રે, મારૂં મન માન્યું તમ સંગે રે;
હું તો રાચી તમારે રંગે. મોહન૦ ૪





**પદ - ૩**

વ્હાલા તારા વેણની બલિહારી રે, હું તો સુણતાં થઈ જગન્યારી. ટેક૦
મેં તો જુક્તિ તમારી જાણી રે, સાંભળતાં મનોહર વાણી રે;
હું તો હાથ તમારે વેચાણી. વ્હાલા૦ ૧
મારે મોહ મમતા સર્વે ભાગી રે, તમ સાથે અચળ લે લાગી રે;
તારે વચને કરી વૈરાગી. વ્હાલા૦ ૨
અંગ પલટીને થઈ અલબેલી રે, આશા પિંડ બ્રહ્માંડની મેલી રે;
તમે કીધી આનંદની એલી. વ્હાલા૦ ૩
કહે મુક્તાનંદ મોરારી રે, તારો રંગ લાગો મુને ભારી રે;
હું છઉં અબળા દાસી તમારી. વ્હાલા૦ ૪

**પદ - ૪**

સુંદરવર શ્યામળા આવો ઓરા રે, માથે જોઉં ફુલાંકેરા તોરા. ટેક૦
જોઈ રૂપ અલૌકિક તારૂં રે, તેમાં મનડું લોભાણું છે મારૂં રે;
એક નિમિષ ન થાયે ન્યારૂં. સુંદર૦ ૧
પીળા પુષ્પના હારને પહેરી રે, વાતા વાંસલડી મુખ ઘેરી રે;
શાને ના'વો મંદિર મારે લ્હેરી. સુંદર૦ ૨
તારી આંખડી કામણગારી રે, જોતાં વશ થઈ રહી ગિરધારી રે;
તારી બાનકની બલિહારી. સુંદર૦ ૩
કહે મુક્તાનંદ સુખકારી રે, મુને વ્હાલા છો કુંજવિહારી રે;
નાખું સર્વસ્વ તમપર વારી. સુંદર૦ ૪

**રાગ : પરજ પદ - ૧**

લે લાગી રે મારે લે લાગી, મળવાળા શું મારે લે લાગી. ટેક૦
મધ્ય રાત્યેરે વ્હાલે મોરલી વજાડી સાંભળતામાં ઝબકી જાગી. મર૦ ૧
બંસીને નાદે હુંતો ધાયલ થઈ છુ, લોકતણી લજ્જા ત્યાગી. મર૦ ૨
નંદના નંદનસું નેહ બંધાણો, મનડાની ભ્રમણા ભાગી. મર૦ ૩
મુક્તાનંદ નાથને મળતાં, ધાત જઈને વેહદ વાગી. મર૦ ૪

### પદ - ૨

મન વસીયારે મારે વસીયા, મનગમતા મોહન મનવસીયા. ટેક૦
જરકશી પાઘ કસુંબી જામો, પીતાંબર કમરે કસીયા. મન૦ ૧
ગોપીજનને મનડેરે ગમતા, રાસ વિનોદતણાં રસીયા. મન૦ ૨
પ્રેમી જનને વશ પાતળીયો, અણતેડયા આવે ધસીયા. મન૦ ૩
મુક્તનંદના નાથને મળતાં, તનડાના તાપ સર્વે વામીયા. મન૦ ૪

### પદ - ૩

રંગ લાગોરે મારે સંગ લાગો, રસીયાજીનો મારે રંગ લાગો. ટેક ૦
ગુઢો રંગ લાગો ગીરધરનો, ઉવટ વાનો હવે ભય ભાગો.ર૦ ૧
જાુઠું જગતનું સગપણ તોડ્યું, જેમ તોડે કાચો ધાગો. ર૦ ૨
જીવડલા સાથે રંગ જડીયા, જેમ સોના સંગ સોહાગો. ર૦ ૩
મુક્તાનંદ નાથને મળતાં, જીવતણો ડંકો વાગો. ર૦ ૪

### પદ - ૪

હરિ વરીયારે હરિ વરીયા, શીર પાસંગમાં દઈ હરિ વરીયા. ટેક ૦
જાુઠી જગતીન આશ તજીને, જગનો જીવન વ્હાલા કરીયા. શી૦ ૧
જેને વરેરે જમત્રાસ ન નાશે, તે સર્વે નર પરહારીયા. શી૦ ૨
વ્હાલે પહેરાવ્યો મને અખંડ ચુડો, જેને દેખીને જમડા ડરીયા. શી૦ ૩
મુક્તનંદના નાથને મળતાં, કાળપણે શીર પગ ધરીયા. શી૦ ૪

### રાગ : હમીર કલ્યાણ પદ - ૧

મોહન મતવારે રે મોહન મતવારે, પ્રીતમ મેરે પ્યારે;
ના રહો મોસે ન્યારે રે. મોહન૦
એક પલક મોંસે ન્યારે રહો તો, વિરહ અગ્નિ તન જારે રે. મો૦ ૧
અબ જીન દૂર તજો મોય પ્રીતમ, હાથ બીકાની મેં તુમારે રે. મો૦ ૨
તન મન ધન મેં તુમકું દીનો, ઓર સનેહ નીવારે રે. મો૦ ૩
મુક્તાનંદ કહે મેં તેરી દાસી, તુમ હો નાથ હમારે રે. મો૦ ૪

### પદ - ૨

રસીક નંદનંદારે રસીક નંદનંદા, મધુર મુસકાય ડાર્યો મોય ફંદારે. રસીક૦
પ્રેમકે ફંદમેં જબસેં પરી પીયા, તબસેં લગત જગ ગંદારે. ર. ૧





પ્રીતકી રીત અલૌકિક પ્રીતમ, ના જાનત જન મંદારે.ર. ૨
તેરોહી ધ્યાન રટત મુખ તેરો, નિશદિન આનંદકંદારે. ર. ૩
મુક્તાનંદ કહે નેનકે આગે, રહોજી સદા વ્રજચંદા રે.ર. ૪

### પદ - ૩

વ્હાલમ વ્રજવાસી હે વ્હાલમ વ્રજવાસી, ચરનકી મેં દાસી;
ઓરનસેં ઉદાસી રે. વ્હાલમ૦
તેરેઇ ચરનકમળ ચિત્ત અટક્યો, શ્યામ સુંદર સુખરાશી રે. વ્હા૦ ૧
તુમ વિન ઓર કછુ ન સોહાવત, તેરેઇ દર્શનકી પ્યાસી રે. વ્હા૦ ૨
સબ સાધન ફળ શ્યામસુંદર તુમ,કોટિ ગયા અરૂ કાશી રે. વ્હા૦ ૩
મુક્તાનંદ કહે નેનસો ન્યારે, પલક ન રહો અવીનાશી રે. વ્હા૦ ૪

### પદ - ૪

સુનોજી ગિરધારી રે સુનોજી ગિરધારી, અરજ હે હમારી;
મેં શરન તુમારી રે. સુનોજી૦
ચરનસમીપ રહું મેં નિશદિન, જયું વૃષભાનું કુમારી રે. સુ૦ ૧
તુમ સંગ પ્રેમમેં વિઘ્ન પડે તો, નાથજી દીજે નીવારી રે. સુ૦ ૨
પ્રીત પ્રતીત રહો તુજ જનમેં, કબહુ ટરે નહિ ટારી રે. સુ૦ ૩
મુક્તાનંદ કર જોરીકે માંગત, દીજીએ દેવ મોરારી રે. સુ૦ ૪

### રાગ : રામકલી પદ - ૧

સાંભળ સૈયર અમે પતિવ્રતા નારી;
શ્યાળા સંગાથે દ્રઢ ટેક અમારી.રે ૧
બપૈયાના જેવી બેની ટેક મુને પ્યારી;
દ્રઢ વ્રત ધારીને વરી છું ગીરધારી.રે ૨
નંદના નંદન તજી અળગા ન ધાયે;
અમૃત તજીને હવે વિષ કેમ ખાયે.રે ૩
જન્મ સુધાર્યો બાઈ હરિવર પામી;
મુક્તાનંદના સ્વામી સંગે ભાંગી સર્વે ખામી.રે ૪

પદ - ૨

સાંભળ સૈયર કહું સતીયોની રીતિ;
જેને સુણી પ્રભુસંગ થાય દ્રઢ પ્રીતિ.રે ૧
આભૂષણ વસ્ત્રાની આશ નવ રાખે;
નિશદિન ભાવ ભક્તિ અધકેરી દાખે.રે ૨
સતીને પતિ જો સહેજે સુખ ન આપે;
તોય તે પતિને શીર દોષ ન થાપે.રે ૩
મન ગમતું મેલીને જે સેવે ગીરધારી;
મુક્તાનંદના વ્હાલાને તે પ્રાણથી પ્યારી.રે ૪

પદ - ૩

પતિવ્રતા નારીને એક પિયુસંગ પ્રીતિ;
પતિને સેવ્યાની તે તો જાણે સર્વે રીતિ.રે ૧
જેમ હરિ કહે તેમ તાન મીલાવે;
વણ તેડ્યા વ્હાલો તેને મંદિર આવે.રે ૨
અંતર્યામી ઉપરને ચટકે ન રીજે;
શીરને સાટે સેવે તેનું કારજ સીજે.રે ૩
જેને જેવા વ્હાલા લાગે રસીયો વિહારી;
મુક્તાનંદ કે માવને તે લાગે તેવી પ્યારી.રે ૪

પદ - ૪

નેણુંથી પ્યારા મારા નાથજી મ રહેજો;
રસીયા રસીલી વાતો કૃપા કરી કહેજો.રે ૧
તમને ન દેખું ત્યારે ચટપટી લાગે;
વદન વિલોકી મારાં સહુ દુઃખ ભાગે.રે ૨
મૂર્તિ તમારી મને પ્રાણ થકી પ્યારી;
અંગોઅંગ શોભા જોઈ મોહી ગીરધારી.રે ૩
અમૃત ચખાડ્યું વ્હાલા હવે વિષ ન ભાવે;
મુક્તાનંદના વ્હાલા તમવિના સુખડું ન આવે.રે ૪





પદ - ૫

નયણ ઠરે છે મારાં તમને નિહાળી;
રસના રસિલા લગી તમસંગ તળી રે. નયણા૦ ૧
મુખની મધુરતા ને નયણુંની સાને;
વશ કરી લીધી મીઠી મોરલીને તાને રે. નયણા૦ ૨
સુખનું સદન શોભા ધામ છો મુરારી;
કોટિ કંદર્પ નાખું તમપર વારી રે. નયણા૦ ૩
શૂળી જેવાં જાણી તજ્યા સગાંને સંસારી;
મુક્તાનંદના નાથ તારો રંગ લાગ્યો ભારી. નયણા૦ ૪

પદ - ૬

તમ સંગ ટેક મારી ગોકુળ ચંદા;
પ્રાણથકી પ્યારા મને છોજી નંદનંદા રે. તમ૦ ૧
દઢ વ્રત ધાર્યું મેં તો મનમાં મુરારી;
કાં તો વરૂં તમને કાં રહું રે કુવારી રે. તમ૦ ૨
જેને શિર ભય તે તો અબળા કહાવે;
અબળાને અબળા વરે શું સુખ આવે રે. તમ૦ ૩
ચોરાશી ભમે તે સર્વ નારી વ્યભિચારી;
પતિકેરો પાર ના'વે થાય ધણી ખ્વાર રે. તમ૦ ૪
તમને વરે તે સાચી સતિ ગિરધારી;
મુક્તાનંદ નાથ તમે ભવભયહારી રે. તમ૦ ૫

રાગ : ગરબી પદ - ૧

વંશી બજાડી ગિરિધારી, વૃંદાવન વંશી વજાડી ગિરિધારી;
અનુપમ સ્વર ઉચ્ચારી. વૃંદા૦
શરદ પુનમનો ચાંદ જોઈને રે, મન હરખ્યા મુરારી. વૃંદા૦ ૧
શબ્દ સુંણીને ચૌદ ભુવનમાં રે, ચક્તિ થયાં નરનારી. વૃંદા૦ ૨
ગોપીજનનું ગમતું કરવા રે, રસિયે રજની વધારી. વૃંદા૦ ૩
મુક્તાનંદ મોહનની લીલા રે, ન શકે વેદ વિચારી. વૃંદા૦ ૪

પદ -૨

વંશી સુંણીને વ્રજનારી, મગન થયાં વંશી સુંણીને વ્રજાનારી;
લોકની લાજ વિસારી. મ૦
અવળાં આભૂષણ અંગે પહેરી રે, અવળાં વસન તન ધારી. મ૦ ૧
જે જયાંથી તે ત્યાંથી ચાલી રે, ન રહી કોઈની વારી. મ૦ ૨
મોહન વરને મળવા સારૂં રે, વિરહની વેદના ભારી. મ૦ ૩
મુક્તાનંદ કહે ગઈ તિહાં ગોપી રે, જ્યાં હતા કુંજવિહારી. મ૦ ૪

પદ - ૩

ગિરધર કહે સુંણો ગોપી, આવ્યાં કેમ ગિરધર કહે સુંણો ગોપી;
કુળ મરજાદા લોપી. આ.
વન જોઈને જાઓ ઘરે વનિતા રે, રહી શરદ ઋતુ ઓપી. આ. ૧
પતિવ્રતાએ પિયુને ભજવો રે, તન મન ધન સર્વ સોંપી. આ. ૨
કઠણ વચન કહી કહી હરિ હાર્યા રે, રહી અચળ પગ રોપી. આ. ૩
મુક્તાનંદ અધર ડસી અબળા રે, કા'નસંગ બોલિયાં કોપી. આ. ૪

પદ - ૪

કહોને વાલમ ક્યાં જઈએ, ચરણ તજી કહોને વાલ્યમ ક્યાં જઈએ;
જીહાં જઈ સુખિયાં થઈએ. ચ૦
મનમોહન તમસંગ મન માન્યું રે, કો' ઘરમાં કેમ રહીએ. ચ૦ ૧
શૂરતણી પેર્ય સનમુખ ચાલ્યાં રે, પાછા પગ કેમ દઈએ. ચ૦ ૨
રસિક પ્રીતમ તમે સહુના સ્વામી રે, કો' કેમ પરનર કહીએ. ચ૦ ૩
કાંતો પ્રાણ તજીશું પ્રિતમ રે, નહિ તો મહાસુખ લઈએ. ચ૦ ૪
મુક્તાનંદ કહે મોહન સંગે રે, વિરહનું દુ:ખ કેમ સહીએ. ચ૦ ૫

પદ -૫

મગન થયા મુરારી વચન સુંણી મગન થયા મુરારી;
રાસ રચ્યો સુખકારી. વચન૦
પ્રેમપરીક્ષા પૂરણ કીધી રે, હરિસંગ હેતમાં ન હારી. વચન૦ ૧
વચ્ચે વચ્ચે વ્રજરાજ વિરાજે રે, બે પાસે વ્રજનારી. વચન૦ ૨
મોર મુગટ ધરી મોહન નાચે રે, થેઈ થેઈ શબ્દ ઉચ્ચારી. વચન૦ ૩
મુક્તાનંદ મોહનની શોભા રે, નિરખિ નિરખિ જાઉં વારી. વચન૦ ૪





પદ - ૬

માનિની તાન મિલાવે, મોહનસંગ માનિની તાલ મિલાવે;
રાસમાં રંગ જમાવે. મોહન૦
તાથેઈ તાથેઈ શબ્દ સુંણાવે રે, કોઈ નાચે કોઈ ગાવે. મોહન૦ ૧
ઝળકે ઝાલ્ય ને ખળકે ચુડી રે, શોભા વર્ણવી ન જાવે. મોહન૦ ૨
અતિશે માન વધ્યું અબળાને રે, કહેતાં તે પાર ન આવે. મોહન૦ ૩
મુક્તાનંદ ગયા તજી ગિરધર રે, વનિતા વન વન ધાવે. મોહન૦ ૪

પદ - ૭

પુછતી ફરે રે વ્રજનારી, વનોવન પુછતી ફરે છે વ્રજનારી;
કોઈ દેખાડો સુખકારી. વનો૦
હે તુલસી હે જાય ચમેલી રે, તમે છો પ્રભુજીને પ્યારી. વનો૦ ૧
હે ચંપક હે બકુળ કેતકી રે, પીડા તે ટાળજ્યો અમારી. વનો૦ ૨
વડ પિંપળ આંબાને પુછે રે, દિઠડા દેવ મુરારી. વનો૦ ૩
મુક્તાનંદ મોહનવર કેડે રે, ડોલતાં દેહ વિસારી. વનો૦ ૪

પદ - ૮

શ્યામનાં ચરણ નિહાળી, મગન થયાં શ્યામનાં ચરણ નિહાળી;
આંહિ ગયા છે વનમાળી. મગન૦
આ પગલાં સખી નંદનંદનનાં રે, સંગે છે નારી મર્માળી. મગન૦ ૧
એ તો એકલડી મહાસુખ માણે રે, રસિયાસંગ રૂપાળી. મગન૦ ૨
યાં સખી પુષ્પ વિણ્યાં પંચરંગી રે, ગુંથી છે વેણી સંભાળી. મગન૦ ૩
મુક્તાનંદ દુ:ખિત થયાં દિલમાં રે, શોક્યને સંભારી વ્રજવાળી. મગન૦ ૪

પદ - ૯

માનિની મનમાં ફુલાણી, મોહનસંગ માનિની મનમાં ફુલાણી;
હું તો હરિની પટરાણી. મોહન૦
સૌ ગોપીનો સંગ તજીને રે, મુજસંગ પ્રીતિ બંધાણી. મોહન૦ ૧
ક્રોધ ચઢાવીને ચાલ્યા મોહન રે, હરિ હસિયા સુંણી વાણી. મોહન૦ ૨
અંતરધાન થયા અવિનાશી રે, માનિની મન પસ્તાણી. મોહન૦ ૩
મુક્તાનંદ કહે નારીતણા ગુણ રે, સૂચવ્યા શારંગપાણી. મોહન૦ ૪

**પદ - ૧૦**

વનિતા વનમાં પોકારે, વાલમ વિના વનિતા વનમાં પોકારે;
ત્રાહિ ત્રાહિ શબ્દ ઉચ્ચારે. વાલમ૦
ત્રણ્ય ભુવનમાં તમ વિના બીજો રે, નથી આધાર અમારે. વાલમ૦ ૧
તમ વિના પુરૂષોત્તમ પ્યારા રે, દુઃખસાગર કોણ તારે. વાલમ૦ ૨
વનિતાના વૃંદને વાત સુંણાવી રે, સાંભળી શ્યામને સંભારે. વાલમ૦ ૩
મુક્તાનંદ મળી સઉ ગોપી રે, ગુણ સુંણીસુંણી મન ધારે. વાલમ૦ ૪

**પદ - ૧૧**

ઉન્મત્ત થઈ અલબેલી, વાલમ વિના ઉન્મત્ત થઈ અલબેલી;
દેહ દશાને મેલી. વાલમ૦
શ્યામ સુંદરનું ચિંતન કરતાં રે, સઉની દશા થઈ છેલી. વાલમ૦ ૧
કોઈ થઈ કૃષ્ણ લલિત ગતિ ચાલે રે, કોઈ પાડે તરૂને ઠેલી. વાલમ૦ ૨
વંશી વજાડી મેં મોહ પમાડ્યાં રે, પશુ પક્ષી વનવેલી. વાલમ૦ ૩
મુક્તાનંદ કોઈ ગિરિ કર ધારે રે, કોઈ તો કરે જળએલી. વાલમ૦ ૪

**પદ - ૧૨**

વદન દેખાડો વનમાળી, વિરહણીને વદન દેખાડો વનમાળી;
લાગી છે તમસંગ તાળી. વિરહ૦
જનમ ધરી તમે જય કર્યો વ્રજનો રે, સહુને તે રાખ્યાં સંભાળી. વિરહ૦ ૧
કમળા તમકારણ વ્રજ વસિયાં રે, રંગભિની રૂપાળી. વિરહ૦ ૨
જમનાનું જળ નિર્વિષ કરીયું રે, કાઢિયો વશ કરી કાળી. વિરહ૦ ૩
અનંત વિઘ્નથી વ્રજને ઉગાર્યું રે, દુઃખડાં તે નાખ્યાં ટાળી. વિરહ૦ ૪
મુક્તાનંદ કહે રાસ રમાડ્યો રે, પ્રેમશું પળવટ્ય વાળી. વિરહ૦ ૫

**પદ - ૧૩**

પ્રેમ જોઈ પ્રગટ્યા મુરારી, ગોવાળણિનો પ્રેમ જોઈ પ્રગટ્યા મુરારી;
ઉમંગેશું ઉઠી વ્રજનારી. ગો.
કોઈ સખી ચરણ ગ્રહી સુખ પામી રે, કોઈ ઉરપર કર ધારી. ગો. ૧
કોઈ આલિંગન કરવા ધાંખે રે, કોઈ તો ચુંબન કરે પ્યારી. ગો. ૨
ભૃકુટી ચઢાવી રહી કોઈ ભામા રે, કોઈ રહી દેહ વિસારિ. ગો. ૩
મુક્તાનંદ નટવરની લીલા રે, નિરખિ નિરખિ બલહારી. ગો. ૪





**પદ - ૧૪**

ગોપિકા મધ્ય ગિરિધારી, શોભે છે ઘણા ગોપિકા મધ્ય ગિરિધારી;
ચરણ સેવે છે વ્રજનારી. શો.
જેમ તારામાં ચંદ વિરાજે રે, માનિનીમાં તેમ મુરારી. શો. ૧
ચરણ ગ્રહીને ચરણે શિર નામી રે, પુછિયો પ્રશ્ન વિચારી. શો. ૨
શા માટે ન ભજો ભજતાંને રે, શી તકસીર અમારી. શો. ૩
મુક્તાનંદ કહે મર્મવચન સુંણી રે, કામિનીને કહે સુખકારી. શો. ૪

**પદ - ૧૫**

સુંદરી કહું સત્ય વાણી; કપટ તજી સુંદરી કહું સત્ય વાણી;
પ્રેમની રીતિ પ્રમાણી. કપટ૦ ૦
ભજતાંને જો ભજું નહિ અબળા રે, પતિત તરે કેમ પ્રાણી. કપટ૦ ૧
ભક્ત આધીન સદા વ્રત મારૂં રે, ગાય છે વેદ વખાણી. કપટ૦ ૨
મુજને ભજે તેને હું ન વિસારૂં રે, જન પોતાના જાણી. કપટ૦ ૩
મુક્તાનંદ મોહનની વાણી રે, સુંણતાં સર્વે લોભાણી કપટ૦ ૪

**પદ - ૧૬**

રાસ રચ્યો વનમાળી, વૃંદાવન રાસ રચ્યો વનમાળી;
પ્રેમેશું પળવટયવાળી. વૃંદા૦
કોઈ સખી તાળ મૃદંગ બજાવે રે, કોઈ તો બજાવે કરતાળી. વૃંદા૦ ૧
કરનાં લટકાં કરી કોઈ નાચે રે, કોઈ ફરે ફુદડી રૂપાળી. વૃંદા૦ ૨
રાધા રાસમાં રંગ જમાવે રે, મોહનસંગ મર્માળી. વૃંદા૦ ૩
ગોપીદીઠ બન્યા ગિરધારી રે, વ્યવહારિક હદ ટાળી. વૃંદા૦ ૪
મુક્તાનંદ મોહનસંગ રમતાં રે, ન શકી આપ સંભાળી. વૃંદા૦ ૫

**પદ - ૧૭**

માનિનીને મહાસુખ દીધું, કૃપા કરી માનિનીને મહાસુખ દીધું;
અધર અમૃતપાન કીધું. કૃપા. ૦
કોટિ કંદર્પનો દર્પ હરવાને રે, ભૂતળ ભોગીનું રૂપ લીધું. કૃપા. ૧
સફળ મનોરથ કર્યા શ્યામળિયે રે, કામિનીનું કારજ સીધું. કૃપા. ૨
જાવળિયું જોબન હરિ સારૂં રે, પ્રેમે પાતળિયે પીધું. કૃપા. ૩
મુક્તાનંદ વદન વિધુ જોઈને રે, શ્યામ થયા સુખસિંધુ. કૃપા. ૪

**પદ - ૧૮**

થકિત થયાં સર્વ નારી, મોહનસંગ થકિત થયાં સર્વ નારી;
કેશ દુકૂળ પડ્યાં ભારી. મોહન૦ ૦
રસિયો રણસંગ્રામ ન છોડે રે, બ્રહ્મચર્ય વ્રતધારી. મોહન૦ ૧
માનિનીના મુખ થકી શ્રમજળ લુંછેરે, રસિયો રાસવિહારી. મોહન૦ ૨
જુવતિ સહિત જઈ જમુનામાં રે, શ્રમ નિવાર્યો સુખકારી. મોહન૦ ૩
મુક્તાનંદ કરી જમુનામાં રે, જળક્રીડા મુરારી. મોહન૦ ૪

**પદ - ૧૯**

શું કર્યું વિઠ્ઠલ વનમાળી, કહો મુનિ શું કર્યું વિઠ્ઠલ વનમાળી;
ધર્મસેતુ કેમ ટાળી. કહો૦ ૦
પરદારા પ્રસંગ જગતમાં રે, સહુ નિંદે ગુણશાળી. કહો૦ ૧
સંશય છેદ કરો ગુરૂ મારો રે, અનુપમ ઉત્તર વાળી. કહો૦ ૨
સમર્થ શુદ્ધ કરે કોણ તમ વિન રે, અંતરના મળ ગાળી. કહો૦ ૩
મુક્તાનંદ પરીક્ષિતે પુછ્યું રે, નર નાટ્યકને ભાળી. કહો૦ ૪

**પદ - ૨૦**

ગોવિંદની ગતિ ન્યારી, સુણો નૃપ ગોવિંદની ગતિ ન્યારી;
ભોગી થયા બ્રહ્મચારી. સુંણો૦ ૦
જેમ પ્રતિબિંબશું બાળક ખેલે રે, તેમ ગોપીશું ગિરધારી. સુંણો૦ ૧
જેમ અગ્નિ શુભ પ્રજાળે રે, તેમ વ્રજરાજ વિહારી. સુંણો૦ ૨
દેખાદેખી કરે કોઈ પ્રાણી રે, નરકે પડે નરનારી. સુંણો૦ ૩
મુક્તાનંદ શુકે સમઝાવ્યા રે, ભેદ સકળ સુખકારી. સુંણો૦ ૪

**પદ - ૨૧**

પ્રમદા સુધાની પર્ય પીધી, રસિલે વાલે પ્રમદા સુધાની પેરય પીધી;
કમળા સમાન સર્વ કીધી. રસિલે૦
માન હર્યું મદવંતી કેરૂં રે, વનિતાને વશ કરી લીધી. રસિલે૦ ૧
જે સુખને ભવબ્રહ્માદિક ઈચ્છે રે, સુંદરી તે સુખ લઈ સીધી. રસિલે૦ ૨
રસીક જને જે કહી સુખસીમા રે, દયાળે ગોપાંગનાને દીધી. રસિલે૦ ૩
મુક્તાનંદ મોહનસંગ પ્રીતે રે, મળી છે ગોપીને મહાનિધી. રસિલે૦ ૪





**પદ - ૨૨**

રાસ કરી કહે વનમાળી, રમાડી રાસ કરી કહે વનમાળી;
જાઓ ઘર નારી મર્માળી. રમાડી૦
શરદનિશા મુજ સંગ રંગ રમિયાં રે, બોલ દીધા'તા વ્રજવાળી. રમાડી૦ ૧
કામિનીને કષ્ટ થયું અંતરમાં રે, લાગી ત્રિકમસંગ તાળી. રમાડી૦ ૨
જામ અર્ધ રજની રહી વનિતા રે, વચન સંભાળો હઠ ટાળી. રમાડી૦ ૩
મુક્તાનંદ વચન ગ્રહી વનિતા રે, દુઃખ પામી ઘર ભાળી. રમાડી૦ ૪

**પદ - ૨૩**

રાસ સુંણે જે નરનારી, રસિલાજીનો રાસ સુંણે જે નરનારી;
તેને રીઝે ગિરધારી. રસિલા૦
પૂરણ બ્રહ્મની લીલા પ્રીતે રે, ગાય તે થાય બ્રહ્મચારી. રસિલા૦ ૧
પતિત જનને દેવા પરમ પદ રે, કીધું ચરિત્ર સુખકારી. રસિલા૦ ૨
વૃંદાવન વિલસ્યા જે વા'લો રે, અકળ સ્વરૂપ અવતારી. રસિલા૦ ૩
મુક્તાનંદ કહે મહા દુઃખ વામે રે, પામે તે પ્રગટ મુરારી. રસિલા૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

મનમોહન મંદિર આવો રે, વાટડી જોઉં છું વનમાળી;
મને હેત કરી બાલવો રે, તમ સાથે લાગી તાળી. ૧
મેં તો તમ અર્થે તન કરિયું રે, વાટ૦ મને બીજું સર્વ વિસરિયુંરે. તમ૦ ૨
મને વિરહની જવાળા ભારી રે, વાટ૦ રહું કેમ કરી નટવર ન્યારીરે. તમ૦ ૩
મારી અરજી અંતર ધારો રે, વાટ૦ સુંદરવર કારજ સારો રે. તમ૦ ૪
કહે મુક્તાનંદ સુખ આપો રે, વાટ૦ દર્શન દઈ સંકટ કાપો રે. તમ૦ ૫

**પદ - ૨**

મારૂં તન મળવાને તલપે રે, શ્યામળિયાજી સુખ આપો;
મન વિરહનું મારૂં કલપે રે, પોતાની કરી સ્થાપો. ૧
તનડાનો તાપ બુઝાવિ રે, શ્યામ૦ અલબેલા મંદિર આવિ રે. પો.૦ ૨
ગુણસાગર ગુણ સંભારી રે, શ્યામ૦ મારા અવગુણ ઉરથી ટાળી રે. પો.૦ ૩
તમે કરૂણાસાગર કા'વો રે, શ્યામ૦ લટકાળા શું લલચાવો રે. પો.૦ ૪
મને છેટે રહી કાં મારો રે, શ્યામ૦ રસબસ થઈ કારજ સારો રે. પો.૦ ૫
કહે મુક્તાનંદ મુરારી રે, શ્યામ૦ અબળાને આશ તમારી રે. પો.૦ ૬

પદ - ૩

રંગના ભિના રંગના રસિયા રે, ગિરધારી ગોકુળ આવો;
તમે કુબજ્યા સંગ કેમ વસિયા રે, અમ સાથે બાંધી દાવો. ૧
તલપે છે અબલા નારી રે, ગિર૦ તમે કીધી કુબજ્યા પ્યારી રે. અ૦ ૨
મનડાની આંટી ટાળી રે, ગિર૦ મનમાની કુબજ્યા કાળી રે. અ૦ ૩
તમે કુબજ્યાના વર કા'વો રે, ગિર૦ શું જગમાં હાસ કરાવો રે. અ૦ ૪
કહે મુક્તાનંદ ગુમાની રે, ગિર૦ આવડા કેમ થયા નિર્માની રે. અ૦ ૫

પદ - ૪

વેરણયને સંગે વસિયો રે, એ દુઃખ કેમ કરી સહેવાશે;
કપટી કુબજ્યાનો રસિયો રે, તલપતાં જીવડો જાશે. ૧
દાઝયા પર લુંણ લગાવે રે, એ દુઃખ૦ કુડા સંદેશા કા'વે રે. તલ૦ ૨
કુબજ્યાની કરે વડાઈરે, એ દુઃખ૦ મહાદુઃખ છે હૈડા માઈ રે. તલ૦ ૩
કપટિશું પડીયું પાનું રે, એ દુઃખ૦ વિરહનું દુઃખ રહે કેમ છાનું રે.તલ૦ ૪
મુક્તાનંદ મોહન વોણું રે, એ દુઃખ જીવ્યાં તે જનમ વગોણું રે. તલ૦ ૫

પદ - ૫

તમ સાથે પ્રીતિ બંધાણી રે, નટવર ન્યારી કેમ રહું;
હવે ન ગમે કેની વાણી રે, નટવર ન્યારી કેમ રહું. ૧
મને વિરહને બાણે મારી રે, નટ૦ ખટકે ઉરમાં ભારી રે. નટ૦ ૨
દર્શન વિના દુઃખ નવ ભાગે રે, નટ૦ મને વિષ જેવું સઉં લાગે રે. નટ૦ ૩
મોરલીમાં કામણ કીધું રે, નટ૦ મારૂં ચિત્ત ચોરીને લીધું રે. નટ૦ ૪
કહે મુક્તાનંદ મુરારી રે, નટ૦ તમ વિન પળ મહાદુઃખ કારી રે. નટ૦ ૫

પદ - ૬

સુંદર વર સુંણજ્યો કાને રે, તમને મળવા તલપું છું;
મન મોહ્યું ભીને વાને રે, તમને મળવા તલપું છું. ૧
વાંસળીએ વ્યાકુળ કીધી રે, તમને૦ મને પોતાની કરી લીધી રે. તમને૦ ૨
વ્રે'વંતી વિકળ ફરૂં છું રે, તમને૦ અંતરમાં ઝુરી મરૂં છું રે. તમને૦ ૩
દિનમાં ભોજન નવ ભાવે રે, તમને૦ રજનીમાં નિદ્રા ન આવેરે. તમને૦ ૪
કહે મુક્તાનંદ મુરારી રે, તમને૦ સુંણો અરજી નાથ અમારી રે. તમને૦ ૫





પદ - ૭

મોહનવર કયારે મળશો રે, કરૂણાસાગર મહેર કરી;
વિરહનું દુઃખ ક્યારે દળશો રે, કરૂણાસાગર મહેર કરી. ૧
મને હેત કરીને હેરો રે, કરૂણા૦ નવ કીજે નટવર વેરો રે. કરૂણા૦ ૨
મારી અરજી અંતર ધારો રે, કરૂણા૦ મને દુઃખસાગરથી તારો રે. કરૂણા૦ ૩
એકાંતે મંદિર આવો રે, કરૂણા૦ મારા તનના તાપ બુઝાવો રે. કરૂણા૦ ૪
કહે મુક્તાનંદ મન માન્યું રે, કરૂણા૦ આલિંગન કીજે છાનું રે. કરૂણા૦ ૫

પદ - ૮

રસિયાજી રસની રીતે રે, અલબેલા મંદિર આવો;
હું તો મોહી તમારે ગીતે રે, અલબેલા મંદિર આવો. ૧
મેં તો ફુલડે સેજ સમારી રે, અલ૦ તમસંગ રમવા રે' ભારી રે. અ૦ ૨
મારૂં તે સર્વ તમારૂં રે, અલ૦ હું સર્વસ્વ તમ પર વારૂં રે. અ૦ ૩
મારે તમ વિન પળ જુગ જેવી રે, અલ૦ મારે લોકલાજ વિષ તેવી રે. અ૦ ૪
કહે મુક્તાનંદ દુઃખ હરવા રે, અલ૦ મને કમળા જેવી કરવા રે. અ૦ ૫

રાગ : ગરબી પદ -૧

રે પ્રાણજીવન પ્રિતમ પ્યારા, રહો કેમ નટવરજી ન્યારા; રે પ્રાણ૦
રે મોરલિને નાદે મન હરિયું, નેણામાં કામણીયું કરીયું;
ભુલી હું તો પિયર સાસરીયું. રે પ્રાણ૦ ૧
રે સુંદર મૂરતિ મનમાની, દેખી હું તો થઈ છું દિવાની;
છપાડી વાત ન રહે છાની. રે પ્રાણ૦ ૨
રે તમસંગ મન માન્યું વા'લા, બોલો છો કેમ થઈને કાલા;
કરો મનગમતું નંદલાલા. રે પ્રાણ૦ ૩
રે જનમોજનમની હું તમારી, વાલમજી મા દેજ્યો વિસારી;
છબી પર મુક્તાનંદ વારી. રે પ્રાણ૦ ૪

પદ - ૨

રે ઠરવાનું ઠામ તમે મારૂં, બીજું સર્વે માયાનું લારૂં; રે ઠર૦
રે સગપણ તમ સાથે સાચું, ન થાયે કોઈ કાળે કાચું;
હવે નહિ બીજે રંગે રાચું. રે ઠર૦ ૧

રે લજ્જા મેં લોકતણી મેલી, આનંદે થઈ છું અલબેલી;
બાંધી મેં તો તમ સાથે બેલી. રે ઠર૦ ૨
રે તમ સંગ રંગ લાગ્યો ભારી, જુઠું સુખ જાણ્યું મેં સંસારી;
સાચે સુખે રાચી ગિરધારી. રે ઠર૦ ૩
રે તલપે છે મન વરતિ મારી, રે તમ સંગ રમવા મુરારી;
કરો મુક્તાનંદના વા'લા પ્યારી. રે ઠર૦ ૪

### પદ - ૩

રે રસિક શિરોમણી બહુરંગી, તમે મારા સાચેરા સંગી; રે રસિક૦
રે તમ સંગ પ્રીતડલી જોડી, તેડો તિહાં આવું નિત્ય દોડી;
લજ્જા મેં તો લોકતણી છોડી. રે રસિક૦ ૧
રે હૈડાનો હાર કરી રાખું, વારી તન ધન તમ પર નાંખું;
પ્રેમે કરી પૂરણ રસ ચાખું. રે રસિક૦ ૨
રે તન મેં તો તમ અર્થે કરિયું, બીજું મને સર્વે વિસરિયું;
હવે મારૂં મન તમસંગ ઠરિયું. રે રસિક૦ ૩
રે રસિયા હું રાજતણી કા'વી, પ્રીતિ તમ સાથે કરી ફાવી;
થઈ છું મુક્તાનંદના વા'લા આવી. રે રસિક૦ ૪

### પદ - ૪

રે છેલ છબીલા છોગાળા, મને વશ કીધી કા'નડ કાળા. રે છે૦
રે મોરલીમાં મંત્ર ભણી ભારી, વજાડી છે બેહદ ગિરધારી;
તેણે હરી લીધી શુદ્ધ મારી. રે છે૦ ૧
રે તમ વિના બીજું નથી ગમતું, રહે છે મન તમ સાથે રમતું;
મળ્યા વિના દુઃખડું નથી શમતું. રે છે૦ ૨
રે ઉરમાં છે આશ ઘણી અમને, જાળવિયું છે જોબન ખાઈ સમને;
હવે ઘણું શું કહીએ તમને. રે છે૦ ૩
રે રસિયાજી રસરીતિ કીજે, અધર અમૃત પૂર્ણ પીજે;
પ્યારા મુક્તાનંદના લાવો લીજે. રે છે૦ ૪





### પદ - ૫

રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું; રે શ્યામ૦
રે તમ વિના સુખ સંપત કા'વે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે,
અંતે એમાં કામ કોઈ ના'વે. રે શ્યામ૦ ૧
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગ હારે છે શિર પટકી;
એથી મારી મનવૃતિ હટકી. રે શ્યામ૦ ૨
રે અખંડ અલૌકિક સુખ તારૂં, જોઈ જોઈ મન મોહ્યું મારૂં;
ધરા ધન તમ ઉપર વારૂં. રે શ્યામ૦ ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જુઠું સુખ જાણીને વગોયું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું. રે શ્યામ૦ ૪

### રાગ : ગરબી પદ - ૧

મારો મત કહું તે સાંભળો વ્રજવાસિજી, તજો સાધનનો ઉર આમળો. વ્રજ૦ ૧
ગુરુ સંત તે હરિનું ભજન કરે, વ્રજ૦ જે પ્રગટ રૂપ હરિ વિચરે. વ્રજ૦ ૨
ચૈતન્ય સમરસ નહિ ભેદ ઘણા, વ્રજ૦ પરમેશ્વર ઈશ્વર જીવતણા. વ્રજ૦ ૩
અન્ય જીવ ને સંતમાં ભેદ ઘણો, વ્રજ૦ જેમ ગંગોદક મદિરાતણો. વ્રજ૦ ૪
મેં લીલા સુંદર પ્રગટ કરી, વ્રજ૦ તેને ગાવી અતિ આનંદભરી. વ્રજ૦ ૫
અંતકાળે આવું દાસ કને, વ્રજ૦ રથ અશ્વ વિમાન વાસંતતને વ્રજ૦ ૬
તે લીલા પૂરણ પ્રીતશું, વ્રજ૦ કે'વી સાંભળવી રસ રીતશું. વ્રજ૦ ૭
જો રહેશો દાસના દાસ થઈ, વ્રજ૦ સુખ માનીશ ભક્તિ કરીશ સઈ. વ્રજ૦ ૮
મારા લોક ને મૂર્તિ માહેરી, વ્રજ૦ છે પરમ સત્ય ગુણબાહેરી વ્રજ૦ ૯
એને અસત્ય કહી જે જાણે છે, વ્રજ૦ તેને જમ ઉંધે શિર તાણે છે. વ્રજ૦ ૧૦
મારૂં ધાર્યું અસત્ય સત્ય થાય છે, વ્રજ૦ સમર્થ કરી ગુણડા ગવાય છે. વ્રજ૦ ૧૧
મારી દ્દષ્ટિએજગત ઉપજે શમ, વ્રજ૦ થઈ રૂપ અનેક માયા રમે. વ્રજ૦ ૧૨
હું સદા રહું સતસંગમાં, વ્રજ૦ હું રાચું તેહના રંગમાં. વ્રજ૦ ૧૩
સત્સંગ તજી જે જાય છે, વ્રજ૦ તે જમના કિંકર થાય છે. વ્રજ૦ ૧૪
હું રહું બ્રહ્માંડમાં રૂપ ધરી, વ્રજ૦ નૃપ જોગી વિપ્રને અનુસરી. વ્રજ૦ ૧૫
એવો મારો મત જે જાણશે, વ્રજ૦ મુક્તાનંદ મહાસુખ માણશે. વ્રજ૦ ૧૬

રાગ : ગરબી  પદ - ૧

મારૂં શ્યામળા સંગાથે મન મોહ્યું રે, મેં તો જુઠું જગ સગપણ ખોયું રે. ૧
મને કા'નજી કોડિલે દયા કીધી રે, મને પોતાની કરી લીધી રે. ૨
મારૂં ઉદય થયું ભાગ્ય સુખકારી રે, વર વરિયા મેં કુંજવિહારી રે. ૩
મારે નટવર સંગ થયો નેડો રે, ભવપાર થયો છે મારો બેડો રે. ૪
હું તો અખંડ એવાતન પામી રે, મળ્યા મુક્તાનંદના સ્વામી રે. ૫

પદ - ૨

મારે પ્રભુજી સંગાથે લાગી પ્રીતિ રે, એ  છે અતિ ઉત્તમ રસ રીતિ રે. ૧
મને રસિકની રીતડી જણાણી રે, જેમ હંસ દૂધ પીવે તજી પાણી રે. ૨
એવી રીતે હું રસિલા સંગે રાચી રે, પ્રીતિ પાતળા સંગાથે કરી સાચી રે. ૩
જુઠું જગતનું સગપણ ટાળી રે, વર વરિયા મોહન વનમાળી રે. ૪
હું તો પ્રેમે અખંડ સુખ પામી રે, મળ્યા મુક્તાનંદના સ્વામી રે. ૫

પદ - ૩

મને રસિયો મોહન ઘણું પ્યારા રે, એક નિમિષ ન મેલું ન્યારા રે. ૧
મેં તો લોકડાંની લજ્જા ટાળી રે, મને લાગી છે ત્રિકમસંગ તાળી રે. ૨
એની આંખડી અધિક અણીયાળી રે, જોતાં મનમાં વશ્યા વનમાળી રે. ૩
મારે બેલડી બંધાણી હરિ સંગે રે, હું તો રિઝી રહી રસિયાને રંગે રે. ૪
કરી કરૂણા ગ્રહી છે મને હાથે રે, વા'લે મુક્તાનંદને નાથે રે. ૫

પદ - ૪

મેં તો સગપણ કીધું હરિ સંગે રે, અતિ આનંદ વાધ્યો છે મારે અંગે રે. ૧
મારા પુણ્યનો પાર ન આવેરે, મને રસિયોજી હસિને બોલાવે રે. ૨
મારો જનમ સફળ કર્યો વા'લે રે, આપ્યો અખંડ સુહાગ નંદલાલે રે. ૩
મને રસિયાનો રંગ ચડ્યો ભારી રે, હું તો થઇ રહી જગથી ન્યારી રે. ૪
હું તો અતિશય આનંદ પામી રે, મળ્યા મુક્તાનંદના સ્વામી રે. ૫

રાગ : ગરબી  પદ - ૧

યમુનાં તટ ગોકુળ ગામ રે, એ છે પૂર્ણાનંદનું ધામ રે. ૧
તહાં ગિરિધર ગોપીયોને સંગે રે, કરે ખેલ રમે બહુ રંગે રે. ૨
ક્યારેક અનુભવ વાર્તા ઉચ્ચારે રે, સુંણી ગોપી ગોપાળ મન ધારે રે. ૩
દેહ દેહીનું રૂપ દર્શાવે રે, તેમાં સત્ય સ્વરૂપ સમઝાવે રે. ૪





ક્યારેક વનમાં જઈને વનમાળી રે, ગાય ગિરિધર દઈ કરતાળી રે. ૫
ક્યારેક લઈ કર દડુલો દયાળ રે, છોડે સખાને ચુકે જો તાલ રે. ૬
ક્યારેક શિર પર ચરણ લગાડે રે, ક્યારેક કર ગ્રહી કાનજી જગાડે રે. ૭
કોઈ ધ્યાન ધરી રહે જો ગોવાળ રે, હસે દડુલો દઈને દયાળ રે. ૮
બે દડુલા વિરાજે જેને હાથે રે, એ છે અખિલ ભુવનના નાથ રે. ૯
એવી લીલા કરંતો લટકાળો રે, જુવે મુક્તાનંદ મર્માળો રે. ૧૦

પદ - ૨

વા'લો ગોકુળિયામાં ગિરિધારી રે, કરે લીલા લાગે છે અતિ પ્યારી રે. ૧
એક સમે આનંદી રમે રંગે રે, સર્વે સખા નાચે તેને સંગે રે. ૨
તહાં ગાજવીજ વૃષ્ટિ મંડાણી રે, લાગ્યાં પડવા ગગનથી પાણી રે. ૩
વાલો ગર્જીયા ગોખમાં આવી રે, કરી આજ્ઞા સઉને ભાવી રે. ૪
તેવે સમે સુંદર વર શોભે રે, જોઈ કોટિક કામ મન લોભે રે. ૫
નિત્ય સંધ્યા સમે આરતી થાય રે, તેની શોભા વર્ણવી ન જાય રે. ૬
ચડે પુષ્પના હાર અપાર રે, બોલે હરિજન જયજયકાર રે. ૭
ચડે ચંદન તુલસીના હાર રે, માથે ભ્રમર કરે ગુંજાર રે. ૮
તહાં વાજીંત્ર વાજે અપાર રે, તાલ મૃદંગ સરોદા સતાર રે. ૯
વીણા ઘુઘરૂં ને કરતાળ વાજે રે, મુક્તાનંદ કહે મોહન વિરાજે રે. ૧૦

પદ - ૩

એક સમે વાલો રંગભર રમે રે, જોઇ વ્રજવાસિને ઘણું ગમે રે. ૧
નાચે નાથ ને વજાડે કર તાળી રે, ફરે ફુદડી રસિયો રૂપાળી રે. ૨
ચડે ચરણે ચંદન શુભ હાર રે, ધન્ય ધન્ય નિત્ય નવલા વિહાર રે. ૩
શોભે ઊર્ધ્વરેખા અતિ પ્યારી રે, જાઉં નિરખી બલહારી રે. ૪
નખપંગતિ નિરખિ મન લોભે રે, સાદી ગુડકી પે'રીને ઘણા શોભે રે. ૫
કટિ કસુંબલ ફેટે કરી કસિ રે, જેણે જોયા તેને મન રહ્યા વસિ રે. ૬
શિર લાલ સોરંગી ફેંટો રાજે રે, પીળા પુષ્પના તોરા છાજે રે. ૭
કાજુ કેવડા તે કુંકુમે રંગી રે, ધરી છોગલાં ને નાચે નવરંગી રે. ૮
ઉર અનુપમ હાર સાર લે'કે રે, ચુવા ચંદન અંતર અગ બો'કે રે. ૯
એવા અંગોઅંગ શોભાધામ રે, ગાય મુક્તાનંદ ગુણગ્રામ રે. ૧૦

### પદ - ૪

એક સમે સુંદર વર સંગે રે, ગાય નાચે ગોવાળ બહુ રંગે રે. ૧
એમ કરતાં અર્ધ નિશી થઈ રે, એક ગોવાળે ઉમંગી વાત કઈ રે. ૨
પ્રભુ ભેટ્યાનો છે ઘણો ભાવ રે, આજ આવ્યો છે અમારે ભલો દાવ રે. ૩
કરી પ્રીત કહે દેવ મુરારિ રે, તમે અનુપમ વાર્તા ઉચ્ચારિ રે. ૪
આવો એક એક મળો કરી પ્રીત રે, એ છે ઉત્તમ રસની રીત રે. ૫
વા'લે ઉર ધરી આલિંગન કીધું રે, વા'લે વાલ્યપ વધારી સુખ દીધું રે. ૬
ભેટ્યા ભાવ કરી દીનદયાળ રે, કર્યા કૃતારથ ગોવિંદ ગોપાળ રે. ૭
તે ટાંણે જે ન આવી શક્યા કો'ક રે, ઘસી હાથને ઘણો કર્યો શોક રે. ૮
કરે લીલા કોડિલો સુખ દેવા રે, સુખ આપે તે ચિત્ત હરી લેવા રે. ૯
રૂડા રસિક જનની રીતે રે, પિયે મુકતાનંદ રસ પ્રીતે રે. ૧૦

### રાગ : ગરબી પદ - ૧

હો નવરંગી ગ્વાલની ગોરી, તજી માન તું આવ્યની ઓ'રી; હો
મારૂં દાણ ચોરી કેમ ચાલી, થઈ છું જોબન મદ મતવાલી;
ખેંચી લૈશ મહી કર ઝાલી. હો. ૧
તારો મદ હમણાં ગળિ જાશે, નોંખી વાત નવાઈની થાશે;
તારૂં મહીડું તે વનમાં વેરાશે. હો. ૨
મુક્તાનંદનો નાથ કે' પ્યારી, આપી દાણ જાઓ સઉ કુમારી;
એમાં રહેશે લાજ તમારી. હો. ૩

### પદ - ૨

હો નંદનંદન નટવર દાણી, આવી બોલો માં વરવિ વાણી; હો.
નવાં ફેલ કરો છો મુરારી, રોકી રાખો છો નિત્ય પરનારી;
એમાં જાશે લાજ તમારી. હો. ૧
નવી દાણની રીત ન કીજે, પ્રેમે પાયે તે ગોરસ પીજે;
કેદી દાણનું નામ ન લીજે. હો. ૨
મુક્તાનંદના નાથ છો નાના, ઠાલું જોર જણાવો છો શું કાના;
ખો'શો ભ્રમ રહેજ્યો હવે છાના. હો.૩





### પદ - ૩

હો ગુજરડી ગુમાન જે તારૂં, તેને આ ઘડીએ હું ઉતારૂં. હો.
તારે ધન જોબન બળ ભારી, નથી બોલતી વેણ વિચારી;
એમાં થાશે ફજેતી તારી. હો. ૧
મારૂં મનડું તૈયે રાજી થાશે, મહીડું ખેંચી ગોવાળિયા ખાશે;
તારૂં માન તૈયે ગળિ જાશે. હો. ૨
મુક્તાનંદનો નાથ કે' તારી, મારે માનશું વેર છે ભારી;
નથી જાણતી રીત અમારી. હો. ૩

### પદ - ૪

હો મનમોહન કુંજવિહારી, હું છઉં અબળા દાસી તમારી. હો.
મારે તમથી નથી કોઈ પ્યારૂં, વા'લા મારૂં તે સર્વ તમારૂ
હું તો સરવસ તમ પર વારૂં. હો. ૧
પ્રેમે શ્યામ સુંદર વર પીજે, કે'વાનું હોય તે કે'જે;
મને પોતાની કરી લીજે. હો. ૨
સુંણી વિનતીનાં વેણ મુરારી, રિઝયા રસિકરાય સુખકારી;
જાય મુક્તાનંદ બલહારી. હો. ૩

### રાગ : ગરબી પદ - ૧

સહજાનંદસ્વામી સુજાણ રે, દ્વારકાનાથ જાવા, કર્યું પ્રેમસહિત પરિયાણ રે. દ્વા. ૧
નિજસંબંધી અવધપુર વાસિ રે, દ્વા૦ તેશું બોલિયા પ્રેમ પ્રકાશી રે. દ્વા. ૨
નિજ ભાઈ ભત્રિજા જેહ રે, દ્વા૦ સ્વામી ત્યાર કર્યા છે તેહ રે. દ્વા. ૩
મુક્યા સચ્ચિદાનંદ મુનિ સંગ રે, દ્વા૦ વધ્યો સહુને અતિઉમંગ રે. દ્વા. ૪
ચાલ્યા ચોંપે કરી દ્વિજ સોય રે, દ્વા૦ વાટે વિલંબ કરે નહિ કોય રે. દ્વા. ૫
ગયા ગોમતીમાં પ્રેમ કરી ધાયા રે. દ્વા૦ કર આપીને ગોમતી નાહ્યા રે. દ્વા. ૬
થઈ સચ્ચિદાનંદને સમાધિ રે, દ્વા૦ રહ્યા ઉનમની આસન સાધી રે. દ્વા. ૭
દ્વિજે અતિશે જગાડિ જોયા ત્યારે રે, દ્વા૦ નવ જાગ્યા મુકીને ગયા તારે રે. દ્વા. ૮
ખમી શક્યા ન વિરહનો તાપ રે, દ્વા૦ લીધી આરંભડે જઈ છાપ રે. દ્વા. ૯
કર આપીને દર્શન દીધા રે, દ્વા૦ કહે મુક્તાનંદ કાજ સીધા રે. દ્વા. ૧૦

પદ - ૨

મુનિ જાગ્યા સમાધિમાંથી સોય રે, રણછોડરાય જોવા;

સંગે વિપ્ર ન દીઠા કોય રે. રણ૦ ૧

ગયા ગોમતીમાં કરવા સ્નાનરે, રણ. સહ્યું ગુગળીનું અતિ અપમાનરે. ર. ૨

તેણે ગોમતી ના'વા ન દીધા જ્યારેરે, રણ. મુનિ ત્રણ ઉપવાસ કર્યા ત્યારેરે. ર. ૩

મુનિ નાહ્યા વિના કરી સંતાપરે, રણ. ગયા ચોંપે શું લેવા છાપરે રે. ર. ૪

આવ્યા આરંભડે તતકાળરે, રણ. જોયો લાંઘણચોરો વિકરાળરે. ર. ૫

મુનિ દીન થઈ માગી છાપરે, રણ. મને છાપ દઈ ટાળો સંતાપરે. ર. ૬

તેણે દામ વિના છાપ ન દીધીરે, રણ. મુનિ ત્રણ લાંઘણ ત્યાં કીધીરે. ર. ૭

ગયા છાપ વિના શંખોદ્ધારરે, રણ. પહોચ્યા રણછોડરાયને દ્વારરે. ર. ૮

સહ્યું પોળિયાનું અતિ અપમાનરે, રણ. મુનિ ભજે અખંડ ભગવાનરે. ર. ૯

કીધા ત્યાં પણ પાંચ ઉપવાસરે, રણ. કહે મુક્તાનંદ અતિ પ્યારારે. ર.૧૦

પદ -૩

જોઈ સચ્ચિદાનંદની પ્રીતરે, રણછોડરાય રિઝયા;

જોઈ સર્વ અલૌકિક રીતરે. રણ ૧

રહ્યો જામનિનો પો'ર ચોથો જ્યારેરે, ર. દીધું અંતરમાં દર્શન ત્યારેરે. ર. ૨

જેવું અંતરમાં દર્શન દીધુંરે, રણ. તેવું બા'ર પ્રગટ રૂપ કીધુંરે. ર. ૩

મુનિ નેણ ઉઘાડી જ્યારે જોયુંરે, રણ. જોઈ પ્રગટ સ્વરૂપ મન મોહ્યુંરે. ર. ૪

વા'લે હસીને મુક્યા છે માથે હાથરે, રણ. પ્રેમે બોલ્યા અખિલ જગનાથરે. ર. ૫

મુનિ માંગો તે વરદાન આપુરે, રણ. તારાં સર્વે સંકટ કાપુરે. ર. ૬

મુનિ સચ્ચિદાનંદ સમય જાણીરે, રણ. બોલ્યા બેઉ કર જોડી વાણીરે. ર. ૭

પ્રભુ અમારે તમ સંગ પ્યારરે, રણ. અહીંયાં ગુગળીને અમપર ખારરે. ર. ૮

માટે આવો અમારે સાથરે, રણ. કરો હરિજન સઉને સનાથરે. ર. ૯

માગ્યો એ વર અંતરજામીરે, રણ. આવો મુક્તાનંદના સ્વામીરે. ર.૧૦

પદ - ૪

બોલ્યા પ્રેમે કરી સુખધામરે, સાંભળો સંત વાણી;

મોટા સંત મારા આતમારામરે. સાં૦ ૧

હું તો ભક્ત આધીન કહેવાઉંરે, સાં૦ સાધુ વેચે ત્યાં વેચાઉંરે. સાં૦ ૨





તમે ઉદ્ધવને આશરે જેહરે, સાં૦ મારે ઉદ્ધવ સમાન છે તેહરે. સાં૦ ૩

અહિંયાં તમ પર સઉને દ્વેષરે, સાં૦ તેને ઉર થયો લોભ પ્રવેશરે. સાં૦ ૪

માટે આવીશ તમારે સંગરે. સાં૦ એમાં થાશે તે સૌને ઉમંગરે. સાં૦ ૫

હું વસીશ આવીને વરતાલરે, સાં૦ તેણે મુજ સંગ વાધશે વા'લરે. સાં૦ ૬

મારો સાજ સર્વ સંગ લાવીરે, સાં૦ તિયાં રહીશ હું ધામ બનાવીરે. સાં૦ ૭

મારો અહિં તેવો તિયાં નિત્ય વાસરે, સાં૦ જોશે હરિજન અધિક પ્રકાશરે. સાં૦ ૮

તમે જેવી રીતે વર માગી લીધો રે, સાં૦ મેં તેવીજ રીતે સત્ય કીધો રે. સાં૦ ૯

એમ કહી થયા અંતરધાનરે, સાં૦ કહ્યું મુક્તાનંદ ભગવાનરે. સાં૦ ૧૦

રાગ : ગરબી પદ - ૧

એને ઉદ્ધવ સંગાથે અતિ પ્રીતડી રે, જાણી ઉદ્ધવને આશરે સંત,

રણછોડરાય વરતાલ આવીયા રે;

એ તો ભક્ત આધીન સદા શ્યામળોરે, રાખ્યું બિરૂદ પોતાનું ભગવંત. રણ. ૧

મુનિ સચ્ચિદાનંદ સંગ ચાલિયારે, જોઈ સાધુની સાચી પ્રીત; રણ.

ગૃહી ત્યાગી ઉદ્ધવને આશરેરે, વા'લો કરવા સહુને પુનિત. રણ. ૨

રૂડી ફાગણ શુદી એકાદશીરે, તે દિ પ્રેમે પધારિયા શ્યામ; રણ.

વા'લો આવી વસ્યા વરતાલમાંરે, કર્યું વરતાલ ગામ નિજ ધામ. રણ. ૩

જેમ શ્વેતદ્વીપથી પધાર્યા દ્વારકારે, તેમ દ્વારકાથી આવ્યા વરતાલ; રણ.

વા'લો ભક્ત વત્સલ બિરૂદ રાખવારે, કરી સેવક સંગાથે ઘણી વાલ્ય. રણ. ૪

વા'લે સરોવર રૂપે કરી ગોમતીરે, થયા લક્ષ્મીનારાયણ આપ; રણ.

સંઘ આવે તે ગોમતીમાં નાહીનેરે, છાપ લેતા ટળે મહા પાપ. રણ. ૫

આવે જાત્રાયે લોક સહુ દેશનારે, કરી દર્શન પામે આનંદ; રણ.

જે જે નયણ ભરી જુવે નાથનેરે, તેના ટાળે છે ભવના ફંદ, રણ. ૬

ભાવે ગાય શિખે ને સાંભળેરે, રૂડો કૃષ્ણપ્રસાદ સુખ રૂપ; રણ.

છુટે નરનારી મહા પાપથીરે, પામે વૈકુંઠ ધામ અનુપ. રણ. ૭

વા'લે કળિમધ્ય અતિ કરૂણા કરીરે, તેનો મર્મ ન જાણે મતિમંદ; રણ.

વા'લો મુક્તાનંદનો નાથજીરે, પોતે વાસુદેવ જગવંદ. રણ. ૮

રાગ : ધોળ પદ - ૧

જીરે ધન્ય ધન્ય આ ભૂમિનાં ભાગ્ય કૃપાનિધાન કૃપા કરી;

જીરે પધારિયા પૂરણ બ્રહ્મ સદ્ગુરૂ રૂપે શ્રીહરિ. ૧

જીરે ધન્ય ધન્ય સતસંગી સંત, જેહને તે દર્શન આપિયાં;
જીરે ટાળ્યા જન્મ મરણના તાપ કર્મનાં બંધન કાપિયા. ૨
જીરે આજ આનંદ અંગ ન માય, નવલા તે નેહ વધારિયા;
જીરે આજ અમૃતના વુંઠા મેઘ પુરૂષોત્તમ પધારિયા. ૩
જીરે તહાં માનિની મંગળ ગાય, વાજીંત્ર વાજે અતિ ઘણાં;
જીરે ઉઠે આનંદ કેરી છોળ વૈષ્ણવ જનને વધામણાં. ૪
જીરે વા'લો સોળ કળામય શ્યામ, નિરખિને નયણાં સુફળ થયાં;
જીરે તે તો પુણ્ય પવિત્ર નરનાર્ય ભાગ્ય ન જાયે કહ્યાં. ૫
જીરે આજ પ્રગટ્યા કોટી કલ્યાણ હરખે ઉર ધાર્યા હરિ;
જીરે મુક્તાનંદ તે તદરૂપ ગરભવાસ ના'વે ફરી. ૬

**પદ - ૨**

જીરે મારાં પુણ્યતણો નહિ પાર મોહન વર મુજને મળ્યા;
જીરે કરી અમઉપર ઘણી મહેર બોલે પોતાને પોતે પળ્યા. ૧
જીરે કીધી સેવકજનની સાર કાનડ વર કોડામણે;
જીરે એનાં નિરખ્યા જેવાં નેણ નિરખિ નિરખિ જાઉં ભામણે. ૨
જીરે સાંભળવા સરખાં વેણ સાંભળતાં ચિત્ત ઠરે;
જીરે વા'લો નટવર નવલી પેર લીલા અલૌકિક નિત્ય કરે. ૩
જીરે મેં તો પ્રેમે પિયુનો હાથ ઉર ધરી હારદ જાણીયું;
જીરે લીધા ઉર ઉપર અલબેલ મનગમતું સુખ માણિયું. ૪
જીરે મને મુખથી દીધો તાંબૂલ અધર અમૃતરસ પાઈને;
જીરે બેની સેજડલીનાં સુખ મુખથી તે ન શકું ગાઈને. ૫
જીરે એ તો વિરહિને હરિશું વિહાર અમૃતસમ મુનિ ગાય છે;
જીરે મુક્તાનંદ મૂર્ખ લોક તેહને તો વિષસમ થાય છે. ૬

**રાગ : ગરબી પદ - ૧**

મારૂં તમ સાથે મન મોહ્યું રે, સુંદર શ્યામળીયા;
મુજ સામું જે દિનથી જોયું રે. સું૦ ૧
મને નેણુંની સાને વશ કીધીરે, સું૦ મને પોતાની કરી લીધી રે. સું૦ ૨
મને હસિને હેતશું બોલાવીરે, સું૦ મને લાલચ ખુબ લગાવી રે. સું૦ ૩
વા'લા આવો અમારે ઘેર રે, સું૦ કરો મુક્તાનંદ પર મે'ર રે. સું૦ ૪





**પદ - ૨**

મારે મંદિર આવો માવરે, નટવર નંદનંદા;
મને ભેટ્યાનો ઘણો ભાવ રે. નટ૦ ૧
વા'લો અંગો અંગ ફુલડાં ધારીરે, નટ૦ મને ભાવેશું ભેટો મુરારીરે. નટ૦ ૨
મેં તો તમ અરથે તન કીધુંરે, નટ૦ મેં તો સરવસ તમને દીધું રે. નટ૦ ૩
મારી આશ પુરી કરો આધારરે, નટ૦ કરો મુકતાનંદ પર પ્યારરે. નટ૦ ૪

**પદ - ૩**

મારે તમસંગ સગપણ બાંધ્યુંરે, કાનવર કોડિલા;
જેમ રાંકને રતન લાધ્યું રે. કા૦ ૧
મને લાગ્યો તમારો રંગરે, કા૦ મને ગમે તમારો સંગરે. કા૦ ૨
હવે આલિંગન કરી સુખ આપોરે, કા૦ મારી વ્રે'ની તે વેદના કાપોરે. કા૦ ૩
કરી છે મર્મની વાત મન ધારજ્યોરે, કા૦ મુક્તાનંદનું કારજ સારજ્યોરે. કા૦ ૪

**પદ - ૪**

મારી અરજી અંતર ધારોરે, મોહન મનગમતા;
વેગે કામિનીનું કારજ સારોરે. મો૦ ૧
મારૂં તનડું તપે છે તમ કાજરે, મો૦ ઘણું કહેતાં લાગે છે લાજરે. મો૦ ૨
મને પળ જુગ જેવી થાયરે, મો૦ તમ વિના ક્ષણ ન રહેવાયરે. મો૦ ૩
આવો પ્રેમે અધરરસ પીજેરે, મો૦ મુક્તાનંદ પર કરૂણા કીજેરે. મો૦ ૪

**રાગ : વેરાડી પદ - ૧**

મનોહર મૂરતિ મનોહર મૂરતિ, મારા મનમાં ચોટી માવ;
સુંદર શ્યામ મનોહર મૂરતિ. ટેક.
સુંદર પાઘ સોયામણી શોભે, સુંદર ભાલ વિશાળ;
સુંદર નેણની સાનમાં, મારૂં મન હર્યું તતકાળ. સું૦ ૧
હિંડળતો શુભ હાર ગળામાં, જોઈને જાદવરાય;
મનડું મોહન ભેટવા, મારૂં અતિ ઘણું અકળાય. સું૦ ૨
ચટકા કરતી ચાખડી પે'રી, ચાલો છો સુંદર શ્યામ;
મોહન આડી મીટમાં, કીધું ઘેલું ગોકુળ ગામ. સું૦ ૩
મુખ જોયા વિન સુખ નહિ, લાગી રટના આઠો જામ;
મુક્તાનંદના નાથજી, હું તો ભુલી ઘરનું કામ. સું૦ ૪

**પદ - ૨**

કીધી મેં તો પ્રીતડી, કીધી મેં તો પ્રીતડી, તમ સાથ કોડિલા કા'ન;
સાચા સેણશું કીધી પ્રીતડી. ટેક.
ચાત્રકની પેર શ્યામળા મારી, તમશું બાધી ટેક;
વાલમજી તમને વરી, હું તો સમઝી સાર વિવેક. સા૦ ૧
મોરલડીના નાદમાં, મારૂં ચિત્ત થયું ચકચુર;
મોહન લાગી મોહની, હવે રહી ન શકું દૂર. સા૦ ૨
સુપન તુલ્ય સંસારિયો, મારા મનમાં ભાશો માવ;
તમે સાથે મન માનિયું, મારા નેહ વધારણ નાવ. સા૦ ૩
જીતનો ડંકો વાગીયો, મારે નેહ થયો તમ સંગ;
મુક્તાનંદના નાથજી, હું તો રાચિ તમારે રંગ સા૦ ૪

**પદ - ૩**

નટવર નાથજી નટવર નાથજી, આવો મંદિર મારે માવ;
નાગર છેલ છબિલા નાથજી. ટેક૦
સેજ સમારી ફુલડે સુંદર, કોડિલા તમ કાજ;
તમ અરથે તનડું કર્યું, મેં તો વાલમજી વ્રજરાજ. ના૦ ૧
લોકડિયાની લાજમાં હું તો, નથી બંધાણી નાથ;
છેલ છબીલા શ્યામળા, મારો માવ ગ્રહ્યો તમે હાથ. ના૦ ૨
શું કહી દાખું શ્યામળા મોહન, છો ઘણું જાણ સુજાણ;
મીનની પેર્ય માવજી, મારા તમશું બાંધેલ પ્રાણ. ના૦ ૩
જીવનદોરી જાદવા મારી, કેમ રહું પળ દૂર;
મુક્તાનંદના નાથજી, હવે રહેવું નેણ હજુર. ના૦ ૪

**પદ -૪**

જીવું છું જોઇને જીવું છું જોઇને, તારૂં મુખડું મોહનલાલ;
સુંદર શ્યામ જીવું છું જોઇને. ટેક૦
મુખ તમારૂં માવજી જોવા, લોચનીયાં અકળાય;
અણદીઠ પળ એક તે, જુગ કોટિક જેવી થાય. સુંદર. ૧
અમલિડાંની પેર્યઅમારે, દરશન જોયે દેવ;
એવું જાણી અલબેલડા, આપો ચરણ કેરી સેવ. સુંદર. ૨





મુખની પૂર્ણ મોહની લાગી, જીવ જોયા વિન જાય;
મીન વિછોયું નીરથી, તેને કેમ સુખી રહેવાય. સુંદર. ૩
પ્રેમના ફંદમાં હું પડી, મારે ઝેર થયો સંસાર;
મુક્તાનંદના નાથજી, મારે એક તમે આધાર. સુંદર. ૪

**રાગ : કલ્યાણ પદ - ૧**

હો નંદનંદા આવોને મારે મો'લ રે;
વાટડી જોઇને રહી છું વાલમરે, હાંરે સત્ય માની તમારા બોલરે. હો૦ ૧
ગુણસાગર તારા ગુણમાં લોભાણીરે, હાંરે બીજું નવ દેખું તમ તોલરે. હો૦ ૨
બપૈયાની પેર્ય બની છુંરે, હાંરે મારે મટી ગઈ મનડાની ડોલરે. હો૦ ૩
મુક્તાનંદ કહે મહાપ્રભુજીરે, હાંરે શું સમઝીને દીધા કોલરે. હો૦ ૪

**પદ - ૨**

હોજી રંગભીના રસિલા આવો આજ રે;
ફુલડે સેજ સમારી સુંદરરે, હાંરે મારી સફળ કરોને વ્રજરાજરે. હો૦ ૧
નટવર નૌત્તમ જોબન મારૂંરે, હાંરે હું તો રાખી રહી છું તમ કાજરે. હો૦ ૨
કમળાવર તમને શું કહીયેરે, હાંરે ઘણું કહેતાં લાગે છે લાજરે. હો૦ ૩
મુક્તાનંદ કે'માન વધારોરે, હાંરે ગુણસાગર ગરીબ નિવાજરે. હો૦ ૪

**પદ - ૩**

હો કાનુડા ચપળ ચિત્ત ચોર રે;
શોકલડી સાથે લોભાણારે, હાંરે તમે અમને તો ભાળ્યાં ચોરરે. હો૦ ૧
શું કરવા ચિત્ત ચોર્યું અમારૂંરે, હાંરે હવે કરશું પાધરા દોરરે. હો૦ ૨
લલચાવી લટકતાં મેલોરે, હાંરે એવો ક્યાંથી શીખ્યા કુનોરરે. હો૦ ૩
મુક્તાનંદ કે' પ્રાણથી પ્યારારે, હાંરે તમે નટવર નંદકીશોરરે. હો૦ ૪

**પદ - ૪**

હો ગિરિધારી હો ધિરા ધિરા આજ રે;
મનગમતું કરેરે શું મોહનરે, હાંરે ફરી ન કરો આવાં કાજરે. હો૦ ૧
બો'ત દિવસની દાઝ છે દીલમારે, હાંરે હવે મેટે લણશે મા'રાજરે. હો૦ ૨
મુખડે તે બીજું ને મનમાં તે બીજુંરે, હાંરે તમે દેખંતા દગાબાજરે. હો૦ ૩
મુક્તાનંદ કહે મહીંડું લેતાંરે, હાંરે ગયા ગિરધર લોપીને લાજરે. હો૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

સખી ધન્ય ધન્ય વ્રજનો વાસ, ધન્ય નંદરાણી રે;
જેના પુત્ર થયા પરબ્રહ્મ, વેદે વખાણી રે. ૧
સખી ધન્ય ધન્ય નંદજી તાત, હરિને લડાવે;
જેનો મહિમા શારદા શેષ, નારદ ગાવે રે. ૨
સખી ધન્ય ધન્ય જમુના તીર, જ્યાં હરિ ડોલે રે;
આણે અવસર તીરથ કોઈ, ના'વે તેને તોલે રે. ૩
સખી ધન્ય ધન્ય ગોપ ગોવાળ, હરિના સંગી રે;
જેને સંગે શ્યામ સુજાણ, રમે બહુ રંગી રે. ૪
સખી ધન્ય ધન્ય આપણાં ભાગ્ય, હરિવર મળિયા રે;
હવે ખોયલા દીવસના ખંગ, સરવે વળિયા રે. ૫
સખી વ્રજવાસીનાં ભાગ્ય, વેદ વખાણે રે;
મુક્તાનંદ કે' મોહન સંગ, મહાસુખ માણે રે. ૬

**પદ - ૨**

સખી ગોકુળ ગામનું ભાગ્ય, નવ જાયે કળિયું રે;
વ્હાલે સર્વે લોકથી સરસ, કર્યું નંદ ફળિયું રે. ૧
સખી નિત્ય નિત્ય નંદને દ્વાર, ઉત્સવ થાય રે;
ઉઠે આનંદ કેરી છોળ, ગોપીયો ગાય રે. ૨
સખી ધન્ય આ ભૂમિનાં ભાગ્ય, જ્યાં હરિ નાચે રે;
તેને નિરખી ગોપી ગોપાળ, રંગમાં રાચે રે. ૩
સખી સ્નેહની નજરે નાથ, સહુને ભાળે રે;
ઘણું મગન કર્યા મસ્તાન, કા'નડ કાળે રે. ૪
સખી નિત્ય નિત્ય આનંદ કેળ્ય, કરે અવિનાશી રે;
જેના દર્શન કારણ દેહ, દમે વનવાસી રે. ૫
સખી શારદા નારદ શેષ, વ્રજરજ વંદે રે;
જીહાં મુક્તાનંદનો નાથ, રમે આનંદે રે. ૬

**પદ - ૩**

સખી નંદતણે દરબાર, આનંદ એલી રે,
તેને નિરખી સહુ વ્રજનાર, ફરે છે ઘેલી રે. ૧





સખી બ્રહ્મા ભવ સુરરાજ, વ્રજ ગુણ ગાવે રે;
જીહાં પ્રગટ પૂરણ બ્રહ્મ, ધેનુ ચરાવે રે. ૨
સખી જીવજંતુ વ્રજમાંહિ, તે બડભાગી રે;
જેની તાળી ત્રિભુવનરાય, તે સંગ લાગી રે. ૩
સખી વ્રજનાં વેલી ને વૃક્ષ, ધન્ય ધન્ય કા'વે રે;
જેની છાયામાં સુંદર શ્યામ, વેણુ વજાવે રે. ૪
સખી વૃંદાવનની ભૂમિ, શ્રેષ્ઠ કહેવાણી રે;
જીહાં ચરણ ધરે સુખ રૂપ, શારંગ પાણી રે. ૫
જીહાં કમળાએ કીધો નિવાસ હરિસંગ રમવા રે;
સખી મુક્તાનંદના નાથ, ને મન ગમતા રે. ૬

**પદ - ૪**

સખી ધન્ય ધન્ય શ્રી ગિરિરાજ, હરિ કર ધાર્યો રે;
જેનો ચૌદ ભુવનમાં શ્યામ, જશ વિસ્તાર્યો રે. ૧
વાલે ઈન્દ્રનું મોડ્યું માન, વ્રજજન કાજે રે;
ધર્યો એક કરે દિન સાત, ગિરિ વ્રજરાજે રે. ૨
સખી વ્રજવાસિને તુલ્ય, કોઈ ન દેખું રે;
જેને વશ થયા વૈકુંઠનાથ, ધન્ય ધન્ય લેખું રે. ૩
સખી જે નિશદિન હરિસંગ, મહારસ માણે રે;
તેના પુણ્યનો શંકર શેષ, પાર ન જાણે રે. ૪
સખી વ્રજવાસી જે જન, ધન્ય ધન્ય કા'વ્યાં રે;
નિત્ય ભાવ વધ્યો ભરપુર, હરિ મન ભાવ્યાં રે. ૫
સખી આપણાં ભાગ્ય અપાર, હરિસંગ રમતાં રે;
સખી મુક્તાનંદના નાથ, ને મન ગમતાં રે. ૬

**પદ - ૫**

સખી વાંસલડી વ્રજમાંહિ, સહુને સાલે રે;
એ તો શોક્યતણી પેર શ્યામ, ને સંગ મા'લે રે. ૧
એને કરથી પળ એક કા'ન, ધરે નહિ હેઠી રે;
એ તો વેરણ્ય થઈ વ્રજ માંહિ, ક્યાંથી પેઠી રે. ૨

એ તો આપણો માલ અપાર, નિશદિન લુંટે રે;
કરે અધર અમૃતનું પાન, તાર ન તુટે રે. ૩
સખી શોક્યલડીથી શાલ, વંશીનું ભારી રે;
એને મુખથકી મોહનલાલ કરે નહિ ન્યારી રે. ૪
સખી વન સહુ વંશીની જાત્ય, મન ઘણું હરખે રે;
તે માને છે મોટા ભાગ્ય, નેણે જળ વરખે રે. ૫
સખી જે જળ પીને વાંસ, વધ્યો તો વનમાં રે;
એ તો તે નદી કમળસમેત, ફૂલી મનમાં રે. ૬
સખી વાંસલડીની જાત્ય, નહિ કાંઈ છાની રે;
એ તો મુક્તાનંદના નાથ, ને મન માની રે. ૭

**પદ - ૬**

વ્હાલો નિત્ય નંદજીને દ્વાર, રમે ગિરધારી રે;
તેને નિરખીને મનમાંહિ, મગન વ્રજનારી રે. ૧
વ્હાલો વાંકાં ચુંકા કહી વે'ણ, સહુને હસાવે રે;
કરે મર્મની વાત મોરાર, મન ઘણું ભાવે રે. ૨
વ્હાલો ચાલે ચટકતી ચાલ્ય, ગાયો દોવા રે;
કરે કરનાં લટકાં કા'ન, મનડું મો'વા રે. ૩
વ્હાલો છાના કરે બહુ ચેન, કોઈ ન જાણે રે;
એની મીટયમાં મોહન વેલ્ય, મનડું તાણે રે. ૪
એ તે મંત્ર ભણી ભણી માવ, મોરલી વાય રે;
તેને સાંભળતાં નરનાર, વશ થઈ જાય રે. ૫
એ તો મોહ પમાડયાના મંત્ર, મુખથી બોલે રે;
વ્હાલો મુક્તાનંદનો નાથ, મગન થઈ ડોલે રે. ૬

**પદ - ૭**

વ્હાલો નિત્ય નિત્ય નૌત્તમ વેશ, ધરે વનમાળી રે;
તેને નિરખીને ગોવાળ, વજાડે તાળી રે. ૧
વ્હાલો મોર મુગટ ધારી માવ, નટવર નાચે રે;
તેને જોઈને ગોપી ગોપાળ, મન ઘણું રાચે રે. ૨





માથે લાલકસુંબી પાઘ, તોરા લે'કે રે;
પહેર્યા જરકશી જામો સુરંગ, અંતર લેકે રે. ૩
બાંધ્યા ફુલડાંના બાજુબંધ, હાર વિરાજે રે;
કાને કુંડળ મકરાકાર, રવિ શશી લાજે રે. ૪
કેડયે ઘુઘરડીનો ઘેર, ઘમકે ભારી રે;
તેણે સુણતાં સઉ વ્રજમાંહિ, મોહ્યાં નરનારી રે. ૫
કેદિ ચંદન ખોર સમેત, સુંદર છાજે રે;
મુક્તાનંદ મહાસુખરૂપ, વ્રજમાં વિરાજે રે. ૬

**પદ - ૮**

મારે મંદિર આવો માવ, તનપર વારી રે;
મેંતો તમસંગ રમવા કાજ, સેજ સમારી રે. ૧
મેંતો તમને અરપ્યું તન, શ્યામ સુહાગી રે;
મારો હાથ ગ્રહો મહારાજ, કરો બડભાગી રે. ૨
મારા મનમાં મોટી આશ, તે તમે જાણો રે;
મારૂં મનગમતું કરી માવ, મોજું માણો રે. ૩
વ્હાલા અવર અમૃતની આશ, પ્યારા બુઝાવો રે,
મને ભેટ્યાનો બહુ ભાવ, મંદિર આવો રે. ૪
તમે બ્રહ્માદિકના ભૂપ, શું ઘણું કહીયે રે;
મુને આપો અખંડ સુહાગ, સ્થિર થઈ રહીયે રે. ૫
બીજા અવળા જીવ અનેક, પતિ તમે પ્યારા રે;
મુક્તાનંદ કહે મહારાજ, રહો કેમ ન્યારા રે. ૬

**પદ - ૯**

મારે તમસંગ પુરણ પ્રીત, બીજે ન રાચું રે;
હું તો તમ વિના સગપણ શ્યામ, ગણું સર્વે કાચું રે. ૧
મેં તો લોકની લાજ મરજાદ, સઘળી તોડી રે;
મેં તો શિરસાટે તમસંગ, પ્રીતિ જોડી રે. ૨
હું તો સ્વપ્ના તુલ્ય સંસાર, સઘળો દેખું રે;
હું તો તમ વિના બીજું કઈ, સત્ય ન લેખું રે. ૩

તારી લાવણ્યમાં નંદલાલ, હું લોભાણી રે;
મુને ગમતી નથી ઘરમાંય, કેની વાણી રે. ૪
મારે પળ જુગ જેવી થાય, તમ વિના વ્હાલા રે;
મુને કાંઇ ગમે નહિ કામ, શ્રીનંદલાલા રે. ૫
રહેજ્યો નયણું આગળ નાથ, આવાને આવા રે;
મુક્તાનંદ કહે મહારાજ, નહિ દેઉ જાવા રે. ૬

**રાગ : પંચમ પદ - ૧**

રજનીને અંતરેરે રસિયાજી આવિયારે, કેને સંગે જાગ્યા જીવનપ્રાણ;
બિ'તા બિ'તા બોલો રે વા'લાજી મુખ વેણડાંરે, પ્રગટ દિસે છે અંગમાં એંધાણ. ર. ૧
નયણ તમારારે દિસે નિદરાળવારે, લાગી છે કપોળે કાજળ રેખ;
પીતાંબર સાટેરે પટોળી લઈ આવિયારે, તેણે ઘણું શોભે છે નટવર ભેખ. ર. ૨
નવસરો હારરે ઉઠ્યો છે હૈયે શોભતોરે, શિથિલ થયાં છે સર્વેરે અંગ;
કોણ મળી છેરે નૌત્તમ કામિનીરે, જેનો તમને લાગ્યો છે રસિયારે રંગ. ર. ૩
ઠાલું શું સંતાડોરે અમ થકી આવડુંરે, કહોને સત્ય બોલી સુંદર શ્યામ;
મુક્તાનંદના વા'લારે મનભંગ કયાં થયારે, અમે નહિ લઈએ તમારૂંરે નામ. ર. ૪

**પદ - ૨**

રસના રસિલારે રજની વહી ગઈરે, પ્રાત સમે આવ્યા અમ ઘર શ્યામ;
મનમાં વિચારોરે મારા વાલમારે, હવે આંહિ શું છે તમારૂંરે કામ. ર. ૧
બોલ શાને દીધારે લગાડ્યાં ઠાલી લાલચેરે, જદુપતિ જાણી તમારી પ્રીત;
દ્રઢતા તમારીરે જણાણી હવે શ્યામળારે, જેને ગાડે બેસો તેનાં ગાઓ ગીત. ર. ૨
સેજડી સમારીરે વા'લા મેં તો ફુલડેરે, તે તો તમે સુંની રાખી છે આજ;
પ્રાત સમે આવ્યારે પ્રભુજી મને પીડવારે, સારી મારી શોકલડલીનુંરે કાજ. ર. ૩
વા'લાજી તમારાંરે કપટ છળ જાણીયાંરે, તોય નવ તુટે તમ સંગ વા'લ્ય;
મુક્તાનંદના સ્વામીરે સુંદર શ્યામળારે, અમઘેર આવજ્યો રસિલાજી કાલ્ય. ર. ૪

**પદ - ૩**

ક્રોધ શાને કરોરે રાધાજી અમ ઉપરે, ભોળી મન આંણીને ખોટીરે ભ્રાંત;
સમ ખાઈ સાચું રે કહું છું હવે કામિનીરે,જેણે તમે પામો મનમાંરે શાંત. ક્રો. ૧





આજ મને મળ્યો રે શ્રીદામા ગોવાળિયોરે, ભાવે કરી ભેટ્યો ભુજ ભરી અંક;
નવસરો હારરે પહેર્યોતો તેણે કંઠમાંરે, તેનો મારે લાગ્યો છે ઉરમાંરે ડંક. ક્રો. ૨
કાજળ સરીખીરે કપોળે રેખા સાઈનીરે, લાગ્યો મારો કાગળ લખતાંરે હાથ;
પીતાંબર સાટેરે પટોળી લીધી પ્રમદારે, તે તો તમ સારૂં જાણે સહુ સાથ.ક્રો. ૩
ગોવાળુને સંગેરે આ વેળા થઈ આવડીરે, તેણ કીધાં કૌતક અનંત અપાર;
મુક્તાનંદનો વા'લો હસીને કહે કામિનીરે, એમાં નથી ફેર ને ફાર લગાર. ક્રો. ૪

**પદ - ૪**

વારિ વારિ જાઉંરે વદન પર વાલમારે, હવે તમે સાચું બોલ્યારે શ્યામ;
જુગતિ તમારીરે જણાણી સર્વ વાતમાંરે, તેણે મારૂં મન પામ્યું વિસરામ. વા. ૧
આવો ભોળા આજરે તમને તો જાણીયારે, ભલું તમે કપટ તજીયું છે કા'ન;
પિયુજી પટોળીરે લાવ્યા છો મુજ કારણેરે, હવે નહિ રાખું તમશું ગુમાન. વા. ૨
એક આવે હાંસીરે બીજી તો ચડે રીસડીરે, આવ્યા દેવા શોક્યતણો પરસાદ;
કપટ તમારૂંરે જણાય નાના બાળનેરે, જોઈ જોઈ જુઠા સર્વ સંવાદ. વા. ૩
તમારે અનેકરે અમારે તમે એક છોરે, ઘણું ઘણું શું કહીએ મહારાજ;
મુક્તાનંદના વા'લારે વે'લેરા પધારજોરે, સાથે લઈને સેજડલિનોરે સાજ. વા. ૪

**રાગ : ખંભાતી પદ - ૧**

જાઈશુ હું તો જળ ભરવા રે, જાઈશુ હું તો જળ ભરવા રે;
એક પંથ બે કામ છે મારે, મોહનનું દરશન કરવા રે. જાઈશ૦ ૧
જમનાંને તીરે વાલો વેણુ વજાડે, માનિનીયોનાં મનડાં હરવા રે. જાઈશ૦ ૨
રસિકરાયનું રૂપ જોઈને, ચરણકમળ ચિતડું ધરવા રે. જાઈશ૦ ૩
મુક્તાનંદના નાથને સેવિશ, મનવાંજિત કારજ સરવા રે. જાઈશ૦ ૪

**પદ ૨**

મોહન સંગ મોહ્યું છે મન મારૂં રે, મોહન સંગ મોહ્યું છે મન મારૂં રે;
નદનંદન વ્રજરાજ પ્રિયા વિના, શિર પર બીજો નહિ ધારૂં રે. મો૦ ૧
રૂપ અલૌકિક રસિકરાયનું, જોઈને થયું છે સર્વે ખારૂં રે. મો૦ ૨
મરમાળાના મુખપંકજ પર, તન મન ધન સરવશ વારૂં રે. મો૦ ૩
મુક્તાનંદનો નાથ હય્યાનો, હાર પલક નહિ વિસારૂં રે. મો૦ ૪

પદ - ૩

રસિક સંગ લાગી રંગ ઝડી રે, રસિક સંગ લાગી રંગ ઝડી રે;
છેલ છબીલો શ્રીગિરિધારી, ન્યારા ન મેલું એક ઘડી રે. ૨૦ ૧
મુખ જોયા વિના સુખ ન થાયે, એજ અલૌકિક ટેવ પડી રે. ૨૦ ૨
રસિક મોહન કેરી માધુરી મૂરતિ, જીવડલાને મેં તો સાથ જડી રે. ૨૦ ૩
મુક્તાનંદનો નાથ ગ્રહી રે, શ્યામ કેરી અખંડ ખુમારી ચડી રે. ૨૦ ૪

પદ - ૪

મોહન મારૂં લીધું -છે મનડું -હરિરે, મોહન મારૂં લીધું -છે મનડું -હરિ રે;
મીઠાં મીઠાં વેંણ કહી મરમાળાં, નેણની સાનમાં જાદુ કરી રે. મો૦ ૧
રસિક છેલવર જોઈ રંગ લાગ્યો, લોકલજ્જા સર્વે વિસારી રે. મો૦ ૨
પ્રીતની રીત હું પ્રીછિ અલૌકિક, ભવસાગરમાં ન આવું ફરી રે. મો૦ ૩
મુક્તાનંદનો નાથ નવલ પ્રિયા, વિગતે કરીને વ્રજરાજ વરી રે. મો૦ ૪

રાગ : ધોળ પદ - ૧

રસિયાવર કુંજવિહારી, હું તો વાલમ તમપર વારી. ૧
જોઈ રૂપ તમારૂં હું મોઈ, તમ તુલ્ય ન દેખું કોઈ. ૨
મને રંગ ચડ્યો છે તમારો, મને લાગ્યો સંસારિયો ખારો. ૩
મારૂં મન તમસંગ બંધાણું, પ્રેમે પરમાનંદ સુખ માણું. ૪
મુક્તાનંદ નાથ મુરારી, રાખું ઉર પર શ્રીગિરિધારી. ૫

પદ - ૨

મનમોહન મૂરતિ તમારી, મને પ્રાણ થકી ઘણી પ્યારી. ૧
રાખું હૈડાનો હાર કરીને, ન્યારા નહિ મેલું જગથી ડરીને. ૨
મેં તો તમસંગ રમવા મુરારી, જુઠી લોકની લાજ વિસારી. ૩
મેં તો જાણી અલૌકિક રીતિ, બાંધી પાતળા તમસંગ પ્રીતિ. ૪
મુક્તાનંદ નાથ રંગીલા, રાખું નયણુંમાં છેલછબીલા. ૫

પદ - ૩

ગુણસાગર શ્રીગિરિધારી, હું છું અબળા દાસી તમારી. ૧
મારે તમને જોયા વિના વા'લા, પળ કલ્પ તુલ્ય નંદલાલા. ૨
વણ દીઠે તે પળ ન રે'વાય, ખાલી મંદિર ખાવાને ધાય. ૩





વા'લા રૂપ તમારે હું મોઈ, બીજું દીઠું ગમે નહિ કોઈ. ૪
મુક્તાનંદના શ્યામ સુહાગી, મારે તમસું અચળ લે લાગી. ૫

પદ - ૪

મને રંગ ચડ્યો છે તમારો, તેણે સુફળ જનમ થયો મારો. ૧
તમે બ્રહ્માદિકના સ્વામી, મને પ્રકટ મળ્યા બહુનામી. ૨
મારે આનંદ અંગ અપાર, તમને નિરખી નંદકુમાર. ૩
મારે આજ આનંદ ઝડી લાગી, રસિયા તમશું અનુરાગી. ૪
મુક્તાનંદ કે' પ્રિતમ પ્યારા, તમને નિમિષ ન મેલું ન્યારા. ૫

રાગ : ધોળ પદ - ૧

આવો નટવર નંદ દુલારો રે, મને પ્રાણ થકી છો પ્યારા રે. ૧
મે તો તદુ કર્યું તમ કાજે રે, હવે ન ડરૂં હું લોકની લાજે રે. ૨
મારે તમ જેવા શિર સ્વામી રે, હું તો અવિચળ પદવી પામી રે. ૩
તમે મુજ ઉપર થયા રાજી રે, હું તો ત્રિભુવનને શિર ગાજી રે. ૪
મુક્તાનંદના નાથ સુહાગી રે, મારે જીત્યાના નોબત વાગી રે. ૫

પદ - ૨

મારે આજ આનંદ અપાર રે, તમને નિરખીને નંદકુમાર રે. ૧
મારે મંદિર આવ્યા મુરારી રે, હું તો વાલમ પર વારી રે. ૨
મેં તો સજીયા સુભગ શણગાર રે, તમ કારણ પ્રાણ આધાર રે. ૩
કીધા સફળ મનોરથ મારા રે, તમે પ્રાણજીવન પિયુ પ્યારા રે. ૪
મુક્તાનંદ કે' થઈ બડભાગી રે, મારે તમ સંગ લગની લાગી રે. ૫

પદ - ૩

રસિયાવર છો ઘણું વ્હાલા રે, રાખું ઉરપર શ્રી નંદલાલા રે. ૧
મારા હૈડાના હાર છો પ્યારા રે, એક નિમિષ તમને ન મેલું ન્યારા રે . ૨
મેં તો સઉ થકી પ્રીતી તોડી રે, તમ સંગ અચળ મતિ જોડી રે. ૩
મેં તો જાણ્યો પ્રતાપ તમારો રે, તેણે સફળ જનમ થયો મારો રે. ૪
મુક્તાનંદ કે' કુંજવિહારી રે, હુંતો થઈ રહી નાથ તમારી રે. ૫

પદ - ૪

હુંતો મોહી છોગલીએ તારે રે, થયું ધ્યાન અખંડ ઉર મારે રે. ૧
પ્યારા ગુણસાગર ગિરિધારી રે, તારા છોગલીયા પર વારી રે. ૨

છોગુ રંગડાનું ભરિયું રૂપાળું રે, મારા ચિત્તમાં ચોંટયું મરમાળું રે. ૩
તોરા ફુલડાના પાઘમાં જોઈ રે, વા'લા મનડું રહ્યું મારૂં મોઈ રે. ૪
મુક્તાનંદ કહે શ્યામ સુહાગી રે, તારૂં રૂપ જોઈ અનુરાગી રે. ૫

**રાગ : ગરબી પદ - ૧**

સખી નંદનંદન મુજને મળ્યા, મારે આનંદના ઓધ અતિશે વળ્યાજીરે. નંદ.૧
હું તો જમુનાં જળ ભકવા ગઈ. મારે ભેટ્ય ભુધરસંગ ત્યાં થઈજીરે. નંદ.૨
મને હરિને હેતે કરી વાતડી, મારી અતિ શીતળ થઈ છાતડીજી રે. નંદ.૩
મુક્તાનંદ સ્વામીને જોઈને, હું તો રહી છું મોહનસંગ મોહિનેજીરે. નંદ.૪

**પદ - ૨**

સખી મને રહ્યું છે મારૂં મોહિને, નંદલાલ સુંદર વર જોઈને જી રે. મન ૧
હું તો જે દિનથી હરિને મળી, સંગા કુટુંબ સંસારમાંથી ટળિજી રે. મન ૨
મને લોક કહે સહુ ઘેલડી, મેં તો બાંધી મોહનસંગ બેલડીજી રે. મન ૩
મુક્તાનંદ સ્વામીને કારણે, કાઢી લોકલજ્જા સર્વ બારણેજી રે. મન ૪

**પદ - ૩**

મેં તો સગપણ હરિવરશું કર્યું, મને જોઠું જગત સહું વિસર્યું જીરે. સ૦ ૧
મને સંગ ચઢ્યા છે વ્રજરાજનો, મેતો ત્યાગ કર્યા લોક લાજનોજીરે. સ૦ ૨
મારો કાનજી કોડિલ કરસાઈને, કરી મસ્ત પૂર્ણ રસ પાઈનેજીરે. સ૦ ૩
મુક્તાનંદના સ્વામીને હું વરી, મારો જન્મ સુફળ કર્યો શ્રીહરિજીરે. સ૦ ૪

**પદ - ૪**

મારે મોહન સંગાથે થઈ પ્રીતડી, મે તો જાણી છે રસની રીપડીજીરે.મો૦ ૧
મે તો અંતર ધારી તિખી ટેકને. હું તો પામી છું પરમ વિવેકનેજી રે. મો૦ ૨
મારે હરિ વિના અન્ય તે હરામ છે.એવી ટેક અખંડ આઠું જામછેજીરે. મો૦ ૩
મુક્તાનંદના સ્વામીને ગમવા, મેં તો ટેક લીધી છે એ શું રમવાજીરે મો૦ ૪

**રાગ : ધોળ પદ-૧**

અલૌકિક આદિત્ય ઉદિયા રે, સહજાનંદ સ્વામી,
પતીતને પાવન કરવા રે, પ્રગટ્યા બહુનામી....૧
સોમ થકી ઘણું શીળા રે, કરુણારસ ધારી,
જનમન કુમુદ વિકસ્યાં રે, મોહાદિક મારી....૨





મંગળરૂપ મોરારી રે, પુરુષોત્તમ પોતે,
કોટી કરમને ટાળે રે, નયણાં ભરી જોતે....૩
બુધ થઈ બોધ પ્રકાશે રે, આપે અવતારી,
મૂઢ મલિન જન તાર્યા રે, અગણિત નરનારી....૪
ગુરુજીના ચરણ ઉપાસે રે, હરિ હર અજ જેવા,
બ્રહ્મરૂપ મુનિ મોટા રે, કરે સદ્‌ગુરુ સેવા....૫
સૂકર શ્વાન ખર જેવા રે, જેને ચરણે રહે આઈ,
બ્રહ્મરૂપ થયા ભવમાં રે, ગોવિંદ ગુણ ગાઈ....૬
શનીશ્વર ગ્રહ સમ સૌને રે, મન મહા દુઃખકારી,
તેને તે વશ કરી રાખે રે, વચનાંકુશ મારી....૭
અક્ષર પદ અવિનાશી રે, જેનું ધામ કહાવે,
મુક્તાનંદ તે ગુરુના રે, નિશદિન ગુણ ગાવે....૮

**રાગ : સામેરી પદ-૧**

આજ મારું ભાગ્ય અલૌકિક સજની, અલબેલા ઘેર આવ્યા રે,
ભૂધરજીને ભાવ કરીને, મંદિરમાં પધરાવ્યા રે-આજ૦ ૧
જેહનું ધ્યાન ધરી મુનિવર, મોહાદિક રિપુ મારે રે,
તે મારો વાલો આલિંગન કરવા, પ્રેમે શું હાથ પ્રસારે રે-આજ૦ ૨
નૌતમ જોબન નાથ રંગીલો, રંગ વાધ્યો અતિ ભારી રે,
મોહનવર ઉપર મેં સજની, સરવસ નાખ્યું વારી રે-આજ૦ ૩
જાળવિયું જોબન હરિ સારુ, પ્રેમે પાતળિયે પીધું રે,
મુક્તાનંદના નાથ સુહાગી, અખંડ એવાતન દીધું રે-આજ૦ ૪

**પદ-૨**

મેહુલો તે વરસે હરિ મંદિરમાં, રમઝમ કરતા આવે રે,
મોરલીના સ્વરમાં મલાર આલાપે, રાગે રાગણી ગાવે રે-મેહુલો૦ ૧
શ્યામ ઘટા ઘનની ચઢી આવી, શ્યામ કોકિલા બોલે રે,
શ્યામસુંદરની બંશી સુણીને, દિલ વસિયર થઈ ડોલે રે-મેહુલો૦ ૨

મોરલીના તાને ભીને ભીને વાને, મોહી રહ્યું મન મારું રે,
રસિકરાય વિના પળ જુગ જેવી, ક્યાંય ન લાગે સારું રે-મેહુલો૦ ૩
રાત દિવસ મુખ પંકજ જોતાં,નયણાં તૃપ્તિ નવ પામે રે,
મુક્તાનંદના નાથ રસીલો, ખૂબ લગાડી ભામે રે-મેહુલો૦ ૪

**પદ-૩**

વિઠ્ઠલવરને વરે જે સજની, પતિવ્રતા તે જ કહાવે રે,
ચોરાશીનું ભ્રમણ કરતાં, પતિનો પાર ન આવે રે-વિઠ્ઠલ૦ ૧
જીવ જીયાં જીયાં જનમ ધરે તિયાં, ન ટળે ભૂંડા હેવા રે,
અનંત જાતના પતિ શિર થાયે, શ્વાન સૂકર ખર જેવા રે-વિઠ્ઠલ૦ ૨
પ્રભુ વિના ટેક ધરે જે પ્રાણી, તે સર્વે જૂઠી થાય રે,
તે માટે અમે હરિવર વરિયા, સમજી સમજી મનમાંય રે-વિઠ્ઠલ૦ ૩
કોટી જનમનાં કલંક ટળ્યાં છે, પુરુષોત્તમ વર પામી રે,
મુક્તાનંદના નાથને મળતાં, કોઈ વિધિ ન રહી ખામી રે-વિઠ્ઠલ૦ ૪

**પદ-૪**

નંદ નંદન મારે જીવન દોરી, નિમિષ ન મેલું ન્યારા રે,
ઉર ઉપર રાખું અલબેલો, પ્રાણ થકી છે પ્યારા રે-નંદ૦ ૧
મેહુલો તે વરસે હરિ મંદિરમાં, થઈ આનંદની એલી રે,
લોકની લાજ મરજાદ ન માનું, મોહન મુખ જોઈ ઘેલી રે-નંદ૦ ૨
રસિકરાય સંગ નેહ કરીને, દેહ ગેહ સૂધ ભૂલી રે,
શ્યામ સુંદરનું રે સુખડું પામી, ફરું મગન થઈ ફૂલી રે-નંદ૦ ૩
રૂપ અલૌકિક રસિયારાયનું, જોતાં તૃપ્તિ ન પામું રે,
મુક્તાનંદના નાથે જોયું, કરુણાની દૃષ્ટિએ સામું રે-નંદ૦ ૪

**રાગ : મેવાડી પદ-૧**

ઓધાજી અમે શ્યામને શું કહી મેલ્યું રે,
ઓધાજી અમે શ્યામને શું કહી મેલ્યું,
આવું કરવું'તું જ્યારે, મારવા'તાં મૂઢ મારે,
પિયુડે ન કીધું પહેલું રે-ઓધાજી૦ ૧





નેણાં કેરે બાણે મારી, વશ કીધી વ્રજનારી,
ગોકુળિયું કરી ગયા ઘેલું રે-ઓધાજી૦ ૨
જાદવોમાં જઈ કરી, સબળ શોભે છે હરિ,
કુબજા શું બાંધ્યું બેલું રે-ઓધાજી૦ ૩
મુક્તાનંદ વ્રજનારી, બોલે છે રીસની મારી,
સબળ સુધાર્યું છેલ્લું રે-ઓધાજી૦ ૪

**પદ-૨**

ઓધાજી અમને શ્યામ વિના સુખ ના'વે રે-ઓધાજી૦
સગાં ન દીઠાં સોહાયે, મંદિરિયું ખાવાને ધાયે,
ભોજનિયું તે નવ ભાવે રે-ઓધાજી૦ ૧
રજનીમાં નીંદ ત્યાગી, લગની એ સાથે લાગી,
કાન ન સંદેશો કા'વે રે-ઓધાજી૦ ૨
દીવાની થઈને ડોલું, બપૈયાની પેરે બોલું,
મોહની લગાડી માવે રે-ઓધાજી૦ ૩
મુક્તાનંદ માવ પાસે, અમને કોઈ રાખે વાસે,
કાનને કોઈ તેડી લાવે રે-ઓધાજી૦ ૪

**પદ-૩**

ઓધાજી અમે વા'લાને વિશ્વાસ રહ્યાં રે-ઓધાજી૦
આવ્યાની એણે ઓધી દીધી, ચિત્તવૃત્તિ ચોરી લીધી,
કૂડાં કૂડાં વેણ કહ્યાં રે-ઓધાજી૦ ૧
લોકડિયાંની લાજ છોડી, પ્રીતમ શું પ્રીત જોડી,
માવ સારુ મેણાં સહ્યાં રે-ઓધાજી૦ ૨
રાધા જેવી રાણી ત્યાગી, કુબજા શું પ્રીત લાગી,
તે દુઃખે ભરાય હૈયાં રે-ઓધાજી૦ ૩
મુક્તાનંદ વ્રજનારી, જાણે એને બ્રહ્મચારી,
જોગ અંગ ભલા ગ્રહ્યા રે-ઓધાજી૦ ૪

**પદ-૪**

ઓધાજી એવું કુબજાએ શું તપ કીધું રે-ઓધાજી૦
એવી બુદ્ધિ એને આવી, મોહનને મન ભાવી,

શ્યામને ચંદન દીધું રે-ઓધાજી૦ ૧
જપ તપ જોગે કરી, પ્રગટ ન પામે હરિ,
સે'જમાં કારજ સીધું રે-ઓધાજી૦ ૨
કમળાનું પદ પામી, ભોગવ્યા સુરેશ્વર સ્વામી,
અધર અમૃત પીધું રે-ઓધાજી૦ ૩
મુક્તાનંદ સુખ છેલ્લુ, માવશું બંધાય બેલુ,
તે તો એણે માગી લીધું રે-ઓધાજી૦ ૪

**રાગ : મેવાડો પદ-૧**

અંતકાળે આવી રે સાંભળી લેજો શામળા રે, જોશોમાં અમારા અવગુણ શ્યામ,
પણ છે પોતાનું રે પ્રભુજી તમે પાળજો રે, અધમઓધારણ કરુણાના ધામ-અંત૦ ૧
ગજને છોડાવ્યો રે ગ્રાહના મુખ થકી રે, કરતા કાંઈ અરધ નામ ઉચ્ચાર,
એવી રીતે આવો રે સુંદર શામળા રે, વાટડી જોઉં છું વારંવાર-અંત૦ ૨
નારાયણ નામે રે ઓધાર્યો અજામેળને રે, કરતા તે પુત્ર તણો રે પોકાર,
એવું તે વિચારી રે અલબેલા આવજો રે, અમારે છે તમારો રે આધાર-અંત૦ ૩
દોયલી વેળામાં રે દીનાનાથજી રે, કહોને અમે કેની કરીએ આશ,
મુક્તાનંદના સ્વામી રે સુંદર શામળા રે, અબળાને તેડી રાખો પાસ-અંત૦ ૪

**પદ-૨**

દોયલી વેળામાં રે કોઈ કેનું નથી રે, જ્યારે કરે જમડા આવીને જોર,
તેણી વેળા આવી રે દયાળુ મુજ દીનની રે, બાંહ્ય ગ્રહી રે'જો નંદકિશોર-દોયલી૦ ૧
જ્યારે તૂટે નાડી રે ઝલાઈ જાય જીભડી રે,વાજે કફ સહિત શ્વાસનો ઘોર,
સગાં ને સંબંધી રે લાગે સહુ લૂંટવા રે, કૂડા કૂડા કરીને શોર બકોર-દોયલી૦ ૨
સ્વારથનાં સગાં રે સરવે સંસારમાં રે, તમ વિના જૂઠાં સરવે જન,
તમે ને તમારા રે જન પ્રભુ પરમારથી રે, બીજે નવ માને મારું મન-દોયલી૦ ૩
ત્રાહિ ત્રાહિ કરી રે પોકારું જોઈ તમ ભણી રે,સેવકની કરજો શ્યામ સંભાળ,
મુક્તાનંદના સ્વામી રે જાણ સુજાણ છો રે, વર્ણવે છે વેદ દીનદયાળ-દોયલી૦ ૪

**પદ-૩**

આ અવસર રે દયાળુ દયા કરી રે, ટાળવાને જન્મમરણના તાપ,
વાહનેચડીનેરેઆવો છો મારા વા'લમા રે, નારાયણ નામનો જપતાં જાપ-આ અવ૦ ૧





અનેકને આવ્યા રે અંતસમે તેડવા રે, સાથે લઈ સંત જનનો સાથ,
એવા તો તમારા રે ગુણ અનંત પાર છે રે, સાંભળતામાં સરવે થાય સનાથ-આ અવ૦ ૨
અધમની જાતિ રે ઓધારી બહુ નારી ને જેને નિંદે શાસ્ત્ર વેદ પુરાણ,
ગુણ ને અવગુણ રે નાથ ગણતા નથી રે, શરણે આવ્યાના શ્યામ સુજાણ-આ અવ૦ ૩
કરુણારસને પ્રગટ કર્યો કાનજી રે, કરવા અનેક જનનો ઉદ્ધાર,
મુક્તાનંદને વા'લે રે મહા સુખ આપિયું રે, કરી નિત્ય નવલા નેહ વિહાર-આ અવ૦ ૪

**પદ-૪**

ભલેને પધાર્યા રે ગિરધર ગાજતા રે, હવે મુંને કરી કૃતારથ કાન,
નયણાં ઠરે છે રે નાથને નીરખતાં રે, જેનું નિત્ય ધરીને રહેતા ધ્યાન-ભલેને૦ ૧
દુઃખડાના દા'ડા રે હવે તો દૂર ગયા રે, લીધી છેલછબીલે મારી સાર,
જીવનજોઈને રે જગ જૂઠો થયો રે, તમ સંગ લાગ્યો રંગ એકતાર-ભલેને૦ ૨
કમળા સરખી રે કરી મુંને કાનજી રે, ગ્રહી ગુણવંતે મારો હાથ,
ભલું મારું ભાગ્ય રે ફળ્યું કોઈ કાળનું રે, પાણીપતિ અખિલ ભુવનનો નાથ-ભલેને૦ ૩
અખંડ સોહાગી રે તમને જે જાણશે રે, માણસે મહા સુખ મોજ અપાર,
મુક્તાનંદ કહે રે તમને પરહરી રે, ભવજળ કોઈ ન પામે પાર-ભલેને૦ ૪

**રાગ : મારૂ પદ-૧**

ગુણવંત ગીરધારી પ્રગટ થયા ગુણવંત ગીરધારી. ટેક૦
ભક્તિ ધર્મ સુત શ્રીપુરૂષોત્તમ, શામળો સુખકારી. પ્રગટ૦ ૧
ઘોરકળી મધ્યે સત્યયુગ સ્થાપ્યો, હરિ ભવભયહારી. પ્રગટ૦ ૨
ભવજળ પાર કર્યા કળીયુગમાં, અગણીત નરનારી. પ્રગટ૦ ૩
મુકતાનંદ કહે શ્રી સ્વામી, જીવન નિધિ મારી. પ્રગટ૦ ૪

**પદ-૨**

પ્રગટ્યા જગ સ્વામી, પૂર્વ મધ્યે પ્રગટ્યા જગ સ્વામી. ટેક૦
દ્વિજકુળ દેહ ધર્યો પુરૂષોત્તમ, બળવંત બહુનામી. પૂર્વ૦ ૧
અવધનગરથી આવ્યા સોરઠમાં, હરિ અંતર્યામી. પૂર્વ૦ ૨
શરણાગત જે અનંત નરનારી, કીધાં નિષ્કામી. પૂર્વ૦ ૩
મુકતાનંદ કહે નિજજનનાં, દુઃખ નાખ્યાં વામી. પૂર્વ૦ ૪

**પદ-૩**

કૃષ્ણ સ્વરૂપ હરિ, પ્યારા મુને કૃષ્ણ સ્વરૂપ હરિ. ટેક૦
શ્રી ઘનશ્યામ સદા સુખસાગર, નીરખું પ્રેમભરી. પ્યારા૦ ૧
તીર્થ મિષે પૃથ્વી કરી પાવન, વર્ણિવેશ ધરી. પ્યારા૦ ૨
ધર્મ સહિત ભક્તિ દૃઢ સ્થાપી, અધર્મ દૂર કરી. પ્યારા૦ ૩
મુક્તાનંદ કહે ત્રિભુવમાં, યશ તે રહ્યો પ્રસરી. પ્યારા૦ ૪

**પદ-૪**

દ્વિજકુળ દેહ ધર્યો, બદ્રીપતિ દ્વિજકુળ દેહ ધર્યો. ટેક૦
અતી કરૂણારસ પ્રગટ કરીને, ભૂમીનો ભાર હર્યો. બદ્રીપતિ૦ ૧
અધર્મસેન સહિત કલીયુગ પણ, મનમાં અધિક ડર્યો. બદ્રીપતિ૦ ૨
શ્રી ઉધ્ધવ સ્વામીના મતને, અતિશે પ્રગટ કર્યો. બદ્રીપતિ૦ ૩
મુક્તાનંદ પ્રગટ ગુણ ગાવે, અતિ ઉમંગ ભર્યો. બદ્રીપતિ૦ ૪

**રાગ : પરજ પદ-૧**

નેણને જોઈ નેણને જોઈ, વાલા તારાં નેણને જોઈ,
રહ્યું મારું મનડું મોહી-વાલા૦ -ટેક૦
નેણાં તમારાં વાલા, અતિ સુખકારી જોને,
નીરખતાં નાખે છે સંતાપને ખોઈ-વાલા૦ ૧
વ્રજવનિતાને તમે, વશ કરી લીધી વાલા,
નેણું કેરે બાણે નાખ્યાં અંતર પ્રોઈ-વાલા૦ ૨
નેણાં ભરીને તમે, જેને નીરખો છો વાલા,
તેને નથી કરવું રે'તું બીજું સાધન કોઈ-વાલા૦ ૩
મુક્તાનંદ કહે, એ નેણાં તણો રસ,
ગોપીજન જેવા જાણે પ્રેમી સોઈ-વાલા૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

મારું મન હરિયું રે, શામળિયે સુખ દઈને,
હાવ ભાવ કરી હેત ઘણેરું, કામણગારું કહીને-મારું૦ ૧
છોકરડે છેતરિયાં સજની, વીઠ્ઠલે વ્રજમાં રહીને-મારું૦ ૨
વિરહનો તાપ દીધો વાલીડે, મોહન મથુરાં જઈને-મારું૦ ૩





ઘરના એ નોતા ધૂતારા, આવડ્યું ઉપદેશ લઈને-મારું૦ ૪
ધૂર્તપણું અધૂતામાં પેઠું, ધૂતીને સંગે થઈને-મારું૦ ૫
મુક્તાનંદ મોહન વિના વ્રજમાં, કેમ રહેશું દુઃખ સઈને-મારું૦ ૬

**પદ-૨**

ઘરનો એ છે રે, ધૂર્તપણાં પૂરો,
કુબજાનો કોઈ દોષ મ દેજો, નહિ વ્રજચંદ અધૂરો-ઘર૦ ૧
વૃંદાનું વ્રત ભંગ કરાવ્યું, તેદિનો છળમાં શૂરો-ઘર૦ ૨
એને જે અનુસરિયાં સજની, જ્યાં જીવો ત્યાં ઝૂરો-ઘર૦ ૩
સુર્પણખાનું નાક છેદાવ્યું, એવો સદાય અલૂરો-ઘર૦ ૪
અમશું પ્રીત કરી એણે પેલી, રહેતો હંમેશ હજૂરો-ઘર૦ ૫
મુક્તાનંદ મતલબનો ગરજુ, ગર્જ સારી ગયો દૂરો-ઘર૦ ૬

**પદ-૩**

બાળસનેહી રે, મોહન મુજને ગમતા,
મથુરાં જઈ મોંઘા થઈ બેઠા, પહેલાં તો ભેળા ભમતા-બાળ૦ ૧
આજ તો અમને દર્શન દુર્લભ, જોડે બેસીને જમતા-બાળ૦ ૨
અણતેડ્યા વાંસે આવીને, રસિયો રંગભર રમતા-બાળ૦ ૩
જે કહેતાં તે કામ જ કરતા, નટવર રહેતા નમતા-બાળ૦ ૪
બાળ જોગી જેવો વેશ જણાવી, દેહ પ્રાણને મદતા-બાળ૦ ૫
મુક્તાનંદ મોહનની લીલા, રાખતા શીલ ને સમતા-બાળ૦ ૬

**પદ-૪**

પ્રીત પૂરવની રે, નાથ ન મૂકી દેજ્યો,
બહુનામી તમ સાથે બંધાણી, શ્યામ સંભાળી લેજ્યો-પ્રીત૦ ૧
બોલકોલ દીધા જે બળવંત, ગુણવંત દૃઢ કરી ગ્રેજ્યો-પ્રીત૦ ૨
નગણી નાર્ય વરે સમરથને, અવગુણ એની પેરે સેજ્યો-પ્રીત૦ ૩
પોતાની જાણીને પ્રીતમ, કહેવું ઘટે તે કહેજ્યો-પ્રીત૦ ૪
પાસે રાખો તો પાડ ઘણો માનું, નજર કરતા રહેજ્યો-પ્રીત૦ ૫
મુક્તાનંદ કહે મહેર તમારી, નીરભે ફરકે નેજો-પ્રીત૦ ૬

પદ-૫

મારે ઘેર આવ્યા રે, સુંદરવર શામળિયો,
હરખ ભરી હું હરિને નીરખું, પિયુ પ્રીતમ પાતળિયો-મારે૦ ૧
સુખડું દેવા ને મન હરી લેવા, અમ પર અઢળક ઢળિયો-મારે૦ ૨
જાળવિયું જોબન જે સારુ, તે અવસર આજ મળિયો-મારે૦ ૩
લક્ષ્મીનો વર લાડકવાયો, અકળ ન જાયે કળિયો-મારે૦ ૪
આશ્ચર્ય વાત સેજડીએ આવ્યા, બોલ પોતાનો પળિયો-મારે૦ ૫
મુક્તાનંદ મોહનની મહેરે, ખોયા દિનો ખંગ વળિયો-મારે૦ ૬

પદ-૬

મારે મન માન્યો રે, મોહન મોરલીવાળો,
કસુંબલ પાઘ કેસરિયો જામો, નીરખી નયણનો ચાળો-મારે૦ ૧
કોઈ કહેશે તમે શું લઈ બેઠા, કુળનો ધરમ ન પાળો-મારે૦ ૨
ત્રિભુવનમાં એવી નારી ન દેખું, ન ચળે જોઈ કાન કાળો-મારે૦ ૩
જેને વર્યે જમ ત્રાસ ન નાશે, તે વરને લઈ બાળો-મારે૦ ૪
એવું વિચારી લાડકડી લક્ષ્મી, વરી મોહન મરમાળો-મારે૦ ૫
મુક્તાનંદ મોહન વર મળતાં, ઢળ્યો અલૌકિક ઢાળો-મારે૦ ૬

પદ-૭

સુખની સીમા રે, વ્રજના વાસી માણે,
લોકડિયાંની લાજે બંધાણાં, અવળાને સવળું જાણે-સુખ૦ ૧
ખટ દર્શનમાં ખોળ્યા ન લાધે, નરહરિ નેતરાં તાણે-સુખ૦ ૨
જે સુખને બ્રહ્મા ભવ ઈચ્છે, સુગમ થયું આ ટાળે-સુખ૦ ૩
વેદિયા વાદ કરી કરી થાક્યા, સુગમ થયું અગાધ વખાણે-સુખ૦ ૪
ચતુરાયે સ્વપ્નમાં ન આવે, ન મળે નટવર નાણે-સુખ૦ ૫
મુક્તાનંદ એ મર્મ અલૌકિક, પ્રેમી ઉરમાં આણે-સુખ૦ ૬

પદ-૮

મારે મન વસિયો રે, ગુણવંતો ગિરધારી,
શ્યામ વિના મુંને કામ ન સૂઝે, વિરહની વેદના ભારી-મારે૦ ૧





કાનકુંવર સારું મેં સજની, લોકની લાજ વિસારી-મારે૦ ૨
દીવાની સરખી થઈ ડોલું, હાંસી કરે નરનારી-મારે૦ ૩
કાળજડું કોરીને પેઠી, કાન નયન કટારી-મારે૦ ૪
ઘાયલની ગત ઘાયલ જાણે, શું જાણે સંસારી-મારે૦ ૫
મુક્તાનંદ મોહનને મળતાં, થઈ રહી જગથી ન્યારી-મારે૦ ૬

રાગ : ઈમન-કલ્યાણ પદ-૧

મેરે તો તુમ જીવન બાલ મુકુંદા મેરે-ટેક૦
બિન દેખે મોયે કલ ન પરત હે, જયું ચકોરી બિનું ચંદા-મેરે૦ ૧
એહી કારન રહો નેનું કે આગે, નટવર નંદજી કે નંદા-મેરે૦ ૨
કરુણા દ્રગન કરી મોયે વિલોકો, મેટન ભવદુઃખ ફંદા-મેરે૦ ૩
મુક્તાનંદ કહે નેહ નિભાવન, પિયા પ્રીતમ સુખકંદા-મેરે૦ ૪

પદ-૨

મેરે તો સુખદાયક તુમ હી મોરારી-ટેક૦
તુમ બિના ઓર દેવ નહિ જાચું, એહી દ્રઢ ટેક હમારી-મેરે૦ ૧
લોભીનકું જેસે ધન સુખદાયક, કામીનકું જૈસે નારી-મેરે૦ ૨
તુમ કારન જોગન હોઈ બેઠી, અસત આશ સબ ટારી-મેરે૦ ૩
રસિક સલુના પિયા તેરે મુખ ઉપર, મુક્તાનંદ બલિહારી-મેરે૦ ૪

પદ-૩

રસિક તેરે નેનુમેં જાદુ ભારી-ટેક૦
સામરે સલુના તુંને નેન બાનસમ, મોયે કસી ભર મારી-રસિક૦ ૧
વ્રેહકી પીર બઢી મેરે તનમેં, ટરત ન કોઈ બિધિ ટારી-રસિક૦ ૨
લોકનકી લાજ ન રહી મેરે મનમેં, કર ડારી મતવારી-રસિક૦ ૩
મુક્તાનંદ કે નાથ દગન સેં, કર ડારી જગ ન્યારી-રસિક૦ ૪

પદ-૪

નયન શર તીખેં હે નાથ તિહારે-ટેક૦
જીન જીનકું લગી ચોટ નયનકી, લોટ પોટ કર ડારે-નયન૦ ૧
ચોટ લગી સનકાદિક નારદ, હો રહે જગસેં ન્યારે-નયન૦ ૨
દેખન મેં તો કમલસેં કોમલ, ભેદત અંતર ભારે-નયન૦ ૩
મુક્તાનંદ કહે કહા કહું મુખસે, જાનત જાનનહારે-નયન૦ ૪

રાગ : ધોળ પદ-૧

મારે પ્રીત બંધાણી રે કે શ્યામળીયાને સંગે,
મારૂં મન રંગાણું રે કે રસીયને સંગે. ૧
એનું રૂપ જોઈને રે કે મન મારૂં મોહી રહ્યું,
મારે હરિ વિના બીજું રે કે સુખ વિખ તુલ્ય થયું. ૨
મીઠી મુખડાંની વાણી રે કે સુણી હું તો લોભાણી,
તજ્યું હરિ વિના બીજું રે કે દુઃખદાયક જાણી. ૩
તજી લોક લજ્યાને રે કે હરિવરને ગમવા,
મારે હોંશ ઘણીક છે રે કે રસીયા સંગ રમવા. ૪
હવે નિમખ ન મેલું રે કે નટવરને ન્યારા,
વ્હાલો મુક્તાનંદનો રે કે પ્રભુ મુને અતિ પ્યારા. ૫

પદ-૨

મેં તો સગપણ કીધું રે કે સુંદરવર સાથે,
કરૂણા કરી પુરણ રે કે હરિવર ગ્રહી હાથે. ૧
મેં તો જપ તપ તીરથ રે કે સાધન નવ સીધું,
મારૂં મન મોહનથી રે કે સર્વ કારજ સીધું. ૨
જેનું ધ્યાન ધરે છે રે કે અજ શંકર જેવા,
તેના ચરણ કમળની રે કે મળી મુજને સેવા. ૩
મુજને કીધી પોતાની રે કે હરિ અંતરજામી,
થયા રસીયોજી રાજી રે કે બળવંત બહુ નામી. ૪
મારે શ્યામ સુંદરશું રે કે દૃઢ લગની લાગી,
વ્હાલે મુક્તાનંદને રે કે કીધી મુને બડભાગી. ૫

પદ-૩

મોહનવર મારી રે કે છે જીવન દોરી,
એનું મુખ જોઈ જીવું રે કે જેમ ચંદ્ર ચકોરી. ૧
મુને લગની લગાડી રે કે કોડીલે કહાને,
મુને વશ કરી વ્હાલે રે કે બંશીને તાને. ૨
મારો જીવ જડાણો રે કે શ્યામળીઆ સંગે,
હું તો રસીક પ્રીતમને રે કે અતિ રાચી રંગે. ૩





મેં તો વાત વીસારી રે કે જુઠા જગ કેરી,
મારે મન વસીયા રે કે લટકાળો લહેરી. ૪
હું તો થઈ બડભાગી રે કે હરિ સંગ હેત કરી,
વ્હાલો મુક્તાનંદનો રે કે વરી વ્રજરાજ હરિ. ૫

પદ-૪

નયણુંની સાને રે કે મન મારૂં લીધું હરી,
શ્યામળીયાની સંગે રે કે હવે હું તો બેઠી ઠરી. ૧
મોહનવર વિના રે કે પળ નવ જાય રહ્યું,
એનું સુખડું અલૌકિક રે કે મુખનવ જાય કહ્યું. ૨
મેં તો હરિવર સંગે રે કે જાણી રસ રીતલડી,
ટળી પિંડ બ્રહ્માંડથી રે કે હવે મારી પ્રીતલડી. ૩
મારૂં મન હરિ વિના રે કે અળગું નવ ડોલે,
ગુંજા રતન ગણું નહી રે કે હવે હું તો એક તોલે. ૪
થઈ વિમળ વિવેકી રે કે હરિવરને પામી,
વ્હાલે મુક્તાનંદને રે કે સાયો કર બહુનામી. ૫

રાગ : ગરબી પદ-૧

વાટડી જોઉં છું રે વહાલા, હજી કેમ નાવ્યા નંદલાલા રે -વાટડી૦
કાતરકે કપટ વચન કહાવો, નમેરા નાથ ન વ્રજ આવો,
મિથ્યા બોલા તોય મન ભાવો રે -વાટડી૦ ૧
માગસરે મહાદુઃખમાં ગોપી, રહી તન મન તમને સોંપી,
તમ સારૂં લોક લાજ લોપી રે -વાટડી૦ ૨
પોષે પલંગ રચ્યો પ્રીતે, રસીલાશું રમશું રસ રીત્યે,
ભરોંસે ભલે માર્યા સીતે રે -વાટડી૦ ૩
માહે મોહ લાગ્યો અતિ મુજને, શું કહીયે ન ગણતા તુજને,
ન લખીયો કાગળ સંગ દ્વીજને રે -વાટડી૦ ૪
ફાગણે વનવેલી ફુલી, કે તે પર ભમર રહ્યા ઝુલી,
વાલમ વિના હું ભટકું ભૂલ રે -વાટડી૦ ૫
ચૈતરે ચિત્ત શાન્તિ નાવે, પીયું વિના ભોજન નવ ભાવે,
જાણું જે વ્હાલો આ વેળે આવે રે -વાટડી૦ ૬

વૈશાખે વાટ ઘણી જોઈને, ન લખીયો કાગળીયો કોઈને,
રહ્યા શું કુબ્જામાં મોહીને રે -વાટડી૦ ૭
જેઠે જગત સઘળે જાણી, કીધી તમે કુબ્જા પટરાણી,
ભરો છો તેનાં પરવશ થઈ પાણી રે -વાટડી૦ ૮
અષાઢે આરતગણી તનમાં, બપૈયા બોલે છે વનમાં,
પીયું પીયું સુણી ઝુરું મનમાં રે -વાટડી૦ ૯
શ્રાવણે શ્યામ વિના સુનાં, ઊઠે ઘણું વાવલીયા ઉનાં,
પીયુજી પરહરિયાં જુનાં રે -વાટડી૦ ૧૦
ભાદરવે નવું નવું ભાવે, નગણાને મેહેર ન મન આવે,
જાણને કોણ કહી સમજાવે રે -વાટડી૦ ૧૧
આસો માસ અનંગ બાણ મારે, એથી કોણ તમ વિના ઉગારે,
કામીનીનું કારજ કોણ સારે રે -વાટડી૦ ૧૨
આવ્યા ઘરે બળવંત બહુનામી, હવે હું તો પૂરણ સુખ પામી,
મળ્યા મુક્તાનંદના સ્વામી રે -વાટડી૦ ૧૩

**રાગ : ગરબી પદ-૧**

સખી ગોકુલ ગામનું ભાગ્ય, નવ જાયે કળિયું રે,
વ્હાલે સર્વે લોકથી સરસ, કર્યું નંદ ફળિયું રે-૧
સખી નિત્ય નિત્ય નંદજીને દ્વાર, ઉત્સવ થાયે રે,
ઉઠે આનંદ કેરી છોળ, ગોપીયું ગાયે રે-૨
સખી ધન્ય આ ભૂમિનાં ભાગ્ય, જ્યાં હરિ નાચે રે,
તેને નીરખી ગોપી ગોવાળ, રંગમાં રાચે રે-૩
સખી સ્નેહની નજરે નાથ સહુને ભાળે રે,
ઘણું મગન કર્યા મસ્તાન, કા'નડ કાળે રે-૪
સખી નિત્ય નિત્ય આનંદ કેળ્ય, કરે અવિનાસી રે,
જેનાં દર્શન કારણ દેહ, દમે વનવાસી રે-૫
સખી શારદા નારદ શેષ વ્રજરાજ વંદે રે,
જીયાં મુક્તાનંદનો નાથ, રમે આનંદે રે-૬





**રાગ : સારંગ પદ-૧**

સંત સુખી સંસાર મેં ઉદ્ધવ સંત સુખી સંસાર મેં,
ઓર સબે જગ જરત નિરંતર, તીન તાપકી ઝારમેં -ઉદ્ધવ૦ ૧
રાજાબી દુઃખિયા રંકબી દુઃખિયા, ધનપતિ દુઃખિત વિકારમેં,
વિના વિવેક ભેખ સબ દુઃખિયા, જૂઠા તન અહંકારમેં -ઉદ્ધવ૦ ૨
જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા, માયા ઘોર અંધારમેં,
મુક્તાનંદ મુનિવર વિજ્ઞાની, પહોંચે તેજ અંબારમેં -ઉદ્ધવ૦ ૩

**પદ-૨**

મેરે જન મોકું ભજે, ઉદ્ધવ મેરે જન મોકું ભજે,
પંચ ઈન્દ્રિય અરુ મનકું જીતે, મો બિન સબ આસા તજે -ઉદ્ધવ૦ ૧
પ્રેમમગન મેરે ગુન ગાવત, જગ ઉપહાસસેં ના લજે,
જ્ઞાન-ખડગ લે મોહ-ફોજ પર, લડત શૂર હો કે સજે -ઉદ્ધવ૦ ૨
અઘ અવગુનકે મૂળ ઉખારન, મમ જશ નોબત નિત બજે,
મુક્તાનંદ સો સંત વિવેકી, બ્રહ્મસ્વરૂપ અમર અજે -ઉદ્ધવ૦ ૩

**પદ-૩**

મેં જનહિત ભૂપર ફિરું, ઉદ્ધવ મેં જન હિત ભૂપર ફિરું,
સંતન કે મનવાંછિત વપુ ધરી, દુષ્ટ મારી રક્ષા કરું -ઉદ્ધવ૦ ૧
ભૂકો ભાર હરું સંતન હિત, સંતકી રુચિ સમ અનુસરું,
સંતનકે તાપ સબહી મેટનકું,નિજકર છત્ર જ્યું શિર ધરું -ઉદ્ધવ૦ ૨
જો મોય ભજત ભજું મેં વાકું, નિજજન પલક ન વીસરું,
મુક્તાનંદ કહત યું મોહન, ભકતન હિત અભરા ભરું -ઉદ્ધવ૦ ૪

**પદ-૪**

સોઈ સાચે મમ દાસ હે, ઉદ્ધવ સોઈ સાચે મમ દાસ હે,
પિંડ બ્રહ્માંડ મેં પ્રીત ન જાકું, મમ પદકંજ નિવાસ હે -ઉદ્ધવ૦ ૧
કાંતા કનક જાળ જગ બાંધ્યો, તિનસેં અધિક ઉદાસ હે,
ગૃહમેં રહે મેમાન જ્યું સમજન, જેહી દૃઢ ભક્તિ અભ્યાસ હે -ઉદ્ધવ૦ ૨
મન ઈન્દ્રિય કે કૃત્યસે ન્યારો, એકાંતિક મન જાસ હે,
મુક્તાનંદ સો સંત કે ઉર બિચ, મેરો પ્રબળ પ્રકાશ હે -ઉદ્ધવ૦ ૩

રાગ : સોરઠ પદ-૧

હરિગુણ ગાતાં, દુરિજનિયાનો ધડક ન મનમાં ધારીએ,
શિરને સાટે, શ્વાસ-ઉચ્છવાસે સુંદરવર સંભારીએ,
જે સાચું સમરણ આદરે, તેનો મૂરખ માણસ દ્રોહ કરે,
તે ઊલટો નિજ શિર ભાર ભરે .... હરિ૦ ૧
જે સૂરજ સામી રજ નાખે, તે ઊલટી આવી પડે આંખે,
રવિ રોષ રાગ મન નવ રાખે .... હરિ૦ ૨
એમ સમજી મન દૃઢ રાખીએ, મુખ કાયરતા નવ ભાખીએ,
આ તન પ્રભુ પર વારી નાખીએ .... હરિ૦ ૩
જે તન મન ધન હરિ ચરણે ધરે. તેની સુંદર શ્યામ સહાય કરે,
કહે મુક્તાનંદ તે તારે ને તરે .... હરિ૦ ૪

પદ-૨

સરવે માન તજી, શામળિયાં સંગાથે મન દૃઢ બાંધીએ,
તજી લોકલજ્જા, સાધુજન સંગાથે પ્રીતિ સાંધીએ,
જે સાધુજનનો સંગ કરે, તેના કામાદિક સંતાપ હરે,
તેનું મન લઈ મોહન ચરણે ધરે ... સરવે૦ ૧
એમ હરિ ભજતાં મોટપ પામે, તેનાં જન્મમરણનાં દુઃખ વામે,
ફરી મન ન ચડે બીજે ભામે ... સરવે૦ ૨
ધ્રુવ આદિ અચળ થયા હરિ સેવી, તેની શિખામણ મન ધારી લેવી,
ભક્તિ પણ કરવી તેના જેવી ... સરવે૦ ૩
દુરિજનના સંગથી દૂર રહીએ, હરિજનનો અવગુણ નવ લઈએ,
મુક્તાનંદ દાસના દાસ થઈએ ... સરવે૦ ૪

પદ-૩

તન ધન જાતાં, હરિજન હોય તે હરિભક્તિથી નવ ચળે,
જેમ નારી, સતી, સરવે મમતા છોડી પતિ સંગે બળે,
જુઓ પ્રહલાદે પણ નવ છોડ્યું, નિજ તાતતણું સગપણ ત્રોડ્યું,
દૃઢ કરી મોહન સંગ મન જોડ્યું ... તન૦ ૧
જુઓ હરિશ્ચંદ્રે હરિ નવ તજિયા, પર ઘેર વેચાઈ પ્રભુને ભજિયા,
ત્યારે મોહનના મનમાં રજિયા ... તન૦ ૨





જુઓ બળીનું મન નવ હારિયું, ગુરુવચન રુદે નવ ધારિયું,
તન મન ધનુ પ્રભુ પર વારિયું ... તન૦ ૩
એવી દૃઢતા ધારે તે સુખિયા, તે કોઈ કાળે નવ હોય દુઃખિયા,
કહે મુક્તાનંદ તે મહા સુખિયા ... તન૦ ૪

પદ-૪

હરિજન થઈને, હાણ વરધ સુખ દુઃખ મનમાં નવ ધારીએ,
ટાળ્યા નવ ટળે, ઘટ સાથે ઘડિયાં હિંમત નવ હારિએ,
જુઓ કદરજ મહા દુઃખિયા કાવ્યા, તે સુખ દુઃખ મનમાં નવ લાવ્યા,
ત્યારે મોહનના મનમાં ભાવ્યા .... હરિ૦ ૧
જુઓ વસુદેવ દેવકી બંધ રહ્યાં, બહુ કાળે બંધન દૂર થયાં,
જેને હરિ પુત્ર તોય દુઃખ સહ્યાં .... હરિ૦ ૨
જુઓ પાંડવ હરિને અતિ પ્યારા, જેથી પળ એક નાથ ન રહે ન્યારા,
તે વન ભટકયા લઈ સંગ દારા .... હરિ૦ ૩
એમ સમજી હરખ શોક તજીએ, થઈ એક મનના પ્રભુને ભજીએ,
કહે મુક્તાનંદ હરિને રજીએ .... હરિ૦ ૪

●



# નિષ્કુળાનંદ સ્વામીનાં કીર્તન

રાગ : પરજ – પદ-૧

સંતો સાંભળો સાચી વાર્તા, નથી લીધો આ ભૂખ્યે ભેખ રે;
જનુનીનો જાયો કહું છું, અવશ્ય હતો હું એક રે... સંતો૦ ૧
ગાડું બળદ ગાય ને ઘોડી, ડોબાં હતાં દશ બાર રે;
પાંચ મળીને પૂછતાં મુને, કરતો હું કારભાર રે... સંતો૦ ૨
અન્ન ધન ધામ ને ધરણી, પરણી હતી ઘેર રે;
છોટાં છોટાં છોકરાં હતાં, હતી માતાજીની મે'ર રે...સંતો૦ ૩
ખાવા પીવાનું ખૂબ જડતું, વસ્ત્રનો નહિ પાર રે;
જોઈએ તેવા જોડા જડતા, તકે તકે તૈયાર રે... સંતો૦ ૪
એટલું મેલી અહીં આવ્યો છું, ઉર કરી વિચાર રે;
ભૂખે મરતાં ભેખ લીએ છે, ગણશો નહિ એની હાર રે...સંતો૦ ૫
જ્ઞાન વૈરાગ્યે ગળે ઝાલ્યો, ક્યાંય ન ચોટ્યું ચિત્ત રે;
નિષ્કુળાનંદ કહે નહિ કહું તો જોડશે મારું ગીત રે. સંતો૦ ૬

રાગ : જંગલો – પદ-૧

જનુની જીવોરે ગોપીચંદની, પુત્રને પેર્યો વૈરાગ્યજી;
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી...જનુની૦ ૧
ધન્ય ધન્ય માતા ધ્રુવતણી, કહ્યાં કઠણ વચનજી;
રાજસાજ સુખ પરહરી, વેગે ચાલ્યા વનજી... જનુની૦ ૨
ભલો ત્યાગ ભરથરી તણો, તજી જેણે સોળસેં નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બારજી... જનુની૦ ૩
ઊઠી ન શકે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેને દેખીને ત્રાસ ઊપજ્યો, લીધી ફકીરી છોડ્યો ફંદજી...જનુની૦ ૪
એવા વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયા અનેકજી;
ભલા ભૂંડા અવની ઉપરે, ગણતાં ન આવે છેકજી... જનુની૦ ૫
ક્યાં ગયું કુળ રાવણતણું, સગરસુત સાઠ હજારજી;
ન રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સ્વપ્ન વ્યવહારજી... જનુની૦ ૬





એવા છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજનજી;
દેવ દાનવ ઋષિ મુનિ, સર્વે જાણ્યો સુપનજી... જનુની૦ ૭
સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મુકાવશે જમજી;
નિષ્કુળાનંદ એ નહિ મટે, સાચું કહું ખાઈ સમજી... જનુની૦ ૮

પદ-૨

જંગલ વસાવ્યો જોગીએ, તજી જેણે તનડાની આશજી;
વાત ન ગમે આ વિશ્વની, આઠો પહોર ઉદાસજી... જંગલ૦ ૧
સેજ પલંગે પહોઢતા, મંદિર ઝરૂખા માંહ્યજી;
તેને નહિ રે તૃણ સાથરો, રહેતા તરુતળ છાયજી... જંગલ૦ ૨
શાલદુશાલા ઓઢતા, ઝીણા જરકશી જામાજી;
તેણે રાખી કંથા ગોદડી, સહે શિર શીત ને ધામજી... જંગલ૦ ૩
ભાવતાં ભોજન જમતા, અનેકવિધિનાં અન્નજી;
તે રે માગણ લાગ્યા ટુકડા, ભિક્ષા ભવન ભવનજી... જંગલ૦ ૪
હાજી કહેતાં હઝારું ઊઠતા, ચાલતા લશ્કર લાવજી;
તે નર ચાલ્યા એકલા, નહિ પેજારુ પાયજી... જંગલ૦ ૫
રહો તો રાજા રસોઈ કરું, જમતા જાઓ જોગીરાજજી;
ખીર નિપાવું ક્ષણ એકમાં, તે તો ભિક્ષાને કાજજી... જંગલ૦ ૬
આહાર કારણ ઊભો રહે, કરી એકની આશજી;
તે જોગી નહિ ભોગી જાણવો, અંતે થાશે વિનાશજી... જંગલ૦ ૭
ધન્ય એ ત્યાગ વૈરાગ્યને, તજી જેણે તનડાની આશજી;
કુળ તજી નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશજી... જંગલ૦ ૮

પદ-૩

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટી ઉપાયજી;
અંતર ઊંડી જે ઈચ્છા રહે, તે તો કેમ તજાયજી... ત્યાગ૦ ૧
વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂરજી;
ઉપર વેશ અચ્છો બન્યો, મહીં મોહ ભરપૂરજી... ત્યાગ૦ ૨
કામ ક્રોધ મદ લોભનું, જ્યાં લગી મૂળ ન જાયજી;
સંગ પ્રસંગે તે ઊપજે, જ્યારે જોગ ભોગનો થાયજી... ત્યાગ૦ ૩

ઉષ્ણ ઋતે અવની ઉપરે, બીજ નવ દીસે બહારજી;
 ધન વરસે વન પાંગરે, એમ ઈંદ્રિય વિષે વિકારજી... ત્યાગ૦ ૪
ચમક દેખીને લોહ ચળે, ઈંદ્રિય વિષય સંયોગજી;
 અણભેટે અભાવ છે, ભેટ ભોગવશે ભોગજી... ત્યાગ૦ ૫
ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અર્થજી;
 તે વરણ આશ્રમથી, અંતે કરશે અનર્થજી... ત્યાગ૦ ૬
ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ બગડ્યું દૂધજી;
 ગયું રે ઘૃત મહીં માખણથી, આપે થયું અશુદ્ધજી... ત્યાગ૦ ૭
પળમાં જોગી પળમાં ભોગી, પળમાં ગૃહી ને ત્યાગીજી;
 નિષ્કુળાનંદ કહે એ નરનો, વણસમજ્યો વૈરાગ્યજી... ત્યાગ૦ ૮

### પદ-૪

હું બલિહારી એરે વૈરાગ્યને, ઊપજ્યો જેને અંગજી;
 ચૌદ લોક ને જે ચતુર્ધા, ન ગમે સુખનો સંગજી... હું૦ ૧
સુખ ન ઈચ્છે સંસારનું, સમજે સ્વપ્ના સમાનજી;
 વાત ગમે રે વૈરાગ્યની, તન સુખ ત્યાગવા તાનજી... હું૦ ૨
દુઃખી દેખી આ દેહને, રહે રાજી તે મનજી;
 અનર્થનું એ આગાર છે, એમ જાણી ન કરે જતનજી... હું૦ ૩
રાતદિવસ હૃદયમહીં, વર્તે એમ વિચારજી;
 હું કોણ ને જઈશ ક્યાં, કરું તેનો નિરધારજી... હું૦ ૪
કરું ઉપાય હવે એહનો, ડોલી દેશ વિદેશજી;
 કોઈ રે ઉગારે મને કાળથી, સોપું તેને આ શીશજી... હું૦ ૫
રહે આતુરતા અંતરે ઘણી, દેખી દેહ અનિત્યજી;
 સુખ ન માને સંસારનું, ન કરે કોઈ શું પ્રીતજી... હું૦ ૬
એવો વિચાર આવ્યા વિના, ન હોય તનસુખ ત્યાગજી;
 ઉપરનો લાગે રે લજામણો, વગોણા સરખો વૈરાગ્યજી... હું૦ ૭
હરિ ગુરુદેવ દયા કરી, આપે એ વિચારજી;
 નિષ્કુળાનંદ કહે નિઃશંક થઈ, સ્હેજે તરીયા સંસારજી... હું૦ ૮





### પદ-૫

પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે, તજે સકળ સંસારજી;
 રાજસાજ સુખ સંપત્તિ, મેલે માલ ભંડારજી... પ્રથમ૦ ૧
અસન વસન ભૂષણ શય્યા, એથી ઉતારે મનજી;
 અંતર વૈરાગ્ય જેને ઊપજે, તજી ભુવન ઈચ્છે વનજી... પ્રથમ૦ ૨
સપ્તધાતુ સુવર્ણલગી, વાંછે નહિ તે વાસણજી;
 ગ્રામ્યભોગ તે ગમે નહિ, ઈચ્છે અરણ્યમાં આસનજી...પ્રથમ૦ ૩
માત તાત સુત સંબંધી, તજે ભગિની ને ભાઈજી;
 નારી ન દીઠી ગમે નયણે, ત્રોડે સહુથી સગાઈજી... પ્રથમ૦ ૪
એટલાં તજી નર નીસરે, વળતા લીયે વેશજી;
 સુખદુઃખ સહે શરીરને, દેખે દેશવિદેશજી. પ્રથમ૦ ૫
પછી થાકી બેસે કોઈ સ્થાનકે, જોઈ સુંદર જાગ્યજી;
 નિષ્કુળાનંદ કહે એ નરને, વળતો ન રહે વૈરાગ્યજી. પ્રથમ૦ ૬

### પદ-૬

વૈરાગ્યને વિઘ્ન ઘણાં, તાકી રહ્યાં તૈયારજી;
 માન મોટાઈ ઈચ્છે મારવા, છોડાવા ધન નારજી. વૈરાગ્ય૦ ૧
ઉપરના રે અભાવથી, ટકે નહિ કેદી ટેકજી;
 પાંચ વેરી પ્રચંડ છે, અધિક એકથી એકજી. વૈરાગ્ય૦ ૨
ખાતાં પીતાં સૂતાં જાગતાં, વસવું વેરીને વાસજી;
 જોતાં સુણતાં બોલતાં, તેનો કરવો તપાસજી. વૈરાગ્ય૦ ૩
તપાસ્યા વિના જે ત્યાગીયું, હોડે કરી હૈયા જોરજી;
 તે કોઈ દહાડે કચવાઈને, કાંઈ ભાંગશે ભૂરજી. વૈરાગ્ય૦ ૪
અંતર ઊંડા અભાવથી, કરીયે તન મન ત્યાગજી;
 પછી ભરીયે પગલાં, તો ન વણશે વૈરાગ્યજી, વૈરાગ્ય૦ ૫
સાચે કારજ સર્વે સરે, કાચે રાચે નહિ રામજી;
 નિષ્કુળાનંદ કહે ન કીજીયે, વણસમજી એ કામજી. વૈરાગ્ય૦ ૬

પદ-૭

વૈરાગ્ય વીતે એ વાણી વદે, લોકો સમજો નહિ લેશજી;
મોટા સંતની સેવા ક્યાં મળે, એમ આપે ઉપદેશજી...વૈરાગ્ય૦ ૧
તન ધન વસન વડે, સેવા સાધુની કીજેજી;
વિધવિધનાં વ્યંજનશું રૂડી રસોઈયું દીજેજી... વૈરાગ્ય૦ ૨
આગે સાધુને આપીયાં, સુત વીત ઘર ને બારજી;
એવા ભક્ત લખાણા ભક્તમાળમાં, દેખ્યા દિલના ઉદારજી...વૈરાગ્ય૦ ૩
આજ સાધુને આપતાં, કાંરે મુંઝાય મનજી;
સુત કલત્ર કારણે, દોડી ખરચો છો ધનજી... વૈરાગ્ય૦ ૪
અમે રે ત્યાગી સર્વે ત્યાગીયું, ત્યાગ્યા રાજ ને પાટજી;
તમારા કલ્યાણને કારણે, સંત બતાવે વાટજી... વૈરાગ્ય૦ ૫
એ વણસ્યા વૈરાગ્યની વાતડી, સુણો સહુ નર નારજી;
નિષ્કુળાનંદ એ નરનું, કેમ પડશે પારજી... વૈરાગ્ય૦ ૬

પદ-૮

જેનું રે મન વન વાંછતું, અતિ રહેતા ઉદાસજી;
તે તાક્યા વસ્તીએ વસવા, બાંધી સૌ આશજી... જેનું૦ ૧
જેને રે ગમતી જીરણ કંથા, જેવું તેવું જળઠામજી;
તેણે રે રંગ્યાં રાતાં તુંબડાં, ગમતાં વસ્ત્ર માગે ગામોગામજી... જેનું૦ ૨
રસરહિત અન્ન ઈચ્છતા, દેવા દેહને દંડજી;
તેને રે જોઈએ તીખાં તમતમાં, ખાવા ખીર ને ખાંડજી...જેનું૦ ૩
જેને રે જાગ્ય આગ્ય લાગતી, ગમતું નહિ શય્યાઘરજી;
તેને રે આસનથી ઉઠાડતાં, જાણે જગાડ્યો મણિધરજી...જેનું૦ ૪
પોતાનો પરિવાર પરહરી, ચાલ્યો એકલો આપજી;
તેણે રે કર્યા સ્નેહ શિષ્ય શું, લીધો પરનો સંતાપજી... જેનું૦ ૫
ઓછી સમજણે જે આદરે, કાયો થકો જે કોઈજી;
નિષ્કુળાનંદ એ નરનું, અંતે એમજ હોયજી... જેનું૦ ૬





પદ-૯

અમે જડભરથત જોગીયા, ઈચ્છું નહિ વૈભોગજી;
જક્ત પદારથ જીવને, રૂચે નહિ જેમ રોગજી... અમે૦ ૧
જૂનાં પાનાં પટ પહેરશું, નહિ ઈચ્છશું નવીનજી;
શીત ઉષ્ણ શિર સહીશું, રાખી કંથા કોપીનજી... અમે૦ ૨
ખટરસ ખાવા નહિ ખોળીએ, જમશું જે મળશે અન્નજી;
નિર્માને દિન નિગમશું, રહેશું મને મનનજી... અમે૦ ૩
પ્રીત સહસું પરહરી, કરશું કૃષ્ણ ભજનજી;
મોરે અમારા મતમાં, મૃગે કર્યું'તું વિઘનજી... અમે૦ ૪
હર્ષ શોક હાણ વર્ધને, સહેશું સુખદુઃખ તનજી;
નિષ્કુળાનંદ કહે નહિ દઈએ, નિજ કુળને લાંછનજી... અમે૦ ૫

પદ-૧૦

ઋષભકુંવરની રીતને, સુણો સંત સુજાણજી;
સમર્થ ભરત નામે કરી, પરઠ્યો ખંડ પ્રમાણજી... ઋષભ૦ ૧
રાજ તજી તપ આદર્યું, તજી સહુશું સ્નેહજી;
દયામાંહી દુઃખ ઊપજ્યું, થયો મૃગશું નેહજી... ઋષભ૦ ૨
તેણે કરી તન ધારિયું, ધર્યું જ્ઞાન અભંગજી;
અંગીરાકુળમાં અવતર્યા, રહ્યા સહુશું અસંગજી... ઋષભ૦ ૩
માબાપ મેલી મરી ગયાં, રહ્યાં ભાઈ ને ભોજાઈજી;
જડ જાણીને જેવું તેવું, અન્ન આપે તે ખાયજી... ઋષભ૦ ૪
પાવા સારુ ખેતર મોકલ્યા, ચોર લઈ ગયા ત્યાંયજી;
દેતાં બલિદાન દેવીને, કરી કાળીએ સહાયજી... ઋષભ૦ ૫
ત્યાંથી જડભરત જોડિયા, રાયે લઈ શીબીકાયજી;
નિષ્કુળાનંદ કહે એ નૃપને, કહ્યો સુખનો ઉપાયજી... ઋષભ૦ ૬

પદ-૧૧

જડભરતની જાતના, જોગી જે જગમાંહ્યજી;
ઈંદ્રિય મનને ઉપરે, રહે શત્રુ સદાયજી... જડ૦ ૧
વિકળ ન થાય વિષયસુખમાં, રહે પર્વતપ્રાયજી;
ધર્મ ધીરજ મૂકે નહિ, મર મસ્તક જાયજી... જડ૦ ૨

આઠો પહોરમાં એક ઘડી, ન માને નિજ દેહજી;
તેના સુખ સારુ શું કરે, ઉપાય નર એહજી... જડ૦ ૩
હરિઈચ્છાયે હરે ફરે, કરે જીવનો ઉદ્ધારજી;
જેને મળે એવા જોગીયા, પામે તે ભવપારજી... જડ૦ ૪
એવા જોગીને આવીને મળે, જાણે અજાણે જે જનજી;
નિષ્કુળાનંદ એ નરને, કરે પળમાં પાવનજી... જડ૦ ૫

**પદ-૧૨**

જોગી જીવો રે એવા જગતમાં, સગા સહુના સોયજી;
શત્રુ શોધતાં સંસારમાં, જેને ન જડે કોયજી... જોગી૦ ૧
સ્થાવર જંગમ સ્થૂળ સૂક્ષ્મ, ચરાચર જે જંતજી;
મનકર્મ વચને દૂભવે નહિ, દિલે દયા અનંતજી... જોગી૦ ૨
નિર્વૈર એવાને નીરખી, દયા દુષ્ટને નોયજી;
દુજા તો સર્વે દયા કરે, જ્યારે એવાને જોયજી... જોગી૦ ૩
દેહદર્શી દુ:ખ ભોગવે, કરે સુખનો ઉપાયજી;
આત્મદર્શી આનંદમાં, રહે સુખમાં સદાયજી... જોગી૦ ૪
ભૂલે પોતાનું ભાસે નહિ, ત્રણે કાળમાં તનજી;
નિષ્કુળાનંદ એમ સમજીને, જોગી ન કરે જતનજી... જોગી૦ ૫

**પદ-૧**

મારા હરિ ગુરૂદેવ દયા કરી, કાંઈક આપી છે આજ્ઞા એહ રે
એવા ગુણલા ગાવા રે ગુરુદેવના, બહુ કરીયા છે રે વખાણ મારા...હરિગુરુ૦
શેષ રટે સહસ્ર મુખથી, જુગલ જીભાયે આઠું જામરે
એક રે જીભાના જે કોઈ માનવી, તેને કેમ રે પામવો વિરામ રે ...હરિગુરુ૦
જ્યાં લગી જીવતર આ જનનું, રહે દેહ પીડામાં જોને પ્રાણ રે
વારંવાર કરીને વખાણ રે, એવા ગુણલા ગાવારે ગુરુદેવના ...હરિગુરુ૦
સગુણ મૂરતિ મહારાજની, નરતન ધારીને વિચરે મારા નાથ રે
દેહના ચરિત્રે ચિત્તે ચિંતવી, સદાય ગાવા એ અમને આશિષ રે ...હરિગુરુ૦
એહ જપ તપ ને તીરથ છે, એ છે કાંઈ સ્મરણ ને વળી ધ્યાનરે
નયણે નીરખીને રૂપ નાથનું, જનને કરવું રે એવું ગુણગાનરે ...હરિગુણ૦





વિસ વિસાજો એક વાત છે, સાંભળો સગુણ ઉપાસી જન રે
નિષ્કુળાનંદ કહે માર નાથના, ગુણ ગાવા એહ અમને આશિષ રે ...હરિગુરુ૦

**રાગ : ગરબી — પદ-૧**

જાવું છે રે જાવું છે રે જાવું છે નેદાન, ભજ ભગવાન રે જીવ જાવું છે - ટેક૦
જાવું છે રે જાવું છે રે રહેવાનું છે કાચું, માને સાચું રે... જીવ૦ ૧
જાવું છે રે જાવું છે રે માલ ધન મેલી, ઠાલું ઠેલી રે... જીવ૦ ૨
જાવું છે રે જાવું છે રે આવું તન ત્યાગી, જોને જાગી રે... જીવ૦ ૩
જાવું છે રે જાવું છે રે આપો જમણે હાથે, આવે સાથે રે... જીવ૦ ૪
જાવું છે રે જાવું છે રે કહે નિષ્કુળાનંદ, ભજ ગોવિંદ રે... જીવ૦ ૫

**પદ-૨**

ભૂલેમાં રે ભૂલેમાં રે આવું અંગ ભાળી, દેશે બાળી રે...ભાઈ ભૂલે માં-ટેક૦
ભૂલેમાં રે ભૂલેમાં રે તન નથી તારું, માને મારું રે... ભાઈ૦ ૧
ભૂલેમાં રે ભૂલેમાં રે દેખી દેહ રૂડી, છે જો કૂડી રે... ભાઈ૦ ૨
ભૂલેમાં રે ભૂલેમાં રે દેહ દેશે દાટી, થાશે માટી રે... ભાઈ૦ ૩
ભૂલેમાં રે ભૂલેમાં રે દેખી દેહ સારી, જોને વિચારી રે... ભાઈ૦ ૪
ભૂલેમાં રે ભૂલેમાં રે કહે નિષ્કુળાનંદ, સ્વામી સુખકંદ રે... ભાઈ૦ ૫

**પદ-૩**

માનીલે રે માનીલે રે, માનીલે મન મારું, તો ઘણું સારું રે મન માનીલે ... ટેક૦
માનીલે રે માનીલે રે ખોટામાં શું ખૂંત્યો, તજને તું તો રે... મન૦ ૧
માનીલે રે માનીલે રે ધાઈશમાં ધન નારી, થાશે ખુવારી રે... મન૦ ૨
માનીલે રે માનીલે રે સાચાનો થા સંગી, મન બહુરંગી રે... મન૦ ૩
માનીલે રે માનીલે રે તાણ તારી તજી, હરિ લેને ભજી રે... મન૦ ૪
માનીલે રે માનીલે રે કહે નિષ્કુળાનંદ, ફીટે ભવફંદ રે... મન૦ ૫

**પદ-૪**

વિચારે રે વિચારે રે વિચારે વીર વારું, તો ઘણું સારું રે વીર વિચારે ટેક૦
વિચારે રે વિચારે રે વિચારીને ચાલે, જાવું કાલે રે... વીર૦ ૧
વિચારે રે વિચારે રે વિચારીને બોલે, હરિ મ ભૂલે રે... વીર૦ ૨
વિચારે રે વિચારે રે સતસંગ કુસંગ, તો રહે રંગ રે... વીર૦ ૩

વિચારે રે વિચારે રે દુર્લભ આ દેહી, ગઈ આવે નહીં રે... વીર૦ ૪

વિચારે રે વિચારે રે કહે નિષ્કુળાનંદ, છેલ્લી છંદ રે... વીર૦ ૫

**રાગ : ગરબી – પદ-૧**

જુઓ વિચારી આ સોબત સારી, એકાએકી ચાલ્યા ઊઠીજી...ટેક૦

કોઈક આજ કોઈક કાલ, અહીં રહ્યાની વાત જૂઠીજી... જુઓ૦ ૧

નાના ને મોટા નજરે નીરખતા, ગયા આપણા ગોઠીજી... જુઓ૦ ૨

દિનદિન પ્રત્યે અંગરંગ પલટે, ખેતવાળ કાળ કોઠીજી... જુઓ૦ ૩

કર્મ વિકર્મ કર્યાં જેણે જેવાં, તેવી પલાણી ચાલ્યા પોઠીજી... જુઓ૦ ૪

નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિદ, તું જીત્યો હારી જામાજી... જુઓ૦ ૫

**પદ-૨**

કાળ વિકાળ વેરી શિર ગાજે, ચેતો ચેતો નર નારીજી... ટેક૦

જે કોઈ જન્મ્યું તે જાશે જરૂર, જાુઓને મનમાં વિચારીજી... કાળ૦ ૧

દેવદાનવ માનવ મુનિવર, રહે નહિ તન ધારીજી... કાળ૦ ૨

કોઈક જીતી જશે જગતમાં, કોઈ જાશે મૂડી હારીજી... કાળ૦ ૩

કેડા મોર કહ્યું નહિ કોઈ, સહુ સંત કહે છે પોકારીજી... કાળ૦ ૪

નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, માની શિખામણ મારીજી... કાળ૦ ૫

**પદ-૩**

જૂઠી માયા કાયા પણ જૂઠી, તેમાં લોભાણો શું લ્હેરીજી... ટેક૦

તેં તો જાણ્યું જે જીવીશ જાુગ ચારે, માથે ન દીઠો કાળ વેરીજી...જૂઠી૦ ૧

માત તાત કેના સુત સંબંધી, કેના માલ ધન મેડીજી... જૂઠી૦ ૨

અંતકાળે કોઈ કામ ન આવે, જ્યારે લીયે જમ ઘેરીજી... જૂઠી૦ ૩

ભુલવણીમાં ભૂલ્યો ભગવંત, ખાધાં ફળ ઝાઝાં ઝેરીજી... જૂઠી૦ ૪

નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, માની વાત સંત કેરીજી... જૂઠી૦ ૫

**પદ-૪**

પરદેશી છે આ પ્રાણી પરોણો, તે રહી રહીને કેટલુંક રહેશેજી... પર ટેક૦

ચાલુ ચાલુ નિત્ય ચિત્ત ચિંતવે છે, ચાલી અચાનક દેશેજી... પરદેશી૦ ૧

મારું મારું કરી મમતે મરે છે, ચાલતાં શું લઈ લેશેજી... પરદેશી૦ ૨

માયા મોહમાં અતિ ભરમાણો, ઉપદેશ અંતર ન પેસેજી... પરદેશી૦ ૩





જતી વેળા કહેશે કાંઈ ન માણ્યો, કેડે કાણિયા એમ કહેશેજી...પરદેશી૦ ૪

નિષ્કુળાનંદ કહે ભજીલે ગોવિંદ, આ વાત હૈયામાં જો બેસેજી...પરદેશી૦ ૫

**રાગ : જંગલો**

મુને સુપને ન ગમે રે સંસાર, કો'ને કેમ કીજીએ;

વમન થયું મન ઊતર્યું. એવો લાગ્યો રે સંસાર...કો'ને૦

પલંગ પાથરણાં ને પોઢણાં, કોઈ તળાંસે પાવ;

પતંગ પડ્યો તે ઉપરે, માથે જમ કેરો દાવ...કો'ને૦

મૃગરાજના મુખમાં, જે કોઈ જાયે જરૂર;

ખાનપાન સર્વે વીસરી, મરવું દેખે હજૂર...કો'ને૦

સ્વારથે સહુ કોઈ મળી, વિધ વિધ કરે વાત;

અંતરમાં કેમ ઊતરે, નજરે દીઠેલ ઘાત...કો'ને૦

સમજી વિચારી જે કરો, તજો ખલકની આશ;

નિષ્કુળાનંદ નિશ્ચે કર્યું, સુખ તો સદ્ગુરુ પાસ...કો'ને૦

**રાગ : ધોળ – પદ-૧**

સંતો વિમુખ થકી રહીએ વેગળા, ડરીએ દિવસ ને રાત રે;

સંતો વિશ્વાસ કરતાં વિમુખનો, વણસી જાય જો વાત રે...સંતો૦

સંતો વિમુખ વિખ આપે વાતમાં, કરી હેત અપાર રે;

સંતો રગ રગમાં તે રમી રહે, ન રહે વચનનો ભાર રે...સંતો૦

સંતો સોબત ના ગમે પછી સંતની, વા'લા લાગે વિમુખ રે;

સંતો નિયમ ન ગમે પછી નાથના, માને મોકળે સુખ રે...સંતો૦

ત્યારે કરવાનું તે ક્યાંથી કરે, થાય ન કરવાનું કામ રે;

કહે નિષ્કુળાનંદ નિશ્ચે નર, ન પામે સુખ ઠામ રે...સંતો૦

**પદ-૨**

સંતો વચનદ્રોહીનો ધણી નહિ, ઘણું રે ગુનેગાર રે;

સંતો જ્યાં જ્યાં જાયે ત્યાં જન મળી, વળી કરે તિરસ્કાર રે...સંતો૦

સંતો લેશ વચન જો લોપીએ, અતિ થઈ ઉન્મત્ત રે;

સંતો એક એકડો જેમ ટાળતાં, ખોટું થઈ જાય ખત રે...સંતો૦

કોઈ સો કન્યા પરણાવે સુતને, પછી મરે મોટિયાર રે;

સંતો રાંડ્યા વિના એમાં કોણ રહે, રાંડે સૌ એક હાર રે...સંતો૦

એમ વચન વિના આ વિશ્વમાં, વરતે છે જે વિમુખ રે;
કહે નિષ્કુળાનંદ તેને નીરખતાં, સંત ન માને સુખ રે....સંતો૦

**રાગ : પરજ**

મૈં હૂઁ આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ;
સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ;...ટેક૦
કહાં કાષ્ટ ને કહાં કુહાડા, કહાં હૈ ઘડનનહારા;
જબતે મોયે સદ્‌ગુરુ મિલિયા, મીટ ગયા સર્વે ચાળા...મૈં હૂઁ૦ ૧
કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત;
કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત...મૈં હૂઁ૦ ૨
નહિ રહ્યા મૈં નહિ ગયા મૈં, નહિ સુધર્યા નહિ બીગડા;
હમે હમારા કુળ સંભાર્યા, મત કરના કોઉ ઝઘડા...મૈં હૂઁ૦ ૩
પાનીમેંસે પુરુષ બનાયા, મળમૂત્રકી ક્યારી,
મિલ્યા રામ ને સર્યા કામ, અબ ન રહી કોસે યારી...મૈં હૂઁ૦ ૪
આગે તપસી તપાસા કરતા, રહી ગઈ કિન્ચિત કામા;
તે કારણ આ નરતન ધરિયા, સો જાનત હૈ રામા...મૈં હૂઁ૦ ૫
જે કારન આ નરતન ધરિયા, વે સરિયા હૈ કામ;
નિષ્કુળાનંદ કહે પ્રગટ મિલે મોહે, ટળ્યા નામ રૂપ ઠામ...મૈં હૂઁ૦ ૬

**રાગ : વેરાડી – પદ-૧**

સખી કારતક માસે કંથ, પિયુ ગયા પરહરી;
સખી ઊપજ્યું દુઃખ અત્યંત, કંગાલ મુને કરી...૧
સખી પિયુ ગયા પરદેશ, સંદેશો ન મેલીયો;
સખી હૈડે દુઃખનો હંમેશ, રેણાવર રેલીયો...૨
સખી નયણે વહે છે નીર, ઉદાસી અંતરે;
સખી શ્યામ વિનાનું શરીર, પડ્યું પરતંત્ર રે...૩
સખી હવે સલુણા સાથ, ભાવે ક્યારે ભેટશું;
સખી નિષ્કુળાનંદના નાથ, મળે દુઃખ મેટશું...૪

**પદ-૨**

સખી માગસર મનમાંહી, ચિતવણી ચિત્તમાં;
સખી દિલમાં લાગ્યો દાય, પ્રજળું હું પ્રીતમાં...૧





સખી અંતર લાગી આગ્ય, વિયોગના વ્રહની;
સખી નથી ઊગરવા જાગ્ય, આજ આવી બની...૨
સખી વણમાગ્યે વળી મોત, આજ મારે આવીયું;
સખી મરશું દાઝે સોત, કેને ન જાયે કહ્યું...૩
સખી હેડું રહે કેમ હાથ, વિપત્ય કેટલી વેઠશું;
સખી નિષ્કુળાનંદનો નાથ, મળે દુઃખ મેટશું...૪

**પદ-૩**

સખી પોષે પીડાએ પંડ, દિલ દરદી થયું;
સખી પિયુ દઈ ગયા દંડ, કો કેમ જાયે કહ્યું...૧
સખી ભીતર મારી ભાલ, ઘાયલ કરી ગયા;
સખી અમને આપી આ હાલ, લાલ અળગા રહ્યા...૨
સખી કૂવામાં ઘાલી વ્રત, વાલીડે વાઢીઓ;
સખી આ જિવાડ્યાથી વ્રત, કાં પ્રાણ ન કાઢીઓ...૩
સખી પ્રીત કરી અમ સાથ, પેચ રાખી પેટશું;
સખી નિષ્કુળાનંદનો નાથ, મળે દુઃખ મેટશું...૪

**પદ-૪**

સખી મહા માસે મહાદુઃખ, ઊપજ્યું અંગમાં;
સખી શ્યામશું લેતા સુખ, રમતા જે રંગમાં...૧
સખી સંભારતાં એ સુખ, ફાટે મારી છાતડી;
સખી ક્યારે બેસી સન્મુખ, કરશું જો વાતડી...૨
સખી આણી આંખે અલબેલ, જોશું જો જીવનને;
સખી છોગલાવાળો છેલ, મળે સુખ મનને...૩
સખી મલશું ભરી જ્યારે બાથ, શોક સરવે મેટશું;
સખી નિષ્કુળાનંદનો નાથ, મળે દુઃખ મેટશું...૪

**પદ-૫**

સખી ફાગણ માસનાં ફૂલ, દેશી દિલ ડોલીયું;
સખી સહ્યા કરું હવે શૂલ, ન જાય બોલીયું...૧
સખી અંતરની વાતો આજ, કહેતાં આવે લાજડી;
સખી મારી જાણે છે મહારાજ, દિલની જે દાઝડી...૨

સખી નથી રે રહેવાતું જો નેક, અમથી એકે ઘડી;
સખી વ્હાલે ન કર્યો વિવેક, રોઈ ખોઈ આંખડી...૩
સખી ઘરઘર ગવારે ગાથ, વસંત વરતી રહ્યા;
સખી નિષ્કુળાનંદનો નાથ, હજી કેમ ન આવીયા...૪

પદ-૬

સખી ચૈતરે ચિંતા થાય, કહો કેમ કરીએ;
સખી દિન ઉપર દિન જાય, ધીરજ કેમ ધરીએ...૧
સખી પિયુ વિયોગે પળ, જાય જાુગ જેવડી;
સખી દાઝીને ઊઠે છે દિલ, ઘણું ઘડી ઘડી...૨
સખી ફડકી ઊઠું પડે ફાળ, પિયુ પરદેશડે;
સખી અંતર ઊઠે છે ઝાળ, સુખ નહિ સંદેશડે...૩
સખી એવડલું અમ સાથ, કરીને કેમ ગયા;
સખી નિષ્કુળાનંદનો નાથ, હજી કેમ નાવીયા...૪

પદ-૭

સખી વૈશાખ માસે વાટ, જોઈને ઝાંખી થઈ;
સખી અલબેલા વિના ઉચાટ, ઘાટ સમે નહિ...૧
સખી ચાલે પ્રચંડે પવન, ઉદાસી આપવા;
સખી વહાલા વિયોગના દન, કઠણ થવા કાપવા...૨
સખી આવ્યા ઉનાળાના દન, લાગી લૂ ઝરવા;
સખી વહાલા વિના તપે તન, ઠામ નહિ ઠરવા...૩
સખી આરે વેળા અમ સાથ, મોહન મન ભાવીયા;
સખી નિષ્કુળાનંદનો રાજ, હજી કેમ નાવીયા...૪

પદ-૮

સખી જેઠ માસે જો જરૂર, ન મળું હું નાથ શું;
સખી એમ ઊપજે છે ઉર, મરું મારા હાથ શું...૧
સખી ચડી ઉપલે આવાસ, પંડ મેલું પડતું;
સખી પ્રાણ જાય પિયુ પાસ, દેહ રહે નડતું...૨





સખી એમ આવે અતિ રોષ, કહો કેમ કરીએ;
પણ વહાલા ઉપર દઈ દોષ, એમ કેમ મરીએ...૩
સખી અમને કરી અનાથ, સાથે કેને રહ્યા;
સખી નિષ્કુળાનંદનો નાથ, હજી કેમ નાવીયા...૪

પદ-૯

સખી આષાડે આવીયો મેઘ, મોર લાગ્યા બોલવા;
સુણી વ્રહની શબ્દનો વેગ, દલ લાગ્યું ડોલવા...૧
સખી બપૈયા કરે બકોર, પિયુ પિયુ જપે;
સખી સાંભળી તેનો શોર, કાળજાું મારું કંપે...૨
સખી ગાજવીજ વરસાદ, આવ્યો અતિ ઉમંગી;
સખી મળી મેઘલી રાત, નાવ્યો મારો સંગી...૩
સખી આવી બની મારે આજ, પિયુ નહિ સાથજી;
સખી નિષ્કુળાનંદનો રાજ, આવે ક્યારે નાથજી...૪

પદ-૧૦

સખી શ્રાવણે સહુ વેલીવન, તૃણ લીલાં થયાં;
સખી અમે સુકાણાં તન, વ્હાલા વિના રહ્યાં...૧
સખી નદીએ ચાલ્યાં પૂર, સરોવર સૌ છળ્યા;
પણ જેનો પિયુ ગયો દૂર, દુઃખ તેને બહુ મળ્યાં...૨
સખી શો કરીએ ઉપાય, ઓસડ એનું નહિ મળે;
પિયુ ગયા લગાડી દાહ, પંડ તેણે પ્રજળે...૩
સખી કરતાં ન સૂઝે કાજ, ન રહ્યું હૈયું હાથજી;
સખી નિષ્કુળાનંદનો રાજ, નાવે કાં રે નાથજી...૪

પદ-૧૧

સખી ભાદરવે ભાગ્યું બળ, રહ્યાં રોઈ રોઈને;
સખી વહાલે ન મૂક્યો વર, કહીએ શું કોઈને...૧
સખી વીલખી વીલખી વહાલા કાજ, ઝુરીને ઝાંખી થઈ;
જેમ ન આવીયો મારો રાજ, તેમ પંડ પડ્યું નહિ...૨

સખી વ્રજની થઈ વિશેષ, ફાટે નહિ છાતડી;
સખી કઠણ કરમની રેખ, તે આજ આવી નડી...૩
સખી વલવલી આવીયા વાજ, અમે અનાથજી;
સખી નિષ્કુળાનંદનો રાજ, ન આવ્યા તોયે નાથજી...૪

**પદ-૧૨**

સખી આસોએ આનંદકંદ, મળી જો પધરામણી;
આવીયો મારે આનંદ, મનમાં ફૂલી ઘણી...૧
સખી તોરણ બંધાવું બાર, અજવાળું ઓરડા;
મારે મંદિર પધાર્યા મોરાર, ખોશી ફૂલ તોરડા...૨
સખી લટકંતો આવી લાલ, હોંસીલો હેતે હસી;
એને નીરખીને થઈ છું નિહાલ, હૈડે રહી હુલશી...૩
સખી સર્વે સર્યાં મારાં કાજ, ભેટી ભરી બાથજી;
સખી નિષ્કુળાનંદના રાજ, મળ્યા મુને નાથજી...૪

**રાગ : મેવાડો પદ-૧**

અંતરની કેને કહીએ, અંતરની કેને કહીએ, અંતરની કેને કહીએ રે,
ઓધાજી અમે અંતરની કેને કહીએ...ટેક૦
વાલે પ્રીત કરી પહેલી, મથુરા ગયા છે મેલી;
કહોને હવે કેમ કરી રે...ઓધાજી૦ ૧
સ્નેહનું શલ્ય સાલે, પિયુ વિના કોણ પાળે;
હરિએ ન જાણ્યું હૈયે રે...ઓધાજી૦ ૨
આંખડીએ આવે છે આંસુ, લોકડિયા કરે છે હાંસુ;
તે તો અમે સરવે સહીએ રે...ઓધાજી૦ ૩
નિષ્કુળાનંદને નાથે, અમને ન માર્યા હાથે;
આવું કરવું'તું જૈયે રે...ઓધાજી૦ ૪

**પદ-૨**

અંતર દાઝે છે અતિ, અંતર દાઝે છે અતિ, અંતર દાઝે છે અતિ રે,
ઓધાજી મારું અંતર દાઝે છે અતિ;
જે દિ'ના સધાવ્યા શ્યામ, તે દિ'નું ન સૂઝે કામ;





મુઝાઈ ગઈ છે મતિ રે...ઓધાજી૦ ૧
દરદે દીવાની ડોલું, બોલતાં બેફામ બોલું;
ઘેલાના જેવી છે ગતિ રે...ઓધાજી૦ ૨
બોલ્યું નવ ગમે કે'નું, મુખ જોયા વિના એનું;
રુદે સુખ નથી રતિ રે...ઓધાજી૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી, જાણે છે અંતરજામી;
તોય કહેજો મારી વતી રે...ઓધાજી૦ ૪

**પદ-૩**

અંતર ઉદાસી રહે છે, અંતર ઉદાસી રહે છે, અંતર ઉદાસી રહે છે રે,
ઓધાજી મારું અંતર ઉદાસી રહે છે;
રાત દિન હૃદામાંય, સાંભરે રસિકરાય;
તેણે નેણે નીર વહે છે રે...ઓધાજી૦ ૧
અમને વિસાર્યા વા'લે, નેક નંદજીને લાલે;
તેણે દન દુઃખમેં છે રે...ઓધાજી૦ ૨
મથુરાના રાજા ઠર્યા, ભલે કુબજાને વર્યા;
તેનું એને કોણ કહે છે રે...ઓધાજી૦ ૩
નિષ્કુળાનંદનો રાજ, કાંરે આહીં નાવે આજ;
હવે એને કે'નો ભે'છે રે...ઓધાજી૦ ૪

**પદ-૪**

અંતરગતની વાતું, અંતરગતની વાતું, અંતરગતની વાતું રે,
ઓધાજી કહું અંતરગતની વાતું;
પહેલું વહેલું આપી સુખ, પછી દઈ ગયા દુઃખ;
તે તો નથી સહ્યું જાતું રે...ઓધાજી૦ ૧
કુળમાં કડવાં થયાં, લોકડિયાનાં મેણાં સહ્યાં;
મન એને રંગે રાતું રે...ઓધાજી૦ ૨
સગાંની સોબત તોડી, માવશું મો'બત જોડી;
તોય એણે રાખી ગાતું રે...ઓધાજી૦ ૩
નિષ્કુળાનંદને વા'લે, કર્યા છે જે નંદલાલે;
કહ્યું કે'ને નથી જાતું રે...ઓધાજી૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

લટકાળો લટકંતો આવે, મોહન મોરલી વાતો રે...લટકાળો૦ ટેક.
સખાને સંગે અતિ ઉછરંગે, ગીત મધુરાં ગાતો રે...લટકાળો૦ ૧
કેસરીએ વાઘે કસુંબલ પાઘે, કેસર રંગમાં રાતો રે...લટકાળો૦ ૨
ફુલડાનાં તોરા ગજરા ને ટોપી, ફુલાંને હારે ફુલાતો રે...લટકાળો૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળીયો, આવે અમીરસ પાતો રે...લટકાળો૦ ૪

**પદ-૨**

શામળીયો સ્નેહનો બાંધ્યો, આવે છે અલબેલો રે...શામળીયો૦ ટેક.
રંગમાં રાતો ને વાંસળી વાતો, છોગાળો છેલ છબીલો રે...શામળીયો૦ ૧
અતિ પ્રસન્ન વદન વ્હાલાનું, અલવે ભર્યો અલબેલો રે...શામળીયો૦ ૨
દર્શન દેવા ને કંઈ એક કહેવા, રસબસ કરવા રસીલો રે...શામળીયો૦ ૩
નિષ્કુળાનંદનો સ્વામી શામળીઓ, આવે વ્હાલપશું વ્હેલો રે...શામળીયો૦૪

**પદ-૩**

છબીલાની છબી જોઈને, મોહી રહ્યું મન મારૂં રે...છબીલાની૦ ટેક.
નેણા વિશાળને વાણી રસાળ, તે પર તનમન વારૂં રે...છબીલાની૦ ૧
વ્હાલાનું વદન સુખનું સદન, શોભે છે સુંદર સારૂં રે...છબીલાની૦ ૨
જીવન જોઈ હું મનમાં મોહી, મીટે મટકું ન મારૂં રે...છબીલાની૦ ૩
નિષ્કુળાનંદના નાથને નીરખી, અંતરમાં ઉતારૂંરે...છબીલાની૦ ૪

**પદ-૪**

છોગાળા તારા છોગલા ઉપર, વાલમજી જાઉં વારી રે...છોગાળા૦ ટેક.
નટવર નાગર સુખના સાગર, મન માનયા મોરારી રે...છોગાળા૦ ૧
કાન ગોવાળા ને વાંસળી વાળા, તમે મીરાંત્ય છો મારી રે...છોગાળા૦ ૨
નંદના લાલા લાગો અતિ વ્હાલા, ગુણવંતા ગીરધારી રે...છોગાળા૦ ૩
નિષ્કુળાનંદના સ્વામી શામળીયા, હું છું દાસી તમારી રે...છોગાળા૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

રસિલાલાલ રસે ભરી છે તારી આંખડી;
રસિલાલાલ કમળદળના જેવી પાંખડી...રસિલા૦
હસીને હેરો છો તમે હેતમાં (૨) તનમન પ્રાણ લો સમેતમાં (૨)



હજારી કીર્તનાવલિ

નાસિકા દીસે છે તારી નમણી (૨) કપોળ જોઈને રહ્યાં કામણી (૨)
વાલપ ઘણી છે તારી વાતમાં (૨) એકવાર મળીએ એકાંતમાં (૨)
વારી વારી જાઉં હું વદનને (૨) કરને લટકે તે લીધું મનને (૨)
ચટકંતી ચાલ લાલ જોઈને (૨) મન તો રહ્યું છે મારું મોઈને (૨)
ચિત્તડું ચોર્યું છે તમે ચાલમાં (૨) ચંચળ ચપળ મારા વાલમાં (૨)
નિષ્કુળાનંદના હો નાથજી (૨) સદાયે રે'જો હો મારે સાથજી (૨)

**પદ-૨**

સલૂણા શ્યામ એકવાર આવો મારે ઓરડે સલૂણા૦
અમે તો બંધાશું કાચે દોરડે...સલૂણા૦
હાર્યા ને દોર્યા તમારાં હાલશું સલૂણા, વાલમ આવોને તમે વાલ શું...સ૦
વાટડી જોઉં છું કઈ વારની સલૂણા, શોભા જો વધે છે શણગારની...સ૦
આવડી જો વેલ શી અમશું સલૂણા, રજની વીતે જો કૈયે રમશું...સ૦
કોલ બોલ પાળીને પૂરા કરો સલૂણા, દયાળુ દયા જો દલમાં ધરો...સ૦
આશભર્યાં અંતરે ઉદાસ છું સલૂણા, દામ જો વિનાની અમે દાસ છું...સ૦
તમને દેખીને મન ઓગળે સલૂણા, ચિત્તડું મળવાને જોને ચળવળે...સ૦
વિનતી કરું છું જોડી હાથજી સલૂણા, નિષ્કુળાનંદના હો નાથજી...સ૦

**રાગ : ધોળ**

ભાગ્ય જાગ્યા રે આજ જાણવા, થયાં કોટિ કલ્યાણ;
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ. (૨)...ભાગ્ય૦
અનાથપણાનું મ્હેણું ઊતર્યું, સદા થયા સનાથ;
ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરિએ હાથ. (૨)...ભાગ્ય૦
કંગાળપણું કહેવા ના રહ્યું, સદા મનાણું સુખ;
મસ્તી આવી રે અતિ અંગમાં દૂર પલીણાં દુઃખ. (૨)...ભાગ્ય૦
અણસમજણ અળગી થઈ, સમી સમજાણી વાત;
પાપ સર્વે પરાં પડ્યાં, મળ્યા શ્રીહરિ સાક્ષાત. (૨)...ભાગ્ય૦
કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ;
ખોટ મટીને ખાટ્ય થઈ, રહી ગયો છે રંગ. (૨)...ભાગ્ય૦

ભૂધર મળતાં ભલું થયું, ફેર ફાવ્યા આ વાર;
સુખ તણી સીમા શી કહું, મન મોદ અપાર. (૨)...ભાગ્ય૦
આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય;
અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય (૨)...ભાગ્ય૦
આજ અમૃતની હેલી થઈ, રહી નહિ કાંઈયે ખોટ;
એક કલ્યાણ ક્યાં રહ્યું, થયા કલ્યાણ કોટ. (૨)...ભાગ્ય૦
રાંકપણું તો રહ્યું નહિ, કોય મ કહેશો કંગાલ;
નિર્ધનીયા અમે નથી, મહા મળીયો છે માલ. (૨)...ભાગ્ય૦
કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ;
ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ. (૨)...ભાગ્ય૦
ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળ્યા રે મહારાજ;
નિષ્કુળાનંદનો ડંકો જીતનો, વાગી ગયો છે આજ. (૨)...ભાગ્ય૦

**રાગ ગરબી પદ ૧**

(લટકાળા તારે લટકે રે એ ઢાળ).

અમાસે ભાગ્ય અમારાં રે, પૂરણ આજ પ્રગટ થયાં;
સહજાનંદ મુજને મળિયા રે, સુખ મુખે નવ જાય કહ્યાં. ॥૧॥
એકમે અલબેલો રે, જીવન જોયા જુગતે કરી;
ત્રણ ભુવનમાં તમારી રે, હોડયે કોયે ન આવે હરી. ॥૨॥
બીજે મન ક્યાંય ન બેસે રે, મોહનજી વિના મારું;
હું તો રાત દિવસ રુદિયામાં રે, ધ્યાન ધરું છું તમારું. ॥૩॥
ત્રીજે તન ચિહ્ન તમારાં રે, ચિતવે છે ચિત વળી વળી;
મારા અંગમાં આનંદ આવે રે, નખશિખ શોભા નિહાળી. ॥૪॥
ચોથે ચરણ તમારાં રે, શોભે છે સોળે ચિહ્ને;
જેને અનેક જન આરાધે રે, સેવે છે સદા તેને. ॥૫॥
પાંચમે પગ અંગૂઠે રે, રેખા દિસે રૂપાળી;
પગ અંકિત લંકિત એવા રે, નિશદિન રહી છું નિહાળી. ॥૬॥
છઠ્ઠે જે છેલ છબીલા રે, પાવલિયા પાવન તારા;
ચિહ્ન ડાબા પગને ગોઠણે રે, શોભે છે ઊભય સારાં. ॥૭॥





સાતમે જીવન જોયા રે, દુન્દે વળ ત્રણે દીપે;
ઉરુ જોતાં આનન્દ આવે રે, કંઠે તિલ છે સમીપે. ॥૮॥
આઠમે અંગ અનુપમ રે, શોભે સુંદર કર કેવા;
પોચાની પાંચ આંગળીયે રે, નખ નીરખી જોયા જેવા. ॥૯॥
નોમે મુખ અબ્જ અધુર રે, રેખા દિસે રૂપાળી;
દીસે દાંત દાડમની કલિયું રે, રસનાએ વાણી રસાળી. ॥૧૦॥
દશમીએ દિલ ઠરે છે રે, તિલ જમણે ગાલે જોઈ;
નાસિકા નયણા નીરખી રે, મન મારું રહ્યું છે મોઈ. ॥૧૧॥
એકાદશીએ આનંદ આવે રે, ભ્રકુટી નલવટ નીરખીને;
ચિહ્ન જમણે ભાલે જોઈ રે, હઈડે રહી છું હરખીને. ॥૧૨॥
દ્વાદશીએ દીન દયાળ રે, ભૂદર છે ભીને વાને;
મેં તો જુગતે જીવન જોયા રે, દીઠો તિલ ડાબે કાને. ॥૧૩॥
તેરસે બરાસની રીતે રે, ચૈતન્ય ઘનમય મૂરતિ;
થયા નિર્ગુણ સગુણ રૂપ રે, નેતિ નેતિ જેને કે' શ્રુતિ. ॥૧૪॥
ચૌદશે સભર ભરિયા રે, પિંડ બ્રહ્માંડેં પૂરણ રહ્યા;
શેષ શારદા પાર ન પામે રે, તો એક મુખે કેમ જાય કહ્યાં. ॥૧૫॥
પૂનમના ઈન્દુ ઉગ્યા રે, સહજાનંદજી સોળ કળા;
નિષ્કુળાનંદના સ્વામી રે નીરખી સુખ પામી અબળા. ॥૧૬॥

**રાગ ગરબી પદ - ૧**

(કહેજો કાનાને કુબજાને વશ થઈને કેમ બેસી રહ્યા એ ઢાળ )

મારા પ્રાણજીવન, આવડલું અમ સાથે રે કહો કેમ કીધું;
પહેલાં પીયુષ પાઈ, વ્હાલમજી વાંસેથી વિખડું દીધું. ટેક.
વ્હાલા જેઠ માસે જીવન મારા રે, મેલી મંદિરને ચાલ્યા બા'રા રે;
કર્યા ઉપવન જઈ ઉતારા રે. મારા૦ ૧
જાણ્યું અખંડ ભેળાં રહેશું અમે રે, લેશું સુખ ઘણું સમે સમે રે;
ત્યાં તો તરછોડી ચાલ્યા તમે રે. મારા૦ ૨
વ્હાલા નેક નોધારાં નાખી અમનેરે, નોતું ઘટતું નાથ જાવા તમને રે;
નાખી અમપર વેળા વિખમને રે; મારા૦ ૩

વ્હાલા તમ વિના ધીરજ કેમ ધરીયે રે, વણ દીઠે વ્યાકુળ થઈ ફરીયે રે;
નાથ નિષ્કુળાનંદના આવું નવ કરીયે રે. મારા૦ ૪

પદ - ૨

વ્હાલા અષાઢે અમને અનાથ કરી રે, મેલી મહા દુઃખમાં હલ્યા હરિ રે;
આવું કષ્ટ કેમ શકશું જો તરી રે. મારા૦ ૧
વ્હાલા વરસાવો વરસશે વેરી રે, સમે સાંભળશો લાલમ લે'રી રે;
દેતાં દર્શન વસન સુંદર પહેરી રે. મારા૦ ૨
ચડી ચાખડીયે આવતા ચાલી રે, હરતા તાપ આપ દર્શન આલી રે.
વળી વાત કરતા વ્હાલી વ્હાલી રે. મારા૦ ૩
એહ વિસારે કેમ વિસરીયે રે, સુખ સંભારી નયણાં ભરીયે રે;
નાથ નિષ્કુળાનંદના આવું નવ કરીયે રે. મારા૦ ૪

પદ - ૩

વ્હાલા શ્રાવણે સાલેછે સુખડું રે મને મોંઘું થયું મહાસુખડું રે;
આવું દેવું નોતું અમને દુઃખડું રે. મારા૦ ૧
ના'તા નાથ જઈ નદીયે નીર રે, શ્યામ સુંદર શોભતા શરીર રે;
કરતાં દર્શન અમે બેસી તીરે રે. મારા૦ ૨
જળ ઉછાળતા સખા સાથ રે, નીર નાંખતા એક એક માથે રે;
ન્હાતાં જળમાં ઝાલી લેતા હાથે રે. મારા૦ ૩
સાલે એંધાણે એ ફરી ફરીયે રે, વ્હાલા વિજોગે વિલખી મરીયે રે;
નાથ નિષ્કુળાનંદના આવું નવ કરીયે રે. મારા૦ ૪

પદ - ૪

વ્હાલા ભાદરવે બહુ ભાત્યતણા રે, જમતા શાક પાક સુંદર ઘણાં રે;
દેતા પ્રસાદી જાણી જન આપણાં રે. મારા૦ ૧
હવે એ પ્રસાદી ક્યાંથી મળે રે, એવું સંભારતાં અંતર બળે રે;
થયું મુખ અભાગીયું આંણી પળે રે. મારા૦ ૨
ગઈ વાત હાથથી ન આવે હવે રે, એવું વિચારતાં કાળજ્ય કવેરે;
પડી વાત જઈ જનમ નવેરે. મારા૦ ૩
બળે અંતર નિરંતર કેમ ઠરીયે રે, એહ કષ્ટ અમારૂં આવી હરીયે રે;
નાથ નિષ્કુળાનંદના આવું નવ કરીયે રે. મારા૦ ૪





પદ - ૫

વ્હાલા આસુ માસે આનંદકારી રે, વાત સાંભરે છે વણસંભારી રે;
હીરો હાથ થકી હું બેઠી હારી રે. મારા૦ ૧
દેખી દીપમાળા ઝાળ થાશે રે, ખાલી મદિરીયે કેમ ખમાસે રે;
જોઈ જીવલડો મારો જાશે રે મારા૦ ૨
કેને જમાડીશ અન્નકૂટ કરી રે, જાતા રહ્યા જમનારા તમે હરી રે;
ખાધી ખોટ મોટી એ અમે ખરી રે. મારા૦ ૩
દઈ સુખ અમને દોવટે રે, આજ ઉતારીયાં દુઃખને તટે રે;
નાથ નિષ્કુળાનંદના આવું નવ ઘટે રે. મારા૦ ૪

પદ - ૬

વ્હાલા કાર્તક માસે કેમ કરૂં રે, ગયું સુખ સર્વે દુઃખ આવ્યું નરૂં રે;
એનું કેમ કરી લઈશ હું શરૂરે. મારા૦ ૧
ભાગ્યું મહાસાગરમધ્યે ઝાજ રે, મારે ગ્રહ્યો આથમીયો આજ રે;
રહ્યા પ્રાણ મારાં તે કોણ કાજ રે. મારા૦ ૨
પડ્યું નહિ વજ્ર કેમ વિજળી રે, થાત ચુરણ કે હું જાત બળી રે;
આવું દુઃખ નવ દેખત વળી રે. મારા૦ ૩
લખ્યું હતું અમારે લલાટે રે, તમે ન મટાડ્યું તે કેમ મટે રે;
નાથ નિષ્કુળાનંદના આવું નવ ઘટે રે. મારા૦ ૪

પદ - ૭

વ્હાલા માગસરે મહાદુઃખમાંઈ રે, મેલી ગયા છો અમને આંઈ રે;
તેના કરો નહિ વિચાર કાંઈ રે. મારા૦ ૧
વ્હાલા અડવું કરી ગયા આંગણિયું રે, દેતા દયા કરીને દર્શણીયું રે;
થઈ આંખ્યું હવે આ અભાગણિયું રે. મારા૦ ૨
હારી બેઢા મુડી હવે હાથથકી રે, ખોઈ ખરી મીરાથ્ય પૂરણ પકી રે;
હવે મરશું અમે એ સુખને સકી રે. મારા૦ ૩
જ્યારે દુઃખનો દરિયો ઉલટે રે, ત્યારે કોઈનો હટાડ્યો કેમ હટે રે;
નાથ નિષ્કુળાનંદના આવું નવ ઘટે રે. મારા૦ ૪

### પદ - ૮

વ્હાલા પોષ માસે પંડ્ય પર જળીયું રે, મારૂં ચિતવતાં ચિત્તડું ચળીયું રે;
જોજો પાપ પૂરવનું આવી મળીયું રે. મારા૦ ૧
કરતાં શાક સુંદર તે સાંભરીયાં રે, ઘણે હવેજે ઘીયે ભરીયાં રે;
જમી જમાડ્યાં જાયે નહિ વિસરીમાં રે. મારા૦ ૨
શીત ઋતુમાંઇ સુંતર આપે રે, તમે તાપતા સુખડ તાપે રે;
એહ સમો સંભારતાં કાળજ્ય કાપે રે. મારા૦ ૩
એવું સંભારતાં સુખડું વટે રે, અંગો અંગમાંઇ દુઃખ ઉલટે રે;
નાથ નિષ્કુલાનંદના આવું નવ ઘટે રે. મારા૦ ૪

### પદ - ૯

વ્હાલા માઘ માસે મારે કેમ થાશે રે, જ્યારે જન મળી વસંત ગાશે રે;
ત્યારે તમ વિના કેમ રહેવાશે રે. મારા૦ ૧
પહેરી વસંતી વસન અંગે રે, ઉડાડતા ગુલા ઉછરંગે રે;
રમતા રાજી થઈ સખા સંગે રે. મારા૦ ૨
એહ લટક ખટકશે ઉરવિષે રે, ત્યારે સુખ શરીરે કેમ આવશે રે.
દુઃખ અણતોળ્યું અતિ આવશે રે. મારા૦ ૩
હતી શ્રીહરિ તમ સાથે હેડી રે, તે તો તરત નાખી તેમ ફેડી રે;
હવે નિષ્કુળાનંદ કહે લ્યો તેડી રે. મારા૦ ૪

### પદ - ૧૦

વ્હાલા ફાગણ મારે ફરશું ઘેલા રે, સુખ સાંભરશે જે દીધાં પે'લા રે;
આજ રહ્યાં અભાગીયાં એકિલાં રે. મારા૦ ૧
ભરી પિચકારી રસિયા રંગે રે, આવી નાખતા અમારે અંગે રે;
કહું વાત એવી હું કયાં લગે રે. મારા૦ ૨
એવાં સુખ હું શાંશાં કહું વરણી રે, પામી દુઃખ એવી કરી કરણી રે;
કેમ વેર નથી દેતી ધરણી રે. મારા૦ ૩
વ્હાલા નાખી ગયાછો નક્કી બેડી રે, તે તો ઉખેડે નહિ કેની ઉખડી રે;
હવે નિષ્કુલાનંદ કહે લ્યો તેડી રે. મારા૦ ૪





### પદ - ૧૧

વ્હાલા ચૈત્ર માસે ચિંતવું છું ચિત્તે રે, રહ્યો દેહ મારો તે કોણ રીતે રે;
પાપી પડ્યો નહિ કેમ પ્રીતે રે. મારા૦ ૧
કોઈ કઠણ કરમનો થર આવ્યો રે, વ્હાલ મારા તમે નવ મટાવ્યો રે;
છેલીવાર અમે ભોગવાવ્યો રે. મારા૦ ૨
અમે જીવું છઉં સા સુખ સારૂં રે, નથી દરસ પરસ તમારૂં રે;
અમથું રહ્યું અભાગિયું તન મારૂં રે. મારા૦ ૩
નાવ્યો કાગળ અભાગિયા યેડી રે, તેમ અવધિ પણ નાવિ નેડી રે;
હવે નિષ્કુળાનંદ કહે લ્યો તેડી રે. મારા૦ ૪

### પદ - ૧૨

વ્હાલા વૈશાખે વસમું લાગે છે રે, જોને સભાગિયા તન ત્યાગે રે;
મારી વેળાયે મોત કેમ ભાગે છે રે. મારા૦ ૧
સર્વે હારી બેઠાં છૈયે સુખડું રે, કેડે રહ્યું છે કેવડ દુઃખડું રે;
માટે માગું છું મરવું હુંકડું રે. મારા૦ ૨
હવે જેજે પદાર્થ જાંખી જોશું રે, ત્યાં ત્યાં સાંભરશો ને અમે રોશું રે.
એમે જંખી જંખી જીવત ખોશુંરે. મારા૦ ૩
વ્હાલા અમ ઉપર દુઃખડાં રેડી રે, તમે ગયા છો ખરા ખેડી રે,
હવે નિષ્કુળાનંદ કહે લ્યો તેડી રે. મારા૦ ૪

### રાગ ગરબી પદ - ૧

(આંગણિએ ઝાઝું શું ભણીયે એ ઢાળ)

આવો મલીયે દુઃખડાં દળીયે, અલબેલાજી આવો મળીયે; ટેક.
દર્શન દૈયે દૂર ન રહીયે, આવો ફુલાણા મારે ફળીયે. અલ૦ ૧
સોકડલીનું સાલ ટળ્યું છે, કોણ ચીંધે હવે આંગળીયે. અલ૦ ૨
છોગાં મેલી હવે આવો છોગાળા, કોઇના ખાળ્યા નવ ખળીયે. અલ૦ ૩
નિષ્કુલાનંદના નાથ પીયારા, અમપર અઢળક ઢળીયે. અલ૦ ૪

### પદ - ૨

પ્રીત જડી નહિ મેલું ઘડી, તમ સાથે વ્હાલા પ્રીત જડી; ટેક.
દુરીજનીયાં છોને દાજીને મરતાં, શું કરશે ઘણું ઘણું નડી. તમ૦ ૧

કુળ કુટુંબનું કેણ ન માન્યું, લોકડીયાં છોને મરે લડી. તમ૦ ૨
માથાને સાટે મેલું નહિ માવા, એવી આંટી ઉરમાંયે પડી. તમ૦ ૩
નિષ્કુળાનંદના નાથ તમારી, લાગી છે મુજને લાલચડી. તમ૦ ૪

પદ - ૩

બાંધ્યું બેલું હવે નહિ મેલું, તમ સાથે મારે બાંધ્યું બેલું; ટેક.
શીરને સાટે મેં સાબિત કીધું, તોયે સોંઘું મેંતો માન્યું રહેલું. તમ૦ ૧
અલભ્ય લાભ મેં આજથી લીધો, ખોટ ખાધી જે ન જાણ્યું પે'લું. તમ૦ ૨
નટવર નાથજી સાથે તમારે, લાજ તજી હવે આજ ખેલું. તમ૦ ૩
નિષ્કુળાનંદના નાથ તમારૂં, રૂપ અનુપમ રૂદે રહેલું. તમ૦ ૪

પદ - ૪

મુખ જોઈ મન રહ્યું મોઈ, મોહનજી તારૂં મુખ જોઈ; ટેક.
અવર પુરૂષની આશા તજી છે, તમ વિના નવ ગમે કોઈ. મો૦ ૧
મીઠડા બોલાજી મુરતિ તારી, પ્યારા મેં ચિત્તમાં લીધી પ્રોઈ. મો૦ ૨
કમળ નેણ કંકોળેલ વ્હાલા, હેતે ભર્યાં અતી દીસે દોઈ. મો૦ ૩
નિષ્કુળાનંદના નાથ તમારૂં, રૂપ જોઈ દીલદાઝય ખોઈ. મો૦ ૪

રાગ ધોળ પદ - ૧

આજ આવ્યો આનંદ અંગ, ઉમંગ ઉરે અતિ;
અતિ મળ્યો મોટો સત્સંગ, રંગે રંગાણી મતિ. ૧
મતિમાંય મેં કર્યો વિચાર, પાર સંસાર લેવા;
લેવા સુખ સમાગમ સાર, નથી કોયે સંત જેવા. ૨
જેવા લખ્યા આગમે એધાંણ, તેવા સાચા સંત મળ્યા;
મળ્યા જેથી પ્રગટ પ્રમાણ, પ્રભુજી અઢળ ઢળ્યા. ૩
ઢળ્યા જીતના પાસા પુનિત, ચિત્ત તીયાં ચોટ્યું સહી;
સહિ નિષ્કુળાનંદ કે રીત, પ્રીત મારી તેશું થઈ. ૪

પદ - ૨

થઈ જીત મારી જગમાંય, સ્હાય શ્રીહરિયે કરી;
કરી કૃપા તે કહી નવ જાય, ફેરો ન રાખ્યો ફરી. ૧
ફરી નોય ત્રાસ ગર્ભવાસ, દાસ જાણી આણી દયા;
દયાસિંધુ આપે અવિનાશ, દાસ પાસ વાસે રહ્યા. ૨





રહ્યા નહિ સંશય કોય શોક, પ્રગટ પ્રભુને પામી;
પામી વૃત્તિ આનંદ અલોક, કહો કાંઇ રહી ખામી. ૩
ખામી વામી ને થઈ છે ખાટ, સુખ મુખે નાવે કહ્યું;
કહ્યું નિષ્કુળાનંદ તે માટ, કાજ આજ સારું થયું. ૪

પદ - ૩

થયું મન ગમતું મારે આજ, લાજ લાખેણી રહી;
રહી વૃત્તિ ફરતી કાંઇ કાજ, સુખ તે તો પામી સહી. ૧
શી કહીયે આ સમયની વાત, આ લાભ છે જો અતી;
અતી પ્રાપ્તિ મોટી વિખ્યાત, પામ્યા તે પરમ ગતી. ૨
ગતિ હતી જગમાં સુખસાથ, નાથે તે નિવારી દીધી;
દીધી બુડતાં બાંહ્યગ્રહી હાથ, વાત એહ વળી કીધી. ૩
કીધી કરુણા તે કહી નવ જાય, થાપ ન થાય તેહ;
તેહ નિષ્કુળાનંદ નિત્ય ગાય, ઉરે સંભાળી એહ. ૪

પદ - ૪

એહ સુખને કોઈ સમાન, નાવે બીજું જોડે જોતાં;
જોતાં સુર નર નાગ નિદાન, સુખ નવ સુણ્યું સુતાં. ૧
સુતાં જોઈને પામીયે સુખ, વિમુખ હરિથી થઈ;
થઈ રહીયે શ્યામ સન્મુખ, સદા સત્સંગે રઈ. ૨
રહી આજ મોર્યે જેની લાજ, સાચા હરિ સંત મળે;
મળે સુંદર એવો સમાજ, પાપ તાપ તરત ટળે. ૩
ટળે ત્યારે સર્વે ફંદ, જયારે હરિ મળે આપે;
આપે નિષ્કુળાનંદ આનંદ, કષ્ટ બીજાં સર્વે કાપે. ૪

પદ - ૧

(જોને વિચારી તારા જીવમાં હો પ્રાણીયા એ ઢાળ)

વાલમ જોઉં છું તારી વાટડી મોહનજી,
આવો ઓરા જો અલબેલ રે કેસરિયા કુંવર;
મનડું ઇચ્છે છે જોવા મુખને મોહનજી.
ચરણમાં પહેરી રૂડી ચાખડી, મોહ૦ આવો મ કરો વાલા વેળ રે. કેસ૦ ૧

મનોહર આવજો મલપતા, મોહ૦ લટકાળા લટકંતા લાલ રે. કેસ૦ ૨
પહેરી પછેડી રૂડી ઉજળી, મોહ૦ હલાવતા હાથમાં રૂમાલ રે. કેસ૦ ૩
ભોજન કર્યાં છે મેં તો ભાવતાં, મોહ૦ જુગતે જમીયે ઘનશ્યામ રે. કેસ૦ ૪
નિષ્કુળાનંદના હો નાથ છો, મોહ૦ પુરો હરિ હઇડાની હામ રે. કેસ૦ ૫

### પદ - ૨

હેતે ભરી કરીએ વાતડી જીવનજી,
સનમુખ બેસી દેવ સુખ રે સલુણા શ્યામ;
નયણાં ઠરે છે તમને નિરખી જીવનજી.
સાંભળીશ સરવે કામ તજી, જીવ૦ જે જે કહેશો મનોહર મુખ રે. સલુ૦ ૧
વાત તમારી સારી સાંભલી, જીવ૦ ધારી રાખીશ ઉરમાંય રે. સલુ૦ ૨
વાલપનાં વેણ દેણ સુખનાં, જીવ૦ સુણે કાસળ રહે નહિ કાંય રે. સલુ૦ ૩
વાલ વાધે છે વાલા વાતથી, જીવ૦ હેયે ઉપજાવે વળી હેત રે. સલુ૦ ૪
નિષ્કુળાનંદના હો નાથ છો, જીવ૦ કહેજો મીઠા બોલો મારા મિત રે. સલુ૦ ૫

### પદ - ૩

ભાવ ઘણો છે મારે ભીતરે ભૂધરજી,
તમને મળવા તલપે છે તન રે કોડીલા વાલા;
આવીને ભેટિયે ભરી ભાવશું ભૂધરજી.
હેત આવે છે અતિ હઇડે, ભૂધ૦ આવો અંગે મળીયે મોહન રે. કોડી૦ ૧
હેતનું મળવું હરે તાપને, ભૂધ૦ આપે વળી અંગમાં આનંદ રે. કોડી૦ ૨
હઇડું ઠરી થાયે જો હેમાદરી, ભૂધ૦ તમને મળ્યે કરૂણાના કંદ રે. કોડી૦ ૩
ઘણી હોંશ થાય છે હઇડે, ભૂધ૦ અંગોઅંગ લેવાને આલિંગન રે. કોડી૦ ૪
વાલા નિષ્કુળાનંદની સુણો વિનતિ, ભૂધ૦ મળી મને કરીયે મગન રે. કોડી૦ ૫

### પદ - ૪

કર જોડી કરૂં છું હું વિનતિ પ્રીતમજી,
સાંભળજો તમે ઘનશ્યામ રે શ્યામળીયા સેણ;
સાચેરા સગા છો મારા પ્રાણના પ્રીતમજી.
તમે આગે અમને સુખ આપિયાં, પ્રીત૦ તે તો સાંભરે જીવમાં આઠુ જામ રે. શ્યામ.
સમે સમે આપ્યાં સારાં સુખને, પ્રીત૦ લાડિલાજી લડાવિયાં લાડ રે. શ્યામ.





અણતોળ્યાં આપ્યાં સુખ આગળે, પ્રીત૦ આજ એ વાતની થઇ ગઇ આડ રે. શ્યામ.
એહ સારૂં પોકારૂં હું પેર્યે પેર્યે, પ્રીત૦ સુણી વાલા કરજો વહેલી સાર રે. શ્યામ.
નિષ્કુલાનંદના તમે નાથ છો, પ્રીત૦ અલબેલા અમારા આધાર રે. શ્યામ.

### રાગ - પરજ પદ - ૧

(મોહન મો'લે પધારો, રંગભીનારે એ ઢાળ).
તારી મીટે રે મોહન, મન હરિયાં રે; તારી૦
મન હરિયાં રે, જાણું જાદુ કહીયાં રે. તારી૦ ટેક.
મીટડી તમારી વારી, કામણગારી રે વાલા;
નજરે ચઢ્યા તે નવ ઉગરિયાં રે. તારી૦ ૧
વાંકે વદને જોઇ, પ્રાણ લ્યો પરોઇ રે વાલા;
નયણનાં બાણ ઘટમાં ગરિયાં રે. તારી૦ ૨
ઘાયલ થઇ રે, હું તો ન શકું રઇ રે વાલા;
રોઇ રોઇ રે આંખ્યે આંસુ ઝરિયાં રે. તારી૦ ૩
નિષ્કુળાનંદના સ્વામી, અંતર જામી રે વાલા,
તમને જોઇને મારાં નયણાં ઠરિયાં રે. તારી૦ ૪

### પદ - ૨

તારી વતે રે વાલમ વશ કરી રે,તારી૦
વશ કરી રે લીધા પ્રાણજ હરી રે, તારી૦ ટેક.
વાત કોયે જો રીતે, કરો છો પ્રીતિ રે વાલા;
તે તો મારા ચિત્તડામાં ખુતી ખરી રે. તારી૦ ૧
વાત તમારી સારી, સદા સુખકારી રે વાલા;
વળી વળી સુણુ જાણું શ્રવણ ધરી રે. તારી૦ ૨
સુણી એ વાતો અમે, નથી રહેવાતું રે વાલા;
જાણું ભેટું રે આવી ભાવ ભરી રે. તારી૦ ૩
નિષ્કુળાનંદના પ્યારા, સનેહી મારા રે વાલા;
હેતની વાતો હવે કરજો હરિ રે. તારી૦ ૪

પદ - ૩

તારે સંગે રે, મોહન મન મળિયું રે, તારે૦
મન મળિયું રે, ખાળ્યું નવ ખળિયું રે. તારે૦ ટેક.
સુંદર સારૂં છે, રૂપ તમારૂં રે વાલા;
જોઈને ચિત્ત એણે ઢાળે ઢળિયું રે. તારે૦ ૧
સોળ કળારે શોભા, જોઈ મન મોહીરે વાલા;
ચિતવતાં રે ચિત્ત લાગ્યું ગળિયું રે. તારે૦ ૨
અનેક દિવસનું રે જે, દુઃખ હતું રે વાલા;
મુખ જોઈને તે તો તર્ત ટળિયું રે. તારે૦ ૩
નિષ્કુળાનંદના સ્વામી, જોઈ સુખ પામી રે વાલા;
ભાગ્ય ભલેરૂં મારૂં આજ વળિયું રે. તારે૦ ૪

પદ - ૪

તમ દીઠે રે દીલડાની દાઝ ટળે છે; તમ૦
દાઝ ટળે છે સુખ શાંતિ વળે છે. તમ૦ ટેક.
રૂપ અનુપમ સારૂં, જોઈને તમારૂં રે વાલા;
દુઃખના દિવસ મારા દૂર પળે છે રે. તમ૦ ૧
છબી તમારી પ્યારી, જોઈને હું વારીરે વાલા;
આલિંગન લેવા તન ટળવળે છે. તમ૦ ૨
ભાવે આવીને ભેટો, દુઃખડાં સમેટો રે વાલા;
વણ મળે રે અંગે આગ્ય ઝળે છે. તારે૦ ૩
નિષ્કુળાનંદના નાથ, જોડી કહું હાથ રે વાલા;
મનડું તો મારૂં તમ સાથે મળે છે. તારે૦ ૪

રાગ - ગરબી પદ - ૧

(રંગીલા રંગડાને ચટકે રે, કે મારૂં મન લીધું છે લટકે રે. એ ઢાળ)

વાત મેં તો વિચારી મને રે, વાલો મને મળીયા સ્વપને રે;
એનું નોતું અમપાસે કાંયે રે, જેણે કરી હરિ પરસન થાયે રે. ૧
મળિયા મેર્ય મોટી આણી રે, પાળો હરિ પોતાના જાણી રે;
અહો વાત આશ્ચર્ય જેવી રે, આવી પળ ઓળખી લેવી રે. ૨





ક્યાં હરિ અખિલ ભુવન પતિ રે, ક્યાં મુજ ગરીબ તણી ગતિ રે;
આજ સમો મળીયો છે સારો રે, આવ્યો તકે અવતાર મારો રે. ૩
મળવું મોંઘું છે મારે રે, ન મળે શત શિરને સાટે રે;
તે હરિ હેત કરી મળિયા રે, અઢળ અમ ઉપર ઢળિયા રે. ૪
કાઢી મને અંધધંધથી લીધી રે, ઓળખાણ પોતાની દીધી રે;
કરી વહાલે વા'લપની વાતું રે, ભાગી તેણે ભવ તણી ભ્રાંતુ રે. ૫
માન્યું ભાગ્ય માટું મન સઈ રે, પ્રીત મારી પરબ્રહ્મ શું થઈ રે;
નથી કાંઈ વાત સરખી વાત રે, નિષ્કુળાનંદના મળ્યા નાથ રે. ૬

પદ - ૨

મળ્યા મને મેર્ય કરી માવા રે, નથી અમે ઓસિંગલ થાવ રે;
કર્યો ગુણ કોટ ઘણો અમને રે, નથી કાંઈ અમે દેવા તમને રે. ૧
તન મન ધન તમને દૈયે રે, તોણે શું જો ઓસિંગલ થૈયે રે;
ગણી મને ઘરતણી ગોલી રે, તેણે મારા મનમાં રહી ફુલી રે. ૨
કરે કોણ તમ વિના સા'યે રે, સ્વારથ નોતો કાંઈ મુજમાંયે રે;
પરમાર્થી એક તમે પોતે રે, નથી બીજો ન મળે ગોતે રે. ૩
દયાળું એક તમે દેવા રે, નથી બીજો અન્ય કોઈ કેવા રે;
મોટપણે એક તમે મોટા રે, બીજા સહુ અજ આદ્યે છોટા રે. ૪
કૃપાળુ એક તમે કહાવ્યા રે, કૃપા કરી આજ હરિ આવ્યા રે;
સુખદાયિ એક અંતરજામી રે, નિષ્કુળાનંદ તણા સ્વામી રે. ૫

પદ - ૩

પ્રીત રીત જોઈને કીજે રે, કીજે તો નિભાવી લીજે રે;
હતા હરિ જાણતાં અમને રે, નોતાં કાંઈ અગમ અમે તમને રે. ૧
ઘડી ઘડી પળ પળની ઘાત રે, નથી કાંયે અજાણી નાથ રે.
જાણી જોઈને જે કરીયે રે, તેનો કરે ધોખો શો ધરીયે રે. ૨
હવે તો થઈ તે થઈ રે, બાંહ્યો હરિ ગ્રહી તે ગ્રહી રે,
મુકતાં લાજ લાગે તમને રે, તજતાં જાગ્ય નહિ અમને રે. ૩
અમે તમે એમ મળી કરીયે રે, બોલ્યું તે પાછું ન ફરીયે રે;
તન મન દન આપ્યું તમને રે, તમે કર્યા પોતાના અમને રે. ૪

જાણી પ્રભુ પોતાનાં પળું રે, દયા હવે કરજો દયાળુ રે;
દયા કરી દરશન દીજે રે, મુખ જોઈ સુખ અમે લીજે રે. ૫
તમને જેહ કે'વું તે ખોટું રે, કહ્યા વિના દુઃખ રહે મોટું રે;
નિષ્કુળાનંદ કહે નાથ રે, સુંણજો ગરીબતણી ગાથ રે. ૬

**પદ - ૪**

આજ મને મોહનજી મળીયા રે, અમ પર અઢળક ઢળીયા રે;
દયાળુ દયા ઘણી કીધી રે, બુડતાં બાંહ્ય ગ્રહી લીધી રે. ૧
મળીયા અણઆશે અમે રે, તેનો શિયે ગુણ કરૂં તમને રે;
નથી કાંઈ આપવા અમ પાસ રે, દૂરબળ એમ ભાખ્યું દાસ રે. ૨
મોટા મન મોટાઈ આણી રે, આવ્યા હરિ અધમ મને જાણી રે;
ન મળો કોટિ ઉપાયે કોઈ રે, મળો તમે બિરૂદ સામું જોઈ રે. ૩
પારસમણિ પૈસે કેમ પામે રે, જેમાં દ્રવ્ય સર્વ મળી સામે રે;
ચિંતામણી મૂલ્ય વડે ન મળે રે, ચિંતા જેને ચિતવતાં ટળે રે. ૪
ચંદન નિપજે નહિ વાહાવે રે, મેહુલાતો મૂલ્ય વિના આવે રે;
રવિ જેમ રજની નશાવે રે, એટલાં તો અણઈચ્છયાં આવે રા. ૫
તેમ હરિ મળિયા છો તમે રે, વિચારી તે જોયું જો અમે રે;
ધન્ય ધન્ય એમ ઘટે આજ રે, નિષ્કુળાનંદતણા રોજ રે. ૬

**રાગ : ગરબી પદ - ૧**

(ચાલ સખી જોવાને રે જઈએ, એ ઢાળ)

સાંભળને સાહેલી રે મારી, વર્ણવી કહું એક વાત રે;
મનમોહન મંદિરીયે રે મારે, આજ આવ્યા અર્ધ રાત રે. ૧
આવીને એણે મુને જગાવી, કહ્યું કમાડ ઉઘાડ રે;
શું કરું હું શણગાર ઉતારી, સુતીતી વાસી કમાડ રે. ૨
પછી ઉત્તર પર ઉત્તર આપી, સજવા લાગી શણગાર રે;
ભુલ્યા છો ભવન ભોળા હૈયાના, જાઓ કર્યો જ્યાં કરાર રે. ૩
એણે કહ્યું નથી ભુલ્યો ભામિની, આવ્યો રમવા તું સાથ રે;
જાણતી કેમ નથી જુવતી હું, નિષ્કુળાનંદનો નાથ રે. ૪





**પદ - ૨**

તૈયે એને મેં એમ જ કહ્યું, નાથ ન કરે અનીતિ રે;
રાખ ભુંસી રડવડવું જે રાતે, કહો કયાંની એ રીતિ રે. ૧
એણે કહ્યું હું મુગટ ધારી, મોટા નમે છે મુને રે;
કાંરે નથી તું જાણતી રાધા, શું રે થયું સખી તુંને રે. ૨
મેં કહ્યું મુગટ ધારી મોટા રાજા, પ્રજાને પાળે પ્રીતે રે;
ભુલ્યે પણ કેને ભવન ન આવે, રહે પોતાની રીતે રે. ૩
એણે કહ્યું હું મોરલીવાળો, મોરલી મારે હાથ રે;
મીઠી વાઈને મન હરું છું, નિષ્કુળાનંદનો નાથ રે. ૪

**પદ - ૩**

મેં કહ્યું મોરલી વાયે વાદીડા, ઝાલે ભોયંગ ભર્યા ઝેરે રે;
દિવસે આવે સર્પ દેખાવે, રાતે નાવે કેને ઘેર રે. ૧
એણે કહ્યું હું ગિરીવરધારી, ધાર્યો મેં ગોવરધન રે;
વ્રજમાં સહુ વાત જાણે છે, નરનારી જે જન રે. ૨
મેં કહ્યું ગિરિ ધર્યો હનુમાને, કર્યા રામજીનાં કાજ રે;
સદા રહે શિયારામજી સંગે, ઈયાં ન આવે એ આજ રે. ૩
એણે કહ્યું હું શંખ જ ધારી, સુંદર શંખ છે હાથ રે;
શબ્દ સુંણાવી આનંદ આપું છું, નિષ્કુળાનંદનો નાથ રે. ૪

**પદ - ૪**

મેં કહ્યું શંખધારી હોય સિદ્ધ, વસે તે વનને માંહ્ય રે;
અર્ધ રાત્રે આસનથી રે ઉઠી, આવે નહિ એ આંય રે. ૧
એણે કહ્યું હું ચક્ર ધારી, ફરે છે ચક્ર મારું રે;
દાસ મારાને દુઃખ દિયે, તેને હું તરત સંહારું રે. ૨
મેં કહ્યું ચક્રધારી પ્રજાપતિ, પાત્ર ઉતારે બહુ પેર રે;
જોસે તો આવશું જરૂર લેવા, હમણાં જાઓ તમે ઘેર રે. ૩
એણે કહ્યું ગદાધારી હું ગોરી, ગદાધર મારું નામ રે;
મોટા પાપીને પ્રહાર કરું હું, નિષ્કુળાનંદનો શ્યામ રે. ૪

પદ - ૫

મેં કહ્યું ગદાધારી મહા મોટો, ભીમે કર્યો ભારથ રે;
જોધા હોય ત્યાં યુદ્ધ કરો જઈ, ઈયાં નહિ સરે અર્થ રે. ૧
એણે કહ્યું હું પદ્મધારી, નથી બરાબર બીજો રે;
શોધી જો હવે મુજ સરીખો, કોઈ હોય તો કહેજો રે. ૨
વળતી હું તો રહી વિચારી, ઉત્તર ન મળ્યો એક રે;
પદ્મધારી કોઈ પુરુષ ન દીઠો, વિધવિધ કર્યો વિવેક રે. ૩
શણગાર પણ સજી રહી સર્વે, ઓછો ન રહ્યો અંગે રે;
નિષ્કુળાનંદના નાથને પછી, ઉઠી મળી ઉછરંગે રે. ૪

પદ - ૬

મોહન મુખ જોઈ દુઃખ ટળીયાં, વળીયાં અમારાં વાન રે;
સરવે પેર્યે સુખ પામી સાહેલી, થઈ રહી ગુલતાન રે. ૧
સામું જોઈ શ્યામળિયે વાલે, હેતે હસીને બોલાવી રે;
ભલો ઉત્તર તેં આપ્યો અમને, ડહાપણ દલનું લાવી રે. ૨
તૈયે કહ્યું મેં ન ઓળખ્યા તમને, રાજ મ કરશો રોષ રે;
અજાણમાં જે બોલીયાં અમે, તેનો નિવારજો દોષ રે. ૩
એમ સખી અલબેલાને સંગે, રંગે વિયાંણી રાત રે;
નિષ્કુળાનંદના નાથશું મળી, તેની કહી તુને વાત રે. ૪

રાગ : ગરબી પદ - ૧

સાંભળ સૈયર વાતડી રે, અલબેલાની એક;
ભજાવ્યો છે ભલી ભાતડી રે, ભૂધર ધરી ભેખ. ૧
માથે લટકે લટુરિયું રે, આવી પડે ગાલ;
ભસ્મ ચોળી કરી ભરિયું રે, લોચન કીધાં લાલ. ૨
ભલું બ્રાહ્મણીયું ભજાવવા રે, જનોઈ પહેરી જાણ;
મન રાધાનું રિઝાવવા રે, સિધ્ધ થયા સુજાણ રે. ૩
મોટો માણિગર મુંજનો રે, બાંધ્યો છે આડબંધ;
ગ્રહ્યો મતો જોગ ગુઝતો રે, મૃગછાલા છે કંધ. ૪
ભ્રખુભાણને સદને રે, જઈ બેઠા બળવાન;
નાથ નિષ્કુળાનંદને રે, ધર્યું ત્યાં જઈ ધ્યાન. ૫





પદ - ૨

ભ્રખુભાણ બહુ ભાવશું રે, પૂછે આણી પ્રેમ;
અમ આંગણિયે ઉછાવશું રે, કહોને આવ્યા કેમ. ૧
ભોજન માગોને ભાવતાં રે, મુખથકી મહારાજ;
લાગે નહિ વાર લાવતાં રે, આણી આપું આજ. ૨
શાક પાક સોયામણાં રે, તળેલાં ને તૈયાર;
હાજર કરું આણી હમણાં રે, વળી ન લાગે વાર. ૩
આપું અમલ ભાંગ્ય આકરી રે, લેતાં આવે લહેર;
કરું ચોંપે કરી ચાકરી રે, પ્રેમે શું બહુ પેર. ૪
આજ દિન આનંદનો રે, કહે છે ભ્રખુભાણ;
નાથ નિષ્કુળાનંદનો રે, વળતા બોલ્યા વાણ. ૫

પદ - ૩

વળતા બોલ્યા બાવલીયો રે, વસું અમે વન;
વેં'તો પિયે વાયોલિયો રે, ભાવે નહિ ભોજન. ૧
જડીબુટી જંગલમાં રે, ખોદી ખાયે કંદ;
આઠો પોર અમલમાં રે, અમારે આનંદ. ૨
આજ આવ્યું એવું મનમાં રે, આવ્યા તારે ઘેર;
વળી જાશું પાછા વનમાં રે, કરશું લીલા લેર. ૩
તારા બાળ ગોપાળને રે, લઈ લગાડો પાય;
જોઈ જગતના જંજાળને રે, જાશું જંગલમાંય. ૪
ઉઠ્યો ભર્યો આનંદનો રે, ભોળો ભ્રખુભાણ;
નાથ નિષ્કુળાનંદનો રે, જોગીડો સુજાણ. ૫

પદ - ૪

કલાવંતીને કાવિયું રે, આવ્યો છે એક સિધ્ધ;
એના મનમાં એમ આવીયું રે, રાજી દેવા રિધ્ધ. ૧
મોંઘી રાધાને મુકિયે રે, માગે ગમતું મુખ;
તક આવી તે ન ચુકિયે રે, સારું દેશે સુખ. ૨

પૂજા લઈ બહુ પેર્યની રે, ચાલી રાધા રાણ;
મોટા નજર કરો મેર્યની રે, ઉભી જોડી પાણ. ૩
ઝાંખી જોયું જોગીયે રે, રાધાજીનું રૂપ;
ભાળ્યું ભાલે જેમ ભોગીયે રે, સુંદરીનું સ્વરૂપ. ૪
હસી ફાંસે નાખી ફંદને રે, માર્યા મીટે બાણ;
નાથ નિષ્કુળાનંદને રે, પ્રોવી લીધા પ્રાણ. ૫

### પદ - ૫

જોઈ જોગીની જુક્તિ રે, રાધા થઈ રળિયાત;
અવળ આણી જાણી ઉક્તિ રે, વળતી પૂછી વાત. ૧
કહોને જોગી કયાંથી આવિયા રે, વસો છો કયાં વાસ;
સંગે સેવક નથી લાવિયા રે, આવા કેમ ઉદાસ. ૨
ગુરુ મળ્યા કોણ ગામના રે, કેણે ફુંકયો કાન;
ઉપદેશી મુકયા આમના રે, ખોટાં ધરવા ધ્યાન. ૩
નથી પતર ઝોળી પાવડી રે, નથી મુદ્રા છાપ;
ઘેરે રોતી હશે માવડી રે, ગોતતો હશે બાપ. ૪
નથી કહું કરી વંદના રે, ઝાઝા દિનો જોગ;
નાથ નિષ્કુળાનંદના રે, શીદ ભુલો છો ભોગ. ૫

### પદ - ૬

જારે ભુવન તારે ભામની રે, કહું ન લઈએ કેડ;
ઝાઝી કરીએ નહિ કામની રે, જોગીયોની છેડ. ૧
જોગી હોય કોઈ રીતમાં રે, ભજનમાં ભરપુર;
ચિટક કરી જાય ચિત્તમાં રે, થાયે ગાંડાતુર. ૨
એવું કહી નઈ કોઈને રે, લાગતાં લાવી વેણ;
હું તો રહ્યો છું જોઈને રે, નમણાં તારાં નેણ. ૩
લેને ભભુતની ચપટી રે, જોગી જાય છે વન;
વળતી રાધાએ વાત ડપટી રે, મલ્કાણી છે મન. ૪
આવી મલ્યા આનંદને રે, કરી લીલા લહેર;
નાથ નિષ્કુળાનંદને રે, રાધા મેલી ઘેર. ૫





### પદ - ૭

જોગી પોતા પાદરમાં રે, ત્યાંથી તાણી નાડચ;
રાધા ઘેલી થઈ ઘરમાં રે, રોઈને પાડી રાડ. ૧
પિંડ પૃથવિયે પડીયું રે, આસું વિના અંગ;
કોઈ કે ભજયું ચોઘડીયું રે, ભરખી કાં ભોયંગ. ૨
એક કહે ગોતો ગારડી રે, કાં તો શોધો સિધ્ધ;
આતો મરશે કુંવારડી રે, કરો કાંયેક વિધ્ધ. ૩
તેડી લાવોને તેહને રે, બાવો બેઠા બાર;
ખોળે બેસારો એહને રે, વહેલી કરે વાર. ૪
ભ્રખુભાણે કરી વંદના રે, જોગી લાવ્યા ઘેર;
નાથ નિષ્કુળાનંદના રે, અમને કરો મહેર. ૫

### પદ - ૮

જોગી જોઈને બોલિયા રે, નથી નાડી પ્રાણ;
લખ્યા લેખ આના ઉલિયા રે, શીદ ભુલો સુજાણ. ૧
કાંતો દાટો આ દેહને રે, કાંતો આલો આગ્ય;
શીદ રાખી રહ્યા એહને રે, તન કીધું છે ત્યાગ. ૨
એમ કરતાં આપો અમને રે, લઈએ એની ઘાત;
તે તો કેમ કહેવાય તમને રે, વણ ઘટતી વાત. ૩
ભ્રખુભાણને કાંઈક ભાવિયું રે, કાંઈક લાગ્યું દુઃખ;
પછી એમજ મનમાં આવિયું રે, ઘોળ્યું જોશું મુખ. ૪
વળતા બોલ્યા છે વદને રે, આપી તમને એહ;
નાથ નિષ્કુળાનંદના રે, તરત ઉઠાડી તેહ. ૫

### પદ - ૯

કરી ચરિત્ર કોડામણાં રે, ગયા ગોકુળ નાથ;
લીધાં જશોદાએ ભામણાં રે, ભીડ્યા રૂદા સાથ. ૧
કાના કયાં ચારી ગાવડી રે, કયાં પાયાં નીર;
બકી લઈને બોલ્યાં માવડી રે, વાલમ મારા વીર. ૨

ભૂધર ભોળા છો મનના રે, સમઝો નહિ સંસાર;
દિન આવશે જોબનના રે, જોશે નવલ નાર. ૩
કહો તો કુંવર કન્યા આણિયે રે, પરણો જીવન પ્રાણ;
તે તો જરુર જોશે જાણીયે રે, શ્યામળિયા સુજાણ. ૪
માતા કહે છે મુકુંદને રે, સાંભળો મારા સેણ;
નાથ નિષ્કુળાનંદના રે, વળતાં કહ્યાં વેણ. ૫

**પદ - ૧૦**

માતા વસુ અમે વનમાં રે, સમઝું નહિ સગાઈ;
જાણું નહિ જોબનમાં રે, કન્યાને પણ કાંઈ. ૧
નાર આવે છે નેસમાં રે, વાછરૂંનો કાળ;
કાઢી મુકશે કોઈ દેશમાં રે, ગાયોના ગોવાળ. ૨
રૂડા છે જો રખવાળિયા રે, બીવો માં લગાર;
ગાફલ નથી ગોવાળિયા રે, નહિ આવે નાર. ૩
જશોદાએ એમ જાણીયું રે, આ તો છે અજાણ;
પણ બીજું ન પરમાણિયું રે, ધૂત્યો ભ્રખુભાણ. ૪
વળતી બકી લીધી વદને રે, આને કહો કેમ;
નાથ નિષ્કુળાનંદને રે, ઉત્તર આપ્યો એમ. ૫

**પદ - ૧૧**

જાણી વરસાણે વાતડી રે, કહ્યું હતો કાન;
કરી આવ્યો એ ઘાતડી રે, નહિ જોગી નિદાન. ૧
ભઠયો ભ્રખુભાણ મનમાં રે, એ કેમ કરે એમ;
એ તો વસે છે વનમાં રે, કન્યા દેવાય કેમ. ૨
મુને ભોળવિયો ભેખમાં રે, ભુંશીને ભભુત;
ઓળખ્યો તો ઉર્ધ્વરેખમાં રે, નંદ મહરનો પુત. ૩
કેમ કરું બોલ્યો મુખડે રે, ઘીને બેઠી ગાળ;
દીકરીને નાખી દુઃખડે રે, વર મળ્યો ગોવાળ. ૪
હવે કો જશોદા નંદને રે, વિવાહ કરે વિધ્ધ;
નાથ નિષ્કુળાનંદનો રે, પરણાવે પરસિધ્ધ. ૫





**પદ - ૧૨**

જશોદાને જણાવિયું રે, નંદને કર્યું જાણ;
લગન લાલનું આવિયું રે, મેલ્યું ભ્રખુભાણ. ૧
મળી મંગળ ગાય છે રે, નંદતણે દરબાર;
આનંદ ઉત્સવ થાય છે રે, બાંધ્યાં તોરણ બાર. ૨
પરણાવ્યા પુરણ પ્રીતશું રે, જુગતે જીવન પ્રાણ;
દીધી દાત્યું રૂડી રીતશું રે, સુરને થયું જાણ. ૩
દેવે દુંદુભી વજાડિયાં રે, હુવો જે જે કાર;
જશોદાને પાયે લગાડીયાં રે, રૂડી રાધા નાર. ૪
ગતિ જોઈ ગોવિંદની રે, મનમાં મરકયાં માત;
નાથ નિષ્કુળાનંદની રે, સખીએ કહી વાત. ૫

**રાગ - મેવાડો પદ - ૧**

(અંતકાળે આવી રે સંભાળી લેજ્યો શ્યામળા રે એ રાગ)

અલબેલા આવો રે આજ અમ પાસળે રે,
પુરો પુરો પિયું અમારી રે આશ;
વદન તમારૂં રે વા'લા વિલોકયા વિના રે,
અંતર અમારૂં રહે છે ઉદાસ. અલ૦ ૧
આંણી આંણી આંખ્યે રે નાથ મુખ નિરખશું રે,
ત્યારે જાશે દલડાનું રે દુઃખ;
શ્રવણે સાંભળશું રે વાલીડાની વાતડી રે,
ત્યારે સર્વ અંગે થાશે રે સુખ. અલ૦ ૨
સનમુખ બેશી રે મહા સુખ મુખ નિરખશું રે,
ત્યારે મારૂં મન થાશે રે મુદિત;
લટકાંને જોશું રે લટકાળા લાલનાં રે,
ત્યારે સુખ થાશે અંતરે ઉદિત. અલ૦ ૩
મારાં નયણાં પિપાસિરે પિયાસુખ પેખવા રે,
નિરંતર અંતર રહે છે ઉદાસ;
નિષ્કુળાનંદના રે સ્વામીજી પધારજો રે,
દયા આણી જાણી પોતાના રે દાસ. અલ૦ ૪

પદ - ૨

વિસારો માં વા'લા રે અલબેલા અમને રે,
અમે છીએ હરિ તમારાં રે દાસ;
દરશન દેજો રે દયાળુ દયા કરી રે,
અમને છે એક તમારી રે આશ. વિસારો૦ ૧
વાંસળી વાઈને રે વિરહ ઉપજાવીયો રે,
રૂડી રીતે રમાડ્યાં હરિ રાસ;
પળે પળે પિયુ રે પ્રેમે શું પોષિયાં રે,
આજ કેમ થયા અમ'થી ઉદાસ. વિસારો૦ ૨
ભૂધર ભેટિને રે ભવ દુઃખ ભાગિયા રે,
સમે સમે આપિયાં ઘણાં રે સુખ;
હેત કહી હરિ રે અમેને જો હેળવ્યાં રે,
હવે કેમ કીધું મોંઘું રે મુખ. વિસારો૦ ૩
તમ વિના કહોને રે દિન કેમ કાઢીયે રે,
સુખ ઘણું સાલે છે જો શરીર;
નિષ્કુળાનંદના રે નાથ નિરખ્યા વિના રે,
કહોને કઇ પેર્યે ધરીયે રે ધીર. વિસારો૦ ૪

પદ - ૩

વ્રજના વાસીની રે વા'લા વા'ર કીજીયે રે,
લીજે લીજે શ્યામળિયાજી રે સાર;
દીજે દીજે દીજે રે દરશન દાનને રે,
કીજે કીજે વા'લા મનવિચાર. વ્રજના૦ ૧
બાળપણામાં યેરે બાંધી પિયા પ્રીતડી રે,
કરી કરી અંતર મનને રે એક;
અર્ધક્ષણ અમથી રે અળગા રહેતા નહિ રે,
અલબેલા આપિયાં સુખ અનેક. વ્રજના૦ ૨
શરીરમાં સાલે રે સનેહનાં સુખડાં રે,
સ્થળ સ્થળ પ્રત્યે મનોરથ થાય;





ઈહાં બેસી હરિ રે અમને બોલાવતા રે,
સંભારતાં હેત હૈયે ન સમાય. વ્રજના૦ ૩
પળે પળે પિયું રે પ્રેમે કરી પોષિયાં રે,
સંતોષિયાં શ્યામળિયે દઈ સુખ;
નિષ્કુળાનંદના રે નાથ નથી વિસર્યું રે,
દિન દિન વણ દીઠે દિલ દુઃખ. વ્રજના૦ ૪

પદ - ૪

વા'લા વિના વીતે રે ઘડી ઘણી વસમી રે,
આલોચન અંગમાયે રે ન માય;
પળે પળે દાઝે રે દુઃખે મારી દેહડી રે,
વાલો મળે વિજોગ ગ્રહની વિલાય. વાલા૦ ૧
દાવાનળ લાગ્યો રે ડુંગરિયા ડોલિયા રે,
કહોને કેમ કોગળે કરીને ઓલાય;
અમૃત એલીયેરે અલબેલા આવજો રે,
મુખ જોયે દુઃખ પળે પળમાંય. વાલા૦ ૨
પાવકની ઝાળે રે પંખી નવ પરજળે રે,
વીતે વનવેલને વસમી રે વાર;
આગમને વિના રે આવી બની એહને રે,
શ્યામઘન વિના કરે કોણ સાર. વાલા૦ ૩
પાન પરજળ્યાં રે ડાળ્યો લાગી દાઝવા રે,
હવે નથી રહેતું જો ધીરજ મન;
નિષ્કુળાનંદના રે પીયુજી પધારજો રે,
જો હોય જીવાડવાનું જીવન. વાલા૦ ૪

પદ - ૫

સારૂં કર્યું સ્વામી રે વાઈ ગયા વા'લમા રે,
વનિતાને વળગાડી વૃક્ષડાળ;
તરૂએ ટીંગાડી રે જાવું નો'તું જાદવા રે,
શ્યામળિયા આવી લીયોને સંભાળ. સારૂ૦ ૧

અવની આકાશ રે વચ્ચે રહી વનિતા રે,
રહી વિલખતી રોતી રાંક;
ધન્ય ધન્ય પ્રીત રે રીત મારા રોજની રે,
અલબેલ વાલા વળિયો છે આંક. સારૂ૦ ૨
એવા અવગુણ રે સામા જોશો શ્યામળા રે,
તો નથી નારી તણો કોઈ નોર;
તમારી કસોટી રે અલબેલા આકરી રે,
અબળાનો અંગે એવું નહિ જોર. સારૂ૦ ૩
અનાદિની એવી રે રીત નથી રાવતી રે,
દાવો આવો બાંધવો દીનનો રે સાથ;
બુમ બાનિની રે સાંભળો શ્યામળા રે,
કરો દયા નિષ્કુળાનંદના રે નાથ. સારૂ૦ ૪

**પદ - ૬**

દિલના દયાળુ રે દીનનો દયા કરો રે,
હરો હરો હરિ અમારી દાઝ;
તમ વિના નથી રે કોઈ ત્રણ લોકમાં રે,
સમર્થ સારવા અમારાં કાજ. દિલ૦ ૧
દિલડાની દાઝુ રે કહીએ કેની આગળે રે,
સુખદાયિ સુંણી સુંદર શ્યામ;
અરજી અમારી રે કૃપાળુ કાનો ધરો રે,
તમ વિના નથી ઠરવાનું ઠામ. દિલ૦ ૨
અમારે તો તમે રે અલબેલા એક છો રે,
સાચા જો સનોહી શ્યામ સુજાણ;
વસમી વેળાનારે વાંરૂ તમે વિઠ્ઠલારે,
છોજી મારા જીવના જીવન પ્રાણ. દિલ૦ ૩
વળી વળી વાલા રે વનિતાની વિનતી રે;
નિષ્કુળાનંદના સ્વામિજી શું કરૂ રે,
અમપર કરો નજર મારા નાથ. દિલ૦ ૪





**રાગ - આશાવરીની છાયા પદ - ૧**

(શું કરૂં રે રાણાજી હું શું કરૂં એ ઢાળ)

નહિ વરૂં રે સૈયર હું તો નહિ વરૂં, આ જગતના જીવનો હું નહિ વરૂં; ટેક.
એ અજર અમર રે નહિ સંસારી નર, એને વરતાં ભાગે અધવચ્ચ ઘર. તો હું૦ ૧
એ નાશવંત રે માથે ધણી શું ધારૂં,તેથી હું કુંવારાં સુધુજ સારૂ. તો હું૦ ૨
એ દો દિન સારૂં રે કોણ બેસરે ગાળ, રડાપાની કોણ રોપે વરમાળ. તો હું૦ ૩
જેનું એવા તન રે અધવય ઉતરે, એવા વરનો મારી બલાયે ન વરે. તો હું૦ ૪
એ ચાંદલીયો ચોડો રૂડો હરિનો ધરશું, નિષ્કુળાનંદના સ્વામિને વરશું તો હું૦ ૫

**પદ - ૨**

નહિ કરૂં રે સૈયર હું તો નહિ કરૂં, સગપણ સંસારી સાથ તો હું નહિ કરૂં. ટેક.
એ શ્વાન સૂકર ને ખર જેવા જે જીવ, એવા પાપિને નહિ કરીયે જો પિવ. તો હું૦ ૧
એ મનુષ્ય દેહનો કરે અમર વખાણ, તેનો કરે કોણ પર નો વેચાણ. હું૦ ૨
એ એવી શિખામણ રે મને કોયે મ દેજો, મારા હેતુ જો હો તો તમે સમજીને લેજો. તોહું૦ ૩
એ સગાં સંબંધી રે સહુ મર કરે જોર, પરાણ આપે તે નહિ ઠાઢો હું ઠોર. તો હું૦ ૪
નિષ્કુળાનંદનો નાથ કંથ કરીશ, જેનો સંગે ભવસિંધુ તરીશ. તો હું૦ ૫

**પદ - ૩**

નહિ ફરૂં રે સૈયર હું તો નહિ ફરૂં, ફેરા ફોગટિયાં સાથ તો હું નહિ ફરૂં, ટેક.
કુડિયાં સંગાથે કોણ જમે કંસાર, સ્વપનો ન ગમે મને સુખ સંસાર. તો હું૦ ૧
એ અવર વરનો રે બાઈ સોંપુ જો હાથ, તો રે લાજે મારો સમરથ નાથ. તો હું૦ ૨
એ ચોરીએ ન ચડુ રે બાઈ બીજા તેને સાથ, હું તો વેચાણી છઉં હરજી ને હાથ, તો હું૦ ૩
એ બીજા નર નેરે બાઈ નામુ જો શિશ, તો રે કહેજ્યો મને કુટલા હમેશ તો હું૦ ૪
એ મેં રે કર્યું છે મારૂં મારે મારે જો હાથ, વર વરી છું નિષ્કુળાનંદનો નાથ. તો હું૦ ૫

**પદ - ૪**

શું કરું રે સૈયર હું તો શું કરું, ખોટા સાથે સનેહ તો હું શું કરું, ટેક૦
એ છેલ છબીલો રે વાલો ભલે રે ભાવે, અવર પુરુષ દેખી ઉબકો આવે. તો હું ૦૧
એ સુખના સાગર રે વર નંદજીનો લાલ, બીજા પુરુષ તો દીઠા બેહાલ. તો હું ૦૨
એ જીવન જોતાં રે થાયે તાઢુંડુ તન, અવર પુરુષ દેખી લાગે અગન. તો હું ૦૩
એ મનડું માન્યુ રે મારું શ્યામળિયા સાથ, વાલો લાગે છે મને નટવર નાથ. તો હું ૦૪
નિષ્કુળાનંદના નાથ સાથે લોભાણી, બીજા પુરુષ દીઠા ધુડય ને ધાણી. તો હું ૦૫

**રાગ - પરજ પદ - ૧**

(છોગલું તારૂં છોગલું તારૂં છોગલું તારૂં એ ઢાળ)

વારણે જાઉં વારણે જાઉં વારણ જાઉં રે,
વા'લા તારે વારણે જાઉં, મનમાં મળવા ચાઉં રે. વાલા૦ ટેક.
આવો અલબેલા ઓરા કરૂં કોડ પુરા રે,
જીવન તમને જોઈ સુખણી થાઉં રે. વાલા૦ ૧
પ્રીતમ પ્યારા મારા સુંદર વર સારા રે,
ત્રિકમ તમને ભેટી તાપ ગમાઉં રે. વાલા૦ ૨
રૂપ જોઈને તારૂં ઈચ્છે મન મારૂં રે,
ભાવે હું તો જાણું ભૂધર ભેટવા ધાઉં રે, વાલા૦ ૩
નિષ્કુળાનંદના રાજ આવો ઓરા આજ રે,
પ્યારા પાડ માની વળી ગુણડા ગાઉં રે. વાલા૦ ૪

**પદ - ૨**

મુખડું જોવા મુખડું જોવા મુખડું જોવા રે,
મીઠા તારૂં મુખડું જોવા, દા'ડી ગઉં આવીશ દોવા રે, મીઠા૦ ટેક.
ઉઠી હું ભરી આશે આવું તમ પાસે રે,
વળી નહી રહુ વાલા મહી વલોવા રે. મીઠા૦ ૧
જોઉં હરી મુખ જૈયે થાઉં સુખી તૈયે રે,
નથી બીજો ઉપાય દુઃખ દિલનું ખોવા રે. મીઠા૦ ૨
મનડું મોહ્યું મારૂં જોવા રૂપ તારૂં રે,
ઠાલું કોણ આવશે હવે મુજને ઠોવા રે. મીઠા૦ ૩
નિષ્કુળાનંદના વાલા જોઉં નંદલાલા રે,
મોહન જીવન મારૂં મનડું મો'વા રે. મીઠા૦ ૪

**પદ - ૩**

આવજો ઓરા આવજો ઓરા આવજો ઓરા રે,
અમભણી આવજો ઓરા, કરૂં હું નાથજી નોરા રે. અમ૦ ટેક.
ચટકંતી ચાલી ચાલ આવો નંદલાલ રે,
પાઘડીના પેચમાં ફુલના તોરા રે. અમ૦ ૧





ફુલને હારે ફુલ્યા આવો ઝુલ્યા ઝુલ્યા રે.
જીવન જોઈને કરૂં કોડયુ પુરા રે. અમ૦ ૨
શણગાર સજી સારા આવો મારા પ્યારા રે,
સુંદર શોભતા અંગે ગોવિંદ ગોરા રે. અમ૦ ૩
નિષ્કુળાનંદના નાથ મારી છો મીરાંથ રે,
હૈયું હરિ તમને જોવા કરે હિસોરા રે. અમ૦ ૪

**પદ - ૪**

હેતની વાતુ હેતની વાતુ હેતની વાતુ રે,
આવી કરો હેતની વાતુ, મેલી હવે મનની ઘાતુ રે. આવી૦ ટેક.
અમને મેલી માવા થયા કેમ આવા રે,
જાવા દીયો જાવા હવે નથી ખમાતું રે. આવી૦ ૧
મનની આંટી મેલો ખાંત્યે આવી ખેલો રે,
રંગભર રમીયે આવી અમશું રાતું રે. આવી૦ ૨
મનોરથ પુરો મારા પ્રીતમજી પ્યારા રે,
ખાંતિલાજી પુરીએ મારા મનની ખાતું રે. આવી૦ ૩
નિષ્કુળાનંદના સ્વામી અંતરજામી રે,
વારે વારે વાલા મારા નથી કહેવાતું રે. આવી૦ ૪

**રાગ - ધોળ પદ - ૧**

(ગોકુળ વહેલા પધારજો રે એ ઢાળ)

મીઠાબોલા હો માવજી રે, મીઠું બોલી લીધું મન રાજ; મીઠા૦
મીઠી સુંણી વાણી મુખની રે, તેને અર્પ્યા અમે તન રાજ. મીઠા૦ ૧
મીઠી નગર મહારાજની રે, અમૃત આંખ્યમાં અપાર રાજ. મીઠા૦
નેણાંને ચાળે તમને ચોરિયું રે, વશ કરી વ્રજનાર રાજ. મીઠા૦ ૨
વિરહબાણે પ્રાણ વેંધિયા રે, સાલે સ્નેહનું સુખ રાજ. મીઠા૦
પેર્યે પેર્યે પીડે પંડને રે, વણ દીઠે વ્યાપે દુઃખ રાજ. મીઠા૦ ૩
હેતકારી હરિ હેતશું રે, પિયા પ્રેમે રહીયે પાસ રાજ; મીઠા૦
ઘરમાં ગરતાં ગોઠે નહિ રે, અણ દીઠે હું ઉદાસ રાજ. મીઠા૦ ૪

જેમ કહેજે તેમ કરશું રે, સદા રહેજો મારે સાથ રાજ; મીઠા૦
તમે તેડી માં તડછોડજો રે, ગિરિધર ગ્રહી હાથ રાજ. મીઠા૦ ૫
અખંડ રહેજો અમ પાસળે રે, સુખકારી સુંદર શ્યામ રાજ; મીઠા૦
નાથ નિષ્કુળાનંદના રે, અલબેલા આત્મારામ રાજ. મીઠા૦ ૬

**પદ - ૨**

નટવર કુંવર નંદના રે, અવલ નવલ નાગર રાજ; નટવર૦
પ્રીતમ પ્યારા છો પ્રાણ પેરે, સુખકારી સુખસાગર રાજ. નટવર૦ ૧
બાંધી બાળપણામાં પ્રીતડી રે, હરિવર હેત કરી રાજ. નટવર૦
મુખ જોઇને મોહી રહ્યાં રે, સોંપ્યા તનમન શિષ સમેત રાજ. નટવર૦ ૨
મન માન્યું મારૂં તમશું રે, ચિત્ત ચોટ્યું તમ ચરણે રાજ; નટવર૦
સુખ તજી આ સંસારનાં રે, આવ્યાં શ્યામ તમારે શરણે રાજ. નટવર૦ ૩
પ્રીત રીતે પિયુ પોખિયે રે, પુરી હઇડાની હામ રાજ; નટવર૦
સર્વને સુખમાં સંતોષિયા રે, સુખકારી સુંદર શ્યામ રાજ; નટવર૦ ૪
વા’લા વાલ્પપણાની વાતડી રે,સર્વે જાણો છો સુખ રાજ; નટવર૦
મથુરાં જાવાનું માવજી રે, પીયું કરશોમાં પરીયાણ રાજ. નટવર૦ ૫
તમ વિના અમે તલપુ રે, નિશદિન મારા નાથ રાજ; નટવર૦
નિષ્કુલાનંદના નાથજી રે, સ્વામી સદા રહેજો સાથ રાજ. નટવર૦ ૬

**પદ - ૩**

મથુરાં જાશો માં માવજી રે, વા’લા સુણો મારી વાત રાજ; મથુરાં૦
અક્રુર અંતરની કહેતો નથી રે, એના ઘટમાં ઘણી ઘાત રાજ. મથુરાં૦ ૧
રથ આવી છોડ્યો આંગણે રે, જાણી થયો છે અજાણ રાજ; મથુરાં૦
કળે છળે કરે વાતડી રે, પાપી લેવા આવ્યો પ્રાણ રાજ. મથુરાં૦ ૨
માતા જશોદા જાણે નહિ રે, નંદરાયે ભોળો નેક રાજ; મથુરાં૦
હીરો આપે છે પર હાથમાં રે, વામ્યા હૈયાનો વિવેક રાજ. મથુરાં૦ ૩
વા’લા વેરીની વાતડી રે, હોયે દગાની દયાળ રાજ; મથુરાં૦
કંસ પાપી પાપે ભર્યો રે, તમે બેઉ ભાઇ બાળ રાજ. મથુરાં૦ ૪
એકલવેણાં અલબેલડા રે, નેક થાયે નહિ નાથ રાજ; મથુરાં૦
જાણી જોઇને જીવનજી રે, કેમ જાયે કપટી હાથ રાજ. મથુરાં૦ ૫





ગોકુળ ગામની ગોપિયો રે, ટોળે મળીને ટળવળું રાજ; મથુરાં૦
નિષ્કુલાનંદના નાથજી રે, કારણ તમારૂં ન કળું રાજ. મથુરાં૦ ૬

**પદ - ૪**

નહિ હું જાવા દઉં નાથ જી રે, મોહન મથુરાં મોરાર રાજ; નહિ૦
વા’લા વિલખતી વનિતા રે , મેલી જાશો માં મોરાર રાજ. નહિ૦ ૧
દગો રાખીને દલમાં રે, સ્નેહ કીધોતો શા માટે રાજ; નહિ૦
સુખમાં દુઃખ દેખ્યું નહિ રે, આવ્યો ઓચિંતો ઉચાટ રાજ. નહિ૦ ૨
વાલા વિયોગો માં વનિતા રે, તમે તરછોડો માં તેડી રાજ; નહિ૦
શેરીમાં યે શયન કરશું રે, જા જો રૂદિયે રથ ખેડી રાજ. નહિ૦ ૩
આગે અમૃતે ઉછેરિયાં રે, હવે વા’લા મ દિયો વિખ રાજ; નહિ૦
ભલે જીવ જાઓ જોરશું રે, અમે નથી દેખાં શીખ રાજ. નહિ૦ ૪
આંખ્યે આંસુની એલી રચી રે, નયણે નીર નદીપુર રાજ; નહિ૦
પ્રાણ લેવા સારૂં પાપિયો રે, ક્યાંથી આવ્યો અક્રૂર રાજ. નહિ૦ ૫
રથે બેસારીને રાજને રે, તેડી ચાલ્યો તેહ વાર રાજ; નહિ૦
નિષ્કુળાનંદના નાથજી રે, વહેલા વળજો વિશ્વાધાર રાજ નહિ૦ ૬

**પદ - ૫**

વાલમ વેલેરા વળજો રે, દયા આણી દીનદયાળ રાજ; વાલમ૦
વા’લા વાલ્યપણાની વાતડી રે, ગતિ જાણો છો ગોપાળ રાજ. વાલમ૦ ૧
તમ વિના તન તલપે રે, જેમ જળ વિના મીન રાજ; વાલમ૦
જેમ પ્રાણ વિના પુતળાં રે, જેમ દાતા વિના દીન રાજ. વાલમ૦ ૨
જેમ નીર વિના નદીયો રે, જેમ પંખી વિના પાંખ રાજ. વાલમ૦
જેમ કંથ વિના કામિની રે, જેમ અણતેજે આંખ રાજ. વાલમ૦ ૩
વારે વારે હું વાલમા રે, કહું કેટલીક વાત રાજ; વાલમ૦
જેવું હોય તેવું જણાવજો રે, ગિરિધર રાખશો માં ઘાત. વાલમ૦ ૪
અમે ભોળવાણી ભામિની રે, જાણ્યું સદાય રહેશું સાથ રાજ. વાલમ૦
પ્રીત કરીને પરહરિ રે, એમ ઘટે નહિ નાથ રાજ. વાલમ૦ ૫
વ્રજવાસીને વિલખતાં રે, મેલી જાઓ છો મોહન રાજ; વાલમ૦
સ્વામી નિષ્કુળાનંદના રે, દેજો વે’લેરાં દરશન રાજ. વાલમ૦ ૬

પદ - ૬

હરિવર હેતની વાતડી રે, સુંણી લેજો સુંદર શ્યામ રાજ; હરિ૦
ભાઈ બેઉં ભેળા મળી રે, મથુરાં જવાનું કામ રાજ. હરિ૦ ૧
કંસ વંશ છે કપટી રે, ઘણી રચી હશે ઘાત રાજ; હરિ૦
મેલું મોશાળ છે માવજી રે, રસિયા રહેશો માં રાત રાજ. હરિ૦ ૨
પે'લી મારી તમે પૂતના રે, આણ્યો અસુરનો અંત રાજ; હરિ૦
તેનો દગો રાખી દલમાં રે, આજ તેડાવ્યાં એકાંત રાજ. હરિ૦ ૩
ભોળપ્ય રાખશો માં ભેટતાં રે, રહેજો શ્યામદ્રિયા સચેત રાજ; હરિ૦
ઘણા છળ છાના રચ્યા હશે રે, નથી હરિવર તમશું હેત રાજ. હરિ૦ ૪
છળ કળ કંઈ કીધી હશે રે, પાપી પાપે પુરણ પંડ રાજ; હરિ૦
વણ વાંકે વસુદેવને રે, દીધો દેવકીને દંડ રાજ. હરિ૦ ૫
નથી મહેર એના મનમાં રે, હણ્યા બાળક એણે હાથ રાજ. હરિ૦
નિષ્કુળાનંદના નાથજી રે, સિયો સ્નેહ તેને સાથ રાજ. હરિ૦ ૬

પદ - ૭

કો' કેમ કરૂં હું કામિની રે, જીવન પ્રત્યે નહિ જોર રાજ; કો'૦
મારી ગયા મને માવજી રે, કાપી કાળજડાની કોર રાજ. કો'૦ ૧
ભેટું ભીંતર ભાલ ભલકે રે, વેધી લીધા મારા પ્રાણ રાજ; કો'૦
ઉગરવાની આશા ટળી રે, લાગ્યું બળિયાનું બાળ રાજ. કો'૦ ૨
એકે ઓષડ ઉસતાદની રે, ટાંકી લાગી નહિ તન રાજ; કો'૦
જીવન વિના જીવું  નહિ રે, કરો અનેક ઉપાય અન્ય રાજ. કો'૦ ૩
વણ દીઠે વાલમને રે, દાઝી આવે મારૂં દલ રાજ; કો'૦
અંગોઅંગ ઉઠે અગની રે, જાય જુગ જેવી પળ રાજ. કો'૦ ૪
મુખ જોયે દુઃખ જાય છે રે, શીતળ થાય યે શરીર રાજ; કો'૦
દુઃખ દરશને પલાય છે રે, છે રૂદિયામાંયે ધીર રાજ. કો'૦ ૫
વશ કરી મને વાલમે રે, શ્યામ મળે વળે સુખ રાજ; કો'૦
નિષ્કુળાનંદના નાથને રે, વણ દીઠે વાધે દુઃખ રાજ. કો'૦ ૬

પદ - ૮

વાલ્યપ વિસારી વાલ્યમા રે, અળગા જઈ રહ્યા અમશું રાજ; વાલ્યપ૦
કુળવતી કુબજા મળી રે, હવે ગિરિધરને કેમ ગમશું રાજ. વાલ્યપ૦ ૧





રાતી માતી નારી નમણી રે, રૂડી રૂપાળી છે રંગે રાજ; વાલ્યપ૦
અમ ઉપરથી મન ઉતર્યું રે, સગપણ કીધું તેને સંગ રાજ. વાલ્યપ૦ ૨
નવલી નારે રીઝ્યા નાથજી રે, નવલે નવલો બાંધ્યો નેહ રાજ; વાલ્યપ૦
નવલે ભાવે ભૂધર ભોળવ્યા રે, તેણે દીધો અમને છેહ રાજ. વાલ્યપ૦ ૩
હરિવર હવે હાથમાં રે, કેમ કરી આવે કાન રાજ; વાલ્યપ૦
મન માનું મળું માવને રે, થયા ગિરિધર વર ગુલતાન રાજ. વાલ્યપ૦ ૪
અમે હારી બેઠાં હીરલો રે, નિરધન કરી ગયા નાથ રાજ; વાલ્યપ૦
ભાગ્ય જાગ્યાં ભલાં ભામની રે, જેને શ્યામળિયોજી સાથ રાજ. વાલ્યપ૦ ૫
એક વાગ અમ આંગણે રે, મળવા આવોને મોહન રાજ; વાલ્યપ૦
સ્વામી નિષ્કુળાનંદના રે, વાલા વિલોકું વદન રાજ. વાલ્યપ૦ ૬

રાગ : ધોળ  પદ ૧

(નાગર નંદદુલારો રે, મનમસ્ત કનૈયો નંદદુલારો એ ઢાળ)

પ્રીતમ પ્રાણ પ્યારા રે, મન મોહન પ્રીતમ પ્રાણ પ્યારા;
સાચા સનેહી છો મારો રે, મન મોહન પ્રીતમ પ્રાણ પ્યારા. ટેક.
નિમિષ એક મેલું નહિ ન્યારા, છો મારી આંખ્યાના તારા રે. મન ૦ ૧
સરવે થકી મને લાગો છો સારા, ગાઈશ ગણ તમારા રે. મન ૦ ૨
અમૃત વેણે કરો છો ઉચારા, આંખ્યામાં હેત અપારા ર., મન ૦ ૩
નિષ્કુળાનંદ કે'નંદ દુલારો, છો મારા પ્રાણ આધાર રે. મન ૦ ૪

પદ - ૨

રઢચ લાગી મને તારી રે, રસિયાવર રઢચ લાગી મને તારી;
તમ પર તન મન વારી રે, રસિયાવર રઢચ લાગી મને તારી. ટેક.
વાત તમારી લાગી મને સરી, સાંભલી ચડી ખુમારી રે. રસિયા ૦ ૧
લોકલાજ ઘરકાજ વિસારી, થઈ રહી છુ તમારી રે. રસિયા ૦ ૨
મૂર્તિ તમારી અતિ મને પ્યારી, નિરખી અંતરે ઉતારી રે. રસિયા ૦ ૩
નિષ્કુળાનંદના નાથ મુરારી, તમ પર જાઉં બલિહારી રે. રસિયા ૦ ૪

પદ - ૩

તમશું પ્રીત બંધાણી રે, મીઠાબોલાજી તમશું પ્રીત બંધાણી;
સુણીમેં મુખની વાણી રે, મીઠાબોલાજી તમશું પ્રીત બંધાણી. ટેક.

સંસાર સુખ મેં જાુઠડું જાણી, હાથ તમારે વેચાણી રે. મીઠા ૦ ૧
હવે હું ઠાવકી તારી ઠેરાણી, નહિ ખોઉં મુખનું પાણી રે. મીઠા ૦ ૨
તારા સ્નેહમાં હું સંકુલાણી, તમ પર તન કુરબાણી રે. મીઠા ૦ ૩
નિષ્કુળાનંદ કે' શારંગપાણી, તમને જોઇને લોભાણી રે. મીઠા ૦ ૪

પદ - ૪

માથાને સાટે ન મેલું રે, મનમાન્યા માથાને સાટે ન મેલું;
તમ શું બાંધ્યું મે બેલું રે, મનમાન્યા માથાને સાટે ન મેલુ ૦ ટેક.
શૂર સતી ભરે પગલું પહેલું, મરવામાં મન મોનેલું રે. મન ૦ ૧
શિષ સાટે સુખ જાણું મેં સહેલું, એ તો આપ્યુ અમે વહેલું રે. મન ૦ ૨
હાથમાં શિષ લઇ હવે ખેલું, તન મન તૃણ કરેલું રે. મન ૦ ૩
નિષ્કુળાનંદ કહે મનમાંહેલું, તમને જોઇને લોભેલું રે. મન ૦ ૪

રાગ : ગરબી પદ - ૧

(પ્રથમ શ્રીહરિને રે એ ઢાળ)

સાંભળ સજનીરે લાલતણી કહું લીલા, કુંજ ભવનમાંરે કાન કરેછે ક્રીડા.
સરખે સરખા રે સખા લઇને સંગે, અંગ રંગ્યું છે રે લીલે પીળે રંગે. ૨
મંડળી મળીરે બેઠા છે બેઉભાઇ, જોઇ જનમનરે રહ્યાં છે મૂરછાઇ. ૩
ઘણે ગોવાળેરે વિટ્યા છે વનમાળી, વચમાં વાલોરે વેણ વાયે રસાળી.૪
નટવર નાચેરે રમે રીત રૂપાળી, થેઇથેઇ થાયેરે વાયે ગોવાળા તાળી. ૫
તાનજ તોડેરે અંગ મરોડે અલબેલો, રંગનો રસિયોરે ઠાકોર છેલછબીલો.
નટવરનાગરરે, નટની પેરયે નાચે, ગાયે ગોવાળારે હૃદિયામાં ઘણું રાચે.
ભૂધર ભાળ્યારે, સરવે સખા સંગે, નિષ્કુળાનંદનો રે, નાથ રમેછે રંગે. ૮

પદ - ૨

જીવન જોવારે હોંશ થઇ મને હૈડે, મોહન મળવારે, માટ ભર્યાં મેં મૈડે.૧
ચટકે ચાલીરે વૃંદાવનની વાટે, હૈડું હિસેરે મોહન મળવા માટે. ૨
આડી આંખ્યેરે જાઉં વનમાં જોતી, અંતર ઇચ્છેરે ગિરિધર લઉં ગોતી.૩
એમ આઘેરીરે વિચરિ હું વનમાં, થાય મનોરથરે મોટો મારા મનમાં.૪
એમ કરતાંરે આવ્યો એ એકિલો, રંગનોભીનોરે રૂડો રાજ રસિલો.૫
મહીડાં માગેરે રોકી મુને રાજે, પાલવ સાયોરે કાંઇક બીજે કાજે. ૬





કહો કેમ કરુંરે અબળા હું એકીલી, અળગા રહોનેરે મોહન મારગ મેલી.૭
અમે છઇયેરે ગોકુળિયાની ગોપી, નિષ્કુળાનંદનારે નાથ લજ્જા કેમ લોપી

પદ - ૩

મહીડાં મારાંરે મીઠાં નથી માવા, શાને રોકોરે જીવન દીજે જાવા. ૧
આપ્યા વિનારે લાલન કેમ લેવાશે, જોર જણાવીરે પરાણે કેમ પિવાસે.૨
મનને માન્યેરે મીઠાં મહી અલાશે, વ્રજની વાટેરે છેડે કેમ ઝલાશે. ૩
આ મારગમાંરે આવણ જાવણ મારું, નિત્ય ઉઠીનેરે નહિ સાંખું તમારું.
કંસને કહેશુંરે તું તે શાનો રાજા, તારે માથેરે મોટો છે મહારાજા. ૫
નાની વયમાં રે નેક ઉપાડ્યું આંણ્યે, માસી મારીરે પ્રાણ સોંસી પરાણ્યે.૬
છો દહાડામાંરે પ્રાક્રમ કીધું પુરું, જુગત્યે જોયુંરે નથી કાંયે અધુરું. ૭
નંદને ઘેરેરે નવલું કાંઇક થાશે, વળતી વાતોરે નિષ્કુળાનંદ ગાશે. ૮

પદ - ૪

તેની તારેરે ચિંતા શી ચાવળી, દાણજ લેશુંરે રીત છે રાવળી. ૧
મહીડાં માથેરે જોર જણાવેછે ઝાઝું, માટ મહીનુંરે નહિ રેવા દઉં સાજુ.૨
કંસને કહેજેરે વહેલો વારે આવે, તારી ભીડેરે સુભટ સંગે લાવે. ૩
રસબસ થાશોરે હમણાં ગોરસ રસે, આંઇ ઉપરરે કાંઇ નહિ થાયે કંસે.૪
કહાવે અબળારે બળ ઘણુંછે બોલી, છુટે મોઢેરે બોલેછે મરમાળી. ૫
ઘણા દિનનુંરે દાણજ લેખી લેશું, ત્યારજ પછીરે તને જાવા દેશું. ૬
ઘણું મદમાતીરે થઇ છો મૈયારી, તે મેં જાણીરે સર્વે વાતજ તારી. ૭
તે નવ જાણેરે નાથ નિષ્કુળાનંદનો, તારે અંગેરે રંગ ચડ્યો છે મદનો. ૮

પદ - ૫

મદ છે તારેરે જોઇ વિચારી બોલે, તે ઉતરશેરે ભોળા તું મ ભુલે. ૧
છાનીછાની રે વાટ પાડોછો વાલા, ખરી ખબરરે નથી કેને નંદલાલા. ૨
જોર તમારુંરે સર્વે જાણ્યું અમે, અરધી રાતેરે કહો કેમ ભાગ્યા તમે. ૩
બીકે નાશીરે બીજો બાપજ કીધો, જુવો વિચારીરે જનમ કિયાં લીધો. ૪
વસુદેવનારે દેવકી ઉદર આવ્યા, નંદ જશોદાયેરે તમને લાડ લડાવ્યા.૫
મોટા થયારે મહી અમારાં ખાવા, સર્વે જાણુંરે શું કેવરાવો માવા. ૬
બાંધી મુઠીરે રાખીયે તે રૂડી, શાને માટેરે કહીયે વાતજ કુડી. ૭
હમણાં કાવ્યારે કુંવર જશોદા નંદના, સમજી રહીયેરે નાથ નિષ્કુળાનંદના. ૮

**પદ - ૬**

વાંકા બોલીરે વાંકું તું કેમ બોલે, નાનો જાણીરે ભરવાડી કેમ ભુલે. ૧
મદમાં માતીરે બોલછ તું મૈયારી, હોંસ હૈયાનીરે પુરીશ સરવે તારી. ૨
જોબન જોરરે બોલી ન જાણી બોલી, નંદ જશોદારે ઘરની થાઇશ ગોલી.૩
મહીનું મારેરે કારણ નથી કાંયે, ગોપી ગમછરે તું મારા મનમાંયે. ૪
મહીને મિષેરે પુછુ છું પિયારી, મનમાં મારેરે બીજું છે મૈયારી. ૫
સગપણ તારેરે થાશે મારે સાથે, હથેવાળો રે જોડીશ જમણે હાથે. ૬
કારજ તારુંરે સરવે મુજથી સરસે, જશ જગતમાંરે અવલંબી ઓચરશે.
રાધા બોલીરે એતો દિન આનંદના, મનમાં હતુંરે નાથ નિષ્કુળાનંદના. ૮

**પદ - ૭**

નટવર નાનારે હું મોટી મૈયારી, કહો કેમ થાશેરે મનમાં વાત વિચારી.૧
મનડું માન્યુંરે ચિત્તડામાં એ ચોટ્યો, ક્યારે થાશેરે મોહનજીવર મોટો.૨
વળતો વનમાંરે મોટો મંડપ દીઠો, જોવા જેવોરે મનગમતો છે મીઠો. ૩
સુંદર મણીએરે સજ્યો છે શોભાળો, સેજે સુતોરે દીઠો રાજ રૂપાળો. ૪
બાળક બદલીરે મોટા દીઠા માવો, હસી બોલાવીરે રાધા ઓરાં આવો.૫
પ્રીત પૂરવનીરે સંભાળો સાહેલી, રાધા રમિયેરે લજ્જા મનની મેલી. ૬
બ્રહ્મા આવ્યારે જોડ એવી જોઇ, પ્રેમે પરણ્યાંરે રાધા માધુ દોયે. ૭
દેવ મળીનેરે વળતી કીધી વંદના, અવિચળ રહેજોરે નાથ નિષ્કુળાનંદના. ૮

**પદ - ૮**

ધન્ય ધન્ય રાધારે માધવ સંગે મળી, રૂડી રમવારે સેજ સમારી વળી. ૧
ચુવા ચંદનેરે અગર લેપન અરચી, રંગ રમવારે રૂડી રીતે રચી. ૨
સજ્જ થઇછેરે સરખા સરખી જોડી, મદે મળવારે અંગે આળસ મોડી.૩
નયણે નયણાંરે મુખે મુખજ મેળું, હૈડે હૈડુંરે ભેટી કીધું ભેળું. ૪
ઉર ઉરજરે નાભી નાભી સાથે, દાવે દાવજરે મેલ્યો નટવર નાથે. ૫
ક્રીડા કરતાંરે ઓછપ ન રાખી અંગે, પતિરતિનોરે જાણું રાચ્યો રંગે. ૬
કોક કળામાંરે પ્રવીણ છે પિયારો, રંગે રમીરે નાથ થયો છે ન્યારો. ૭
વળતો વળીયોરે ઓઘઘણું આનંદનો, મને મળીયારે નાથ નિષ્કુળાનંદનો. ૮





**રાગ - સોરઠ પદ - ૧**

(કુંકમને પગલે એ ઢાળ)

મોહનની માયા લાગી મને મોહનની માયા;
સિયાણા થઇ મને સઉ સમજાવે દુરમતિ થઇ ડા'યા;
કેણ કોયનું હું કાને ન ધરૂં કોટિ કરી કા'યા. લાગી૦ ૧
ભલે જનમ આવ્યો આ ભવમાં અમને કમાયા;
પ્રેમે કરી હરિ પાતળિયાના ચરણ કમળ સા'ય. લાગી૦ ૨
ભૂધર વરને ભેટતાં તનના તાપ સમાયા;
અલબેલાને આલિંગન લેતાં કોમળ થઇ કાયા. લાગી૦ ૩
ધન્ય ધન્ય જીભા જશ જેણે ગોવિંદના ગાયા;
નિષ્કુળાનંદ પ્રેમે કરી પ્રીતમ રસિલો રીઝાયા. લાગી૦ ૪

**પદ - ૨**

અમ ઘેરે આવ્યા આજ ભલે અમ ઘેર આવ્યા;
ચટકતી ચાલે પિયુ પધાર્યા ભૂધર મન ભાવ્યા;
થાળ ભરી મુક્તાફળ મેંતો વાલમ વધાવ્યા. આજ૦ ૧
વારણાં લઇને મંદિર મેંતો પિયુ પધરાવ્યા;
ભાવ ભલે રે મેં ભોજન કરી જીવન જમાવ્યા. આજ૦ ૨
સેજ સમારી સુંદર સારી લાલન લડાવ્યા,
અલબેલાને ઉરપર લઇ ખાંત્યે ખેલાવ્યા. આજ૦ ૩
આજ લાજ અલબેલા શું લેશે ન લાવ્યા,
નિષ્કુળાનંદના નાથ સંગાથે સનાથ કા'વ્યા. આજ૦ ૪

**પદ - ૩**

દરશન દેવા આવ્યા હરિ દરશન દેવા,
કૃપા કરીને કાંઇક અમને કથા રસ દેવા;
દયા કરીને દાઝ દલની નહિ દિયો રે'વા. આવ્યા૦ ૧
ભલે પધારિયા ભાગ્ય અમારે સાર સ્વામી લેવા,
દાસનાં દુષ્કૃત દૂર કરવા હરિવર છે હેવા. આવ્યા૦ ૨

સંસારના સ્નેહી સરખા તમે નહિ તેવા,
શિવ સનકાદિક નારદ તમને સમઝે શુકદેવા, આવ્યા૦ ૩
સાહેર નીરથી ગંભીર ગુણે ઉદાર એવા,
નિષ્કુળાનંદના નાથ તમારી હું શી કરૂં સેવા. આવ્યા૦ ૪

પદ - ૪

ભૂધરને ભામે ચડ્યું ચિત્ત ભૂધરને ભામે,
એ મન મારૂં મોહી રહ્યું છે જરકસિયે જામે;
છેલ છોગાળો ફુલડાંવાળો, તે ન મળે દામે, ચડ્યું૦ ૧
નટવર કુંવર નાથજી નિરખી મન મોદ પામે,
ત્રિકમ વિના તાપ તનના શાવડે શામે. ચડ્યું૦ ૨
એ રાત દિવસ ચિત્તે ચિતવતાં વ્રહવેદના વામે,
સહજાનંદ સુખ વિના મન ન બેસે ખામે. ચડ્યું૦ ૩
મન માન્યા મોહનજી મળતાં ઠરી બેઠા ઠામે,
નિષ્કુળાનંદના નાથ નિરખી પુરી છે હામે. ચડ્યું૦ ૪

પદ - ૫

મોહનને મળતાં મગન થઈ મોહનને મળતાં,
એ અંગોઅંગ આલિંગન લીધું ભાવે શું ભળતાં;
હેત કરી હરિ હૈયામાં ભીડયા વાલાને વળતાં. મગન૦ ૧
એ રોજે સેજે એ સુખજ પામી પ્રીતે શું પળતાં,
સહજાનંદ શિરોમણી મળ્યા જે ન મળે હળંતા. મગન૦ ૨
રસબસ થઈ રસિલાને રંગે ગાંઢ્ય રૂદે ગળતાં,
અંતર શાંતિ પૂરણ પામી તાપ ત્રયે ટળતાં. મગન૦ ૩
આ સંસારમાં શું સુખ લૈયે વેઠે વેળું દળતાં,
નિષ્કુળાનંદના નાથ સંગે હું ઢાળે ઢળી ઢળતાં. મગન૦ ૪

પદ - ૬

મીઠડો લાગે મોહન મને મીઠડો લાગે,
શોભો શોભાળો લાગે રૂપાળો સોનેરી વાગે;
જીવન જોઈને હું મનમાં મોઈ કસુંબી પાગે. મોહન૦ ૧





હાર હરિને કરી કતાર્યું પ્રોઈ પ્રેમ ધાગે,
કંઠે આરોપી હું કરી વિનતી ભલે આવ્યા ભાગે. મોહન૦ ૨
અમે રહેશું હરિ તમારે ચરણે કરી તન મન ત્યાગે
તેહ વિના ત્રણ લોકમાં રે નથી બીજે જાગે. મોહન૦ ૩
નિશદિન દરશન દેજો દયાળુ મનડું એ માગે,
નિષ્કુળાનંદનો નાથ નિરખતાં ભાગ્ય ભલાં જાગે. મોહન૦ ૪

પદ - ૭

લાલ તમે લટકે લીધું મન લાલ તમે લટકે,
ચિત્તડું મારૂં ચોરી લીધું ચાલ્યતણે ચટકે
ભાવને ભલકે ભીંતર ભેટું ખરાખરૂં ખટકે. લીધું૦ ૧
ઘર તજી હું ઘેલી ફરૂં છું વાંસતણે કટકે,
ચિત્તમાં ચોટી મૂરતિ મને પીતાંબર પટકે. લીધું૦ ૨
મનમાન્યા મોહનજી મળિયા ભેટે નહિ ભટકે,
પ્રેમરસ મને પાયો પાતળિયા ઘોળી પીધો ઘટકે. લીધું૦ ૩
સંસાર રસમાં ચિત્ત ન ચોટે વાત કર્યે વટકે,
નિષ્કુળાનંદના નાથ તમ ચરણે મન મારૂં અટકે. લીધું૦ ૪

પદ - ૮

પ્રેમ રસ પાયો પિયે મન પ્રેમ રસ પાયો,
નટવર કુંવર નાથ અમારો જશોદાનો જાયો;
વૃંદાવનની વાટે જાતાં પ્રીતે પાલવ સાયો. પિયે૦ ૧
કરી કટાક્ષની સાન શ્યામળિયે ભુલી શુદ્ધ ભાયો,
તનમન મારૂં મીણ કર્યું છે વ્રે મળી જગાયો. પિયે૦ ૨
વાંસળી વડે વ્યાકુળ કીધી રાગ રૂડો ગાયો,
નંદનો કુંવર નાના મોટો દીસે છે ડાયો. પિયે૦ ૩
હેતની રીત રૂડી રાખે છે ધસી આવે ધાયો,
નિષ્કુળાનંદનો સ્વામી શ્યામળિયો લેખમાં લખાયો. પિયે૦ ૪

રાગ : દાદરા પદ - ૧

હમસેં કાહે રીસાને કનૈયા, ટેક.
એસી કોન ચુક પરી મોસેં, બાત ન કહી નિર્દૈયા. હમસેં૦ ૧

લોક કુટુંબ મરજાદ ત્યાગ કરી, હાથ તીહારે બીકૈયા. હમસેં૦ ૨
કુબ્જાસંગ હરિ વાસ કરીકે, ખબરી ન લઈ સુખદૈયા. હમસેં૦ ૩
અવધપ્રસાદ કે' નાથ વિના અબ, તલખી તલખી જીવજૈયા. હમસેં૦ ૪

**પદ - ૨**

હમસેં ન્યારે ન રહો ગુમાની, ટેક.
શ્યામ બિના પળ એક ન જાવે, સ્નેહ કરી પસ્તાની. હમસેં૦ ૧
નીર બિના જ્યું મીન મરતહે, તેસે હી જીયા અકલાની. હમસેં૦ ૨
કરી કરી નેહ છેહ દીયો હમકું, નેક દયા નહિ આની. હમસેં૦ ૩
અવધપ્રસાદ કે' નાથ મીલે બિન, ભરી આવત દગ પાની. હમસેં૦ ૪

**પદ - ૩**

સુખી કોઈ બાત સુનાવે મોરી, ટેક.
કુબ્જા કુટીલ કંસકી દાસી, કરી કરી નેહ ઠગોરી. સખી૦ ૧
પરમ ચતુરવર શ્યામ મનોહર, તાસંગ નેહ કરોરી. સખી૦ ૨
પાતી ન પઠાઇ આપ નહિ આયો, પ્રીત પુરાની તોરી. સખી૦ ૩
અવધપ્રસાદ કે' નાથકું કહીયો, બિનતી હમારી કર જોરી. સખી૦ ૪

**પદ - ૪**

સજની કહાન આવે ઘર મોરે, ટેક.
શિરપર મુગટ કાનમેં કુંડળ, ભાલ તિલક ચિત્ત ચોરે. સજ૦ ૧
કટીપટ પીત અધર ધરે મોરલી, શબ્દ સુની જીયા કોરે. સજ૦ ૨
ચાલ ચલત ગજ હંસકી સુંદરે, પ્રફુલિત નંદકિશોર. સજ૦ ૩
અવધપ્રસાદ કે' નાથ રહનકી, અરજ કરૂં કર જોરે. સજ૦ ૪

**રાગ : સોહની**

ગુલાબી પાઘ ધારી રે, સોહે શ્યામળીયો ગુલાબી૦ ટેક.
કેસરજામા ધરે અભિરામા, લીલો દુપટો શુભ ભારી રે. સોહે૦ ૧
કેસર ઘોરી અતિ રંગ રોરી, કર કંચન પિચકારી રે. સોહે૦ ૨
રમે રસરંગે અતિ પ્રફુલિત અંગે, નિજસખા ઘેર ગિરધારી રે. સોહે૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ શોભા, તન મન પ્રાન જાત વારી રે. સોહે૦ ૪





**રાગ - ગરબી પદ - ૧**

(અષાડે આનંદકારી રે, અમથી અળગા કેમ થયા એ ઢાળ )

તમે વાત કરો ને વાલા રે, અમ ઘેર કો'ને કેમ આવ્યા;
તમે ચૈતન્ય ઘનમય મૂરતિ રે, બદલી બીજો વેશ લાવ્યા. ૧
સહિ ઓછપ હતી શ્યામળીયા રે, પરિપૂરણ પોતે તમે;
કા'વો અખંડ વ્યાપક એવા રે, કેમ કળી લયે અમે. ૨
તમે અગોચર અવિનાશી રે, પ્રકાશી પિંડ બ્રહ્માંડતણા;
છો સમરસ રસના સિંધુ રે, મોટપણે કાંઇ નહિ મણા. ૩
કહો એવું કેમ આવડીયું રે, આશ્ચર્ય સરખું એ અમને;
તમે ઈશ્વર કેમ કે'વાણા રે, પ્રેમ કરી પુછું તમને. ૪
તમે સામર્થિ કેમ સંતાડી રે, દીન સરીખા દીસો છો;
ગોપીનાં ગોરસ પીવા રે, હઈડે ઘણું હિસો છો. ૫
એ બોલી ક્યાં બદલાવી રે, કાલુ કાલુ બોલો છો;
એ મોટપ કેમ મેલાણી રે, દેશ વિદેશ ડોલો છો. ૬
હું તો વિસ્મય પામી વા'લા રે, દીલડામાં દીગમૂઢ રઈ;
સમઝાવી કો'ને સ્વામી રે, દયાળુ દયાળ થઈ. ૭
છબીલા છળ છાંડી રે, કે'જો કપટ મેલીને;
નિષ્કુલાનંદના સ્વામી રે,સુખ દેવા સાહેલીને. ૮

**પદ - ૨**

દયાળુ દયા કરીને રે, અલબેલાજી આવ્યા છો;
રસિયાજી રંગના ભીના રે, ભૂધર ઘણું ભાવ્યા છો. ૧
તમે મે'ર કરી મુજ ઉપર રે, સગુણ સ્વામી સમર્થે;
જો વ્યાપક રૂપે રહેતા રે, તો આવત નહિ મારે અરથે. ૨
જે અરૂપ અનામી એવા રે, સેવા તેની શું કરીએ;
જે પૂરણકામજ કા'વે રે, તેને શું આપીને અનુસરીએ; ૩
વા'લા તેજોમય તનધારી રે, આવો જો દરશન દેવા;
તો જાતે ઝાંઝા થાયે રે કેમ કરી કરીએ સેવા. ૪

જે છળબળ છાંડી મુકી રે, સાચુ બોલો શ્યામળીયા;
તો અકળપણું કેમ ઓપે રે, છેલ છબીલા છો છલીયા. ૫
તમે કળે કળે કારજ કીધા રે, સેંજે સેં'જે શ્યામળીયા;
તમે અકળ અગોચર રહ્યા રે, કો'ને તમને કેણે કળીયા. ૬
એવી કળ આવી છે તમને રે, કરજ જનનાં કરવાને;
તમે સુગમ થયા છો સહુને રે, ભાવે ભક્તિ ધરવાને. ૭
આજ અનેક બાર ઉઘાડ્યા રે, બહુપેરે કલ્યાણતણાં;
નિષ્કુળાનંદના સ્વામી રે, અઢળ ઢળ્યા છો આજ ઘણાં. ૮

**પદ - ૩**

કરૂણામય મૂરતિ મોહન રે, જનતણાં મન હરો છો;
કરુણાની દ્રષ્ટિ કરીને રે કારજ અમારાં કરો છો. ૧
કરૂણામય મુખની વાણી રે, શીતળ સરખું બોલો છો;
નથી રે'વું કે'વા કેડે રે, બોલીને બંધ ખોલો છો. ૨
કરૂણામય મુખની કાંતિ રે, શોભે છે સુંદર સારી;
મોહનજી તારા મુખપર રે, વાલમજી જાઉં વારી. ૩
કરૂણામય હાસ વિલાસ રે, લીધું મન કરને લટકે;
કરૂણામય હાસ વિલાસ રે, ચાલો છો ચટકે લટકે. ૪
કરૂણામય અંગ આભુષણ રે, કરુણામય વસ્ત્રો વાલા;
કરુણાનું રૂપ ધર્યું છે રે, નીરખી જોયા નંદલાલા. ૫
કરુણામય કરીયા સર્વે રે, યત્કિંચિત કારજ કાંઈ,
નથી તજવા જેવું તેમાં રે, ભજવા સરખું સુખદાઈ. ૬
કરુણામય કૃપા કરીને રે, નરતન રૂપે નાથ થયા;
દીનબંધુ દીનદયાળ રે, અમ ઉપર કાંઈ કરી દયા. ૭
મોહનજી મે'ર કરીને રે, આનંદ દેવા આવ્યા છો;
નિષ્કુલાનંદના સ્વામી રે, વા'લા અમને ભાવ્યા છો. ૮

**પદ - ૪**

મેં તો સુખના સિંધુ જોઈ રે, બુદ્ધિ મારી ત્યાં બુડી;
મારે અરસ્પરસ એહ સાથે રે, બીજી સમજણ નહિ ઉંડી. ૧





હુંતો કુંભક રેચક પૂરક રે, જાણું નહિ કાંઈ સાધીને;
અમે પ્રાણ અપાનને રૂંધી રે, સમજુ નહિ સમાધીને. ૨
મુને આંખ્ય મીંચીને અંતર રે, જોતાં નથી આવડતું;
મારે પરગટ મુકી બીજું રે, ચિત્તે કાંઈ નથી ચડતું. ૩
હું તો લીલા ચરિત્ર લટકાં રે, વારમવાર વિચારૂં છું;
મારા અંતરમાં અલબેલો રે, શ્યામળીયા સંભારૂં છું. ૪
મારે એ સંધ્યા ને સેવા રે, રાત દિવસ હૃદયે રાખું;
હું તો જીવનનું મુખ જોઈરે, અંતરમાયે અભિલાખું. ૫
મારે રે'છે સુખ ને શાંતિ રે, અંતરમાં એણી રીતે;
ગુણ ગાઉં છું ગોવિંદના રે, પ્રેમે કરી પૂરણ પ્રીતે. ૬
મારે ઈછે વાત અંતરની રે, બા'રે કંઈ બોલીને;
નથી કરવું બીજું કાંઈ રે, ભૂધરજીને ભૂલીને. ૭
સખી એ છે નાથ અમારો રે, અમે તો છૈયે એને;
નિષ્કુળાનંદના સ્વામીને રે, ભૂલીને ભજીએ કેને. ૮

**રાગ : ધોળ પદ-૧**

આજ આનંદ મારા ઉરમાં, મળી મુને મહામોંઘી વાત રે,
કોટિ કષ્ટ કર્યે હરિ નવ મળે, તે તો મુને મળ્યા સાક્ષાત રે. આજ૦ ૧
રમાડ્યા જમાડ્યા રૂડી રીતશું, મળ્યા વળી વારંવાર રે,
હેતે પ્રીતે નિત્ય સુખ આપીયાં, તે તો કહેતાં કેમ આવે પાર રે. આજ૦ ૨
અન્ન જળ ફળ ફુલ પાનની, આપી એવી પ્રસાદી અનુપ રે,
ચરણની છાપ દીધી છાતીએ, આપ્યાં સારાં વસ્ત્ર સુખરૂપ રે. આજ૦ ૩
આગળ ભક્ત અનેક થયા, સહ્યાં તેણે શરીરમાં દુઃખ રે,
તોયે પ્રગટ પ્રભુ પામ્યા નહિ, પામ્યા પણ નાવ્યાં આવાં સુખ રે. આજ૦ ૪
કોઈકને આપી અમરાવતી, કોઈકને પુર કૈલાશ રે,
કોઈકને સત્યલોક સોંપ્યુ, કોઈકને વૈકુંઠવાસ રે. આજ૦ ૫
જુજવાં એ ધામ આપ્યાં જનને, જોઈ નિષ્કામ સકામ રે,
આજ તો અઢળક ઢળ્યા હરિ, આપ્યું સહુને અક્ષરધામ રે. આજ૦ ૬
સુખ સુખ સુખ જ્યાં સુખ ઘણું, તે તો મુખે કહેતાં નવ કહેવાય રે,
નિષ્કુળાનંદ એ આનંદમાં, હરખી હરખી ગુણ ગાય રે. આજ૦ ૭

રાગ : ધોળ પદ-૧

આનંદ આપ્યો અતિઘણો રે, આ સમામાં અલબેલ; પુરૂષોત્તમ પ્રગટી રે.
અમૃતના સિંધુ ઉલટ્યા રે, રંગડાની વાળી છે રેલ. પુરૂષોત્તમ૦ ૧
નિર્ભયની નોબત્યો વાગિયો રે, મળીયા મોહનરાય. પુરૂષોત્તમ૦ ૨
વિધવિધ થયાં વધામણાં રે, કસર ન રહી કાંય. પુરૂષોત્તમ૦ ૩
ખોટ્ય ગઈ છે ખોવાઈને રે, જિત્યનાં જાંગિર ઢોલ. પુરૂષોત્તમ૦ ૪
દુઃખ ગયું બહુ દનનું રે, આવિયું સુખ અતોલ. પુરૂષોત્તમ૦ ૫
કળશ ચઢાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ. પુરૂષોત્તમ૦ ૬
ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહી જોડ. પુરૂષોત્તમ૦ ૭
સહુને પાર સહુ ઉપરે રે, એવી ચલાવી છે રીત. પુરૂષોત્તમ૦ ૮
નો'તી દિઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત. પુરૂષોત્તમ૦ ૯
સર્વના સ્વામી જે શ્રીહરિ રે, સર્વના કાવિયા શ્યામ. પુરૂષોત્તમ૦ ૧૦
સર્વેના નિયંતા નાથજી રે, સર્વેનાં કરીયાં કામ. પુરૂષોત્તમ૦ ૧૧
સ્વામિનારાયણ નામનો રે, સિક્કો બેસારિયો આપ. પુરૂષોત્તમ૦ ૧૨
એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ. પુરૂષોત્તમ૦ ૧૩
ધામી જે અક્ષરધામના રે, તેણે આપ્યો છે આનંદ. પુરૂષોત્તમ૦ ૧૪
અખંડ આનંદ આપી જીવને રે, કાપ્યાં ભારે ભવફંદ. પુરૂષોત્તમ૦ ૧૫
ખાતાં વળાવ્યાં છે ખોટ્યનાં રે, ખરી કરાવી છે ખાટ્ય. પુરૂષોત્તમ૦ ૧૬
બંધ કીધાં બીજાં બારણાં રે, વે'તી કીધી અક્ષર વાટ્ય. પુરૂષોત્તમ૦ ૧૭
તમ ટાળ્યું ત્રિલોકનું રે, પ્રકાશી પૂરણબ્રહ્મ. પુરૂષોત્તમ૦ ૧૮
અંધારૂ રહ્યું તું આવરી રે, તે ગયું થયું સુગમ. પુરૂષોત્તમ૦ ૧૯
સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત. પુરૂષોત્તમ૦ ૨૦
પૂર્વની દિશાયે પ્રગટી રે, ખોટા મોટા તે કર્યા ખદ્યોત. પુરૂષોત્તમ૦ ૨૧
અષાઢી મેઘે આવી કર્યાં રે, ઝાઝાં બીજાં ઝાકળ. પુરૂષોત્તમ૦ ૨૨
પુર ચાલ્યાં તે પૃથ્વીપરે રે, ધોયા ધરતીના મળ. પુરૂષોત્તમ૦ ૨૩
ગાજ વીજ ને વરસવું રે, અગમ સુગમ કર્યું સોય. પુરૂષોત્તમ૦ ૨૪
સહુ જનને સુખ આપિયું રે, દુઃખી રહ્યું નહિ કોય. પુરૂષોત્તમ૦ ૨૫
ધર્મનો ઢોલ સુણાવિયો રે, દેવા લાગ્યા પોતે દાત. પુરૂષોત્તમ૦ ૨૬





દુર્બળનાં દુઃખ કાપીયાં રે, ન જોઈ જાત કુજાત. પુરૂષોત્તમ૦ ૨૭
ધન્ય ધન્ય મારા નાથજી રે, ધન્ય ઉદ્ધારિયા જન. પુરૂષોત્તમ૦ ૨૮
ધન્ય ધન્ય આ અવતારને રે, ભલે મળ્યા ભગવાન. પુરૂષોત્તમ૦ ૨૯
વારે વારે જાઉં વારણે રે, કર્યાં અમારાં કાજ. પુરૂષોત્તમ૦ ૩૦
ઘણે હેતે ઘનશ્યમજી રે, મળ્યા અલબેલો આજ. પુરૂષોત્તમ૦ ૩૧
કહીયે મુખેથી કેટલું રે, આપિયો છે જે આનંદ. પુરૂષોત્તમ૦ ૩૨
નિષ્કુળાનંદ જાય વારણે રે, સે'જે મળ્યા સહજાનંદ. પુરૂષોત્તમ૦ ૩૩

રાગ : કાફી પદ-૧

આવજો આવજો આવજો રે, વાલા આજ અમ ઘેર આવજો,
મારે તમને ભેટ્યાનો છે ભાવ જો રે. વાલા૦ ટેક.
સુંદર સારી શોભા તમારી રે, દયા કરીને દેખાડજો રે. વાલા૦ ૧
દયા કરી હરિ દર્શન દેજો રે, મહેર મુજ પર લાવજો રે. વાલા૦ ૨
વાલા વળીવળી વાટડી જોઉં છું રે, આવી આનંદ ઉપજાવજો રે. વાલા૦ ૩
નિષ્કુળાનંદના નાથજી અમને રે, હેતે હસીને બોલાવજો રે. વાલા૦ ૪

પદ-૨

આપજો આપજો આપજો રે, વાલા આજ આનંદ મને આપજો
તમે મળે ટળે મારા તાપ જો રે. વાલા૦ ટેક.
મુખ જોયા વિના દુઃખ છે દલમાં રે, કૃપા કરીને તે કાપજો રે. વાલા૦ ૧
અંગોઅંગ આલિંગન લઈને રે, હેતે હૈયામાં મને ચાંપજો રે. વાલા૦ ૨
ચંદને ચર્ચી ચરણ તમારાં છે, છબીલાજી છાતી મારી છાપજો રે. વાલા૦ ૩
નિષ્કુળાનંદના નાથ મન મારૂં રે, અસ્થિર સ્થિર કરી સ્થાપજો રે. વાલા૦ ૪

પદ-૩

મળજો મળજો મળજો રે, મીઠા બોલા વાલા મને મળજો
મારો થાય જનમ સફળ જો. રે. મીઠા૦ ટેક.
દૂર રહ્યાનું જે દુઃખ છે દિલમાં રે, તેતો દર્શન દઈ હરિ દલજો રે. મીઠા૦ ૧
પોતાના જાણી દયા દિલ આંણી રે, પીયુ પ્રીતે કરી પાળજો રે. મીઠા૦ ૨
હુંતો છઉં દાસી ચરણ ઉપાસી રે, મુજપર વાલા વાલ્યે વળજો રે. મીઠા૦ ૩
નિષ્કુલાનંદના સ્વામી શ્યામળીયા રે, આજ અઢળક ઢળજો રે. મીઠા૦ ૪

**પદ-૪**

ભેટજો ભેટજો ભેટજો રે, ભાવે કરી ભૂધર મને ભેટજો
મને રાખી હૈયાની હેટજો રે. ભાવે૦ ટેક.
તમ વિના મારૂં તન મન તપે રે, મળી મનના તાપ મેટજો રે. ભાવે૦ ૧
અંગો અંગ જે અનંગની વેદના રે, તે શ્યામ મળીને સમેટજો રે. ભાવે૦ ૨
અંકભરી આલિંગન લેતાં રે, મારા પંડ્યનું પોત પલેટજો રે. ભાવે૦ ૩
નિષ્કુળાનંદના નાથ મળે જ્યારે રે, ત્યારે ઠરે મારૂં પેટજો રે. ભાવે૦ ૪

**રાગ : ધોળ પદ-૧**

એક સમયે શ્રીહરિ સ્વામી, તેડાવ્યા નિજજન,
વચનામૃત વરસાદ કરવા, પોતે થયા પ્રસન્ન. ૧
શ્રીહરિ કહે સહું સાંભળો, નરનારી સંત સમેત,
સર્વે સિધ્ધાંતનું સાર છે, હૈયે ધરજો કરી હેત. ૨
તને કરી મેં તપાસીયું, જો હોય ઉપાધી અનેક,
શ્રી બદ્રિપતિના બળ થકી, મારા અંતરમાં નહિ એક. ૩
અન્ય અંતર અવલોકીયાં, મન બુદ્ધિ ચિત્ત અહંકાર,
પકડી જુજવું પુછતાં, એ ચોખાં દીઠાં ચાર. ૪
ગુન્હો ઘણો ગાફલાઈનો, અતિ જોયો અમે આજ,
તેનું કારણ હું આત્મા, કાંતો મને મળ્યા મહારાજ. ૫
બળ લઈને એ બેઉનું, પોખે પાંચે ઈંદ્રિયે પંડ,
મુક્ત મટીને બધ બને, પછી ન રહે જ્ઞાન અખંડ. ૬
પાંચે ઈંદ્રિના પીછવિ, ભિન્ન ભિન્ન ભાખું ભોગ,
જેણે કરી આ જીવને, થાય જન્મ મરણ રોગ. ૭
મારા જાણીને મુજને, હૈયે આવ્યું હેત અત્યંત,
નિષ્કુળાનંદ એમ હરિ કહે, સહુ સાંભળજ્યો તમે સંત. ૮

**રાગ : ગરબી પદ-૧**

સ્વામિનારાયણ નામની જપો માળા રે,
સર્વે અંગ સંભાળી રૂપાળાં. સ્વામિનારાયણ૦ ટેક





પગે દશ આંગળિયો દેખી રે, ફણા ઘુંટી પેની જુગ પેખી રે,
ફેરો માળા ષટદશ લેખી. સ્વામિનારાયણ૦ ૧
જંઘા જાનું ઉભે ઉરૂં જોઈરે, નાભી ઉદરને સ્તન દોઈ રે,
ફેરો માળા દશ ચિત્ત પ્રોઈ. સ્વામિનારાયણ૦ ૨
ભુજ દો કર દશ આંગળિએ રે, કંઠ ચિબુકને મુખ વળી રે,
તેની માળા પંચ દશ મળી. સ્વામિનારાયણ૦ ૩
નાશા નયણ શ્રવણ સંભારી રે, ભ્રહ ભાલ શિષ પરવારી રે,
માળા નવ ફેરો નરનારી. સ્વામિનારાયણ૦ ૪
એમ પૂરણ માળા પચાસ રે, ભજતાં ભવદુઃખનો નાશ રે,
કહે નિષ્કુળાનંદ પ્રકાશ. સ્વામિનારાયણ૦ ૫

**પદ-૨**

સ્વામિનારાયણ નામને તુલ્ય નાવે રે,
જપ તપ તીરથ વ્રત કાવે. સ્વામિનારાયણ૦ ટેક
જપ તપ તીરથ વ્રત પાળે રે, દમી દેહ તે ગાળે હિમાળે રે,
અલ્પ પુણ્ય પામે કોઈ કાળે. સ્વામિનારાયણ૦ ૧
જોને નામ તણો પરતાપરે, જેનો જપ્યો અજામેલે જાપ રે,
થયો શુદ્ધ ને ગયો સંતાપ. સ્વામિનારાયણ૦ ૨
હોય અઘના ઓઘ અપાર રે, સર્વે મળી બળી થાય છાર રે,
કરતાં નારાયણનો ઉચ્ચાર. સ્વામિનારાયણ૦ ૩
એવો નામ તણો મહિમાય રે, ભજતાં ભવદુઃખ પલાય રે,
સત્ય નિષ્કુળાનંદ તેને ગાય. સ્વામિનારાયણ૦ ૫

**પદ-૩**

સ્વામિનારાયણ નામને નિત્ય ગાયે રે,
જેથી છોટા મટી મોટા થાયે. સ્વામિનારાયણ૦ ટેક
હતા નારદજી છેક છોટારે, જગ જાણે તે દાસીના છોટા રે,
ભજી નારાયણ થયા મોટા. સ્વામિનારાયણ૦ ૧
જોને વાલ્મિકીને વસિષ્ટ રે, જેને એક નારાયણ ઈષ્ટ રે,
ભજી નારાયણ થયા શ્રેષ્ઠ. સ્વામિનારાયણ૦ ૨

એહ આગે અનેક જે એવા રે, હરિ ભજી થયા હરિ જેવા રે,
તેમાં કસર ન રહી કહેવા રે. સ્વામિનારાયણ૦ ૩
નામ નામી વિના વાત કાચી રે, જોઈ નાથ સાથે રહો રાચી રે,
કહે નિષ્કુળાનંદ એહ સાચી. સ્વામિનારાયણ૦ ૪

### પદ-૪

સ્વામિનારાયણ નામને જે જપે રે,
તેથી કાળ માયા મન કંપે રે. સ્વામિનારાયણ૦ ટેક
કામ ક્રોધનું જોર ન જાગે રે, લોભ મોહનો લાગ ન લાગે રે,
હરિ ભજન થકી સહુ ભાગે. સ્વામિનારાયણ૦ ૧
આશા તૃષ્ણા જૈયે ઉઘડી રે, હરખ શોક ને ન કાઢે હડી રે,
રીષ ઈર્ષ્યા ન શકે નડી. સ્વામિનારાયણ૦ ૨
સર્વે સુખની સંપત્તિ પામે રે, મન લાગે નહિ અન્ય ભામે રે,
પછી ઠરી બેઠો નર ઠામે. સ્વામિનારાયણ૦ ૩
નારાયણનું નામ છે એવું રે, સુખદાયક સમઝી લેવું રે,
સત્ય નિષ્કુળાનંદને કહેવું. સ્વામિનારાયણ૦ ૪

### રાગ : ગરબી પદ-૧

પ્રથમ જીહ્વાએ જાળવી જમીએ રે, ત્યારે ગોવિંદને મન ગમીએ રે,
શુભાશુભ અનેક જે આહાર રે, તેને જમવું તે કરી વિચાર રે. ૧
એક ખાધે વાધે અતિ કામ રે, એવો આહાર કરવો હરામ રે,
એક ખાધે વાધે અતિ ક્રોધ રે, જાયે જ્ઞાન ન મનાય બોધ રે. ૨
એક ખાધે વાધે ઉંઘ અતિ રે, એક ખાધે ફરી જાય મતિ રે,
એક ખાધે પરવશ થાય રે, એક પીધે જીવ થકી જાય રે. ૩
ગાંજા ભાંગ્ય મદીરાને પમૃત રે, એને પીધે વાધે દુઃખ તરત રે,
હૈયે હરિજન તેશું ઉગરિયે રે, કહ્યું નિષ્કુળાનંદ એમ હરિએ રે. ૪

### પદ-૨

શ્રવણે શુભાશુભ ઓળખી રે, ગાઈએ શુભ અશુભ પેખી રે,
એક શબ્દ સુણી કામ જાગે રે, પછી પ્રીત પ્રેમદાશું લાગે રે. ૧
એક શબ્દ વ્યાપે અંગે કાળ રે, સુણી ન રહે શરીર સંભાળ રે,
એક શબ્દ સુણી થાય પાપી રે, ખાયે માંસને થાય સુરાપી રે. ૨





એક શબ્દે ત્યાગે સત્ય ધર્મ રે, એક શબ્દે કરે છે કુકર્મ રે,
એવા અનેક શબ્દની છે જાળ રે, જેમાં બાંધ્યા જીવ બહુકાળ રે. ૩
દુષ્ટ શબ્દ મહાદુઃખકારી રે, જેણે ભ્રષ્ટ થાય નરનારી રે,
સંતો ન કરો સોબત એવા સાથે રે, કહ્યું નિષ્કુળાનંદ એમ નાથે રે. ૪

### પદ-૩

હવે કહું સ્પર્શની રીત રે, સહુ સાંભળજો દઈ ચિત્ત રે,
સ્પર્શ માંહી સાર અસાર રે, તેનો કરવો મનમાં વિચાર રે. ૧
વિખ વહ્નિ વિંછી વિયાળ રે, એને સ્પર્શે જીવ્યાનો જંજાળ રે,
તેમ સ્પર્શવો નહિ જન પાપી રે, હોય આરતવાન કદાપી રે. ૨
મહા મલીન મન જેનું મેલું રે, જાય પુણ્ય તે સ્પર્શ્યા પહેલું રે,
હોય હત્યારે કલાલ કસાઈ રે, તેની સ્પર્શવી નહિ પરછાઈ રે. ૩
વેશ્યા પાતરીયું આદિ જે ફરે રે, પાપી નીચ કર્મ જે કરે રે,
આવે કુબુદ્ધિ સ્પર્શે શરીરે રે, કહ્યું નિષ્કુળાનંદ નરવીરે રે. ૪

### પદ-૪

એમ રૂપની રીત અનેક રે, જોવું સમજુને કરી વિવેક રે,
રૂપવંત જોબન જુવતી રે, જેને જોતાં ન રહે સ્થિર મતી રે. ૧
હેમ હસ્તી ને હીરા હવેલી રે, તેને જોતાં મતિ થાય ઘેલી રે,
સિંધુ શૈલ સર ને સરીત રે, જેવું જોયે તેવું થાય ચિત્ત રે. ૨
એવી રૂપની રીત અપાર રે, તેને જોવું તે કરી વિચાર રે,
માટે નિયમ નયનમાં ધરવું રે, પણ ફાટી નજરે ન ફરવું રે. ૩
વણ વિચારે જે જે જોવું રે, તે કો ખોટામાં જીવત ખોવું રે,
માટે નયણાં જોડો હરિ ધ્યાને રે, કહ્યું નિષ્કુળાનંદ ભગવાને રે. ૪

### પદ-૫

હવે કહું ગુણ ગંધ કેરો રે, શુભ અશુભ વાસમાં વેરો રે,
એક વાસે નાશે નિષ્કામ રે, ભુલી આત્માને ભજે ભામ રે. ૧
ચુવા ચંદન તેલ સુગંધી રે, અંગે અરચા અત્તર સંબંધી રે,
આવી ચર્ચે વિષયી જો જન રે, તેણે ન રહે નિર્મળ મન રે. ૨

માને સુખને સુંઘે શરીર રે, પછે ન રહે ધારણા ધીર રે,
માટે સુગંધી સમજીને લેવી રે, હોય પાપીની તો પાછી દેવી રે. ૩
જેમાં યોગીને થાય છે ધ્યાન રે, અંગે વાધે અતિ અભિમાન રે,
હેત કરી કહ્યું તમ કાજે રે, કહ્યું નિષ્કુળાનંદ એમ રાજે રે. ૪

**પદ-૬**

પંચે ઈંદ્રિય પંચ પ્રકારે રે, જીવ કરે છે જુજવો આહાર રે,
શબ્દ સ્પર્શ રસ ને રૂપ રે, લીયે નાસાયે વાસ અનુપ રે. ૧
જેવો આહાર કરે આ જન રે, તેવો ગુણ પ્રગટે છે તન રે,
માટે શ્રવણે હરિયશ સાંભળીયે રે, મળીયે તો મહામુક્તને મળીયે રે. ૨
જો જોઈએ તો હરિ હરિજન રે, જમીયે તો ઉત્તમ જોઈ અન્ન રે,
હરિકંઠે આરોપ્યા જે હાર રે, એહ સુગંધી સારમાં સાર રે. ૩
એમ રહેશો વિચારી જો આપ રે, નહિ લાગે તો પંચેનું પાપ રે,
એમ સમજ્યા વિના ભવફંદ રે, કહે નિષ્કુળાનંદ ગોવિંદ રે. ૪

**પદ-૭**

સંતો તમને કહ્યું મે જેહ રે, સર્વે સારમાં સાર છે તેહ રે,
જેણે જાણ્યો છે એટલો ભેદ રે, તેણે જાણ્યા પુરાણ ને વેદ રે. ૧
સર્વે શાસ્ત્રો પામીયો પાર રે, જેને આવીયો એહ વિચાર રે,
તેનાં સરિયાં સર્વે કામ રે, વળી પામશે તે મારૂં ધામ રે. ૨
એમ નહિ સમજે નરનાર રે, તેને મારે નથી જો વ્યવહાર રે,
માટે ઘણું ઘણું શું કહીયે રે, મારી વાત રાખજો આ હૈયે રે. ૩
કરી સેવા તેતો નહિ જાય રે, પણ કાચું તે કાચું કહેવાય રે,
સાચા સાથે છે મારે સગાઈરે, કહે નિષ્કુળાનંદ સુણો ભાઈ રે. ૪

**રાગ : સોરઠ પદ-૧**

પિયુજી વ્હેલા પધારજો, વ્હાલા જોઉં છું વાટ
વાયદો કર્યો તે વીતી ગયો, નાથ ન આવ્યા શા માટ. પિયુજી૦ ૧
અમાસે અરજ અમારડી, સુણો શ્યામ સુજાણ,
પહેલી કરી હરિ પ્રિતડી, પિયુ હરવાને પ્રાણ, પિયુજી૦ ૨





એક અમારો આધાર છો, બીજે ન બેસે મન,
અંતર રહે છે આલોચના, જોવા મુખ જીવન. પિયુજી૦ ૩
બીજે ઉપાયે અમારડે, નાવે સુખ શરીર,
અંતર શાંતિ ઉપજે નહિ, ધરૂં કઈ પેર્યે ધીર. પિયુજી૦ ૪
ત્રીજે ત્રીકમ તમારડું, મુખ જોશું મહારાજ,
તે દિન લેખે કરી લેખશું, જાશે દલડાની દાઝ. પિયુજી૦ ૫
ચોથે તે સુખ ચિંતવતાં, વળી જાયે મારૂં ચિત્ત,
સાલે ગણું રે શરીરમાં, પિયુ તમારી પ્રિત. પિયુજી૦ ૬
પાંચમે પિયુજી પુરીયે, અમે અબળાની આશ,
દયાળુ દર્શન દિજીયે, જાણી પોતાના દાસ. પિયુજી૦ ૭
છઠે છબીલાજી છેતરી, નોતું જાવું હો નાથ,
એવું હતું જો અંતરે, સ્વામી લેવાતા સાથ. પિયુજી૦ ૮
સાતમે શી પેરય કીજીયે, ઘણું તલફે છે તન,
વિરહ તણા વારીધિ મધ્યે, મુકી ગયા મોહન. પિયુજી૦ ૯
આઠમે અમને મેલી કરી, ગયા ગોકુળચંદ,
વિયોગે વ્હાલા અમે વિલખું, તમે કરો આનંદ. પિયુજી૦ ૧૦
નોમે તે નવલી પ્રીતમાં, તમે લોભાણા લાલ,
વિસારી મેલી મુને વ્હાલમાં, કાંઈ જાણી કંગાલ. પિયુજી૦ ૧૧
દશમે દસ દોરી નહિ, એવો શીયો અપરાધ,
અબળા ઉપર હરિ એવડો, વ્હાલા મ કરો વાદ. પિયુજી૦ ૧૨
એકાદશીયે હરિ અમારડા, અવગુણ છે અનેક,
દીનબંધુ દયા કરી, જીવન જોશોમાં એક. પિયુજી૦ ૧૩
દ્વાદશિયે દલ માહેરૂં, દાઝે દર્શન કાજ,
વ્હાલાજી વેલેરા પધારજો, મહેર કરી મહારાજ. પિયુજી૦ ૧૪
તેરસે વદન વિલોકવા, લોભી રહ્યાં લોચન,
મનમાં મનોરથ થાય છે, વ્હાલા જોવાને વદન. પિયુજી૦ ૧૫
ચૌદશે ચટકંતી ચાલશું, આવો લટકંતા લાલ,
મુખ તમારું મોહનજી, નિરખી થાઉં નિહાલ. પિયુજી૦ ૧૬

પૂરણ પુણ્યે પ્રગટ્યા, દેવા અમને આનંદ,
નિષ્કુળાનંદના નાથજી, સુખદાઈ સહજાનંદ. પિયુજી૦ ૧૭

**રાગ : ધોળ પદ-૧**

મળે જીવનમુક્ત તે જોગિયા,
ત્યારે ટળે તન મન તાપ સતસંગ કીજીએ-ટેક૦
ફરે અવયવ આ રે શરીરના, પરાં પળાય પંડના પાપ -સત્સંગ૦ ૧
જેમ કીટ મટી થાય ભમરી, તેને કીટ કહે નહિ કોય -સત્સંગ૦ ૨
જેમ પારસ પરસે લોહને, તે તો હેમ હેલામાંહી હોય -સત્સંગ૦ ૩
જેમ ચંદન વાસથી વૃક્ષને, કરે ચંદન સમાન સોય -સત્સંગ૦ ૪
જેમ મલિન મળે જળ જાહ્નવી, તેને તરત કરે ગંગા તોય -સત્સંગ૦ ૫
ત્રાંબા મહોર પલટે છે પાણીએ, કરે કંચનમય રસકૂપ -સત્સંગ૦ ૬
તેમ સદ્‌ગુરુ મુખિયા સંતથી, થાય જંત તે સંત સ્વરૂપ -સત્સંગ૦ ૭
શુક નારદ વ્યાસને વાલ્મિકી, એતો ઈશ્વર કાવિયા આપ -સત્સંગ૦ ૮
ધ્રુવ અંબરિષ પ્રહ્‌લાદ વિભીષણ, થયા સુખિયા સંત પ્રતાપ -સત્સંગ૦ ૯
સંત સર્વે સુખ થાવા ઠામ છે, તે તો પ્રસિદ્ધ કહે છે પુરાણ -સત્સંગ૦ ૧૦
મન કર્મ વચને તું માનજે, કહે નિષ્કુળાનંદ નિવારણ -સત્સંગ૦ ૧૧

**પદ-૨**

તમે અંતરની આંખે ઓળખી,
કરો સદ્‌ગુરુ સંતનો સંગ-ઓળખવું અંતરે -ટેક૦
ગાયે ગીતા ભાગવત સંતને, એવા લક્ષણ હોય જેને અંગ -ઓ૦ ૧
એથી અર્થ સરે સર્વે આપણો, જાયે જન્મ મરણનું દુઃખ -ઓ૦ ૨
હરખ શોક શમે આ સંસારના, થાયે અંતરે શાંતિ ને સુખ -ઓ૦ ૩
કરે નિરભે ભાંગી ભવ ભયને, તેને પાછો પરાભવ ન થાય -ઓ૦ ૪
મટે કાળ કર્મને કલ્પના, જમ શિર તે જાંગીના વાય -ઓ૦ ૫
સાચા સદ્‌ગુરુથી સુખ પામીએ, ખાયે ખોટાથી મોટી જો ખોટ -ઓ૦ ૬
જેથી જન્મ જાય એળે આપણો, પછે ચડીએ તે કાળની ચોટ -ઓ૦ ૭
મિથ્યાવાદીને સંગે જો માલતાં, કોઈ કાળે ન સરે કાજ -ઓ૦ ૮
પાર ન કરે પોત પાષણનું, તરે તારે જો કાષ્ટનું ઝાઝ -ઓ૦ ૯





એમ સત્ય અસત્યને ઓળખી, વળી કરીએ વિવેક વિચાર -ઓ૦ ૧૦
કહે નિષ્કુળાનંદ નર હેતનું, એળે ન ખોયે આ અવતાર -ઓ૦ ૧૨

**પદ-૩**

મળી મનુષ્ય દેહ મોંઘા મૂલની,
ફરી ફરી ન આવે જો એહ-સમજવું સાનમાં -ટેક૦
જેને દેવ વંછે ઘણું દલમાં, તોય પામે નહિ તન તેહ -સમ૦ ૧
નરતન તે નૌતમ નાવ છે, તરવાને સમુદ્ર સંસાર -સમ૦ ૨
તેમાં મળે સદ્‌ગુરુ માલમી, ત્યારે ઉતારે પળમાં પાર -સમ૦ ૩
એવો અવસર અવર આવે નહિ, સરખે સરખો મળ્યો છે સમાજ -સમ૦ ૪
સદ્‌ગુરુજીને શીશ આ અર્પીએ, કરી લઈએ જો આપણું કાજ -સમ૦ ૫
સમા વિના તે અર્થ સરે નહિ, રહીએ સમાસમે સાવધાન -સમ૦ ૬
માન મૂકી મળીએ મહંતને, આપે સદ્‌ગુરુજી નિજજ્ઞાન -સમ૦ ૭
ભાંગે ખોટ મોટી ખોયા દનની, વાગે જીતતણા જાંગીર ઢોલ -સમ૦ ૮
શોભે જીવન તેનું સંસારમાં, માણે આનંદ અતિ અતોલ -સમ૦ ૯
થઈ મગન મોજ ઘણી માણીએ, સાચા સદ્‌ગુરુ સંતને સંગ -સમ૦ ૧૦
મળી નિષ્કુળાનંદ મહંતને, લીજે અખંડ આનંદ અંગ -સમ૦ ૧૧

**પદ-૪**

ધન્ય ધન્ય એ સંત સુજાણને,
જેનું ઊલટી પલટ્યું આપ, સંત તે સ્વંય હરિ -ટેક૦
આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ -સંત૦ ૧
જેના શીશમાં શીશ છે શ્યામું, જેનાં નેણમાં નાથનાં નેણ -સંત૦ ૨
જેના મુખમાં મુખ મહારાજનું, જેનાં વેણમાં વાલાનાં વેણ -સંત૦ ૩
જેના કાનમાં કાન છે કૃષ્ણનાં, જેના નાકમાં નાસિકા નાથ -સંત૦ ૪
જેની જીભમાં જીભા જીવનની, જેના હાથમાં હરિના હાથ -સંત૦ ૫
જેના હૃદયમાં હૃદય હરિતણું, જેના પાવમાં પ્રભના પાવ -સંત૦ ૬
જેમ હીરો હીરા વડે વેંધીએ, તેમ થયો તે સહજ સમાવ -સંત૦ ૭
એમ સંતમાં રહ્યા છે શ્રીહરિ, માટે સંત છે સુખનું ધામ -સંત૦ ૮
ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન જે, તેને રહેવાનું સંત છે ઠામ -સંત૦ ૯

એવા સંત શિરોમણી ક્યાં મળે, જેણે દેહબુધ્ધિ કરી દૂર -સંત૦ ૧૦
કહે નિષ્કુળાનંદ એને સંગે, ઊગે અંતરે આનંદ સૂર -સંત૦ ૧૧

**રાગ : પરજ પદ-૧**

મનની વાતો મનમાં, રહી રહી ગઈ રહી રે,
માલમી વિના મનની કેની, આગે દેખાડું કહીએ. મનની૦ ટેક.
અરધી વાત ઉચ્ચારતાં આવે, અંતરે વિચાર થઈરે,
પછે પુરૂં પ્રકાશતાં મારૂં, હૈડું હાલે નહિરે. મનની૦ ૧
સાચું કહેતાં સંતાપ છે, કહોને કેમ કરીએ ભાઈરે,
જીહ્વાને રાખું જાળવીરે, રખે વધુ જાતી તું વહીરે. મનની૦ ૨
વણ ખપવાળા ને વારતાંજો, દાખીએ દીલ દઈરે,
શ્રદ્ધા વિનાના સાંભળી ઉઠે, આપે અવળું લઈરે. મનની૦ ૩
જેને દેહને સુખે સુખ છે, તેને દઈએ શીખામણ સહીરે,
નિષ્કુળાનંદ ન બોલવું રહેવું, મને મૌન ગ્રહીરે. મનની૦ ૪

**પદ-૨**

શોધી શોધીને શોધ્યું સત્ય, વાર્તા કેરો સારરે,
દેહ માનીને દુઃખનો કહ્યું, કેદી ન આવે પારરે. શોધી૦ ટેક.
પંચ વિષયશું પ્રીતડી જેની, લાગી રહી એકતારરે,
તેને સાચું સમજાવતાં વળી, લાગે લગારેક વારરે. શોધી૦ ૧
સુતાં ઉઠી જે સુખના કરે, હીંસોરા હજારરે,
તેને વાતો ત્યાગની સુણી, લાગે સોમલ ખારરે. શોધી૦ ૨
અમટ ઈચ્છા અંતર પિંડ, પોષવા છે પ્યારરે,
તેનું તાન તજાવતાં લાગે, અંગમાંહી અંગારરે. શોધી૦ ૩
પ્રતીત નહિ પરલોકની જેના, અંતરમાંહી લગારરે,
નિષ્કુળાનંદ એ નરને કહેવું, તે પણ કરી વિચારરે. શોધી૦ ૪

**પદ-૩**

ખોળી ખોળી ને ખોળીયું, ખરા ખપ વાળાની ખોટરે,
જેને ન જોએ જાળવ્યા સુણી, સમજે સીધું સોટરે. ખોળી૦ ટેક.





બીજા ઠેલ્યા ન ખશે ઠામથી, રોકે ત્યાં મૂકે દોટરે,
સુખ થાવાના સાજને ભાંગી, લઈ કરે છે લોટરે. ખોળી૦ ૧
જે કર્યાનું તે કરે નહિ, અણ કરવાની લીએ ઓટરે,
મરણ લગી જે મૂકે નહિ, બાંધી મમતાની જે મોટરે. ખોળી૦ ૨
સ્વારથ અર્થે શબ્દની સહે, ચાકર થઈને ચોટરે,
સંત કહે જો સુખને તજે, તેસું પાડી તોટરે. ખોળી૦ ૩
એવા અકોણા નરને કહીએ, હેતની વાતો કોટ્યરે,
નિષ્કુળાનંદ કહે ન્યાયમાં, ઝાલ્યા પછીયે કરે જોટરે. ખોળી૦ ૪

**પદ-૪**

કહી કહી ન કહીએ કોઈને, નથી કોને કહ્યાનું કાજરે,
પારકા દોષ દેખાડતાં, થાય આપણું અકાજરે. કહિ૦ ટેક.
ફાટે આભે ન લાગે થીગડી, શીદ દીલે કરીએ દાઝરે,
લાગ્યો દાવ ડુંગરે એતો, ઓલાય નહી આજરે. કહિ૦ ૧
આવે પુર ઉતાવળે, સરવે સરિતા સમાજ રે,
રહીએ તેને જો રોકવા, થાય તન પોતાનું તાજરે. કહિ૦ ૨
તીર આદિ ગોળો તોપનો, તેનો વારવા જાય વાજરે,
ત્યાં જોખમ થાય જીવનું, એની સહુ પાડે છે હાજરે. કહિ૦ ૩
એવા વેગમાં હોય ઉતાવળા, અતી રજ તમ ને રાજરે,
નિષ્કુળાનંદ કે ન છેડીએ એને, છેડ્યે ખોઈએ લાજરે. કહિ૦ ૪

**રાગ : ધોળ પદ-૧**

માનો મળી છે મોટી વાત, હાથ આવી તે માં હારજ્યોરે,
કરી જતન દિવસ રાત, સુતાં બેઠાં સંભાળજ્યોરે. ૧
સાચો મળ્યો છે સત્સંગ, અંગે અચળ કરી રાખજ્યોરે,
રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દૂર નાખજ્યોરે. ૨
લઈબેઠા છો મોટો લાભ, ભેટી પૂરણ બ્રહ્મનેરે,
નહિં તો દુઃખનો ઉગત ડાભ, માની લેજ્યો એ મર્મનેરે. ૩
આજ પામ્યા છો આનંદ, વામ્યા દારૂણ દુઃખનેરે,
એમ કહે નિષ્કુળાનંદ, રખે મુકતા એવા સુખનેરે. ૪

### પદ-૨

ઘણા મોંઘા જે ઘનશ્યામ, નાવે નજરે ન મળે કોઈનેરે,
અક્ષરવાસી આઠું જામ, જેને રહ્યા છે અખંડ જોઈનેરે. ૧
અતિ થઈને દીન આધીન, નિત્ય નમાવે શિશનેરે,
લગની લગાડી લે'લીન, જોઈ રહ્યા છે જગદીશનેરે. ૨
એવા મુક્તને મળવા કાજ, મોટા ઈચ્છે છે મનમાંરે,
શિવ બ્રહ્મા ને સુરરાજ, તે તો તલસે છે તનમાંરે. ૩
એવા દેવતાનાં દરશન, થાતાં નથી થોડી વાતમાંરે,
નિષ્કુળાનંદ વિચારો મન, આવો રહસ્ય બેસી એકાંતમાં રે. ૪

### પદ-૩

કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જુજવી એ જાત છેરે,
મર આપીયે સોસો શિશ, તોએ વણ મળ્યાની વાત છેરે. ૧
કિયાં કીડી કરી મેળાપ, ભેળા થાવા ભારે ભેદ છેરે,
કિયાં પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ છેરે. ૨
અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિક-નેરે,
તે તો દયા કીર ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકનેરે. ૩
તેયે થાય એનો મેળાપ, જ્યારે નરતન ધરે નાથજીરે,
કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય એને સાથજીરે. ૪

### પદ-૪

એવા મળ્યા છે મહારાજ, જે કોય સર્વેના શ્યામ છેરે,
વળી રાજ એ અધિરાજ, એને આધારે સહુ ધામ છેરે. ૧
ધામધામના જે રહેનાર, હજુર રહે છે જોડી હાથનેરે,
કરી આરત્યશું ઉચ્ચાર, શિશ નમાવે છે નાથનેરે. ૨
શિવ બ્રહ્મા ને સુરેશ, દેવ અદેવ રહે છે ડરતારે,
જેની આજ્ઞામાં અહોનિશ, શશિ સૂરજ રે'છે ફરતારે. ૩
કંપે કાળ માયા મનમાંય, અતિ ઘણું અંતરમાંરે,
કહે નિષ્કુલાનંદ કાંય, તું પણ ડરને તેના ડરમાંરે. ૪





### પદ-૫

એની આગળ જો આપણ, કોણ ગણતીમાં આવિયેરે,
શીદ ડો'ળીને ડહાપણ, સમજુ શાણા હસાવિયેરે. ૧
જેણે રચ્યું આ જગત, જોને જુજવી જાત્યનુંરે,
જોતાં મુઝાઈ જાય મત, એવું કર્યું ભાતભાત્યનુંરે. ૨
એણે કર્યું એવું એક, થાય નહિ જરૂર જાણિયેરે,
વણકર્યે એ વિવેક, શીદ અભિમાન આણિયેરે. ૩
મેલી ડા'પણ ભોળાપણ, રહિયે દાસના દાસ થઈનેરે,
કહે નિષ્કુળાનંદ આપણ, તો બેસિયે લાભ લઈનેરે. ૪

### પદ-૬

જે જે હરિયે કરિયું હેત, એવું કરે કોણ આપણેરે,
માત તાત સગાં સમેત, માન્યાં સનેહી ભોળાપણેરે. ૧
જોને ગર્ભ વાસની ત્રાસ, ટળે કેમ ટાળી કોયનીરે,
તે પણ ટાળીને અવિનાશ, રાખે ખબર અન્ન તોયનીરે. ૨
વળી સમેસમે સંભાળ, જાણો કરે હરિજનનેરે,
બીજું એવું કોણ દયાળ, કાંરે મનાય નહિ મનનેરે. ૩
એમ સમઝ્યા વિના જન, આવે ઉનમત્તાઈ અંગમાંરે,
કહે નિષ્કુળાનંદ વચન, પછી મન માને કુસંગમાંરે. ૪

### પદ-૭

જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છઉં કોઈ કામનોરે,
ત્યારે કો'ને વાધ્યો કુણ, લેતાં આશરો સુંદર શ્યામનોરે. ૧
જ્યારે કદી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારનેરે,
ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારનેરે. ૨
પછી પ્રભુ પામવા કાજ, જે જે કર્યું હતું આ જગમાંરે,
તેતો સર્વે ખોયો સાજ, પડ્યો ઠાઉકો જઈ ઠગમાંરે. ૩
એવા મૂરખની મીરાંત, એને અર્થે નથી આવતીરે,
કહે નિષ્કુળાનંદ વાત, હરિભક્તને મન ભાવતીરે. ૪

**પદ-૮**

આવી અરથની જે વાત, કોય નર ઉતારે અંગમાંરે,
ત્યારે સુખી થાય સાક્ષાત, પછી સમઝી રહે સત્સંગમાંરે. ૧
થઈ ગરીબ ને ગર્જવાન, શિષ્ય થઈ રહે સર્વનોરે,
મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનોરે. ૨
ખોળી ખોટ્ય ન રાખે કોઈ, ભલી ભક્તિ ભજાવવારે,
એક રહે અંતરમાંઈ, તાન પ્રભુને રિઝાવવારે. ૩
એવા ઉપર શ્રીઘનશ્યામ, સદા સર્વદા રાજી રહેછેરે,
સરે નિષ્કુલાનંદ કામ, એમ સર્વે સંત કહેછેરે. ૪

**રાગ : મેવાડી પદ-૧**

માવજીની મીટે ચડીયાં રે, હો આજ અમે માવજીની મીટે ચડીયાં રે. ટેક
પીયરીએ પરહરી પેલી, સાસરીએ સગાઈ મેલી,
ઘરને ગણી છે ઘેલી રે. હો. આજ૦ ૧
કુળમાં કડવી થઈ, લોકડીયામાં લજ્જા ગઈ,
ઘરમાં તો ગમે નઈ રે. હો આજ૦ ૨
લોચનીએ લગાડી બાણ, પ્રોવીને લીધા છે પ્રાણ,
તનડામાં તેની તાણ રે. હો આજ૦ ૩
નિષ્કુળાનંદને નાથે, અમને કીધાં છે હાથે,
પ્રાણ બાંધ્યા એને સાથે રે. હો આજ૦ ૪

**પદ-૨**

મીટડીને બાણે મારી રે, મર્માળે વાલે મીટડીને બાણે મારી રે. ટેક.
કરતાં ન સુઝે કામ, ઝંખના છે આઠું જામ,
મનડું ન બેસે ઠામ રે. મર્માળે૦ ૧
ગઈતી જમુનાને ઘાટે, પાણીલાં ભરવાને માટે,
મોહન મળીયા વાટે રે. મર્માળે૦ ૨
નયણાંની કરી સાને, મુજ પર તોડ્યું તાને,
કામણગારો છે કાન રે. મર્માળે૦ ૩
નિષ્કુળાનંદને વાલે, નાખી ચોટ નંદલાલે,
સાન એની મને શાલે રે. મર્માળે૦ ૪





**પદ-૩**

મનડું હરીને લીધું રે, લટકાળે વાલે મનડું હરીને લીધું રે. ટેક.
આવીને એ ઉભો સામો, જરકશી પહેરી જામો,
જોઈ મને લાગ્યો ભામો રે. લટકાળે૦ ૧
ઉભા છે કમર કસી, હેતે મને જોયું હસી,
દીઠે દિલ ગયા વસી રે. લટકાળે૦ ૨
તાને શું પાડતા તાળી, વનમાંયે વનમાળી,
ભુલી શુદ્ધ એને ભાળી રે. લટકાળે૦ ૩
લાલ છડી લઈ હાથ, શોભે છે સખાને સાથે,
નિષ્કુળાનંદનો નાથ રે. લટકાળે૦ ૪

**પદ-૪**

ચિત્તડામાં ચોટી ગયો, રે, અલબેલો વાલો ચિત્તડામાં ચોટી ગયો રે. ટેક.
અચાનક એને દીઠો, મનડામાં લાગ્યો મીઠો,
અંતરમાં આવી પેઠો રે. અલબેલો૦ ૧
વિસાર્યા વિસરે નહિ, કરીયા ઉપાય કહી,
હવે હું તો હારી રહી રે. અલબેલો૦ ૨
અમારૂં તો નવ ફાવ્યું, એણે કર્યું એનું ભાવ્યું,
મન મારૂં લઈ લોભાવ્યું રે. અલબેલો૦ ૩
કડવું થયું છે કાજ, વહાલો લાગે વ્રજરાજ,
નિષ્કુળાનંદનો રાજ રે. અલબેલો૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

વાય વાય જો કુમતી મતી તારીરે, મેલી મોહન વદન જોઈ નારીરે,
હાર્યો હેવાન કુબુદ્ધિ જીતી બાજીરે, લાગી પેજારુ ન આવી લાજ પાજીરે. ૧
તેં તો ખરી બલાને ખોળી લીધીરે, તે તો વાઘણી શું વાલપ કીધીરે,
તજી મહારસ મહાપ્રભુ મેવારે, જાણી ઝેરનું પારખું જાય લેવારે. ૨
તેં તો સ્નેહ કીધો સર્પ સાથેરે, માગી લીધું મુરખ દુઃખ માથેરે,
ઘણી ઘાત થઈ છે ઘરમાંઈ રે, તેનો તુજને વિચાર નહિ કાંઈરે. ૩

તારૂં વિષય સંગાથે મન બાંધ્યુ રે, આંબ તજીને આક ફળ ખાધુંરે,
તેં તો વણસાડ્યું છે કાજ તારૂં રે, કહે નિષ્કુળાનંદ તેહ સારૂંરે. ૪

પદ-૨

ધિક ધિક તારો જો અવતારરે, તેં તો ન કર્યો નર જો વિચારરે,
ચૌદલોકને ગઈ છે નારી ચાવીરે, તુંને તેની પ્રતીત કેમ આવીરે. ૧
બ્રહ્મા સરખાને જેણે ભુલાવ્યારે, શિવ સરખાને જેણે જો ડોલાવ્યારે,
જેણે એકલશૃંગીને અંધ કીધોરે, જેણે પારાશર પકડીને લીધોરે. ૨
કીધું નારદતણું તે મુખ કાળુંરે, ઋષિ સૌરભી તણું તે તપ ટાળ્યુંરે,
જેણે અંધ તે અસુરકુળ કીધુંરે, કહી અમૃત ને જો વિખ દીધુંરે. ૩
જેણે રાવળતણું તે કુળ ખોયુંરે, ત્યાં તારૂં તે મન કેમ મોહ્યુંરે,
લીધું દુઃખ તે અલ્પ સુખ સાટેરે, કહે નિષ્કુળાનંદ તે માટેરે. ૪

પદ-૩

બળો બળો કુમતી મતી તારીરે, તે તો વાત કાંય જો ન વિચારીરે,
ક્યાં ગઈ તારી અક્કલ અભાગીરે, તજી સુખ દુઃખ મુખ લીધું માગીરે. ૧
તુંને વિષયના મોદક કેમ ભાવેરે, થવા હડકાયાની હોંશ કેમ આવેરે,
તારૂં ધન દારા દેખી દીલ ડોલેરે, થઈ બાવરોને હકબક બોલેરે. ૨
તારૂં અસત્ ધંધે મન લાગ્યુંરે, સુતા અહીને ઉઠાડી વિખ માગ્યુંરે,
મનગમતી ખાધી તે ઠગ મુળીરે, તજી સુખ સેજસુણો જઈ સુળીરે. ૩
ફટફટ જો કુમતી મતિ તારીરે, તજી મહીને વલોવ્યું જઈ વારીરે,
કહે નિષ્કુળાનંદ નર તુંનેરે, વળી કહીશ કહ્યું નહિ મુનેરે. ૪

પદ-૪

એક અચંબો થાય છે અતિ ભારીરે, તુંને લાજ નથી આવતી લગારીરે,
લખચોરાશી કુટુંબકુળ તારૂંરે, ખરશુકરમાં કેને કુણ સારૂંરે. ૧
ઈંડજ ઉદ્દીજ ને સ્વેદજ જરાયોરે, વાર અનેક તું ઉપજ્યો મરાયોરે,
ઉંચ નીચમાં લીધો તેં અવતારરે, આવ્યો શ્વપચદેહ વર્ણઅઢારરે. ૨
એકએકને ઉદર નર આવ્યોરે, તું તો સર્વે તણો સુત કહાવ્યોરે,
તેની લાજ તુંને ન આવી લેશરે, હવે આપીયે તે શો ઉપદેશરે. ૩
દીઠો નહિ તુજ જેવો કોઈ ડાહ્યોરે, તું તો ભુખને દુઃખી ન કાયોરે,
કહે નિષ્કુળાનંદ તે કેટલુંરે, માન તજી હજી માનેતો છે ભલુંરે. ૪





પદ-૫

સત્યવાદ એક સાંભળોને સારીરે, જો જ્યો જન મન વાત એ વિચારીરે,
આવી મનુષ્ય દેહ શા માટેરે, આવ્યો કોણ કામ ચાલ્યો કોણ વાટેરે. ૧
તેની સંતને પુછી વાત સાચીરે, તુંતો આપણે ડા'પણે રહ્યો રાચીરે,
કરે સુખના સમાજ કાજ કામરે, તારું મન મોહ્યું દામ વામ ધામરે. ૨
કરે મનોરથ મન નિત્ય નવારે, વિષય સુખ વળી જે ભોગવવારે,
આજસુધી તેનો અભાવ ન આવેરે, કેમ ધતુરાનાં ડોડા ભૂંડા ભાવેરે. ૩
ડસ્યો ભોયંગને લાગે લીંબ મીઠોરે, કરી કમાણીને હાલ્યો નર હેઠોરે,
શી અક્કલ લીધી છે નર શીખીરે, કહે નિષ્કુળાનંદ નર દેખીરે. ૪

પદ-૬

એક વાત વળી સાંભળી છે સારીરે, કહું વિવિધ પ્રકારે જો વિચારીરે,
એક બાવરો બેસાર્યો છે વહાણેરે, માન્યું મુરખ પડ્યો હું બંધીખાનેરે. ૧
ચડ્યો ફેરને દીઠું છે સર્વે ફરતુંરે, માન્યું મનમાં એ પામ્યો હવે મૃત્યુંરે,
થયો આકળો અભાગી લાગી લેરીરે, ખરા ખારવા વિશેષે જાણ્યા વેરીરે. ૨
ચડી ડોલને દીઠું છે દુઃખ દાઈરે, મારી ઠેક છેક પડ્યો પાણી માંઈરે,
એમાં દોષ કહો કેને હવે દઈએરે, મળ્યો સત્સંગ તરી તજી જઈયેરે. ૩
તજી સુખ પડ્યો દુઃખ દધીમાંઈરે, એમ કાર્યમાં ન જાય કચવાઈરે,
સર્વે સુખદુઃખ વહાણનું જો સહીયેરે, કહે નિષ્કુળાનંદ પાર થઈયેરે. ૪

પદ-૭

એક મુરખને હાથે મણી મળીરે, જોઈ ચાખી સુંધી ન લાગી ગળીરે,
હતો વેવલોને કહાવતો વિવેકીરે, જોઈ તોડી ફોડી નાખી નરે ફેંકીરે. ૧
તેમ સત્સંગ મળ્યો શિરોમણીરે, હતી બાળબુધ્ધિ કુબુધ્ધિ તે ઘણીરે,
તેણે સત્સંગ રંગ અંગે ત્યાગ્યોરે, કાળા કમળાને કસુંબો ન લાગ્યોરે. ૨
રહ્યો પથ્થર કોરો જો પાણીમાંઈરે, જેમ જળ મળે જવાસો સુકાઈરે,
મળી મર્કટને રાજસાજ રીધ્ધીરે, દેખી ટોપરૂંને તરત ઠેક દીધીરે. ૩
મળી અલ્પ મતીને વાત મોટીરે, કરે અનુમાન જ્ઞાન કહે ખોટીરે,
મળી અનુપમ મોજ તેજ ત્યાગીરે, કહે નિષ્કુળાનંદ એ અભાગીરે. ૪

પદ-૮

જેમ સર્પને પાળીને દુધપાયરે, તેતો ઘરના પરનાને ખીજવ્યો ખાયરે,
જેમ વેરીને શીખવે વિદ્યા વિધરે, કરે દાવ ઘાવ પાછો પરસિધરે. ૧

દેખે દિનમાં અંધારૂં ખાંચે ખોળીરે, એવા અંધનર ઉલુકની ટોળીરે,
એવો નરકોઈ ન દીઠો નઠારોરે, મલ્યું કલ્પવૃક્ષ માગ્યો છે કુઠારોરે. ૨
પડ્યું અવળું ન સુજે બીજું આચરે, રીઝ્યા રાજપાસ માગીછે પિયાજરે,
હરિ કલ્પવૃક્ષ સમ કહાવેરે, મળે તેને તેવું જેવું જેને ભાવેરે. ૩
કહે છે દૈવનો ચોર મેલ્યું દેખીરે, પણ અંતરની ઈચ્છા ન ઉવેખીરે,
પડી જન્માંતરે વાત પાચીરે, કહે નિષ્કુળાનંદ એહ સાચીરે. ૪

**રાગ : સામેરી પદ-૧**

સહજાનંદ સિંધુ રે આજ મારે ઉલટ્યા રે,
ભાંગી મારી ભવો ભવની ભૂખ રે,
કંગાલપણું રે બાઈ મારું કાઢીયું રે,
દૂર કીધું દારીદર ને દુઃખ-સહજાનંદ૦ ૧
આનંદની લેરું રે એમાં અતિ ઘણી રે,
મરજીવા કરે છે માંયે મોજ,
મૂઠડીને ભરી રે જેણે મુક્તાફળની રે,
ભાંગી બેઠા જન્મ મરણ ભોજ-સહજાનંદ૦ ૨
નવ નિધિની રે નથી મારે વંછના રે,
સિદ્ધિ તે સામું શીદ હવે જોય,
સરવેનું કારણ રે મળિયા ચિંતામણિ રે,
હવે જે જે ચિંતવિયે તે હોય-સહજાનંદ૦ ૩
અનાથ અભાગી રે બાઈ જો અમે નહિ રે,
અમે છૈયે સભાગિયા શાહુકાર,
રંક ટાળીને રે કિધાં અમને રાજવી રે,
દીન ટાળી કીધાં છે જો દાતાર-સહજાનંદ૦ ૪
માલ અતોલ રે બાઈ અમ પાસળે રે,
તેણે હું તો મગન રહિ મનમાંય,
નિષ્કુળાનંદ રે આનંદ અતિ ઘણો રે,
સઈ કયે સુખતણી જો સીમાય-સહજાનંદ૦ ૫

**પદ-૨**

સહજાનંદ સિંધુ રે દયાળુ દયા તણા રે,
ઉલટિયા આજ ન રાખી ઓછ,





નિહાલ જો કિધાં રે કંઈક કંગાળને રે,
આપી આપી અધમ જનને જો મોછ-સ૦ ૧
જેહી નર પાસે રે નોતિ એક નાસરી રે,
જેમ તેમ કરીને ભરતા જો પેટ,
ભૂખ તેની ભાગી રે લાગી હૂંડી હાલવા રે,
થયા થયા સુખી સભાગિયા શેઠ-સ૦ ૨
કણકણ કાજે રે જે જણ જમ જાચતા રે,
રેતા રેતા આઠે પોર જે આધેન,
તેને લઈ સોંપી રે સદાવ્રત સુખડી રે,
ભાંગી ભાંગી ભૂખ થયું સુખ ચેન-સ૦ ૩
પરિશ્રમ વિના રે પારસમણિ મળી રે,
રળી રળી વળી ન મળે જે મૂલ્ય,
ઢળિ ઢળિ વળી રે લેર્ય સુખ વારની રે,
ટળી ટળી ભીખ બુદ્ધિની જે ભૂલ્ય-સ૦ ૪
ઉદધિ ઉલટે રે નિધિ નવ માંય છે રે,
થાય છે સેવતાં ઘણું જો સુખ,
નિષ્કુળાનંદ રે આનંદ અતિ ઘણો રે,
મહિમા તે મોટો ન કહેવાય મુખ-સ૦ ૫

**પદ-૩**

સહજાનંદ સિંધુ રે સખી સદા સેવિયા રે,
જો સુખ ઈછીયે મનમાંય,
ડગમગ કરી રે દલ ન ડોલાવિયે રે,
જેણે કરી જીત્યો અવસર જાય-સ૦ ૧
અવસર આવો રે અવર આવે નહિ રે,
જેમાં કાંયે મળિયા સુંદર શામ,
એવાને મૂકીને રે અન્ય ન આરાધિએ રે,
જેણે કરી જીવિત થાયે હરામ-સ૦ ૨
સુપના સરીખાં રે સુખ આ સંસારનાં રે,
પશુ વિના બીજો ન કરે પરતિત,

વણસીને જાતાં રે વાર જો લાગે નહિ રે,
દેહ ગેહ દારાદિક સુત વિત્ત-સ૦ ૩
તે ઈછયું નવ્ય આવે રે હાથ્ય છે હરિ તણે રે,
આપ્યા વિના લેવાય નહિ તે લેશ,
પરિશ્રમ કરી રે જાયે કોયે પામવા રે,
કરે ઉપજાવી ઉલટો કલેશ-સ૦ ૪
અન્ય જો ભરોંસો રે અંતરથી ઉવેખીયે રે,
દેખીએ કાંઈ દલમાં કરી વિચાર,
નિષ્કુળાનંદ રે સખી તે સભાગણી રે,
જેને ઉપર પ્રસન્ન પ્રાણ આધાર-સ૦ ૫

**પદ-૪**

સહજાનંદ સિંધુ રે સખી જો સભર ભર્યા રે,
એકરસ અખંડ ને અવિનાશ,
અંતરની આંખે રે જોશે તે જાણશે રે,
આવે ન જાયે જેમ આકાશ-સ૦ ૧
લેર્ય તરંગ રે બુદા બુદા બહુ થયાં રે,
દેવ દુનિ મુનિ નર ને જો નાર્ય,
સ્થાવર જંગમ રે દિસે જોતાં જુજવાં રે,
આદ્યે અંત્યે મધ્યે વિલસે વાર્ય-સ૦ ૨
હીમ કરા ને રે લૂણ બહુ લેખતાં રે,
જોતાં દિશે જુજવી તેહની જાત્ય,
ઉત્તમ મધ્ય રે એથી અળગું નહિ રે,
પોતે એક પાડી ભિન્ન ભિન્ન ભાત-સ૦ ૩
ભાડું ભરીયે રે જેમ કોયે જળનું રે,
રાખીયે તે રતનાગર ને માંય,
ભીંતર બાહર રે ભર્યું જળ ભાળીયે રે,
ભાજન ભાંગતે તોય રહ્યું ત્યાંય-સ૦ ૪





આવે ન જાયે રે અખંડ એ આત્મા રે,
જેહ સ્થિર અસ્થિર તે નવ્ય થાય,
નિષ્કુળાનંદ રે લેર્ય આનંદની રે,
ઉપની તે સાયર માંયે સમાય-સ૦ ૫

**રાગ : પરજ પદ-૧**

સ્વામિનારાયણ દેવ રે, ભજ મન નરનારાયણ દેવ રે. ટેક
શિવ સનકાદિક નારદ સરખા, નિત્ય કરે છે જેની સેવ રે. ભજ૦ ૧
વિશાલાવાસી સબ સુખરાશી, યોગ અભ્યાસી અભેવ રે. ભજ૦ ૨
જેને ભજતાં ભવ દુઃખ નાશે, ત્રાસે તાપ તતખેવ રે. ભજ૦ ૩
નિષ્કુળાનંદ કહે નાથ ભજ્યાની, પાડી અંતરમાં ટેવ રે. ભજ૦ ૪

**પદ-૨**

સ્વામિનારાયણ નામ રે, વ્હાલુ લાગે સ્વામિનારાયણ નામ રે. ટેક.
રાત દિવસ મારા હૃદિયા ભીતર, જપીશ આઠું જામ રે. વ્હાલું૦ ૧
ભવજળ તરવા પાર ઉતરવા, ઠરવાનું છે ઠામ રે. વ્હાલું૦ ૨
સર્વોપરી શ્યામ છે નરવીર નામ, સુંદર સુખડાનું ધામ રે. વ્હાલું૦ ૩
નિષ્કુળાનંદના નાથને ભજતાં, વારે તેનું નહિ કામ રે. વ્હાલું૦ ૪

**પદ-૩**

સ્વામિનારાયણ નાથ રે, મારે શિર સ્વામિનારાયણ નાથ રે. ટેક.
અવર દેવને હું સ્વપ્ને ન ઈચ્છું, મન માન્યુ મારૂં એ સાથ રે. મારે૦ ૧
ભરત ખંડના ભૂપને ભાળી, હવે શીદને રહું અનાથ રે. મારે૦ ૨
સર્વેના સ્વામી અંતરજામી, એવા જાણી સોંપ્યો એને હાથ રે. મારે૦ ૩
નિષ્કુળાનંદ કહે નિઃશંક થઈ, ગાઈશ એના ગુણગાન રે. મારે૦ ૪

**પદ-૪**

સ્વામિનારાયણ વીર રે, વસ્યા હૃદે સ્વામિનારાયણ વીર રે. ટેક.
અસ્થિર મન સ્થિર થયું છે, ગયું અંતરનું અધીર રે. વસ્યા૦ ૧
સમ્યો સંશય ને શોક સર્વે, થઈ શાંતિ સુખ શરીર રે. વસ્યા૦ ૨
નિરભે થયાં ગયાં દુઃખ દિલનાં, થઈ ચિત્તની વૃત્તિ સ્થિર રે. વસ્યા૦ ૩
નિષ્કુળાનંદ કહે આનંદ આવ્યો, હવે દિલે નહિ દિલગીર રે. વસ્યા૦ ૪

# દેવાનંદ સ્વામીનાં કીર્તન

**રાગ : લાવણી પદ-૧**

કહત હૈ સહજાનંદ સ્વામી, સુનો સયાને સાધુ હરિજન,
અતિ આનંદ પામી... કહત૦
કરીજે મંદિર અતિભારી, શ્રીનગરમેં શોભાનિધિ,
સબકું સુખકારી... કહત૦ ૧
સયાને બ્રહ્માનંદ સ્વામી, પ્રથમ કહો તવ મનકી રુચિ
નિરમલ નિષ્કામી... કહત૦ ૨
પુની કહો મુક્તાનંદ સ્વામી, બદ્રીપતિ પધરાવે.
તામે એહી અંતરજામી... કહત૦ ૩
દોઉવત બોલે કરજોરી, નરનારાયણ ઈષ્ટદેવ હે
તવ આશ્રિતકોરી... કહત૦ ૪
ભયે તબ રાજી ઘનશ્યામા, દેવાનંદ કહે આગ્યા દિની,
કરને શુભ ધામા... કહત૦ ૫

**પદ-૨**

ભયે મહા પ્રભુ કે મન ભાયે,
આગ્યા દિની આનંદ સ્વામી દેવલ બનવાયે...ભયે૦..
મૂર્તિ દોઉ લાયે મનમાની,
નરનારાયણ દેવ અલોકી, સંતન સુખદાની ભયે૦ ૧
લાયે હરિકૃષ્ણ ધર્મ ભક્તિ,
ગુનસાગર ગોલોકબિહારી, છબી નીકી લકીત ભયે૦ ૨
પત્ર લખી ગઢપુર પઠવાયે,
સમાચાર સબ જાને શ્રીપતિ, અતિ આનંદ પાયે ભયે૦ ૩
ચલે ગઢપુરસે મુદ માને,
સહજાનંદ સુખકંદ ધર્મસુત, સબ મુનિ સંગ લીને ભયે૦ ૪
બાત સુની દેશ દેશ તબહી,
દેવાનંદ કહે દરશન આયે, સતસંગી સબહી ભયે૦ ૫





**પદ-૩**

હરિ જબ પુર બાહીર આયે,
રથ અરૂ ગાડી વેલમે બેઠે, હરિજન મન ભાયે...હ૦
પદાતિ તુબકદાર તાતે.
ઘોરેકી ઘમસાન, માન બલ સુર વિરમાતે... હરિ૦ ૧
ચલે સંગ સબ ગઢપુરવાસી
ચાર બરનકે નર અરુ નારી, અંતર સુધ આસી... હરિ૦ ૨
ગલે મહી ઘુઘરમાલ ઘમકે,
બેલ અતિ બલવાન માતે, ચાલત હૈ ઠમકે... હરિ૦ ૩
ચઢે પ્રભુ માનકી પરજાઈ,
સુફલ કીયે હરિજનકે લોચન, મૂર્તિ મન ભાઈ... હરિ૦ ૪
ચલે તબ તહાંસે બનવારી,
દેવાનંદ સારંગપુર રજની, ઠેરે ગિરધારી... હરિ૦ ૫

**પદ-૪**

અરધનિશી ઉઠે અવિનાશી.
જાઈ કીયા મુકામ ગાંફમેં ગિરધર ગુનરાશિ...અ૦
ઉહાસે વૈરાટપુર આયે,
મુરલી મનોહર મહાપ્રભુકો મંદિરયેં... અરધ૦ ૧
ચૌતરા પીરા પલકે હેઠે,
નાગનાથકી વાડી આગે પ્રભુ તાપર બેઠે... અરધ૦ ૨
સુની સબ પુરવાસી ધાવે,
મહાપ્રભુ કે દરશન કરને, સહુ બરન આવે... અરધ૦ ૩
અપરમીત લોક નીમ ધરહી,
જલ દેવત જગજીવન, કોટી કર્મ નાશ કર હી... અરધ૦ ૪
અલૌકિક લીલા એહી દેખી,
દેવાનંદ કહે ભવજલ તારન, જનમ સુફલ લેખી... અરધ૦ ૫

પદ-૫

પ્રાત પ્રભુ જેતલપુર આયે,
નિરમલ જલ નારાયન સરમેં સંત સહિત નાયે...
સભા ઘનશ્યામ તહાં કીની,
આગેકા એક મોલ અલૌકિક રચના રંગભીની... પ્રાત૦ ૧
જીમે હરિ ભોજન બહુભાતી,
શીરા પૂરી શાક મીઠાઈ ખૂબ કરી ખાંતી... પ્રાત૦ ૨
મહાપ્રભુ પીરસવા આવે,
સંતપંગતમેં સાધુ લાડુ તાસ ભરી લાવે... પ્રાત૦ ૩
પ્રેમસુ પંગતમેં ફરહી,
હેત સહિત મુનિ હરિજન લોચન દેખી દેખી ઠરહી... પ્રાત૦ ૪
શૈંર મહી ખબર પરી સારી,
દેવાનંદ કહે નાથ પધારે, સંગ મુનિ બ્રહ્મચારી... પ્રાત૦ ૫

પદ-૬

નગરમહી આનંદ ભયો ભારી,
બાલ જઠર બીન હરિ દરશન હિત ઓય નરનારી...
હરિજન સનમુખ સબ આયે,
બહુત ભાતકે બાજા બાજત સામૈયા લાયે... નગર૦ ૧
પણવ અરૂ તાંસા ધફ બાજે
પડઘમ બેના ગોમુખ ભેરી સરનાઈ સાજે... નગર૦ ૨
ઊંટ પર નોબત ગડગડતી
દેવત ડંકા મન નહીં શંકા સોલ કલા ચડતી.. નગર૦ ૩
સબનકુ ભેટ ભઈ અબહી,
ધરી પૂજા રાજા હરિ આગે ચરન પરસ કીયે તબહી... નગર૦ ૪
દેરા હરિ કાંકરિયે કીના,
દેવાનંદ કહે દરશન દુર્લભ સુલભ કરી દીના... નગર૦ ૫

પદ-૭

મનુષ્યકા બોત ભયા મેલા,
દેશદેશકે હરિજન આવત સંગ ભયે ભલા...મનુષ્યકા





હરિકો દરસન જબ કરહી,
હોત સમાધિ બહુત જનનકુ ધરતી પર ઢરહી... મનુષ્યકા૦ ૧
ખેંચીકે નાડી પ્રાન લેવે,
ધર્મકુંવર નીજ ધામકે દરસન હરિજનકુ દેવે... મનુષ્યકા૦ ૨
શૈંરકો સાહીબ એક સારો,
દુર્લભ સાહીબ દરસન આયો હરિસંગ હિતવારો... મનુષ્યકા૦ ૩
ચરનમેં શીશ નમ્યો આઈ,
નાથ તુમારી સેવા સુંદર કહા કીજે ધાઈ... મનુષ્યકા૦ ૪
કછુ મોય કામકાજ દીજે,
દેવાનંદ કહે પલટન, અપની ચોકીમેં રીજે... મનુષ્યકા૦ ૫

પદ-૮

ચલે હરિનગર મહી જબહી,
આજ દેખી શુભ ધર્મકુંવરકો કામ લાજે તબહી...ચલે૦
તુરંગા પચરંગી તાતા,
રક્તપીત અરૂ શામ શ્વેત લખી લીલબરમાતા... ચલે૦ ૧
જરીકે સાજ હૈ નવરંગી,
ભુષન બસન પેરીકે બેઠે તાપર સત્સંગી... ચલે૦ ૨
છબી ઘનશ્યામ પિયા કેરી,
પુરન શશી જયું ઉડન અંબર લીને હે ઘેરી... ચલે૦ ૩
સોનેર પાઘ ઝુકી શીરપે,
પેચ ગુલાબી તોરા મધુકર ગુનત હે ધીરપે... ચલે૦ ૪
ચમર દોઉ ઢોરત બ્રહ્મચારી,
દેવાનંદ કહે હરિવર, પેરે ભુષન બસન ભાર... ચલે૦ ૫

પદ-૯

દેખી હરિ મગન ભયે સબહી,
ચોપદાર જયકાર કરત હૈ હરિ આગે તબહી...દેખી૦
બાજત હૈ બાજા બહુ ભાતી,
તાંસા પણવ દુદુંભી ત્રાંસા ગોમુખ ગરજાતિ... દેખી૦ ૧

સેનાઈ પરધમ ધફ બાજે,
ભેરીકો ભનકાર હોત હૈ ત્રંબાલુ ગાજે... દેખી૦ ૨
જરીકે નિશાન પચરંગી,
ઉડત નેજા ઘુમત ઘોરે અંતર ઉમંગી... દેખી૦ ૩
હરિજન ઝાંઝ મૃદંગ ગાવે,
મહાપ્રભુકે ગીત મનોહર જનમન લલચાવે... દેખી૦ ૪
સંતકો મંડલ સબ આગે,
દેવાનંદ કહે પેદલ હયદલ અતિનિકે લાગે... દેખી૦ ૫

પદ-૧૦

શહર મહી પેઠે સુખરાશિ,
નરનારી સબ મગન ભયે હૈ દેખત અવિનાશી...શહર૦
બોલ હૈ ભાવિક જન બાની,
જનમ સુફલ કર દીનો અપનો હરિ સારંગપાની... શહર૦ ૧
ડગર મહી ઠાઢે કર જોરી,
નયનભરી નીરખત નટવરકુ ચીત લેને ચોરી... શહર૦ ૨
ભલે પ્રભુ આયે પુરમાંહી.
બહુત કાલકે પ્યાસે લોચન ત્રપત કીનાં હી... શહર૦ ૩
કહત હૈ ઐસે નરનારી,
અનંત જનમકે પાપ જીવકે દરશ દીયે ટારી... શહર૦ ૪
સુનત હૈ દેખત હરિ સબહી,
દેવાનંદ કહે રૂમાલ મુખ પે હસન દેત તબહી... શહર૦ ૫

પદ-૧૧

ઉવાંસે આગે પ્રભુ આયે,
મંદમંદ ચલત મનોહર, પુરજન મન ભાયે...ઉ૦
અગાશી ગોખ અટા જારી,
તા પર ઠાડી કરત નિછાવર નૌતમ નરનારી... ઉવાંસે૦ ૧
ભરી ભરી મોતનકી પારી,
મુષ્ટિ ભરી ઘનશ્યામ વદન પર દેવત હૈ ડારી... ઉવાંસે૦ ૨





કોહુ જન ચતુર ભુજા દેખે
કોહુ જન દેખત અષ્ટ સહસ્ર કર પ્રેમ મગન પેખે... ઉવાંસે૦ ૩
જનુકા મનમાંહી જૈસે,
શ્રીનગર મહી દરસન દીને હરિ તાકુ તૈસે... ઉવાંસે૦ ૪
અવિદ્યા ભેખ કરે પાપી.
દેવાનંદકે નાથ પધારે મૂલ દીયે કાપી... ઉવાંસે૦ ૫

પદ-૧૨

ઝરખે ઝાંખત પુર નારી,
અરસપરસ યું બોલે અપનો ભાગ્ય ભયો ભારી...ઝરખે૦
પ્રગટ યહ પુરુષોત્તમ પાયે,
જન્મ સુફલ કર લીને અપને ઘર બેઠે આયે... ઝરખે૦ ૧
છબી હરિ દેખત મન હરખે,
વારંવાર સોઈ લેત બલૈયા, કુસુમઝરી વરખે... ઝરખે૦ ૨
શેષ ગુન શારદ જેહી ગાવે,
જોગી કરત વનવાસ દરસહિત સુપનેહી આવે... ઝરખે૦ ૩
હરિ જબ નર નાટક કરહી,
કરત અલૌકિક લીલા જન સંભારી ભવ તરહી... ઝરખે૦ ૪
હરિ દરશકી ઝાંખી કરકે,
દેવાનંદ કહે પ્રેમ મગનભઈ, લોચન જલ ભરતી... ઝરખે૦ ૫

પદ-૧૩

ડગરમેં ભીર અતિ ભારી,
ઝુકે ઝરૂખે ઘટા છટા છબી હે ન્યારી ન્યારી...ડગરમેં૦
મહાપ્રભુ માનીકચોક આયે,
બડે બડે સાહુકાર દરસ હિત કર જોરી ધાયે... ડગરમેં૦ ૧
કુસુમકે હાર લીયે કરમેં,
પ્રેમમન પૈરાવત હરિકુ બડભાગી નરમેં... ડગરમેં૦ ૨
નવલ છબી નીરખત નરનારી,
અપને દ્વાર ખડે કર જોરી શીશ નમન સારી... ડગરમેં૦ ૩

ચહુટા ચોક ગલી શેરી,
સબહી શેર મહી દરશન દીના બહુત બેરી બેરી... ડગરમેં૦ ૪
ફરી પુર મંદિર મહી પેઠે,
દેવાનંદ કહે ભીર લોક લખી દરવાજે પેઠે... ડગરમેં૦. ૫

**પદ-૧૪**

દ્વારકે મેડે પર રાજે,
ભોજન જીમેં તહાં મનભાવન ખીરપુરી ખાજે...દ્વારકે૦
સંતકી પંગત ભઈ ન્યારી,
પીરસત મહાપ્રભુ પ્રીતે લાડુ કરી કરી મનુવારી... દ્વારકે૦ ૧
પુની પ્રભુ બોલાયે જોષી,
સંવત (૧૮૭૮) અઢાર અઠ્યોતેર ફાગુન શુદ ત્રીજ હોસી..દ્વારકે૦ ૨
લગન શુભ ઠેરાયો પ્રીતે,
પધરાવન નરનારાયનકુ રચ્યો મંડપ રીતે... દ્વારકે૦ ૩
વિધિવત પૂજન કીયે સબહી,
મંદિરમેં પધરાવન પ્રભુકુ આપ ગયે તબહી... દ્વારકે૦ ૪
મૂર્તિકુ બાથ ભરી ભેટે,
દેવાનંદ કહે કરગ્રહી કેશવ સિંહાસન બેઠે... દ્વારકે૦. ૫

**પદ-૧૫**

પ્રેમસું મૂર્તિ પધરાઈ,
સહજાનંદ મહારાજ ખડે હૈ દ્વાર મંદિર આઈ...પ્રેમસું૦
મધુર મુખ બોલત લાયે બાની,
નરનારાયણ દેવકે દરસન હોવત દુઃખહાની... પ્રેમસું૦ ૧
કામ અર્થ ધર્મ મોક્ષ ચ્યારી,
મનવાંછિત ફલપાવત યાકુ સુમરત નરનારી... પ્રેમસું૦ ૨
ભૂષન અરૂ બસન થાર કર હી,
મહારોગ મીટ જાવત સહજ ભવસાગર તરહી... પ્રેમસું૦ ૩
દંડવત પ્રદક્ષિણા દેવે,
ડગ ડગ મહી લહે યજ્ઞનહું કો ફલ સુધમતિ સેવે... પ્રેમસું૦ ૪





હમારો રૂપ યેહી જાનો,
દેવાનંદ કહે શ્રીમુખ બોલે મમ મૂર્તિ માનો... પ્રેમસું૦ ૫

**પદ-૧૬**

ચલે પ્રભુ જયજયકાર કરીકે,
સબ હરિજનકે ભુવન પધારે થાર જીમેં ફરી કે...ચલે૦
ચોરાશી શ્રીનગર કેરી,
દોઈ દિવસમેં હી કરની એસી આગ્યા હૈ મેરી... ચલે૦ ૧
પુની પ્રભુ કાંકરીયે આયે,
સભા કીની સરતીરે સુંદર મુનિવર મન ભાયે... ચલે૦ ૨
જીમાય ભોજન બહુભાંતિ,
તાજા ઘી મંડી તલે ચુરમા ખૂબ કરી ખાંતી... ચલે૦ ૩
વિપ્રકુ દાન વિવિધ વિધ દીનાં.
ભૂષન બસન કડાં કરપોચી વેઢ વીંટી કીના... ચલે૦ ૪
રૂપૈયા ભરી કંચન થારી,
દેવાનંદ કહે પઢે પુરાની તાહી દીયે ધારી... ચલે૦ ૫

**પદ-૧૭**

સભા મહી આયે વિપ્ર સારે,
પઢે પુરાની કાવ્ય કૌમુદી ન્યાય નીતિ વારે...સભા૦
પ્રશ્ન પ્રભુ કહત સુનો સબહી,
કીસબીધ જીયકો હોત કલ્યાના બાત કહો અબહી... સભા૦ ૧
વિપ્ર તબ બોલે કર જોરી,
પઢે પુરાના ન્યાય પેટ હિત ફીરત હે ઢોઢોરી... સભા૦ ૨
સભામેં વિજયશંકર આવ્યો,
ધન અરૂ રાજ અદાલતકો મદ તાકે ઉર છાયો... સભા૦ ૩
બોલીયો ઉલટ સુલટ આઈ,
તાકો માન ઉતાર્યો મહા પ્રભુ એક વચન માંઈ... સભા૦ ૪
ચલે હરિ પંડિત સમજાઈ,
દેવાનંદ કહે જીતી લીયે સબ કરીકે પ્રભુતાઈ... સભા૦ ૫

### રાગ : ગરબી – પદ-૧

ભજ્યો નહિ ભગવાનને રે, મળ્યો માણસનો દેહ;
પ્રીત કરી પરનારમાં હાં રે નીચ સોબત સ્નેહ... ભજ્યો૦ ૧
મિથ્યા માયાના જોરમાં રે, થયો અંધ અજાણ;
લાજે વીંટાણો લોકની, હાં રે કરે આપ વખાણ... ભજ્યો૦ ૨
ચિંતા ઘણી ચિત્તમાં ભરી રે, હાલ ભૂંડા હેરાન;
ફુટેલ હૈયું ને ફેલ આવડે, હા રે મીથ્યા મોટપનું માન... ભજ્યો૦ ૩
જૂઠાબોલો નથી જાણતો રે, માથે મરવાની ઘાત;
દેવાનંદ કહે જમ આવશે, હાં'રે માર મૂરખ ખાય... ભજ્યો૦ ૪

### પદ-૨

અંતે જાવું છે એકલા રે, સંગે આવે નહિ કોઈ;
માતપિતાને ભાઈ દીકરા, હાંરે નારી કૂટે છે રોઈ... અંતે૦ ૧
ભુખે મરીને ભેળી કરી રે, માયા લાખ કરોડ;
દાટી રહેશે દરબારમાં, હાંરે જોને આંખ્યું ફોડ... અંતે૦ ૨
જીવ સંગાથે જાય છે રે, પુણ્ય પોતાનાં પાપ;
સુખદુઃખ ફળ તેનાં ભોગવે, હાંરે જમપુરીમાં આપ... અંતે૦ ૩
રાજા ધર્મની આગળે રે, ખાશો મૂરખ માર;
દેવાનંદ કહે દેહ ધારશો, હાંરે લક્ષ ચોરાસી વાર... અંતે૦ ૪

### પદ-૩

ભૂલી ગયો ભગવાનને રે, ગયું જોબન બાળ;
આવ્યું બુઢાપણ અંગમાં, હાં રે, કેડે આવે છે કાળ... ભૂલી૦ ૧
ઘરના માણસ જાણે ઘેલડો રે, કોઈ માને નહિ વાત;
અક્કલ ઘટીને વધી આપદા, હાં રે કેદી મરશે કુજાત... ભૂલી૦ ૨
મનમાં અતિ ધન ધાખડી રે, વ્હાલા વિષય વિકાર;
આડાબોલો અફીણીઓ, હાં રે દુઃખ પામે અપાર... ભૂલી૦ ૩
શરીરનું ચામડું સુકાઈ ગયું રે, થયો અંધ બધીર;
દેવાનંદ કહે હરિ ન ભજ્યા, હાં રે બહુનામી બળવીર... ભૂલી૦ ૪





### પદ-૪

પ્રભુ ભજી લેને પ્રાણિયા રે, ધન દોલત ને નાર;
અંતે જાવું તજી એકલા, હાં રે સગાં કુટુંબ સંસાર... પ્રભુ૦ ૧
જેણે ભજ્યા જગદીશને રે, ભવ પામ્યા તે પાર;
એને વિસારીને આથડે, હાં રે ગોથાં ખાશે ગમાર... પ્રભુ૦ ૨
લક્ષ ચોરાશી જાતના રે, આવે દેહ અપાર,
જન્મમરણ ગર્ભવાસનું, હાં રે દુઃખ વારંવાર... પ્રભુ૦ ૩
વૈદ્ય કોટી વાંસે ફરે રે, કરે ઔષધ અનેક;
રંચ ન ટાળે રોગને, હાં રે દેવાનંદ કહે વિવેક... પ્રભુ૦ ૪

### રાગ : રાગ ગરબી – પદ-૧

હૈયાના ફૂટ્યા હરિ સંગે હેત ન કીધું; ટેક૦
લખચોરાશી કેરું લગડું, તાણી માથે લીધુજી... હૈયાના૦ ૧
પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયુજી;
ચાર દિવસના જીવતર સારુ, મન માયામાં મોહ્યુંજી... હૈયાના૦ ૨
જન્મમરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકિયો ટાળીજી;
માતપિતા યુવતી સુત સંગે, વિસાર્યા વનમાળીજી... હૈયાના૦ ૩
આળશ ને અજ્ઞાન અતિશે, કામ બગાડ્યું તારુંજી;
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારુંજી... હૈયાના૦ ૪

### પદ-૨

દુનિયામાં ડાહ્યો ડહાપણમાં દુઃખ પામે... ટેક૦
ભવતારણ ભગવાન વિસારી, ચડિયો ઠાલે ભામેજી... દુનિયા૦ ૧
મનુષ્યદેહ મળ્યો અતિ મોટો, ખોટો જાણી ખોયોજી;
ચોરે ચૌટે જૂઠું બોલ્યો, નાહક નીર વલોયોજી... દુનિયા૦ ૨
હરિ હરિજન સંગે હેત ન કીધું, પીધું વિખનું પાણીજી;
સુખ સંસારી પામ્યા સારુ, મુવા લગી ઘર તાણીજી... દુનિયા૦ ૩
હર્ષ શોકની નદીઓ મોટી, તેમાં જાય તણાણોજી;
દેવાનંદ કહે હરિ ભજ્યા નહિ, ઘણે દુઃખે ઘેરાણોજી... દુનિયા૦ ૪

**પદ-૩**

અજ્ઞાની તારા અંતરમાં દેખ વિચારી. ટેક૦
અંતસમે કોઈ કામ ન આવે, સગાં કુટુંબ સુત નારીજી...અજ્ઞાની૦ ૧
જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતોજી;
કાળ કરાળ કઠણ શિર વેરી, દિલમાં કેમ નથી ડરતોજી... અજ્ઞાની૦ ૨
માલ ખજીના મંદિર મેલી, મુવા ભૂપ મદમાતાજી;
શ્વાન શૂકરના દેહ ધરીને, ઘર ઘર ગોથાં ખાતાજી... અજ્ઞાની૦ ૩
આજ અમૂલખ અવસર આવ્યો, હરિ ભજવાનું ટાણુંજી;
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખરચે નાણુંજી... અજ્ઞાની૦ ૪

**પદ-૪**

પામર તેં પ્રાણી વિસાર્યા વનમાળી. ટેક૦
મિથ્યા સુખમાયામાં મોહ્યો, મૃગતૃષ્ણા જળ ભાળીજી... પામર૦ ૧
આઠ પહોર અંતરમાં બળીઓ, ઘણા ઘણાને ધાયોજી;
રળી ખપી ધન ભેળું કીધું, ના ખરચ્યો ના ખાયોજી... પામર૦ ૨
નારી આગળ નિર્લજ થઈને, બીતો બીતો બોલેજી;
હડકલાવે હસી બોલાવે, કરે તૃણને તોલેજી... પામર૦ ૩
સાસુ સસરો સગાં સંબંધી, તેની સેવા કીધીજી;
દેવાનંદ કહે સાધુજનની, તેં સેવા તજી દીધીજી... પામર૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે... ટેક૦
સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે, એ છે જૂઠી માયા કેરી જાળ...અંત૦ ૧
મારું મારું કરી ધન મેળવ્યું રે, તેમાં તારું નથી તલભાર... અંત૦ ૨
સુખ સ્વપ્ન જેવું છે સંસારનું રે, જેને જાતાં ન લાગે વાર... અંત૦ ૩
માટે સેવે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધિના તાપ... અંત૦ ૪
અતિ મોટા પુરુષને આશરે રે, બળે પૂર્વજન્મનાં પાપ... અંત૦ ૫
એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ...અંત૦ ૬
દેવાનંદનો વહાલો દુઃખ ટાળશે રે, મનવાંછિત પૂરણકામ... અંત૦ ૭





**પદ-૨**

મળ્યો મનુષ્યનો દેહ ચિંતામણી રે, તારા અંગમાં છે રોગ અસાધ્ય;
નથી લેતો નારાયણ નામને રે. ટેક૦
માથે જન્મમરણ મોટું દુઃખ છે રે, તારા અંતરમાં હરિને આરાધ્ય...નથી૦ ૧
ઘણું સૂઝે છે કામ સંસારનું રે, કરે સગાનું નિત્ય સન્માન... નથી૦ ૨
હેત કરતો નથી હરિદાસમાં રે, હૈયાફૂટ્યા તું લૂણહરામ... નથી૦ ૩
પરનારી સંગાથે કરી પ્રીતડી રે, તારો એળે ગયો અવતાર...નથી.૦ ૪
બહુનામીની બીક નથી રાખતો રે, ખરે ખાતે મળીશ ખુવાર...નથી૦ ૫
અતિ કઠણ વેળા છે અંતકાળની રે, પછે થાશે તને પસ્તાવ...નથી૦ ૬
દેવાનંદની શિખામણ માનજે રે, તારા અંતરમાં કરીને ઉછાવ...નથી૦ ૭

**પદ-૩**

તારા મનમાં જાણે મરવું નથી રે, એવો નિશ્ચે કર્યો નિરધાર;
તેમાં ભૂલી ગયો ભગવાનને રે... ટેક૦
ધનદોલત નારી ને ઘણા દીકરા રે, ખેતીવાડી ઘોડી ને ઘરબાર...તેમાં૦ ૧
મેડી મંદિર જરૂખા ને માળિયારે, સુખદાયક સોનેરી સેજ... તેમાં૦ ૨
ગાદી તકિયાને ગાલમસુરીયારે, અતિ આડ કરે છે એજ... તેમાં૦ ૩
નીચું કાંધ કરીને નમતો નથી રે, એવું સાધુ સંગાથે અભિમાન...તેમાં૦ ૪
મરમાળી મોહનજીની મૂરતિ રે, તેની સાથે ન લાગેલ તાન...તેમાં૦ ૫
પાપ અનેક જન્મનાં આવી મળ્યાં રે, તારી મતિ મલિન થઈ મંદ...તેમાં૦ ૬
દેવાનંદના વહાલાને વીસરી ગયો રે, તારે ગળે પડ્યો જમફંદ...તેમાં૦ ૭

**પદ-૪**

તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિરધાર;
તોય જાણ્યા નહિ જગદીશને રે... ટેક૦
મોટા મેલીને રાજ મરી ગયો રે, જોને જાતાં ન લાગે વાર... તોય૦ ૧
તારું જોબન ગયું જખ મારતું રે, માથે કાળા મટી ગયા કેશ...તોય૦ ૨
અંતકાળે લેવાને જન આવિયા રે, તેનો ભારી ભયંકર વેશ...તોય૦ ૩
રોમ કોટી વીંછી તણી વેદના રે, દુઃખ પામ્યો તું દૈવના ચોર...તોય૦ ૪
સગાં સ્વાર્થી મળ્યાં સહુ લૂંટવા રે, કે'નું જરા ન ચાલે જોર...તોય૦ ૫

જીભ ટૂંકી પડી ને ત્રુટી નાડીઓ રે, થયું દેહ તજ્યાનુ તત્કાળ...તોય૦ ૬
દેવાનંદ કહે ન જાણ્યા મારા નાથને રે, મળ્યો માણસનો દેહ વિશાળ...તોય૦ ૭

રાગ : ચાબખો — પદ-૧

આવું તારું ધન રે જોબન ધૂળ થાશે, કંચન જેવી કાયા તે રાખમાં રોળાશે
ટાઢા ઊના રે તુંને તાવ જ આવશે, ને વસમું થઈને વિતાશે;
દાતણ પાણી ને નાહ્યા વિના તારી, દેહ બધી ગંધાશે રે... આવું૦ ૧
બોલવા ચાલવા નહીં દીએ પ્રાણી તારી જીભલડી ઝલાશે;
શ્વાસ ચડશે ને આંખો ફરકશે, નાકની તે ડાંડી નમી જાશે રે... આવું૦ ૨
વૈદ્ય તેડાવે એની નાડી જોવરાવે, કડવાં તે ઔષધ પાશે;
તૂટી એની બૂટી નહીં મળે એના, જીવની શી ગતિ થાશે રે... આવું૦ ૩
એક બીજા વિના ઘડીએ ન ચાલે, તે તારી ત્રિયા તો રંડાશે;
જુગો રે જુગનું છેટું પડ્યું પ્રાણી તારા, નામની તે ચૂડીઓ ભંગાશે રે... આવું૦ ૪
ખોખલી દોણીમાં તારી આગ જ કાઢશે ને, મસાણે લાકડાં લેવાશે;
સઘળું કુટુંબ તને સળગાવી દઈ પછી, બારમાના કાગળો લખાશે રે... આવું૦ ૫
દશ દિવસ તારું સૂતક પાળશે, ને દાઢી ને મૂછ મૂંડાશે;
સઘળું સૂતક તારું કાઢી નાખીને પછી, બારમાનાં સુખડાં ખવાશે રે...આવું૦ ૬
દયા ધર્મ ને ભક્તિ વિના તારું, સઘળું દ્રવ્ય લુંટાશે;
દેવાનંદ કહે હરિ ભજ્યા વિના જમ, છોટાં મોટાને લઈ જાશે રે...આવું૦ ૭

રાગ : ગરબી

ઉત્તમ દિવસ અમાસનો સુંદર શ્રીઘનશ્યામ,
અનંત બ્રહ્માંડના અધિપતિ નાથ સદા નિષ્કામ;
તેને ભજે ત્યારે ટળે અગણિત કર્મ અપાર,
દેવાનંદ કહે દેહનો નથી ઘડીના નિરધાર... ટેક૦ ૧
પડવે જગ પ્રપંચમાં ભૂલી ગયો ભગવાન,
દોલત નારીને ઘણા દીકરા એ છે મોટ્યપને માન
મિથ્યા રચ્યું માયાતણું સ્વપ્નું સકળ સંસાર... દેવાનંદ કહે૦ ૨
બીજે હતું બહુ જન્મનું તે ઉદય થયું આજ,
મનુષ્ય દેહ મોંઘો મળ્યો ભેટવા સંત સમાજ;
તે માટે તુજને કહું હરિ ભજ વારંવાર... દેવાનંદ કહે૦ ૩





ત્રીજે ટેક વિવેકની રાખજે ધર્મની રીત,
માધવ મંગળમૂર્ત્તિ જેથી મળે જગદીશ;
વાસના તજ વ્યવહારની હરિ સુખ દેવનહાર... દેવાનંદ કહે૦ ૪
ચોથે ચાળા ચિત્તની મેલી માન-અપમાન,
અંતર્યામીને ઓળખી કર ગોવિંદ ગુણગાન;
ભરતખંડમાં પામ્યો અતિ દુર્લભ અવતાર... દેવાનંદ કહે૦ ૫
પંચ વિષયના પૂરમાં જગત તણાણું જાય,
સત્સંગનાવમાં બેસીને અતિ સુખે ઉભરાય;
સાચા સંતને સેવતાં મટશે જમના પાર... દેવાનંદ કહે૦ ૬
છઠીના લેખ લખાવીયા તે મિથ્યા કેમ થાય,
સુખદુઃખ સર્વ સંસારમાં દેહથકી ભોગવાય;
કુકર્મ કોટી કલ્પના લાગ્યાં જીવની લાર... દેવાનંદ કહે૦ ૭
સાતે દ્વીપ શોધીયું કર્મ ન ટાળે કોય,
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં હરિ વિના સુખ નવ હોય;
તે પ્રગટ્યા પૃથ્વીપતિ ભજ તજી વિષયવિકાર... દેવાનંદ કહે૦ ૮
આઠમે જે પ્રભુ અવતર્યા કૃષ્ણ કૃપાળું કાન,
તે તારું દુઃખ ટાળશે પાળશે પરમ નિધાન;
અધમઉદ્ધારણ ઓળખો અતિસુખના આગાર... દેવાનંદ કહે૦ ૯
નોમે તેને ભજ્યા નથી તે ભટકે ભવમાંહી,
શ્વાન સૂકર ખર થઈ ફરે કીધેલ નીચ કમાઈ;
ખાનપાન વિશ્રામ તે નહિ ઠરવાનું ઠાર... દેવાનંદ કહે૦ ૧૦
દસમે દશ અવતારનું ધરજે ઉરમાંહી ધ્યાન,
પૂરણકામ સદા પ્રભુ દેત અભયપદ દાન;
કાચો ઘડો કુંભારનો એવો આ પિંડ આજાર... દેવાનંદ કહે૦ ૧૧
એકાદશી ઉપવાસમાં કર વશ ઈંદ્રિય અગિયાર,
ધર્મ અર્થ ફળ મોક્ષના પામીશ ચારે પ્રકાર;
તેનું જતન કરી જાળવે મળશે પ્રગટ મોરાર... દેવાનંદ કહે૦ ૧૨
તેરમી સિદ્ધિને ટાળવા મુક્ત ફરે તજી માન,

તેને મળ્યા વિના મૂરખા આથડી મરીશ અજાણ;

આપે ન તાણજે એકલો શ્વાસ શકટનો ભાર... દેવાનંદ કહે૦ ૧૩

ચૌદ લોકની સંપત્તિ મેલીને જાવું જરૂર,

સ્થાવર જંગમ જીવ જેટલા જાશે પાણીને પૂર;

જોને તપાસી જીવમાં અવસર આવ્યો ઉદાર... દેવાનંદ કહે૦ ૧૪

સોળ કળા શોભે ઘણી પૂનમ ચંદ્ર પ્રકાશ,

મન્મથ માન ઉતારવા રાસ રચ્યો ખટમાસ;

તે નારાયણ નામનો અહોનીશ કરજે ઉચ્ચાર... દેવાનંદ કહે૦ ૧૫

સોળતિથિ સુખધામ છે જે સુણે જે ગાય,

તે પર રીઝે શ્રીહરિ પાતક પ્રલય થાય;

દોષ દેખે નિજ દેહમાં મિથ્યા માયા મોઝાર... દેવાનંદ કહે૦ ૧૬

**રાગ : રાજીયો – પદ-૧**

જોને વિચારી તારા જીવમાં હો પ્રાણી,

ભૂલી ગયો ભગવાન રે ઘર ધંધે ઘેર્યો–

કેડે આવે છે તારે કાળ અતી કોપતો.

ખાધાખેલ્યામાં ખોયું બાળપણું હો૦ જોબન આવ્યું થયો જુવાન રે...ઘર૦ ૧

રોળ્યો ફરે છે દિન રાતમાં હો૦ પાપ કર્યામાં અતિ પ્રીત રે... ઘર૦ ૨

અંગે બુઢાપણ આવ્યું હો૦ નિર્લજ થઈને ફરે નીત રે... ઘર૦ ૩

સંગત કરે ન કેદી સંતની હો૦ હરિ ભજ્યામાં નહિ હેત રે... ઘર૦ ૪

અંતે લેવાને જમ આવશે હો૦ દેવાનંદ કહે હજી ચેત રે... ઘર૦ ૫

**પદ-૨**

અંતે જાવું છે ઊઠી એકલા – હો જાણજે,

સગાં ન આવે કોઈ સાથ રે – મરવાને ટાણે; પ્રભુ વિના કોણ મુકાવે જમમારથી.

કંઠ રૂંધાશે કફજાળથી હો૦ કાળા જમકિંકર દેખાય રે... મર૦ ૧

નવસેં નવાણું ત્રુટે નાડીયું હો૦ બહોતેર કોઠામાં લાગે લાય રે... મર૦ ૨

રોમકોટિ વીંછીની વેદના હો૦ હેડું હાલ કલોલ થાય રે... મર૦ ૩

આંખ્યું ઉઘાડે અતિવેદના હો૦ શેષ કોટિથી ન કહેવાય રે... મર૦ ૪

દુઃખ પામીને તજે દેહને હો૦ દેવાનંદ કરે કોણ સહાય રે... મર૦ ૫





**પદ-૩**

રોતા કુટુંબી રહ્યા રાતમાં હો પાપીયા,

ધામ ધરાને ધન માલરે કોઈ સાથે નાવે;

મેલીને પાળો જમપુરની વાટે જાય છે.

કર્મ કર્યાં તે આડાં આવશે હો૦ હરિ ભજ્યા વિના બેહાલરે... કોઈ૦ ૧

ભેળું ન લીધું ભાતું પુણ્યનું હો૦ ભુખ તરસની પીડા થાયરે... કોઈ૦ ૨

જીવ માર્યા તે આડા આવશે હો૦ તારૂં કાપીને તન ખાયરે... કોઈ૦ ૩

લોઢાની નારી ઉની લાલ કરી હો૦ બાથ ભરાવી દેવે મારરે... કોઈ૦ ૪

આંખ્યોમાં ઉના ગજ નાખશે હો૦ નીરખી દેવાનંદ કહે છે પરનારરે...કોઈ૦ ૫

**પદ-૪**

મેલ્યા વિચારી ઘનશ્યામને – હો મૂરખા,

દુઃખનો ન આવે હવે પાર રે – સંતોના દ્રોહી;

પડવાનું પાપે કર તારે કુંભીપાકમાં.

આગળ વૈતરણી નદી આવશે હો૦ માથે મુદગળના લાગે માર રે... સં૦ ૧

દીધાં નથી તેં ગૌદાનને હો૦ કોણ ઉતારે સામે તીર રે... સં૦ ૨

કાંઠે કોળુમાં કાયા પીલશે હો૦ છોતા સરીખું થાય શરીર રે... સં૦ ૩

ઊભો ધર્મની આગળ રાખશે હો૦ માગે રતી રતીના જવાબ રે... સં૦ ૪

કુટુંબ સારુ કર્યાં પુણ્યપાપને હો૦ એકલો દેવાનંદ કહે ભોગ આપ રે...સં૦ ૫

**રાગ : ગરબી – ઢાળ : રે સગપણ હરિ વરનું સાચું.**

ચાલો સખી સતસંગમાં જાઈએ,

ગુણ સ્વામિનારાયણના ગાઈએ... ચાલો૦ ૧

કે કારતકે મનને કહું વારી, સ્વામી મારા સુધ લેજો મારી;

કે હું છું દાસી રે તમારી... ચાલો૦ ૨

કે માગસરે મોહ મનને મારી, કે દિલમાંથી દૂબધાને ટાળી;

સન્મુખ રઈને રે સ્વામીને ધારી... ચાલો૦ ૩

કે પોષે પ્રીતલડી રાખી, માયામાં શું રે રહ્યા રાચી;

આ દેહ તારી નહિ આવે પાછી... ચાલો૦ ૪

કે માહે મોહનને મળવા, ચોરાસીનો ફેરો રે ટળવા;
ચલતા તે નીર સાબરના ભરવા... ચાલો૦ ૫
કે ફાગણે ફૂલ કરી ફરતાં, જે નર અભિમાનમાં વરત્યાં;
કે તે નર દીઠા છે બળતા... ચાલો૦ ૬
કે ચૈતરે ચોપ કરીને ચાલો, કુસંગ મેલી સતસંગને ઝાલો;
નહિ તો જન્મારો જાશે ઠાલો... ચાલો૦ ૭
કે વૈશાખે વર્તમાનને પાળો, સન્મુખ થઈને સ્વામીને ધારો;
નહિ તો બ્રહ્મમોલ જશે ઠાલો... ચાલો૦ ૮
કે જેઠે જાગીને જુઓ, આવ્યો હીરો હાથે શું ખુઓ;
આઠે પોરે સૂઈને શું ભૂલો, ચાલો૦ ૯
કે અશાડે અંતરમાં રેજો, દીન જાણી દરશન રે દેજો;
સ્વામી મારા હૃદયમાં રેજો... ચાલો૦ ૧૦
કે શ્રાવણે સહજાનંદ સ્વામી, આવો મારા અંતરના જામી;
નમું તમને સન્મુખ રહી સ્વામી... ચાલો૦ ૧૧
કે ભાદરવે અંતરની વાતું, પ્રભુ વિના કોણ ભાંગે ઘાંચુ;
હરિ વિના કોણ પૂરે ખાંતુ... ચાલો૦ ૧૨
કે આસોએ આનંદ પામી, આવ્યા મારા અંતરના જામી;
પૂરી મારી હઈડાની હામી... ચાલો૦ ૧૩
કે જે ગાશે તે ગંગાજી નાશે, સાંભળશે તે અક્ષરધામમાં જાશે;
દેવાનંદ કે સુખીઓ થાશે... ચાલો૦ ૧૪

**રાગ : ધોળ-પદ-૧**

ધીરજ ધર તું અરે અધીરા, ઈશ્વર પૂરે અન્ન જોને;
ખલક તણો ખટકો પ્રભુને, સાચું માને મન જોને...૧
જન્મ્યું તેને જિવાડવાને, ઉપાય શોધ્યો શુદ્ધ જોને
હાડ માંસના હૈયા મધ્યે, દેવે સરજ્યાં દૂધ જોને...૨
કીડીને કણ હાથીને મણ, ચાર પગાને ચાર જોને;
કોશીટામાં કીટ વસે છે, ઈશ્વર પૂરે આહાર જોને...૩





મસીદ કેરા કોટ મીનારા, ઉપર ઊગ્યાં ઝાડ જોને;
પથ્થર ઉપર પાણી વરસે, તે ઈશ્વરનો પાડ જોને...૪
અરણ્ય મધ્યે અજગર રહે છે, ડગલું ન ભરે દોડ જોને;
વિશ્વંભરનું બિરુદ વિચારો, ખાવાની શી ખોટ જોને...૫
અનળ પક્ષી રહે આકાશે, મદઝર ભરખે મોટા જોને;
પરમેશ્વરની કૃપા વડે તો, બનિયા જળના ગોટા જોને...૬
મરાળને મોતીનો ચારો, વખતે આપે વા'લો જોને;
દેવાનંદ કહે દેવ ભરોસે, મગન થઈને મા'લો જોને...૭

**પદ-૨**

ધન્ય છે ધીરજ ધારે તેને, બની શકે બેભાન જોને;
પાંડવ જ્યારે વન પરવરિયા, દુઃખને દીધાં માન જોને...૧
હરિશ્ચંદ્રરાયને હરિવર સાથે, લગની કેવી લાગી જોને;
અંત્ય વરણને ઘેર વેચાણા, તો ભવની ભાવઠ ભાંગી જોને..૨
પ્રહ્‌લાદજીને પીડા બહુવિધ, દૈત્ય પતિએ દીધી જોને;
સુખડાં જેવી સહન કરી તો, કેશવ રક્ષા કીધી જોને...૩
શહેર મળ્યું નહિ સુદામાને, તો પણ આનંદ તેવો જોને;
મોળી ભાજી વિદુરજીની, સૂતર જેવી સેવો જોને...૪
મયુરધ્વજ રાયે મસ્તક ઉપર, કરવત લીધું કોડે જોને;
સગાળશાએ સુત વધેર્યો, ત્યાગી દીધા હોડ જોને...૫
રંતીદેવના હૃદિયા મધ્યે, જરમા કેરો જોગ જોને;
માધવદાસે માગી લીધો, રાજી થઈને રોગ જોને...૬
દુઃખને દેખી હરિજન ન ડરે, કરે ફિકરના ફાંકા જોને;
દેવાનંદ કહે દેવ ભરોસે, કાળ તણા એ કાકા જોને...૭

**પદ-૩**

બાળક રૂએ લવા માંહે, માતા સમજે મર્મ જોને;
રાણીની એમ મરજી પરખે, ધરણીધરનો ધર્મ જોને...૧
ચાંચ બનાવી તેને ચિંતા, કાયર મન શીદ કરીએ જોને;
પેટ પડ્યું તે પોષણ કરશે; ફિકર તજીને ફરીએ જોને...૨

હીરા મોતી મોંઘાં કીધાં, ધનથી સોંઘાં ધાન્ય જોને;
અમૃત જેવાં અમથાં પાણી; દીનબંધુનાં દાન જોને...૩
સૂરજ સર્વને પ્રકાશ આપે; દમડી ન પડે દેવી જોને;
વગર બદામે વાય વાયરો; તે કેશવ કરુણા કેવી જોને...૪
સુરપંખીને સો મણ ટંકે; ખાવા જોઈએ ખીર જોને;
દૂધડલાના દરિયાકાંઠે, સરજ્યાં તેનાં શરીર જોને...૫
જન્મ્યું તેને જિવાડવાને, માવતરને મમતા જોને;
સૌના પિતા વિશ્વંભર છે, શાથી ન ભરો સમતા જોને...૬
અજબ દયાળું છે અલબેલો, હૈયું રાખો હાથ જોને;
દેવાનંદ કહે પ્રતીત રાખો, બેલી બદ્રિનાથ જોને...૭

**પદ-૪**

શું કરવા તું સુખને માટે, દે છે દોટા દોટ જોને;
તારા સુખ તો તુજને શોધે, સુઈ રે' તાણી સોડ જોને...૧
માગ્યા વિના મળે મેહુલા, માગ્યા મળે તો માગ જોને;
મોત સરીખું યે માગ્યું ન મળે, જીવલડાં તું જાગ જોને...૨
અવસર વિના ફળ ન આવે, સો મણ પાણી સીંચી જોને;
પુત્ર વિના પારણિયું ખાલી, સો મણ સાકર વહેંચી જોને...૩
ભાગ્ય વિનાનું સુખ ન મળે, સંકટ આવે શાથી જોને;
પારણિયામાં સર્વે ઝુલાવત, હેમ ભરેલા હાથી જોને...૪
જગમાં સર્વે હેમ ઝુલાવત, વાંઝણી ન રહેત વનિતા જોને;
લાલચ રાખે લાભ મળે તો, કોઈ ન દાખત દીનતા જોને...૫
ભાગ્ય વિના ભોગવવાનું સુખ, શીદને થાયે અળગું જોને;
કોટિ ઉપાયે કેડ ન મેલે, વજ્ર થઈને વળગ્યું જોને...૬
હિંમત રાખીને હરિને ભજીલ્યો, બીજી આશા ખાલી જોને;
દેવાનંદ કહે સુખ દુઃખ રચના; ભાવે કરીને ભાળી જોને...૭

**રાગ : ગરબી — પદ-૧**

જનમ સંગાથી વિસાર્યા જગદીશને રે;
એળે ખોયો માણસનો અવતાર રે





સગું નથી કોઈ તારા જીવનું રે;
સપના જેવો જૂઠો આ સંસાર રે... જનમ૦ ૧
ડાહ્યો થઈને ડોલે નિર્લજ્જ નાતમાં રે,
મરમ કરીને બોલે મીઠાં વેણ રે,
શેરીમાં મરડાતો ચાલે માનમાં રે,
રાતાં દીસે રોષ ભરેલાં નેણ રે... જનમ૦ ૨
નારી આગળ એક રતિ નવ ઊપજે રે,
ડહાપણ મેલી જ્યાં દોરે ત્યાં જાય રે,
નિર્લજ્જ થઈને નાચે કબુદ્ધિ કેણમાં રે,
વિષય ભરેલો ગરજુ ગોથાં ખાય રે... જનમ૦ ૩
અંતરમાં કપટી ઊંડી ઈરષા રે,
સાધુ જનનો લેશ ન કીધો સંગ રે,
દેવાનંદ કહે જન જોરાવર આવશે રે,
ભાંગી કરશે ભૂકો તારું અંગ રે.. . જનમ૦ ૪

**પદ-૨**

ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના રે,
તપ તીરથ વ્રત કરીએ કોટિ ઉપાય રે;
પુણ્ય કરી અમરાપરનું સુખ પામીએ રે,
અંતે પાછો ફોગટ ફેરો થાય રે... ભવ૦ ૧
માયાની મોટપ તે મિથ્યા જાણજો રે,
નદીએ આવ્યું જેમ પાણીનું પૂર રે,
તેની પેઠે ધન જોબન ને જીવવું રે,
આક તણાં જેમ ઊડી જાશે તૂર રે... ભવ૦ ૨
સગાં કુટુંબ મેલી મરવું એકલું રે
લખચોરાશી ફરવું વારંવાર રે;
પાપ તણાં ફળ આગળ તારે આવશે રે,
કરમ કરીને ભરિયા તેં કોઠાર રે... ભવ૦ ૩

આજ અમૂલખ માણસનું તન આવિયું રે
ભજવા સારું ભાવ કરી ભગવાન રે;
દેવાનંદ કહે માન તજીને માનજે રે,
વાત વિચારી સારી ચતુર સુજાણ રે... ભવ૦ ૪

**પદ-૩**

સગપણ સાચું જાણો શ્રી ઘનશ્યામનું રે;
કેવળ બીજું માને કૂડેકૂડ રે;
સગાં સંબંધી સ્વારથ કેરાં સોબતી રે,
મેલી જાશે સુખમાં નાખી ધૂળ રે... સગપણ૦ ૧
દેશ વિદેશે ડોલે ધનને કારણે રે,
પ્રભુ વિસારી લાલચમાં લપટાય રે;
ભાગ્ય વિનાનો ભટકે પામર પ્રાણિયો રે,
જોને તારું જોબન એળે જાય રે... સગપણ૦ ૨
કાળ અચાનક ફોજું આવે કારમી રે;
ઘેરી લેશે ઘાટે ઘરનું બાર રે,
નાડી તૂટી આંખો બહાર નીસરી રે;
તે ટાણે શામળિયો કરતલ સાર રે... સગપણ૦ ૩
એટલા સારુ કરજે એનો આશરો,
માથે પડતા મટશે જમના માર રે;
દેવાનંદ કહે દાસપણામાં લાભ છે રે;
પ્રેમ કરીને રાખો મનમાં પ્યાર રે... સગપણ૦ ૪

**પદ-૪**

દેખ વિચારી દિલમાં તારા દેહને રે
નથી રહ્યાનો એક ઘડી નિરધાર રે;
મમતા મોટી ખોટી બાજી ખેલ છે રે,
ભૂકંપ કેરો માથે તેમાં ભાર રે... દેખ૦ ૧
વરણાગીમાં વડપેપાની હારનો રે,
ઉપર રાતોમાતો રંગનો છેલ રે;





ભીતર કાચો ભેખ ધરીને ભોળાવે રે,
ફોગટ ફરતો કરત કૂડાં ફેલ રે... દેખ૦ ૨
આતમ સાધન કાંઈ ન કીધું આળસું રે,
વિષયમાં વિંટાણો બારે માસ;
હરિજન સાથે હેત ન કરતાં આવડ્યું,
કપટી તારો કોણ કરે વિશ્વાસ રે... દેખ૦ ૩
સૂમ થયો ધન સંચીને ભેળું કર્યું રે;
મરતાં સુધી ન ખરચ્યું ન ખાય રે;
દેવાનંદ કહે મધમાખી લૂંટાય છે રે,
હાથ ઘસીને પામર તું પસ્તાય રે... દેખ૦ ૪

**રાગ : ખમાચ પદ-૧**

ભજ્યો નહીં ભગવાન મૂરખ જીવતો માર્યો...ભજ્યો૦ ટેક૦
પેટને અરથે પાપ કરતાં દિલમાં ન ડર્યો,
પુણ્ય કર્યાનું પાડોશીને ત્યાં આડો ફર્યો...ભજ્યો૦ ૧
દુઃખ વેઠીને દામ કીધો, ખજાનો ભર્યો,
જમ જોરાવર લઈને ચાલ્યા, વાવરવા ન રહ્યો...ભજ્યો૦ ૨
કૂડની માળા કોટમાં પહેરી, કૂડ ગુરુ કર્યો;
આહાર મૈથુન કરવા લાગ્યો, કોઈ ન તર્યો...ભજ્યો૦ ૩
સહજાનંદ ઓળખ્યા વિના, અંતર ન ઠર્યો;
દેવાનંદ કહે દિલમાં વસ્યા, કારજ છે સર્યો...ભજ્યો૦ ૪

**પદ-૨**

હરિ વિના હિતકારી બીજું કોઈ તારું નથી...હરિ૦ ટેક
પ્રભુ ભજ્યાનું વેદ પુરાણે કહ્યું છે કથી;
અક્કલહીણા આળસી બેઠો પામર તું પથી...હરિ૦ ૧
માતપિતા સુત નારી બંધવ, નહીં તારા સાથી,
અંત સમે તો એકલા જાવું કા મરે મથી ?...હરિ૦ ૨
સ્વારથિયો સંસાર તેમાં રહ્યો લથબથી.
સંતપુરુષની સોબત વિના શી થાશે ગતિ...હરિ૦ ૩

અક્કલવંતા રાજ કરંતા મૂઆ મહારથી;

દેવાનંદ કહે આપણે જાવું; કહ્યું ઠેઠથી...હરિ૦ ૪

**પદ-૩**

માણસનો અવતાર મોંઘો, નહીં મળે ફરી...માણસ૦ ટેક૦

માન મરડાઈ મોટપ મેલી, ભજીલો હરિ;

નહીં તો જાશો ચોરાશીમાં, જનમ બહુ ધરી...માણસ૦ ૧

દુઃખ તણો દરિયાવ મોટો નહીં શકો તરી;

શામળિયાને શરણે જાતાં આ સમે ઊગરી...માણસ૦ ૨

નિર્લજ્જ તું નવરો ન રહ્યો, ઘરધંધો કરી,

માયા માયા કરતો મૂરખ ન બેઠો કરી...માણસ૦ ૩

ચેતી લે ચિત્તમાં વિચારી ચાલજે ડરી,

દેવાનંદનો નાથ ભજો, પ્રેમમાં ભરી...માણસ૦ ૪

**પદ-૪**

ભજી લે ભગવાનને, સાચા સંતને મળી... ભજી૦ ટેક

વચનમાં વિશ્વાસ રાખે, ભજનમાં ભળી;

પૂરવ કેરાં પાપ તારાં તો જશે બળી...ભજી૦ ૧

ઓળખી લે અવિનાશી રહેજે, જ્ઞાનમાં ગળી;

રીઝશે રંગરેલ વાલા અઢળક ઢળી...ભજી૦ ૨

કાળ તો વિકરાળ વેરી, વીંખશે વળી,

કામ ને કુટુંબ તુંને નાખશે દળી...ભજી૦ ૩

સત્ય ત્યાં સુખ ધરમ રહે, કૂડ તહાં કળી;

દેવાનંદ કહે દુનિયા કેરી અક્કલ આંધળી...ભજી૦ ૪

**રાગ : ધોળ – પદ-૧**

શીલવંતા સાધુ સાંભળજો કરી પ્રીતિ,

આઠ પ્રકારે અબળા તજવી, મન ઈન્દ્રિયને જીતી રે...શીલ૦ ૧

નારી કથા શ્રવણ ન ધરવી, તે વિખવેલી કા'વે;

તેની કીરતી તે નવ કરવી, ભૂલે મન ભરમાવે...શીલ૦ ૨





વનિતા હાસ વિનોદ કરીને, રાત દિવસ જ્યાં રે'વે;

તે ઠેકાણે સાચા મુનિવર, જાણી પાવ ન દેવે...શીલ૦ ૩

અબળા અંગે કાળી ગોરી, નેણ ભરી નહિ દેખે;

બાળ વૃદ્ધ નવ જોબનવાળી, તે માદક સમ લેખે રે...શીલ૦ ૪

છેટે રહીને છાની વાતો, કામનીઓને કહાવે;

દેવાનંદ કહે તે પોતાનું, હાથે નાક વઢાવે રે...શીલ૦ ૫

**પદ-૨**

નિષ્કામી નરને વનિતાની વાત ન કરવી;

માયાની મૂરતિયું જાણી, નાગણ જ્યું પરહરવી રે...નિષ્કામી૦ ૧

માનુનીઓને મળવા મનમાં, કૂડો ઘાટ ન કરવો;

મનસા પાતક મોટું લાગે, એ અધર્મથી ડરવો રે...નિષ્કામી૦ ૨

ભામનીઓ તે ભેળી થઈને, જે ઠેકાણે જાવે;

શૌચવિધિ કરવાને સારુ, હરિજન ત્યાં નહિ આવે રે...નિષ્કામી૦ ૩

આઠ પ્રકારે અબળા કેરો, ત્યાગ કરે તે ત્યાગી;

વિષય થકી વૈરાગ્ય જે પામ્યા, તે સાચા વૈરાગી રે...નિષ્કામી૦ ૪

ભેખ ધરીને ભામની ભેળો, બેસે ઊઠે ગાવે;

દેવાનંદ કહે એવા સાધુ, નિશ્ચે નરકમાં જાવે રે...નિષ્કામી૦ ૫

**પદ-૩**

વિવેકી નરને, એમ વિચારીને જોવું,

કુપાતરને દાન દેવું તે, બીજ ખારમાં બોવું રે...વિવેકી૦ ૧

કામી ક્રોધી લોભી લંપટ, કૂડા બોલા કા'વે;

અન્ન ધન વસ્ત્ર તેને આપે, તે શેકી બી વાવે રે...વિવેકી૦ ૨

ઈન્દ્રિય પાંચ છઠ્ઠું મન જીતે, તે હરિદાસ કહાવે;

વાલી વસ્તુ એને આપે, અનંત ગણી થઈ આવે રે...વિવેકી૦ ૩

દુર્બળ સુદામે આણી દીધા, મુષ્ટી તાંદુલ મેવા;

કંચનમોલ કર્યા સુખકારી, સંતપુરુષની સેવા રે...વિવેકી૦ ૪

દ્રોપદીએ નિજ ચીર વધેરી, બાંધ્યું હરિને હાથે;

દેવાનંદ કહે ભરી સભામાં, આપ્યાં દીનાનાથે રે...વિવેકી૦ ૫

પદ-૪

ગાફલ બે ગરજુ આ તન એળે ગુમાયો,
ધર્મ વિસારી ધંધે વળગ્યો કૂડે ઘુડ્ય કમાયો રે...ગાફલ૦ ૧
કામનીઓમાં ફરતો ડોલે, વિષય ભરેલી વાતુ;
પાપ કરીને પૂરું બાંધ્યું, ભવસાગરનું ભાતું રે...ગાફલ૦ ૨
દેવમંદિરમાં દર્શન કરવા ભૂલ્યો ભટકયો આવે;
માનનીઓનાં મુખ જોવાને, આંખડિયું અટકાવે રે...ગાફલ૦ ૩
આરત રાખી ન ઉચ્ચારે, રામકૃષ્ણ મુખ વાણી;
ગ્રામ્યકથાનાં દીએ ગપોડાં, જૂઠેજૂટાં જાણી રે...ગાફલ૦ ૪
ગાંજો ભાંગ્ય લીલાગર મફર, હોકો પીવે ચાવે;
દેવાનંદ કહે દેખ વિચારી, દુઃખનો અંત ન આવે રે...ગાફલ૦ ૫

૫૦ — રાગ : ગરબી — પદ-૧

કાળનાં ગડે નગારાં કાળનાં ગડે.
અગડ ધેં ધેં ધેં ધેં નગારાં કાળનાં ગડે;
ઢોલ ને રણતુર વાગે ઝાંઝ ખડેડે,
નેજા ને નિશાન દીસે ફોજું બહુ ફરે...અગડ૦ ૧
નાળ્યું ને જંજાળ્યું સરવે કડે ને ધડે,
આંખ્યું મીંચી બેઠો અંધો મનસૂબા ઘડે...અગડ૦ ૨
કઠણ વેગે કાળ આવી ઓચીંતો અડે,
જળ થોડામાં જીવ જેમ પૂરો તરફડે...અગડ૦ ૩
ચેતવું હોય તો ચેતી લેજો બીજું રહ્યું નડે,
દેવાનંદનો નાથ ભજ્યા વિના નરકે જઈ પડે...અગડ૦ ૪

પદ-૨

પછી નહિ મળે રે તુંને પછી નહિ મળે,
કાંઈક લે લે લે લે ને લાવ પછી નહિ મળે,
મોતી સરખો કણ લઈ મૂરખ ઘંટીમાં દળે,
બાવળીયાનું બી બોયે આંબો કેમ ફળે...કાંઈ૦ ૧





કસ્તુરી ને કેવડો લૈ તેલમાં તળે,
મનુષ્ય દેહ દુર્લભ પામી વિષયમાં ભળે...કાંઈ૦ ૨
ખેલ અખેલા ખેલતાં અંતે જોજે જે મળે,
એકડા વિનાનાં મીંડાં તેમાં તારું નહિ વળે...કાંઈ૦ ૩
અનેક જન્મનાં પાપ તે તો સત્સંગે બળે,
દેવાનંદ કહે ગદ્ધો કૂતો થાવું તે ટળે..કાંઈ૦ ૪

પદ-૩

પાપને ભરે રે માથે પાપને ભરે, પાપી કે કે કે કે ને કેમ પાપને ભરે,
જુવાનીમાં આગ લાગી પરત્રિયા હરે,
દેવ સાધુ ને બ્રાહ્મણ તેની નિંદા બહુ કરે...પાપી૦ ૧
ચોરી ને અવેરી કરે મરડાતો ફરે,
માંસ ને મદિરા પીએ તેમાં ન ડરે...પાપી૦ ૨
ભાંડ ભવાઈ ને હાંસી બાજી કરતાં નવ ડરે,
વસુ પશુ વાહન કરે અગ્નિ તે ઘરે...પાપી૦ ૩
એ પાપે કરી રવિ કિંકર ઝાલ્યા તે ન'રે;
દેવાનંદ કહે મારે તડાતડ વણમોતે મરે...પાપી૦ ૪

પદ-૪

નીમમાં રહેને તું તો નીમમાં રહેને,
પ્રાણી રે રે રે રે ને તું તો નીમમાં રહેને,
ચારે નિયમ પાળી નિત્ય નામને લેને.
સ્વામિનારાયણ નામ તારા મુખથકી કે'ને...પ્રાણી૦ ૧
સાધુ સેવા વચન માનજે જે જે કહે તેને,
અજામેલ અઘ છૂટ્યો નારાયણ વેને...પ્રાણી૦ ૨
કાયા માયા કૂડ છે નિત્ય દાનને દેને,
અમૂલખ દેહ આવ્યો સૂતો કેમ ઘેને...પ્રાણી૦ ૩
લખચોરાસી ફેરો ટળે સત્સંગી તેને,
દેવાનંદ કહે કાળો કળેળાટ જમ મારે જેને...પ્રાણી૦ ૪

**પદ-૫**

વિખને પીધું રે તેં તો વિખને પીધું,
ઘેલા જો જો જો જોને તેં તો વિખને પીધું,
કામી ક્રોધી લોભી લંપટનું શરણું જઈ લીધું,
રળી ખપી ધન ભેળું કરી તેને તેં દીધુ...ઘેલા૦ ૧
અંધ ગુરુએ કાન ફૂંક્યા બહેરા શું લીધું,
દામ વામના ચોર સેવી તેં તો શું કીધું...ઘેલા૦ ૨
પંચ વિષય ઝેર તેં તો હળાહળ પીધું,
વીંછણ કેરાં વેતર પાળી કરજ ન સીધું...ઘેલા૦ ૩
ઉરવી ઉપર તરણી દેખે પ્રકાશે વિધુ,
દેવાનંદ કહે જમાન આવ્યા જમ ખરા ખેધુ...ઘેલા૦ ૪

**પદ-૬**

તીરથે જાને રે તું તો તીરથે જાને,
મૂઢ જા જા જા જા રે તું તો તીરથે જાને;
કપટ માન મેલી દાસ પ્રભુનો થાને,
ભાંગ હોકો ને અફીણ તજી હરિગુણ ગાને...મૂઢ૦ ૧
સંત સાચાની વાત કથા સાંભળને કાને,
નારાયણનું નામ લેતો ગંગાજી ન્હાને...મૂઢ૦ ૨
બાલપણું ને જોબન ગયું, વૃદ્ધ થયો વાને,
પ્રગટ ભજી પાર પામે ભટકે છે શાને...મૂઢ૦ ૩
પદ છમાં શિખામણ દીધી સુખ લેવા ધાને,
દેવાનંદ કહે ઝેર તજી અમૃત ખાને...મૂઢ૦ ૪

**રાગ : સોરઠ — પદ-૧**

જડબુદ્ધિ જીવ પોંચ્યાનાં પરમાણાં અવિચળ આવિયાં;
જે મુક્ત થયા, વ્યાસમુનિએ વિસ્તારી ભેદ બતાવિયા;...ટેક૦
ધ્રુવ પામ્યા પ્રભુના ધામને, તેણે તજ્યા કપટ છલ કામને;
પામ્યા વૈકુંઠમાં વિશ્રામને...જડબુદ્ધિ૦ ૧
જોને ઓધવ લોમષ અમર રહ્યા, મુનિ મારકન્ડેય કાગભૂશંડી કહ્યા,
ભજી કૃષ્ણ કલ્પ બહુ વીતી ગયા...જડબુદ્ધિ૦ ૨
સનકાદિક નારદ સરલ મતિ, પ્રહ્લાદ વિભીષણ જોગી જતિ,
જેણે પરુષોત્તમ કીધા પતિ...જડબુદ્ધિ૦ ૩
એતો ઈશ્વર કોટિમાં ભળિયા, ભજી પ્રગટ પ્રભુને થયા બળિયા,
જેને દેવાનંદનો સ્વામી મળિયા...જડબુદ્ધિ૦ ૪

**પદ-૨**

હરિભજન કરી સુખ સંપતિ પામ્યા તે સરવે જાણે;
તેને કૂડ કહે, તે પામરનું બોલ્યું કૂણ પ્રમાણે...ટેક૦
વાલે કંચનનાં મંદિર કીધાં, જાણી દુરબળ સુદામાને લઈ દીધાં;
પ્રભુ સમરથથી કારજ સીધાં...હરિ૦ ૧
નરસૈયે નૌતમ ટેક ધરી, જેનું મામેરું હાર હૂંડી ભરી,
પ્રભુપદ પામ્યા સંસાર તરી...હરિ૦ ૨
જુઓ મીરાં રાજાની રાણી, જેને પાપીએ પાયું વિખપાણી,
રાખ્યું પુરુષોત્તમે મુખનું પાણી...હરિ૦ ૩
એવા કોટિક જનને ન્યાલ કર્યા, તેનાં જનમ મરણ સંતાપ હર્યા,
જેને દેવાનંદનો વાલો વર્યા...હરિ૦ ૪

**પદ-૩**

જોને જાગીને માયાનું અંધારું મૂરખ મોટું,
તુંને ખબર નથી, શાસ્ત્ર વિના બોલે તે સરવે ખોટું...ટેક૦
તું સવળાને અવળું જાણે, સુપના જેવા સુખને માણે,
ઘણો માર ખાઈશ મૃત્યુ ટાણે...જોને૦ ૧
બહુ સમજ્યો શાસ્ત્ર થકી બહારે, ભરે પેટ પામર પશુ હારે,
તુંને નિત્ય બગાડ્યો પરનારે...જોને૦ ૨
તે સાચા સંત નથી સેવ્યા, તારા સંગી સરવે શઠ જેવા,
તેમાં જરૂર આવશે જમ લેવા...જોને૦ ૩
તું તો મૂરખના મતમાં મોટો, રહ્યો ગાફલ મન માયા ગોટો,
દેવાનંદ કહે મનનો મત ખોટો...જોને૦ ૪

### પદ-૪

નરદેહ ધરી કુબુદ્ધિ કળિમળ કીધી કૂડ કમાઈ,
સમર્યા ન હરિ, અણસમજે આથડતા આયુષ્ય ગુમાઈ...ટેક૦
પરનારી સાથે પ્રીત ઘણી, વિષયસુખ તૃષ્ણા તુચ્છ તણી
અંતકાળે તારો કોણ ધણી...નર૦ ૧
મોટપમાં બૂડ્યો મૂઢમતિ, અહંકારે પામ્યો અસુરગતિ,
તારે અધર્મ સાથે હેત અતિ...નર૦ ૨
કરી ગ્રામ્ય કથા બહુ દિવસ ગયા, વણ સમજ્યે કૂડા વાદ કર્યા,
ઉર દુષ્ટપણું નહિ લેશ દયા...નર૦ ૩
લેખું રતિ રતિનું જમડા લેશે, કર્યા પાપ પ્રમાણે દુઃખ દેશે,
દેવાનંદ કહે માથે સહ્યું જોશે...નર૦ ૪

### રાગ : ધોળ સાતવારના પદો પદ-૧

આદિતવારે ઉદે થયા સૂરજ સહજાનંદ, મારગ બતાવ્યો મોક્ષનો,
મળિયાં મુનિનાં વૃંદ અવસર અમૂલખ આવિયો૦ ૧
ભાગ્યે પામ્યો ભ્રત ખંડમાં, મોંઘો મનુષ્ય અવતાર,
સમજી રહેવું સતસંગમાં, સ્વપ્ના જેવો સંસાર -અવ૦ ૨
શીતળ સોમ સરીખડા, ભૂતળ પ્રગટ્યા ભગવાન,
અધરમ મૂળ ઉખાડવા, દીધાં દરશન દાન -અવ૦ ૩
પામર ભટક્યો ભવપંથમાં, જાણ્યા વિના જગદીશ,
દેવાનંદ કહે દુઃખ આવશે, જ્યાં ત્યાં જનમ ધરીશ -અવ૦ ૪

### પદ-૨

મંગલકારી હરિમૂરતિ, ભેટે ભવદુઃખ જાય,
સ્મરણકર શ્રી ગોવિંદનું,ફોગટ ફેરો ન થાય, અંતે જાવું છે એકલા૦ ૧
ગાફલ સગાંની ગોઠડી, મોટી માયાની જાળ,
વળગ્યો મિથ્યા વે'વારમાં, કેડે આવે છે કાળ -અંતે૦ ૨
બુધે સમજાવી બહુ કહ્યું, માને મૂરખનાં જામ,
કાયા માયા ને કામની, નથી ઠરવાનું ઠામ -અંતે૦ ૩
લાલચ લાગી ઉર લોભની, ઈચ્છા મનમાં અપાર,
દેવાનંદ કે' હરિ ના ભજ્યો, એળે ખોયો અવતાર -અંતે૦ ૪





### પદ-૩

બ્રહસ્પતિ જેવા ને ભોળવ્યા, માયા મનમાં મગરૂર,
ડાહ્યા પિલાયા દાઢમાં, ચાવી કીધા ચકચૂર, સેવો સાચા હરિસંતને૦ ૧
દુષ્કૃત દુગ્ધામાં ડૂબિયો, અનરથ કીધાં અપાર,
દુર્મતિ ડહાપણ ડોળતો, નથી તનનો નિરધાર -સેવો૦ ૨
સૂકર શ્વાનનાં દેહમાં, નિર્લજ્જ થાશો નરનાર,
કટકા અન્ન કેરે કારણે, બેઠું જોશે ઘરબાર -સેવો૦ ૩
ભવદુઃખ તરવાના ભેદમાં, સદ્‌ગુરુ મળતા સમજાય,
દેવાનંદનો પ્રભુ દેખશો, જન્મ મરણ મટી જાય -સેવો૦ ૪

### પદ-૪

શનીશ્વર વારે સહુને કહ્યું, રાખો હરિસંગે હેત,
જાત્રા જોવા ભેળું થયું, કુટુંબ કુડો સંકેત, ભાવે ભજીલ્યો ભગવાનને૦ ૧
આરત રાખીને ઓળખો, ગિરધર ગોપીના શ્યામ,
સરવે દેવોના છે દેવ, અંતે એનું છે કામ -ભાવે૦ ૨
સેવક થાને ઘનશ્યામનો, ટળશે તનડાના તાપ,
જીવનમુક્તના જોગમાં, વધશે મોટેરું માપ -ભાવે૦ ૩
બ્રહ્મવિદ્યાના ભોમિયા, સાચા સંત સુજાણ,
દેવાનંદ કહે હરિદાસમાં, પીવા અમૃતરસ પાન -ભાવ૦ ૪

### રાગ : પરજ પદ-૧

અંતકાળે આવી રે મારી, શ્રીઘનશ્યામ કરો સહાય રે-અંત૦
રોમકોટિ વીંછીની તનમાં થાય વેદના, કફજાળે કંઠ રૂંધાય છે-અંત૦
સૂધ ન રહે જ્યારે પોતાના શરીરની, તનડાની નાડી તૂટી જાય છે-અંત૦
ઘરનાં માણસ જ્યારે ઘેરી બેસે પાસળે, પૂમડું લઈને જળ પાય છે-અંત૦
દેવાનંદ કહે દેહ તજ્યા ટાણે, હૈડું હાલકડોલક થાય છે-અંત૦

### પદ-૨

કાયાગઢ ઘેર્યો રે કાળે, વિઠ્ઠલ વારે વે'લા આવજો-કાયા૦
જોર ન ચાલે તમ વિના બીજા કોઈનું, તનડાના તાપ બુઝાવજો-કાયા૦
જીભ ટૂંકી થઈ વાણી તોતળી બોલાય ત્યારે, કોટિ ગુના વિસરાવજો-કાયા૦

પાપ કર્યાં તે આડાં આવે જ્યારે પીડવા,મોહન તે થકી મુકાવજો-કાયા૦
દેવાનંદ કહે અધમ ઓધારણ, તનડાની વાસના તોડાવજો-કાયા૦

પદ-૩

મરવા ટાણે આવે રે માવા, દરશન દ્યો છો હરિદાસને-મર૦
જન અપરાધ તમે ઉર નથી ધારતા, આપો છો બ્રહ્મપુર વાસને-મર૦ ૧
ગુના અમારા હોય કોટિ કોટિ ગિરધર, નટવર કરજો હવે નાશને-મર૦ ૨
શ્રી ઘનશ્યામ તમે કરુણાના સાગર, ટાળો છો જનના ભવત્રાસને-મર૦ ૩
દેવાનંદ કહે દોયલી વેળામાં, અમને તમારી એક આશરે-મર૦ ૪

પદ-૪

કે'જો ઓધા આવે રે વા'લો પ્રાણ કરે જાવા પરિયાણને-કેજો૦
પરમ સ્નેહી તમે રે'જો મારી પાસળે, સહજાનંદજી સુજાણને-કેજો૦ ૧
બોંતેર કોઠા ખાલી થાય મળ ઝરી ઝરી, વાઢીને મેલે જ્યારે વાણને-કેજો૦ ૨
ખમ ખમ ખાંસી કરે હૈયામાં આવે હેડકી, પડખામાં શૂળ મારે બાણને-કેજો૦ ૩
દેવાનંદ કહે વા'લા અંતે વેલા આવજો, ભક્તવત્સલ દગ ભાણને-કેજો૦ ૪

રાગ : ગરબી પદ-૧

આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ,
મોંઘો મનુષ્ય તન રે, નાવે તારે ફરી ફરી. આવો૦
ધન જોબન તન રંગ પતંગી, વણસે વારમવાર,
તે સારૂં તું જતન કરે છે, સ્વપ્ના સમ આ સંસાર,
મેલી એને મરવું રે, ડરવું દિલ દોષ ધરી. આવો૦ ૧
વાસ કરે નિત્ય વૈષ્ણવ જનમાં, મનમાં માને વાત,
દાસપણું દેવતાને દુર્લભ, ભજેથી જન્મ મરણ દુઃખ જાય,
ભક્તિ કરજો ભાવે રે, ધર્મની ટેક ધરી. આવો૦ ૨
સૌમ્ય સ્વભાવ પરમ સુખ સંપત્તિ, એહ પામ્યાનો ઉપાય,
પ્રગટ સ્વરૂપને ઓળખજે, એવું દુર્લભ દેવ ગવાય,
એવું તન આવ્યું રે, લેજે વ્રજરાજ વરી. આવો૦ ૩
માયાની મોટપ મિથ્યા, નથી ઘડીનો નીરધાર,
દેવાનંદ કહે ભજ દુઃખ ભંજન, કરૂણાનિધિ એવા કીરતાર,
કઠણ વેળા માંહે રે, લેશે તારાં કારજ સરી. આવો૦ ૪





પદ-૨

સાચું તે સગપણ રે, સમજ મન શ્યામતણું,
બાકી સહુ જુઠું રે, કશું નથી કામતણું, સાચું. ટેક.
માત પ્રિયા સુત તાતને ભગિની, સગાં સહોદર સોય,
કુળ કુટુંબ સખા ગોત્રને જ્ઞાતિ, એમાં તારૂં છે નહિ કોય,
સગું એતો સર્વે રે, સુખને દામતણું, સાચું૦ ૧
જનની જનક કર્યા એવા કેટલાં, તેં જેટલી ધરી દેહ,
લેણ દેણનો સંબંધ તૂટ્યો, ત્યારે મૂકી ગયા એહ,
કોઈએ ન દેખાડ્યું રે, ઠેકાણું વિશ્રામતણું. સાચું૦ ૨
જોને આ હરિવર દેહ ધરીને, કોણ આપે આ મનુષ્ય અવતાર,
પશુ પક્ષી જન્મ ફેરીને આપ્યો, તેને છે ભજનતણો અધિકાર,
ભજે તેને આપે રે પદ અક્ષરધામતણું. સાચું૦ ૩
અણું આસક્તિ ક્યાંય ન રાખીશ, માયાથી મન છોડ,
નિઃશંક થઈ સહુ શોક તજીદે, પ્રીત પ્રભુથી રે જોડ,
દેવાનંદ કહે છે રે, રટન કર શ્યામ તણું. સાચું૦ ૪

પદ-૩

કાયા માયા કુડી રે, રાખી તારી રહેશે નહી,
જોને તું વિચારી રે, ઘેલા કેમ અક્કલ ગઈ. કાયા૦ ટેક.
નંદરાજાને અણગણ નાણું, ભરી સંગી ભંડાર,
કોડી અંતે કામ ન આવી, જાતાં ન લાગી વાર,
ન ખાધી ન ખરચી રે, વેઠે મુવો ભાર વહી. કાયા૦ ૧
રાવણ રિધ્ધિ સિધ્ધિ પુરણ પામ્યો, ઈંદ્ર અધિક અભિમાન,
અજ્ઞાને અવરાણું અંતર, ભુલી ગયો પ્રભુ ભાન,
વાદળની છાયા રે, જોતાં જોતાં છેટે ગઈ. કાયા૦ ૨
ભજ ભગવાન માન તાન મેલી, બેલી કર બળવીર,
લાલચ રાખો લક્ષ્મીવરની, ધરજે મનમાં ધીર,
અધમ ઓધારણ રે, અભયપદ આપે સહી. કાયા૦ ૩

મૃગજળ ભરવા મુરખ માણસ, દોડે સહુ સંસાર,
વાત વિચારી પાછો વળજે, પામ્યા નથી કોઈ પાર,
દેવાનંદ કહે દેખી રે, વિવેકની વાત કહી. કાયા૦ ૪

**પદ-૪**

કાળ તારી કેડે રે, આયુષ્યને ઓછી કરે,
મમતામાં મુરખ રે, ખુતો તોય ખબર ન પડે. કાળ૦ ટેક.
બાળપણું જોબન ગયું, ઘરડો થયો તું ગમાર,
આજકાલ આવ્યો તહારો વાયદો, માથે છે જમનો માર,
વાર નથી ઝાઝી રે, દીલમાં હજી ન ડરે. કાળ૦ ૧
લવ નિમેષ ઘડી મોરત માપે, પહોર દિવસ પરમાણ,
બાર માસે કરી વર્ષ કહાવે, સૈકે યુગ સુજાણ,
માથે તારે મોટું રે, ફરતું એવું ચક્ર ફરે. કાળ૦ ૨
ચાર યુગની એક ચોકડી, એકોતેર અલ્પાય,
ઈન્દ્ર પડે અધિકારથી, ત્યારે તું કોણ માત્ર કહેવાય,
ચોરાશીનું લગડું રે, માગી શીદ માથે ધરે. કાળ૦ ૩
કર સંત સમાગમ સાચો, અવસર આવ્યો અમૂલ્ય,
દેવાનંદ કહે દેખ વિચારી, અંતઃકરણ અંકુલ,
ભજ્યા વિના પ્રભુને રે, જીવ બહુ જન્મ ધરે. કાળ૦ ૪

**પદ-૫**

પ્રભુ ભજને પ્રાણી રે, કે કીધી નર દેહે દયા,
શ્રીહરિ હિતકારી રે, તારે સારૂં પ્રગટ થયા. પ્રભુ૦ ટેક.
કલ્પતરૂ કરૂણાનિધિ કેશવ, મન વાંછીત ફળ દેત,
તે મૂરતિ હૃદયમાં ધરતા, લાભ અલૌકિક લેત,
અગણિત આગે રે, જોને જગ જીતી ગયા. પ્રભુ૦ ૧
ભક્તાધિન નિગમ નેતિ ગાવત, આવત અવનીમાંય,
અકળરૂપ ઓળખજે પછી, કરવું રહે નહિ કાંય,
ભજ્યા વિના જગમાં રે, વહે તે પુરે જાશે વહ્યા. પ્રભુ૦ ૨
રાખો ધર્મ રમાપતિ રીઝે, કીજે સુકૃતિ કાજ,
માન બડાઈ મોટપ મેલી, ફોકટ ફેલ તજ આજ,





નિર્ભયની નોબત રે, વાગી પછી કુશળ કાયા. પ્રભુ૦ ૩
નાખ ખજાને નિરખી નાણું, કર ગોવિંદ ગુણ ગાન,
દેવાનંદ કહે દોષનિવારણ, ભવતારણ ભગવાન,
કરૂણાના સાગર રે,વ્હાલાજીને વેદે કહ્યા. પ્રભુ૦ ૪

**પદ-૬**

અંતે સંતને તેડાવો રે, પ્રભુનું ભજન કરવા,
કરમાં માળા ઝાલી રે, મુરખ જ્યારે સુતો મરવા. અંતે૦ ટેક.
નાનપણે ઘર ધંધામાં ધાયો, વૃધ્ધપણે હરિગુણ ગાય,
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય,
જીતી બાજી હાર્યો રે, પથ્થરને નાવે બેઠો તરવા. અંતે૦ ૧
અંત સમે છાપ તિલક બનાવે, ભુલી ગયો જ્યારે ભાન,
એરણની ચોરી સોયનું દાન, એમ કેમ આવે વિમાન,
સંત જ્ઞાન નાવ્યું રે, બુદ્ધિ તારી ગઈ ફરવા. અંતે૦ ૨
યુવતી નારીને જેવી પુત્રની આશા, એમ હરિ ભજે ફળ થાય,
વૃધ્ધનારીને નહિ પુત્રની આશા, એનો એળે જનમ વહી જાય,
હરિને બેઠો ઠગવા રે, એંસી વર્ષે વર વરવા. અંતે૦ ૩
વીસ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભુખ જાય,
હરિશું ધાયા તે બહુ કમાયા, તેને મળીયા પુરૂષોત્તમરાય,
દેવાનંદ કહે છે રે, મટ્યા ચોરાશી ફરવા. અંતે૦ ૪

**રાગ : ધોળ પદ-૧**

કીધો ગર્ભમાં કોલ કરાર, ભૂલ્યો ભગવાનને,
પામ્યો ઊંજે કુળે અવતાર -ભૂલ્યો ટેક૦
તિમિર અવસ્થા બાળની રે, પરવશ દેહ ગમાર,
રૂદન કરે બહુ રાતમાં રે, માતા ધવરાવે કરી મનુવાર ....ભૂલ્યો૦ ૧
રમ્યા જમ્યામાં રુચિ ઘણી રે, વીત્યાં વરસ ને માસ,
સ્વપ્ન અવસ્થા પ્રધાન થઈ રે, રસવિકળ ઈન્દ્રિનો દાસ ....ભૂલ્યો૦ ૨
બાર વરસનો બાળકો રે, ભણ્યો ગણ્યો બહુ ભેદ,
ચૌદ વિદ્યા ને ચોસઠ કળા રે, શીખ્યો રાજ સાજ સુખ તેહ ....ભૂલ્યો૦ ૩

સારા કુળમાં સગપણ કર્યું રે, પરણ્યો નૌતમ નાર,
દેવાનંદ કહે દુઃખ વધ્યું રે, ચિંતા ચોગણી સાંજ સવાર ....ભૂલ્યો૦ ૪

**પદ-૨**

પામ્યો ધન રે જોબનનું જોર, નારાયણ ન ભજ્યો,
કરવા શીખ્યો કુસંગનો નોર ....નારાયણ ટેક૦
પંચ વિષયનાં પૂરમાં રે, જીવ તણાતો જાય,
કેફ કરે જુદી જાતના રે, છેલો છકેલો મદમાંય ....નારાયણ૦ ૧
પરનારીમાં પ્રીતડી રે, ચિત્ત મળવા લલચાય,
ભાળી રૂપાળી ભામની રે, ધન દઈ ભેટે ભ્રષ્ટ થાય ....નારાયણ૦ ૨
કરે ફજેતી કુળની રે, લાજ નહિ લવલેશ,
માતપિતાને ધિક્કાર છે રે, એવા પુત્રનો કર્યો પ્રવેશ ....નારાયણ૦ ૩
અનરથનું આગાર છે રે, ધન ત્રિય જાણો જરૂર,
દેવાનંદ કે હરિદાસને રે, તેથી ડરતું રે રે'વુ તજી દૂર ....નારાયણ૦ ૪

**પદ-૩**

બૂઢાપણમાં થયો બે હાલ વિસર્યા વ્રજરાજને,
ચાર દિવસમાં લઈ જાશે કાળ -વિસાર્યા ટેક૦
પાવ ન ચાલે પંથમાં રે, થર થર ધ્રુજે દેહ,
અતિ કરે અપમાનને રે, તોય સુત દારામાં સ્નેહ ....વિસાર્યા૦ ૧
અતિ ગંધાતી ગોદડી રે, પાથરતાં પસ્તાય,
જૂ માંકડ ને જંતુ ઘણાં રે, કરડે દેહે પૂરી પીડા થાય ....વિસાર્યા૦ ૨
મનમાં અતિ ધનધાંખડી રે, કરતો નિત્ય કોટિ ઉપાય,
મમતા મોટી ડાકણી રે, તેનું પેટ કદિયે ન ભરાય ....વિસાર્યા૦ ૩
ખાવા ઈચ્છે ખીરને રે, ભોજન કોમળ ભાત,
દેવાનંદ કહે રાબડી રે, એઠું જૂઠું મળે અરધી રાત ....વિસાર્યા૦ ૪

**પદ-૪**

બૂઢ્ઢો બેઠો રહે ઘરબાર વિમુખ ભગવાનથી,
નિર્લજ્જ નાગો દેખે સુત નાર ... વિમુખ ટેક૦
ઘરનાં માણસ ક્યાં ગયાં રે, હાટરડાની કરી કરી ટેલ,
દીકરા દીકરીયું સહુ દૂર ફરે રે, ફોગટ દેખી ડોસાનાં ફેલ .... વિમુખ૦ ૧





આખા ગામમાં એકલો રે, પ્રથમ કે'વાતો પટેલ,
જાણીને મરાવતો જીવને રે, લાંચું લેતો છાની કરી ઝેલ .... વિમુખ૦ ૨
વૃદ્ધ થયો ને અમલ ગયો રે, ડગલી છંડ કહે દેશ,
હેત ન કરે હરિદાસમાં રે, આસુરી જીવ ન માને ઉપદેશ .... વિમુખ૦ ૩
ગ્રામકથા વિવા ખરચનું રે, કરે અતિશે જ્ઞાન,
દેવાનંદ કહે હરિકથા રે, પામર કદિયે સૂણે નહિ કાન .... વિમુખ૦ ૪

**રાગ : ઠુમરી પદ-૧**

જૂઠી જૂઠી જગતકી આશ રે, નર નાશ પલકમેં પાવે-જૂઠી ટેક૦
કાલ ચવીના, મુખમેં લીના, વાકા નહિ વિશ્વાસ રે-નર નાશ૦ ૧
માનત મેરા, નહીં કોઈ તેરા, કાળ કઠીન શિર ત્રાસ રે-નર નાશ૦ ૨
સુત વિત્ત દારા, જગ વ્યવહારા, સરવે સુપન વિલાસ રે-નર નાશ૦ ૩
દેવાનંદ દેખી, ભવભય લેખી, ઈનસેં ભયે ઉદાસ રે-નર નાશ૦ ૪

**પદ-૨**

ગાયે ગાયે ન ગિરધરલાલ રે, નર પ્રાણ ગયે પસ્તાઈ - ગાયે ટેક૦
અતિ મદમાતા, દેશ દબાતા, હો ગયે હાલ બેહાલ રે-નર પ્રાણ૦ ૧
કુકર્મ કરતા દિલ નહિ ડરતા, ધરે રહે ધન માલ રે-નર પ્રાણ૦ ૨
પ્રભુપદ પ્રીતિ કબહુ ન કીતી, કુબુદ્ધિ ચલત કુચાલ રે-નર પ્રાણ૦ ૩
દેવાનંદ પ્યારે, હરિ ઉર ધારે, તજી દીનો જગ જંજાલ રે-નર પ્રાણ૦ ૪

**પદ-૩**

મેરી મેરી કરત મતિ મંદ રે, વ્રજચંદ દીએ વિસરાઈ ...મેરી૦ ટેક
નરતન પાયો, કછુ ન કમાયો, ફેર પર્યો ભવફંદ રે -વ્રજચંદ૦ ૧
જીવ અભાગી વિષય અનુરાગી, સમર્યા નહીં સુખકંદ રે -વ્રજચંદ૦ ૨
ત્રિવિધ તનમેં, જરત હે મનમેં, ગાફલ ગબરગંદ રે -વ્રજચંદ૦ ૩
દેવાનંદ ભારી, કહત વિચારી, જાહી જપત સુરવૃંદ રે -વ્રજચંદ૦ ૪

**પદ-૪**

આયો આયો મનુષ્ય અવતાર રે, નર ચાર દિવસ મિજમાના -ટેક૦
કુટુંબ કબીલા સ્વારથી મિલા, વાકું ચલત નહીં વાર રે-નર ચાર૦ ૧
જમકે દૂત મારત જૂતા, પાપી કરત પોકાર રે-નર ચાર૦ ૨

ભવદુઃખ ભારી દેખ વિચારી, મરન ધરન અવતાર રે-નર ચાર૦ ૩
દેવાનંદ ભારી, શરન મોરારી, સે'જે તરે સંસાર રે-નર ચાર૦ ૪

**રાગ : કાફી પદ-૧**

નાના ગ્રાસ લેવત મન ગમતા, નેણાં ભરી જોયા રે હરિ જમતા-નેણા૦
ઓઢી ઉપરણી રાખી કાન ઉઘાડા, શોભાનિધિ ઘણું ગમતા-નેણા૦
વારે વારે જળ પાન કરત હે, રમુજ કરીને ઘણું રમતા-નેણા૦
એ છબી જોવા સારુ ભવ બ્રહ્માદિક, ભાવ સહિત કેડે ભમતા-નેણા૦
દેવાનંદ કહે જન્મ સુફળ કરી, નિત્ય ચરણોમાં જઈ નમતા-નેણા૦

**પદ-૨**

લાડુ પીરસે પંગતમાં આઈ, સલૂણી છબી સહજાનંદ સુખદાઈ-સ૦
ખભા ઉપર આડો ખેશ બાંધીને, જોઈ રહ્યા જન લલચાઈ-સ૦
બરફી જલેબી લાડુ સુતરફેણી, બહુવિધ પાક બનાઈ-સ૦
નિજદાસન સંગ હાસ કરી કરી, જોરાવરેશું જમાઈ-સ૦
દેવાનંદના નાથ દયાળુ, હસી હસી હેત જણાઈ-સ૦

**રાગ : ધોળ પદ-૧**

પામર નર ન ભજ્યો ભગવાન, મરણ આવ્યું ઢૂંકડું,
કેડે આવે છે કાળ અજાણ -મરણ ટેક૦
અણસમજ્યાં ઓસડ કરે રે, રતિએ રોગ ન જાય,
લોકવાણી ઉરમાં ધરી રે, ગોળી જળમાં ઘોળી ઘોળી પાય ... મરણ૦ ૧
અન્ન ગળે નવ ઊતરે રે, ખાતાં ઊલટી થાય,
અતિ વ્યાધિ દુઃખ દેહમાં રે, ખાંસી શૂળ આવે ન ખમાય ... મરણ૦ ૨
સગાં સંબંધી સહુ મળી રે, બેઠાં ઘરના બહાર,
અઢાર દિવસ થયા અન્ન મેલ્યું રે, ડોસો તન તજવા થયો તૈયાર ... મરણ૦ ૩
ઈન્દ્રિયોના દેવતા ઊઠી ગયા રે, વૈખરી વાણી બોલાય,
દેવાનંદ કહે હરિ વિમુખના રે, તોય પાપી પ્રાણ ન જાય ... મરણ૦ ૪

**પદ-૨**

ગાફલનર તે વિસાર્યા ગોપાલ, ઉગારે કોણ આ સમે ?
મરવું મેલીને જૂઠો જંજાળ -ઉગારે ટેક૦
મુખના દાંત કાળા થયા રે, આંખ્યો ગઈ ઠરડાઈ,





નાકની દાંડી નમી ગઈ રે, દુઃખ પામ્યો પૂરવની કમાઈ ... ઉગારે૦ ૧
વાત પિત્ત કફ મેળ કરી રે, ભાઈ ત્રણે ભેળા થયા,
શ્વાસ વધે સહુ દેખતાં રે, તનની નાડી સર્વે તૂટી જાય ... ઉગારે૦ ૨
અંતે લેવા જમ આવિયા રે, જનમ સમાના જમાન,
મનમાં પસ્તાય મૂરખો રે, ભજવા ભૂલી ગયો ભગવાન ... ઉગારે૦ ૩
પેઠો જમ એક પેટમાં રે, બીજો રહ્યો છે બહાર,
દેવાનંદ કહે હરિ વિમુખને રે, માથે પડખે મુદગળના માર ... ઉગારે૦ ૪

**પદ-૩**

કરે પાપી અતિશે પોકાર, પરવશ થયો પ્રાણિયો,
દુઃખ દેખી રૂએ નરનાર ... પરવશ૦
પેટ ચડે બંધ છુટી ગયા રે, જીવ અતિશે અકળાય,
સ્વપ્ન અવસ્થા પ્રધાન થઈ રે, ભાંગ્યુ વેણ બોલે બકવાય ... પરવશ૦ ૧
દોઢે વાગે ડાકલાં રે, ભૂવો ધૂણે ભરવાડ,
નિર્લજ્જ નકટી દેવીની રે, બાધા રાખો કરશે માતા વાર ... પરવશ૦ ૨
વાંઝો બનાવ વીરનો રે, જંત્ર મંત્ર બહુ જાણ,
મૂઠ નાખી કામણ કર્યા રે, દોરો બાંધો તો થાય સુવાણ ... પરવશ૦ ૩
જોશી કહે પીડે ગ્રહ પનોતી રે, શાંતિ કરે સુખ થાય,
દેવાનંદ કહે મૃત્યુંજયનો રે, જાપ જપીએ દરદ મટી જાય ... પરવશ૦ ૪

**પદ-૪**

મૂરખ નર કરે કોટિ ઉપાય, મૃત્યુ પાછું નહિ વળે,
તૂટી આયુષ્ય તે ન સંધાય ... મૃત્યુ ટેક૦
અફીણ તો ઊગે નહિ રે, પાપી દારૂ પાય,
ભાઈ બંધે મળી ભૂંડું કર્યું રે, નાખ્યો નરકે પડ્યો પસ્તાય ... મૃત્યુ૦ ૧
કોટી કરે ગઉદાનને રે, સોના રૂપાના શણગાર,
પામે ફળ પરલોકમાં રે, માથે મરણ જનમ બહુ વાર ... મૃત્યુ૦ ૨
કાશીએ જઈને કરવત મેલાવે રે, ને ગાળે હિમાળે દેહ,
ભક્તિ વિના ભવ ન તરે રે, પામે રાજ સાજ સુખ તેહ ... મૃત્યુ૦ ૩
બુઢ્ઢા જોબન બાળને રે, જમડા પકડી જાય,
દેવાનંદ કહે મરી ગયા રે, વાંસે વ્હાર કોઈથી ન થાય ... મૃત્યુ૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

રે નરતનું પાયા નેક નવીન હોય, ગાફલ જન્મ ગુમાયારે. નરતનું૦
વિષય કાજ તજી લાજ લોકને, ભુવન ભુવન ભટકાયા,
માયા માયા કરી કરી મુરખ, અંતર નેન અંજાયારે. નરતનું૦ ૧
ફોગટ ફેલ મેલ અતિ મનમેં, ધન હિત જગતમેં ધાયા,
નારીનેહ ગેહકે ગરજુ, વૈકુંઠપતિ વિસરાયારે. નરતનું૦ ૨
હરિ કે ભજને ભવદુઃખ ભંજા, લાલચમેં લપટાયા,
સંત સમાગમ કબહું ન કીના, રોગ અસાધ રહાયારે. નરતનું૦ ૩
ભજન રહાઈ કિરતાર જ્યું ભુલ્યા, જુઠને સાચા જનાયા,
દેવાનંદ કહે ઐસે નરકું, ભવકા અંત ન આયારે. નરતનું૦ ૪

**પદ-૨**

રે અજબ તમાસા દુનિયા કોઈ, પલમેં નાશ પમાસા રે. અજબ૦ ટેક.
જુઠા બાજીગર ખેલ બનાવત, જુઠા ભેદ જનાસા,
કાલા વાલા કરકે મુરખ, લેકર લોક રીઝાસા રે. અજબ૦ ૧
અરવ ખરવ મેં લોભાયા, હોત ઓરનકી આશા,
એક અધેલી સંગ ન આવત, અંતે નરક નિવાસા રે. અજબ૦ ૨
પ્રભુ પદ પ્રીત કર નાહિ, મન માયામેં આશા,
શિર પર કાળ ખડા નહિ સુજત, તાકું નહિ તપાસા રે. અજબ૦ ૩
દેખા વિચારી સ્યાના દિલમેં, હરિ ભજીલે અધીક હુલાસા,
દેવાનંદ કહે કોઈ નહિ તેરા, હો રહેને હરિ દાસા રે. અજબ૦ ૪

**પદ-૩**

રે કપટી તેરા કોન સગા હૈ સોઈ, માનત તેરા મેરા રે. કપટ૦ ટેક.
સગાં સંબંધી સ્વારથ લોભી, ફોગટ દેવત ફેરા,
ખાવત પીવત લેવત દેવત, અંતર આગ જરેરા રે. કપટી૦ ૧
શ્વાસ ગયો તન નાશ ભયો હય, જલ દરપત દૂર ખસેરા,
માત પિતા જુવતી મિલી રોવત, કોઈ ચલત નહિ ભેરા રે. કપટી૦ ૨
તન જારી કે ખાખ કરત હે, જંગલ મેં દેવત ટેરા,
પીછે પૈસા ખાતર પામર, ગઈકે આગ લગેરા રે. કપટી૦ ૩
સત્સંગ હે ભવ સાગર તારન, હરન અંતર અંધેરા,
દેવાનંદ કહે આ દુનિયામેં, સાચા સંત સગેરા રે. કપટી૦ ૪





**પદ-૪**

રે દરદ મીટાયા મેરા દિલકા, ઔધષ અમૃત પાયા રે. દરદ૦ ટેક.
વૈદ મળ્યા વ્રજરાજ વિહારી, નાડી દેખન આયા,
જ્ઞાન ધ્યાન કી ગોળી દીયા, રંચ ન રોગ રહાયા રે. દરદ૦ ૧
ગયા રોગ મન ભયા નિરોગી, દિલગિરી દરદ નસાયા,
હરિકૃષ્ણ પરિબ્રહ્મ પુરાતન, ભાવ સહિત મન ભાયા રે. દરદ૦ ૨
મિટયા વિષય કા દાગ મનોરથ, મૂળ મરમ સમજાયા,
જન્મ મરણકા ઝગડા ચૂક્યા, અંતર અલખ લગાયા રે. દરદ૦ ૩
યોગ ભક્તિ ત્યાગ વૈરાગ્યકા, ચારૂ ચુરન બનાયા,
દેવાનંદ કહે દયા કરીકે, શ્રીહરિ આપ દેખાયા રે. દરદ૦ ૪

**રાગ : કાફી પદ-૧**

લરકા દેખ્યા મેં નંદમહરકા, કહા રૂપ કહું રે કાનડકા -ટેક૦
શ્વેત બસન તન મુનિમનરંજન, ગોપ વેશ ગીરધરકા,
બંસી હાથ સાથ વ્રજવનિતા, મંદમંદ મુખ મરકા -લરકા૦ ૧
જાકે ચરનકમળ જન ચિતવત, દુઃખ મિટત જમ ડરકા,
કોટિક કામ શ્યામ દેખી લાજત, વેશ નિપટ નટવરકા -લરકા૦ ૨
ઉર બન માલ ભાલ બિચ રેખા, કંચન બાજુ કરકા,
કાનુ મેં મકરાકૃત કુંડળ, જામા પેરે ઝરિયનકા -લરકા૦ ૩
નવલ પાઘમેં કુસુમ બાગકે, પેચ ઝૂકયા શિરપરકા,
દેવાનંદ ઘનશ્યામ બિલોકી, ભેખ લીયા રે જોગનકા -લરકા૦ ૪

**વિરહ વિલાસ રાગ : પરજ પદ-૧**

વહાલા વિના વ્રેહની રે મુંને, અંતર પીડા અતિ થાય છે ...વાલા૦ ૧
સૂના મંદિરિયામાં સેજ બિછાવેલ, ભાળીને ચિત્ત ભરમાય છે ...વાલા૦ ૨
ખાતા રે પીતાં સૂતાં સ્વપ્રમાં, ઝબકીને તરત જગાય છે ...વાલા૦ ૩
ઘરડાનો ધંધો મને હાથ ન લાગે, મળવાને મન લલચાય છે ...વાલા૦ ૪
દેવાનંદ કહે ક્યારે હવે દેખશું, જીવ જરૂર અકળાય છે ...વાલા૦ ૫

**પદ-૨**

મેલી ગયા માવો રે, મુંને પરવશ કરી એની પ્રીતમાં ...મેલી૦ ૧
અધર સુધારસ પાયો અલબેલડે, હસીને બોલાવી ઘણું હેતમાં ...મેલી૦ ૨

તનડું ઘૂમે છે એની મોરલીના તાનમાં, ગરક થઈ છું રૂડા ગીતમાં ...મેલી૦ ૩
રસિક સલૂણાજીની મીઠી મુખલાવની, ચટકી લગાડી મારા ચિત્તમાં ...મેલી૦ ૪
દેવાનંદ કહે નિર્દય નાથજી, મનડું લોભાણું જગજીતમાં ...મેલી૦ ૫

પદ-૩

ક્યારે હવે મળશું રે મારા, ડોલરિયાજી સુખદેણને ...ક્યારે૦ ૧
મીન સરીખાં રૂડાં ચંચળ સોહામણાં, નીરખીને જોશું કાજુનેણને ...ક્યારે૦ ૨
જમવાને ટાણે મુંને પોતાની પ્રસાદી, દેશે મધુરાં કહી વેણને ...ક્યારે૦ ૩
પાસે બેસીને હવે પ્રાણ આધારને, દેખું શામળિયા મારા સેણને ...ક્યારે૦ ૪
દેવાનંદ કહે ભાવે કરી ભેટશું, મન મારું કરવા સારુ મેણને ...ક્યારે૦ ૫

પદ-૪

જોવા સારુ જાશું રે અમે, નવલ સનેહી ઘનશ્યામને ...જોવા૦ ૧
જોગણ કેરો તન વેશ ધરીને, ગિરધર વસવા કેરા ગામને ...જોવા૦ ૨
લોકડિયાની તજી લાજ સંસારમાં, કરવું મેલીને ઘરકામને ...જોવા૦ ૩
વિરહને તાપે દાડી તનડું તપે છે, અંતર ઠરવા કેરા ઠામને ...જોવા૦ ૪
દેવાનંદ કહે દિલડામાં રાખશું, દોયલી વેળાના કરી દામને ...જોવા૦ ૫

રાગ : વેરાડી પદ-૧

સગાં કોઈ સાથે નાવે રે મરવાને ટાણે -ટેક૦
માત પિતા સુત નારી, સ્વારથિયાં સંસારી ભારી,
અંતકાળે ઊઠી જાવે રે -મર૦ ૧
જીવને જમ લેવા આવે, પાપ કર્યા તે પીડા પાવે,
પામર નર બહુ પસ્તાવે રે -મર૦ ૨
મિથ્યા બોલી માયા મેળી, તે દાટી રેશે નાવે ભેળી,
વણસમજ્યો વિલખાવે રે -મર૦ ૩
દેવાનંદ કેહ સુખકારી, ભજ્યો નહિ ગિરધારી,
સંત વિના કોણ સમજાવે રે -મર૦ ૪

પદ-૨

જીતી બાજી ગયો હારી રે, મનુષ્ય તન પામી -ટેક૦
રાજસાજ સુખ દીધું, તેનું કહ્યું નવ કીધું,
પર-દારા કીધી પ્યારી રે -મનુ૦ ૧





વિષય મનમાં કીધા વાલા, એ સુખમાં અથડાવા ઠાલા,
નિર્લજ્જ એવાં નર નારી રે -મનુ૦ ૨
પાપી ન ગયો સાધુ પાસે, બેઠો ખળમાં બારે માસે,
વિકળ મતિયો વ્યભિચારી રે -મનુ૦ ૩
જેણે આ નર દેહ દીધો, તેનો શરણો નહિ લીધો,
દેવાનંદ કહે ભૂલ્યો ભારી રે -મનુ૦ ૪

પદ-૩

ગાયા નહિ ગિરધારી પ્રીતે રે, નંદજીનો લાલો -ટેક૦
કહ્યું તે નારીનું કીધું, રળીરળી ધન તેને દીધું,
હસીને બોલાવે હેતે રે -નંદ૦ ૧
આ સંસારી સુખ વિષે, ઝાંઝવાનાં પાણી દીસે,
તેમાં નાવા ઈચ્છે નિત્યે રે -નંદ૦ ૨
રાતદિવસ તત્પર થઈ રળિયો, ત્રિવિધ તાપે અંતર બળિયો,
ચિંતા વાધી બહુ ચિત્તે રે -નંદ૦ ૩
દેવાનંદ કહે મિથ્યા માયા, તેમાં લોભી લલચાયા,
વશ કરી રાખ્યા વિત્તે રે -નંદ૦ ૪

પદ-૪

કાળ તારી કેડે આવે રે, વિચારી જોને -ટેક૦
જૂઠું આ જીવતર તારું, હારી ગયા હજારું વારું,
કુડી માયા કામ નાવે રે - વિચારી૦ ૧
મોટા મોટા મરી જાવે, રાજા રંક ન રહને પાવે,
આયુષ્ય તારું ઓછું થાવે રે - વિચારી૦ ૨
પ્રભુને વિસાર્યા પ્રાણી, મિથ્યા બોલ્યો મુખે વાણી,
ધન હિત ચહુ દિશે ધાવે રે - વિચારી૦ ૩
દેવાનંદ કહે માન કહ્યું, જોબન તારું એળે ગયું,
વ્રજદાણી કાં વિસરાવે રે - વિચારી૦ ૪

●

# અન્ય નંદ સંતોના કીર્તન

**રાગ : ગરબી પદ-૧**

એક સમે અતિ કૃપા કરી રે, સર્વજન પર સહજાનંદ;
હરિભક્ત હતા દેશદેશના રે, મળ્યાં વર્ણિ મુનિનાં વૃંદ;
છાપ આપી અવધપ્રસાદને રે... ટેક૦
શંખ ચક્ર ગદા પદ્મ રે, હરિકૃષ્ણ લખી નિજનામ;
સાબરમતી તીરે સોહામણું રે; શ્રીનગર કર્યું નિજધામ...છાપ૦ ૨
શ્રીકૃષ્ણ અવતાર આગે ધરી રે, જેણે હર્યો ભૂમિનો ભાર;
જીવ અનંતકોટિ ઉદ્ધારવા રે, ધરી નારાયણ અવતાર...છાપ૦ ૩
શ્રીમુખે કરી વાલે આજ્ઞા રે, સર્વે જન લેજો છાપ;
રહેશે રાજી વાલો ભૂમાનંદનો રે, ટળે કોટી જનમનાં પાપ...છાપ૦ ૪

**પદ-૨**

ફરી બોલ્યા શ્રીસહજાનંદજી રે, કાઢી ઘેરો રાગ ગંભીર;
સર્વે તીર્થનું ફળ પામશો રે, નાહી સાબરમતીનાં નીર;
છાપ લેજો સર્વે જન સાંભળો...રે૦ ૧
દિશ ઉતર શ્રીનગરથી રે, જ્યાં રૂપાળો રાજબાગ;
એનું નામ નારાયણઘાટ છે રે, મારે નાવાની નિત્ય જાગ...છાપ૦ ૨
તીર્થ અડસઠ જ્યાં આવી વશ્યાં રે, જાણી નારાયણ નિવાસ;
દેવ સર્વે આવી એકઠા થયા રે, રહ્યા સેવક થઈને પાસ...છાપ૦ ૩
એ ઘાટે ગંગા આવી મળી રે, આમ બોલી જોડીને હાથ;
મારે વિયોગ હતો બહુ કાળનો રે, ટાળો ભૂમાનંદના હાથ...છાપ૦ ૪

**પદ-૩**

કર્યું સર્વે તીર્થમાં શિરોમણી રે, શ્રીનગર સુંદર ધામ;
ઈષ્ટદેવ એ ભરતખંડના રે, નરનારાયણ જેનું નામ;
બદ્રિઆશ્રમથી આવી વસ્યા...રે૦ ૧
એના અવતાર ભરતખંડમાં રે, રામકૃષ્ણ આદિક જેહ;
કર્યા નારાયણ પરાયણ સર્વે જીવને રે, ભક્તિધર્મનંદન થયા તેહ...બદ્રિઆશ્રમ૦ ૨





જીવ અસંખ્ય કરી એનો આશરો રે, જીત્યા સહુ કામાદિ;
જીવ મુક્ત થયા એને ભજી રે, ટાળી નરકચોરાસીની બીક...બદ્રિઆશ્રમ૦ ૩
અતિપ્રતાપ જણાવ્યો સત્સંગમાં રે, ધ્યાનધારણા સમાધિ નિજધામ;
પ્રગટ હતા તે પ્રતિમામાં રહ્યા રે, આજ ભૂમાનંદનો શ્યામ...બદ્રિઆશ્રમ૦ ૪

**પદ-૪**

શોભા કહિયે શું શ્રીનગરની, જેને ગંગા વહે ચૌપાસ;
મધ્યે મંદિર એક અદ્ભુત છે રે, નરનારાયણનો નિવાસ;
વાલે વૈકુંઠ તુલ્ય જેને કર્યું...રે૦ ૧
પ્રભુ પ્રગટ થઈ જેમાં રમ્યા રે, મુક્ત મંડળ લઈ બહુવાર;
સાબરમતીનું મહાત્મ્ય શું કહીયે રે, નાહ્યા નારાયણ અવતાર...વાલે૦...રે૦ ૨
જે કોઈ દર્શન કરશે દેવનાં રે, નાહી ગંગામાં લેશે છાપ;
તેને પ્રગટ હરિ કૃપા કરી રે, દર્શન કરે થાય નિષ્પાપ...વાલે૦...રે૦ ૩
ભરતખંડની સર્વે ભૂમિ કરી, તેમાં અતિ ઉત્તમ આ શહેર;
જેમાં વસ્યા વાલો ભૂમાનંદનો રે, ફર્યા ઘોડે ચડી ઘરોઘર...વાલે૦...રે૦ ૪

**રાગ : ધોળ — પદ-૧**

શ્રી સહજાનંદ પ્રકટ પ્રભુ આવીયા !.....ટેક
સાહેલી રે શ્રીનગરને ચોવટે, ઘોડે થઈ અસવાર;
ભીડ મચી પુર લોકની દરશન કરે નરનાર... શ્રી૦ ૧
ગજ વાજી સંગે ઘણા, લઈને ભેળા ભૂપ;
સેનામાં શોભે અતિ, રથ મેના અનુપ... શ્રી૦ ૨
વાજિંત્ર વાજે ઘણાં, કરે નેકી પોકાર;
ચમર દંડ સોના તણાં, શિર પર છત્ર સાર... શ્રી૦ ૩
છબી જોઈને શ્યામની, હૈયામાં હર્ખ ન માય;
ભૂમાનંદ નિજ નાથને, નજરે નીરખી ગાય... શ્રી૦ ૪

**પદ-૨**

સ્વામી શ્રીનગરમાં પધારીયા.....ટેક
આવોને રે જોઈએ જીવનપ્રાણને, બહુ જન કરે બકોર;
જામો પહેરી જરકસી, કરી કેસરની ખોર... સ્વામી૦ ૧

ચઢી ઝરૂખે જાળીયે, પુરની ત્રિયા જેહ;
નીરખીને નિજ નાથને, ફુલડે વધાવે તેહ... સ્વામી૦ ૨
ચારે કોર શ્યામને, ઘેરી રહ્યાં મુનિનાં વૃંદ;
તેમાં શોભે શામળો, તારા મધ્યે જેમ ચંદ્ર.. સ્વામી૦ ૩
વાજે વધાઈઓ ઘરોઘરે, આનંદ ઉત્સવ થાય;
ભૂમાનંદના નાથનો, જશ જન ગાય... સ્વામી૦ ૪

**પદ-૩**

નારાયણસ્વામિ સર્વે લોકના.....ટેક
વાલોજી રે ધામી અક્ષર ધામના, સહજાનંદ સુખકંદ;
નરનારાયણ સ્થાપવા, લઈ મહા મુનિનાં વૃંદ... નારાયણ૦ ૧
મંડપ રચાવી મોતીયે, વેદિકા જાુત શણગાર;
વિપ્ર બોલાવી વેદીયા કરે, હોમ કરી વેદ ઉચ્ચાર...નારાયણ૦ ૨
નરનારાયણ દેવને, ભેટ્યા ભરીને બાથ;
સિંહાસનને ઉપરે, પધરાવી નિજ હાથ... નારાયણ૦ ૩
વિપ્રને જમાડવા, પધાર્યા પુર બહાર;
ભૂમાનંદ કહે ભાવથી, કાંકરિયા મોઝાર... નારાયણ૦ ૪

**પદ-૪**

કાંકરીયે કૃપાળુ પધારીયા.....ટેક
સાહેલી રે શ્યામસુંદરને નીરખવા, આવ્યું સર્વે પુર;
પુરનો રાજા આવીને થઈ રહ્યો ચરણ હજૂર કાંકરિયે૦ ૧
અષ્ટસિદ્ધિ નવનીધીયો, આવી ત્યાં મૂર્તિમાન;
જગન કરાવા કારણે, દેવા દક્ષિણાદાન. કાંકરિયે૦ ૨
પરિક્રમા પોતે કરે, અનંત લઈ અસવાર;
વિપ્ર કોટી વચમાં જમે, જય જય કરે ઉચ્ચાર. કાંકરિયે૦ ૩
અદ્‌ભુત લીલાએ થઈ, જોવા આવ્યા દેવ;
ભૂમાનંદના નાથને, વિમાન યુક્ત તતખેવ. કાંકરિયે૦ ૪

**રાગ : ખમાચ**

નહિ મળે ફરી મોંઘો નહિ મળે ફરી,
મનુષ્યનો દેહ મોંઘો, નહિ મળે ફરી...ટેક૦





તે માટે હું કહું છું તને ભજી લે હરિ;
સાચા સાધુ ઓળખી, એની સોબત કરી...મનુ૦ ૧
જીતી બાજી જાય છે હારી, કુસંગમાં ગરી;
જાવું પડશે જમપુરીમાં જરૂર મરી...મનુ૦ ૨
દેવતાને છે દુર્લભ તનુ, તે તો તેં ધરી;
ભૂમાનંદ કહે ભવસિંધુને જાને તું તરી...મનુ૦ ૩

**રાગ : ગરબી – પદ-૧**

આવો આવોને અલબેલડાજી રે, મોહન કરોને મહેર રે...આવો૦ ટેક.
મેલી ગયા મહાવનમાંજી રે, પ્રેમદાની શી પેર રે...આવો૦ ૧
અમૃત પાઈને ઉછેરીયાંજી રે, જીવન પાઓ માં ઝેર રે...આવો૦ ૨
સુખ અમને શીદ આપ્યુંજી રે, વ્હાલા કરવું વેર રે...આવો૦ ૩
ભૂમાનંદ કહે કૃપા કરોજી રે, થાય લીલા લહેર રે...આવો૦ ૪

**પદ-૨**

નાથ નમેરા કેમ થયાજી રે, ગુણસાગર ઘનશ્યામ રે...નાથ૦ ટેક.
અમને મેલી ગયા વનમાંજી રે, દોરો કાઢીને જેમ દામ રે...નાથ૦ ૧
તમ વિના અમે તો રહ્યાજી રે, જીવ વિના જેમ હાડ ચામ રે...નાથ૦ ૨
સુના અમે શોભીએજી રે, ધન વિનાનું જેમ ધામ રે...નાથ૦ ૩
અબળા અમે ક્યાં આવીએજી રે, ભૂમાનંદના શ્યામ રે...નાથ૦ ૪

**પદ-૩**

લાધો હરિવર હીરલોજી રે, વીંટી વળી વ્રજનાર રે...લાધો૦ ટેક.
મૂર્તિ મનોહર જોઈનેજી રે, પામ્યા સુખ અપાર રે...લાધો૦ ૧
મોર મુગટ માથે ધર્યોજી રે, ગળે ગુલાબના હાર રે...લાધો૦ ૨
કાંતિમાં ઝાંખા કર્યાજી રે, કાનવર કોટિક માર રે...લાધો૦ ૩
ભૂમાનંદના નાથ છો જી રે, નેણાતણા શણગાર રે...લાધો૦ ૪

**પદ-૪**

નાથ ન મેલું વેગળાજી રે, હરિવર આવ્યા છો હાથ રે...નાથ૦ ટેક.
કલ્પીનું ધન કરી રાખશુંજી રે, સાચી માનો એ ગાથ રે...નાથ૦ ૧
ઈચ્છો તમો ત્યાં આવીએજી રે, શ્યામસુંદર તમ સાથ રે...નાથ૦ ૨

તાપ ટાળો અંતરનાજી રે, ભેટો મને ભરી બાથ રે...નાથ૦ ૩
વહાલા ભૂમાનંદનાજી રે, રાખ અમને સંઘાથ રે...નાથ૦ ૪

**રાગ : ધોળ – પદ-૧**

સર્વેસખી જીવન જોવાને ચાલો રે, શેરડીયુંમાં આવે લટકતો લાલો રે...૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે, જેને નીગમ નેતિ નેતિ કરી ગાય રે...૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે, છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે...૩
મળ્યા આવે મહામુનિનાં વૃન્દ રે, તેમાં શોભે તારે વીંટયો જેમ ચંદ્ર...૪
શુક સનકાદિક ઉત્તમ યશ ગાવે રે, નૃત્ય કરે નારદ વિણા વજાવે રે...૫
નીજ સખા ચમર કરે લઈ હાથ રે, આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે...૬

**પદ-૨**

જુઓ છબી શ્યામસુંદરવર કેરી રે, હીરની નાડી સુંથલણી સોનેરી રે...૧
જરકશી જામો બુટાદાર રે, કસીઓ કમર સોનેરી કટાર રે...૨
શિર પર પાઘ પેચાળી રે, કાને ગુચ્છ ગુલાબી માથે કલગી રે...૩
ગજરાતોરા ગળે ગુલાબના હાર રે, આવી ભ્રમર કરે ગુંજાર રે...૪
પોંચી કડાં બાંયે બાજુબંધ રે, નંગ જડ્યાં કુંડળ મોતીનાં વૃન્દ રે...૫
વેગે જુવો વરણાગીયો વનમાળી રે, શીતળ થાયે ભૂમાનંદ કહે ભાળી રે...૬

**પદ-૩**

મૂર્તિ ચંચળ જુવો ચટકતી ચાલ રે, નેતર છડી કરમાં ફુમકિયાળી લાલ રે...૧
મંદહાસ ચપળ નેણે ચિત્ત ચોરે રે, કરનાં લટકાં કરી કાળજડાંને કોરે રે...૨
મીઠા બોલો ઘેરે રાગે ગાય રે, અધર ધરી મોરલી મનોહર વાય રે...૩
ઝળકે ભાલ વિશાળ શોભાનું ધામ રે, નાસાઅણિયાળી ભમર્યું અતિશ્યામ રે...૪
અધર લાલમાંહી મધુરી હાસ રે, દંતપંક્તિ કરે અતિ પ્રકાશ રે...૫
જમણે ગાલે ટીબકડી રૂપાળી રે, તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે...૬

**પદ-૪**

ઘેરે ચાલી આવ્યા ગૌલોકવાસી રે, જેને કહે છે અક્ષરાતીત અવિનાશી...૧
જુઓ જીવન મોહનિદ્રામાંથી જાગી રે, વરી એને થાઓ અખંડ સોહાગી...૨
જોતાં વાટ આવી મારે જાન રે, પોતે વર પુરુષોત્તમ ભગવાન રે...૩
શુકસનકાદિક ધરે જેનું ધ્યાન રે, મારા લોચન કરે તે મુખનું પાન રે...૪





એની સર્વે દેખી અલૌકિક રીત રે, ચોંટયું મારું સુંદરવરમાં ચિત્ત રે...૫
હથેવાળો હરિ સંઘાથે કીધો રે, ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે...૬

**રાગ : કાફી – પદ-૧**

અમરના સરદાર, હરિ મારા નેણતણા શણગાર;
નેણતણા શણગાર, ગુણવંત માણકીના અસ્વાર...અમર૦ ટેક.
માથે ધોળી પાઘ મનોહર, છોગું મુગટ અનુસાર;
ધોળાં અંબર તન પર શોભે, રૂમાલ ધોળો સાર...અમર૦ ૧
ભાલ વિશાળ તિલક કેસરનું, કુમકુમ ચંદ્ર ઉદાર;
કામતણા મદને હરનારી, ભ્રકુટી ધનુષ્ય આકાર...અમર૦ ૨
દીપ શિખા શુક ચંચુલ ભારી, નાસા નમણી સાર;
દંત છબી જોઈ લાલજીની, અધોમુખ ઝુરે અનાર...અમર૦ ૩
બિંબ નવાંકુર પરવાળાથી, સારા અધર અપાર;
કૃષ્ણાનંદ કહે મુખ પર વારું, ચંદ સરોજ હજાર...અમર૦ ૪

**પદ-૨**

પ્રાણતણા આધાર, હરિવર કેસરના અસવાર;
કેસરના અસવાર, કમરે સોનેરી કટાર...પ્રાણ૦ ટેક.
પાઘ સોનેરી છોગે જીુત, શિર અટપટી આંટાદાર;
નવલ કલગી મણી મોતીના તોરા શોભાદાર...પ્રાણ૦ ૧
સુંદર જરકસી અંબર ધાર્યા, રાજે તેજ અંબાર;
સોનાકેરી લગામ કરમેં, ધારી ધર્મકુમાર...પ્રાણ૦ ૨
ઘોડાને ઘુમરમાં ઘેર્યો, નટવર પરમ ઉદાર;
બીજા કરમાં છડી સોનાની, ઝળકે છે અતી સાર...પ્રાણ૦ ૩
હરિની કીર્તિ ગાન કરે છે, ચહુકોરે અસવાર;
કૃષ્ણાનંદ એ શોભા ઉપર, વારી વારમવાર...પ્રાણ૦ ૪

**પદ-૩**

મુનિતણા શણગાર, હરિ મારે તમસંગ લાગ્યો પ્યાર;
તમસંગ લાગ્યો પ્યાર, સમરથ મુક્તિના દાતાર...મુનિ૦ ટેક.
શિરપર પાઘ સુમનનો તોરો, શોભે છે ઉદાર;
ફૂલનો સુંદર જામો પહેર્યો, તેની ફોર અપાર...મુનિ૦ ૧

ફૂલના કાજુ બાજુ ગજરા, પ્યારા ઉર પર હાર;
ફૂલની સુંથણલી નેપુર પદમાં, ધાર્યા કરીને પ્યાર...મુનિ૦ ૨
અંગ અંગમાં રાજે હરિને, કુસુમતણા શણગાર;
બાગ કુસુમનો ફૂલ્યો જાણી, ભમર કરે ગુંજાર...મુનિ૦ ૩
ફૂલ કલગી ફૂલના કાને, કુંડળ મકરાકાર;
કૃષ્ણાનંદ કહે ફૂલદડો, ઉછાળે વારમવાર...મુનિ૦ ૪

**પદ-૪**

કરતા નૌતમ ખ્યાલ, હરિવર ભક્તતણા પ્રતિપાલ;
ભક્તતણા પ્રતિપાલ, અંગે ધરીયાં અંબર લાલ...કરતા૦ ટેક.
છટા મુગટ સમ છોગું છાજે, લાલ પાઘનો તાલ;
લલિત કલગી લળકે ઝળકે, લટકે તોરા લાલ...કરતા૦ ૧
જોઈ ખંજન પંકજ લાજે, ચંચળ લોચન લાલ;
કાજુ તિલ ત્રાજુ અતિ રાજે, સુંદર જમણે ગાલ...કરતા૦ ૨
ચાલે ચાલ લટકતી ચાખડી, ચટકતી પહેરી લાલ;
ચાલ જોઈને લાજ્યા મનમાં, કુંજરરાજ મરાલ...કરતા૦ ૩
કરવરમાં લઈને ફેરવે છે, છડી અનોપમ લાલ;
કૃષ્ણાનંદ કહે ઉર પર રાજે, મોતીડાની માલ...કરતા૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

આવો મારે મંદિર સહજાનંદ, મનોહર શ્રીહરિ રે લોલ,
વ્હાલા તારી મૂર્તિ પરમ અનુપ, જોઉં નેણાં ભરી રે લોલ. ૧
વ્હાલા તારા અરૂણ ચરણ દુઃખ હરણ, ચિહ્ન શોભા ઘણી રે લોલ,
કોમળ અંગુલી લલીત રસાળ, હાર્ય નખમણી તણી રે લોલ. ૨
પાવન પાની ઘુંટી ગોળ, કર બહુ શોભતા રે લોલ,
જંઘા જાનું સાથળ સાર,જન મન લોભતા રે લોલ. ૩
મૃગપતિ માનહરણ કટીલંક, નીરખવા લાગ્ય છે રે લોલ,
કૃષ્ણાનંદ જે ચિંતવે એહ, તેનાં બહુ ભાગ્ય છે રે લોલ. ૪

**પદ-૨**

શીતળ પીપળ પાન સમાન, ઉદર ચિત્તને હરે રે લોલ,
ત્રિવળી નાભી ગોળ ગંભીર, જોઈ નેણાં ઠરે રે લોલ. ૧





છાતી ઉપડતી ચિત્તચોર, વિશાળ અનુપ છે રે લોલ,
શ્રીવત્સ અર્ધચંદ્ર શુભ ચિહ્ન, અતી સુખરૂપ છે રે લોલ. ૨
શોભે કંચન મોતી હાર, નીરખી મન લોભતા રે લોલ,
જાણે ગગન મંડળને માંય, તારાને વિજળી શોભતા રે લોલ. ૩
રાજે ઉરપર પરમ ઉદાર, વિનગુણ હાર છે રે લોલ,
કૃષ્ણાનંદ કે જોઈ લાજે શેષ, ભુજા અતી સાર છે રે લોલ. ૪

**પદ-૩**

જાણે ફૂલ્યાં ગુલાબનાં ફુલ, હથેળી લાલ છે રે લોલ,
અંગુલી ચોળાફળી નખચંદ્ર, કાંતિ વિશાળ છે રે લોલ. ૧
વ્હાલા તાર અધર બીંબ ફળ તુલ્ય, રહે જન જોઈને રે લોલ,
ભાળી કુંદકળી સમ દાંત, રહ્યું મન મોહીને રે લોલ. ૨
વ્હાલા રૂડા ખભા શંખ સમ કંઠ, ચીબુક શોભા ઘણી રે લોલ,
પ્યારા તારા ગાલમાં તીલ એક શ્યામ, જાણે ઝળકે મણી રે લોલ. ૩
વારૂં કમળ કોટી ઉડુરાજ, વદન છબી ઉપરે રે લોલ,
કૃષ્ણાનંદ કહે પ્રેમ સહિત, મુનિ જેનું ધ્યાન ધરે રે લોલ. ૪

**પદ-૪**

કામણગારાં કરૂણા સહિત, સુધારસનાં ભર્યા રે લોલ,
કમળ સરીખાં ચંચળ નેણ, જોઈ નેણાં ઠર્યા રે લોલ. ૧
વ્હાલા તારી નાસીકા તીલનું ફળ, કે કીર સમાન છે રે લોલ,
વ્હાલા મન લોભન કાન સમાન, કે કાન્તિનિધાન છે રે લોલ. ૨
લોભે નેણ કમળ પર ભૃહ, ભમર આધીન છે રે લોલ,
જેને જોવા થાય આતુર કે, મન અતી દીન છે રે લોલ. ૩
ભાલે કેસર આડ બનાવ, કુંકુમ ચંદ્ર ગોળ છે રે લોલ,
કૃષ્ણાનંદ કહે તેને જોઈકે, મન રંગ ચોળ છે રે લોલ. ૪

**રાગ : કાફી જાડેજા ભાષાની**

મુંજા મેરમ સહજાનંદજી, અસાંજે મોલ અચીજા,
અસાંજે મોલ અચીજાડે, અચી દીદાર મુંકે દીજા. મુંજા૦ ટેક.
આંજી એસાંકે મીઠી વલૈડા, હેવર મુલા ખાત દીજા,
મુલુક ફુંલેજી સેજ બીછાઈયાં, તીનતે મથે સુમીજા. મુંજા૦ ૧

આંઈજા મુખજી મલુક ગાલીયું, મુંકે અચી સુણાઈજા,
આંઈજા ચપજોરસ અસાંકે, મેર કરીકે પાઈજા. મુંજા૦ ૨
મલુક ખેણ આંસારૂં કીયાં આંઉં, અચીકે આંઈ જમીજા,
અચી અસાંકે મીલો વલૈડા, તનજા તાપ મીટાઈજા. મુંજા૦ ૩
મીડે ગુના મુંજા માફ કર્યો, મુંકે આંઈજી વટ રાખીજા,
કૃષ્ણાનંદ ચે આંઈજી મુરત, મુંકે દીલ દીસાઈજા. મુંજા૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

શીર પાઘલડી સોનેરી રે, ઝળકે સુંદર સમ ભારી,
તેમાં છોગું મુગટ જેવું રે, તેની શોભા અતિભારી. ૧
શીરે પેચ કલંગી નવીની રે, તે શોભા નથી કહેવાતી,
રહી વામ ભ્રૃહપર ઢળકી રે, જેને જોઈ ઠરે છાતી. ૨
તેમાં પ્રેમી ભક્તે ધરાવ્યા રે, ફુલ તોરા અતી ઝુકી રહ્યા,
મદ અંધ સુગંધી લેવા રે, તે પર ભમરા આવે વહ્યા. ૩
અતી અબ મરોડ પેચાળી રે, પાઘલડી લાગે પ્યારી,
કૃષ્ણાનંદ કહે તેને ભાળી રે, થકીત થયાં સહુ નરનારી. ૪

**પદ-૨**

ચકીત થયો મુખને ભાળી રે, આકાશે નિત્ય ચંદ્ર ભમે,
કોટી કોટી કંજ થકી સારૂં રે, જેને જોઈ બીજું નવ ગમે. ૧
ઝુરે દાડમ નીચે વદને રે, દંત છબી ભાળી સારી,
બીંબ પરવાળાથી સારી રે, અધમ છટા છે સુખકારી. ૨
દંતકાંતિ અધરમાં છાઈ રે, હસતાં શોભે અલબેલી,
જેમ પરવાળા પર મોતી રે, કંદ કળી પલ્લવ ભાળી. ૩
તીલ એક અનુપમ સારો રે, શોભે છે જમણે ગાલે,
કૃષ્ણાનંદ કહે નીરખતાં રે, ભવદુઃખને નિશ્ચે ટાળે. ૪

**પદ-૩**

હેતાળા કામણગારા રે, કરૂણામૃત રસના ભરીયા,
તેજાળાં કમળ સરીખાં રે, જોઈ નેણાં અંતર ઠરીયાં. ૧
ચંચળ કીકી તેજાળી રે, તાપ ટળ્યા તેને ભાળી,
રાતલડી રેખ રસાળી રે, જન મન રંજન રૂપાળી. ૨





લોચન ચંચળતા ભાળી રે, મીન રહ્યા જળમાં બુડી,
જાણે ભ્રકુટી શામ કમાન રે, દોહ્યલી વેળાની મુડી. ૩
અમૃત ભરી નજરે ભાળી રે, રંગડાની રેલું વાળી,
કૃષ્ણાનંદ કહે કીર લજમણી રે, નાસા જમણી રૂપાળી. ૪

**પદ-૪**

કેશરનું તિલક બીરાજે રે, કુમ કુમ ચંદ્ર છબી ભાળી,
જાણે મન પકડ્યાની જાળી રે, ભાલમાં રેખા રૂપાળી. ૧
માન હર્યું છે મણિધરનું રે, કેશ નીલ ખીટલીયાળે,
ધરણીપર ન રહી શક્યા રે, જઈને વસીયા પાતાળે. ૨
કાજુ કંઠ નીરખવા જેવો રે, શંખ સરીખો શોભે છે,
છાતી ઉપડતી વિશાળ રે, જોઈ જોઈ જન મન લોભે છે. ૩
પોયણના પાન સરીખું રે, ઉદર શીતળ અતી ભારી,
કૃષ્ણાનંદ કહે ગોળ ગંભીર રે, નાભી ત્રિવળી અતી સારી. ૪

**પદ-૫**

કાજુ કટીલંક વીલોકી રે, મૃગપતિ લાજ્યો છે મનમાં,
મુખ દેખાડી નવ શકીયો રે, જઈને વસીયો છે વનમાં. ૧
તેજાળા કોમળ સાથળ રે, તેની શોભા અતી સારી,
ગજરાજની સુંઢ લજાવે રે, ગરૂડપીઠ પાવનકારી. ૨
જાનુ બેઉ ગોળ રૂપાળા રે, શ્યામ મણી દર્પણ જેવા,
હેતે કરી હરિજનને રે, અંતરમાં ધારી લેવા. ૩
ઉપર ઉપરથી ગોળ રે, પુષ્ટ મૃદુલ પીંડી સારી,
કૃષ્ણાનંદ કહે સુખ થાય રે, જેને મનમાં સંભારી. ૪

**પદ-૬**

પેની ઘુંટી ફણાની શોભારે, જોઈને મુનિજન લોભે છે,
પલ્લવ અળતાથી લાલ રે, ચરણતલાં અતિ શોભે છે. ૧
જમણા પગતળામાં વજ્ર રે, જવ અંબુજ ધ્વજ રાજે છે,
સ્વસ્તિ અષ્ટકોણ ઉર્ધ્વરેખા રે, જંબુ અંકુશ છાજે છે. ૨

ડાબા પગતળામાં મીન રે, ધનુષ્ય કળશ વ્યોમ શોભે છે,
ત્રિકોણ ગોપદ અર્ધચંદ્ર રે, જોઈને હરિજન લોભે છે. ૩
કોમળ શીતળ રસાળ રે, ચાલ ચટકતી ચાલે છે,
કૃષ્ણાનંદ કહે જે ચિંતવે રે, અક્ષરમાં તે મહાલે છે. ૪

**પદ-૭**

અંગુલિકા મૃદુલ રૂપાળી રે, અનુક્રમે નાની મોટી,
જેને નીરખતાં જાય રે, જનમ તન પાતક કોટી. ૧
અંગુલી ઉપર ઝીણાં રે, રોમની શોભા અતી ભારી,
ટાળે અંતરનું અંધારું રે, નખશશી ક્રાંતિ સુખકારી. ૨
જમણા પગનો અંગુઠો રે, ચિહ્ન તેના નખમાં રાજે,
તેજ અંગુઠાની પાસે રે, તીલ એક સુંદર છાજે. ૩
ભવસાગર તરવા નાવ રે, બે પદપંકજ સારા છે,
કૃષ્ણાનંદ કહે શાંતિધામ રે, ભક્તવૃંદને પ્યારા છે. ૪

**પદ-૮**

સામુદ્રિકમાં કહ્યાં જેવાં રે, ચિહ્ન તેવાં હરિના તનમાં,
જોઈને અતિ શાંતિ થાય રે, ભક્ત રહે રાજી મનમાં. ૧
કરી કરનાં લટકાં પ્યારાં રે, ભક્તતણાં ચિત્ત ચોરે છે,
કરૂણા કટાક્ષ કરીને રે, કાજળલાંને કોરે છે. ૨
જેના એક અંગની શોભા રે, કોટી કામ જોઈ લાજે છે,
જેને સાંભળીને સંભારી રે, દોષ દુઃખ સહુ ભાજે છે. ૩
અવતારી હરિની શોભા રે, અપાર છે શાંતિકારી,
ઉરમાં ધારી અતિ પ્યારી રે, કૃષ્ણાનંદ જાય બલીહારી. ૪

**રાગ : જંગલો ઠુંમરી પદ-૧**

શોભે શોભે રસિકવર છેલ રે, હરિ ધર્મકુંવર સુખકારી -શોભે૦
રાજત શિરપર જરકશી પગિયાં, બંકી કલંગી લટકેલ રે -હરિ૦ ૧
ગજરા શેખર હાર બાજુબંધ, ગુચ્છ ગુલાબી ધરેલ રે -હરિ૦ ૨
કેસર તિલક મનોહર કીનો, કુંડળ નંગ જડેલ રે -હરિ૦ ૩
કૃષ્ણાનંદ કહે નાથ નિરંતર, ઉરમાં વસો અલબેલ રે -હરિ૦ ૪





**પદ-૨**

પ્યારે પ્યારે લગત દિલદાર રે, મનમોહન છેલ ગુમાની -પ્યારે૦
અતિ સોહત સુંદર ઉર ઉપર, મોતીન હાર ઉદાર રે -મન૦
નંગ જડિત છબીદાર મનોહર, નૌતમ કમર કટાર રે -મન૦
બંકી પાઘમેં સુમન શેખર પર, ભ્રમર કરત ગુંજાર રે -મન૦
કૃષ્ણાનંદ કહે નાથ કૃપાનિધિ, લીજે મોહન મેરી સાર રે -મન૦

**પદ-૩**

ગાવે ગાવે ચતુર ઘનશ્યામ રે, ગુણસાગર નિજ જન સંગ -ગાવે૦
ખેલત જમુના તીર વિહારી, ભક્તવત્સલ સુખધામ રે -ગાવે૦
નભસુર નીરખે ફુલન બરસે, બિસર ગયે તનભાન રે -ગાવે૦
મોહે વ્રજજન તન સુધ ભૂલે, નીરખત મન અભિરામ રે -ગાવે૦
કૃષ્ણાનંદ નટનાગર છબી પર, વારત કોટિક કામ રે -ગાવે૦

**પદ-૪**

આવો આવો પરમ પરવીન રે, મોરે જીવન ધર્મદુલારે -આવો૦
ચંદન ખોર કરે સુંદર તન, ભૂષન બસન નવીન રે -મોરે૦
કુંડલ કાનુમેં બદન સુધાકર, દેખત દોરત મીન રે -મોરે૦
ઝૂક રહે લોચન પંકજકે પર, ભ્રકુટિ ભમર આધીન રે -મોરે૦
કૃષ્ણાનંદ કહે દીજે દરશન હરિ, જાનીકે અબ મોયે દીન રે -મોરે૦

**રાગ : ખમાચ - ઠુમરી પદ-૧**

હરિ બાનક બસ ગઈ અંતરમેં, રતિવર ગરવ હરે રે,
ઐસી છબી કોઈ આ દુનિયામેં, ઓર નજર નહિ આવે રે,
અંગો અંગ સુંદર છબી છાઈ, હેરત નજર ઠરે રે -હરિ૦
જાકી ઉપમા કવિ નહિ પાવે, કહત શેષ સકુચાવે રે,
જેહી દેખી નહિ ઓર સોહાવે, દેખત પાપ જરે રે -હરિ૦
લાવણ્યસાર દયા દિલ જાને, દેખી વદન વિધુ લાજે રે,
કૃષ્ણાનંદ હરિ સુરત હેરી, ભુવન ભોગ વીસરે રે -હરિ૦

**રાગ : લાવણી**

મારે મંદિર પધાર્યા શ્યામ થઈ બડભાગી,
મારે હરિવર સાથે હેતશું લગની લાગી...મારે૦ ૧

મારા મનની પૂરી હામ કૃતાર્થ કીધી,
ભવ બુડતાં મારી બાંહ્ય ગ્રહીને લીધી...મારે૦ ૨
મારા મનમાં વસીયા માવ તાપ સર્વે ટાળ્યા,
મુને મગન કરી મહારાજ દુર્ગપુર ચાલ્યા...મારે૦ ૩
મુને કરવું ન સુઝે કામ કહો કેમ કરીયે,
જબ મીલે ન સહજાનંદ ઠામ ક્યાં ઠરીયે...મારે૦ ૪
એ સુખની શી કહું વાત કહી નથી જાતી,
એ સુખ સંભારતાં આજ ફાટે મારી છાતી...મારે૦ ૫
કહે યોગાનંદ મુનિરાય ભજી લ્યો પ્રીતે,
નહિ આવે જમના દૂત શાસ્ત્રની રીતે...મારે૦ ૬

**રાગ : ધોળ પદ (જેઠે જીવન ચાલિયા...એ ઢાળ)**

શ્રીહરિ વહેલા પધારજો, સુંદર શ્યામ સુજાણ;
તમ રે વિના ઘડી પળમાં જાશે મારા પ્રાણ...શ્રી૦
કારતક માસે કા'નજી, કરજો મારી રે સહાય;
કરજોડી વિનતિ કરું, વિરહે જીવડો જાય...શ્રી૦ ૧
માગશર માસે માવજી, જીવમાં જંપ ન થાય;
મોહન હમણાં આવીને, તેનો કરજો ઉપાય...શ્રી૦ ૨
પોષ માસે પૂરું થયું, દુઃખ દિલમાં હો નાથ;
આવોને સુંદર શામળા, મારો ગ્રહવાને હાથ...શ્રી૦ ૩
મહા માસે દુઃખનો કાંઈ અંત ન પાર;
એવું વિચારીને આવજો, આંખે વહે જળધાર...શ્રી૦ ૪
ફાગણ ફૂલ્યો ફૂલડે, ભમર કરે રે ગુંજાર;
તે દેખીને મારે અંતરે, વિરહ થયો છે અપાર...શ્રી૦ ૫
ચૈતર માસે ચિત્ત ધારજો, જાણી પોતાના દાસ;
તમ વિના ચૌદ લોકથી, હું તો થઈ છું ઉદાસ...શ્રી૦ ૬
વૈશાખ માસે વિઠ્ઠલા, વહેલા આવો મહારાજ;
દુઃખ દેખી મુજ દીનને, પોંચે તમને જ લાજ...શ્રી૦ ૭
જેઠ માસ વળી આવિયો, નાવ્યા ધરમકુમાર;
શો છે વાંક પ્રભુ માહરો, મારી લીધી નહીં સાર...શ્રી૦ ૮





અષાઢ માસે અલબેલડા, આપીએ અંતર ધીર;
તમે આવીને દયાનિધિ, હરો વ્રેહડાની પીર...શ્રી૦ ૯
શ્રાવણ માસમાં શામળા કરું રુદન પોકાર;
પુરુષોત્તમ તમ કારણે, ઊભી ઘરડાની બહાર...શ્રી ૧૦
ભાદરવે ઊઠે ભૂદરા મારે વ્રેહની ઝાળ;
સેજડી સૂની દેખતાં, પડે અંતરમાં ફાળ...શ્રી૦ ૧૧
આસોએ અશરણ થઈ રહી, નહીં ઠરવાનું ઠામ;
શીઘ્રાનંદ કહે નાથજી, આવો શ્રી ઘનશ્યામ...શ્રી૦ ૧૨

**રાગ : સોરઠ — પદ-૧**

નર અજ્ઞાની, સાંભળને શિખામણ મૂરખ મારી,
કહું હેત કરી, સત્ય માની અંતરમાં લેજે ધારી...ટેક૦
પ્રભુ નવ ભજિયા નરદેહ ધરી, આણી ખોટામાં પરતીત ખરી;
તું મહા દુઃખ પામીશ મૂઢ મરી...નર૦ ૧
સુત નારી કુટુંબી જે કાવે, તે તારાં ભેળાં નહિ આવે;
તોય મૂરખ તારે મન ભાવે...નર૦ ૨
તું ઘર દોલત સાચાં જાણી, તેમાં બંધાણો અતિશે પ્રાણી;
માટે નવ ઓળખ્યા સારંગપાણિ...નર૦ ૩
તારું ધન જોબન સરવે કાચું, જમ લઈ જાશ મરડી ડાચું;
કહે મંજુકેશાનંદ સાચું...નર૦ ૪

**પદ-૨**

શું સમજીને, મુખથી વેણ બોલે ચાવી ચાવી;
વળી જ્ઞાન કહે, ભોળા જનને ખોટી શાખ બતાવી...ટેક૦
તું ખોટા ગુરુને સાચા જાણે, તેના દોષ હૈયામાં નવ આણે;
તુંને પડશે ખબર મરવા ટાણે...શું સ૦ ૧
બાવળમાં આંબ બુદ્ધિ લાવે, તેને કેરી કદીયે નવ આવે;
તેની શૂળ વાગે પીડા પાવે...શું સ૦ ૨
વળી નપુંસકની નારી કાવે, તેને પુત્રતણું સુખ ન આવે;
તેનાં રાત દિવસ દુઃખમાં જાવે...શું સ૦ ૩

તેમ ખોટા ગુરુને શરણે જાયે, તેનું કલ્યાણ ક્યારે નવ થાયે;
મંજુકેશાનંદ એ સત્ય ગાયે...શું સ૦ ૪

**પદ-૩**

જોને જાગીને, અંતરમાં અંધારું મૂરખ તારે,
સાચા સંત હરિ, ઓળખીને તું હૈડામાં નવ ધારે...ટેક૦
તું દેહમાંહે પ્રભુને શોધે, તે કપટી ગુરુ કેરે બોધે;
તેમાં તારું મનડું નવ રોધે...જોને૦ ૧
વળી નાગ પાંચમ આવે જ્યારે, કરી સરપ લીટો પૂજે ત્યારે;
સાચા નાગને લાકડીએ મારે...જોને૦ ૨
જેમ ઘુવડ રવિને નવ દેખે, તેમ અજ્ઞાની પ્રભુ નવ પેખે;
તેનો મનુષ્ય દેહ જાય અલેખે...જોને૦ ૩
તને જમડા લઈ જાશે તાણી, ત્યારે મુખથી નહિ બોલાયે વાણી;
મંજુકેશાનંદ કહે સત્ય વાણી...જોને૦ ૪

**પદ-૪**

નરતન પામી, હાર્યો જીતી બાજી મૂઢ અજ્ઞાની;
ખોટા સંતવાણી, શિખામણ તે અંતરમાં સત્ય માની...ટેક૦
કામી ક્રોધી ગુરુ તને એમ કહે છે, તારા દેહમાંહી જ પ્રભુ રહે છે
તું બહાર તે શું શોધે છે...નર૦ ૧
એમ કહી પરનારી સંગ કરે, કરી ચેલા તેનું દ્રવ્ય હરે;
તેનું પાપ હૈયામાં નવ ધરે...નર૦ ૨
કોઈ કહે છે મન મારો ભાઈ, કોણ છે ભગિની પુત્રી માઈ;
તેનો સંગ કર મહાતમ ગાઈ...નર૦ ૩
એમ દૈત્યગુરુ શિક્ષા દે છે, તેને મૂરખ સત માની લે છે;
મંજુકેશાનંદ સાચું કહે છે...નર૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

પ્રભુ તમ વિના મારું કોણ છે, તમે જાણો છો હરિ હરિ...ટેક૦
પરિવારમાં તમે સાર છો, સંસારના આધાર છો;
મારા પ્રાણતણા તમે પ્રાણ છો... તમે૦ ૧





આ લોકમાં તમે આપ છો, પરલોકમાં માબાપ છો;
સર્વે જગતના પ્રતિપાળ છો... તમે૦ ૨
મારી આશતણા તમે સૂર છો, અતિ કૂડથી તમો દૂર છો;
મંજુકેશાનંદના નાથ છો... તમે૦ ૩

**રાગ : ગરબી — પદ-૧**

તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે...શ્રી ઘનશ્યામ૦
રૂડી ચાલ જગતથી ન્યારી રે...શ્રી૦ ૧
ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે...શ્રી૦
રૂડા લાગો છો શ્યામશરીર રે...શ્રી૦ ૨
તારી છાતી ઊપડતી શ્યામ રે...શ્રી૦
છે જો લક્ષ્મી કેરું ધામ રે...શ્રી૦ ૩
તારા મુખની શોભા જોઈ રે...શ્રી૦
રાખું અંતરમાં પ્રોઈ રે...શ્રી૦ ૪
તારાં નેણાં કમળપર વારી રે...શ્રી૦
મંજુકેશાનંદ બલિહારી રે...શ્રી૦ ૫

**પદ-૨**

કિનખાબની ડગરી પે'રી રે સહજાનંદ સ્વામી,
સુરવાળમાં નાડી હીર કેરી રે...સહ૦ ૧
માથે મોળિડું નૌતમ ભાળી રે...સહ૦
મોટી ભવની વેદના ટાળી રે...સહ૦ ૨
કેડે રેટો કસુંબી શોભે રે...સહ૦
જોઈ મનડું મારું લોભે રે...સહ૦ ૩
ખભે ધોતી અતિ રૂપાળી રે...સહ૦
હાથે સોટી છે ફુમકાવાળી રે...સહ૦ ૪
ભવ બુડતાં ઝાલ્યો મારો હાથ રે...સહ૦
મંજુકેશાનંદના નાથ રે...સહ૦ ૫

**પદ-૩**

પે'રી નેપૂર ચાલતાં ઠમકે રે શોભે શામળિયો
કેડે કંદોરો ઘૂઘરી ઘમકે રે...શોભે૦ ૧

વેઢ વીંટી છે નંગ જડાવ રે...શોભે૦
હેમ બાજુ છે ખૂબ બનાવ રે...શોભે૦ ૨
પહેર્યા કનક-કડાં બેઉ હાથે રે...શોભે૦
સોના સાંકલાં પેર્યા છે મારે નાથ રે...શોભે૦ ૩
બેઉ કાનમાં કુંડળ લળકે રે...શોભે૦
ઉર મોતીડાની માળા ઝળકે રે...શોભે૦ ૪
પહેરી સાંકળી ને સોનાદામ રે...શોભે૦
મંજુકેશાનંદના શ્યામ રે...શોભે૦ ૫

**પદ-૪**

ખોસ્યા ગુચ્છ ગુલાબી કાન રે, મોહન મનગમતા
રૂડા લાગો છો ગુણનિધાન રે...મોહન૦ ૧
માથે ફૂલડાંના તોરા લટકે રે...મોહન૦
ઈ ભાલ તિલક મન અટકે રે...મોહન૦ ૨
ઓઢી ફૂલની પછેડી અંગ રે...મોહન૦
નીરખી લાજે છે કોટિ અનંગ રે...મોહન૦ ૩
ફૂલ બાજુ ને ગજરા પે'રી રે...મોહન૦
શોભે પંક્તિ તે ફુલહાર કેરી રે...મોહન૦ ૪
વા'લો ફૂલડે થયા ગરકાવ રે...મોહન૦
મંજુકેશાનંદના નાથ રે...મોહન૦ ૫

**રાગ : ગરબી પદ-૧**

તમારે ચરણે શિશ નમાવું,સહજાનંદજી રે, પ્રેમે ગુણ તમારા ગાવું, સહજાનંદજી રે. ૧
દેજો બુદ્ધિ દિનદયાલ. સ૦ તમે છો ભક્તોના પ્રતિપાળ. સ૦ ૨
તમારો મહિમા કહું મોરારી. સ૦ પાવન કરજો બુધ્ધિ મારી. સ૦ ૩
તમે નિત્ય અક્ષરધામની વાસી. સ૦ તમે છો પુરૂષોત્તમ સુખરાશી. સ૦ ૪
તમારે હાજર રહે નવ નિધિ. સ૦ તમને સેવે આઠે સિધ્ધિ. સ૦ ૫
મુક્તિ ચાર તમારી દાસી. સ૦ તમે રવિ ઈન્દુ અનળ પ્રકાશી. સ૦ ૬
તમને નિગમ નેતિ કરી ગાવે. સ૦ તમારા ગુણનો પાર ન આવે. સ૦ ૭
કમળા ચરણ તમારાં સેવે. સ૦ મુનિવર નામ તમારાં લેવે. સ૦ ૮





તમારો મહિમા શેષ વખાણે. સ૦ સંત મધુકર પદરસ માણે. સ૦ ૯
તમારી બીકે ઈન્દ્ર જેહ. સ૦ ભુપર જળ વરસાવે તેહ. સ૦ ૧૦
પ્રીતે ભવ બ્રહ્માદિક દેવ. સ૦ તમારા પદરજની કરે સેવ. સ૦ ૧૧
પાળ વિનાનો સીંધુ નીર. સ૦ તમારી બીકે રહે છે સ્થિર. સ૦ ૧૨
આભમાં તારા મંડળ કહે છે. સ૦ તમારૂં રાખ્યું અધર રહે છે. સ૦ ૧૩
તમે છો અનંત બ્રહ્માંડના કર્તા. સ૦ તમે છો દૈત્યોના મદ હર્તા. સ૦ ૧૪
તમે છો ધર્મધુરંધર દેવ. સ૦ અધર્મ નાશ કરો તતખેવ. સ૦ ૧૫
તમે છો અગણીત લોકના ઈશ. સ૦ તમને મહામુનિ નમે શીશ. સ૦ ૧૬
જે કાંઈ અચરજકારી કહાવે. સ૦ તે તવ મુર્તિમાંહી રહાવે. સ૦ ૧૭
ષડ્ ઐશ્વર્ય સહિત મોરારી. સ૦ ભૂમિ ઉપર નરતન ધારી. સ૦ ૧૮
કરવા અનેક જીવ ઉદ્ધાર. સ૦ પ્રગટ્યા કૌશળ દેશ મોઝાર. સ૦ ૧૯
તમે થઈ ભક્તિ ધર્મના બાળ. સ૦ તાર્યા જનુની તાત દયાળ. સ૦ ૨૦
તજીયું ઘર પામી વૈરાગ્ય. સ૦ ફરીયા તીર્થમાં બડ ભાગ્ય. સ૦ ૨૧
જનોને દેતા સદુપદેશ. સ૦ આવ્યા ફરતા સોરઠ દેશ. સ૦ ૨૨
તમે હરિ કોઈના નવ જાઓ કળીયા. સ૦ મંજુકેશાનંદને મળીયા. સ૦ ૨૩

**પદ-૨**

તમો છો પોતે પૂરણબ્રહ્મ. સ૦ તમારો મુઢ ન જાણે મર્મ. સ૦ ૧
શુક સનકાદિક નારદ યોગી. સ૦ તમારાં ચરણ કમળરસ ભોગી. સ૦ ૨
દીધાં જનને દર્શન દાન. સ૦ તેના પાપ હર્યા ભગવાન. સ૦ ૩
ભૂપર પ્રગટ કર્યો પ્રતાપ. સ૦ ધ્યાન સમાધી કરાવી આપ. સ૦ ૪
તાર્યા અગણિતજન બહુનામી. સ૦ અગણિત સંત કર્યા નિષ્કામી. સ૦ ૫
ધારી નૈષ્ઠિક વર્ણી વેશ. સ૦ ફરીયા ગુર્જર આદિ દેશ. સ૦ ૬
ફરતા આવ્યા ગઢપુર શહેર. સ૦ કરવા નિજજન ઉપર મહેર. સ૦ ૭
લીલા કીધી ગઢપુર માંહ્ય. સ૦ તે સહુ મુખથી કેમ વર્ણવાય. સ૦ ૮
દીધાં દક્ષિણા દાન ઉદાર. સ૦ તેનો ગણતાં ન આવે પાર. સ૦ ૯
તમે બહુ મંદિર ભૂપર કીધાં. સ૦ જનને જીવતદાન જ દીધાં. સ૦ ૧૦
તેમાં પધરાવ્યા બહુ દેવ. સ૦ નીરખી પાપ બળે તતખેવ. સ૦ ૧૧
ધર્મ સનાતન સ્થાપન કીધો. સ૦ ચલાવ્યો મુક્તિમાર્ગ સીધો. સ૦ ૧૨

તમે દૈત્યોને મોહ પમાડી. સ૦ નાખ્યું અધર્મ મૂળ ઉખાડી. સ૦ ૧૩
તમે હરિજનનું હિત વિચારી. સ૦ નિજ બંધવના સુત બેઉ ભારી. સ૦ ૧૪
તેને દત્તપુત્ર કરી દેવ. સ૦ દીધી નિજગાદી તતખેવ. સ૦ ૧૫
રૂડા અવધપ્રસાદ રઘુવીર. સ૦ બેઉને જાણી ગુણગંભીર. સ૦ ૧૬
મંદિર દેશ કરી વિભાગ. સ૦ દીધાં બેઉં જણને બડભાગ. સ૦ ૧૭
સંત કમળ ફુલાવ્યાં સ્વામી. સ૦ લીલા બહુ કીધી સુખધામી. સ૦ ૧૮
તેનો શેષ ન પામે પાર. સ૦ તમે છો ભક્તતણા, આધાર. સ૦ ૧૯
હેતે શીખે સુણે ગાય. સ૦ તે જન બ્રહ્મપુર સહેજે જાય. સ૦ ૨૦
ઈર્ષા માન કરી જે નિંદે. સ૦ તે જન પડશે જમને ફંદે. સ૦ ૨૧
મંજુકેશાનંદ કર જોડી. સ૦ ગાયો મહિમા સૌથી તોડી. સ૦ ૨૨

**રાગ : જંગલો – પદ-૧**

સ્વપ્નુ સમજો રે આ સંસારને, દુઃખ દરિયો વિશાળજી;
પડ્યા પાછા નવ નીસરે, કોટિવાર ગળે કાળજી... સ્વપ્નુ૦ ૧
માત તાત સુત જુવતી, સહુ સ્વારથીઓ સાથજી;
કામ સાધી કોરે રહે, દેવે જમડાને હાથજી... સ્વપ્નુ૦ ૨
સગાં સંબંધી સહુ મળી, મોટો કીધો આપી માનજી;
વેગે ચડ્યો વહેવારને, ભૂલ્યો ભક્તિનું ભાનજી... સ્વપ્નુ૦ ૩
અશ્વ વહેલ્યું પલંગ પાલખી, હાથી હિંડોળા ખાટજી;
મેલી જાવું જીવને એકલા, મારું માનો શા માટજી... સ્વપ્નુ૦ ૪
મહોલ ઝરૂખા માળિયાં, રૂડી રંગીન મેડીજી;
તેને મેલાવી જમ મારતા, તુરત લઈ જાશે તેડીજી... સ્વપ્નુ૦ ૫
ખાનપાન સુખસેજમાં, રહેતા હૈયે હુલાસજી;
દયાનંદ કહે હરિ ન ભજ્યા, થયાં નરકે નિવાસજી... સ્વપ્નુ૦ ૬

**પદ-૨**

વિષય વિકાર જેણે કીધલા, તેને દુઃખ અપારજી;
ત્રિવિધ તાપની જાળમાં, બળે ગરજુ ગમારજી... વિષય૦ ૧
ધન નારીની ઘણી ધાંખડી, રાતદિવસ હ્રદે ધારીજી;
શ્વાન સૂકર પેરે બોલતાં, ગયા નર તન હારીજી... વિષય૦ ૨





દીપક દેખી પતંગિયાં, પડી તન બાળે જેમજી;
રૂપવંતી નારીઓ નીરખી, નર નાશ પામે તેમજી... વિષય૦ ૩
દેશ વિદેશે ડોલીને, ધને ભર્યા ભંડારજી;
તોય તૃષ્ણા જેની નવ ટળે, ઊલટી વાધે અપારજી... વિષય૦ ૪
ભોગ સંસારી ભોગવી, કોઈ તૃપ્ત ન થાયજી;
ઈંદ્રિયો ઊંડી અપાર છે, વિષયની રે ન ભરાયજી... વિષય૦ ૫
ખોટામાં મન ખોડીયું, વૈરાગ્યવાત ન વિચારીજી;
દયાનંદ કહે એવા નર, ચાલ્યા અવસર હારીજી... વિષય૦ ૬

**પદ-૩**

વૈરાગ્ય વસે રે જેના ઉરમાં, બળતો લાગે સંસારજી;
અરુચિ રહે સદા અંતરે, મિથ્યા માયિક વિચારજી... વૈરાગ્ય૦ ૧
નારીને ગણે રે નિશ્ચે નાગણી, સગાં શત્રુ સમાનજી;
વ્યવહાર વિષસમ ત્રેવડે, પ્રભુ ભજવામાં તાનજી... વૈરાગ્ય૦ ૨
રમણીય પદાર્થે રાજી નહિ, કરે દેહ નિર્વાહજી;
ચૌદે લોકમાં ચિત્ત નહિ, હરિચરણની ચાહજી... વૈરાગ્ય૦ ૩
ભાવિકભોગ મિથ્યા ગણે, કોઈને ચિંતવે ન ચિત્તજી;
હરિમૂર્ત્તિમાં એક મન રહે, વૈરાગ્યવંતની એ રીતજી...વૈરાગ્ય૦ ૪
અષ્ટસિદ્ધિ નવનિધિને, અંતર ઈચ્છે ન લેશજી;
મુક્તિ ચતુર્ધા મેલીને, હરિ સેવે હંમેશજી... વૈરાગ્ય૦ ૫
જ્ઞાને ચતુર્ધા મેલીને, હરિ સેવે હંમેશજી;
દયાનંદ કહે જેને ઊપજે, તેને થાય સુખ ભારીજી... વૈરાગ્ય૦ ૬

**પદ-૪**

પ્રીતે ભજો રે પરબ્રહ્મને, સ્વામી સહજાનંદજી;
નિજ આત્મરૂપ માનતાં, થાય અતિ આનંદજી... પ્રીતે૦ ૧
કાળનું ભક્ષ સર્વે જાણીને, કીટ બ્રહ્મા પર્યંતજી;
હરિજન હરિપ્રતાપથી, રહે નિર્ભય નિશ્ચિંતજી... પ્રીતે૦ ૨
નિજ નજરકટાક્ષથી, જીવ ઊપજે અનંતજી;
પાળે હરિ તેને પલકમાં, એવા મોટા ભગવંતજી... પ્રીતે૦ ૩

પરાત્પર જેને કહે, વેદવાણી પોકારીજી;
તે અક્ષરવાસી વહાલમો, વિચરે નરતનુ ધારીજી... પ્રીતે૦ ૪
સમર્થનું શરણ ગ્રહી, નબળા થાય બળવંતજી;
કામાદિક શત્રુ જીતીને, બને શૂરવીર સંતજી... પ્રીતે૦ ૫
કોટિ સાધન કરે સામટાં, તોય મળે ન શ્યામજી;
દયાનંદ કહે ભેટી ભક્તને, લઈ જાવે નિજ ધામજી... પ્રીતે૦ ૬

**રાગ : ધોળ પદ-૧**

શ્રી નગર મધ્યે શોભતા રે, સહજાનંદ સુખધામ હેલી હેડે વસ્યા રે,
વાતો કરી વિવેકની રે, પ્રિતેથી પૂરણકામ. હેલી૦ ૧
લટકાં કરે રૂડાં લાલજી રે, લટકાળો અલબેલ. હેલી૦ ૨
બાંયે બાજુ કાજુ બાંધીયા રે, લટકે મોતીડાંના હાર. હેલી૦ ૩
કનકનાં કુંડળ કાનમાં રે, મોંઘા મણીના જડાવ. હેલી૦ ૪
ફુલ તોરા ફરતા ઝૂકયા રે, હૈડે ગુલાબના હાર. હેલી૦ ૫
દયાનંદ કહે દેખતાં રે, મોહ પામે નર નાર. હેલી૦ ૬

**પદ-૨**

સંત મંડળ મધ્યે શ્યામળો રે, ગાવે અલૌકિક ગીત સખી જુવો શ્યામને રે. ટેક.
રાગ ઘેરે રંગ રેલડો રે, ચોરે છે જન મન ચિત્ત. સખી૦ ૧
હરિજન ઉપર હેતથી રે, છાંટે છોળો કરી પ્રીત. સખી૦ ૨
ગરક થઈ ગુલાલમાં રે, નાયા નારાયણ ઘાટ. સખી૦ ૩
દેવ આવ્યા બહુ દેખવા રે, થયો વિમાનનો ઠાઠ. સખી૦ ૪
સાબર તીર્થ સહુ થકી રે, મોટું કર્યું મહારાજ. સખી૦ ૫
રાજ વાડીયે વિરાજીઆ રે, દયાનંદ શિરતાજ. સખી૦ ૬

**પદ-૩**

આવી મંદિરમાં માવજી રે, બેઠા વેદી પર આપ, આવી અલબેલડો રે. ટેક.
અમૃત નજરે નિહાળીને રે, ટાળે તે જનના તાપ. આવી૦ ૧
બોલે મનોહર બોલણી રે, મર્મ ભરી માનહર. આવી૦ ૨
જગત જંજાળ જુઠી જાણી રે, આપે જ્ઞાન અપાર. આવી૦ ૩
સહેજે કરાવે સમાધીઓ રે, દેખાડે નિજધામ. આવી૦ ૪





અનુભવે છોડે આંટીયો રે, એમ જાણી વિવેક. આવી૦ ૫
મતવાદી સૌએ દેવ માનીઆ રે, દયાનંદનો દેવ. આવી૦ ૬

**પદ-૪**

ઘેરે સાદે સુખ આપતા રે, એમ બોલ્યા ઘનશ્યામ સભા સહુ સાંભળો રે. ટેક.
બદ્રિકાશ્રમથી આવીયો રે, એમ જાણો વિવેક. સભા૦ ૧
મેં તો કાંકરીએ યજ્ઞ કીધો રે, વિપ્ર જમાડ્યા અનેક. સભા૦ ૨
નરનારાયણ હું છઉં રે, પુરણ પ્રગટ જેહ. સભા૦ ૩
છાપું લેજો મારા નામની રે, પાપ પાશે તેથી નાશ. સભા૦ ૪
મૂર્તિ મારી આ પૂજજો રે, પૂરા કરશે તમારા કોડ. સભા૦ ૫
દયાનંદનો નાથ કહે રે, રહેજો મારા વચનને વાસ. સભા૦ ૬

**રાગ : ધોળ પદ-૧**

એક દિન સભા કરી રે શ્રી હરિ,
બોલ્યા વાણી પોતે બલવીર; થઈ દિલગીર શ્રીજી કહે સંતને૦ ૧
સર્વે સંત હરિજન સાંભળો,
મારે કે'વાની છે એક વાત, સાચી સાક્ષાત...શ્રીજી૦ ૨
સર્વે કરવાનું કામ કરી રહ્યો;
નથી બાકી રહ્યું લવલેશ, સુણો ઉપદેશ...શ્રીજી૦ ૩
ધ્યાન ધારણા જોગની જુગતિ;
સૌને શીખવી મેં કરી પ્રીત, પરમ પુનિત...શ્રીજી૦ ૪
મોટા મોટા મહારુદ્ર ઘણા કર્યા;
દીધાં બ્રાહ્મણને ઘણાં દાન, કરી સન્માન...શ્રીજી૦ ૫
નરનારાયણાદિક દેવનાં;
કીધાં મંદિર મોટાં અપાર, કરી અતિપ્યાર...શ્રીજી૦ ૬
દેશોદેશમાં ડંકો વગાડિયો;
સ્વામિનારાયણ રટે નામ, જન આઠો જામ...શ્રીજી૦ ૭
મતપંથી મોટા મોટા જીતિયા;
લીધા છોડી તેના શિષ્યજન, મુમુક્ષુ પાવન...શ્રીજી૦ ૮
આપ્યા પરચા ઘણાને મેં આ સમે;
નો'તા દીઠા નો'તા સુણ્યા કાન, ધરે મુનિ ધ્યાન...શ્રીજી૦ ૯

સર્વે અધર્મ ભૂમિનો ટાળિયો;
થાપ્યો ધર્મ ધરા પર શુદ્ધ, વખાણે વિબુદ્ધ...શ્રીજી૦ ૧૦
સૌને મોક્ષનો પંથ દેખાડિયો;
આંખ્યું મીંચી સૌ જાય, સુખ અતિ થાય...શ્રીજી૦ ૧૧
મારી મૂર્તિઓ મેં સ્થાપન કરી;
તેમાં અખંડ રહું કરી વાસ, ટાળું જમત્રાસ...શ્રીજી૦ ૧૨
વળી ધર્મનું કુળ તેડાવિયું;
મોટા બંધવ રામપ્રતાપ, ઈચ્છારામ આપ...શ્રીજી૦ ૧૩
બેઉ ભ્રાતના પુત્રને લઈને;
કીધા દત્તપુત્ર કરી પ્યાર, નિશ્ચય નિરધાર...શ્રીજી૦ ૧૪
મોટા ભ્રાતના અવધપ્રસાદજી;
નાના ભ્રાતના શ્રી રઘુવીર, મહા દ્રઢ ધીર...શ્રીજી૦ ૧૫
તે બન્ને સુપુત્રને લઈને;
સ્થાપ્યા ગાદીએ કરીએ પ્યાર, અધિક ઉદાર...શ્રીજી૦ ૧૬
દેશ સંત સહુ વહેંચી આપિયા;
મારા તુલ્ય જાણી તતખેવ, કરો સહુ સેવ...શ્રીજી૦ ૧૭
રહેજો વચન પ્રમાણે સહુ મળી;
જેમ કે' તેમ કરજો જરૂર, કરી માન દૂર...શ્રીજી૦ ૧૮
શિક્ષાપત્રી જાણો મારી મૂર્તિ;
વાંચી વર્તજો સહુ નરનાર, લોપો મા લગાર...શ્રીજી૦ ૧૯
મોટા મોટા ગયા તજી દેહને;
રામકૃષ્ણાદિક અવતાર, અનંત અપાર...શ્રીજી૦ ૨૦
તેમ હું પણ આ તન ત્યાગીને;
જાણો જાઈશ અક્ષરધામ, તજીને આ ઠામ...શ્રીજી૦ ૨૧
લેશ કલેશ વાંસે કરશો નહિ;
રહું સત્સંગ માહીં સદાય, કરીને ઉચ્છાવ...શ્રીજી૦ ૨૨
કોઈ સ્નેહ કરી તન ત્યાગશે;
તો તે પામશે કષ્ટ અપાર, વચન લોપનાર...શ્રીજી૦ ૨૩





સૌ સંપ રાખી સત્સંગમાં;
કરો કરાવો સૌ સત્સંગ, કરીને ઉમંગ...શ્રીજી૦ ૨૪
મૂકી સત્સંગ દૂર જાઉં નહીં;
રહું પાસ કરી નિત વાસ, જાણી મારા દાસ...શ્રીજી૦ ૨૫
થોડા દિન પછી તમને વળી,
તેડી રાખીશ હું મારી પાસ, થાશો ન ઉદાસ...શ્રીજી૦ ૨૬
એમ અવિનાશાનંદનો નાથજી;
બોલ્યા વાણી તે વજ્ર સમાન, ભૂલ્યા સૂણી ભાન...શ્રીજી૦ ૨૭

### વિરહનું પદ

મુને મેલી ગયા રે મહારાજ, કોને કોને કીજીયે...ટેક૦
કેમ રે કરીને દીન કાપશું, કરશે કુંણ હવે કાજ...કોને કેને૦ ૧
પાટે બેસી સુખ આપતા, કાપતા કષ્ટ કલેશ;
રમૂજ કરીને બોલાવતા, હેતે સરખી હમેશ...કોને કેને૦ ૨
આધિ વ્યાધિ ઉપાધિને, નાશ કરતા નેદાન;
ખાન પાન સનમાનને, દેતા થઈ ગુલતાન...કોને કોને૦ ૩
કરી આવતાં કાંઈ કામને, જ્યારે જન સુજાણ;
બહુ હેતે ભરી બાથમાં, મળતાં કરતા વખાણ...કોને કેને૦ ૪
પ્રીત કરીને પૂછતા, સરવે સુખ સમાચાર;
તેરે દિવસ ઘણા સાંભરે, ઉરમાં વારમવાર...કોને કેને૦ ૫
જ્યારે જ્યારે મુને જીવમાં, સૂરત સાંભરે શામ;
આવે હૈયુ ઉભરાઈને, જંપ નહિ આઠુજાસ...કોને કેને૦ ૬
સુખ સરવે સંસારમાં, ઉરથી થયાં ઉદાસ;
અવિનાશાનંદ કે આ સમે, સુખ છે શ્રીહરિ પાસ...કોને કેને૦ ૭

### રાગ : ગરબી - પદ-૧

સખી એક સમે અમદાવાદમાં રે
રાજે સહજાનંદ સુખકંદ, ચંદ જોઈ પૂનમનો નિર્મળો રે.
ચઉ કોરે સભા જોઈ શોભતી રે, જોયા મહામુનિનાં વૃંદ...ચંદ૦ ૧

હરિ હેતે કરી ફરી હેરીયું રે, જોયા નરનારાયણ દેવ...ચંદ૦
દર્શન કારણ દેવતા રે આવ્યા તજી પોતાનો અહંભાવ...ચંદ૦ ૨
શુક નારદ સનકાદિક સૌ મળી રે, આવ્યા દર્શન કરવા કાજ...ચંદ૦
મોટામોટા મહિમાને ગાવતા રે, આવ્યા ભવબ્રહ્મ સુર રાજ...ચંદ૦ ૩
બહુ તીરથ મૂરતિમાન ત્યાં રે, ઊભા વંદે જોડીને હાથ...ચંદ૦
એવું જોઈને શ્રી ઘનશ્યામજી રે, બોલ્યા પૂર્ણાનંદનો નાથ...ચંદ૦ ૪

### પદ-૨

પોતે નરનારાયણ બોલિયા રે, મને વાલા પુનમિયા દાસ,
એમ જાણીને પુનમે આવજો રે,
મારે એથી અધિક તે કોય નહિ રે,
એ તો રે'શે સદા મારી પાસ... એમ ૧
પ્રીતે પૂનમે દિવસે આવીને રે,
મારુ દરશન કરી ગંગા નાય... એમ૦
આજ તીરથ બીજુ પૃથ્વી વિષે રે,
એથી અધિક તે કોઈ ન કેવાય... એમ૦ ૨
દેવ મુનિ જોગી સતી સીધા ત્યાં રે,
નાવા આવે નારાયણ ઘાટ... એમ૦
નાવા સંત અનંત આવે ત્યાં કને રે,
બ્રહ્મચારી બ્રાહ્મણ પરિવ્રાર... એમ૦ ૩
સર્વ તીરથ આવી ત્યાં રહ્યા રે,
એનો મહિમા કહ્યો નવ જાય... એમ૦
એવી રીત અલૌકિક જોઈને રે,
પૂર્ણાનંદ મગન ગુણ ગાય... એમ૦ ૪

### પદ-૩

રૂડી પૂનમ પવિત્ર રળિયામણી રે, આજ રાખો દરશનનાં નેમ,
એમ નરનારાયણ બોલિયા રે
સુખ સંપત્તિ ઘણી તેણે પામશે રે,
ઘણું રે'શે કુશળને ક્ષેમ... એમ૦ ૧





ખાન પાન ધન-ધામ ઘણું પામશે રે,
થાશે રિદ્ધિ સિદ્ધિનો જોગ... એમ૦
વળી પ્રીત થાશે પરિબ્રહ્મમાં રે,
જાશે જન્મ મરણ મહા રોગ... એમ૦ ૨
વળી મારા પુનમિયા પામશે રે,
રૂડા જ્ઞાન ભક્તિ ને વૈરાગ્ય... એમ૦
વળી સેવીને સાચા સંતને ,
થાશે ભક્ત મોટા બડભાગ... એમ૦ ૩
ધામ અક્ષર તુલ્ય અમદાવાદ છે રે
આજ આથી અધિક નહિ ધામ. એમ
પોતે પૂર્ણાનંદનો નાથજી રે,
સ્વામી સહજાનંદ જેનું નામ... એમ૦ ૪

### પદ-૪

તિથિ પુનમ તે પુન્ય રૂપ છે રે, જેમાં રાસ રમ્યા વ્રજરાજ.
આજ દરશનનું ફળ બહુ ઘણું રે,
જેમાં દેવ આવે બહુ દરશને રે,
સંગે લૈને પોતાનો સમાજ. આજ... ૧
તેમાં નીમ સહિત દર્શન કરે રે,
હૈયે લાવી અધિક હુલ્લાસ. આજ...
તે તો વાંછિત ફળને પામશે રે,
સર્વે પૂરી થાશે મન આશ. આજ... ૨
તે તો નાગો ભૂખ્યો કેદિ નવ રહે રે,
સુખી રેશે સદા બારે માસ. આજ...
વળી સંકટ સર્વે ટળી જશે રે,
મટી જાશે ભારી ભવ પાસ. આજ... ૩
અતિ ભક્તિ સહિત પૂનમ જે કરે રે,
એ તો ઉત્તમ હરિના દાસ. આજ...

પૂર્ણાનંદ પુનમિયા પામશે રે,
વળી અક્ષરમાંય નિવાસ. આજ... ૪

**રાગ : ધોળ – પદ-૧**

એક સમે અલબેલડો રે રાજે અલૌકિક રીત, સખી શોભા બની રે,
રૂપ જોઈ રસિયા તણું રે, પૂરણ વાધે પ્રીત... સખી૦ ૧
ઓસરીએ ઓરડા તણી રે, પ્રીતે બિછાયો પલંગ...સખી...
તે ઉપર બેઠા હરિ રે, નટવરજી નવરંગ... સખી૦ ૨
મહા મનોહર મૂરતી રે શ્રીહરિ સહજાનંદ...સખી૦
સંત સભા મધ્યે શોભતા રે, છોગલિયું છબીદાર... સખી૦ ૩
માથે મનોહર મોલિયું રે, છોગલિયું છબીદાર...સખી૦
જોઈને જીવન ઉપર રે, પૂર્ણાનંદ બલિહાર... સખી૦ ૪

**પદ-૨**

શોભા સલુણા શામની રે, મુખ વર્ણવી નવી જાય, કહું તે સાંભળો રે,
જોઈને જીવન પ્રાણ રે, હૈયે હરખ ન માય... કહું૦ ૧
દેખી પોતાના દાસને રે, સુંદરવર સુખધામ...કહું૦
ઊંચો ઉપાડી હાથને રે, એમ બોલ્યા ઘનશ્યામ... કહું૦ ૨
મેં પધરાવી જે મુરતિયું રે, મંદિરું માહિ જેહ...કહું૦
એ સૌ મારા રૂપ છે રે, તેમાં નહિ સંદેહ... કહું૦ ૩
નરનારાયણ તો હું જ છું રે, પૂરણ પ્રગટ પ્રમાણ...કહું૦
પૂર્ણાનંદ પ્રમાણ છે રે જાણો છો સંત સુજાણ... કહું૦ ૪

**હરિગીત**

ધર્મકુંવર ક્યારે આવશો, વ્હાલા શ્યામ સુજાણ;
તમ રે વિના મારા નાથજી, પડ્યા પરવશ પ્રાણ...ધર્મ૦ ૧
વિરહે વ્યાકુળ ચિત્ત માહરું, અતિશે અકળાય;
જીવન તમને જોયા વિના, ઘડી જંપ ન થાય...ધર્મ૦ ૨
દિવસે તો દિલમાં ગોઠે નહીં, રાત રોઈ રોઈ જાય;
નેણે આંસુની ધારા વહે, ક્યાંય શાન્તિ ન થાય...ધર્મ૦ ૩





મંદિર મોહન તમ વિના, ખાલી ખાવાને ધાય;
નિત્યે નિશ્વાસ મૂકું હરિ, કેમે દિવસ ન જાય...ધર્મ૦ ૪
વાગે છે વિરહની વેદના, વ્હાલા જાણો જરૂર;
ક્ષીણ શરીરે ખમાય નહિ, ન થાય દુઃખ દૂર...ધર્મ૦ ૫
જેમ ચકોરને ચંદ છે, તેમ છો તમે નાથ;
વણદીઠે અકળાઉં છું, ચિત્ત છે તમ સાથ...ધર્મ૦ ૬
દીનદયાળુ કહી સદા, નિગમાગમ ગાય;
દુઃખ દેખી શકો દાસનું, એ આશ્ચર્ય ગણાય...ધર્મ૦ ૭
વિનતી સુણી વ્હાલા માહરી, શ્રીહરિ તતખેવ;
જીવન જગદીશાનંદના, દેજો દર્શન દેવ...ધર્મ૦ ૮

**રાગ : ઝુલડીનો**

દિયરજી દૂર ન ફરજો, વાલમજી વાર ન કરજો,
આપો મારી અંગૂઠડી...ટેક.
એમાં હીરો એક જડેલો કિંમત વાળો ક્રોડે,
અંગૂઠી કોઈ અન્ય ન આવે જગમાં એની જોડે...દિયર૦ ૧
હવે હઠીલા હઠ કરશો તો બહુ ખીજાશે બાપો,
ઝક ઝાઝી ન કરો સમજીને શ્યામ અંગૂઠી આપો...દિયર૦ ૨
વઢશે ભાઈ તમારા તમને માટે ખોલો મૂઠી,
શાણા સરણપણેથી આપો એ મારી અંગૂઠી...દિયર૦ ૩
આ ઘડીએ અંગૂઠી લઈને જો કદી નાશી જાશો,
દેવી પડશે દેર અંગૂઠી પછી બહુ પસ્તાશો...દિયર૦ ૪
આજથકી ઘનશ્યામ તમે જો આવો કરશો અન્યાય,
ચોરીનો મુદો શિર ઠરશે, નહિ કોઈ આપે કન્યા...દિયર૦ ૫
વણ કન્યાયે વાલમ રહેશો ભવ આખો બ્રહ્મચારી,
ગૃહસ્થની ગણતરીમાં તમને ગણશે નહિ સંસારી...દિયર૦ ૬
લક્ષણવંતા લાલ થશો તો કન્યા ક્યાંથી જડશે,
ઘર મૂકી ઘનશ્યામ પછી તો વનમાં ફરવું પડશે...દિયર૦ ૭

આપો શ્રીઘનશ્યામ અંગૂઠી અવિનાશી અવિકારી,
વદન કમલ પર પ્રીત કરી જગદીશાનંદ બલિહારી...દિયર૦ ૮

**રાગ : માટ**

આવો પ્રીતમ પ્યારા, ધર્મ દુલારા, સર્વથી સારા શ્યામ,
છોજી આપ અમારા, નેણાના તારા, નર જગ ન્યારા નામ...આવો૦
ધર્મના નંદન છો જગવંદન, ચંદન ચર્ચિત અંગ;
દુ:ખનિકંદન, ખળબળખંડન, મંડન મુક્ત ઉમંગ રે...આવો૦
શામ સોહાગીમાં લગની લાગી, ભાગી મહા ભ્રમજાળ;
આપ વિષે હું થયો અનુરાગી, ત્યાગી કપટ તત્કાળ રે...આવો૦
પ્યારી તમારી છબી ગિરધારી, છે મારી જીવનદોર;
રાજીવનેણ તણી બલિહારી, છો મારા ચિત્તના ચોર...આવો૦
અંગ ઉમંગ ઉત્તંગ થયો છે, જોઈ છબી નવરંગ;
રંગ અભંગ રહે સત્સંગનો, ભીતિ તણો થાય ભંગ રે...આવો૦
લક્ષણ ઉત્તામ લક્ષ પ્રકારે, છોજી વિચક્ષણ સુર;
ભક્ષણ કાળ તણાથી તત્ક્ષણ; રક્ષણ કરજો જરૂર રે...આવો૦
ભાળી રૂપાળી છબી મરમાળી, ટાળી ત્રિવિધિના તાપ;
હે વનમાળી તમે હદ વાળી, દીધાં પ્રજાળી પાપ રે...આવો૦
દાન તમે નિજ જ્ઞાનનું દીધું, ભાન દઈ ભગવાન;
માન તજી ગુણગાન કરું છું, ધરી ધરી તવ ધ્યાન રે...આવો૦
ચંદ્રવદન સુખકંદ તમારું, વંદે સદા મુનિવૃંદ;
નંદ તણા પણ નંદન તે તમે, કહે જગદીશાનંદ રે...આવો૦

**રાગ : ઝીલ્લો પદ-૧**

અવતારી થયા ભક્તિ ધર્મના પુત્ર તમે પ્યારા,
પુર છપૈયે પ્રભુજી પ્રગટ્યા, સુંદર શ્રીઘનશ્યામ,
થઈ બાલક જન પાલક, દુ:ખટાલક અઘજાલક,
અધમ ઉદ્ધારણ ધર્મભુવનને પદ રજ કનારા. અવતારી૦ ૧
બાળ સ્વરૂપે બની બિહારી, ભક્તિ ધર્મને નાથ,





ઘર ભમીયા મનગમીયા, રસજમીયા બહુ રમીયા,
અંક વિષે રહી માત પિતાને, જન મન હરનારા. અવતારી૦ ૨
બાળલીલા જોઈ બહુ પ્રકારે, પુરવાસી જનનાંજ,
મન અટકે કર લટકે, ક્યાંઈ ન ટકે વણમટકે,
ધર્મ નિવાસે દર્શન કરવા આવે નર દારા. અવતારી૦ ૩
નેપુર પહેરી ભક્તિ ધર્મને, આંગણ કરત વિહાર,
પદ ઠમકે ચિત્ત ચમકે, ખુબ ખમકે ધરણી ધમકે,
ઘુઘરીયું ઘનશ્યામ સુણી પ્રિય, લાગે ધમકારા. અવતારી૦ ૪
પુર છપૈયે છેલ છબીલા, આનંદ બહુ ઉભરાય,
પદ પરસે ચિત્ત ઠરશે, સુખ વરસે બહુ દરસે,
હરખ હરખ જગદીશાનંદ કહે, નીરખી પ્રભુ મારા. અવતારી૦ ૫

**રાગ : પરજીઓ**

અંતે જાવું ઊઠી એકલા રે, સંગે આવે ન કોય,
પંડિત રંક ને રાય કે, હાંરે લાખું લખપતિ હોય.... અંતે૦ ટેક
કુંભ કાચો કાયા જાણવી રે, તેનો નહિ નિરધાર,
નાશ પામે પળ એકમાં, કરીએ કોટી પ્રકાર.... અંતે૦ ૧
માત પિતા સુત નારીઓ રે, સંગે ચાલે ન કોય,
અંત સમે સંગાથમાં, પુણ્ય પાપ જ હોય.... અંતે૦ ૨
મોટા મોટા તો મરી ગયા રે, છોટા મન મલકાય,
મરણ તો સ્વપ્ને ન સાંભરે, અતિ ઉર હરખાય.... અંતે૦ ૩
બાંધવને બાળી આવી રે, ભાઈ સંભાળે ભાગ,
મિલ્કતનો તે માલિક બને, એ આશ્ચર્ય અથાગ.... અંતે૦ ૪
પસ્તાવો લેશ પામે નહિ રે, ઉર નહિ અફસોસ,
અવિચળ જાણી મંડ્યો રહે, ઉર એ જ આલોચ.... અંતે૦ ૫
નિત્ય જ્યાં નોબતો વાગતી રે, રૂડા રાગ સદાય,
એ સ્થળ આજ ઉજ્જડ પડ્યાં, જોયાં નજરે ન જાય.... અંતે૦ ૬
એ જોઈને ઉદાસી અતિ રે, મને આવે છે ઉર,
આ લોકમાંથી ઊઠી જવું, એ તો જાણો જરૂર.... અંતે૦ ૭

મરણ છે માથે માણસને રે, ખરેખરું ખચિત,
જગદીશાનંદનું તે થકી, ક્યાંય ચોટ્યું ન ચિત્ત.... અંતે૦ ૮

**રાગ : ઠુમરી પદ-૧**

ગઢપુરપતિ ગોપીનાથ બાંસુરી બજાવો,
બાંસુરી બજાવો સુર સંગીતમેં ગાવો. ગઢપુર૦ ટેક.
બંસી કર ગ્રહી કૃપાલ તાનનસેં સુભગ તાલ,
ગંભીર વર સુર ગોપાલ ગાનસે ગજાઓ. ગઢપુર૦ ૧
બંસી કો અજબ ગાન યાતે કરૂણા નિધાન,
કમલાવર ધુર્જટીલ ધ્યાનકું તજાઓ. ગઢપુર૦ ૨
સાતે સુર તીન ગ્રામ મૂર્છના મનોભિરામ,
એસે એકીસ ભિન્ન ભેદકું બજાઓ. ગઢપુર૦ ૩
હરિજન જબ સુતન સુર હોવત ઉર પ્રેમ પુર,
અગણીત અવની અસુર દીલકું દજાઓ. ગઢપુર૦ ૪
બંસી જુત અહર્નિશ બંસી કે મમ ઉપર મુનિશ,
કહવે જગદીશ ચિત્ત સ્નેહકું સજાઓ. ગઢપુર૦ ૫

**રાગ : ગરબી પદ-૧**

પુરૂષોત્તમ પૂરણ પ્યારા રે, છેલ છબીલા છોગાળા,
અહોનિશ રહો અંતરમાં રે, જન મન રંજન રૂપાળા. ૧
નખ શીખ છટા અવિલોકી રે, સ્નેહ વધે છે શામળીઆ,
મૂર્તિમાં મનડું લાગ્યું રે, તેથી પાતક બહુ ટળીઆ. ૨
મનમોહન મુખડું શોભે રે, શરદ સરોરૂહથી સારૂં,
ચાંદલીયો ભાલ તીલકમાં રે, એ પર સહુ શોભા વારૂં. ૩
મકરાકૃત કુંડલ કાને રે, શોભે સૂર્ય શશી જેવાં,
જગદીશ કહે હરિ કોને રે, રવિ શશી કાંઈ આવ્યા કહેવા. ૪

**પદ-૨**

શીર ઉપર નૌતમ ધરીયો રે, મોર મુગટ શોભે કેવો,
ઝળકે અતિ કાન્તિ જેની રે, અવર નથી એના જેવો. ૧





મોર પીછાં પરહરીયાં રે, શ્યામતણે શરણે આવ્યા,
મસ્તક પર ભાવે ધરીયાં રે, મોહનજીને મન ભાવ્યાં. ૨
મોરે મનમાં ન વિચાર્યુ રે, જ્ઞાન હીણો કેવો ગાંડો,
પીછાં પરીત્યાગ ક્યાંથી રે, બરહી મટીને થયો બાંડો. ૩
ચાંદલીયા રૂપી ચક્ષુ રે, કરી મૂર્તિ મુગટની નીરખે,
જગદીશ કહે છબી જોઈને રે, મુગટ અતી હેડે હરખે. ૪

**પદ-૩**

સહસ્રાનન મન ગભરાયો રે, શ્યામ મનોહર કેશ થકી,
પાતાળે જઈને વસીઓ રે, અહીંઆં તે શક્યો ન ટકી. ૧
દીસે છે દાંત રૂપાળા રે, અરૂણ અધર સાથે કેવા,
શોભે બહુ મુલાં મોતી રે, પરવાળાં સાથે જેવા. ૨
સુંદર મોતીની માળા રે, કંઠે કેવી શોભે છે,
જાણે કૌસ્તુભ રૂપાળી રે, જોઈ જોઈ જન મન લોભે છે. ૩
પચરંગી વસ્ત્ર રૂપાળું રે, ઉરપર ઓપે અતિ ભારે,
જગદીશ કહે તે શોભે રે, ઈન્દ્ર ધનુષ્યને આકારે. ૪

**પદ-૪**

ભુજદંડ અભય દેનારા રે, ત્રિવળી ત્રિવેણી છે ખાસી,
નાભી ગંભીર રૂપાળી રે, કૂપ સરીખી સુખરાશી. ૧
કટીલંક નિઃશંક વિલોકી રે, રંક થયો મૃગરાજ અતિ,
અભિમાન તજી ઉર પોતે રે, મહાવન માંહી કરી છે ગતી. ૨
પીતાંબર સુંદર પીળું રે, ચપળાથી બહુ શોભે છે,
કાંતિ કમનીય વિલોકી રે, તડીતાનું મન ક્ષોભે છે. ૩
ઝમકારા ઝાંઝર કેરા રે, ચરણે સુંદર વાગે છે,
જગદીશ કહે તે જોવા રે, સિધ્ધ સમાધી ત્યાગે છે. ૪

●

# આ. શ્રી અયોધ્યાપ્રસાદજીનાં કીર્તન

**રાગ ખમાચ : પદ-૧**

સહજાનંદ હરિ રે ભજ મન, સહજાનંદ હરિ રે. ભજ૦
શુક નારદ સનકાદિક શંભુ, સેવત ધ્યાન ધરી રે. ભજ૦ ૧
પુરુષોત્તમ પરિબ્રહ્મ પુરાતન, તેહી સંગ પ્રીત કરી રે. ભજ૦ ૨
પૂરવદેશ અવધપુર પાસે, છપૈયામેં દેહ ધરી રે. ભજ૦ ૩
અવધપ્રસાદ એહી હરિ સંગે, જાય સબ પાપ જરી રે. ભજ૦ ૪

**પદ-૨**

ભજ મન સહજાનંદ ઉર ધારી, ભજ મન સહજાનંદ. ભજ૦
સહજાનંદ પરમ સુખ મૂર્તિ, નેનનસેં જ્યું નિહાળી. ભજ૦ ૧
શ્વેત બસન ધારે તન સુંદર, જનમ લેત મોરારિ. ભજ૦ ૨
શ્વેત પાઘ શિર શ્યામ વિરાજત, કેસર તિલક હે ભારી. ભજ૦ ૩
અવધપ્રસાદ સહજાનંદ શરણે, લાગી લગન એક તારી. ભજ૦ ૪

**પદ-૩**

ભજ મન સહજાનંદ સુખકારી, ભજ મન સહજાનંદ. ભજ૦
વામ શ્રવન બિચ શ્યામ બિંદુ તિલ, ધ્યાન ધરત નરનારી. ભજ૦ ૧
કાનુંમેં કુંડળ મકાકૃત ધરી, ઉર પર હાર હજારી. ભજ૦ ૨
નાસિકા નિકટ તિલ એક સુંદર, ચંચલ ચિત્તવની સારી. ભજ૦ ૩
અવધપ્રસાદ નિરંતર અંતર, ઊર્ધ્વ રેખ ચિત્ત ધારી. ભજ૦ ૩

**પદ-૪**

સહજાનંદ સુખદાઈ, ભજન મન સહજાનંદ. ભજ૦
શ્રી ઘનશ્યામ મનોહર મૂર્તિ, ધ્યાન ધરો ઉર લાઈ. ભજ૦ ૧
સુંદર બોલની સુંદર હસની, મુસકની બરની ન જાઈ. ભજ૦ ૨
શોભા ધામ શ્યામ સુખ સૂરત, સંત મુક્ત સંગ આઈ. ભજ૦ ૩
અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ભજ૦ ૪

**રાગ - હોરી દાદરા : પદ-૧**

હોરી ખેલન ઘર આવે, દાદરા મોય સુનાવે. હોરી૦
રંગકો ભીનો ચિત્ત પ્રવિનો, બાંસુરી બજાઈ ગાવે. દાદરા૦ ૧





કર પિચકારી લિયે બનવારી, કેસર રંગ ઉડાવે. દાદરા૦ ૨
તાલ મૃદંગ હરિકે સંગે, અવધપ્રસાદ બજાવે. દાદરા૦ ૩

**પદ-૨**

હરિકૃશ્ન મુખ ગાઈ, દાદરા રાગ સુનાઈ. હરિ૦
કંઠમેં મોતી ઠાઢિ રહી જોતી, સહજાનંદ સુખદાઈ. દાદરા૦ ૧
કુંડલ લળકે ભાલ શુભ ઝળકે, કેસર તિલક કરાઈ. દાદરા૦ ૨
અવધપ્રસાદ નિરંતર અંતર, મૂર્તિ મન ઠહરાઈ. દાદરા૦ ૩

**પદ-૩**

હોરી ખેલત દોઉ ભૈયા, દાદરા રાગ ગવૈયા. હોરી૦
નરનારાયણ મંદિર આગે, રંગકી ધૂમ મચૈયા. દાદરા૦ ૧
બાંસુરિ બજાવે જીયા લલચાવે, શિરપેં પાઘ ધરૈયા. દાદરા૦ ૨
અવધપ્રસાદ હરિકે સંગ ખેલે, કેસર રંગ ઊડૈયા. દાદરા૦ ૩

**પદ-૪**

હોરી ખેલત મન ભાવે, દાદરા શ્યામ સુનાવે. હોરી૦
બાજત તાલ સતાર સારંગી, તાનમેં તાન મેલાવે. દાદરા૦ ૧
ઉર પર હાર ગુલાબી ધારે, ફૂલ તોરા લટકાવે. દાદરા૦ ૨
અવધપ્રસાદ સંત સંગ બૈઠે, હરિરંગ બરસાવે. દાદરા૦ ૩

**રાગ કલ્યાણ : પદ-૧**

સુંદર શ્રી ઘનશ્યામકી, મૂરતિ મનમાની. સુંદર૦
શિર ધરી પાઘ શેખર બિચ શોભે, નીરખી બદન સુખધામકી. મૂરતિ૦ ૧
પલ પલ છિન છિન બિસરત નાંહી, રટના લાગી યાકે નામકી. મૂરતિ૦ ૨
કામ કાજ મેં તો વિષ સમ લાગત, દેખી શોભા ઉર દામકી. મૂરતિ૦ ૩
અવધપ્રસાદ રહો દગ આગે, શુભ છબી મન અભિરામકી. મૂતિ૦ ૪

**પદ-૨**

સહજાનંદ સુજાનકી, છબી અતંર આની. સહજાનંદ૦
ઉરપર હાર ગુલાબ કે ધારે, કરુણાનિધિ ભગવાનકી. છબી૦ ૧
જરકસી જામા પેહિરે તન સુંદર, કુંડળ જ્યુત શોભા કાનકી. છબી૦ ૨
ગજરા બાજુ બંધમેં નીરખે, સુંદર ભીને વાનકી. છબી૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ શોભા, સૂધ બિસરી ખાન પાનકી. છબી૦ ૪

પદ-૩

સુંદર મોહનલાલકી, બતિયાં મનમાની. સુંદર૦
સૂની બતિયાં છતિયાં ભઈ શીતળ, શ્રવણ કરી ગોપાલકી. બતિયાં૦ ૧
શુક નારદ અતિ પ્રીત કરી કે, બાત સૂનત વ્રજબાલકી. બતિયાં૦ ૨
સહજાનંદ બાની અમૃતસમ, જીવન દોરી મરાલકી. બતિયાં૦ ૩
અવધપ્રસાદ બાત સૂની પ્રીતે, મોહનરૂપ રસાલકી. બતિયાં૦ ૪

પદ-૪

સુંદર ધર્મકુમાર હો, તુમ રહો દગ આગે. સુંદર૦
ધર્મધુરંધર ધર્મકે રક્ષક, અગનિત જનકે ઉધાર હો. તુમ૦ ૧
જગકે તારન ભવદુઃખ ટારન, કરુણા સાગર યાર હો. તુમ૦ ૨
ભક્તકે વલ્લભ દુર્જન દુર્લભ, હરન ભૂમિકે ભાર હો. તુમ૦ ૩
અવધપ્રસાદ કહે તુમ મહિમા, કોઉં ન પાવત પાર હો. તુમ૦ ૪

રાગ - ઠુમરી : પદ-૧

હરિ મિલે બોરસડી કી છૈયાં. હરિ૦
મેં જ્યું ગઈતી જલ ભરનેકું, હસી બોલાઈ મોરે સૈયાં. હ૦ ૧
શ્વતે પાઘ શિર સોહત સુંદર, ફૂલતોરા લટકૈયા. હ૦ ૨
કેસર તિલક ભાલ બિચ નીરખી, લપકી લપકી પરી પૈયાં. હ૦ ૩
અવધપ્રસાદ કે' મન હર લીનો, સહજાનંદ સુખદૈયાં. હ૦ ૪

પદ-૨

પ્યારી લાગે મોહનજી કી બતિયાં. પ્યારી૦
બતિયાં સૂનત મેરો મન હર લીનો, કરીકે નેહદિન રતિયાં. પ્યા૦ ૧
સુંદર મૂરતિ ધર્મકુંવરકી, નીરખી હરખી છતિયાં. પ્યા૦ ૨
લટક લટક હરિ ચાલ ચલત હે, લાજત રતિ પતિ અતિયાં. પ્યા૦ ૩
અવધપ્રસાદ કે ચિત્તમેં ગડ ગઈ, ચલત હંસ હરિ ગતિયાં. પ્યા૦ ૪

પદ-૩

દેખી મોહી શ્યામ શિર પગિયાં. દેખી૦
પગિયાં કે શિર પેચ ઝૂકે હે, વામ શ્રવન પેં લગિયાં દે૦ ૧
ભક્તિ ધર્મસુત છેલ છબીલે, નીરખી થકિત એક ટગિયાં. દે૦ ૨





નાસિકા નિકટ તિલ એક સુંદર, વામ શ્રવન તિલ ઝગિયાં. દે૦ ૩
અવધપ્રસાદ કે નાથ નિરંતર, રહો મેરી અંખિયન અગિયાં. દે૦ ૪

પદ-૪

હરિ બૈઠે જેતલપુર બગિયાં. હરિ૦
શ્રી ઘનશ્યામ માધુરી મૂરત, શ્વેત બસન ધરે પગિયાં. હ૦ ૧
બટ તરુતર કીન સભા શુભ, શિવ બ્રહ્મા આયે અગિયાં. હ૦ ૨
નીરખી મૂર્તિ શ્યામ મનોહર, ઝળહળ જ્યોત ઝગમગિયાં. હ૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ શોભા, ચરનકમલ ચિત્ત લગિયાં. હ૦ ૪

રાગ - દાદરા : પદ-૧

મિલે મહારાજ સર્યો મેરો કાજ. મિલે૦
શ્રી ઘનશ્યામ કી માધુરી મૂરત, નીરખી મેં સહિત સમાજા. સ૦ ૧
શ્વેત મનિ સોહે શિર પઘિયાં, અતિ સોહત શિરતાજા. સ૦ ૨
ફૂલંદા હાર બાજુબંધ ગજરા, નીરખત રતિપતિ લાજા. સ૦ ૩
અવધપ્રસાદ કે રહો ઉરઅંતર, ગિરધર ગરીબ નિવાજા. સ૦ ૪

પદ-૨

શ્યામ સુખકારી નજરિયાં મારી. શ્યામ૦
ચંદન ખોર કી શોભા નીરખી, લુબ્ધ ભયે નરનારી. ન૦ ૧
ચંચલ ચિત્તવની મેં ચિત્ત અટક્યો, દેખી બદન બનવારી. ન૦ ૨
આયે અચાનક ઠાડે ડગરમેં, સુંદરવર સુખકારી. ન૦ ૩
અવધપ્રસાદ આઈ રહે શરને, ચરનકમલ ચિત્ત ધારી. ન૦ ૪

પદ-૩

કાન બનવારી દેખે સુખકારી. કાન૦
જમુના કે નીરે તીરે ધેન ચરાવત, બંસી બજાવત પ્યારી. દે૦ ૧
બનતેં આવત મોહે રિઝાવત, ગાવત તાન દે તારી. દે૦ ૨
કાંધે કામરિયાં હાથ લકુટિયાં, મોર મુગટ શિર ધારી. દે૦ ૩
અવધપ્રસાદકે નાથકી શોભા, બિસરત નાંહિ બિસારી. દે૦ ૪

પદ-૪

ચિત્ત ગયો ચોરી મોહન બરજોરી. ચિત્ત૦
નિપટ ઝપટ કે હાર મેરો તોર્યો, બોલત બચન નિઠોરી. મો૦ ૧
શ્યામ સુંદર મોરી ગેલ પર્યો હે, શિર ગાગર લઈ ફોરી. મો૦ ૨
નંદબાવા કે કુંવર કનૈયા, કંચુકી કસ તોરી. મો૦ ૩
અવધપ્રસાદ કે' મેં જયું ગઈતી, નંદમહર કી પોરી. મો૦ ૪

રાગ - ઠુમરી : પદ-૧

તુમ સંગ જીયરા લાગ્યો રે પ્યારે, તુમ૦
જીયરા લાગ્યો મેરો તુમ સંગ મોહન, ઔર સબહી દુઃખ ભાગ્યો રે. પ્યા૦ ૧
નીરખી મેં મૂરતિ શ્યામ તિહારી, ચરનકમલ અનુરાગ્યો રે. પ્યા૦ ૨
તુમ હો જીય કે પરમ સનેહી, અવર સનેહ સબ ત્યાગ્યો રે. પ્યા૦ ૩
અવધપ્રસાદ કે' નાથ રહો દગ, એહી દિયો વર માગ્યો રે. પ્યા૦ ૪

પદ-૨

સહજાનંદ સુખદાઈ હો તુમ, સહજાનંદ૦
સહજાનંદ તુમ જીયકે જીવન, પ્રીત કરી ચિત્ત લાઈ હો. તુ૦ ૧
નીરખી બદન તેરો શ્યામ સુંદરવર, અંતર અતિ સુખ પાઈ હો. તુ૦ ૨
પ્રીત તિહારી એસી બનવારી, મન બસ કીનો સદાઈ હો. તુ૦ ૩
અવધપ્રસાદ કે' નિશદિન રટી હું, મૂરતિમેં મન ઠહરાઈ હો. તુ૦ ૪

પદ-૩

તોરી છબી મનમાની હો પ્યારે, તોરી૦
ઉરપર હાર કાનમેં કુંડળ, નીરખેં મેં રૂપનિધાની હો. પ્યા૦ ૧
શિરપર પાઘ શેખર બિચ સોહે, ભાલ તિલક લોભાની હો. પ્યા૦ ૨
ચંચલ ચિત્તવની ચંચલ બતિયાં, ચંચલ દગ રૂપ ખાની હો. પ્યા૦ ૩
અવધપ્રસાદ કે' નિરંતર એહી છબી, ધ્યાન ધરી ઉર આની હો. પ્યા૦ ૪

પદ-૪

તુમ સંગ લગની લાગી રે મેરી, તુમ૦
લગન લગત મેરે ચિત્તમેં ગડ ગયે, હરિવર શ્યામ સુહાગી રે. મે૦ ૧
શ્વેત વસ્ત્ર ધારે તન સુંદર, દેખી ભઈ બડભાગી રે. મે૦ ૨





તુમસે દિન દયા કે સાગર, પરમ પ્રીત મોરી જાગી રે. મે૦ ૩
અવધપ્રસાદ કે' શ્યામ તિહારી, છબી રહો અંખિયન આગી રે. મે૦ ૪

રાગ - ગરબી : પદ-૧

શ્રી સહજાનંદ શ્યામ મળો રે, અક્ષર પર અવિનાશ,
સખી જોને શ્યામને રે. ટેક.
અલબેલે અમદાવાદમાં રે, મંદિરમાં કર્યો વાસ. સ૦ ૧
સંતસભા મધ્યે આવીને રે, બેઠા પાટે બહુનામી, સ૦
શોભા તે શ્રી ઘનશ્યામની રે, નીરખી થાયે નિષ્કામી. સ૦ ૨
શોભે છે શ્રીહરિ સંતમાં રે, તારા મધ્યે જેમ ચંદ, સ૦
મૂર્તિ તે જોઈ મહારાજની રે, થાય અતિ આનંદ. સ૦ ૩
હરિવર હેતે શું હેરીને રે, ઉપજાવે જનને ઉમંગ, સ૦
બેઠા તે બહુ હેતે કરી રે, અવધપ્રસાદને સંગ. સ૦ ૪

પદ-૨

ચાલ સખી ચોંપે કરી રે, જોવા જાયે જગદીશ,
શોભે છે સંતમાં રે. ટેક.
મુગટ મણિમય શોભતો રે, હરિએ હેતે ધર્યો શીશ. શો૦ ૧
ભાલ તિલક કોઈ ભાત્યનું રે, કેસર કેરું કરેલ, શો૦
શામક બાણ સરીખડી રે, ભ્રકુટી રંગ ભરેલ. શો૦ ૨
નેણાંમેં નૌતમ નાથને રે, રાતી રૂપાળી રેખ, શો૦
નમણી તે નાથની નાસિકા રે, પ્રીત કરીને પેખ. શો૦ ૩
શી કહું શોભા કાનની રે, શ્યામ બિંદુ મહીં સાર, શો૦
અવધપ્રસાદને વાલમે રે, ગુચ્છ પહેર્યો કરી પ્યાર. શો૦ ૪

પદ-૩

જોને સખી જગદીશને રે, તિલ એક ગોળ કપોળે,
તેની શોભા શી કહું રે. ટેક.
મરમાળી મૂછ રેખને રે, ધ્યાન ધરી મુનિ ખોળે. તે૦ ૧
અધર પ્રવાલા સરખા રે, દાડમ કળી જેવા દાંત, તે૦
શ્યામ ચિહ્ન છે દાઢમાં રે, નીરખીને થાય નીરાંત તે.૦ ૨

રૂપાળી ઊઠે છે રેખડી રે, મંદ મંદ હસતાં મુખ, તે૦
મીઠું મીઠું બોલી માવજી રે, આપે અલૌકિક સુખ. તે૦ ૩
ચિબુક ઉપર નાથને રે, કાળા છે સુંદર કેશ, તે૦
અવધપ્રસાદનો વાલમો રે, શોભે છે નટવર વેશ. તે૦ ૪

**પદ-૪**

સુંદર શ્રી ઘનશ્યામને રે, દાઢી હેઠો તિલ એક,
એને રાખું આંખમાં રે. ટેક.

કંઠ તે કંબુ સરીખડો રે, ભાળે છે ભક્ત અનેક. એ૦ ૧
જત્રુ તે જીવનપ્રાણની રે, જોઈને જન લલચાય, એ૦
અંશ તે ઊપડતા અતિ રે, દેખીને દુઃખ જાય. એ૦ ૨
ભૂજા ઉપર ભગવાનને, છાપના ચિહ્‌ન છે સાર, એ૦
કૂણિયું શ્યામની શોભતી રે, પામે નહિ કોઈ પાર. એ૦ ૩
પોંચા ઉપર ચિહ્‌ન છાપનાં રે, કાંડાં કઠણ બળવાન, એ૦
અવધપ્રસાદનો વાલમો રે, શોભે છે ભીને વાન. એ૦ ૪

**પદ-૫**

રૂડી અતિ રળિયામણી રે, હરિની હથેળિયું રાતી,
ચોરે છે ચિત્તને રે. ટેક.

શ્યામ રેખું તેમાં શોભતી રે, અરુણ આંગળિયુંની પાંતિ. ચો૦ ૧
નખની તે કાંતિ જોઈને રે, લાજે છે શશી અરુ સરુ, ચો૦
કરભ ઉપર કેશ શ્યામ છે રે, દેખીને દુઃખ થાય દૂર. ચો૦ ૨
બેઉ ભૂજા બહુ નામીના રે, જાનું સુધી જોને શોભે, ચો૦
ઊપડતી છાતી ઓપતી રે, જોઈ જોઈને જન લોભે. ચો૦ ૩
શ્યામ સ્તન શોભે ઘણાં રે, કેશ સહિત કરી જોર, ચો૦
અવધપ્રસાદ હરિ ચાંદમેં રે, જોવે છે જન ચકોર. ચો૦ ૪

**પદ-૬**

શોભા તે શી કહું ઉરની રે, શ્રી વચ્છ ચિહ્‌ન સહિત,
હેરે જન હેતશું રે. ટેક.

ઉદરે ત્રિવલી જોઈને રે, શાંતિ થાય છે ચિત્ત. હે૦ ૧





નાભિ તે ગોળ ગંભીર છે રે, કમળ કેરે આકાર, હે૦
શ્યામ કટિ ને ઉપરે રે, કનક કંદોરો સાર. હે૦ ૨
કેળ ને કરભ સરીખડા રે, સાથળ સુંદર શોભે, હે૦
જાનું જુગલ જગદીશના રે, લોચન નીરખીને લોભે. હે૦ ૩
પિંડિયું પ્રાણ આધારની રે, સુખને શાંતિ કરે છે, હે૦
અવધપ્રસાદના નાથને રે, નીરખીને નેણ ઠરે છે. હે૦ ૪

**પદ-૭**

જોને સખી ઘનશ્યામની રે, સુંદર ઘૂંટિયું શ્યામ,
જીવું છું જોઈને રે. ટેક.

બેઉ ચરણ બહુનામીનાં રે, અતિ કોમળ અભિરામ. જી૦ ૧
અંગૂઠા આંગળિયું તણા રે, ચિહ્‌ન તે ચિત્ત હરે છે, જી૦
નખમણિ કાંતિ કરી રે, ચંદને ઝાંખો કરે છે. જી૦ ૨
જમણે અંગૂઠે તિલ છે રે, નીરખવા જેવો નિત્ય, જી૦
નખમાં તે ચિહ્‌નને જોઈને રે, પૂરણ વાધે પ્રીત. જી૦ ૩
મરમાળા મોહનલાલને રે, ચરણ તળે ચિહ્‌ન સોળ, જી૦
અવધપ્રસાદના નાથની રે, પાનિયું સુંદર ગોળ. જી૦ ૪

**પદ-૮**

હરિવર હેતે શું પે'રિયાં રે, શોભિતા શણગાર,
શોભા તેની શી કહું રે. ટેક.

શ્વેત ધોતી પહેરી શામળે રે, કમર કસી કરી પ્યાર. શો૦ ૧
જરકસી જામો પે'રિયો રે, ઉપરણી અનુપ, શો૦
પેચાળી પાઘને ઉપરે રે, છોગાં ધર્યાં સુખરૂપ. શો૦ ૨
બાંયે બાજુબંધ બેરખા રે, હૈડે ગુલાબના હાર, શો૦
વેઢ વીંટી કડાં સાંકળા રે, કુંડળ મકરાકાર. શો૦ ૩
નખશિખ મૂર્તિ નાથની રે, ધ્યાન ધરી લાવો ચિત્ત, શો૦
અવધપ્રસાદના નાથને રે, રાખો અંતરમાં નિત. શો૦ ૪

### રાગ - ગરબી : પદ-૧

સખી ભક્તિ ધરમના પુરમાં રે, હરિ કરે છે સુંદર ખેલ,
મુને પ્યારો લાગે કુંવર ધર્મનો રે. ટેક.
હરિ સંગે સખાની મંડળી રે, લઈ ચાલ્યા સુંદરવર છેલ. મુ૦ ૧
વા'લો શોભે છે અતિ રળિયામણા રે, કરે ખ્યાલ નવની અલબેલ, મુ૦
હરિ ચાલે છે ચાલ ઉતાવળી રે, હું તો દેખી મોહી રંગરેલ. મુ૦ ૨
વા'લો આવે છે સનમુખ હેરતા રે, મારાં નીરખીને નેણ ઠરેલ, મુ૦
સખી અવધપ્રસાદના નાથને રે, જોઈ ભરવી ભૂલી જળ હેલ. મુ૦ ૩

### પદ-૨

સખી સર્વે સખાના સંગમાં રે, આજ જોયા સુંદર ઘનશ્યામ,
હું તો હરખી મોહી એના રંગમાં રે. ટેક.
હરિ ચાલ્યા નાવા ગૌઘાટમાં રે, સંગે સખા લઈ બલરામ. હું૦ ૧
હરિએ બાંધી છે જરકસી પાઘડી રે, ઓઢી ઉપરણી ઘનશ્યામ, હું૦
હરિ વિશ્વામિત્રીમાં નાહીને રે, ગૌદાન આપ્યાં અભિરામ. હું૦ ૨
સખી વિપ્રને ત્યાં બોલાવિયા રે, કરવા ભોજન બહુ સુખધામ, હું૦
પાછા સંગે સખા લઈ આવિયા રે, તેમાં કનૈ ને મંછારામ, હું૦ ૩
પહલવાન સખા સંગ શોભતા રે, વળી નિશ્ચલ વિરજ્યા રામ, હું૦
અવધપ્રસાદનો વાલમો રે, કરે સખા સંગે વિશ્રામ. હું૦ ૪

### પદ-૩

સખી ભક્તિ ધર્મને આંગણે રે, મુક્ત સંગ રમે જગવંદ,
એવા નીરખ્યા શ્રી ઘનશ્યામને રે. ટેક.
સખી એની અલૌકિક મૂરતિ રે, જોઈ ઝાંખા થયા સૂર ચંદ. એ૦ ૧
સખી આડી તે નજરે હેરતા રે, વાલો ટાળે છે જનના ફંદ, એ૦
પાવ પાદુકા પહેરીને ચાલતા રે, સખી શામળિયો સ્વછંદ. એ૦ ૨
સખી સુંદરવર સુખધામને રે, જોઈ ન્યાલ થયા મુનિવૃંદ, એ૦
સખી કર ગ્રહીને ખેલતા રે, સખા સંગે કરે યુદ્ધ દ્વંદ. એ૦ ૩
એવી રીત્યે તે સુખને આપતા રે, છપૈયામાં તે બાલમુકુંદ. એ૦
સખી અવધપ્રસાદ કે' જોઈને રે, અતિ ઉરમેં થયો આનંદ. એ૦ ૪





### પદ-૪

સખી નારાયણ સર જોઈને રે, હરિ મનમાં અતિ હખાય,
જેને સુધા સિધું સરખું કર્યું રે. ટેક.
એનો મહિમા તે શો કહું મુખથી રે, મોટા મોટા મુનિવર ગાય. જે૦ ૧
સખી સર્વે સખા સંગે લઈને રે, તેમાં હેતે હરિ નિત નહાય, જે૦
હરિ ડબકી મારે અતિ હેતશું રે, વળી ઝાલે સખાની બાંય. જે૦ ૨
વાલો પાટુડિયે રમે પ્રીતશું રે, તેને જોવા બ્રહ્માદિક ચ્હાય, જે૦
વાલો નરવિર સરમાં નાઈને રે, ફરે ત્રટમાં નિત હરિરાય. જે૦ ૩
સખી એ સર ત્રટ વૃક્ષ વેલિયું રે, તેનો મહિમા કહ્યો નવ જાય, જે૦
સખી અવધપ્રસાદના નાથે રે, અતિ વહાલુ લાગે મન માંય. જે૦ ૪

### રાગ - કાલિંગડો : પદ-૧

કબ મિલે હે બિછૂરે ઘનશ્યામ. કબ૦
જા દિનસે મોય શ્યામ બિસારી, તા દિનસેં સુખ ભયો હે હરામ. ક૦ ૧
આવન કી મોય અવધ કરી ગયે, ઉમર બિતિ નાયે સુખધામ. ક૦ ૨
કવન ઠગારી ઈને ટોના ડારી, બસ કર રખે ઘરું પૂરન કામ. ક૦ ૩
અવધપ્રસાદ નિરંતર હેરત, પ્રીત લગાઈ તોરી અતિ રામ. ક૦ ૪

### પદ-૨

પ્રીતમ પ્યારે પ્રીત મોરી તોરી. પ્રીતમ૦
નટવર નાવ નવલ રંગભીને, કરી કરી નેહ ઠગારે ઠગોરી. પ્રી૦ ૧
જગકે કારન ભવદુઃખ તારન, એહી બિનું ઔર ગતિ નહિ મોરી. પ્રી૦ ૨
શ્યામ સુદંર બિનું સુખ નહિ આવત, કર હું વિલાપ ઉમર રહી થોરી. પ્રી૦ ૩
અવધપ્રસાદ નિરંતર અંતર, ચરન કમલ બરતિ એક જોરી. પ્રી૦ ૪

### પદ-૩

સુંદર શ્યામ મિલહી કબ દોરી. સુંદર૦
શ્રી ઘનશ્યામ માધુરી મૂરત, તેહી ચરને પ્રીતી રહી મોરી. સું૦ ૧
શિર ધરે પાઘ શેખર બિચ સોહે, ભાલ તિલક લેહે ચિત્ત ચોરી. સું૦ ૨
ફૂલદાં હાર બાજુબંધ ગરા, પહિરત શ્યામ નેહ નયો જોરી. સું૦ ૩
અવધપ્રસાદકે નાથકી શોભા, અંતર આઈ રહો નિશ ભોરી. સું૦ ૪

### પદ-૪

સખી કોઈ શ્યામ મિલાવે મોહી. સખી૦
શ્રી ઘનશ્યામ કી શામરી સૂરત, બિસરત નાંહિ બિસારી સોહિ. સ૦ ૧
ચંચલ અંખિયાં ચંચલ બતિયાં, ચંચલ મૂર્તિ નાથ નિર્મોહી. સ૦ ૨
સુંદર શ્યામ નવલ રંગભીને, પ્રીત કરી અંતરમેં પ્રોહી. સ૦ ૩
અવધપ્રસાદ ઉર સુખ પાવત, ચરન કમલ પરસેં જબ ઓહી. સ૦ ૪

### રાગ - જંગલો : પદ-૧

નરનારાયણ સ્વામિનારાયણ, ભજન મન પ્રગટ બિરાજે હરિ. ન૦
અક્ષરપર પુરુષોત્તમ સ્વામી, મનુષ્યદેહ હરિ આયે ધરી,
જેહી જન આઈ લેહે ઈન શરનો, તીનકે પાપ સબ જાત જરી. ન૦ ૧
કોટી કોટી ભવ ભટકત બિતે, નરક ચોરાશી નાંહી ટરી,
પ્રગટ નીર બિનું પ્યાસ ન જાવે, તેંસે પ્રોક્ષ જીય ભજન કરી. ન૦ ૨
જનમ મરન કો ત્રાસ હે ભારી, પ્રગટ વિના કહો કેસે તરી,
ફૂટી આંખ અંધ ગુરુ કરી કે, ભવ ભટકી જીવ જાત મરી. ન૦ ૩
પ્રગટ પ્રતાપ ભયો અવની પર, આંખ અસુરન ના ઉઘરી,
અવધપ્રસાદ પરમ પદ પાવે, સહજાનંદ પદ કમલ પરી. ન૦ ૪

### પદ-૨

કૃશ્ન હરિ હરિકૃશ્ન મનોહર, ભજીલે નર ઉર ધારી રે. કૃ૦
શેષ શારદા પાર ન પાવે, નિગમ કહત પોકારી રે,
એહી ઘનશ્યામ કો સમરન કરીલે, મીટહી ભવ દુઃખ ભારી રે. કૃ૦ ૧
સુંદર શ્રી ઘનશ્યામ સદાઈ, શરનાગત સુખકારી રે,
એહી છબીં અંતરમેં ઘરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. કૃ૦ ૨
અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે,
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે, કૃ૦ ૩
જેહી જન આઈ રહે ઈન શરને, હો ગયે ભવજલ પારી રે,
અવધપ્રસાદ નાથકી છબી પેં, વાર વાર બલિહારી રે. કૃ૦ ૪





### પદ-૩

નીલકંઠ વૈકુંઠ નાથ શું, પ્રીત કરી સુખદાઈ રે. ની૦
માત પિતા અરુ ભ્રાત નારી સંગ, પ્રીત નરક લહી જાઈ રે,
સુખકારી ઘનશ્યામ શરન મેં, ભવ ભટકત ફિરનાઈ રે. ની૦ ૧
કામ ક્રોધ મદ લોભ મહા રિપુ, તે સંગ પ્રીત બઢાઈ રે,
ધર્મ કરમ સત્સંગ ન કીનો, સૂધા તજી વિષ ખાઈ રે. ની૦ ૨
કાળ વ્યાલ શિર દુઃખ હે ભારી, દે ઘનશ્યામ મિટાઈ રે,
ભવસાગરસેં પાર ઉતારે, અખંડ શ્યામ રહે આઈ રે. ની૦ ૩
શ્રી મહારાજ આશરો રાખી, ભજન કરો મુદ પાઈ રે,
અવધપ્રસાદ નિરંતર એહી, સહજાનંદ મન ભાઈ રે. ની૦ ૪

### પદ-૪

સહજાનંદ મહારાજ હમારે, સુંદરવર સુખરાશિ રે. સ૦
શ્રી પુરુષોત્તમ પ્રગટ આયકે, ટારત કાળકી ફાંસી રે,
દુઃખ નિવારન ભવજલ તારન, કરે અક્ષર કે વાસી રે. સ૦ ૧
ધ્યાન ધારના અખંડ સમાધિ, દેખાવે અવિનાશી રે,
અંતરમાંહી હરિકું ધારે, અખંડ મન રહે પાસી રે. સ૦ ૨
પ્રગટ પ્રમાન દેખી યહ મૂરતિ, જગસેં હોત ઉદાસી રે,
દેખે દિવ્ય મૂર્તિ હરિ અંતર, અંતકાલમેં આસી રે. સ૦ ૩
અનંત અવતાર ધરે અવની પર, બહુત ચરિત્ર દેખાસી રે,
અવધપ્રસાદ અખંડ યહ મૂરતિ, લહી અંતરમેં વાસી રે. સ૦ ૪

### રાગ - કલ્યાણ ચૌતાલ : પદ-૧

શ્રી ઘનશ્યામ શ્રી ઘનશ્યામ, દેખી લાજે કોટીક કામ,
સુંદર શોભા ધામ. શ્રી૦
શિર બાંધે લાલ પાગ, ઝૂક રહી વામ ભાગ,
કેસર તિલક ભાલ સુખધામ. શ્રી૦ ૧
અધમ ઉધાર નામ, રટહું મેં આઠો જામ,
મૂરતિ પૂરનકામ સંતહુંકે વિશ્રામ. શ્રી૦ ૨
અવધપ્રસાદ કહે, ધર્મલાલ ચિત્ત રહે,
સોહત સલૂની છબી અભિરામ. શ્રી૦ ૩

પદ-૨

શ્રી સહજાનંદ સ્વામી શ્રી સહજાનંદ સ્વામી,
ઉર ધારે સુખધામી, બાંય ગ્રહી બહુનામી. શ્રી૦
પીત પટવારે પ્યારે, ઓઢત દુશાલ સારે,
ઉર બનમાલ દેખી સુખ પામી. શ્રી૦ ૧
પીરો ભારી કિનખાબ, આંગા પહિરે ઓપે આપ,
છાયો હે અતિ પ્રતાપ દર્શ જાકો હે દુરાપ. શ્રી૦ ૨
અવધપ્રસાદ માગે, રહો છબી મોરે,
વાર વાર પાય લાગે શિરનામી. શ્રી૦ ૩

રાગ - ખમાચ : પદ-૧

પ્યારા લાગો શ્રી ઘનશ્યામ, તુરંગ ખેલાવતા રે. પ્યા૦
શિર પર બાંધી ભારે શુભ પગિયાં, ભ્રુહકે પર આય લગિયાં,
પહિયે પીતામ્બર શોભે, સુખ ઉપજાવતા રે. પ્યા૦ ૧
કેસર તિલક ભાલ બિચ સોહે, ચંચલ ચિત્તવની મેં ચિત્ત મોહે,
બાંહે બાજુ, તોરા શિર લટકાવતા રે. પ્યા૦ ૨
ઉરપર હાર હજારી લલકે, નાસિકા નિકટ તિલ એક ઝળકે,
રુચિર દુપટ્ટો ઓઢી, મોરે ઘરું આવતા રે. પ્યા૦ ૩
ભ્રકુટિ કુટિલ નેનકી શોભા, નીરખી મુનિવર કે મન લોભા,
અવધપ્રસાદ ધારી છબી અંતર, અતિ સુખ પાવતા રે. પ્યા૦ ૪

પદ-૨

સહજાનંદ છબી મન ભાઈ, નેન નિહારત તેરે. સ૦
અનંત કોટિ બ્રહ્માંડકે કરતા, સુરનર મુનિ સબકે મન હરતા,
નરનાટક અનુસરતા, ચરિત વિસ્તારતે રે. સ૦ ૧
શેષ શારદા પાર ન પાવે, વેદ પુરાન સદા ગુન ગાવે,
ત્રિવિધિ તાપ નસાવે, હરિ મન ધારતે રે. સ૦ ૨
મંગલકારી મૂરતિ તિહારી, દેવન કું દુર્લભ હે ભારી,
અતિ અદ્‌ભુત ઉપકારી, ભજવલ તારતે રે. સ૦ ૩
ધર્મદુલારે અતિ સુખકારે, તુમ સંગ રહો પ્રીત હમારે,
અવધપ્રસાદ હરિવર, અંતર ધારતે રે. સ૦ ૪





રાગ - હોરી : પદ-૧

ધર્મકુંવર ખેલે હોરી રે, કર લે પિચકારી. ધર્મ૦
કર પિચકારી લીએ બનવારી, રંગ ડારત બરજોરી રે. ક૦ ૧
અબિલ ગુલાલ કી ધૂમ મચાવે, કેસર ગાગર ઘોરી રે. ક૦ ૨
ગાવત રાગ બજાવત તારી, રંગ ગાગર શિર ઢોરી રે. ક૦ ૩
અવધપ્રસાદ કે' શ્યામ ચરનમેં, પ્રીતિ રહો અબ મોરી રે. ક૦ ૪

પદ-૨

ધર્મકુંવર સુખકારી રે, ખેલે રંગભર હોરી. ધર્મ૦
ખેલત હોરી સખા સંગ દોરી, સુંદર શ્યામ મોરારિ રે. ખે૦ ૧
ચૂવા ચૂવા ચંદન અબિલ અરગજા, છીરકત જન પર ધારી રે. ખે૦ ૨
બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ગાવત હે હોરી ભારી રે. ખે૦ ૩
અવધપ્રસાદકે નાથ સાંવરે, ભક્ત વત્સલ ભયહારી રે. ખે૦ ૪

પદ-૩

ધર્મકુંવર હોરી ગાવે રે, રંગ ધૂમ મચાવે. ધર્મ૦
ધૂમ મચાવે ગુલાલ ઉડાવે, જન પર રંગ બરસાવે રે. રં૦ ૧
બ્રહ્મા ભવ સુર રાજ દેવ મુનિ, કૌતક દેખન આવે રે. રં૦ ૨
સુંદર શ્યામ બદન કી શોભા, મુખ બરની નહિ જાવે રે. રં૦ ૩
અવધપ્રસાદ એહી છબી નીરખી, આનંદ ઉર ન સમાવે રે. રં.૦ ૪

પદ-૪

ધર્મકુંવર સુખદાઈ રે, રંગ ખેલ મચાઈ. ધર્મ૦
ખેલ મચાઈ આંગન મોરે આઈ, નીરખી મોરે મન ભાઈ રે. રં૦ ૧
ચપલ નયન ઘનશ્યામ સુંદર કે, ખેલત પ્રીત બઢાઈ રે. રં૦ ૨
કેસર કુમકુમ અબિલ અરગજા, પિચકારી નઝર લાઈ રે. રં૦ ૩
અવધપ્રસાદ નાથકી શોભા, દેખત દેવ લજાઈ રે. રં૦ ૪

રાગ - કાફી હોરી : પદ-૧

સખી ઘનશ્યામજી ખેલ મચાવે. સખી૦
એજી ઘર ઘરસેં હરિજન ચલી આયે, દેખી શ્યામ સુખ પાવે,
કોઈ જન અબિલ ગુલાલ ઉડાવત, કોઈ પિચકારી ચલાવે,
પેખી મોહન મન ભાવે. સ૦ ૧

એજી કોઈ જન હાર ગૂંથીકે નૌતમ, મોહન કું પહિરાવે,
કોઈ જન ઝાંઝ પખાજ બજાવત, કોઈ જન રંગ ઉડાવે,
નીરખી મન શ્યામ રિઝાવે. સ૦ ૨
એજી શેષ શારદા પાર ન પાવે, નિગમ કહત સકુચાવે,
નારદ શુક સનકાદિક દેવ મુનિ, જેહી મહિમા નિત ગાવે,
છબી ઉરમેં ઠહરાવે. સ૦ ૩
એજી અનંત કોટિ બ્રહ્માંડકે કારન, જન પર રંગ બરસાવે,
અવધપ્રસાદ ભાગ્ય એહી જનકે, મુખ બરન્યો નહિ જાવે,
કહત કવિ મન મુરઝાવે. સ૦ ૪

**પદ-૨**

શ્રીનગર હરિ ખેલત હોરી. શ્રી૦
એજી શિર પર પાગ ગુલાબી ધારે, કરમેં ગુલાલ કી ઝોરી,
સંગ સખા પર લઈ પિચકારી, ડારત દોરા દોરી,
ચિત્ત હરિજનકે ચોરી. શ્રી૦ ૧
એજી સુંદર બદન મદન મોહન કો, સંગ બલદેવકી જોરી,
ખેલત ફાગ સુરાગ આલાપત, રંગ છિરકત ચહુંકોરી,
પરસ્પર ખેલ મચોરી. શ્રી૦ ૨
એજી કેસર જામો ધારી તન સુંદર, રંગ બરસાવે દોરી,
આસપાસ સેં સખા સબ ઘેરી, શ્યામકું રંગમેં રોરી,
પરસ્પર હરખ ભયોરી. શ્રી૦ ૩
એજી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમ, સબ જન રંગમેં બોરી,
અવધપ્રસાદ નાથ કે સંગે, તરી ગયે લાખ કરોરી,
પ્રીત તેહી સંગ રહો મોરી. શ્રી૦ ૪

**પદ-૩**

શ્રીનગર હરિ ધૂમ મચાઈ. શ્રી૦
એજી સંત મુક્ત સબ સંગે લીએ હે, બાજા વિવિધ બજાઈ,
ગાવત રાગ પરસ્પર ખેલત, રંગ બરસાવત ધાઈ,
મેઘ માનું ઝરી લાઈ. શ્રી૦ ૧





એજી હરખ ભરે હરિજન સબ આઈ, હરિસંગ ખેલ મચાઈ,
કેસર રંગ માટ ભર લહી કે, ડારત હે મુદ પાઈ,
શ્યામ સંગ પ્રીત બઠાઈ. શ્રી૦ ૨
એજી શ્રી પુરુષોત્તમ પ્રગટ હરિ હે, જગ કારન સુખદાઈ,
કર કંચન પિચકારી લહીકે, છીરકત જનકું હઠાઈ,
દેખી રતિ પતિ સકુચાઈ. શ્રી૦ ૩
એજી અક્ષરમુક્ત અનંત ઉપાસે, સેવે ચરન શિરનાઈ,
અવધપ્રસાદ સોઈ હરિ સંગે, ખેલ કરત મન ભાઈ,
છબી બરની નહિ જાઈ. શ્રી૦ ૪

**પદ-૪**

શ્રીનગર હોરી ખેલત પ્યારે. શ્રી૦
એજી રંગ ઉડાવે ઉમંગ ભરે હે, શ્યામ સખા સુખકારે,
મત અરુ પંથ સભા કર હારે, ઈનકે માન ઉતારે,
ગયે સબહી ઘરબારે. શ્રી૦ ૧
એજી રંગ ઉડાઈ તુરંગ ચઢે હરિ, મંજન કરન સિધારે,
સુરપતિ નરપતિ સંગ ચલે સબ, બાજત બાજાં અપારે,
સબનકું મંગલકારે. શ્રી૦ ૨
એજી પહિરે પોશાક રંગભર સુંદર, કંઠમેં હાર હજારે,
ઘાર નારાયણ બાટમેં નૌતમ, ઘોડા દોડાવત ભારે,
હરિજન નયને નિહારે. શ્રી૦ ૩
એજી સાબરમતીમેં સ્નાન કરી કેં, કોટીક જીવ ઉદ્ધારે,
અવધપ્રસાદ શ્યામ કે સંગે, તરી ગયે કુલ પરિવારે,
પ્રીત એહી સંગ હમારે. શ્રી૦ ૪

**રાગ - વસંત : પદ-૧**

વસંત વધાવા ચલો સખીરી, ધર્મદેવ ઘરું જાઈએ,
શ્રી પુરુષોત્તમ પ્રગટ હરિ તહાં, તાસંગ ખેલ મચાઈએ. વ૦ ૧
મૃગ મદ કેસર રંગ બનાઈ કે, સબ સખી માટ ભરાઈએ,
શ્રી ઘનશ્યામ કુ રંગ ડારીકે, આનંદ ઉર બહુ પાઈએ. વ૦ ૨

કેસર રંગ વસ્ત્ર સબ ધારીકે, કરમેં લેહો પિચકારી,
સામા સામ પરસ્પર ખેલી, ધૂમ મચાઈ એ ભારી. વ૦ ૩
શ્રી ઘનશ્યામ બદનકું નીરખી, સબ વિધિ કારજ સીજે,
અવધપ્રસાદ કે નાથ સંગાથે, લહાવ અલૌકિક લીજે. વ૦ ૪

પદ-૨

આય વસંત ચલો સબ સજની, ધર્મકુંવરકું વધાઈએ,
પ્રેમ મગનશું આવો મૃગ નયની, હરિસંગ પ્રીત બઢાઈએ. આ૦ ૧
પુષ્પહાર અરુ અમૃમોર શુભ, કનક કલશમેં ધારી,
વસન વસંતી લેહું સબ મિલકે, રીઝે શ્યામ સુખકારી. આ૦ ૨
કેલકે થંભ રંગ સે રંગી, તોરન ચહું દિશ છાઈયે,
તેહી મંડપમેં નીરખી શ્યામકું, રંગભર ધૂમ મચાઈયે, આ૦ ૩
રસિક શ્યામ સંગ ખેલ કરીકે, પરમ નયન ફળ પાઈયે,
અવધપ્રસાદકે નાથકે ઉપર, કોટિ વાર બલ જાઈયે. આ૦ ૪

પદ-૩

વસંત વધાવનકું સબ નારી, ધર્મદેવ ગૃહ આઈ,
જગ કારન ભવતારન શ્રીહરિ, તે સંગ ખેલ મચાઈ. વ૦ ૧
કનક કળશ ધર્યો હરિ આગે, પ્રીતે પૂજ્યા સુખદાઈ,
ચંદન પુષ્પ દીપ કરી આરતી, હરિ ચરણે લપટાઈ. વ૦ ૨
ગાવત રાગ બજાવત તારી, શ્યામ સુંદર કું રિઝાવે,
અરસપરસ સબ ખેલ કરી કે, અબિલ ગુલાલ ઉડાવે. વ૦ ૩
સબહી નારી ઘેરી બનવારી, પ્રેમશું ફગુવા માગે,
અવધપ્રસાદકે નાથ હમારે, રહો નિત નેનન આગે. વ૦ ૪

પદ-૪

સબકી સખી મિલ વસંત વધાયકે, હરખ ભઈ મન મનાઈ,
ગેહેરે સ્વરે હરિ ગાન કરત હે, ભક્તવત્સલ સુખદાઈ. સ૦ ૧
હરિકો ગાન સૂની સબ સજની, મગન ભઈ મતવારી,
શ્રી ઘનશ્યામ સંગ હોરી ખેલત, તનકો ભાન વિસારી. સ૦ ૨





ધર્મકુંવર સંગ ખેલ કરી કે, પ્રીત સહિત સબ પ્યારી,
માગત હે કરજોરી શ્યામ સંગ, ઉર બસો સુખકારી. સ૦ ૩
ભક્ત વશ ભૈ શ્રી પુરુષોત્તમ, એહી વર દીનો મોરારિ,
અવધપ્રસાદ કે નાથ સાંવરે, મુક્ત કરન સબ નારી. સ૦ ૪

રાગ - કેદારો : પદ-૧

હેત કર હેત કર પ્રગટ ઘનશ્યામ શું, રાખ્ય હરિ ઉરમેં મૂરતિ પ્યારી,
કોટી બ્રહ્માંડ કે કારન શ્રીહરિ, એવા ઘનશ્યામ અંતરમેં ધારી. હે૦ ૧
શિર પર પાઘ ગુલાબી ધારી હરિ, કાનમેં કુંડળ શોભે ભારી,
ભાલ વિશાળમેં તિલક કેસર કેરું, નીરખતાં વશ થાય નરનારી. હેત૦ ૨
સુંદર કંઠમેં હાર ગુલાબકે, બાંયે બાજુ બંધ પુષ્પ કેરે,
ઉર વિષે શ્રીવત્સ ચિહ્ન સોહે ઘણું, નીરખતાં સુખ ઉર થાય તેરે. હેત૦ ૩
શ્વેત વસ્ત્ર નિત્ય ધારત શ્રીહરિ, ચંચલ મૂર્તિ અતિ શોભે સારી,
અવધપ્રસાદકે નાથકું લે ભજી, મુક્ત કરે સબ કષ્ટ ટારી. હેત૦ ૪

પદ-૨

ભજન કર ભજન કર પ્રગટ ભગવાન કો, છૂટી જાય દુઃખ સબ સુખ પામી,
કોટી જન્મકે પાપ હે શિર પર, નાશ કરી ડારે અંતરજામી. ભજન૦ ૧
પ્રગટ હરિ ભજનસેં દુષ્ટ જન તરી ગયે, સબરી ગીધ અરુ રીંછ કોટી,
તેમ હરિ પ્રગટસેં પરમ પદ પામિયાં, ગોપી ગોવાલ સહુ પદવી મોટી. ભજન૦ ૨
પ્રગટ ભગવાન વિના મુક્ત નહિ હોત હે, પ્રોક્ષથી દુઃખ નહિ ટરત ભારી,
જીવ કલ્યાણ હિત અક્ષરધામસેં, પ્રગટ ભયે હરિ સુખકારી. ભજન૦ ૩
પ્રગટ ભગવાન પહિચાનીને જે જન, કરે સત્સંગ સર્વે મોક્ષ પામે,
અવધપ્રસાદ કે દૃષ્ટિ કે ભજનસેં, ભ્રાંતિ ભાગે જન જાય ધામે. ભજન૦ ૪

પદ-૩

શરણ કર શરણ કર પ્રગટ મહારાજ કો, અંતર તાપ સબેં પાપ ટારે,
જેહી જન પ્રગટ હરિ શરણે તે આવિયા, તેહી જન સુખ પામ્યા અપારે. શરણ૦ ૧
પ્રગટ હરિને તજી પ્રોક્ષને જે ભજે, તે જન મૂર્ખ હે નરનારી,
જાહ્નવી નીર તજી કૂપ ખોદે તિહાં, પ્યાસ ન જાવે તે થાવે ખુવારી. શરણ૦ ૨

શ્રી હરિકૃષ્ણ વિના ઓરકો આશરો, કરત હરિજન વ્યભિચારી જાણો,
કહત હરિ-સંત એક ઈષ્ટ ધારો હરિ, પૂરણ ભક્ત તેહી પ્રમાણો. શરણ૦ ૩
પ્રેમ ભક્તિ વિના રીઝત નહિ હરી, વેદ પુરાણ કહે સત્ય વાણી,
અવધપ્રસાદકે નાથકું સુમર લે, જાય સબ દુઃખ સુખ પામે પ્રાણી. શરણ૦ ૪

**પદ-૪**

સ્વામિનારાયણ પ્રગટ પુરુષોત્તમ, ઈષ્ટ ધારી ભજો નરનારી,
શુક નારદ બ્રહ્માદિ દેવ સબ, ધ્યાન ધરે જેહી ત્રિપુરારિ. સ્વામિ૦ ૧
શ્રી ઘનશ્યામકી મૂર્તિ શોભે ઘણી, નીરખતાં પાપ સંતાપ ટારે,
શીત પોયણ સમ ઉદરમેં ત્રિવળી, નીરખતાં મુનિવર ધ્યાન ધારે. સ્વામિ૦ ૨
શ્યામ સુદંર કે ચરણમેં ચિહન હે, ધ્યાન કરે જેહી ભક્ત સારે,
તેહી હરિભક્ત ઉર વાસ કરીને હરિ, જ્ઞાન વૈરાગ્ય ભક્તિ વધારે. સ્વામિ૦ ૩
ભક્ત આધિન ભગવાન પોતે હરિ, પરમ પ્રીતે કરી નિત્ય સેવે,
અવધપ્રસાદકે નાથ તે ભક્તકું, ધામ અક્ષરમાંહી વાસ દેવે. સ્વામિ૦ ૪

**રાગ - હોરી : પદ-૧**

હોરી ખેલે મહારાજ, શ્રીપુરમેં હોરી ખેલે મહારાજા.
એક ઓર શ્રી ઘનશ્યામ સખા સબ, એક ઔર સંત સમાજ. શ્રી૦ ૧
કેસર રંગ ભરી પિચકારી, બાજત અનહદ બાજાં. શ્રી૦ ૨
ઉડત ગુલાલ લાલ ભયે બાદલ, નીરખત સુરપતિ રાજા. શ્રી૦ ૩
અવધપ્રસાદ નાથ સંગ ખેલી, જનમ સુફલ કિયો કાજા. શ્રી૦ ૪

**પદ-૨**

હોરી ખેલે સુખકારી, શ્રીપુરમેં હોરી ખેલે સુખકારી.
શ્રી ઘનશ્યામ કી માધુરી મૂરતિ, પહિરે હે હાર હજારી. શ્રી૦ ૧
બાજત તાલ સિતાર સારંગી, ડફ બાજત અતિ ભારી. શ્રી૦ ૨
ખેલે તુરંગ ઉમંગ ભરે હરિ, હરિજન પર રંગ ડારી. શ્રી૦ ૩
અવધપ્રસાદ નાથ છબી પર, તન મન ધન બલિહારી. શ્રી૦ ૪

**પદ-૩**

હોરી ખેલત દોઉ ભાઈ, શ્રીપુરમેં હોરી ખેલત દોઉ ભાઈ.
ખેલત ખેલ પરસ્પર દોરી, રંગ ખૂબ ઝરી લાઈ. શ્રી૦ ૧





શ્રી ઘનશ્યામ મુગટ શિર સુંદર, રામ શિર પાઘ સોહાઈ. શ્રી૦ ૨
નરનારાયણ મંદિર આગે, અબિલ ગુલાલ ઉડાઈ. શ્રી૦ ૩
અવધપ્રસાદ દેખી યહ શોભા, પ્રીત કરી ઉર લાઈ. શ્રી૦ ૪

**પદ-૪**

મોહન ખેલ મચાવે, શ્રીપુરમેં મોહન ખેલ મચાવે.
અબિલ ગુલાલ ઊડે રંગ ભારી, સુરમુનિ દેખન આવે. શ્રી૦ ૧
શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, નીરખી જન સુખ પાવે. શ્રી૦ ૨
રંગભર બસન સોહે તન સુંદર, પ્રેમશું પ્રીત બઢાવે. શ્રી૦ ૩
અવધપ્રસાદ શ્યામ છબિ પર, વાર વાર બલિ જાવે. શ્રી૦ ૪

**રાગ - ધન્યાશ્રી : પદ-૧**

એક કપટી ન તરે રે, મહારાજ, શરણ આયે સબહી તરે. એક૦
પાંડવ પાંચ દ્રૌપદી તરી ગયે, કૌરવ ન તરે સમાજ. શ૦ ૧
નારદ શુક સનકાદિક તરી ગયે, ન તરે સો રાવનરાજ શ૦ ૨
ભક્ત વિભિષણ ઉદ્ધવ તરી ગયે, ન તરે યવન શિરતાજ. શ૦ ૩
ધ્રુવ પ્રહ્લાદ પરિક્ષીત તરી ગયે, ન તરે અધમ જરાજ. શ૦ ૪
પ્રગટ પ્રતાપસે અગણિત તરી ગયો, અવધપ્રસાદ કહે આજ. શ૦ ૫

**રાગ : કલ્યાણ : પદ-૧**

હરિકૃષ્ણ મહારાજ, મિલે મોયે હરિકૃષ્ણ મહારાજ...ટેક૦
સંવત અઢાર બ્યાસીકે વરસેં, ગઢપુર ધામ બિરાજ...મિલે૦ ૧
સાંવરી સૂરત માધુરી મૂરત, સનમુખ આયે ચઢી બાજ...મિલે૦ ૨
અક્ષરધામ કે ધામી સુંદર, મનુષ્ય દેહ ધરી આજ....મિલે૦ ૩
અવધપ્રસાદ નીરખી યહ મૂરતિ, જનમ સુફળ કર્યો કાજ...મિલે૦ ૪

**પદ-૨**

શ્રી ઘનશ્યામ સુજાન, હર્યો મન શ્રી ઘનશ્યામ સુજાન... ટેક.
અધમ ધાર પતિતજન પાવન, જીયકે જીવન પ્રાન...હર્યો૦ ૧
શુક નારદ જાકો ધ્યાન ધરત હૈ, કરત હૈ ઉનકો ગાન...હર્યો૦ ૨
શેષ શારદા પાર ન પાવત, વેદ કરત હૈ વખાન...હર્યો૦ ૩
અવધપ્રસાદ જાને યાકો મહિમા, કબહું ન હોવત હાન...હર્યો૦ ૪

પદ-૩

શ્રી ઘનશ્યામ કો નામ, જપો જન શ્રી ઘનશ્યામકો નામ... ટેક૦.
જાહી જપી મુનિ સહસ્ર અઠ્યાસી, અંતર ભયે નિષ્કામ...જપો૦ ૧
શરનાગત વત્સલ સુખદાયક, કરુના સાગર શ્યામ...જપો૦ ૨
સહજાનંદ પ્રગટ હરિ મૂરતિ, ધ્યાન ધરો સરે કામ...જપો૦ ૩
અવધપ્રસાદ કરત હૈ નિશદિન, વારંવાર પરનામ...જપો૦ ૪

પદ-૪

સહજાનંદ સ્વરૂપ, રખો ઉર સહજાનંદ સ્વરૂપ... ટેક.
જાકે ધ્યાન અજ્ઞાન વિનાશત, ભાસત મૂરતિ અનુપ...રખો૦ ૧
જે જન આઈ રહે હરિ શરને, હોવત અક્ષર રૂપ...રખો૦ ૨
શ્રી ઘનશ્યામ છબિકી શોભા, નીરખી મોહે સુર ભૂપ...રખો૦ ૩
અવધપ્રસાદ હરિ ધ્યાન ધરેસો, પરત નહિ ભવ કૂપ...રખો૦ ૪

રાગ : ધન્યાશ્રી — પદ-૧

પ્રીત લગાઈ રહે દૂર રે, ઘનશ્યામ પિયા રે; પ્રીત૦
ધર્મકુંવર બિના તલફત જીયરા, પિયરા ગયે મધુપુર...પ્રીત૦ ૧
જબતે શ્યામ સિધારે તબતેં, વિરહ સતાવે ભરપૂર...પ્રીત૦ ૨
શ્રી હરિકૃષ્ણ મિલે બિન મોરી, સુખસંપત્તિ સબ દૂર...પ્રીત૦ ૩
અવધપ્રસાદ અંતર દુઃખ પાવત, જીવન બિના જરૂર...પ્રીત૦ ૪

પદ-૨

સાંવરિયો રંગ છેલ રે, ચિત્ત ચોરી ગયો રે., સાંવરિયો૦
બિનું દેખે મોય કલ ન પરત હૈ, બિરહાનલસેં જરેલ રે...સાંવરિયા૦
પરત ન ચેન રેન દિન મોહે, નીરખે બિન અલબેલ રે...સાંવરિયા૦
શ્રી ઘનશ્યામકી સુંદર મૂરત, નિશદિન પાસ રહેલ રે...સાંવરિયા૦
અવધપ્રસાદ કે પલ નહિ બિસરત, અંતરમાંહી ધરેલ રે...સાંવરિયા૦

પદ-૩

કનૈયો ચિત્તચોર રે, મેરો ધ્યાન હર્યો રે, કનૈયો
એહી બિના અબ ભઈ હું દીવાની,
બિસરત નાંહિ નિશભોર રે...કનૈયો૦





જાદુગારે પ્યારે નંદદુલારે, હર લીનો મન મોર રે...કનૈયો૦
મરમ ભરી મોહન કી બતિયાં, લેત કરેજવા કોર રે...કનૈયો૦
અવધપ્રસાદ કે નાથ બિના ભઈ, ચંદરહતિ જ્યું ચકોર રે...કનૈયો૦

પદ-૪

સાંવરિયા સુખદેન રે, મેરો મન હર લેન રે, સાંવરિયા૦
કૃપા કરી મોય દરશન દીજે, અરુન કમલદન નેન રે...સાંવરિયા૦
તિહારે મિલનકું જીયરા જરત હે, ખટકતા હે મીઠે બેન રે...સાંવરિયા૦
મૂરતિ શ્રી ઘનશ્યામ તિહારી, બિસરત નહિ દિન રેન રે...સાંવરિયા૦
અવધપ્રસાદ કે, આય બસો ઉર, તુમ બિન નહિ સુખ ચેન રે...સાંવરિયા૦

રાગ : ઠુમરી પદ-૧

મન હર લીન હમારો ધર્મસુત, મન હર લીન હમારો રે...મન૦
હસી મુસકાય કે મનવા મેરો, લે જ્યું ગયો દગ તારો રે;
આય અચાનક ઘાયલ કીની, કરી કીર નેન નજારો રે...મન૦ ૧
કહીં બતિયાં કછુ મર્મકી સુંદર, શ્રી ઘનશ્યામ અટાટો રે;
પ્રીત લગાય કે પરવશ કીની, સુંદર ધર્મ દુલારો રે...મન૦ ૨
શ્યામ સુંદરકી શોભા નીરખી, છૂટ ગયો જગ સારો રે;
સ્વર્ગ મૃત્યુ પાતાળમેં દેખે, કોહું નહિ અસ પ્યારો રે...મન૦ ૩
કાનમેં કુંડળ મકરાકૃત ધરી, ઉર પર હાર હજારો રે;
અવધપ્રસાદકે ચિત્તમેં બસ ગયો, વામ શ્રવન તિલ સારો રે...મન૦૪

પદ-૨

શ્યામ છબી સુખકારી મનોહર, શ્યામ છબી સુખકારી રે...શ્યામ૦
એહી બીનું સ્વામી અવર નહિ મેરે, ત્રિભુવનમેં હિતકારી રે;
પ્રીત કરી પુરુષોત્તમ નીરખે, નટવર ભવ ભય હારી રે...શ્યામ૦ ૧
શિરપર પાઘ ગુલાબી ધારે, પેચ સહિત અતિ પ્યારી રે;
ભ્રકુટિ ભાલ તિલકકું નીરખી, હો ગઈ જગશું ન્યારી રે...શ્યામ૦ ૨
ચંચલ મૂર્તિ શ્યામ ચતુરકી ચાલ હંસ અનુસારી રે;
દેખી બદન ભક્તિ ભઈ સજની, રહી મેં શ્યામ નિહારી રે...શ્યામ૦ ૩
નાસા કપોળ રૂ નેનનકી છબી, કહાં બરનું અતિભારી રે;
અવધપ્રસાદ કે નાથકી મૂર્તિ, લહી મેં અંતર ધારી રે...શ્યામ૦ ૪

**પદ-૩**

હરિકૃષ્ણ ઉર ધારી જીવુંગી મેં, હરિકૃષ્ણ ઉર ધારી રે...હ૦
દીનાનાથ દયા કે સાગર, પુરુષોત્તમ સુખકારી રે;
રહો સમાગમ નાથકો મેરે, એહી હે અરજ હમારી રે...હરિ૦ ૧
જેસેહીં ચંદ ચકોરકું પ્યારો, તેસેંહી પ્રીત અપારી રે;
શ્રી ઘનશ્યામ અંતરમેં બસિયા, મોહન કૃષ્ણ મોરારિ રે...હરિ૦ ૨
જન્મોજન્મ કી નાથકી ભઈ હું, ઓર સકલ હિ બિસારી રે;
પ્રગટ પ્રમાન આય મિલે જબસેં, તબસેં દિયે દુઃખ ટારી રે...હરિ૦ ૩
અવધપ્રસાદકે નાથકી છબી કું, જતન કરીકે ભારી રે;
રખું નિરંતર અંતર મેરે, ટેક અચળ એક ધારી રે...હરિ૦ ૪

**પદ-૪**

સહજાનંદ નિહારે સખી મેં, સહજાનંદ નિહારે...સહ૦
શ્રી ઘનશ્યામ બદનકી શોભા, નિશદિન અંતર ધારે રે;
સુંદર નેન કમલ દલ જેસે, ભ્રકુટિ ધનુષ્યાકારે રે...સહ૦ ૧
ગહરી નાભિ અજકે કારન, ત્રિવળી તાપ નિવારે રે;
વિશદ ઉદર વર કટિ તટ સુંદર, જાનું જુગલ છબી ભારે રે...સહ૦ ૨
અરુણ કમલ સમચરન મનોહર, સોલ ચિહ્ન જુત સારે રે;
નખશીખ મૂર્તિ નાથકી સુંદર, કરું અખંડ દગ તારે રે...સહ૦ ૩
ચંચળ મૂર્તિ ધર્મકુંવરકી, શ્વેત વસન નિત્ય ધારે રે;
અવધપ્રસાદ નીરખી યહ શોભા, અંતરમાંહી ઉતારે રે...સહ૦ ૪

●





## આ. શ્રી વિશ્વવિહારીલાલનાં કીર્તન

**રાગ : ગરબી — પદ-૧**

શ્રી નગર રાજે સદા; શ્રી નરવીર...શ્રી નગર૦ ટેક.
ભુજ વિષે નરવીર વિરાજે, સુંદર શ્યામ શરીર...શ્રી નગર૦ ૧
માંડવીમાં રાધાકૃષ્ણ જુગલછબી, જોતાં મન રહે સ્થીર...શ્રી નગર૦ ૨
મુળીમાં શ્રીકૃષ્ણરાધાજી, હરિકૃષ્ણ હરે પીર...શ્રી નગર૦ ૩
કૃષ્ણરાધાજી રાજે કરાંચી, ધર્મતનુજ મહાધીર...શ્રી નગર૦ ૪
ચરાડવે રાધામાધવ શ્રીજી, આપે સુખ અચિર...શ્રી નગર૦ ૫
કૃષ્ણ અને બળદેવ જેતલપુર, રેવતી રાજે રુચિર...શ્રી નગર૦ ૬
ધર્મદેવ ભક્તિ સિદ્ધપુરમાં, નિજ સુત ગુણ ગંભીર...શ્રી નગર૦ ૭
વિશ્વવિહારીલાલને સ્મરતાં, અંતર ટળે તિમિર...શ્રી નગર૦ ૮

**પદ-૨**

વારે વારે વંદુ હું તો પ્રગટના ધામ...વારે૦ ટેક.
શારદ શેષ જેનું જાણે ન હારદ, તે મળ્યા પૂરણકામ...વારે૦ ૧
છપૈયામાં રાજે કુંજવિહારી, રાધાજી ને ઘનશ્યામ...વારે૦ ૨
ઈડરમાં હરિકૃષ્ણ વિરાજે, શ્રીગોપીનાથ સુખધામ...વારે૦ ૩
ધર્મભક્તિ હરિકૃષ્ણ પ્રાંતીજ, જે જન મન આરામ...વારે૦ ૪
શ્રીહરિકૃષ્ણ વંદુ માણસામાં, રાધાકૃષ્ણ શુભ નામ...વારે૦ ૫
ધોળકામાં જોઈ મોરલી મનોહર, પ્રેમથી કરું પ્રણામ...વારે૦ ૬
આ સહુ દેવનાં ધામ સંભારી, ગાશે જે હરિગુણગ્રામ...વારે૦ ૭
વિશ્વવિહારીલાલજી તેનાં, હરશે દુઃખ તમામ...વારે૦ ૮

**રાગ : ગરબો**

જુઓ જુઓને, હાંહાં રે જુઓ જુઓને સાહેલીઓ આજ
રસિયો રાસ રમે. ટેક૦
પંચાળામાં, હાંરે પંચાળામાં શ્રીજી મહારાજ...રસિયો૦
નિર્મળ રજની છે અજવાળી, નિર્મળ વેલી વન રે,
નિર્મળ મનના નિજ સખામાં, નિર્મળ પ્રાણજીવન...રસિયો૦ ૧

દીવાની માંડવડી વચ્ચે, જાણે દીપક ઝાડ રે;
ફરફર જનમાં ફેરા ફરતા, કરતા રસની રાડ...રસિયો૦ ૨
તાળી પાડે શ્રીવનમાળી, મુનિ સાથે મુનિનાથ રે;
ઈંદ્રાદિક જોવાને આવ્યા, શિવ બ્રહ્મા સંગાથ...રસિયો૦ ૩
શ્યામ વર્ણના નિજ શરીર પર, સોનેરી શણગાર રે;
ગગન વિષે જેમ વીજળી ઝમકે, શોભે એમ અપાર...રસિયો૦ ૪
પાઘ વિષે છોગાં છેલાને, કમર કસી કરી જોર રે;
ઊલટસુલટ નટવર નાચે છે, શ્રીહરિ ધર્મકિશોર. ..રસિયો૦ ૫
ઊંચા સ્વરથી તાન ઉપાડે, જનસંગ જીવનપ્રાણ રે;
સારો સ્વર કોઈ સૂણી સખાનો, વહાલો કરે વખાણ...રસિયો૦ ૬
ધીમ ધીમ ધીમ ધીમ દુકડ વાગે, તનનન તનન સતાર રે;
ઝાંઝ વગાડે ઝણણણ ઝણણણ, ભેરીના ભણકાર...રસિયો૦ ૭
ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય ઝીણાભાઈ રે;
ધન્ય ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રમ્યા સુખદાયી...રસિયો૦ ૮
પંચાળામાં એવા જનને આપ્યાં સુખ અપાર રે;
વિશ્વવિહારીલાલજી કેરો, ધન્ય ધન્ય આ અવતાર...રસિયો૦ ૯

**રાગ : મરશીયાનો**

ધીક ધીક રે પ્રભુ ભજ્યો નહીં આ ટાણે,
તુંને ડાહ્યા જનો શું વખાણે રે...ધીક
મળ્યો મનુષ્યનો દેહ નાવ જેવો, ભવસિંધુ તરી શકાય તેવો,
રહ્યો આળસુ તું એવો ને એવો રે...ધીક૦ ૧
તેં મોહની મદિરા ઘણી પીધી, તારી અકલ ઉઠાવી જોને દીધી
તેં તો સંગત કુકર્મીની કીધી રે...ધીક૦ ૨
તું તો ડોળમાં ડહાપણ દેખાડે, નક્કી મારગ ચડી ગયો આડે,
તને સાધુ શું કહીને દેખાડે રે...ધીક૦ ૩
વિશ્વવિહારીલાલજી ભજીશ, સહેજે સંસાર સિંધુ તરીશ,
ધામ અક્ષરમાં વાસ તું કરીશ રે...ધીક૦ ૪





**રાગ : વેરાડી**

દુઃખી દિવસ ને રાત શ્રીજી વિના, દુઃખી દિવસ ને રાત;
સાંભળ સખી મુજ વાત, શ્રીજી વિના દુઃખી...ટેક૦
ઘડીયો જુગ જેવી થઈ રે, દિવસ કલ્પ સમાન;
માસ પક્ષ જાતા નથી રે, મને ભાવે ન ભોજન પાન...શ્રીજી૦ ૧
ચિત્ત મારું અતિ ચરચરે રે, આંખે આંસુડાની ધાર,
પંથ નિહાળું પ્રેમથી રે, ક્યારે આવશે ધર્મકુમાર...શ્રીજી૦ ૨
અવગુણ અબળા રાંકના રે, શો સમજ્યા હશે શ્યામ;
કાં તો કર્યા વશ કોઈએ રે, કાં તો ભૂલી ગયા મુજ નામ...શ્રીજી૦ ૩
બાળપણામાંથી તજ્યા ંરે, નિર્દય થઈને નાથ;
મહાવગડામાં મેલીયા ંરે, કોઈ નહિ સંગાથ...શ્રીજી૦ ૪
કોમળ કમળાનાથ છો રે, કઠણ કેમ થયા આજ;
શ્રીજી વિના સાહેલડી રે, આપે કોણ મુને સુખ સાજ...શ્રીજી૦ ૫
એક ભરોંસો એહનો રે, ચાતક સરખી ટેક;
રાત દિવસ સંભારીએ રે, એના અખંડ ગુણ અનેક...શ્રીજી૦ ૬
મંગળ મૂરતિ વિશ્વમા ંરે, વિશ્વવિહારીજીલાલ;
પ્રેમ સહિત નિત્ય પાળશે રે, સમે તે લેશે સંભાળ...શ્રીજી૦ ૭

**રાગ : પીલું**

લોજની વાવ ઉપર અવતારી, બેઠા આવી બટુક બ્રહ્મચારી...લોજ૦
નારી નગરની આવી જળ ભરવા, તેણે નીરખ્યા ત્યાં નવલવિહારી...૧
દુર્બળ દેહ દેખી દયા ઉપજી, નાથજી પ્રત્યે બોલી સહુ નારી...૨
બટુક તમે કીયે દેશ વસો છો, કોણ પિતા કોણ માત તમારી...૩
કેમ તજ્યું ઘરબાર કહોજી, રીસથી કે વૈરાગ્ય વિચારી...૪
કોમળ કમળ સમાન તનુ છે, દેખી દયા ઊપજે ઉર ભારી...૫
વિચર્યા હશો કેમ કરી મહાવનમાં, જેમાં વાઘ વરૂ ભયકારી...૬
ભૂખડીમાં કોણ સુખડી દેતું, વિમળ કોણ પાતું હશે વારી...૭
ઝડીયો પડે વરસાદની જયારે, કોણ કરતું હશે છત્ર સંભારી...૮
આ તનતે ઘટે શાલ દુશાલા, તે તમે વલ્કલ લીધાં છે ધારી...૯

કંચન ઝારી ઘટે જલ પીવા, તે તમે કરમાં ધરી છે કઠારી...૧૦
જે શિર ઉપર મુગટ શોભે, તે શિર પર જટા આપે વધારી...૧૧
વાહન હાથી ઘોડા ઘટે છે, મોજડી પણ તમે મેલી વિસારી...૧૨
વર્ણીજી વ્હાલા વિશેષ લાગો છો, મૂર્ત્તિ ઠરે વૃત્તિ અમારી...૧૩
બોલો બોલો બાળા બ્રહ્મચારી, આપતણી છબી વિશ્વથી ન્યારી...૧૪
સૂરજ છો કે સદાશિવ છોજી, કે અક્ષરપતિ આવ્યા મોરારી...૧૫
જે પિતુમાત થકી તમે પ્રગટ્યા, ધન્ય ધન્ય તે જગમાં જયકારી...૧૬
ચાલો બટુક તમે ભુવન અમારે, જુગત રસોઈ જમાડીશું સારી...૧૭
શોભા જોઈ તમારા શરીરની, કોટીક કામ તણી છબી હારી...૧૮
શાલીગ્રામનો બટવો ગળામાં, કર જપમાળ ધરી અઘહારી...૧૯
વિશ્વવિહારીલાલ અમારું, રક્ષણ કરજો સદા સુખકારી...૨૦

**રાગ : જંગલો**

બોલો બોલો રે જોગી બાલુડા, ક્યાંથી આવીયા આપજી;
દેહ ધર્યો કિયા દેશમાં, કોણ માય ને બાપજી...બોલો૦ ૧
બાળપણમાં બટુક તમે, કેમ લીધો વૈરાગ્યજી;
સગાં ને સંબંધી તણો તમે, કહો કેમ કર્યો ત્યાગજી...બોલો૦ ૨
માતાપિતાએ પ્રેમ કરી, ન લડાવ્યા શું લાડજી;
કે ભાઈને ભોજાઈથી, રિસાયા કરી રાઢજી...બોલો૦ ૩
કાયા તમારી છે કોમળી, પાદુકા નથી પાયજી;
વાટમાં કાંટા ને કાંકરા, તેમાં કેમ ચલાયજી...બોલો૦ ૪
ટાઢ ને તડકો બહુ પડે, કેમ સહન કરાયજી;
ઝડીયું પડે રે વરસાદની, કહો કેમ સહન કરાયજી...બોલો૦ ૫
પૃથ્વી ઉપર પોઢતા હશો, પાથર્યો નહિ પલંગજી;
ખરેખરું ખુંચતું હશે, આવું કોમળ અંગજી...બોલો૦ ૬
કોણ સેવા કરતાં હશે, સાચો રાખી સ્નેહજી;
ભૂખ તરસ વેઠતા હશો, દીસે દુર્બળ દેહજી...બોલો૦ ૭
કમળ કે પુષ્પ ગુલાબનું, એવું શોભે શરીરજી;
દેખી દયા અમને ઉપજે, આવે નયનમાં નીરજી...બોલો૦ ૮





ચંદ્ર કે ઈંદ્ર દીનેશ છો, કે શુભ સ્વરૂપજી;
કાં તો અક્ષરપતિ આપ છો, કોટી ભુવનના ભુપજી...બોલો૦ ૯
છત્ર ચમર ધરવા યોગ્ય છો, તમે ભાગવત છો ભ્રાતજી;
તે જોગી થઈને જગમાં ફરો, એતો આશ્ચર્ય વાતજી...બોલો૦ ૧૦
હાથી ઘોડા રથ પાલખી, તમન વિમાન હોયજી;
તે તમે વિચારો છો એકલા, કહો કેમ કળી શકે કોયજી...બોલો૦ ૧૧
જે તન ઉપર જોઈએ, હીરા મોતીના હારજી;
તે તન ઢાંક્યું મૃગચર્મથી, નથી સજ્યા શણગારજી...બોલો૦ ૧૨
જે શિર ઉપર જોઈએ, મણિ જડિત મુગટજી;
તે શિર ઉપર જણાય છે, જોતાં આજ જટાજુથજી...બોલો૦ ૧૩
કંચન કેરી કટોરીઓ, જળ પીવાને જોગજી;
તે તમે રાખી છે તૂમડી, તેવા ભોગવો વૈભવભોગજી...બોલો૦ ૧૪
વર્ણી લાગો છો વ્હાલા ઘણા, આવો અમારે ઘેરજી;
જુગતે કરીને જમાડીએ, રસોઈયું રૂડી પેરજી...બોલો૦ ૧૫
આશિષ અમને આપીએ, ધરી ઉરમાં વ્હાલજી;
નિત્ય અમારું રક્ષણ કરો, વિશ્વવિહારીલાલજી...બોલો૦ ૧૬

**શરણ પદ**

શ્રીજી મહારાજ માગું, શરણ તમારું;
શરણ તમારું માગું, શરણ તમારું...શ્રીજી૦
અખંડ છતાં મુરારી, થયા અવતારી;
મનુષ્ય લીલા બતાવી ગુણ શા ઉચ્ચારું...શ્રીજી૦
પ્રગટ પ્રભુ પિછાન્યા, ધન્ય ભાગ્ય મારાં;
મળ્યા સહજાનંદ સ્વામી, અધમ ઉધાર્યા...શ્રીજી૦
રામરૂપે રાવણ માર્યો, કૃષ્ણરૂપે કંસ સંહાર્યો;
નારાયણનું નામ જ લેતાં, અજામેળ તાર્યો...શ્રીજી૦
ગઢડું ગોકુળસમ કીધું, ઘેલા નીર પ્રેમે પીધું;
દાદા ખાચરને દીધું, મોક્ષપદ પ્યારું...શ્રીજી૦
ભગવતસૂત કહે છે પ્રીતે, પ્રભુ ભજો રૂડી રીતે,
ભવજળ તરવાનું, નાવ છે આ સારું...શ્રીજી૦

રાગ : ઠુમરી — પદ-૧

ભાડું ભાડું ભાડુંરે; નહિ લઉં હું નાવનું ભાડું;
પાર સામે ફકત પહોંચાડુંરે; નહિ લઉં નાવનું ભાડું...ટેક૦
હું કર્ણાધાર છું સરયૂ નદીનો; સાચું કહી દેખાડું રે...નહિ૦ ૧
આ કર્ણધાર ને હું કર્ણધાર છું; નામને કેમ લજાડું રે...નહિ૦ ૨
ભાડાને બદલે રમાડવા દ્યો; માનીશ મોટું સપાડું રે...નહિ૦ ૩
નાતીલે નાતીલાનું ભાડું ન લેવું; તે કેમ રીત મટાડું રે...નહિ૦ ૪
આ કર્ણધાર છે ભવસાગરનો; તે બાળને હું રમાડું રે...નહિ૦ ૫
ભાડું લીધું નહિ ગૂહરાજાએ; ચાલ નવો કેમ પાડુંરે...નહિ૦ ૬
કુટુંબ સહિત હું તમને ઉતારૂં; કહો તો ઉતારું ગાડું રે...નહિ૦ ૭
લાલવિહારીના ધામમાં જાતાં; આવે નહિ મને કંઈ આડું રે...નહિ૦ ૮

પદ-૨

તીરે તીરે તીરે રે; સખી જોયા મેં સરયુ તીરે;
શ્રીહરિ શ્યામ શરીરે રે; સખી જોયા મેં સરયુ તીરે...ટેક૦
સરયુ કિનારે સુંદર શોભે; ગિરધર ગુણ ગંભીરે રે...સખી૦ ૧
આનંદ વળી અદકો ઉપજાવ્યો; શીતળ મંદ સમીરે રે...સખી૦ ૨
માતાએ ત્યાં હરિને નવરાવ્યા; નદીના નિર્મળ નીરે રે...સખી૦ ૩
શ્રીહરિનું માએ ? શરીર લૂયું; ચંપકવર્ણી ચીરે રે...સખી૦ ૪
તેમની પાસેથી લઈ વળી તેડ્યા; રામ પ્રતાપજી વીરે રે...સખી૦ ૫
માલણ ત્યાં એક છાબ ભરી લાવી; ફળ અનાર અંજીરે રે...સખી૦ ૬
ભક્તિ માતાએ તે ભેટજ લીધી; પછી ચાલ્યા ધીરે ધીરે રે...સખી૦ ૭
લાલ વિહારીની ટોપી ભરેલી, માણેક મોતીને હીરે રે...સખી૦ ૮

રાગ : બનઝારો કે 'પ્યારા મિત્ર વિના હો ભાઈ એ'

નમું પ્રેમવતીના પ્યારા, જયજીવન જગદાધાર...ટેક૦
અતિ અકળ ગતિ છે તમારી, ત્યાં મતિ નહીં પહોંચે અમારી રે;
અમે સેવીયે ચરણ તમારા...જયજીવન૦ ૧
પ્રભુ પ્રૌઢ તમારો પ્રતાપ, છો આપ અપાર અમાપ રે;
સઘળી સૃષ્ટિ સ્રજનાર...જયજીવન૦ ૨





માયા આદિક શક્તિ તમારી, જે છે જીવને બંધનકારી રે.
તેના પ્રેરક તે થકી ન્યારા...જયજીવન૦ ૩
છો કાળના કાળ કૃપાળ, શરણાગત જન પ્રતિપાળ રે,
કોટિ કારજના કરનારા...જયજીવન૦ ૪
થાકે વેદ વર્ણવી અનુપ, એવું દિવ્ય તમારું સ્વરૂપ રે.
તેને જાણે શું ? જીવ બિચારા...જયજીવન૦ ૫
તમે ભરપૂર ધરી અવતાર, કર્યો વેદ ધરમ વિસ્તાર રે.
માયા અસુર દુઃખ દેનારા...જયજીવન૦ ૬
કાઠી કોળી જે ક્રૂર અપાર, કર્યો ઉદ્ધાર એનો આ વાર રે.
એવા છો તમો અધમોદ્ધારા...જયજીવન૦ ૭
આણી અંતર કરુણા આજ મળ્યા અમને શ્રીમહારાજ રે.
દીનબંધુ ધર્મદુલારા...જયજીવન૦ ૮
જય જય જય વિશ્વવિહારી અવતાર તણી અવતારી રે.
છો ઈષ્ટ અમીષ્ટ અમારા...જયજીવન૦ ૯

રાગ : ધનાશ્રી

જોયા શ્રી ધર્મકુમાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર,
પ્રીતમ પ્રાણ આધાર ચતુરવર, જોયા શ્રી ધર્મકુમાર -ટેક૦
લક્ષ્મીબાગમાં વ્હાલો બિરાજે, સાથે મુક્ત અપાર -ચતુર૦ ૧
પાઘ ઝૂકી વામ ભાગ પેચાળી, છોગું મુગટ અનુસાર -ચતુર૦ ૨
આંબાના વૃક્ષ નીચે શ્રીહરિ બેઠા, મુક્તસભા મોજાર -ચતુર૦ ૩
જરકસી જામો સુંદર શોભે, શેલામાં સોનેરી તાર -ચતુર૦ ૪
પહેર્યો સુંદર સુરવાળ સોનેરી, રૂપેરી બુટ્ટાદાર -ચતુર૦ ૫
રેશમી કરમાં રૂમાલ બિરાજે, કંઠે હજારી હાર -ચતુર૦ ૬
અંગોઅંગ આભૂષણ ઓપે, ભારે ભભકાદાર -ચતુર૦ ૭
વિશ્વવિહારીની છબી નીરખી, પૂરણ ઉપજે પ્યાર -ચતુર૦ ૮

રાગ : ગરબી

વાલા ભક્તિ ધર્મ સુત શ્યામ રે, આવોજી અવતારી,
પ્યારા લાગો છો પ્રભુ પૂરણકામ રે, સુણો વિનંતી મારી .... ટેક૦

કષ્ટ ઘણું દેખી દાસનું રે, કાયર ન થાશો કૃપાળ,
જીવ કોટી મુક્ત કોટીના, હાં રે તમે રસિયાજી છો રખવાળ રે -આ૦ ૧
અતિ અદ્‌ભુત સૃષ્ટિને રે, રચતા થાક્યા નહિ રાજ,
આ એક સેવકને કારણે હાં રે કેમ આળસ કરી બેઠા આજ રે -આ૦ ૨
સત્યયુગ તેત્રા દ્વાપરે રે, આવતા આપ અચિર,
આજ કળિકાળ દુષ્ટ છે, હાં રે એમ જાણી બેઠા છો શું સ્થિર રે -આ૦ ૩
એક સેવકને કારણે રે, આગે લીધા અવતાર,
તે વાત શું વીસરી ગયા, હાં રે કેમ આળસ આણી આ વાર રે -આ૦ ૪
આ અવતાર છે આપનો રે, કરુણામય મહારાજ,
કેડ બાંધી દઢ આ સમે, હાંરે પ્યારા કર્યા છે કોટીના કાજ રે -આ૦ ૫
મુક્ત મુનિને ઉગાર્યા રે, ઝેર થકી જગરાય,
મહાવનમાં નદી જળ થકી, હાં રે કરી શ્યામળા જઈને સહાય રે -આ૦ ૬
વ્યાપકાનંદના વચનથી રે, જાણી વણિક અનાથ,
મ્લેચ્છના કરથી મુકાવ્યો, હાંરે તમે દામ દઈ દીનાનાથ રે -આ૦ ૭
અખંડાનંદને વન વિષે રે, વાઘ મળ્યા વિકરાળ,
તુર્ત ઉગાર્યા એ કષ્ટથી, હાં રે થવા દીધો નહિ વાંકો વાળ રે -આ૦ ૮
નિષ્કુળાનંદ મુનિને નાથજી રે, તરસ લાગી તેહવાર,
ખારો સમુદ્ર મીઠો કર્યો રે, હાં રે એવા ધન્ય ધન્ય ધર્મકુમાર રે -આ૦ ૯
સ્વામી ગોપાળાનંદજી રે, જે આદિ અક્ષર રૂપ,
તેની સાથે નિત્ય જમતા, હાં રે વાલા વડોદરામાં અનુપ રે -આ૦ ૧૦
પર્વતભાઈને ઈચ્છા થઈ રે જોવા નૃસિંહ અવતાર,
આપ ચોવીશ રૂપે થઈ, હાંરે દીધા દર્શન જગકીરતાર રે -આ૦ ૧૧
જીવુબાઈ ગઢપુરમાં રે, જીવન મુક્ત જરૂર,
દૂધ પીધું તમે તેહનું રે, હાં રે પ્યારા પ્રેમ આણી ભરપૂર રે -આ૦ ૧૨
જીવરામ વાંકાનેરનો રે, જાણી મોટો ભક્તરાજ,
ભરદરમિયામાં તારિયો રે, હાં રે તમે જીવન લઈને જહાજ રે -આ૦ ૧૩
અરદેશરજી પારસી રે, સુરતના કોટવાળ,
તેને ઐશ્વર્ય જણાવીને, હાં રે દીધી દીવાનગીરી દયાળ રે -આ૦ ૧૪





વિકટ વેળા અંતકાળની રે, ત્યારે આવો છો દયાળ,
દુઃખ હરવા નિજદાસનાં રે, હાં રે સાથે લઈ વાહન વિશાળ રે -આ૦ ૧૫
બ્રહ્મપુરે લઈ જાવો છો રે, બિરૂદ સંભારીને શ્યામ,
એવું જાણીને મેં આપના, હાં રે પ્રભુ શરણે કર્યો છે મુકામ રે -આ૦ ૧૬
કાળ કર્મ માયા તણો રે, ભય નથી હવે લેશ,
હાથ જાલ્યો છે હેતકરી, હાં રે તમે બળવંત હે અક્ષરેશ રે -આ૦ ૧૭
ધ્રુવ તણી જેમ માછલી રે, ધ્રુવ ભણી ખેંચાય,
આપ તરફ વાલા માયરો રે, હાં રે સદા તેમજ પ્રાણ તણાય રે -આ૦ ૧૮
ચંદ્ર ઊગે આકાશમાં રે, જળધિ તણું વધે જોર,
તેમ આનંદ ઊભરાય છે, હાં રે જ્યારે નિરખું છું ધર્મકિશોર રે -આ૦ ૧૯
વારે વારે શું આપને રે, કહેવું કૃપા નિધાન,
સુખદુઃખમાં કરો સહાયતા રે, હાંરે આવી ભક્ત વત્સલ ભગવાન રે -આ૦ ૨૦
ગુણને અવગુણ અમતણા રે, અળગા કરીને અલબેલ,
વિશ્વવિહારીલાલજી, હાંરે આવો છોગાવાળા રંગછેલ રે -આ૦ ૨૧

**રાગ : સોરઠ પદ-૧**

(રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે આવતા રે, એ ઢાળ)

અણીઆળી છે અલબેલા, તારી આંખડી રે ટેક.

રસ ભરી રાતી રેખા નિરખી, કીકીને જોઈ હેડે હરખી,
કોમળ દીશે જાણે, કમળની પાંખડી રે. અણી૦ ૧
કામ કમાન સમાન બણી છે, ભ્રકુટી કામણગારી ઘણી છે,
વદન શશી પર શોભે, કાજુ વાંકડી રે. અણી૦ ૨
હસતા હસતા જ્યારે આવો, લાડકડા મુજ મન લલચાવો,
રસિયાજી જોવાને થઈ છું, રાંકડી રે. અણી૦ ૩
મનગમતા શણગાર ધરીને, મુજ સંગ રમજો મહેર કરીને,
કર જોડીને હાજર રહેશું, ઘડી ઘડી રે. અણી૦ ૪
વાલાજી વાલા બહુ લાગો, ત્રિકમ દાસી ગણી નહિ ત્યાગો,
તમ સારૂં તજી લોકડીયાંની, લાજડી રે. અણી૦ ૫

જીવનજી નિરખું છું જ્યારે, દુઃખ ટળી સુખ વધે છે ત્યારે,
નિતનિત નિરખું એવી ટેવ, મુને પડી રે. અણી૦ ૬
વિશ્વવિહારી લાલજી આવો, બહુ બહુ હેત કરીને બોલાવો,
ચટ ચટ ચાલો ચરણે પહેરી, ચાખડી રે. આણી૦ ૭

રાગ : ગરબી

મેં નિરખ્યા શ્રી ગઢપુરમાં સુખકારી રે,
મહા ગુણિયલ ગોપીનાથ ભવભયહારી રે,
છે શ્યામ શરીરે શોભતા સુખકારી રે,
રાસેશ્વરી રાધા સાથ ભવભયહારી રે - મેં નિરખ્યા૦ ટેક૦
શીશ મુગટ મણિએ જડ્યો, કુંડળ મકરાકાર,
નંગ જડિત ઝકળકી રહ્યાં, હૈડા ઉપર હાર.
હૈડા ઉપર હાર હરિવર હસિયા રે,
મુજ હૃદયકમળની માંહ્ય મોહન વસિયા રે - મેં નિરખ્યા૦ ૧
જામો ઝરિયાની ધર્યો, સોનેરી સુરવાળ,
શેલું બુરાનપુરનું, શોભે ખંભે રસાળ.
શોભે ખંભે રસાલ પોંચી હાથે રે,
દશ આંગળીઓમાં વેઢ ધરિયા નાથે રે - મેં નિરખ્યા૦ ૨
ફૂલદડો ઉછાળતા, લટકાં કરીને લાલ,
ડાબા કરમાં રેશમી રાજે એક રૂમાલ.
રાજે એક રૂમાલ બંસી વગાડે રે,
પ્રેમી જનને આનંદ પૂર્ણ પમાડે રે - મેં નિરખ્યા૦ ૩
કેડે છે કટિમેળખા, રેશમ નાડી અનુપ,
ચારુ ઝાંઝર ચરણમાં, શોભી રહ્યાં રસરૂપ,
શોભી રહ્યાં રસરૂપ પગ આંગળિયું રે,
જાણે ચળકે છે નખ તેજ ચંદ્રમંડળિયું રે - મેં નિરખ્યા૦ ૪
મરમાળી છે મૂર્તિ, નટવર નંદકિશોર,
વિશ્વવિહારીલાલજી, કોટિક જન ચિત્તચોર,
કોટિક જન ચિત્તચોર મંગલકારી રે,
હરો આપત્તિ અલબેલ એહ અમારી રે - મેં નિરખ્યા૦ ૫





# નારાયણદાસનાં કીર્તન

રાગ : લલિતવૃતમ્ પદ - ૧

નમન હું કરૂં વિશ્વપાળને, કરગરી કહું ભક્તિ બાળને,
અરજ માહ્યરી, ઊરમાં ધરો, વિપત્ત માહ્યરી, શ્રીહરિ હરો. ૧
અવર આશરો, માહ્યરે નથી, સરવ જાણને, શું કહું કથી,
કઠણ કાળમાં, આપછો ઘણી, સુખદ શ્યામળા મુક્તના મણી. ૨
અમરના પતિ, આશ તાહ્યરી, રસિક રાખજો લાજ માહ્યરી,
પ્રણતપાળ છો, સર્વેના પ્રભુ, દિન દયાળ છો, વિશ્વના વિભુ. ૩
વિમળ મુરતી ઊરમાં વસો, નજરથી પ્રભુ દૂર ના થશો,
અધિકત્રાસને, તોડી નાખશો, નારણદાસને પાસ રાખશો. ૪

રાગ : લાવણી નાટકી પદ - ૧

સુણો હરિજન સૌ એક વાત અનુપમ સારી,
પ્રભુ પ્રગટ્યા પછી પૃથ્વીમાંય, સદા સુખકારી. ૧
તે કહું કરી સંક્ષેપ, સુધા સમ આજ,
થાય પાવન સુણી નરનાર, સમસ્ત સમાજ. ૨
અતિ અધર્મ થયો અપાર, જગતમાં જ્યારે,
ત્યારે ધર્યો અવતાર, ધરમ કુમારે. ૩
થયાં નરનારી બહુ ભ્રષ્ટ, અધર્મિ ઘોર,
મહા પાપ કરે પ્રચંડ, પાખંડીને ચોર. ૪
થઈ ચારે વરણ એકતાર, તજી મર્યાદ,
હરિજનને દે છે દુઃખ, કુડા કરી વાદ. ૫
તે જાણ્યું શ્રી જગદિશ, અંતરની માંય,
હરિ હણવા ભૂમી ભાર, કરી ઈચ્છાય. ૬
હરિ કરવા ધાર્યો આજ, કળી મળ નાશ,
થયા પ્રકટ કહે કર જોડ, નારાયણદાસ. ૭

**રાગ : લાવણી નાટકી પદ - ૧**

જે બદ્રિકાશ્રમમાંય, બની હતી પેર,
તે સત્ય કરવા શ્રીનાથ, કરી છે મેહેર. ૧
થયો દુર્વાસાનો શ્રાપ, નિમિત લઈ આવ્યા,
સંગે મુક્ત મહંત અનંત, અક્ષરના લાવ્યા. ૨
જે ઉદ્ધવનો અવતાર, રામાનંદ સ્વામી,
તે આવ્યા અવની માંય, મહા નિષ્કામી. ૩
જે આસુરી અપાર, તેની જડ ખોવા,
નરરૂપ થયા નર વીર, કળી મળ ધોવા. ૪
સંતોને દેવા સુખ, ભક્ત ભયહારી,
દૈત્યોને દેવા દુઃખ આજ અવતારી. ૫
જે અનંત ઈશના ઈશ, સકલ જગ સ્વામી,
તે પ્રકટ્યા પુરણ બ્રહ્મ, સર્વાંતર જામી. ૬
આવી કર્યો એકાંતિક ધર્મ, પુરણ પ્રકાશ,
કર જોડી કહે સત વાત, નારાયણદાસ. ૭

**રાગ : જોયા શ્રી ધર્મકુમાર ચતુર વર પદ - ૧**

આનંદ તન ઘનશ્યામ છબીલો વર, આનંદ તન ઘનશ્યામ,
પ્રીતમ પુરણ કામ, છબીલો વર, આનંદ તન ઘનશ્યામ. ટેક૦
આનંદમૂર્તિ ઉરમાં ધારૂં, દુખડાં જાય તમામ. છ૦
પાઘ પેચાળી બાંધી રૂપાળી, છોગાં સહિત સુખધામ. છ૦ ૧
જામો જરીનો બુટ્ટા ભરેલો, શેલું સોનેરી ખભે વામ. છ૦
મોઘાં મણિનો રૂડો હાર પે'રાવું, ખરચીને ખૂબ દામ. છ૦ ૨
બાં'યે તે બાજુ કાજુ કાનમાં કુંડળ, હેમ કડાં પુરે હામ. છ૦
રૂપ અનુપ જોઈ રસિયા કેરૂં લાજે, પામે કોટિ કામ. છ૦ ૩
શોભી રહ્યો છે સુરવાળ સોનેરી, રેશમ નાડી અભિરામ. છ૦
કેડે કંદોરો રૂડો ઘુઘરીયાળો, પાયે ઝાંઝર સુખધામ. છ૦ ૪
સંતમંડળમાં શોભે સલુણો, ભક્ત તણો વિશરામ. છ૦
નારણદાસનો નાથ અમારૂં, પુરણ ઠરવાનું ઠામ. છ૦ ૫





**રાગ : સંત પારસ ચંદન બાવના પદ - ૧**

ઘણી મે'ર કરી ઘનશ્યામજી, આવ્યા અક્ષરથી અવિનાશ,
ટાળ્યા જન ત્રાસ, પુરી મન આશ, પ્રિતમજી પધારિયા ટેક૦ ૧
ધન્ય દાદાખાચરના દરબારને, નિત્ય વચનામૃતમાં વંચાય,
શોભા સંત ગાય, કહી નવ જાય. પ્રિતમજી. ૨
ઘણી લીલા કરી ગઢપુરમાં, જગતાત ગયા જુનેગઢ,
લગાડી ત્યાં રઢ, કર્યા સૌને દ્રઢ. પ્રિતમજી. ૩
દેશો દેશમાં સતસંગ સ્થાપીયો, ધોળકે ધોળે રે ધર્મ તનુજ,
કચ્છ દેશ ભુજ, રહ્યા પૂરલોજ. પ્રિતમજી. ૪
જેતલપુરમાં જગન વા'લે કીધેલો, અમદાવાદ વસ્યા અવિનાશી,
કરી ત્યાં ચોરાશી, ટાળી જમ ફાંસી. પ્રિતમજી. ૫
વા'લે ડભાણ ડંકો વગાડીયો, કિધો મહારૂદ્ર તે અતિ ભારે,
હોમે ઘૃત ધારે, જમે વર્ણ ચારે. પ્રિતમજી. ૬
વડતાલે વસ્યા મારો વાલમો, ઘણો રંગ રમ્યા ગિરધારી,
સેવા કરે સારી, સાધુ ને બ્રહ્મચારી. પ્રિતમજી. ૭
બહુનામી બિરાજ્યા વડોદરે, કરી હાથીની ત્યાં અસવારી,
જોવા નરનારી, થઈ ભિડ ભારી. પ્રિતમજી. ૮
ઘણાં સંતોને લાડ લડાવીયાં, સુખકારી ગયા સુરત શહેર,
ભરૂચ ભલી પેર, મોહન કીધી મે'ર. પ્રિતમજી. ૯
ઘણું ગોમતી નાહ્યા ઘનશ્યામજી, મહિસાગરને સરસ્વતી,
રેવા સાબરમતી, ઘેલો નાહ્યા અતિ. પ્રિતમજી. ૧૦
નાહ્યા કાંકરિયામાં શ્રીકૃષ્ણ, કુપસર સરોવર વાપિ,
નાહ્યા નદી તાપી, પાવન કર્યા પાપી. પ્રિતમજી. ૧૧
ઘણા પર્ચા પુર્યા ઘનશ્યામજી, તેનો ગણતાં આવે નહિ પાર,
બહુ ચમત્કાર, બતાવ્યો મોરાર. પ્રિતમજી. ૧૨
વા'લે ધર્મ સ્થાપ્યો ધરણી ઉપરે, વા'લે કહાડ્યો અધર્મ કઠોર,
પાખંડી ને ચોર, ભાગ્યું તેનું જોર પ્રિતમજી. ૧૩
વ્હાલે આનંદ આપ્યો અતિઘણો, મળીયા નારણદાસનો નાથ,
ગ્રહ્યો મુજ હાથ, થયો છું સનાથ. પ્રિતમજી. ૧૪

**રાગ : મેં નીરખ્યા શ્રી ગઢપુરમાં સુખકારી રે પદ - ૧**

છો શ્રીજી સુખ કરના, અધમ ઉદ્ધારા રે,
દિન બંધુ દિન દયાળ દુઃખ હરનારા રે,
છો પ્રેમી જનના પ્રાણ, અધમ ઉદ્ધારા રે,
નિજ શરણાગત જનના, દુઃખ હરનારા રે. ટેક૦
દુઃખડા હરવા દાસના, ત્રિકમ રહો છો તૈયાર,
સંકટમાં સેવક તણી, વિઠ્ઠલ કરો છો વહાર,
વિઠ્ઠલ કરો છો વ્હાર, ગરૂડ ચડીને રે,
સૌ સંકટ તમ પ્રતાપ, જાય ઊખડીને રે. છો શ્રીજી૦ ૧
જનુની જેમ નીજ પુત્રને, પાળે કરી જતન,
એ રીતે અલબેલડા, પાળો છો નીજ જન,
પાળો છો નીજ જન, પ્રેમ ધરીને રે,
જન મન રંજન કરતા, મેહેર કરીને રે. છો શ્રીજી૦ ૨
ઔષધ આપે આજારીને, કડવું અતિ કઠોર,
ટાળે રોગ રગ રગ થકી, કાયા કરે કિશોર,
કાયા કરે કિશોર, તમે તેમ માવા રે,
જો દિયો જનને દુઃખ તોય, સુખ થવારે, છો શ્રીજી૦ ૩
શરણાગતના શામળો, સહાયક સદા ભગવાન,
વિદાન વિનાશક વા'લમા, કેશવ કૃપાનિધાન,
કેશવ કૃપાનિધાન, ધર્મ દુલારા રે,
કહે સેવક નારણદાસ, પ્રિતમ પ્યારા રે. છો શ્રીજી૦ ૪

**રાગ : કાનુડો ન જાણે મારી પીડ બાઈ અમે બાળ કુંવારા રે પદ - ૧**

કદીયે ના ધરવું અભિમાન, મરવું એક પલકમાં રે,
કદીયે ના ધરવું અભિમાન ટેક૦
કુંભકરણ અને રાવણ સરખા જોને મરી ગયા,
જરનું કરી ધ્યાન ઝાઝુ, ઝરરરરરરરર રે. કદીયે૦ ૧
હિરણ્ય કશિપુ રાજા અતિ અહંકારી જોને,
હાથે હણ્યો છે ભગવાને ચિર્યો, ચરરરરરરરર રે. કદીયે૦ ૨





દંત વક્રને વળી શિશુપાળ સરખા ચાલ્યા,
કંશને માર્યો છે કુંવર કાન કંપ્યો, થરરરરરરરર રે. કદીયે૦ ૩
નારણદાસનો નાથ ભજ્યા વિના,
જમડા કરશે ઘણું હેરાન, અન્તે અરરરરરરરર રે. કદીયે૦ ૪

**રાગ : ભાડુ ભાડુ ભાડુ રે પદ - ૧**

નથી ગમતા, નથી ગમતા રે, અભિમાની પ્રભુને નથી ગમતા,
શીશ નમાવી નથી નમતા રે. અ૦ ટેક
જે કુંભકરણને રાવણ રાજા, રામ રૂપ ધરી કર્યા રમતા રે. અ૦ ૧
દુર્યોધન હિરણાકંશ રાજા, મરી ગયા, છોડી છોડી મમતા રે. અ૦ ૨
અભિમાન ધરિ ધરિ હારીને બેઠા, ડુબી ગયા દેવતાને દમતા રે. અ૦ ૩
નારણદાસના નાથ ભજ્યા વિના, ચોરાશીમાં ભવોભવ ભમતા રે. અ૦ ૪

**રાગ : રે સગપણ હરિવરનું સાચું પદ - ૧**

રે હરિ વિના કોણ સગું સાચું, કાયાનું કુટુંબી કાચુ રે, હરિ વિના. ટેક૦
રે સંબંધી જુઠાં સંસારી, રે સ્વારથીયાં સૌ નરનારી,
અંતે નહિ સ્હાય કરે ત્હારી. રે હરિ૦ ૧
રે સાચો એક શામળિયો કહાવે, વિના તેહ કામ કશું નાવે,
ભજ્યા વિના દુઃખ નહિ જાવે. રે હરિ૦ ૨
રે એવું જાણી ભુદરને ભજીયે, રે સેવા સુખ ધામ તણી સજીયે,
અભિમાન ઉર થકી તજીએ. રે હરિ૦ ૩
રે અભય સુખ આપે અંતરજામી, રે ભાગે નિજ ભક્તતણી ખામી,
નારાયણદાસ તણા સ્વામી. રે હરિ૦ ૪

**રાગ : પંચાળમાં શ્રી ભગવાન રસીયો રાસ રમે પદ - ૧**

નિત્ય ધરીયે હરિનું ધ્યાન, રસિક જન રૂદિયામાં,
સુખ દાયક શ્રી ભગવાન રસિક જન રૂદિયામાં. ટેક૦
મંગળ મૂર્તિ મહા પ્રભુની, દિવ્ય સદા સાકાર રે,
તે મૂરતિ નિજ ઉરમાં ધારો, દિવ્ય સહિત અલંકાર. રસિક૦ ૧
ત્રણ અવસ્થાને ત્રણ શરીરથી, પર જાણી નિજ રૂપ રે,
બ્રહ્મની ભાવના કરી પોતામાં, થાવું હરિમાં તદ રૂપ. રસિક૦ ૨

જુગલ પદમાં ચિન્હ બિરાજે, ષોડષ અતિ શુભ સાર રે,
શ્રદ્ધા સહિત તેનું ચિંતવન, કરતાં ઉતરીયે ભવપાર. રસિક૦ ૩
અષ્ટ કોણને ઊર્ધ્વરેખા, સ્વતિક જાંબુ જવ રે,
વજ્ર અંકુશને કમળ ધ્વજા, દક્ષિણ પદમાં નવ. રસિક૦ ૪
ત્રિકોણ ધનુષ્યને ગોપદ કહિયે, વ્યોમ કલશને મીન રે,
અર્ધ ચંદ્ર સહિત સપ્ત, ડાબા પદમાં ચિન્હ. રસિક૦ ૫
પાની પીંડી જુગલ જાનુ, કટી કેશરી સમાન રે,
ઉદરમાં ત્રિવળી બીરાજે, જાણે પીપળ પાન. રસિક૦ ૬
સાથળ શોભેને છાતી ઉપડતી ઉંડી, નાભી ગંભીર રે,
દ્વિભુજ લાંબાને શ્રવણ શોભે, સુંદર શામ શરીર. રસિક૦ ૭
કંઠ ચિબુકને દંતની પંક્તિ, અધર પ્રવાળ સમાન રે,
નાસિકા નમણી રાજીવ લોચન, ભ્રકુટી જાણે કમાન. રસિક૦ ૮
ભાલ તિલક અતિ સુંદર શોભે, અંગો અંગ અલંકાર રે,
વસ્ત્રાભુષણ સહીત છબી ઉર, નારણદાસ ધરનાર. રસિક૦ ૯

**રાગ : રે સગપણ હરિવરનું સાચું પદ - ૧**

રે સત્સંગ શીર સાટે કરીયે, છબી ઉર શ્રીજીની ધરીયે. સત્સંગ ટેક૦
રે દુર્જન છોને મરે દાઝી, રે પામર નિંદા કરે પાજી,
રે તેમ તેમ ખુબ થઉં રાજી રે. સત્સંગ૦ ૧
રે અચાનક પીડા આવે તનમાં, અપમાન થાય ગણા જનમાં,
તોયે પણ ડગે નહિ દીલમાં રે. સત્સંગ૦ ૨
રે જેમ જેમ દુઃખ પડે ભારી, રે તેમ શ્રદ્ધા ધરે સારી,
તેના પર રીઝે અવતારી રે. સત્સંગ૦ ૩
રે સુખ દુખ દેહતણાં સંગી, તેને નવ ઈચ્છા આત્મરંગી,
ભક્તિ કરે નૌતમ નવ અંગીરે. સત્સંગ૦ ૪

**રાગ : આશાગોડી પદ - ૧**

દીજે અંગોઠી મોરી દીયરજી, દીજે અંગોઠી મોરી
તુંમ કેશે કરોગા ચોરી દીયરજી ટેક૦
બધું તું મારે બાત પિછાને, વ'લે કરે ખુબ તોરી. દીયરજી૦ ૧





હાલ નિકાલ મૂકી આ જગ્યાયે, દુજા નહિ છોરા છોરી. દીયરજી૦ ૨
ધર્મ પિતા ખુબ ખીજે, પ્રેમવતિ માન ગોરી. દીયરજી૦ ૩
લાડકવાયા ઘનશામ રંગીલા, કહુ જુગલકર જોરી. દીયરજી૦ ૪
નારણદાસના નાથ અમારા, જગપતિ જીવન દોરી. દીયરજી૦ ૫

**પદ - ૨**

બાત કરો મત જુઠી સુવાસિની, બાત કરો મત જુઠી,
અંગુઠી હમ નહિ દીઠી સુવાસિની ટેક૦
કરશે ઉતારી કહાં તુ મુકી, સુની મુકી સીદ ઉઠી. સુવાસિનિ૦ ૧
ભાભીજી જરી વિચારીને બોલો, ચૌર નહિ જે અમે લુંટી. સુવાસિનિ૦ ૨
બહુત બખત કુનિકટ રહે ઠાડે, દેખો મેરી કરકી મુઠી. સુવાસિનિ૦ ૩
કોન જાને જે કોન લઈ જાના, ક્યું થઈ નજર વખુટી. સુવાસિનિ૦ ૪
નારાયણદાસના નાથકી લીલા, સુણે તેની ચોરાસી છુટી. સુવાસિનિ૦ ૫

**રાગ : પંચાળામાં શ્રી ભગવાન રસિયો રાસ રમે પદ - ૧**

ભવસાગર તરવા કાજ, નિત્ય હરિને ભજીએ. હાં હાં રે૦ ભવ
ખરો અવસર આવ્યો આજ, નિત્ય હરિને ભજીએ. હાં હાં રે ખરો ટેક૦
દુર્લભ દેહ આ મોંઘો મનુષ્યનો, નાવે બીજી વાર રે,
હેત સહિત હરિ ભજન કરતાં, થાય સફળ અવતાર. નિત્ય હરિને૦ ૧
અનેક ભવનાં પાપ કરેલાં, પલમાં પ્રલ્લે થાય રે,
ચોરાશીની ફાંસી છુટે, જનમ મરણ દુઃખ જાય નિત્ય હરિને૦ ૨
ત્રિવિધ તાપ અમાપ છે તનના, આધિને વ્યાધિ અપાર જે,
કલેશ મટાડે કોટિક ભવના, ભક્તિ ધર્મ કુમાર. નિત્ય હરિને૦ ૩
શ્રીહરિ મળશે ને સંકટ ટળશે, વળશે જમનું વેર રે,
પરમ પદ પુરૂષોત્તમ આપે, મનમોહન કરી મહેર. નિત્ય હરિને૦ ૪
આ લોકમાં અતિ આનંદ ઉપજે ને, પર લોક શાન્તિ થાય રે,
નારણદાસના નાથને ભજતાં, સુખડાં થાય સદાય. નિત્ય હરિને૦ ૫

**રાગ : મહાડ તાલ દાદરા પદ - ૧**

સુખ શાનું તે આવે, ભક્તિ ન ભાવે, મમતા ન જાવે.
લુચ્ચાને એક લગાર. ટેક૦

સંત બોલાવે તો સામુ ન જુવે, ત્રીયા સંગે તૈયાર,
પ્રાણ થકી એને પ્યારા લાગે, દારૂના પીનાર રે, સુખ શાનું તે આવે. ૧
હરિજન સાથે હેત કરે નહિ, પરનારીમાં પ્રીત,
ઉદર ઓલે, જુઠુ બોલે, ચોરીમાં એનું ચીત રે. સુખ શાનું૦ ૨
કપટ દગા ક્રોડ કરે ને, અંતર મેલું અપાર,
સામાની સંપત્તિ દેખીને દાઝે, ભુડપનો ભંડાર રે. સુખ શાનું૦ ૩
પુન્ય મારગમાં પૈસો ન આપે, દાન દયા કર્યા બંધ,
લાગ આવે તો લુંટીને લાવે, પર ધન પાપી અંધ રે. સુખ શાનું૦ ૪
આખી ઉંમરમાં એક ઘડી તો, ભજ્યા નહિ ભગવાન,
નારણદાસ કહે સત વાણી, જીવ્યો તે મુવા સમાન રે. સુખ શાનું૦ ૫

**રાગ : મને વૃજ વાસ છે વહાલો રે પદ - ૧**

પાતળીયા ઘેર પધારો (૨) રે માણીગર મેહેર વધારો રે ટેક૦
ઘેર આવો તો ગોષ્ટી કરીયે બેસીને એકાંત,
હસતાં રમતાં હેતે ને પ્રીતે જાય દિવસને રાત,
વાલા મને માં વિસારો (૨) રે. પાતળીયા૦ ૧
મુખડું તારૂં નિરખીને હું હરખું છું મનમાંય,
આનંદના ઉછાળા વધે, પ્રેમ પૂરો ઉભરાય,
લાગે મને સંસાર ખારો (૨) રે. પાતળીયા૦ ૨
તમ વિના મને ત્રણ ભૂવનમાં વાહાલું નથી બીજુ કોઈ,
એક તમે ને સંત તમારા દિલમાં ગમે દોઈ,
ઉતરવા ભવનો આરો (૨) રે. પાતળીયા૦ ૩
હાથનું લટકું મનડું હેરે ચટકંતી રૂડી ચાલ,
લટકંતા મારે ઘેર પધારો લેરખડા નંદલાલ,
નારાયણ દાસ તમારો (૨). પાતળીયા૦ ૪

**રાગ : મોહનને ગમવાને ઈચ્છો માનની પદ - ૧**

હરિ ભજતાં વારે તે વેરી જાણવા,
હરિ ભક્તિમાં પાડે જે કોઈ ભંગજો,
એવાથી અળગારે રહીયે આપણે,
પાપી પામરનો નવ કરીએ સંગજો. હરિ૦ ૧





અવિદ્યા વશી છે જેના ઉરમાં,
કામક્રોધ આદિ સર્વે લઈ સાથ જો,
એવાનો જે સંગ કરે સંસારમાં,
પકડી તેને પહોંચાડે જમ હાથ જો. હરિ૦ ૨
પ્રહલાદે પણ ત્યાગ કર્યો પિતા તણો,
અખંડ રાખ્યા રામ હૃદય મોઝાર જો,
મોહનવરને મળવા કેરે કારણે,
ઋષિ પત્નિએ ત્યાગ કર્યા ભરતાર જો. હરિ૦ ૩
હરિજન સંગે હેત સદા વધારીએ,
દુર્જનનો કાંઈ કરવો નહિ વિશ્વાસ જો,
ભાવ ધરીને ભજીયે શ્રી ભગવાનને,
કરજોડીને કહે છે નારણદાસ જો. હરિ૦ ૪

**રાગ : શ્રીજી મહારાજ માગુ શરણ તમારૂં પદ - ૧**

શ્રીજી મહારાજ રાખો લાજ અમારી,
લાજ અમારી રાખો દેવ મોરારી. શ્રીજી ટેક૦
સુદામાને સુખડું દીધું, મીરાબાઈનું ઝેર પીધું,
પાંડવનું પાલન કીધું ભક્ત ભયહારી. શ્રીજી૦ ૧
રાવણ રાજાને માર્યો અજામેળ પાપી તાર્યો,
અરધે નામે ઉગાર્યો ગજ ગીરધારી. શ્રીજી૦ ૨
મધવા મદને ઉતારી ગોવર્ધન કરમાં ધારી,
ઉગાર્યાં નરને નારી, વૃજના વિહારી. શ્રીજી૦ ૩
અરજી સુણો અવિનાશી પ્રીતમજી રાખો પાસે,
માગે નારાયણદાસ ભક્તિ તમારી. શ્રીજી૦ ૪

**પદ - ૨**

શ્રીજી મહારાજ સુણો અરજ અમારી,
અરજ અમારી સુણોજી અવતારી. શ્રીજી ટેક૦
કામાદિક શત્રુ બાળો, પાપ સઘળાં પ્રજાળો,
તાપ ત્રિવિધિના ટાળો, દયા દીલ ધારી. શ્રીજી૦ ૧

સદા મને સત્સંગ દેજો, કુસંગથી બચાવી લેજો,
અચળ રૂદિયામાં રહેજો સ્મૃતિ તમારી. શ્રીજી૦ ૨
માયા કેરૂ બંધન કાપો, શરણું નિજ પદનું આપો,
ચિતડું તો ચરણે સ્થાપો વિશ્વવિહારી. શ્રીજી૦ ૩

**રાગ : જંગલ વસાવ્યું જોગીયે પદ - ૧**

શ્રીજી મહારાજ સુખ આપજો, દિનાનાથ દયાળજી,
દાસો તણાં દુઃખ કાપજો કરૂણાનિધિ કૃપાળજી. શ્રીજી૦ ૧
એક તમારો આશરો, બીજો નહિ રે આધારજી,
પ્રાણપતિ પ્રતિપાળ છો, ધર્મદેવના કુમારજી. શ્રીજી૦ ૨
દશ દીશા જેને દુઃખની, તેને સુખના દેનારજી,
અનાથના તમે નાથ છો, ધર્મદેવના કુમારજી. શ્રીજી૦ ૩
દુઃખીયાનું દુઃખ જોઈને, નથી ખમતા લગારજી,
સુખ દેવા છો ઉતાવળા, ધર્મદેવના કુમારજી. શ્રીજી૦ ૪
અલ્પબુદ્ધિ અતિ માહ્યરી, સમજુ નહિ સારજી,
બાનાની પત રાખજો, ધર્મદેવના કુમારજી. શ્રીજી૦ ૫
સંકટમાં તમે શામળા, મારી સુણજો પોકારજી,
નારણદાસના નાથજી, ધર્મદેવના કુમારજી. શ્રીજી૦ ૬

**રાગ : ક્યાંથી આ સંભળાય મધુર સ્વર પદ - ૧**

માફ કરો મહારાજ ગોવિંદ ગુન્હા માફ કરો મહારાજ,
ગુણીયલ ગરિબ નિવાજ, ગોવિંદ ગુન્હા માફ કરો મહારાજ. ટેક૦
સીતાની સારૂ તમે રાવણ માર્યો, બાંધી સાગરપર પાજ. ગો૦ ૧
પંચાળીનાં તમે પટકુળ પુર્યા, રાખી સભામાં લાજ. ગો૦ ૨
પારધી બાણથી હોલી ઉગારી, વેધીને શકરો બાજ. ગો૦ ૩
બાઈ મીરાં ને નરસિંહ મહેતાનાં, કીધાં અલૌકીક કાજ. ગો૦ ૪
નારણદાસના નાથ દયાળુ, શામળીયા શિરતાજ. ગો૦ ૫

**પદ - ૨**

માયા નદીની પાર ઉતારો, મને માયા નદીની પાર,
અખિલ જગદાધાર, ઉતારો મને માયા નદીની પાર. ટેક૦





માયા નદી છે વિકટ વસમી, ઘોર અતિ અંધકાર૦ ઉ૦ ૧
માયા નદીમાં મગર રહે છે, પ્રમુખ તેમાં ખટચાર. ઉ૦ ૨
માયા નદીનો પ્રવાહ મોટો, તેમાં વહે સંસાર. ઉ૦ ૩
નામ તમારૂં નાવ અમારૂં, ઉતરવા ભવપાર. ઉ૦ ૪
નારણદાસના નાથ દયાળુ, વાલમ કરજો વ્હાર. ઉ૦ ૫

**પદ - ૩**

વાસ કરો અવિનાશ, અમારે ઉર વાસ કરો અવિનાશ,
જાણી પોતાનો દાસ અમારે. ઉર૦ ટેક
વાસ કરો તો આનંદ ઉપજે, ત્રિવિધીના જાય ત્રાસ. અમારે૦ ૧
દિન આધિન છું દાસ તમારો, આપો અક્ષરમાં વાસ. અમારે૦ ૨
તમોને મુકીને માયા ભજે તે, દુધ મુકીને પીયે છાશ. અમારે૦ ૩
નારણદાસના નાથ નિયંતા, પૂરો અમારી આશ. અમારે૦ ૪

**પદ - ૪**

ભીતી હરો ભગવાન અમારી પ્રભુ ભીતી.
ધરૂં તમારૂં ધ્યાન અમારી પ્રભુ ભીતી. ટેક૦
લંકા પ્રજાળીને રાવણ માર્યો, દશ મુસ્તક વીસકાન. અમારી૦ ૧
શ્રી ગિરધારી ગાયો ઉગારી, કીધું દાવાનળ પાન. અમારી૦ ૨
દ્રૌપદીનાં તમે ચીરજ પૂર્યા, રાખ્યું સભામાં માન. અમારી૦ ૩
નારણદાસના નાથ દયાળુ, આપો અભય વરદાન. અમારી૦ ૪

**પદ - ૫**

શ્રીહરિ સહજાનંદ, પ્રગટ પ્રભુ શ્રીહરિ સહજાનંદ,
દ્વિજ ધર્મ કુળચંદ. પ્રગટ૦ ટેક
પુરૂષોત્તમ પરિબ્રહ્મ અનાદી, સ્વામી સદા સુખકંદ. પ્રગટ૦ ૧
અપરીમીત ગુણ વેદ વખાણે, જગ જીવન જગવંદ. પ્રગટ૦ ૨
પુન્યશાળી જન પ્રિછે પ્રગટને, માને નહિ મતિમંદ. પ્રગટ૦ ૩
નારણદાસનો નાથ પધાર્યા, ટળી ગયા ભવફંદ. પ્રગટ૦ ૪

રાગ : ગઝલ પદ - ૧

કપટી ક્યાં જવાનો છું, પ્રભુના હાથમાંથી તું,
પારકું ધન જે લીધું ચોરીનું કામ તો કીધું. ૧
ભરોંશો દઈ દગો દીધો, પારકો માલ લઈ લીધો,
પ્રભુની બીક નવ રાખી, અક્કલને ધુળમાં નાખી. ૨
કપટ તો જોઈને તહારૂ, પ્રભુજી નહિ કરે સારૂ,
જમરા લઈ જશે મારી, ગતિ તો શી થશે તહારી. ૩
ભર્યાં જે પાપનાં ગાડાં, બધાં તે આવશે આડાં,
ભોગવતાં પાર નહિ આવે, નારાયણદાસ તો ગાવે. ૪

પદ - ૨

પાપ જે જે કર્યાં છાનાં ,નથી તે ગુપ્ત રહેવાનાં,
ઉઘાડાં પલકમાં થાશે, જગતમાં આબરૂ જાશે. ૧
કપટનો કુંભ ઉભરાશે, તે ઘડીએ ચોર પકડાશે,
કુકર્મી કેદમાં જાશે, ફજેતી લોકમાં થાશે. ૨
નકામો જાય જનમારો, ન આવે દુઃખનો આરો,
આયુષ તો ખુટશે, જ્યારે જમરા લઈ જશે ત્યારે. ૩
કર્યા જે પાપ તે નડશે, નરકના કુંડમાં પડશે,
નારાયણદાસ કહે સાચું, કદી તે નહિ પડે કાચું. ૪

પદ - ૩

પચે નહિ પારકું નાણું, નાહકનું તે નકી નડશે,
પશુ કે ઝાડ સરજીને, વ્યાજ ગણી આપવું પડશે. ૧
વચન તો શાસ્ત્રોનાં જે જે, પડે નહિ તે કદી ખોટાં,
વિચારી ચાલજો વીરા, આવશે દુઃખડાં મોટાં. ૨
દગા દીધા સગા સારૂ, કે ધનને કરવા તારૂ,
કુબુદ્ધિ કામ તે નાવે, નકી તું નરકમાં જાવે. ૩
પાપનાં પોટલાં બાંધી, આત્મા એકલો જાશે,
નારાયણદાસ કે સાચું, મૂઢ ત્યાં માર બહુ ખાશે. ૪





પદ - ૪

અધર્મી દેખને અંધા, અકલ તો ક્યાં ગઈ ત્હારી,
યમના કિંકરો આવી, પલકમાં લઈ જશે મારી. ૧
કપટ તો કામની સારૂ, કુકર્મી ક્રોડ તે કીધાં,
ભરીને પાપનાં ગાડાં, પોતાના શીર પર લીધાં. ૨
કિનારો ભવતણો ખોયો, મનુષ્યનો દેહ જે મોટો,
ન જાણ્યા નાથને જેણે, મુરખ તે ખર થકી ખોટો. ૩
ઉપરના ચાર પદનો જે, વિચારી સાર લેશે તે,
નારાયણદાસ કહે સાચું, હરિનો ભક્ત થાશે એ. ૪

રાગ : ભાડું ભાડું ભાડું રે નહિ લઉં પદ - ૧

મોયું મોયું મોયું રે, પરનારી સંગાતે મન મોયું,
પુન્ય પુરવનું ખોયું રે, પરનારી સંગાતે મન મોયું. ટેક૦
પર ત્રીયા જોતાં ને પરધન લેતાં, પાછું વાળી નવ જોયું રે. પરનારી૦ ૧
જ્ઞાન ગુમાવ્યો ને ધુળ કમાયો, નિરથક નામ વગોયું રે. પરનારી૦ ૨
ધન જોબન સારૂં ધંધામાં ધાયો, વ્યર્થ વારી વલોયું રે. પરનારી૦ ૩
સત પુરૂષનો સંગ ન કીધો, પામરમાં મન પ્રોયું રે. પરનારી૦ ૪
નારાયણદાસનો નાથ ભજ્યા વિણ, ટાળું અમુલ્ય ખોયું રે. પરનારી૦ ૫

પદ - ૨

જાય છે જાય છે જાય છે રે, જોતાં જોતાં જોબન તારૂ જાય છે,
કાળ આવરદાને ખાય છે રે. જોતાં જોતાં. ટેક૦
બત્રિસ દંત તારા ડગવા લાગ્યા, કેશ કાળા તે ધોળા થાય છે રે. જોતાં જોતાં૦ ૧
આંખે ન દેખેને કાને ન સુણે, કાયા કોમળ તે સુકાય છે રે. જોતાં જોતાં૦ ૨
પ્રભુને નામે એક પઈસો ન આપે, તેને ધુતારા ધુતી જાય છે રે. જોતાં જોતાં૦ ૩
સ્વાર્થ સંબંધી કાંઈ ન દેખે, પછી વાલા તે વેરી થાય છે રે. જોતાં જોતાં૦ ૪
નારણદાસનો નાથ ભજ્યાવિણ, ચોરાસીનું વ્યાજ વધી જાય છે રે. જોતાં જોતાં૦ ૫

રાગ : સખી ગોકુલ ગામના ચોકમાં રે પદ - ૧

પ્રભુ પ્રગટ્યા છપૈયા પુરમાં રે, પછી આવ્યા છે પશ્ચિમ દેશ,
આજ અક્ષરવાસી ભલે આવિયા રે. ટેક૦

ધણી લીલા કરી ગઢપુરમાં રે, સુખકારી સદા સરવેશ. આજ૦ ૧
દિન બંધુ દયા કરી આવિયા રે, મહામુક્તો સહિત મહારાજ. આજ૦
નરનારીને પાર ઉતારવા રે, હરિભક્તોને કરવાને કાજ. આજ૦ ૨
ઘણા સંતોને લાડ લડાવીયાં રે, ઘણા મુક્તોને આપ્યાં છે માન. આજ૦
ઘણા ભક્તોનાં સંકટ ભાગીયાં રે, ઘણા હરિજન કરે ગુલતાન. આજ૦ ૩
વાલે અક્ષરનું બારણું ઉઘાડીયું રે, હરિભક્તોનાં કીધાં કલ્યાણ. આજ૦
મલ્યા નારાયણદાસના નાથજી રે, જેનાં વેદ કરે નિત્ય વખાણ. આજ૦ ૪

**પદ - ૨**

અક્ષરવાસી વિલાસી વડતાલના રે, ભલે આવ્યા ભૂપર ધરી ભાવ,
મારા ઉરમાં આનંદ ઘણો વાધીયો રે. ટેક૦
સુખ આપ્યાં અલૌકિક આ સમેરે, મહામૂર્તિ મનોહર માવ. મારા૦ ૧
ઘણા પર્ચા પૂર્યા ઘનશામજી રે, ઘણા ભક્તોની પૂરી છે હામ. મારા૦
ઘણા જીવોને જમથી છોડાવિયા રે, ઘણા દુઃખીઆને આપ્યા છે દામ. મારા૦ ૨
ઘણા વેરીને વશ કર્યા વાલમે રે, ઘણા માનીનાં ઉતાર્યાં માન. મારા૦
ઘણા જીવોને અન્ન ધન આપીયાં રે, ઘણા ભક્તોનાં વાળ્યાં છે વાન. મારા૦ ૩
પરોપકારી પ્રભુજી પધારિયા રે, દયાધારી અધિક દીલ માંય. મારા૦
મળ્યાં નારણદાસના નાથજી રે, મારા મનમાં આનંદ ઉભરાય, મારા૦ ૪

**પદ - ૩**

વાલે સત્સંગ વધાર્યો શિરોમણી રે, દેશોદેશ ઘેરઘેર ગુણ ગાય,
સુખશાન્તિ સદા સત્સંગમાં રે. ટેક૦
સુખનિધિ સમૈયા રૂડા બાંધિયા રે, સંઘ આવેને ભીડ બહુ થાય. સુખ૦ ૧
સંત સાચા શિરોમણી શોભતા રે, સત્સંગી તણો નહિ પાર. સુખ૦
નિયમ ધારીને ધર્મરૂડો પાળતા રે, નથી ચુકતા ટેક લગાર. સુખ૦ ૨
ધર્મસેતુ બાંધી ધર્મ લાલજી રે, કરી કામ ક્રોધ લોભનો ત્યાગ સુખ૦
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય દૃઢ જોઈને રે, નથી માયાને પેસવાનો માર્ગ. સુખ૦ ૩
મોટા મંદિર કરીને દેવ સ્થાપીયા રે, સહુ દર્શન કરે નરનાર. સુખ૦
મળ્યા નારણદાસના નાથજી રે, આજ ઉતરીયા ભવજળ પાર. સુખ૦ ૪





**પદ - ૪**

આજ અવસર અધિક રૂડો આવીયો રે, મળ્યા શ્રીજી મહારાજ ભગવાન,
ભલા થઈને ભજો ભગવાનને રે. ટેક૦
એક પલનો ઉધારો ન રાખશો રે, ઝટ ધારો વીરા વર્તમાન. ભલા૦ ૧
આજ ઉદય થયાં પુણ્ય આપણાં રે, મળ્યા સર્વોપરી મહારાજ. ભલા૦
જેને અર્થે અવતાર ધર્યો આપણે રે, તે તો સફળ થયાં સહુ કાજ. ભલા૦ ૨
ઘણાં દર્શન દીધાં નિજ દાસને રે, ઘણાં પાવન કીધાં નરનાર. ભલા૦
ઘણાં સુખડાં આપ્યાં અલબેલડે રે, ઘણાં કષ્ટો કાપ્યાં કરતાર. ભલા૦ ૩
ગુન્હા ગણતા નથી ઘનશ્યામજી રે,નથી જોતા એ જાત કુજાત. ભલા૦
મળ્યા નારણદાસના નાથજી રે, વાલો પ્રગટ પ્રભુ સાક્ષાત. ભલા૦ ૪

**રાગ : લાલ વહારે ચડો તો વેલા આવજો રે પદ - ૧**

આજ શ્રીજી મહારાજ ભલે આવિયા રે.
સાથે મુક્તોની મંડળી લાવિયા રે. આજ શ્રીજી મહારાજ.
ભલા ભક્તોના મનમાં ભાવીયા રે,
મેં તો મોઘે મોઘે મોતિડે વધાવિયા રે. આજ શ્રીજી૦ ૧
મેં તો રસ્તાને સ્વચ્છ કરાવિયા રે,
મેં તો ચોકમાં ચંપા રોપાવિયા રે. આજ૦
મેં તો ચંદનથી ઓરડા લીંપાવિયા રે,
તેને લીલા પીળા રંગથી રંગાવિયા રે. આજ૦ ૨
મેં તો ગાદીને તકીયા બિછાવિયા રે,
મારા પ્રભુજીને પ્રીતે પધરાવિયા રે. આજ૦
હીરા મોતીના હાર ગુંથાવિયા રે,
મારા વાલાજીને કંઠે પેરાવિયા રે. આજ૦ ૩
વાલે અમૃતના મેઘ વરસાવિયા રે,
પેલાં દૂરીજનને દીલમાં દઝાવિયા રે. આજ૦
હરિભક્ત નારણદાસ ગાય છે રે,
મારા વાલાજીને વારણે જાય છે રે. આજ૦ ૪

પદ - ૨

મારા હરિવર હૈડાના તમે હાર છો રે,
મારા પ્રીતમજી પ્રાણના આધાર છોરે. મારા૦
તમે સત્સંગના શ્રીજી શણગાર છો રે,
તમે ભક્તિ ધર્મના કુમાર છો રે. મારા૦ ૧
તમે વિશ્વમાં વ્યાપક ને બહાર છો રે,
તમે પુરૂષ પ્રકૃતિની પાર છો રે. મારા૦
તમે માણકી ઘોડીના અસવાર છો રે,
તમે પ્રેમી તે જનના પ્યાર છો રે. મારા૦ ૨
તમે દાસોનાં દુઃખ હરનાર છો રે,
તમે કલ્યાણના કરનારા છો રે. મારા૦
તમે માધવ મુકુંદ ને મોરાર છો રે,
તમે સેવકના સુખ ભંડાર છો રે. મારા૦ ૩
તમે અચળ અખંડ અવિકારી છો રે,
તમે અવતારના અવતારી છો રે. મારા૦
હરિભક્ત નારણદાસ ગાય છે રે,
નાથ નિરખી આનંદ ઉર થાય છે રે. મારા૦ ૪

પદ - ૩

મન ગમતા મોહન ઘેર આવજો રે,
દાસ જાણીને દયા દિલ લાવજો રે. મન૦
જેમ રાખો પ્રભુ તેમ રીજીયે રે,
આપ અર્થે કુરબાન કાયા કીજીયે રે. મન૦ ૧
જેવો તેવો હું દાસ પણ તાહરો રે,
હાથ ઝાલો હરિવર માહરો રે. મન૦
હું તો માળા ભજુ તારા નામની રે,
નથી કાયા માયા કશા કામની રે. મન૦ ૨
મોટા ભક્તોનાં માન વધારીયા રે,
સદા સેવકના કાર્ય સુધારીયા રે. મન૦





તમે મુક્તિનો માર્ગ બાતવિયો રે,
મારા ઉરમાં આનંદ ઉપજાવિયો રે. મન૦ ૩
તમે ભક્તોનાં મન સ્થિર થાપીયાં રે,
તમે દર્શન આપીને દુઃખ કાપીયાં રે. મન૦
હરિ ભક્ત નારણદાસ ગાય છે રે,
ભલી ભક્તિ કરવાને ચિત ચહાય છે રે. મન૦ ૪

પદ - ૪

આજ શ્રીજી મહારાજ ભજો ભાવથી રે.
ભવ તરશો નારાયણ નામ નાવથી રે. આજ૦
જેનું સ્વામી સહજાનંદ નામ છે રે,
તેનું અક્ષર અપાર મોટું ધામ છે રે. આ૦ ૧
જેને ગાયા ગોપાળાનંદ સ્વામીયે રે,
બહુ મોટા કીધા બહુ નામીયે રે. આજ૦
મુક્તાનંદજી મહંત મોટા સંત છે રે,
બીજા ભક્તો બ્રહ્માંડમાં અનંત છે રે. આજ૦ ૨
દાદા ખાચર દરબાર ભક્તરાજ છે રે,
જેના શ્રીજી મહારાજ શિરતાજ છે રે. આજ૦
ઝીણાભાઈએ જાણ્યા જગદીશને રે,
અતિ રાજી કર્યા અક્ષર ઈશને રે. આજ૦ ૩
ભક્ત પર્વત પુરા ઘનશ્યામના રે,
તે તો મુક્ત કહેવાય અક્ષર ધામના રે. આજ૦
હરિભક્ત નારણદાસ ગાય છે રે,
હરિ ભક્તિનો લાભ લેવા ચહાય છે રે. આજ૦ ૪

**રાગ : સખી ગોકુલ ગામના ચોકમાં રે પદ - ૧**

શિર સાટે શ્રીજીને સદા સેવીયે રે, કદી ધામધરા દામ વામ જાય,
તોય શ્રીજી મહારાજ નવ છોડીએ રે. ટેક૦
ભલે ગમે તેવું દુઃખ પડે દેહને રે, ભલે થવા કાળ હોય તેમ થાય. તોય૦ ૧
કોઈ હાંશી હસવું ને કરે ઠેકડી રે, ભલે વેર કરી દીયે કોઈ ઝેર તોય,
કોઈ માયા બતાવી મને ભોળવે રે, ભલે કાપે તરવાથી તન. તોય૦ ૨

ભલે નાત નડે વઢે દારા દીકરા રે, ભલે વેર કરી દીયે કોઈ ઝેર તોય,
ભલે ધમકી મુકીને દીયે ધાસ્તી રે, ભલે આપે નહિ અન્ન કોઈ શેર. તોય૦ ૩
ઘણા મોંઘા મળ્યા ઘનશ્યામજી રે, ઘડી છેટે મુક્યા કેમ જાય,
સર્વે મુદ્દો આવ્યો સખી હાથમાં રે, હરિભક્ત નારણદાસ ગાય. તોય૦ ૪

### પદ - ૨

પુરા ભક્ત પ્રહલાદને પ્રણામીયે રે, જેને બાપે દીધું ઘણું દુઃખ
તોય ભુલ્યા નહિ ભગવાનને રે. ટેક૦
વિભિષણને વિશેશ વખાણીએ રે, દુઃખ દીધું અધિક દશ મુખ તોય, ભુલ્યા૦ ૧
પાંચ પાંડવે અધિક રૂડા રાજવી રે, ફર્યા વનમાં સંગે લઈ નાર, તોય૦
ભક્ત નાગર નરસિંહ નંદલાલનો રે, તેને નાતે કર્યો નાત બહાર, તોય૦ ૨
ભક્ત મીરાંએ મહારસ માણીયો રે, તેને દીધું હળાહળ ઝેર, તોય૦
સાચા ભક્ત સુદામાને જાણવા રે, તેને મળ્યું ન અન્ન એક શેર. તોય૦ ૩
એવા ભક્તો વહાલા ભગલાનને રે, હરિભક્ત નારણદાસ ગાય. તોય૦ ૪

### પદ - ૩

હરિભક્તો હિમ્મત ગણી રાખજો રે, નથી વાંધો કલ્યાણનાં કાંય.
છતે દેહે પામ્યા અક્ષર ધામને રે. ટેક૦
મહામુક્તો મળ્યા અક્ષર ધામના રે, મળ્યા શ્રીજી મહારાજ સુખદાય. છતે૦ ૧
મોક્ષ પામ્યા આત્યંતિક આપણે રે, હવે છોડ્યું માયિક અભિમાન. છતે દેહે૦
અતિ ઉદય થયાં પુણ્ય આપણાં રે, મળ્યા સ્વામિનારાયણ ભગવાન. છતે દેહે૦ ૨
અહો ધન્ય દિવસ ઘડી આજની રે, થયો લાભ અતિ મોટો અપાર. છતે દેહે૦
મારા ઉરમાં આનંદ ઘણો વાધિયો રે, મળ્યા પ્રાણપતિ અક્ષર આધાર. છતે દેહે૦ ૩
હવે સંસારમાં શીદ આવીયે રે, તોડી નાંખ્યો ભવાબ્ધિનો ફંદ. છતે દેહે૦
મળ્યા નારણદાસના નાથજી રે, જેનું નામ શ્રી સહજાનંદ. છતે દેહે૦ ૪

### પદ - ૪

આવો અક્ષર પતિને સહુ આશરે રે, કરો ભક્તિ અધિન નર નાર.
સદા શ્રીજી મહારાજ સુખ આપશે રે. ટેક૦
ભલી ભાતે ભજો ભગવાનને રે, તજો કાયાના કોટિ વિકાર. સદા૦ ૧





એક રહેણીને એક ટેક રાખજો રે, નવ ચુકશો ભક્તિ લગાર. સદા૦
નિયમ નિશ્ચેમાં ફેર નવ પાડશો રે ભજો ભાવ ધરી ભક્તિ કુમાર. સદા૦ ૨
શિક્ષાપત્રિ વચન સદા પાળજો રે, ખુબ શ્રદ્ધાને પ્રેમ સહિત. સદા૦
અતિ મહાત્મ્ય જાણી મહારાજનું રે, કરો પ્રભુમાં પુરણ પ્રીત. સદા૦ ૩
બ્રહ્મ થઈને ભજો પરિબ્રહ્મને રે, કરો આત્માને અક્ષરનો ભાવ. સદા૦
મળ્યા નારણદાસનો નાથજી રે, મહામુર્તિ મનોહર માવ. સદા૦ ૪

### રાગ : આજ મારે ઓરડે રે આવ્યા અવનાશી પદ - ૧

સજની આ સમેરે આવ્યા અવતારી આધાર,
અવની ઉપરે રે ભક્તિ ધર્મ તણા કુમાર. ૧
અક્ષર ધામના રે મોટા મુગટમણિ મહારાજ,
તે હરિ આવીયા રે શુકજી સરખાના શિરતાજ. ૨
અગણિત જીવનું રે વાલો કરવાને કલ્યાણ,
દયાળુ દયા કરી રે જગમાં આવ્યા જીવન પ્રાણ. ૩
ધર્મ સ્થાપવારે ધાર્યો ધરણી પર અવતાર,
કળીમળ કાપવા રે આવ્યા અક્ષરના આધાર. ૪
લક્ષ્મી બાગમાં રે વાલો રંગ રમ્યા બહુ વાર,
નારણદાસનો રે સ્વામી શોભાના શણગાર. ૫

### પદ - ૨

કાઠીયાવાડમાં રે કીધો સામળીએ સત્સંગ,
કાઠી કઠણ ઘણા રે તેને અંગે ચઢીયો રંગ. ૧
એ પણ જાણવો રે મોટો પ્રગટનો પ્રતાપ,
સહજાનંદજી રે અક્ષરવાસી આપો આપ. ૨
ગઢપુર શહેરમાં રે દાદા ખાચરને દરબાર,
રસિયો રમ્યા જમ્યા રે તેનો ગણતાં નાવે પાર. ૩
ધન્ય એ ધામને રે ધન્ય એ પુરવાસી નરનાર,
નિર્ખે ઘડી ઘડી રે અવિચળ અક્ષરના આધાર. ૪
લક્ષ્મીબાગમાં રે વાલો રંગ રમ્યા બહુવાર,
નારણદાસનો રે સ્વામી શોભાના શણગાર. ૫

પદ - ૩

અમદાવાદમાં રે વાલે આપ્યો છે આનંદ,
ઝાઝા જીવના રે કાપ્યા ભવસાગરનાં ફંદ. ૧
જયતલપુરમાં રે વાલે કીધો છે જગન,
બ્રહ્મ તલાવમાં રે નાહ્યા નટવર જગજીવન. ૨
દયાળુ દયા કરી રે ડંકો દીધો છે ડભાણ,
કોટિક જીવનાં રે કીધાં અલબેલે કલ્યાણ. ૩
ત્યાંથી વિચર્યા રે વાલો આવ્યા છે વડતાલ,
શ્રીજી સભા કરી રે બેઠા ગોમતિજીની પાળ. ૪
ધર્મ જ્ઞાનની રે વાલો કરતા રૂડી વાત,
નારણદાનો સ્વામી પુરૂષોત્તમ સાક્ષાત. ૫

પદ - ૪

ગીરધર આવજો રે ગઢપુરવાસી મારે ઘેર,
લેરી લાવજો રે મારી ઉપર મોટી મહેર. ૧
અંગો અંગમાં રે રૂડા પહેરીને શણગાર,
વેલા આવજો રે મારા હેડા કેરા હાર. ૨
ઢોલીયો ઢાળીયો રે મે તો ત્રીકમજી તમકાજ,
મોટા માનથી રે તમને બેસાડું મહારાજ. ૩
જમવા કારણે રે કીધાં ભોજનીયાં બહુ ભાત,
જીવન જમી કરી રે કરજો વાલમ રૂડી વાત. ૪
પ્રિતમ પુરજો રે મારા હૈડા કેરી હામ,
નારણદાસના રે સ્વામી છોગાવાળા શામ. ૫

**રાગ : ગૈતી રે હું તો ગાવલડી દોવા પદ - ૧**

માણકી રે ઘોડી પ્રીતમને પ્યારી, અક્ષર પતિ કરતા અસવારી. મા૦ ૧
કેશર વર્ણી મનવેગી ચાલે, વખાણી છે વિશ્વપતિ વહાલે. મા૦ ૨
એના રે તપજમાં નથી ખામી, બિરાજે છે અંગપર બહુનામી. મા૦ ૩
સેવા સજી લાભ ઘણો લીધો, હરિરસ પ્રેમ ધરી પીધો. મા૦ ૪
અક્ષય સુખ આપ્યું અવતારી, નારણદાસ બલિહારી. મા૦ ૫





પદ - ૨

કીધો રે મેંતો સત્સંગ શિર સાટે, હવે નથી બિહિતી મુઆ માટે. કીધો રે. ટેક૦
વાલા રે વિના બીજું નથી ગમતું, રહ્યું રે મન રસિયામાં રમતું. કી૦ ૧
સગપણ કીધું શામળીયા સાથે, વેચાતી હુંતો હરિવરને હાથે. કી૦ ૨
લીધું રે મેંતો બળીયાનું બહાનું, પડ્યું રે મારૂં અક્ષરમાં પાનું. કી૦ ૩
નારાયણદાસ કહે સાચું, હરિ પાસે હરિભક્તિ જાચું. કી૦ ૪

પદ - ૩

મળ્યા રે મને સહજાનંદ સ્વામી, પુરણવર પુરૂષોત્તમ પામી. ટેક૦
માયા પર અક્ષરના વાસી, સનાતન શ્રીજી સુખરાસી. મળ્યા રે ૧
વિધિનો વિનય સુણી વાલો, ભૂપર આવ્યા ભક્તિનો લાલો. મળ્યા રે ૨
ભવાબ્ધિનો પાર હવે આવ્યો, નિરવધિ આનંદ ઉપજાવ્યો. મળ્યા રે ૩
નારાયણદાસ કહે સાચું, હવે નથી કલ્યાણમાં કાચું. મળ્યા રે ૪

પદ - ૪

લાગી રે મને લગની હરી સંગે, રાચી રે હું તો રસિયાને રંગે લા. ટેક૦
છોગલીયાં તો શિર ઉપર છાજે, તિલક રૂડું કેશરનું રાજે. લા૦ ૧
જોયો રે મેંતો જામો જરકશિયો, તે તો રે મારા રૂદિયામાં વસીયો. લા૦ ૨
હેડા પર હાર સુંદર શોભે, તેને રે જોઈ મન મારૂં લોભે. લા૦ ૩
માણીગર મોહનવર મારા, નારાયણદાસ તણા પ્યારા. લા૦ ૪

**રાગ : પટો રે પોપટ રાજા રામના પદ - ૧**

સ્વામિનારાયણ નામનો, મહિમા અતિ ભારી,
શ્વાસે ઉશ્વાસે સંભારતાં, થાય મન અવિકારી. સ્વામિ. ટેક૦ ૧
સ્વામિનારાયણ નામથી જાય રોગ ભવાબ્ધી,
જગ માયા જંજાળની, આવે પલકમાં અવધી. સ્વામિ૦ ૨
સ્વામિનારાયણ નામથી, જાય જમરા ડરીને,
અજાણથી આ મારગે, નહિ આવે ફરીને. સ્વામિ૦ ૩
સ્વામિનારાયણ નામથી, ભાગે ભૂત ને પ્રેત,
ડાકણ સાકણ દુરથી, જાયે કુટુંબ સમેત. સ્વામિ૦ ૪
સ્વામિનારાયણ નામનો અતિ પ્રતાપ મોટો,
નારાયણના નાથનો નથી જગમાંહી જોટો. સ્વામિ૦ ૫

**રાગ : ધોળ ઝીણી ઝીણી રે મોરલી વાગે છે પદ - ૧**

જુઓ જુઓ રે છેલાનું છોગલું, છોગલાની શી કહુ વાત છેલાનું છો૦
ઘણું શોભે છે સોનેરી પાઘમાં, છોગલાની નવલી ભાત. છેલા૦ ૧
ફર ફર ફર ફરકે છોગલું, ઝળ ઝળ ઝળકે તાર. છેલા૦
ફુલ તોરા ગુલાબી લેહેકે છે, ત્યાં ભમર કરે છે ગુંજાર. છેલા૦ ૨
માંહી મોંઘા મણી ને હીરા છે, રૂડી લટકે મોતીડાંની લ્હેર. છેલા૦
છેલ છોગાળા છોગલાં મેલીને, પ્રભુ આવોને આપણે ઘેર. છેલા૦ ૩
ઝીણી ઝીણી રે ભાત છે જામાની, જમણા હાથમાં લાલ રૂમાલ. છેલા૦
મલ્યા નારણદાસનો નાથજી, નિર્ખિને થઈ છું નિહાલ. છેલા૦ ૪

**રાગ : મા પાવા તે ગઢથી ઉતર્યા મા કાળી રે પદ - ૧**

આ છપૈયા પુરથી સંચર્યા અવતારી રે, વાલો આવ્યા છે ગઢડામાંય. ગિરીવરધારી રે૦
દાદા ખાચરના દરબારમાં અવતારી રે, ઘણું રમ્યા જમ્યા જગરાય. ગિરીવરધારી રે૦ ૧
ત્યાંથી તે સ્વામી સીધા વિયા અવતારી રે, જઈ કીધો જુનાગઢ વાસ. ગિરીવરધારી રે૦
સંતોને લાડ લડાવીયા અવતારી રે, હરિભક્તોની પુરી છે આસ. ગિરીવરધારી રે૦ ૨
ત્યાંથી તે પ્રભુ પધારીયા અવતારી રે, વાલો આવ્યા છે અમદાવાદ. ગિરીવરધારી રે૦
નરનારાયણ સ્થાપીયા અવતારી રે, તે અંતરમાં રાખવા યાદ. ગિરીવરધારી રે૦ ૩
ત્યાંથી તે વાલો વિચર્યા અવતારી રે, જઈ વસ્યા જયતલપુર ધામ. ગિરીવરધારી રે૦
જગન કીધો જગના પતિ અવતારી રે, સુખકારી સદા ઘનશ્યામ. ગિરીવરધારી રે૦ ૪
ત્યાંથી ચતુરવર ચાલીયા અવતારી રે, આવી કીધો છે વડતાલે વાસ. ગિરીવરધારી રે૦
રંગ રમ્યા રળિયામણો અવતારી રે, ગુણ ગાવે નારાયણદાસ. ગિરીવરધારી રે૦ ૫

**પદ - ૨**

શ્રીજી મહારાજ ભલે આવીયા વડતાલે રે, બેઠા સભા રચી સુખધામ.
ગોમતી પાળે રે. ટેક૦
આનંદ રસ વરસાવિયો વડતાલે રે, પુરુષોત્તમ પુરણ કામ. ગોમતી૦ ૧
સમૈયે સંગ ભરાય છે વડતાલે રે, નિત્ય ગોમતીમાં નાવા જાયે. ગોમતી૦
લક્ષ્મીનારાયણદેવનાં વડતાલે રે, કરી દર્શન મન હરખાય. ગોમતી૦ ૨
હરિ હરિજનના સંગમાં વડતાલે રે, વાલો રમ્યા વસંતનો રંગ. ગોમતી૦
પીચકારી લઈ પ્રેમથી વડતાલે રે, વાલે ભીજ્યાં છે ભક્તોનાં અંગ. ગોમતી૦ ૩





રમણ રેતી રસિયે કરી વડતાલે રે, વાલો હર્યા ફર્યા ફૂલ બાગ. ગોમતી૦
નારાયણદાસનો નાથજી વડતાલે રે, હરિભક્તોને ભજવા લાગ. ગોમતી૦ ૪

**રાગ : રંગ ભમરા પેલો વધાવો મારે આવીઓ પદ - ૧**

સજની ટાળું આવ્યા રે ભવજળ તરવાનું,
મોંઘો મનુષ્યનો વારો, ભવ સાગરનો આરો,
ડાહ્યા દીલમાં વિચારો. સત્સંગ કીજીએ. ૧
સજની આરે ચોઘડ્યું અમૃત લાભનું,
ફરી નહિ આવે એવું, વિજના ઝબકારા જેવું,
મોતી પ્રોઈને લેવું. સત્સંગ કીજીએ. ૨
સજની દાન દયાની ઘડી છેલ્લી છે,
દાન સુપાત્રે કરવું, ધ્યાન પ્રભુનું ધરવું,
ભક્તિથી ભવતરવું. સત્સંગ કીજીએ. ૩
સજની સંત કહે તે સાચું માનીએ,
ગાંઠવાળી ના છૂટે નિયમ નિશ્ચેના તુટે,
સંસાર છોને રે ફુટે. સત્સંગ કીજીએ. ૪
સજની ભક્તિ કરીએ રે સાચા ભાવથી,
પાછાં પગલાં ના ભરીયે, સંસાર પાર ઊતરીયે,
નારાયણદાસ કે ઠરીયે. સત્સંગ કીજીએ. ૫

**રાગ : કોઈ વૃદ્ધો વધાવો પદ - ૧**

સોના અંબાડીએ હાથી શણગાર્યો, ગજે બેઠા ગીરધારી રે, કોઈ જોવાને આવો ટેક૦
હણહણતા ઘોડાને પાળા રૂપાળા, આગે ચલી અસવારી રે, કોઈ જોવાને આવો. ૧
જામો જરીનો ને પાઘ પેચાળી, છોગલીએ હદ વાળી રે, કોઈ જોવાને આવો૦
કાનોમાં કુંડળને મોતિડાંની માળા, હાર પેર્યો છે હજારી રે, કોઈ જોવાને આવો૦ ૨
વાજાં તે વાગે ને છાતર છાજે, ચમર કરે બ્રહ્મચારી રે, કોઈ જોવાને આવો૦
સંતને હરિજન કિર્તન ગાવે, મૂર્તિ માવાની ઉર ધારી રે, કોઈ જોવાને આવો૦ ૩
નરનારી આવે ને મોતિડે વધાવે, શેરીમાં ભીડ થઈ ભારી રે, કોઈ જોવાને આવો૦
નારાયણદાસનો નાથ પધાર્યા, અવતારના અવતારી રે, કોઈ જોવાને આવો૦ ૪

**રાગ : શ્રી સહજાનદં સ્વામીના દાસજી રે પદ - ૧**

માણકી હુંરે તુજને પુછું એક વાતડી રે,
કેને આવાં શાં તે કીધાં ભારે પુન્ય રે મોહનને વાલી માણીકી રે. ટેક૦
માણકી ધન્ય તારી પેલા ભવની પ્રીતડી રે,
તારા તપજપમાં નથી કાંઈ નુન્ય રે. મોહન૦ ૧
માણકી રંગે રાતી કેશર જાતિ જાણવી રે,
માણકી શણગારમાં શોભે સુરજ તુલ્ય રે. મોહન૦
માણકી રૂપે રૂડી તેજે પુરી જાણવી રે,
ઉપર પલાણ આવે છે અદકે મુલ્ય રે. મોહન૦ ૨
શોભે ઘુઘરમાળ મોતિહાર કંઠમાં રે,
ઝળકે લેલાવટીએ હીરામણિ સાર રે. મોહન૦
માણકી મનવેગીને તાજન તિખિ જાણવી રે,
જેના સહજાનંદ સ્વામી અસવાર રે. મોહન૦ ૩
અતિ આનંદ લીધો છે અક્ષર નાથનો રે,
જેનો મહિમા મોટા મુનિજનો ગાય રે. મોહન૦
નારણદાસ કહે છે શ્રીજીના પ્રતાપથી રે,
માણકી ઘોડી આખા વિશ્વમાં વખણાય રે. મોહન૦ ૪

**રાગ : નિશ્ચે રે'વું નથી રે માથે મોત ઝપાટા મારે પદ - ૧**

જગની માયા જુઠી રે મનવા, માન કહ્યું તું મારૂં,
પલમાં જાવું ઉઠી રે મનવા માન કહ્યું તું મારૂં. ટેક૦
જોબન જાશે વૃદ્ધ થવાશે, કરમાઈ જાશે કાયા,
ડોસાને દુઃખ પડવા લાગ્યું, જાયા માગે માયા. જગની૦ ૧
પાળી પોષી મોટા કીધા, પુત્રને પરણાવ્યા,
પ્રભુને વિસારી બેઠો, અંતે જમરા આવ્યા. જગની૦ ૨
ક્રોડ પતિની કાયા વિષે, તાવ કદી જો આવે,
સોનાં રૂપાં શું કરવાનાં, અન્ન જરી  ના ભાવે. જગની૦ ૩
નાશવંત માયામાં મોહ્યો, અવિનાશીને ભૂલ્યો,
કાળ નગારાં ગડ ગડ વાગે, ફોકટ શાને ફુલ્યો. જગની૦ ૪





મળ મુતરનો દેહ ભરેલો, મુરખડા શું મોહ્યો,
દાસ નારાયણ હરિ ભજો નહિ, એળે અવસર ખોયો. જગની૦ ૫

**પદ - ૨**

કેવળ કાયા કુડી રે જાશે, એક પલકમાં ઉડી,
જુઠી માયા મુડી રે જાશે, એક પલકમાં ઉડી. ટેક૦
કાયા તારી કંકુ જેવી, રૂડી ને રૂપાળી,
મુઆ પછી તો ઘડી ન રાખે, દેશે દાટી બાળી. કેવળ૦ ૧
બાગ બંગલા બેશ બતાવ્યા, ઉંડા પાયા નાખી,
કાયાનો છે કાચો પાયો, તે ખબર ના રાખી. કેવળ૦ ૨
કાયા સારૂ કપટ કરીને, પરધન પાપી લાવ્યો,
સાધુની વાતો સાંભરવા, એક ઘડી ના આવ્યો. કેવળ૦ ૩
કાચી કાયા જુઠી માયા, પાણીનો પરપોટો,
મરવાનું છે એક પલકમાં, કોણ છે નાનો મોટો. કેવળ૦ ૪
પંચ ભુતનો દેહ બન્યો તે, જ્યારે ત્યારેપડશે,
દાસ નારાયણ સાચુ કે'છે, પાપ કર્યાં તે નડશે. કેવળ૦ ૫

**પદ - ૩**

પામર પ્રાણી સાંભળ વાણી, અંતર આણી હેતને રે,
સુખની ખાણી સારંગપાણી, સાચા જાણી ચેતને રે. ૧
સંસાર સપનું નથી જ ખપનું, અપનું માને મુરખો રે,
રાજ મુલકનું એક પલકનું, નજર કરીને નિરખો રે. ૨
રાજ કરતા દિઠા મરતા, ફરતા ચારે ખાણમાં રે,
મમતા ધારી થઈ અહંકારી, જઈ સુતા મશાણમાં રે. ૩
કુંટુંબ કાચું શાનું સાચું, મરડી ડાચુ ચાલશે રે,
દાટી બાળી માટી વાળી, હલાં કરીને હાલશે રે. ૪
કાયા કુડી જાશે ઉડી, રૂડી તે રહેશે નહિ રે,
બાગ હવેલી મંદીર મેલી, ઠેલીને જાશો વહી રે. ૫
આવે ચીઠી જાવું ઉઠી, વાળી મુઠી હાથની રે,
ખરચી ખુટી દોરી તુટી, સગાઈ છુટી સાથની રે. ૬

હરિ વિસારી બેઠો હારી, જીવ્યો તે શા કામનો રે,
નારાયણદાસ કે વિશ્વાસ, રાખો રૂડા રામનો રે. ૭

### પદ - ૪

મુરખા મનમાં વિચાર કોને, તું વળગ્યો ને તારૂ કોણ છે રે,
જગનો જુઠો છે વ્યવહાર, અજ્ઞાની માયામાં આટા લુણ છે રે. ટેક૦
પરદેશી પરોણા આવ્યા, સાંભળ મારી વાત,
ચારઘડી વિસરામ કરીને, પરવરીયા પરભાત. મુરખા૦ ૧
વૃક્ષ પર પક્ષિ બેઠાં, ત્યાં કરી નિવાસ,
અદ ઘડી આધારે ઉઠી, ઉડી ગયાં આકાશ. મુરખા૦ ૨
જુઠા બાંધવ દીકરાને, જુઠા પિતા માત,
એક પલકમાં અળગાં રહેશે, મારગનો સંગાત. મુરખા૦ ૩
એક પલકમાં ઉઠી જાવું, રેવાની શી આસ,
એટલા સારૂ હરિ ભજી લ્યો, કે છે નારાયણદાસ. મુરખા૦ ૪

### રાગ : જાગ્ય જાય મહાદેવ દયાળુ પદ - ૧

સ્વામિનારાયણ નામ તમારૂ રામાનંદે ધાર્યું છે,
તે લખી લીધું મુક્તાનંદે સત્સંગ માંહી પસાર્યુ છે.
સ્વામિનારાયણ નામ તેને જપે આઠુ જામ,
એહેવા સત્સંગી તમામ તેતો જાશે અક્ષરધામ. સ્વામી૦ ૧
જેષ્ટ બંધુ રામ પ્રતાપ, અનુજ ઈચ્છારામ આપ,
વચટનો છે પ્રતાપ તે સરવેમાં છે છાપ. સ્વામી૦ ૨
તેણે બાંધી ધર્મ પાજ, પાળે સત્સંગી સમાજ,
એવા સત્સંગીની લાજ, રાખી પુરૂષોત્તમે આજ. સ્વામી૦ ૩
મારે છે તમારી આસ માગું છું તમારી પાસ,
મારે તમારો વિશ્વાસ, ગાય નારાયણદાસ. સ્વામી૦ ૪

### પદ - ૨

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સદા મારે ભજવા છે,
સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજે નહિ તેને તજવા છે.





મુનિ મારકંડ નામ આપ્યા તે છપૈયા ગામ,
ધર્મ દેવ કરે ધામ તહાં રહ્યા આઠે જામ. સ્વામિ૦ ૧
ધર્મ ભક્તિ સુત નામ પોતે ધાર્યું ઘનશામ,
વળી હરિકૃષ્ણ નામ નિલકંઠ અભિરામ. સ્વામિ૦ ૨
ધાર્યો વર્ણી વેશ ફર્યા કાઠીયાવાડ દેશ,
કર્યો ધર્મ ઉપદેશ કર્યા સત્સંગી અશેષ સ્વામી૦ ૩
બોલ્યા નારાયણદાસ મને આખો વિશ્વાસ,
હું તો જેવો તેવો દાસ તોહે આપો અક્ષરવાસ. સ્વામી૦ ૪

### રાગ : હતિ મારાવાલા હરિ મારાવાલા પદ - ૧

સ્વામિનારાયણ સ્વામિનારાયણ જ્ઞાની સર્વે ગાય છે રે,
સ્વામિનારાયણ સ્વામિનારાયણ ગાયા તે અક્ષરમાં જાય છે રે.
અક્ષર ધામના સ્વામિ છે રાજા, રાજાના રાજા કહેવાય છે રે,
હાલતા ચાલતાં સ્વામિ કહે તે, તે ભક્તે પરિપુરા થાય છે રે.
સ્વામિનારાયણ આશ્રિત થયા છે તે આખા વિશ્વમાં વખણાય છે,
જોબન વડતાલાને ઘોડે ઘોડે એ સ્વામિનારાયણ મનાય છે રે.
પૂર્વના પુન્ય હોય જ તેને સ્વામિનારાયણ મનાય છે રે,
નારણદાસના સ્વામિનારાયણ પ્રભુજી પાકા જણાય છે રે.

### રાગ : ધોળ – પદ-૧

જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથેજી;
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથેજી. ૧
સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયેજી;
આજ કાલ કરતાં આવરદા, જોને ઓછી થાયેજી. ૨
એક જન્મે ને એક મરે છે, સ્થિર નથી કોઈ ઠરવાજી;
મરી ગયા તે જન્મ ધરે ને, જન્મ ધરે તે મરવાજી. ૩
સંસાર સઘળો કાળ ચવાણો, કર્મવશ નર નારીજી;
દાસ નારાયણ કહે છે ભાઈઓ, કર્મ કરો વિચારીજી. ૪

પદ-૨

પ્રભાતે ફૂલડિયાં ફૂલે, સાંજે તે કરમાશેજી;
નિત્ય બાગમાં નવીન કળીયો, ખીલીને ખરી જાશેજી. ૧
એ પ્રમાણે જગત જાય છે, જળની પેઠે વહેતુંજી;
નાનાંમોટાં નિત્ય મરે છે, અમર નથી કોઈ રહેતુંજી. ૨
કુંભકરણને રાવણ સરખા, કાયા મૂકી ચાલ્યાજી;
કળિયા છળિયા બળિયા ચાલ્યા, હાથ ઘસીને ઠાલાજી. ૩
સુરાસુરને ઈંદ્ર ચંદ્ર, અવની તે પણ જાશેજી;
દાનવ ને માનવ મરવાના, કહ્યું છે નારણદાસેજી. ૪

પદ-૩

ભવસાગરમાં ભક્તિ હરિની, ઉતરવાનો આરોજી;
એ વિના ઉપાધિ બીજી, વેઠ તરીકે ધારોજી. ૧
સ્વપ્નાની સમૃદ્ધિ સર્વે, સ્વપ્ના સાથે જાશેજી;
જાગ્યા પછી કાંઈ મળે નહિ, એકેય વસ્તુ પાસેજી. ૨
જન્મ્યા પહેલાં જગત નહોતું, મુવા પાછળ નથીજી;
વચમાં વળગ્યું જૂઠા જેવું, કવિ કહે છે કથીજી. ૩
માયાનો પ્રપંચ રચ્યો છે, ખેલ ખલકનો ખોટોજી;
દાસ નારાયણ હરિ ભજીને, લાભ કરી લ્યો મોટોજી. ૪

પદ-૪

કાયા કાચો કુંભ ધૂળનો, ધૂળ પલકમાં થાશેજી;
પાપ કર્યાં તે માથે લઈને, જીવ એકલો જાશેજી. ૧
લખ ચોરાશી ચાર ખાણમાં, જન્મ ઘણેરા લીધાજી;
માત પિતા ને ભાઈ દીકરા, સગા સંબંધી કીધાજી. ૨
તે તો તારે અંત વખતમાં, કોઈ કામ ન આવ્યુંજી;
કોડી બદલે ગાફલ પ્રાણી, રામ રતન ગુમાવ્યુંજી. ૩
ક્ષણભંગુર આ દેહ ધર્યો તે, દેહ પલકમાં થાશેજી;
ભાવ ધરીને હરિ ભજી લ્યો, કહ્યું છે નારણદાસેજી, ૪





પદ-૫

શરીરનાં સંબંધી, સર્વે શરીર સાથે જાશેજી;
ઋણસંબંધે ભેગાં થઈને, અંતે અળગાં થાશેજી. ૧
શ્રાવણ મહિનાની વાદળિયો, વાયુથી વેરાયેજી;
એ પ્રમાણે સગાં સહોદર, થાયે ને વહી જાયેજી. ૨
ઝાકળના પાણી સરીખી, કાયા માયા જૂઠીજી;
વહાલાંને વિસારી જાવું, એક પલકમાં ઊઠીજી. ૩
હરતાં ફરતાં ખાતાં પીતાં, કાળ વસે છે પાસેજી;
જ્યારે ત્યારે પકડી લેશે, કહ્યું છે નારણદાસેજી. ૪

પદ-૬

કાદવ કેરા કુંભ કોડીયાં, કડેયાં ને કોઠીજી;
છાલાંને પીયાલાં રૂડાં, લોટા અને લોટીજી. ૧
મહોલ માળીયાં ભાતભાતનાં, મેડીઓ બનાવીજી;
ઘટપટાદિ અનેક રચના, માટીની રચાવીજી. ૨
વસ્તુતાયે ધૂળતણું, તે ધૂળ ભેગું થાશેજી;
કાચી કાયા જૂઠી માયા, જોતાં જોતાં જાશેજી. ૩
સત્વર થઈને હરિ ભજીલ્યો, જન્મારો વહી જાશેજી;
બળતામાંથી બુકી લેવું, કહ્યું છે નારણદાસેજી. ૪

પદ-૭

નાશવંત આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવુંજી;
પત્રાળાને જમી કરીને, બહાર ફેંકી દેવુંજી. ૧
મનગમતું મૂકીને મનવા, હરિ ગમતામાં રહેવુંજી;
દેહ ધર્યો તે દુઃખસુખ આવે, તેને વેઠી લેવુંજી. ૨
હરિજન ઉપર હેત કરીને, ભુધરજીને ભજવાજી;
ભક્તિમાં જે વિઘ્ન કરે તે, વેરી જાણી તજવાજી. ૩
બીજાં સર્વે કામ બગાડી, મોક્ષપંથ સુધારોજી;
દાસ નારાયણ હરિ ભજીને, સફળ કરો જન્મારોજી. ૪

પદ-૮

જન્મ ધરીને શું શું કીધું, શું શું લીધું ભાતુંજી;
વ્હાલમને વિસારી દીધા, કીધી બીજી વાતુંજી. ૧
યમ ધર્મ તે લેખાં લેશે, કહાડી તારું ખાતુંજી;
જોરાવર છે જનતા દૂતો, તેની ખાશે લાતુંજી. ૨
કડકડતી કઢામાં નાખે, તેલ કરીને તાતુંજી;
અભાગિયા તેં જાણી જોઈને, દુઃખ લીધું વેચાતુંજી. ૩
હરિચરણનું શરણું છોડી, મન મેલ્યું અથડાતુંજી;
દાસ નારાયણ કે' છે હવે, જમપુરીમાં જા તુંજી. ૪

પદ-૯

પ્રગટ પુરુષોત્તમનો મહિમા, ધારો ને વિચારોજી;
અહો ધન્ય આ હરિ ભજ્યાનો, અવસર આવ્યો સારોજી. ૧
મંગળ મૂર્ત્તિ મોહનવરની, અંતરમાં ઉતારોજી;
જાણરૂપ દરવાજે રહીને, કામ ક્રોધને મારોજી. ૨
સમજીને સત્સંગી થઈએ, લાભ અલૌકિક લેવાજી;
હરિકથાને કીર્ત્તન કરીયે, સદાય સુખના મેવાજી. ૩
તન મન અંતર સ્વચ્છ કરીને; સાચા સેવક થઈએજી;
દાસ નારાયણ હરિ ભજીને હરિસમીપે જઈએજી. ૪

રાગ : જંગલો — પદ-૧

દુઃખ છે અધિક આ સંસારમાં, મુખે કહ્યાં તે ન જાયજી;
આધિ વ્યાધિની અંતર થકી, હોળી પલ ન હોલાયજી...દુઃખ છે૦
ત્રિવિધ તાપે તપી રહ્યો, સઘળો આ સંસારજી;
કાયા માયાને કારણે, વેઠ વેદના અપારજી...દુઃખ છે૦
કામ ક્રોધ મદ લોભની, લાગી ઘેર ઘેર લાયજી;
ધરતી ધનને ત્રિયા તણો, ઝઘડો ઘેર ઘેર લાયજી...દુઃખ છે૦
વિના વિવેક વઢી મરે, કોડી બદલે કુટાયજી;
મોહ મમતાને મારગે, મૂડી ઘરની લુટાયજી...દુઃખ છે૦
ચક્રપાણિના ચરણ વિના, નથી શાંતિ લગારજી;
નારણદાસનો નાથજી, સુખનો ભંડારજી...દુઃખ છે૦





પદ-૨

કોઈ બહેરો ને બોબડો, કોઈ અંધ અપંગજી;
કોઈ લૂલો ને કોઈ પાંગળો, કોઈ કોઢવાળો અંગજી...દુઃખ છે૦
વિત્તવાળાને સુત ના મળે, સુતવાળો નિર્વિત્તજી;
જુગલ વસ્તુ જેને હોય તે, રોગી હોય ખચીતજી...દુઃખ છે૦
રૂપવંતીમાં ગુણ જ નહિ, ગુણિયલમાં રૂપ નોયજી;
ઉભય વસ્તુ જેને હોય તે, વિધવા કે વાંઝા હોયજી...દુઃખ છે૦
કંથ વિના દુઃખી કામની, અંધ આંખ વિનાયજી;
બંધુ વિના દુઃખી બેનડી, પુત્ર વિણ દુઃખી માયજી...દુઃખ છે૦
સ્થિતિ સરખી સદા નવ રહે, ચઢતી પડતી થાયજી;
માટે ભજો ભગવાનને, દાસનારાયણ ગાયજી...દુઃખ છે૦

પદ-૩

એક કહે રે ધન માહરું, લૂંટી લઈ ગયા ચોરજી;
બીજો કહે રે સુત માહરો, મૂઓ આજ બપોરજી...દુઃખ છે૦
એક કહે રે મારા દેહને, આવ્યો રોગ અપારજી;
બીજો કહે છે નાના બાળકાં, મૂકી મરી ગઈ નારજી...દુઃખ છે૦
એક કહે છે વેપારમાં, ખોટ ગઈ એક લાખજી;
બીજો કહે મારો બંગલો, બળી થઈ ગયો રાખજી...દુઃખ છે૦
એક કહે રે પિતા માહરો, મૂઓ કોલેરા માંયજી;
બીજો કહે રે બંધુ માહરો, રતિ અન્ન ન ખાયજી...દુઃખ છે૦
એક કહે રે નથી દીકરા. નથી બીજો આધારજી;
બીજો કહે રે શી ગતિ થશે, માથે ઋણ અપારજી...દુઃખ છે૦

પદ-૪

અતિ વૃષ્ટિ ને અનાવૃષ્ટિ, તેમજ અગ્નિ ભય થાયજી;
તીડ ઉંદરને હિમનો, ઉપદ્રવ આખો ગણાયજી...દુઃખ છે૦
અનંત પ્રકારની આફતો આવે, સંસારમાંયજી;
દેહ ધરીને દુઃખ ભોગવે, પીડા પંડમાં થાયજી...દુઃખ છે૦
માયા મોહની ઝાળમાં, સળગે આ સંસારજી;
કોટિક કષ્ટ સહે સદા, ચરાચર નરનારજી...દુઃખ છે૦

ભક્તિ વિના ભવદુઃખનો, કદી આવે નહીં અંતજી;
જિજ્ઞાસુ જન જાણજો, કહે છે શાસ્ત્ર ને સંતજી...દુઃખ છે૦
લખ્યાથી છ લક્ષ ઘણા, દુઃખ સંસારમાંયજી;
નારણદાસના નાથને, ભજો ભવદુઃખ જાયજી...દુઃખ છે૦

**રાગ : લવાણી**

મળી બુટોલપુરની માંહી કહે મયારાણી;
સુણો નીલકંઠ વર્ણીન્દ્ર સુખદ મમ વાણી...મળી૦ ટેક૦
કેમ ત્યાગ્યું તમે ઘરબાર ઉંમર છે છોટી;
નથી જાણી મારા નાથ વાત છે મોટી...મળી૦ ૧
શોભે સુંદર માથે કેશ કોમળ છો અંગે;
કેમ વિચરો મહા વનમાંહી નથી કોઈ સંગે...મળી૦ ૨
કર્યું બંધુ વર્ગે અપમાન ભોજાઈએ મેણું દીધું;
થયો નાની વયમાં વૈરાગ્ય કુટુંબ તજી દીધું...મળી૦ ૩
લીધો બાળપણમાં ભેખ જુવાની છે ભારી;
તમે પરણો સુંદર શ્યામ કે નૌતમ નારી...મળી૦ ૪
થયા તેના સારુ ખુવાર ઋષિ મુનિરાયા;
પડ્યા દેવ તપસ્વી સિદ્ધ એવી એ માયા...મળી૦ ૫
ગયો સૌભરી કેરો ત્યાગ એકલશૃંગી લૂંટ્યા
પડ્યો નહુષ સ્વર્ગથી સોમ ગુરુ એથી ખૂટ્યા...મળી૦ ૬
શિવ બ્રહ્મા ને સુરરાય નારદ મુખ કાળું;
દશમસ્તક કેરું કુળ શ્રીરામે સંહાર્યું...મળી૦ ૭
એમ જાણી પ્રીતમ પ્રાણ કેમ ન વિચારો;
મુજ વિનતિને અલબેલ કરણમાં ધારો...મળી૦ ૮
ગ્રહો કુંવરી મારી દોય રાજા કરી સ્થાપું;
ઘણા ગામ દંતી ને આ પેદલ હું આપું...મળી૦ ૯
જ્યારે થાશે જોબન જોર પછે પસ્તાશો;
મળી કોઈ વેરાગણ નાર લઈ ભાગી જાશો...મળી૦ ૧૦
મહા મર્મ ભરેલાં વાક્ય સુણી સુખધામી;
બોલ્યા શુકજી જેવા કૈક કરું નિષ્કામી...મળી૦ ૧૧





નવ આવે જોબન જોર પાસ પસીનો અંગે,
કરું વ્રત દઢ તપ હું નેમ અતિશે ઉમંગે...મળી૦ ૧૨
છે બંધુ વર્ગમાં સ્નેહ ભોજાઈ પણ તેવી;
થયો નાની વયમાં વૈરાગ્ય માયા તજ્યા જેવી...મળી૦ ૧૩
કર્યા અસંખ્ય જીવ નાથે બહુ નિષ્કામી;
કહે નારાયણ મુનિદાસ ભજો બહુનામી...મળી૦ ૧૪

**પદ-૧**

આવ્યા છો કંઈ અક્ષરધામના વાસી કે ભક્તિ માતાને દિલડે વસ્યા
પિતા રે કંઈ ધરમદેવના ઘરે કે, બાળક રૂપે પ્રભુજી પ્રગટ્યા
જોવા રે કંઈ ધરમદેવના લાલને કે, આંગણે દેવો સહુ આવી રહ્યા
વણે છે કંઈ વિધવિધનાં પ્રકાર કે, આનંદ ઓચ્છવ જોને થઈ રહ્યા
હરખ્યા છે કંઈ હરિભક્તોનાં હૈયાં કે, ફૂલડે વાલાને વધાવિયા
મોહ્યાં છે કંઈ શ્રીજી સ્વરૂપમાં મનડાં કે, દર્શનથી દુઃખ દૂર થયાં
લટકારે મુને લાગે પ્રભુજીના પ્યારાં કે, નારણદાસને દિલડે વસ્યાં.

•

**પ્રાર્થના**

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ,
ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥

નિજાશ્રિતાનાં સકલાર્તિ હન્તા,
સધર્મ ભક્તેરવેનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં,
તનોતુ કૃષ્ણોડખિલ મંગલં નઃ ॥

# અન્ય કીર્તન

**રાગ : ગરબી – પદ-૧**

એક સમે અમદાવાદમાં આવ્યા શામ સુજાણ,
મૂર્તિ શોભે મહારાજની ઊગ્યા સૂરજભાણ...૧
નવઘરું શિરે શોભતું, જાણે રવિનો ભાસ,
જોઈને મોહી સુરવનિતા, વિમાન છાયાં આકાશ...૨
મેઘાડંબર હરિ ઉપરે, ઈન્દ્રે ધર્યો તે વાર,
ચંદન પુષ્પની વૃષ્ટિ કરે બ્રહ્માદિ દેવ અપાર...૩
કેસર તિલક સોહામણું, શોભે ભાલ વિશાલ,
નાસા ભ્રૃકુટિ વાંકડી, ગાલે ટીબડીનો તાલ...૪
શોભે અધર અતિ રાતડા, માંહી મધુરીહાસ;
દાસ ગોપાલ કહે, દંતપંક્તિ કરે પ્રકાશ...૫

**પદ-૨**

કુંડલ પહેર્યા કાનમાં, નેત્ર અણિયાળાં લાલ;
કંઠે કૌસ્તુભમણિ શોભતો, પહેરી મોતીડાની માળ....૧
બાંયે બાજુબંધ બેરખા, હેમકડાં બે હાથ,
પહેરી સોના કેરાં સાંકળાં, શોભે ત્રિભુવન નાથ...૨
જામો જરીનો જાદવો, પહેર્યો અમુલી સાર,
ખંભે રેંટો ગુઢા રંગનો, ગળે ગુલાબી હાર...૩
કમર કટારો વાંકડો કર્યો વિહારીલાલ,
નાડી લટકે રૂડી હીરની, સોનેરી સુરવાલ...૪
તોડા પહેર્યા સોના તણા; પહેરી મોજડીયું પાય,
દાસ ગોપાલ કહે, જોઈને અંતર આનંદ થાય...૫

**પદ-૩**

આગે અસ્વારીને આંબલો, વાંસે મુનિનાં વૃંદ;
પડખે પાળાનાં જોડલાં, મધ્યે શોભે જગવંદ...૧
છત્રની શોભા શિર પર, ચમરના ઝોકાર;
નિશાન નેજા અબ્દાગરી, નેકી કરે પોકાર...૨





ભેળ ભુંગળ ને વાંસળી, મૃદંગ પડઘમ સાર;
ઢોલ નગારાં ગડગડે, વાજિંત્રનો નહિ પાર...૩
સામૈયાં લૈને શામને, આવ્યા હરિજન સાથ;
થાળ ભરીને મોતીયે વધાવ્યા દીનોનાથ...૪
આસુરી લાગ્યા બળવા, છાતી કૂટે બહુ પેર;
દાસ ગોપાલ કહે ઊલટાં, ખૂણે ખાતર પડ્યાં ઘેર...૫

**પદ-૪**

એવી શોભાને ધારતા, આવે મનોહરલાલ;
અમૃતની દૃષ્ટિ કરે, સૌને વધારે વા'લ....૧
ચૌટામાં ચાલ્યા શામળો, ભીડ મચી ભરપૂર;
ગુણીજન ભેટ્યું લૈને, આવ્યા હરિને હજૂર...૨
મેડી ઝરૂખે જાળીયે, ચડી હેરે પુર નાર;
પુષ્પ વેરે પારિજાતનાં, છાંટે ચંદનની ગાર...૩
નગરશેઠ હેમાભાઈ તેની માતાયે ઘેર;
સોનાના ફૂલડે વધાવીયા, શામસુદંર બહુ પેર...૪
પુર વાસી પાવન કરી, આવ્યા મંદિરમાં આપ;
દાસ ગોપાલ કહે બાળીયાં, કોટીજનમનાં પાપ...૫

**પદ-૫**

બેઠા સિંહાસન ઉપરે, સહજાનંદ સુખ ધામ;
ચારે કોરે સખા શોભતા, વચ્ચે છબીલો શ્યામ...૧
દુર્લભ સાહેબ આવીયા, કાને સુણી ભગવાન;
બલી રાજાની રીત્યે, અરપ્યું ભૂમીનું દાન...૨
પ્રભુ પાત્ર પોતે મળ્યા, સહજાનંદ સુજાણ;
સૂર્ય ચંદ્રની સાખ્યે, અર્પી ભૂમિ પરમાણ...૩
આશીર્વાદ આપી કરી, દીધો અભેવર આમ;
મુલકનો પાદશાહ જંદ્રેલ, પમાડ્યો અક્ષરધામ...૪
કરુણાસાગર કૃપા કરી, દીધો અભેવર સાર;
દાસ ગોપાલ કહે ટાળ્યા, જમપુરીના માર...૫

પદ- ૬

શ્રીપુર મધ્યે શોભતું, પ્રથમ કરીને ધામ,
પોતે મળી પધરાવીયા, નર નારાયણ નામ...૧
વિપ્ર ચોરાશી નાતના, તેડાવીને તતકાળ;
સામાન લઈ ગંજ મારીયો, જઈને કાંકરિયાની પાળ...૨
સીધાં સાકરનાં શામળે, આપ્યાં કરીને પ્યાર;
જતન કરીને જમાડીયા, વિપ્રનાં જૂથ અપાર...૩
કાંકરિયે દેરા તાણીયા, સો સો ગાઉની સીમ;
દળ દીસે રળિયામણું, માંહી છે અર્જુન ને ભીમ...૪
પુરનો રાજા આવીયો, અશ્વારી લઈ તે વાર;
દાસ ગોપાલ કહે પ્રકમા, કરે છે વારમવાર...૫

પદ-૭

નાહીને કાંકરીયાના નીરમાં, સખા સહિત તતકાળ;
આવીને મેમદાવાદમાં, બેટા જમવાને થાળ...૧
અગણિત અસુરો આવીયા, કરી નગારે ઠોર;
મારો મારો શબ્દ કરી, કરે કલોહલ જોર...૨
વૃષ્ટિ કરે તીખાં બાણની, નાખે બંધુક જંજાળ;
જમી ઊઠી ઘોડે ચડી, સ્વામી ગયા વહેલાળ...૩
આજ્ઞા આપી યુદ્ધ કરો, મારો જેમ તેમ થાય;
અગણિત ફોજો વાંસે જોઈ, અસુર ભાગ્યા જાય...૪
દાંતોમાં ખડ લઈ ભાગીયા, નાખી દીધાં હથિયાર;
દાસ ગોપાલ કહે મુખીયા, મારી નાંખ્યા બેચાર..૫

પદ-૮

સંવત અઢાર બ્યાસીયે, રંગ કરીને સાર;
નાંખ્યો સંતોના ઉપરે, થાળીયો ભરીને અપાર...૧
રસબસ કીધાં રંગમાં, સાધુ પાળા હરિજન;
નાંખે ગુલાબની ઝોળીયું, તે પર ત્રિભુવન...૨
તાકી મારે પિચકારીયો, મુખ ઉપર અલબેલ;
કીચડ થયો ભૂમિ ઉપરે, ચાલી છે રંગની રેલ...૩





કેસરિયા થઈ ઘનશ્યામજી, અશ્વે ચડી બલવીર;
ચાલ્યા સખાના સંગમાં, ન્હાવા ગંગાનાં નીર...૪
હાથી ઘોડા રથ પાલખી, સાધુ પાળાની ભીડ;
દાસ ગોપાલ કહે ઊતર્યા, જઈને સાબરને તીર...૫

પદ-૯

રંગ ભરેલા લાલજી, જળમાં ઝીલે બળવીર;
રાતાં થઈને વહેવા લાગીયાં, સાબરમતીનાં તીર...૧
પોતે ગંગાજી આવીયાં, મૂરતિમાન સાક્ષાત;
હાથ જોડીને હરિ આગળે, કહે પૂરવની વાત...૨
તમારા ચરણેથી શામળા, નોખી પડી બહુ કાળ;
સંત સહિત કૃપા કરી, આજ મળ્યા ગોપાળ...૩
ગંગાને ચરણે નિવાસ દઈ, અશ્વે થયા અસવાર;
મંદિરમાં સંતને જમાડીયા, ઘેબર મોતૈયા અપાર...૪
ભૂમિકા ભરત ખંડની, તેમાં ઉત્તમ આ શહેર;
દાસ ગોપાલ કહે સ્વામી, ફર્યા છે ઘેર ઘેર...૫

રાગ : ધોળ

મને તમારો નેડો લાગ્યો, સ્વામી સહજાનંદ રે;
સ્વામિ સહજાનંદ રે, છોગાળા ઘનશ્યામ રે...મને.
અધમ ઉદ્ધારણ નામ તમારું, મહાત્મ્ય સૌથી મોટું રે;
હરતાં ફરતાં તમને સમરું, બીજું સર્વે ખોટું રે...મને.
કાશી જોયું, દ્વારિકા જોયું, જોયાં તીરથ ઝાઝાં રે;
એમ કરતાં સત્સંગમાં આવ્યો, મનડે મેલી માયા રે,...મને.
શરણાગતને શરણે લેજો, બિરૂદ તમારું પાળી રે;
વિપત વખતે વહેલા આવો, શ્રીજી લ્યો સાંભળી રે...મને.
ગઢપુર ગામની કુંજગલીમાં, નિતનિત દરશન આપે રે;
મોર મુગટને કાને કુંડળ, મોરલી લીધી હાથે રે...મને.
ભવસાગરમાં ભૂલો પડ્યો, ત્યારે સગાસંબંધી લૂંટે રે;
દાસ ગોપાળ કહે દયા કરો, તો ભવના બંધન છૂટે રે...મને.

## પૂછી જો અંતરને તારા

પૂછી જો અંતરને તારા હૈયે મૂકી હાથ,
કહોને ક્યાંથી રીઝે ઘનશ્યામ...ટેક૦
પુન્ય ગયું પરવારી આજે, વધી રહ્યું છે પાપ...કહોને૦ ૧
સ્વારથના સહુ સગાં સંબંધી, સ્વાર્થની છે દુનિયા અંધી;
વહાલા વેરી થાતાં જગતમાં, સરી જતું જ્યાં સ્વાર્થ...કહોને૦ ૨
કામિની ને કંચન કાજે, ભાઈ ભાઈનાં ગળાં જ કાપે;
શરમ ન આવે સહેજે રે તુજને, કરતાં કાળાં કામ...કહોને૦ ૩
જૂઠું બોલતાં નવ અચકાતાં, માનવ દિન દિન દાનવ થાતાં;
પાપી પેટને ખાતર આજે, કતલ થતી ગૌમાત...કહોને૦ ૪
સત્ય અહિંસા દયા ભુલાઈ, લાભને લોભે વધી બુરાઈ;
દુ:ખમાં નાખે દીકરીને, પછી લે'ર કરે માબાપ...કહોને૦ ૫
ગયો જમાનો રામ સીતાનો, પતિવ્રતા ને પવિત્રતાનો;
આજ કાલના જુવાનીયાએ, નેવે મૂકી લાજ...કહોને૦ ૬
ધર્મ નિયમને છેટે મૂક્યા, ઈશ્વરને પણ છેકજ ચૂક્યા;
દારૂ પીધેલાં માંકડા જેવા, જીવ બન્યા બેફામ...કહોને૦ ૭
પાપનાં પોટલાં બાંધ્યાં પ્રાણી, લોકમાંહી શી કરી કમાણી;
માધવદાસ કહે મૂરખ, મૂળગો ખોયો માલ...કહોને૦ ૮

## રાગ : ગરબી — પદ-૧

આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી...૧
મહારે મુનિના ધ્યાનમાં નાવે, તેરે શામળીયોજી મુજને બોલાવે...૨
જે સુખને બ્રહ્માભવ ઈચ્છે, તેરે શામળીયોજી મુજનેરે પ્રીછે...૩
ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘરે બેઠા મળ્યા અક્ષરવાસી...૪
તપરે તીર્થમાં હું કાંઈ નવ જાણું, સ્હેજે સ્હેજે હું તો સુખડારે માણું...૫
જેરામ કહે સ્વામિ સ્હેજે મળીયા, વાતની વાતોમાં વ્હાલો અઢળક ઢળીયા...૬

## પદ-૨

મહેર કરી મારે મંદિર આવ્યા, થાળ ભરી મેં મોતીડે વધાવ્યા...૧
આનંદ અંગ ન માય મારી બેની, હરિવર ભેટતાં લજ્જા રે શેની...૨





દુરીજન મન રે માને તેમ કહેજો, સ્વામીજી મારી હૃદિયામાં રહેજો...૩
જેરે જોઈએ તે માગજો માવા, ત્રિકમ તમને હું નહિ દઉં જાવા...૪
મુખથી તે ઝાઝું શું કહી દાખું, હરિવર મારા હૃદિયામાં રાખું...૫
કોણ રે પુણ્યે વિઠ્ઠલવર પામી, ભલે મળ્યા જેરામના સ્વામી...૬

## પદ-૩

પૂર્વેનું પુણ્ય ઉદય થયું જ્યારે, સ્વામિનારાયણ મળ્યા ત્યારે...૧
નેણે મોહનવર નીરખ્યા જ્યારે, પૂરણ કામ થયું મારૂં ત્યારે...૨
પ્રેમે કરી મંદિર પધરાવ્યા, શ્યામસુંદરવર મનડેરે ભાવ્યા...૩
નીરખી નારાયણ મૂર્ત્તિ જ્યારે, ત્રિવિધિ તાપ ટળ્યા મારા ત્યારે...૪
કેશર ચંદન કર્યું છે ભાલે, હસતાં સુંદર ખાડા પડે છે ગાલે...૫
કાનમાં કુંડળ મકરાકૃત શોભે, જેરામ કહે મન જોઈ જોઈ લોભે...૬

## પદ-૪

શિર પર કેશ શોભે અતિસારા, મોહનવર મારી આંખ્યોના તારા...૧
ભ્રકુટી કુટીલ શોભી રહી સારી, જોઈ જોઈ મોહી સર્વે વ્રજનારી...૨
હૈયા પર હાર પહેર્યા વનમાળી, ભ્રમર આવે તે સુગંધને ભાળી...૩
શ્રીઘનશ્યામ શોભે અતિ સારા, જાણે ઊગ્યા આકાશમાં તારા...૪
નાભિ નૌતમ ઊંડી છે ભારી, બ્રહ્મા બેસે ત્યાં આસન વાળી...૫
જાનુ જુગલ શોભે અતિ સારા, જેરામ કહે દેખે દાસ તમારા...૬

## રાગ : ગરબી

વસ્યો છે છોગલાવાળો, મારે મન વસ્યો છે છોગલાવાળો...ટેક.
છેલ છબીલો ને અજબ રંગીલો, એનો ચપળ નેણનો ચાળો...મારે૦ ૧
જરકશી જામા ને પાઘ કસુંબી, કમર કસ્યો છે કટારો;
કાને કુંડળ કંઠે મોતીડાની માળા, એના સુરવાળનો ઝબકારો...મારે૦ ૨
કપુરની માળા કંઠે વિરાજે, હેમ કડાં બે હારો;
જમણી આંગળીએ વેઢવીંટી વિરાજે, એનો તોરો કસુંબી ન્યારો...મારે૦ ૩
હૈડા ઉપર હેમચંદ્ર બિરાજે, પાય પાવલી ઘુઘરીનો ઘમકારો;
અટકમટક એની ચાલ ચટક, બ્રહ્મચારી જે રામનો પ્યારો...મારે૦ ૪

પદ-૨

આવજો છોગલાં ધારી, મારે ઘેર આવજો છોગલાં ધારી ટેક૦
લાડુ જલેબી ને સેવ સુંવાળી, હું તો ભાવે કરી લાવી છું ભારી... મારે૦
સૂરણ પૂરણ ને ભાજી કારેલાં, પાપડ વડી વઘારી;
વેંતાક વાલોળનાં શાક કર્યાં મેં તો, ચોળાફળી છમકારી... મારે૦
કાજુ કમોદનો ભાત કર્યો, મેં તો દાળ કરી બહુ સારી;
લીંબુ કેરીનાં લેજો અથાણાં, કઢી કરી છે કાઠિયાવાડી... મારે૦
લવીંગ સોપારી ને પાન બીડી, તજ લવીંગ એલચી સારી;
નિશદિન આવો તો ભાવે કરી ભેટું, એમ માગે જેરામ બ્રહ્મચારી... મારે૦

રાગ : ધોળ

સંત પારસ ચંદન બાવના; કામધેનુ કલ્પતરુ સાર...સમાગમ સંતનો૦ ૧
સંત સમજ્યામાં અંતર ઘણો; તરુ પારસ ત્રણ પ્રકાર... સમાગમ૦ ૨
એક પારસથી પારસ બને; એક પારસથી હેમ હોય... સમાગમ૦ ૩
એક પારસ લોહને કુંદન કરે; સો વર્ષે લોહ નવ હોય... સમાગમ૦ ૪
એક ચંદનથી વીષ ઊતરે; એક ચંદનથી અગ્નિ ઓલાય... સમાગમ૦ ૫
એક તલભાર તાતા તેલમાં; ફરી તેલ તાતું નવ થાય... સમાગમ૦ ૬
સર્વે સેના સૂરી નવ જાણીયે; સર્વે નારી પતિવ્રતા ન હોય...સમાગમ૦ ૭
સર્વે ગજશિર મોતી ન નીપજે; નાગે નાગે મણિ નવ હોય...સમાગમ૦ ૮
મૃગે મૃગે કસ્તૂરી ન નીપજે; વને વને અગર નવ હોય... સમાગમ૦ ૯
જળે જળે કમળ નવ નીપજે; તેની વિક્તિ વિચારીને જોય...સમાગમ૦ ૧૦
જ્ઞાનહીન ગુરુ નવ કીજીયે; વંધ્યા ગાય સેવે શું થાય... સમાગમ૦ ૧૧
કહે પ્રીતમ બ્રહ્મવેત્તા ભેટતાં, મહારોગ સમૂળો જાય... સમાગમ૦ ૧૨

રાગ : ધોળ

સંગત તેને શું કરે, જઈને કુબુદ્ધિમાં ધરે કાન...સંગત૦ ટેક૦
મરી કપૂર બેઉ ભેગાં રહેતાં રે, નિરંતર કરી એક વાસ;
તોય તીખાશ એની ન ટળી રે, એની બુદ્ધિમાં નાવ્યો બરાસ...૧
ચંદન ભેળો વીંટીને રેતો રે, રાત દિવસ ભોયંગ
તોય કન્ઠેથી વિષ ન ગયું રે, એને ન આવી શીતળતા અંગ...૨





રાણી ને દાસી ભેગાં રહેતાં રે, જમતાં નિત્ય કરી પ્રીત;
તોયે શાણી સમજી નહીં રે, એને ન આવી રાજકુળની રીત...૩
મોટો ખર એક બાંધિયો રે, રાજતણી ઘોડશાળ;
બોલી ઠોલીતો બદલી નહીં રે, ચંદી ખાતો તો હારો હાર...૪
દાદુર રહેતો તળાવમાં રે, નિત્ય કમળ સુપાસ;
કલબલ કરતો કીચમાં રે, એને ન આવી કમળની સુવાસ...૫
પત્થર રહેતો પાણીમાં રે, ઊંડો કરીને નિવાસ;
પ્રીતમ કહે ટાંકણે તણખા ઝરે રે, એને ન લાગ્યો પાણીનો પાસ..૬

રાગ : પ્રભાત

જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વિના ધેનુમાં કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડોરે ગોવાળીયો કોણ થાશે ?
જાગને૦ ૧
દહીં તણાં દૈથરાં ઘી તણાં ઘેબરાં, કઢીયલ દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથીયો, કાળીનાગ નાથીયો, ભૂમીનો ભાર તે કોણ હરશે ?
જાગને૦ ૨
જમુનાને તીરે, ગૌધણ ચરાવતાં, મધુરીશી મોરલી કોણ વાશે ?
ભણે નરસૈંયો, તારા ગુણ ગાઈ રીઝીયે, બુડતાં બાવડી કોણ સ્હાશે ?
જાગને૦ ૩

જળકમળ છાંડી જાને...

જળકમળ છાંડી જાને બાળક, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે... જળ૦ ટેક૦
કહે રે બાળક તું મારગ ભૂલિયો, કે તારા વેરીએ વળાવીયો;
નિશ્ચે તારો કાળજ ખૂટ્યો, અહીંયાં તે શીદ આવીયો... જળ૦ ૧
નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવીયો;
મથુરાનગરીમાં જૂગટું રમતાં, નાગનું શીશ હું હારીયો... જળ૦ ૨
રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તું અળખામણો... જળ૦ ૩
મારી માતાએ બેઉ જન્મ્યા, તેમાં હું નટવર ન્હાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો... જળ૦ ૪

લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરીયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને કરી ચોરીયો... જળ૦ ૫
શું કરું નાગણ હાર તારો, શું કરું તારો દોરીયો;
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીયો... જળ૦ ૬
ચરણ ચાંપી મૂછ મરડી, નાગણે નાગ જગાડીયો;
ઉઠોને બળવંત કોઈ, બારણે બાળક આવીયો... જળ૦ ૭
બેઉ બળિયા બાથે વળીયા, કૃષ્ણે કાળિનાગ નાથીયો;
સહસ્રફેણ ફૂંફવે જેમ, ગગન ગાજે હાથીયો... જળ૦ ૮
નાગણ સૌ વિલાપ કરે છે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરાનગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે... જળ૦ ૯
બે કર જોડીને વિનવે સ્વામી, મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને... જળ૦ ૧૦
થાળ ભર્યો શગ મોતીયે, શ્રીકૃષ્ણને રે વધાવિયો;
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો... જળ૦ ૧૧

### રાગ : પ્રભાત

જે સમે જે ગમે જગત ગુરુદેવને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કોઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો...ટેક૦
હું કરું હું કરું એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વે એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે... જે૦ ૧
નિપજે નરથી તો કોઈ ન રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દૃષ્ટિ આવે નહિ, ભવન પર ભવન પર છત્ર દાખે... જે૦ ૨
ઋતુ લતા પત્ર ફળફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તેજ પહોંચે... જે૦ ૩
ગ્રંથ ગડબડ કરી વાત ન ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મનકર્મવચનથી આપ માની લહે, સત્ય છે એજ મન એમ સૂઝે... જે૦ ૪
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વે કાચું;
જુગલ કરજોડી નરસૈયો એમ કહે, જન્મ-પ્રતિજન્મ હરિને જ જાચું... જે૦ ૫





### રાગ : પ્રભાતી

ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે... ટેક૦
ગિરિવરધારીને ઉપાડી, મટૂકીમાં ઘાલી રે... ભોળી૦ ૧
શેરીએ શેરીએ સાદ પાડે, કોઈને લેવા મુરારી રે;
નાથ અનાથ ચૌટા વચ્ચે, વેચે આહિર નારી રે... ભોળી૦ ૨
વ્રજનારી પૂછે શું છે માંહી, માધુરી મોરલી વાગી રે;
મટુકી ઉતારીને જોતાં, મૂર્છા સૌને લાગી રે... ભોળી૦ ૩
બ્રહ્માદિક ઈન્દ્રાદિક સરખા, કૌતુક ઊભા પેખે રે,
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં બેઠેલા દેખે રે... ભોળી૦ ૪
ભક્તજનોના ભાગ્યે વ્રજમાં પ્રગટ્યા અંતરજામી રે;
દાસલડાને લાડ લડાવે, નરસૈયાના સ્વામી રે... ભોળી૦ ૫

### રાગ : મલાર

મારા હરજીશું હેત ન દીસેરે, તેને ઘેર શીદ જઈએ...ટેક.
હેત વિના હુંકારો ન લેવો, જેનું હરખેશું હૈડું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે...તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઈ ભાળે રે;
લલિત લીલાનો રંગ ન રાચે, પછે ઉલેચી અંધારું ટાળે રે...તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછે ત્રટમાં જઈને કૂપ ખોદે રે...તેને૦ ૩
પોતાના સરખી કરી જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામિની લીલા, ઓલ્યા મતીયા કહે છે માયા રે...તેને૦ ૪

### રાગ : ધોળ પદ-૧

ઘડપણ કેને મોકલ્યું, જાણ્યું જોબન રહે સહુકાળ, ઘડપણ૦ ટેક
ઉંબર તો ડુંગર થયા રે, પાદર થયા પરદેશ,
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઉજળા થયા છે કેશ. ઘડપણ૦ ૧
નહોતું જોઈતું તે શીદ આવીયું રે, નહોતી જોઈ તારી વાટ,
ઘરમાંથી હળવા થયા રે, કહેશે ખુણે ઢાળો એના ખાટ. ઘડપણ૦ ૨
નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે સેવ,

રોજનેરોજ જોઈએ રાબડી રે, એવી પડી રે ઘડપણની ટેવ. ઘડપણ૦ ૩
આંખે તો સુઝે નહિ રે, થર થર ધ્રુજે કાય,
ખાધું તો અન્ન પચે નહિ રે, વળી બેઠા તો નવ રહેવાય. ઘડપણ૦ ૪
પ્રાતઃકાળે પ્રાણ મહારા રે, અન્ન વિના અકળાય,
ઘરનાં કહે છે મરતો નથી રે, તને બેસી રહેતાં શું થાય. ઘડપણ૦ ૫
દીકરા તો જુજવા થયા રે, વહુઅર દે છે ગાળ,
દીકરીઓને જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શ્યારે હાલ. ઘડપણ૦ ૬
નવ નાડીઓ જુજવી પડી રે, આવી પહોંચ્યો કાળ,
બઈરાં છોકરાં ફટ ફટ કરે રે, નાના મોટા મળી દે છે ગાળ. ઘડપણ૦ ૭
આવી વેળા અંતકાળની રે, ત્યારે દિકરા પધાર્યા દ્વાર,
પાંસળીઓથી છોડી વાંસડી રે, તેણે લઈ લીધી તેણીવાર. ઘડપણ૦ ૮
એવું જાણી સહુ હરિ ભજો રે, સાંભળજ્યો સહુ સાથ,
પર ઉપકાર કરી પામશો રે, જે કાંઈ કીધું હશે જમણે હાથ. ઘડપણ૦ ૯
એવું નફટ છે આ વૃધ્ધપણું રે, મુકી દ્યો સહુ અહંકાર,
ધર્મના સત્ય વચન થકી રે, મહેતા નરસિંહ ઉતર્યો ભવપાર. ઘડપણ૦ ૯

**રાગ : સોરઠ પદ-૧ (વચ.વ. ૧૨)**

ધન્ય વૃંદાવનવાસી વટની છાયા રે, જયાં હરિ બેસતા,
શ્રી યમુનાજી પૂજ્ય તટોગન નહિ પાર રે, નાવા હરિ પેસતા.... ટેક૦
ધન્ય ધન્ય તે જશોદા માતાને, ધન્ય ધન્ય એ નંદજી તાતને,
ધન્ય ધન્ય ગોવર્ધન ગાથને, ધન્ય ધન્ય તે વ્રજના સાથને-ધન્ય૦ ૧
ધન્ય ધન્ય તે વ્રજની વૃક્ષવેલી, ધન્ય ધન્ય એ સરખી સાહેલી,
ધન્ય હરિ વળગી જેની બેલી, ધન્ય ધન્ય તે વ્રજની કુંજગલી-ધન્ય૦ ૨
ધન્ય ધન્ય ગોકુળની ધેનુને, ધન્ય ધન્ય વાલાની વેણુને,
ધન્ય ધન્ય કામણગારી નેણું, ધન્ય ધન્ય કાળીની ફેનુંને-ધન્ય૦ ૩
ધન્ય ધન્ય કરુણાપુતના માસી, ધન્ય ધન્ય મૃત્યુની ટાળી ફાંસી,
વાલે મુક્ત પમાડ્યા ગોકુળવાસી, ધન્ય ધન્ય કરુણા કુબજા દાસી-ધન્ય૦ ૪
ધન્ય ધન્ય એ ગોકુલગામને, તે પામ્યા હરિના ધામને,
વારી જાઉં શામળા શ્યામને, ધન્ય ગ્વાલબાલ તમામને-ધન્ય૦ ૫





ધન્ય કંસરાયના ત્રાસ નિવાર્યા, રાજા ઉગ્રસેન શીરછત્ર ધર્યા,
વસુદેવ દેવકીને જેલમુક્ત કર્યા, મહેતા નરસીને અખૂટ ભર્યા-ધન્ય૦ ૬

**રાગ : આશાવરી પદ-૧**

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે -વૈષ્ણવ૦ ૧
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન્ય જનની તેની રે -વૈષ્ણવ૦ ૨
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન ન ધરે હાથ રે -વૈષ્ણવ૦ ૩
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેનાં મનમાં રે,
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેનાં મનમાં રે -વૈષ્ણવ૦ ૪
વણલોભી ને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે -વૈષ્ણવ૦ ૫

**(મહીડાનાં દાણ અમે નહિ દઈએ રે લોલ એ રાગ)**

નીરખી નયણાને તૃપ્તિ ના વળે રે લોલ,
મૂર્તિ માધુરી એની રમ્ય રે
શ્રીજીના સ્નેહ મને સાંભરે રે લોલ...ટેક૦
દયાનાં ભરેલ એનાં દિલડાં રે લોલ,
આંખડી ભરેલ અમીરેલ રે...શ્રીજીના૦ ૧
ઘોડલે ચડીને ઘેલા પરવરે રે લોલ;
ખાંતે ખેલે તે નીરમાંય રે...શ્રીજીના૦ ૨
ગઢપુર ગામ કેરે ગોંદરે રે લોલ;
ઝંખતી જુએ જન-ભીડ રે...શ્રીજીના૦ ૩
દાદાને દરબાર દીપતા રે લોલ;
ઢોલિયા ઢળાવી બેસે બહાર રે...શ્રીજીના૦ ૪
ફરતી ફળીમાં એક લીંબડી રે લોલ;
છાયામાં જામે ભક્તભીડ રે...શ્રીજીના૦ ૫
તુલસીની માળા માગી ફેરવે રે લોલ;
ખેંચે તોડીને કોઈ દિન રે...શ્રીજીના૦ ૬

ગાયે વાજિંત્ર સાથ મંડળી રે લોલ;
ચપટી વગાડી વાલો ગાય રે...શ્રીજીના૦ ૭
આંટો લઈને અલબેલડો રે લોલ;
ફેટો બાંધીને બન્ને છેલ રે...શ્રીજીના૦ ૮
સુણતા કથા તે હરે બોલતા રે લોલ;
ડોલે મગન સુણી મર્મ રે...શ્રીજીના૦ ૯
આપી આશિષ રાજી થઈ જતા રે લોલ;
સંતને ભેટે તે ભરી બાથ રે...શ્રીજીના૦ ૧૦
દયા ધરીને થતા આકળા રે લોલ;
દેવાને અન્ન ધન વસ્ત્ર રે...શ્રીજીના૦ ૧૧
ઝડીએ તે બ્રહ્મરસ વર્ષતો રે લોલ;
ઝીલીને ઝીલાવે 'વસંત' રે...શ્રીજીના૦ ૧૨

**રાગ : આશા ભર્યાંને અમે આવીયાં ને મારા વાલે રમાડ્યા રાસ રે**

આવ્યા રસિકવર છેલડા, ને હું તો ઝબકીને જાગ્યો સેજ રે;
હરિ મારી સામે ઊભા...ટેક૦
ભૂલ્યો પાથરણું તે આપવું, ને વળી ભૂલ્યો શરીર સંભાળ રે;
હરિ મારી સામે ઊભા...આવ્યા૦ ૧
કોટિ કિરણ તેજ છાઈ રહ્યાં, ને વળી અજવાળાં ઊઘડ્યાં આભ રે;
હરિ મારી સામે ઊભા...આવ્યા૦ ૨
દિવ્ય અલૌકિક દીપતા ને શ્રીજી, કૂમળી કિશોર એની કાય રે;
હરિ મારી સામે ઊભા...આવ્યા૦ ૩
વિચરુ સદા સત્સંગમાં ને, હું નથી ગયો દૂર દેશ રે;
બોલી હરિ સામે ઊભા...આવ્યા૦ ૪
મારા માનેલ ઓ માનવી, તમે માનશો મા કોઈ દુઃખ રે;
બોલી હરિ સામે ઊભા...આવ્યા૦ ૫
માગ્યા રામાનંદ પાસથી, અમે એવા અભય વરદાન રે;
બોલી હરિ સામે ઊભા...આવ્યા૦ ૬
બોલી અલોપ એમ થઈ ગયા, ને લીધી અક્ષર કેરી વાટ રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૭





શોધ્યા તે ચૌટે ચોતરે, ને વળી શોધ્યા તે વગડાની વાટ રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૮
કુમકુમ પગલાં પાડી પ્રભુની, મારા મંદિરિયાની માંહ્ય રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૯
ત્યાં તો 'વસંત' વેણ સાંભળ્યું, હરિ વસે સાચા સંતમાંય રે;
નથી નાથ સામે ઊભા...આવ્યા૦ ૧૦

**રાગ : લાવણી**

શ્રીજી અને સહુ સંતો રે, મળી કરજો મારી સહાય;
હું છું તમારે શરણે રે, પુરૂષોત્તમ લાગુ પાય...શ્રીજી૦ ટેક૦
હું અનંત ભવમાં ભટક્યો, આવી ઈયાંરે અટક્યો.
ખરી રીતે રાખી ખટકો, છોગાળા કરજો છૂટકો રે...પુરુ૦ ૧
નથી ગયો હું ગંગા કાશી, તેણે અંતર નથી ઉદાસી;
નક્કી અક્ષરધામનિવાસી, મેં ઓળખ્યા અવિનાશી રે...પુરુ૦ ૨
મુને મલ્યા સહજાનંદ સ્વામી, ભાંગી જન્મોજન્મની ખામી;
નારાયણ છો બહુનામી, ઉગારો અંતર્યામી રે...પુરુ૦ ૩
પ્રભુ પૂરણ પ્રજાળી પાપો, સ્થિર અક્ષરધામે સ્થાપો;
કહે માવદાન દુઃખ કાપો, અમને અક્ષયસુખ આપો રે...પુરુ૦ ૪

**રાગ : ગરબી**

મોગરાનાં ફૂલ સખી મોગરાનાં ફૂલ,
શ્રીજીને પ્યારાં બહુ મોગરાનાં ફૂલ...ટેક૦
લક્ષ્મી વાડી શ્રીજીની રૂડી રઢિયાળી,
પુષ્પો લેવાને હું તો પ્રેમેથી ચાલી;
ખીલ્યાં ખીલ્યાં રે ત્યાં તો મનગમતાં ફૂલ..શ્રીજી૦ ૧
ડોલર, ગુલાબ, ગુલ, ચંપો, ચમેલી,
કેતકી, કરેણ, જાઈ, જાુઈ અલબેલી;
મોગરાની પાંખડીમાં સૌરભ અમૂલ...શ્રીજી૦ ૨
ફૂલડે ફૂલડે મેં નામ શ્રીજીનું લીધું;

વીણી વીણીને મારું મનડું પ્રોઈ લીધું;
એકસોને આઠ ચૂંટ્યાં મોગરાનાં ફૂલ...શ્રીજી૦ ૩
મોગરાની માળા ગૂંથી માવ કવિ રાયે,
કાવ્યની કુસુમમાળ કદી ના કરમાયે;
વીણગુણ એ માળા તણાં મૂલ છે અમૂલ...શ્રીજી૦ ૪

**પદ-૧**

ભવસાગરના નીર તરીને, જાવું સામે તીર;
સંતો ભવસાગરનાં નીરજી...ટેક૦
આશા તૃષ્ણા નદી ને સંગમ, ગાજતાં ગંભીરજી;
મનસુબા રૂપી લોઢ મોટા, થાવા ન દીએ સ્થિર... સંતો૦ ૧
કામ ક્રોધ ને લોભ મોટા, મગર મચ્છની ભીરજી;
ભામિની રૂપી ભમરીમાંથી, સાચવવું જ શરીર... સંતો૦ ૨
શૂરતા રૂપી સઢ ચડાવી, શાંતિ રૂપ સમીરજી,
નાવ હરિના નામ રૂપી, ધારો નાંગળ ધીર... સંતો૦ ૩
ખેવટ જ્ઞાની ગુરુ ગોતી, ધર્મી ધ્યાની ધીરજી;
માવ કવિ કહે તુરત તરશે, સત્સંગી શૂરવીર... સંતો૦ ૪

**ડંકો દીધો તેં વીરા વાછરા (એ રાગ)**

આજ સો સો વર્ષોનાં વાણાં વાઈ ગયાં;
તોયે જાણે હજુ કાલ સવારની વાત રે; સહજાનંદ સ્વામી
ગઢપુર જોતાં શ્રીજી સાંભરે, (મને ગઢપુર જોતાંજ)...ટેક૦
એનો એ દરબાર એના એ ઓરડા,
એના એ તોરણ ચાકળા હિંડોળાખાટ રે...સહજાનંદ સ્વામી૦ ૧
એના એ લીંબડો ને અક્ષર ઓરડી,
એના એ ગાદી તકિયા રંગતપાટ રે...સહજાનંદ સ્વામી૦ ૨
સાધુ બ્રહ્મચારી પાળાની સાથમાં,
ખાંતીલો આંહી ખેલતા રંગ ખેલ રે...સહજાનંદ સ્વામી૦ ૩
આજ સૂનો દરબાર સૂના એ ઓરડા,
સૂના દીસે આજ ઘેલા નદીના ઘાટ રે...સહજાનંદ સ્વામી૦ ૪





લક્ષ્મીવાડી લાડીલા લાલની,
પોઢ્યાં જીયાં પાતળીયો મુજ પ્રાણ રે...સહજાનંદ સ્વામી૦ ૫
ગંગાજળીએ હરિને ગોતીયા,
જળ શય્યામાં જોયા જીવન પ્રાણ રે...સહજાનંદ સ્વામી૦ ૬
ગુણિયલ મૂર્તિ રે ગોપીનાથની,
દર્શન કર્યે શાન્ત દિલ થાય રે...સહજાનંદ સ્વામી૦ ૭
માગે કર જોડી માવદાનજી,
શ્રીજી સદાયે રહેજો મારી સહાય રે...સહજાનંદ સ્વામી૦ ૮

**મારે સાસરીએ જઈને - એ રાગ**

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છેઃ
પ્રેમી ભક્તોની હામું પૂરે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...ટેક૦
જામનગર જાત્રાનું ધામ છે, સ્વામી મંદિરમાં શ્રી ઘનશ્યામ છે;
દીધો પરચો પોષ સુદી એકાદશી પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૧
વિપ્ર કન્યા ઝવેરબાઈ નામ છે, કચ્છ પિયરને સાસરું આ ગામ છે
ભાવે ભજતી એકલડી નિત્ય પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૨
પૂર્વ કર્મ મટે કેમ ભાવિ, થયો ઝામર ને આંખે ખોટ આવી;
થાય પીડા અંગો અંગ સહાય કરજો પ્રભુજી;
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૩
વૈદ્ય ડોકટરોને આંખડી બતાવી, સહુએ ઓપરેશન કરવા સમજાવી;
છેડાવ્રત આજ છૂટે લાજ રાખો પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૪
દર્શન એકાદશીને દિન દીધું, વહાલે વનિતાનું રૂપ ધરી લીધું;
ફર્યા પ્રદક્ષિણા પ્રેમી ભક્ત સાથે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૫

હરિ નાખ્યું ટીપું નિજ હાથે, મહા અમૃતમય હાથ મૂકી માથે;
દુઃખ કાપ્યું સુખ આપ્યું દીનાનાથે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૬
પ્રેમદાની પીડા સર્વે ટાળી, થયા વનિતા રૂપે વનમાળી;
થયા ભેચક વૈદ્યો આંખ ભાળી પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૭
મૂર્ખ લોકો આ વાત નહિ માને, જાુઓ આંખે જઈ સાંભળો શું કાને;
ખરી ખાત્રી કરી છે ''માવદાને'' પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે...આજ૦ ૮

**પ્રાર્થના પદ**

શ્રીજી મહારાજ માગું શરણ તમારું, વહારે વહેલા અમારી આવજો;
સહજાનંદ વહેલા પધારજો ટેક૦
આરે સંસારમાં અનેક ઉપાધિ, ત્રિવિધ તાપ બળે આધિને વ્યાધિ;
તેથી બહુનામી બચાવજો ...સહજાનંદ૦ ૧
દુરિજની આ મળી દુઃખ બહુ દે છે, નહિ રે કહેવાનાં વચનો કહે છે;
એનાં અભિમાન ઉતરાવજો ...સહજાનંદ૦ ૨
અમારે મન એક તમારી ટેક છે, અમ જેવા તો પ્રભુ તમને અનેક છે;
પોતાનો જાણી નીભાવજો ...સહજાનંદ- ૩
માગે કવિ માવદાન મદદ તમારી, અલબેલા સહાય કરજો અમારી;
મુક્ત મંડળને સાથે લાવજો ...સહજાનંદ૦ ૪

**રાગ : ધોળ**

મારી અવિચળ ચૂંકને રાખજો, મારી ચૂડીનો ભંગ ન થાય,
માગું વર નાથજી...ટેક૦
રહે કેસર પીર લલાટમાં, રહે સેંથો ચાંદલો સદાય...માગું૦ ૧
મારે ઘરે રહે સંત સામટા, નિત્ય ગુણ તમારા ગાય...માગું૦ ૨
સત્સંગી મળી દેશદેશનાં, આવે ઉત્સવ કરવાને આંય...માગું૦ ૩
મારે ઘેર રહો ઘનશ્યામજી, મારી સંપત્તિ તમ અર્થે થાય...માગું૦ ૪
રાજપાટ ને ગામ ગરાસ છે, ભવન સહિત તમારાં કહેવાય...માગું૦ ૫





જયા લલિતા રમા ને પંચાળી, તેને સમજુ છું મુક્ત સમાન...માગું૦ ૬
અમો સૌ મળી તમને સેવીએ, ધરીએ અખંડ તમારું ધ્યાન...માગું૦ ૭
કરો મંદિર મોટું મારે આંગણે, રહો પ્રેમથી પ્રાણ આધાર...માગું૦ ૮
તેમાં મૂર્તિ પધારાવો વાસુદેવની, તમો પડોશી થાઓ કરી પ્યાર...માગું૦ ૯
વળી આ લોકની સુખ સંપત્તિ, શ્રીજી આપી પૂરા કરો કોડ...માગું૦ ૧૦
દુરિજનનું મેણું ઉતારવા, પ્રભુ આપજો પુત્રની જોડ...માગું૦ ૧૧
અભય સુતને સુખી રાખજો, રહે અખંડ અભય પરિવાર...માગું૦ ૧૨
અભય વંશ સદા તવ ઉપાસી, એ માગું છું હું ધર્મકુમાર...માગું૦ ૧૩
વળી અભય સુત પહેલાં મુજને, શ્રીજી આપજો અક્ષરધામ...માગું૦ ૧૪
એવી વાણી સુણી જસુબાઈની, વર આપો કહે યુગલદાસ...માગું૦ ૧૫

**રાગ : ઠુંમરી**

સબહી બરન મેં વોહી બડે જીન, સ્વામિનારાયણ રટા રટા રે.
સ્વામિનારાયણ જેહી મન રાચે, સંસાર તિનકો ખટા ખટા રે
સહજાનંદ કો' દર્શન જીન કીનો, ત્રિવિધતાપ સો કટા કટા રે.
સ્વામિનારાયણ કો' મુખ ગાવે, પંડિત જોગી ભટા ભટા રે.
સહજાનંદકો ધ્યાન ધરી મુનિ, શિર ધરિ કે બડી જટા જટા રે.
સ્વામિનારાયણ આશ્રય જીન કિનો, તિનકી ઔર હૈ છટા છટા રે.
શ્વેતવૈકુંઠદાસ શ્રી હરિ કે, પડત ચરનમેં લટા લટા રે.

**ગઢપુરનું કીર્તન**

દાદાને દરબાર જાશું, સવારમાં નિત્ય ઊઠીને,
માવાનું મુખડું જોશું, સવારમાં નિત્ય ઊઠીને... ટેક૦
હરશું ફરશું ને સ્મરણ કરશું, માવાનું મુખડું જોશું સવારમાં૦
સંતો કહે તે સેવા રે કરશું, કહેશે તો સંજવારી લેશું સવારમાં૦
ગોપીનાથજીના ગુણલા ગાશું, હાથ જોડીને ઊભા રે'શું સવારમાં૦
હરિકૃષ્ણજીને હેતેથી મળીએ, સંસારમાં શીદને ભળીએ સવારમાં૦
માતાજી પાસે માગીને કહીએ, બાળકોની ખબરું લઈએ સવારમાં૦
વાસુદેવજીને વારણે જઈએ, અમે તમારા એમ કહીએ સવારમાં૦
ધર્મભક્તિને ભાળીને કહીએ, હવે જાવા નવ દઈએ સવારમાં૦

રેવતીજીને હૃદયમાં ધરીએ, સૂર્યનારાયણ સમરીએ સવારમાં૦
જદુપતિને જોવાને સારુ, પાસે છે બળરામ ભઈએ સવારમાં૦
આ દશ મૂર્તિનું જે દર્શન કરશે, ભવથી પાર ઊતરશે સવારમાં૦
લીંબતરુની લીલા સંભારીએ, શ્રીજીનું ધ્યાન નિત્ય ધરીએ સવારમાં૦
ઘેલા નદીના ઘાટને જોઈને, સ્નાનવિધિ અનુસરીએ સવારમાં૦
આ દશ મૂર્તિ રહો મુજ આગે, ધીરૂભા એમ નિત્ય માગે સવારમાં૦

## પદ-૧

કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે,
અલ્યા નાહકનાં મરો બધાં મથી મથી રે... કોઈ૦ ૧
મનથી માનેલ કહે બધાય મારાં, માની લે જીવડા તારા કે મારા,
સ્વાર્થ વિના પ્રીતિ કોઈ કરતું નથી રે... કોઈ૦ ૨
આ મારી દીકરી ને આ મારી માત છે, આ મારી ઘરવાળી ને આ મારો બાપ છે,
મુઆની સંગાથે કોઈ જતું નથી રે... કોઈ૦ ૩
જનની જનેતાએ જન્મ રે દીધો, પાળી પોષીને તને મોટેરો કીધો,
પરણ્યા પછી માતા સામું જોતો નથી રે... કોઈ૦ ૪
કેટલાંક ગયાં ને કેટલાંક જવાનાં, ના કોઈ રહ્યાં ને ના કોઈ રહેવાનાં,
ગયા એનાં કોઈ સમાચાર નથી રે... કોઈ૦ ૫
સ્વયંપ્રકાશ કહે હરિને ભજીલ્યો, માનવનો દેહ મળ્યો ફેરો સુધારી લો,
તારા સાચા સંગાથી પ્રભુ વિના નથી રે... કોઈ૦ ૬

## આવ્યા સહજાનંદ સુખકારી પદ-૧

આવ્યા સહજાનંદ સુખકારી, અમદાવાદમાં રે, સરવ અવતારના અવતારી અમદાવાદમાં ર
સુણિને સામા હરિજન આવ્યા અમદાવાદમાં રે,મોંઘે મોતીડે વધાવ્યા અમદાવાદમાં રે.
વાજે વાજાં હરિને આગે અમદાવાદમાં રે,સુણતા જનતણા દુઃખ ભાગ અમદાવાદમાં રે.

ભેરી ભુંગળ ને શરણાઈ (અમ.) વાગે પડઘમ ઉમંગ માઈ. (અમ.)
મૃદંગ ઝાંઝુનો ઝમકાર (અમ.) ઢોલ ત્રાંસીનો નહિ પાર (અમ.)
વાગે ડંકો ઉડે નિશાન (અમ.) થાય ગવૈયાના ગાન (અમ.)
ઘૂમે ઘોડાની ધમસાણ (અમ.) થયું શહેરમાં સૌને જાણ (અમ.)
ધાયાં જ સૌ કરતા સૌર (અમ.) હેતે જોવા ધર્મકિશોર (અમ.)
ગોખ ઝરૂખે બેસી નારી (અમ.) નીરખે નેણેથી મોરારિ (અમ.)





મૂરતિ મોહનની મન ભાવે (અમ.) રૂડા પુષ્પેથી વધાવે (અમ.)
રોઝે ઘોડે શોભે શામ (અમ.) જોઈને લાજે કોટીક કામ (અમ.)
થાય બે બાજુ ચમર (અમ.) શોભે સોનાનું છતર (અમ.)
આગળ બોલે છે ચોપાદાર (અમ.) જય જય જન કરે ઉચાર (અમ.)
સાહેબ બે આવ્યા છે સામા (અમ.) એરણ દુર્લભ એવે નામા (અમ.)
ટોપી ઉતારીને હાથ (અમ.) નમ્યા ચરણે આવી નાથ (અમ.)
સૌને દેતા દર્શન દાન (અમ.) આવ્યા મંદિરમાં ભગવાન (અમ.)
દરવાજાની શોભા સારી (અમ.) ગોખ ઝરૂખો શોભે ભારી (અમ.)
જોઈને રાજી થયા અવિનાશ (અમ.) તેના ઉપર કીધો વાસ (અમ.)
ઘણું રહીને ત્યાં ઘનશ્યામ (અમ.) કર્યા જનને પૂરણ કામ (અમ.)
બદ્રીનાથ કહે બહુ વાર (અમ.) કરી લીલા અપરમપાર (અમ.)

## પદ-૨

સદ્‌ગુરુ આનંદસ્વામિ પાસે શ્રીનગરમાં રે, મંદિર કરાવ્યું ઉલાસે શ્રીનગરમાં રે
સંવત અઢાર સુખકારી (શ્રીનગર.) અઠોતેરની સાલ સાર(શ્રીનગર.)

ફાગણ સુદની તૃતીયા ,, તે દી મુરતિયુ પધરાવી ,,
જોઈને નરનારાયણ નાથ ,, હેતે મલ્યા ભરીને બાથ ,,
મધ્યના મંદિરમાં બેસારી ,, પોતે આરતી ઉતારી ,,
પૂરવ મંદિરમાં મન ભાવ્યા ,, થાપ્યા કૃષ્ણ રાધા પ્યારી ,,
પશ્ચિમ મંદિરમાં મન ભાવ્યા ,, હેતે હરિકૃષ્ણ પધરાવ્યા ,,
પિતા ધર્મ ને ભક્તિ માત ,, પોતે પધરાવ્યા સાક્ષાત ,,
રૂડા ગણપતિ ને કપિનાથ ,, તે પણ સ્થાપ્યા હાથ ,,
થયો સમૈયો તે ભારી ,, આવ્યું લાખુ નર ને નારી ,,
જોઈને બોલ્યા હરિ તે વાર ,, ચાલો સર્વે શહેરને બાર ,,
સંત હરિજન સંગે લીધા ,, ડેરા કાંકરિયે જે દીધા ,,
તેની શોભા શી કહી દાખું ,, તિયાં વિપ્ર જમાડવા લાખું ,,
આપી દક્ષિણા બહુ ઝાઝી ,, લઈને દ્વિજો થયા બહુ રાજી ,,
કરી લીલા અનંત અપાર ,, કેતાં શેષ ન પામે પાર ,,
ધન્ય ધન્ય કૈયે નવોવાસ ,, જેમાં રહ્યા ઘણું અવિનાશ ,,
તેમાં લિંબ વૃક્ષ એક ભારી ,, તિયાં સભા કરે સુખકારી ,,
ઘરો ઘર જઈને ભગવાન ,, જમતાં વિધ વિધના પકવાન ,,
જેવું કૈયે ગોકુલ ગામ ,, તેવો નવો વાસ સુખધામ ,,
તેની ધૂળ ચઢાવું માથ ,, દાસ કહે છે બદ્રીનાથ ,,

### પદ-૩

આવી મંદિરમાં મોરારી. રમવા રંગમાં રે. બેઠા ઓટા પર ગિરધારી.(રમવા)

| | | | |
|---|---|---|---|
| કેસર કુસુંબો પતંગ | (રમવા) | તેનો ચઢાવ્યો બહુ રંગ | (રમવા) |
| ગાડે ગુલાલ ગુમાવ્યો | ,, | ઝીણો અતિસે મન ભાવ્યો | ,, |
| પછે બોલ્યા બહુ કરી પ્યાર | ,, | સંતો થાઓ રમવા તૈયાર | ,, |
| લાવો પાટ મોટી પ્રીતે | ,, | તે પર રમિયે રૂડી રીતે | ,, |
| હરિજન લાવ્યા કે વાત | ,, | સૌને રમવાની બઉ ખાંત | ,, |
| તે પર જઈ ઊભા અલબેલ | ,, | ખાંત કરવાને હરિ ખેલ | ,, |
| કસી કમર કરુણા કીધી | ,, | કનક પિચકારી કર લીધી | ,, |
| લાવ્યા રંગ તણા બહુ માટ | ,, | જન સૌ જોઈ રહ્યાં છે વાટ | ,, |
| હરિજન સંત રહ્યા છે ઘેરી | ,, | જીવન જીુએ છે ચોફેરી | ,, |
| સારા શોભે છે મુનિજન | ,, | જાણે ફૂલ્યું કમળ વન | ,, |
| આણિ અંતરમાં ઉમંગ | ,, | અલબેલો ઉપાડે રંગ | ,, |
| ઘણા ઘડા માથે ઢોળી | ,, | નાખ્યા સૌને રંગમાં રોળી | ,, |
| અતિ ઉડાડે ગુલાલ | ,, | થયો અંબર આખો લાલ | ,, |
| તેજ તરણિનું નવ ભાસે | ,, | છાયાં વિમાન આકાશે | ,, |
| વાગે ઢોલ નગારાં તુર | ,, | સુણતાં ચડે સૌના સૂર | ,, |
| દેવ દુદુંભિ બજાવે | ,, | હરિને પુષ્પોથી વધાવે | ,, |
| મંડપ મધ્યે જગજીવન | ,, | ઉછવીયા પર થયા પરસન | ,, |
| રંગે કરીયા ચકચુર | ,, | ભર્યા ગુલાલે ભરપૂર | ,, |
| સ્થંભે થાપ્યા રંગના હાથ | ,, | દાસ કહે છે બદ્રીનાથ | ,, |

### પદ-૪

ચાલ્યા નારાયણઘાટ, નાવા નીરમાં રે, સૌને દરશન દેવા માટ નાવા નીરમાં રે

| | | | |
|---|---|---|---|
| હરિવર ઘોડે થયા અસવાર | (નાવા) | સંગે સંત તણો નહિ પાર | (નાવા) |
| હરિજન હેતે હરિગુણ ગાય | ,, | આગળ ઉરછવ કરતા જાય | ,, |
| રસ્તે જાતા ડાબે હાથ | ,, | ઊભા વડ હેઠે જે નાથ | ,, |
| પછે પધારિયા ભગવાન | ,, | આવ્યો દોડી દરિયાખાન | ,, |
| હરિને ચરણે નામ્યું માથ | ,, | જોડ્યા વજીરે પણ હાથ | ,, |
| બેયે વિનતિ અતિશે કીધી | ,, | હરિએ સર્વે સૂણી લીધી | ,, |
| કરી કૃપા બહુ જીવન | ,, | બેને મેલ્યા બદરી વન | ,, |





| | | | |
|---|---|---|---|
| વેગે ગયા સામે તીર | (નાવા) | પેઠા નાવા નિરમલ નીર | (નાવા) |
| રંગે ભરિયા ભૂધર નાય | ,, | સંત હરિજન ફરતા ગાય | ,, |
| આવ્યાં ગંગા થૈ ગુલતાન | ,, | સૌયે દીઠાં મૂરતીમાન | ,, |
| માગ્યું કરજોડી હરિ પાસ | ,, | મુજને રાખો આંહી અવિનાશ | ,, |
| રાખ્યા ગંગાને તેહ ઠામ | ,,, | પછે બોલ્યા સુંદરશામ | ,, |
| જેહ પ્રીતથી અહીં નાશે | ,, | સર્વે તીરથનું ફલ થાશે | ,, |
| અહીં જેનું શ્રાદ્ધ કરાવે | ,, | તેની તુરત મુક્તિ થાવે | ,, |
| એમ કહીને પૂરણ ચંદ | ,, | પાદશાહવાડી ગયા ગોવિંદ | ,, |
| તેમાં આંબલો એક ભારી | ,, | તિયાં સભા કરી ગિરધારી | ,, |
| ત્યાંથી ચાલ્યા પૂરણકામ | ,, | આવ્યાં મંદિરમાં ઘનશ્યામ | ,, |
| પ્રીત કરી જે ગરબો ગાશે | ,, | તેનાં પાતક પરલે થાશે | ,, |
| બદ્રીનાથ કહે કર જોડ | ,, | રાજી રેજો શ્રી રણછોડ | ,, |

### રાગ : ધોળ

છોટી ઉંમરમાં માવજી રે, મેલી ચાલ્યા ઘરબાર રે;
શામળિયા છેલ છપૈયા પધારજો...ટેક૦
પ્રભાતે પ્રભુજી પધારિયા રે, અધમનો કરવા ઉદ્ધાર રે...શામ૦
વનની વાટે વહાલો ચાલિયા રે, આણી અંતરમાં ઉમંગ રે...શામ૦
પગમાં પહેરી નહિ મોજડી રે, અંગરખી નહિ અંગ રે...શામ૦
એકાએકી ચાલી નીસર્યા રે, જોવા રહ્યા નહિ જોડ રે...શામ૦
સૂતાં સંબંધીને મેલિયાં રે, પૂરા કર્યા નહિ કોડ રે...શામ૦
સખા શોધે ઘનશ્યામને રે, દિલમાં થઈ દિલગીર રે...શામ૦
કયાંય મળ્યા નહિ માવજી રે, નેણે વહે સહુને નીર રે...શામ૦
રામપ્રતાપ રૂએ ઘણું રે, ભાભી રૂએ ઘરમાંહી રે...શામ૦
છોટા બંધુ ઈચ્છારામજી રે, રૂએ કહી કહી ભાઈ રે...શામ૦
શ્યામને શહેરમાં શોધિયા રે, શોધિયા હાટ બજાર રે...શામ૦
અન્ન કોઈ જમે નહિ રે, નેણે વહે જળધાર રે...શામ૦
વનમાં વસે ઘણા દીપડા રે, સિંહ સૂવર શિયાળ સાપ રે...શામ૦
તેથી બીશો મારા વાલમા રે, પાછા વળી આવો બાપ રે...શામ૦
તમ વિના સહુ દુઃખિયા રે, સગાં કુટુંબ પરિવાર રે...શામ૦
પે'લાં પ્રીતમ સુખ આપિયાં રે, આ સમે દુઃખનો નહીં પાર રે...શામ૦

માતા વિના દુ:ખી બાળકો રે, નીર વિના જેમ મીન રે...શામ૦
આંખો વિના દુ:ખી આંધળો રે, તમ વિના છીએ તેમ રે...શામ૦
રાત દિવસ ના'વે નિંદરા રે, દિલમાં બહુ દુ:ખ થાય રે...શામ૦
બદ્રિનાથ કહે તમ વિના રે, પળ તે કલ્પ સમ જાય રે...શામ૦

**પદ-૧**

સ્વામિનારાયણ મહામંત્ર ગમે, અહોરાત દિવસ મારા દિલમાં રમે
વ્હાલે છપૈયા ધામમાં જનમ ધરી, વર્ણી વેષે હિમાચળે તપ કરી,
હરિએ લાખો મુનિઓની મુક્તિ કરી...સ્વામિનારાયણ૦
વ્હાલે ગુરુરામાનંદથી દીક્ષા લીધી, કચ્છ ગુજરાત સૌરાષ્ટ્ર લીલા કીધી,
પ્રભુએ ભક્તોની ભ્રાંતિ મિટાવી દીધી...સ્વામિનારાયણ૦
વ્હાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું, ધર્મ જ્ઞાન વૈરાગ્યનું પાત્ર ઠર્યું,
પરા ભક્તિ બતાવી કલ્યાણ કર્યું...સ્વામિનારાયણ૦
વ્હાલે કૃપા કરી શિક્ષાપત્રી દીધી, એમાં ચારે પુરુષાર્થની સિદ્ધિ ચીંધી,
એ છે સર્વે સત્સંગીની નૌતમ નિધિ...સ્વામિનારાયણ૦
વ્હાલા પ્રત્યક્ષ સત્સંગમાં વિચરો, માધવતીર્થની પ્રાર્થના ઉરમાં ધરો
શ્રીજી દર્શન દઈને પાવન કરો...સ્વામિનારાયણ૦

**પદ-૧**

અમને એક જ પ્યારા સહજાનંદ સહજાનંદ સહજાનંદ૦ (૨)
એ પ્રભુ સહુથી ન્યારા સહજાનંદ સહજાનંદ સહજાનંદ૦ (૨)
જીવન અમારા એ છે, ક્ષણ ક્ષણમાં સાર લે છે;
એવા છે સ્વામી મારા સહજાનંદ સહજાનંદ૦ (૨)
ગુરુરૂપ હરિ તો એ છે, પ્રતિમા રૂપે દર્શન દે છે;
સર્વોપરી કહેવાણા સહજાનંદ સહજાનંદ૦ (૨)
પ્રગટ પુરુષોત્તમ એ છે, ભક્તોને અભયપદ દે છે;
કલ્યાણ કરનારા સહજાનંદ સહજાનંદ૦ (૨)
નટવર નારાયણ પામી, જે ભજે સહજાનંદ સ્વામી;
સર્વેને સુખ કરનારા સહજાનંદ સહજાનંદ૦ (૨)





**રાગ : ગરબી પદ-૧**

ધન્ય ધન્ય ધન્ય ગઢપુર ધામને જો,
ઘણું વ્હાલું છે શ્રીઘનશ્યામને જો. ધન્ય૦ ટેક.
જેનો મહિમા અક્ષરધામ જેટલો જો,
અવિનાશીએ ઉચાર્યો મુખ એટલો જો. ધન્ય૦ ૧
દાદાખાચરના ધન્ય દરબારને જો,
જેણે રાખ્યા જગત આધારને જો. ધન્ય૦ ૨
દીનબંધુ દયાસિંધુએ દયા કરી જો,
મુનિનાથ ગોપીનાથને રૂપે રહ્યા જો. ધન્ય૦ ૩
ઉન્મત્ત સરીતા વહે છે સમીપમાં જો,
એવું શ્રેષ્ઠ તીર્થ નથી જંબુદ્વિપમાં જો. ધન્ય૦ ૪
ઘણીવાર મહારાજે મંજન કર્યું જો,
તેથી તેનું માહાત્મ્ય મોટું ઠર્યું જો. ધન્ય૦ ૫
ગંગા ગોમતી કાલીંદી ગોદાવરી જો,
ઉન્મત્ત ગંગા એથી અદકી ઠરી જો. ધન્ય૦ ૬
પાપી પ્રાણીઓના પૌઢ પાપ નાશની જો,
પરિપૂર્ણ પુન્ય પાવની પ્રકાશની જો. ધન્ય૦ ૭
કરે વ્રત તપ જપ અહીં રહી જો,
ફળ કોટી સંખ્યા ઘણું પામે સહી જો. ધન્ય૦ ૮
પાવન પરમ ચોક. શેરીયું બજાર છે જો,
હરિના ચરણની ઠારો ઠાર છે જો. ધન્ય૦ ૯
શિવ બ્રહ્મા ઈન્દ્રાદિક ઘણા સ્નેહથી જો,
યાત્રા કરવા આવે છે દિવ્ય દેહથી જો. ધન્ય૦ ૧૦
ધરી જન્મ અહીં યાત્રાએ ન આવીયો જો,
અવતાર એણે વૃથા ગુમાવીઓ જો. ધન્ય૦ ૧૧
શીખે સંભાળે જે મહિમા એ ધામનો જો,
તે પર રીઝે દેવ દલપતરામનો જો. ધન્ય૦ ૧૨

**મહાકવિ નાનાલાલકૃત**

કાંકરીયા ઉપર રે કે નોબત વાગે છે ! પેલા ઘટામંડળની ભુતાવળ જાગે છે.
અભલામાં ઉડતા રે ! ઘોષ ઉચ્ચારે છે, ગુજરાતે ઘુમતા રે !
શ્રીજી પધારે છે. ૧
કાંકરીયા ઉપર રે ! નોબત વાગે છે, પડઘાની પરંપરા રે !
શ્રીપુરને સૌભાગ્ય છે,
મધ્ય માણેકચોકમાં રે ! બ્રહ્મપુરીમાં બંકો; પોળ પોળમાં પડીયો રે !
શ્રીજી સંગનો ડંકો. ૨
કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, જનતા જરી જાગી રે !
સંચરવા લાગે છે,
દર્શન કાજ ધાયા રે ! શ્રીજીનાં અનુરકતો, લોકબોલીયું બોલ રે !
આવિયા જીવન મુકતો ૩
કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, એનાં સોહતા શબ્દ બાણ રે !
તળાવને તાગે છે,
વિપ્રોને જોઈને રે ! કે બોલીયા સુખરાશી, જમો કાલે આ પળમાં રે !
ભૂદેવ ! ભલી ચોર્યાશી. ૪
કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, વાડવના મોવડી રે !
શ્રીજીની આગે છે.
એક દિનમાં સ્વામી રે ! નહીં પહોંચાય કીધું, બોલીયા બહુનામી રે !
અમે પૂરશું સીધું. ૫
કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, ખટરસના સર્જકો રે !
કે રસના રાગે છે,
બ્રહ્મપુત્રની પંગતો રે ! પાળ પગધારમાં પડી, વિપ્રની વેદ ઘોષણા રે !
ગાજતી ગગને ચડી. ૬
કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, દેવ રસનાં રસના રે !
ભોજન માગે છે,
નમતે પહોર જમીને રે ! સાંજરે સભા ભરી, યુગના યુગચન્દ્રની રે !
કે શ્રીજીએ કળાધરી. ૭





કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, જનતાને જગાડતો રે !
કે જુગ જોગ લાગે છે.
સંતોને વિપ્રોને રે ! કીધાં ચંદ્રક તારલાં, વનનાં વૃક્ષવૃક્ષે રે !
દીધા તોરણ હારલા. ૮
કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, મહાકાળનાં કીર્તનો રે !
સન્તનાં સોહાગે છે,
પછી બોલિયા શ્રીજી રે દેશકાળને પ્રીછજો, વિપ્રો સદા વેદનાં રે !
જયકીર્તન ઈચ્છજો. ૯
કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, સાધુ શુદ્ધિમાં ન્હાઈને રે !
અશુદ્ધિને ત્યાગે છે,
વળી વાદળની છાંયડી રે ! ક્ષણે ક્ષણે વેગળી વહી, પુણ્ય પૂર્ણિમાની પાંખડી
ક્ષણે ક્ષણે પ્રમોદી રહે. ૧૦
કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, માનવનાં ફૂલડાં રે !
પ્રફુલ્લી પરાગે છે,
શ્રીપુરના બ્રાહ્મણ રે ! પૂજ્યા શ્રીજીએ પ્રીતે, વિપ્રોએ શ્રીજીને રે !
વધાવિયા વેદવિધિએ. ૧૧
કાંકરીયા ઉપર રે ! કે નોબત વાગે છે, પેલી ઘટા મંડળની રે !
ભૂતાવળ ભાગે છે.
સદ્‌ભાગ્ય શ્રીપુરનાં રે ! સોહાગિયાં ઉઘાડીયાં, જુગ જગવતાં વાગિયાં રે !
શ્રીજીનાં ચોઘડિયાં. ૧૨

**રાગ : ઘુઘવડો — પદ-૧**

તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું,
કંઈક આત્માનું કરજો કલ્યાણ... જીવન થોડું રહ્યું ટેક૦
એણે દીધેલ કોલ તે ભૂલી ગયા, જૂઠી માયાના મોહમાં ઘેલા થયા;
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન ... જીવન૦
બાળપણ જુવાનીમાં અરધું ગયું, નહિ ભક્તિ મારગમાં પગલું ભર્યું;
હવે બાકી છે તેમાં દ્યો ધ્યાન ... જીવન૦

પછી ગઢપણમાં ગોવિંદ ભજાશે નહિ, લોભ વૈભવ ધન તજાશે નહીં;
બનો આજથી પ્રભુમાં મસ્તાન ... જીવન૦
જરા ચેતીને ભક્તિનુ ભાતું ભરો, કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો;
છીએ થોડા દિવસના મેમાન ... જીવન૦
બધા આળસમાં દિવસો વીતી જશે, પછી ઓચિંતુ યમનું તેડું થશે;
નહીં ચાલે તમારું તોફાન ... જીવન૦
એજ કહેવું આ દાસનું દિલમાં ધરો, ચિત રાખી ઘનશ્યામને સ્નેહે સ્મરો.
ઝાલો ઝાલો ભક્તિનું સુકાન ... જીવન૦

## પદ-૧

જીવ! તું બ્રહ્મરસ ભોગવનાર, શીદને માયાનો ખા માર.
માયા નગણી ઠગણી ભારે કહેતાં નાવે પાર,
ચૌદ લોકને ચાવી રે નાખે, એક પલક મોજાર...જીવ તું૦ ૧
અષ્ટસિદ્ધિ નવનિધિ એ આદિ અનંતશક્તિ અપાર;
કામ ક્રોધ મદ લોભ એ સર્વે માયાનાં હથિયાર...જીવ તું૦ ૨
નિજ બળથી લડવું એ સામે કઠણ કામ આ વાર;
નારદ શિવ બ્રહ્માદિક હાર્યા તો તું કોણ વિચાર...જીવ તું૦ ૩
ગુરુશરણું કર ઢાલ ધરી વળી જ્ઞાન રૂપી તલવાર;
ભજનફોજ લઈ ચાલો રે જીવડા લડશું ત્યાં બહુવાર...જીવ તું૦ ૪
હિંમત ધારી રણમાં પડશો ડરશો નહીં લગાર;
પાછાં પગલાં કદી નવ ભરશો તો થાશો ભવપાર...જીવ તું૦ ૫
થશે કસોટી ખરી તમારી તો રીઝે કિરતાર;
દાસ હરિનો સ્વામી રે દેશે બ્રહ્મરસનો ભંડાર...જીવ તું૦ ૬

## ગઝલ કવાલી

સ્વામિનારાયણ નામ હે ભારી, લીયો સબ પ્રેમસે ધારી;
મહિમા નામકો ભારી, અધમ કોટિ લીયે તારી...૧
અજામીલ કર્મ કયા કીના, નહિ કછુ દાન ભી દીના;
કેવલ હરિ નામકો લીના, દીયા યમપાશસે ટારી...૨





રહી શબરી અધમ જાતિ, રટન હરિ નામકું ભારી;
જંગલસે બોર બીન આતી, હૃદયમેં રામકો ધારી...૩
રસોઈ કર્મ તો કરતી, બીના ચોકે બનાતી થી;
પ્રભુ પ્રેમે જમાતી થી, લગી જગદીશકો પ્યારી...૪
ડુબે ગજરાજ જબ જળમેં, પડે વહ ઝૂડકે છળમેં;
પુકારે નામકો દિલમેં હરિ ગોવિંદ ગિરધારી...૫

## શામળા લેજો સંભાળ

શામળા લેજો સંભાળ, હોડી મારી દરિયે ઝુલે છે...ટેક૦
મોહ માયાના લોઢ ઊઠે છે, દરિયામાં તોફાન અપાર...હોડી૦ ૧
કામ ને ક્રોધનાં વાદળાં ચડ્યાં છે, ઝેરના વરસે વરસાદ...હોડી૦ ૨
ઝેરના ને વેરના વાવટા ચડ્યા છે, અંતરમાં તોફાન અપાર...હોડી૦ ૩
એક જ ખારવો તુજને ધાર્યો છે, એક મારે તારો આધાર...હોડી૦ ૪
ભક્તિ સ્વરૂપી માલ ભર્યો છે, લઈ જાઓ સામે કિનાર...હોડી૦ ૫
સંતમંડળના સ્વામી શામળિયા, બેડલી ઉતારો પાર...હોડી૦ ૬

## રાગ : ગરબી

તમે મારા થયા, હું તમારો થયો; બહુનામી...
આવો આવો સહજાનંદ સ્વામી...ટેક૦
હું તો જપું તમારી માળા, કરું નિશદિન કાલાવાલા;
વાલા વેગે આવો, મારા મનડે ભાવો, બહુનામી...આવો આવો૦ ૧
હું તો વાટલડી તારી જોતો, વ્હાલા તારા વિયોગે હું રોતો;
આંખો આંસુ ભીની, રોઈ થઈ છે ઝીણી, બહુનામી...આવો આવો૦ ૨
પ્રભુ હું છું તમારો બાળ, તમે મારા જીવન પ્રતિપ્રાળ;
દિવસે રેન નહિ, હૈયે ચેન નહિ, બહુનામી...આવો આવો૦ ૩
તવ ભક્ત કહે પ્રભુ આવો, આવી હાથ ગ્રહી લ્યો મારો;
મુખે માગું એવું, તારા ચરણે રહેવું, બહુનામી...આવો આવો૦ ૪

## યમન કલ્યાણ

દર્શન ઘો ઘનશ્યામ નાથ, મોરી અખિયાં પ્યાસી રે...ટેક૦
મન મંદિરકી જ્યોત જગા દો, ઘટ ઘટ વાસી રે...દર્શન૦ ૧

મંદિર મંદિર મૂરત તેરી, ફિર બીને દેખે સૂરત તેરી;
યુગ બીતે ન આઈ મિલન કી, પુરન માસી રે...દર્શન૦ ૨
દ્વાર દયાકા જબ તું ખોલે, પંચમ સૂરમેં મૂંગા બોલે;
અંધા દેખે લંગડા ચલકર, પહુંચે કાશી રે...દર્શન૦ ૩
પાની પીકર પ્યાસ બુજાઉં, નૈનનકો કેસે સમજાઉં;
આંખમીચોલી છોડો અબ તો, મન કે પાથી રે...દર્શન૦ ૪

**રાગ : ગરબી — પદ-૧**

માવાના મુગટડાનાં મોતી ઝીણાં, ઝગમગ ઝળકે છે;
ઝગમગ ઝળકે છે, મનોહર મણીયું ચળકે છે...માવાના૦ ટેક.
લીલાં પીળાં રાતાં મોતી, કાળાં ધોળાં કોડે;
મોરકળાયેલ મણીયું જડીયું, જોતાં ચિત્તડું ચોરે...માવાના૦ ૧
કાળો કાળો કહાન કોડીલો, તેથી કાળા કેશ;
કાળું કાજળ તેણે સાર્યુ, કામળી કાળી મેશ...માવાના૦ ૨
પીળાં પીળાં પીતાંબરને, પીળો હેમ કંદોરો;
પીળો ખેશ લલાટે પીળો, પીળો કુસુમનો તોરો...માવાના૦ ૩
રાતો કુંકુમ ચંદ્ર ભાલે, રાતાં મુખ તંબોળ;
રાતી હાથ હથેળી શોભે, અધર રાતાં ચોળ...માવાના૦ ૪
લીલી લીલી સુંથણલી ને, લીલો ખંભે પટકો;
લીલા રંગની છડી લઈને, કહાન કરે બહુ લટકો...માવાના૦ ૫
ધોળાં ધોળાં મોતીડાં ને, ધોળો ફૂલનો હાર;
ધોળા મુખમાં દાંત દેખીને, દાસ હરિ બલિહાર...માવાના૦ ૬

**રાગ : તારો મને સાંભળશે સથવારો**

પ્રભુ મારો એકજ તું રખવાળો, અધમ ઉધારણ ભવજળ તારણ;
ભક્ત વત્સલ ભયહારી રે...પ્રભુ૦
એકલવાયો દાસ તમારો પ્રભુ, અણસમજુ ઓશિયાળો;
અરજ અમારી શ્યામ સુણોને, દુ:ખિયાનાં દુ:ખ નિવારો રે...પ્રભુ૦
બળવંતા બેલી પ્રભુ મારો, ભક્તિ ધરમનો દુલારો;





માતપિતા અને બાંધવ મારો, એકજ મેં નિરધાર્યો રે...પ્રભુ૦
ભૂધર ભજન તમારું ભાવે, કરતો દાસ તમારો;
દુરિજન આવી દુ:ખ પમાડે, એથી આપ ઉગારો રે...પ્રભુ૦
દુરિજન બાણ વચનમાં મારે, દાસ તેથી દુખિયારો;
ભજને તમારે ભંગ પડાવે, અભિમાન એનાં ઉતારો રે...પ્રભુ૦
વિનતિ અમારી વાલમ સુણજો, તાત તું તારણહારો;
મનમોહન પ્રભુ એક અમારો, મંગળનો કરનારો રે...પ્રભુ૦

**રાગ : ઘુઘવડો**

સુંદર શ્રી ઘનશ્યામ મારા મન મંદિરમાં આવો રે;
અંતર દાઝી રહ્યું છે વહાલા, દર્શનનો દ્યો લાવો રે...સુંદર૦ ૧
અપરાધી છું જનમ જનમનો, દયા હવે કંઈ લાવો;
જૂઠા જગતમાં ભૂલો પડ્યો છું, રસ્તો કંઈક બતાવો રે...સુંદર૦ ૨
પીળા પીતાંબર જરકસી જામો, મુગટ ધારી આવો;
એક વાર પ્રભુ દર્શન આપી, ભક્તિનાદ ગજાવો રે...સુંદર૦ ૩
રોજ ઊઠી શું કહેવું પ્રભુજી, એક દિવસ તો આવો;
દીનદયાળુ દર્શન આપો, શું અમને તલસાવો રે...સુંદર૦ ૪
સ્વામિનારાયણ હૃદયમાં આવો, ત્રિવિધિ તાપ શમાવો;
હૈયાહીણો આવ્યો આંગણિયે, મારા મનને ભાવો રે...સુંદર૦ ૫

**પ્રેમ સગાઈ**

સબસે ઊંચી પ્રેમ સગાઈ;
દુર્યોધનકા મેવા ત્યાગી, સાગ વિદુર ઘર પાઈ...સબસે૦
જુઠે ફલ શબરીકે ખાયે, બહુ વિધ વિધ પ્રેમ લગાઈ,
પ્રેમકે બસ નૃપ સેવા કિન્હી, આપ બને હરિ નાઈ...સબસે૦
રાજસૂય યજ્ઞ યુધિષ્ઠિર કીનો તામેં ઝુઠ ઉઠાઈ,
પ્રેમકે બસ અર્જુન રથ હાંક્યો, ભૂલ ગયે ઠકુરાઈ...સબસે૦
ઐસી પ્રીત બઢી વૃંદાવન, ગોપીયન નાચ નચાઈ,
સૂર કુર ઈસ લાયક નાહીં, કહે લગિ કરૌ બડાઈ...સબસે૦

**રાગ : ગરબી**

વિતાવશું જીવન હરિગુણ ગાનમાં અમૃતમય ભક્તિ રસ પાનમાં...વીતા૦
પરમ પ્રભુજીના પ્રેમ પ્રવાહમાં, નિર્મળ સરિતાના સ્નાનમાં...વીતા૦
અંતરજામીને અંતર મંદિરમાં, પધરાવશું સન્માનમાં...વીતા૦
નયન ભરીને નીરખશું નેહથી, ધર્મકુંવરને ધ્યાનમાં...વીતા૦
પંચ વિષયને પૂરા પિછાણશું, જોડી દેશું ભગવાનમાં...વીતા૦
અવિનાશીનાં અક્ષરધામમાં, બેસીને જઈશું વિમાનમાં...વીતા૦
મનમોહન પ્રભુ સહજાનંદ શામળા, વીતે આયુષ્ય તવ ગાનમાં...વીતા૦

**રાગ : ગરબી પદ-૧**

આજ સહજાનંદ મળિયા રે ગઢપુરમાં (૨) ગોપીનાથ ઉરમાં-આ૦ ૧
મસ્તક ઉપર પાઘ પેચાળી, આંખડલી અણિયારી રે. ગઢ-આ૦ ૨
કેશર તિલક શોભે છે ભાલે, મનડાં હર્યા છે વહાલે રે. ગઢ-આ૦ ૩
કાનુમાં કુંડળ કંચન કળીએ, હાથે વેઢ દશ આંગળીએ રે. ગઢ-આ૦ ૪
હૈડા ઉપર હાર હજારી, ગુણવંતા ગીરધારી રે. ગઢ-આ૦ ૫
હીરા માણેક મોતીની માળા, હેમકડાં રૂપાળાં રે. ગઢ-આ૦ ૬
શોભે છે રાતી હાથ હથેળી, મનરંજન રૂપાળી રે. ગઢ-આ૦ ૭
કરમાં શોભે છે સોટી સારી, રંગીલી મૂર્તિ તારી રે. ગઢ-આ૦ ૮
સોનેરી વાઘા શોભે છે સારા, ધર્મ તણા દુલારા રે. ગઢ-આ૦ ૯
ઘૂંટી ગોળ પીંડી પાતળીઓ, ચરણે પહેરી ચાખડીઓ રે. ગઢ-આ૦ ૧૦
શ્રીહરિ કેરી મૂરતિ સારી, જાય નરસિંહ બલિહારી રે. ગઢ-આ૦ ૧૧

**ધર્મ - ધ્વજ છંદો**

ઘોર કલિકાલના દોર છૂટ્યા અને દુષ્ટતાનું બધે જોર વ્યાપ્યું,
ભક્તિ સદ્ધર્મના માર્ગ રૂંધી દીધા - કર્મ નિષ્કામનું મૂળ કાપ્યું,
વેદ સત્શાસ્ત્રના અર્થ અવળા કર્યા - પંડિતે પાપ માર્ગે જઈને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે - સ્વામિનારાયણે પ્રગટ થઈને - ૧
ધર્મગુરુઓ તજી ધર્મનાં આચરણ - પાપની વૃત્તિઓ પોષતાતા,
પ્રણત નરનારીનાં શીલ ને શિયળને - ભ્રષ્ટ કરી શિષ્યને શોષતાતા,
કષ્ટ બહુ પામતાં દૈવી જીવો સહુ - આસુરીની ઉપાધિ સહીને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે - સ્વામિનારાયણે પ્રગટ થઈને - ૨





ઈન્દ્રિયારામના ધામ ધીંગા બન્યાં - આત્મલક્ષી અતિ કષ્ટ પામ્યાં,
રજ તમે ઘોર ઘમસાણ માંડ્યા અરે ! સત્ત્વનાં તત્ત્વ તો સૌ ઉથામ્યાં,
ત્યાગમાં રાગના વિવિધ રંગો ચડ્યા - યજ્ઞ ને યાગની ઓટ લઈને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે - સ્વામિનારાયણે પ્રગટ થઈને - ૩
તપ તપસ્વી ભૂલ્યાં વ્યસન વમળે ડૂલ્યાં, દામ ને વામમાં નિત્ય રમતા,
કામ ને ક્રોધ મદ મોહે દ્વેષે ભર્યા - લોભ ને લાલચે ભ્રષ્ટ ભમતા,
મંત્ર ને તંત્રમાં લોકને ગૂંચવ્યા - વ્હેમી ઉપદેશ અવળા દઈને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે - સ્વામિનારાયણે પ્રગટ થઈને - ૪
જોગી જતિ જંગમો વિવિધ વેશે ફરી - ધર્મના નામથી ધૂતતાતા,
તપાસી ખાખી અડબંગના ઝૂંડતો - ત્રાસ દેતાં નહિ ચૂકતાતા,
ઉપરથી સાધુતા ભીતરમાં ભ્રષ્ટતા, કૈક ફરતા ગુરુદેવ થઈને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે - સ્વામિનારાયણે પ્રગટ થઈને - ૫
મંત્ર મૂઠ ચોટ ને કામણો ટુમણો દેવ - દૂગરાં ભૂવા ને ભરાડી,
ભૂતને પલિત જીન ડાકિણી શાકિણી - પીડતાતા પ્રજાને અનાડી,
ઠગ ધુતારા અને જાદુ કીમયાગરા - ડારતા લોકને પેઘી જઈને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે - સ્વામિનારાયણે પ્રગટ થઈને - ૬
દારૂ ને માંસ ચોરી વ્યભિચાર છળ - દ્યુતની ચડી હતી ખૂબ ભરતી,
ભાંગ ગાંજા તણી ચલમ બહુ ફૂંકતી - સાધુડાની ઘણી ફોજ ફરતી,
ભાન ભૂલી હતી ધર્મને કર્મનું - આર્યજનતા અધર્મે વહીને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે - સ્વામિનારાયણે પ્રગટ થઈને - ૭

**રાગ : ગરબી પદ-૧**

પ્રભુ મને થાજે એવો અનુકૂળ (૨) જેથી મને સુજે મારી ભૂલ,
દોષ બીજાને દેતાં પેલાં, હું સમજું મારી ભૂલ,
પાપ બધાં એ પ્રગટ કરીને, થઈ જાઉં હળવો ફૂલ-પ્રભુ૦ ૧
પક્ષાતીત થઈ ફરું જગતમાં, સહજે રહું સમતુલ,
પરમારથમાં પ્રીત વાધે, ને પરધન સમજું ધૂલ-પ્રભુ૦ ૨
જૂઠ ભર્યું ના જીવન જીવું, ભલે સંપત્તિ મળતી વિપુલ,
સજ્જનના સત્સંગમાં, મારું મનડું રાખજે ડૂલ-પ્રભુ૦ ૩

કામ ક્રોધ મદ મત્સરનાં, વાગે ન જરીએ ત્રિશૂલ,
અંતરજામી અળગા થાતાં, બનું બહુ વ્યાકુળ-પ્રભુ૦ ૪
દેવ દયાળુ દયા કરો, હું માગું એક જ મૂલ,
હરિવર મારા હૈયા માંહી, રેજો સદાયે ડૂલ-પ્રભુ૦ ૫

**રાગ : ચાબખો પદ-૧**

મૂરખો રળી રળી કમાણો રે, માથે મેલશે મોટો પાણો-ટેક૦
ધાઈ ધૂતીને ધન ભેળું કીધું, કોટી ધ્વજ કહેવાણો,
પુન્યને નામે પાઈ ન વાવર્યો, અધવચથી લૂટાણો રે-મૂરખો૦ ૧
ભર્યા કોઠાર તારા ધર્યા રહેશે, નહિ આવે સાથે એક દાણો,
મસાણની રાખમાં રોળાઈ ગયા, કંઈક રંક ને કોણ રાણો રે-મૂરખો૦ ૨
મંદિર માળિયાં મેલી કરીને, નીચે જઈ ઠેરાણો,
ભોજો ભગત કહે મૂઆ પછે, જીવ ઘણો ઘણો પસ્તાણો રે-મૂરખો૦ ૩

**પદ-૨**

મૂરખો માની રહ્યો મારું રે, એમાં કાંઈએ નથી તારું-ટેક૦
સાત સાગર જેની ચોકી કરતા, ફરતું નીર ખારું,
ચૌદ ચોકડી રાજ્ય ચાલ્યું ગયું, રાવણાદિક વાળું રે-મૂરખો૦ ૧
દુઃખને તો કોઈ દેખે નહિને, સુખ લાગે સારું,
વેળા વેળાની છાંયડી તારી, વહી જાશે વારું રે-મૂરખો૦ ૨
હરિ ભજનમાં હેત જ રાખો, સ્મરણ કરો સારું,
ભોજો ભગત કહે રાકો હૃદયમાં, પ્રભુ ભજન પ્યારું રે-મૂરખો૦ ૩

**પદ-૩**

ભક્તિ શીશતણું સાટું રે, આગળ વસમી છે વાટું-ટેક૦
એક દિવસ તો આવી બની, રાજા મુરધ્વજને માથે,
કાશીએ જઈને કરવત મેલાવ્યું, હરિજનને હાથે રે-ભક્તિ૦ ૧
સત્યને કારણે ત્રણે વેચાયા, રોહીદાસ ને રાણી,
ઋષિને માટે રાજા વેચાણો, ભરવાને પાણી રે-ભક્તિ૦ ૨
પહેરો પટોળાં પ્રેમનાં રે, તમે શૂરવીર થઈ ચાલો,
ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે, અમરાપર મ્હાલો રે-ભક્તિ૦ ૩





**પદ-૪**

દુનિયા દીવાની કહેવાશે રે, ભૂંડી ભીતોમાં ભટકાશે-ટેક૦
પાપ જ્યારે  એનું પ્રગટ થાશે, ત્યારે ભૂવા જતિ ઘેર જાશે,
ધૂણી ધૂણી એની ડોક જ દુઃખશે, ને લેનારો લઈ ખાશે-દુનિ૦ ૧
ઢોંગ કરીને ધુતવાને આવે, ત્યારે હાથ બતાવવા સૌ જાશે,
ક્યારે આના કર્મનું પાનું ફરે, એને ક્યારે પુત્ર જ થાશે રે-દુનિ૦ ૨
કીમિયાગર કોઈ આવી મળે, ત્યારે ધનને વાસ્તે ધાશે,
ભોજો ભગત કહે ભ્રમણામાં ભમતાં, ગાંઠની મૂડી ગુમાશે રે-દુનિ૦ ૩

**રાગ : દેશ પદ-૧**

મારી લાજ તમારે હાથ, નાથ નિભાવજો રે,
દીનાનાથ દયાળ દયા, અદ્‌ભૂત દર્શાવજો રે. ટેક.
સંકટથી સોસાઉં મુરારી, લેજો અંતરજામી,
હવે ગયો છું હારી, બાપ બચાવજો રે. મારી૦ ૧
કર્મ કઠણ માઠા ગ્રહ બેઠા, હાથ પડ્યા છે હમણાં હેઠા,
પરમેશ્વર ક્યાં પેઠા, પણ પરખાવજો રે. મારી૦ ૨
અહિત અને હિતમાં અણ સમજુ, કૃત્યાકૃત્ય વિષે શું હું સમજું,
ભજું તજું શું માધવ, માર્ગ બતાવજો રે. મારી૦ ૩
કેશવ હરિ હેતે સંભારૂં, પ્રભુ પણ હોય હજી જો પ્યારું,
મંગલ કરવા સારૂં, અંગદ આવજો રે. મારી૦ ૪

**પદ-૨**

મારી નાડ તમારે હાથે, હરિ સંભાળજો રે,
પ્યારા પોતાનો જાણીને, પ્રભુ પદ પાળજો રે. મારી૦ ટેક.
પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું,
મને હશે શુ થાતું, નાથ નિહાળજો રે. મારી૦ ૧
અનાદિ વૈદ્ય આપ છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા,
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે. મારી૦ ૨
વિશ્વેશ્વર શું હજી વિચારો, બાજી હાથ કાં છતાં હારો,
મહા મુઝારો મારો, નટવર ટાળજો રે. મારી૦ ૩

કેશવ હરિ મારૂં શું થાશે, ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે,
લાજ તમારી લાજે, ભૂધર ભાળજો રે. મારી૦ ૪

**રાગ : ગરબી પદ-૧**

વ્હાલા લાગે મને પ્યારા લાગે, ભક્તિમાતાના બાળ રે,
જય સહજાનંદ સુખકારી -ટેક૦
પ્રગટ પ્રભુ સુખ ધામ તમારું, અખિલ બ્રહ્માંડે ન્યારું,
પૂર્ણ પુરુષોત્તમ પ્રભુજી પ્યારા, ધર્મદેવના દુલારા,
અમારા ધર્મદેવના દુલારા... વ્હાલા-૧
ભાવે કભાવે જે કોઈ ભજશે, સંસાર સાગર તરશે,
દેવ દયાળુ છો બહુનામી, રટજો અંતરજામી,
સદાયે રટજો અંતરજામી... વ્હાલા-૨
અવસર ફરી ફરી નહિ આવે, ભજી લ્યો શ્રીહરિ ભાવે,
અજર અમર જય પતિતપાવન, ભક્તવત્સલ ભગવાન,
અમારા ભકતવત્સલ ભગવાન... વ્હાલા-૩
ભક્તજનોનાં દુઃખડાં હરો છો, કારજ સઘળાં કરો છો,
દાસ મગન પર મહેર કરો, તો ભવનાં બંધન છૂટે,
અમારા ભવના બંધન છૂટે... વ્હાલા-૪

**પદ-૧**

સુનેરી મૈને, નિર્બલ કે બલરામ,
પિછલી સાખ ભરું સંતનદી, આડે સંવારે કામ-સુનેરી૦ ૧
જબલગ ગજબલ અપનો બરત્યો, નેક સર્યો નહિ કામ,
નિર્બલ હુયે બલરામ પુકાર્યો, આયે આધે નામ-સુનેરી૦ ૨
દ્રુપદ સુતા નિર્બલ ભઈ તા દિન, ગ્રહ લાયે નિજધામ,
દુઃશાશનકી ભુજા થકિત ભઈ, બસન રૂપ ભયે શ્યામ-સુનેરી૦ ૩
અપબલ તપબલ ઔર બાહુબલ, ચૌથા હય બલ દામ,
સૂર કિશોર કૃપાસે સબ બલ, હારેકો હરિ નામ-સુનેરી૦ ૪





**રાગ : મલાર પદ-૧ (વ.ગ. છે. ૩૧)**

હાલરકી લકરી હરિ મેરે હાલરકી લકરી, પકરી સો પકરી -હરિ૦ ૧
મન કર્મ વચને શ્રીનંદનંદન શું, દૃઢ કરી કે પકરી -હરિ૦ ૨
જાગત સોવત હરિ સ્વપનમેં, કાન કાન જ કરી -હરિ૦ ૩
જોગ ઓધાજી ઐસો લગત હે, જ્યું કડવી કકરી -હરિ૦ ૪
તુમ તો ઓધાજી બોધ લઈ આવે, શીખી સુની ન કરી -હરિ૦ ૫
સૂરદાસ પ્રભુ શું જઈ કહિયો, જાકો મત જ કરી -હરિ૦ ૬

**અમી ભરેલી નજરું રાખો**

અમી ભરેલી નજરું રાખો, નરનારાયણ દેવ રે,
દર્શન આપો દુઃખડા કાપો, નરનારાયણ દેવ રે.
ચરણ કમળમાં શિશ નમાવી, વંદન કરું મહારાજ રે,
દયા કરીને ભક્તિ દેજો, નરનારાયણ દેવ રે.
હું દુઃખિયારો તારે દ્વારે, આવી ઊભો મહારાજ રે,
આશિષ દેજો ઉરમાં રહેજો, નરનારાયણ દેવ રે.
તારા ભરોસે જીવનનૈયા, હાંકી રહ્યો મહારાજ રે,
બની સુકાની પાર ઉતારો, નરનારાયણ દેવ રે.
બાળ તમારો કરે વિનંતી, સાંભળજો મહારાજ રે,
મુજ અંતરમાં વાસ કરોને, નરનારાયણ દેવ રે.

**તારી એક એક પળ જાય લાખની**

તારી એક એક પળ જાય લાખની,
તું તો માળા રે જપી લે ઘનશ્યામની... ટેક
ખાલી આવ્યા ખાલી જાશો, સાથે શું લાવ્યા લઈ જાશો,
જીવન ધન્ય રે બનાવો ભક્તિભાવથી... તું તો ૧
જુઠા જગના જૂઠા ખેલ, મનવા મારું તારું મેલ,
તું તો છોડી દેને ચિંતા આખા ગામની... તું તો ૨
મારા મનડાના મોર, મારા ચિત્તડાના ચોર,
મેં તો મૂર્તિ જોઈ છે મહારાજની... તું તો ૩

હૈયે લાગી તાલાવેલી, આંખે આંસુડાની હેલી
ભક્તો ચેતીને ચાલોને જમના મારથી... તું તો ૪
ભક્તિ ખાંડા કેરી ધાર, તેથી ઊતર તું ભવપાર,
જેની લાગી છે લગન ઘનશ્યામમાં,
તે તો સુખેથી જાય છે અક્ષરધામમાં... તું તો ૫

### બેસવું હોય તે બેસી જાજો

બેસવું હોય તો બેસી જાજો ગાડી ઊપડી જાય છે,
ચેતવું હોય તો ચેતી જાજો ગાડી ઊપડી જાય છે.
ભક્તિ રૂપી સિગ્નલ બતાવી, લાઈન ક્લીયર થાય છે,
ધર્મરૂપી પાટા ઉપર, ગાડી દોડી જાય છે. બેસવું... ૧
ઘનશ્યામ માસ્તર ટિકિટ માગે, દોડમ દોડી થાય છે,
ભક્તિરૂપી ટિકીટ બતાવી, મફત મુસાફરી થાય છે. બેસવું... ૨
માયાનગરનું સ્ટેશન મોટુ, ગાડી થોભી જાય છે,
સત્સંગીઓ તો બેસી રહે છે, બીજા ઊતરી જાય છે. બેસવું... ૩
મૃત્યુલોકથી ગાડી ઊપડી અક્ષરધામ લઈ જાય છે,
બેસવું હોય તો બેસી જાજો, ગાડી ઊપડી જાય છે. બેસવું... ૪

### મનનો મોરલીયો રટે તારું નામ

મનનો મોરલીયો રટે તારું નામ, મારી ઝુંપડી આવો ઘનશ્યામ,
એકવાર આવી પૂરો હૈયા કેરી હામ, મારી ઝુંપડી આવો ઘનશ્યામ.
સૂરજ ઊગે ને મારી ઊગતી રે આશા, સંધ્યા ઢળેને હું તો બનું રે નિરાશા,
રાત દિવસ મને સુઝે નહિ કામ, મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ.
આંખલડીએ મને ઓછું દેખાય છે, દર્શન વિના મારું દિલડું દુભાય છે,
નહિ રે આવો તો વ્હાલા જશે મારા પ્રાણ, મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ.
એકવાર વ્હાલા તારી ઝાંખી જો થાયે, આંસુના બિંદુથી ધોવું તારા પાય,
માંગુ સદાય તમારા ચરણોમાં સ્થાન, મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ.
સુખકારી સહજાનંદ સ્વામીને સારું, કરી નાખ્યું કુરબાન જીવન મારું,
રાત દિવસ હું તો જોઉં તારી વાટ, મારી ઝુંપડીએ આવો ઘનશ્યામ.





### આવુ રુડું ગઢપુરધામ

આવું રૂડું ગઢપુર ધામ... (૨)
ગઢપુર છોડીને વાલો ચાલીયા માણારાજ.
સુના લાગે દાદાના દરબાર... (૨)
સુનારે મંદિર સુના માળીયા માણારાજ... (૨) આવું રૂડું.
સુના લાગે ઘેલાના ઘાટ.... (૨)
સુનારે ગઢપુર કેરા ઝાડવા માણારાજ... (૨) આવું રૂડું.
ઝાંખા પડીયા દીશાઓના તેજ... (૨)
ઝાંખારે પડીયા રે સુરજભાણ માણારાજ... (૨) આવું રૂડું.
સુની રે લાગે ઘોડાની ઘોડાલ... (૨)
સુની રે લાગે છે માણકી ઘોડી માણારાજ... (૨) આવું રૂડું.
ખાતી નથી ખાણ કે પાન... (૨)
આંખેથી આંસુ એતો સારે માણારાજ... (૨) આવું રૂડું.
દાદો રૂએ ઉગમણે દરબાર... (૨)
સંતોરે... દાદાને વિનવે માણારાજ... (૨) આવું રૂડું.

### ફુલડાની થાળી

ફુલડાની થાળી ફુલડે રચાવી થાળી ભરીને ફુલ લાગી ઘનશ્યામ... ટેક
તીરથ કરૂ તો મારા પગલારે દુઃખે, પૈસો હૈયે વાગે ઘનશ્યામ...
પૂન્યદાન કરૂ તો મારા હાથ જ ધ્રુજે,
હૈયુ હળ હળ હળે ઘનશ્યામ... ફુલડાની થાળી
એકાદશી કરુ તો ઉપવાસ લાગે,ઉના પાણી ના ભાવે ઘનશ્યામ,
મંદિર જાવુ તો મારા ઘરબાર રેંઢા,
મંદિર વ્હાલુ લાગે ઘનશ્યામ... ફુલડાની થાળી
જીવરે અભાગીયાના તેડારે આવ્યા,જમડા આવ્યા ચાર ઘનશ્યામ
જીવરે અભાગીયો પાછુ વાળી જુએ,
શુ શુ મારી સાથે આવે ઘનશ્યામ... ફુલડાની થાળી
દેતવાની દોણી કડગની પોળી,સાથે આવે છાણુ ઘનશ્યામ
પરભુજીરે મારા ખાતારે ખોલો,

જીવને તરશું લાગી ઘનશ્યામ... ફુલડાની થાળી
સામા તે સરોવર જળે ભર્યા છે,પાયા હોય તો પાજો ઘનશ્યામ
જીવરે અભાગીયો પાણી પીવા ચાલ્યો,
જીવજંતુ થઈ ગયા ઘનશ્યામ... ફુલડાની થાળી
પ્રભુજીરે મારા ખાતા રે ખોલો,જીવને ભુખો લાગી ઘનશ્યામ
સામા તે રસોડામાં તૈયાર છે રસોઈ
જમાડ્યા હોય તો જમાડશો ઘનશ્યામ... ફુલડાની થાળી
જીવરે અભાગીયો જમવારે ચાલ્યો,રસોઈ કોલસા થઈ ગઈ ઘનશ્યામ
હવે પ્રભુજી મને પાછો રે મોકલો,
પૂન્યદાન કરીને પાછો આવું ઘનશ્યામ... ફુલડાની થાળી
ઘરના આંગણીએ ભજનકીર્તન કરાવું,દીકરી ઘરે પરણાવું ઘનશ્યામ
માવ કવિ કહે આ ટહુકો સાંભળજો,
સુણજો અમારી વિનંતી ઘનશ્યામ... ફુલડાની થાળી

### શ્રીજી ચરિત્ર ધુન

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ ભજમન સ્વામિ.
અક્ષરધામથી પુરશોત્તમ પધાર્યા, ગોપાળાનંદ સંગ લાવ્યા હોરાજ. સ્વામિ.
છપૈયાપુર પ્રભુ જન્મ ધરીને, કૃત્યાનો ભંગ કરી આવ્યા હોરાજ. સ્વામિ.
કાળી તે દૈત્યનો નાશ કરી આવ્યા, બચાવી બાળકોને લાવ્યા હોરાજ. સ્વામિ.
તલાવડીને તીર જઈ આવ્યાં, ખાંપો સાથળ ચિહ્ન લાવ્યા હોરાજ. સ્વામિ.
હીરાની વિટી ક્યાં મુકી આવ્યા, કોને મિઠાઈ ક્યાંથી લાવ્યા હોરાજ. સ્વામિ.
સુવાસિનીને સંતાપી આવ્યા, વેણી માધવ સાથ ફાવ્યા હોરાજ. સ્વામિ.
પિતાની પાસે વેદ ભણી આવ્યા, ગુટકો જ્ઞાન કરી લાવ્યા હોરાજ. સ્વામિ.
વનવિચરણ કરી લોજમાં પધાર્યા, આવીને વાવ પર બેઠા હોરાજ. સ્વામિ.
વાલો વાવડીએ લોજની રે આવ્યા, સુખાનંદને દિલ ભાવ્યા હોરાજ. સ્વામિ.
ભલે ભૂદરજી ભાવે રે આવ્યા, મુક્તાનંદને દિલ ભાવ્યા હોરાજ. સ્વામિ.
તમે પતસ્વી તપ કરી આવ્યા, અષ્ટાંગયોગ શીખી લાવ્યા હોરાજ. સ્વામિ.
સુણી રામાનંદ ભુજથી પધાર્યા, નિરખીને નાથ હરખાવ્યા હોરાજ. સ્વામિ.
અનંત જનને સમાધિ કારવી, દાસ પોતાના કરી સ્થાપ્યા હોરાજ. સ્વામિ.





દીક્ષા લઈ સહજાનંદ કહાવ્યા, બેસાડી ગાદીએ વધાવ્યા હોરાજ. સ્વામિ.
શ્રીપુર વૃતપુર મંદિર બંધાવ્યા, સ્વરૂપ પોતાના પધરાવ્યા હોરાજ. સ્વામિ.
આપ ઈચ્છાએ સ્વધામ પધાર્યા, દાસ નારાયણ મન ભાવ્યા હોરાજ. સ્વામિ.
વસંતસંગે રમવાને આવ્યા, સંતમંડળ સંગ લાવ્યા હોરાજ. સ્વામિ.
શ્રી ગઢપુરમાં ગોપીનાથ સ્થાપ્યા, દાદા ખાચરને મન ભાવ્યા હોરાજ. સ્વામિ.

### ચંદ્રવળા ઉપદેશ વિષે

પરનારી શું પ્રીત કરી તેને રૂઠ્યા રામ,
માતાને તો ભારે મારી સુઝ્યું ભુંડું કામ,
સુઝ્યું ભૂંડું કામ તે કેવું (એના) પીત્રી સ્વર્ગે કંપે એવું,
કહે ગોવિંદરામ એની મત્ય ફરી છે,
પરનારી શું પ્રીત કરી છે - તેને રૂઠ્યા રામ. ૧
સર્વ ખાયે તો સુખેથી ખાજો, તેથી રૂડી લ્હાય,
પરનારી રૂપ પૈસા સન્મુખ ચાલ્યે મહા દુ-ખ થાય,
ચાલ્યે મહા દુઃખ થાય તે કેવું, ભવ ભટકણમાં નાખે એવું,
કહે ગોવિંદરામ (એથી) અળગા થાજો,
સર્પ ખાયે તો સુખેથી ખાજો - તેથી રૂડી લ્હાય. ૨
પાંચ પાપ સર્વે પાપથી ભારી, તે મહાપાપ કહેવાય,
બ્રહ્મહત્યા ને ચોર સોનાનો, ત્રીજો જારી કહેવાય,
ત્રીજો જારીને અન્યાયે ચાલે મદ્ય કેફી તેની સોબત ઝાલે,
કહે ગોવિંદરામ સાંભળો નરનારી,
પાંચ પાપ સર્વે પાપથી ભારી - તે મહાપાપ કહેવાય. ૩
ગાફલ બંદા ગર્વ નવ કરીએ, ગયું રાવણનું રાજ,
સીતા હરીને સર્વે ખોયું, એવું નહીં કેને આજ,
એવું નહીં કેને આજ તે ભાઈ, લંકાપતિને સમુદ્રની ખાઈ,
કહે ગોવિંદરામ પગલું જોઈને ભરીએ,
ગાફલ બંદા ગર્વ નવ કરીએ - ગયું રાવણનું રાજ. ૪
જીવ જગતનો એવો ડાહ્યો, કથા સાંભળવા જાય,
ભાંડ ભવાયા ને ભૂંગળા વાગે, ત્યાં પણ તૈયાર થાય,
ત્યાં પણ તૈયાર થાય, તે જોવાને બુઢ્ઢાપણની લાજ ખોવા,

કહે ગોવિંદરામ ગધેડો ગંગામાં નાહ્યો,
જીવ જગતનો એવો ડાહ્યો - કથા સાંભળવા જાય. ૫
ગાડા ઉપર વોરો બેઠો, વાટે ચાલ્યું જાય,
મારગમાં તો રોડા આવ્યા, ઉંચા નીચું થાય,
ઉંચા નીચું થાય તે ગાડું, વોરાજી તમે ઝાલજો નાડું,
કહે ગોવિંદરામ જઈ પડ્યો હેઠો,
ગાડા ઉપર વોરો બેઠો - વાટે ચાલ્યું જાય. ૬
સવળું કેતાં સમજ્યો આડું, એની સમજણમાં બહુ ફેર,
ગાડા ઉપરથી પડતું મેલ્યું, માથું થઈ ગયું ઝેર,
માથું થઈ ગયું ઝેર તે ફુટી, તોય મુરખ મેલે નહીં મુઠી,
કહે ગોવિંદરામ એ વોરાનું નાડું,
સવળું કેતાં સમજ્યો આડું - એની સમજણમાં બહુ ફેર. ૭
પ્રથમ કહ્યું કરે નહી મનનું, તેજ હરિના દાસ,
મન ઘડીમાં મેડે ચડે, ને ઘડીમાં વાઢે ઘાસ,
ઘડીમાં વાઢે ઘાસ તે મન, તેને જાણે વિવેકી જન,
કહે ગોવિંદરામ એ લક્ષણ હરિજનનું,
પ્રથમ કહ્યું કરે નહીં મનનું - તેજ હરિના દાસ. ૮
જેદી તેદી સત્સંગ કરશો, તહીંયે પામસો પાર,
સર્વે તીરથનું ફળ એ છે, વેદ વચન નિર્ધાર,
વેદ વચન નિર્ધારતે માનો, મહા પ્રતાપ નહીં કાંઈ છાનો,
કહે ગોવિંદરામ ભવસાગર તો તરશો,
જેદી તેદી સત્સંગ કરશો - તહીંયે પામશો પાર. ૯
કામ ક્રોધ મદ મોહના છકયા, જીવ તણાણા જાય,
અનિતિમાં જઈ આસન વાળે, નીતિમાં ન દીએ પાય,
નીતિમાં ન દીએ પાય તે લાજે, માથે નગારાં મોતનાં ગાજે,
કહે ગોવિંદરામ જીવ બોલે છે બકયા,
કામ ક્રોધ મહ મોહના છક્યા - જીવ તણાણા જાય. ૧૦





સાકર મૂકી રાખ જ ખાય, જેમ નાનું બાળ,
માવતર જાણે માંદું પડશે, મુકાવે તત્કાળ,
મુકાવે તત્કાળ તે માબાપ, તેમ તેમ બાળક કરે સંતાપ,
કહે ગોવિંદરામ રોતું જાય,
સાકર મૂકી રાખ જ ખાય - જેમ નાનું બાળ. ૧૧
જીવ જગતમાં બાળક જેવા, વિખ ખાવાને જાય,
હરજિન માત તાત સમ હે, અહોનિશ અમૃત પાય,
અહોનિશ અમૃત પાય તે કેવું, ભવ ભટકણને ટાળે એવું,
કહે ગોવિંદારમ એને ભૂંડા હેવા,
જીવ જગતમાં બાળક જેવા - વિખ ખાવાને જાય. ૧૨
ગુના સામું ગોવિંદ ન જુએ, જો જન દીન જ થાય,
અજામેલ ગજ ગુનકા જેવા, તે પારંગત જાય,
તે પારંગત જાય તે જાય, ચાર વેદ ગીતા એમ ગાય,
કહે ગોવિંદરામ સાંભળજો સૌ,
ગુના સામું ગોવિંદ ન જુએ - જો જન દીન જ થાય. ૧૩
તમે હો ડાહ્યા તો ડહાપણ મૂકો, ત્યાં નથી હડાપણનું કામ,
કાલાઘેલાના છે પ્રભુ સમરથ સીતારામ,
સમરથ સીતારામ તે કેવા, અધમ ઓધારણ નામ જ એવા,
કહે ગોવિંદરામ સ્મરણ કાં ચુકો,
તમે હો ડાહ્યા તો ડહાપણ મૂકો - ત્યાં નથી હડાપણનું કામ. ૧૪
ત્રાંબિયાની એક તોલડી લઈએ, તે વગાડીએ વારંવાર,
ગુરૂ કરીએ તો કે છે કાલાઘેલા, એમ વહ્યો જાય સંસાર,
એમ વહ્યો જાય સંસાર તે જાશે, પાત્ર એવું કારજ થાશે,
કહે ગોવિંદરામ સમજું તેને કહીએ,
ત્રાંબિયાની એક તોલડી લઈએ - તે વગાડીએ વારંવાર. ૧૫
કામી ક્રોધી લોભી લંપટ, પાપી જીવ પીલાય,
જમના કિંકર જોડા મારી, જમપુરીમાં લઈ જાય,
જમપુરીમાં લઈ જાય તે જ્યારે, ખરી ખબર તે પડશે ત્યારે,

કહે ગોવિંદરામ ચીંચોડા સંપટ,
કામી ક્રોધી લોભી લંપટ - પાપી જીવ પીલાય. ૧૬
સાકર કહે મોઢું મીઠું, કહું કદીએ ન થાય,
નામ તણું નાડું ઝાલીને, કૈંક તણાણા જાય,
કૈંક તણાણા જાય તે જાશે, પણ ખાધે મોઢું મીઠું થાશે,
કહે ગોવિંદરામ નામી વિનાનું નામ તે મીઠું,
સાકર કહે મોઢું મીઠું - કહું કદીએ ન થાય. ૧૭
ચેતવું હોય તો ચેતજો ટાંણે, માથે ગાજે છે મોત,
આજ કાલમાં ઉઠી જાવું, કુટુંબ કબિલા સોત,
કુટુંબ કબિલા સોત તે જોવું, હરિ ભજ્યા વિના હડહડ થાવું,
કહે ગોવિંદરામ મન ઉગારે નાણે,
ચેતવું હોય તો ચેતજો ટાણે - માથે ગાજે છે મોત. ૧૮
શુળી કીધી છે ચોરને કાજે, તેનો મહાજનને ડરનોય,
જો મહાજન કરે ચોરની સોબત, ચડે શુળીએ સોય,
ચડે શુળીએ સોય તે ચડશે, ખોટો સંગે પેજારૂં પડશે,
કહે ગોવિંદરામ ન્યાય બાંધ્યો છે મહારાજે,
શુળી કીધી છે ચોરને કાજે - તેનો મહાજનને ડરનોય. ૧૯
ગુરૂ કરીએ તો જ્ઞાની કરીએ, સંત અસંતને જોઈ,
બળદ લઈએ તો ખેડીને લઈએ, ડોબું લઈએ દોઈ,
ડોબું લઈએ તો દોઈને લઈએ, સમજુ નામ તે તેનું કહીએ,
કહે ગોવિંદરામ ભવસાગર તો તરીએ,
ગુરૂ કરીએ તો જ્ઞાની કરીએ - સંત અસંતને જોઈ. ૨૦
હરિજનની કરીએ નહીં હાંસી, હાંસીમાં બગડી જાય,
જુઓ વિચારી જાદવની જેને, કૃષ્ણ થયા નહિ સહાય,
કૃષ્ણ થયા નહિ સહાય કુળમાં, સર્વે નાશ થયા ઘડી પળમાં,
કહે ગોવિંદરામ એમાં રામ ઉદાસી,
હરિજનની કરીએ નહીં હાંસી - હાંસીમાં બગડી જાય. ૨૧
ઈમાન રાખીને આકડો વાવે, ને પ્રબળ પાણી પાય,
બાર મહિના સીંચ્યા કરે ત્યારે, ફળફુલ તો થાય,





ફળફુલ તો થાય તે કેવાં, દીઠામાં તો કારી જેવા,
કહે ગોવિંદરામ સ્વાદ કાંઈ કેરીનો ન આવે,
ઈમાન રાખીને આકડો વાવે - ને પ્રબળ પાણી પાય. ૨૨
ત્રાહિ ત્રાહિ કરી તો ભાર ભરશે, તેનો હરિ ઝાલસે હાથ,
કરી તે કરી પણ ફરી નવ કરવી, જ્યાંથી સુણી સંતની વાત,
સુણી સંતની વાત તે જ્યાંથી, કર્યો ફેલનો ત્યાગ જ ત્યાંથી,
કહે ગોવિંદરામ ત્રાસ સાહેબનો ધરસે,
ત્રાહિ ત્રાહિ કરી તો ભાર ભરશે - તેનો હરિ ઝાલસે હાથ. ૨૩
ભીતે ભોયંગ કાઢી તલ જારે, (તેને) પૂજી લાગે પાય,
ભોયંગ જો પ્રગટ દેખે તો, મૂરખ મારવા જાય,
મૂરખ મારવા જાય તો પાપી, ભીંતે તો પૂજે છે થાપી,
કહે ગોવિંદરામ પ્રગટને મારે,
ભીંતે ભોયંગ કાઢી તલ ઝારે - પૂજી લાગે પાય. ૨૪
છાણ તણો લઈ કરે શોખો, તેને પૂજી લાગે પાય,
શોખા મા રક્ષા કરજો, કુલેર વહેંચી ખાય,
કુલેર વહેંચી ખાય તે ખાય, ને પ્રગટને ચરણે ન જાય,
કહે ગોવિંદરામ કળીના કૌતુક દેખો,
છાણ તણો લઈ કરે શોખો - તેને પૂજી લાગે પાય. ૨૫

**રાગ : લાવણી**

સહજાનંદકે દર્શન કરકે, મગન ભયે સબ ગુરુ જ્ઞાની;
અદ્‌ભુત રૂપ વિચારત મનમેં, નહિ આવ મુખસેં બાની...સહ૦ ટેક.
અનંત કોટી જાકે ચરન પડત હે, બ્રહ્મમોહોલકે સુખયાની;
સો હરિકો હમ પ્રગટ બતાવે, વેદ વિના ભટકે પ્રાની...સહ૦ ૧
કોટી વિષ્ણુ બ્રહ્મા કરજોડી, શંકરકોટ સુરત આની;
શારદ શેષ નારદ યું પ્રણવે, નહિ માનત નર અભિમાની...સહ૦ ૨

**દોહા**

જય જય મંગળ કરન પ્રભુ, મંગળમય તવ નામ;
હરત અમંગળ ભક્તકે, શ્વેતભુવનપતિ શ્યામ. ૧

જટા છત્ર મૃગચરમ ધર, ઉર્ધ્વ બાહુ મૃદુ હાસ;
નિજ જનહિત નિત્ય કરત તપ, જય જય મૂર્તિ પ્રકાસ. ૨
શ્વેતાભિધ નિજ દ્વીપપર, મુનિવૃંદ લીયે સાથ;
ઉર્ધ્વ બાહુ રત ઉગ્ર તપ, કરત નિરંતર નાથ. ૩
એકાંત ધર્મ આશ્રિત સદા, શ્વેત પુરૂષ નિજ દાસ;
તિનકી તુમ પ્રભુ કરત સદા, ઈતર વાસના નાસ. ૪
શ્વેતાંબર સુસ્મિત વદન, શ્વેત સુલેપન અંગ;
શ્વેત ભુવન રાજત સદા, શ્વેત પુરૂષકે સંગ. ૫
સદાનંદ અરવિંદ પદ, પ્રફુલ્લિત વદન સરોજ;
દયા સુધા પૂરીત નયન, મોહીત કોટી મનોજ. ૬
શ્વેત નામ તવ શ્વેત વપુ, શ્વેત પુષ્પ ઉર હાર;
શ્વેત પુરૂષ વલ્લભ સદા, શ્વેત બંધુ કરતાર. ૭
શાંત સદા તોજોમય, મુક્ત નિરજ્ઞ અપાર;
પૂજત ચરન સરોજ તવ, લીયે વિવિધ ઉપચાર. ૮
કોટીક ઈંદુ કાંતિ સમ, શોભીત સદા સુરેશ;
કલાનિધિ નૈષ્ઠિક પ્રભુ જય જય વર્ણિ વેષ. ૯
શાંતી દાંતી જપ તપ કરી, હોત હો પ્રગટ અનૂપ;
ચતુરા સનાનંદન સુખદ, જય જય શાન્ત સ્વરૂપ. ૧૦
જુગ જુગ પ્રતિ પ્રભુ ધરત તુમ, લીલા રૂપ અપાર;
ભક્તિ સહિત સદા ધર્મકો, પાલત વારમવાર. ૧૧
નિજ આશ્રિતકું બ્રહ્મ ગતિ, દેત હો શ્યામ સુજાન;
પ્રગટત પ્રતિ યુગ નાથ તુમ, નીજ જ્ઞાન કમળકે ભાન. ૧૨
કર્મપાસ નાનાવિધ, બાંધે જીવ અનંત;
મુક્તિ કારન તુમહિં હો, સહજાનંદ ભગવંત. ૧૩
સુપર્ણ તુમ યોગેશ્વર, ધર્મવંશ પ્રતિપાલ;
હંસ વિષ્ણુ મહાપુરુષ તુમ, પૂરન પરમ દયાળ. ૧૪
વૈકુંઠ સત્ય અક્ષર તુમ, પુરૂષોત્તમ પદ શ્યામ;
બ્રહ્મલોકપતિ નાથ તુમ, નીલકંઠ સુખ ધામ. ૧૫

●





# (છંદ વિભાગ)

## ઉપાસનાકો અંગ-સવૈયા

કોઉક ભૂત ભવાની ઉપાસત, કોઉક પ્રેત પિશાચ અધ્યાસી;
કોઉક ચંદ સુરિંદ ઉપાસત, કોઉક ફનિંદહુસેં માનવાસી.
કોઉક શંકર દેવ દિનંકર, અંતર ધ્યાસત સ્વાસઉસ્વાસી;
એકહિ ટેક લીયે નિશવાસર, બ્રહ્મમુનિ ઉર કૃષ્ણ ઉપાસી. ૧
કૃષ્ણહુકો ઉર ધ્યાન નિરંતર, બાહરહી મુખ કૃષ્ણ કહે હૈં;
કૃષ્ણ કૃપાલ સદા સર્વોપરિ, વેદપુરાનકી સાખ લયે હૈં.
કૃષ્ણહુતેં સબ તાપ ગયે ઉર, કૃષ્ણહુતેં નિષ્પાપ ભયે હૈં;
કૃષ્ણહુકે હમ દાસ નિરંતર, બ્રહ્મમુનિ ઉર કૃષ્ણ રહે હૈં. ૨
રાજનકે મહારાજ બિરાજત, દેવનકે પુનિ દેવ હૈં ઓઈ;
ઈશનકે મહા ઈશ અંખડિત, યા સમ ઈશ નહિ જગ કોઈ.
ધીરકે ધીર અધીર દયા વસ, મીરકે મીર અમીર હે જોઈ;
પ્રાનકો પ્રાન પ્રમાન પુરાતન, બ્રહ્મમુનિ ઉપ ઈષ્ટ હે સોઈ. ૩
દેવી રુ દેવસેં નાંહિ ખુશી દિલ, નાંહિ ઉપાસન સૂર શશીકો;
શેષ મહેશ વિરંચિ ગણેશ હિ, ઓર કછુ સબ લાગત ફીકો.
માયિક લોક રુ લોકનપાલહું, કાલહુ નાશ કરે સબહીકો;
જાહીકું મુક્ત અનંત ઉપાસત, કૃષ્ણ સો જીવન બ્રહ્મમુનિકો. ૪
યા ભવસેં ભ્રમતેં ચહુ ખાનમેં, જાન દયા મનુષા તન દીના;
ગર્ભહુમેં સુધ ભૂલ ગયે નહિ, જાઠર ઝાલતેં રાખકે લીના.
આજહુ સાંજ સબેર નિરંતર, દેત અહાર અનુગ્રહ કીના;
બ્રહ્મમુનિ કહે સો હરિ છાંડકે, અન્ય ઉપાસત હે મતિહીના. ૫
ભોમ રુ આપ હુતાસ રુ મારુત, વ્યોમ અહં મહત્તત્ત્વસે ન્યારા;
પાર પ્રધાન પુરુષહુતેં પ્રકૃતિ, અજ આદિ પુરુષકે પારા.
અક્ષરધામકે શ્યામ અખંડિત, પ્રાનપતિ પુરુષોત્તમ પ્યારા;
એકહિ કૃષ્ણ અનૂપ અલોકિક, બ્રહ્મમુનિ કહે ઈષ્ટ હમારા. ૬

## ઉપદેશકો અંગ-ઝુલણા છંદ

પાયી જિંદગી નાહિ કીઈ, નિત્ય ખ્યાલ કીયા ઠગ બાજીયાંકા,
મદમોહમેં તેં મગરૂર ફીર્યા, તન તાકતા નારીયાં તાજીયાંકા;
સદ્‌ગુરુ સાહેબકા રંગ ચઢ્યા નાહિ, સંગ કીયા નર પાજીયાંકા,
બ્રહ્માનંદ કહે કૈસેં બાત માનેં, તેં તો ગ્રાગ હે જૂતીયાં ઝાઝીયાંકા. ૧
તોકું દેખે કંપે પરિવાર સારા, ડારા દેત લે હાથમેં ધોકલીકું,
કબુ શિખકી બાત ન કાન ધરે, ડાહ્યા હોત હલાવત ડોકલીકું;
ખરે મોક્ષકે પંથસેં ખૂટ બેઠા, હૈયાફૂટ છોડે નહિ હોકલીકું.
બ્રહ્માનંદ કહે ચલ ચલ ગિદી, મર બૂડ દેખાત ક્યા મોકલીકું. ૨
રામ નામકી કોર તો સોઈ રહ્યા, કામ ક્રોધ રુ લોભમેં જાગતા હે,
ભરપૂર રહે બાત ભૂંડીયાંમેં, લુચ્ચા લુંડીયાંમેં મન લાગતા હે;
રહે દાસ ભયા ભગતાનિયાંકા, હરિજનકે સંગમે ભાગતા હે,
બ્રહ્માનંદ કહે નખશિખ સુધાં, તેરા મુખ તો જુતિયા માગતા હે. ૩
તેરા ધાઈયામેં સબ ઘટ ભર્યા, નટખટ બોલે ઠગ હુંસડીકું,
ખેતવાડીયામેં નિત્ય ખ્વાર મીલે, હીયે ધાર બડી બડી હુંસડી કું;
ખુશી હોય જૈસેં મન ખેલતા હે, નહિ મેલતા હે લાજ પુંછડીકું,
બ્રહ્માનંદ કહે દાસ રાંડહુકા, મર બૂડ ક્યા તાનત મૂછડીકું. ૪
જગમાંહિ ફજેત બેહાલ ફીરે, કામ કિંકર છૂટલ કાછડેકા,
ખોઈ ઉમર સોગટે જૂગટેમેં, મન લક્ષ રહ્યા રાંડ રાસડેકા;
લીયે હોકલી હાથમેં ડોલતા હે, ખોટા બોલત યાર ખવાસડેકા,
બ્રહ્માનંદ કહે ભજે રામ કૈસેં, અધિકાર તોકું નર ખાસડેકા. ૫
કેઈ ઘાત મહાઉતપાત કરે, તામેં જોગ્ય અજોગ્ય ન જોવતા હે,
નિત્ય કેડે દોડે ઉઠ દાસિયાંકે, ખરી બાપકી લાજકું ખોવતા હે;
માંડ માંડહી રાંડ રીઝાવનેકું, ગાંડ છોકરેકી નિત્ય ધોવતા હે,
બ્રહ્માનંદ કહે નહિ લાજ તેરે, હસે કોન મુખે કયું ન રોવતા હે. ૬
પનઘટ બેઠે પન ખોવતા હે, મુખ જોવતા હે પનિયારિયાંકા,
દિન રેન માયા બીચ ભૂલ ગયા, ખુશી ખ્યાલ કીયા નિત્ય ખ્વારિયાંકા
ચિત્ત ફાટ ગયા બદફેલ ચલે, બાર ઠેલતા હે ઘરબારિયાંકા,
બ્રહ્માનંદ કહે તોકું દુઃખ લગે, પણ મુખ તો ગ્રાગ પેજારિયાંકા. ૭





કિરતાર બીસાર ભર્યો કુમતિ રહે, યાર ભયા નિત્ય ઠાનિયાંકા,
હીયા ફૂટ હેરે ફાટી અંખિયાંસેં, જાય ઘાટ ઘેરે બેઠે પાનિયાંકા;
દેખે પારકી નારીકે કેડ દોડે, અરુ માલ ચોરે જાય બાનિયાંકા,
બ્રહ્માનંદ કહે તોકું ગ્યાન કેસો, તેરા ધ્યાન લગ્યા ભગતાનિયાંકા. ૮
નરદેહ અમૂલક પાયકેંજી, ખોઈ ઉમર લુંડ લબાડિયામેં,
હરિજનકે સંગસેં રંગ ચઢ્યા નહિ, બેઠતા હે ચોર ચાડિયાંમે;
ધન મેલકેં ધૂલકે બીચ ધર્યા, તેરા ઘટ ભર્યા સબ ઘાડીયાંમે,
બ્રહ્માનંદ કહે તેં ફજેત ભયા, તેરા ચિત્ત ફરે ખેતવાડીયામેં. ૯
વારવાર દેવે ફીટકાર હોકો, તાપેં રીસકા લેશ ન લાવતા હે,
કોઈ સંત કહે બાત શિખહુકી, તાસેં ઉલટા બાદ અડાવતા હે;
રામનામહુસેં હોકા બોત પ્યારા, સારા દિન ચુસેં ગુન ગાવતા હે,
બ્રહ્માનંદ કહે નહિ લાજ તેરે, કહા લોકમેં મૂખ દેખાવતા હે. ૧૦
ધિક તાહિ સતીને સાજહુમેં, વહ્નિ દેખી ડોલી પડે જાયકેંજી,
ધિક શૂર હઠ્યા સંગરાંમહુસેં, કહા જીવતા હે ઘર આયકેંજી;
સંત ભેખ ધરી ચહ લોકહુકે, સુખ દેહસેં ચિત્ત લગાયકેંજી,
બ્રહ્માનંદ કહે તીનું ખ્વાર ભયે, જગમાંહિ બડો જસ પાયકેંજી. ૧૧
કુન ગામ ગઈ નર બુદ્ધિ તેરી, વિખ પીત અમીરસ ઢોલતા હે,
કેઈ પેટકે કાજ અકાજ કરે, દિલ હોય ડાહ્યા અરુ ડોલતા હે;
કહો કોન સગા કહાં જાઉંગા મેં, એસી બાત હદે નહિ તોલતા હે,
બ્રહ્માનંદ કહે ધિક જીવનેમેં, બક બક ક્યા મૂખ લે બોલતા હે. ૧૨
બહુ હોય પ્રવીન જ્યું બોલતા હે, ચિત્ત બોલતા હે દામ ચામકીવે,
અતિ બાહિર ભેખ બનાવત સુંદર, ભીતર ચાલ હરામ કીવે;
મદ મોહ ટર્યા નહિ મનહુસેં, કહો ચાતુરતા કોન કામ કીવે,
બ્રહ્માનંદ કહે સબ બાત જૂઠી, જોલું સુધ નહિ સિયારામ કીવે. ૧૩
દિન કે ગયે ખેલને દોડનેમેં, બહુ બાલલીલા અરુ બીવનેમેં,
જુવા હોય રચ્યો રંગ જુવતિસેં, દિન કે ગયે ખાવને પીવનેમેં;
વૃદ્ધ હોય વધી અંગ ઓર બ્યાધિ, દિન કે ગયે સાંધને સીવનેમેં,
બ્રહ્માનંદ કહે કિરતાર ભજ્યા બિન, ધૂર તેરે નર જીવનેમેં. ૧૪

રાજ બાજહુકો કામકાજમેં તેં, નવરા રહ્યા દિન રાતમેંજી,
જગમાંહિ બડો જશ હોય મેરો, જાને હોઉં બડો નાત જાતમેંજી;
રાગ રંગવિલાસ અવાસહુમેં, અરુ લોભસેં ઉરકી ઘાતમેંજી,
બ્રહ્માનંદ કહે જમ આય લગ્યા, ખોઈ ઉમર બાતકી બાતમેંજી. ૧૫
નખશિખ બન્યા પિંડ પાપહુકા, ફીર પાપકે પેડ પસારતા હે,
નિત્ય કેર કરે કછુ મ્હેર નહિ, મગરૂર હો જીવકું મારતા હે;
બિનશંક ભયા બદફેલ ચલે, મન શંક ન કોઈકી ધારતા હે,
બ્રહ્માનંદ કહે નરદેહકું પાયકેં, કર્મકા બ્યાજ બધારતા હે. ૧૬
ધન માલ રહે ઘરમાંહી ધર્યા, પરિવાર મેડી ગજ પાયગા વે,
કેઈ જોધ ખડા ખગ ઢાલ લીયે, રનજીત કીયે રહેવાયગા વે;
સબ સાહેબી રંગ પતંગ જેસી, થિર કોઈસેં ના ઠહરાયગા વે,
બ્રહ્માનંદ કહે ચડી ચોટ ચપેટ, ઝપેટ કેં કાલ લે જાયગા વે. ૧૭
કડા વેઢ વીંટી મોતી પેર કાને, મહા જોરસેં મુંછ મરોડતા હે,
ચલે દેખતા અપની છાંયડીકું, ટેડી પાગ બાંધી તાન તોડતા હે;
તન અત્તર તેલ ફુલેલ લગાવત, નેહ ત્રિયા સંગ જોડતા હે,
બ્રહ્માનંદ કહે ખબરદાર બંદે, દેખ કાલ કીસેં નહિ છોડતા હે. ૧૮
તેરા કોન ગજા કેતે જીવનેપેં, એતે જોર જુલમ જણાવતા હે,
કબુ ધર્મકી બાતમેં પાવ ધરે નહિ, પાપ સદા મન ભાવતા હે;
પિંડ પાલનેકું રાંક પીડતા હે, તાકી ત્રાસ નહિ ઉર લાવતા હે,
બ્રહ્માનંદ કહે દિન દોઈ પીછે, દેખ કાલ અચાનક આવતા હે. ૧૯
અંધ ધંધ રહે મદ આપનેમેં, મન બાત ન કોઈકી માનતા હે,
ધન ધામ ધરા સુત દાર મીલે, એહિ જીવનકો ફલ જાનતા હે;
મદ્ય માંસ ભખે નહિ શંક રખે, કીયે પાપકું આપ બખાનતા હે,
બ્રહ્માનંદ કહે કછુ વાર નહિ, જમ કાલ ઊંધે શિર તાનતા હે. ૨૦
ચહુ દેશમેં આણ ચલાવતા હે, ધરુ દાણ આવે વાટ ઘાટકા હે,
અરુ બાગ કિલ્લા મહલાત બનાવત, ખેલ ત્રિયા સંગ ખાટકા હે;
ભાત ભાતકે ભોજન થાલડુમેં, તામેં બીશ પચીશેક વાટકા હે,
બ્રહ્માનંદ કહે દેખ બિચાર પ્યારે, સબે કાલકી એક થપાટકા હે. ૨૧





નહિ ધામ ધરા તહાં કોટ કિલ્લા, રંગમહોલ કચેરી ન રાવના હે
સુખ સેજ નહિ તહાં સોવનેકી, રંગરાગ ન ગાયક ગાવનાં હે;
સબ આપકે કર્મકે પાપહુસેં, તહાં માર બહુબીધિ ખાવનાં હે,
બ્રહ્માનંદ કહે દેખ બિચાર પ્યારે, જમદ્વાર તો એકીલે જાવનાં હે. ૨૨
પિતુ માત ઠગ્યો પ્રતિપાલનાસેં, હેત ખાનપાન લીયો હાથમેંજી,
સગે આય ઠગ્યો કહે બાત સારી, અરુ નારી ઠગ્યો લીયો બાથમેંજી,
સુત ભ્રાત કુટુંબી મીલે સબહી, કહે હોયગે ભીર ભારાથમેંજી,
બ્રહ્માનંદ કહે ચેત ચેત પ્યારે, તેં તો આઈ પર્યો ઠગ સાથમેંજી. ૨૩
કબુ ધર્મકી બાત ન કાન ધરે, સદા પાપકી બાત સોહાવતિ હે,
તેરે ઉરમેં પ્રૌઢ બઢી તૃષના, ધન કાજ દશોદિશ ધાવતિ હે;
જમ શિશ ખડે દિનનિશ અરિ, તોય નિંદ કેસે સુખે આવતિ હે,
બ્રહ્માનંદ ખટાપટ ખેલહુમેં, તેરી આયુ ઝટાપટ જાવતી હે. ૨૪
દુર્લભ્ય એહી દેહ દેવતાકું, તેહી પાઈ બીચાર ન જોવતા હે,
અમરીતકે પેડ ઉખારત તાહીમેં, બીખકા બીજ લે બોવતા હે;
સબદિનમેં રાંડકી વેઠ કરી, ભરી પેટ સમીસાંજ સોવતા હે,
બ્રહ્માનંદ કહે લાભકી બાત ગઈ, ખરી ગાંઠ મૂડી સોબી ખોવતા હે. ૨૫
હરિ નામકી કોર તો હાર બેઠા, કૂડ કર્મકી કોર ન થાકતા હે,
ધન માલહુકી મન ધાંખના હે, નિત્ય પારકી નારકું તાકતા હે;
નીજ પાપકી ગાંઠડી કંધ ધરે, અંધ ધંધમેં રાતદી હાંકતા હે,
બ્રહ્માનંદ કે' સાંજસબેરહિમેં, આય કાલ અચાનક ફાકતા હે. ૨૬
પરનારીકું દેખકેં પાપ ધરે, પાજી આંખિયાંસે નહિ પાલતા હે,
ઠગબાજીયાંમેં સબ આયુ ગઈ, ચિત્ત ચાલ હરામકી ચાલતા હે;
મદ્ય માંસ ચોરી અરુ જૂગટેમેં, મન રીઝ પડે ત્યુંહી મહાલતા હે,
બ્રહ્માનંદ કહે આજ કાલહમેં, ઝટ કાલ અચાનક ઝાલતા હે. ૨૭
સત્ય બાતમેં તો બડા પોસતી હે, અરુ જૂઠમેં શૂર હો ઝૂઝતા હે,
કામ ક્રોધ રુ લોભકી સાંગ લગી, તાતેં અંતર ધાવ ન રુઝતા હે;
પેટ કાજ અકાજ હમેશ કરે, કલિયાનકી બાત ન બૂઝતા હે,
બ્રહ્માનંદ વિવેકકી આંખ બીના, તોકું સંત અસંત ન સૂઝતા હે. ૨૮

મહાનિધિ તોકું નરદેહ મીલી, એહિ મોજ નહિ બારબારકીજી,
તેરે હાથ કછૂ નહિ આવતા હૈ, પર ધન અરુ ત્રિય પારકીજી;
જગમાંહિ બેહાલ ફજેત ફીરે, જ્યું નિદાન યાહિમેંસેં નારકીજી,
તાતેં આપકા આપ તપાસ કીજો, બ્રહ્માનંદ કે' બાત બિચારકીજી. ૨૯
હુશિયાર રહો દિલ હાથ કરો, એસી દેહ અમૂલક પાયકેજી,
શુદ્ધ ભાવસેં સંત મહંતહુકી, ઉઠ કીજીયે ચાકરી ધાયકેજી;
સોઈ સંત કહે સત્ય બારતાકું, નિત્ય ધારીયે ચિત્ત લગાયકેજી,
બ્રહ્માનંદ કહે બૂરા મત કીજો, સત્ય કહત હુ હાથ બજાયકેજી. ૩૦

**શ્રીસંતકો અંગ.**

એસે સંત ખરે જગમાંહિ ફીરે, નહિ ચાહત લોભહરામકુંજી,
સદા શીલ સંતોષ રહે ઘટ ભીતર, કેદ કીયે ક્રોધ કામકુંજી;
અરુ જીભહુસેં કબુ જૂઠ ન ભાખત, ગાંઠ ન રાખત દામકુંજી,
બ્રહ્માનંદ કહે સત્ય બારતાકું, એસે સંત મીલાવત રામકુંજી. ૧
નિષ્કામ સદા મન રામ રીઝાવન, દામ રુ વામસેં દૂરહેજી,
લવલેશ નહિ જાકે લોભહુકા, નહિ કામ ન ક્રોધ ન ક્રૂરહેજી;
મન પ્રાન ઈંદ્રીનકે મામલેસેં, હઠે નાંહિ પીછા એસા શૂરહેજી,
બ્રહ્માનંદ કહે સત બારતાકું, એસે સંતસેં શ્યામ હજૂરહેજી. ૨
તીન તાપકી ઝાલમેં નાહિ તપે, આંટિ છોડતા જીવ આનંતકીજી,
સદા શીલ સંતોષહી અંગ શોભે, અછી જાનતા બાત એકાંતકીજી;
રસબસ રહે નિત્ય રામહુમેં, સબે જાનતા રહસ્ય સિદ્ધાંતકીજી,
બ્રહ્માનંદ કહે વાર હઝાર મેં તો, બલિહારી જાઉં એસે સંતકીજી. ૩
ધન્ય ભાગ્ય બડે જગમાંહિ જાકે, એસે સંતહુસેં ઓલખાનહેજી,
ઈન્દ્રિયાંકું લગાય સ્વરૂપહુમેં, કીયે કેદહુમેં મન પ્રાનહેજી;
હરિ સાથ રહે લયલીન સદા, કરી પ્રીત પ્રગટ પ્રમાનહેજી,
બ્રહ્માનંદ કહે દાસ રામહુકે, એસે જગમેં સંત સુજાનહેજી. ૪
અવધૂત સદા અલમસ્ત રહે, કહે બાત સદા કિરતારકીજી,
કાલ વ્યાલકે દાવસેં નાંહિ ડરે, છુવે નહિ ન ઝાલ સંસારકીજી;
લયલીન સ્વરૂપમેં લક્ષ રહે, તાકું પક્ષ નહિ નીજ પારકીજી,
બ્રહ્માનંદ કહે જીવ આય મીલે, ખેલે ચોટ સદા નિરધારકીજી. ૫





એસે સંત મીલે કમી કાહુ રહી, સાચી શીખવે રામકી રીતકુંજી,
પરાપાર સોઈ પરિબ્રહ્મ જામે, ઠહરાત હૈ જીવકે ચિત્તકુંજી;
દ્દઢ આસન સાધકેં ધ્યાન ધરે, કરે ગાન હરિજીકે ગીતકુંજી,
બ્રહ્માનંદ કહે ઐસે સંત મીલે, પ્રભુ સાથ બઢાવત પ્રીતકુંજી. ૬
જ્ઞાતિ ચારણ ઓડક આસિયુંકી, આબુ છાંય ભયો ખાણ ગામમેંજી,
તાકે નામ સંભૂદાન તાતહુકો, માત લાલુબાઈ ધર્યો ઠામમેંજી;
લાડુ મેટકે શ્રીરંગ નામ ધર્યો, દોઉ લીન બ્રહ્માનંદ નામમેંજી,
ચિત્ત ધાર સહજાનંદ શ્યામ છબી, જગ જીત ગયા નીજ ધામમેંજી. ૭
આદિ ત્રીસમેં માયિક જીવહુકી, લખી રીત દેખાવન ત્રાસહેજી,
પીછે ભેખ લજાવન ભડુવાંકે, લખ્યે દ્વાદશ વાક્યવિલાસહેજી;
પીછે આઠમેં સંતકી રીત લખી, સોઈ સત્ય પ્રભુજીકે દાસહેજી,
બ્રહ્માનંદ બીચારકેં તોલનાંજી, યહ ઝૂલના નંગ પચાસ હેજી. ૮

**નાશવંત દેહ વિષે-સવૈયા**

જ્યું જલમાંહી લકીર પરીસો, ટલીકે ટલીકે ટલીકે ટલીહે,
જ્યું મીસરી પયમાંહી પરીસો, ભલીકે ભલીકે ભલીકે ભલીહે;
દેવલ શીશ ચઢાઈ ધજાસો, હલીકે હલીકે હલીકે હલીહે,
બ્રહ્મમુનિ ત્યુંહી દેહકી આયુ, ચલીકે ચલીકે ચલીકે ચલીહે. ૧
નીચનકે સંગ પ્રીત કરીસો, મટીકે મટીકે મટીકે મટીહે,
જીુદ્ધકું દેખી ત્રીયાનકી ટોરી, હટીકે હટીકે હટીકે હટીહે;
સુરજ દેખકે કુંદ કલીસો, ફટીકે ફટીકે ફટીકે ફટીહે,
બ્રહ્મમુનિ ત્યુહી દેહકી આયુ, ઘટીકે ઘટીકે ઘટીકે ઘટીહે. ૨
ભોમી નીસાનપેં આયકે ચોટ, લગીકે લગીકે લગીકે લગીહે,
મારૂતકે અતીજોરસેં આગ, જગીકે જગીકે જગીકે જગીહે;
ચુલકી શીશ ચઢાઈ તઈસો, ધગીકે ધગીકે ધગીકે ધગીહે,
બ્રહ્મમુનિ કહે તેસેંહિ દેહ, ભગીકે ભગીકે ભગીકે ભગીહે. ૩
વહ્નિ રૂ દારૂ સંજોગ ભડાકો, ભયોકે ભયોકે ભયોકે ભયોહે,
પ્યાદેકે લાર સવાર ચઢ્યોસો, લહ્યોકે લહ્યોકે લહ્યોકે લહ્યોહે;
ચોરનકે સંગ શાહકું ચોર, કહ્યોકે કહ્યોકે કહ્યોકે કહ્યોહે,
બ્રહ્મમુનિ કહે યું તન આયુ, ગયોકે ગયોકે ગયોકે ગયોહે. ૪

કાષ્ટ ચિતામહીં બેઠી સતીસો, જરીકે જરીકે જરીકે જરીહે,
સિંધકે અગ્ર ખડી બકરીસો, મરીકે મરીકે મરીકે મરીહે;
જયું ઘરીઆરકે પાસ કટોરી, ભરીકે ભરીકે ભરીકે ભરીહે,
બ્રહ્મમુનિ કહે તેસેંહી દેહ, પરીકે પરીકે પરીકે પરીહે. ૫
જયું અરિ સૈન્યમેં ઉખકો ખેત, લુટ્યોકે લુટ્યોકે લુટ્યોકે લુટ્યોહે,
જયું કપટી મીલ હેત કીયોસો, તુટ્યોકે તુટ્યોકે તુટ્યોકે તુટ્યોહે;
જેસેંહી તોલત ધાનકો ઢેર, ખુટ્યોકે ખુટ્યોકે ખુટ્યોકે ખુટ્યોહે,
બ્રહ્મમુનિ કહે ત્યું યહ દેહ, છુટ્યોકે છુટ્યોકે છુટ્યોકે છુટ્યોહે. ૬

**રાધારમણદેવની સ્તુતિ.**

દોહા :- રહો અંતર રાધારમન, સુંદરવર ઘનશ્યામ;
ભવજલ પાર ઉતારહી, નિગમસાર જેહી નામ.

**હરિગીત**

જેહી નામ આધા ગયંદ સાધા, જલ અગાધા અંતરે,
જબ જાુડ ખાધા કરી હાધા, શરણ લાધા અનુસરે;
મીટ ગૈ ઉપાધા ચેન બાધા, બંધ દાધા ધાકરી,
જય રમનરાધા મિત્ર માધા, હરન બાધા શ્રીહરિ. જય૦ ૧
વસુદેવ દ્વારે દેહ ધારે, ભાર ટારે ભોમકે,
સુરકાજ સારે સંત તારે, દ્વેષી મારે હોમકે;
સુરપતિ હંકારે મેઘ વારે, વ્રજ ઉગારે ગીરધરી. જય૦ ૨
બક લીન પ્રાના શકટ ભાનાં, જગતજાના જો રહે,
વ્રજ હો તુફાનાં વ્યોમ તાનાં, કંઠ ઠાના દો રહે;
અતિસેં મુંઝાના મૃત્યુ માનાં, કરી બીછાનમા શીલપરી, જય૦ ૩
રાધા સુગોરી વય કિશોરી, સાંજ ભોરી નીસરે,
તબ આત દોરી અંગ ખોરી, દાન ચોરી શિર ધરે;
કરી દગ કઠોરી જોર જોરી, બાંહ મોરી બલ કરી, જય૦ ૪
નટવર તરંગી ચાલ ચંગી, નવલ રંગી નાથ જયું,
લટકે કલંગી માનતંગી, જીતજંગી, હાથ જયું;
તનતેં ત્રિભંગી ગોપસંગી, ત્રિય ઉમંગી ઈશ્વરી, જય૦ ૫





મુરલી બજૈયા ગોપરૈયા, લારગૈયા બન ફીરે,
બલદેવ ભૈયા સંગ લૈયા, બ્રજ કનૈયા વીચરે;
બલીજાત મૈયા નૃત કરૈયા, કહત થૈયા ફરી ફરી, જય૦ ૬
પુતના જયું મારી નથ્યો કારી, ધેનુ ચારી પ્રીતસેં;
ત્રિયગોપ તારી બ્રજબિહારી, રમન ન્યારી રીતસેં,
દ્વિજદેવ નારી સમજ સારી, અચલ યારી અનુસરી, જય૦ ૭
અહિ નથ્યો કાલા જહરવાલા, સહિત તાલા નૃત કરે,
વિષતોય ટાલા જીયત બાલા, હરિકૃપાલા નજ્જરે;
ગલ ફૂલમાલા સંગ ગ્વાલા, બાત લાલા બાંસરી, જય૦ ૮
બ્રજકે બિલાસી પ્રેમ પાસી, વદન હાસી મંદ જયું,
જાુધકે અધ્યાસી દુષ્ટનાસી, જન પ્રકાશી ચંદ જયું;
રસરૂપરાશિ નિત હુલાસી, અરણ્યવાસી ત્રિય તરી, જય૦ ૯
પ્રેમી ખજીના રંગભીના, તિલક દીના ભાલ જયું,
વસુ કોપ કીના જાન દીના, રાખી લીના ગ્વાલ જયું;
જયાકેં અધીના લોક તીના, પ્રીવના સરવોપરી, જય૦ ૧૦
વ્રજનાર વાલી મુક્ત માલી, નયન લાલી રેખહે,
ફની દમ્યો કાલી કરી બેહાલી, ત્રિયા ઉતાલી દેખહે;
દ્રહ કીન ખાલી પીર ટાલી, ચરિત્ર ભાલી શ્રીવરી, જય૦ ૧૧
વનમેં વિલાસા હો હુલાસા, રમત રાસા રંગમેં,
કુલ દૈત્ય નાસા કરી તમાસા, અતિ ઉજાસા અંગમેં;
મુનિ બ્રહ્મ દાસા રખો પાસા, દર્શ આસા ઉર ખરી, જય૦ ૧૨
છપયયઃ બાધા હરણ વ્રજેશ વેશ નર કુંજબિહારી,
લે મોરલી નિજહાથ નાથ તારે નરનારી;
મનહર નંદકુમાર નાર કર પ્યાર નિરંતર.
રસરૂપ ભૂપ રાધારમન, અજબ બની છબી આજકી;
કહે બ્રહ્મમુનિ મમ ઉર સદા, રહો મૂર્તિ વ્રજરાજકી.

**રાસાષ્ટક.**

દોહા : એક સમય શશી ઉદિત અતિ, હોય મન અધિક હુલાસ;
યમુના તટ વ્રજનાર જુત, રચ્યો મનોહર રાસ. ૧
ભર ભર તન સજ આભરણ, વન વન કરણ વિહાર;
કર કર ગ્રહ નટવર કૃષ્ણ, સરસ અનુસર સાર. ૨

**છંદ રેણકી :**

સરસર પર સધર અમરતર અનુસર કરકર વરધર મેલ કરે,
હરિહર સુર અવર અછર અતિ મનહર ભરભર અતિ ઉરહર ખભરે;
નિરખત નર પ્રવર પ્રવરગણ નીરજર નિકર મુકટ શિર સવરનમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૧
ઝણણણણણ ઝણણ ખણણ પદ ઝાંઝર ગોમ ધણણ ગણણણ ગયણે,
તણણણ બજતંત ઠણણ ટંકારવ રણણણ સુર ઘણણણ રયણે;
ત્રહ ત્રહ અતિ ત્રણણ ઘ્રણણ બજત્રાંસા ભ્રમણ ભ્રમરવત રમણ ભ્રમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૨
ઝટપટ પટ ઉલટ પલટ નટવટ ઝટ લટવટ કટઘટ નિપટ લલે,
કોકટ અતિ ઉકટ ત્રુટક ગતિ ધીનકટ મન ડર મતલટ લપટ મલે;
જમુના તટ પ્રગટ અમર અર રટ જૂટ સુર થટ ખેખટ તેંણસમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૩
ધમધમ અતિ ધમક ઠમક પદ ઘૂઘર ધમધમ ક્રમસમ હોત ધરા,
ભ્રમભ્રમ વતવિષમ પરિશ્રમ વતભ્રમ ખમખમ દમઅહિ વિક્રમ ખરા;
ગમગતિ અતિ અગમનિગમ ન લહત ગમ નટવર રમઝમ ગમ મનમેં,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૪
ગતગતપર ઉગત તૂગટ નૃત પ્રિયગત રત ઉનમત ચિત્ત વધત રતિ,
તતપર ઘ્રત નચત ઉચત મુખ થૈતત આવ્રત અત ઉત ભ્રમત અતિ;
ધીધીતત ગત બજત મૃદંગ સુર ઉધધત ક્રમ ભ્રત નરતત અતંત ક્રમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૫
થનગન તન નચત પવન પ્રચલ નથન સુમન ગગન ધન મગનસુરા,
મન મન વરકૃશ્ન પ્રશન ધન તન મન ધન ધન વન ધન તાસ ધરા;





વિસરે તન ભાન ખાન પાન વિધિ ગાન તાન જેહિ કાન ગમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૬
ઢલઢલ રંગ પ્રગલ અઢલ જનપર ઢલ ઝલઝલ અણકલ તેજ ઝરે,
ખલખલ ભુજ ચુડ ચપલ અતિ ખલકત કાન કતોહલ પ્રબલ કરે;
વલવલ ગલહસ્ત તુમલ ચલ ચિતવલ જુગલ જુગલ પ્રતિરંગ જમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૭
સરવસ વસ મોહ દસ સુરથીત શશી અરસપરસ ત્રસ ચરસ અતિ,
કસકસ પટ હુલસ વિલસ ચિત આક્રશ સરબસ ખુસહસ બરસ રતિ;
દ્રસ નવરસ સરસ ભયો બ્રહ્માનંદ અનરસ મનસ તરસ અથમે,
ઘણરવપટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદરશ્યામ રમે...જીયરંગ૦ ૮

છપ્પય :-રમત મનોહર રાસ સદા સુખવાસ સ્વતંતર,
પ્રબલ ગોપજન પાસ કમલ આભાસ શશીકર;
વિહરત કરત વિનોદ મોદ અંતર નહિ માવે,
અરસપરસ એકતાર દરસ નવરસ દરસાવે.
સુખરૂપ સદા અશરણશરણ ફનાંકરણ ભવ ફંદકે;
સંત સાથ સદા ખેલત સહી નાથ સો બ્રહ્માનંદકે. ૧

**ધ્યાનાષ્ટક-ચરચરી છંદ**

દેખત બડ ભાગ લાગ, પોત સરસ નવલ પાગ;
અંતર અનુરાગ જાગ, છબી અથાગ ભારી.
અતિ વિશાલ તિલક ભાલ, નીરખત જન હો નિહાલ;
ઉન્નત ત્રય રેખ જાલ, કાલ વ્યાલ હારી.
વિલસિત ભ્રૃહ શ્યામ વંક, ચિંતત ઉર જાત શંક;
મૃગમદ ભર બીચ પંક, અંક ભ્રમર ગ્યાની.
જય જય ઘનશ્યામ શ્યામ, અંબુજ દ્રગ કૃત ઉદામ;
સુંદર સુખધામ નામ, સાંવરે ગુમાની...જય જય૦ ૧
શ્રોન કોન દગ લકીર, તીક્ષણ મનું કામતીર;
નાસા છબી દીપ કીર, ધીર ધ્યાન લાવે.
કુંડલ શુભ શ્રવણ કીન, નૌતમ કૃતિ અતિ નવીન;

મનહું હેમ જુગલ મીન, ચંદ્ર મીલન આવે.
ગુણનિધિ કપોલ ગોર, ચિતવત ચિત્ત લેત ચોર;
તાકે બિચ દછન કોર, જોર તીલ નિશાની...જય જય૦ ૨
મંદ મંદ મુખ હસંત, દારીમ સમ પંક્તિ દાંત;
સમરત માહંત સંત, ખંત ચંત કરકે.
લોભિત ચિત્ત અધર લાલ, વિલસિત વિદ્રુમ પ્રવાલ;
રાજત અતિશય રસાલ, તાલ વંસી ધરકે.
અંબક ફલ ચિબુક જાન, કંબુ સમ કંઠ માન;
ધારત શિવ આદિ ધ્યાન, આન ઉર ન આની...જય જય૦ ૩
દીરઘ અતિ દોરદંડ, મોતિન ભુજબંધ મંડ;
ખલ દલબલ કર વીખંડ, અરિ પ્રચંડ મારે.
હિયપર બન નવલહાર, શોભિત અતિ જલજ સાર;
દેખત જન વારવાર, અઘ અપાર ટારે.
પ્રૌઢ ઉચ્ચ ઉર પ્રથુલ, ફહરે શુભ ગંધ ફૂલ;
મનિ ભર નંગ બર અમૂલ, દૂલરી વખાની...જય જય૦ ૪
ઉદર તુંગ અતિ અનૂપ, ગુણવત તિલ સામ ગૂપ;
નાભિ માનૂ પ્રેમકૂપ, રૂપ અજબ રાજે.
શોભિત હદ કટિપ્રદેશ, કાંચી નંગ જડિત બેસ;
ચિંતત ઉરગેં મુનેશ, અઘ અશેષ ભાંજે.
ઉરુ અતંત રૂપવાન, ગરુડ પીઠ શોભમાન;
નિજ જન જેહિ ધરત ધ્યાન, પ્રાન પ્રેષ્ટ જાની...જય જય૦ ૫
જાનુ દૌ રૂપવંત, લલિત કર શ્રી અતંત;
સમરત જેહિ મુનિ અનંત, અંત જન્મ આવે.
જન મન પ્રિય જુગલ જંગ, રોમ અલ્પ અજબ રંગ;
ચિતવત ચિત્ત ચઢત રંગ, અતિ ઉમંગ પાવે.
ગુલ્ફન છબી અધિક શોભ, સ્થિતિ ચલ મન દેત થોભ;
નિરખત ઉર મિટત ક્ષોભ, લોભ આદિ ગ્લાની...જય જય૦ ૬





ચરન પ્રષ્ટ ચિત હરાત, તરુ તમાલ છબી લજાત;
સમરત તતકાલ આત, રાત પ્રાત મનમેં.
જાકું નિત શેષ ગાત, અજહુ પુનિ નહિ આઘાત;
તુલસી જેહી સ્થલ રહાત, પાત માનું જનમેં.
નઅ ઉતંગ રંગ લાલ, શોભિત મનુ દીપમાલઃ
રાજત કીધું ચંદ્રબાલ, ખ્યાલ કરત ધ્યાની...જય જય૦ ૭
વિલસિત ચરણારવંદ, કોમલ અતિ પ્રેમ કંદ;
ધ્યાવત ભવ મિટત ફંદ, છંદ સ્તવન બોલે.
પ્રસરત જેહિ પદ પ્રસંગ, પુન્ય ભરિત સરિત ગંગ;
અઘ વિનાશ પર્સ અંગ, હો ઉતંગ ડોલે.
રાજત મહીં ઉર્ધ્વરેખ, વજાદિક સહિત પ્રેખ;
બ્રહ્માનંદ દેખ દેખ, લેખત કુરબાની...જય જય૦ ૮

**હરિકૃષ્ણાષ્ટક-ચરચરી છંદ**

ધર્મ વર્મ મર્મ ધાર, ફરન મરન હરનહાર;
ચરન શરન કરન પાર, અતિ ઉદાર સોહે.
હિત ક્રત ચિત્ત નિત હુલાસ, રટત મીટત વીકટ પાસ;
પ્રેમ નેમ અતિ પ્રકાસ, દાસ હાસ મોહે.
છબી અનુપ રૂપ બનીત, હરખ ઓઘ શોક હનીત;
ધન ધન જુવાની ભનીત, અગનીત નરનારી.
જય જય હરિકૃષ્ણ રાજ, જગ કર વર ગુમ જહાજ;
પ્રગટત સંગ લે સમાજ, કાજ ભક્ત કારી...જય જય૦ ૧
પ્રેમ કંદ ચંદ જોર, નીરખ હરખ જન ચકોર;
ભુજગ ગાત રાત ભોર, અઘ કઠોર તોરે.
પ્રનિપત ક્રત હરત પાપ, દરસ પરસ અતિ દુરાપ;
ટલત ત્રિવિધ વિવિધ તાપ, વ્યાપ સબહી ઠોરે.
અગ જગ અજ ગજ આરૂઢ, પ્રસરન જસ કીરન પ્રૌઢ;
મતક્રત નહિ મનત મૌઢ, ગૂઢ ચરિત ભારી...જય જય૦ ૨

મંગલ બલ પ્રબલ મૂલ, દરશન જન વિઘન દૂર;
સમજત શુધ વિબુધ સુર, પુર સુકૃત પાવે.
નીરખત ચિત્તકો નિરોધ, બુધિકર સુખ ભર પ્રબોધ;
સરસ લહત લેત શોધ, જોધ ક્રોધ જાવે.
ગેમ ગહન દહન ગ્યાન, દુઃખહર સુખ દેત દાન;
તૃણવત જગ કરન તાન, માન જર ઉર વારી...જય જય૦ ૩
તનુ બન ઘન ત્રિગુનતીત, નૌતમ ભ્રમ અજબ નીત;
પ્રનીપત રત નવલ પ્રીત, વિશ્રમીત બાની.
વરદ મરદ અતિ પ્રવીન, અરદ દરદ જન અધીન;
કલબલ ખલ નિબલ કીન, દીનન સુખદાની.
સુંદરવર કાંતિ સરસ, બેન નેન પીયુષ વરસ;
પાપ તાપ મીટત પરસ, તરસ નરસ ટારી...જય જય૦ ૪
નવલ પ્રવલ કમલ નેન, વીર ધીર અમલ બેનઃ
દનુજ દુષ્ટ કષ્ટ દેન, મેન સેન મારે.
જયધુનિ મુનિવૃંદ સાથ, દુઃખહર વરદાન હાથ;
જન અધીન દીનનાથ, કે અનાથ તારે.
નિજજન ધન સુખ નીકેત, વીમુખન દુઃખ શોક દેત;
હરત વિપત અમીત હેત, લેત જગ ઉગારી...જય જય૦ ૫
દગ વિશાલ લાલ કંજ, રસ પ્રકાર દાસ રંજ;
રતિપતિ ધ્રતિ ગરવ ગંજ, તેજપુંજ રાજે.
હોત જૌત દુકૃત હાન, પુરુષ સરસ જગ પુરાન;
ધરત સનક જનક ધ્યાન, લખી અગ્યાન ભાજે.
કોમલ દિલ અતિ કૃપાલ, પ્રફુલિત ચિત્ત પ્રણત પાલ;
સરવસ વસ જસ વિશાલ, જાલ જગત જારી...જય જય૦ ૬
નિત નિત ધ્રત રૂપ નેક, અકલ સકલ વ્યાપ એક;
તપત વિપત કપત ટેક, શુદ્ધ વિવેક દાતા.
ધેય અગમ નિગમ ધ્યાત, ગોર હૃદયચોર ગાત;





ચિત્ત ધ્રત શુભ કૃત સુચાત, તાત ધર્મ ત્રાતા.
જીુગ જીુગ પ્રતિ સુભગ દેહ, નટવર ઘટ નવલ નેહ;
ગુનનિધિ સિધિ સુબુદ્ધિ ગેહ, અતિ અછેહ યારી...જય જય૦ ૭
ઉત્પત્તિ સ્થિતિ પ્રલયપલક, ઝગમગ તનકાંતિ ઝલક;
અતુલીત વ્રત શીશ અલક, તિલક ભાલ દીને.
વામ કામ કરન બાધ, ગાવત શ્રુતિ કહી અગાધ;
ચીંતત ત્રત હો સમાધ, સાધ અભય કીને.
પ્રાન ભક્ત જગત પ્રેરે, જગકવીન કીન ઝેર;
બ્રહ્માનંદ બેર બેર, હેરત છબી પ્યારી...જય જય૦ ૮

**ઘનશ્યામાષ્ટક-સવૈયા.**

સાહ ભયો ઉમરાહ ભયો, પતસાહ ભયો જગશિષ નયો હે;
રાગિ ભયો બડભાગિ ભયો, વિતરાગિ ભયો વન જાય રહ્યો હે.
માન ભયો નિરમાનિ ભયો, પરમાનિ ભયો જસવાસ લયો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય, જો ન ભયો તો કછુ ન ભયો હે. ૧
નારિ મીલી ફુલવારિ મીલી, જીુઅટારિ મીલી મહિં કાચ ઢલ્યો હે;
પુત મીલે ઘર સુત મીલે, બહુ દુત મીલે નિજ બેન પલ્યો હે.
ખાન મીલે અરૂ પાન મીલે, સનમાન મીલે કહું ભાગ્ય ખુલ્યો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય, જો ન મીલ્યો તો કછુ ન મીલ્યો હે. ૨
ભોગ લીયો રૂ ઉદ્યોગ લીયો તન, જોગ લીયો બિન રોગ જિયો હે;
જાન લીયો કહુ તાન લીયો, બહુ દાન લીયો ગજરાજ કીયો હે.
બાજ લીયો ગજરાજ લીયો, સબ સાજ લીયો જસ ગાજ રહ્યો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય, જો ન લીયો તો કછુ ન લીયો હે. ૩
ત્યાગી બન્યો અનુરાગી બન્યો, બડભાગી બન્યો અરિસેન હન્યો હે;
સૂર બન્યો મગરૂર બન્યો, ધનપૂર બન્યો ચકચૂર સુરન્યો હે.
તાલી બન્યો અરૂ ખ્યાલી બન્યો, સુખપાલી બન્યો બડભાલી ગન્યો હે
બ્રહ્મમુનિ ઘનશ્યામકો સેવક, જો ન બન્યો તો કછુ ન બન્યો હે. ૪

ધામ કીયો કહું કામ કીયો, જગ નામ કીયો જસ વ્યાપ રહ્યો હે;
દાન કીયો સનમાન કીયો, અભિમાન કીયો કરકે જાુકીય હે.
દાવ કીયો કહુ ભાવ કીયો, ઠહરાવ કીયો કહું રાજ લીયો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય, જો ન કીયો તો કછુ ન કીયો હે. ૫
ગીત પઢ્યો જગ રીત પઢ્યો, નૃપ નીત પઢ્યો તન રંગ ચઢ્યો હે.
ભાસ પઢ્યો અનુપ્રાસ પઢ્યો, રસ રાસરૂ ન્યાય પ્રકાશ દ્રઢ્યો હે.
કેદ પઢ્યો બહુ ભેદ પઢ્યો, સબ વેદ પઢ્યો પઢી માન બઢ્યો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકે નામકું, જો ન પઢ્યો તો કછુ ન પઢ્યો હે. ૬
દેશ ગયો પરદેશ ગયો, ઘર ભેષ ગયો ચહુ ધામ રયો હે;
કાશી ગયો અરૂ નાશી ગયો, તન ઘાસી ગયો અતી પંથ ભયો હે.
શોક ગયો સુર લોક ગયો, વિધિ લોક ગયો મન રોક ઠયો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકે આશ્રય, જો ન ગયો તો કહું ન ગયો હે. ૭
જાગ કર્યો પુન્ય ભાગ કર્યો, સબ ત્યાગ કર્યો કહુ રાગ ધર્યો હે;
ન્યાસ કર્યો ઉપવાસ કર્યો, વનવાસ કર્યો તહાં પ્યાસ મર્યો હે.
જાપ કર્યો સુર થાપ કર્યો, સુ વિલાપ કર્યો તન તાપ પર્યો હે;
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય, જો ન કર્યો તો કછુ ન કર્યો હે. ૮

**શ્રીકૃષ્ણ મહિમાષ્ટક-ઈદવ છંદ**

કર્ણસેં દાની ધનાઢ્ય કુબેરસેં, સુઝત ચોજ વિધિ સમજીના;
વેદ પુરાન રૂ નીતિ નરેશકી, તાહીમેં દેવ ગુરુસેં પ્રવીના.
તેજ પ્રતાપ દિવાકરસેં, જગમેં દ્રઢ દિગવિજે કર લીના;
એસે ભયે તો કહા મુક્તાનંદ, શ્રી વ્રજચંદસો નેહ ન કીના. ૧
ચંદસેં શીતલ રૂપ અનંગસેં, દેવ ગજાનનસેં જગમાને;
સિદ્ધ શિરોમની ગોરખસેં, કવિરાજહુ કાવ્યમેં ખુબ સયાને.
સુર જરાસંધ રાવનસેં, રિપુ જીતીકે દેશ સબે ઘર આને;
એસે ભયે તો કહા મુક્તાનંદ, કારનરૂપ શ્રીકૃષ્ણ ન જાને. ૨
અમૃતસેં સબકું સુખદાયક, શાંત ધરાસેં સદા ઉપકારી;
તાલ નદી તરુસેં પરમારથી, કર્ત રહે નિજકાજ બિસારી.
પંડિત ભોગી પુરંદરસેં, ભૃગુસેં મહાસિદ્ધનમેં નરનારી;
ઐસે ભયે તો કહા મુક્તાનંદ, જો ન ભજે હરિ કુંજવિહારી. ૩





ધીરજવાન ધરાધરસેં, સબ કારજમેં અતીશે સુવિચારી;
ટેક સબે નૃપ ભીષમકે સમ, કાહુતેં લેશ ટરે નહિ ટારી.
કશ્યપસેં કીરતિ અરૂ વંસ, બઠાવનહાર હે સંમૃથ ભારી;
ઐસે ભયે તો કહા મુક્તાનંદ, જો ન ભજે નંદલાલ વિહારી. ૪
કંચનમોલ શચીસમ કામની, વાંછિત ભોગ સદા રહે ખાતે;
તાતે તુરંગ બડે ગીરીસેં, ગજ દ્વારપેં છાય રહે મદમાતે.
પ્રૌઢ પ્રતાપી પ્રજાપતિસેં, રહે ગંધ્રવ દ્વાર સદા ગુન ગાતે;
એસે ભયે તો કહા મુક્તાનંદ, શ્રીવ્રજચંદકે રંગ ન રાતે. ૫
શાંત રહે મુનિ જાજલીસેં, ઉરમેં અવિલોકી તજી સબ ખોરી;
કામ રૂ ક્રોધ લોભાદિકકે, મહાત્યાગકે જોર દીયે મુખ મોરી.
આતમનિષ્ટ હુ શંકરસેં, તનકી અહંતા મમતા સબ તોરી;
ઐસે ભયે તો કહા મુક્તાનંદ, શ્રીવ્રજચંદસો પ્રીત ન જોરી. ૬
જ્ઞાની બડે મુનિ ગૌતમસેં, પદ વંદત આયકેં દેવ ધરાકે;
જાહીકો તેજ પ્રતાપ વિલોક્ત, વાદી વિવાદી સબે અતિ થાકે.
જાહ બડે જગદીશ નમે, જગ ભૂપતિહુ સબ સેવક તાકે;
ઐસે ભયે તો કહા મુક્તાનંદ, શ્રીનંદલાલસોં નેહ ન જાકે. ૭
શીબી દધીચિ હરિચંદસેં, સતવાદી બડે સબહી જગ જાને;
માની બડે દુર્યોધનસેં, તીમી દાની બલિનૃપતુલ્ય પ્રમાને.
શાસ્ત્ર વિષેક વિશારદસેં, મનહુ કીલખે ઈમી બોત સયાને;
ઐસે ભયે તો કહા મુક્તાનંદ, શ્રીવ્રજચંદ પિયા ન પીછાને. ૮
છપય : યહ અષ્ટક જો પઢત ત્રાસ ભ્રમના સબ ભોગે;
રસિક છેલ ઘનશ્યામ સંગ, અતિશે અનુરાગે.
ટરત વિકટ ભવહેતુ શત્રુ કામાદિક ભારી,
અનાયાસ ઉર વસત રસિક વ્રજચંદ વિહારી.
નિજ ધર્મજાુક્ત શ્રીકૃષ્ણકી, પ્રેમભક્તિ દ્રઢ પાવહી;
મુનિ મુક્ત કહે શો ભક્તજન, બહોરી ન ભવમેં આવહી. ૯

### ફગવા

મહાબળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી,
એવું વરદાન દિજિયે આપે, એહ માયા અમને ન વ્યાપે.
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્યબુદ્ધિ કોઈ દન,
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ.
સતસંગી જે તમારા કહાવે, તેનો કેદિ અભાવ ન આવે,
દેશ કાળ ને ક્રિયાએ કરિ, કેદિ તમને ન ભુલીએ હરિ.
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ,
તમને ભજતાં આડું જે પડે, માંગીયે એ અમને ન નડે.
એટલું માગીએ છીએ અમે, દેહજ્યો દયા કરી હરિ તમે,
વળી ન માગીએ અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ.
કેદિ દેશો મા દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન,
કેદિ કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો.
કેદિ દેશો મા સંસારી સુખ, દેસો મા પ્રભુ વાસ વિમુખ,
દેશો મા પ્રભુ જકત મોટાઈ, માન મત્સર ઈર્ષા કાંઈ
દેશો મા દેહસુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ,
દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ.
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય,
એ આદિ નથી માંગતા અમે, દેસો મા દયા કરીને તમે.
પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર,
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ.
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમઝશો સદા અદોષ,
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત.
દિધા દાસને ફગવા એવા, બીજું કોણ સમર્થ એવું દેવા,
એમ રમ્યા રંગભર હોળી, હરિ સાથે હરિજન ટોળી.

●



હજારી કીર્તનાવલિ